
# પરમાત્મ પ્રકાશ પ્રવચન

ભાગ-૬





ॐ

श्री सिद्ध परमात्मने नमः।
श्री सीमंधरदेवाय नमः।
श्री सद्गुरुदेवाय नमः।
श्री निजशुद्धात्माने नमः।

# પરમાત્મપ્રકાશ પ્રવચન

## ભાગ–૯

**અધ્યાત્મ યુગપુરુષ પ.પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૮૦ થી ૧૨૦ સુધીના**
**સ્વાનુભવ મુદ્રિત ૩૦ અક્ષરશઃ પ્રવચનો**


**પ્રકાશન તથા પ્રાપ્તિસ્થાન**
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
''સ્વરુચિ'' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ,
સવાણી હોલવાળી શેરીમાં-યોગી નિકેતન પ્લોટ,
રાજકોટ-૩૬૦૦૦૭
મો.૯૩૭૪૧૦૦૫૦૮, ૯૪૨૮૦૦૪૯૭૨

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
| --- | --- | --- |
| ૨૫૪૬ | ૨૦૭૬ | ૨૦૨૦ |

**પ્રકાશન**

**ઉત્તમ ક્ષમાવણી પર્વ**

**ભાદરવા વદ ૧, તા.૩-૯-૨૦૨૦**

**પ્રથમ આવૃતિ : ૫૦૦**

**કિંમત : સ્વાધ્યાય**

## પ્રાપ્તિસ્થાન

(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
જી. ભાવનગર - ૩૬૪૨૫૦, ફોન-(૦૨૮૪૬)૨૪૪૩૩૪

(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧

(૩) શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ, રાજકોટ
'સ્વરુચિ' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ, સવાણી હોલની શેરીમાં,
યોગી નિકેતન પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૭, મો.૯૩૭૪૧૦૦૫૦૮

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
પ્લોટ નં.૧૯૨૪/બી-૬,
શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણીસર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડો. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
મો.૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવલેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવદર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન, વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને

જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના છેડા સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ડી.વી.ડી.માં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સ્થાપિત અનેક જિનમંદિરોમાં આજે તેમના પ્રવચનો નિમયિતપણે સંભળાઈ રહ્યાં છે. અનેક મુમુક્ષુઓ તેનો લાભ લઈ મોક્ષમાર્ગમાં આરૂઢ થવા પ્રયત્નશીલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી ગ્રંથારૂઢ થાય તેવી સૌ કોઈની ભાવના હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનોને શબ્દશઃ ગ્રંથારૂઢ કરવાના નિર્ણયના ફળસ્વરૂપે પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનોનો પ્રથમ ભાગ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આવું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનું શ્રેય પણ પૂજ્ય ગુરુદેવશ્રીને જ જાય છે.

તેઓશ્રીની સાતિશય વાણી નિત્ય શ્રવણ કરવી તે અપૂર્વ સૌભાગ્ય છે. આજે અનેક જિનમંદિરોમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સી.ડી. પ્રવચનો સાંભળતી વખતે મુમુક્ષુઓ તેમના અક્ષરશઃ પ્રવચનોને સાંભળવાનો લાભ લઈ રહ્યા છે. અનેક મુમુક્ષુજીવોની ભાવના હોવાથી પરમાત્મ

પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરવાનો અમારા ટ્રસ્ટે નિર્ણય લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના આ ગ્રંથ ઉપર બે વખત પ્રવચનો થયા છે. તેમાંના ઇ.સ. ૧૯૭૬-૭૭માં થયેલાં કુલ ૨૪૫ પ્રવચનોને આઠ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રવચનોને સૌપ્રથમ સાંભળીને કમ્પ્યુટરમાં ઉતારી લેવામાં આવે છે. ત્યારબાદ તેને સાંભળીને જ્યાં વાક્યો પૂર્ણ જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. જે ગાથા ઉપરના પ્રવચન ઉપલબ્ધ ન હોય અથવા ખૂટતા હોય તો તેને આ પહેલાં ચાલેલા પ્રવચનોમાંથી લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં થયાં છે તેમને ગુજરાતીમાં અનુવાદિત કર્યા છે. આ પ્રવચનોના પ્રથમ પ્રુફને તપાસતી વખતે ફરીથી તેને સાંભળીને તપાસવામાં આવે છે. ત્યારબાદ પ્રેસ ઉપર પ્રકાશન અર્થે મોકલવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો તથા યથાવત જળવાઈ રહે તેની પૂર્ણ ચીવટ રાખવાનો પ્રયત્ન કરેલ છે. તેમ છતાં પ્રમાદવશ ક્યાંય ચૂક રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમા યાચીએ છીએ. પાઠકવર્ગને કોઈ ક્ષતિ લક્ષગોચર થાય તો તેઓને વિનંતી છે કે તેની જાણ કરે, જેથી બીજી આવૃત્તિના પ્રકાશન વખતે તે ચૂક નિવારી શકાય.

આ અક્ષરશઃ પ્રવચનો ડી.વી.ડી. ઉપરથી કમ્પ્યૂટરાઈઝડ કરવાનું કાર્ય **શ્રી નિલેષભાઈ જૈન-ભાવનગર** દ્વારા તથા દરેક પ્રવચનોને સાંભળી-વાંચીને ચેક કરવાનું કાર્ય **શ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ** દ્વારા પૂર્ણ થયેલ છે.

આ પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપરના સંપૂર્ણ પ્રવચન છપાવવા માટેની દાનરાશી **શ્રી ખારા પરિવાર – વિશાખાપટ્ટનમ દ્વારા સ્વ. શ્રી શશીકાંતભાઈ ખારાના સ્મરણાર્થે આપવામાં આવેલ છે.** તેની આવી ઉદાર ભાવના અને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની સમર્પણતા બદલ ટ્રસ્ટ તેમનો આભાર વ્યક્ત કરે છે.

અંતમા જિનેન્દ્ર પરમાત્મા, સર્વ આચાર્ય ભગવંતો, જ્ઞાની સદ્‌ગુરુ પરમપુરુષના ઉપકારને હૃદયગત કરી, તેમના ચરણોમાં ફરી ફરી વંદન કરી તેઓશ્રીના ચરણોમાં નતમસ્તક થઈએ છીએ. સર્વ જીવો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીને વાંચી, સાંભળી આત્મકલ્યાણને પ્રાપ્ત થાય અને શાશ્વત સાદિઅનંત સમાધિસુખને પ્રાપ્ત થાય તે જ ભાવના.

આ પુસ્તક atmadharma.com તથા vitragvani.com. પર મૂકવામાં આવેલ છે.

લિ. ટ્રસ્ટીગણ

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ,**

રાજકોટ

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧૫૫ | ૧૦–૧૨–૧૯૭૬ | ૮૦, ૮૧ | ૦૦૩ |
| ૧૫૬ | ૧૧–૧૨–૧૯૭૬ | ૮૨, ૮૩ | ૦૧૮ |
| ૧૫૭ | ૧૨–૧૨–૧૯૭૬ | ૮૩, ૮૪ | ૦૩૨ |
| ૧૫૮ | ૧૩–૧૨–૧૯૭૬ | ૮૪, ૮૫ | ૦૪૬ |
| ૧૫૯ | ૧૪–૧૨–૧૯૭૬ | ૮૬ | ૦૬૦ |
| ૧૬૦ | ૧૬–૧૨–૧૯૭૬ | ૮૭, ૮૮ | ૦૭૨ |
| ૧૬૧ | ૧૭–૧૨–૧૯૭૬ | ૮૮, ૮૯ | ૦૮૫ |
| ૧૬૨ | ૧૮–૧૨–૧૯૭૬ | ૯૦, ૯૧ | ૧૦૧ |
| ૧૬૩ | ૧૯–૧૨–૧૯૭૬ | ૯૧, ૯૨ | ૧૧૫ |
| ૧૬૪ | ૨૦–૧૨–૧૯૭૬ | ૯૨, ૯૩ | ૧૨૯ |
| ૧૬૫ | ૨૨–૧૨–૧૯૭૬ | ૯૪ થી ૯૬ | ૧૪૧ |
| ૧૬૬ | ૨૩–૧૨–૧૯૭૬ | ૯૭, ૯૮ | ૧૫૭ |
| ૧૬૭ | ૨૪–૧૨–૧૯૭૬ | ૯૮,. ૯૯ | ૧૬૮ |
| ૧૬૮ | ૨૫–૧૨–૧૯૭૬ | ૯૯, ૧૦૦ | ૧૮૧ |
| ૧૬૯ | ૨૬–૧૨–૧૯૭૬ | ૧૦૦. ૧૦૧ | ૧૯૪ |
| ૧૭૦ | ૨૭–૧૨–૧૯૭૬ | ૧૦૧ થી ૧૦૩ | ૨૦૭ |
| ૧૭૧ | ૨૯–૧૨–૧૯૭૬ | ૧૦૩, ૧૦૪ | ૨૨૧ |
| ૧૭૨ | ૩૦–૧૨–૧૯૭૬ | ૧૦૫ | ૨૩૪ |
| ૧૭૩ | ૩૧–૧૨–૧૯૭૬ | ૧૦૬ | ૨૪૮ |
| ૧૭૪ | ૦૧–૦૧–૧૯૭૬ | ૧૦૬, ૧૦૭ | ૨૫૮ |
| ૧૭૫ | ૦૨–૦૧–૧૯૭૬ | ૧૦૭, ૧૦૮ | ૨૭૩ |
| ૧૭૬ | ૦૩–૦૧–૧૯૭૬ | ૧૦૮, ૧૦૯ | ૨૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૭૭ | ૦૪–૦૧–૧૯૭૬ | ૧૧૦, ૧૧૧ | ૩૦૧ |
| ૧૭૮ | ૦૬–૦૧–૧૯૭૬ | ૧૧૧ | ૩૧૩ |
| ૧૭૯ | ૦૭–૦૧–૧૯૭૬ | ૧૧૧ (૨–૪) | ૩૨૬ |
| ૧૮૦ | ૦૮–૦૧–૧૯૭૬ | ૧૧૨ | ૩૪૩ |
| ૧૮૧ | ૦૯–૦૧–૧૯૭૬ | ૧૧૧ થી ૧૧૪ | ૩૫૪ |
| ૧૮૨ | ૧૦–૦૧–૧૯૭૬ | ૧૧૫ થી ૧૧૭ | ૩૬૯ |
| ૧૮૩ | ૧૧–૦૧–૧૯૭૬ | ૧૧૬ થી ૧૧૯ | ૩૮૨ |
| ૧૮૪ | ૧૨–૦૧–૧૯૭૬ | ૧૧૯–૧૨૦ | ૩૯૫ |

# શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)
સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)
અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)
સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)
હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)
નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)
ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ॐ

।। श्री परमात्मने नमः ।।

श्रीमद्ययोगीन्दुदेवविरचितः

# પરમાત્મપ્રકાશ પ્રવચન

(ભાગ–૬)

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપરના શબ્દશઃ સળંગ પ્રવચનો)

## ગાથા–૮૦

अथ उदयागतेकर्मोनुभवे योऽसौ रागद्वेषौ न करोति स कर्म न बध्नातीति कथयति–

२०७) भुंजंतु वि णिय-कम्म-फलु जो तहिँ राउ ण जाइ।

सो णवि बंधइ कम्मु पुणु संचिउ जेण विलाइ।।८०।।

भुञ्जानोऽपि निजकर्मफलं यः तत्र रागं न याति।

स नैव बध्नाति कर्म पुनः संचितं येन विलीयते।।८०।।

भुंजंतु वि इत्यादि। भुंजंतु वि भुञ्जानोऽपि। किम्। णिय-कम्म-फलु निजकर्मफलं निजशुद्धात्मोपलम्भाभावेनोपार्जितं पूर्वं यत् शुभाशुभं कर्म तस्य फलं जो यो जीवः तहिँ तत्र कर्मानुभवप्रस्तावे राउ ण जाइ रागं न गच्छति वीतरागचिदानन्दैकस्वभाव-शुद्धात्मतत्त्वभावनोत्पन्नसुखामृततृप्तः सन् रागद्वेषौ न करोति सो स जीवः णवि बंधइ नैव बध्नाति। किं न बध्नाति। कम्मु ज्ञानावरणादि कर्म पुणु पुनरपि। येन कर्मबन्धाभावपरिणामेन किं भवति। संचिउ जेण विलाइ पूर्वसंचितं कर्म येन वीतरागपरिणामेन विलयं विनाशं गच्छतीति। अत्राह प्रभाकरभट्टः। कर्मोदयफलं भुञ्जानोऽपि ज्ञानी कर्मणापि न बध्यते इति सांख्यादयोऽपि वदन्ति तेषां किमिति दूषणं दीयते भवद्भिरिति। भगवानाह। ते निजशुद्धात्मानुभूतिलक्षणं वीतरागचारित्र-निरपेक्षा वदन्ति तेन कारणेन तेषां दूषणमिति तात्पर्यम्।।८०।।

---

आगे जो उदय प्राप्त कर्मोंमें राग-द्वेष नहीं करता, वह कर्मोंको भी नहीं बाँधता,

ऐसा कहते हैं –

गाथा – ८०

अन्वयार्थ :- [निजकर्मफलं] अपने बाँधे हुए कर्मोंके फलको [भुंजानोऽपि] भोगता हुआ भी [तत्र] उस फलके भोगनेमें [यः] जो जीव [रागं] राग-द्वेषको [न याति] नहीं प्राप्त होता [सः] वह [पुनः कर्म] फिर कर्मको [नैव] नहीं [बध्नाति] बाँधता, [येन] जिस कर्मबंधाभाव परिणामसे [संचितं] पहले बाँधे हुए कर्म भी [विलीयते] नाश हो जाते हैं।

भावार्थ :- निज शुद्धात्माके ज्ञानके अभावसे उपार्जन किये जो शुभ-अशुभ कर्म उनके फलको भोगता हुआ भी वीतराग चिदानंद परमस्वभावरूप शुद्धात्मतत्त्वकी भावनासे उत्पन्न अतीन्द्रियसुखरूप अमृतसे तृप्त हुआ जो रागी-द्वेषी नहीं होता, वह जीव फिर ज्ञानावरणादि कर्मोंको नहीं बाँधता है, और नये कर्मोंका बंधका अभाव होनेसे प्राचीन कर्मोंकी निर्जरा ही होती है। यह संवरपूर्वक नन्जिरा ही मोक्षका मूल है? ऐसा कथन सुनकर प्रभाकरभट्टने प्रश्न किया कि हे प्रभो, 'कर्मके फलको भोगता हुआ भी ज्ञानसे नहीं बँधता' ऐसा सांख्य आदिक भी कहते हैं, उनको तुम दोष क्यों देते हो? उसका समाधान श्रीगुरु करते हैं – हम तो आत्मज्ञान संयुक्त ज्ञानी जीवोंकी अपेक्षासे कहते हैं, वे ज्ञानके प्रभावसे कर्म-फल भोगते हुए भी राग-द्वेष भाव नहीं करते। इसलिये उनके नये बंधका अभाव है, और जो मिथ्यादृष्टि ज्ञानभावसे बाह्य पूर्वोपार्जितकर्म-फलको भोगते हुए रागी द्वेषी होते हैं, उनके अवश्य बंध होता है। इस तरह सांख्या नहीं कहता, वह वीतरागचारित्रसे रहित कथन करता है। इसलिये उन साख्यादिकोंको दूषण दिया जाता है। यह तात्पर्य जानना।।८०।।

---

હવે, ઉદયમાં આવેલા કર્મના અનુભવમાં જે રાગ-દ્વેષ કરતો નથી તે કર્મ બાંધતો નથી, એમ કહે છે :

ભાવાર્થ :-- નિજકર્મફળને-નિજશુદ્ધાત્માની પ્રાપ્તિના અભાવથી પૂર્વે ઉપાર્જેલ શુભાશુભ કર્મના ફળને-ભોગવતો થકો પણ જે જીવ કર્મના અનુભવમાં રાગને પ્રાપ્ત થતો નથી-વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન સુખામૃતથી તૃપ્ત થતો રાગ-દ્વેષ કરતો નથી-તે જીવ ફરી જ્ઞાનાવરણાદિ કર્મ બાંધતો નથી, જે કર્મના અભાવપરિણામથી-વીતરાગ પરિણામથી-પૂર્વના સંચિત કર્મ નાશ પામે છે.

આવું કથન સાંભળીને પ્રભાકરભટ્ટ પૂછે છે કે – 'હે પ્રભુ! કર્મોદયના ફળને ભોગવતો થકો જ્ઞાની કર્મથી પણ બંધાતો નથી' એમ સાંખ્યાદિઓ પણ કહે છે તો આપ

તેમને શા માટે દોષ આપો છો?

## વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૪, શુક્રવાર
## તા. ૧૦-૧૨-૧૯૭૬, ગાથા-૮૦, ૮૧,
## પ્રવચન નં. ૧૫૫

'પરમાત્મપ્રકાશ'. ૮૦-ગાથા. **'આગે જો ઉદય પ્રાપ્ત કર્મોમેં રાગ-દ્વેષ નહીં કરતા, વહ કર્મોંકો ભી નહીં બાંધતા, ઐસા કહતે હૈં-'**

૨૦૭) भुंजंतु वि णिय-कम्म-फलु जो तहिँ राउ ण जाइ।
सो णवि बंधइ कम्मु पुणु संचिउ जेण विलाइ।।८०।।

**અન્વયાર્થ :— 'અપને બાંધે હુએ કર્મોંકે ફલકો ભોગતા હુઆ...'** 'ભોગતા હુઆ...'નો અર્થ? કે સંયોગ પ્રતિકૂળ-અનુકૂળ હો, એમાં જરી રાગાદિ સહેજ થઈ જાય છતાં એનો સ્વામી નથી થતો અને એમાં રાગ-દ્વેષ કરતો નથી. નિર્જરા અધિકારમાં આવે છે ને? સુખ-દુઃખનું વેદન તો થાય પણ એમાં રાગ-દ્વેષ કરતો નથી. નિર્જરા અધિકારમાં આવે છે, બીજી ગાથા. પહેલી ગાથા કર્મની નિર્જરા જડની અને બીજી ગાથા અશુદ્ધતાની નિર્જરા. અંદર જરી રાગાદિ સહેજ થાય છતાં તેનો કર્તા થતો નથી, તેનો ભોક્તા થતો નથી તેથી તે જ્ઞાતા-દષ્ટા રહે છે તેથી તેને કર્મબંધન થતું નથી. આહાહા..!

**'કર્મોંકે ફલકો ભોગતા હુઆ ભી ઉસ ફલકે ભોગનેમેં જો જીવ રાગ-દ્વેષકો નહીં પ્રાપ્ત હોતા...'** એ વાત છે. આત્મા આનંદસ્વરૂપ છે, એનું જેને અંતર વેદન અને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું એને આનંદના વેદન આગળ જરી કર્મનો ભાવ થાય એનું એને વેદન નથી ખરું. આહાહા..! એમાં એ રાગ-દ્વેષ કરતો (નથી). આત્માના આનંદની જ્યાં દૃષ્ટિ છે એને રાગ-દ્વેષ પરમાં કરવો એ રહેતું નથી. આહાહા..!

**'વહ ફિર કર્મકો નહીં બાંધતા, જિસ કર્મબંધાભાવ પરિણામસે... '** કર્મના બંધના અભાવ પરિણામથી. આહાહા..! અબંધસ્વરૂપી ભગવાન એના અબંધ પરિણામથી. આહાહા..! ભગવાનઆત્મા અબંધસ્વરૂપ, એના અબંધ પરિણામથી એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામથી. આહાહા..! **'કર્મબંધાભાવ પરિણામસે પહલે બાંધે હુએ કર્મ ભી નાશ હો જાતે હૈં.'** આહાહા..! એને નિર્જરા થઈ જાય છે એમ કહે છે. જેને આત્માના આનંદનું વેદન છે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એને કર્મના ફળ ઝેર જેવા દેખાય છે એથી તેને એ ભોગવતો નથી. રાગ-દ્વેષ કરીને ભોગતો નથી એમ કહે છે. આહાહા..!

**ભાવાર્થ :— 'નિજ શુદ્ધાત્માકે જ્ઞાનકે અભાવસે...'** જોયું! પહેલા જે કર્મ બાંધ્યા હતા

એ ક્યારે? કે '**નિજ શુદ્ધાત્માકે જ્ઞાનકે અભાવસે...**' આહાહા..! ભગવાન નિજ સ્વરૂપ એનું જે આત્મજ્ઞાન, એના જ્ઞાનના અભાવમાં '**ઉપાર્જન કિયે જો શુભ-અશુભ કર્મ...**' આહાહા..! '**ઉનકે ફલકો ભોગતા હુઆ ભી...**' ધર્મી જીવ.. આહાહા..! વીતરાગ ચિદાનંદ એક સ્વભાવભાવરૂપ. એક શબ્દ પડ્યો રહ્યો ત્યાં. '**વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવ ભાવરૂપ...**' આહાહા..! રાગરહિત વીતરાગ જ્ઞાનાનંદ પરમ એક સ્વભાવ પોતાનો. એ રૂપ '**શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે ઉત્પન્ન...**' આહાહા..! બહુ ટૂંકું અને ઘણું ઊંચું. વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવ આત્મા. છે? '**શુદ્ધાત્મતત્ત્વકી ભાવના...**' એવા શુદ્ધાત્મ તત્ત્વમાં એકાગ્રતાથી '**ઉત્પન્ન અતીન્દ્રિયસુખરૂપ અમૃતસે તૃપ્ત હુઆ...**' આહાહા..! પોતાનું જે અતીન્દ્રિય સુખરૂપ અમૃત, પર્યાયમાં એનાથી તૃપ્ત થયો. આહાહા..! ભારે! આ ધર્મ. અતીન્દ્રિય અમૃતસ્વરૂપ ભગવાનઆત્મા એનો આશ્રય લઈને દૃષ્ટિ-જ્ઞાન કરીને જે અમૃત પ્રગટ થયું. આહાહા..! આવી વ્યાખ્યા. આ નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય. આ સત્ય છે. આહાહા..!

'**વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવ ભાવરૂપ શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે ઉત્પન્ન અતીન્દ્રિયસુખરૂપ અમૃતસે તૃપ્ત હુઆ...**' આહાહા..! ધર્મી, રાગથી ભિન્ન તત્ત્વ ભગવાન, વીતરાગ પરમસ્વભાવ એકરૂપ ચૈતન્ય, એની એકાગ્રતાથી સુખરૂપ અમૃતથી પર્યાયમાં તૃપ્ત છે. આહાહા..! આવી વાતુ. હવે એ કહે કે આનાથી પ્રગટે કેમ પણ એ બધું? વ્યવહાર કરે તો પ્રગટે એ વાત જ જૂઠી છે. આહાહા..! વીતરાગ સહજાનંદ પ્રભુ એમાં એકાગ્રતા તે કરવાનું છે એને. એનાથી આનંદ પ્રગટે છે. વ્યવહાર કરતા આનંદ પ્રગટે છે એમ છે નહિ. આહાહા..! આ શું હશે?

આત્મા અતીન્દ્રિય આનંદનો દરિયો છે. આહાહા..! એવો અતીન્દ્રિય આનંદ છે, એની જ્યારે દૃષ્ટિમાં કબુલાત આવે ત્યારે દૃષ્ટિમાં અમૃતનો સ્વાદ આવે. એ અમૃતના સ્વાદથી તૃપ્ત થયેલો... આહાહા..! '**જો રાગી-દ્વેષી નહીં હોતા,...**' આહાહા..! તેથી પરમાં રાગ-દ્વેષ ઈ કરતો નથી. ઝીણી વાત છે ભાઈ આ તો. ઓહોહો..! પહેલી તો ભાષા શું લીધી? કે '**વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ શુદ્ધાત્મતત્ત્વ...**' શુદ્ધાત્મતત્ત્વની વ્યાખ્યા કરી પહેલી કે શુદ્ધ આત્મતત્ત્વ વસ્તુ કેવી છે? શુદ્ધ આત્મતત્ત્વ વસ્તુ કેવી છે? કે '**વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ...**' એવી ચીજ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા '**વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ શુદ્ધાત્મતત્ત્વ...**' એ ત્રિકાળીની વાત કરી. એની ભાવના એ વર્તમાનની વાત થઈ. આહાહા..! 'છે' એવી કબુલાત ક્યારે આવે? કે સમ્યગ્દર્શન-જ્ઞાન અને આનંદનો સ્વાદ આવે એકાગ્રતામાં ત્યારે એ 'છે' એમ પ્રતીતિ આવે. આહાહા..! લોકોને આ ઝીણું બહુ (પડે) તેથી લોકો બિચારા (એમ કહે છે), વ્યવહારનો લોપ કરે છે. બાપુ! વ્યવહારનો લોપ કર્યા વિના નિશ્ચય પ્રગટે નહિ. વ્યવહારનો અભાવ કર્યે જ નિશ્ચય પ્રગટે. વ્યવહારથી નિશ્ચયથી (પ્રગટે નહિ).

આવો અમૃતસાગર ભગવાન '**વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ શુદ્ધાત્મતત્ત્વ...**' એની ભાવના—એમાં એકાગ્રતા. એને રાગની એકાગ્રતા હોય તો આની એકાગ્રતા થાય—આ વાંધા

છે બધા. આહાહા..! ભાઈ! પરમાત્મા તો આનંદસ્વરૂપ છે ને પ્રભુ! તને ખબર નથી. એ તો અતીન્દ્રિય આનંદનો સાગર રસકંદ ચોસલું છે. આહાહા..! જેમ મેસુબના થાળ ભર્યા હોય પછી કટકા પાડે છે ને! આ મેસુબ, બરફી એક એક કટકો ઉપાડે પછી. એમ ભગવાનઆત્મા '**વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ...**' થાળ પડ્યો છે અંદર મોટો. એની ભાવના—એકાગ્રતા એ. એ ચોસલું પાડે છે. આહાહા..! '**વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ શુદ્ધાત્મતત્ત્વ...**' એની એકાગ્રતા એ વર્તમાન પર્યાયમાં ચોસલું—કટકો—આનંદનો ભાગ આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? છોકરાને ભાગ આપે છે ને ભાગ-ભાગ? એમ અહીં આનંદનો ભાગ આવે છે કહે છે. પર્યાયને. પ્રજા છે ને એ? પ્રજા છે, પુત્ર છે. આહાહા..! પરમાનંદસ્વરૂપ ભગવાનઆત્મા એ તો ચીજ વસ્તુ થઈ. હવે એમાં એકાગ્ર થઈને ભાગ પાડે છે. ત્યારે એમાં અતીન્દ્રિય આનંદનો ત્યાં અમૃતનો (ભોગવટો કરીને) તૃપ્ત તૃપ્ત થાય છે. આ પૈસાથી, ધૂળથી, આબરુથી તૃપ્ત થતો નથી, એ તો કષાય થાય છે એને. આહાહા..! સમજાણું કાંઈ? તેમ દયા, દાન, વ્રત, ભક્તિથી કાંઈ તૃપ્ત થતો નથી, એ તો કષાયની અગ્નિ છે. આહાહા..! ભારે આકરી વાતું.

મુમુક્ષુ :— આપને તો સરળ થઈ ગયું, બીજાને મુશ્કેલ લાગે છે.

ઉત્તર :— મુશ્કેલી કાંઈ (નથી), અંદર છે ત્યાં જાય તો સહેલું છે. એની નજરું ફરવી જોઈએ. આહાહા..! એના માટે તો આખો સિદ્ધાંત છે આ. આહાહા..!

જેને અનાદિથી રાગની મીઠાશ આવે છે, એને આત્માના આનંદની મીઠાશ છે નહિ એમ કહે છે. અને જેને રાગની મીઠાશ છૂટી ગઈ છે, વ્યવહારની પણ, એને જ્યાં આત્માના સ્વભાવમાં એકાગ્ર થાય છે. આહાહા..! કેટલો શબ્દ વાપર્યો છે! અતીન્દ્રિય સુખરૂપ. ઓલામાં કહ્યું હતું ને? પરમસ્વભાવરૂપ શુદ્ધાત્મતત્ત્વ એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલું અતીન્દ્રિયસુખરૂપ અમૃત. આહાહા..! આવી વાત છે. એનો પહેલો નિર્ણય તો કરે. જ્ઞાનમાં નિર્ણય તો કરે કે વસ્તુ તો અંતર પૂર્ણાનંદનો નાથ છે એમાં એકાગ્ર થતાં જ આનંદ આવશે. એ સિવાય કોઈ આનંદ ક્યાંય આવે એવું નથી. અને એ આનંદ આવે એ ધર્મ છે. આહાહા..! ચોર્યાસીના અવતારમાં દુઃખી થઈને મરી ગયો છે. આહાહા..!

જુઓને! આ રળવા માટે કેટલા કલાક આપે છે સંસારમાં. આઠ-દસ-દસ કલાક દુકાનમાં બેસે ને ધ્યાન રાખે ને ચોપડા ને... ઓહોહો..! એકલી પાપની પીંજણ છે. કહે છે કે એકવાર ભગવાન તારી દુકાન તો માંડ અંદર. તારી દુકાનમાં માલ ભર્યો છે. આહાહા..! કેવો માલ? કે વીતરાગી ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ માલ પડ્યો છે. આહાહા..! એ દુકાને બેસ. એકાગ્રતાનો અર્થ ત્યાં જા. આહાહા..! મોટું હાટડું માંડ્યું છે. હાટ. હાટ કહે ને દુકાનને? આહાહા..! તારો વેપાર ત્યાં દુકાનમાં જા અને કર. આહાહા..! એ તને આનંદ આપશે. આવી વાતું હવે. આ માણસને વ્યવહારવાળાને (એમ લાગે છે), વ્યવહારનો લોપ કરે છે. પ્રભુ! પણ સાંભળને, ભાઈ! વ્યવહાર છે એ શુભરાગ છે. એની રુચિ છૂટ્યા વિના અમૃતસાગરની રુચિ નહી આવે. આહાહા..! અને એના

વિના એને વીતરાગી પરમાનંદરૂપમાં એકાગ્રતા નહિ થાય આહાહા..! અને એકાગ્રતા વિના અમૃતના સુખની તૃપ્તિ નહિ થાય એને. આહાહા..! આવી વાત છે. કઈ જાતનો ધર્મ પણ! આહાહા..!

આ શાસ્ત્ર તો આમ કહે છે. હવે એને શાસ્ત્રમાં કહ્યું છે એને પણ માનવું નથી? સમજાણું કાંઈ? આહા..! ભાઈ! આ તો.. આહાહા..! આ માર્ગના અર્થી જ થોડા હોય. સમજાણું કાંઈ? ઓહોહો..! બે લીટીમાં તો વસ્તુ અને વસ્તુની એકાગ્રતા અને એકાગ્રતાથી થતો અમૃતરૂપ તૃપ્ત ભાવ. આહાહા..! ગજબ છે ને! કેવી ટૂંકી ભાષા અને કેટલો પરમ રાગ! આહાહા..! કેમકે તારું તત્ત્વ જ એવડું છે અને એવું છે. આહાહા..! વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ જ તારું તત્ત્વ છે. આહાહા..! લ્યો, ત્યાંથી વીતરાગ આનંદથી જ ઉપાડ્યું છે. આહાહા..! એની ભાવનાથી ઉત્પન્ન કે વ્યવહારના રાગથી ઉત્પન્ન? આ શરાફી દુકાન છે. આહાહા..!

‘**વીતરાગી ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ...**’ તારું તત્ત્વ છે. આહાહા..! એવું જે તત્ત્વ, તેની સન્મુખ થતાં અને રાગાદિ ભાવ છે તેનાથી વિમુખ થતાં... પ્રભુ! માર્ગ આવો છે, હોં! આહાહા..! ભલે દુનિયા બીજી રીતે એમ કહે છે બિચારા શું કરે? એને હાથ આવ્યું નથી ને. એને દૃષ્ટિમાં એ આવ્યું નથી એટલે એમ કહે, અરે..! વ્યવહારનો લોપ કરે છે. જેમાં વ્યવહારનો લોપ કરીને વ્યવહારથી ન થાય (એમ કહે) એ શાસ્ત્રો નથી. આહાહા..! ભગવાન! એ કુશાસ્ત્ર છે. આહાહા..!

તું જ્યાં છો ત્યાં જો અને તેની સન્મુખ થા. એ રાગ અને પુણ્યની ક્રિયામાં કાંઈ આત્મા નથી. આહાહા..! એ તો અનાત્મા છે. અનાત્મામાં આત્મા નથી. આહાહા..! હોય છે વ્યવહાર. નિશ્ચય સહિતમાં જ્યાં સુધી અપૂર્ણતા છે (ત્યાં સુધી) રાગ આવે, શુભરાગ હોય, ભક્તિ હોય, પૂજા હોય. આહાહા..! પણ ઓલી ચીજ છે એ હોય તો ઓલાને વ્યવહાર કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહાહા..!

‘**અમૃતસે તૃપ્ત હુઆ જો રાગી-દ્વેષી નહીં હોતા,** આહાહા..! **વહ જીવ ફિર જ્ઞાનાવરણાદિ કર્મોંકો નહીં બાંધતા હૈ,...**’ આહાહા..! પોતાના અતીન્દ્રિય આનંદના સ્વાદથી તૃપ્ત પર્યાયમાં થયેલો જીવ રાગ-દ્વેષ કરતો નથી તો કર્મ બાંધતો નથી. આહાહા..! એમ છે. આહાહા..! ‘**ઔર નયે કર્મોંકા બંધકા અભાવ હોનેસે પ્રાચીન કર્મોંકી નિર્જરા હી હોતી હૈ.**’ પૂર્વના કર્મ ખરી જાય છે. આહાહા..! કેમકે ભગવાનઆત્મા આનંદના ફળમાં વેદનમાં છે એને કર્મનું ફળ ઝેર—રાગ એ તો છૂટી જાય છે. આહાહા..!

‘**વહ સંવરપૂર્વક નિર્જરા હી મોક્ષકા મૂલ** (કારણ) **હૈ?**’ દેખો ભાષા! શું કીધું એ? ‘**વહ સંવરપૂર્વક નિર્જરા હી મોક્ષકા મૂલ** (કારણ) **હૈ?**’ એટલે? કે નવા કર્મ આવ્યા નહિ એટલે સંવર થયો. અતીન્દ્રિય આનંદની એકાગ્રતા આગળ નવા કર્મ આવ્યા નહિ એટલે સંવર થયો અને એમાં રહ્યા થકા જૂના કર્મ ખરી જાય તે નિર્જરા થઈ. આહાહા..! આ સંવર અને નિર્જરા છે. એટલે શું કહ્યું? કે પૂર્વના કર્મ છે એ આવીને ખરી તો જાય છે. ઉદય આવે એ તો ખરી જ જાય ને? પણ

જેને અંતર રુચિમાં-પરમાં રાગ-દ્વેષ છે એમાં એ ખરવા છતાં એ રાગ-દ્વેષથી નવા કર્મ બંધાય છે. આહાહા..! અને જેને અંદર આત્માના પરમાનંદ તરફની પરિણતિ શુદ્ધ છે આનંદનો સ્વાદ (આવ્યો છે) એને નવા કર્મ બાંધવાનું તો છે નહિ. કારણ કે રાગ-દ્વેષ છે નહિ. અને તેથી જૂના કર્મ આવીને ખરી જાય છે. આહાહા..! આદર રહેતો નથી. આદર અહીં છે. પોતાના સ્વભાવ તરફ આદર છે એટલે ઉદય આવીને ખરી જાય છે. આહાહા..! માર્ગ તે પણ માર્ગ વીતરાગનો છે આહા..! એને હજી હા પાડવામાં પરસેવા ઉતરે છે. માર્ગ તો આ છે.

મુમુક્ષુ :— વ્યવહાર કરતા કરતા થાય...

ઉત્તર :- એ જ વાંધા માટે તો આ... વ્યવહાર રાગ છે. રાગ કરતા કરતા અરાગ થાય? આહાહા..! મોટો સવાલ છે. નિમિત્તથી થાય અને વ્યવહારથી થાય, બેય એક જ જાત છે. હો, વ્યવહાર હોય છે. ક્યારે? નિશ્ચય થાય ત્યારે. સ્વભાવના સુખનું વેદન થાય ત્યારે એને હજી પૂર્ણ વેદન નથી એથી વ્યવહાર રાગ એને હોય છે. વ્યવહારનયનો વિષય તેને સત્તામાં હયાતી ધરાવે છે.

મુમુક્ષુ :— ક્યારે?

ઉત્તર :— નિશ્ચયનું ભાન થયું ત્યારે. સમજાણું કાંઈ? છતાં તે વ્યવહારની હયાતી તે નિશ્ચયની હયાતીને મદદ કરે છે એમ નથી. આ વાંધો આટલો છે. સમજાણું કાંઈ? આહાહા..!

અતીન્દ્રિય આનંદનું ચોસલું ભગવાન. એને આત્મા જ આવો વર્ણવ્યો. એકલો જ્ઞાન છે એમ ન લીધું. વીતરાગી ચિદાનંદ એક પરમસ્વભાવસ્વરૂપ એમ લીધું. ભાષા. આહાહા..! પછી ચિદાનંદ લીધું ભેગું. 'વીતરાગી...' ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ. વીતરાગી જ્ઞાન અને વીતરાગી આનંદરૂપી એક પરમસ્વભાવરૂપ તે આત્મા. આહાહા..! દુનિયામાં તો પૈસા કમાય એ ડાહ્યો કહેવાય. ગાંડો છે, પાગલ છે પાગલ. જીવને ક્યાંય ઊંધે કાંધે નાખી દે છે. આહાહા..! એ રાગ-દ્વેષની રમતુમાં ક્યાંય આત્માને ઊંધે કાંધ નરક-નિગોદમાં લઈ જાય છે. આહાહા..!

અહીં કહે છે કે જેને આત્માના પરમાનંદ સુખરૂપ પ્રભુની એકાગ્રતા થઈ. આહાહા..! એ રામ સાથે રમતું માંડી જેણે એમ કહે છે. આતમરામ. આવો માર્ગ માણસને તો અત્યારે સાંભળવા મળે નહિ. બહારથી આ કરો, સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. શેના ધૂળ? તારી સામાયિક ક્યાં હતી? સમ્યગ્દર્શન વિના સામાયિક કેવી? આહાહા..!

મુમુક્ષુ :- જૈન છે એને સમ્યગ્દર્શન તો જન્મથી હોય છે.

ઉત્તર :- જન્મથી હોય છે મૂઢ. ઓલો કહેતો'તો 'ઇન્દ્રલાલ'. 'ઇન્દ્રલાલ' કહેતો'તો જયપુરમાં. એ પંડિત ગુજરી ગયા બિચારા. અરે..રે..! શું થાય? એમ કહે, દિગંબરમાં જન્મ્યા છે એ તો બધા ભેદજ્ઞાની જ છે, સમકિતી જ છે. હવે એને વ્રત લેવા અને સંયમ લેવો, બસ થઈ રહ્યું જાવ. કારણ કે બીજી ગતિમાં સંયમ નથી અને આ ગતિમાં સંયમ છે. પણ ક્યો સંયમ? જેને આત્માના આનંદનું વેદન પ્રગટ્યું છે, એને આનંદમાં વિશેષ રમણતા કરવી એ સંયમ છે. સં શબ્દ છે ને? સં-સમ્યગ્દર્શન સહિત યમ. સમ-યમ છે. આહાહા..! આવો માર્ગ! કેટલાક કહે કે નવો કાઢ્યો. બાપુ! આ તો

અનાદિનો છે, ભાઈ! તું પણ અનાદિનો આવો જ છો. કેવો? વીતરાગી ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ અનાદિનો એવો જ છો. આહાહા..! એનો આદર થતાં અને રાગને હેયબુદ્ધિ કરતા... આહાહા..! આ ઉપાદેય કરતાં એજ એને અમૃતનો રસનો તૃપ્ત-તૃપ્ત રસ આવે. આહા..!

'**યહ સંવરપૂર્વક નિર્જરા હી મોક્ષકા મૂલ હૈ?**' જેને હજી સમ્યગ્દર્શન નથી, પરમાનંદનો સ્વાદ નથી, સંવર થયો નથી એને નિર્જરા ક્યાંથી આવે? અપવાસ કરો, આ કરો, નિર્જરા થાય. ભાઈ! એ તો નિર્જરા નથી. આહાહા..! અપવાસમાં તો રાગ છે, વિકલ્પ છે અને વિકલ્પમાં લાભ માનવાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. હવે આવી વાત બહુ ફેર, બહુ ફેરફાર. આહાહા..! '**ઐસા કથન સુનકર પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા કિ હે પ્રભો, કર્મકે ફલકો ભોગતા હુઆ ભી જ્ઞાનસે નહીં બંધતા ઐસા સાંખ્ય આદિક ભી કહતે હૈં,...**' આહાહા..! સાંખ્ય પણ એમ કહે છે કે જ્ઞાનથી મોક્ષ થાય છે. '**ઉનકો તુમ દોષ ક્યોં દેતે હો?**'

'**ઉસકા સમાધાન શ્રીગુરુ કરતે હૈં-હમ તો આત્મજ્ઞાન સંયુક્ત જ્ઞાની જીવોંકી અપેક્ષાસે કહતે હૈં,...**' આહાહા..! એકલું જાણપણાને નામે સ્વ તરફ વળે નહિ, આત્મજ્ઞાન કરે નહિ અને વીતરાગી દશા કરે નહિ, એનું જે જ્ઞાન છે એ તો એકાંત બંધનું કારણ છે. આહાહા..! એમ કહે છે. ઓલા તો પાછા જાણપણાને નામે, જ્ઞાનને નામે મોક્ષ થાય. પણ ક્યુ જ્ઞાન? આહાહા..! આત્મજ્ઞાન. પરનું જ્ઞાન એકલું એ જ્ઞાન નહિ એમ કહે છે. આહાહા..! શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નથી. આહાહા..! જે જ્ઞાનમય વસ્તુ છે તેનું જ્ઞાન. શાસ્ત્રમાં જ્ઞાનમય વસ્તુ છે શાસ્ત્ર? આહાહા..! જ્ઞાનમય.

શાસ્ત્રનું જ્ઞાન તે શબ્દનું જ્ઞાન છે એમ કીધું. બંધ અધિકારમાં, ભાઈ! બંધ શબ્દજ્ઞાન છે. આહાહા..! નવ તત્ત્વ શ્રદ્ધારૂપ છે એમ કહ્યું ત્યાં શ્રદ્ધામાં. છ કાયની દયા એ છ કાયના જીવ તે ચારિત્ર છે અજ્ઞાનીને. આહાહા..! એટલે બંધના અધિકારમાં તો એ લીધું ત્યાં. શાસ્ત્રનું જ્ઞાન એ શબ્દનું જ્ઞાન છે એમ કીધું. નવ તત્ત્વની શ્રદ્ધા એ નવ તત્ત્વ છે પર. એ શ્રદ્ધા. અને છ કાયના જીવની દયા એ ચારિત્ર છ કાયરૂપ છે અજ્ઞાનીને. આહાહા..! કારણ કે એનું લક્ષ છ કાય ઉપર જાય છે ને? છ કાય છે એ કાંઈ આત્મા નથી, જ્ઞાન નથી. આહાહા..! છ કાયમાં રહેલો આત્મા તે તો જ્ઞાનસ્વરૂપ છે. પંચાસ્તિકાયમાં આવ્યું છે ને? છ કાય છે એ જીવ નથી. એ તો કાયાના શરીરની વાત છે. અંદર જ્ઞાનસ્વરૂપ છે તે જીવ છે. આહાહા..! આ કેવી શૈલી લે છે! ઓહોહો..! પર તરફ છ કાયની દયા પાળે છે એ ચારિત્ર એ તો કહે છે, છ કાયમાં ગયું, એ તો પરમાં ગયું, તારો વ્રતનો વિકલ્પ. આહાહા..!

અહીં તો જ્ઞાનમય વસ્તુ છે. પોતે વીતરાગી વિજ્ઞાનઘન આત્મા છે. જ્ઞાનમયનું જ્ઞાન. આહાહા..! જ્ઞાનમયની શ્રદ્ધા, જ્ઞાનમયમાં રમણતા એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! ત્યારે કહે, આવું ન થઈ શકે તો કાંઈક બીજું તો કરીએ. બીજું તો કરે છે, થાય છે. એમાં શું છે? એમાં કાંઈ ધર્મ નથી. આહાહા..! અને તે પણ શુભભાવ છોડીને અશુભમાં આવવું એમ નથી અહીં. શુભભાવની રુચિ

છોડીને સ્વભાવની રુચિ કરવી એમ છે. શુભભાવ છોડીને અશુભ કરવું એમ છે? આહાહા..! શુભભાવ છોડીને રુચિ છોડીને સ્વભાવની રુચિ કરવી. છોડીને આ રુચિ કરવી. શુભભાવ છોડીને અશુભ કરવો અને અશુભની રુચિ કરવી એમ નથી ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ, બાપુ! આહાહા..!

અનંત અનંત જન્મ-જરા-મરણથી એ દુઃખી-દુઃખી પીડાઈ રહ્યો છે. આહાહા..! ઘરમાં એક છોકરો માંદો પડે છ મહિના, જ્યાં ખાટલો ઉપાડે ત્યાં બીજો માંદો પડે, એનો ઉપાડે ત્યાં બાયડી માંદી પડે, એનો ઉપાડે ત્યાં છોકરાની વહુ માંદી પડે. બે વર્ષથી ખાટલો ખાલી થાતો નથી એમ કહે. આ બિચારા જુઓને હમણા ભાઈ નહિ? બાર મહિના કાંઈક (થયું હતું). પરમેશ્વરદાસ બાર મહિનેથી ખાટલે છે. એ વિચાર આવ્યો હતો મને ઘણો. કીધું, આવી પરિષદ ભરાણી શાસ્ત્રની, આ પરમેષ્ઠીદાસનું શું થયું? એ ખાટલે છે બિચારા, શું કરે? એ જો બહાર હોત તો જરી... ખળભળાટ મચાવે. પણ એ ખાટલે બિચારા પડ્યા. હવે હમણા ખબર પડી. કીધું થયું શું આ? કાંઈ પરમેષ્ઠીદાસનું આવ્યું નથી કાંઈ. એ તો ખાટલે છે. આહાહા..! કાંઈક હાર્ટનું છે. હાર્ટનું છે ને 'મગનલાલજી'? હાર્ડ હાર્ટનું છે? આહા..! હૃદયનું. આહાહા..! આવું છે. નહિતર એ એમાં કર્યા વિના રહે નહિ કાંઈ. અરે..! બાપુ! આ તો માર્ગ છે ને, ભાઈ!

આ તો પ્રભુ! હિતનો માર્ગ છે એનો તું નકાર કર. આહાહા..! તો હિતને રસ્તે કે દિ' જાઈશ? અરે..! આવા માણસપણા મળ્યા, જૈનધર્મમાં જન્મ થયો, સત્ય વાત સાંભળવા મળે. આહાહા..! એવી દુર્લભતામાં આ દુર્લભ ચીજ જો ન પ્રાપ્ત કરી... આહાહા..! એ બધું વયું જશે, વિંખાય જશે. દુનિયા માને, ન માને એની સાથે કાંઈ નથી. દુઃખ વેદવા ટાણે દુનિયા સાથે આવે છે? મિથ્યાત્વના ભાવ અને એમાં દુઃખફળ આવે નિગોદ અને નરક ત્યાં દુનિયા સાથ આપે છે? આહાહા..! અમે તમને રાજી રાખ્યા હતા, શુભભાવમાં ધર્મ થાય એમ માનીને. એના ફળમાં તો અમને દુઃખ આવશે. એને તો માને નહિ પણ શાસ્ત્ર હિસાબે તો દુઃખમાં ભાગ લેવા આવે? દુઃખમાં ભાગ લેવા આવે કે નહિ? બાયડી-છોકરા કોઈ? સુમનભાઈ આવીને પગ દાબે છે ને. એ કહે છે સુમનભાઈ. આહાહા..! પગ તો જડ છે, એને દાબે તો શું થઈ ગયું? આ તો જડ છે.

ઓલામાં આવે છે નહિ ? મોક્ષમાર્ગપ્રકાશકમાં. શરીરને આમ કરતા આત્મા પકડાય છે ભેગો. આવે છે, ભાઈ મોક્ષમાર્ગપ્રકાશકમાં. એમ કે આમ કરે ને શરીરને ત્યાં આત્મા પકડાય. કારણ કે ત્યાં ભેગો સાથે છે ને. મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. બીજા ભાગમાં-ત્રીજા ભાગમાં છે. એણે બહુ વાત કરી છે મોક્ષમાર્ગપ્રકાશકે તો બધી જાતની પરીક્ષા કરીને. એમ કે આમ કરતા ઓલો આત્મા ભેગો થઈ જાય. કેમ આ ચોંટિયો ભરે લ્યો ને આમ. આને કરતાં ઓલો આત્મા ભેગો... એવું લખ્યું છે હોં, મોક્ષમાર્ગપ્રકાશક'માં. એ રીતે એક ક્ષેત્રે એકમેક છે ને ત્યાં આવો થઈ જાય છે એમ કહે છે. આહાહા..! છે તો ભિન્ન. શરીરની ક્રિયાનો એ કર્તા નથી, આત્માની પરિણતિનો શરીરક્રિયા કર્તા નથી. આહાહા..! ભિન્ને ભિન્ન છે. આહાહા..! પણ એક ક્ષેત્રે ભેગા તેથી આમ કરતા એ ભેગો આવે.

આહાહા..! છે, એમાં લખ્યું છે. એ વાત છે એમાં. અધિકારમાં છે. આહાહા..!

અહીં તો આત્મજ્ઞાન સંયુક્ત. એકલા જ્ઞાનની વાત અમે નથી કરતા કહે છે. આ તો આત્મભગવાન જે પરમાનંદ કહ્યો માથે '**વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવરૂપ શુદ્ધાત્મતત્ત્વ...**' એનું જ્ઞાન એમ કહીએ છીએ અમે. વીતરાગ પરમાનંદ એકસ્વભાવ તેનું જ્ઞાન. આહાહા..! એકલું શાસ્ત્રનું જ્ઞાન અને બોલવાનું એ કાંઈ જ્ઞાન અમે કહેતા નથી. આહાહા..! શું શૈલી! શું શૈલી!! આહાહા..! દિગંબર સંતોની શૈલી કેવળીના કેડાયતો..!! ઓહોહો..!

'**હમ તો આત્મજ્ઞાન સંયુક્ત જ્ઞાની જીવોંકી અપેક્ષાસે કહતે હૈં,...**' આહાહા..! '**વે જ્ઞાનકે પ્રભાવસે કર્મ-ફલ ભોગતે હુએ ભી...**' ધર્મી આત્મજ્ઞાનના પ્રભાવથી.. આહાહા..! '**કર્મ-ફળ ભોગતે હુએ ભી રાગ દ્વેષ ભાવ નહીં કરતે.**' આત્મજ્ઞાન છે. ભગવાન પરમાનંદ સ્વભાવનું જ્ઞાન છે. આહાહા..! એ શાસ્ત્રનું જ્ઞાન, પાનાનું જ્ઞાન, શબ્દજ્ઞાન નથી. આહાહા..! જુઓને! ત્યાં શાસ્ત્રના જ્ઞાનને શબ્દનું જ્ઞાન કહ્યું છે. એ તો શબ્દનું જ્ઞાન છે. આહાહા..! બંધ અધિકારમાં એ કીધું. આહાહા..! શૈલી તે શૈલી છે સંતોની!

'**હમ તો આત્મજ્ઞાન સંયુક્ત જ્ઞાની જીવોંકી અપેક્ષાસે કહતે હૈં,** આહાહા..! **વે જ્ઞાનકે પ્રભાવસે કર્મ-ફલ ભોગતે હુએ ભી રાગ દ્વેષ ભાવ નહીં કરતે. ઈસલિયે ઉનકે નયે બંધકા અભાવ હૈ,...**' આહાહા..! '**ઔર જો મિથ્યાદૃષ્ટિ જ્ઞાનભાવસે બાહ્ય પૂર્વોપાર્જિતકર્મ-ફલકો ભોગતે હુએ...**' આહાહા..! જેની દૃષ્ટિ હજી સમ્યગ્જ્ઞાન છે જ નહિ, આત્મજ્ઞાન છે જ નહિ. રાગનું જ્ઞાન અને બાહ્યનું જ્ઞાન એવો મિથ્યાદૃષ્ટિ '**જ્ઞાનભાવસે બાહ્ય પૂર્વોપાર્જિત કર્મફલકો ભોગતે હુએ રાગી દ્વેષી હોતે હૈં,...**' એને રાગ-દ્વેષ કરતાં મીઠાશ એમાં આવે છે. આહાહા..! જ્ઞાનીને આત્માની મીઠાશ આગળ રાગની મીઠાશ ઊડી ગઈ છે. અને અજ્ઞાનીને રાગની મીઠાશ આવે છે તો કર્મબંધન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ગાથા એવી છે. એ ઓલી આવે છે ને પ્રવચનસારમાં? સર્વ આગમ ધરોહી. સર્વ આગમ ધરોહી પણ રાગના કણને પણ પોતાનો માને તે અજ્ઞાની છે. એ માન્યતાની અપેક્ષાએ છે. અસ્થિરતાનો રાગ એ પોતાનો માનતો નથી જ્ઞાની. સર્વ આગમ ધરોહી પણ રાગના કણને પોતાનો માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— અણુમાત્ર પણ રાગાદિનો સદ્ભાવ વર્તે જેહને...

ઉત્તર :— એ રાગની રુચિની વાત છે. 'રાગ મારો છે' એ વાત છે. અસ્થિરતાનો રાગ છે એ જ્ઞાની પોતાનો ક્યાં માને છે? એ તો ઉપાધિ આવી છે એમ માને છે. અને આ તો મારો છે આ (એમ માને છે). આહાહા..!

એ શૈલી છે શબ્દની. જુઓને! ૮૦ની એ છે. જેવી સર્વ આગમ ધરોહી છે ને? એવી આ શૈલી છે. જુઓ! '**भुंजंतु वि णिय-कम्म-फलु जो तहिँ राउ ण जाइ।**' છે ને? રાગને કરતો નથી એટલે અસ્થિરતાની વાત નથી, રુચિથી કરતો નથી. '**सो णवि बंधइ कम्मु पुणु संचिउ जेण विलाइ**' લ્યો! આહાહા..! આ તો શાંતિના માર્ગ છે, ભાઈ! આ તો શાંતિથી સમજે એની વાત છે.

આગ્રહ કરીને એમને એમ શાસ્ત્રના વાદ-વિવાદ કરે ને.. આહાહા..!

શાસ્ત્રમાં તો એમ પણ આવે, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં, બે માર્ગે મોક્ષ થાય છે. નિશ્ચય અને વ્યવહાર બેયથી મોક્ષ થાય છે એવું આવે છે. સાથે છે ને એટલે આરોપ કરીને કથન કર્યું છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. આમ તો મોક્ષમાર્ગ બે પ્રકારે કહે ત્યારે બીજો આવ્યો ને સાથે. પણ એ બીજો તો વ્યવહાર છે, રાગ છે. એને ઉપચારથી નિમિત્ત હોય છે તો કહ્યું છે. વ્યવહાર મોક્ષનો માર્ગ વ્યવહારમોક્ષ હશે? નિશ્ચય મોક્ષનો માર્ગ નિશ્ચયમોક્ષ, એમ બે મોક્ષ હશે? અરે..! બહુ વાત મુશ્કેલ, બાપા!

મુમુક્ષુ :- એક રસ્તો છ મહિનાનો અને એક..

ઉત્તર :- એ બંધમાર્ગ છે, એને આરોપે મોક્ષમાર્ગ કહ્યો છે. વ્યવહારમાર્ગ છે એ તો બંધમાર્ગ છે. પણ અહીં નિશ્ચય છે એનો આરોપથી નિમિત્ત દેખી, સહચર દેખીને આરોપથી કથન કર્યું છે. મોક્ષમાર્ગપ્રકાશક સાતમો અધ્યાય. આહાહા..!

મુમુક્ષુ :- પંડિતો તો એમ જ કહે છે.

ઉત્તર :- પંડિત કોણ છે પણ એ પંડિત? આહાહા..! પંડિયા... પંડિયા.. પંડિયા.. ફોતરા ખંડિયા. નથી આવતું મોક્ષમાર્ગપ્રકાશકમાં? દર્શનમાં ફોતરા ખાંડ્યા, જ્ઞાનમાં અને ચારિત્રમાં એમ ત્રણેમાં ફોતરા ખાંડયા. આહાહા..! દર્શનમાં પરની શ્રદ્ધા એ તો ફોતરું છે. જ્ઞાનમાં પરનું જ્ઞાન એ ફોતરું છે, ચારિત્રમાં રાગક્રિયા એ ફોતરું. એ ફોતરું છે. આહાહા..! ટોડરમલજી પણ... એને આ લોકો એવું કહે લ્યો! ભાંગ પીધી છે એણે. અરે..! પ્રભુ! આમ ન કહેવાય, ભાઈ! તને શોભે નહિ. ભગવાન! પોતાના માનના પોષણ માટે આમ ન શોભે, ભાઈ! આહાહા..! એના ફળ બાપા આકરા આવશે. વર્તમાન દુનિયા માનશે, વ્યવહારના રસિયા. બાપુ! એના ફળ આકરા છે, ભાઈ! આહાહા..! આના ફળ... આહાહા..!

કહે છે કે જ્ઞાની પૂર્વના કર્મને ભોગવતો પણ રાગી-દ્વેષી થતો નથી. આહાહા..! અને આ ભોગવતા રાગી થાય છે. આહાહા..! એ સાંખ્ય તો જ્ઞાનમાં રાગ-દ્વેષ કરે છે તેને જ્ઞાન માને છે. આહાહા..! આ તો વીતરાગી જ્ઞાન (છે). એટલે આત્માનું જ્ઞાન એ વીતરાગી જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા..! કેમકે ભગવાનઆત્મા વીતરાગી પરમાનંદ સહજ સ્વરૂપ એનું જ્ઞાન તે વીતરાગી જ્ઞાન છે. ભલે થોડું જ્ઞાન હો. સ્વસંવેદન વીતરાગી જ્ઞાન છે. એને મૂકીને પરનું જ્ઞાન ગમે તેટલું હોય પણ એ બધું રાગવાળું જ્ઞાન છે. આહાહા..! ગજબ વાત છે ને! અરે..! નવરાશ ક્યાં છે? આ શું ચીજ છે એને સમજવા માટે પણ વખત લે નહિ અને આ દુનિયાના પ્રપંચમાં આખી જીંદગી જાય. અરે..રે..! આહાહા..!

બહુ ગાથા પરમાત્મપ્રકાશ. '**ઈસ તરહ સાંખ્ય નહીં કહતા,...**' છે ને? રાગ વિનાનું જ્ઞાન આત્માનું એમ કહેતા નથી, વીતરાગી જ્ઞાન કહેતા નથી. એ તો જ્ઞાનમાત્રથી મોક્ષ થાય એમ એકલા જ્ઞાનની વાતું કરે છે. આહાહા..! વીતરાગી જ્ઞાન રાગ વિનાનું જ્ઞાન એમ એ કહેતા નથી. તો તો જ્ઞાન

સાથે વીતરાગતા આવે. આત્મજ્ઞાનની સાથે વીતરાગતા આવે. બહારના જ્ઞાનમાં તો એકલો રાગ છે. આહાહા..! એ તો આવી ગયું નહિ આપણે? શાસ્ત્રજ્ઞાન એ દુઃખરૂપ છે. તે ક્ષણે દુઃખરૂપ છે. આહાહા..! ગજબ વાતું છે!

શ્રીમદ્ કહે છે દિગંબરના તીવ્ર વચનોને લીધે રહસ્ય કાંઈક સમજી શકાય છે કે આ શું કહેવા માગે છે અને શું છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. મોળાશને લઈને રસ વિપરીત થતો ગયો. આહાહા..! વિપરીત દૃષ્ટિ છે. હવે જરી આકરું લાગે બિચારાને, શું થાય? અરે..! આહાહા..!

'ઈસલિયે ઉન સાંખ્યાદિકોંકો દૂષણ દિયા જાતા હૈ. યહ તાત્પર્ય જાનના.' લ્યો!

---

## ગાથા-૮૧

अथ यावत्कालमणुमात्रमपि रागं न मुञ्चति तावत्कालं कर्मणा न मुच्यते इति प्रतिपादयति–

२०८) जो अणु–मेत्तु वि राउ मणि जाम ण मिल्लइ एत्थु।
सो णवि मुच्चइ ताम जिय जाणंतु वि परमत्थु।।८१।।
यः अणुमात्रमपि रागं मनसि यावत् न मुञ्चति अत्र।
स नैव मुच्यते तावत् जीव जानन्नपि परमार्थम्।।८१।।

जो इत्यादि। जो यः कर्ता अणु–मेत्तु वि अणुमात्रमपि सूक्ष्ममपि राउ रागं वीतरागसदानन्दैकशुद्धात्मनो विलक्षणं पञ्चेन्द्रियविषयसुखाभिलाषरागं मणि मनसि जाम ण मिल्लइ यावन्तं कालं न मुञ्चति एत्थु अत्र जगति सो णवि मुच्चइ स जीवो नैव मुच्यते ज्ञानावरणादिकर्मणा ताम तावन्तं कालं जिय हे जीव। किं कुर्वन्नपि। जाणंतु वि वीतरागानुष्ठानरहितः सन् शब्दमात्रेण जानन्नपि। कं जानन्। परमत्थु परमार्थशब्दवाच्य–निजशुद्धात्मतत्त्वमिति। अयमत्र भावार्थः। निजशुद्धात्मस्वभावज्ञानेऽपि शुद्धात्मोपलब्धि–लक्षणवीतरागचारित्रभावनां विना मोक्षं न लभत इति।।८१।।

---

आगे जबतक परमाणुमात्र भी (सूक्ष्म भी) रागको नहीं छोड़ता – धारण करता है, तबतक कर्मोंसे नहीं छूटता, ऐसा कथन करते हैं –

### गाथा – ८१

अन्वयार्थ :– [यः] जो जीव [अणुमात्रं अपि] थोड़ा भी [रागं] राग [मनसि] मनमेंसे [यावत्] जबतक [अत्र] इस संसारमें [न मुंचति] नहीं छोड़ देता है, [तावत्] तबतक [जीव] हे जीव, [परमार्थं] निज शुद्धात्मतत्त्वको [जानन्नपि] शब्दसे केवल जानता हुआ भी [नैव] नहीं [मुच्यते] मुक्त होता।

भावार्थ :- जो वीतराग सदा आनंदरूप शुद्धात्मभावसे रहित पंचेन्द्रियोंके विषयोंकी इच्छा रखता है, मनमें थोड़ासा भी राग रखता है, वह आगमज्ञानसे आत्माको शब्दमात्र जानता हुआ भी वीतरागचारित्रकी भावनाके बिना मोक्षको नहीं पाता।।८१।।

---

હવે, જ્યાં સુધી જીવ અણુમાત્ર પણ (સૂક્ષ્મ પણ) રાગને છોડતો નથી ત્યાં સુધી કર્મથી છૂટતો નથી, એમ કહે છે :

ભાવાર્થ :— જે જીવ અણુમાત્ર પણ-સૂક્ષ્મપણ-એક (કેવળ) વીતરાગ સદાનંદરૂપ શુદ્ધ આત્માથી વિલક્ષણ પંચેન્દ્રિયોના વિષયસુખની અભિલાષારૂપ રાગને જ્યાં સુધી મનમાંથી છોડતો નથી, ત્યાં સુધી તે આ સંસારમાં પરમાર્થ શબ્દથી વાચ્ય એવા નિજશુદ્ધાત્મતત્ત્વને વીતરાગ અનુષ્ઠાન રહિત થયો થકો (વીતરાગ અનુષ્ઠાન વિના) કેવળ શબ્દમાત્રથી જ જાણતો થકો જ્ઞાનાવરણાદિ કર્મથી મૂકાતો નથી. એ ભાવાર્થ છે કે નિજ શુદ્ધ આત્મસ્વભાવનું જ્ઞાન હોવા છતાં પણ શુદ્ધ આત્માની પ્રાપ્તિસ્વરૂપ વીતરાગ ચારિત્રની ભાવના વિના મોક્ષ મળતો નથી. ૮૧.

---

## ગાથા-૮૧ ઉપર પ્રવચન

'આગે જબતક પરમાણુમાત્ર ભી (સૂક્ષ્મ ભી) રાગકો નહીં છોડતા-' આમાં આવ્યું હોં હવે. ૮૧ આવ્યું હોં એ. એ ૮૧ આવ્યું. ઓલા પરમાગમનું. છે? **'જબતક પરમાણુમાત્ર ભી (સૂક્ષ્મ ભી) રાગકો નહીં છોડતા-'** છે? એ કઈ અપેક્ષાએ? 'રાગ મારો છે' એ અપેક્ષાએ. જરી પણ રાગ (હો), ગમે તે દયા, દાન, વ્રત,ભક્તિનો કણ રાગ એ મારો માને છે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે. ભલે આગમ જાણતો હોય ઘણા.. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! **'જબતક પરમાણુમાત્ર ભી...'** આ શબ્દ છે ત્યાં પણ. **'રાગકો નહીં છોડતા-ધારણ કરતા હૈ,...'** રાગને રાખે છે. રાગ રાખવા જેવો છે એમ માને છે. આહાહા..! **'તબતક કર્મોંસે નહીં છૂટતા, ઐસા કથન કરતે હૈં-'** લ્યો! અહીં આમાં આવ્યું હોં ઈ. ઓલા પરમઆગમની જે ગાથા છે ને? એ અહીં છે. છે ને? ૮૧.

૨૦૮) जो अणु-मेत्तु वि राउ मणि जाम ण मिल्लइ एत्थु।
सो णवि मुच्चइ ताम जिय जाणंतु वि परमत्थु।।८१।।

રાગ અણુમાત્ર પણ. આહાહા..! સંતોએ રેલમછેલ કરી દીધી છે. સંસ્કૃત છે ને?

यः अणुमात्रमपि रागं मनसि यावत् न मुञ्चति अत्र।
स नैव मुच्यते तावत् जीव जानन्नपि परमार्थम्।।८१।।

**અન્વયાર્થ :— 'જો જીવ થોડા ભી રાગ મનમેંસે જબતક ઈસ સંસારમેં નહીં છોડ દેતા હૈ,...'** રાગનો કણ પણ અંશે શુભરાગ પણ મારો છે એમ માનનારા ગમે તે આગમના આખા

ભણનારા હોય, પણ રાગથી મને લાભ થાય છે એનો અર્થ કે રાગ મારો છે. આહાહા..! ઓહોહો..! **'જો જીવ થોડા ભી રાગ મનમેંસે જબતક ઈસ સંસારમેં નહીં છોડ દેતા હૈ,...'** આહાહા..! **'તબતક હે જીવ, નિજ શુદ્ધાત્મતત્ત્વકો શબ્દસે કેવલ જાનતા હુઆ ભી નહીં મુક્ત હોતા.'** શબ્દજ્ઞાન કીધું હતું ને ઓલું ત્યાં, એ કીધું. આહાહા..! **'શબ્દસે કેવલ જાનતા હુઆ ભી નહીં મુક્ત હોતા.'** આહાહા..! આવી વાત તો સાંભળવા પણ ભાગ્ય હોય એને મળે, બાપા! એવી વાત છે. અરે..! શું થાય ભાઈ?

મુમુક્ષુ :- .. અનંતાનુબંધીનો રાગ નથી છોડતો?

ઉત્તર :- રાગ મારો છે. એ. રાગ મારો છે એનો અર્થ મિથ્યાત્વ છે અને એ અનંતાનુબંધી છે. એ સમયસારમાં એ કહ્યું છે ત્યાં પ્રવચનસારમાં.

**ભાવાર્થ :— 'જો વીતરાગ સદા આનંદરૂપ એક શુદ્ધાત્મભાવસે રહિત...'** આહાહા..! ભગવાનઆત્મા કેવો છે પ્રભુ અંદર? સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવે એવો જોયો અને કહ્યો છે કે.. આહાહા..! **'વીતરાગ સદા આનંદરૂપ એક શુદ્ધાત્મભાવસે...'** આહાહા..! શુદ્ધાત્મ ભગવાનઆત્મા તો વીતરાગી આનંદરૂપ છે. આહાહા..! વીતરાગ સદાનંદરૂપ—સદાઆનંદરૂપ. આહાહા..! એ તો ત્રિકાળ આનંદરૂપ છે ભગવાનઆત્મા. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા વીતરાગી સદાનંદરૂપ. આહાહા..! એક શુદ્ધાત્મ. ત્યાં એક પડ્યો રહ્યો છે. **'એક શુદ્ધાત્મભાવસે...'** આહાહા..! જુઓ! આત્મા આવો. **'વીતરાગ સદા આનંદરૂપ એક શુદ્ધાત્મભાવ...'** આહાહા..! હવે આ તો આત્મા શું? કે દયા પાળે એ આત્મા અને હાલે ચાલે એ આત્મા. ભક્તિ કરે એ આત્મા. અરે..!

**'વીતરાગ સદા આનંદરૂપ...'** આહાહા..! આત્માને.. **'વીતરાગ સદા આનંદરૂપ એક શુદ્ધાત્મભાવ...'** એક શુદ્ધાત્મ ભાવ, શુદ્ધાત્મ ભાવ. એનાથી રહિત. એની જેને દૃષ્ટિ નથી. આહાહા..! **'પંચેન્દ્રિયોંકે વિષયોંકી ઈચ્છા રખતા હૈ,... '** એ પાંચ ઇન્દ્રિયના વિષયની અભિલાષા એ હોય છે એને. આહાહા..! કેમકે ભગવાન આનંદરૂપનો ભાવ તો છે નહિ. એ તો રહિત છે. આહાહા..! આનંદના ભાવરહિત છે, વિષયના ભાવવાળો છે એ. વિષયની અભિલાષાવાળો છે એમ કહે છે. આહાહા..! વિષયની અભિલાષાવાળો છે એ પરમાનંદ રહિત છે. આહાહા..! કહો, આવી વાતું લુખીલહ લાગે. આ તો વીતરાગરસ છે. આહાહા..! નિર્વિકલ્પ આનંદના રસથી ભરેલો પ્રભુ. આહાહા..! એક ફેરી ઓલો કૃપાશંકર હતો ને ભાઈ તમારે? 'રાજકોટ' નહિ?

મુમુક્ષુ :- બોધાણી-બોધાણી.

ઉત્તર :- કેવા? બોધાણી. પ્રભાશંકર અને કૃપાશંકર. પ્રભાશંકર નાનો અને આ મોટો. પ્રભાશંકર આસ્થાવાળો, ભલે એ જાતની. અને આ જરી નાસ્તિક. પછી વ્યાખ્યાનમાં આવે કૃપાશંકર. મોટો હતો. ડેલાની સામે રહેતા. એ ડેલા ઉપર એ ફોટા રાખતા પ્રભાશંકર. એક ફેરી આવી કહે, મહારાજ! આમ હળવે હળવે શું બોલો છો? આમ તાણીને બોલો. હતું પાતળું શરીર એનું

કૃપાશંકરનું. આમ બોલો કે ભગવાન આમ કહે છે. આમ કરો. એમ કરીને પોતે તાણીને બોલે. હતા તો નાસ્તિક કહેતા લોકો. નાનો આસ્તિક કહેતા. એક ફેરી રાજકોટ વ્યાખ્યાન સાંભળ્યું. આવું શું હળવે હળવે બોલો છો? આમ બોલો. અને એકવાર દામનગરમાં એક હતા. એ માણસ એક દામનગરનો હતો. કોણ? દામનગરમાં એક હતા મોહન ત્રિકમ. આહાહા..! વીતરાગ સદા... એને બિચારાને દર્શન કરવા હોય. સાંભળવું અને સમજવું છે ક્યાં? એ સંસાર એવો રખડે છે અનાદિથી આમ ને આમ. શું કહે છે? ગાથા આવે છે, આવે છે ખરી. પ્રવચનસારમાં નહિ? પ્રવચનસારમાં.

'**વીતરાગ સદા આનંદરૂપ એક શુદ્ધાત્મભાવ...**' દેખો! પાછા આત્મા કેવો છે? આહાહા..! કે '**વીતરાગ સદા આનંદરૂપ એક શુદ્ધાત્મભાવસે રહિત...** ' આહાહા..! જેની દૃષ્ટિમાં શુદ્ધાત્મસ્વભાવ આનંદરૂપ નથી આવતો એ અજ્ઞાનીને રાગની અભિલાષા હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**પંચેન્દ્રિયોંકે વિષયોંકી ઈચ્છા રખતા હૈ,...**' એ પાંચ ઈન્દ્રિયના વિષયોની ઈચ્છા રાખે છે—રાગ. આહાહા..! જેને અણીન્દ્રિય સદા આનંદરૂપ પ્રભુ દૃષ્ટિમાં નથી, શ્રદ્ધામાં નથી, જ્ઞાનમાં આવ્યો નથી... આહાહા..! એ પાંચ ઈન્દ્રિયના વિષયોની ઈચ્છા રાખે છે. આહાહા..! '**મનમેં થોડાસા ભી રાગ રખતા હૈ,...**' આહાહા..! મનમાં પરપદાર્થમાં થોડો પણ રાગ રાખે. આહાહા..! '**વહ આગમજ્ઞાનસે આત્માકો શબ્દમાત્ર જાનતા હુઆ...**' દેખો! આગમનું જ્ઞાન હોય એને કરોડો શ્લોકોનું, અબજો શ્લોકોનું, પણ એ બધા અજ્ઞાની છે. આહાહા..!

જેને આત્મજ્ઞાન વીતરાગી મૂર્તિ પ્રભુ આત્મા, એની શ્રદ્ધા અને જ્ઞાન ન મળે તેને રાગની ઈચ્છા હોય છે. પછી શુભરાગનો પ્રેમ હો કે પણ અશુભનો, પણ રાગની અભિલાષા છે. આહાહા..! ગજબ વાત છે! દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ પણ એ રાગની જેને અભિલાષા છે... આહાહા..! એ તત્ત્વજ્ઞાનથી રહિત છે. સદા આનંદરૂપ ભગવાનઆત્મા એની દૃષ્ટિ રહિત છે. આહાહા..! ગમે તે પછી ભક્તિ કરતો હોય, વ્રત પાળતો હોય પણ આગમજ્ઞાન, શબ્દનું જ્ઞાન છે, વસ્તુ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**વહ આગમજ્ઞાનસે આત્માકો શબ્દમાત્ર જાનતા હુઆ ભી વીતરાગચારિત્રકી ભાવનાકે બિના...**' દેખો! એટલે કે રાગરહિત સ્વરૂપની સ્થિરતા વિના. સમ્યગ્દર્શનમાં પણ સ્થિરતા તો છે ને? સ્વરૂપાચરણ છે અનંતાનુબંધીનો અભાવ એવું વીતરાગી ચારિત્ર છે એ. વીતરાગી સ્વરૂપાચરણ ચારિત્ર વીતરાગી ચારિત્ર છે. આહાહા..! જેમ સમ્યગ્દર્શન વીતરાગી દર્શન છે, જ્ઞાન વીતરાગી છે એમ સ્વરૂપાચરણ વીતરાગી ચારિત્ર છે. અંદરની સ્થિરતા નથી એને. આહાહા..! '**ભાવનાકે બિના મોક્ષકો નહીં પાતા.**' લ્યો! એ મોક્ષને પામતો નથી. રાગની રુચિવાળો જીવ સ્વભાવની રુચિથી રહિત શબ્દજ્ઞાનથી મોક્ષ પામતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૮૨

अथ निर्विकल्पात्मभावनाशून्यः शास्त्रं पठन्नपि तपश्चरणं कुर्वन्नपि परमार्थं न वेत्तीति कथयति-

२०९) बुज्झइ सत्थइँ तउ चरइ पर परमत्थु ण वेइ।
ताव ण मुंचइ जाम णवि इहु परमत्थु मुणेइ।।८२।।
बुध्यते शास्त्राणि तपः चरति परं परमार्थं न वेत्ति।
तावत् न मुच्यते यावत् नैव एनं परमार्थं मनुते।।८२।।

बुज्झइ इत्यादि। बुज्झइ बुध्यते। कानि सत्थइँ शास्त्राणि न केवलं शास्त्राणि बुध्यते तउ चरइ तपश्चरति पर परं किंतु परमत्थु ण वेइ परमार्थं न वेत्ति न जानाति। कस्मान्न वेत्ति। यद्यपि व्यवहारेण परमात्मप्रतिपादकशास्त्रेण ज्ञायते तथापि निश्चयेन वीतरागस्वसंवेदनज्ञानेन परिच्छिद्यते। यद्यप्यनशनादिद्वादशविधतपश्चरणेन बहिरङ्ग-सहकारिकारणभूतेन साध्यते तथापि निश्चयेन निर्विकल्पशुद्धात्माविश्रान्तिलक्षण-वीतरागचारित्रसाध्यो योऽसौ परमार्थशब्दवाच्यो निज-शुद्धात्मा तत्र निरन्तरानुष्ठानाभावात् ताव ण मुंचइ तावन्तं कालं न मुच्यते। केन। कर्मणा जाम णवि इहु परमत्थु मुणेइ यावन्तं कालं नैवैनं पूर्वोक्तलक्षणं परमार्थं मनुते जानाति श्रद्धत्ते सम्यगनुभवतीति। इदमत्र तात्पर्यम्। यथा प्रदीपेन विवक्षितं वस्तु निरीक्ष्य गृहीत्वा च प्रदीपस्त्यज्यते तथा शुद्धात्मतत्त्वप्रतिपादकशास्त्रेण शुद्धात्मतत्त्वं ज्ञात्वा गृहीत्वा च प्रदीपस्थानीयः शास्त्रविकल्पस्त्यज्यत इति।।८२।।

---

आगे जो निर्विकल्प आत्म-भावनासे शून्य है, वह शास्त्रको पढ़ता हुआ भी तथा तपश्चरण करता हुआ भी परमार्थको नहीं जानता है, ऐसा कहते हैं -

गाथा - ८२

अन्वयार्थ :- [शास्त्राणि] शास्त्रोंको [बुध्यते] जानता है, [तपः चरति] और तपस्या करता है, [परं] लेकिन [परमार्थं] परमात्माको [न वेत्ति] नहीं जानता है, [यावत्] और जबतक [एवं] पूर्व कहे हुए [परमार्थं] परमात्माको [नैव मनुते] नहीं जानता, या अच्छी तरह अनुभव नहीं करता है, [तावत्] तबतक [न मुच्यते] नहीं छूटता।

भावार्थ :- यद्यपि व्यवहारनयसे आत्मा अध्यात्मशास्त्रोंसे जाना जाता है, तो भी निश्चयनयसे वीतरागस्वसंवेदनज्ञानसे ही जानने योग्य है, यद्यपि बाह्य सहकारीकारण अनशनादि बारह प्रकारके तपसे साधा जाता है, तो भी निश्चयनयसे

निर्विकल्पवीतरागचारित्रसे ही आत्माकी सिद्धि है। जिस वीतरागचारित्रका शुद्धात्मामें विश्राम होना ही लक्षण है। सो वीतरागचारित्रके बिना आगमज्ञानसे तथा बाह्य तपसे आत्मज्ञानकी सिद्धि नहीं है। जबतक निज शुद्धात्मतत्त्वके स्वरूपका आचरण नहीं है, तबतक कर्मोंसे नहीं छूट सकता। यह निःसंदेह जानना, जबतक परमतत्त्वको न जाने, न श्रद्धा करे, न अनुभवे, तबतक कर्मबंधसे नहीं छूटता। इससे यह निश्चिय हुआ कि कर्मबंधसे छूटनेका कारण एक आत्मज्ञान ही है, और शास्त्रका ज्ञान भी आत्मज्ञानके लिए ही किया जाता है, जैसे दीपकसे वस्तुको देखकर वस्तुको उठा लेते हैं, और दीपकको छोड़ देते हैं, उसी तरह शुद्धात्मतत्त्वके उपदेश करनेवाले जो अध्यात्मशास्त्र उनसे शुद्धात्मतत्त्वको जानकर उस शुद्धात्मतत्त्वका अनुभव करना चाहिए, और शास्त्रका विकल्प छोड़ना चाहिए। शास्त्र तो दीपकके समान हैं, तथा आत्मवस्तु रत्नके समान है।।८२।।

---

જે નિર્વિકલ્પ આત્મભાવનાથી શૂન્ય છે તે શાસ્ત્રને ભણવા છતાં, તપશ્ચરણ કરવા છતાં પણ પરમાર્થને જાણતો નથી, એમ કહે છે :

ભાવાર્થ :— શાસ્ત્રોને જાણે છે અને તપ આચરે છે પણ પરમાર્થને જાણતો નથી, કારણ કે 'પરમાર્થ' શબ્દથી વાચ્ય જે નિજશુદ્ધાત્મા જોકે વ્યવહારનયથી પરમાત્માના પ્રતિપાદક શાસ્ત્રથી જણાય છે તોપણ નિશ્ચયનયથી વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનથી જ જણાય છે. અને વ્યવહારનયથી જો કે બહિરંગ સહકારી કારણભૂત અનશનાદિ બાર પ્રકારના તપથી સાધવામાં આવે છે તોપણ નિશ્ચયનયથી નિર્વિકલ્પ શુદ્ધ આત્મામાં વિશ્રાંતિસ્વરૂપ વીતરાગ ચારિત્રથી જ સાધવામાં આવે છે, તે નિજશુદ્ધાત્મામાં નિરંતર અનુષ્ઠાનના અભાવથી આત્મા જ્યાં સુધી આ પૂર્વોક્ત લક્ષણવાળા પરમાર્થને સમ્યગ્ જાણતો નથી, સમ્યગ્ શ્રદ્ધતો નથી અને સમ્યગ્ અનુભવતો નથી ત્યાં સુધી કર્મથી છૂટતો નથી.

અહીં, આ ભાવાર્થ છે કે જેવી રીતે દીવા વડે વિવક્ષિત વસ્તુને જોઈને અને ગ્રહણ કરીને દીવો છોડી દેવામાં આવે છે, તેવી રીતે શુદ્ધ આત્મતત્ત્વના પ્રતિપાદક શાસ્ત્રથી શુદ્ધ આત્મતત્ત્વને જાણીને અને ગ્રહીને પ્રદીપસ્થાનીય શાસ્ત્રના વિકલ્પને છોડવામાં આવે છે. ૮૨.

---

# વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૫, શનિવાર
# તા. ૧૧-૧૨-૧૯૭૬, ગાથા-૮૨-૮૩,
# પ્રવચન નં. ૧૫૬

પરમાત્મપ્રકાશ, ૮૨ ગાથા. '**આગે જો નિર્વિકલ્પ આત્મ-ભાવનાસે શૂન્ય હૈ, વહ શાસ્ત્રકો પઢતા હુઆ ભી તથા તપશ્ચરણ કરતા હુઆ ભી પરમાર્થકો નહીં જાનતા હૈ, ઐસા કહતે હૈં-**' પુણ્ય-પાપના અધિકારમાં આવે છે ને, પરમટ્ઠ બાહિરા. બધી એ શૈલી છે. આહાહા..!

२०९) बुज्झइ सत्थइँ तउ चरइ पर परमत्थु ण वेइ।
ताव ण मुंचइ जाम णवि इहु परमत्थु मुणेइ।।८२।।

એકલા પાપ કરે છે એની તો અહીંયા વાતેય નથી પણ ભક્તિ, પૂજા આદિ કરે એનો ભાવ શુભ એની અહીં વાત નથી, પણ આ તો શાસ્ત્ર ભણે છે, શાસ્ત્ર ભણે છે, પઢે છે, વાંચે છે. છે? '**શાસ્ત્રકો જાનતા હૈ,...**' એમ. આહાહા..! જાણવા છતાં '**તપસ્યા કરતા હૈ,...**' તપસ્યા પણ કરે છે. મહિના-મહિનાના અપવાસ કે મુનિપણું પંચમહાવ્રત આદિ પાળે, બાર પ્રકારના તપ કરે. '**લેકિન...**' લ્યો! લેકિન આવ્યું પાછું. આવું હોવા છતાં... આહાહા..! '**પરમાત્માકો નહીં જાનતા હૈ,...**' લ્યો! પરમાત્મા પરમસ્વરૂપ જ્ઞાનમય વસ્તુ સ્વરૂપ, એનું નિર્વિકલ્પ જ્ઞાન કરતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કેમકે શાસ્ત્ર ભણવાનો ગુણ તો એ છે. બંધ અધિકારમાં આવે છે ને? ૨૭૪. વસ્તુભૂત જ્ઞાનમયઆત્મા તેનું જ્ઞાન. વસ્તુભૂત જ્ઞાનમયઆત્મા તેનું જ્ઞાન (થવું) એ શાસ્ત્ર ભણવાનો ગુણ છે. ૨૭૪ છે. અને પરમટ્ઠ બાહિરા એ પણ છે પુણ્ય-પાપ અધિકારમાં. આત્મા પરમાનંદ મૂર્તિ જ્ઞાનવસ્તુ, એ જ્ઞાનનું જ્ઞાન અનુભવ નિર્વિકલ્પ કરતો નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! વસ્તુ છે એ જ્ઞાનમય આનંદમય એને નિર્વિકલ્પપણે શાસ્ત્રના ભણવાના વિકલ્પને પણ છોડીને... આહાહા..! અંતર ચૈતન્યમૂર્તિ જ્ઞાનમય વસ્તુ, વસ્તુભૂત જ્ઞાનમયવસ્તુ એનું જે જ્ઞાન નિર્વિકલ્પપણે કરતો નથી. આહાહા..!

'**ઔર જબતક...**' તપસ્યા પણ કરતો હોય. આહાહા..! આ વાત છે. '**જબતક પૂર્વ કહે હુએ પરમાત્માકો નહીં જાનતા, યા અચ્છી તરહ અનુભવ નહીં કરતા હૈ,...**' આહાહા..! આત્મા જ્ઞાનમય, આનંદમય વસ્તુ એ જ્ઞાનનો અનુભવ નથી, જ્ઞાનનું જ્ઞાન કરતો નથી, જ્ઞાનનો અનુભવ કરતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! '**તબતક નહીં છૂટતા.**' શું કહે છે? '**યા અચ્છી તરહ અનુભવ નહીં કરતા હૈ,...**' મિથ્યાત્વથી અને વિકલ્પથી નથી છૂટતો, કર્મથી નથી છૂટતો. આહાહા..!

**ભાવાર્થઃ**— **'યદ્યપિ વ્યવહારનયસે આત્મા અધ્યાત્મશાસ્ત્રોંસે જાના જાતા હૈ,...'** છે? પાઠમાં એ છે **'परमात्मप्रतिपादकशास्त्रेण'** પાઠ એ છે. પરમાત્મ એટલે આત્માના કહેનારા શાસ્ત્રો. એટલે અધ્યાત્મ શાસ્ત્ર લીધા અર્થમાં. સંસ્કૃતમાં એ છે. **'व्यवहारेण परमात्मप्रतिपादकशास्त्रेण ज्ञायते'** આહાહા..! બીજા શાસ્ત્રો તો એકકોર રહ્યા પણ પરમાત્માના કહેનારા અધ્યાત્મ શાસ્ત્રો. આહાહા..! લ્યો! અહીં તો એ વાત લીધી. ચરણાનુયોગ અને કરણાનુયોગ નહિ. પરમાત્માના કહેનારા અધ્યાત્મ શાસ્ત્રોને જાણતા છતાં.. આહાહા..! **'નિશ્ચયનયસે વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે હી જાનને યોગ્ય હૈ,...'** આત્મા તો વિકલ્પરહિત વીતરાગ નિર્વિકલ્પ દૃષ્ટિથી અને જ્ઞાનથી જાણવા લાયક છે. આહાહા..! લોકોને આ એવી વાત નિશ્ચયની લાગે. પણ એ બધું પમાય વ્યવહારથી ને? એમ કહે છે. અહીં તો ઈ કહે છે, વ્યવહાર ક્રિયા તો એકકોર રહી, પાપના પરિણામ એક બાજુ રહ્યા, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એક બાજુ રહ્યા, શાસ્ત્રને ભણવાનો જે વિકલ્પ છે (એને પણ અહીં કાઢી નાખ્યો). આહાહા..! શાસ્ત્રને ભણવાનું જે ફળ છે એ તો જ્ઞાનમય આત્મા પરમાત્મસ્વરૂપ એનું જ્ઞાન કરવું, એનું વેદન કરવું, નિર્વિકલ્પપણે તેનું જ્ઞાન કરવું એ શાસ્ત્રનું ફળ છે. એ તો આવ્યું નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'નિશ્ચયનયસે વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે હી....'** અધ્યાત્મ શાસ્ત્રથી વ્યવહારથી જાણવામાં આવે એમ વ્યવહારથી કહેવામાં આવે. આહાહા..! પણ વસ્તુભૂત પદાર્થ જ્ઞાનમયવસ્તુ તેનું નિર્વિકલ્પપણે જ્ઞાન ન કરે... આહાહા..! ત્યાં સુધી એને ધર્મ થતો નથી. ત્યાં સુધી તે કર્મ છૂટતું નથી. લાખ અપવાસ કરે અને કરોડ કરે. આહાહા..!

**મુમુક્ષુ :—** ધર્મની સન્મુખ તો છે ને?

ઉત્તર :— એ બાજુનો પ્રયત્ન કરતો હોય તો સન્મુખ છે. શાસ્ત્રનું જ્ઞાન કરીને ત્યાં જ રોકાઈ ગયો છે તો એ સન્મુખ નથી. આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન કરીને ત્યાં જ રોકાઈ ગયો, પણ અંદરમાં જવાને પ્રયત્ન કરતો જ નથી, અંતર્મુખ થવાનો. એ તો નિર્વિકલ્પ અનુભવ થતો નથી તેથી તે...

મુમુક્ષુ :- અંદર જવાનો પ્રયાસ નહિ કરે તો સન્મુખ કેવી રીતે થાય?

ઉત્તર :- સન્મુખ કઈ રીતે થાય? જે શાસ્ત્ર ભણવું છે, ભણવાનું ફળ શું? અંતર ચૈતન્યમુખ થવાનું એનું સાધન, એમાં જતો નથી અને નિર્વિકલ્પ અનુભવ કરતો નથી. આહાહા..! અને શાસ્ત્ર ભણી ભણીને શાસ્ત્રમાં જ રોકાઈ ગયો છે આખો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જેને આગમજ્ઞાન નથી એને એમ કહે. એ આવે છે ને કે તમે શાસ્ત્રનો નિષેધ કરો છો? ભાઈ! જેને આગમનો અભ્યાસ નથી એને તો અભ્યાસ કરવો. પણ આગમનો અભ્યાસ છે અને નિર્વિકલ્પમાં જાતો નથી તો એનો એ અભ્યાસ પણ જૂઠો છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શાસ્ત્ર એ વિકલ્પજાળ છે. શાસ્ત્રમાં બુદ્ધિને રોકવી એ વ્યભિચાર છે.

મુમુક્ષુ :- ન ભણે એને...

ઉત્તર :- ન ભણે એને ભણવાનું કહે, ભણ્યો એને અંદરમાં જવાનું કહે. આહાહા..! ૨૭૪માં નથી આવતું ત્યાં? ૨૭૪માં આવે છે નહિ? શાસ્ત્ર ભણવાનો ગુણ. ૨૭૪. સમયસાર હોં. લ્યો! ૨૭૪.

मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधिएज्जो।
पाठो ण करेदि गुणं असदद्दहंतस्स णाणं तु।।२७४।।

એ શૈલી છે બધી. દિગંબર આચાર્યોની શૈલી એક જ પદ્ધતિની છે. ભિન્ન ભિન્ન રીતે વાત કરે પણ ઘણી ગંભીર અને ઘણી ગૂઢ. જુઓ! '**પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ...**' અભવિનો દાખલો છે. '**જીવ, (પોતે) શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય...**' શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય. શુદ્ધજ્ઞાનમય આત્મજ્ઞાનથી શૂન્ય. આહાહા..! '**શૂન્ય હોવાને લીધે, નથી શ્રદ્ધતો. તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો. અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે, આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં,...**' આહાહા..! ભાષા જુઓ! આચારાંગ આદિ અહીં કીધા ને? અધ્યાત્મ શાસ્ત્રો. અત્યારે અધ્યાત્મ છે. '**અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી.**' આહાહા..! ભારે!

મુમુક્ષુ :- ભણી ભણીને ...

ઉત્તર :- ભણી ભણીને જે કરવાનું એ કર્યું નહિ એમ કહે છે. એ કહે છે, જુઓ!

'**ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...**' ૨૭૪ છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ઝીણી વાત, બાપુ! જન્મ-મરણ રહિત થવાની રીત. આહાહા..! એકલા પાપમાં પડ્યા છે, સંસારના ધંધે એની તો વાતેય શી કરવી? એ તો આખો દિ' પાપ, રળવું, કમાવું, પૈસા થવા, ભોગ ને આબરુ ને કીર્તિ ને.. એ તો મરી ગયા બિચારા પાપમાં. આહાહા..! પણ અહીં તો ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ કરે તોપણ એ પુણ્ય છે. આહાહા..! એથી આગળ જઈને શાસ્ત્રનું ભણતર કરે, એ પણ અધ્યાત્મ શાસ્ત્રનું ભણતર કરે. આહાહા..! શેઠ! આવી વાત છે, બાપા! આહાહા..! અરે..રે..! ચોર્યાસીના અવતારમાં જન્મ-મરણ કરીને એ દુઃખી છે, દુઃખી છે. સમજાણું કાંઈ?

જેને આત્માના આનંદનું ભાન નથી, આત્મા આનંદમય, જ્ઞાનમયમૂર્તિ પ્રભુ પરમાત્મસ્વરૂપે અંદર બિરાજે છે. આહાહા..! ક્યાં સુધી કહ્યું? કે આ સંસારમાં તો આખો દિ' બાવીસ-વીસ કલાક આ ધંધો, બાયડી, છોકરા, રળવું પાપ એકલું છે. ધર્મ તો નથી પણ પુણ્ય પણ નથી ત્યાં તો. આહાહા..! અને જે કાંઈ પુણ્ય કરે છે કહે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિનું, એથી પણ એને શું? આત્મા જ્ઞાનમયનું આનંદમયનું ભાન નથી, એથી અટકી ગયો. ત્યાં પણ નહિ. અહીં તો અધ્યાત્મ શાસ્ત્ર સાંભળે છે, વાંચ્યા છે, અભ્યાસ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! માર્ગ

જુદા, ભાઈ! જન્મ-મરણથી રહિત થવાની રીત વીતરાગ પરમેશ્વર જિનવરદેવ અલૌકિક રીતે કહે છે, ભાઈ! આહાહા..! અરે..! દુનિયાને ક્યાં પડી છે? આખો દિ' આ રળવું, આ પૈસા, આ ધૂળ ને પાણી ને.. આહાહા..! એકલા પાપના પોટલા.

અહીં તો એને તો નિષેધ કર્યો પણ પુણ્યના કરનારા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વંદન, શ્રવણ એનો પણ નિષેધ કર્યો. પણ શાસ્ત્રના ભણતરમાં આવ્યો અધ્યાત્મશાસ્ત્રના એમ કહે છે. બીજા શાસ્ત્ર વાંચ્યા કરણાનુયોગ એ તો એકકોર રહ્યા. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! બાપુ! તારા મારગડા એવા જુદા છે. આહાહા..! કહે છે કે શાસ્ત્ર પણ ભણ્યો. આચારાંગ આદિ ભણ્યો એમ કીધું અહીં તો. અહીં અધ્યાત્મ શાસ્ત્ર કીધા છે. અત્યારે એ છે નહિ ને. અત્યારે આચારાંગ આદિ મૂળ જે શાસ્ત્ર છે એ અત્યારે છે નહિ. અત્યારે અધ્યાત્મશાસ્ત્ર છે. એટલે અધ્યાત્મ શાસ્ત્ર લીધા અને આમાં તો છે નહિ છતાં અગિયાર અંગનું જ્ઞાન કર્યું અનંતવાર, એમ કહે છે. આહાહા..! શાસ્ત્રને ભણ્યો, વાંચ્યા, કંઠસ્થ કર્યા, મોઢે જવાબ ફડાક-ફડાક આપે. પણ એથી શું? કહે છે.

મુમુક્ષુ :- પહેલેથી કહેવું જોઈએ ને કે આત્મસ્વભાવ તે આત્માનું જ્ઞાન...

ઉત્તર :- પહેલો અભ્યાસ તો કરાવે. જે અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ તો કરે. છતાં કરે છતાં જેને ભિન્ન વસ્તુભૂત ભગવાન અંદર ચિદાનંદ પ્રભુ દેહદેવળમાં રાગથી ભિન્ન ભગવાન બિરાજે છે અંદર. ક્યાં ખબર (છે) એને? આહાહા..! ભાષા તો જુઓ!

'**ભિન્નવસ્તુભૂત...**' વસ્તુભૂત. '**જ્ઞાનમયઆત્મા...**' એ તો જ્ઞાનનો પિંડ પ્રભુ છે. આહાહા..! જેમ સૂર્ય, પ્રકાશનો પૂંજ છે, એમ આ ભગવાનઆત્મા જ્ઞાનનો પૂંજ છે. જ્ઞાન કેવું? આ વાંચવાનું એ નહિ. જ્ઞાનનો ગુણનો પિંડ છે. આહાહા..! અરે..રે..! ક્યાં.. '**શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી.**' કેમ? '**ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...**' આહાહા..! એ અહીં કહે છે. આહાહા..! અરે..! અનાદિથી રખડતો, રઝળતો દુઃખી, બિચારા પૈસાવાળા ભિખારા દુઃખી. દેવ દુઃખી. આહાહા..!

મુમુક્ષુ :- માટે એમ આવે છે કે સુખી એક મુનિરાજ છે.

ઉત્તર :- એક સુખી મુનિ ધર્મી. 'નવી સુખી દેવતા દેવલો એ નવી સુખી શેઠ સેનાપતિ.' અબજોપતિ બિચારા ભિખારા દુઃખી છે. લાવ.. લાવ.. લાવ.. લાવ પૈસા લાવ. લાવ. અંતરની લક્ષ્મીની ખબર નથી. સમજાણું કાંઈ? જુઓને આ ઈરાનવાળો. દેશ નાનો પણ એક કલાકના બે કરોડની પેદાશ અત્યારે છે. ઈરાનનો બાદશાહ. દેશ નાનો છે. પણ પેટ્રોલના કૂવા એટલા નીકળ્યા કે એક કલાકની બે કરોડની પેદાશ છે. તે ક્યાં સુધી? ૩૦ વર્ષ સુધી નીકળે એટલું તેલ છે. આહાહા..! ભિખારા છે બિચારા રાંકા. મરી જશે. આહાહા..! એ તો મુસલમાન છે એટલે માંસ અને દારૂ ખાય, મરીને નીચે નરકમાં પોઢશે. આહાહા..!

અહીં કહે છે કે એ વસ્તુ લક્ષ્મી તો એકકોર રહી, એને માટે રળવાના ભાવ પાપના એ પણ એકકોર રહ્યા, પણ ભક્તિ આદિના પુણ્યના પરિણામ જે રહ્યા એ એકકોર રહ્યા, પણ શાસ્ત્ર

ભણવાનો શુભભાવ છે. આહાહા..! તે અધ્યાત્મશાસ્ત્ર ભણવાનો, આચારાંગ આદિનો ભણવાનો. આચાર્ય મહારાજે તો એ લીધું અહીં. છે ને? આચારાંગ આદિ છે ને એ? તેથી લખ્યું છે એ. પહેલા આચારાંગ આદિ છે ને? આહાહા..! કેટલામાં આવે છે? પછી આવે છે, નહિ? ૨૭૬. '**आयारादी**' કુંદકુંદાચાર્યે, આચારાંગ આદિ શાસ્ત્રો નાખ્યા છે, જે ભગવાનના કહેલા. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર વીતરાગ જેને સો ઈન્દ્ર પૂજે એની દિવ્યધ્વનિમાં આવેલા શાસ્ત્રો, એનું જ્ઞાન કરવા છતાં... આહાહા..! છે? ૨૭૪માં આવ્યું ને? '**આત્માનું જ્ઞાન શાસ્ત્ર ભણવાનો ગુણ છે; જે ભિન્નવસ્તુભૂત...**' રાગથી ભિન્ન, દેહ માટી. આ તો માટી જડ ધૂળ છે. એનાથી પ્રભુ ભિન્ન છે. કર્મ જડ છે માટી અંદર એનાથી પ્રભુ ભિન્ન આત્મા છે. અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્યના એનાથી પણ અંદર ભગવાન ભિન્ન છે. આહાહા..! અને અહીં તો શાસ્ત્ર ભણવાના વિકલ્પથી પણ ભગવાન ભિન્ન છે. એને ક્યાં (પડી છે)? ભગવાન કોણ છે.. ભગવાન તો ભગવાન થઈ ગયા. પણ તું ભગવાન છો અંદર. આહાહા..! બાપુ! તને ખબર નથી. આહાહા..! એ નિધાન છે. અનંત આનંદ અને ગુણનું નિધાન પ્રભુ છે. એવી વસ્તુ જ્ઞાનમય આત્માનું જ્ઞાન. આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન નહિ. શાસ્ત્રના જ્ઞાનનો ભણવાનો ગુણ તો આ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે...**' તે શાસ્ત્ર ભણવાનો ગુણ એને થયો નહિ—જ્ઞાનમય આત્માનું જ્ઞાન. આહાહા..! અને ભિન્ન વસ્તુભૂત જ્ઞાન. ચૈતન્યબિંબ સૂર્ય, ચૈતન્ય જ્ઞાનસૂર્ય એ રાગથી ભિન્ન વસ્તુ એનું જ્ઞાન નહિ હોવાથી એને શ્રદ્ધતો પણ નથી. જ્ઞાનમાં એ વસ્તુ ન આવી, શ્રદ્ધે ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? અંદર દેહમાં બિરાજમાન ભગવાન, આ તો માટી જડ ધૂળ છે. મહાણની રાખ થાશે આ તો. અંદર કર્મ છે એ જડ અજીવ છે અને આ પુણ્ય-પાપના ભાવ હિંસા, રળવું, ખાવું, વિષયભોગ વાસના, વેપાર-ધંધા એ એકલા પાપ છે. આહાહા..! અને આ ભક્તિ દેવ-ગુરુ-શાસ્ત્ર, પૂજા આદિનો ભાવ, વ્રતનો ભાવ, અપવાસનો ભાવ એ પુણ્ય છે. પણ શાસ્ત્ર ભણવાનો ભાવ એ પણ વિકલ્પ અને પુણ્ય છે, શુભ છે. આહાહા..! કામ બહુ આકરું, બાપા! તારું રઝળવું ચોર્યાસીના અવતારમાં... આહાહા..! એ અહીં ન થયું કહે છે. '**એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી.**' જ્ઞાન. એમ કહે છે. ૨૭૪. એ આપણે અહીં. છે અહીંયાં?

'**વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે હી જાનને યોગ્ય હૈ,...**' આહાહા..! અંદર ભગવાનઆત્મા, પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ જિનવરદેવ કહે છે કે આ આત્માને જાણવાની રીત શું છે? કે નિર્વિકલ્પ '**વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે હી જાનને યોગ્ય હૈ,...**' આહાહા..! એ તો રાગ રહિત, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ છે એનાથી રહિત સ્વસંવેદન—એ જ્ઞાનનું સ્વ-પોતાનું સં-પ્રત્યક્ષ વેદન એનાથી જાણવાલાયક છે. આહાહા..! અરે..! આવી વાતું ક્યાં હવે. ક્યાં બિચારા પડ્યા હોય રખડતા. હવે આ વાત સાંભળે તો શું થાય એને. આહાહા..! કહો, શેઠ! સત્ય તો આ છે, બાપા! આહાહા..! અરે..! એવા અનંતા અવતાર કરી કરીને (મરી ગયો). એક ગલુડિયું ભાઈ વારંવાર ન્યાં ચડે છે. એક

કાળું છે નાનું. પગથિયે કેમ ત્યાં આવીને ઊભું રહે છે? કોણ જાણે શું હશે? માણસ મરીને ગલુડિયા થાય.

મુમુક્ષુ :- માણસ મરીને સર્પ પણ થાય.

ઉત્તર :- સર્પ પણ થાય. કીધું નહિ?

હમણા ઓલો સાડા ત્રણ વર્ષનો છોકરો છે ને એક? ત્રણ ભવનું જ્ઞાન થયું છે. છાપામાં આવ્યું છે. સાડા ત્રણ વર્ષનો છોકરો છે. એ ત્રણ ભવની વાત કરે છે. કે હું એક ચાંડાળનો દીકરો હતો ચોથે ભવે. ચાંડાળ-ચાંડાળ, ચમાર. ચમારમાં હું ચામડા ઉતરડીને ચામડા ક્યાં મૂકતો એ બધું બતાવ્યું. ૪૦-૪૫ વર્ષ પહેલાની વાત. પછી ત્યાંથી મરીને સર્પ થયો હતો હું. હમણા સાડા ત્રણ વર્ષનો છોકરો છે. છાપામાં આવ્યું છે. ત્યાંથી મરીને હું સર્પ થયો. કોઈના પૈસા હતા એના રક્ષણ માટે ત્યાં હું માથે રહેલો. એમાં મને કોઈએ મારી નાખ્યો. મારી નાખ્યો એટલે હું અહીંયાં હવે.. કેવો કીધો? ઘાંચીને ઘરે છોકરો થયો. પંદર વર્ષની ઉંમર. ઘાંચી-ઘાંચી. ત્યાં મને મંદવાડ આવ્યો ને હું મરી ગયો. મરીને હું અહીં આવ્યો છું. કેવા કીધા એ? કડિયા. કડિયાના ઘરે. સાડા ત્રણ વર્ષ થયા છે. અનાદિનો છે એ ક્યાં (નવો છે). અનંત ભવ કરી કરીને મરી ગયો છે. આ તો આ ભવ કર્યા પણ બળદના, નરકના, કીડીના, કાગડાના, કૂતરાના એવા અનંત અનંત ભવ (કર્યા છે). અનાદિનો છે, એ કાંઈ નવો છે આત્મા? આહાહા..! લ્યો, એ કહે છે. એ છોકરો છે.

એટલે જાતિસ્મરણ થાય છે. હજારો કેસ છે અત્યારે. પૂર્વ ભવના જાણનારાના કેસો અહીંયાં હજારો (છે). અહીંયા આપણી પાસે આવ્યો હતો ને? વજુભાઈના દીકરાની દીકરી. વજુભાઈની રાજુલ. એને પૂર્વનું હતું ને અહીં? જૂનાગઢમાં લુહાણાની દીકરી હતી, લુહાણાની. એ મરીને આપણે અહીં આવી છે, આ વજુભાઈના દીકરાની દીકરી. આવી હતી ને હમણા. એ બધી વાત કરતી હતી. ત્યાં જઈને ઓળખી એની માને, બાપને, મકાનને એ બધું હતું. એ તો પાંચ વર્ષની ઉંમરે, હોં! અત્યારે સોળ વર્ષ થઈ ગયા.

મુમુક્ષુ :- હજી યાદ છે કે ભૂલી ગઈ?

ઉત્તર :- એ કાંઈ બહુ પૂછયું નથી. પણ એ કહેતી કે પહેલું જે યાદ આવતું એ અત્યારે યાદ આવે છે. પણ એ યાદ આવતું એ સીધું યાદ આવતું એમ નથી આવતું. એમ કાંઈક કહેતી હતી, નહિ? એમ કહેતી હતી. આહાહા..! એ તો પહેલાનું જે યાદ કર્યું હતું ને? એ યાદનું યાદ આવે છે અત્યારે. પણ પૂર્વનું જે છે... આ વજુભાઈના દીકરાની દીકરી. આહાહા..! એવા તો હજાર કેસ છે. એ રાજુલ માટે એક આવ્યો હતો અમેરિકાનો, રિપોર્ટ લેવા અહીંયાં આવ્યો હતો ને એ? એ મારી પાસે બેઠો હતો. એ કહે કે મારી પાસે આવા હજાર કેસ છે. આખા દેશના, હોં! યુરોપ. આખી દુનિયાના એક હજાર કેસ. મુસલમાન સુદ્ધાને જાતિસ્મરણ થયું છે એવા કેસ છે મારી પાસે. એ રાજુલનો રિપોર્ટ લેવા અહીં આવ્યો હતો. છોડી અહીં હતી તે દિ'. આહાહા..! એવા ભવ તો બાપુ અનંતા કર્યા છે, ભાઈ! ભૂલી ગયો. બહાર આવ્યો ને કાંઈક ઠીક થયું શરીર ઠીક ને કાંઈક પૈસા બે-

પાંચ-દસ લાખ થાય અને ધૂળ ને છોકરા સારા થાય, એ મૂઢ થઈને મરી ગયો. આહાહા..! હું ક્યાંથી આવ્યો અને ક્યાં જઈશ? શું મારું થશે? એ વાત જ ભૂલી ગયો.

અહીં કહે છે કે શાસ્ત્ર ભણવા છતાં આત્માનું જ્ઞાન તો વ્યવહારે અધ્યાત્મ શાસ્ત્રનું કહેવાય. '**निश्चयनय से वीतरागस्वसंवेदज्ञानसे ही...** ' ભાષા જુઓ! '**वीतरागस्वसंवेदनज्ञानसे ही...**' એટલે? આહાહા..! રાગનો વિકલ્પ જે એનાથી નહિ. રાગથી ભિન્ન પડી અને વીતરાગી જ્ઞાન થાય તેનાથી તે જણાય એવો છે. આહાહા..! ચોથે ગુણસ્થાને, હોં! આ. હજી તો સમકિતમાં, શ્રાવક તો ક્યાંય રહ્યા સાચા. આ તો બધા વાડાના છે. અને સાચા સાધુની દશા કાંઈક બીજી, બાપુ! એ તો કંઈ અત્યારે નમુનો મળે એવું નથી. આહાહા..!

અહીં તો કહે છે કે આત્મા વીતરાગી દશાથી સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો છે, શાસ્ત્રજ્ઞાનથી નહિ. આહાહા..! એ ભગવાન જ પોતે વીતરાગમૂર્તિ પ્રભુ છે અંદર. આહાહા..! એ અરાગી વીતરાગી સ્વસંવેદનજ્ઞાનથી જાણવામાં આવે એવો છે. બાકી કોઈ રીતે શાસ્ત્રથી કે એનાથી જાણવામાં આવે એવો છે નહિ. આહાહા..! આ ક્યાં નવરાશ પણ હવે? દુનિયાના પાપ આડે નવરો કે દિ' છે એ? કે આ વળી શાસ્ત્ર વાંચે અને સાંભળે. શાસ્ત્ર વાંચે અને સાંભળે એ શુભભાવ છે, પુણ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એટલોય ક્યાં છે. ચોવીસ કલાકમાં ચાર કલાક કાઢવા. ભગવાનના કહેલા શાસ્ત્ર વાંચન (કરવા), એને સાંભળવા, સત્સમાગમ (કરવો), એવા ચોવીસ કલાકમાં ચાર કલાક પણ ક્યાં છે? વીસ કલાક તો પાપમાં જાય છે બધો આખો.

મુમુક્ષુ :- કાલે રાત્રે તો આપે એમ કીધું, વાંચવાથી કાંઈ લાભ નથી.

ઉત્તર :- પણ અહીં તો હજી એટલું પુણ્ય પણ નથી ત્યાં ધર્મના ઠેકાણા ક્યાં છે? એમ કહે છે. હજી પુણ્યના ઠેકાણા નથી. શાસ્ત્ર વાંચવા, ભણવા, કહેવા, અભ્યાસ કરવો, સાંભળવા, સત્સમાગમ કરવો એ બધો શુભભાવ છે. પણ અહીં તો કહે છે કે એ ભાવથી પણ આત્મા જણાય એવો નથી. આહાહા..!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ જિનવરદેવ પરમેશ્વરની દિવ્યધ્વનિ, ઇન્દ્રો અને ગણધરો સાંભળતા એમાંથી આ વાણી આવી છે. સમજાણું કાંઈ? ભગવાન તો બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધર ભગવાન ત્રિલોકનાથ કેવળી મનુષ્યપણે બિરાજે છે. સીમંધર ભગવાન સાક્ષાત્ વિહરમાન તીર્થંકરદેવ કેવળી, સો ઇન્દ્રના પૂજનિક ઇન્દ્રો એકાવતારી ત્યાં સાંભળવા જાય છે. મહાવિદેહમાં અત્યારે બિરાજે છે મનુષ્યદેહે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એવા કરોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે. મહાવિદેહમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે. બે હજાર હાથ ઊંચા છે. એ પણ ક્યાં ખબર છે. આહાહા..! ઘરની બાયડી, છોકરા કેટલા લાંબા-ઊંચા અને કેટલા મકાન એની બધી ખબરું. જાદવજીભાઈ! નળિયા કેટલા ચડાવ્યા છે એ ખબર.

જૂના આટલા અને નવા આટલા લાવ્યા હતા. ફૂટી ગયેલા હતા. આહાહા..! મારી નાખ્યો છે ને.

અહીં કહે છે એ તો વીતરાગી વિજ્ઞાનથી જણાય એવો છે. એક વાત. '**યદ્યપિ બાહ્ય સહકારીકારણ અનશનાદિ બારહ પ્રકારકે તપસે સાધા જાતા હૈ,...**' બાર પ્રકારના તપ છે ને? અનશન, ઉણોદરી, રસપરિત્યાગ એ બાહ્ય સહકારી (કારણ) છે, મૂળ એ વસ્તુ નથી. એ '**તપસે સાધા જાતા હૈ,...**' નિમિત્તથી એમ કહે છે. '**તો ભી નિશ્ચયનયસે નિર્વિકલ્પવીતરાગીચારિત્રસે હી આત્માકી સિદ્ધિ હૈ.**' આહાહા..! એ બાર પ્રકારના તપથી પણ આત્માની સિદ્ધિ નહિ, આત્માને મોક્ષ નહિ. આહાહા..! ત્યારે...?

મુમુક્ષુ :- અગિયાર અંગમાં તો આ બધી વાત આવી જાય છે.

ઉત્તર :- આવી જાય છે.

મુમુક્ષુ :- તો કેમ નથી થતું?

ઉત્તર :- એ તો જાણે છે, વાંચ્યું છે એટલું. બાર પ્રકારના તપનું નિમિત્ત હોય છે. પણ એનાથી ભિન્ન પડીને ચારિત્ર વીતરાગ જોઈએ તે નથી. છે?

'**વીતરાગચારિત્રકા શુદ્ધાત્મામેં વિશ્રામ હોના હી લક્ષણ હૈ.**' આહાહા..! શું કીધું એ? '**નિશ્ચયનયસે નિર્વિકલ્પવીતરાગચારિત્રસે હી આત્માકી સિદ્ધિ હૈ.** ' આહાહા..! એ બાર પ્રકારના તપથી નહિ. એ તો વિકલ્પ છે, નિમિત્ત છે. એનાથી ભિન્ન આત્મા રાગ રહિત વીતરાગી રમણતા આનંદમાં ચારિત્ર, એનાથી સિદ્ધિ છે. આહાહા..! ભારે વાતું બાપુ આવી. સમજાણું કાંઈ? '**નિશ્ચયનયસે નિર્વિકલ્પવીતરાગચારિત્રસે હી આત્માકી સિદ્ધિ હૈ.** ' દેખો! બાર પ્રકારના તપથી નહિ એમ કહે છે. એ તો નિમિત્ત છે. આહાહા..! વીતરાગ ચારિત્રથી જ.. આહાહા..! આત્માની મુક્તિ છે. પંચમહાવ્રતના વિકલ્પો એ પણ ચારિત્ર નથી. આહાહા..! એ તો આસ્રવ છે. બહુ ઝીણું, ભાઈ!

વીતરાગમાર્ગ જિનેશ્વરનો માર્ગ ઝીણો બહુ, બાપુ! ક્યાંય એવો બીજે (નથી). વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. આહાહા..! અને એ માર્ગ બહુ સૂક્ષ્મ અને અપૂર્વ છે. આહાહા..! આત્મા જાણવામાં આવે એ વીતરાગ સંવેદન જ્ઞાનથી જાણવામાં એમ કહ્યું અને મુક્તિ થાય એ વીતરાગ ચારિત્રથી થાય. આહાહા..! આ લોકોને આકરું લાગે છે. આ વ્યવહાર કરીએ છીએ, ચારિત્ર પાળીએ છીએ. ક્યાં હતા ચારિત્ર હતા બાપા તમને? આહાહા..! અંતર વીતરાગ ચારિત્ર હોય એને પંચમહાવ્રતાદિના વિકલ્પ હોય એને વ્યવહાર કહેવામાં આવે. આહાહા..! બહુ ફેર? લ્યો!

'**જિસ વીતરાગચારિત્રકા શુદ્ધાત્મામેં વિશ્રામ હોના હી લક્ષણ હૈ.**' આહાહા..! શું કહે છે? એ પુણ્ય-પાપના વિકલ્પો, પુણ્યના વિકલ્પો એ પણ થાક છે, દુઃખ છે. આહાહા..! પાપના ભાવ તો દુઃખના દુઃખ જ છે પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ છે એ પણ દુઃખ છે. એમાંથી જેને વિશ્રામ લેવો હોય દુઃખમાંથી નીકળીને. આહાહા..! એ દુઃખમાં શ્રમ છે, થાક છે કહે છે. આહાહા..! એમાંથી જેને વિશ્રામ લેવો હોય એ '**શુદ્ધાત્મામેં વિશ્રામ હોના હી લક્ષણ હૈ.**'

આહાહા..! એ વીતરાગચારિત્રનું લક્ષણ આ. આહાહા..! વાત જ જાણે કોઈ દિ' સાંભળી ન હોય એવું લાગે. કે દિ' કર્યું છે કાંઈ? ઢસરડા એકલા પાપના કર્યા મરીને. મરીને જાય પછી ક્યાંય ચાલ્યો. નહિ સગા, નહિ વહાલા, નહિ દ્રવ્ય, નહિ ક્ષેત્ર, નહિ કાળ, ભાવ બધું બદલી જાય. ક્યાંક ઊપડે જઈને ઢોરમાં, નરકમાં. આહાહા..! બહુ ભારે વ્યાખ્યા છે પણ, હોં!

વીતરાગચારિત્ર... સ્વરૂપમાં રાગરહિત સ્થિરતા ચારિત્રનું લક્ષણ શું? કે '**શુદ્ધાત્મામેં વિશ્રામ હોના હી લક્ષણ હૈ.**' ભગવાન વીતરાગ પરમશુદ્ધ ચૈતન્ય ભગવાન, એમાં વિશ્રામ લઈને ઠરવું એનું નામ ચારિત્ર છે અને એ ચારિત્રથી મુક્તિ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! પરમાત્મપ્રકાશે તો ખુલ્લું કરીને મૂક્યું છે. દુનિયાને બેસે ન બેસે એને ઘરે રહ્યું. માર્ગ આ છે, બાપુ! સુખને પંથે જાવું હોય તો. દુઃખને પંથે તો દોરાઈ જ રહ્યો છે અનાદિથી. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..!

ઓલામાં શું કહ્યું હતું? '**વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે હી જાનને યોગ્ય હૈ,...**' અને આ વીતરાગચારિત્રથી આત્માની સિદ્ધિ (છે). તો વીતરાગચારિત્રનું લક્ષણ શું? એ શુદ્ધાત્મા પવિત્ર અનંત ગુણનું ધામ ભગવાન, શુદ્ધ પવિત્ર છે આત્મા એમાં વિશ્રામ લેવો, એમાં ઠરવું... આહાહા..! એમાં ચરવું, એમાં રમવું, એમાં આનંદની મોજ કરીને આનંદનો અનુભવ કરવો એ ચારિત્ર છે. આહાહા..! આ તો લુગડા છોડ્યા અને ક્યાંક પાંચમહાવ્રતના પરિણામનાય ઠેકાણા ન મળે અને થઈ ગયા ચારિત્ર. બાપુ! એ મારગડા જુદા, નાથ! તારી મોક્ષની રીતના રસ્તા પ્રભુ... આહાહા..!

'**સો વીતરાગચારિત્રકે બિના આગમજ્ઞાનસે તથા બાહ્ય તપસે આત્મજ્ઞાનકી સિદ્ધિ નહીં હૈ.**' શું કીધું? એ '**વીતરાગચારિત્રકે બિના આગમજ્ઞાનસે તથા બાહ્ય તપસે આત્મજ્ઞાનકી સિદ્ધિ નહીં હૈ.**' વીતરાગચારિત્રની આગમજ્ઞાનથી અને બાહ્ય... કહ્યું ને? વિના રહી ગયું છે. હા, એ તો ઠીક પણ વીતરાગચારિત્રનું એમ કે... વીતરાગચારિત્રની આગમજ્ઞાનથી અને એનાથી પ્રાપ્તિ નથી. એમ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એ તો થયો ને અર્થ? પણ એના વિના થઈ ગયો ને અર્થ. વીતરાગ ચારિત્રની પ્રાપ્તિ એમ એનો અર્થ થયો ને? '**આગમજ્ઞાનસે તથા બાહ્ય તપસે આત્મજ્ઞાનકી સિદ્ધિ નહીં હૈ.**' એ શબ્દ પડ્યો રહ્યો છે અંદર. અંદર છે. '**निर्विकल्पशुद्धात्माविश्रान्तिलक्षणवीतराग-चारित्रसाध्यो योऽसौ परमार्थशब्द-वाच्यो निजशुद्धात्मा तत्र निरन्तरानुष्ठानाभावात् ताव ण मुंचइ तावन्तं**' બસ, એમાં વિશેષ નથી. એ તો પછી એણે અર્થ કર્યો છે વિશેષ. ટીકા નથી.

મૂળ તો વીતરાગ ચારિત્ર રાગરહિત સ્વરૂપમાં સ્થિરતા વિના એકલા શાસ્ત્રજ્ઞાનથી અને બાહ્ય વ્રતાદિથી કે અપવાસથી આત્મજ્ઞાનની સિદ્ધિ નથી. એમ થઈ ગયું ને એ તો? '**વીતરાગચારિત્રકે...**' એટલે વીતરાગચારિત્ર વિના એમ. '**આગમજ્ઞાનસે તથા બાહ્ય તપસે આત્મજ્ઞાનકી સિદ્ધિ નહીં હૈ.**' એ તો કહ્યું. આહાહા..! ચારિત્રમાં વીતરાગચારિત્ર અને રાગ. આહા..! પંચમહાવ્રતાદિ એ રાગ છે, એ કાંઈ ચારિત્ર નથી. વિકલ્પ છે. એને તો એણે ચારિત્ર માન્યું છે અજ્ઞાનીએ. અહીં

તો વીતરાગચારિત્રનું પ્રાપ્ત થવું, એ આત્મજ્ઞાન અને બાહ્ય તપથી સિદ્ધિ નથી. એના વિના આટલા આગમજ્ઞાનથી કે બાહ્ય તપથી કાંઈ મુક્તિ થતી નથી. આહાહા..!

'**જબતક નિજ શુદ્ધાત્મતત્ત્વકે સ્વરૂપકા આચરણ નહીં હૈ,...** ' આહાહા..! ચૈતન્ય સૂર્યપ્રકાશ ભગવાન આનંદનો નાથ જેના આનંદના કિરણો પ્રગટ્યા વિના... આહાહા..! સૂર્યના કિરણો જેમ સફેદ છે એમ ભગવાનની પરિણતિ આનંદની શુદ્ધ અને સફેદ છે—નિર્મળ છે. આહાહા..! એવા સ્વરૂપનું આચરણ નથી એવા નિજ શુદ્ધાત્મતત્ત્વના સ્વરૂપનું, શુદ્ધ તત્ત્વનું અંતર આચરણ નથી. આહાહા..! '**તબતક કર્મોંસે નહીં છૂટ સકતા.**' બંધનથી એ નહિ છૂટી શકે. આહાહા..! ભાષા બધી જાણે ક્યાંકની. આહાહા..! જિનવરમાર્ગ સૂક્ષ્મ (છે), ભાઈ! અનંત કાળમાં એણે એક ક્ષણ પણ આત્મા શું છે એનું જ્ઞાન કર્યું નથી. એક ક્ષણ પણ સ્વરૂપમાં ઠરવું એવું ચારિત્ર કર્યું નથી. આહાહા..!

'**યહ નિઃસંદેહ જાનના,...**' શું કહ્યું? વીતરાગચારિત્રથી જ મુક્તિ છે. આગમ જ્ઞાન અને આ બધા બાહ્ય ચારિત્રથી કાંઈ મુક્તિ છે નહિ. આહાહા..! '**નિઃસંદેહ જાનના, જબતક પરમતત્ત્વકો ન જાને,...**' જ્યાં સુધી ચૈતન્યમૂર્તિ ભગવાન નિર્મળાનંદ પ્રભુ અંદર એને ન જાણે. આહાહા..! એની '**ન શ્રદ્ધા કરે, ન અનુભવે,...** ' આહાહા..! '**તબતક કર્મબંધસે નહીં છૂટતા.**' ત્યાં સુધી કર્મના બંધનથી છૂટતો નથી, રખડવું મટતું નથી. આહાહા..! રખડાવ થઈ ગયો છે અનંત કાળથી. ચાર ગતિમાં રખડાવ. આહાહા..! છોકરો રખડાવ હોય તો નથી કહેતા? શું રખડાવ થઈ ગયો આ? એનો બાપ કહે ને રખડાવ આખો દિ' બહાર જ ફર્યા કરે છે. અહીં ભગવાન ત્રણલોકના નાથ પિતા, ધર્મ પિતા, અરે.. રખડાવ! ચોર્યાસીના અવતારમાં રખડતો કોઈ દિ' આત્મામાં આવ્યો નથી તું. આહાહા..!

એક ફેરી ઓલા અહીં આવ્યા હતા ને? મંગળભાઈ આવ્યા હતા, જયસિંગભાઈના દીકરા જયસિંગ ઉજમસિંહ, અમદાવાદવાળા. પૈસાવાળા. તે દિ' ૬૦ લાખ, ૭૦ લાખ હતા. પછી અત્યારે તો ૮-૧૦ કરોડ છે. અહીં આવતા. અહીં આવે ને જ્યારે. એને મીલ છે ને ભાવનગરમાં એટલે આવે. દર્શન કરવા આવે બધા શેઠિયા-બેઠિયા. પછી એમાં એક વાત નીકળી. કીધું, ભાઈ! કાંઈ નિવૃત્તિથી વાંચન-બાંચન કાંઈ છે? એવો જવાબ આપ્યો એણે. મહારાજ! અમારે સ્થાને હોય તો તમને ખબર પડે કે નિવૃત્તિ લેવી કે નહિ. આહાહા..! પાવર ફાટી ગયેલા બિચારાને. તે દિ' ૬૦-૭૦ લાખ હતા. પહેલા અહીં આવતા (સંવત) ૧૯૯૪માં. કીધું, કાંઈ નિવૃત્તિ અને વાંચન કાંઈ શાસ્ત્રનું? મહારાજ! શું કહીએ? અમને એવી સ્થિતિ ઊભી છે કે એવી જો તમને હોય તો તમે નિવૃત્તિ ન લઈ શકો. એય..! શેઠ! ન સમજ્યા? ભાષા તો સાદી છે આમાં કાંઈ....

એક શેઠ હતા જયસિંગભાઈ મીલવાળા. મીલ છે ને અહીં ભાવનગર? ત્યાં આવે એટલે અહીં આવી જાય. દર્શન કરી જાય. શેઠિયાઓ બધા કરોડોપતિ આવી જાય અહીં. એમાં એકવાર મારાથી કહેવાણું સહેજ આટલું. કીધું, મંગળભાઈ! કાંઈક વાંચન (ખરું) નિવૃત્તિ લઈને? અમારા સ્થાને હોય

તો મહારાજ ખબર પડે કે નિવૃત્તિ લઈ શકાય કે નહિ? મારી નાખ્યા કીધું આ. આહા..! આ કોની પાસે બોલે છે એની ખબર ન મળે. પૈસાના ખુમાર ચડી ગયા. કોની પાસે બોલે છે આ? કોને હું કહું છું એની ખબર ન હોય બિચારાને. મૂઢ જીવો મૂઢ. આહાહા..! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘરે વખત નથી મળતો? સૂવાને માટે વખત નથી મળતો? માંદો થાય તો ખાટલે પડ્યામાં વખત નથી મળતો?

મુમુક્ષુ :- કામ હોય તો બહાર નથી જાતા?

ઉત્તર :- અરે..! બહાર જાય છે પંદર દિ' સુધી, મહિનો સુધી. પરદેશમાં બાયડી, છોકરા, કુટુંબ મૂકીને રળવા માટે આફ્રિકામાં જાય. નિવૃત્તિ લઈ શકતો નથી? આહાહા..! એક જણાએ એમ કહ્યું, મહારાજ! અહીં તો મરવાનો પણ વખત નથી. અરે..! મરીશ ત્યારે તો ઊભો રહીશ અંદર. સાંભળને હવે. પાવર ફાટી ગયા છે ઊંધા. મરવાનો વખત નથી. બહુ સારી વાત છે બાપા. એ ત્યાં પડ્યો રહ્યો છે ખાટલે બાર-બાર મહિના સુધી. આહાહા..! જુઓને! આ હાર્ટનું થાય છે ને? ડોક્ટર કહે, નીકળશો નહિ બહાર, ઊભા થશો ખાટલેથી. ત્યાં ને ત્યાં કરજો બધું. હાય..હાય.. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એવા આત્મજ્ઞાન વિના અને આત્માના અનુભવ વિના કર્મથી નહિ છૂટ. આહાહા..! '**ઈસસે યહ નિશ્ચય હુઆ કિ કર્મબંધસે છૂટનેકા કારણ એક આત્મજ્ઞાન હી હૈ,...**' આહાહા..! જોયું! ભગવાન ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' મારું સ્વરૂપ જ સિદ્ધ સમાન છે. સિદ્ધ સમાન ન હોય તો સિદ્ધ થશે ક્યાંથી? સિદ્ધપણું કાંઈ બહારથી આવે એવું છે? એ અંદરનો સ્વભાવ છે એનો એનલાર્જ થાય છે સિદ્ધ. આહાહા..! એની ક્યાં ખબરું છે? અહીં કહે છે, '**કર્મબંધસે છૂટનેકા કારણ એક આત્મજ્ઞાન હી હૈ,...**' કહો, છે? '**ઔર શાસ્ત્રકા જ્ઞાન ભી આત્મજ્ઞાનકે લિયે હી કિયા જાતા હૈ,...**' દેખો! એ આત્મજ્ઞાનને માટે શાસ્ત્રજ્ઞાન કરવામાં આવે છે કે એનાથી આત્મા શું છે એને જાણવામાં આવે છે. આહાહા..!

'**જૈસે દીપકસે વસ્તુકો દેખકર...**' દીવો-દીવો. વસ્તુને દેખીને દીવો છોડી દે. '**દીપકસે વસ્તુકો દેખકર વસ્તકો ઉઠા લેતે હૈં, ઔર દીપકકો છોડ દેતે હૈં,...**' આહાહા..! દીવાથી આ વસ્તુ દેખાણી. લઈ લીધી. આ તમારે શું કહેવાય આ? બેટરી. આમ પડી હોય વસ્તુ આમ જરી કરીને લઈ લે, પછી બેટરી છોડી દે. આહાહા..! ભારે ભાઈ! આવી વાતું! કેવી વાતું હશે આવી? પાગલ જેવી લાગે વાત પાગલોને. આહાહા..! ત્રણલોકનો નાથ સર્વજ્ઞ વીતરાગ અકષાય કરુણાથી આ વાણી છે. આહાહા..!

'**ઊસી તરહ શુદ્ધાત્મતત્ત્વકે ઉપદેશ કરનેવાલે...**' ભાષા છે ને? '**शुद्धात्मतत्त्वप्रतिपादकशास्त्रेण**' એમ છે. '**શુદ્ધાત્મતત્ત્વકે ઉપદેશ કરનેવાલે...**'જોયું! અધ્યાત્મશાસ્ત્ર. ભાષા અહીં લીધી. જોયું! સમયસાર, પ્રવચનસાર, આ પરમાત્મપ્રકાશ બધા અધ્યાત્મશાસ્ત્ર છે. આહાહા..! એવા અધ્યાત્મશાસ્ત્ર, '**ઉનસે શુદ્ધાત્મતત્ત્વકો જાનકર ઉસ**

**શુદ્ધાત્મતત્ત્વકા અનુભવ કરના ચાહિયે...'** આહાહા..! સમજાણું? **'ઔર શાસ્ત્રકા વિકલ્પ છોડના ચાહિયે.'** આહાહા..! વીતરાગી સ્વસંવેદનજ્ઞાન. વીતરાગી વિશ્રામ—ચારિત્ર એ કરવું જોઈએ. બધું કરી કરીને કરવાનું તો આ છે કહે છે. એ ન કર્યું તો કાંઈ કર્યું નથી એણે. આહાહા..! જન્મ-મરણના આંટા.. આહાહા..!

'શ્રીમદ્' નથી કહેતા? 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો તોયે અરે ભવ ચક્રનો આંટો એકેય ન ટળ્યો?' ભવનો આંટો ન ટાળ્યો, શું કર્યું તેં ભાઈ! આહાહા..! ઘાંચીનો બળદ એમ ને એમ ફર્યા કરે ચોવીસ કલાક. સાંજે એનું એ ઘર અને એનો એ ઘાંચી. આહાહા..! ચોર્યાસીના અવતાર ફર્યા જ કરે. એના એ અવતાર અને એના એ દેહ એ જાતનો મળ્યા જ કરે. અર..ર..! આહાહા..!

**'શાસ્ત્રકા વિકલ્પ છોડના ચાહિયે. શાસ્ત્ર તો દીપકકે સમાન હૈં, તથા આત્મવસ્તુ રત્નકે સમાન હૈ.'** દીવો કરીને રત્ન ઉઠાવી લે. સારું કપડું હોય કે. આહાહા..! ચારે કોર અગ્નિ લાગી હોય અને સારું કપડું હોય રેશમી કે એમ, આમ કરીને ઉપાડી લે. એમ ભગવાન દીપક-શાસ્ત્રથી આત્માનું રતન જોઈ લે, જાણી લે. જાણવાનું તો એ છે. ચૈતન્યરતન દીપક. એમાં અનંત અનંત ગુણના પાસા પડ્યા છે. આહાહા..! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો નિધાન છે. એવા આત્માને જાણી લેવો. શાસ્ત્રનો વિકલ્પ છોડી દેવો. એ ૮૨ કીધી.

---

## ગાથા-૮૩

अथ योऽसौ शास्त्रं पठन्नपि विकल्पं च मुञ्चति निश्चयेन देहस्थं शुद्धात्मानं न मन्यते स जडो भवतीति प्रतिपादयति –

२१०) सत्थु पढंतु वि होइ जडु जो ण हणेइ वियप्पु।
देहि वसंतु वि णिम्मलउ णवि मण्णइ परमप्पु।।८३।।
शास्त्रं पठन्नपि भवति जडः यः न हन्ति विकल्पम्।
देहे वसन्तमपि निर्मलं नैव मन्यते परमात्मानम्।।८३।।

सत्थु इत्यादि। सत्थु पढंतु वि शास्त्रं पठन्नपि होइ जडु स जडो भवति यः किं करोति। जो ण हणेइ वियप्पु यः कर्ता शास्त्राभ्यासफलभूतस्य रागादिविकल्परहितस्य निजशुद्धात्मस्वभावस्य प्रतिपक्षभूतं मिथ्यात्वरागादिविकल्पं न हन्ति। न केवलं विकल्पं न हन्ति। देहि वसंतु वि देहे वसन्तमपि णिम्मलउ निर्मलं कर्ममलरहितं णवि मण्णइ नैव मन्यते न श्रद्धत्ते। कम्। परमप्पु निजपरमात्मानमिति। अत्रेदं व्याख्यानं ज्ञात्वा त्रिगुप्तसमाधिं कृत्वा च स्वयं भावनीयम्। यदा तु त्रिगुप्तिगुप्तसमाधिं कर्तुं नायाति तदा विषयकषायवञ्चनार्थं

शुद्धात्मभावनास्मरणदृढीकरणार्थं च बहिर्विषये व्यवहारज्ञानवृद्ध्यर्थं च परेषां कथनीयं किंतु तथापि परप्रतिपादनव्याजेन मुख्यवृत्त्या स्वकीयजीव एव संबोधनीयः। कथमिति चेत्। इदमनुपपन्नमिदं व्याख्यानं न भवति मदीयमनसि यदि समीचीनं न प्रतिभाति तर्हि त्वमेव स्वयं किं न भावयतीति तात्पर्यम्।।८३।।

---

आगे जो शास्त्रको पढ़ करके भी विकल्पको नहीं छोड़ता, और निश्चयसे शुद्धात्माको नहीं मानता जो कि शुद्धात्मदेव देहरूपी देवालयमें मौजूद है, उसे न ध्यावता है, वह मूर्ख है, ऐसा कहते हैं –

(गाथा – ८३)

अन्वयार्थ :– [यः] जो जीव [शास्त्रं] शास्त्रको [पढन्नपि] पढ़ता हुआ भी [विकल्पम्] विकल्पको न [हंति] नहीं दूर करता, (मेंटता) वह [जडो भवति] मूर्ख है, जो विकल्प नहीं मेंटता, वह [देहे] शरीरमें [वसंतमपि] रहते हुए भी [निर्मलं परमात्मानम्] निर्मल परमात्माको [नैव मन्यते] नहीं श्रद्धानमें लाता।

भावार्थ :– शास्त्रके अभ्यासका तो फल यह है, कि रागादि विकल्पोंको दूर करना, और निज शुद्धात्माको ध्यावना। इसलिए इस व्याख्यानको जानकर तीन गुप्तिमें अचल हो परमसमाधिमें आरूढ़ होके निजस्वरूपका ध्यान करना। लेकिन जबतक तीन गुप्तियाँ न हों, परमसमाधि न आवे, (हो सके) तबतक विषय कषायोंके हटानेके लिये शुद्धात्मस्मरण भावनाके दृढीकरण हेतु परजीवोंको धर्मोपदेश देना, उसमें भी परके उपदेशके बहानेसे मुख्यताकर अपना जीव हीको संबोधना। वह इस तरह है, कि परको उपदेश देते अपनेको समझावे। जो मार्ग दूसरोंको छुड़ावे, वह आप कैसे करे। इससे मुख्य संबोधन अपना ही है। परजीवोंको ऐसा ही उपदेश है, जो यह बात मेरे मनमें अच्छी नहीं लगती, तो तुमको भी भली नहीं लगती होगी, तुम भी अपने मनमें विचार करो।।८३।।

---

હવે, જે કોઈ શાસ્ત્રને ભણીને પણ વિકલ્પને છોડતો નથી અને નિશ્ચયનયથી દેહમાં રહેલા શુદ્ધ આત્માને માનતો નથી તે જડ છે, એમ કહે છે :—

ભાવાર્થ :— જે જીવ શાસ્ત્રને જાણવા છતાં પણ શાસ્ત્રના અભ્યાસનું ફળ રાગાદિ વિકલ્પથી રહિત નિજશુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ છે એવા નિજશુદ્ધાત્મસ્વભાવથી પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ, રાગાદિ વિકલ્પનો નાશ કરતો નથી. માત્ર વિકલ્પનો નાશ કરતો નથી એટલું જ નહિ, પણ દેહમાં રહેવા છતાં પણ નિર્મળ-કર્મમળ રહિત-નિજ પરમાત્માને શ્રદ્ધતો નથી, તે જડ-મૂર્ખ છે.

અહીં, આ વ્યાખ્યાન જાણીને અને ત્રણ ગુપ્તિયુક્ત સમાધિ કરીને પોતાને જ ભાવવો, અને જ્યારે ત્રણ ગુપ્તિથી ગુપ્ત સમાધિ કરવાનું ન બને ત્યારે વિષયકષાયની વંચના અર્થે (વિષય કષાયને છોડવા માટે) અને શુદ્ધ આત્માની ભાવનાનું સ્મરણ દઢ માટે અને બહિર્વિષયમાં વ્યવહારજ્ઞાનની વૃદ્ધિ અર્થે બીજા જીવોને ધર્મોપદેશ આપવો, તેમ છતાં પણ પરને ઉપદેશવાના બહાના દ્વારા મુખ્યપણે સ્વકીય જીવ જ સંબોધવો. કેવી રીતે? તે આ પ્રમાણે :— આ યોગ્ય નથી; આ ગાથાનું વ્યાખ્યાન મારા મનમાં વસ્યું નથી; જો સમીચીન પણે (બરાબર સારી રીતે, યોગ્ય રીતે) પ્રતિભાસતું નથી, તો તમે પણ સ્વયં તેનો વિચાર કરો. આવું તાત્પર્ય છે. ૮૩

## ગાથા-૮૩ ઉપર પ્રવચન

'**આગે જો શાસ્ત્રકો પઢ કરકે ભી વિકલ્પકો નહીં છોડતા,...** ' આહાહા..! ભણી ભણીને ભણે પણ વિકલ્પ છોડી અંતર્મુખમાં પ્રયત્ન કરતો નથી. સમજાણું કાંઈ? '**ઔર નિશ્ચયસે શુદ્ધાત્માકો નહીં માનતા...**' એમ. શુદ્ધ પવિત્ર વિકલ્પ રાગથી રહિત ભગવાનઆત્મા એને એ જાણતો નથી, માનતો નથી અને શાસ્ત્રના વિકલ્પ છોડતો નથી. આહાહા..! '**જો કિ શુદ્ધાત્મદેવ દેહરૂપ દેવાલયમેં મૌજૂદ હૈ,...**' આહાહા..! આ દેહરૂપી દેવાલયમાં ભગવાન અંદર ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગે કહ્યો એ આત્મા... આહાહા..! કેવો છે એ આત્મા? '**શુદ્ધાત્મદેવ દેહરૂપી દેવાલયમેં મૌજૂદ હૈ,...**' દેહરૂપી દેવાલયમાં મોજૂદ ભગવાન બિરાજમાન સાક્ષાત્ ચૈતન્ય શુદ્ધાત્મા છે. આહાહા..! અરે..! એને ધ્યાવતો નથી. આહાહા..! એનું ધ્યાન કરતો નથી અને બહારમાં ને બહારમાં રોકાઈને ફર્યા કરે શાસ્ત્રમાં, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**વહ મૂર્ખ હૈ,...**' છે. જડ છે એમ છે ને પાઠમાં, પાઠમાં એમ છે. 'जडु' 'जडु' જડ છે. આહાહા..! શાસ્ત્ર ભણીને પણ વિકલ્પ છોડતો નથી, રાગની વૃત્તિ છોડતો નથી, અંતર્મુખ જાતો નથી તો એ જડ છે. આહાહા..! '**વહ મૂર્ખ હૈ, ઐસા કહતે હૈં**—'

૨૧૦) सत्थु पढंतु वि होइ जडु जो ण हणेइ वियप्पु।
देहि वसंतु वि णिम्मलउ णवि मण्णइ परमप्पु।।८३।।

આહાહા..! **અન્વયાર્થ :— 'જો જીવ શાસ્ત્રકો પઢતા હુઆ ભી વિકલ્પકો નહીં દૂર કરતા,...**' આહાહા..! કરવાનું તો એ છે. રાગથી ભિન્ન પડીને ચૈતન્યને જાણવો એ જ કરવાનું છે. એ કરતો નથી. આહાહા..! અને શાસ્ત્ર ભણીને મોટી મોટી પંડિતાઈની વાતું કરે. આહાહા..! '**નહીં દૂર કરતા...**' '**વિકલ્પકો નહીં દૂર કરતા,...**' 'जडो भवति' '**મૂર્ખ હૈ, જો વિકલ્પ નહીં મેંટતા,** આહાહા..! **કેમ? વહ શરીરમેં રહતે હુએ ભી...**' ભગવાન બિરાજે છે પરમાત્મસ્વરૂપ. આહાહા..! કરોડપતિ કે અબજોપતિ કોઈ શેઠ મળવા આવ્યો હોય, એ વખતે આઠ વર્ષનો છોકરો

આવ્યો હોય તો એની સાથે રમતમાં ચડી ગયો હોય. ઓલો ઊઠીને વયો ગયો. છોકરો આવ્યો બે-ચાર વર્ષનો. વહાલો બહુ એટલે એની સામું જોઈને વખત ગાળ્યો. તો ઓલો ઊઠીને વયો ગયો. એમ ભગવાન અંદર પરમાત્મસ્વરૂપ મહાપુરુષ બિરાજે છે. આહાહા..! એની સામું જોયું નહિ અને વિકલ્પ અને રાગ સામું જોઈને, બાયડી-છોકરા સામું જોઈને મરી ગયો. ઓલો પડ્યો રહ્યો અંદર. સમજાણું કાંઈ? એ વિશેષ વાત કરશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૬, રવિવાર
## તા. ૧૨-૧૨-૧૯૭૬, ગાથા-૮૩-૮૪,
## પ્રવચન નં. ૧૫૭

પરમાત્મપ્રકાશ. આ શાસ્ત્રનું નામ પરમાત્મપ્રકાશ છે. એની ૮૩ ગાથા, ફરીને શબ્દાર્થ.

**અન્વયાર્થ :— 'જો જીવ શાસ્ત્રકો પઢતા હુઆ ભી વિકલ્પકો નહીં દૂર કરતા, વહ મૂર્ખ હૈ, જો વિકલ્પ નહીં મેંટતા,...'** સૂક્ષ્મ વાત છે, ભગવાન! ધર્મ ચીજ એવી છે અનંત કાળથી એણે કર્યો નથી. સંસારના રળવું, કમાવું, વિષય, સ્ત્રી, કુટુંબમાં રહેવું એ બધા પાપભાવ છે, અધોગતિનું કારણ છે.

મુમુક્ષુ :- ધંધા-વેપાર પાપભાવ?

ઉત્તર :- ધંધા-વેપારનો ભાવ પાપભાવ છે.

મુમુક્ષુ :- છોકરાઓ ભણે છે.

ઉત્તર :- છોકરાઓ ધૂળ ભણે છે. અનાદિથી એ ભાવ તો કરતો આવ્યો છે. એ સિવાય હવે અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં આવ્યો, શાસ્ત્રના શ્રવણ-વાંચનમાં આવ્યો તો એ પણ પુણ્યભાવ છે. એ પણ પરિભ્રમણના કારણમાં જાય છે. આહાહા..! ચોર્યાસીના અવતાર. અનંત અવતાર કર્યા ચોર્યાસીના. એ પુણ્યના ભાવથી પણ પરિભ્રમણ છે. આહાહા..! આકરી વાત છે.

ત્રીજી વાત. હવે શાસ્ત્ર પઢે છે શાસ્ત્ર. ધીરૂભાઈ! ઝીણી વાત છે, ભગવાન! માર્ગ ધર્મ વીતરાગનો, જિનવર ત્રિલોકનાથ જિનવરદેવ કહે છે એ ધર્મ અલૌકિક છે. એ ધર્મ એણે એક સેકન્ડ પણ કદી કર્યો નથી. આહાહા..! અહીં કહે છે પરમાત્મા, કે સંસારના પાપના પરિણામ જે કરે છે ૨૦ થી ૨૨ કલાક એમાં રોકાણો. એકાદ કલાક મળે કદાચ સાંભળવાનો, તો એ પુણ્ય-શુભભાવ થાય કદાચિત.

અહીંયાં તો એથી વિશેષ કહે છે કે શાસ્ત્ર ભણે એ તો ક્યાં નવરાશ છે એને બિચારાને. એના સંસારના ચોપડા આડે. પણ શાસ્ત્ર ભણે, વીતરાગના કહેલા. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ,

એમના કહ્યા શાસ્ત્ર ભણે તોપણ એ રાગ છે. ધીરૂભાઈ! ઝીણી વાત છે. આહાહા..! ધર્મ એણે કર્યો નથી પણ સાંભળ્યો નથી. કેમ ધર્મ થાય, એમ ને એમ દુનિયાની ડંફાસમાં. એમાં કાંઈક પાંચ-પચ્ચીસ લાખ મળે ધૂળ એટલે જાણે અમે મોટા થઈ ગયા અને કાંઈક ફાવ્યા. આમ ને આમ મરી ગયો છે અનાદિ કાળથી. સમજાણું કાંઈ?

અહીં તો શાસ્ત્ર ભગવાન ત્રિલોકનાથ જિનવરદેવ એમ કહે છે કે કદાચિત દયા, દાન, વ્રત, ભક્તિના ભાવમાં પણ આવ્યો, વ્રત, તપ આદિ એ પણ એક શુભભાવ છે, પુણ્ય છે. એ પણ સંસારમાં દાખલ થવાનો ભાવ છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! બહુ ઝીણી વાત, બાપુ! આ જગતની હૂંફ બહારની કાંઈક... આહાહા..! શેઠ! લ્યો! આહાહા..! અહીંયાં તો ત્યાં સુધી કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! કહે છે કે પુણ્યના, પાપના પરિણામ કદાચિત ઘટાડ્યા. પુણ્યના પરિણામ પણ ઓછા કર્યા અને શાસ્ત્રના ભણતરમાં આવ્યો તોપણ એ વિકલ્પ છે, એક રાગ છે. આહાહા..! એ કહે છે, જુઓ!

**'શાસ્ત્રકો પઢતા હુઆ ભી વિકલ્પકો નહીં દૂર કરતા,...'** આહાહા..! ઝીણી વાત, ભગવાન! એ શાસ્ત્ર ભણવાનો જે વિકલ્પ રાગ છે એ છોડતો નથી અને અંતર આત્માના ધ્યાનમાં આવતો નથી એ બધા મૂર્ખ છે એમ કહે છે અહીં તો. આહાહા..! જડ છે જડ. ધીરૂભાઈ! બે-પાંચ કરોડ રૂપિયા મળ્યા હોય, બાયડી, છોકરા કાંઈક ઠીક હોય, ધંધો સારો ચાલતો હોય, છોકરા સાત-આઠ હોય. એક-એક બબ્બે લાખ, પાંચ-પાંચ લાખ રળતા હોય તો જાણે અમે.. દુઃખના ડુંગરમાં માથા ફોડ્યા છે. આહાહા..! અરે..રે..! એને ખબર ન મળે. ચોર્યાસીના અવતાર કરતો કરતો એવા ભાવ પાપના (કર્યા). અરે..! એને છોડીને કદાચિત પુણ્યના કર્યા, કહે છે. આહાહા..! એ પણ સંસારમાં ભવમાં અવતારમાં દાખલ કરે એ છે.

અહીંયાં તો હવે એ વાત લીધી છે. અહીં તો ઉત્કૃષ્ટ વાત (કરી છે) કે કદાચિત શાસ્ત્ર ભગવાને કહેલા ભણવામાં આવ્યા એને. આહાહા..! એ તો નવરાશ પણ ક્યાં છે? આહાહા..! પણ એ ત્યાં આવ્યો શાસ્ત્ર ભણવામાં પણ છતાં અંદર આત્મા આનંદસ્વરૂપ પ્રભુ છે એને વિકલ્પરહિત કરીને આનંદનો અનુભવ ન કરે ત્યાં સુધી શાસ્ત્રના ભણતર કરનારો પણ મૂર્ખ છે એમ કહે છે. એય.! ધીરૂભાઈ! અહીં તો એવી વાત છે, બાપા! વીતરાગ માર્ગ છે આ તો. જેને સો ઈન્દ્રો પૂજે, ત્રણલોકના નાથ તીર્થંકરદેવ મહાવિદેહમાં બિરાજે છે. અત્યારે બિરાજે છે સીમંધર (પરમાત્મા). મહાવીર ભગવાન આદિ તો મોક્ષ પધાર્યા, એ તો નમો સિદ્ધાણંમાં ગયા. પણ મહાવિદેહમાં ભગવાન અત્યારે બિરાજે છે. નમો અરિહંતાણં સાક્ષાત્ પ્રભુ બિરાજે છે. આહાહા..! કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષ્યનો દેહ, બે હજાર હાથ ઊંચા છે ભગવાન. મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં આગળ આ કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં ગયા હતા. આહાહા..! ત્યાં આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને શાસ્ત્રો બધા બનાવ્યા. સમયસાર (આદિ). એની આ બધી છાપું છે પરમાત્મપ્રકાશમાં. આહાહા..! એ કહે છે, જુઓ! આહાહા..! જેને ધર્મ થાય ત્યારે એને જન્મ-મરણ મટે. ચોર્યાસીના

અવતારમાં ફેરા કરીને મરી ગયો છે એ. માને છે કે અમે સુખી છીએ. સમજાણું કાંઈ?

અહીંયાં તો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ કહે છે કે શાસ્ત્ર ભણવા સુધી આવ્યો પણ એ વિકલ્પ છોડતો નથી એ તરફનો રાગ અને સ્વરૂપની અંદરમાં દૃષ્ટિ કરતો નથી. આહાહા..! આવી વાતું ભારે, ભાઈ! હજી તો સાંભળવા મળે નહિ બિચારાને. એ બધા બિચારા છે, હોં! ભિખારા. આહાહા..! અરે..રે..! પ્રભુ! તું સાંભળ તો ખરો એકવાર.

કહે છે, '**नहीं दूर करता,...**' રાગને છોડતો નથી. અંદર વિકલ્પ છોડીને અંતર આત્માના સ્વરૂપનું ધ્યાન (કરતો નથી). અતીન્દ્રિય આનંદ ભગવાન છે, સર્વજ્ઞ પરમેશ્વરે પ્રગટ કર્યો છે અને આ શક્તિરૂપે અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાનઆત્મા છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદને સ્પર્શીને વિકલ્પ છોડતો નથી. આહાહા..! કહો, દેવીલાલજી! આવી વાતું છે, બાપુ! જગતથી જુદી છે. આહાહા..! માર્ગ જુદો, બાપા! પ્રભુ! જન્મ-મરણ રહિત થવાનો માર્ગ. જન્મ-મરણ તો કરીને મરી ગયો છે. આહાહા..! અનંતકાળમાં.

અહીં એ કહે છે કે '**विकल्पको नहीं दूर करता,...**' આત્મા આનંદ અને જ્ઞાનનો પુંજ છે. એ શું હશે? આત્મા એને ભગવાન જિનવરદેવે એવો જોયો અને કહ્યો કે એ તો અસંખ્ય પ્રદેશીનો પુંજ છે અને અનંતગુણનો ઢગલો છે. ક્યાં હશે કોને ખબર? આહાહા..! સમજાણું કાંઈ? આ દેહ માટી છે, આ તો ધૂળ છે. આ તો પુદ્‌ગલ છે, અજીવ છે, માટી. આમ નથી કહેતા? લોકોમાં બોલે છે પણ ભાન ક્યાં છે? કાંઈક વાગે ખીલી-ખીલી. લોઢું વાગે તો કહે કે મારી માટી પાકણી છે. પાણી અડાડવા દેશો નહિ. કહે છે ધીરૂભાઈ? મારી માટી પાકણી છે. લોઢું વાગ્યું હોય ને? પાણી ન અડવા દેશો. મારી માટી. માટી છે આ. બોલે ખરો. ભાન ન મળે કાંઈ. એ પાકણી છે એટલે પાણી ન અડવા દેશો. આહાહા..! અરે..! પ્રભુ! આ શું છે આ તે? આ તો માટી છે, ધૂળ છે, મહાણની રાખ છે. એનાથી તો જુદો પણ અંદર કર્મ છે આઠ જડ એનાથી પણ જુદો. એના પાપના પરિણામ થાય છે એનાથી જુદો. એને દયા, દાનના, વ્રતના, તપના પરિણામ થાય છે શુભ વિકલ્પ, એનાથી જુદો. આહાહા..! અહીંયા તો શાસ્ત્રના ભણતરથી ઉઠતો જે વિકલ્પ-રાગ એનાથી ભગવાનઆત્મા અંદર જુદો છે. આહાહા..! કેમ માને? બે બીડી સરખી સીગરેટ પીવે ત્યારે પાયખાને દિશા ઉતરે એવા તો ભાઈસાહેબના લખણ. એને આવો કહેવો કે આત્મા આવો છે. આહાહા..!

મુમુક્ષુ :— ક્યારે આવો છે?

ઉત્તર :— અત્યારે આવો છે. એ કહે છે જુઓને! '**जडो भवति**' આહાહા..! શું પણ વીતરાગની વાણી! શાસ્ત્ર ભણે છે નિવૃત્તિ લઈને પણ એમાં પણ એ વિકલ્પ છે એ તરફનો, રાગ છે એને છોડીને અંદર આત્મા આનંદસ્વરૂપ છે. આહાહા..! એની દૃષ્ટિ કરતો નથી. એ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન છે એનો સત્કાર-સ્વીકાર કરતો નથી. આનંદભાઈ! આવી વાતું છે આ. પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા ધૂળ. આહાહા..!

અહીં તો શાસ્ત્રના ભણવાનો રાગ પણ દુઃખરૂપ છે. આહાહા..! એને ભગવાન કહે છે,

અંદરથી વિકલ્પ-રાગ છોડતો નથી અને સ્વ શુદ્ધ ચૈતન્યઘન તેના તરફ આવતો નથી. આવી વાત છે. આહાહા..! ત્રિલોકનાથ જિનવરદેવને એક ભવતારી ઈન્દ્રો અને ગણધરો સાંભળે છે. વર્તમાન ભગવાન બિરાજે છે ત્યાં. અહીં હતા ભગવાન ત્યારે પણ ઈન્દ્રો જે સ્વર્ગના ૩૨ લાખ વિમાનના સ્વામી ઈન્દ્ર એક ભવે મોક્ષ જનારા છે એ પણ જેની વાણી સાંભળતા. એ વાણી કેવી હશે! લ્યો આ દયા પાળો, એ તો કુંભાર પણ કહે છે. આહાહા..!

અહીં તો કહે છે કે, પ્રભુ! તારી દયા પાળ હવે. આહાહા..! ક્યારે તારી દયા પળે? કે તું આનંદનો નાથ પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન છો તેનું જીવતર.. આહાહા..! ઓલું જીવતરનું આવ્યું—જીવતરશક્તિ. સવારમાં આવ્યું હતું. આત્મામાં જીવતર નામની એક શક્તિ છે—ગુણ. ૪૭ શક્તિ છે ને? પહેલી શક્તિ છે. કેમ કે ત્યાં '**जीवो चरित्तदंसणणाणठिदो**' બીજી ગાથા ઉપાડીને? તો ત્યાંથી જીવશક્તિ કાઢી. આહાહા..! એ છાલમાં રહેલો શક્કરકંદ એને બાફીને ખાય. આ શું કહેવાય શિવરાત્રીમાં? આ લોકો કરે છે ને અન્યમતિઓ? મહા વદની આવે છે ને શિવરાત્રી? ફરાળ-ફરાળ ખાય. આહાહા..! આ ફરાળ તો અહીં છે કહે છે. અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ. આહાહા..! એને શાસ્ત્રના ભણતરનો વિકલ્પ-રાગ પણ છોડી દે. આહાહા..! આવી વાતું છે. ક્યાંય સાંભળવા મળે એવી નથી અત્યારે તો. આહાહા..! અહીં તો અમે જાણેલા, ૮૭ વર્ષ થયા. ૮૦ ને ૭. અને અહીંયાં તો દુકાન ઉપર પણ..

મુમુક્ષુ :- આપ સંભળાવવા ...

ઉત્તર :- ઓણ તો હવે બધું રાખ્યું. પોરની વાત પોર રાખો. એ જન્મ જયંતિનું ૮૮મું અહીં થયું ને, જામનગર થવાનું છે. ૮૮મું બેસે છે ને? વૈશાખ સુદ ૨. આ માટીને, શરીરને. આત્મા તો અનાદિઅનંત છે. આહાહા..!

અહીં તો કહે છે.. આહાહા..! ભગવાન બિરાજે છે અંદરમાં એને તેં સ્પર્શ્યો નહિ, પ્રભુ! આમ પડ્યો છે નજીક અંદર. આહાહા..! અને તું શાસ્ત્રના ભણતરના વિકલ્પમાં રોકાઈ ગયો પણ આ અંદર છે એને તો જોયો નહિ એમ કહે છે. આહાહા..!

કાલે દાખલો નહોતો આપ્યો? મોટો માણસ કોઈ આવ્યો હોય કરોડપતિ, અબજપતિ મળવા. હવે એ મળવા તાકડે બેઠો અને એમાં બે-ચાર વર્ષનો છોકરો આવ્યો નાની ઉંમરનો, હવે એની સાથે વાતે વળગી ગયો પા કલાક. ઓલો મોટો માણસ ઊઠીને વયો ગયો. ઓલો છોકરો આવ્યો બે-ત્રણ વર્ષનો રૂપાળો હોય અને બે-ચાર વર્ષનો હોય. એની સાથે વાતું કરે. પણ આ આવ્યો છે એની સામું તો જો. એમ અહીં પરમાત્મા એમ કહે છે, જિનવરદેવ ત્રિલોકનાથ ઈન્દ્ર અને ગણધરોની સભાની વચ્ચે એમ કહેતા હતા. આહાહા..!

મુમુક્ષુ :— શું?

ઉત્તર :— આ. કે અંદર આનંદનો નાથ ભગવાન છે તેની સામું તેં જોયું નથી. તું રોકાઈ ગયો રાગ અને વિકલ્પમાં. છોકરાની રમતમાં રોકાઈ ગયો, બાપા! આહાહા..! આવી વાતું છે, બાપુ!

હીરાભાઈ નથી આવ્યા? નહિ આવ્યા હોય. મુંબઈ ગયા છે. આહાહા..!

શું કીધું? '**વહ શરીરમેં રહતે હુએ ભી...**' આહાહા..! અતીન્દ્રિય અમૃતનો સાગર ભગવાન અંદર બિરાજે છે. અરે..! કોને ખબર ક્યાં હશે? એક બે-પાંચ-દસ લાખ મળે જ્યાં ત્યાં રાજી રાજી થઈ જાય. લાપસીના આંધણ મૂકો, આજે પેદા થયા છે પચાસ હજાર લાખ. ધૂળેય નથી. ઝેર છે. એની મીઠાશ એ ઝેર છે. બાપુ! તને ખબર નથી, ભાઈ! તું માણસ થયો પણ તને માણસમાં શું ચીજ છે એની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**શરીરમેં રહતે હુએ ભી નિર્મલ પરમાત્માકો નહીં શ્રદ્ધાનમેં લાતા.**' આહાહા..! એનો એને વિશ્વાસ આવતો નથી. કેમકે વસ્તુ છે એની ખબર નથી. આહાહા..! અને આ જગતના પદાર્થનો વિશ્વાસ. આહાહા..! આ તાવનું શું કહેવાય એ? કોઈદાન. કોઈદાન લઈશ તો મટી જશે એવો વિશ્વાસ. આ રોટલો ખાઈશ તો ક્ષુધા મટી જશે એવો વિશ્વાસ, દવા લઈશ તો રોગ મટશે. આહાહા..! અરે..! ભગવાન! ત્યાં એને વિશ્વાસ, પણ અહીં અતીન્દ્રિય આનંદનો નાથ અંદર બિરાજે છે પ્રભુ, આત્મતત્ત્વ છે એ વસ્તુ છે. આહાહા..! અરે..! એને ક્યાં... એક સમયની વર્તમાન દશાની રમતુંમાં એ વર્તમાન પર્યાય અને વર્તમાન ક્ષેત્ર જેટલામાંથી પર્યાય ઊઠે, એમાં રમત એની બધી અનાદિની. પણ આ '**શરીરમેં રહતે હુએ ભી નિર્મલ પરમાત્માકો નહીં શ્રદ્ધાનમેં લાતા.**' આહાહા..!

**ભાવાર્થ :— 'શાસ્ત્રકે અભ્યાસકા તો ફલ યહ હૈ,...'** ભાષા દેખો! આહાહા..! આ ઝીણી વાત ભગવાન. માર્ગ બહુ ઝીણો, બાપુ! અત્યારે તો ક્યાંય સાંભળવા મળે એવું નથી. દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો એ વાતું ત્યાં બધી. એકલી રાગની વાતું અને એમાં ધર્મ માને. આહાહા..! અહીં તો કહે છે કે શાસ્ત્રને ભણવાનું, અભ્યાસનું ફળ '**રાગાદિ વિકલ્પોંકો દૂર કરના,...**' આહાહા..! નાળિયેર છેને નાળિયેર? એ ઉપરના છાલા એ કાંઈ નાળિયેર નથી. તેમ કાચલી છે એ કાંઈ નાળિયેર નથી. તેમ કાચલી કોરની લાલ છાલ જે બાયું ટોપરાપાક કરે ત્યારે ઘસીને કાઢી નાખે છે ને લાલ છાલ? લાલ છાલ એ કાંઈ ટોપરું નથી. એ લાલ છાલની પાછળ ધોળો મીઠો પિંડ પડ્યો છે શેર-દોઢ શેરનો એ નાળિયેર છે. એ શ્રીફળ છે. આહાહા..!

એમ આ શરીર છે એ છાલા છે. નાળિયેરમાં જેમ છાલા ઉપરના હોય ને? પહેલા હોય. હવે તો ઓલા થઈ ગયા સંચા. નહિતર ઘંટીમાં કરતા ને છાલા વડે કાઢતા લોટ. એવું હતું પહેલા. હવે તો સંચા થઈ ગયા જ્યાં ત્યાં. નહિતર લોટ દળે ને પછી કાઢે છાલા હોઈ ઈ. ઈ આ છાલા છે. અંદર જેમ કાચલી છે એમ અંદર આઠ કર્મ એ કાચલી જડ અંદર ધૂળ છે. જેમ ઓલી લાલ છાલ છે, એમ આ પુણ્ય-પાપના શુભ-અશુભના ભાવ એ લાલ છાલ છે. એ લાલ છાલની પાછળ ધોળો સફેદ ગોળો છે એ નાળિયેર છે. એમ અહીં પુણ્ય-પાપની છાલની પાછળ ભગવાન છે તે આનંદનો કંદ ગોળો છે. આ તો દાખલામાં તો બેસે એવું છે કે નહિ? અરે..રે..! અરે..! એની જાતને જાણી નહિ. અહીં તો શાસ્ત્ર ભણતર સુધી આવ્યો તોપણ કહે છે, એ વિકલ્પ છે, રાગ છે, બાપુ! આહાહા..!

કહે છે, '**શાસ્ત્રકે અભ્યાસકા તો ફલ યહ હૈ કિ રાગાદિ વિકલ્પકો દૂર કરના ઔર નિજ શુદ્ધાત્માકો ધ્યાવના.**' આહાહા..! એ રાગ છે તેને છોડવો અને શુદ્ધ આત્મા તેનું ધ્યાન કરવું. ધ્યાન શું અને શુદ્ધાત્મા શું. કોઈ દિ'... આહાહા..! રખડી મર્યો છે અનાદિ કાળથી ચોર્યાસીના અવતાર. આહાહા..! કાગડાના, કૂતરાના, નરકના અનંત અનંત ભવ (કર્યા). અનાદિનો છે ને, એ કાંઈ નવો છે? આદિ આદિ છે ક્યાંય? ભૂતકાળમાં ક્યારેય નહોતો એ? સદાય છે. ક્યાં હતો? ભવભ્રમણમાં. આહાહા..! એક ભવ છોડીને બીજો, બીજો છોડીને ત્રીજો, ત્રીજો છોડીને... આહાહા..! એવા અનંત ભવભ્રમણને છેદવાનો ઉપાય... આહાહા..! '**રાગાદિ વિકલ્પકો દૂર કરના ઔર નિજ શુદ્ધઆત્માકો ધ્યાવના.**' અસ્તિ-નાસ્તિ કરી. આહાહા..! ઝીણું પડે, ભાઈ! એ ચાલતું નથી ને. એક તો નવરો નથી જગતના ધંધાના પાપ આડે. પૈસા ને બાયડી ને છોકરા સાચવવા અને રાજી રાખવા. એમાંથી નવરો થાતો નથી. એમાંથી નવરો થાય તો સાંભળવાનું મળે એ સાચું મળતું નથી. આ કરો ને આ કરો ને આ કરો. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એક વાર સાંભળને. આહાહા..! અહીં તો જન્મ-મરણ રહિતની વાતું છે, બાપા! એ દેવનો ભવ પણ દુઃખનો છે. આ શેઠિયાઓ કરોડપતિ, અબજોપતિ દુઃખીયા છે બધા બિચારા. ભિખારા માગે છે કે લાવ પૈસા લાવો, બાયડી લાવ, આ લાવ.. આ લાવ. અંતર આત્મામાં આનંદ-લક્ષ્મી પડી છે એને તો જોતો નથી. આહાહા..! એને લેવા માગતો નથી એ બધા ભિખારા છે, અબજોપતિ રાંકા છે. આહાહા..! શાસ્ત્રમાં એને ભગવાને વરાકા કહ્યા છે. વરાકા એટલે ભિખારી. ગરીબ માણસ છે. ધીરૂભાઈ! લ્યો, આ બધા પૈસાવાળાને ગરીબ કહે છે અહીં. ધૂળ. આત્માના આનંદનું ભાન નથી. કહો, સમજાણું કાંઈ? અનંત આનંદ-લક્ષ્મી પડી છે અંદર, ધ્રુવતત્ત્વ છે. એક સમયની દશા પલટતીની પાછળ ધ્રુવતત્ત્વ છે આખું... આહાહા..! વસ્તુ આત્મતત્ત્વ. એવો દેહમાં રહ્યો છતાં સામું જોતો નથી કહે છે. આહાહા..! એ ભગવાનને મળવા જાતો નથી. વસ્તુ પડી છે અંદર. આહાહા..! આવી વાતું કરે.

'**નિજ શુદ્ધાત્માકો ધ્યાવના.**' આહાહા..! આનું નામ ધર્મ. નિજ શુદ્ધાત્માને અંદર ધ્યાનમાં વિષય બનાવવો. આહાહા..! નિર્મળ વીતરાગી પર્યાયમાં નિત્ય આનંદના નાથને વિષયમાં લેવો એનું નામ ધર્મ છે, એનું નામ સમ્યગ્દર્શન છે. હજી તો સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી. આહાહા..! સમજાણું કાંઈ? એનું જ્ઞાન તો કરે. આહાહા..! અરે..! અનંતકાળમાં રખડતા આહાહા..! દુઃખી... દુઃખી... દુઃખી. એ શેઠિયા દુઃખી. 'નવી સો હી દેવતા દેવલો...' એ નથી આવતુ? 'નવી સો હી સેઠ સેનાપતિ' એ બધા દુઃખી છે બિચારા. આત્માના આનંદના સ્વાદ વિના, અતીન્દ્રિય આનંદના સ્વાદ વિના (દુઃખી છે). એનો સ્વાદ. આહાહા..! આ દાળ, ભાત, શાક, મેસુબ કે એનો સ્વાદ જીવને નથી. એ તો જડ છે. એમ સ્ત્રીનું શરીર છે એનો ભોગ આત્માને નથી. આ તો માટી છે. પણ એ ઉપર લક્ષ જઈને રાગ કરે છે કે 'ઠીક છે' એ રાગનો અનુભવ છે અજ્ઞાનીને. આહાહા..! એ રાગનો સ્વાદ છે એને. હવે એ છોડીને અહીં કહે છે, રાગનો સ્વાદ છોડીને અરાગી ભગવાન છે

ને અંદર? અરે..! આવી વાતું હવે. સાંભળવા ઘરેથી ન આવ્યા હોય અને કહે શું સાંભળ્યું? કાંઈક કહેતા હતા આમ છે ને તેમ છે. આત્મા આવો છે એમ કહેતા હતા. આહાહા..! ભગવાન! તેં જિનવરદેવની વાર્તા સાંભળી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'શુદ્ધાત્માકો ધ્યાવના.'** ચૈતન્યપ્રભુ અંદર આનંદનો નાથ સચ્ચિદાનંદ સ્વરૂપ. સત્ એટલે છે, ચિદ્ એટલે જ્ઞાન અતીન્દ્રિય આનંદનો કંદ છે પ્રભુ. આહાહા..! એને તારા વર્તમાન જ્ઞાનની પર્યાયનો વિષય બનાવ. જે પર્યાયને તેં રાગ અને પરનો વિષય બનાવ્યો છે એ તો મિથ્યા વિષય છે. આહાહા..! ધ્યેય ધ્યેય. આહાહા..! અંતર આત્મા આનંદસ્વરૂપ એને સાંભળીને એને ધ્યેય બનાવ. કરવાનું એ છે. બાકી બધી વાતું છે.

મુમુક્ષુ :- બાવા થાય તો થાય.

ઉત્તર :- બાવો જ છે એ. એ તો નહોતું કીધું? ઓલો આપણો ભાઈ નહિ અમૃતલાલભાઈ, ધનબાદ. એ કહે, બાવા થઈએ તો થાય. મેં કીધું, બાવો જ છે. કે દિ' તમે પરમાં ગયા છો કોઈ દિ'? શરીરમાં ગયો છે આત્મા કોઈ દિ'? શરીરવાળો થયો છે? માન્યું છે કે શરીરવાળો, બાયડીવાળો, છોકરાવાળો, પૈસાવાળો. કેટલા વાળા! એક વાળો નીકળે તો મરી જાય છે અને આ તો કેટલા વાળા વળગ્યા એને. આહાહા..!

એક વાળો નથી નીકળતો ઓલો? ખરાબ પાણી હોય ને પગમાં નીકળે છે. રાડ નાખે રાડ. આ બિચારાને કેટલાય વાળા ચોંટ્યા છે. બાયડીવાળો, પૈસાવાળો, આબરુવાળો, છોકરાવાળો, ભણતરવાળો ને પંડિત છું. જાણપણાવાળો બહારના. આહાહા..! ભગવાન! જન્મ-મરણ રહિતનો માર્ગ પ્રભુ આકરો છે, ભાઈ! એ તેં સાંભળ્યો નથી અને તેં ગરજ નથી કરી. દુનિયાના પાપને આડે પુણ્ય કરવાય નવરો નથી ત્યાં વળી આ સાંભળવા નવરો થાય ત્યારે એને સાંભળવાનું મળે એ પણ કંઈક જાતનું મળ્યું હતું. આવું સાંભળવાનું મળે ત્યારે એમ કહે કે ઝીણું-ઝીણું, એ નિશ્ચયની વાતું. એમ કરીને બિચારાએ કાઢી નાખ્યું. આહાહા..!

અહીં તો એ કહે છે, **'ઈસલિયે ઈસ વ્યાખ્યાનકો જાનકર તીન ગુપ્તિમેં અચલ હો પરમસમાધિમેં આરૂઢ હોકે...'** આહાહા..! **'નિજસ્વરૂપકા ધ્યાન કરના.'** આહાહા..! નિજસ્વરૂપ. ભગવાન નહિ, ભગવાન તો ભગવાનમાં રહ્યા. ભગવાનનું ધ્યાન કરવા જશે તો રાગ થશે. આહાહા..! પૂર્ણ ન હોય વીતરાગ ત્યાં સુધી ભાવ આવે, પણ એ ભાવ છે એ રાગ છે. આહાહા..! ભગવાનની ભક્તિ આદિનો ભાવ રાગ પુણ્ય છે. અહીંયાં તો કહે છે કે પ્રભુ! એક વાર તું, અંદર આત્મા જે રાગરહિત છે એ ભવ અને ભવના ભાવ વિનાની ચીજ છે અંદર. આહાહા..! પણ આ બહારના ફાસફૂસ એવા લાગે ને. ઓલા મહાણમાં હાડકા હોય ને, એમાં ફાસફૂસ હોય છે હાડકામાં, આમ ચકચકીત થાય. છોકરાઓ જોવા જાતા હતા. લોકો કહે, એ ભૂતડા છે ત્યાં જાશો નહિ એમ કહે. મહાણમાં બળી ગયાના હાડકા પડ્યા હોય ને, એમાં ફાસફુસ હોય. શું કહેવાય એ? ફોસ્ફરસ. એટલે આમ ચક ચક થાય. એટલે છોકરા નાની ઉંમરના જોવા જાતાને અમે નાની દસ

વર્ષની ઉંમરની વાત છે. એ ત્યાં એ ભૂતડા છે. ઓલું ચકચક થાય ને. ભૂતડા કાંઈ નથી, હાડકામાં એ ફોસ્ફરસ છે. આ બધા હાડકાના ફોસ્ફરસ છે બધા. શરીર ને વાણી ને પૈસા ને બંગલા ને મકાન ને... આહાહા..! આહાહા..!

અહીં ભગવાન બિરાજે છે ને અંદર, પ્રભુ! તું છો કે નહિ? છો તો કેટલા કાળનો છો? કેટલો કાળ રહે એવો છો? એ તો ત્રિકાળ છે. એક સમયમાત્ર રહે એવો છે એ? આહાહા..! એ તો ત્રિકાળ વસ્તુ છે ભગવાન તો આત્મા અનાદિ છે. નવો થયો નથી. એની આદિ નથી. અનાદિ છે, અનંતકાળ રહેશે. રખડતો અજ્ઞાનમાં રખડતો રહેશે. અને ભાન કરશે તો પરિભ્રમણ મટીને મોક્ષમાં જાશે. ત્યાં પણ રહેશે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

'**નિજસ્વરૂપકા ધ્યાન કરના.**' જોયું! ધીરૂભાઈ! અહીં તો આ વાત છે, બાપુ! દુનિયાને તો જાણી છે ને અમે બધાને, નથી જાણી આખી દુનિયાને? અહીં તો દુકાન ઉપર પણ શાસ્ત્ર વાંચતો હું તો નાની ઉંમરમાંથી. (સંવત) ૧૯૬૫ની સાલની વાત છે. ૬૫ની સાલ. કેટલા વર્ષ? ૭૦માં તો દીક્ષા લીધી છે. આ ૬૪મું દીક્ષાને ચાલે છે શરીરને. અને એ પહેલા દુકાન, છે ને પાલેજમાં દુકાન છે ને. ભરૂચ અને વડોદરા વચ્ચે પાલેજ છે ત્યાં. પિતાજીની દુકાન. નવ વર્ષ રહ્યો ત્યાં. દુકાન ચલાવી હતી મેં પાંચ વર્ષ. ૧૭ થી તો ૨૨ વર્ષ. ૧૭ વર્ષની ઉંમરથી ૨૨ વર્ષની ઉંમર સુધી પાંચ વર્ષ. પાલેજમાં દુકાન છે. અત્યારે મોટી દુકાન છે. ત્રણ લાખની પેદાશ છે. એક વર્ષની ત્રણ લાખની પેદાશ છે અત્યારે. એ દુકાન પિતાજીની હતી. ત્યાં નવ વર્ષ રહ્યો હતો. ત્યાં શાસ્ત્ર વાંચતો હું તો. પૂર્વના સંસ્કાર હતા ને. દુકાનનો ધંધો ચાલે થોડો પછી નવરા થઈને શાસ્ત્ર (વાંચુ). સ્થાનકવાસીમાં હતા ને ત્યારે. પિતાજી સ્થાનકવાસી હતા. ત્યાં જન્મ થઈ ગયેલો. એ શાસ્ત્ર વાંચતા બધા. ઉત્તરાધ્યયન, આચારાંગ. દુકાન ઉપર વાંચેલા નાની ઉંમરમાં. પણ આ ચીજ બીજી. આહાહા..!

(સંવત) ૧૯૭૮માં સમયસાર હાથ આવ્યું. ૭૮. આવ્યું ને અંદરથી... ઓહોહો..! મેં તો શેઠિયાને કહ્યું. શેઠિયા હતા દામનગર, દામોદર શેઠ હતા. તે દિ' દસ લાખ રૂપિયા. ૬૦ વર્ષ પહેલા હોં દસ લાખ! અત્યારે તો પચ્ચીસગુણા થઈ ગયા. એને કહ્યું શેઠ! આ શરીર રહિત થવું હોય અને ભવભ્રમણ રહિત થવું હોય તો આ શાસ્ત્ર છે. ધીરૂભાઈ! મોક્ષને માટે શરીર રહિત થવું હોય તો આ સમયસાર છે. તે દિ' તો હા પાડતા. એમાં (સ્થાનકવાસીમાં) હતા ખરા ને. એ જ્યાં છૂટ્યું ત્યાં ભડક્યા. આહાહા..! એ માર્ગ જુદો, ભાઈ! તને ખબર નથી. આહાહા..!

અહીં તો ત્યાં સુધી કહ્યું કે તારો આત્મા બિરાજે છે ને, પ્રભુ! અહીં છે કે નહિ? વસ્તુ છે કે નહિ? એ તત્ત્વ છે કે નહિ? એ પદાર્થ છે કે નહિ? તો વસ્તુ છે તો અનંતગુણ વસેલા છે અંદર. આહાહા..! અતીન્દ્રિય આનંદ જ્ઞાનાદિ અનંતગુણનો વાસ એમાં (છે) માટે એને વસ્તુ કહીએ. એ વસ્તુમાં વસ. આ વાસ્તુ કરે છે કે નહિ? ધૂળના, પાંચ-પચાસ લાખના મકાન થાય. બંગલામાં આજે વાસ્તુ કર્યું ને બે હજાર ખર્ચ્યા, પાંચ હજાર ખર્ચ્યા. અમલદાર અધિકારીઓને બોલાવ્યા હોય બધાને રાજી કરવા, સૌને જમાડવા. હવે ઈ વાસ્તુ તો પાપનું છે. અહીં વસ્તુ ભગવાન આનંદનો નાથ પ્રભુ

છો ત્યાં જાને. ત્યાં વાસ્તુ કર ને. ત્યાં વસ ને. ધ્યાન કરવાનો અર્થ એ, વસ ત્યાં. અરે..! આવી વાતું. વાતે વાતે ફેર. આહાહા..!

**'નિજસ્વરૂપકા ધ્યાન કરના. લેકિન જબતક તીન ગુપ્તિયાં ન હો, પરમસમાધિ ન આવે,...'** આહાહા..! અંદરમાં મનથી, વચનથી, વિકલ્પથી છૂટીને સ્થિરતાનું ધ્યાન ન હોય.. આહાહા..! **'તબતક વિષય કષાયોંકે હટાનેકે લિયે...'** પર તરફના વલણને વિષય ને કષાયના ભાવોને છોડવા માટે.. આહાહા..! **'પરજીવોંકો ધર્મોપદેશ દેના,...'** એ માર્ગ આ છે એમ (ધર્મોપદેશ) દેવો, એ પોતાને સંબોધે અને પરને સંબોધે. આહાહા..! આવા શાસ્ત્ર પડ્યા છે તેને વાંચવાના વખત ન મળે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પહેલા વાંચે તો ખબર પડે ને? અમારા માસ્તર એવા હતા, ધીરૂભાઈ! પણ એ અમારા માસ્તર હતા નિશાળમાં તે દિ'. ૧૨-૧૩ વર્ષની ઉંમરની વાત છે, આ તો ૭૪ વર્ષ પહેલાની વાત છે. એ માસ્તર એવા હતા અમારા (ઈ કહે), વાંચીને આવજો તમે. ઘણું કરીને એને બાયડી નહોતી. એટલે અમે જે છોકરા હોશિયાર હોયને. શું કહેવાય એ ક્લાસમાં? મુખ્ય બે-ચાર છોકરાને બોલાવે ઘરે અને પોતે રાંધે. અને એની સાથે વાતું કરતા જાય. બાયડી નહોતી, કણબીવાડમાં ઘર હતું. આ તો ૭૪ વર્ષ પહેલાની વાત છે. ૧૩ વર્ષની ઉંમરની. એટલે કહે, વાંચીને આવ્યા છો? હા, ભાઈ વાંચીને આવ્યા છે માસ્તર. હવે સાંભળો અમારી વાત. તમે વાંચીને સમજ્યા શું અને અમે શું કહીએ છીએ એનો મેળ કરો. ધીરૂભાઈ! ઘણું કરીને નરોત્તમ માસ્તર હતા. એ રાંધતા હોય. અને રાંધતા-રાંધતા છોકરા હોશિયાર હોય ને બે-ચારને બોલાવે. વાંચીને આવ્યો છો? તો કહે, હા. તો સાંભળો હવે. હવે એ પાઠનો અર્થ સાંભળો. ઓય.. બાપા! આ તો આપણે કાંઈક અર્થ કરતા હતા અને આ અર્થ કાંઈક બીજો છે. એમ એકવાર વાંચ્યું હોય, સાંભળ્યું હોય તો પછી બીજું શું કહે છે એની તુલના કરે. આમાં બિચારાને વખતેય ક્યાં છે. આહાહા..!

અહીં તો કહે છે, જ્યાં સુધી ધ્યાનમાં સ્થિર ન થઈ શકે **'તબતક વિષય કષાયોંકે હટાનેકે લિયે શુદ્ધાત્મસ્મરણ ભાવનાકે દઢીકરણ હેતુ પરજીવોંકો ધર્મોપદેશ દેના,...'** ધર્મ ઉપદેશ આ દેવો આવો. આહાહા..! **'ઉસમેં ભી પરકે ઉપદેશકે બહાનેસે મુખ્યતાકર અપના જીવ હી કો સંબોધના.'** આહાહા..! બાપુ! આ વસ્તુ મને ઠીક લાગે છે. તમને ઠીક લાગે છે? એમ કહે. એ કહે છે જુઓ! **'અપના જીવ હીકો સંબોધના. વહ ઈસ તરહ હૈ, કિ પરકો ઉપદેશ દેતે અપનેકો સમજાવે. જો માર્ગ દૂસરોંકો છુડાવે, વહ આપ કૈસે કરે.'** બીજાને એમ કહે કે બાપુ! રાગ છોડવા જેવો છે. એ પોતે પણ કેમ રાગને કરે? આહાહા..! સમજાણું કાંઈ? છે? છેને આમાં લખેલું છે અંદર જુઓને.

**'પરકો ઉપદેશ દેતે અપનેકો સમજાવે. જો માર્ગ દૂસરોંકો છુડાવે, વહ આપ કૈસે કરે. ઈસસે મુખ્ય સંબોધન અપના હી હૈ.'** આહાહા..! એ આત્માનો પોતાનો પોકાર છે કહે

છે. બીજાને કહે છે કે રાગ રહિત થા.. રાગ રહિત થા. એમ પોતાને માટે કહે છે, તું રાગ રહિત થા અંદર. આહાહા..! સમજાણું કાંઈ? '**ઇસસે મુખ્ય સંબોધન અપના હી હૈ. પરજીવોંકો ઐસા હી ઉપદેશ હૈ, જો યહ બાત મેરે મનમેં અચ્છી નહીં લગતી, તો તુમકો ભી ભલી નહીં લગતી હોગી,...**' એમ. રાગ છે એ મને પ્રેમમાં સારો નથી લાગતો ઠીક, તો તમને પણ રાગ ઠીક ન લાગવો જોઈએ. આહાહા..! માર્ગ ભાઈ જન્મ-મરણ રહિત થવાનો રસ્તો સમ્યગ્દર્શન... સમ્યગ્દર્શન હજી, હોં! ચારિત્ર તો ક્યાંય રહ્યા. કોને કહેવાય એની ખબરું ક્યાં છે દુનિયાને. આહાહા..! બાયડી, છોકરા છોડ્યા અને દુકાન છોડી તો થઈ ગયા ચારિત્ર. ધૂળેય નથી ચારિત્ર. હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી ત્યાં ચારિત્ર ક્યાંથી આવ્યા? આહાહા..! સમ્યગ્દર્શનમાં તો વિકલ્પ રહિત સ્વરૂપની અનુભવમાં પ્રતીતિ થવી. આહાહા..! એને તો હજી સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથીયું (કહે છે). આહાહા..! એ અહીં કહે છે. રાગાદિ મને ઠીક લાગતા નથી તમને પણ ઠીક ન લાગવા જોઈએ. '**તુમ ભી અપને મનમેં વિચાર કરો.**' આહાહા..! એ ૮૩ થઈ.

માખણની વાત છે બાપા અહીં તો. સમ્યગ્દર્શન કેમ થાય એની વાત છે. સમ્યગ્દર્શન, હોં! ચારિત્ર તો ક્યાંય રહ્યા. આહાહા..! કહે છે કે એ પુણ્ય પરિણામથી પણ સમ્યગ્દર્શન ન થાય. પાપના પરિણામની તો વાત શું કરવી? પણ શાસ્ત્રના ભણતરના વિકલ્પથી પણ સમ્યગ્દર્શન ન થાય. કેમકે ભણતર છે એ તો પરલક્ષી છે અને અહીં સ્વઆશ્રય લેવો છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય જ્ઞાનાનંદ સ્વરૂપ, એનો આશ્રય લેવો તો દીશા ફરી જાય છે. આહાહા..! પર તરફ જે દિશા છે, જે દશાની. જે દશા એટલે રાગ-દ્વેષની દશાની પર તરફ દિશા છે. આહાહા..! આ શું છે પણ આ? એ પુણ્ય-પાપ રહિતના શુદ્ધ પરિણામની દશાની સ્વ ઉપર દિશા છે. સ્વ ઉપર દિશા છે. સમજાણું કાંઈ આમાં?

જે પુણ્ય-પાપના વિકાર રાગ છે એ દશા પર ઉપર દિશા છે એની. અને આત્મામાં સન્મુખ થવામાં વીતરાગી પરિણામની દશા, એની દિશા દ્રવ્ય ઉપર છે. લોજિકથી તો કહેવાય છે પણ હવે કોઈને સમજવું નથી એને... એમ ને એમ ઢોર જેવી જિંદગી ગાળે. ઢોર મજૂરી કરીને ખાય, આ રળીને ખાય. આહાહા..! શું છે, બાપા! એ જીવન નહિ. આહાહા..!

---

## ગાથા-૮૪

अथ बोधार्थं शास्त्रं पठन्नपि यस्य विशुद्धात्मप्रतीतिलक्षणो बोधो नास्ति स मूढो भवतीति प्रतिपादयति –

२११) बोह-णिमित्तैं सत्थु किल लोइ पढिज्जइ इत्थु।
तेण वि बोहु ण जासु वरु सो किं मूढु ण तत्थु।।८४।।

बोधनिमित्तेन शास्त्रं किल लोके पठयते अत्र।
तेनापि बोधो न यस्य वरः स किं मूढो न तथ्यम्।।८४।।

बोह इत्यादि। बोधनिमित्तेन किल शास्त्रं लोके पठयते अत्र तेनैव कारणेन बोधो न यस्य कथंभूतः। वरो विशिष्टः स किं मूढो न भवति किंतु भवत्येव तथ्यमिति। तद्यथा। अत्र यद्यपि लोकव्यवहारेण कविगमकवादित्ववाग्मित्वादिलक्षणशास्त्रजनितो बोधो भण्यते तथापि निश्चयेन परमात्मप्रकाशकाध्यात्मशास्त्रोत्पन्नो वीतरागस्वसंवेदनरूपः स एव बोधो ग्राह्यो न चान्यः। तेनानुबोधेन विना शास्त्रे पठितेऽपि मूढो भवतीति। अत्र यः कोऽपि परमात्मबोधजनकमल्पशास्त्रं ज्ञात्वापि वीतरागभावनां करोति स सिद्ध्यतीति। तथा चोक्तम् - 'वीरा वेरग्गपरा थोवं पि हु सिक्खिऊण सिज्झंति। ण हु सिज्झंति विरागेण विणा पढिदेसु वि सव्वसत्थेसु।।' परं किन्तु - 'अक्खरडा जोयंतु ठिउ अप्पि ण दिण्णउ चित्तु। कणविरउ पलालु जिमु पर संगहिउ बहुत्तु।।' इत्यादि पाठमात्रं गृहीत्वा परेषां बहुशास्त्रज्ञानिनां दूषणा न कर्तव्या। तैर्बहुश्रुतैरप्यन्येषामल्पश्रुततपोधनानां दूषणा न कर्तव्या। कस्मादिति चेत्। दूषणे कृते सति परस्परं रागद्वेषोत्पत्तिर्भवति तेन ज्ञानतपश्चरणादिकं नश्यतीति भावार्थः।।८४।।

---

आगे ज्ञानके लिए शास्त्रको पढ़ते हुए भी जिसके आत्म-ज्ञान नहीं, वह मूर्ख है, ऐसा कथन करते हैं -

गाथा - ८४

अन्वयार्थ :- [अत्र लोके] इस लोकमें [किल] नियमसे [बोधनिमित्तेन] ज्ञानके निमित्त [शास्त्रं] शास्त्र [पठ्यते] पढ़े जाते हैं, [तेनापि] परंतु शास्त्रके पढ़नेसे भी [यस्य] जिसको [वरः बोधः न] उत्तम ज्ञान नहीं हुआ, [स] वह [किं] क्या [मूढः न] मूर्ख नहीं है? [तथ्यम्] मूर्ख ही है, इसमें संदेह नहीं।

भावार्थ :- इस लोकमें यद्यपि लोक व्यवहारसे नवीन कविताका कर्ता कवि, प्राचीन काव्योंकी टीकाके कर्ताको गमक, जिससे वादमें कोई न जीत सके ऐसा वादित्व, और श्रोताओं के मनको अनुरागी करनेवाला शास्त्रका वक्ता होनेरूप वाग्मित्व, इत्यादि लक्षणोंवाला शास्त्रजनित ज्ञान होता है, तो भी निश्चयनयसे वीतरागस्वसंवेदनरूप ही ज्ञानकी अध्यात्म-शास्त्रोंमें प्रशंसा की गयी है। इसलिये स्वसंवेदन ज्ञानके बिना शास्त्रोंके पढ़े हुए भी मूर्ख हैं। और जो कोई परमात्मज्ञानके उत्पन्न करनेवाले (छोटे) थोड़े शास्त्रोंको भी जानकर वीतराग स्वसंवेदनज्ञानकी भावना करते हैं, वे मुक्त हो जाते हैं। ऐसा ही कथन ग्रन्थोंमें हरएक जगह कहा है, कि वैराग्यमें

लगे हुए जो मोहशत्रुको जीतनेवाले हैं, वे थोड़े शास्त्रोंको ही पढ़कर सुधर जाते हैं - मुक्त हो जाते हैं, और वैराग्यके बिना सब शास्त्रोंको पढ़ते हुए भी मुक्त नहीं होते। यह निश्चय जानना परंतु यह कथन अपेक्षासे है। इस बहानेसे शास्त्र पढ़नेका अभ्यास नहीं छोड़ना, और जो विशेष शास्त्रके पाठी हैं, उनको दूषण न देना। जो शास्त्रके अक्षर बता रहा है, और आत्मामें चित्त नहीं लगाया वह ऐसे जानना कि जैसे किसीने कण रहित बहुत भूसेका ढेर कर लिया हो, वह किसी कामका नहीं है। इत्यादि पीठिकामात्र सुनकर जो विशेष शास्त्रज्ञ हैं, उनकी निंदा नहीं करनी, और जो बहुश्रुत हैं, उनको भी अल्प शास्त्रज्ञोंकी निंदा नहीं करनी चाहिए। क्योंकि परके दोष ग्रहण करनेसे राग-द्वेषकी उत्पत्ति होती है, उससे ज्ञान और तपका नाश होता है, यह निश्चयसे जानना।।८४।।

---

હવે, બોધાર્થે... (જ્ઞાન માટે) શાસ્ત્ર ભણીને પણ જેને વિશુદ્ધ આત્માની પ્રતીતિસ્વરૂપ બોધ થતો નથી તે મૂઢ છે, એમ કહે છે :—

ભાવાર્થ :— અહીં જો કે લોકવ્યવહારથી (નવીન કવિતાના કરનાર) કવિ, (પ્રાચીન કાવ્યોની ટીકાના કરનાર) ગમક, (જેને વાદમાં કોઈ ન જીતી શકે એવું) વાદિત્વ, અને (શ્રોતાઓના મનને રંજક કરનાર એવા શાસ્ત્રવકતા હોવા રૂપ) વાગ્મિત્વ, ઈત્યાદિ લક્ષણવાળું શાસ્ત્રજનિત જ્ઞાન કહેવાય છે તોપણ નિશ્ચયનયથી પરમાત્મસ્વરૂપના પ્રકાશક અધ્યાત્મશાસ્ત્રથી ઉત્પન્ન જે વીતરાગસ્વસંવેદનરૂપ બોધ છે તે જ બોધ ગ્રાહ્ય છે, પણ અન્ય (બીજો બોધ) નહિ. તે અનુબોધ વિના (વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાન વિના) શાસ્ત્ર ભણ્યો હોવા છતાં પણ મૂઢ છે.

અહીં, જે કોઈ પણ પરમાત્મબોધના ઉત્પન્ન કરનાર અલ્પ શાસ્ત્ર જાણીને પણ વીતરાગ ભાવના કરે છે તે સિદ્ધ થાય છે. કહ્યું પણ છે કે - 'वीरा वेरग्गपरा थोवं पि हु सिक्खिऊण सिज्झंति। ण हु सिज्झंति विरागेण विणा पढिदेसु वि सव्वसत्थेसु।। ' (અર્થ : વૈરાગ્યમાં તત્પર વીરો થોડાક શાસ્ત્રને શીખીને પણ શુદ્ધ થાય છે પણ સર્વ શાસ્ત્રો ભણવા છતાં પણ જીવ વૈરાગ્ય વિના સિદ્ધિ પામતો નથી) વળી કહ્યું છે કે 'अक्खरडा जोयंतु ठिउ अप्पि ण दिण्णउ चित्तु। कणविरउ पलालु जिमु पर संगहिउ बहुत्तु।।' (દોહા પાહુડ ૮૪) (અર્થ : જે શાસ્ત્રોના અક્ષરોને જ જુએ છે પણ ચિત્તને પોતાના આત્મામાં સ્થિર કરતો નથી તો માનો કે તેણે અનાજના કણોથી રહિત ઘણું પરાળ નિરર્થક સંગ્રહ કરવા જેવું કર્યું) ઈત્યાદિ પાઠ માત્ર ગ્રહીને અને બહુ શાસ્ત્રના જાણનારાઓને દોષ ન દેવો. તે બહુશ્રુતજ્ઞોએ પણ અન્ય અલ્પશ્રુતજ્ઞ તપસ્વીઓને દોષ ન દેવો. શા માટે? કે દોષ દેતાં પરસ્પર રાગદ્વેષની ઉત્પત્તિ થાય છે, તેનાથી જ્ઞાનતપશ્ચરણ વગેરે નાશ પામે છે, એવો ભાવાર્થ છે. ૮૪.

## ગાથા-૮૪ ઉપર પ્રવચન

**'જ્ઞાનકે લિયે શાસ્ત્રકો પઢતે હુએ ભી જિસકે આત્મ-જ્ઞાન નહીં,...'** બીજી વાત તો ક્યાંય રહી ગઈ. આહાહા..! હજી તો સાચા શાસ્ત્ર મળવા મુશ્કેલ છે. અને આ સાચા મળે અને એને **'પઢતે હુએ ભી જિસકે આત્મ-જ્ઞાન નહીં,...'** આહાહા..! આત્મજ્ઞાન જેને કહીએ તે નથી. આત્માનું જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન નહિ. આહાહા..! દેહ છૂટીને ચાલ્યો જશે અને જેટલા ક્ષણ જાય છે એ બધા મરણની તીથી નક્કી છે એની સમીપ જાય છે. જેટલા મહિના, વર્ષ, દિવસ જાય છે એ મૃત્યુનો સમય નક્કી છે કે આ સમયે દેહ છૂટવાનો એ નક્કી છે. એની સમીપે જાય છે. મૃત્યુની સમીપે જાય છે. અને આ તો કહે છે કે હું મોટો થયો અને કાંઈક વધ્યો. એવા મૃત્યુની સમીપે જતા કાળમાં આ આત્માનું મૃત્યુ ન થાય એ કરી લે ને.

'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે...' શ્રીમદ્ કહે છે ને. 'ક્ષણ ક્ષણ ભયંકર...' રાગ અને પુણ્યના પાપના ભાવ મારા માનીને રાજી થાય ત્યાં તારું મરણ થાય છે, ભાઈ! 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ...' ૧૬ વર્ષે કહે છે, શ્રીમદ્ રાજચંદ્ર. ૧૬ વર્ષની ઉંમર દેહની. આત્માને ક્યાં ઉંમર (છે)? એ તો અનાદિ છે. ૧૬ વર્ષે એમ કહે છે કે હે જીવ! ક્ષણે ક્ષણે ભયંકર તારું ભાવમરણ થાય છે. એ પુણ્ય-પાપના ભાવમાં રોકાઈ ગયો ત્યાં તારી શાંતિનું મરણ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :— આત્મજ્ઞાન થયા પહેલા...

ઉત્તર :— પહેલા પોકાર તો અંદરનો હતો ને. પૂર્વના સંસ્કાર ખરાને.

એમાં આગળ છેલ્લે કહ્યું 'રે આત્મ તારો આત્મ તારો શીઘ્ર એને ઓળખો.' ૧૬ વર્ષની ઉંમરે. પછી પરણ્યા હતા તો પછી. આહાહા..! 'રે આત્મ તારો, આત્મ તારો શીઘ્ર એને ઓળખો. સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.' આહાહા..! ૧૬ વર્ષે કહે છે શ્રીમદ્ રાજચંદ્ર, 'બહુ પુણ્યકેરા પુંજ'માં. આહાહા..! 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો?' પૈસા વધ્યા, પાંચ-પચાસ લાખ થયા. બાયડી-છોકરા, આઠ-આઠ છોકરા થયા. એક એક છોકરો કમાઉ જાગ્યો. શું અત્યારે તમારે થાય છે ને બધા? શું કહે છે? સંચા—ફેક્ટરી-ફેક્ટરી. શું કહે છે? ફેક્ટરી કરી આણે. ફલાણે આ છોકરાએ ફેક્ટરી કરી મુંબઈમાં. આહાહા..! સંચા. હમણા બહુ ચાલ્યા છે એ. કાંઈક દસ-પચાસ હજાર લાખ થાય કે.. વધ્યો.

લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો.
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નહિ ગ્રહો.
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.
એનો વિચાર નહિ અહોહો..! એક પળ પણ તમને હવો.

આહાહા..! નરદેહને હારી જવો. એક પળેય વિચાર કર્યો છે એણે? આહાહા..! સમજાણું કાંઈ? એ અંદરની સ્થિતિને જોવા માટે નવરો ક્યાં છે ઈ? આહાહા..!

કહે છે, '**જ્ઞાનકે લિયે શાસ્ત્રકો પઢતે હુએ ભી જિસકે આત્મ-જ્ઞાન નહીં,...**' આહાહા..! '**વહ મૂર્ખ હૈ, ઐસા કથન કરતે હૈં—**' ૮૪, હોં!

**२११) बोह-णिमित्तें सत्थु किल लोइ पढिज्जइ इत्थु।**
**तेण वि बोहु ण जासु वरु सो किं मूढु ण वत्थु।।८४।।**

આહાહા..! **અન્વયાર્થ :— 'ઇસ લોકમેં નિયમસે જ્ઞાનકે નિમિત્ત શાસ્ત્ર પઢે જાતે હૈં,...'** આહાહા..! આ તો ત્યાં સુધી આવ્યો તોપણ.. '**પરંતુ શાસ્ત્રકે પઢનેસે ભી જિસકો ઉત્તમ જ્ઞાન નહીં હુઆ,...**' 'વરઃ બોધઃ' આત્મજ્ઞાન. આહાહા..! જોયું! શાસ્ત્રજ્ઞાન એ 'વરઃ **બોધઃ**' નહિ. આહાહા..! પ્રધાન જ્ઞાન નહિ. આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ એનું જ્ઞાન એ 'વરઃ **બોધઃ**' છે. આહાહા..! '**શાસ્ત્ર પઢે જાતે હૈં, પરંતુ શાસ્ત્રકે પઢનેસે ભી જિસકો ઉત્તમ જ્ઞાન નહીં હુઆ,...**' ઉત્તમ જ્ઞાનનો અર્થ એ આત્મજ્ઞાન. આહાહા..! '**વહ ક્યા મૂર્ખ નહીં હૈ?**' શાસ્ત્ર તો દયાથી વાત કરેને? આહાહા..! બાપુ! શાસ્ત્ર ભણ્યો પણ જો આત્મજ્ઞાન ન કર્યું તો એ મૂર્ખાઈ ન ગઈ તારી. આહાહા..! દુનિયાના ડાહ્યાની તો વાત ક્યાં કરવી? પણ શાસ્ત્રના ભણતરના ડાહ્યા પણ આત્મજ્ઞાન નહિ કરે તો એ પણ મૂર્ખ છે કહે છે. આહાહા..! છે? '**ઇસમેં સંદેહ નહીં.**' '**तथ्यम्**' છે ને '**तथ्यम्**'? '**મૂર્ખ નહીં હૈ?**' '**ક્યા મૂર્ખ નહીં હૈ? મૂર્ખ હી હૈ,...**' એમ. '**तथ्यम्**' મુર્ખ છે એ સત્ય છે એમ કહે છે. કહો, પંડિતજી! આ તો સંસ્કૃતના પ્રોફેસર છે મોટા.

મુમુક્ષુ :— પાપનો ધંધો..

ઉત્તર :— ધંધા. આહાહા..!

**ભાવાર્થ :— 'ઇસ લોકમેં યદ્યપિ લોક વ્યવહારસે નવીન કવિતાકા કર્તા કવિ,... '** કવિ કરે છેને, નવી નવી કવિતાઓ. આહાહા..! એથી શું થયું? એ ક્યાં જ્ઞાન છે? આહાહા..! કવિ હોય છેને? શીઘ્ર કવિ. એકદમ આસુ કવિ. આમ તરત બનાવી દે કવિ. એથી શું? એ વસ્તુ છે કાંઈ? આત્મજ્ઞાન વિનાની એ ચીજ બધી મુર્ખાઈ ભરેલી છે કહે છે. આહાહા..! હમણા કાગળ નહોતો આવ્યો? ભવ્યસાગર. કર્ણાટકમાં દિગંબર સાધુ છે એક ભવ્યસાગર. ધીરૂભાઈ! એના દસ-પાંચ પત્ર આવ્યા. કર્ણાટકમાં છે. આસુ કવિ. ૧૮ વર્ષની દીક્ષા. દિગંબર નગ્નમુનિ. અહીંયાં એના દસ પત્ર આવ્યા. અહીંનું આત્મધર્મ વાચ્યું. ત્યાં એક શેઠિયો કોઈક છે ગૃહસ્થ મોટો. ગામ કાંઈક કીધું. કેવું ગામ કીધુ?

મુમુક્ષુ :— ઝાલના મહારાષ્ટ્રમાં...

ઉત્તર :— હા ત્યાં. એ માણેકચંદભાઈ આવે છે ને. એ વાંચતા. ત્યાં સાંભળવા ગયો. સાધુ દિગંબર. ૧૮ વર્ષની દીક્ષા. ૧૭ની હતી. અને આસુ કવિ. ગાયનો બનાવે આમ. અહીંનું સાંભળીને કાગળ આવ્યો. સ્વામીજી! આ શું કર્યું તમે આ? લાખો માણસના જન્મ-મરણના ઉદ્ધારના રસ્તા (તમે ખોલી નાખ્યા). અમે સાધુ નથી. એમ કહ્યું. દિગંબર છે. નગ્નમુનિ ૧૮ વર્ષની દીક્ષા આસુ કવિ.

અમે સાધુ નથી, અમે મુનિ નથી. આપ કહો છો એ વસ્તુ જ અમારી પાસે નથી. આહાહા..! દિગંબર સાધુ! દસ કાગળ આવ્યા દસ. તમારા 'આત્મધર્મ'ના બસ્સો ગ્રાહક બનાવ્યા છે મેં. પાંચસો ગ્રાહક બનાવીને આવવાનો છું ત્યાં. લખ્યું છે. આહાહા..! એવી વાત છે. દિગંબર છે બિચારો. શીઘ્ર કવિ. ગાયન જોડીને કવિતાઓ બહુ આવે છે. બહારમાં નથી નાખતા. એ શું ચીજ છે બહારની? અંતરના આત્મજ્ઞાન વિનાનું એ બહારનું નગ્નપણું એ બધું થોથા છે. આહાહા..! એ અહીં કહે છે, હોં! એ આવા કવિ થાય તોપણ શું? કહે છે. એ કાંઈ આત્મજ્ઞાન નથી. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૭, સોમવાર
## તા. ૧૩-૧૨-૧૯૭૬, ગાથા-૮૪, ૮૫,
## પ્રવચન નં. ૧૫૮

હિન્દી છે ને આજે, હિન્દી ચાલશે. પરમાત્મપ્રકાશ, ૮૪ ગાથા ચાલે છે. શું કહે છે? '**ઈસ લોકમેં યદ્યપિ લોક વ્યવહારસે નવીન કવિતાકા કર્તા કવિ,....**' કહેવાય છે. નવીન કર્તા છે ને. નવીન રચના કરે કાવ્યની. લોક વ્યવહારમાં એ કર્તા કહેવાય છે, કવિ. પણ એ કંઈ વિશેષ નથી એમ કહે છે અહીં. અંદર આત્મજ્ઞાન વિના એ કવિની કિંમત કાંઈ નહિ, કંઈ કિંમત નથી. આહા..! જેમાં આત્મજ્ઞાન નથી એ કવિ શું? અને '**પ્રાચીન કાવ્યોંકી ટીકાકે કર્તાકો ગમક,...**' કહે છે. જૂની ટીકા હોય શાસ્ત્રની, એની ટીકા કરનારને ગમક કહે છે. એથી શું? કહે છે. અંતર આત્મજ્ઞાન, રાગથી ભિન્ન પડીને જેમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય અને સ્વ-આત્માનું વેદન થાય એ જ્ઞાનને જ્ઞાન કહેવાય છે કે જે જ્ઞાનમાં જન્મ-મરણનો અંત છે. આ તો છે એ શુભભાવ છે અને એ જાતનો ક્ષયોપશમ હો (તો કરે). આહાહા..!

'**જિસસે વાદમેં કોઈ ન જીત સકે ઐસા વાદિત્વ,...**' હો. એવા વાદ કરે. એમ તો જ્ઞાની પણ વાદ કરે છે, શાસ્ત્રમાં આવે છે. પણ અહીંયા કહે છે કે એ વાદિત્વની પણ આત્મજ્ઞાન વિના એની કોઈ કિંમત નથી. આહાહા..! જેમાં આત્માના આનંદનું જ્ઞાન ન હો, એની કોઈ કિંમત નથી. એમ કહે છે. આહાહા..! અહીંયાં તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામની પણ, આત્મજ્ઞાન પાસે કિંમત નથી. એ કોઈ વસ્તુ નથી, પુણ્યબંધનું કારણ છે. અહીં તો શાસ્ત્રનું જ્ઞાન છે એ પણ આત્મજ્ઞાન વિના કોઈ કાર્યકારી નથી એમ કહે છે. આહાહા..! ભારે વાતું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, હોય છે. આત્મજ્ઞાની છે એ વાદિત્વ થાય તો એ શોભા આત્મજ્ઞાનની છે.

વાદિત્વ છે, શાસ્ત્રમાં આવે છે. અમુક મુનિઓ વાદ કરે. આ સમંતભદ્રાચાર્ય. ...મારા એટલા પુણ્ય છે અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એવા જોવે છે, ભગવાનના શાસનની શોભા થશે, વ્યવહારથી. આહાહા..!

**'શ્રોતાઓં કે મનકો અનુરાગી કરનેવાલા શાસ્ત્રકા વક્તા...'** શાસ્ત્રનો વક્તા હો, સમાજને અનુરાગથી ખુશી કરી દે કે આહા..! ભારે વ્યાખ્યાન ભાઈ! એથી શું? જેમાં ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે એનું જ્ઞાન ન હોય, તો આ ચીજની કોઈ કિંમત નથી. પ્રશંસવા લાયક તો આત્મજ્ઞાન છે એમ કહે છે. સમજાય છે કાંઈ? **'ઈત્યાદિ લક્ષણોંવાલા શાસ્ત્રજનિત જ્ઞાન હોતા હૈ,...'** છે? **'ઈત્યાદિ લક્ષણોંવાલા શાસ્ત્રજનિત જ્ઞાન હોતા હૈ,...'** આહાહા..! **'તો ભી નિશ્ચયનયસે વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાન હી...'** આહાહા..! નિજ સ્વરૂપ વીતરાગ નિર્વિકલ્પ છે એનું વીતરાગી જ્ઞાન. આહાહા..! ભલે થોડું હોય. શાસ્ત્રનું જાણપણું થોડું હોય પણ આ આત્મજ્ઞાન છે તે જ પ્રશંસાને લાયક છે કહે છે. આહાહા..! છે? **'નિશ્ચયનયસે વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાન કી હી અધ્યાત્મ-શાસ્ત્રોંમેં પ્રશંસા કી ગયી હૈ.'** આહાહા..! જેમાં જન્મ-મરણનો અંત આવે અને મોક્ષના માર્ગની શરૂઆત થાય એ આત્મજ્ઞાનની અધ્યાત્મશાસ્ત્રમાં તો પ્રશંસા કરી છે. આહા..! સમજાય છે?

**'ઈસલિયે સ્વસંવેદન જ્ઞાનકે બિના શાસ્ત્રોંકે પઢે હુએ ભી મૂર્ખ હૈં.'** આહાહા..! ધીરૂભાઈ! આવી વાતું છે આ. સંસારના જ્ઞાનવાળા અને બુદ્ધિવાળા તો મૂર્ખ છે કહે છે. આહાહા..! પણ પોતાનું જે અંતર આત્મસ્વરૂપ શુદ્ધ સચ્ચિદાનંદ પરમાત્મા, એનું સન્મુખ થઈને અંતરના જ્ઞાનને સ્પર્શ થઈને જે જ્ઞાન આવે એનું નામ સમ્યક્જ્ઞાન અને એની પ્રશંસા અધ્યાત્મશાસ્ત્રમાં છે. આહા..! અધ્યાત્મશાસ્ત્રમાં એની પ્રશંસા કરી છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરમાત્મપ્રકાશ છે. આહા..! **'ઈસલિયે સ્વસંવેદન જ્ઞાનકે બિના...'** આહાહા..! જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા એનું સ્વસંવેદન. સ્વ—પોતાનું, પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન. આવા જ્ઞાન વિના... આહાહા..! અધ્યાત્મશાસ્ત્રોમાં પ્રશંસા તો એની કરી છે. એ વિના શાસ્ત્રના ભણેલા મૂર્ખ છે. આહાહા..! પાઠ છે ને? **'मूढु ण वत्थु'** છે ને? **'तेण वि बोहु ण जासु वरु'** પ્રધાન આત્મજ્ઞાન નથી **'सो किं मूढु ण वत्थु'**. તે મૂઢ નથી, યથાર્થ સત્ય છે. આહાહા..! સત્ય છે, કહે છે. આહાહા..!

**'ઔર જો કોઈ પરમાત્મજ્ઞાનકે ઉત્પન્ન કરનેવાલે...'** પરમાત્મજ્ઞાનને ઉત્પન્ન કરનારા. આહાહા..! **'(છોટે) થોડે શાસ્ત્રોં કો ભી જાનકર...'** આહાહા..! નાના અને થોડા એવા શાસ્ત્રોને જાણીને. આહા..! **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકી ભાવના કરતે હૈં,...'** પોતાનું જ્ઞાન અને આનંદ સ્વરૂપ એનું જ્ઞાન કરીને એની ભાવના કરે છે (અર્થાત્) એકાગ્ર થાય છે. આહાહા..! **'વે મુક્ત હો જાતે હૈં.'** તે મુક્ત થઈ જ જાય છે, તે મુક્ત થઈ જાય છે. આહાહા..!

નાના અને થોડા શાસ્ત્રને ભણીને પણ જેને આત્મજ્ઞાન થયું (તે મુક્ત થઈ જાય છે).

પ્રવચનસારમાં અમૃતચંદ્રાચાર્યે કહ્યું છેને? અમે તો આત્મા છીએ. એમાં દૃષ્ટિ લગાવીને અમે તો અંદર સ્થિર થઈએ છીએ. વિશેષ જ્ઞાનના ક્ષયોપશમથી બસ થાઓ. આહાહા..! ચૈતન્યબિંબ પ્રભુ અંદર એનું જ્ઞાન કરીને, દૃષ્ટિ કરીને સ્થિરતા કરવી. બસ! વિશેષ ક્ષયોપશમથી બસ થાઓ. આહા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પ્રશંસા યોગ્ય છે. આહા..! નવ પૂર્વ ભણ્યો, અગિયાર અંગ ભણ્યો પણ આત્મજ્ઞાન વિના શું? આહાહા..! પ્રયોજનભૂત તો ઈ છે. આત્માના જ્ઞાનમાં વીતરાગતાનો અંશ પ્રગટ થાય છે એ પ્રયોજન છે. સમજાણું કાંઈ? આવી વાતું હવે.

**'ઐસા હી કથન ગ્રંથોંમેં હરએક જગહ કહા હૈ,...'** દોહાપાહુડ છે. **'વૈરાગ્યમેં લગે હુએ જો...'** આહાહા..! અંતર આત્મજ્ઞાન કરીને વૈરાગ્યમાં લાગ્યા છે. પરથી રહિત, રાગથી રહિત. સમ્યક્જ્ઞાન સહિત, રાગથી રહિત વૈરાગ્યમાં લાગ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :— સમયસાર નાનું શાસ્ત્ર કહેવાય કે મોટું?

ઉત્તર :— ઈ નાનું પણ કહેવાય. ... એટલે મોટું છે. સમયસારમાં તો ૪૧૫ શ્લોક છે, સાધારણ છે. અગિયાર અંગમાં તો અઢાર હજાર પદ અને એક એક પદમાં એકાવન કરોડ શ્લોક, ઈ ક્યાં છે અત્યારે. એક આચારાંગમાં અઢાર હજાર પદ ને એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. એ હિસાબે તો બહુ નાનું થોડું. પણ એને વાંચીને પણ આત્મજ્ઞાન કરે. આહાહા..! આ વાત છે બાપા! લ્યો, આ પ્રોફેસર તમારા સંસ્કૃતમાં ભણેલાની પણ અહીં કાંઈ કિંમત નથી, એમ કહે છે. આહાહા..! જેમાં જન્મ-મરણના અંત ન આવે એ ચીજ શું? માથે અનંત જન્મ-મરણ ઊભા છે. એ ચીજ શું? અહીંયા તો જન્મ-મરણનો અંત આવ્યો. આત્માનું જ્ઞાન થયું ત્યાં ભવનો અંત (થયો), ભવસિંધુ તરી ગયો. આહાહા..! આવી વાત લોકોને બહારમાં એવું લાગે... ઈ કહેશે, મુનિની વાત કરશે.

**'લગે હુએ ભી મોહશત્રુકો જીતનેવાલે હૈં,...'** આહાહા..! રાગરૂપી શત્રુ જે મોહ પરમાં હતો એને તો જીતવાવાળા છે. ભલે શાસ્ત્રનું જ્ઞાન થોડું હોય એથી શું? આહાહા..! જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ બે અંદર છે. નિર્જરામાં આવ્યુંને? જ્ઞાનીને જ્ઞાન-વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન અને વૈરાગ્ય—રાગથી, પરથી ભિન્ન વૈરાગ્ય—એ બે શક્તિ મૂળ છે. આહાહા..! **'વે થોડે શાસ્ત્રોંકો હી પઢકર સુધર જાતે હૈં...'** આહાહા..! **'મુક્ત હો જાતે હૈં,...'** આહાહા..! **'ઔર વૈરાગ્યકે બિના...'** પરપદાર્થથી રાગને ખસેડવો. એ વૈરાગ્ય હોં! વૈરાગ્ય એટલે આ બાયડી-છોકરા છોડે, કુટુંબ છોડે માટે વૈરાગ્ય છે એમ નહિ. નિજ સ્વરૂપનું જ્ઞાન અને પરપદાર્થથી

ખસીને વૈરાગ્ય કરવો. આહાહા..! આત્મજ્ઞાન વિના યથાર્થ વૈરાગ્ય હોતો જ નથી. આહાહા..! પોતાનું અસ્તિત્વ મહાસત્તા પ્રભુ, એનું જ્ઞાન અને પરથી ઉદાસ થઈને રાગથી રહિત થાય એ વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું લાગે લુખું. આહા..! **'મુક્ત હો જાતે હૈં,...'**

**'ઔર વૈરાગ્યકે બિના સબ શાસ્ત્રોંકો પઢતે હુએ ભી...'** આહાહા..! **'મુક્ત નહીં હોતે.'** પરથી વૈરાગ્ય નથી, પરમાં પ્રેમ છે. આહા..! તો એને આત્મજ્ઞાન પણ નથી અને વૈરાગ્ય પણ નથી. આહાહા..! **'યહ નિશ્ચય જાનના...'** વૈરાગ્ય વિના. પરથી વૈરાગ્ય, ઉદાસ. ગમે તેટલો પુણ્યનો વૈભવ હોય, આબરુ હો, શરીરાદિ હો, બધાથી વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય.. **'વૈરાગ્યકે બિના સબ શાસ્ત્રોંકો પઢતે હુએ ભી મુક્ત નહીં હોતે. યહ નિશ્ચય જાનના પરંતુ યહ કથન અપેક્ષાસે હૈ.'** હવે જરી ખુલાસો કરે છે. **'ઈસ બહાનેસે શાસ્ત્ર પઢનેકા અભ્યાસ નહીં છોડના,...'** આગમનો અભ્યાસ છે પોતાના હિત માટે. સમજાણું કાંઈ? દેખાવ કરવા માટે, દુનિયાને પસંદ કરવા માટે મને આવડે છે એમ બતાવવા માટે નહિ. એને માટે અભ્યાસ કરવો નહિ. **'ઈસ બહાનેસે શાસ્ત્ર પઢનેકા અભ્યાસ નહીં છોડના,...'**

**'ઔર જો વિશેષ શાસ્ત્રકે પાઠી હૈં, ઉનકો દૂષણ ન દેના.'** સમ્યક્જ્ઞાન સહિત, આત્મજ્ઞાન સહિત શાસ્ત્રના પાઠી વિશેષ છે... સમજાણું કાંઈ? આત્મજ્ઞાન સહિત શાસ્ત્રપાઠી છે એને દૂષણ ન દેવું. આહાહા..! **'જો શાસ્ત્રકે અક્ષર બતા રહે હૈં, ઔર આત્મામેં ચિત્ત નહીં લગાયા...'** અહીંયા તો આ વાત છે. આહાહા..! આ શાસ્ત્રમાં આમ કહ્યું છે, આ શાસ્ત્રમાં આમ કહ્યું છે. બધું છે. આહાહા..! પણ **'આત્મામેં ચિત્ત નહીં લગાયા...'** અંતર ચૈતન્યસિંધુ. આહાહા..! ભવસિંધુને પાર કરનારો ભગવાન. એ ચૈતન્યસિંધુના જ્ઞાન સહિત એમાં ચિત્ત લગાવ્યું નહિ અને એકલા શાસ્ત્ર ભણ્યો. **'શાસ્ત્રકે અક્ષર બતા રહે હૈં,...'** જુઓ, આ રહ્યું શાસ્ત્રમાં, આ ઠેકાણે કહ્યું છે. એમાં શું છે પણ. આહાહા..! પરમાત્મપ્રકાશ કર્યું છે ને! હેં!

ભાઈ કેવા? શિવભૂતિ. તુષ-માષ પણ આવડતા નહોતા. ... એ શબ્દ યાદ નહોતા. ગુરુ કહે કે મા રુષ, મા તુષ. વૈરાગ્ય.. વૈરાગ્ય. આહાહા..! સમ્યક્જ્ઞાન સહિતની વાત છે. મા રુષ. પ્રતિકૂળતામાં દ્વેષ ન કર, અનુકૂળતામાં રાગ ન કર. રાગ-દ્વેષ ન કરવો, વૈરાગ્ય કરવો. આહાહા..! આટલા શબ્દો પણ યાદ નહોતા, પણ આત્મજ્ઞાન હતું. પરથી ઉદાસ હતા, વૈરાગ્ય હતો. એક ક્ષણમાં... અડદ.. અડદ. અડદ અને તુષ એક બાઈ જુદા પાડતી હતી. અડદ અને તુષ-ફોતરા. એક બાઈ (જુદા કરતી હતી). એક બાઈ કહે, બહેન! શું કરો છો? આ તુષ-માષ ભિન્ન કરું છું. ફોતરા અને... ફોતરાને શું કહે છે? છિલકા અને (દાળ). આટલું સાંભળીને.. ઓહો..! ભાન તો હતું. હેં! આહાહા..! એકદમ રાગથી ખસીને અંદર ઘુસી ગયા.

મુમુક્ષુ :— નિમિત્તનો ઘણો પ્રભાવ!

ઉત્તર :— કર્યું તો નિમિત્ત કહ્યું ને, નહિતર ન કર્યું હોય તો નિમિત્ત કોને? આમ તો બધા જુએ છે. હેં! અડદની દાળ અને ફોતરા ભિન્ન કરતા તો ઘણા જોવે છે.

મુમુક્ષુ :— જ્યાં સુધી એ નહોતું ત્યાં સુધી ક્યાં થયું?

ઉત્તર :— પોતાથી થયું ત્યારે એને નિમિત્ત કહેવામાં આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? નિમિત્તે કાંઈ કર્યું નથી, નહિતર નિમિત્ત કહેવાય નહિ. આહાહા..! કર્યું તો પોતાથી કર્યું છે, નિમિત્ત નથી? નિમિત્ત છે, માનીએ છીએ, નિમિત્તથી થયું નથી, કર્તા નથી. મોટો ઝઘડો છે ને.

મુમુક્ષુ :— દાખલો ગુજરાતીમાં કહો.

ઉત્તર :— ગુજરાતીમાં કીધો ને.

મુમુક્ષુ :— હિન્દીમાં કીધોને એટલે ગુજરાતીમાં કહો.

ઉત્તર :— અડદની દાળ ધોળી હોય ત્યારે કરે છે ને, ફોતરું કાઢીને, પલાળીને. એમ જે મુનિ હતા આત્મજ્ઞાની, આમ જ્યાં જોવે છે... બા! શું કરો છો? તુષ-ફોતરા-છિલકા અને અડદની દાળ ભિન્ન કરું છું. આમ સાંભળીને એકદમ અંદરમાં રાગના ફોતરા છે, મારી વસ્તુ અંદર આનંદકંદ છે. ધોળો સફેદ. શુદ્ધ, ધોળો નામ શુદ્ધ. અને આનંદ, મીઠો ગોળો આનંદ છે એમાં ઘુસી ગયા, કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. આહાહા..! અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન! શિવભૂતિ (મુનિ). આહાહા..!

મુમુક્ષુ :— આવી વાત તમારા વિના કોણ સંભળાવે.

ઉત્તર :— આહાહા..! જે કરવાનું હતું એ કર્યું. અંતર દૃષ્ટિ અને લીનતા કરવાની હતી. ભલે શાસ્ત્રનું જ્ઞાન ઓછું હોય એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! આત્મજ્ઞાન વિના તો શાસ્ત્રનું અભિમાન પણ થઈ જાય. સમજાણું કાંઈ? મને આવડે છે, એને આવું બોલતા નથી આવડતું, સમજાવતા નથી આવડતું. આહાહા..!

**'જો વિશેષ શાસ્ત્રકે પાઠી હૈં, ઉનકો દૂષણ ન દેના. જો શાસ્ત્રકે અક્ષર બતા રહા હૈ ઔર આત્મામેં ચિત્ત નહીં લગાયા વહ ઐસે જાનના કિ જૈસે કિસીને કણ રહિત બહુત ભૂસેકા ઢેર કર લિયા હો,...'** ફોતરા ફોતરાના ઢગલા. કણ ન મળે, દાણો નહિ, દાણો નહિ, એકલા ફોતરા—છિલકા. **'કિસીને કણ રહિત બહુત ભૂસેકા ઢેર કર લિયા હો,...'** આહાહા..! **'વહ કિસી કામકા નહીં હૈ. ઈત્યાદિ પીઠિકામાત્ર સુનકર જો વિશેષ શાસ્ત્રજ્ઞ હૈં, ઉનકી નિંદા નહીં કરની,...'** આત્મજ્ઞાન સહિત જેનું શાસ્ત્રજ્ઞાન ઘણું છે એની નિંદા ન કરવી. સમજાણું કાંઈ? છે? **'વિશેષ શાસ્ત્રજ્ઞ હૈં, ઉનકી નિંદા નહીં કરની, ઔર જો બહુશ્રુત હૈં, ઉનકો ભી અલ્પ શાસ્ત્રજ્ઞોંકી નિંદા નહીં કરની ચાહિયે.'** સમ્યક્જ્ઞાની છે, અનુભવી છે, શાસ્ત્રજ્ઞાન થોડું હોય. આહાહા..! સમજાણું કાંઈ? 'અલ્પ

**શાસ્ત્રજ્ઞોંકી નિંદા નહીં કરની ચાહિયે.'** સમજાવતા પણ આવડતું નથી તમને, બોલતા પણ આવડતું નથી અને થઈ ગયા જ્ઞાની. એમ કરીને નિંદા કરે. અરે..! સાંભળને બાપા! શાંતિભાઈ!

**'ક્યોંકિ પરકે દોષ ગ્રહણ કરનેસે રાગ-દ્વેષકી ઉત્પત્તિ હોતી હૈ,... '** આહાહા..! **'ઉસસે જ્ઞાન ઔર તપકા નાશ હોતા હૈ,...'** તેનાથી તો સમ્યક્‌જ્ઞાન અને ઈચ્છાનિરોધ રૂપી શાંતિનો નાશ થાય છે. આહાહા..! આગળ ૮૫. એક એક વાતની સંભાળ લીધી છે. પહેલા શાસ્ત્રજ્ઞાનને આત્મજ્ઞાન વિના નિરર્થક ઠરાવ્યું. જાત્રા કરવા નીકળ્યા મોટા પાંચ-પાંચ લાખ ખર્ચીને, દસ-દસ લાખ ખર્ચીને મોટા જાત્રાઓ (કાઢી). સમેદશિખર ને ગિરનાર ને.. આહાહા..!

## ગાથા-૮૫

अथ वीतरागस्वसंवेदनज्ञानरहितानां तीर्थभ्रमणेन मोक्षो न भवतीति कथयति—

२१२) तित्थइँ तित्थु भमंताहँ मूढहँ मोक्खु ण होइ।
णाण-विवज्जिउ जेण जिय मुणिवरु होइ ण सोइ।।८५।।
तीर्थ तीर्थ भ्रमतां मूढानां मोक्षो न भवति।
ज्ञानविवर्जितो येन जीव मुनिवरो भवति न स एव।।८५।।

तीर्थं तीर्थं प्रति भ्रमतां मूढात्मनां मोक्षो न भवति। कस्मादिति चेत्। भानविवर्जितो येन कारणेन हे जीव मुनिवरो न भवति स एवेति। तथाहि। निर्दोषिपरमात्मभावनोत्पन्न-वीतरागपरमाह्लादस्यन्दिसुन्दरानन्दरूपनिर्मलनीरपूरप्रवाहनिर्झरज्ञानदर्शनादि-गुणसमूह-चन्दादिद्रुमवनराजितंदेवेन्द्रचक्रव्रतिगणधरादिभव्यजीवतीर्थयात्रिकसमूहश्रवणसुखकर-दिव्यध्वनिरूपराजहंसप्रभृतिविविधपक्षिकोलाहलमनोहरं यदर्हद्वीतरागसर्वज्ञस्वरूपं तदेव निश्चयेन गङ्गातीर्थं न लोकव्यवहारप्रसिद्धं गङ्गादिकम्। परमनिश्चयेन तु जिनेश्वरपरमतीर्थसद्दशं संसारतरणोपायकारणभूतत्वाद्वीतरागनिर्विकल्पपरमसमाधिरतानां निजशुद्धात्मतत्त्वस्मरणमेव तीर्थ, व्यवहारेण तु तीर्थंकरपरमदेवादिगुणस्मरणहेतुभूतं मुख्यवृत्त्या पुण्यबन्धकारणं तन्निर्वाण-स्थानकादिकं च तीर्थमिति। अयमत्र भावार्थः। पूर्वोक्तं निश्चयतीर्थ श्रद्धानपरिज्ञानानुष्ठान-रहितानामज्ञानिनां शेषतीर्थं मुक्तिकारणं न भवतीति।।८५।।

आगे वीतरागस्वसंवेदनज्ञानसे रहित जीवोंको तीर्थ-भ्रमण करनेसे भी मोक्ष नहीं है, ऐसा कहते हैं—

## गाथा-८५

अन्वयार्थ :— [तीर्थं तीर्थं] तीर्थ तीर्थ प्रति [भ्रमतां] भ्रमण करनेवाले [मूढानां]

मूर्खोंको [मोक्षः] मुक्ति [न भवति] नहीं होती, [जीव] हे जीव, [येन] क्योंकि जो [ज्ञानविवर्जितः] ज्ञानरहित हैं, [स एव] वह [मुनिवरः न भवति] मुनीश्वर नहीं है, संसारी हैं। मुनिश्वर तो वे ही हैं, जो समस्त विकल्पजालोंसे रहित होके अपने स्वरूपमें रमें, वे ही मोक्ष पाते हैं।

भावार्थ :— निर्दोष परमात्माकी भावनासे उत्पन्न हुआ जो वीतराग परम आनंदरूप निर्मल जल उसके धारण करनेवाले और ज्ञान-दर्शनादि गुणोंके समूहरूपी चंदनादि वृक्षोंके वनोंसे शोभित तथा देवेन्द्र चक्रवर्ती गणधरादि भव्यजीवरूपी तीर्थ-यात्रियोंके कानोंको सुखकारी ऐसी दिव्यध्वनिसे शोभायमान और अनेक मुनिजनरूपी राजहंसोंको आदि लेकर नाना तरहके पक्षियोंके शब्दोंसे महामनोहर जो अरंहत वीतराग सर्वज्ञ वे ही निश्चयसे महातीर्थ हैं, उनके समान अन्य तीर्थ नहीं हैं। वे ही संसारके तरनेके कारण परमतीर्थ हैं। जो परम समाधि में लीन महामुनि हैं, उनके वे ही तीर्थ हैं, निश्चयसे निज शुद्धात्मतत्त्वके ध्यानके समान दूसरा कोई तीर्थ नहीं है, और व्यवहारनयसे तीर्थंकर परमदेवादिके गुणस्मरणके कारण मुख्यतासे शुभ बंधके कारण ऐसे जो कैलास, सम्मेदशिखर आदि निर्वाणस्थान हैं, वे भी व्यवहारमात्र तीर्थ कहे हैं। जो तीर्थ-तीर्थ प्रतिभ्रमण करे, और निज तीर्थका जिसके श्रद्धान परिज्ञान आचरण नहीं हो, वह अज्ञानी है। उसके तीर्थ भ्रमनेसे मोक्ष नहीं हो सकता।।८५।।

---

હવે, વીતરાગ સંવેદનરૂપ જ્ઞાનથી રહિત જીવોને તીર્થભ્રમણ કરવાથી પણ મોક્ષ થતો નથી, એમ કહે છે :—

ભાવાર્થ :— નિર્દોષ પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમ આહ્‌લાદ ઝરતા સુંદર આનંદરૂપ નિર્મળ જળના પૂરના પ્રવાહના ઝરણાથી અને જ્ઞાનદર્શનાદિ ગુણના સમૂહરૂપ ચંદનાદિ વૃક્ષોના વનથી શોભિત, દેવેન્દ્ર, ચક્રવર્તી, ગણધરાદિ ભવ્ય જીવરૂપી તીર્થયાત્રાળુઓના કર્ણને સુખકારી એવા દિવ્યધ્વનિરૂપ રાજહંસાદિ વિવિધ પક્ષીઓના કોલાહલથી મનોહર એવું જે અર્હંત વીતરાગ સર્વજ્ઞનું સ્વરૂપ તે જ નિશ્ચયથી (ખરેખર) ગંગાદિ તીર્થ છે, પણ લોકવ્યવહારમાં પ્રસિદ્ધ એવા ગંગાદિ, તે તીર્થ નથી.

પરમ નિશ્ચયનયથી તો વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિમાં રત મુનિઓને, સંસાર તરવાના ઉપાયમાં કારણભૂત હોવાથી જિનેશ્વરરૂપ પરમતીર્થના જેવું નિજશુદ્ધાત્મતત્ત્વનું સ્મરણ જ તીર્થ છે અને વ્યવહારનયથી તીર્થંકર પરમદેવાદિના ગુણસ્મરણના કારણભૂત અને મુખ્યપણે પુણ્યબંધના કારણરૂપ તે નિર્વાણસ્થાન આદિ તીર્થ છે.

અહીં, એ ભાવાર્થ છે કે પૂર્વોક્ત નિશ્ચયતીર્થના શ્રદ્ધાન, પરિજ્ઞાન અને અનુષ્ઠાનથી રહિત અજ્ઞાનીઓને અન્ય તીર્થ મુક્તિનું કારણ થતું નથી. ૮૫.

## ગાથા-૮૫ ઉપર પ્રવચન

'આગે વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે રહિત...' આહાહા..! જેને આત્મજ્ઞાન નથી, રાગરહિત ભગવાનનું—આત્માનું જ્ઞાન નથી, એ તીર્થમાં ભ્રમણ કરતાં કરતાં એ મૂઢ કંઈ આત્મજ્ઞાન નહિ પામે. એ તો શુભભાવ છે. એનાથી આત્મજ્ઞાન થશે, સમ્યફ્જ્ઞાન થશે એમ નથી. આહાહા..! છે? 'તીર્થ-ભ્રમણ કરનેસે ભી મોક્ષ નહીં હૈ, ઐસા કહતે હૈં—-' ઓહોહો..! નાડી પકડી છે ને બધાની. ૮૫.

૨૧૨) तित्थइँ तित्थु  भमंताहँ मूढहँ मोक्खु ण होइ।
णाण-विवज्जिउ जेण जिय मुणिवरु होइ ण सोइ॥८५॥

આહાહા..! અન્વયાર્થ :— 'તીર્થ તીર્થ પ્રતિ ભ્રમણ કરનેવાલા...' સમેદશિખર ને ગિરનાર ને જાત્રા નીકળે ફલાણાની, ઓહો..! જાણે શું હશે એમાં ધર્મ ત્યાં. પોતાના આત્મજ્ઞાન વિના એ તીર્થ-ભ્રમણ કરવાથી પણ કોઈ મોક્ષ થતો નથી, ધર્મ થતો નથી. કહો. 'ભ્રમણ કરનેવાલે મૂર્ખોંકો મુક્તિ નહીં હોતી,...' આહાહા..! બિચારા આવી જાત્રા કરે... પણ કહે છે, જ્યાં આત્મજ્ઞાન નથી, સ્વનું જ્ઞાન નથી, પોતાનું જ્ઞાન નથી... આહાહા..! એ મૂઢને તીર્થનું ભ્રમણ કરવાથી ધર્મ નથી થતો, મુક્તિ નથી થતી. આહાહા..! આ બધો લોપ કરે છે પરમાત્મપ્રકાશ. વ્યવહારનો તો લોપ કરે છે. આહાહા..!

'ક્યોંકિ જો જ્ઞાનરહિત હૈં,...' કોના જ્ઞાનરહિત? પોતાના. સ્વસંવેદન પોતાનું જ્ઞાન. એ પોતાના સ્વસંવેદનથી રહિત છે. આહાહા..! 'વહ મુનિશ્વર નહીં હૈ, સંસારી હૈ.' આહાહા..! એ 'मुनिवरः न भवति'. આવું તો કહે છે, ભાઈ! જેને રાગ રહિત પોતાનું ચૈતન્ય સ્વરૂપનું જ્ઞાન નથી એ મુનિ નથી. ભલે તીર્થયાત્રા કરે ને ચારે કોર અહીંથી અહીં જાવું ને અહીંથી અહીં જાવું, ગિરનાર જાવું છે, સમેદશિખર જાવું છે. એ જાણે... ઓહોહો..! આત્માના રાગ રહિત ભિન્ન ચૈતન્યના જ્ઞાન વિના એ બધા તીર્થ-ભ્રમણ મૂઢને શું લાભ કરશે? કહે છે. જેને આત્મજ્ઞાન નથી એ મૂઢોને તીર્થનું પરિભ્રમણ શું કરશે? આહાહા..! ભગવાનઆત્મા, જેમાં વર નથી મુખ્ય અને પછી જાન જોડી દીધી, જાન—બારાત. વર નથી ને જાન જોડી દીધી. પોતે આત્મા શું છે એની ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! દુનિયાથી માર્ગ જુદો છે. આહાહા..! 'મુનિશ્વર નહીં હૈ,...' છે? 'मुनिवरः न भवति'. આહાહા..! એ તો સંસારી છે. આહાહા..! અરે..! પણ આત્મજ્ઞાન નથી ત્યાં એ સંસારી એકલો? બાયડી, છોકરા, કુટુંબ, દુકાન, ધંધા છોડ્યા હોય, છોડીને બેસે જંગલમાં રહે. તો કહે છે કે જ્યાં આત્મજ્ઞાન વસ્તુ સ્વરૂપ નથી ત્યાં એ સંસારી છે. આહા..!

'મુનિશ્વર તો વે હી હૈં,...' આહાહા..! મુનિ તો એને કહીએ, મુનિશ્વર આહાહા..! 'સમસ્ત વિકલ્પજાલોંસે રહિત હોકે...' આહાહા..! વ્યવહારના વિકલ્પથી રહિત થઈને આહાહા..! 'અપને સ્વરૂપમેં રમેં,...' પોતાનું સ્વરૂપ આનંદકંદ પ્રભુ એમાં જે રમે. આતમરામ. 'નિજપદ

રમે સો રામ કહીએ'. આહાહા..! પોતાનું શુદ્ધ (સ્વરૂપ). વાત આખી દુનિયાથી જુદી છે, ધીરૂભાઈ! ક્યાંય મળે એવું નથી અત્યારે તો. એ તો ભાઈને ખબર છે ને. એ વાત સાંભળવા મળે એવું નથી. આહા..! એવી વાત બાપુ આ તો. ઓહોહો..! સંતોએ પણ... યોગીન્દ્રદેવ છે આ શાસ્ત્રના કર્તા. ૧૩૦૦ વર્ષ પહેલા.

કહે છે કે, જેને આત્મજ્ઞાન નથી, સમ્યગ્દર્શન નથી, નિશ્ચય સમ્યગ્દર્શન. ભાઈએ લખ્યું છે ને હમણાં, કૈલાસચંદ્રજીએ નહિ? અત્યારે કોઈ આવી પ્રરૂપણા કરે છે કે નિશ્ચય સમ્યગ્દર્શન વિના વ્રત, તપ નિરર્થક છે, એવું ક્યાંય ચાલે છે? કૈલાસચંદ્રજીએ લખ્યું છે. હવે જરી થોડું ઠીક છે. આહા..! આ તો વ્રત કરો ને અપવાસ કરો ને તપ કરો, સંયમ લ્યો આ બહારનો અજ્ઞાનનો. આહાહા..! નિશ્ચય આત્મજ્ઞાન વિના, નિશ્ચય સમ્યગ્દર્શન વિના એ બધા વ્રત, તપ બધા નિરર્થક ફોગટ છે. આત્માને કાંઈ લાભ કરનારા નથી. આહાહા..! અહીં તો એ માને કે આ વ્રત ને તપ અમે કરીએ એનાથી સમ્યગ્દર્શન પમાશે. નિશ્ચયનું સાધન છે. આહાહા..! આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે.

'**સમસ્ત વિકલ્પજાલોંસે રહિત...**' આહાહા..! મુનિપણું તો એને કહીએ ને. શાસ્ત્રમાં અલિંગગ્રહણમાં એમ ચાલ્યું છે કે યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે. પંચમહાવ્રતના પરિણામ આદિ જે છે એનો જેમાં અભાવ છે એને આત્મા કહે છે. અલિંગગ્રહણ છે. સમજાણું કાંઈ? સત્તરમો બોલ, સત્તર સત્તર. વીસ બોલ છે ને. જેમાં યતિના બાહ્યાચાર પંચમહાવ્રત વિકલ્પ, તપાદિનો વિકલ્પ રાગ એ મુનિપણાનો વ્યવહાર આત્મામાં નથી. આહાહા..! આત્મા તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છે પ્રભુ, તો એમાં વિકલ્પ ક્યાં છે? આહાહા..! એને અહીંયા મુનિ કહે છે. સમસ્ત વિકલ્પથી રહિત થઈને અંદર રમે. આહાહા..! સ્વરૂપ આનંદનો નાથ ભગવાન, એમાં રમે તે મુનિ. આહાહા..! પંચમહાવ્રત પાળે ઈ મુનિ એમ અહીંયા નથી કહ્યું. હેં! નગ્ન થઈ જાય. લ્યો, નગ્નપણું મોક્ષનો માર્ગ છે. નગ્નપણું મોક્ષનો માર્ગ છે? નગ્નપણું તો અનંતવાર લીધું. આહા..! નિજ સ્વરૂપમાં રમે એ મોક્ષનો માર્ગ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર એ નિજ સ્વરૂપમાં રમણતા છે. આહાહા..!

'**સમસ્ત વિકલ્પજાલોંસે રહિત હોકે અપને સ્વરૂપમેં રમેં, વે હી મોક્ષ પાતે હૈં.** ' આહાહા..! અહીં તો સ્વઆશ્રય વિના ધર્મ થતો નથી અને સ્વઆશ્રય વિના મુક્તિ થતી નથી. પરાશ્રય લાખ, કરોડ હોય ગમે તે જાત્રા ને વ્રત ને તપ ને શાસ્ત્રના જ્ઞાન એ કોઈ મોક્ષનું કારણ નથી. આહાહા...! વ્યવહારરત્નત્રય છે એ પણ રાગ છે, એ મોક્ષનું કારણ નહિ. અહીં તો એ કહ્યું ને? વિકલ્પથી રહિત થઈને. આહાહા..! અતીન્દ્રિય આનંદનો ઘન પ્રભુ, એમાં રમતા રમે, ચિત્ત લગાવીને સ્થિર થઈ જાય.. આહાહા..! એનું નામ મુનિપણું છે. એમ કહ્યું? '**સ્વરૂપમેં રમેં, વે હી મોક્ષ પાતે હૈં.**' મુનિવર. આહાહા..! '**વિકલ્પજાલોંસે રહિત હોકે અપને સ્વરૂપમેં રમેં, વે હી મોક્ષ પાતે હૈં.**' વ્યવહારમાં છે ને વ્યવહાર મોક્ષનું કારણ છે એમ નથી. એ તો આરોપથી કથન કર્યું છે. આહાહા..! નિશ્ચય નિજ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થાય ત્યાં આગળ એવો વિકલ્પ હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત આદિ, વ્યવહારે મોક્ષના માર્ગનો આરોપ કર્યો છે. છે

બંધનું કારણ. આહાહા..! આ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી.

ભાવાર્થ :— **'निर्दोष परमात्माकी भावनासे उत्पन्न हुआ...'** પરમાત્મા પરમ સ્વરૂપ ભગવાન આનંદ પરમ સ્વભાવભાવ, જ્ઞાયકભાવ, પરમ જ્ઞાયકસ્વભાવ પારિણામિકભાવ. આહાહા..! જ્ઞાયક અને પારિણામિકભાવ શું છે? પારિણામિકભાવનો અર્થ સહજ સ્વરૂપ ત્રિકાળ અસ્તિત્વ પોતાનું પૂર્ણ. એ નિર્દોષ પરમાત્મા પોતાની ચીજ, એની ભાવના—એમાં એકાગ્રતા. એનાથી **'उत्पन्न हुआ जो वीतराग परम आनंदरूप...'** વીતરાગ પરમ આનંદરૂપ **'निर्मल जल...'** બે શબ્દ પડ્યા રહ્યા. **'निर्मलनीरपूरप्रवाह'** એ શબ્દ છે. પૂર પ્રવાહ શબ્દ છે. પૂર પ્રવાહ શબ્દ પડ્યો રહ્યો. વીતરાગ પરમ આનંદરૂપ નિર્મળ જળ એના પૂરનો પ્રવાહ. આહાહા..! ઓહોહો.. ભાષા!

નિર્દોષ પરમાત્મા પોતાનું ત્રિકાળી સ્વરૂપ, એની ભાવનાથી ઉત્પન્ન થયેલું. વ્યવહારથી ઉત્પન્ન થયેલું એમ નથી કહ્યું અહીંયા. આહાહા..! ભગવાનઆત્મા... આહાહા..! નિજપરમાત્મા, નિર્દોષ પરમાત્મા. આહાહા..! જુઓ! આત્મા આવો છે. એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલું વીતરાગ પરમાનંદરૂપ, વીતરાગી પરમાનંદરૂપ નિર્મળ જળ, પ્રગટ હોં! જળ પૂર પ્રવાહ **'उसके धारण करनेवाले...'** આહાહા..! આનંદજળના પ્રવાહના પૂરને ધારણ કરવાવાળા. આહાહા..! શું ભાષા! **'और ज्ञान-दर्शनादि गुणोंके समूहरूपी चंदनादि वृक्षोंके वनोंसे शोभित... '** આહાહા..! દિવ્યધ્વનિની બાહ્ય તીર્થની વાત કરી. ભગવાન આહાહા..! **'ज्ञान-दर्शनादि गुणोंके समूहरूपी चंदनादि वृक्षोंके वनोंसे शोभित...'** વનોંસે. જ્ઞાન-દર્શનાદિ ગુણરૂપી સમૂહ એ ચંદનવૃક્ષ. એમ. એના વનથી શોભિત ભગવાન અરિહંતદેવ એ તીર્થ છે. બધા તીર્થમાં અરિહંતદેવ વ્યવહારે તીર્થ છે એમ કહે છે. પરમાર્થે તીર્થ તો ભગવાનઆત્મા છે. પણ બાહ્યમાં સાક્ષાત્ અરિહંત એ બધા તીર્થમાં તીર્થ વ્યવહારે ઊંચા એ છે. ઓહોહો..!

વીતરાગ પરમાનંદરૂપ જળના પૂરનો પ્રવાહ, એના ધારણ કરવાવાળા અરિહંત ભગવાન, જ્ઞાન-દર્શન આદિ ગુણોના સમૂહરૂપી ચંદનવૃક્ષ. એમ. ચંદનવૃક્ષની ઉપમા આપી. **'वृक्षोंके वनोंसे शोभित तथा देवेन्द्र चक्रवर्ती गणधरादि भव्यजीवरूपी तीर्थ-यात्रियोंके कानोंको सुखकारी ऐसी दिव्यध्वनि...'** આહાહા..! દેવેન્દ્ર—દેવના ઈન્દ્રો, ચક્રવર્તી, મનુષ્યના ઈન્દ્રો—નરેન્દ્ર, ગણધર—સંતના નાયક મોટા, ગુણના ધરનારા એવા **'भव्यजीवरूपी तीर्थ-यात्रियोंके...'** એવા તીર્થયાત્રી. આવા તીર્થયાત્રી. આહા..! એમના **'कानोंको सुखकारी ऐसी दिव्यध्वनिसे शोभायमान...'** ભગવાન છે. દિવ્યધ્વનિથી શોભાયમાન. જે આવા દેવેન્દ્ર, ચક્રવર્તી આદિ તીર્થયાત્રીઓને સાંભળવામાં આવતી દિવ્યધ્વનિ. આહાહા..! **'कानोंको सुखकारी ऐसी दिव्यध्वनि...'** ભગવાનની વાણી એનાથી ભગવાન શોભાયમાન છે. આહાહા..! ૐ ધ્વનિ. 'ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે, ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે.' ભગવાનની ઓમ ધ્વનિ સાંભળીને ગણધર શાસ્ત્ર રચે એવી દિવ્યધ્વનિથી શોભાયમાન.. આહાહા..! ભગવાન.

**'और अनेक मुनिजनरूपी राजहंसोंको आदि लेकर नाना तरहके पक्षियोंके शब्दोंसे**

**મહામનોહર...**' મુનિજનરૂપી રાજહંસનો અવાજ. આહાહા..! '**આદિ લેકર નાના તરહકે પક્ષિયોંકે શબ્દોંસે મહામનોહર જો અરહંત વીતરાગ સર્વજ્ઞ...**' લ્યો, આહાહા..! અર્હત, અરહંત શબ્દ છે હોં! સંસ્કૃતમાં અરહંત છે. '**यदर्हद्वीतरागसर्वज्ञस्वरूपं**'. અહીં તો અરિહંત કહે છે ને. અર્હંત વીતરાગ સર્વજ્ઞ જ નિશ્ચયથી મહાતીર્થ દેવેન્દ્રો.. આહાહા..! ચક્રવર્તીઓ, ગણધરાદિ '**ભવ્યજીવરૂપી તીર્થ-યાત્રિયોંકે...**' એ ભગવાન તીર્થ છે. આહાહા..! એ હજી વ્યવહાર હોં! વ્યવહારતીર્થમાં ઊંચા તીર્થ એ છે, વ્યવહાર. આહાહા..! એની તો હાજરી નથી. પણ કહે છે, ઊંચું તીર્થ એ છે. આહાહા..! જ્યાં દેવેન્દ્ર, ચક્રવર્તી, સંતો યાત્રીઓ જે છે, એ યાત્રીના ટોળા છે, એને ઉપકારી ભગવાનની દિવ્યધ્વનિ (છે). આહાહા..! મુનિઓ પણ અંદર ચર્ચા કરતા હોય, શબ્દ અવાજ... આહાહા..!

'**અરહંત વીતરાગ સર્વજ્ઞ વે હી નિશ્ચયસે મહાતીર્થ હૈં, ઉનકે સમાન અન્ય તીર્થ નહીં હૈં.**' બાહ્યના તીર્થ પણ તીર્થંકર સિવાય બીજું તીર્થ ઊંચું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**વે હી સંસાર તરનેકે કારણ પરમતીર્થ હૈં.**' આહાહા..! '**જો પરમ સમાધિમેં લીન મહામુનિ હૈં, ઉનકે વે હી તીર્થ હૈં,...**' ખરેખર તીર્થ પોતે છે, પોતાનું સ્વરૂપ. '**નિશ્ચયનયસે નિજ શુદ્ધાત્મ...**' જુઓ! '**શુદ્ધાત્મતત્ત્વકે ધ્યાનકે સમાન દૂસરા કોઈ તીર્થ નહીં હૈ,...**' આહાહા..! ઓલું તો વ્યવહારતીર્થ કહ્યું. નિશ્ચયનયથી... ઓલું વ્યવહારતીર્થ, હોં! મહામુનિને પણ એ તીર્થ છે. નિશ્ચયથી '**નિજ શુદ્ધાત્મતત્ત્વકે ધ્યાનકે સમાન...**' નિજ શુદ્ધાત્મતત્ત્વના ધ્યાન સમાન આહાહા..! '**દૂસરા કોઈ તીર્થ નહીં હૈ,...**' ભગવાન અત્યારે નથી ને તમે આ વાત અત્યારે કરો છો. કોઈ ટીકા કરે છે. અરિહંત ભગવાન તો છે નહિ અત્યારે અને આવી મોટી મોટી વાત! સાંભળ તો ખરો. સાક્ષાત્ ભગવાન હોય એ મહાતીર્થ છે. આ તીર્થ પછી સાધારણ છે. વ્યવહારતીર્થમાં હોં! પુણ્યબંધના કારણમાં તીર્થ. આહાહા..! એ અરિહંત પણ તીર્થ છે અને બધા કારણમાં મહાતીર્થ છે. આહાહા..! જ્યાં દિવ્યધ્વનિ નીકળે.. આહાહા..! યાત્રીઓ... આહાહા..!

કુંદકુંદાચાર્ય પણ સદેહે યાત્રા કરવા ગયા હતા ને ભગવાનની. ભગવાનની યાત્રા કરવા ગયા હતા. આહાહા..! આઠ દિન રહ્યા હતા. સાક્ષાત્ સદેહે. અહીંયા બધા તીર્થો તો ઘણા હતા. ગિરનાર આદિ. સાક્ષાત્ તીર્થ એ છે તો ત્યાં ગયા હતા. વ્યવહાર હોં! આહાહા..! નિશ્ચયમાં તો ભગવાનઆત્મા જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનું પૂર. આહાહા..! અતીન્દ્રિય આનંદના જળના પ્રવાહનું પૂર, એમાં લીન થવું. આહાહા..! અરે..! વ્યવહારની તો ગણતરી પણ કરતા નથી. વ્યવહાર હોય છે એમ કહ્યું, હોય છે. પણ એનાથી નિશ્ચયતીર્થ થાય છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર હો, નિમિત્ત હો, છે, બે નયનો વિષય નથી? વ્યવહાર અને નિમિત્ત કાર્યકર નથી. આહાહા..! કાર્યકર નથી તો પછી વ્યવહાર શું કરવા? પણ વ્યવહાર આવે. જ્યાં સુધી વીતરાગતા ન થાય પૂર્ણ સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી વચ્ચે સ્વનો આશ્રય છે, અપૂર્ણ છે, પૂર્ણ આશ્રય વિના પરનો આશ્રયે રાગ થયા વિના રહે નહિ, પણ છે ઈ બંધનું કારણ. નિશ્ચય મોક્ષને મદદગાર છે એમ નથી. આહાહા..!

સમજાણું કાંઈ?

**'ઔર વ્યવહારનયસે તીર્થંકર પરમદેવાદિકે ગુણસ્મરણ કે કારણ મુખ્યતાસે શુભ બંધકે કારણ...'** આહાહા..! વ્યવહારથી તીર્થંકર પરમ દેવાધિદેવના ગુણસ્મરણનું કારણ. એમ કહે છે. શું કહે છે? આ તીર્થો છે એ તો તીર્થંકરાદિના ગુણસ્મરણનું કારણ છે. જ્યાંથી મોક્ષ પધાર્યા હોય છે. આહાહા..! .. ગુણસ્મરણ છે, શુભભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'પરમદેવાદિકે ગુણસ્મરણકે કારણ મુખ્યતાસે શુભ બંધકે કારણ ઐસે જો કૈલાસ, સમ્મેદશિખર... '** લ્યો. **'આદિ નિર્વાણસ્થાન હૈં,...'** એ નિર્વાણસ્થાન એ શુભભાવનું કારણ છે, ગુણનું સ્મરણ થાય. આહા..! એ ગુણસ્મરણ થાય એ શુભ વિકલ્પ છે રાગ. આહાહા..! તદ્ગુણ લબ્ધયે, આવે છે ને?

મુમુક્ષુ :— મોક્ષમાર્ગસ્ય નેત્તારં ભેત્તારં...

ઉત્તર :— તમારા ગુણની પ્રાપ્તિ માટે વંદુ છું. વંદન છે એ વિકલ્પ છે. પણ મારા ગુણના સ્મરણમાં એ આવે છે નિમિત્ત, એથી એમ કહેવામાં આવે છે કે તમારા ગુણની પ્રાપ્તિ માટે તમને વંદન કરું છું. એના ગુણ તો અહીં આત્મામાં છે. એની પ્રાપ્તિ માટે વંદનનો તો વિકલ્પ છે, એનાથી કાંઈ વંદન થતું નથી. ઘણા એમ કહે છે એના અર્થમાં, જુઓ! તદ્ગુણ લબ્ધયે—તેના ગુણની પ્રાપ્તિ માટે એને વંદન કરું છું.

મુમુક્ષુ :— શબ્દાર્થ તો એવો થાય છે.

ઉત્તર :— શબ્દાર્થ તો એવો થાય છે, પણ ભાવાર્થ સમવજો જોઈએ ને. એનું તાત્પર્ય સમજ્યા વિના એમ કે...

**'કૈલાસ, સમ્મેદશિખર આદિ નિર્વાણસ્થાન હૈં, વે ભી વ્યવહારમાત્ર તીર્થ કહે હૈં.'** વ્યવહારમાત્ર તીર્થ કહે હૈં. **'જો તીર્થ-તીર્થ પરિભ્રમણ કરે, ઔર નિજ તીર્થકા જિસકે શ્રદ્ધાન પરિજ્ઞાન આચરણ નહીં હો,...'** આહાહા..! આ તીર્થ કરવા નીકળે છે એ સાંભળવા પણ નવરા ન હોય. ગિરનારની જાત્રા ને અહીંથી અહીં... આહાહા..! સાચુ સાંભળવાનો ભાવ છે એ શુભ નથી? ઓલા કરતાં શુભ વિશેષ છે. આહાહા..! ઘણા .. જાતા હોય ને, અહીં જાય ને અહીં જાય.. દોડાદોડી, પા કલાક આવી જાય, અડધો કલાક જોઈ જાય અને ભાગે. હવે તો ઓલા તીર્થમાં નાખ્યું છેને, એમાં નાખ્યું છે આ, સોનગઢને પણ તીર્થમાં નાખ્યું છે. તીર્થનું છે ને? પુસ્તક બહાર પડવાનું છે. શાહૂજી તરફથી આવ્યું છે લખાણ. સોનગઢને તીર્થ સ્થાપ્યું છે. ત્યાં કોઈ અતિશય ક્ષેત્ર નથી. ન્યાં કોઈ નિર્વાણ ક્ષેત્ર નથી પણ ધર્માત્મા જ્ઞાની પાસે જવાનું કેન્દ્રસ્થાન છે એમ લખ્યું છે. સોનગઢ પણ એક તીર્થ છે. મોટું લખાણ આવ્યું છે. છાપવાના છે. આહાહા..! આ પણ વ્યવહારતીર્થ છે. આવી વાત છે.

મુમુક્ષુ :— સોનગઢ તીર્થાધિરાજ છે.

ઉત્તર :— શાહૂજીએ નાખ્યું છે, મૂળ તો ભગતરામે નાખ્યું લાગે છે. ભગતરામ છે ને? દિલ્હી.

એને પ્રેમ છે. ઈ ત્યાં આવ્યા હતા. કોટા, કોટા. કોટામાં આવ્યા હતા અને વ્યાખ્યાન સાંભળ્યા. એને પ્રેમ હતો. સાંભળીને કહે, ઓહો..! આવી વાત તો ક્યાંય છે નહિ. સામાજીકમાં છે. સામાજીકમાં બહુ ભાગ લ્યે છે ભગતરામ. સમાજ ભેગા થાય એમાં. તે દિ' એમ બોલ્યા હતા. કોટામાં વ્યાખ્યાન સાંભળ્યા. આહાહા..! ક્યાંય છે નહિ. વાત સાચી. બિચારાને રસ પડ્યો પણ સામાજીકમાં જ્યાં ત્યાં.

મુમુક્ષુ :— એક વાર વાત સાંભળે...

ઉત્તર :— એક વાર સાંભળે, બે-ચાર દિ', આઠ દિ' કે આ શું છે? આ તત્ત્વ શું છે? આહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... આહાહા..!

**'ઔર નિજ તીર્થકા જિસકે શ્રદ્ધાન પરિજ્ઞાન...'** ત્રણ લીધું છે. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન એ નિજતીર્થ છે. એનું જેને શ્રદ્ધાન નથી—સમિકત નથી, તેનું પરિજ્ઞાન. જુઓ, પરિજ્ઞાન. આહાહા..! છે પાઠમાં, 'श्रद्धानपरिज्ञानानुष्ठान'. એનું આત્મજ્ઞાન, **'આચરણ નહીં હો,...'** આત્મામાં રમવું એ આચરણ નથી. **'વહ અજ્ઞાની હૈ.'** આહાહા..! નિજ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ નથી ત્યાં આવા તીર્થમાં ભમે છતાં મૂઢ અને અજ્ઞાની છે. **'ઉસકે તીર્થ ભ્રમનેસે મોક્ષ નહીં હો સકતા.'** એવી તીર્થની ભ્રમણા કરે, લાખ કરોડ ઊડાવે. આહાહા..! નિજ તીર્થ વિના પરતીર્થથી કદી મુક્તિ નથી થતી. બહુ સરસ વાત. સ્વનો આશ્રય કરીને... આહાહા..! શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થાય એ મોક્ષનો માર્ગ છે. એ તીર્થ યથાર્થ છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૮૬

अथ ज्ञानिनां तथैवाज्ञानिनां च यतीनामन्तरं दर्शयति—

२१३) णाणिहिँ मूढहँ मुणिवरुहँ अंतरु होइ महंतु।
देहु वि मिल्लइ णाणियउ जीवहँ भिण्णु मुणंतु।।८६।।
ज्ञानिनां मूढानां मुनिवराणां अन्तरं भवति महत्।
देहमपि मुञ्चति ज्ञानी जीवाद्भिन्नं मन्यमानः।।८६।।

ज्ञानिनां मूढानां च मुनिवराणां अन्तरं विशेषो भवति। कथंभूतम्। महत्। कस्मादिति चेत्। देहमपि मुञ्चति। कोऽसौ। ज्ञानी। किं कुर्वन् सन्। जीवात्सकाशाद्भिन्नं मन्यमानो जानन् इति। तथा च। वीतरागस्वसंवेदनज्ञानी पुत्रकलत्रादिबहिर्दव्यं तावद्दूरे तिष्ठतु शुद्धबुद्धैकस्वभावात् स्वशुद्धात्मस्वरूपात्सकाशात् पृथग्भूतं जानन् स्वकीयदेहमपि त्यजति। मूढात्मा पुनः स्वीकारोति इति तात्पर्यम्।।८६।। एकमेकचत्वारिंशत्सूत्रप्रमितमहास्थलमध्ये पञ्चदशसूत्रैवीतरागस्वसंवेदनज्ञानमुख्यत्वेन द्वितीयमन्तरस्थलं समाप्तम्। तदनन्तर तत्रैव

महास्थलमध्ये सूत्राष्टकपर्यन्तं परिग्रहत्यागव्याख्यानमुख्यत्वेन तृतीयमन्तरस्थलं प्रारभ्यते।

---

आगे ज्ञानी और अज्ञानी यतियोंमें बहुत बड़ा भेद दिखलाते हैं—

गाथा-८६

अन्वयार्थ :— [ज्ञानिनां] सम्यग्दृष्टि भावलिंगी [मूढ़ानां] मिथ्यादृष्टि द्रव्यलिंगी [मुनिवराणां] मुनियोंमें [महत् अंतरं] बड़ाभारी भेद [भवति] है। [ज्ञानी] क्योंकि ज्ञानी मुनि तो [देहम् अपि] शरीरको भी [जीवाद्भिन्नं] जीव से जुदा [मन्यमानः] जानकर [मुचंति] छोड़ देते हैं, अर्थात् शरीरका भी ममत्व छोड़ देते हैं, तो फिर पुत्र, स्त्री आदिका क्या कहना है? ये तो प्रत्यक्षसे जुदे हैं, और द्रव्यलिंगीमुनि लिंग (भेष) में आत्म-बुद्धिको रखता है।

भावार्थ :— वीतरागस्वसंवेदनज्ञानी महामुनि मन-वचन-काय इन तीनोंसे अपनेको भिन्न जानता है, द्रव्यकर्म, भावकर्म, नोकर्मादिसे जिसको ममता नहीं है, पिता, माता, पुत्र, कलत्रादिकी तो बात अलग रहे जो अपने आत्म-स्वभावसे निज देहको ही जुदा जानता है। जिसके परवस्तुमें आत्मभाव नहीं है। और मूढ़ात्मा परभावोंको अपने जानता है। यही ज्ञानी और अज्ञानीमें अन्तर है। परको अपना मानें वह बँधता है, और न मानें वह मुक्त होता है। यह निश्चयसे जानना।।८६।। इसप्रकार इकतालीस दोहोंके महास्थलके मध्यमें पन्द्रह दोहोंमें वीतरागस्वसंवेदनज्ञानकी मुख्यतासे दूसरा अंतस्थल समाप्त हुआ।

---

હવે, જ્ઞાની અને અજ્ઞાની યતિઓનો તફાવત દર્શાવે છે :—

ભાવાર્થ :— વીતરાગ સ્વસંવેદનજ્ઞાની પુત્ર, કલત્રાદિ બહારના (દૂરના) પદાર્થથી તો દૂર જ (અલગ જ) રહે છે પણ શુદ્ધ, બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવા સ્વશુદ્ધાત્મસ્વરૂપથી પોતાના દેહને પૃથગ્ભૂત જાણીને પોતાના દેહને પણ ત્યજે છે અને મૂઢાત્મા (બહિરાત્મા) તે સર્વને પોતાના કરે છે. ૮૬.

એ પ્રમાણે એકતાલીસ સૂત્રોના મહાસ્થળમાં પંદર સૂત્રોથી વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાનની મુખ્યતાથી બીજું અન્તરસ્થળ સમાપ્ત થયું.

## વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૮, મંગળવાર
## તા. ૧૪-૧૨-૧૯૭૬, ગાથા-૮૬
## પ્રવચન નં. ૧૫૯

પરમાત્મપ્રકાશ છે. ૮૫ ગાથા થઈને? આજે કુંદકુંદાચાર્ય મહારાજનો દિવસ છે. આવ્યા નથી ઓલા? ઓલા હિન્દી હજી સુધી આવ્યા નથી. ગયા હતા ને? આવ્યા?

આજે કુંદકુંદાચાર્યનો આચાર્યપદારોહણ દિવસ છે. પોષ વદ-૮, સિદ્ધાંતની આગમની પોષ-વદ-૮ છે, લૌકિકમાં માગશર વદ-૮ છે. આજે આચાર્યપદ મળ્યું હતું. નાની ઉંમરમાં મળ્યું હતું. અંદર લખાણ હશે ક્યાંક. પછી આચાર્યપદ જિનચંદ્ર એમના ગુરુ હતા, એમની પાસે એમણે દીક્ષા લીધી અને આત્મ-વૈભવ પ્રગટ કર્યો. એ પાંચમી ગાથામાં આવે છે ને? પાંચમી ગાથા, સમયસાર. મને નિજવૈભવ કઈ રીતે મળ્યો? આત્મવૈભવ હોં! આ ધૂળ-વૈભવ નહિ. આ પૈસા ને રાજપાટ એ તો ધૂળનો વૈભવ છે. પોતાનો નિજ વૈભવ.. એમાં પાંચમી ગાથામાં તો એમ લખ્યું છે કે મહાવીરસ્વામી ભગવાન ત્રિલોકનાથ નિર્મળ વિજ્ઞાનઘનમાં લીન હતા. નીકળ્યું? નથી દેખાણું. બીજું છે એમાં છે. આમાં પૂરું નથી, બીજું છે, પુસ્તક હશે. આ પુસ્તક બરાબર નથી. સાધારણ વાત છે બધી. બીજું પુસ્તક છે.

મુમુક્ષુ :— જિનચંદ્ર.

ઉત્તર :— જિનચંદ્ર એમના ગુરુ (હતા). એ એમ લખે છે કે અમારો આત્મવૈભવ કઈ રીતે પ્રગટ થયો? કે નિર્મળ વિજ્ઞાનઘન જે ભગવાન મહાવીર એમાં નિમગ્ન હતા. પાંચમી ગાથામાં છે. અને પછી ગણધર પણ પોતાના નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. દરેકના શબ્દ એક વાક્ય છે. અને અમારા ગુરુપર્યંત, મુનિ અમારા ગુરુ નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. આ વ્યાખ્યા કરી. પંચમહાવ્રત પાળતા હતા, નગ્ન હતા એ વાત નથી લીધી. એ તો બાહ્ય ચીજ છે. આહાહા..!

પોતાનું સ્વરૂપ જે આત્મા નિર્મળ વિજ્ઞાનઘન છે. આહાહા..! એમાં વિકલ્પનો પ્રવેશ નથી. સંસારના વિકલ્પ જે છે એનો પ્રવેશ નથી. એવી ચીજમાં અમારા ગુરુ પર્યંત, ભગવાનથી માંડીને અહીં સુધી, આહાહા..! બધાને એકમાં નાખ્યા છે. કેવળી, મુનિ બધાને એકમાં નાખ્યા છે. કેવળી પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે અને પછી ગણધરથી માંડી અમારા ગુરુપર્યંત નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મસ્વભાવમાં મગ્ન તો સમકિતી પણ છે પણ આ તો નિમગ્ન (હતા). આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ પણ સમ્યગ્દર્શનમાં પોતાના નિર્મળ વિજ્ઞાનઘનની રુચિમાં મગ્ન છે. રાગમાં મગ્ન નથી. આહાહા..! અને મુનિ જે છે.. આહાહા..! મુનિ કોને કહીએ, એ તો નિર્મળ વિજ્ઞાનઘન ચૈતન્યપ્રભુ, અનંત ચૈતન્યપ્રકાશનું પૂર, નુર—તેજ એવા નિર્મળ વિજ્ઞાનઘનમાં મગ્ન નહિ પણ

નિમગ્ન હતા. આહાહા..! સમજાણું કાંઈ? એ ગુરુએ આવો ઉપદેશ અમને મહેરબાની કરીને આપ્યો. શુદ્ધાત્માનો ઉપદેશ એવો પાઠ છે. આહા..! બીજી વાત કરી જ નહિ? અમને અમારા ગુરુએ, ઠેઠ ભગવાન મહાવીરથી માંડી અમને આ ઉપદેશ આપ્યો, શુદ્ધાત્મા. એનાથી અમારો નિજ વૈભવ, આનંદનું વેદન અને આનંદનો અનુભવ એ જ અમારો વૈભવ છે. આહાહા..!

એ વૈભવની છાપ શું? પોસ્ટમાં છાપ મારે છે કે નહિ? તો કહે છે કે અમારા નિજ વૈભવમાં આનંદની મહોરછાપ છે. એમાં છે, પાંચમી ગાથા. આહાહા..! પોતાનું સ્વરૂપ આનંદઘન અને નિર્મળ વિજ્ઞાનઘન, એનો અનુભવ, એની મહોરછાપ શું? ટ્રેડ માર્ક શું? આહા..! અતીન્દ્રિય આનંદ ઝરે છે. અમારી પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવે છે એ એની મહોરછાપ—ટ્રેડમાર્ક છે. આહાહા..! આમ આચાર્ય જુઓ તો વાતે વાતે ફેર છે. નિર્મળ વિજ્ઞાનઘન ભગવાનથી માંડીને પોતાના ગુરુપર્યંત લીધા. પંચમહાવ્રત પાળતા હતા, નગ્ન રહેતા હતા એ વાત નથી કરી. એ તો બાહ્ય ચીજ છે, એ કંઈ મુનિપણું નથી. એમ આચાર્ય એના ગુરુએ આજે આચાર્યપદ આપ્યું. સમજાણું કાંઈ? એમની લાયકાત જોઈને, આજ પોષ વદ-૮ (છે). એ આચાર્યપદ કુદરતે એવી લાયકાતથી મળે છે, પરાણે આપે એવી ચીજ નથી. આહાહા..! એથી ત્રણ પદમાં આવ્યું ને? મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે કુંદકુંદાચાર્ય આવ્યા. વચ્ચે સાધુ-બાધુ બધા છોડી દીધા. એમનો અનાદર નથી, હોં! મંગલં ભગવાન વીરો, મંગલ ગૌતમો ગણી. સનાતન દિગંબર ધર્મમાં, જૈન ધર્મમાં ત્રીજે નંબરે કુંદકુંદાચાર્ય આવ્યા. સમજાણું કાંઈ? એ કુંદકુંદાચાર્યનો આજે આચાર્યપદારોહણ દિવસ છે. પોષ વદ—૮. પછી તો ઘણી ચર્ચા ચાલી છે. ગિરનારમાં ભગવાન કુંદકુંદાચાર્ય ગયા હતા. ત્યાં શ્વેતાંબર સંઘ પણ આવ્યો હતો. એમાં છે ઈ. બરાબર વિસ્તાર નથી, આ પુસ્તક બીજું છે. એમાં એની તીથી ને વાર ને આચાર્યપદ એ લખ્યું છે. એ પુસ્તક કાઢજો. આ પુસ્તક નહિ. એમાં છે ખરું થોડું થોડું પણ મુખ્ય નથી. બીજું પુસ્તક છે.

એ જિનચંદ્રાચાર્યે એમને આચાર્યપદ આપ્યું અને આચાર્યપદમાં ગિરનાર યાત્રા કરવા ગયા હતા. જાત્રા. ત્યાં શ્વેતાંબર સંઘ આવ્યો હતો. બે વચ્ચે થયો વાદ. વાદ કરતા કરતા બહુ વાદ થયો. છેલ્લે કુંદકુંદાચાર્યે કહ્યું કે આ એક અંબાદેવી છે પત્થરની, એ બોલશે કે શું છે. એટલું તો છે.

મુમુક્ષુ :— ૩૮ છે એ.

ઉત્તર :— હા, છે ને. ૩૮ છે ને, ખબર છે. થયા પછી તેણે ઉત્તમ રીતે.. ઈ વાંચ્યું છે, ખબર છે. અહીં ૧૮ લખાણું છે ઈ જૂઠું છે. ૩૮ જોઈએ. જૈનધર્મનો પ્રચાર કર્યો અને એ બધું છે. વિશેષ વાત છે... એથી આ છે, એના કેટલા વર્ષે આચાર્યપદ, કેટલા વર્ષે દીક્ષા અને કેટલા વર્ષે દેહ છૂટીને સ્વર્ગમાં ગયા એ બધું છે. સમજાણું કાંઈ? બધું જોયું છે ને. અહીંયા તો અનેક શાસ્ત્ર (જોયા છે). ચિહ્ન કર્યું હોય ત્યાં. આ નથી, મૂળ શાસ્ત્ર બીજું છે. આમાં ચિહ્ન નથી.

એવા કુંદકુંદાચાર્ય ત્રીજે નંબરે આવ્યા જુઓ. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાચાર્યો. ભગવાન પાસે ગયા હતા. ધ્યાનમાં બેઠા હતા ત્યાં આગળ આશ્રમ છે ને? પોન્નુર હિલ.

ત્યાં ગયા હતા અમે, સંઘ સાથે હતો. ઘણું માણસ હતું. હજાર માણસ હતું, મોટર હતી. ત્યાં આગળ કુંદકુંદાચાર્ય ધ્યાનમાં હતા એમાં સીમંધર ભગવાનના વિરહ લાગ્યા. અરે..! ભગવાનનો વિરહ છે, ભગવાન નથી. તો અંદરમાં ભગવાનને નમસ્કાર કર્યા. ત્યાં આગળ સીમંધર ભગવાન તો અત્યારે બિરાજે છે તીર્થંકરદેવ કેવળી પરમેશ્વર છે મહાવિદેહક્ષેત્રમાં. એમની દિવ્યધ્વનિમાં એમ (આવ્યું કે) સદ્ધર્મ વૃદ્ધિરસ્તુ (આવ્યું). એમાં છે, એમાં લખ્યું છે. સદ્ધર્મ વૃદ્ધિરસ્તુ એવો અવાજ આવ્યો. લોકો આશ્ચર્ય પામ્યા કે આ શું? અવાજ કોનો આવ્યો? ત્યાં મુનિ આવ્યા. કુંદકુંદાચાર્ય નગ્ન મુનિ દિગંબર, ભગવાન પાસે. અને ઊંચું શરીર. ક્યાં બેસવું? ત્યાં તો પાંચસો ધનુષનો દેહ. ભગવાન પાસે.... ભગવાનનો પાંચસો ધનુષનો—બે હજાર હાથ ઊંચો (દેહ) છે. ભગવાન અત્યારે બિરાજે છે.

બીજા દેવે એમને, ભગવાન બિરાજતા હતા ત્યાં નજીક બેસાડ્યા. કેમકે ચાર હાથ છે, અને ભગવાન બે હજાર હાથ. પદ્મનંદી ત્યાંના ચક્રવર્તી હતા, હાથમાં લઈને પૂછે છે, મહારાજ! આ કોણ છે? કુંદકુંદાચાર્યને હાથમાં લીધા. બે હજાર હાથ ઊંચા અને આમના ચાર હાથ. પતંગિયા જેવા દેખાય. કોણ છે આ મહારાજ? ભગવાનના શ્રીમુખે નીકળ્યું કે ભરતક્ષેત્રના ચારિત્ર, અધ્યક્ષ ચારિત્રના આચાર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

પછી ત્યાં આઠ દિવસ રહ્યા, ભગવાનની સાક્ષાત્ વાણી આઠ દિવસ સાંભળી અને કેટલીક ચર્ચા શ્રુતકેવળી મુનિઓ સાથે કરી. ત્યાંથી આવીને પછી આ બધા શાસ્ત્ર બનાવ્યા સમયસાર આદિ. સાક્ષાત્ દિવ્યધ્વનિનો સાર છે. ધીરૂભાઈ! આ માર્ગ છે, ભાઈ! ઝીણો માર્ગ બહુ. એ સમયસારમાં જે અધિકાર છે... ઓહોહો..! અલૌકિક અધિકાર છે. મુનિપણું કોને (કહીએ)? નિર્મળ વિજ્ઞાનઘનમાં લીન થવું એ મુનિપણું છે. આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન કોને કહે છે એ વ્યાખ્યા અગિયારમી ગાથામાં શરૂ કરી. ભૂતાર્થ ભગવાન ત્રિકાળ ચિદાનંદ પ્રભુ છે. ક્યાં, ખબર નથી શું ચીજ છે. સત્યાર્થ ભૂતાર્થ ભગવાનઆત્મા છે ત્રિકાળ ત્રિકાળ. એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. ધર્મની પહેલી સીઢી, ધર્મની પ્રથમ શરૂઆત. ભૂતાર્થ ભગવાન ત્રિકાળ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? અને એના ઉગ્ર આશ્રયથી મુનિપણું થાય છે. આહાહા..! આ વાત સર્વજ્ઞ સિવાય અને કુંદકુંદાચાર્ય સિવાય આવી વાત ક્યાંય નથી. સમજાણું કાંઈ? અલૌકિક વાત છે. એ વાત અહીંયા કરે છે. ૮૬ (ગાથા).

**'આગે જ્ઞાની ઔર અજ્ઞાની યતિયોંમેં બહુત બડા ભેદ દિખલાતે હૈં:'** છે? જ્ઞાની અને અજ્ઞાની મુનિઓમાં બહુ ફેર છે. આહાહા..! ઘણો તફાવત છે. શાસ્ત્ર સિદ્ધાંત પોકાર કરે છે. ૮૬.

૨૧૩) णाणिहिँ मूढहँ मुणिवरुहँ अंतरु होइ महंतु।
देहु वि मिल्लइ णाणयउ जीवइँ भिण्णु मुणंतु।।८६।।

**અન્વયાર્થ :— 'સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી...'** લ્યો, આ શાસ્ત્રના શબ્દ છે. જેને આત્મજ્ઞાન થયું છે. રાગની ક્રિયાથી ભિન્ન ભગવાનઆત્મા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ

બધો રાગ છે. આહા..! એ રાગથી ભિન્ન આત્મા શુદ્ધ ચૈતન્યઘનનો અનુભવ એ સમ્યગ્દૃષ્ટિ છે. એ સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી, એમ શબ્દ લીધો છે. જેને અંતર નિશ્ચય સમ્યગ્દર્શન થયું એ સહિત મુનિપણું એ ભાવલિંગી છે. જેને ભાવલિંગ પ્રગટ્યું છે. આહાહા..! ઝીણી વાત ભાઈ!

'**મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી...**' '**मूढ़ानां**' અને જેની દષ્ટિ, 'રાગથી લાભ થાય છે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે', એવી દષ્ટિ છે મૂઢ,.. આહાહા..! એ દ્રવ્યલિંગી છે. આ શાસ્ત્રના શબ્દ છે, હોં! શાસ્ત્ર તો વાત સ્પષ્ટ કરે. પાઠ છે ને પાઠ છે. અંતર વિશેષ કહે છે ને. કેમ? કે '**મુનિયોંમેં બડાભારી ભેદ હૈ.**' સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદષ્ટિમાં મોટો ભેદ છે. દ્રવ્યલિંગી અને ભાવલિંગીમાં બહુ ફેર છે. આહાહા..! '**ક્યોંકિ જ્ઞાની મુનિ તો શરીરકો ભી જીવ સે જુદા જાનકર...** ' આહાહા..! શરીર જે નજીકમાં નજીક ચીજ છે એક ક્ષેત્રમાં રહેવાવાળી, એને પણ અંદર ભિન્ન જાણે છે. શરીરની ક્રિયા ચાલે છે એ પણ આત્માથી ભિન્ન છે. આહાહા...! એ તો જડની ક્રિયા છે. ઝીણી વાત બાપુ! અને શરીરના અંગો—વાણી, મન અને શ્વાસ એ શરીરના અંગો છે, એ પણ આત્માથી ભિન્ન છે. સમજાણું કાંઈ? આ શ્વાસ ચાલે છે ને શ્વાસ? અને મન છે અહીંયા, અનંત પરમાણુનો પિંડ વિચાર કરવામાં નિમિત્ત અને આ વાણી છે. શ્વાસ અને શરીર. એ બધા શરીરના અંગ છે. એનાથી પણ આત્માને ભિન્ન જાણે છે. વાણીથી, મનથી, શ્વાસોશ્વાસથી. આહાહા..! એ ક્રિયા મારી નહિ. શ્વાસ ચાલે છે, દેહ ચાલે છે એ ક્રિયા મારી નહિ, એ તો જડની ક્રિયા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**મુનિયોંમેં બડાભારી ભેદ હૈ. ક્યોંકિ જ્ઞાની મુનિ તો શરીરકો ભી...** ' એમ. બીજી વસ્તુનું તો શું કહેવું, પુત્ર-સ્ત્રી, મકાન કે શિષ્યો તો બીજી ચીજ ભિન્ન છે, પણ દેહને પણ પોતાનો માનતા નથી. આહા..! વાણીને પણ પોતાની માનતા નથી, શ્વાસને પોતાનો માનતા નથી, મનને પોતાનું માનતા નથી. આહાહા..! આ યોગીન્દ્રદેવ ૧૩૦૦ વર્ષ પહેલા થયા છે. પરમાત્મપ્રકાશ (બનાવ્યું છે). બધામાં સમયસારની છાપ છે. આહાહા..! એ '**देहम् अपि**' એમ કીધું ને? '**देहम् अपि**' એટલે? બીજી ચીજનું તો શું કહેવું, કહે છે. આ મારું ક્ષેત્ર છે ને મારું મંદિર છે ને મારા શિષ્ય છે, એ તો ક્યાંય દૂર રહી ગઈ વાત. આહાહા..! દેહ આ જડ માટી ધૂળ છે, પુદ્ગલ જડ અજીવ છે. અને એનો શ્વાસ પણ અજીવ છે, મન અજીવ છે, વાણી અજીવ છે. આહાહા..!

એને '**જીવ સે જુદા જાનકર છોડ દેતે હૈં,...**' છોડી દે છે એનો અર્થ શરીર તો (જુદું જ) પડ્યું છે, એની મમતા છોડી દ્યે છે. આ મારું છે, એમ છોડી દ્યે છે. પાઠ તો આમ છે. '**मन्यमानः मुचंति**' '**છોડ દેતે હૈં,...**' એનો અર્થ શું? શરીરનું મમત્વ પણ છોડી દ્યે છે. શરીર મારું છે એવું મમત્વ છોડી દ્યે છે. મારી ચીજ નથી. એ તો જડ છે, માટી છે. જગતની ચીજ અજીવ પુદ્ગલ છે. આહાહા..! હું તો એનાથી ભિન્ન ચૈતન્યચમત્કાર આનંદકંદ પ્રભુ હું છું, એમ જ્ઞાની મુનિ ભાવલિંગી યથાર્થ માને છે, અનુભવે છે. આહાહા..! આકરી વાત છે.

'**તો ફિર પુત્ર, સ્ત્રી આદિકા ક્યા કહના હૈ?**' '**देहम् अपि**' શબ્દ છે ને? દેહ પણ એટલે

બીજી ચીજને નાખી પાછી. આહા..! પુત્ર, સ્ત્રી આદિ, શિષ્ય આદિ એ તો પ્રત્યક્ષ જુદા છે. એને તો જ્ઞાની પોતાના માનતા નથી, એને પોતાની ક્રિયા માનતા નથી. દેહની ક્રિયા, વાણીની ક્રિયા, શ્વાસની ક્રિયા, મનની ક્રિયા જડ એને પોતાની માનતા નથી, એ તો જડની ક્રિયા છે. આહાહા..! **'ઔર દ્રવ્યલિંગીમુનિ લિંગ (ભેષ)મેં આત્મબુદ્ધિકો રખતા હૈ.'** આહાહા..! શરીરનો ભેખ--હું નગ્ન છું, પંચમહાવ્રતના પરિણામ મારા છે. પંચમહાવ્રતના પરિણામ તો રાગ છે. એ ભેખને પોતાનો માને છે. એ બધો ભેખ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહો..!

**ભાવાર્થ :— 'વીતરાગસ્વસંવેદનજ્ઞાની મહામુનિ... '** પાઠમાં **'देहम् अपि'** કહ્યું હતું એટલે ખુલાસો કર્યો. **'મન-વચન-કાયા...'** ત્રણે લઈ લીધા. દેહના અર્થમાં મન, વચન ને દેહ બધું ત્રણેય દેહ છે. આહાહા..! છે? મન છે એ દેહનું અંગ છે, વાણી પણ દેહનું અંગ છે અને દેહ તો દેહ છે જ. આહાહા..! અહીં મન છે છાતીમાં. અનંત પરમાણુનું બનેલું ખીલ્યા કમળના આકારે જડ છે. આત્મા વિચાર કરવામાં એ નિમિત્ત છે. એ પણ જડ છે, આ વાણી જડ છે, અવાજ નીકળે છે એ જડ છે, અજીવ છે, પુદ્ગલ છે, માટી છે. આહાહા..! મન, વચન, કાય. ખુલાસો કર્યો. પાઠમાં એટલું હતું ને? **'देहम् अपि'**. દેહ પણ. એટલે એની સાથે મન અને વાણી દેહમાં નાખી દીધા. આહાહા..!

**'અપનેકો ભિન્ન જાનતા હૈ,...'** આહાહા..! ધર્માત્મા સંત મુનિ એને કહીએ કે પોતાનું રાગરહિત વીતરાગ સ્વસંવેદનજ્ઞાન અને મન, વચન અને કાયાને પોતાથી ભિન્ન જાણે છે. સમજાણું કાંઈ? પોતાથી ભિન્ન જાણે છે. **'દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્માદિસે જિસકો મમતા નહીં હૈ,...'** આહાહા..! ધર્માત્મા મહામુનિ.. સમકિતીને પણ નથી પણ આ તો ઉત્કૃષ્ટ મુનિપણું લેવું છે ને. આહા..! દ્રવ્યકર્મ—જડ કર્મ છે આઠ કર્મ, માટી જડ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ કર્મ છે ને અંદર, એ જડ છે. જેમ આ જડ છે, આ શરીર જડ છે, એમ કર્મ જડ છે. આહાહા..! એ જડથી ભગવાન ભિન્ન છે. જડમાં પોતાની મમતા નથી કરતા કે કર્મ મારા છે.

ભાવકર્મ—પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ ભાવકર્મ છે. એને મુનિ પોતાના માનતા નથી. આહાહા..! મારા છે એમ મમતા કરતા નથી. આહાહા..! ગજબ વાત છે! પાપના પરિણામ તો ભિન્ન રહો, પણ પુણ્યપરિણામમાં મમતા કરતા નથી કે આ મારી ચીજ છે. આહાહા..! અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ છે એ ભાવકર્મ છે. પંચમહાવ્રતના પરિણામ છે એ ભાવકર્મ છે. એમાં મમતા નથી કરતા કે આ મારા છે અને એનાથી મને લાભ થશે. આહાહા..!

મુમુક્ષુ :— મુનિ કરે છે, અમારે તો કરવું પડશે.

ઉત્તર :— સમ્યગ્દૃષ્ટિ પણ પરને પોતાના માનતા નથી. આ તો વીતરાગી વિશેષ જ્ઞાનની વાત ચાલે છે. આહાહા..!

ભાવકર્મ એટલે દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, જાત્રાના ભાવ છે એ ભાવકર્મ વિકાર પરિણામ છે. આહાહા..! એને સમ્યગ્દૃષ્ટિ પણ પોતાના માનતા નથી. મુનિ તો વિશેષ સ્થિરતામાં

લીન છે. તો એ મારા છે, એમ એમને નથી. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપા બહુ ઝીણો ભાઈ! આહા..! ટીકાકાર વિશેષ ખુલાસો કરે છે. જડકર્મ જે અજીવ છે એ તો મારા છે જ નહિ, તો મને નુકસાન કરે છે એમ પણ નથી. અને કર્મ જરી માર્ગ કરે તો મને લાભ થાય છે એમ પણ નથી. સમજાણું કાંઈ? કર્મ પર છે એમાં ઘટે તો લાભ છે અને વધે તો નુકસાન છે એમ વસ્તુ જ નથી. આહાહા..! આવી વાત છે. આહાહા...!

અને ભાવકર્મ. શુભ-અશુભભાવ જે થાય છે એ ભાવકર્મમાં પણ મમતા નથી. અર્થાત્ મારા છે એમ નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ મારો છે એવી મમતા નથી એમ કહે છે. ગજબ વાત છે! આહાહા..! એ ધર્માનુરાગ શુભરાગ.. આહાહા..! પંચમહાવ્રતના ભાવ, વ્યવહાર સમિતિ, ગુપ્તિના ભાવ એ ભાવકર્મ છે, રાગ છે. આહાહા..! સમ્યગ્દષ્ટિ અને મુનિને 'એ રાગ મારો છે' એવી મમતા નથી. આહાહા..! મમ—મારી ચીજ તો આનંદકંદ વીતરાગી સ્વભાવ એ મારી ચીજ છે. સમજાણું કાંઈ? આ તો જ્યારે રાગ રહિત થઈ જાય ત્યારે ને? પણ રાગરહિત જ અત્યારે છે. અત્યારે રાગરહિત જ ભગવાન છે. ચૈતન્યદળ સહજાત્મ સ્વરૂપ, સહજાત્મ સ્વરૂપ. સહજ આત્મસ્વરૂપ, અકૃત્રિમ આત્મસ્વરૂપ, અણકરાયેલો આત્મભાવ. એ તો ત્રિકાળી આનંદકંદ એમાં રાગનો વિકલ્પનો ભાવ નથી. આહાહા..! અત્યારે કહે છે ને, પાંચમહાવ્રત પાળવા. એ તો વ્યવહારના કથન છે. સમજાણું કાંઈ? ભાઈ! વાતું આકરી બાપા! ઓહો..!

એણે અનંતકાળમાં પરિભ્રમણ કરતાં કરતાં અનંત અવતાર થઈ ગયા. એ ચોર્યાસી લાખ યોનિ, એક એક યોનિમાં અનંત અવતાર કર્યા, મિથ્યાત્વને કારણે. કેમકે મિથ્યાત્વ એ સંસાર છે. આહાહા..! પણ કદી એણે સમ્યગ્દર્શન શું ચીજ છે અને કઈ રીતે પ્રાપ્ત થાય, અને પ્રાપ્ત થાય તો એની દશા કેવી હોય, એની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? બહારમાં જરી પાંચ-પચ્ચીસ લાખ મળે... આ પૈસા યાદ આવે ત્યારે શેઠ યાદ આવે. પાંચ-પચ્ચીસ લાખ કહીએ ને પણ શેઠ તો કરોડોપતિ છે. એટલે એને પાંચ-પચ્ચીસ લાખની ગણતરી ન હોય. પણ અહીં તો કરોડો શું, અબજો રૂપિયા હોય છે. અત્યારે છે ને, વાણિયા પાસે અબજો રૂપિયા છે. આહાહા..! અબજો, અબજો હોં! સો કરોડ. તો શું છે ધૂળમાં? એ તો જડ માટી છે. એ મારી ચીજ છે અને મને લાભ કરે છે, એ તો મૂઢ મિથ્યાદષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :— ભલે હોય, પણ સુખી તો છે.

ઉત્તર :— દુઃખી છે. લક્ષ્મી મારી છે, એ માન્યતા જ દુઃખરૂપ છે. આહાહા..! જડ ચીજ છે એ તો માટી—ધૂળ છે. અહીં તો દેહની ના પાડી. અહીં તો મુનિની વાત છેને. એટલે પૈસા-ફૈસાની વાત છે જ ક્યાં. આ તો દેહમાં મન ને વાણી ને દેહ, એ મારા છે, એવી મમતા સમકિતીને, મુનિને હોતી નથી. આહાહા..! આવું સ્વરૂપ બહુ ઝીણું ભાઈ! આ વીતરાગમાર્ગ છે, આ તો વીતરાગ સર્વજ્ઞ જિનવરદેવ, જિનેશ્વરદેવ પરમાત્મા સાક્ષાત્ મોજૂદ બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં, એમની આ બધી વાણી છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'મમતા નહીં હૈ, પિતા, માતા, પુત્ર, કલત્રાદિકી તો બાત અલગ રહે... '** કે અમે રાજાના પુત્ર છીએ, અને દિવાનની બહેનના પુત્ર છીએ એ તો ક્યાં રહ્યું. આહાહા..! એ તો કંઈ છે જ નહિ. ધર્મીને કુળથી ઓળખાવવા એ વાત જ નથી. આહાહા..! એ રાગ કરે છે એનાથી ઓળખાવવા એ પણ વસ્તુ નથી એમ કહે છે. આહાહા..! વ્યવહારરત્નત્રય બરાબર સારા કરે છે એ આત્મા, એમ પણ ઓળખાણ કરવાની વસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'પુત્ર, કલત્રાદિકી તો બાત અલગ રહે જો અપને આત્મ-સ્વભાવસે નિજ દેહકો હી જુદા જાનતા હૈ.'** આહાહા..! શરીરની, વાણીની, મનની ક્રિયા પોતાથી ભિન્ન જાણે છે સમકિતી—ધર્મી. આહાહા..!

**'જિસકે પરવસ્તુમેં આત્મભાવ નહીં હૈ.'** આહાહા..! દેખો! સ્વવસ્તુ જે આનંદકંદ જ્ઞાયકસ્વરૂપ છે એ મારી ચીજ છે અને મારી ચીજ સિવાય રાગાદિ પરવસ્તુ, એમાં મારી ચીજની માન્યતા એને નથી. આહાહા..! પરવસ્તુમાં બધું લઈ લીધું. રાગ વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રતનો એ રાગ પણ પરવસ્તુ છે. અરે.. આવી વાત. કેમકે જો પોતાની હોય તો નીકળી ન જાય. ભગવાન સિદ્ધ થાય છે તો એ વસ્તુ નીકળી જાય છે માટે એ પોતાની નથી. આહાહા..! ઓહોહો..! સમજાણું કાંઈ? **'જિસકે પરવસ્તુમેં આત્મભાવ નહીં હૈ.'** આહાહા..! બહુ ટૂંકું. પોતાથી રાગથી માંડીને બધી વસ્તુ પર. સ્વ ભગવાન જ્ઞાનાનંદ અને રાગથી માંડી બધી વસ્તુ પર. એમાં આત્મભાવ નથી. આહાહા..! છે? પરવસ્તુમાં આત્મભાવ (અર્થાત્) એ હું આત્મા છું અથવા મારી વસ્તુ છે એવો ભાવ નથી. આહાહા..! જે મારામાં નથી એ મારી ચીજ નહિ. રાગાદિ મારામાં છે જ નહિ. આહાહા..! બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહી ગયા. એ તો બિચારા એને કારણે આવ્યા ને એને કારણે ટકે છે અને એને કારણે ચાલ્યા જશે. સમજાણું કાંઈ? આહાહા..! દીકરો આવે તો ખુશી થઈ જાય. દીકરો આવ્યો. દીકરી આવે તો.. હાય.. હાય.. મારે ખર્ચ કરવો પડશે અને વળી પાછી પરણાવવી પડશે. દીકરી આવે તો લગ્ન કરવા પડશે અને પૈસા આપવા પડશે. દીકરો આવે તો પોતાનું નામ પણ રાખશે અને કમાશે. અરે.. જગત! આહા..! છેતરપિંડીમાં ચાલ્યું ગયું. આહાહા..!

અહીં તો ત્યાં સુધી કહ્યું ને? પરમાત્મપ્રકાશમાં કાલે આવ્યું હતું ને. શાસ્ત્રજ્ઞાન જાણે છે... બીજી ચીજ તો એકકોર રહો, પણ શાસ્ત્રજ્ઞાન જાણે છે એ પણ ખરેખર તો પરવસ્તુ છે. અને એ શાસ્ત્રજ્ઞાન જાણીને વિકલ્પ તોડીને નિર્વિકલ્પ દૃષ્ટિ નથી કરતો તો એ પણ મૂર્ખ છે એમ કહ્યું હતું. જડ જડ, જડુ. આહાહા..! આવ્યું હતું ને? જુઓ! ૮૪ (ગાથા).

**बोह-णिमित्तेँ सत्थु किल लोइ पढिज्जइ इत्थु।**
**तेण वि बोहु ण जासु वरु सो किं मूढ ण वत्थु।।८४।।**

એ કપટરૂપે મૂઢ છે એમ કહે છે. છે?

મુમુક્ષુ :— ૮૩માં પણ છે.

ઉત્તર :— ૮૩માં પણ છે અને અહીંયા પણ ઈ છે. કીધું ને. અહીં **'મૂढ'** કીધું ને, **'મૂढ'**.

'सत्थु पढंतु वि होइ जडु' ત્યાં જડ આવ્યું ૮૩માં. સંતો તો વાત સ્પષ્ટ કરે છે. એને ક્યાં દુનિયાની પડી છે. દુનિયા રાજી થાય, ખુશી થાય... 'सत्थु पढंतु वि होइ जडु' અહીં મૂઢ કહ્યું હતું. ૮૪માં 'मूढु ण वत्थु'—એ સત્ય નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'जो ण हणेइ वियप्पु'. પંડિતજી! 'जो ण हणेइ वियप्पु' ૮૩. વિકલ્પ છે, રાગની વૃત્તિ છોડતો નથી અને એકત્વબુદ્ધિ કરે છે. આહાહા..! શાસ્ત્ર ભણીને પણ એનો વિકલ્પ પોતાનો છે એમ માને છે. આહાહા..! અને વિકલ્પ તોડતો નથી. આહાહા..!

જ્ઞાનસ્વભાવી ભગવાન, એમાં જે શાસ્ત્ર ભણવાનો વિકલ્પ છે એને પણ છોડતો નથી અને આત્મજ્ઞાન કરતો નથી તો એને પણ અહીંયા જડ અને મૂર્ખ કહેવામાં આવ્યા છે. આ મોટા પૈસાવાળા કરોડોપતિ ને અબજોપતિ પરને પોતાના માને છે એ મૂઢ છે, જડ છે એમ કહે છે. કહો, દુનિયામાં મોટી આબરુ હોય, એલ.એલ.બી.ના પૂંછડા વળગ્યા હોય, મોટા વકિલાતના, લ્યો ને. આ એમ.એ.ના, ડોક્ટરોને. મૂઢ છે.

મુમુક્ષુ :— હુશિયાર ગણાતો હોય તોપણ મૂર્ખ?

ઉત્તર :— એ હુશિયાર મૂર્ખ હુશિયાર કહે એને. મૂર્ખ લોકો એને હુશિયાર કહે. રામજીભાઈને બહુ કહેતા પહેલા. એક માણસ તો બહુ વખાણ કરે છે, અહીંયા આવે છે અમદાવાદના. નહિ? ભૂલી ગયા નામ. અમદાવાદના વકિલ છે. વ્યાખ્યાનમાં આવે. મંગળભાઈ? એક આવે છે, અમદાવાદના આવે છે. રામજીભાઈ તો રામજીભાઈના વખતમાં હતા. આહાહા..! ઈ આવે છે. વ્યાખ્યાન સાંભળવા આવે છે. એના જેવા કોઈ વકિલ નહોતા એવા. મેં કીધું, એને મેં એક ફેરી કહ્યું હતું, આ બધું તમારું ભણતર કેવું વકિલાતનું? મૂર્ખાઈ ભરેલું કુજ્ઞાન છે કીધું. આહાહા..! એ વકિલાતના ભણતર, ડોક્ટરના ભણતર બધા મૂર્ખાઈભરેલા ભણતર છે.

અહીં તો શાસ્ત્રના ભણતર પણ વિકલ્પ ન તોડે તો એ મૂર્ખ છે એમ કહે છે. આગળ વધીને, કહે છે ભાઈ! આહાહા..! બાપુ! તને, આત્મા કોણ છે? ભાઈ! આહાહા..! ક્યાં ગયો તું? ક્યાં ગયો? ક્યાં તારી ચીજને તેં માની? અહીં તો ચોખ્ખી વાત છે. આહાહા..! છે ને? 'देहि वसंतु वि णिम्मलउ णवि मण्णइ परमप्पु'. શું કહે છે? ૮૩માં ઈ છે. આ ભગવાન બિરાજે છે ને અહીંયા અંદર. દેહમાં વસતો પરમાત્મા તું પરમાત્મા છો. તને ખબર નથી. છે? 'देहि वसंतु वि णिम्मलउ णवि मण्णइ परमप्पु' આહાહા..! પરમાત્મપ્રકાશ નામ છે ને આ ગ્રંથનું. પરમાત્મપ્રકાશ છે આ. લ્યો, તમારે પરમાત્મપ્રકાશ નામ છે ને? પંડિતજીના દીકરાનું નામ પરમાત્મપ્રકાશ છે. પરમાત્મપ્રકાશ, એક અધ્યાત્મપ્રકાશ. પરમાત્મપ્રકાશ આ આત્મા છે એમ કહે છે. આહાહા..! 'णवि मण्णइ परमप्पु' 'देहि वसंतु वि णिम्मलउ'. દેહમાં રહેલો ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી આત્મા એવા પરમાત્માને તું નથી માનતો. આહાહા..! અને બીજી વસ્તુને તારી માને છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, પુણ્ય, દયા, દાન, વ્રતનો રાગ. આહાહા..! તારી માન્યતા ક્યાં ચાલી ગઈ? તારી ચીજથી ખસીને પરમાં માન્યતા ગઈ. આહાહા..! વીતરાગમાર્ગ ઝીણો બાપુ! જિનવર

દેવ.. પરમ સત્ય છે, આવી વસ્તુ ક્યાંય છે નહિ. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સિવાય આવું સ્પષ્ટ કથન જગતને જાહેર કરવું પણ કઠણ પડે બીજાને. ઓહોહો..!

અહીં એ કહ્યું, **'जिसके परवस्तुमें आत्मभाव नहीं है.'** બહુ ટૂંકા શબ્દો. નિજ પરમાત્મા સહજાનંદસ્વરૂપ પ્રભુ એ પોતાની વસ્તુ. એ સિવાય રાગાદિ વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ એ બધી પરવસ્તુ, પરભાવ, પરદ્રવ્ય છે. આહાહા..! એમાં આત્મભાવ નથી કરતા. આમાં તો એટલું આવ્યું કે વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થશે એનો તો આમાં નિષેધ આવ્યો. હેં! વ્યવહારરત્નત્રયને પોતાના માને અને પોતાનો ભાવ માને તો મૂઢ છે એમ કહે છે. આહાહા..! પોતાનો લાભ તો સ્વભાવથી પોતાનો લાભ થાય છે કે વિભાવથી પોતાનો લાભ થાય? પોતાની ચીજમાં જે સ્વભાવ છે એના પરિણમનથી પોતાનો લાભ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— બધો વ્યવહાર ખતમ થઈ જાય છે.

ઉત્તર :— વ્યવહાર-બવ્યહાર બધો ઊડી ગયો ફૂ થઈને. એવી આકરી વાત, બાપા! હોય ખરો પણ એ હેય છે. અંતરનો ભગવાનનો પરમાત્મસ્વરૂપનો આશ્રય પરમાત્મા પોતાનો, પરમાત્મા કહ્યું ને? **'देहि वसंतु वि णिम्मलउ णवि मण्णइ परमप्पु'**. પરમાત્મસ્વભાવ ભગવાન પરમસ્વરૂપ પરમાનંદ ભાવ, જ્ઞાયકભાવ ચૈતન્ય અનંત પ્રકાશનો પુંજ પ્રભુ, આહાહા..! એ તારી ચીજ છે ને અંદર. એને નહિ જાણીને પરને પોતાના માને છે, (તો તું) જડ છો. આહાહા..! અગિયાર અંગ ને નવપૂર્વની લબ્ધિ પ્રગટે અને માને કે મારી છે તો, જડ છે એમ કહે છે. નવપૂર્વની લબ્ધિ (પ્રગટે) એમાં શું થયું? આહા..! પોતાનું વીતરાગી સ્વસંવેદનજ્ઞાન ન થયું. ત્યાં તારી નવપૂર્વની લબ્ધિ શું કામની? એ નુકસાનકારક છે. આહાહા..! ભારે કામ ભાઈ.

**'और मूढात्मा परभावोंको अपने जानता है.'** લ્યો. આહાહા..! મૂઢ જીવ, જડ જીવ, મૂર્ખ જીવ, જે પોતાની ચીજ નથી, રાગ દયા, દાન, વ્રતના વિકલ્પ એ રાગ છે, એ પરભાવોને પોતાના માને છે. આહાહા..! કહો, આમાં તો પંડિતજી! ખુલાસો એ છે કે રાગથી લાભ થતો નથી. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થતો નથી એ ન આવ્યું?

મુમુક્ષુ :— ચોથા કાળની વાત છે?

ઉત્તર :— ત્રણે કાળની વાત છે. એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ. પરમાર્થનો પંથ ત્રણેકાળે એક પ્રકારનો છે. આહાહા..!

મૂઢાત્મા. આ વસ્તુ આચાર્યો એમ પોકારે છે એમ કહેવાય છે. આહાહા..! અહીં તો મૂઢાત્મા કહ્યા, મૂર્ખ કહ્યો, જડ કહ્યો. આહાહા..! **'मूढात्मा परभावोंको अपने जानता है. यही ज्ञानी और अज्ञानीमें अन्तर है.'** લ્યો. આ બેમાં તફાવત. ધર્મી પોતાને આત્મા આનંદસ્વરૂપ જાણે છે અને રાગાદિની ક્રિયાને પોતાની માનતો નથી. આહાહા..! અજ્ઞાની રાગાદિ ક્રિયા મારી છે એમ માને છે, આ જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે તફાવત છે. જ્ઞાની, અજ્ઞાનીમાં તફાવત શું છે? આ તફાવત છે. આહાહા..! બહારમાં પુણ્યશાળી હો, લાખો માણસો ખમ્મા ખમ્મા કરતા હોય, એમાં શું થયું?

સમજાણું કાંઈ?

એ રાગના ભાવને પોતાનો માને છે એ મૂઢાત્મા છે. આહાહા..! અને રાગ, મારી વસ્તુથી રાગ ભિન્ન છે એમ જાણે છે એ જ્ઞાની છે. રાગને પોતાનો માને છે, તેનાથી લાભ માને છે એ અજ્ઞાની છે. જ્ઞાની, અજ્ઞાની વચ્ચે આ તફાવત છે. આ તફાવત છે, બીજો કોઈ તફાવત નથી. જ્ઞાનીના શરીરમાં કોઈ રોગ થઈ જાય, કાળો થઈ જાય, કે આબરુ ન હોય એવી કોઈ વસ્તુ નથી. અજ્ઞાનીની આબરુ મોટી હોય, શરીર સુંદર હોય, આબરુ મોટી હોય, એમાં શું થયું?

મુમુક્ષુ :— થોડું જાણે તે અજ્ઞાની ઘણું જાણે તે જ્ઞાની.

ઉત્તર :— અહીં તો રાગને પોતાનો જાણે એ અજ્ઞાની, રાગને પોતાનો ન જાણે તે જ્ઞાની. થોડું જાણે એ અજ્ઞાની અને બહુ જાણે એ જ્ઞાની એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :— બધા અર્થ આપે બદલી નાખ્યા.

ઉત્તર :— આખી વાત બદલાઈ ગઈ. આ શું લખ્યું છે? શું કહે છે જુઓને.

'**જિસકે પરવસ્તુમેં આત્મભાવ નહીં હૈ.**' રાગાદિ ભાવ પરવસ્તુ છે એને ધર્મી પોતાનો ભાવ માનતા નથી. આહાહા..! '**ઔર મૂઢાત્મા પરભાવોંકો અપને જાનતા હૈ.**' આહાહા..! '**યહી જ્ઞાની ઔર અજ્ઞાનીમેં અન્તર હૈ.**' આહાહા..! બીજો કોઈ તફાવત નથી. ક્રિયા તો વિશેષ કરતો હોય. દયા, દાન, વ્રતાદિ બહુ કરતો હોય. અને જ્ઞાનીને દયા, દાન, વ્રત ન પણ ન હોય, અવ્રતી પણ હોય. આહાહા..! પણ પરને પોતાના નહિ માનીને, પોતાના સ્વરૂપને પોતાનું માને છે. અજ્ઞાની પરને પોતાનું માને છે અને પોતાના સ્વરૂપને જાણતો નથી. બસ, એ મૂઢ અજ્ઞાની અને જ્ઞાનીમાં આટલો તફાવત છે. આહાહા..! ભારે આકરું લાગે માણસને. આ બધો લોપ થઈ જાય છે એમ માણસ કહે છે. આ તો લોપ કરે છે. રાગને પોતાનો માને છે અને રાગથી લાભ માને છે એ વ્યવહારનો લોપ કરે છે. આહાહા..! ભાઈ! એમ નથી. એ તારામાં નથી, ભાઈ! એ દુઃખ તારામાં છે? તું તો આનંદસ્વરૂપ છો ને ભગવાન! વીતરાગી સ્વસંવેદન એ આનંદનું જ્ઞાન કરનારો તું છો ને. આહાહા..! આનંદ નામ સ્વનું. અને દુઃખનો અર્થ એ રાગ એ તો દુઃખ છે. પર તરફનો ઝુકાવનો ભાવ એ દુઃખ છે અને સ્વ તરફના ઝુકાવનું પરિણમન એ આનંદ છે.

મુમુક્ષુ :— સુખ આપ કોને કહો છો?

ઉત્તર :— અતીન્દ્રિય આનંદ અંદર છે એનો સ્વાદ આવવો એ સુખ. ધૂળમાં ક્યાંય સુખ નથી. અબજોપતિ બધા ભિખારા છે, દુઃખી દુઃખી.

મુમુક્ષુ :— એના કારણ સમજાવો.

ઉત્તર :— કહ્યુંને આ, પરને પોતાના માને ઈ કારણ. એ દુઃખી. આહાહા..! શ્રીમદ્‌માં ન કહ્યું શ્રીમદ્? 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો'. લક્ષ્મી વધી કરોડો અબજો રૂપિયા (થયા). કુટુંબ વધ્યું.

શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો,
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.

લક્ષ્મી અને અધિકાર ને આબરુ વધી, કુટુંબ વધ્યું એમાં તારે શું વધ્યું? આહાહા..! જુઓને, સોળ વર્ષની ઉમંરે, શ્રીમદ્ આ સોળ વર્ષે કહે છે. દેહની ઉંમર સોળ વર્ષ. હજી તો સમકિત પામ્યા નહોતા એ પહેલા આ પોકાર છે. આહાહા..! લક્ષ્મી અને અધિકાર, આબરુ વધી. લાખ રૂપિયાનો મહિનાનો પગાર, એક મહિનાના લાખ. શું થયું? ધૂળ? લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું? શું વધ્યું એટલે શું? શું કટુંબ કે પરિવાર, કુટુંબ વધ્યું, પરિવાર વધ્યો. દીકરાના દીકરા, આઠ દીકરા ને એના દીકરા ને એના દીકરા.. પેઢીમાં સો માણસ, બસ્સો માણસ. એમાં તારે શું વધ્યું?

'વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.' એ તો વધવાપણું સંસારનું છે, નરદેહ હારી જશે. આહાહા..! 'એનો વિચાર નહીં અહોહો એક પળ પણ તમને હવો'. એમ કહે છે. આહાહા..! 'એનો વિચાર નહીં અહોહો એક પળ પણ તમને હવો.' અરે.. ભગવાન! તેં એક પળ પણ એવો વિચાર કદી ન કર્યો કે આ વધ્યું એમાં તને શું આત્માનો લાભ થયો? આહાહા..! પાંચસોનો પગાર હોય અને બસ્સોનો પગાર વધે, બસ! ખુશી ખુશી થઈ જાય, આજે લાપસીના આંધણ કરો. લાપસીને શું કહે છે? લાપસી. અને હજારનો પગાર હોય અને બસ્સો ઘટે... દીન થઈ જાય. આહાહા..! જાદવજીભાઈ! એ દાખલો આપ્યો હતો. મોક્ષમાર્ગપ્રકાશક.

જેને બસ્સોનો પગાર હોય અને પચ્ચીસ વધે તો રાજી રાજી થઈ જાય. અને હજારનો પગાર હોય અને બસ્સો વધે, આનાથી તો વધારે છે આઠસો, તો એ દુઃખ માને. એ પરચીજને કારણે નથી, પોતાની માન્યતાને કારણે એ દુઃખી છે. સમજાણું કાંઈ? આહાહા..! વાત તો આકરી છે. વીતરાગમાર્ગ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ કોઈ બીજો છે. આહાહા..!

'**પરકો અપના માનેં વહ બંધતા હૈ,...**' હવે ખુલાસો કરે છે. પરને પોતાના માને એને મિથ્યાદૃષ્ટિ કહ્યા હતા, હવે પરને પોતાના માને એ બંધાય છે. આહાહા..! એ રાગભાવ જે શુભ છે એને પોતાનો માને તો બંધન કરે છે. આહાહા..! હવે અહીં ઈ કહે છે, વ્યવહાર રાગનું બંધન છે એનાથી અબંધસ્વરૂપના અબંધ પરિણામ થાય. કારણ કે આત્મા અબંધસ્વરૂપી છે ને? આત્મા અબંધસ્વરૂપીના અબંધ પરિણામ. મોક્ષના કારણરૂપ અબંધપરિણામ થાય છે. એ વ્યવહારથી રાગથી અબંધ પરિણામ થાય છે. બંધનભાવથી અબંધ પરિણામ થાય છે. જૂઠ છે. આહાહા..! અરે.. પ્રભુ! અનંત અવતાર થયા બાપુ! દુનિયાનું કરીને કંઈક પૈસા મળે ને થાય... એ મકાન બનાવો, દાગીના બનાવો. દાગીનાને શું કહે છે? ઝેવર. કપડા લાવો પાંચ હજાર, દસ હજારના. આહાહા..!

એક ગામમાં ગયા હતા ને હમણા? ત્યાં મુંબઈ. રસિકભાઈના બનેવી નહિ? ગયા હતા ને સાંજે ત્યાં? મખમલ પાથરેલા મકાનમાં. પાંચ-છ કરોડ રૂપિયા છે. સાંજે આહાર કરવા ગયા હતા. ત્યાં પગલા બધે કરાવ્યા. મખમલ, મખમલ. કેટલા પાંચ લાખનું તો ઘરવખરો હતો. પાંચ લાખનો

ઘરવખરો. ઘરવખરો સમજો છો? ફર્નિચર. એ ભાઈ નહિ આપણા? રસિકભાઈ રાજકોટવાળા. બેનના બનેવી. એના બનેવી છે ત્યાં. સાંજે ભોજનનું કહ્યું હતું. ગયા, પગલા બધે (કરાવ્યા). બધે મખમલ પાથરેલા મકાનમાં. પાંચ લાખનું તો ફક્ત ફર્નિચર હશે. ધૂળમાંય છે નહિ. આહાહા..! એમાં બેઠો હોય તો જાણે આમાં જાણે સુખી છીએ. દુઃખી છે. આહા..!

અહીં એ કહે છે, **'परको अपना मानें वह बंधता है,...'** આહાહા..! **'और न मानें वह मुक्त होता है. यह निश्चयसे जानना.'** લ્યો, અધિકાર પૂરો થયો. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**ગાથા-૮૭**

तद्यथा---

तदनन्तर तत्रैय महास्थलमध्ये सूत्राष्टकप्रयन्तं परिग्रहत्यागव्याख्यानमुख्यत्वेन तृतीयमन्तरस्थलं प्रारभ्यते।

२१४) लेणहँ इच्छइ मूढु पर भुवणु वि एहु असेसु।
बहु विह-धम्म-मिसेण जिय दोहिँ वि एहु विसेसु।।८७।।
लातुं इच्छति मूढः परं भुवनमपि एतद् अशेषम्।
बहुविधर्ममिषेण जीव द्वयोः अपि एष विशेषः।।८७।।

लातुं ग्रहीतुं इच्छति। कोऽसौ। मूढो बहिरात्मा। परं कोऽर्थः, नियमेन। किम्। भुवनमप्येतत्तु अशेषं समस्तम्। केन कृत्वा। बहुविधधर्ममिषेण व्याजेन। हे जीव द्वयोरप्येष विशेषः। पूर्वोक्तसूत्रकथितज्ञानिजीवस्यात्र पूर्वोक्त पुनरज्ञानिजीवस्य च। तथाहि। वीतरागसहजानन्दैकसुखास्वादरूपः स्वशुद्धात्मैव उपादेय इति रुचिरूपं सम्यग्दर्शनं, तस्यैव परमात्मनः समस्तमिथ्यात्वरागाद्यास्रवेभ्यः पृथग्रूपेण परिच्छित्तिरूपं सम्यग्ज्ञानं, तत्रैव रागादिपरिहाररूपेण निश्चलचित्तवृत्तिः सम्यक्चारित्रम् इत्येवं निश्चयरत्नत्रयस्वरूपं तत्त्रयात्मकमात्मानमरोचमानस्तथैवाजानन्नभावयंश्च मूढात्मा। किं करोति। समस्तं जगद्धर्मव्याजेन ग्रहीतुमिच्छति, पूर्वोक्तज्ञानी तु त्यक्तुमिच्छतीति भावार्थः।।८७।।

---

अब परिग्रहत्यागके व्याख्यानको आठ दोहोंमें कहते हैं—

गाथा--८७

अन्वयार्थ :— [द्वयोः अपिः] ज्ञानी और अज्ञानी इन दोनोंमें [एष विशेषः] इतना ही भेद है, कि [मूढोः] अज्ञानीजन [बहुविधधर्ममिषेण] अनेक तरहके धर्मके बहानेसे [एतद् अशेषम्] इस समस्त [भुवनम् अपि] जगत्को ही [परं] नियमसे [लातुं इच्छति]

लेनेकी इच्छा करता है, अर्थात् सब संसारके भोगोंकी इच्छा करता है, तपश्चरणादि कायक्लेशसे स्वर्गादिके सुखोंको चाहता है, और ज्ञानीजन कर्मोंके क्षयके लिये तपश्चरणादि करता है, भोगोंका अभिलाषी नहीं है।

भावार्थ :— वीतराग सहजानंद अखंडसुखका आस्वादरूप जो शुद्धात्मा वही आराधने योग्य है, ऐसी जो रुचि वह सम्यग्दर्शन, समस्त मिथ्यात्व रागादि आस्रवसे भिन्नरूप उसी परमात्माका जो ज्ञान, वह सम्यक्ज्ञान और उसीमें निश्चल चित्तकी वृत्ति वह सम्यक्चारित्र, यह निश्चयरत्नत्रयरूप जो शुद्धात्माकी रुचि जिसके नहीं, ऐसा मूढ़जन आत्माको नहीं जानता हुआ, और नहीं अनुभवता हुआ जगत्के समस्त भोगोंको धर्मके बहानेसे लेना चाहता है, तथा ज्ञानीनज समस्त भोगोंसे उदास है, जो विद्यमान भोग थे, वे सब छोड़ दिये और आगामी वाँछा नहीं है, ऐसा जानना।।८७।।

---

તેના પછી તે જ મહાસ્થળમાં આઠ ગાથાસૂત્રો સુધી પરિગ્રહત્યાગના કથનની મુખ્યતાથી ત્રીજું અંતરસ્થળ શરૂ કરે છે.

તે આ પ્રમાણે :—

ભાવાર્થ :— એક (કેવળ) વીતરાગ સહજાનંદરૂપ સુખના આસ્વાદરૂપ સ્વશુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ સમ્યગ્દર્શન, તે જ પરમાત્માનું સમસ્ત મિથ્યાત્વ, રાગાદિ આસ્રવોથી પૃથક્રૂપે પરિચ્છિત્તિરૂપ સમ્યગ્જ્ઞાન અને રાગાદિના પરિહારરૂપે તે જ પરમાત્મામાં નિશ્ચળચિત્તવૃત્તિરૂપ સમ્યક્ચારિત્ર એવા નિશ્ચયરત્નત્રયસ્વરૂપ ત્રયાત્મક આત્માની રુચિ ન કરતો તેમ જ તેને ન જાણતો અને તેને ન ભાવતો મૂઢાત્મા સમસ્ત ગતને ધર્મના બહાનાથી (ભોગવવાના બહાનાથી) ગ્રહણ કરવાને ઈચ્છે છે, જ્યારે પૂર્વોક્ત જ્ઞાની (જગતના સમસ્ત ભોગોને) છોડવા ઈચ્છે છે. ૮૭.

---

## વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૧૦, ગુરુવાર
## તા. ૧૬-૧૨-૧૯૭૬, ગાથા-૮૭, ૮૮,
## પ્રવચન નં. ૧૬૦

... (જ્ઞાની) શુદ્ધ ચૈતન્ય સ્વઆશ્રય, એની ભાવનાવાળો હોય છે. અજ્ઞાની ધર્મને બહાને (અર્થાત્) દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને બહાને એ એના રાગને ઈચ્છે છે, તેમ તેના ફળને પણ ઈચ્છે તો આખા જગતને ઈચ્છે છે એમ કહે છે. એકકોર જ્ઞાનીને આત્મા ગમે છે. અજ્ઞાનીને રાગથી માંડી આખી દુનિયા ગમે છે. આહાહા..! આવી વાત છે.

'અનેક તરહકે ધર્મકે બહાનેસે ઈસ સમસ્ત...' 'भुवनम्' 'જગત્‌કો નિયમસે લેનેકી ઈચ્છા કરતા હૈ,...' દેખો! જેને રાગ, પુણ્યનો રાગ છે એની પણ જેને અભિલાષા છે એને આખા જગતની અભિલાષા છે એમ કહે છે. સમજાય છે કાંઈ? જેને પુણ્યના પરિણામની રુચિ અને અભિલાષ છે, એના ફળ તરીકે આખી દુનિયાની ઈચ્છા છે એને 'भुवनम्' ત્રણ ભુવનની ઈચ્છા છે. આહાહા..! જ્ઞાનીને એક આત્મા આનંદસ્વરૂપ(ની રુચિ છે અને) સમજાય છે કાંઈ? શુભની રુચિ નથી. અને પુણ્ય પરિણામમાં જેની રુચિ છે એને આખા જગતની રુચિ છે. એકકોર રામ અને એક્કોર ગામ. સમ્યગ્દૃષ્ટિને આત્મરામ રુચિ છે. અજ્ઞાની આત્મા સિવાય આખા જગતની રુચિ કરે છે. સમજાય છે કાંઈ?

ધર્મને બહાને એ પુણ્યની ક્રિયા કરે એમાં પુણ્યની ઈચ્છા છે અને પુણ્યની ઈચ્છાને કારણે વ્યવહાર જેટલો છે એ બધાની એને ભાવના છે એમ કહે છે. સમજાય છે કાંઈ? જરી સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ તો એક એક ગાથા ઊંચી ચડાવે છે. આહાહા..! જ્યાં અનંત આનંદ અને અનંત જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે, એવા અનંતગુણનું નિધાન ભગવાનઆત્મા છે. આહાહા..! એની જેને રુચિ છે, જેને એની રુચિ છે. અનંતગુણના ભંડારની ભાવના એને તો છે. અનંતગુણના ભંડારમાંથી અનંત ગુણપર્યાય કાઢવી એવી ભાવના છે. અને જેને ભગવાનઆત્મા આનંદસ્વરૂપ છે એની રુચિ નથી, એ વાત જેને રુચતી નથી, એ વાતનો જેણે આશ્રયભાવ લીધો નથી.. આહાહા..! એને પુણ્ય પરિણામની ઈચ્છા છે તો એને આખા જગતની ઈચ્છા છે એમ કહે છે. રખડવાની ઈચ્છા છે. આહાહા..! સમજાણું કાંઈ? સ્વઆશ્રિતો નિશ્ચય, પરઆશ્રિતો વ્યવહાર. એમ કહે છે ને? સ્વ નામ ચિદાનંદ ભગવાનઆત્મા. પરમાત્મપ્રકાશ છે ને? તો પરમાત્મસ્વરૂપ જે પોતાનું ત્રિકાળી છે, એની જેને રુચિ અને એની રુચિમાં પોષાણ થયું, હવે બીજી વાત એને પોસાતી નથી. આવે છે, પુણ્યાદિ ભાવ થાય છે પણ એનું પોસાણ—રુચિ નથી. આહાહા..!

મુમુક્ષુ :- પરમાત્મા એટલે અરિહંત પરમાત્મા?

ઉત્તર :- આ પરમાત્મા. અરિહંત પરમાત્મા તો એની પાસે રહ્યા. આહા..! અરિહંત પરમાત્મા ક્યાંથી થયા? પરમાત્મા હતા તો એમાંથી થયા. અરિહંત પરમાત્મા, પર્યાય—દશામાં થયા. અને એ દશામાં ક્યાંથી થયા? એનું સ્વરૂપ જ પરમાત્મા હતું. આહાહા..! સ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ જ આત્મા હતો તો એમાંથી પરમાત્માની પર્યાય એન્લાર્જ થઈ. આહા..! અરે..! કાંઈ ખબર ન મળે. આત્મા એટલે શું? કાંઈ નહિ. અને આ બધું ધૂળ ને ધમાહા, પુણ્ય અને પુણ્યના ફળ અને એ બહારના ભભકા, એની અજ્ઞાનીને રુચિ આખા જગતની છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ચાર ગતિનું પરિભ્રમણ કરે એવી રુચિ છે એમ કહે છે. આહાહા..! છે? જુઓ!

'લેનેકી ઈચ્છા કરતા હૈ, અર્થાત્ સબ સંસારકે ભોગોંકી ઈચ્છા કરતા હૈ,... ' આહાહા..! જેને પોતાનો આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદનું નિધાન, એની જેને રુચિ નથી, જેને જેની ભાવના—અંતરની એકાગ્રતા નથી, એને પુણ્યની ઈચ્છા હોવાથી આખા જગતની ઈચ્છા

અને ભોગની ઈચ્છા ચાલે છે. આહાહા..! પોતાના આનંદની ઈચ્છા નથી એને પુણ્યની ઈચ્છામાં બધા ભોગની, બહારના ભોગની ઈચ્છા છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! ધર્મ ચીજ એવી છે, સૂક્ષ્મ છે. આહાહા..!

સ્વઆશ્રિતો નિશ્ચય સત્ય. ભગવાનઆત્મા શુદ્ધ પરમાત્મસ્વરૂપ, સચ્ચિદાનંદ સ્વરૂપ. 'સિદ્ધસ્વરૂપ સદા પદ મેરો.' આવે છે? 'સિદ્ધસમાન સદા પદ મેરો.' આહાહા..! ચેતનરૂપ અનૂપ અમૂર્ત, 'ચેતનરૂપ અનૂપ અમૂર્ત સિદ્ધસમાન સદા પદ મેરો.' બનારસીદાસ કહે છે. આહાહા..! મારું સ્વરૂપ તો સદા સિદ્ધસ્વરૂપ જ છે. છતાં એની રુચિ ન કરતા 'મોહ મહાતમ આતમ અંગ' પરમાં મોહ કર્યો પુણ્યાદિ ભાવમાં. 'મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહા તમ ઘેરૌ.' અજ્ઞાનમાં રાગનો ઘેરો નાખ્યો. આહાહા..! રાગ ઠીક છે, રાગનું ફળ પણ સારું મળશે. ધૂળ મળે સંસારની એ બધું મળવાની ઈચ્છા પાપની ઈચ્છા છે. આહાહા..! સમજાણું કાંઈ ? આખા જગતની ઈચ્છા કરે છે. છે?

**'સંસારકે ભોગોંકી ઈચ્છા કરતા હૈ, તપશ્ચરણાદિ કાયક્લેશસે...'** સાધુ થયો, દીક્ષા લીધી, પંચમહાવ્રત લીધા, મુનિદીક્ષાને યોગ્ય તપસ્યાઓ કરી પણ સમ્યગ્દર્શન નહિ અને પોતાની દૃષ્ટિની રુચિ નથી અને પુણ્યની રુચિ જેને છે, એ **'તપશ્ચરણાદિ કાયક્લેશસે સ્વર્ગાદિકે સુખોંકો ચાહતા હૈ,...'** આહાહા..! એમાંથી પુણ્ય બંધાશે અને એમાં સ્વર્ગ મળશે. મિથ્યાદૃષ્ટિને એવી આશા છે. આહાહા..! સ્વર્ગમાં દુઃખ છે, સ્વર્ગમાં કાંઈ સુખ નથી.

મુમુક્ષુ :- આની કરતા તો ત્યાં સુખ હશે ને?

ઉત્તર :- બધે દુઃખ છે. સામગ્રી અનુકૂળ છે પણ એની ઈચ્છા છે એ દુઃખ છે. ભોગવવાનો ભાવ પણ દુઃખ છે. આહાહા..! બહુ વાત (ઝીણી) પરિભ્રમણ, જન્મ-મરણમાં....

અહીં તો બે જ વાત કરે છે. જેને પરમાત્મા આનંદસ્વરૂપ ભગવાન, પોતાનું નિજસ્વરૂપ સચ્ચિદાનંદ, એની જેને રુચિ છે તો એની ભાવના સ્વરૂપ તરફની છે, એમાં એકાગ્ર થવાની ભાવના છે. અને જેને એ રુચિ નથી અને પુણ્ય પરિણામ કરે છે, અપવાસ, વ્રત કરે, નિયમ કરે કાયક્લેશ (કરે), પણ એ પુણ્યની ઈચ્છા હોવાથી એને ભોગની ઈચ્છા છે. આત્માના અનુભવની નહિ, આ બહારના ભોગની ઈચ્છા છે. આહાહા..!

મુમુક્ષુ :- બીજા જીવોની દયા પાળે એમાં ભોગની ઈચ્છા?

ઉત્તર :- દયા પાળવામાં પણ રાગ છે. રાગમાં ઈચ્છા છે એ ભોગની ઈચ્છા છે. આકરી વાત છે, ભાઈ! પરની દયા પાળવાનો ભાવ છે એ પુણ્ય છે, રાગ છે. નિશ્ચયથી તો સ્વરૂપની હિંસા છે. ઝીણી વાત, બાપુ! ધર્મ અને ધર્મનું ફળ એ અલૌકિક છે. પુણ્ય અને પુણ્યના ફળ લૌકિક સ્વર્ગ આદિ ભોગની ભાવનાવાળા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આટલી આકરી વાત શા માટે કહો છો. કોઈ સરળ (વાત) કહો.

ઉત્તર :- આ સરળમાં સરળ આ છે. થઈ શકે એ આ છે. આકરાનો અર્થ? એણે સાંભળ્યું નથી

અને એને રુચ્યું નથી તેથી આકરું કહે છે. આહાહા..! કેમકે વર્તમાનમાં સંસાર જ આમ ચાલે છે કે, બસ! દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, મુનિપણું લઈ લ્યો, દીક્ષા લ્યો. એ બધી ક્રિયાઓ તો રાગની છે. આહાહા..! અને રાગની જેને રુચિ છે એને પુણ્યની રુચિ (છે) અને પુણ્યની રુચિ છે એને આખા જગતની રુચિ છે. આપણે છે ને? પુણ્યની રુચિ તેને જડની રુચિ છે. સ્વાધ્યાય મંદિરમાં છે. જેને પુણ્યની રુચિ છે એને જડની રુચિ છે. આહાહા..! ઝીણી વાત, બાપુ! અનંત કાળથી રખડે છે જુઓને આ.

અત્યારે તો જુઓને વ્યાધિઓ. કેન્સરની વ્યાધિ, આ હાર્ટફેઈલની વ્યાધિ. આમ જુવાન માણસ હોય કાંઈ બેઠો હોય ને કાંઈ (ન હોય), ફૂ લ્યો ખલાસ. એ કહેતા હતા મલકાપુરવાળા. બે ભાઈબંધ હતા. બેઠા હતા આમ. અઠ્યાવીસ વર્ષની ઉંમર જુવાન. નખમાં રોગ નહિ. વાત કરતા હતા. કરતા કરતા ઓલો આમ જોવે ત્યાં ફૂ એટલું થયું ત્યાં દેહ છૂટી ગયો. કાંઈ બીજી પીડા કે કાંઈ રોગ નહિ. સ્થિતિ પૂરી થઈ ત્યાં પૂરું. જુવાન માણસ. ભાઈબંધ હતા. એની સાથે વાત કરતા કરતા ફૂ. બસ એટલું. મડદું પડ્યું. ઓહો..! જડની સ્થિતિ પૂરી થવાનો કાળ આવ્યો એને કોણ રોકી શકે? એ સ્થિતિની મુદ્દત એટલી જ છે.

મુમુક્ષુ :- ડોક્ટર લોકો તો ઉપાય કરે ને?

ઉત્તર :- ધૂળમાં... ડોક્ટર મરી ગયા બધા. ડોક્ટર મોટો સર્જન નહિ અહીં? હેમંતકુમાર, ભાવનગર. મોટો હોસ્પિટલનો સર્જન. અહીંયાં આવી ગયા હતા. બે-ત્રણ વાર આવી ગયા. કો'કનું ઓપરેશન કરતા હતા. મને કાંઈક થાય છે. ખુરશીએ બેઠા. દેહ ઊડી ગયો ફડાક દઈને. ઓપરેશન કરતા હતા કો'કનું. ત્યાં ઓપરેશન રહી ગયું એનું. આહાહા..! ફૂ બસ. ખુરશીએ બેઠા અને દેહ છૂટી ગયો. પ્રભાશંકર પાટણીના સગા થતા હતા.

મુમુક્ષુ :- એવી કોઈ બહારની શક્તિ છે.

ઉત્તર :- બહારની શક્તિ શું એ પુણ્યની સ્થિતિ પૂરી થઈ અને શરીરમાં રહેવાની સ્થિતિ પૂરી થઈ તો દેહ છૂટી ગયો. આયુષ્ય હોય ત્યાં સુધી સ્થિતિ છે. પોતાની યોગ્યતા પણ એટલું જ રહેવાની છે. આયુષ્યને કારણે નહિ. એ તો જડ છે, પર છે. નિમિત્તથી કથન કરવામાં આવે છે. પણ એ શરીરમાં રહેવાની યોગ્યતા જ એટલી હતી, બસ. ફટ દેહ છૂટીને ચાલ્યો જાય. ઢોરમાં, પશુમાં ચાલ્યો જાય. આહાહા..!

મુમુક્ષુ :- ચૈતન્યમાં ન ચાલ્યો જાય?

ઉત્તર :- ચેતનનું ભાન ક્યાં છે? આહાહા..!

અરે..! પ્રભુ! ચૈતન્ય-લક્ષ્મી જેમાં, ભગવાન પરમાત્મા સર્વજ્ઞ જિનવરદેવ એમ કહે છે કે તારી અંદરમાં નિધાન એટલું પડ્યું છે કે જેમાંથી અનંત આનંદ પર્યાયમાં નીકળે તોપણ આનંદ કદી ખૂટે નહિ. આહાહા..! અખૂટ ભંડાર. એવો ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનું નિધાન, એની જેને રુચિ નથી. અને પુણ્ય પરિણામ થાય એની જેને રુચિ છે, એને

આખા જગતની રુચિ છે. જ્ઞાનીને આત્માની રુચિ છે અને આખા જગતની રુચિ નથી. આહાહા..! આવી વાતું ભારે. કર્યું નથી, અભ્યાસ નહિ અને સાંભળવા મળે નહિ. આ દુનિયાની હોળી આખો દિ', આ કરવું ને આ કરવું ને આ કરવું ને આ કરવું. કરવું ત્યાં મરવું. ક્ષણે ક્ષણે ભાવમરણ થાય છે. આત્માની શાંતિ સળગે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે, '**જ્ઞાનીજન કર્મોંકે ક્ષયકે લિયે તપશ્ચરણાદિ કરતા હૈ,...**' એ અંદરના શુદ્ધોપયોગની રમત કરવામાં એ તપસ્યા કરે છે એમ કહે છે. '**ભોગોંકી અભિલાષા નહીં હૈ.**' જ્ઞાનીને સંયમ હો, ચારિત્ર હો, એની રમણતા હૈ, એને ભોગની ઇચ્છા નથી. પુણ્યની ઇચ્છા નથી પછી ભોગની ઇચ્છા ક્યાંથી આવી? બહુ કઠણ. ઝીણી વાત લાગે માણસને. પહેલું આ કરો ને આ કરો. વ્રત કરો ને અપવાસ કરો, જાત્રા કરો, ભક્તિ કરો તો કલ્યાણ થશે. ધૂળેય થશે નહિ. આહાહા..! તારી ચીજ અંદર સચ્ચિદાનંદ પ્રભુ, જિનવરદેવ સર્વજ્ઞદેવ એમ કહે છે તારા નિધાન ઉપર તારી નજર કદી ગઈ નથી. આહાહા..! અને તારી ચીજ નથી એવા પુણ્યાદિ પરિણામ, એનું ફળ એ તારી ચીજ નથી એમાં તારી રુચિ ગઈ. આહાહા..! તેથી ચાર ગતિમાં પરિભ્રમણ થયું. આહાહા..! જોયું! '**તપશ્ચરણાદિ કરતા હૈ, ભોગોંકા અભિલાષી નહીં હૈ.**' ધર્મીને તો આનંદની અભિલાષા છે. અંદર આનંદમાં રમવું. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એનું જેને સમ્યક્ થયું તો એમાં જ રમવાની ભાવના છે. આહાહા..!

'**ભાવાર્થ :— વીતરાગ સહજાનંદ અખંડસુખકા આસ્વાદરૂપ જો શુદ્ધાત્મા...**' લ્યો! આ વ્યાખ્યા આવી. અંદર આ શુદ્ધ આત્મા કેવો છે? ઓહો..! વીતરાગ સહજાનંદ. રાગરહિત સ્વભાવિક આનંદસ્વરૂપ ભગવાનઆત્મા છે. આહાહા..! એ સુખને માટે બહાર વલખા મારે છે. પૈસામાં સુખ ને ભોગમાં સુખ ને આબરુમાં સુખ. આહાહા..! સમજાણું કાંઈ? '**વીતરાગ સહજાનંદ...**' એમ. સહજ આનંદ છે પણ કેવો? કે વીતરાગી સહજાનંદ. આહાહા..! '**અખંડસુખકા...**' અખંડસુખ આનંદ પોતાનો. આહાહા..! એના '**આસ્વાદરૂપ...**' એના અનુભવરૂપ '**જો શુદ્ધાત્મા...**' '**અખંડસુખકા આસ્વાદરૂપ જો શુદ્ધાત્મા...**' આહાહા..! એ શુદ્ધાત્મા તો અખંડ આનંદનો સ્વાદ આવે એ આત્મા છે. આહાહા..! જુઓ! આ યોગીન્દ્રદેવ મુનિ થયા ૧૩૦૦ વર્ષ પહેલા, એમણે આ બનાવ્યું છે. ટીકા બીજાએ કરી.

વીતરાગ ભગવાનઆત્મા અંદર. રાગ નામ પુણ્યના વિકલ્પથી પણ રહિત અને વીતરાગ સહજાનંદ પ્રભુ. અરે..! કેમ બેસે? બહારની જરીક અનુકૂળતા-સગવડતા દેખીને રાજી રાજી થઈ જાય. આહાહા..! એને આત્મામાં આનંદ છે એ કેમ બેસે? આહાહા..! મિથ્યાદૃષ્ટિ અનાદિથી પોતાના આનંદની રુચિ નથી કરી અને પુણ્યની રુચિ અને પાપની રુચિમાં ક્રિયા કરીને પરિભ્રમણ ચોર્યાસીમાં અનંત અવતાર કર્યા. આહાહા..!

'**વીતરાગી સહજાનંદ...**' સ્વભાવિક આનંદ આત્મામાં (છે). '**અખંડસુખકા...**' અખંડસુખ છે, એકરૂપ સુખ (છે) આત્મા. આહાહા..! એનો '**આસ્વાદરૂપ જો શુદ્ધાત્મા...**' જોયું! એના

અનુભવરૂપ શુદ્ધાત્મા. '**વહી આરાધને યોગ્ય હૈ,...**' આહાહા..! ધર્મી જીવને એ આત્મા આરાધવા યોગ્ય છે. પુણ્ય અને પુણ્યના ફળ ને એ આરાધવા યોગ્ય નથી. આહાહા..! એ સેવન કરવા યોગ્ય નથી. આહાહા..! આવી ઝીણી વાતું. અમેરિકામાં તો અબજોપતિ ઘણા છે. દુઃખી છે બિચારા. અબજોપતિ ઘણા છે. પછી હવે નીકળ્યા છે ને કો'ક નામ કાંઈક? હરે કૃષ્ણ... હરે કૃષ્ણ... હરે કૃષ્ણ... લૂગડા પહેરીને બાવા. એમાં શું હશે. હરે કૃષ્ણ કોને કહેવા એની ખબર ન મળે. આહા..!

આત્માર્થીએ શું કરવા લાયક છે? ધર્મીને શું કરવા લાયક છે? આહાહા..! કે વીતરાગ સહજ આનંદસ્વરૂપ, વીતરાગી સ્વભાવિક આનંદસ્વરૂપ એનો અનુભવ, એ શુદ્ધાત્મા જ આરાધવા યોગ્ય છે. એ રીતે '**શુદ્ધાત્મા વહી આરાધને યોગ્ય હૈ,...**' આહાહા..! પણ હજી શુદ્ધ આત્મા કેવો છે એની ખબર નથી, આરાધે ક્યાંથી? ભગવાનઆત્મામાં અનંત આનંદ પડ્યો છે. વીતરાગી અનંત અપરિમિત. જેમ જ્ઞાનનો પ્રકાશ પડ્યો છે એવો અતીન્દ્રિય અનંત અપરિમિત આનંદ પડયો છે. આહાહા..! બહારમાં તો ધૂળમાં પણ ક્યાંય આનંદ નથી. આહાહા..! અબજો રૂપિયા હોય તોપણ દુઃખી છે બિચારા. આહાહા..!

એક કલાકના બે કરોડની પેદાશ. ન આવ્યું? ઈરાક દેશ નાનો છે પણ પેટ્રોલના કૂવા નીકળ્યા. દેશ નાનો. પેટ્રોલના કૂવા. એક કલાકમાં બે કરોડની ઊપજ છે. એક દિવસના અડધા અબજની ઊપજ છે. આઠ રૂપિયાનો ડોલર કહેતાને? પોણા નવનો કીધો. એટલે પછી અબજ થઈ ગયા. ચોવીસ દુ અડતાલીસ કરોડ એક દિ'ના. બે કરોડ વધી ગયા ઓલા પોણો પોણો રૂપિયો વધારે. અડધો અબજ. એક દિ'ના અડધો અબજ. પચાસ કરોડની પેદાશ એક દિ'ની. મરીને નરકમાં જવાના, ઢોરમાં નહિ. આહાહા..! એટલો બધો પાવર છે એને. આટલા પેદા થયા. અરબમાં અત્યારે પેદાશ છે એવી પેદાશ બીજે ક્યાંય નથી. આહાહા..! છાપામાં આવ્યું હતું એકવાર. એના છોકરાઓ નીકળે મોટરમાં. મોટી મોટરું દસ-દસ લાખ, વીસ-વીસ લાખની મોટરું એક એક. એક કલાકના બે કરોડની ઊપજ એને શું? પુંજી કેટલી એનું ક્યાં માપ છે. છોકરાઓ નીકળે મોટરમાં. એ તો હાંકે રાખે. વચમાં છોકરા આવે, આદમી હોય, ઢોર હોય મરી જાય ભલે. તમે કેમ ન ધ્યાન રાખ્યું? બાદશાહ નીકળ્યા અને બાદશાહનો દીકરો નીકળ્યો. માટે ગુનેગાર તમે છો. આહાહા..! આવા પાવર ફાટી ગયેલા. આહાહા..! હવે એ તો જવાના નરકે, હોં! નરકમાં પહેલી નરકે જાય થોડી ઉંમર. દસ હજાર વર્ષે ન જાય. જાજી ઉંમર મોટી ઉંમરમાં જાય. પલ્યોપમ, સાગરોપમમાં. આહાહા..! એવી સ્થિતિ અનંતવાર કરી છે, ભાઈ! પણ પ્રભુ આત્મા અંતર આનંદનો નાથ ભગવાન સહજાત્મ વીતરાગી સ્વરૂપ (એને જાણ્યો નહિ).

જોયું કેટલું મૂક્યું! વીતરાગી સહજાનંદ. કેમ? કે પર્યાયમાં વીતરાગી અનંત આનંદ જે પ્રગટ્યો ભગવાનને, સર્વજ્ઞ પરમેશ્વરને પર્યાય—દશામાં વીતરાગી સહજ આનંદ પ્રગટ્યો ક્યાંથી? એ અંદર ખાણમાંથી આવ્યો છે. વીતરાગી સહજાનંદ સ્વરૂપ જ એ છે. આહાહા..! અરે..! આ વાત કેમ બેસે? સમજાણું કાંઈ? ભગવાનઆત્મા વીતરાગી સહજાનંદની મૂર્તિ છે. એનું શક્તિ અને સામર્થ્ય

જ એટલું છે. આહાહા..! એવો આત્મા ધર્મી જીવે સેવવા લાયક છે. લ્યો, છે ને આરાધના. આહાહા..! આરાધવા યોગ્ય છે. એની સેવા. સેવા એટલે સ્વરૂપમાં એકાગ્રતા. આહાહા..! આ વાત પકડાય નહિ અને ઓલી બહારની પકડેલી મૂકાય નહિ. એટલે પછી એને રુચિ આવે નહિ. એક લીટીમાં...આહાહા..! જોયું!

**'ઐસી જો રુચિ વહ સમ્યગ્દર્શન,...'** વીતરાગી સહજાનંદ અખંડસુખ એવો જે પરમાત્મા એનો આસ્વાદ, એની રુચિ એનું નામ સમ્યગ્દર્શન. આમ નવ તત્ત્વની રુચિ અને દેવ-ગુરુ-શાસ્ત્રની રુચિ એ સમકિત છે નહિ. આહાહા..! અત્યારે તો એ કહે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (એ સમકિત). પણ દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવા એની ખબરું ન મળે. આહાહા..!

જિનવરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા સો ઈન્દ્રના પૂજનિક પ્રભુ જગત પાસે જાહેર કરે છે.. આહાહા..! પ્રભુ! તું કોણ છો? આહાહા..! શરીર નહિ, વાણી નહિ, મન નહિ, રાગ નહિ, અલ્પજ્ઞપણું નહિ. આહાહા..! એવો જે ભગવાન સર્વજ્ઞસ્વભાવી એને જ્ઞાનમાં ન લેતા આનંદમાં લીધું. કેમકે સહજાનંદ પૂર્ણાનંદનો અનુભવ (થતાં) એને પુણ્ય અને પુણ્યની ભાવના, ફળની ઈચ્છા હોતી નથી. અને જેને પુણ્યના ફળની અને પુણ્યની ઈચ્છા છે, વ્યવહારરત્નત્રયની ઈચ્છા છે એને આનંદના નાથનો અનાદર છે એમ કહે છે. દેવીલાલજી! આવી વાત છે, બાપુ! આહાહા..!

મુમુક્ષુ :— રુચિ અર્થાત્ પરિણમન? રુચિ શબ્દે?

ઉત્તર :— રુચિ-રુચિ પરિણતિ. રુચિની પરિણતિ છે ને રુચિની. સહજાનંદ વીતરાગ પરમ અખંડ સુખ પ્રભુ, એની રુચિનું પરિણમન છે. રુચ્યોને? રુચ્યો ત્યારે પરિણમન થયું ને? આહાહા..! ધર્મીને રાગ રુચતો નથી. દયા, દાન, વ્રતના પરિણામ આવે ખરા, હોય ખરા પણ રુચતા નથી. આહાહા..! એને અલ્પજ્ઞપણું પણ રુચતું નથી. એ તો પૂર્ણાનંદનો નાથ પૂર્ણ વીતરાગ સહજાનંદ. આહાહા..! કાતળી છે. **'ઐસી રુચિ વહ સમ્યગ્દર્શન,...'** છે. એને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. આહાહા..! આખી જિંદગી કાઢી હોય ૬૦-૬૦, ૭૦-૮૦ પણ આ વાત સાંભળી ન હોય એણે. આહાહા..! એને બિચારાને શું? 'મનુષ્યા સ્વરૂપે મૃગા ચરંતિ' મનુષ્યના રૂપે ઢોર જેવા છે એ તો, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ સરસ વાત. ગાથા એક એક ચડિયાતી છે. અમારે ચેતનજી કહે છે કે એક પછી એક ગાથા ચડતી આવે છે. ચેતનજી! નહિ? આહાહા..!

વાત કેવી કરી છે! **'વીતરાગ સહજાનંદ અખંડસુખ...'** એનો જે અનુભવ-આસ્વાદ. એ શુદ્ધાત્મા. આહાહા..! શુદ્ધ સ્વરૂપનું આરાધન, શુદ્ધનું આનંદનું આરાધન, સેવન એ આત્મા. વચ્ચે રાગભાવ (આવે) એ આત્મા નહિ. ચાહે તો દયા, દાન, વ્રત, તપનો ભાવ હો, એ રાગ એ આત્મા નહિ. એમાં આકુળતાનો સ્વાદ છે એમ કહે છે. અને અહીં આનંદનો સ્વાદ છે. આહાહા..! અરે..! આવી વાતું.

એવા આત્માની રુચિ... આહાહા..! અખંડ વીતરાગ આનંદસુખ પ્રભુ, એનો આનંદનો સ્વાદ આવ્યો ત્યારે ખબર પડી કે આ તે આનંદરૂપ છે, એમ કહે છે. એની રુચિમાં આનંદ આવ્યો.

અતીન્દ્રિય આનંદ. જેની પાસે ઇન્દ્રના ઇન્દ્રાસનોના ભોગ સડેલા મીંદડા-બીલ્લી અને કૂતરા જેવા સડેલા લાગે. આહાહા..! ધર્મીને પોતાના આનંદના સ્વાદ આગળ ઇન્દ્રના હજારો કરોડો ઇન્દ્રાણીના ભોગ સડેલા મીંદડા અને કૂતરા જેવા લાગે. આહાહા..! અજ્ઞાનીને એમાં મીઠાશ લાગે છે. આહાહા..! જેને પરભોગમાં મીઠાશ લાગે એ મિથ્યાદૃષ્ટિ અધર્મી અજ્ઞાની છે એમ કહે છે. ભલે એ વ્રત પાળતો હોય અને મુનિ થયો હોય, સાધુ થયો હોય. આહાહા..! પણ પુણ્ય પરિણામમાં જેને મીઠાશ લાગે છે એ મૂઢ અજ્ઞાની છે. સમજાણું કાંઈ?

ભરત ચક્રવર્તીને છ ખંડનું રાજ. છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. આત્માના આનંદની રુચિમાં પરથી રુચિ છૂટી ગઈ છે. આહાહા..! સંયોગ છે. જેટલી આસક્તિ છે એટલું પાપ પણ છે, પણ રુચિ છૂટી ગઈ. આહાહા..! **'ઐસી જો રુચિ વહ સમ્યગ્દર્શન,...'** ભાષા દેખો! સમ્યગ્દર્શન એટલે લોકો કહે, આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો. બાપુ! એમ નથી. એ તો અનંતવાર કર્યું. આહાહા..! પરદ્રવ્યની શ્રદ્ધા અને પરદ્રવ્યને આશ્રયે થાય એ તો બધો રાગ છે. સ્વદ્રવ્યની શ્રદ્ધા જેવો વીતરાગ આનંદમૂર્તિ છે... આહાહા..! આ કઈ જાતની વાત? આ જિનદેવની વાત હશે? આપણે વીતરાગમાર્ગમાં દયા પાળવી, છકાયના જીવને હણવા નહિ, રાત્રે ચોવિહાર કરવો, છપરબી પાળવી, આવું તો ચાલે છે. ધૂળેય નથી સાંભળને. એમાં પુણ્ય પણ સરખા નથી. સમ્યગ્દૃષ્ટિને જે પુણ્ય બંધાય એવું પુણ્ય પણ એને નથી. આહાહા..!

**'સમસ્ત મિથ્યાત્વ રાગાદિ આસ્રવસે ભિન્નરૂપ ઉસી પરમાત્માકા જો જ્ઞાન,...'** હવે જ્ઞાન કોને કહે છે? મોક્ષમાર્ગનું જ્ઞાન. **'સમસ્ત મિથ્યાત્વ રાગાદિ આસ્રવસે ભિન્ન...'** વિપરીત અભિપ્રાય એવા આસ્રવના બંધના કારણરૂપ દુઃખ એવા **'ભિન્નરૂપ ઉસી પરમાત્મા...'** આહાહા..! એવો પરમાત્મા, પોતાનો પરમાત્મા. આહાહા..! એ **'પરમાત્માકા જો જ્ઞાન, વહ સમ્યગ્જ્ઞાન...'** આહાહા..! આ બહારના બધા વકીલાત, ડોક્ટરો ને બધા ભણેલા ગણેલા એ બધા કુજ્ઞાન છે, અજ્ઞાન છે. અહીં તો શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન કહ્યું નથી. પરમાત્માનું જ્ઞાન એ જ્ઞાન. પોતાનો પરમાત્મા, હોં! પર પરમાત્માનું જ્ઞાન એ પણ વિકલ્પ રાગ છે. અરે..! આવી વાત હવે. હવે આ દુનિયામાં વેપાર ધંધા કરવા કે અમારે ક્યાં જાવું? આવું કરવા જાય તો ચાલે નહિ. સંસાર ન ચાલે. સંસાર શું તારાથી ચાલે છે? એ તો એનાથી ચાલે છે એને કારણે. તારી દૃષ્ટિમાં ફેર છે. હું આ બધું સરખું કરું. રળી દઉં આને. ધૂળેય નથી. હોશિયાર મેનેજર બધા પાપના બાંધનારા છે. આહાહા..!

અમારે આણંદજી હતોને એ હોંશિયાર બહુ હતો દુકાનના ધંધામાં. પાલેજ. બાયડી-ભાયડો બે જ હતા. કાંઈ કોઈ હતું નહિ. ઘણી પેદાશ. ઘણીવાર કહ્યું એને ભાઈ! તું કાંઈક છોડ અને નિવૃત્તિ લે. છેવટે શરીર મોળું પડી ગયું તો ઉપાડીને બેસાડે એને. પછી છેવટે એમ કહે, અરે..! મને કોઈએ કહ્યું નહિ. પણ એલા! તને અમે કહેતા હતા ને. ઓલા શું કરવા કહે? તારા સગાવહાલા શું કરવા (કહે)? મફતનો નોકર દુકાને બેસીને પાપ તું કર, અમારે શું છે? એમ છેલ્લે બોલ્યો હતો એ. બહુ વેપારમાં ઓલો. માલ બહુ લાવે. પાલેજની દુકાન. મુંબઈના પાસ લીધેલા. દરરોજ ટિકીટ નહિ

લેવાની. મહિના-મહિનાના પાસ. મહિનામાં ઘણીવાર જાવું-આવવું પડે. આહાહા..! બુદ્ધિવાળો. રખડવાની, હોં! એ છેવટે એમ બોલ્યો પછી જ્યારે શરીર ઉપાડીને મૂકે ત્યારે બેસે. પછી મરતા એમ કહે, અરે..! મને કોઈએ કહ્યું નહિ. મેં આ દુકાને બેસીને એકલા પાપ બાંધ્યા. લાખોની પેદાશ બહારમાં. કોઈએ કહ્યું નહિ. ભાઈ! તને કહ્યું નહોતું અમે? અમે તો ઘણીવાર કહેતા. બધા સ્વાર્થના સગા છે. મારી નાખશે તને. તારું કરવા માંડજે.

મુમુક્ષુ :- ... કરવાનું કહ્યું?

ઉત્તર :- એ શેના કહે? મફતનો નોકર દુકાને આવીને બેસે એમાં શું વાંધો છે. પાપ બાંધે છે એ. અને મરી જાય તો એ ક્યાં ગયો એને માટે રોવે છે કોઈ? મરી ગયો એનો બાપ કે એનો ઘણી મરી જાય એ નરકમાં ગયો હશે કે ઢોરમાં એની માટે રોવે છે? અમારી વર્તમાન સગવડતા જાય તેને એ રોવે છે. તું ભલે નરકમાં ગયો હોય, ઢોરમાં ગયો હોય. અમારે અહીં ક્યાં નહાવા જાવું છે. આહાહા..! સાચી વાત છે? ઘણી મરી જાય તો બાયડી રોવે છે શું કરવા? સગવડતા ગઈ એની. એ મરીને ઢોરમાં ગયો એને કાંઈ નથી પડી. તમે ગમે કહો, અમારે શું છે? આહાહા..! આવો સંસાર છે. આહાહા..!

અહીંયાં એ કહે છે. એ રુચિ પરની ફેરવી નાખ. પુણ્યના પરિણામની પણ રુચિ ન કર. એના ફળની વાત તો ક્યાં કરવી? આહાહા..! એ નાખે છે આમાં તો. વ્યવહાર રત્નત્રયનો જે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પંચમહાવ્રતના પરિણામ એ બધો રાગ છે એની રુચિ છોડી દે. આહાહા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એનો ખુલાસો એ છે. આહાહા..!

ભગવાન એકકોર રામ અને એકકોર ગામ. આ રામની રુચિ તેને ગામની નહિ અને ગામની રુચિ તેને રામની નહિ. આ એક વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? ભલે છોડી શકે નહિ બહારથી, આસક્તિ રહે પણ રુચિ નહિ. આહાહા..!

'**મિથ્યાત્વ રાગાદિ આસ્રવસે ભિન્નરૂપ ઉસી ભગવાનઆત્માકા...**' મિથ્યાત્વ રાગાદિ રહિત આત્મા પરમાત્મસ્વરૂપ પોતાનું. એ પરમાત્મસ્વરૂપનું જ્ઞાન. આસ્રવ અને મિથ્યાત્વરહિત જે આત્મા એનું જ્ઞાન. આહાહા..! એનું નામ સમ્યગ્જ્ઞાન. એ મોક્ષનો માર્ગ. પોતાનું દર્શન અને પોતાનું જ્ઞાન એ મોક્ષનો માર્ગ. પરની શ્રદ્ધા અને પરનો રાગભાવ એ બંધનો માર્ગ. આહાહા..!

હવે સમ્યક્ચારિત્ર. સમ્યગ્દર્શન કહ્યું, સમ્યગ્જ્ઞાન કહ્યું, સમ્યક્ ચારિત્ર. '**ઉસીમેં...**' એટલે આત્મા સહજાનંદ વીતરાગ મૂર્તિ પ્રભુ. '**ઉસીમેં...**' રાગાદિ પરિહાર કરીને. છે અંદર. '**रागादिपरिहाररूपेण**' એટલું રહી ગયું છે. અંદર છે. '**रागादिपरिहाररूपेण निश्चलचित्तवृत्तिः सम्यक्चारित्रम्**' આહાહા..! એ દયા, દાન અને વ્રતના પરિણામથી પણ રહિત. આહાહા..! આત્મામાં રાગાદિરહિત '**નિશ્ચલ ચિત્તકી વૃત્તિ...**' આનંદમાં ચળે નહિ એવી સ્થિરતા... આહાહા..! એનું નામ ચારિત્ર છે. ચારિત્ર કાંઈ નગ્નપણું અને પંચમહાવ્રતના પરિણામ એ કાંઈ ચારિત્ર નથી.

આહાહા..! બધું ચાલે છે એનાથી ઊંધું આવે છે આ. આહાહા..! માર્ગ આવો છે, ભાઈ! શું કીધું? 'रागादिपरिहाररूपेण' રાગાદિના ત્યાગરૂપ અને 'निश्चलचित्तवृत्तिः' અંદર સ્થિરતારૂપ. રાગાદિનો ત્યાગ અને સ્વરૂપમાં સ્થિરતા. આનંદના નાથમાં ભગવાનઆત્મામાં સ્થિરતા, ચિત્તની સ્થિરતા.. આહાહા..! એનું નામ સમ્યક્ચારિત્ર છે. છે? જુઓ!

**'निश्चल चित्तकी वृत्ति...'** જ્ઞાનની પરિણતિ નિશ્ચલ સ્થિર **'वह सम्यक्चारित्र, यह निश्चयरत्नत्रयरूप जो शुद्धात्माकी रुचि जिसके नहीं,...'** આહાહા..! જેને ભગવાન આનંદમૂર્તિ પ્રભુ વીતરાગ સહજાનંદ સ્વભાવ, એની જેને રુચિ નથી. છે? **'ऐसा मूढजन आत्माको नहीं जानता हुआ,...'** જોયું! રુચિ નથી એને નહિ જાણતો થકો એમ. **'ओर नहीं अनुभवता हुआ...'** તો વિપરીત થયા ત્રણેય. શું કીધું? **'निश्चयरत्नत्रयरूप जो शुद्धात्माकी रुचि जिसके नहीं,...'** આહાહા..! **'ऐसा मूढजन आत्माको नहीं जानता हुआ,...'** ભગવાનપરમાત્મા આનંદની નિધી એની રુચિ નથી તો એને **'नहीं जानता हुआ,...'** રુચિ નથી અને નહિ જાણતો થકો. આહાહા..! **'और नहीं अनुभवता हुआ...'** ચારિત્ર. બે લીધા. આહાહા..!

સહજાનંદ વીતરાગ પ્રભુ આત્માનો સ્વભાવ, એની જેને રુચિ નથી અને પુણ્યની રુચિ છે... આહાહા..! એને પરમાત્મા રાગાદિ રહિત છે એનું જ્ઞાન નથી અને એના સ્વરૂપનો અનુભવ નથી. આનંદનો અનુભવ નથી થયો. **'जगतके समस्त भोगोंको धर्मके बहानेसे लेना चाहते है,...'** આહાહા..! **'जगतके समस्त भोगोंको धर्मके बहानेसे... '** એ પુણ્યની ક્રિયાના બહાને. અમે ધર્મ કરીએ છીએ, પુણ્ય કરીએ છીએ, દયા પાળીએ છીએ, વ્રત કરીએ છીએ. એવા ધર્મને બહાને સ્વભાવની રુચિ, જ્ઞાનને છોડી દઈને.. આહાહા..! **'धर्मके बहानेसे लेना चाहता है,...'** પાઠમાં છે હોં એ. **'बहु विह-धम्म-मिसेण'** છે ને? **'धम्म-मिसेण'** શબ્દ છે મૂળ પાઠમાં. ધર્મને બહાને. આહાહા..!

એકકોર ભગવાનઆત્મા સહજાનંદ અખંડ સુખનો ભંડાર પ્રભુ, એવા ભગવાનની જેને રુચિ નથી, એનું જેને જ્ઞાન નથી, એનો અંતરમાં અનુભવ નથી તો બહારના પદાર્થની ઇચ્છા પુણ્યની કરીને જગતની ઇચ્છા કરે છે. આહાહા..! એ વસ્તુમાં નથી, વસ્તુમાં નથી એ ચીજની ઇચ્છા કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? નિશ્ચયસમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન વિના જે કાંઈ વ્રત અને તપ આદિ કરે એ બધું બાળ અજ્ઞાન વ્રત અને અજ્ઞાન તપ છે. એ વાતની તો ખબર ન મળે અને કરો વ્રત ને કરો બ્રહ્મચર્ય લ્યો, આ કરો, તે કરો. હોળી બધી છે ત્યાં રાગની. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બરાબર છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હોય છે. વીતરાગતા ચોથે ગુણસ્થાનથી પ્રગટ થાય છે. આખા જગતની રુચિ હટી ગઈ અને ભગવાન આનંદના નાથની રુચિ થઈ. વીતરાગનો અંશ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્વરૂપઆચરણ

ચોથે વીતરાગતા અંશે છે. આહાહા..! બહુ ફેર છે ભાઈ, શું થાય? માર્ગ તો આ છે. પરિભ્રમણ કરીને થાક લાગ્યો નથી એને. ચોર્યાસીના અવતાર કરી કરીને મરી ગયો છે. આહાહા..! અબજોપતિ અનંતવાર થયો. સો વાર માગે અને એકવાર કવળ મળે એવો ભિખારી પણ અનંતવાર થયો. એ કોઈ ચીજ નવી નથી.

પોતાના આનંદનો નાથ ભગવાન વીતરાગી અનાકુળ શાંતરસ—ઉપશમરસ, અકષાય સ્વભાવરસ, ભગવાન અકષાયસ્વભાવ રસની રુચિ નથી, એનું જ્ઞાન નથી, એમાં લીનતા, અનુભવ નથી. આહાહા..! એ '**જગતકે સમસ્ત ભોગોંકો ધર્મકે બહાનેસે લેના ચાહતા હૈ,...** ' આહાહા..! એ પુણ્યની ક્રિયા કરીને ભોગની અભિલાષામાં... પુણ્યની ઈચ્છા એ ભોગની અભિલાષા છે, જડની અભિલાષા છે. આહાહા..! દયા, દાન, વ્રતના વ્યવહારરત્નત્રયનો રાગ છે એ પુણ્ય છે, પુણ્યની રુચિ એ જડ છે. એને તો ભોગની ઈચ્છા છે. સંસારના અનુકૂળ ભોગો જે પાપના કારણ છે એને ઈચ્છે છે.

'**તથા જ્ઞાનીજન સમસ્તભોગોંસે ઉદાસ હૈ,...** ' જુઓ! આહાહા..! ધર્મી જીવ તો રાગથી માંડીને બધા ભોગોથી ઉદાસ છે. એ મારી ચીજ નહિ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને પણ રાગની રુચિ નથી તો ભોગની રુચિ ક્યાંથી હોય? આહાહા..! આસક્તિનો રાગ હોય, પણ રુચિ નથી. એને જ્ઞેય તરીકે હેય તરીકે જાણે છે. આહાહા..! વાતું ભારે ભાઈ! '**ઉદાસ હૈ, જો વિદ્યમાન ભોગ થે, વે સબ છોડ દિયે...**' ધર્મીને તો વર્તમાન અનુકૂળતા અબજોપતિની હો તો દૃષ્ટિમાંથી છૂટી ગઈ. એ મારી સગવડતા નથી, મારી લક્ષ્મી નથી. '**સબ છોડ દિયે ઔર આગામી વાંછા નહીં હૈ,...**' ભોગની વાંછા કે ભાવની વાંછા છે? આનંદ સ્વરૂપની ભાવના છે કે ભોગની ભાવના છે? આહાહા..! '**ઐસા જાનના.**' ઓહોહો..!

કેટલી જ્ઞાની-અજ્ઞાનીની વાતમાં બેમાં મોટો ફેર કાઢ્યો. એ વ્રત ને તપ ને ભક્તિનો જે રાગ છે એ રાગ છે, એ રાગની રુચિ છે એને બધા ભોગની રુચિ છે અને જેને આત્માની રુચિ છે એને સર્વ વર્તમાન ભોગની રુચિ છૂટી ગઈ, ભવિષ્યના ભોગની ભાવના છે નહિ. આહાહા..! આવો ઉપદેશ આ કઈ જાતનો છે! આહાહા..! અરે..રે..! દુઃખી પ્રાણી છે બિચારા. દુઃખી-દુઃખી. એ અબજોપતિ દુઃખી, દેવો દુઃખી, શેઠિયાઓ દુઃખી. દુઃખમાં પડ્યા છે આખા. પચી ગયા છે.. પચી ગયા છે. આનંદના નાથને જેણે રુચિમાં લીધો નથી એ બધા દુઃખમાં પચ્યા છે. આહાહા..! એ ૮૭ ગાથા થઈ.

---

## ગાથા-૮૮

अथ शिष्यकरणाद्यनुष्ठानेन पुस्तकाद्युपकरणेनाज्ञानी तुष्यती, ज्ञानी पुनर्बन्धहेतुं जानन् सन् लज्जां करोतीति प्रकटयति—

२१५) चेल्ला-चेल्ली-पुत्थियहिँ तूसइ मूढु णिभंतु।
एयहिँ लज्जइ णाणियउ बंधहँ हेउ मुणंतु।।८८।।
शिष्यार्जिकापुस्तकैः तुष्यति मूढो निर्भ्रान्तः।
एतैः लज्जते ज्ञानी बन्धस्य हेतुं जानन्।।८८।।

शिष्यार्जिकादीक्षादानेन पुस्तकप्रभृत्युपकरणैश्च तुष्यती संतोषं करोति। कोऽसौ। मूढः। कथंभूतः। निर्भान्तः एतैर्बहिर्द्रव्यैर्लज्जां करोति। कोऽसौ। ज्ञानी। किं कुर्वन्नपि। पुण्यबन्धहेतुं जानन्नपि। तथा च। पूर्वसूत्रोक्तसम्यग्दर्शनचारित्रलक्षणं निजशुद्धात्मस्वभावश्रद्धानो विशिष्टभेदज्ञानेनाजानंश्च तथैव वीतरागचारित्रेणाभावयंश्च मूढात्मा। किं करोति पुण्यबन्धकारणमपि जिनदीक्षादानादिशुभानुष्ठानं पुस्तकाद्युपकरणं वा मुक्तिकारणं मन्यते। ज्ञानी तु यद्यपि साक्षात्पुण्यबन्धकारणं मन्यते परंपरया मुक्तिकारणं च तथापि निश्चयेन मुक्तिकारणं न मन्यते इति तात्पर्यम्।।८८।।

---

गाथा--८८

अन्वयार्थ :— [मूढः] अज्ञानीजन [शिष्यार्जिकापुस्तकैः] चेला चेली पुस्तकादिकसे [तुष्यति] हर्षित होता है, [निर्भ्रान्तः] इसमें कुछ संदेह नहीं है, [ज्ञानी] और ज्ञानीजन [एतैः] इन बाह्य पदार्थोंसे [लज्जते] शरमाता है, क्योंकि इन सबोंको [बंधस्य हेतुं] बंधका कारण [जानन्] जानता है।

भावार्थ :— सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यक्चारित्ररूप जो निज शुद्धात्मा उसको न श्रद्धान करता, न जानता और न अनुभव करता जो मूढ़ात्मा वह पुण्यबंधके कारण जिनदीक्षा दानादि शुभ आचरण और पुस्तकादि उपकरण उनको मुक्तिके कारण मानता है, और ज्ञानीजन इनको साक्षात् पुण्यबंधन के कारण जानता है, परम्पराय मुक्ति के कारण मानता है। यद्यपि व्यवहारनयकर बाह्य सामग्रीको धर्मका साधन जानता है, तो भी ऐसा मानता है कि निश्चनयसे मुक्तिके कारण नहीं हैं।।८८।।

---

હવે, શિષ્ય કરવા આદિના કાર્યથી અને પુસ્તક આદિના ઉપકરણથી અજ્ઞાની સંતોષ પામે છે અને જ્ઞાની તેને બંધનો હેતુ જાણતો થકો (તેમનાથી) લજ્જા પામે છે, એમ હવે કહે છે :—

ભાવાર્થ :— પૂર્વસૂત્રમાં કહેલા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રસ્વરૂપ નિજશુદ્ધઆત્મસ્વભાવને નહિ શ્રદ્ધતો, વિશિષ્ટ ભેદજ્ઞાનથી નહિ જાણતો તેમ જ વીતરાગચારિત્રથી નહિ ભાવતો, મૂઢાત્મા જિનદીક્ષા આપવી વગેરે શુભ અનુષ્ઠાનને

**અને પુસ્તક વગેરે ઉપકરણને પુણ્યબંધનું કારણ અને પરંપરાએ મુક્તિનું કારણ માને છે. જ્ઞાની સાક્ષાત્ પુણ્યબંધનું કારણ અને પરંપરાએ મુક્તિનું કારણ માનતા હોવા છતાં પણ નિશ્ચયથી તેમને મુક્તિનું કારણ માનતા નથી. ૮૮.**

---

**ગાથા-૮૮ ઉપર પ્રવચન**

૮૮. હવે કહે છે, '**આગે શિષ્યોંકા કરના,...**' દીક્ષા-બીક્ષા દેવી એ તો શુભભાવ છે. '**પુસ્તકાદિકા સંગ્રહ કરના,...**' પુસ્તકો બનાવવા અને સંગ્રહ કરવા. આહાહા..! '**ઈન બાતોંસે અજ્ઞાની પ્રસન્ન હોતા હૈ,...**' અજ્ઞાની એ વાતમાં પ્રસન્ન થાય છે. શિષ્યને બનાવવા, પુસ્તકાદિના સંગ્રહ કરવા એમાં અજ્ઞાની પ્રસન્ન થાય છે. આહાહા..! '**જ્ઞાનીજન ઈનકો બંધકે કારણ જાનતા હુઆ...**' દીક્ષા દેવી એ શુભભાવથી બંધનું કારણ છે. પોતાનો વિકલ્પ છે એ શુભ બંધનું કારણ છે. આહાહા..! પુસ્તકનો સંગ્રહ કરવો એ તો પરદ્રવ્ય છે. આહાહા..! ક્યાથી ક્યાં લઈ જાય છે જુઓ હળવે-હળવે. '**જ્ઞાનીજન ઈનકો બંધકે કારણ જાનતા હુઆ...**' અજ્ઞાની એમાં પ્રસન્ન થાય છે. અમારી પાસે લાખો પુસ્તકો, સેંકડો શિષ્યો (છે). આહાહા..! અજ્ઞાની એમાં પ્રસન્ન થાય છે. જ્ઞાની એમાં લજ્જાય છે. પાઠ એ છે, હોં! છે ને? ૮૮ છે ને? '**एयहिँ लज्जइ**' છે બીજો શબ્દ. '**लज्जइ**' ઓલો '**तूसइ**' ઓલું '**लज्जइ**' એમ બે લેવું. આહાહા..! સંતોના શબ્દો દિગંબર મુનિઓના. દિગંબર મુનિ એટલે આહાહા..!

શિષ્યોને કરવા. સેંકડો શિષ્યો થયા અમારે તો. '**પુસ્તકાદિ સંગ્રહ કરના,...**' ગામો ગામ કબાટ ભર્યા છે અમારા પુસ્તકના. '**ઈન બાતોંસે અજ્ઞાની પ્રસન્ન હોતા હૈ,...**' આહાહા..! '**જ્ઞાનીજન ઈનકો બંધકે કારણ જાનતા હુઆ ઈનસે રાગભાવ નહીં કરતા, ઈનકે સંગ્રહમેં લજ્જાવાન હોતા હૈં—**' ભાષા છે. અરે..! પરદ્રવ્ય અમારા ક્યાં? શિષ્ય અને પુસ્તક તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી લજ્જા કરે છે. અમારું પરદ્રવ્ય તો લજ્જા છે. આહાહા..! અજ્ઞાની એમાં રાજી થાય. અમારા આટલા શિષ્યો, આટલા અમને માનનારાઓ, આટલા અમે પુસ્તકના સંગ્રહ કર્યા. આહાહા..! આવું છે. એક એક ગાથા ચડિયાતી છે, ચડાવતા જાય છે.

૨૧૫) चेल्ला-चेल्ली-पुत्थियहिँ तूसइ मूढु णिभंतु।
एयहिँ लज्जइ णाणियउ बंधहँ हेउ मुणंतु।।८८।।

દીક્ષા દેવી અને પુસ્તક સંગ્રહ એ બંધનું કારણ. વિકલ્પ છે ને?

મુમુક્ષુ :— મહોત્સવ થાય છે. દીક્ષાનો તો મહોત્સવ કરે.

ઉત્તર :— મહોત્સવ કરે. એ તો શુભભાવ છે. દીક્ષા દેવાનો ભાવ એ શુભ છે, પુણ્ય છે. દીક્ષા એને થાય ચારિત્ર એ તો એને થાય. અને દેવાનો ભાવ પરદ્રવ્યને એ તો રાગ છે. આહાહા..! વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે. એ વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૧૧, શુક્રવાર
## તા. ૧૭-૧૨-૧૯૭૬, ગાથા-૮૮-૮૯,
## પ્રવચન નં. ૧૬૧

પરમાત્મપ્રકાશ, ૮૮ ગાથા ચાલે છે ને? ફરીને. 'मूढः' '**અજ્ઞાનીજન ચેલા ચેલી પુસ્તાકિદકસે હર્ષિત હોતા હૈ,...**' આહાહા..! ચેલા ચેલી અને પુસ્તક એ બધું પરદ્રવ્ય છે. પરદ્રવ્યને લઈને જે સંતોષ માને છે. આહાહા..! છેલ્લામાં છેલ્લી વાત કરી. '**અજ્ઞાનીજન ચેલા ચેલી પુસ્તકાદિકસે હર્ષિત...**' 'तुष्यति' સંતોષ માને છે કે અમારે ઘણા શિષ્યો, ઘણા પુસ્તકો. આહાહા..! એ તો પરવસ્તુ છે. એની પ્રાપ્તિથી જે સંતોષ માને છે એ અજ્ઞાની મૂઢ છે. આહાહા..! સંસારી જેમ પૈસા સ્ત્રી, કુટુંબ પરિવાર પામીને જેમ સંતોષ માને છે. સમજાય છે કાંઈ? સંસારી પ્રાણી જેમ સ્ત્રી, શરીર, કુટુંબ, પરિવાર, લક્ષ્મી એ પામીને એમ માને છે કે અમને કાંઈક મળ્યું. એ મૂઢ જીવ છે—મિથ્યાદૃષ્ટિ. પરવસ્તુની પ્રાપ્તિમાં આત્માને શું? આહાહા..! એમ અહીંયાં સાધુ થઈને શિષ્યો ઘણા કર્યા અને પુસ્તકો ઘણા બનાવ્યા. એમાંથી પોતાને સંતોષ થાય. એ તો પુણ્યબંધના કારણ છે. આહાહા..! દીક્ષા દેવી બીજાને એ પણ પુણ્યબંધનું કારણ છે. અને દીક્ષાના પંચમહાવ્રતના ભાવ આદિ એ પણ પુણ્યબંધનું કારણ છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ ઘણો.

મુમુક્ષુ :- આપની પ્રભાવના ઘણી થાય છે.

ઉત્તર :- પ્રભાવના શેની? બહારમાં થાય છે કે અંદરમાં? આહાહા..! પરદ્રવ્યને લઈને... ભગવાનઆત્મા તો પરદ્રવ્યથી ભિન્ન ચીજ છે. એને તો શરીરનો, વાણીનો પણ સંબંધ નથી. અરે..! એમાં પુણ્ય-પાપના પરિણામ થાય એનો એને સંબંધ નથી. એ તો વિકાર છે. ભગવાનઆત્મા તો વીતરાગી છે. અરે..! એણે કોઈ દિ' તત્ત્વ શું છે એની દૃષ્ટિ કરી નહિ, એનો આશ્રય લીધો નહિ. રખડી મર્યો એમ ને એમ અનાદિ કાળથી ચોર્યાસીના અવતારમાં. આહાહા..!

મુમુક્ષુ :— આપ દ્વારા ખુલ્લુ થયું.

ઉત્તર :— આ વસ્તુસ્થિતિ (છે).

ચિદાનંદ ભગવાન શુદ્ધાત્મા આનંદકંદ એ એનો પરિગ્રહ છે. બહારના પરિગ્રહ એ મારા,... સાધુને એમ કીધું છે જુઓને! '**અજ્ઞાનીજન ચેલા ચેલી પુસ્તકાદિકસે હર્ષિત હોતા હૈ,...**' ચેલા વધાર્યા, ચેલી વધી ને પુસ્તકોના પટારા ભર્યા. આહાહા..! એ તો પરચીજ છે. એનાથી સંતોષ માને છે. આહાહા..! '**ઈસમેં કુછ સંદેહ નહીં હૈ,...**' અજ્ઞાની એમાં સંતોષ માને છે. આહાહા..!

'**જ્ઞાનીજન ઈન બાહ્ય પદાર્થોંસે શરમાતા હૈ,...**' આહાહા..! એને એમ કહે કે આ તમારા ચેલા, આ તમારા પુસ્તકો. અરે..! પુસ્તક, ચેલા આત્માને ક્યાં છે? પરવસ્તુથી એની શોભા

બતાવનારથી તો લાજે છે, લજ્જા થાય છે. આહાહા..! આત્મા અંદર નિરાળી ચીજ છે ભગવાનસ્વરૂપ આનંદકંદ અંદરના પુણ્ય, દયા, દાન, વ્રતના પરિણામથી પણ ભિન્ન છે. એને વ્રતના પરિણામનો સંગ નિશ્ચયથી છે જ નહિ. વ્યવહારે એની પર્યાયમાં છે, નિશ્ચય એના સ્વભાવમાં એ છે નહિ. આહાહા..! અરે..! જેને ધર્મ કરવો અને જન્મ-મરણ રહિત થવું હોય એને તો આ વાત છે. બાકી તો બધા રખડી મરે છે અનાદિથી. દીક્ષા પણ અનંતવાર લીધી, પંચમહાવ્રત પણ અનંતવાર પાળ્યા, એ કોઈ ચીજ નથી. આહાહા..! એ દીક્ષાના પરિણામ, પંચમહાવ્રતના પરિણામ રાગના એનાથી ભિન્ન ભગવાન છે. આહાહા..! એની જ્યાં સુધી દૃષ્ટિ અને એનો આશ્રય ન કરે ત્યાં સુધી રખડવાના બધા રસ્તા છે. આવું છે. છે?

પરવસ્તુથી જ્ઞાનીને શરમ આવે છે કે આ તારી? અરે..! અમારી વસ્તુ ક્યાંથી? અમે તો આત્માના આનંદમાં છીએ એ આત્મા છે. આહાહા..! આટલા ચેલા કર્યા ને આટલી ચેલી કરી. સમજાણું કાંઈ? આહાહા..! આટલા પુસ્તકો કર્યા, આટલા મંદિરો બનાવ્યા. પરવસ્તુને અને આત્માને શું સંબંધ છે? ભાઈ! આહા..! એ પરવસ્તુથી એની શોભા, પ્રશંસા કરનારથી તો એ લાજે છે, લજ્જા થાય છે કે અરે..! આ અમારી ચીજ નહિ ને આ શું કહે છે? આવો માર્ગ છે ઝીણો.

**'लज्जते'** **'ક્યોંકિ ઈન સબોંકો બંધકા કારણ જાનતા હૈ.'** દીક્ષા દેવી, દીક્ષાનો ભાવ પંચમહાવ્રતાદિ એ બધા બંધના કારણ છે. પુસ્તકો લાખો, કરોડો બનાવવા એમાં એનો શુભભાવ હોય તો એ બંધનું કારણ છે.

મુમુક્ષુ :— આચાર્ય તો નિષેધ કરે છે અને શિષ્ય તો હોય છે.

ઉત્તર :— એ પોતે માનતા નથી. હું તો આનંદ છું. વિકલ્પ આવે છે એના એ જાણનાર રહે છે. આહા..! ઝીણી વાત બાપુ! વીતરાગમાર્ગ જિનવરદેવ કેવળી પરમાત્મા જિનવરનો માર્ગ બીજે ક્યાંય છે નહિ. આહાહા..! આ તો વીતરાગમાર્ગ છે. જેમાં રાગરહિત વીતરાગતા ઉત્પન્ન થાય તેનું નામ ધર્મ છે. આહાહા..! એ પંચમહાવ્રત ને દીક્ષા ને પુસ્તકો એ બધા બંધના કારણ છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :— પરવસ્તુ કાંઈ બંધનું કારણ હોય?

ઉત્તર :— બંધનું નિમિત્ત છે ને. બંધનું નિમિત્ત છે ઈ. આહાહા..! પુણ્યબંધના કારણ છે ને? પુણ્યબંધના કારણ છે એમાં એ નિમિત્ત છે. આહાહા..!

**ભાવાર્થ :— 'સમ્યગ્દર્શન,...'** આત્મા શુદ્ધ ચિદાનંદ ભગવાન જિનવર પરમેશ્વર તીર્થંકરે કહ્યો, એ આત્મા તો સમ્યક્ શુદ્ધ ચૈતન્યઘન છે. એને રાગનો પણ સંબંધ નથી તો શરીર, વાણી, મન ને જડ તો પરવસ્તુ છે. આહાહા..! એવો જે આત્મા શુદ્ધ ચૈતન્ય નિર્મળાનંદ અનાકુળ આનંદકંદ એવો આત્મા જિનેવરે કહ્યો તે, પરમેશ્વરે કહ્યો એ, અજ્ઞાનીઓ આત્મા.. આત્મા કરે એ નહિ. આત્મા તો બધાય ઘણા કહે છે અન્યમતિઓ પણ. પણ એને આત્મા કેવો છે એ જોયો નથી, જાણ્યો નથી.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે.. આહાહા..! જોયો છે, જાણ્યો, અનુભવ્યો છે અને પ્રગટ કર્યો છે. એવો જે આત્મા એ અનાકુળ આનંદ અતીન્દ્રિય જ્ઞાનમૂર્તિ એ આત્મા છે. આહાહા..! એની પ્રતીત અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન છે. આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે એ સમ્યગ્દર્શન નથી. આહાહા..! વસ્તુ પરમાનંદની મૂર્તિ પ્રભુ અનાકુળ શાંતરસનો કંદ આત્મા, એના સન્મુખ થઈને એનો આશ્રય લઈને, એનું જ્ઞાન કરીને એમાં પ્રતીત થવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું સોપાન. આહાહા..! અરે..! જગતને ક્યાં પડી છે, મારું શું થશે? હું ક્યાં જઈશ અહીંથી? એ તો અનાદિઅનંત છે. એ કંઈ આત્મા, શરીરના નાશે નાશ થાય એવો નથી. તો જાશે ક્યાં? જેને પોતાનું માન્યું એને છોડશે નહિ, એટલે એનો સંયોગ થાશે એને. સંયોગમાં જાશે રખડવા. આહાહા..!

જેણે આત્મા પૂર્ણ નિર્વિકલ્પ અભેદ ચૈતન્યઘન, અનંત ચૈતન્યના પ્રકાશનું પૂર, ચૈતન્યના તેજનું પૂર પ્રભુ આત્મા.. આહા..! એ કેમ બેસે? કોઈ દિ' ખબર ન મળે. એવા આત્માની અંદરમાં સ્વભાવની સન્મુખ થઈને, સ્વભાવ એટલો છે એવડો છે, અનાકુળ આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનમય જેનો સ્વભાવ છે (એવા) સ્વભાવની સન્મુખ થઈને પ્રતીતિ—સમ્યગ્દર્શન એનું નામ કહેવામાં આવે છે. આહાહા..! સંયોગોમાંથી લક્ષ છોડી, રાગ થાય દયા, દાનનો એનું પણ લક્ષ છોડી, એક સમયની પર્યાયની અલ્પજ્ઞતા તેનું પણ લક્ષ છોડી. આહાહા..! અરેરે..! એણે કોઈ દિ' પોતાની દયા પાળી નહિ. હેં! પરની દયા પાળવા નીકળી ગયા. કોણ પાળે પરની? પરનું કરે કોણ?

અહીંયા તો કહે છે, સમ્યગ્દર્શન.. આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન ભગવાન, અલ્પજ્ઞ પણ નહિ ત્યાં રાગ અને નિમિત્ત તો ક્યાં રહ્યા? ઈ કહે છે જુઓ! '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ જો નિજ શુદ્ધાત્મા ઉસકો ન શ્રદ્ધાન કરતા,...**' એની શ્રદ્ધા તો કરતો નથી. આહાહા..! આ દીક્ષાના ભાવ, મહાવ્રતના ભાવ પુણ્યના એની શ્રદ્ધા કરે છે. ઈ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— શુદ્ધાત્મા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ છે?

ઉત્તર :— હા. ચારિત્રરૂપ જો નિજ શુદ્ધાત્માનું શ્રદ્ધાન કરતો નથી. ત્રિકાળી તો એ જ છે વસ્તુ. પરિણતિમાં થાય એ વર્તમાન છે. આહાહા..! ખરેખર તો ભગવાનઆત્મા સમ્યગ્દર્શન ત્રિકાળી સ્વરૂપ જ છે. ત્યારે એની સમ્યગ્દર્શનની પર્યાય આવે છે ને. સમ્યગ્દર્શનની પર્યાય, એ સમ્યગ્દર્શન પૂર્ણસ્વરૂપ ભગવાનઆત્મા છે. એમાંથી સમ્યગ્દર્શનની પર્યાય આવે છે. આહાહા..! આવું પણ ક્યાં નવરા છે? ધંધાના પાપ આડે નવરો ન મળે એક તો જાણે. ચોવીસ કલાકમાં વીસ કલાક તો ન્યાં પાપમાં જાય એના. રળવું ને ભોગ ને વિષય ને આબરુ ને કીર્તિ. હવે એમાં એકાદ કલાક મળે સાંભળવા જાય ત્યાં મળે બીજું. આ કરો, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો ધર્મ થશે. એ લૂંટાઈ ગયા બિચારા. કુગુરુએ લૂંટી નાખ્યા. આહા..! શ્રીમદ્ કહે છે ઈ, ઘણો વખત એમાં જાય, એકાદ કલાક સાંભળવાનું મળે, કુગુરુ લૂંટી લ્યે એને બિચારાને. આહાહા..! એનો કાળ મળ્યો એ ચાલ્યો જશે. આહાહા..!

જ્ઞાની તો એને એમ કહે.. આહાહા..! ભાઈ! પરના સંગમાં તો તને જે રાખવાનો ભાવ, પરની સેવા બાવીસ કલાક કરે એ તો બધું પાપ છે, પણ અમારી વાત સાંભળતા જે તને થાય એ પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..! એમાંથી સાંભળવાનો વિકલ્પ છે એનાથી ભિન્ન પડીને તારો સ્વભાવ છે તેની સન્મુખ જો. અમારી સન્મુખ જોવું છોડી દે. આહાહા..! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ એમ કહે, અમારી સામું જોવું છોડી દે. અમારી સામું જોતા, અમે પરદ્રવ્ય છીએ તો તને રાગ થશે. આહાહા..! આવે છે? સોગાનીમાં આવે છે. ન્યાલચંદભાઈમાં. શેઠ! દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં એ આવે છે. ભગવાન એમ કહે. વીરચંદભાઈ! દ્રવ્યદૃષ્ટિપ્રકાશ આવ્યું છે કે નહિ? છે? ત્યાં આપ્યું છે કે નહિ? એમાં છે આ બોલ. ભગવાન એમ કહે.

સોગાની ન્યાલચંદભાઈ થયા. ઘણા લાખોપતિ. એક રાતમાં સમકિત પામ્યા હતા અહીં. એક રાતમાં! ધ્યાનમાં બેઠા. અહીં વાત કરી, ભાઈ! રાગ છે એ પર છે. એ આત્માનું સ્વરૂપ નહિ. એમાં ચોંટ લાગી. વાંચેલું ઘણું, ગૃહસ્થ મોટા, ઘણા લાખોપતિ. ઘણું વાંચેલું. બાવા, જોગીનો ઘણો સંગ કર્યો. આપણું રસોડાનું સ્થાન છે ને? શું કહેવાય ઈ? સમિતિ. એમાં રાત, સાંજથી તે સવાર સુધી બેઠા ધ્યાનમાં. આ શું? રાગ આત્માનો નહિ, વિકલ્પ ઉઠે એ આત્માનો નહિ. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે એ રાગ આત્મામાં નહિ. એક ધ્યાનમાં સાંજથી સવાર (બેઠા). સમ્યગ્દર્શન, રાગથી ભિન્ન પાડીને ઉઠી ગયા. એક રાતમાં! આત્માના આનંદનો સ્વાદ.. આહાહા..! છતાં એ કોઈને કંઈ કહે નહિ. સમજાણું કાંઈ?

એણે એમ કહ્યું છે કે ભગવાન એમ કહે, હે જીવ! તું મારી સામું જોવું છોડી દે, મારી સામું જોતા તો તને રાગ થશે. પુણ્યના પરિણામ થશે. એ તો બંધનું કારણ છે. આહાહા..! તારા સ્વભાવ સન્મુખ જો તો તને અબંધપરિણામ થશે, મોક્ષના કારણના પરિણામ થશે. અરે..! આ શું? સમજાણું કાંઈ? આહાહા..!

'**સમ્યક્ચારિત્રરૂપ જો નિજ શુદ્ધાત્મા ઉસકો ન શ્રદ્ધાન કરતા,...**' આહા..! એની શ્રદ્ધા કરતો નથી. ભગવાન આનંદનો નાથ એનું જ્ઞાન કરતો નથી, '**ન અનુભવ કરતા...**' એનું આચરણ અંદરમાં રમણતા એ કરતો નથી. આહાહા..! એ '**જો મૂઢાત્મા વહ પુણ્યબંધકે કારણ જિનદીક્ષા...**' ગજબ કરી છે ને! જિનદીક્ષા એ પુણ્યબંધનું કારણ. શેઠ! આવી વાત છે. મહાવ્રતાદિના પરિણામ છે ને, દયે ને આમ? એ બધો તો શુભભાવ છે. મુનિની જેટલી ક્રિયાઓ અઠ્યાવીસ મૂળગુણની એ બધી શુભભાવ છે. આહાહા..! અલિંગગ્રહણમાં કહ્યું છે, યતિની બાહ્ય આચારનો જીવસ્વભાવમાં અભાવ છે. પંચમહાવ્રત, પાંચસમિતિ, ગુપ્તિ આદિ એવો જે વિકલ્પ શુભરાગ એ તો છે.

મુમુક્ષુ :— આત્માના સ્વરૂપમાં..

ઉત્તર :— છે ઈ, યતિની ક્રિયા. આહાહા..! ૧૭મો બોલ છે, ૧૭મો બોલ છે. વીસ બોલ છે ને? વીસ. અલિંગગ્રહણના વીસ બોલ છે. ૧૭૨ ગાથા, પ્રવચનસાર. એમાં વીસ બોલ એક

અલિંગગ્રહણમાંથી વીસ બોલ કાઢ્યા છે. એમાં એક ૧૭મો બોલ એવો લીધો, યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે એને આત્મા કહીએ. આહાહા...! અલિંગગ્રહણ. મહાવ્રતના પરિણામ ને સમિતિ, ગુપ્તિના પરિણામથી આત્મા જણાય એવો નથી, એવો એ અલિંગગ્રહણ છે. આહાહા..! આવી વાતું છે, બાપુ! આહાહા..!

મુમુક્ષુ :— તો દીક્ષા લેવી નહિ.

ઉત્તર :— આવે ઈ જુદી વાત છે, પણ અંદર ચારિત્ર આવ્યા વિના બધા થોથા છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વિનાની એ દીક્ષા-બીક્ષા બધી થોથા. કહ્યું નહિ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત લીધા, નગ્ન દિગંબર થયો, પંચમહાવ્રત (લીધા), હજારો રાણીને છોડી પણ અંદર મિથ્યાત્વને છોડ્યું નહિ, આત્મજ્ઞાન ન કર્યું. આહાહા..! શાસ્ત્રજ્ઞાનેય નહિ. અંદર ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્યના તેજનું પુર એનો અનુભવ ન કર્યો. આહાહા..! થોથા નીકળી એની દીક્ષા પણ. સમજાણું કાંઈ?

ઈ અહીં કહે છે, જુઓને! '**પુણ્યબંધકે કારણ જિનદીક્ષા...**' દેનારનો ભાવ પણ શુભ અને પંચમહાવ્રત લેનારના પરિણામ પણ શુભ. આહાહા..! આવો માર્ગ છે. '**દાનાદિ...**' લ્યો, દાન કરવું, દાન. એ મુનિઓને દાન દેવા, ધર્માદામાં દાન આપવું પાંચ-પચ્ચીસ હજાર, પચાસ હજાર એ બધો શુભભાવ છે, એ કંઈ ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ? છે? '**પુણ્યબંધકે કારણ જિનદીક્ષા, પુણ્યબંધકે કારણ દાનાદિ...**' એ શુભ આચરણ છે. આહાહા..! દાન દેવાનો ભાવ એ શુભ આચરણ છે, પુણ્ય છે. એમ બ્રહ્મચર્ય શરીરથી પાળવાનો ભાવ એ શુભપુણ્ય છે. બ્રહ્માનંદ ભગવાન આનંદકંદની અંદર રમવું એનું નામ બ્રહ્મચર્ય. એ સિવાય બ્રહ્મચર્ય બધું શુભભાવનું બંધનું કારણ છે. આહાહા..! આવી વાતું છે. નવા માણસને તો એવું લાગે આ. હવે અહીં તો ઘણા વર્ષ થઈ ગયા, ૪૨ થયા. આ સોનગઢમાં ૪૨ (વર્ષ) થયા. ૪૫એ આવ્યા હતા, ૪૨ થયા, ૮૭ થયા. ૪૫ વર્ષની ઉંમરે અહીં આવ્યા હતા. (સંવત) ૧૯૯૧, ૯૧. ૪૨ આ થયા, ૮૭ થયા. એંસી ને સાત. નેવુંમાં ત્રણ ઓછા. આહાહા..! એટલા કાળથી તો આ વાત કહેવાય છે, અહીં આવ્યા ત્યારથી.

કહે છે, '**ઔર પુસ્તકાદિ ઉપકરણ...**' શિષ્યો, પુસ્તક આદિ ઉપકરણો '**ઉનકો મુક્તિકે કારણ માનતા હૈ,...**' અજ્ઞાની. આહાહા..! લાખ, બે લાખ પુસ્તક બનાવ્યા. અહીં તો આપણે વીસ લાખ પુસ્તક બન્યા છે. સોનગઢથી ચૌદ લાખ, જયપુરથી છ લાખ. આપણા તરફનું છે ને એ પણ. વીસ લાખ પુસ્તક થયા એમાં આત્માને શું? શુભભાવ હોય તો પુણ્યબંધનું કારણ છે.

મુમુક્ષુ :— બીજાને તો લાભ થાય.

ઉત્તર :— બીજાને પણ લાભ નથી એનાથી. એના આત્માનો આશ્રય કરે તો લાભ થાય. કહો, શેઠ! આ તમારું ચૈત્યાલય આવ્યું. શેઠનું છેને ચૈત્યાલય? ન્યાં સાગરમાં નથી? પુસ્તકો ને.. શું કહેવાય આ? મંદિરમાં તમારે.. વેદી વેદી. વેદી કહે છે. એ બધા પુસ્તકો ને વેદી એ તો પુણ્યબંધનું

કારણ છે. આ બધા મંદિરો પણ પુણ્યબંધનું કારણ છે. શુભભાવ હો, અશુભથી બચવા માટે, છે એ પુણ્યબંધનું કારણ. આહાહા..! લોકોને...

મુમુક્ષુ :— અમારી બધી ક્રિયા ઉપર પાણી ફેરવી નાખ્યું.

ઉત્તર :— પાણી ફેરવ્યું? ધૂળેય ધર્મ નહોતો ત્યાં. ધર્મ તો આત્મા રાગથી ભિન્ન પડીને આત્માની દૃષ્ટિ કરે ત્યારે સમ્યગ્દર્શનનો ધર્મ થાય. કહો, દેવીલાલજી! દેવીલાલજી કહે કે આ પરમાત્મપ્રકાશ ઘરે ઘરે જાવું જોઈએ. આવું ઉઘાડું કર્યું. આહાહા..! પ્રભુ! આ તો વસ્તુ... આહાહા..!

મુમુક્ષુ :— પરમાત્મપ્રકાશનું ગુજરાતી ભાવનગરથી છપાય છે.

ઉત્તર :— છપાય છે? ગુજરાતી? ભલે ગુજરાતી. પહેલુંવહેલું છે ને ગુજરાતી? આહા..!

'**પુસ્તકાદિ ઉપકરણ ઉનકો મુક્તિકે કારણ માનતા હૈ,...**' અજ્ઞાની. '**ઔર જ્ઞાનીજન ઈનકો સાક્ષાત્ પુણ્યબંધકે કારણ જાનતા હૈ,...**' જ્ઞાની હોં, સમ્યગ્દૃષ્ટિ છે તે. જેને સમ્યગ્દર્શન છે, આત્માનું જ્ઞાન છે, રાગથી ભિન્ન પડી એકલા ચૈતન્યની શ્રદ્ધા ને જ્ઞાન થયું છે એ જ્ઞાનીને આવા ભાવ વર્તમાન સાક્ષાત્ પુણ્યબંધનું કારણ છે. છે? '**પરમ્પરાય મુક્તિકે કારણ માનતા હૈ.**' પછી રાગને ટાળીને મોક્ષ જશે.

મુમુક્ષુ :— રાગને ટાળીને આમાં નથી કહ્યું.

ઉત્તર :— ટાળીને એનો અર્થ ઈ થયો. અત્યારે દૃષ્ટિ મિથ્યાત્વાદિ ટાળી છે પછી રાગાદિ ટાળીને વીતરાગ થાશે. રાગથી વીતરાગતા થાશે? આહાહા..! છે, મોટી ગડબડ છે મોટી. એ પણ પહેલી સમ્યગ્દૃષ્ટિની તો વાત ન કરે, એના પછી એના પછી એની વાત છે ને. જેને પુણ્યબંધનું કારણ પણ હેય છે.. આહાહા..! એના વાંધા મોટા. પુણ્યને હેય ન કહો. લ્યો. કાલે આવ્યું છે મોટું. દસમા ગુણસ્થાન સુધી રાગ છે. રાગ છે તો શું છે? છે તો હેય છે. ચોથા ગુણસ્થાનથી રાગ હેય છે. અજ્ઞાની એને ઉપાદેય માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :— હેય છે ત્યારે હેયનો પુરુષાર્થ વર્તે છે.

ઉત્તર :— હેય છે ત્યારે છે ને. ન હોય એને... વ્યવહારનય હેય છે એનો અર્થ વ્યવહારનય છે, એનો વિષય છે, સત્ છે ઈ. સત્ એટલે નથી એમ નહિ. પણ હેય છે. આત્માનો નિશ્ચયનય સ્વભાવ તે ઉપાદેય છે અને રાગ તે હેય છે. અજ્ઞાનીને રાગ તે ઉપાદેય છે એને આત્મા હેય છે. એ આમાં આવી ગયું છે, ૩૬ ગાથા, પરમાત્મપ્રકાશ. સમજાણું કાંઈ? આહાહા..! આવો વીતરાગમાર્ગ છે બાપુ! આ તો જિનવરનો માર્ગ છે કેવળી. બિચારા સંપ્રદાયમાં તો સાંભળવા મળ્યો નથી, સાંભળવા મળ્યો નથી. આહાહા..!

કહે છે, આહાહા..! પરંપરાનો અર્થ એ—જેને આત્મજ્ઞાન થયું છે, આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ રાગ છે અને એનાથી ભગવાન ભિન્ન છે. આહાહા..! અને એ સમ્યગ્દૃષ્ટિને જ એવો વિકલ્પ હોય, છતાં એ હેય છે. આહાહા..! આ બધું કાલે આવ્યું છે, લ્યો,

તીર્થંકર પ્રકૃતિ બાંધે. પણ કોને હોય? પહેલું નક્કી તો કર. સમ્યગ્દર્શન વિના એ વિકલ્પ પણ હોય નહિ. એ જાણે છે કે એ હેય છે. ત્યાં તો ત્યાં સુધી લખ્યું, તીર્થંકર પ્રકૃતિ બાંધે ઈ ઉપાદેય છે. પ્રકૃતિ ઉપાદેય છે. અરે.. ભગવાન! લોકોને ખળભળાટ થઈ ગયો છે.

મુમુક્ષુ :— પુણ્યના ફળ ભોગવે છે.

ઉત્તર :— પુણ્યના ફળ ભોગવે છે. અહીં પણ ભોગવે છે એમ કહે છે. કેટલા પુણ્યના આ જુઓને મોટા ૨૬-૨૬ લાખના મકાન. અહીં આવ્યા ત્યારથી ૪૨ વર્ષમાં એક કરોડ રૂપિયા નખાઈ ગયા છે, અહીં સોનગઢમાં એક કરોડ. મંદિર, આ બધા મકાનો બધા થયા છે. એમ કે પુણ્ય ભોગવે છે અને પાછા પુણ્ય નવા પણ કરે છે. પૂજા કરે, ભક્તિ કરે. ભઈ, એ ભાવ આવે, પણ છે હેય. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એ ભાવ આવે પણ એ હેયબુદ્ધિએ આવે. હેયબુદ્ધિએ જ્ઞેય છે. આદરણીયબુદ્ધિએ જ્ઞેય છે એમ નહિ. આહાહા..! એવી વાતું છે. ઓહોહો..!

મુમુક્ષુ :— સોનગઢ પેરીસ છે.

ઉત્તર :— પેરીસ છે. પૈસા બહુ આવેને અહીં. મોટા મોટા કરોડપતિ પૈસા (ખર્ચે). એની સાથે શું સંબંધ છે? એ તો પરવસ્તુ છે. અને એમાં શુભભાવ હોય તો પુણ્યબંધનું કારણ છે. એ કંઈ ધર્મ નથી. આહાહા..! છે?

**'જ્ઞાનીજન ઈનકો સાક્ષાત્ પુણ્યબંધકે કારણ જાનતા હૈ,...'** કોને? જિનદીક્ષા, દાનાદિ શુભઆચરણ, પુસ્તક, ઉપકરણાદિ થવાનો ભાવ. પરંપરા મુક્તિનું કારણ માને છે. અત્યારે મુક્તિનું કારણ નથી, પછી રાગ છૂટશે એટલે મુક્તિનું કારણ કહેવાશે એને. આહાહા..! આવો માર્ગ છે ભાઈ!

મુમુક્ષુ :— હવે અમારી વાત આવી.

ઉત્તર :— એ આવી નથી જરીયે. સમ્યગ્દૃષ્ટિ, પણ પહેલી એની શરત આ. સમ્યગ્દૃષ્ટિ તો ક્યારે થાય? રાગને હેય માને અને સ્વભાવને ઉપાદેય માને ત્યારે. આહાહા..! અરે..! ચોર્યાસીના અવતાર ભાઈ.. આહાહા..!

હમણાં તો કેટલા સાંભળીએ છીએ. હાર્ટ ફેઈલ એક ક્ષણમાં થઈ ગયું, ઢીકણું થઈ ગયું, ફીકણું થયું. આહાહા..! આ કેન્સરના રોગ. કેન્સર હતુંને દીકરીને? ધનજીભાઈ! બેનને-દીકરીને શું હતું? કેન્સર? હેં? કેન્સર હતુંને? હા, સાંભળ્યું હતું, સાંભળ્યું હતું. એ તો ઘણા થાય છે અત્યારે. કાલે બે જણા ગુજરી ગયા, પરમ દિ'. એક આપણા ભોગીભાઈ, ૯૧ વર્ષ. ભોગીલાલ દેરાવાસીના અગ્રેસર. આવતા ને, અહીં આવતા બિચારા. ૯૧ વર્ષ. અને એક આપણે અહીં, બગસરા હતા. શું નામ? નરભેરામ દેવચંદ, ૯૭ વર્ષની ઉંમર, ૯૭ વર્ષ. નરભેરામ આવતા, અહીં આવતા. પણ પછી ન્યાં વડિયા પણ આવ્યા હતા. પણ પછી લોકો આવવા ન દે. શેઠિયો કહેવાયને મોઢા આગળ, ન્યાં જાય તો પછી... પણ એને આવવાનો પ્રેમ બિચારાને. એ પરમ દિ' ગુજરી ગયા, બેય પરમ દિ' ગુજરી ગયાને? શેઠ ભોગીલાલ પણ પરમ દિ' અને આ પણ પરમ દિ'. બગસરા. સ્થાનકવાસી. ભોગીલાલ શ્વેતાંબરના અગ્રેસર. વીસ હજાર માણસ ત્યાં શ્વેતાંબરના.

મુમુક્ષુ :— નરભેરામભાઈ સ્થાનકવાસી.

ઉત્તર :— એ તો છે, ખબર છે. પણ છતાં એ આવનારનો પ્રેમ એટલો. વસ્તુ શું છે, વસ્તુના નિર્ણય વિના... પરમ દિ' એનું શબ નીકળ્યું, શબ પરમ દિ', અહીં ભાવનગર, ભોગીભાઈ અહીં આવતા કાયમ. દસ હજાર માણસ મસાણમાં સાથે. આઠથી દસ હજાર કહેતા હતા. રવિવારે આવ્યા હતા. એટલું માણસ. બધાનું રાખેલું ને, બધે જાય. પણ એમાં આત્માને શું? લાખ માણસ મસાણમાં આવ્યા ને... આ કહે છે, ખરડો થયો મોટો ન્યાં. મસાણમાં ખરડો કરે છે ને? ખરડો સમજો છો? ચંદા. મસાણમાં ચંદા કરે ગાયના ખડ માટે. પાંચ હજાર, દસ હજાર કર્યું હશે. કાલે તો માણસ ઘણું હતું. એમાં આત્માને શું? આહાહા..! આત્મા રાગના વિકલ્પથી પણ ભિન્ન છે એવી જ્યાં સુધી દૃષ્ટિ ન કરે ત્યાં સુધી બધું થોથા છે. જન્મ-મરણના આંટામાં—ફેરામાં જાશે. આહાહા..!

**'યદ્યપિ વ્યવહારનયકર બાહ્ય સામગ્રીકો ધર્મકા સાધન જાનતા હૈ,...'** દેખો! પંચમહાવ્રતાદિને વ્યવહારથી સાધન જાણે. વ્યવહારથી હોં! હેય, હેયને વ્યવહારથી જાણે. નિમિત્ત છે ને. નિમિત્ત કહો, વ્યવહાર કહો. **'વ્યવહારનયકર બાહ્ય સામગ્રીકો ધર્મકા સાધન જાનતા હૈ, તો ભી ઐસા માનતા હૈ...'** દેખો! **'નિશ્ચયનયસે મુક્તિકે કારણ નહીં હૈ.'** આહાહા..!

મુમુક્ષુ :— ... ખલાસ કરી નાખશે.

ઉત્તર :— વસ્તુ તો આ છે ને.

વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા અંદર છે, આત્મા જ વીતરાગસ્વરૂપ છે અંદર. એનો આશ્રય લઈને વીતરાગતા થાય. પરનો આશ્રય લઈને પંચમહાવ્રત આદિ પરિણામ એ તો વ્યવહારનયે સાધન કહેવાય, નિશ્ચયથી મુક્તિનું કારણ નથી, બંધના કારણ છે. આહાહા..! આવી વાતું બહુ ભાઈ! હજી એને ખબરેય ન મળે સાચી ચીજ શું છે અને કેમ થાય. લ્યો, એ ૮૮ થઈ.

---

## ગાથા-૮૯

अथ चट्टपट्टकुण्डिकाधुपकरणैर्मोहमुत्पाध मुनिवराणां उत्पथे [1]पात्यते[?] इति प्रतिपादयति-

२९६) चट्टहिँ पट्टहिँ कुंडियहिँ चेल्ला-चेल्लियएहिँ।
मोहु जणेविणु मुणिवरहँ उप्पहि पाडिय तेहिँ।।८९।।
चट्टैः पट्टैः कुण्डिकाभिः शिष्यार्जिकाभिः।
मोहं जनयित्वा मुनिवराणां उत्पथे पातितास्तैः।।८९।।

चट्टपट्टकुणिडकाधुपकरणैः शिष्यार्जिकापरिवारैश्च कर्तृभूतैर्मोहं जनयित्वा। केषाम्।

---

૧. પાઠાંતર—पात्यते=पात्यन्त

मुनिवराणां, पश्चादुन्मार्गे पातितास्ते तु तैः। तथाहि तथा कश्चिदजीर्णभयेन विशिष्टाहारं त्यक्त्वा लङ्घनं कुर्वन्नास्ते पश्चादजीर्णप्रतिपक्षभूतं किमपि मिष्टौषधं गृहीत्वा जिह्वालाम्पटयेनौषधेनापि अजीर्णं करोत्यज्ञानी इति, न च ज्ञानीति, तथा कोऽपि तपोधनो विनीतवनतादिकं मोहभयेन त्यक्तवा जिनदीक्षां गृहीत्वा च शुद्धबुद्धैकस्वभावनिजशुद्धात्मतत्वसम्यक् श्रद्धानज्ञानानुष्ठानरुपनीरोगत्वप्रतिपक्षभूतम-जीर्णरोगस्थानीयं मोहमुत्पाधात्मनः। किं कृत्वा। किमप्यौषधस्थानीयमुपकरणादिकं गृहीत्वा। कोऽसावज्ञानी न तु ज्ञानीति। इदमत्र तात्पर्यम्। परमोपेक्षासंयमधरेण शुद्धात्मानुभूतिप्रतिपक्षभूतः सर्वोऽपि तावत्परिग्रहस्त्याज्यः। परमोपेक्षासंयमा भावे तु वीतरागशुद्धात्मानुभूतिभावसंयमरक्षणार्थँ विशिष्टसंहननादिशक्त्यभावे सति यधपि तपः-पर्यायशरीरसहकारिभूतमन्नपानसंयमशौचज्ञानोपकरणतृणमयप्रावरणादिकं किमपि गृह्णाति तथापि ममत्वं न करोतीति। तथा चोक्तम्-''सम्येषु वस्तुवनितादिषु वीतमोहो मुह्येद् वृथा किमिति संयमसाधनेषु। धीमान् किमामयभयात्परिहृत्य भुक्तिं पीत्वौषधं व्रजति जातुचिदप्यजीर्णम्।।''।।८९।।

---

आगे कमंडलु, पीछी, पुस्तकादि उपकरण और शिष्यादिका संघ ये मुनियोंको मोह उत्पन्न कराके खोटे मार्गमें पटक देते हैं-

गाथा-८९

अन्वयार्थ :-[चट्टैः पट्टैः कुंडिकाभिः] पीछी, कमंडल, पुस्तक और [शिष्यार्जिकाभिः] मुनि श्रावकरुप चेला, अर्जिका, श्राविका इत्यादि चेली-ये संघ [मुनिवराणां] मुनिवरोंको [मोहं जनयित्वा] मोह उत्पन्न कराके [तैः] वे [उत्पथे] उन्मार्गमें (खौटे मार्गमें) [पातिताः] डाल देते हैं।

भावार्थ :- जैसे कोई अजीर्णके भयसे मनोज्ञ आहारको छोड़कर लंघन करता है; पीछे अजीर्णकी दूर करनेवाली कोई मीठी औषधिको लेकर जिह्वाका लंपटी होके मात्रासे अधिक लेके औषधिका ही अजीर्ण करता है, उसी तरह अज्ञानी कोई द्रव्यलिंगी यती विनयवान् पतिव्रता स्त्री आदिको मोहके डरसे छोड़कर जिनदीक्षा लेके अजीर्ण समान मोहके दूर करनेके लिये वैराग्य धारण करके औषधि समान जो उपकरणादि उनको ही ग्रहण करके उन्हींका अनुरागी (प्रेमी) होता है, उनकी बुद्धिसे सुख मानता है, वह औषधिका ही अजीर्ण करता है। मात्राप्रमाण औषधि लेवे, तो वह रोगको हर सके। यदि औषधिका ही अजीर्ण करे-मात्रासे अधिक लेवे, तो रोग नहीं जाता, उलटी रोगकी वृद्धि ही होती है। यह निःसंदेह जानना। इससे यह निश्चय हुआ

जो परमोपेक्षासंयम अर्थात् निर्विकल्प परमसमाधिरुप तीन गुप्तिमयी परम शुद्धोपयोगरुप संयमके धारक है, उनके शुद्धात्माकी अनुभूतिसे विपरीत सब ही परिग्रह त्यागने योग्य है। शुद्धोपयोगी मुनियोंके कुछ भी परिग्रह नहीं है, और जिनके परमोपेक्षा संयम नहीं लेकिन व्यवहार संयम है, उनके भावसंयमकी रक्षणार्थ व्यवहार संयम है, उनके भावसंयमकी रक्षाके निमित हीन संहननके होनेपर उत्कृष्ट शक्तिके अभावसे यधपि तपका साधन शरीरकी रक्षाके निमित अन्न जलका ग्रहण होता है, उस अन्न जलके लेनेसे मल-मूत्रादिकी बाधा भी होती है, इसलिये शौचका उपकरण कमंडलु, और संयमोपकरण पीछी, और ज्ञानोपकरण पुस्तक इनको ग्रहण करते हैं, तो भी इनमें ममता नहीं है, प्रयोजनमात्र प्रथम अवस्थामें धारते हैं। ऐसा दूसरी जगह ''रम्येषु'' इत्यादिसे कहा है, कि मनोज्ञ स्त्री आदिक वस्तुओंमें जिसने मोह तोड़ दिया है, ऐसा महामुनि संयमके साधन पुस्तक, पीछी, कमंडलु आदि उपकरणोंमें वृथा मोहको कैसे कर सकता है? कभी नहीं कर सकता। जैसे कोई बुद्धिमान पुरुष रोगके भयसे अजीर्णको दूर करना चाहे और अजीर्णके दूर करनेके लिये औषधिका सेवन करे, तो क्या मात्रासे अधिक ले सकता है? ऐसा कभी नहीं करेगा, मात्राप्रमाण ही लेगा ।।८९।।

---

હવે, કમંડળ, પીંછી, પુસ્તક આદિ ઉપકરણો મુનિવરોને મોહ ઉપજાવી ઉન્માર્ગમાં નાખે છે, એમ પ્રતિપાદન કરે છેઃ-

ભાવાર્થઃ- જેવી રીતે કોઈ અજ્ઞાની અર્થાત્ જ્ઞાન વિનાનો (મૂર્ખ અર્થાત્ ડાહ્યો નહિ એવો) અજીર્ણના ભયથી વિશિષ્ટ આહારને છોડીને લંઘન કરે છે. પછી અજીર્ણના પ્રતિપક્ષભૂત (અજીર્ણને દૂર કરનાર) કોઈ સ્વાદિષ્ટ ઔષધ લઈને જીભને લંપટતાથી (સ્વાદનો લોલુપી થઈ અધિક માત્રામાં ઔષધ લઈને) ઔષધથી-જ અજીર્ણ કરે છે તે અજ્ઞાની છે. તેવી રીતે કોઈ તપોધન વિનીત, વનિતા વગેરેને (અજીર્ણરોગસ્થાનીય) મોહના ભયથી છોડીને અને જિનદીક્ષા ગ્રહીને કાંઈ પણ ઔષધસ્થાનીય ઉપકરણાદિને ગ્રહીને શુદ્ધ-બુદ્ધ જ જેનો એક સ્વભાવ છે એવા નિજશુદ્ધાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ જ્ઞાન અને સમ્યગ્ અનુષ્ઠાનરૂપ નિરોગપણાના પ્રતિપક્ષભૂત અજીર્ણરોગસ્થાનીય (અજીર્ણ રોગ સમાન) પોતાને મોહ ઉપજાવે છે. પણ જ્ઞાની તેવો નથી.

અહીં, એ તાત્પર્ય છે કે પરમોપેક્ષાસંયમધારીએ શુદ્ધાત્માનુભૂતિથી પ્રતિપક્ષભૂત બધોય પરિગ્રહ છોડવા યોગ્ય છે અને પરમોપેક્ષાસંયમના અભાવમાં વીતરાગ શુદ્ધાત્માનુભૂતિરૂપ ભાવસંયમના રક્ષણાર્થે વિશિષ્ટ સંહનનાદિ શક્તિનો અભાવ હોતાં, જો કે તપનું સાધન જે શરીર તેના રક્ષાના સહકારીભૂત અન્ન, જળ, સંયમ, શૌચ,

જ્ઞાનના ઉપકરણો કમંડલ, પીંછી અને શાસ્ત્રો ગ્રહે છે તોપણ મમત્વ કરતો નથી. કહ્યું પણ છે કે -'''रम्येषु वस्तुवनितादिषु वीतमोहो मुह्येद् वृथा किमिति संयमसाधनेषु। धीमान् किमामयभयात्परिहृत्य भुक्तिं पीत्वौषधं व्रजति जातुचिदप्यजीर्णम्।।'' (આત્માનુશાસન ૨૨૮) (અર્થ :- હે મુનિ! સ્ત્રી, ધનાદિ મનોજ્ઞ વસ્તુઓથી તું મોહરહિત થઈ ગયો છો તો હવે માત્ર સંયમના સાધનરૂપ એવા આ પીંછી, કમંડલ આદિ વસ્તુઓમાં તું કેમ વ્યર્થ મોહ રાખે છે? કોઈ બુદ્ધિમાન પુરુષો રોગના ભયથી ભોજનનો ત્યાગ કરીને માત્રાથી વધારે ઔષધનું સેવન કરીને શું ફરી અજીર્ણ થાય એવું કદી કરશે? (પીંછી આદિને સંયમની રક્ષાનું માત્ર નિમિત્ત જાણીને તેના પર પણ મોહ કરવા યોગ્ય નથી) ૮૯.

---

## ગાથા-૮૯ ઉપર પ્રવચન

૮૯. 'આગે કમંડલુ,...' મુનિ મુનિ હોય દિગંબર એને કમંડળ હોય. '**પીછી, પુસ્તકાદિ ઉપકરણ ઔર શિષ્યાદિકા સંઘ યે મુનિયોંકો મોહ ઉત્પન્ન કરાકે ખોટે માર્ગમેં પટક દેતે હૈં**—' સારું કમંડળ ને સારી પીંછી—મોરપીંછી, મુનિને ઈ હોયને. કમંડળ પાણીનું, પીછી દયાનું, પુસ્તક શાસ્ત્રનું અને શિષ્ય આદિનો સંઘ. અર્જિકા, સાધુ, અર્જિકા, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. '**યે મુનિયોંકો મોહ ઉત્પન્ન કરાકે...**' આ મારા શિષ્યો, અમે આટલા કર્યા. આહાહા..! એ પરપદાર્થનો મોહ ઉત્પન્ન કરાવીને.. આહાહા..! '**ખોટે માર્ગમેં પટક દેતે હૈં.**' ઊંધે માર્ગે ચાલ્યા જાશે. આહાહા..! આટલા શિષ્યો કર્યા, આટલા પુસ્તકો બનાવ્યા, ધર્મશાસનની અમે આટલી પ્રભાવના કરી છે. શેની પ્રભાવના? બહાર થાતી હશે કે અંદર?

મુમુક્ષુ :— પુસ્તક આદિમાં ચશ્મા આવે કે નહિ?

ઉત્તર :— શિષ્યાદિમાં બધું (આવે). ચશ્મા હોય નહિ મુનિને. મુનિને ચશ્મા હોય નહિ. વસ્ત્રનો ટુકડો ન હોય તો વળી ચશ્મા ક્યાંથી લાવ્યા? ચશ્મા તો પચ્ચીસ-પચાસ રૂપિયાના થાતા હશે. મુનિને ચશ્મા હોય નહિ.

મુમુક્ષુ :— પુસ્તક શેનાથી વાંચે?

ઉત્તર :— વાંચે ક્યાંથી? કરી લે સંથારો. આંખે ન દેખી શકે તો ઈર્યા સમિતિ નહિ થાય. સંથારો કરી દ્યે, મુનિ સાચા સંત હોય ઈ. સમાધિ મરણ લઈ લ્યે. ઊભા ઊભા આહાર લેવાની શક્તિ હોય એવી .. સમજાય છે? ત્યાં સુધી રહે. આંખમાં દેખાતું હોય બરાબર, ઈર્યા સમિતિ ચાલતા ચાલતા તો છોડી દે. આહાહા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— કીધું ને, સંથારો કરી નાખે. આહાહા..! માર્ગ બાપા, મુનિનો માર્ગ તે કંઈ... આ તો

નગ્નમુનિની વાત ચાલે છે હોં! આ વસ્ત્રવાળા એ તો મુનિ છે જ નહિ. આ તો નગ્નપણું હોય, પંચમહાવ્રતના પરિણામ હોય, એ વ્યવહારે નિમિત્ત સાધન કહેવાય. આહાહા..! નિશ્ચયનયે તો એ બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો વસ્ત્રનો એક ટુકડો રાખીને, અમે મુનિ છીએ, એમ મનાવે એ મિથ્યાદષ્ટિ ઘોર સંસારમાં રખડશે. આહાહા..! એવો માર્ગ વીતરાગનો છે ભાઈ! આહા..! ૮૯.

૨૯૬) चट्टहिँ पट्टहिँ कुंडियहिँ चेल्ला-चेल्लियएहिँ।
मोहु जणेविणु मुणिवरहँ उप्पहि पाडिय तेहिँ।।८९।।

આહાહા..! ક્યાં જતું પડે છે, કહે છે.

**અન્વયાર્થ :-- 'પીછી, કમંડલ, પુસ્તક ઔર મુનિ શ્રાવકરૂપ ચેલા, અર્જિકા, શ્રાવિકા ઈત્યાદિ ચેલી—યે સંઘ મુનિવરોંકો મોહ ઉત્પન્ન કરાકે...'** એ અમારા છે, અમે કર્યા છે, એટલા કર્યા, જુઓ! અમારો સંપ્રદાય. આહાહા..! મારી નાખશે, કહે છે. બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહી ગયું, એ તો એનામાં હતું જ ક્યાં અને એના છે જ ક્યાં, એ તો એને કારણે આવ્યા ને એને કારણે જાય બિચારા.

મુમુક્ષુ :— આનું પણ એમ છે, એને કારણે આવે ને એને કારણે જાય.

ઉત્તર :— આ પણ એને કારણે આવે ને જાય, પણ માને છે કે મેં કર્યા બધા. જુઓ! આટલા સમુદાયનો હું આચાર્ય છું. આહાહા..!

**'મુનિવરોંકો...'** ભાષા લીધી **'મુનિવરાણાં'**. હેં! **'મોહ ઉત્પન્ન કરાકે વે ઉન્માર્ગમેં (ખોટે માર્ગમેં) ડાલ દેતે હૈં.'** આહાહા..! ત્યાં રોકાઈ જશે, અંદરમાં જશે નહિ હવે ઈ. એમ કહે છે. ખોટો માર્ગ. વિકલ્પનો માર્ગ. દીક્ષા આપી ને આ કર્યા ને તે કર્યા ને ધમાલો મોટી, હાદીને હોદ્દે દીક્ષાઓ, લ્યો. આહાહા..! એમાં થયું શું? કહે છે. અંદર ભગવાનઆત્મા રાગથી ભિન્નને જાણ્યો નહિ, રાગથી ભિન્નની દૃષ્ટિ, અનુભવ કર્યો નહિ. એના બહારના ઠાઠમાઠથી તને શું લાભ થયો? આહાહા..!

મુમુક્ષુ :— લૌકિક બધી માન્યતા ઊંધી લાગે છે.

ઉત્તર :— બધી ઊંધી માન્યતા જ છે. આવું છે. બાયડી, છોકરા છોડે, કુટુંબ છોડે, પાછો અહીં કુટુંબ બનાવે કે આ મારા ચેલા છે ને આ મારી ચેલ્યું છે.

મુમુક્ષુ :— આ અમારું ક્ષેત્ર છે.

ઉત્તર :— ક્ષેત્ર છે, આ મારું ક્ષેત્ર છે માટે મારે ધ્યાન રાખવા જાવું જોઈએ. આ ગોંડલનું, આ બોટાદનું. કોના ક્ષેત્ર છે? ક્ષેત્ર ક્ષેત્રના છે, તારા ક્યાંથી આવ્યા? આહાહા..! શ્રીમદ્‌માં પણ આવે છે. પોતાના ક્ષેત્રમાં પોતાનો સંપ્રદાય હોય એને જાળવવા માટે ત્યાં ચોમાસા કરવા, ત્યાં રહેવું. શ્રીમદ્‌માં આવે છે. મારી નાખશે. બાપુ! તારી ચીજ તો ભિન્ન છે. ત્યાં એ ચેલા, ચેલી ને ક્ષેત્ર આવ્યા ક્યાંથી? એ તો પરચીજ છે. આહાહા..! આવું સાંભળવા મળતું નથી બિચારાને એ ક્યાં જાય? આહાહા..!

'(ખોટે માર્ગમેં) ડાલ દેતે હૈં.' દૃષ્ટાંત આપે છે.

ભાવાર્થ :— **'જૈસે કોઈ અજીર્ણકિ ભયસે...'** લાડવા ને ચૂરમું ખાધું હોય ને અજીર્ણ થઈ ગયું હોય. અજીર્ણને કારણે **'મનોજ્ઞ આહારકો છોડકર...'** એ મેસબ ને બરફી બહુ ખાઈને અજીર્ણ થઈ ગયું હોય તો એ છોડી દે. **'લંઘન કરતા હૈ, પીછે અજીર્ણકી દૂર કરનેવાલી કોઈ મીઠી ઔષધિ...'** એમાં મીઠી ઔષધિ એને રોગના ઔષધ તરીકે મળી. એ મીઠી ઔષધિની .. લેવા માંડ્યું તો એનું અજીર્ણ થયું. સારી આ નથી કોઈ કહેતા? આ દવા છે ને આ.. બાયોકેમિક બધી મીઠી દવા એકલી. હોમિયોપેથી ગોળી આવે છે ને મીઠી. પણ બીજું આમાં બતાવે કે તમારે આના ઉપર આ ખાવું. થોડો શિરો ખાવો, ફલાણું ખાવું, ઢીકણું ખાવું. મોસંબી ને કેરી ખાવી. કેરી ખાઈને અજીર્ણ કરે પાછો. એમ કહે છે. **'મીઠી ઔષધિકો લેકર જિહ્વાકા લંપટી હોકે...'** આહાહા..! **'માત્રાસે અધિક લેકે...'** મર્યાદાથી અધિક ઔષધિ લઈને **'અજીર્ણ કરતા હૈ,...'** ઔષધિનું અજીર્ણ કરે. એ દાખલો આપશે .. ઉપર.

**'ઉસી તરહ અજ્ઞાની કોઈ દ્રવ્યલિંગી... '** નગ્નપણું ધારણ કર્યું છે. **'દ્રવ્યલિંગી યતી વિનયવાન્ પતિવ્રતા સ્ત્રી આદિકે મોહકે ડરસે છોડકર...'** મોહના ડરથી પતિવ્રતા સ્ત્રી, પુત્ર, કુટુંબ છોડી દીધું. **'જિનદીક્ષા લેકે અજીર્ણ સમાન મોહકે દૂર કરનેકે લિયે વૈરાગ્ય ધારણ કરકે ઔષધિ સમાન જો ઉપકરણાદિ ઉનકો હી ગ્રહણ કરકે... '** ઉપકરણો વિશેષ લેવા માંડ્યા તો એનું અજીર્ણ થઈ ગયું એને. આહાહા..! છે ને? ઔષધિ સમાન જો ઉપકરણ ઉપકરણ બહારના.

મુમુક્ષુ :— વૈરાગ્ય ધારણ કરવો ઔષધિ છે?

ઉત્તર :— આ પણ ઔષધિ છે. વૈરાગ્ય ધારણ કરે એ નહિ પણ ઉપકરણ એ ઔષધિ છે. ઔષધિ ઉપકરણ છે. એ મર્યાદા વિના વિશેષ લેવા માંડ્યો. પુસ્તકો રેશમના ઓલાથી બાંધવા, કમંડળને શણગારવું, મોરપીછીને.. આ રાખે છે ને ભટ્ટારકો, રૂપાના અને સોનાના ઓલા કરે એના. ઘડિયાળ રાખે. આહાહા..! એનું અજીર્ણ થઈ ગયું. ઉપકરણનું અજીર્ણ થઈ ગયું. જેમ ઓલાને ઔષધનું અજીર્ણ થઈ ગયું. મીઠાશના ખાવાથી અજીર્ણ થઈ ગયું એ અજીર્ણને માટે મીઠી ઔષધિ લીધી. એ મીઠી ઔષધિનું અજીર્ણ થયું, ખૂબ લીધું એટલે. આહાહા..! એવી આવે છે કંઈક દવા, ટોપરાપાક ને એવું કાંઈક એ આપે. બે રૂપિયાભાર લેજો એમ કહે. એને ઠેકાણે પા શેર, પા શેર ઉપાડે ટોપરાપાક. સમુકુ એનું અજીર્ણ થાય પછી. આહાહા..!

**'ગ્રહણ કરકે ઉન્હીંકા અનુરાગી (પ્રેમી) હોતા હૈ,...'** ઔષધનો. એમ ઉપકરણનો પ્રેમી થાય છે **'ઉનકી વૃદ્ધિસે સુખ માનતા હૈ,...'** ઉપકરણાદિની વૃદ્ધિથી સુખ માને છે **'વહ ઔષધિકા હી અજીર્ણ કરતા હૈ.'** એ ઔષધિનું અજીર્ણ કરે છે. આહાહા..! **'માત્રાપ્રમાણ ઔષધિ લેવે, તો વહ રોગકો હર સકે.'** મર્યાદા પ્રમાણે ઔષધિ હોય તો રોગને હરે. **'યદિ ઔષધિકા હી અજીર્ણ કરે—માત્રાસે અધિક લેવે, તો રોગ નહીં જાતા,...'** મીઠી ઔષધિ

જ વધારે ખાય તો રોગ ન જાય, સમુકુ અજીર્ણ થાય એમ કહે છે. **'ઉલટી રોગકી વૃદ્ધિ હો જાતી હૈ. યહ નિઃસંદેહ જાનના.'**

**'ઈસસે યહ નિશ્ચય હુઆ જો પરમોપેક્ષાસંયમ અર્થાત્ નિર્વિકલ્પ પરમસમાધિરૂપ તીન ગુપ્તિમયી પરમ શુદ્ધોપયોગરૂપ સંયમકે ધારક હૈં,...'** અંદરમાં શુદ્ધોપયોગમાં ઠરે છે એને વાસ્તવિક મુનિપણું હોય છે. નિશ્ચય મુનિપણું. આહા..! **'ઉનકે શુદ્ધાત્માનુભૂતિકી અનુભૂતિસે વિપરીત...'** આહાહા..! આત્મા શુદ્ધ ચૈતન્યની અનુભૂતિ, આનંદનું વેદન. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ એની અનુભૂતિ અતીન્દ્રિય આનંદનું વેદન, એનાથી વિપરીત. આહાહા..! **'વિપરીત સબ હી પરિગ્રહ ત્યાગને યોગ્ય હૈ.'** આહાહા..! એને તો ઉપકરણનું નિમિત્તપણું પણ છોડવાલાયક છે. જેને અંતરમાં શુદ્ધોપયોગમાં ઠરે છે પરમોપેક્ષાસંયમ.. આહાહા..! એણે તો એ ઉપકરણ પણ છોડ્યા છે. આહા..! શુદ્ધોપયોગી. નિર્વાણસાગરનો પત્ર આવ્યો છે. તમને મળ્યો છે? ઉદયપુર. અહીં પત્ર આવ્યો છે કાલે. ઈ અહીં આવવાના છે દસ-બાર દિ'માં. ગિરનાર ગયા છે. આવવાના છે. કાલે કાગળ હતો. નિર્વાણસાગર દિલ્હી હશે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સાતમે શુદ્ધોપયોગ, ચોથે નહિ? વાહ!

મુમુક્ષુ :— ચોથાવાળાને શુદ્ધ પરિણતિ નથી રહેતી.

ઉત્તર :— શુદ્ધ પરિણતિ ચોથે તો રહે છે. વાહ! તોય કહે છે, ઉદ્દેશિક આહાર લે એ દોષ છે એમ એ માને છે. ઠીક, આવશે, અહીં આવવાના છે. અરે..! શુદ્ધોપયોગ વિના સમ્યગ્દર્શન ક્યાંથી? શુદ્ધોપયોગમાં સમ્યગ્દર્શન થાય છે. સાતમે શુદ્ધોપયોગ. કહો! મુનિપણું શુદ્ધોપયોગને ગ્રહણ કરવાથી થાય. પાઠ તો ઈ છે. મુનિ શુદ્ધોપયોગને ગ્રહણ કરે છે. મોક્ષમાર્ગપ્રકાશક, પ્રવચનસારની પાંચ ગાથા. દયા, દાન, વ્રતના પરિણામ તો શુભરાગ છે, એ કંઈ મુનિપણું નથી. આહાહા..! શુદ્ધોપયોગ અંદરમાં થયો એનું નામ મુનિપણું છે. છઠ્ઠે પણ શુદ્ધોપયોગ એટલે ભલે લીનતા-એકાગ્રતા ન હોય, પણ શુદ્ધ પરિણતિ છે, વીતરાગી પરિણતિ જે છે તે મુનિપણું છે. મહાવ્રતનો વિકલ્પ આવે એ રાગ છે, અચારિત્ર છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઠીક, આવી વાત છે. સાંભળ્યું નથીને, સાંભળ્યું નથી. આહાહા..! દ્રવ્યસંગ્રહની ૪૭મી ગાથામાં તો એમ કહ્યું, ધ્યાનમાં નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ થાય છે. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'**. ધ્યાનમાં અંદર શુદ્ધોપયોગમાં હોય છે ત્યાં એટલી નિશ્ચય મોક્ષમાર્ગની શુદ્ધ પરિણતિ, રાગ બાકી છે એટલો વ્યવહારનો આરોપ અપાય છે. એમ આવે છે. એકસાથે હોય છે. વ્યવહાર પહેલો, નિશ્ચય પછી એ પણ ક્યાં છે. છે ઝીણી વાત, લોકોને.... મુનિપણું બહારની ક્રિયાકાંડ લઈને બેઠા અને વસ્તુ કાંઈક બીજી આવી અહીંથી— સોનગઢથી, એટલે ખળભળાટ થઈ ગયો છે. આહાહા..!

હવે અહીં કહે છે, જેને શુદ્ધોપયોગ અંદર નથી ઠરેલો, '**પરમોપેક્ષા સંયમ નહીં લેકિન વ્યવહારસંયમ હૈ, ઉનકે ભાવસંયમકી રક્ષણાર્થ વ્યવહાર સંયમ હૈ, ઉનકે ભાવસંયમકી રક્ષાકે નિમિત્ત હીન સંહનનકે હોનેપર ઉત્કૃષ્ટ શક્તિકે અભાવસે...**' ભાવસંયમની રક્ષાના નિમિત્તે એમ છે. છઠ્ઠે પણ ભાવસંયમ છે. એના રક્ષાના નિમિત્ત. આહાહા..! '**હીન સંહનનકે હોનેપર ઉત્કૃષ્ટ શક્તિ કે અભાવસે યદ્યપિ તપકા સાધન શરીરકી રક્ષાકે નિમિત્ત...**' તપનું નિમિત્ત સાધન મુનિપણાનું. '**અન્ન જલકા ગ્રહણ હોતા હૈ,...**' પાણી, આહાર લે '**ઉસ અન્ન જલકે લેનેસે મલ-મૂત્રાદિકી બાધા ભી હોતી હૈ, ઈસલિયે શૌચકા ઉપકરણ કમંડલુ,...**' કમંડળ રાખવું પડે એને. '**ઔર સંયમોપકરણ પીછી,...**' સંયમનું ઉપકરણ દયાનું પીછી. '**ઔર જ્ઞાનોપકરણ પુસ્તક ઈનકો ગ્રહણ કરતે હૈં, તો ભી ઈનમેં મમતા નહીં હૈ,...** ' એ તો વિકલ્પ છે પણ એની રુચિ નથી. આ મારા છે એવી મમતા નથી. એમ. '**પ્રયોજનમાત્ર પ્રથમ અવસ્થામેં ધારતે હૈં.**' છઠ્ઠે ગુણસ્થાને પ્રયોજનમાત્ર. છઠ્ઠું ગુણસ્થાન કોને કહીએ? ત્રણ કષાયનો અભાવ (થયો છે) એટલી પરિણતિ તો સદાય રહે છે. સમકિતીને શુદ્ધપરિણતિ સમકિતની લડાઈમાં હોય તોપણ એ તો સદાય રહે છે. શુદ્ધપરિણતિ વિના સમકિત કેવું? આહાહા..!

મુમુક્ષુ :— મિથ્યાત્વ નથી થતું, વ્યવહાર સમકિત રહે છે.

ઉત્તર :— વ્યવહાર રહે છે એનો અર્થ શું? ક્યાં છે, કાંઈ ખબર નથી બિચારા શું કરે? આહાહા..!

'**ઐસા દૂસરી જગહ 'रम्येषु' ઈત્યાદિસે કહા હૈ, કિ મનોજ્ઞ સ્ત્રી આદિક વસ્તુઓંમેં જિસને મોહ તોડ દિયા હૈ,...**' ઘરની સ્ત્રી, કુટુંબનો મોહ તોડી દીધો '**ઐસા મહામુનિ સંયમકે સાધન પુસ્તક, પીછી, કમંડલુ આદિ ઉપકરણોંમેં વૃથા મોહ કૈસે કર સકતા હૈ?**' આહાહા..! મફતનો મોહ કેમ કરે? '**કભી નહીં કર સકતા. જૈસે કોઈ બુદ્ધિમાન પુરુષ રોગકે ભયસે અજીર્ણકો દૂર કરના ચાહે ઔર અજીર્ણકે દૂરે કરનેકે લિયે ઔષધિકા સેવન કરે, તો ક્યા માત્રાસે અધિક લે સકતા હૈ?**' મર્યાદાથી. એને કહ્યું હોય કે આટલું એક રૂપિયાભાર ટોપરાપાક દરરોજ ખાવું. તો શું એ પા શેર ખાય? અજીર્ણ થાય. આહાહા..! ઝીણી વાત બહુ પણ. પરમાત્મપ્રકાશે તો ઉઘાડું કરીને બધું મૂક્યું છે. આહા..! '**ઐસા કભી નહીં કરેગા, માત્રાપ્રમાણ હી લેગા.**' મર્યાદા કીધી હોય કે આટલું દૂધ ને આટલું આ લેવું. બસ. દૂધમાં મીઠાશ હોય માટે વધારે લેવું એમ નહિ, મર્યાદામાં લેવું. એમ ઉપકરણ મર્યાદા પ્રમાણે હોય. છતાં એની મમતા હોય નહિં. અને અંદર પરિણતિ શુદ્ધ હોય. ભાવસંયમીની વાત છે ને. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૯૦

अथ केनापि जिनदीक्षां गृहीत्वा शिरोलुञ्चनं कृत्वापि सर्वसंगपरित्यागमकुर्वतात्मा वञ्चित इति निरुपयति-

२९७) केण वि अप्पउ वंचियउ सिरु लुंचिवि छारेण।
सयल वि संग ण परिहरिय जिणवर-लिंगधरेण।।९०।।
केनापि आत्मा वञ्चितः शिरो लुञ्चित्वा क्षारेण।
सकला अपि संगा न परिहृता जिनवरलिङ्गधरेण।।९०।।

केनाप्यात्मा वञ्चितः। किं कृत्वा। शिरोलुञ्चनं कृत्वा। केन। भस्मना। कस्मादिति चेत्। यतः सर्वेऽपि संगा न परिहृताः कथंभूतेन भूत्वा। जिनवरलिङ्गधारकेणेति। तधथा। वीतरागनिर्विकल्पनिजानन्दैकरुपसुखरसास्वादपरिणतपरमात्मभावनास्वभावेन तीक्षण-शस्त्रोपकरणेन बाह्याभ्यन्तरपरिग्रहकांक्षारुपप्रभृतिसमस्तमनोरथकल्लोलमालात्यागरुपं मनोमुण्डनं पूर्वमकृत्वा जिनदीक्षारुपं शिरोमुण्डनं कृत्वापि केनाप्यात्मा वञ्चितः। कस्मात् सर्वसंगपरित्यागाभावादिति। अत्रेदं व्याख्यानं ज्ञात्वा स्वशुद्धात्मभावनोत्थवीतरागपरमानन्द-परिग्रहं कृत्वा तु जगत्त्रये कालत्रयेऽपि मनोवचनकायैः कृतकारितानुमतैश्च दृष्टश्रुतानुभूतनिः-परिग्रहशुद्धात्मानुभूतिविपरीतपरिग्रहकाङ्क्षास्त्वं त्यजेतित्याभिप्रायः।।९०।।

---

आगे ऐसा कहते हैं, जिसने जिनदीक्षा धरके केशोंका लोंच किया, और सकल परिग्रहका त्याग नहीं किया, उसने अपनी आत्मा ही को वंचित किया-

गाथा-९०

अन्वयार्थ :— [केनापि] जिस किसीने [जिनवरलिंगणधरेण] जिनवरका भेष धारण करके [क्षारेण] भस्मसे [शिरः] शिरके केश [लुंचित्वा] लौंच किये, (उखाड़े) लेकिन [सकला अपि संगाः] सब परिग्रह [न परिहृता] नहीं छोड़े, उसने [आत्मा] अपनी आत्माको ही [वंचितः] ठग लिया।

भावार्थ :— वीतराग निर्विकल्पनिजानंद अखंडरुप सुखरसका जो आस्वाद उसरुप परिणामी जो परमात्माकी भावना वही हुआ, तीक्ष्ण शस्त्र उससे बाहिरके और अंतरके परिग्रहोंकी वाञ्छा आदि ले समस्त मनोरथ उनकी कल्लोल मालाओंका त्यागरुप मनका मुंडन वह तो नहीं किया, और जिनदीक्षारुप शिरोमुंडन कर भेष रखा, सब परिग्रहका त्याग नहीं किया, उसने अपनी आत्मा ठगी। ऐसा कथन समझकर निज

शुद्धात्माकी भावनासे उत्पन्न, वीतराग परम, आनंदस्वरुपको अंगीकार करके तीनों काल तीनों लोकमें मन, वचन, काय, कृत, कारित, अनुमोदनाकर देखे, सुने, अनुभवे जो परिग्रह उनकी वाँछा सर्वथा त्यागनी चाहिये। ये परिग्रह शुद्धात्माकी अनुभूतिसे विपरीत हैं।।९०।।

---

હવે કહે છે કે જે કોઈ જિનદીક્ષા ગ્રહીને અને માથાના વાળનો લોચ કરીને પણ સર્વસંગને છોડ્યા નહિ તેણે આત્મવંચના કરી (પોતાની જાતને છેતરી) એમ કહે છે :-

ભાવાર્થ :- વીતરાગ નિર્વિકલ્પ નિજાનંદ જેનું એક રૂપ છે એવા સુખરસના આસ્વાદરૂપે પરિણત પરમાત્માની ભાવનાના સ્વભાવરૂપ તીક્ષ્ણ શસ્ત્રના ઉપકરણથી બાહ્ય, અભ્યંતર પરિગ્રહની આકાંક્ષા આદિથી માંડીને સમસ્ત મનોરથની કલ્લોલમાળાના ત્યાગરૂપ મનોમુંડન પુર્વે કર્યું નહિ. જિનદીક્ષારૂપ શિરોમુંડન કરીને પણ સર્વસંગ પરિત્યાગ કર્યો ન હોવાથી તેણે પોતાના આત્માને છેતર્યો.

અહીં, આ કથન જાણીને નિજ શુદ્ધ-આત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ પરિગ્રહને ગ્રહીને ત્રણકાળમાં ત્રણલોકમાં મન, વચન, કાયથી, કૃત, કારિત, અનુમોદનથી નિષ્પરિગ્રહ શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત એવા દેખેલા, સાંભળેલા અને અનુભવેલા પરિગ્રહની આકાંક્ષા છોડવી, એવો અભિપ્રાય છે. ૯૦.

---

## વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૧૨, શનિવાર
## તા. ૧૮-૧૨-૧૯૭૬, ગાથા-૯૦, ૯૧,
## પ્રવચન નં. ૧૬૨

૯૦ ગાથા છે, ૮૯ થઈને. **'આગે ઐસા કહતે હૈં, જિસને જિનદીક્ષા ધરકે કેશોંકા લોંચ કિયા, ઔર સકલ પરિગ્રહકા ત્યાગ નહીં કિયા...'** જિનદીક્ષા લીધી, લોંચ કર્યો પણ મિથ્યાત્વ અને રાગાદિના પરિગ્રહનો ત્યાગ કર્યો નથી. **'ઉસને અપની આત્મા હી કો વંચિત કિયા—'** આહા..! બહારમાં દીક્ષા લીધી, બહારમાં લોંચ પણ કર્યો પણ અંદરમાં રાગ ને મિથ્યાત્વભાવ જે પર છે એનો પરિગ્રહ ન છોડ્યો અને વીતરાગી પરમાનંદસ્વરૂપનો પરિગ્રહ ન પકડ્યો એણે આત્માને ઠગ્યો. આહાહા..!

આત્મા પરમાનંદસ્વરૂપ અંતર વસ્તુ એની નિજ શુદ્ધાત્મા પરમાત્મસ્વરૂપ નિજ શુદ્ધાત્મા છે. છે પાછળ. નિજ શુદ્ધાત્માની ભાવના. અંદર નિજ શુદ્ધ ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા

એની ભાવના નામ એકાગ્રતા, એનાથી ઉત્પન્ન પરમાનંદ વીતરાગી પરમાનંદનો પરિગ્રહ એને જેણે ગ્રહણ કર્યો નથી અને મિથ્યાત્વ રાગ-દ્વેષના પરિગ્રહને પકડ્યો છે એણે આત્માને ઠગ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..! પરિગ્રહમાં મૂળ પરિગ્રહ મિથ્યાત્વ છે. પુણ્ય પરિણામ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ પરિણામ છે એ રાગ છે રાગ. એનાથી ધર્મ થાય એમ માને એણે મિથ્યાત્વનો પરિગ્રહ પકડ્યો છે. સમજાણું કાંઈ? એ અભ્યંતર મિથ્યાત્વ, વિપરીત માન્યતા. રાગ જે ક્રિયા છે.. એમ કહે છે અહીંયા તો, દીક્ષાની અને પંચમહાવ્રતની પણ ક્રિયા હોય, છતાં એ રાગ છે અને રાગથી મને લાભ થશે એવો જેણે પક્કડ મિથ્યાત્વનો કર્યો છે, આહાહા..! એણે આત્માને ઠગ્યો છે. છે ને? **'આત્મા હી કો વંચિત કિયા.'** ગાથા.

૨૯૭) केण वि अप्पउ वंचियउ सिरु लुंचिवि छारेण।
सयल वि संग ण परिहरिय जिणवर-लिंगधरेण।।९०।।

**અન્વયાર્થ :—** **'જિસ કિસીને...'** કોઈ પ્રાણીએ **'जिनवरलिंगणधरेण'** **'જિનવરકા ભેષ ધારણ...'** કર્યો, નગ્નપણું ધારણ કર્યું. આહા..! **'ભસ્મસે શિરકે કેશ લૌંચ કિયે,...'** રાખ રાખથી. **'લેકિન...'** **'सकला अपि संगाः'** **'સબ પરિગ્રહ...'** આહાહા..! મિથ્યાત્વનો પરિગ્રહ જેણે છોડ્યો નહિ અને રાગનો ભાગ છે એને પણ જેણે છોડ્યો નથી. આહાહા..! આવી વાત છે ઝીણી. બાહ્ય દીક્ષા લીધી, મુનિપણું નગ્નપણું દિગંબરપણું (ધારણ કર્યું) પણ એ કોઈ ચીજ નથી. મનમુંડન વિના શરીરમુંડન કર્યું એણે. આહાહા..! પાઠ છે? મનમુંડન ન કર્યું. પુણ્ય અને પાપના ભાવ એ રાગ છે, વિકાર છે, દુઃખરૂપ છે એને પકડ્યો કે એનાથી મને લાભ થશે. આહાહા..! એણે મિથ્યાત્વરૂપી પરિગ્રહને પકડ્યો. એનું શિરલુંચન આદિ બધું આત્માને ઠગવા માટે છે, કહે છે. આહાહા..! આ તો અંતરની વાત છે ને છેલ્લી. છેલ્લી ગાથાઓ. આહાહા..!

આત્મા વીતરાગી પરમ શુદ્ધાત્મા કંદ, આત્મા એ નિજાનંદસ્વરૂપ છે. આહા..! સચ્ચિદાનંદ સ્વરૂપ. સત્ ચિદાનંદ. સત્ નામ ત્રિકાળી જ્ઞાન અને આનંદનો સમુદ્ર એવો જે આત્મા એને એકાગ્રતાથી વીતરાગ પરમાનંદથી અનુભવ ન કર્યો. આહાહા..! વીતરાગી પરમાનંદની પર્યાયથી જેણે અનુભવ ન કર્યો અને બહારથી લોંચ ક્રિયા આદિ કરી એ તો એણે આત્માને ઠગ્યો. સમજાય છે કાંઈ? જિનવરલિંગ ધારણ કર્યું.

**'सकला अपि'** **'સબ પરિગ્રહ નહીં છોડે,...'** અભ્યંતરમાં મિથ્યાત્વ, રાગ કષાય, બાહ્યમાં વસ્ત્ર-પાત્ર આદિ વસ્તુ. દીક્ષા ધારણ કરી, નગ્નપણું લીધું પણ અંદરનો પરિગ્રહ મિથ્યાત્વ--પુણ્યથી ધર્મ, રાગનો પક્કડ થયો કે રાગક્રિયા છે એ મને કલ્યાણ કરશે, એવો જે મિથ્યાત્વનો પરિગ્રહ એણે છોડ્યો નહિ. એણે કાંઈ છોડ્યું નથી. આહાહા..! ભગવાન આનંદનો સાગર પરમાત્મા, આ આત્મા અમૃતનો સાગર, સુખસાગર. આહાહા..! એને પુણ્યના રાગભાવમાંથી મને આનંદ થાશે એવો જેનો અભિપ્રાય છે એ મિથ્યાદૃષ્ટિએ આત્માને ઠગ્યો છે. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં પણ વ્રત બારવ્રતાદિ ધારણ કરે અને અંદરમાં રાગથી લાભ થાય એમ માને એણે મિથ્યાત્વનો પરિગ્રહ

પકડ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મા તો.. કહેશે આગળ એ, '**નિજ શુદ્ધાત્માકી ભાવના...**' નિજ શુદ્ધાત્મા પવિત્ર ભગવાનઆત્મા. પર્યાયમાં—અવસ્થામાં પુણ્ય-પાપ છે એ તો મલિન દશા છે. વસ્તુ છે એ તો શુદ્ધ છે. આહાહા..! પવિત્ર આનંદકંદ પ્રભુ.. ક્યાં લાવવો એને? ગોતે ક્યાં? આહાહા..! જેમ મૃગની નાભિમાં કસ્તુરી, એમ ભગવાનઆત્માના અંતરના સ્વભાવમાં આનંદ. એ આનંદનો અનુભવ કર્યો નહિ. આહાહા..! એ અતીન્દ્રિય આનંદનો સ્વભાવ સન્મુખ થઈને વેદન ન કર્યું. આહાહા..! એણે બાહ્યથી વ્રત ધારણ કર્યા, ભેખ ધારણ કર્યો એ બધું નિરર્થક ચાર ગતિમાં રખડવાનું છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિ થયો નગ્નદિગંબર, પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા પણ એ તો બધો રાગ છે. આહાહા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્મા આનંદમૂર્તિના અનુભવ વિના એને આનંદ જરીયે મળ્યો નહિ. એ પંચમહાવ્રતના પરિણામ આદિ તો દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :— વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય.

ઉત્તર :— લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. એમ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એ એના જેવું છે. આહા..! દૃષ્ટિ વિપરીત છે, મૂળમાં ભૂલ. આહાહા..! રાગથી વીતરાગતા થશે. આહાહા..! અનંતકાળથી મિથ્યાભ્રમથી ચોર્યાસીના અવતારમાં રખડી રહ્યો છે. એ અબજોપતિ, કરોડોપતિ બધા દુઃખિયા છે બિચારા. આહાહા..! જેને આત્માના આનંદનો સ્વાદ નથી, જેને આત્માના આનંદનો અનુભવ નથી, આહાહા..! એ બધા રાજ લ્યો, ને પૈસા લાવો ને કરોડોપતિ, અબજોપતિ બિચારા ભિખારી છે. પરના માંગણ છે. દુઃખી છે ઈ. એને ખબર ક્યાં છે, ભાન વિનાના. આહાહા..!

મુમુક્ષુ :— શેઠિયાને ભાન નથી એમ કહેવાય?

ઉત્તર :— શેઠિયાને ભાન વિનાના કહેવાય? એમ કહે છે. આહાહા..! કાંઈ ન મળે. ઈરાનની વાત ન કરી? ઈરાકની. ત્યાંનો બાદશાહ અત્યારે છે. એક કલાકમાં બે કરોડની પેદાશ છે. અત્યારે બાદશાહ છે. એક કલાકમાં બે કરોડની પેદાશ. પેદાશ હોં! મુડી બીજી. એક દિવસમાં અડધા અબજની પેદાશ. કેટલી ચાલે? ત્રીસ વર્ષ ચાલે એટલું કાળુ સોનું છે. કાળુ સોનું એટલે? પેટ્રોલ. કૂવામાં એટલું પેટ્રોલ છે કે ત્રીસ વર્ષ ચાલે. દુઃખી છે બિચારા. મરીને નરકમાં જવાના પાછા. આહાહા..! દુનિયાને ક્યાં ખબર છે, આત્મા શું છે. આત્મા અતીન્દ્રિય આનંદની ગાંઠ છે. શેરડીમાં જેમ, ગન્નામાં જેમ રસ છે ને રસ? એ રસ છે એ શેરડી છે. કૂચો નહિ. એમ આ શરીર, વાણી, મન તો કૂચો જડ છે. અરે..! એમાં પુણ્ય અને પાપના ભાવ થાય એ કૂચા જડ (છે). એમાં આત્મરસ આનંદરસ છે તે આત્મા (છે). આહાહા..!

મુમુક્ષુ :— કૂચા વગર રસ રહે શેમાં?

ઉત્તર :— કૂચા વિના એકલો એ રસ રહે છે, જુઓ! ગોળ થાય છે, એકલો રસ રહે છે કે નહિ? આહાહા..! રસ રસમાં નથી? આ શેરડીનો રસ કરે છે. શેરડીનો રસ ને આ ગોળ ગોળ કરે છે. શું કહે છે? ગુડ. ગોળ કરે છે એ એકલો રસ રહે છે કે નહિ? આહાહા..! અરે..! એને ક્યાં ખબર છે, અંદર કોણ છે આ. દેહદેવળમાં પરમાત્મા આનંદસ્વરૂપ બિરાજે છે. આહાહા..! એમાં શરીરની જુવાની હોય, પચ્ચીસ, ત્રીસ, ચાલીસ વર્ષની ઉંમર જુવાન, અને એમાં બે-પાંચ, દસ લાખ, પચાસ લાખ પૈસા હોય, બાયડી કાંઈક રૂપાળી હોય અને છોકરાઓ કાંઈક કમાઉ જાગ્યા હોય, જુઓ પછી એ તો. પાગલ જુઓ તમારે. અમે સુખી છીએ, અમે પૈસાવાળા છીએ. અરે.. પ્રભુ! સાંભળ તો ખરો નાથ. તારી ચીજ વિના તું પરની ચીજથી સુખી માને એ તો પાગલપણું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં એ કહે છે, જુઓ! જેણે સકળ પરિગ્રહ ન છોડ્યો એણે '**અપની આત્માકો હી ઠગ લિયા.**' આહાહા..! નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયો વીતરાગી પરમાનંદ એનો પરિગ્રહ--પક્કડ કરીને જે નથી રહ્યો.. આહાહા..! અને રાગનો પક્કડ કરીને રહ્યા છે એ બધા ઠગ છે કહે છે.

મુમુક્ષુ :— પોતાને ઠગે છે કે બીજાને?

ઉત્તર :— પોતાને ઠગે છે, બીજાને કોણ ઠગતુ હતું? આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો, જિનવરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એ સર્વજ્ઞ પ્રભુનો માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..! લોકોને બિચારાને સાંભળવા મળ્યો નથી, એ શું ચીજ છે. જિનવરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ સો ઈન્દ્રના પૂજનિક પરમાત્મા, આ કહે છે એ વીતરાગની આ વાણી છે. દિગંબર સંતો કહે છે એ વીતરાગના ભાવથી કહે છે ઈ. આહાહા..! ભગવાન! તેં આ બધું બહારનું કર્યું, કહે છે. પણ આત્મામાં મિથ્યાત્વનો પરિગ્રહ અને રાગનો પરિગ્રહ છોડ્યો નહિ અને પરમાનંદની ભાવનાથી પરમાનંદનો પરિગ્રહ નામ પરિણતિ પ્રગટ કરી નહિ, ઠગ છે. આવી વાત છે. દુનિયાથી ઊલટી છે, બાપુ! કહો, રાજેન્દ્રજી! આવી વાતું છે. આહાહા..!

**ભાવાર્થ :--** '**વીતરાગ નિર્વિકલ્પનિજાનંદ અખંડરૂપ સુખરસકા જો આસ્વાદ...** ' આહાહા..! આત્મા વીતરાગી સ્વરૂપ જ છે, આત્માનું સ્વરૂપ જ વીતરાગ છે. '**નિર્વિકલ્પનિજાનંદ...**' અભેદ નિજ આત્માનો આનંદ '**અખંડરૂપ સુખરસકા જો આસ્વાદ...**' આહાહા..! '**વીતરાગ નિર્વિકલ્પનિજાનંદ અખંડરૂપ સુખરસકા જો આસ્વાદ...** ' અનુભવ '**ઉસરૂપ પરિણામી જો પરમાત્માકી ભાવના...**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ, સમ્યક્જ્ઞાની અને સંત સાચા એને તો અખંડ આનંદની ભાવનારૂપે પરિણતિ થઈ ગઈ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? છે એમાં જુઓને. '**વીતરાગ નિર્વિકલ્પનિજાનંદ...**' નિજ આનંદ અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ '**અખંડરૂપ સુખરસકા...**' અખંડ આનંદના રસનો જે આસ્વાદ. અખંડ આનંદસ્વરૂપ ભગવાનઆત્મા એનો અનુભવ. આહાહા..! જેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહીએ એ અખંડ આનંદના રસનો અનુભવ,

એને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહીએ. આહાહા..! બહુ ફેર બાપુ! માર્ગ ફેર છે.

અરે..! ચોર્યાસીના અવતારમાં રખડે છે એક એક યોનિમાં. ભવસિંધુ મોટો દરિયો ભવસિંધુ રખડવાનો. અનંતવાર અબજોપતિ થયો, અનંતવાર ભિખારી થયો, અનંતવાર દેવ થયો, અનંતવાર નરકમાં ગયો. આહાહા..! પણ એણે મિથ્યાત્વનો પરિગ્રહ છોડ્યો નહિ. સમજાણું કાંઈ? એટલે? રાગ અને વિપરીત અભિપ્રાય એ મારી ચીજ નહિ. મારી ચીજ તો પરમઆનંદ સચ્ચિદાનંદ પ્રભુ એ મારી ચીજ છે, એનો અનુભવ થવો એ આનંદ છે. આહાહા..! એવી '**પરિણામી જો પરમાત્માકી ભાવના...**' આહાહા..! શું કહે છે બાપુ? ઝીણી વાત છે, ભગવાન! આ કાંઈ બહારથી મળે એવી ચીજ નથી. બહારમાં ક્યાં છે તે મળે? બહારમાં તો આ બધી ધૂળ છે. શરીર ને પૈસા ને ધૂળ ને બાયડી, છોકરા બધી ધૂળ—માટી છે. આહાહા..! અંદરમાં વીતરાગી આનંદસ્વરૂપ પ્રભુ.. આહાહા..! એની પરિણમેલી આનંદથી પરિણમેલી પરમાત્માની ભાવના. આહાહા..! અતીન્દ્રિય આનંદની દશા થવારૂપ આત્માની ભાવના. આહાહા.! સમ્યગ્દૃષ્ટિ, સમ્યક્જ્ઞાની, સમ્યક્ચારિત્રવંતને તો કહે છે કે અખંડસુખ પ્રભુનું—આત્માનું, એના સન્મુખ થઈને પરિણમેલી આનંદની ભાવના... આહાહા..! એ રૂપી '**તીક્ષ્ણ શસ્ત્ર...**' સમજાણું કાંઈ? છે?

'**ભાવના વહી હુઆ, તીક્ષ્ણ શસ્ત્ર...**' આહાહા..! અખંડરૂપ સુખરસ એનો જે આસ્વાદ. અખંડ સુખરસ ભગવાન આત્મા. આહાહા...! અરે..! ઈ પણ સાંભળ્યું ન હોય. અખંડ સુખરસ ક્યાં હશે? આહાહા..! પૈસામાં ને રાગમાં ને શેઠાઈમાં જાણે ધૂળમાં સુખ હશે. આહાહા..! કહે છે, અખંડરૂપ સુખરસનો આસ્વાદ. આહાહા..! અખંડ જે ત્રિકાળી ચિદાનંદ પ્રભુ એના આસ્વાદ—સ્વાદરૂપી પરિણમેલી દશા એ ભાવના એ તીક્ષ્ણ શસ્ત્ર. એનાથી જેણે મિથ્યાત્વ ને રાગના ભાવને હણી નાખ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? બહારનો પરિગ્રહ છોડ્યો એ છોડ્યું નથી. એવું તો અનંતવાર નગ્નદિગંબર પણ અનંતવાર જીવ થયો. આહાહા..! પણ અભ્યંતરમાં અખંડ સુખરસનો અનુભવ પર્યાયમાં, વસ્તુ તો અખંડ સુખરૂપ છે, એની વર્તમાન દશામાં સુખનો આસ્વાદ—અનુભવ, એ રૂપી પરમાત્માની ભાવના. પરમાત્મા એટલે પરમ સ્વરૂપ ભગવાનની એકાગ્રતા. આહાહા..! એ રૂપી તીક્ષ્ણ શસ્ત્ર. ઓહોહો..! એ રૂપી તીખું શસ્ત્ર. છરો અને તરવાર હોય તીખો પાયેલું, કાપી નાખે. આહાહા..! એમ ભગવાન અખંડ સુખરૂપનો આસ્વાદ, એવી પરમાત્મ પરમસ્વરૂપની એકાગ્રતા, એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષને કાપી નાખે છે. એ સિવાય એ હણવાની બીજી ચીજ નથી, એમ કહે છે. આહાહા..! મિથ્યાત્વ અને રાગ-દ્વેષને હણવાની બીજી કોઈ ચીજ નથી કે ભઈ, આ દયા પાળીએ ને વ્રત પાળીએ માટે રાગ હણાય. એ તો રાગ પોતે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહો..! શું શબ્દ લીધા છે ને!

'**ઉસસે બાહિરકે ઔર અંતરકે પરિગ્રહોંકી વાંછા આદિ લે સમસ્ત મનોરથ...** ' આહાહા..! કઈ રીતે લીધું? કે આ ભગવાન અખંડ સુખરૂપ આત્મા છે. ધ્રુવ, ધ્રુવ જે વસ્તુ આત્મા એ અખંડ આનંદ અને અતીન્દ્રિય સુખરૂપ એ વસ્તુ (છે). એની એકાગ્રતા થઈને ઉત્પન્ન થયેલો

અતીન્દ્રિય આનંદનો સ્વાદ. એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ એ પરમાત્માની ભાવના. એટલે આત્માની એકાગ્રતા. આહાહા..! આવી વાતું હવે. ઓલા બિચારા ભક્તિ કરે, જાત્રા કરે, પૂજા કરે, વ્રત, તપ પાળે. એ તો કહે ધર્મ નહિ. એ તો બધી રાગની ક્રિયા છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મ તો એને કહીએ, પરમાત્મા ત્રિલોકનાથ જિનવરદેવ એમ ફરમાવે છે કે પરમ સુખરૂપ અખંડ સુખરૂપ જે આત્મા, એની એકાગ્રતાથી આનંદનો સ્વાદ આવે એનું નામ ધર્મ છે. આહાહા..! કેમકે વીતરાગ પરિણતિ તે ધર્મ છે. આહાહા..! એ વીતરાગ પરિણતિ દ્વારા જેણે મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપી પરિગ્રહ છેદી નાખ્યો છે. આહાહા..! એને અહીંયા ધર્મી કહીએ, એને અહીંયા ઉત્કૃષ્ટ રાગ છેદ્યો એને મુનિ કહીએ. આહાહા..! પ્રથમ મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષને આત્માના સ્વાદથી છેદી નાખ્યો છે એને સમકિતી ગૃહસ્થી કહીએ. આહાહા..! જેણે ઉત્કૃષ્ટ અતીન્દ્રિય આનંદના સ્વાદના પ્રચુર વેદન દ્વારા.. આહાહા..! આ વિધિ કેવી આકરી. અતીન્દ્રિય આનંદના પ્રચુર વેદન દ્વારા જેણે મિથ્યાત્વને, રાગને હણીને જેણે મુનિપણું પ્રગટ કર્યું છે. આહાહા..! છે? એણે અજ્ઞાન અને રાગ-દ્વેષને હણી નાખ્યા છે. આહાહા..! આવી વાતું હવે.

આ તે કંઈ વીતરાગમાર્ગ હશે આવો? પરમેશ્વર જિનવરનો માર્ગ આવો હશે? ભઈ, અમે તો એવું સાંભળ્યું છે કે છકાયની દયા પાળવી, ભક્તિ કરવી, જાત્રા કરવી, પૂજા કરવી, મંદિર બનાવવા. અરે.. બાપુ! એ તો બધી ક્રિયાઓ રાગની છે, ભાઈ! તને ખબર નથી. આ તો વીતરાગમાર્ગનો ધર્મ છે. એ વીતરાગ પરિણતિથી ધર્મ થાય. કેમકે વીતરાગે વીતરાગપણું પ્રગટ કર્યું અને ઉપદેશમાં, તારો સ્વભાવ જ વીતરાગ છે એમ કહ્યું, અને વીતરાગસ્વભાવમાં એકાગ્રતા થતાં જે વીતરાગ પરિણતિ થાય તેને અમે ધર્મ કહીએ છીએ એમ કહે છે. આહાહા..! ભારે વાતું ભાઈ. આ બધા વ્યવહાર કરે છે એમાંથી કાંઈક નિશ્ચય થાશે કે નહિ? ફોતરા ખાંડે કંઈક ચોખા નીકળશે કે નહિ? તુષ તુષ. તુષ કહે છે? છિલકા, છિલકા. છિલકા ખાંડે લાખ તો ચોખો નીકળે કે નહિ? ક્યાં હતો ચોખો એમાં? તુષ ખાંડે અને ચોખા નીકળે તો મૂર્ખ માને. એમ અહીં કહે છે. પુણ્યાદિની ક્રિયા કરે અને એમાંથી ધર્મ માને, એમ આ આત્મા પવિત્ર છે એ એનાથી પ્રગટ થશે. મૂર્ખ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે લ્યો. કરવું શું પણ ત્યારે હવે અમારે? ઈ તો અહીં કહે છે. વીતરાગ પરમાનંદ અખંડ સુખરૂપ પ્રભુ છે એમાં એકાગ્ર થવું એ કરવાનું છે. આહાહા..!

મુમુક્ષુ :— દેખાતો નથી ક્યાં હશે?

ઉત્તર :— દેખાતો નથી એવો નિર્ણય કોણ કર્યો? એ આત્મા છે કે જડ છે? દેખાતો નથી એવો નિર્ણય કઈ ભૂમિકામાં કર્યો? અહીં કંઈ ચાલે એવું નથી કાંઈ. હું જણાતો નથી. એ જ જણાણો. હું જણાતો નથી એવું જ્ઞાન જ જણાણું એમાં. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ ભાષા શું લીધી છે?

‘**પરમાત્માકી ભાવના વહી હુઆ, તીક્ષ્ણ શસ્ત્ર...**’ ભાવના એટલે આ બાજુ પણ એકાગ્રતા થાય છે અને આ બાજુ ‘**બાહિરકે ઔર અંતરકે પરિગ્રહકી વાંછા...**’ ઈચ્છા ‘**આદિ**

**સે સમસ્ત મનોરથ...**' એક પછી એક વૃત્તિનું ઉત્થાન થાય. રાગના મનોહર. આહાહા..! ઈચ્છા ને ઈચ્છા, ઈચ્છા ને ઈચ્છા ઉત્પન્ન થયા કરે એવા જે મનોરથ. '**ઉનકી કલ્લોલ માલાઓંકા...**' એ મનોરથની કલ્લોલ માળા, કલ્લોલ માળા. એના '**ત્યાગરૂપ મનકા મુંડન...**' રાગના ત્યાગરૂપ મનનું મુંડન જેણે કર્યું નથી. '**નહીં કિયા,...**' આહાહા..! એવું છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ લઈને જેણે અંતરમાંથી રાગના મનોરથને છેદ્યા નથી. આહાહા..! આ બાજુ મનોરથ ચાલે છે ને એકાગ્રતનો, એ વડે આ ઈચ્છાના મનોરથને જેણે છેદ્યો નથી. એમ કહે છે. અરે..! આવો ધર્મ કેવો આ તે? હેં! જે કંઈ કરે એ કહે રાગ અને રાગ છોડીને અંદર ઠરવું એનું નામ ધર્મ. આહાહા..! બાપુ! માર્ગ તો એવો છે ભાઈ! અનંતકાળથી દુઃખી છે, રખડે છે, આહાહા..! અહીં મોટા અબજોપતિ હોય અને દેહ છૂટીને જાય ઢોરમાં, પશુમાં જાય. આહા..! એવા અવતાર અનંત કર્યા છે. સમજાણું કાંઈ? આહાહા..! આવ્યું છે ને આમાં? આવી ગયું છે, ૬૦મી ગાથા. પૂર્વના પુણ્યને લઈને આ ધૂળ મળે વૈભવ, પુણ્યેણ વિભુ. ગાથા આવી ગઈ આમાં. પૂર્વના પુણ્યને લઈને વૈભવ (મળે છે), હોં! પુરુષાર્થને લઈને નહિ. બહુ ડાહ્યો માટે અમે પૈસા કરોડ, બે કરોડ, પાંચ કરોડ ભેગા થયા, એમાં કાંઈ માલ નથી જરીયે. બુદ્ધિના બારદાન પણ કરોડોપતિ થાય છે. બારદાન સમજો છો? ખોખા. બુદ્ધિ કાંઈ ન હોય, થોથા જેવી અને અબજોપતિ (હોય). છે, અત્યારે છે ને અબજોપતિ વાણિયા આપણા છે. અબજોપતિ. આહાહા..! ક્યાં છે? શાંતિલાલ ખુશાલ, ગોવા. બે અબજ ચાલીસ કરોડ. અહીં જયપુર આપણા દુર્લભજી ઝવેરીના દીકરા. જયપુર, જયપુર. છૈલશંકર, છૈલશંકર. સાંઈઠ કરોડ અને બીજો મોટો છોકરો છે એની પાસે એક અબજ રૂપિયા. જયપુર. એ આપણા મોરબીના છે. દુર્લભજી ઝવેરી. ધૂળમાં શું થયું? આહાહા..!

અહીં તો કહે છે કે એવો જે મનોરથ પરપદાર્થને મેળવવાનો, ઈચ્છા ઉપર ઈચ્છા જે થાય મનોરથની, એને આત્માની એકાગ્રતા દ્વારા છેદી નાખી. આહાહા..! આકરું કામ આવું. સૂઝ પડે નહિ, સાંભળવા મળે નહિ. ઈ કે દિ' સાંભળે ને કે દિ' સમજે ને કે દિ' કરે અંદર? આહાહા..! ભગવાન જિનવરદેવ ત્રિલોકનાથ પરમાત્મા બિરાજે છે. મહાવિદેહમાં અત્યારે બિરાજે છે. ભગવાન મહાવીર આદિ તો મોક્ષ પધાર્યા, એ તો સિદ્ધપદમાં છે. સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. સાક્ષાત્ તીર્થંકર કેવળી પરમેશ્વર મહાવિદેહમાં મોજૂદ છે. ઈન્દ્રો જાય છે વંદન કરવા. એની આ વાણી છે. આહાહા..! સમજાણું કાંઈ? અનંત કેવળીઓ અને અનંત તીર્થંકરો. અરે..! સાંભળવા મળે નહિ બિચારાને. સત્ય શું છે એ મળે નહિ, એ સત્યમાં કે દિ' જાય? અને અસત્ય કે દિ' ટળે? બહુ ગાથા સરસ!

એવું મનનું મુંડન જેણે કર્યું નહિ. આહાહા..! મિથ્યાત્વ અને રાગની ઈચ્છા જે છે, એ ઈચ્છા દુઃખરૂપ છે. એ ઈચ્છાને જેણે છેદી નથી, એટલે કે મન-મુંડન કર્યું નથી '**ઔર જિનદીક્ષારૂપ શિરોમુંડન કર ભેષ રખા,...**' આહા..! '**જિનદીક્ષારૂપ શિરોમુંડન કર ભેષ રખા, સબ પરિગ્રહકા ત્યાગ નહીં કિયા,...**' આહાહા..! બહારનું છોડ્યું પણ અંદરનું મિથ્યાત્વ છોડ્યું

નહિ, અજ્ઞાન, રાગ છોડ્યો નહિ. આહાહા..! માર્ગ આવો ઝીણો છે. જુવાની હોય શરીરની, ત્રીસ-ચાલીસ વર્ષની ઉંમર જુવાન, ફૂટડું શરીર, અને પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા હોય, બાયડી-છોકરા ઠીક હોય, દુકાન ચાલતી હોય બબ્બે-પાંચ-પાંચ લાખની પેદાશ (હોય). થઈ રહ્યું, કાંઈ સૂઝ પડે નહિ, મરી ગયા બિચારા એમાં. આ જીવતી જ્યોત ચૈતન્ય આનંદનો નાથ એને તો સંભાર્યો નહિ. જેમાં અનંતસુખ અને શાંતિ પડી છે એવો પ્રભુ, એને સંભાળતા અંદર ઋદ્ધિ મળે એવી છે. આહા..! બહારની વસ્તુને સંભાળતા પાપ મળે એવું છે. સમજાણું કાંઈ? ભારે ગાથા. એક પછી એક ગાથા, અમારે ચેતનજી કહે છે, ચડતી ગાથા છે. વાત સાચી. આહાહા..! યોગીન્દ્રદેવ મુનિ દિગંબર ૧૩૦૦ વર્ષ પહેલા થયા છે. એમનું આ પરમાત્મપ્રકાશ છે. હજી સુધી તો હિન્દીમાં છે, હવે ગુજરાતી થાય છે, છપાય છે. આહાહા..! સમયસાર આદિ તો થઈ ગયા ગુજરાતી, આ થાય છે.

**'ઐસા કથન સમઝકર...'** કહે છે, આવી વાત સાંભળીને એણે કરવું શું ત્યારે હવે? આહાહા..! **'નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...'** દેખો! છે? પોતાના શુદ્ધાત્માની એકાગ્રતા. આહાહા..! અનાદિથી જેમ પુણ્ય પરિણામમાં એકાગ્રતા છે, પુણ્ય અને પાપના ભાવમાં, એને ચૈતન્યના અંદરમાં એકાગ્રતા ઉત્પન્ન કરવી. આહાહા..! આનંદનો નાથ ભગવાન તેની સન્મુખ થઈને એકાગ્રતા કરવી. રાગથી વિમુખ થઈને. અનાદિથી સ્વભાવથી વિમુખ થઈને રાગની સન્મુખ થઈને રાગની ક્રિયા કરી છે અનાદિથી. આહાહા..! આવું છે.

મુમુક્ષુ :— આનંદથી ભરી દીધો છે.

ઉત્તર :— આહાહા..! પુણ્ય-પાપના પરિણામનું ધ્યાન કરતાં વિકારી.. શું કીધું તમે? આનંદની ભરતી. વિકારની ભરતી આવે. ભગવાનઆત્મા આનંદનો નાથ એની એકાગ્રતા થતાં આનંદની ભરતી આવે. સમુદ્રમાં ભરતી આવે છે ને? બાઢ બાઢ. સમુદ્રમાં બાઢ આવે છે ને? એમ ભગવાનઆત્મામાં.. આહાહા..! અતીન્દ્રિય સુખરૂપમાં એકાગ્ર થતાં અતીન્દ્રયની બાઢ આવે છે અને રાગમાં એકાગ્ર થતાં વિકારની બાઢ આવે છે. આહાહા..! આ બે દશાની બે દિશા. આહાહા..! અરે..! આ તે શું હશે? આવો માર્ગ? માર્ગ એવો છે, બાપુ! બાકી બધા દુઃખના પંથમાં રખડીને મરી ગયો છે. આહાહા..! જુઓ! શું કીધું?

**'નિજ શુદ્ધાત્માકી ભાવના...'** ભગવાન નિજ પોતાનો. પરમેશ્વરેય નહિ, પરમેશ્વર તો પર છે. એની ભક્તિ આદિ તો શુભરાગ છે, એ ધર્મ નહિ. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં.. એ બધો શુભરાગ છે. તેથી કહે છે, નિજ શુદ્ધાત્મા. પોતાનો જે ત્રિકાળી નિજ પોતાનો શુદ્ધ આત્મા પવિત્ર ત્રિકાળ, એની એકાગ્રતાથી ઉત્પન્ન. આહાહા..! **'વીતરાગ પરમ, આનંદસ્વરૂપકો...'** શું કીધું? **'વીતરાગ પરમ, આનંદસ્વરૂપકો અંગીકાર કરકે...'** 'પરિગ્રહ' શબ્દ એમાં પડ્યો રહ્યો છે ભાઈ! આનંદસ્વરૂપ પરિગ્રહ જોઈએ. આમ પરિગ્રહ છોડે છે ને? તો આમ પરિગ્રહ ગ્રહણ કર્યો છે. એમ. આહાહા..! છે ને ભાઈ એમાં? પરિગ્રહ છે. વાંચ્યું છે તે દિ' લખ્યું છે. છે એમાં જુઓ! 'वीतरागपरमानन्दपरिग्रहं कृत्वा' 'स्वशुद्धात्मभावनोत्थवीतराग-

परमानन्दपरिग्रहं'. સંસ્કૃત ટીકા છે. આહા..! શું કરવું ત્યારે એને કહે છે. આહાહા..! નિજશુદ્ધાત્મા જે પરમાનંદની મૂર્તિ પ્રભુ. આહાહા..! હવે એવો આત્મા કેમ એને લાગે? બે સિગારેટ પીવે સરખાઈની, આમ આમ કરે ત્યારે ભાઈસાહેબને પાયખાને દસ્ત ઉતરે. આવા તો અપલખણ. હવે એને આત્મા આનંદમૂર્તિ છે, કઈ રીતે? આહાહા..! બે-પાંચ-દસ લાખ રૂપિયા પેદા થઈ જાય ત્યાં તો રાજી રાજી, જાણે ઓહો.. શું થઈ ગયું! મૂર્ખાઈ છે બધી, કહે છે. આહાહા..!

આ ભગવાનઆત્મામાં એકાગ્રતા.. અહીં તો બીજી વાત કહે છે, વસ્તુને પરિગ્રહ નથી કહેવો. વસ્તુની એકાગ્રતાનો જે પરમઆનંદનો સ્વાદ આવ્યો એને અહીં પરિગ્રહ કહેવો છે. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એટલે? કાંઈ—શું કહેવા માંગે છે ગંધેય, ગંધ આવે છે કાંઈ? આહાહા..! ત્રણલોકનો નાથ વીતરાગ જિનવરદેવ પરમેશ્વરના આ બધા ફરમાન એની ખબરું ન મળે. અમે જૈન છીએ, જૈન છીએ. પણ જૈનની તો ભાનેય ન મળે. આહાહા..!

ઓહોહો..! નિજશુદ્ધાત્મા ત્રિકાળી આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ આત્મા. આહા..! વસ્તુ એ વસ્તુ છે. એ જ્ઞાનની ખાણ છે, અતીન્દ્રિય આનંદનું નિધાન છે. આહાહા..! એવો નિજશુદ્ધાત્મા, એની ભાવના. એ નિજ શુદ્ધાત્મા એ ત્રિકાળી થઈ ગયો. હવે એની ભાવના એ વર્તમાન થઈ. પર્યાય થઈ અંદર નિર્મળ. આહાહા..! એની ભાવનાથી ઉત્પન્ન. શું ઉત્પન્ન? રાગની ભાવનાથી ઉત્પન્ન વિકાર અને દુઃખ. ત્યારે ભગવાનઆત્માની ભાવનાથી શું ઉત્પન્ન? '**વીતરાગ પરમ, આનંદસ્વરૂપપરિગ્રહકો અંગીકાર કરકે,...**' આહાહા..! આવી વાતું હવે. પરમ સત્ય તો આ છે જિનવરદેવનું. બાકી બધી થોથાની વાતું છે. આહાહા..! ગાથા બહુ સારી આવી છે. ગાથા એક પછી એક.. આહાહા..! ૯૦ છે ને? ૯૦, નવડો છે ને આ. વીતરાગભાવનો. આહાહા..! નવ અફર કહે છેને? નવ એકુ નવ, નવ દૂ અઢાર, આઠ ને એક નવ, નવ તેરી સત્યાવીસ, સાત ને બે નવ, નવ ચોકુ છત્રીસ, છ ને ત્રણ નવ, નવ પંચુ પિસ્તાલીસ, પાંચ ને ચાર નવ, નવ છકે ચોપન, પાંચ ને ચાર નવ. બધા નવ. ઠેઠ આખો આંકડો. નવ સત્તા ત્રેસઠ. છ ને ત્રણ નવ. નવ અઠ્ઠા બોંતેર. સાત ને બે નવ. નવે નવે એક્યાસી. આઠ ને એક નવ. આહાહા..! એ નવ અફર માર્ગ છે. વીતરાગમાર્ગ તે અફર માર્ગ છે. આહાહા..! અરેરે..! એણે અનંત ભવના દુઃખ વેઠ્યા છે. સ્વર્ગમાં પણ દુઃખ છે બાપુ! એ વિષયની વાસના કષાય દુઃખ છે. આહાહા..!

ભગવાન અનંત સુખનો સાગર પ્રભુ. આહા..! અરે..! પણ એને સાંભળવા મળે નહિ. આહાહા..! એની ભાવનાથી ઉત્પન્ન થયેલ વીતરાગી પરમાનંદની પક્કડ કર, અનુભવ કર કહે છે. એ તારી પરિણતિ એ તારી વસ્તુ છે. રાગેય તારો નહિ અને પુણ્યના ફળ આ ધૂળ-બૂળ મળે એ તારી નહિ, એ તો બધી જગતની ચીજો છે. આહાહા..! સમજાણું કાંઈ? ગાથા બહુ સારી આવી. રાજેન્દ્રભાઈ! આ જુઓ તો ખરા. એ બધા ડોક્ટર-ફોક્ટરમાં પૈસા પેદા થાય. દસ હજાર ને પંદર હજાર ને વીસ હજાર ધૂળ. ઈ છોકરો સારો કહેવાય. કમાઉ, કમાઉ એટલે કર્મી—કર્મનો કરનાર. આહાહા..! અહીં તો ધર્મી કોને કહેવો એની વાત છે.

નિજશુદ્ધાત્મા પરમાનંદનો નાથ પ્રભુ.. આહાહા..! એની સન્મુખ થઈને જે એકાગ્રતા થાય એનાથી જે પરમઆનંદનો સ્વાદ આવે, એરૂપી પરિગ્રહ એ પરિણતિ તારી છે એમ કહે છે. આહાહા..! કહો. હેં! આહાહા..! સંતોએ વાત... દિગંબર મુનિઓ નાગા બાદશાહથી આઘા છે ઈ. બાદશાહની પરવા નથી, સમાજને બેસશે કિ નહિ એની કાંઈ દરકાર નથી એને. સમાજ આની તુલના કરશે કે નહિ એની કાંઈ દરકાર નથી. આ માર્ગ છે. માનવો હોય તો માન અને ન માનવો હોય તો રખડ. આહાહા..! પરથી ખસ અને આત્મામાં વસ, એ ટૂંકુ ટચ ને એટલું બસ. આ એમ કહે છે. આહાહા..! એ રાગના વિકલ્પથી દયા, દાન, વ્રતનો પણ રાગ છે એનાથી ખસ. આનંદના નાથમાં વસ, એટલું બસ. એ ટૂંકું ટચ. આ બધા અથડામણ કરી કરીને મરી ગયો બહારની. આહાહા..!

**'પરમ આનંદસ્વરૂપ પરિગ્રહકો અંગીકાર કરકે તીનોંકાલ તીનોંલોકમેં...'** આહાહા..! ત્રણકાળ અને ત્રણલોકમાં **'મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદનાકર દેખે, સુને, અનુભવે...'** આહાહા..! **'જો પરિગ્રહકી વાંછા સર્વથા ત્યાગની ચાહિયે.'** લ્યો. ત્રણલોકમાં ત્રણકાળમાં મન, વચન અને કાયાથી કૃત, કારિત, અનુમોદનાથી સાંભળેલું, દેખેલું અને અનુભવેલું એની વાંછા સર્વથા ત્યાગવી જોઈએ. આહાહા..! સમ્યગ્દર્શનમાં ધર્મની પહેલી સીઢી એમાં પણ પરમાનંદના નાથની એકાગ્રતાનો આનંદ આવે એ સમકિત છે. એમાં રાગ અને પરની ચીજનો તદ્દન અભાવ સ્વભાવમાં છે. એવું જેને અંતરજ્ઞાન થાય તેને સમ્યગ્દર્શન કહીએ. આહાહા..! હજી તો ધર્મની પહેલી સીઢી. શ્રાવક જેને કહીએ તો વળી ક્યાંક રહી ગયા, સાચા. આ તો બધા વાડાના છે. સમજાણું કાંઈ? આહાહા..! પરમ આનંદથી કીધું છે ને? કહ્યું હતું, અખંડરૂપ સુખરસ આત્મા.

શક્કરિયાનો દાખલો નથી આપતા? શક્કરકંદ. શક્કરકંદ નથી થતા? ઉપરની લાલ છાલ છે જરી, એ સિવાય આખો શક્કરકંદ છે. શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ.

મુમુક્ષુ :— શક્કરિયું જુદું, ગાજર જુદું.

ઉત્તર :— ગાજર જુદું. આ તો શક્કરિયા. શક્કરકંદ કહે છે નહિ? હિન્દુસ્તાનમાં શક્કરકંદ કહે છે. અહીં અમારે ગુજરાતી શક્કરિયા (કહે છે). શક્કરિયા એટલે સાકર. એ શક્કરિયું છે ને? અધ શેરનું, પોણો શેરનું લાંબુ મોટું. એમાં ઉપરની છાલ છે એ ફોતરા (છે). અને અંદર જે કસ છે એ સાકરનો પિંડ છે. એમ આત્મામાં પુણ્ય અને પાપના ભાવ એ ફોતરા છે, ઉપરની છાલ છે અને અંદરમાં જે આત્મા છે એ અતીન્દ્રિય આનંદનો કંદ, શક્કરકંદની જેવો છે ઈ. આહાહા..! આ તો સહેલી વાત છે. આ બીજી જાતના ઈંજેક્શન છે. આ ડોક્ટરો આપે છે ને ઈંજેક્શન આમ કરીને, તેમ કરીને. આ તો ભગવાનના ઈંજેક્શન છે. આહાહા..! બાપુ! આહાહા..!

**'યે પરિગ્રહ શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત હૈં.'** શું કહ્યું? કે આત્મા શુદ્ધ ચૈતન્યની અનુભૂતિ સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ એનાથી રાગ ને રાગના ફળ બહાર, એ બધા વિપરીત છે. આહાહા..! એ વ્યવહારરત્નત્રયનો રાગ એ અનુભૂતિથી વિપરીત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ વિકલ્પ છે. પંચમહાવ્રતનો રાગ એ વિકલ્પ છે, શાસ્ત્રના ભણતર કરવા એ પણ રાગ અને

વિકલ્પ છે. આહાહા..!

મુમુક્ષુ :— સાંભળવું ઈ?

ઉત્તર :— સાંભળવું એ પણ એક વિકલ્પ છે. કહેવું એ પણ એક વિકલ્પ છે. છદ્મસ્થને હોં! કેવળીને કહેવું એમાં એને કંઈ છે નહિ. આહાહા..! ભાઈ! તું જ્યાં છો ત્યાં જા એ કહે છે. રાગ ને પુણ્ય-પાપના ભાવમાં તું નથી, તું એમાં નથી, ભાઈ! તને ખબર નથી તું ક્યાં અને કેમ છો. આહાહા..! તું તો અતીન્દ્રિય આનંદના સુખરૂપ આસ્વાદિયો તું છો. આહાહા..! સમજાણું કાંઈ? આ શું કહેવાય? ચૂસણી ચૂસે છે ને? આ લાવે છે ને? કુલ્ફી. ધૂળ ચૂસે છે ને? આ તો આત્મા આનંદ-કુલ્ફી છે. એને ચૂસ તો તને આનંદનો સ્વાદ આવશે. આ રાગ ને પુણ્ય-પાપના ચૂસણા તો અનાદિથી તેં કર્યા. ઝેરના સ્વાદ લીધા. આહાહા..! આવો ધર્મ કેવો કાઢ્યો?

મુમુક્ષુ :— આવું સાંભળીએ તો..

ઉત્તર :— માર્ગ એની હા તો પાડ પહેલી. માર્ગ આ છે, એ સિવાય માર્ગ છે નહિ. હેં! આ જ માર્ગ છે. દાન, શીલ, તપ ભાવના એ તો બધો શુભરાગ છે. આહાહા..!

અહીં કહે છે કે એ બધો પરિગ્રહ શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત છે. આહાહા..! બહુ સરસ ગાથા. ૯૦ ગાથા થઈ. પરમાત્મપ્રકાશ, યોગીન્દ્રદેવ કૃત. બધામાં સમયસારની છાપ છે. સમયસારનું દોહન, બધામાં છાપ આવી છે. એની જાત છે ને ઈ. આહા..!

---

## ગાથા-૯૧

अथ ये सर्वसंगपरित्यागरुपं जिनलिङ्गं गृहीत्वापीष्टपरिग्रहान् गृह्णन्ति ते छर्दिं कृत्वा पुनरपि गिलन्ति तामिति प्रतिपादयति–

२९८) जे जिण-लिंगु धरेवि मुणि इट्ठ-परिग्गह लेंति।
छद्दि करेविणु ते जि जिय सा पुणु छद्दि गिलंति।।९१।।
ये जिनलिङ्गं धृत्वापि मुनय इष्टपरिग्रहान् लान्ति।
छर्दिं कृत्वा ते एव जीव तां पुनः छर्दिं गिलन्ति।।९१।।

ये केचन जिनलिङ्गं गृहीत्वापि मुनयस्तपोधना इष्टपरिग्रहान् लान्ति गृह्णन्ति। ते किं कुर्वन्ति। छर्दिं कृत्वा त एव हे जीव तां पुनश्छर्दिं गिलन्तीति। तथापि गृहस्थापेक्षया चेतनपरिग्रहः पुत्रकलत्रादिः, सुवर्णादिः पुनरचेतनः साभरणवनितादि पुनर्मिश्रः। तपोधनापेक्षया छात्रादिः सचितः, पिच्छकमण्डल्वादिः पुनरचितः, उपकरणसहितश्छात्रादिस्तु मिश्रः। अथवा मिथ्यात्वरागादिरुपः सचितः, द्रव्यकर्म-नोकर्मरुपः पुनरचितः, द्रव्यकर्मभावकर्मरुपस्तु मिश्रः। वीतरागत्रिगुप्तसमाधिस्थ-पुरुषापेक्षया सिद्धरुपः सचितः पुद्गलादिपञ्चद्रव्यरुपः पुनरचितः, गुणस्थानमार्गणास्थान-

जीवस्थानादिपरिणतः संसारी जीवस्तु मिश्रश्चेति। एवंविधबाह्याभ्यन्तर-परिग्रहरहितं जिनलिङ्गं गृहीत्वापि ये शुद्धात्मानुभूतिविलक्षण-मिष्टपरिग्रहं गृह्णन्ति ते छर्दिताहारग्राहकपुरुषसदृशा भवन्तीति भावार्थः। तथा चोक्तम्--''त्यक्त्वा स्वकीयपितृमित्रकलत्रपुत्रान् सक्तोऽन्य गेहवनितादिषु निर्मुमुक्षुः। दोर्भ्यां पयोनिधिसमुद्गतनक्रचक्रं प्रोत्तीर्य गोष्पदजलेषु निमग्नवान् सः।।''।।९१।।

---

आगे जो सर्वसंगके त्यागरुप जिनमुद्राको ग्रहण कर फिर परिग्रहको धारण करता है, वह वमन करके पीछे निगलता है, ऐसा कथन करते हैं—

गाथा-९१

अन्वयार्थ :- [ये] जो [मुनयः] मुनि [जिनलिंगं] जिनलिंगको [धृत्वापि] ग्रहणकर [इष्टपरिग्रहान्] फिर भी इच्छित परिग्रहोंको [लांति] ग्रहण करते हैं, [जीव] हे जीव, [ते एव] वे ही [छर्दिं कृत्वा] वमन करके [पुनः] फिर [तां छर्दिं] उस वमनको पीछे [गिलंति] निगलते हैं।

भावार्थ :- परिग्रहके तीन भेदोंमें गृहस्थकी अपेक्षा चेतन परिग्रह पुत्र कलत्रादि, अचेतन परिग्रह आभरणादि, और मिश्र परिग्रह आभरण सहित स्त्री, पुत्रादि, साधुकी अपेक्षा सचित परिग्रह शिष्यादि, अचित परिग्रह पीछी, कमंडलु, पुस्तकादि और मिश्र परिग्रह पीछी, कमंडलु, पुस्तकादि सहित शिष्यादि अथवा साधुके भावोंकी अपेक्षा सचित परिग्रह मिथ्यात्व रागादि, अचित परिग्रह द्रव्यकर्म, नोकर्म और मिश्र परिग्रह द्रव्यकर्म, भावकर्म दोनों मिले हुए। अथवा वीतराग त्रिगुप्तिमें लीन ध्यानी पुरुषकी अपेक्षा सचित परिग्रह सिद्धपरमेष्ठिका ध्यान, अचित परिग्रह पुद्गलादि पाँच द्रव्यका विचार, और मिश्र परिग्रह गुणस्थान मार्गणास्थान जीवसमासादिरुप संसारीजीवका विचार। इस तरह बाहिरके और अतंरके परिग्रहसे रहित जो जिनलिंग उसे ग्रहण करो जो आज्ञानी शुद्धात्माकी अनुभूतिसे विपरीत परिग्रहको ग्रहण करते हैं, वे वमन करके पीछे आहार करनेवालोंके समान निंदाके योग्य होते हैं। ऐसा दूसरी जगह भी कहा है, कि जो जीव अपने माता, पिता, पुत्र, मित्र, कलत्र इनको छोड़कर परके घर और पुत्रादिकमें मोह करते हैं, अर्थात् अपना परिवार छोड़कर शिष्य-शाखाओंमें राग करते हैं, वे भुजाओंसे समुद्रको तैरके गायके खुरसे बने हुए गढ़ेके जलमें डूबते हैं, कैसा है समुद्र, जिसमें जलचरोंके समूह प्रगट हैं, ऐसे अथाह समुद्रको तो बाहोंसे तिर जाता है, लेकिन गायके खुरके जलमें डूबता है। यह बड़ा अचंभा है। घरका ही संबंध छोड़ दिया तो पराये पुत्रोंसे क्या राग करना? नहीं करना।।९१।।

હવે, જે સર્વસંગના પરિત્યાગરૂપ જિનલિંગને ગ્રહીને પણ ઈષ્ટ ગ્રહણ કરે છે તે વમન કરીને તેને ફરીથી ગળે છે, એમ કહે છેઃ-

ભાવાર્થ :- ગૃહસ્થની અપેક્ષાએ પુત્ર, કલત્રાદિ ચેતન પરિગ્રહ છે અને સુવર્ણાદિ અચેતન પરિગ્રહ છે અને આભરણ સહિત વનિતા મિશ્ર પરિગ્રહ છે. તપોધનની અપેક્ષાએ શિષ્યાદિ સચિત્ત પરિગ્રહ છે અને પીંછી, કમંડલ આદિ અચિત્ત પરિગ્રહ છે અને ઉપકરણસહિત છાત્રાદિ મિશ્ર પરિગ્રહ છે. અથવા મિથ્યાત્વ, રાગાદિ સચિત્ત પરિગ્રહ છે અને દ્રવ્યકર્મ, નોકર્મરૂપ અચિત્ત પરિગ્રહ છે અને દ્રવ્યકર્મ, ભાવકર્મરૂપ મિશ્ર પરિગ્રહ છે. વીતરાગ ત્રણ ગુપ્તિથી ગુપ્ત સમાધિસ્થ પુરુષની અપેક્ષાએ સિદ્ધરૂપ સચિત્ત પરિગ્રહ છે અને પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યરૂપ અચિત્ત પરિગ્રહ છે અને ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન આદિ રૂપે પરિણત સંસારી જીવ મિશ્ર પરિગ્રહ છે. આ પ્રકારના બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત જિનલિંગને ગ્રહીને પણ જેઓ શુદ્ધ આત્માની અનુભૂતિથી વિલક્ષણ ઈષ્ટ પરિગ્રહનું ગ્રહણ કરે છે, તેઓ વમન કરેલા આહારને ગ્રહણ કરનાર પુરુષ જેવા છે.

કહ્યું પણ છે કે-''त्यक्त्वा स्वकीयपितृमित्रकलत्रपुत्रान् सक्तोऽन्य गेहवनितादिषु निर्मुमुक्षुः। दोर्भ्यां पयोनिधिसमुद्गतनक्रचक्रं प्रोत्तीर्य गोष्पदजलेषु निमग्नवान् सः।।''

(અર્થ :- જે નિર્મુમુક્ષુ પોતાનાં પિતા, મિત્ર, પત્ની અને પુત્રોને છોડીને અન્ય ઘરનાં વનિતા આદિમાં આસક્ત થાય છે તે ભૂજા વડે મગરાદિથી ભરેલા ભયંકર સમુદ્રને તરીને ગાયના પગની ખરીમાં રહેલા પાણીમાં ડૂબે છે.) ૯૧.

---

## ગાથા-૯૧ ઉપર પ્રવચન

૯૧. 'આગે જો સર્વસંગકે ત્યાગરૂપ જિનમુદ્રાકો ગ્રહણ કર ફિર પરિગ્રહકો ધારણ કરતા હૈ,...' જિનમુદ્રાને ધારણ કરીને વળી પાછો રાગ ને વિકલ્પને ગ્રહણ કરે છે. કારણ કે સર્વસંગપરિત્યાગ તો એ કે શુદ્ધોપયોગને ગ્રહણ કરે તે. આહાહા..! મુનિપણું શુદ્ધોપયોગ છે. એ વ્યવહારરત્નત્રય દયા, દાનનો રાગ એ કંઈ મુનિપણું નથી. આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં તો એ કહ્યું છેને? શુદ્ધોપયોગરૂપી મુનિપણું અંગીકાર કરીને. એમ છે. શુદ્ધોપયોગ એ સાંભળ્યું પણ ન હોય. મુનિપણું એટલે બાપુ! એ તો અલૌકિક ચીજ છે. એ તો શુભ-અશુભ રાગથી રહિત ચૈતન્યના શુદ્ધનો ઉપયોગ વેપાર અંદરનો એનું નામ મુનિપણું છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશક, ટોડરમલ. ટોડરમલે મોક્ષમાર્ગપ્રકાશકમાં પહેલા એ લીધું છે, શુદ્ધોપયોગને અંગીકાર કરીને એમ લીધું છે. મહાવ્રતને અંગીકાર કરીને નહિ, એ તો રાગ છે. આહાહા..!

'જિનમુદ્રાકો ગ્રહણ કર ફિર પરિગ્રહકો ધારણ કરતા હૈ,... ' આહાહા..! એટલે કે

મિથ્યાત્વને, રાગને કે બાહ્યની ચીજને. વસ્ત્ર આદિને ગ્રહણ કરે, બહારની ચીજો અંદર મુનિપણાને... સાથે ગાડા ફરે, સાથે માલ ફરે.. આહાહા..! એ તો બધો બહારનો પરિગ્રહ પકડ્યો છે. આહાહા..! ઝીણી વાત બાપુ! ભગવાનનો માર્ગ ભાઈ! આહાહા..! **'વહ વમન કરકે પીછે નિગલતા હૈ,...'** વમન કરીને પાછું લ્યે છે. એમ જેણે પરિગ્રહ છોડ્યો અને વળી પાછો પરિગ્રહ ગ્રહણ કરે છે. આહાહા..! રાગને અંગીકાર કરે. શુદ્ધપરિણતિને અંગીકાર કરવી જોઈએ એને ઠેકાણે રાગને અંગીકાર કરે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ વીતરાગનો માર્ગ હશે આ? અમે તો બધું આ સાંભળીએ કે જાત્રા કરવી, ભક્તિ કરવી, પૂજા કરવી, મંદિરો કરવા. લ્યો. કોણ કરે, સાંભળને! બહારની ક્રિયા કોણ કરી શકતું હતું? એમાં રાગ થાય, તો શુભ હોય. આહાહા..! અહીંયા તો કહે છે કે, **'ઐસા કથન કરતે હૈં :—'** જોયું! ૯૧. સમયસારમાં ટીકામાં આવે છે ને સચિત્ત અચિત્તનું? એ આમાં નાખ્યું છે.

२९८) जे जिण-लिंगु धरेवि मुणि इट्ठ-परिग्गह लेंति।
छद्दि करेविणु ते जि जिय सा पुणु छद्दि गिलंति।।९१।।

**અન્વયાર્થ :—** **'જો મુનિ જિનલિંગકો...'** નગ્ન દિગંબર દશા **'ગ્રહણકર ફિર ભી ઈચ્છિત પરિગ્રહોંકો ગ્રહણ કરતે હૈં,...'** આહાહા..! એ આવી ગયું છે બધું. શિષ્યો ને પુસ્તકોને ભેગા કરીને, આ મારી ચીજ છે (એમ માને છે) આહાહા..! એ પરિગ્રહ ગ્રહણ કર્યો એણે. પરચીજ ક્યાં તારી હતી? આહા..! ચેલા, ચેલી, પુસ્તકો, ઉપકરણો, મોરપીછી, કમંડળ. એ આવી ગયું પહેલું. એ પહેલા આવી ગયું કીધું. પછી આ લીધું છે. **'જિનલિંગકો ગ્રહણકર ફિર ભી ઈચ્છિત પરિગ્રહોંકો ગ્રહણ કરતે હૈં, હે જીવ, વે હી વમન કરકે ફિર ઉસ વમનકો પીછે નિગલતે હૈં.'** આહાહા..!

**ભાવાર્થ :—** **'પરિગ્રહકે તીન ભેદોંમેં ગૃહસ્થકી અપેક્ષા ચેતન પરિગ્રહ પુત્ર, કલત્રાદિ,...'** ગૃહસ્થને દીકરા, બાયડી, છોકરા એ પરિગ્રહ. ચેતનની અપેક્ષાએ. આહા..! એ તો પરવસ્તુ છે. આહાહા..! **'અચેતન પરિગ્રહ આભરણાદિ,...'** દાગીના, ઝેવર, પૈસા, લક્ષ્મી, મકાન એ અચેતન પરિગ્રહ. આહાહા..! **'મિશ્ર પરિગ્રહ આભરણ સહિત સ્ત્રી, પુત્રાદિ,...'** લ્યો. પુત્ર આદિ દાગીના સહિત હોય છે એ મિશ્ર પરિગ્રહ છે. **'સાધુકી અપેક્ષા સચિત પરિગ્રહ શિષ્યાદિ,...'** શિષ્ય એ પરિગ્રહ છે. આ મારો, આ મારો. શિષ્ય ક્યાંનો? આત્માને ક્યાં શિષ્ય હતો? આહાહા..! **'સચિત પરિગ્રહ શિષ્યાદિ, અચિત્ત પરિગ્રહ પીછી, કમંડલુ, પુસ્તકાદિ...'** આહા..! **'ઔર મિશ્ર પરિગ્રહ પીછી, કમંડલુ, પુસ્તકાદિ સહિત શિષ્યાદિ અથવા સાધુકે ભાવોંકી અપેક્ષા...'** હવે સાધુની અપેક્ષા લ્યે છે. **'સચિત પરિગ્રહ મિથ્યાત્વ રાગાદિ,...'** આહાહા..! વિપરીત માન્યતા-પુણ્યથી ધર્મ થાય એ પરિગ્રહ મિથ્યાત્વનો પરિગ્રહ છે. આહાહા..! સચેત છે ને ઈ? મિથ્યાત્વ, રાગાદિ સચેત છે. જીવની વિકારી પર્યાય છેને. આહાહા..! એ પરિગ્રહ છે, એણે પકડ્યો છે. આહા..! અરે..! આવી વાતું.

**'અચિત પરિગ્રહ દ્રવ્યકર્મ, નોકર્મ...'** છે ને? દ્રવ્યકર્મ જડ અને નોકર્મ. દ્રવ્યકર્મ અને નોકર્મ શરીર. દ્રવ્યકર્મ જડ, નોકર્મ આદિ. **'મિશ્ર પરિગ્રહ દ્રવ્યકર્મ, ભાવકર્મ દોનોં મિલે હુએ.'** એ પરિગ્રહ છે, લ્યો. બધાને છોડાવે છે. ત્રીજો વીતરાગીને કેવો પરિગ્રહ (હોય) એ વાત આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૧૩, રવિવાર
## તા. ૧૯-૧૨-૧૯૭૬, ગાથા-૯૧, ૯૨,
## પ્રવચન નં. ૧૬૩

પરમાત્મપ્રકાશ, ૯૧ ગાથા. ભાવાર્થ ફરીને. અહીંયા તો મુખ્યપણે એમ લેવું છે કે જે કંઈ જિનલિંગ નગ્નપણું ધારણ કરી અને ફરીને મિથ્યાત્વ આદિ પરિગ્રહને લ્યે છે, એ વમન કરીને ફરીને ખાય છે, એમ કહે છે. એ વર્ણન કરતાં પછી ઘણું વર્ણન વચમાં આવી ગયું. શું કહે છે? જુઓ!

ભાવાર્થ :— **'પરિગ્રહકે તીન ભેદોંમેં...'** પરિગ્રહના ત્રણ પ્રકાર છે—સચેત, અચેત અને મિશ્ર. **'ગૃહસ્થકી અપેક્ષા ચેતન પરિગ્રહ પુત્ર, કલત્રાદિ...'** પુત્ર અને કલત્ર એટલે સ્ત્રી આદિ એનો એ પરિગ્રહ છે. સમજાણું કાંઈ? પરવસ્તુ છેને ઈ. પુત્ર, સ્ત્રી આદિ પરવસ્તુ છે, એ કંઈ એની ચીજ નથી. એ તો જગતનું દ્રવ્ય ભિન્ન છે. એને મારા માનવા એ પરિગ્રહ છે. આહાહા..!

મુમુક્ષુ :— સ્ત્રી પરિગ્રહ છે કે માન્યતા પરિગ્રહ છે?

ઉત્તર :— માન્યતા પરિગ્રહ છે, પણ માન્યતાનું નિમિત્ત છે ને ઈ. નિમિત્ત એ છે એટલે ઈ પરિગ્રહ છે એમ કહેવામાં આવે છે. આહાહા..! ભગવાનઆત્મા તો આનંદકંદ જ્ઞાતા-દૃષ્ટાનો પુંજ છે. પ્રભુ તો અસંખ્યપ્રદેશી ક્ષેત્રથી પુંજ છે અને અનંત જ્ઞાનાદિ ગુણથી અતીન્દ્રિય સ્વભાવથી ભાવથી પુંજ છે. આહાહા..! એવા આત્માની દૃષ્ટિ છોડી દઈને, આ સ્ત્રી, પુત્ર એ મારા એ અજ્ઞાનીને મોટો પરિગ્રહ છે. આહાહા..! છે? **'અચેતન પરિગ્રહ આભરણાદિ,...'** દાગીના, કપડા આદિ અચેતન છે ઈ.

મુમુક્ષુ :— .. હોવા જ જોઈએ ને.

ઉત્તર :— હોય પણ ઈ પરિગ્રહ છે એમ કહે છે. હોય એટલે પર ભલે હો, રાજ હોય. આહા..! એ કંઈ એની ચીજ નથી.

અહીં તો પરમાત્મા વીતરાગી આનંદસ્વરૂપ ભગવાન એના સન્મુખ થઈને વીતરાગી આનંદરૂપી દશા (પ્રગટ થાય) એ જીવનો પરિગ્રહ છે.

મુમુક્ષુ :— એ નિશ્ચય પરિગ્રહ છે.

ઉત્તર :— એ સત્ય પરિગ્રહ છે. આહાહા..! ભગવાનઆત્મા... આવી ગયું છે ને, આપણે માથે આવી ગયું છે. જુઓને. '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન, વીતરાગ પરમઆનંદસ્વરૂપકો પરિગ્રહ અંગીકાર કરકે...**' આહાહા..! ધર્મીનો પરિગ્રહ તો એ છે. આહાહા..! કે નિજ શુદ્ધાત્માની ભાવના. ભગવાન શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ, અનાકુળ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ એ વસ્તુ. એની ભાવના—એમાં એકાગ્ર થઈને ઉત્પન્ન થતી વીતરાગી આનંદદશા. આહાહા..! સમજાણું કાંઈ? ત્રિકાળી વસ્તુ છે આનંદ ને જ્ઞાનમૂર્તિ, પણ એના અંતર ભાન વિના, આ છે એવું એને ભાન ન થાય, ત્યાં સુધી છે એ ક્યાં એને આવ્યું? ત્રીભોવનભાઈ! આ તમારો ઉત્તર આવે છે. ભાઈએ પ્રશ્ન કર્યો હતો એક ફેરી. વારિયા વિરજીભાઈના દીકરા. આ કારણપરમાત્મા છે ત્રિકાળી તો કાર્ય આવવું જોઈએ. જ્યારે ભગવાનઆત્મા ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ, જેને કારણપરમાત્મા કહીએ વસ્તુને, એને કારણજીવ કહીએ, એને કારણપરમાત્મા કહીએ. આહાહા..! તો કારણ હોય એનું તો કાર્ય આવવું જોઈએ. હવે તમે કારણપરમાત્મા ત્રિકાળ છે એમ કહો તો કારણમાંથી કારણનું કાર્ય તો આવવું જોઈએ. તો કારણ તો ત્રિકાળ છે અને કાર્ય તો આવતું નથી. સમજાણું કાંઈ? કેમ ચીમનભાઈ. પ્રશ્ન બરાબર હતો.

પણ ભાઈ! કારણપરમાત્મા નિજશુદ્ધાત્મા ત્રિકાળી એ છે એનો ભરોસો કોને આવ્યો? ભરોસોમાં ભાન વિના આ છે એ આવ્યું ક્યાંથી? આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે બાપુ! ધર્મની શરૂઆત જ અપૂર્વ અને ઝીણી છે. એ વસ્તુ તો અનંત આનંદકંદ પ્રભુ છે. તત્ત્વ છે, વસ્તુ છે અને તે વસ્તુમાં અનંત અતીન્દ્રિય જ્ઞાનાદિના ગુણો વસેલા છે. પણ ઈ છે એવું ભાન કોને? આહાહા..!

મુમુક્ષુ :— ભાન ન હોય તો વયું જાય?

ઉત્તર :— વયુ જાય, એને ક્યાં છે? એને ક્યાં છે? ભલે એમાં હોય પણ એને ક્યાં છે?

મુમુક્ષુ :— ઘરમાં રૂપિયા પડ્યા હોય અને એને ખબર ન હોય તો...

ઉત્તર :— નથી ખબર તો એના ક્યાં છે? એને ક્યાં છે? આહાહા..! લોજીકથી સમજવું પડશે ને એને. આહાહા..! એ ચીજ તો છે. પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદકંદ કારણપરમાત્મા જ છે આત્મા. પણ એ છે એવું જ્ઞાનમાં ભાસ્યા વિના, છે એવું શ્રદ્ધાની પર્યાયમાં ભાસ્યા વિના એ છે આવ્યું ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? વીરચંદભાઈ! અમારે કલકત્તામાં વાંચનાર છે ઈ. બધા ભડક્યા છે ને, વાંચનારા આ બધા જાગ્યા અને અમારી કિંમત ઘટી ગઈ. એવું ઘણાને થઈ ગયું. અરે.. ભગવાન! એમ શું બાપુ કરે છે? ભાઈ! પ્રભુ! તું પરમાત્મા છો. હેં! આહાહા..!

અહીંયા તો કહે છે કે આત્મા જે નિજ શુદ્ધાત્મા... માથે છેને? ૯૦મી ગાથામાં ઉપર. એની ભાવના. ભગવાન પૂર્ણાનંદમાં એકાગ્રતા. સ્વસન્મુખથી.. નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાયથી વિમુખ થઈ અને પૂર્ણ આત્મસ્વભાવની સન્મુખ થઈ અને જે દશા પ્રગટ થાય, કઈ? એ ભાવનાથી ઉત્પન્ન. ૯૦માં છેલ્લી લીટીઓ છે. '**વીતરાગ પરમ, આનંદસ્વરૂપ...**' આહાહા..! પર્યાયમાં—

અવસ્થામાં જે પરમાનંદ વીતરાગસ્વરૂપ છે આત્મા, એનું પર્યાયમાં—વીતરાગી પરમાનંદની પરિણતિમાં ભાન થયું ત્યારે વીતરાગી પરિણતિ એને પ્રગટ થઈ તેમાં આ આત્મા છે એમ જાણ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! માર્ગ ઝીણો બાપુ! જન્મ-મરણ... અનાદિથી રખડે છે ચોર્યાસીના અવતારમાં, ભાઈ! એ કંઈ સાધારણ વાત નથી. એ રખડે છે એ સાધારણ વાત નથી. મહામિથ્યાત્વથી રખડે છે અને એને છૂટવું એ સમ્યક્ પણ કોઈ સાધારણ વાત નથી. આહા..! સમજાણું કાંઈ?

એ ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદસ્વરૂપ. વર્તમાન દશામાં વીતરાગી પરમાનંદ દશા થઈ ત્યારે એને આ આત્મા વીતરાગી પરમાનંદ છે તેનો અનુભવ થયો અને પ્રતીતિ આવી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધાત્મા વીતરાગી પરમાનંદની મૂર્તિ જ છે. પણ એની પરમાનંદની વીતરાગતાની પરમાનંદદશા પ્રગટ ન થાય ત્યાં સુધી એને વીતરાગ પરમાનંદ છે એનો ભરોસો ક્યાં આવ્યો એને. આહાહા..!

મુમુક્ષુ :— આવ્યો ક્યારે કહેવાય?

ઉત્તર :— આ પરમાનંદ પ્રગટ થાય ત્યારે પ્રતીતિ આવી કહેવાય. ત્રીભોવનભાઈ! આહાહા..! નમૂનાનું વેદન આવ્યું ત્યારે એ દ્વારા જાણ્યું કે ઓહો..! આ તો આત્મા આખો વીતરાગી પરમાનંદસ્વરૂપ જ છે. કોઈ દિ' રાગરૂપ થયો નથી. એ સંસારપણે પરિણમ્યો જ નથી કોઈ દિ' આત્મા. આહાહા...! સમજાણું કાંઈ? આવી વાત છે.

મુમુક્ષુ :— આપે કહ્યું એ તો મને યાદ છે.

ઉત્તર :— યાદ છે ઈ નહિ. શેઠ પૂછે છે કે તમે કહો છો એ મને યાદ છે. એટલે આવી ગઈને વસ્તુ? એમ કહે છે. એવું યાદ તો અગિયાર અંગ ભણ્યો ત્યારે એને યાદ નહોતું આવ્યું? એ તો ધારણા થઈ. એ તો અભવિને પણ એવી ધારણા હોય છે. આહા..! શશીભાઈ! બાપુ! માર્ગ ભાઈ.. આહાહા..! એ ચીજ જ વીતરાગ પરમાનંદનો કંદ છે. કહ્યું નહોતું કાલે? એ તો ઘણીવાર દાખલો આપીએ છીએ સાદો લોકોને.

આ શક્કરકંદ હોય છે ને? શક્કરકંદ. અમારે ગુજરાતીમાં શક્કરિયા કહે છે, કાઠિયાવાડમાં. એની લાલ છાલ સિવાયનો આખો પિંડ છે એ શક્કરકંદ છે. શક્કર નામ સાકરની મીઠાશનો પિંડ છે. એથી એને શક્કરકંદ કહેવામાં આવે છે. આહાહા..! શક્કરકંદ ખબર છે? એક લાલ છાલ જરી છે એનું લક્ષ છોડી દે તો, એ અંદર આખો શક્કર નામ સાકરની મીઠાશનો પિંડ છે. આહાહા..! ઈરિયા વહિયાએ જીવિયાઓ વવરોવિયા...

એમ આત્મામાં શરીર, વાણી, મન તો એકકોર રાખો, પણ પુણ્ય અને પાપની વિકલ્પની છાલને ન જુઓ તો એ છાલની પાછળ એકલો શક્કરકંદ—વીતરાગ આનંદનો પિંડ જ છે એ. આહાહા..! આવી વાતું! ઓલા કહે, ઇચ્છામી પડિકમ્મા ઈરિયા વહિયા એ જીવિયાઓ વવરોવિયા મિચ્છામિ દુક્કડમ. ક્યાં ગયા? આવ્યા છે કે નહિ તમારે? ચુનીભાઈ. ચુનીભાઈ આવ્યા છે તમારા? નથી આવ્યા? નથી આવ્યા. રવાણીને કહું છું. આવ્યા છે? ઇચ્છામી પડિકમણા ઈરિયા વહિયા એ

જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. તસ્સૂતરી કરણેણં તાવકાયે ઠાણેણં, માણેણં જાણેણં અપ્પાણં વોસિરામિ. શું કર્યું તેં, કાંઈ ભાન ન મળે. વાણી કોની? વિકલ્પ શું છે? અને શું તેં કર્યું? એની કંઈ (ખબર છે)? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ગોળ મોઢામાં જાય પછી ભલેને આંખ બંધ હોય.

ઉત્તર :— પણ ગોળ હોવો જોઈએને. ગોળને ઠેકાણે ગોર હોય તો? ગોર એટલે આ છાણાનો ભૂક્કો. એને ગોર કહે છે. છાણા નહિ આ છાણા? કંડા. સિંધુકણ મૂકે ત્યારે પહેલો ભૂક્કો મૂકે છે ને? કારણ કે કઠણ લાકડામાં દીવાસળી ન પકડે. પોચી ચીજ હોય તો અગ્નિ પકડે. એથી છાણાનો ઝીણો ગોર મૂકે પહેલો. એમાં દીવાસળી જાય. લાકડું આખું હોય કઠણ એમાં શી રીતે પકડે? એટલે એને પણ ગોર કહે છે. અને આને ગોળ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :— થોડોક ફેર છે.

ઉત્તર :— મોટો ઉગમણો-આથમણો ફેર છે. આહાહા..!

એમ ભગવાનઆત્મા.. કહ્યું ને? શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન. પોતે હતો એવો અંદર એવી અંતર દૃષ્ટિ થતાં, એમાં એકાગ્ર થતાં વીતરાગી પરમાનંદ દશા ભાવનામાં—એકાગ્રતામાં પ્રગટી. એ પરિગ્રહ અંગીકાર કરી. એ પરિગ્રહ જીવનો છે. આહાહા..! બાકી બાયડી, છોકરા, કુટુંબ ને અહીં તો હજી રાગને પણ પરિગ્રહ કહેશે. આહાહા..! અરે..! સિદ્ધનું ધ્યાન કરવું એ પણ એક સચિત્ત પરિગ્રહ છે, રાગ. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, જેના સો ઈન્દ્રો, એકાવતારી ઈન્દ્રો એકભવતારી, બત્રીસ લાખ વિમાનનો લાડો, અસંખ્ય દેવનો સ્વામી ત્યાં બેસે. ગલુડિયાની જેમ બેસે સભામાં. એ વાત કેવી હશે ભાઈ? સમજાણું કાંઈ? એકાવતારી ઈન્દ્રો સાંભળે. સભામાં ભગવાન બિરાજે છે. સમજાણું કાંઈ? આહાહા..! બાપુ! એ વાતું જુદી છે. એ કાંઈ સાધારણ સાંભળવામાં મળે, એ ભાગ્ય વિના મળે એવું નથી એવી ચીજ છે. પુરુષાર્થ વિના પ્રતીત ન આવે, ભાગ્ય વિના એ વાત ન મળે. સમજાણું કાંઈ? આહાહા..!

**'વીતરાગ પરમઆનંદસ્વરૂપકો પરિગ્રહ અંગીકાર કરકે...'** આહાહા..! એને પકડીને રાગાદિને છોડી દે. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? વાતેય સાંભળી ન હોય આવી. એ અહીં કહે છે.

ગૃહસ્થને ત્રણ (પરિગ્રહ હોય છે). સ્ત્રી, પુત્રાદિ સચેત પરિગ્રહ. દાગીના, કપડા એ અચેત પરિગ્રહ. આહા..! બાયુના ટંકમાં ઘણી જાતના સાડલા હોય. એ દિશાએ જાય ત્યારે બીજો, લગ્નમાં કો'કના માંડવે જાય તો બીજો, ઘરે પહેરે તો બીજો, રોટલી કરવા બેસે તો બીજો, ઈ સાડલા ફેરવ્યા કરે. કેમકે મમતા ઘણી છે ને. એટલે ફેરફાર ફેરફાર કર્યા કરે. એમ નિગોદના જીવોને શરીર પ્રત્યે એટલી મમતા છે મિથ્યાત્વની કે એક શ્વાસમાં અઢાર ભવ ફર્યા કરે. આહાહા..!

મુમુક્ષુ :— એને તો જ્ઞાન ઘેલછારૂપ છે, આ પરિગ્રહ છે એવું ક્યાં છે?

ઉત્તર :— ભાન નથી તોય, પરિગ્રહ—મિથ્યાત્વનો પક્કડ નથી? મિથ્યાત્વ એ પરિગ્રહ છે મોટો. વિપરીત માન્યતાના પરિણામ એ મોટો પરિગ્રહ, મહાપાપ, મહાઆસ્રવ અને મહાસંસાર એ છે. આહાહા..! સંસાર કોઈ બાયડી, છોકરા એ સંસાર નથી, એ તો પરચીજ છે. સંસાર—સંસરણં ઇતિ સંસારઃ. ભગવાન આનંદકંદ પ્રભુમાંથી ખસી જઈને, હટી જઈને રાગાદિ ચીજ મારી છે, એ માન્યતા મિથ્યાત્વ અને એ સંસાર છે. આમ લોકો બાયડી, છોકરા છોડે (તો કહે), સંસાર છોડ્યો. ધૂળેય નથી છોડ્યો, સાંભળને. સમજાણું કાંઈ? સંસાર તો એને કહીએ કે જે ચિદાનંદ વીતરાગ આનંદકંદ પ્રભુ, એમાંથી ખસી-હટીને રાગાદિ વિકલ્પ જે પુણ્યનો, દયા, દાન આદિનો એને પોતાનો માનવો એ મિથ્યાત્વ મોટો સંસાર છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપુ! આહાહા..! આ પ્રેમચંદભાઈ કહેતા હતા ઈ? હેં? મેં ઓળખ્યા નહિ. એ તો બહુ પ્રેમી છે. આહા..! એમના કાલે દીકરા આવ્યા હતા ઈ. બેઠા ઉપરથી ખ્યાલ આવ્યો. એ તો ઘણા મહિનાથી અહીં છે. એને પ્રેમ ઘણો છે. હાર્ટને લઈને થઈ ગયું છે. કાલે એમના દીકરા આવ્યા હતા. મેં કીધું, ખ્યાલ આવતો નથી. પછી જોયા ત્યારે ખ્યાલ આવ્યો. બહુ પ્રેમ હશે. આહાહા..! આ હાર્ટનું (છે). વીસ-વીસ વર્ષના જુવાનને હાર્ટ બંધ થઈ જાય. જડ છે બાપા! એની પર્યાયમાં જે ક્ષણે જન્મક્ષણ છે, જડની જે પર્યાયની જન્મ—ઉત્પત્તિનો કાળ છે તે કાળે થશે જ તે. આહાહા..!

અહીંયા કહે છે કે અજ્ઞાનીને આ ત્રણ પ્રકારના પરિગ્રહ ગૃહસ્થને (હોય છે). '**મિશ્ર પરિગ્રહ આભરણ સહિત સ્ત્રી, પુત્રાદિ,...**' ગૃહસ્થને. '**સાધુકી અપેક્ષા સચિત પરિગ્રહ શિષ્યાદિ,...**' શિષ્ય અને શિષ્યણી એ સચિત પરિગ્રહ છે. આહાહા..! '**અચિત્ત પરિગ્રહ પીછી, કમંડલુ, પુસ્તકાદિ...**' પાતરા-બાતરા તો નહોતા, વસ્ત્ર આદિ. છે? '**અચિત્ત પરિગ્રહ પીછી, કમંડલુ, પુસ્તકાદિ...**' એ અચેત પરિગ્રહ છે. પરવસ્તુ છે ને. એ ક્યાં આત્માની ચીજ છે. આહાહા..!

મુમુક્ષુ :— આદિ કીધું એમાં આવી જાય.

ઉત્તર :— શું આવી ગયું? પરિગ્રહ આવે નહિ, વસ્ત્ર ન આવે. તેથી નામ આપ્યાને. પીછી, કમંડલુ, પુસ્તકાદિ. શું ભાઈએ કહ્યું સાંભળ્યું? આદિમાં વસ્ત્ર, પાત્ર આવી જાય. આદિ કીધું તેથી. આદિમાં એ ન આવે. આદિમાં કોઈ કલમ છે લખવાની કે ફલાણું એ બધું આદિમાં આવે. વસ્ત્ર-બસ્ત્ર હોય નહિ. મુનિને વસ્ત્રનો કટકો ત્રણકાળમાં હોય નહિ. વસ્ત્રનો એક કટકો હોય એને મુનિપણું ત્રણકાળમાં ન આવે. આહાહા..! એવો સ્વભાવ છે, વસ્તુની મર્યાદા એવી છે.

અહીંયા આવ્યું ને? '**અચિત્ત પરિગ્રહ પીછી, કમંડલુ, પુસ્તકાદિ ઔર મિશ્ર પરિગ્રહ પીછી, કમંડલુ, પુસ્તકાદિ સહિત શિષ્યાદિ...**' શિષ્ય ને પુસ્તક એ પરિગ્રહ છે. શિષ્ય અને કમંડલ આદિ મિશ્ર પરિગ્રહ છે. આહાહા..! '**અથવા સાધુકે ભાવોંકી અપેક્ષા સચિત્ત પરિગ્રહ મિથ્યાત્વ રાગાદિ,...**' વિપરીત માન્યતા અને રાગાદિ સચિત્ત પરિગ્રહ છે સાધુને, અજ્ઞાનીને. આહાહા..! સમજાણું કાંઈ? એ પાપના પરિણામમાં મજા પડે છે, પુણ્ય પરિણામ એ ધર્મનું કારણ છે, સમજાય છે કાંઈ? નિમિત્તથી પરમાં કાર્ય થાય છે, હું પણ બીજાને નિમિત્ત થાઉં તો પરનું કાર્ય

થાય, એવો જે મિથ્યા અભિપ્રાય એ પરિગ્રહ છે. આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વ, રાગાદિ સચિત્ત પરિગ્રહ. આહાહા..! કેટલાકે તો સાંભળ્યું પણ નહિ હોય જિંદગીમાં. હજી આગળ આવશે વધારે.

**'અચિત્ત પરિગ્રહ દ્રવ્યકર્મ, નોકર્મ...'** કહો. જડકર્મ અને નોકર્મ—શરીર એ અચિત્ત પરિગ્રહ સાધુને. આહાહા..! **'ઔર મિશ્ર પરિગ્રહ દ્રવ્યકર્મ, ભાવકર્મ...'** નાખ્યું. ભાવકર્મ છે, દયા, દાન, વ્રત વિકલ્પ જે છે એ ભાવકર્મ સચિત્ત પરિગ્રહ છે. આહાહા..!

મુમુક્ષુ :— આ તો સચિત્તમાં લઈ લીધું હતું.

ઉત્તર :— ના, ના. ભાવકર્મ નહોતું લીધું. ત્યાં દ્રવ્યકર્મ અને નોકર્મ લીધું હતું. કહ્યુંને? અચિત્તમાં.

મુમુક્ષુ :— સચિત્તમાં મિથ્યાત્વ આદિ લીધું હતું.

ઉત્તર :— એમાં લીધું હતું. પણ અહીં પાછું મિશ્રમાં નાખ્યું હવે. મિશ્રમાં નાખવું છે ને. એ ભાવકર્મ કહો કે મિથ્યાત્વ કહો, બધું એક જ છે. આહાહા..!

ત્રણલોકનો નાથ આનંદકંદ પ્રભુ એને અલ્પજ્ઞપણે માનવો, એને રાગવાળો માનવો એ મિથ્યાત્વ પરિગ્રહ છે. આહાહા..! સમજાય છે કાંઈ? બાહ્યથી ભલે છોડીને બેઠો હોય દ્રવ્યલિંગ ધારણ કરીને, પણ અંદરમાં રાગની પ્રીતિ, રાગની રુચિ અને રાગ મારી ચીજ, એ મહા મિથ્યાત્વનો પરિગ્રહ છે. આહાહા..! આવી વાત છે. પરમાત્મપ્રકાશ. આ અધિકાર તો આપણે આવે છે, પ્રવચનસારમાં ભાઈ ટીકામાં આવે છે. એમાં પણ આવે છે. આ અધિકાર જયસેનાચાર્યની ટીકામાં આવે છે. સમયસારમાં આવે છે. આહાહા..! દિગંબર સંતોની વાણી તો કોઈ અલૌકિક છે, જગતમાં ક્યાંય છે નહિ. આહાહા..! કેવળીના કેડાયતો છે, કેવળીને કેડે ચાલનારા છે. એ પોકાર કરે છે જગતને, જાહેર થાઓ કે પરવસ્તુને, રાગાદિને પોતાની માનતા એ મિથ્યાત્વ છે એ સંસાર છે એમ જાહેર થાઓ. એ સંસાર એણે છોડ્યો નથી. બાયડી, છોકરા, કુટુંબ, દુકાન છોડીને બેઠો એટલે સંસાર છોડ્યો એમ છે નહિ. મિથ્યાત્વરૂપી સંસાર જેણે છોડ્યો નથી એણે સંસાર છોડ્યો નથી. ગળે વળગ્યો છે એને સંસાર. સમજાણું કાંઈ? આવી વાતું છે. આહાહા..!

મુમુક્ષુ :— આવી વાતું જ સમજવા જેવી છે.

ઉત્તર :— એ જ છે, બાપુ! બાકી તો બધી ધૂળધાણી ને મરીને ચાલ્યો જશે. આહાહા..! અબજોપતિ મમતામાં પડ્યા. વાણિયા હોય તો મરીને ઢોરમાં જવાના. માંસ, દારૂ ન ખાય એટલે નરકે તો ન જાય. કીધું ને. આહાહા..! એ આંખ્યું વીંચીને ચાલ્યા જાશે. ધર્મ કર્યો ન હોય, પુણ્ય કર્યા ન હોય અને પાપમાં વીસ-વીસ કલાક, બાવીસ કલાક ગાળ્યા હોય, એકાદ કલાક કો'ક દિ' સાંભળવા ક્યાંક જાય તો કુગુરુ એક કલાકને લૂંટી લે. ઊંધી શ્રદ્ધા અને ઊંધી માન્યતા કરાવીને. વ્રત કરો, અપવાસ કરો તમારે ધર્મ થાશે. લૂંટી નાખ્યા એણે બિચારાને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સમકિત વિના વ્રત, તપ ન થાય?

ઉત્તર :— થાયને વ્રત, તપ. અજ્ઞાની બાળતપ ને બાળવ્રત.

મુમુક્ષુ :— બાળ છે ઈ મોટા થાય હળવે હળવે.

ઉત્તર :— નાનાના અર્થમાં બાળ નથી. મૂર્ખાઈના અર્થમાં બાળ છે. બાળ, યુવાન એ નાનાના અર્થમાં બાળ એમ નથી. બાળ એ મૂર્ખાઈના અર્થમાં છે. એ મૂર્ખો મોટો થાય તો મોટો મૂર્ખો થાશે. આહાહા..! અરે..! એણે પોતાની દયા કરી નથી. પોતાની દયા કરી નહિ. દયા એટલે? જેવું એનું જીવનું સત્ત્વ છે એવું એણે માન્યું નથી એટલે દયા કરી નથી. બીજા જીવને જીવથી જુદો કરવો, એને જીવતર ન માનવું એ હિંસા. એમ ભગવાનઆત્મા અતીન્દ્રિયજ્ઞાન ને આનંદ આદિ અનંતગુણનો પિંડ પ્રભુ એનું જીવન જ એ છે. એને ન માનતા અલ્પજ્ઞપણે માનવો, રાગપણે માનવો. એ છે નહિ એમ કહ્યું એટલે એણે હિંસા કરી. આહાહા..! સમજાણું કાંઈ? પરની હિંસા કોણ કરી શકે છે? ભાવ કરી શકે પરને મારવાનો પણ મારી શકે નહિ. એમ પરની દયા કોણ કરી શકે છે? ભાવ કરે રાગ, દયા પાળવાનો રાગ. એ હિંસા છે. આહાહા..!

મુમુક્ષુ :— દયા એ હિંસા છે?

ઉત્તર :— દયા એટલે? પરની દયાનો ભાવ રાગ તે હિંસા છે. સ્વની દયાનો ભાવ તે અહિંસા--વીતરાગતા છે. આહાહા..! એટલે? જેવું એ તત્ત્વ છે પૂર્ણાનંદનું જીવન એનું સ્વરૂપ, ભાવપ્રાણ જ્ઞાન, દર્શન, આનંદ, સત્તાથી જીવતું તત્ત્વ આખું એને એ રીતે સ્વીકારવું એનું નામ જીવની દયા છે. આહાહા..!

મુમુક્ષુ :— આપની દયા બહુ મોંઘી.

ઉત્તર :— વસ્તુ આમ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું નહિ? રાગ છે તે હિંસા છે. જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે સમકિતી એ પણ અપરાધ છે. આ તો વીતરાગના ખેલ છે, ભાઈ! આ કાંઈ આલીદુઆલી સાધારણ વાતું કરે એવી નથી આ.

કહે છે કે, '**મિશ્ર પરિગ્રહ દ્રવ્યકર્મ, ભાવકર્મ...**' આહાહા..! દ્રવ્યકર્મ અચેત જડ છે અને ભાવકર્મ છે એ ચૈતન્યની વિકારી પર્યાય છે એને સચિત્ત ગણીને, ઓલા અચેત બેને થઈને મિશ્ર ગણ્યું. આહાહા..! પંચમહાવ્રતના પરિણામ એ ભાવકર્મ સચિત્ત છે અને દ્રવ્યકર્મ અચિત્ત છે. બે થઈને મિશ્ર કહેવામાં આવે છે. મિશ્ર પરિગ્રહ છે. આહાહા..!

મુમુક્ષુ :— મહાવ્રત પરિગ્રહ છે?

ઉત્તર :— પરિગ્રહ છે રાગ. જ્ઞાની એને પોતાના માનતો નથી. આવે છે, હોય છે. એનો જ્ઞાતા રહે છે. આહાહા..! છે? દ્રવ્યકર્મ અને ભાવકર્મ એ મિશ્ર પરિગ્રહ છે. આહાહા..!

'**અથવા...**' હવે આગળ લઈ ગયા. '**વીતરાગ ત્રિગુપ્તિમેં લીન ધ્યાની પુરુષકી અપેક્ષા...**' આહાહા..! '**સચિત્ત પરિગ્રહ સિદ્ધપરમેષ્ઠીકા ધ્યાન,...**' સિદ્ધપરમેષ્ઠીનું ધ્યાન એ વિકલ્પ છે. પરમાત્મા ત્રણલોકના નાથ સિદ્ધભગવાન ણમોસિદ્ધાણં, એનું ધ્યાન એ પણ રાગનો વિકલ્પ છે. આહાહા..! એ સચિત્ત પરિગ્રહ છે. આવી વાતું. આહાહા..! '**સચિત્ત પરિગ્રહ સિદ્ધપરમેષ્ઠીકા ધ્યાન,...**' કેમકે સિદ્ધભગવાન છે ઈ પરદ્રવ્ય છે. અને પરદ્રવ્યનું ધ્યાન લક્ષમાં લેશે તો એને રાગ

જ આવશે. આહાહા..! સ્વદ્રવ્યનું ધ્યાન તે વીતરાગી પર્યાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! મનુષ્યપણા માંડ મળ્યા, નિગોદમાંથી નીકળીને આવ્યો ક્યાંથી ક્યાં. આહાહા..! ઓલો દાખલો આપ્યો છે ને? ધાણી ધાણી, જુવારની ધાણી કરેને, એમાંથી કો'ક બહાર નીકળી જાય. બહાર નીકળી જાય. એમ નિગોદમાંથી માંડ માંડ નીકળ્યો છે બહાર. નિત્યનિગોદમાં અનંતકાળ રહ્યો છે. આહાહા..! એને કરવાના કાળ આવ્યા ત્યાં રોકાઈ ગયો ક્યાંક. આહાહા..! આ સર્પણી નથી હોતી? સર્પણી જેમ ઘણા બચ્ચાને જન્મે, સેંકડોને. ગોળ કરીને પછી ખાઈ જાય. એમાંથી કોઈ એકાદ બહાર નીકળી ગયો તો બચી ગયો. આહા..! અહીં ન કીધું? આપણે અહીં થયુંને થોડા દિ' પહેલા. કૂતરીએ જન્મ આપ્યો ચાર બચ્ચાને. કોઈ માણસ ન મળે અને ક્ષુધા બહુ લાગી તો બે ગલુડિયા ખાઈ ગઈ. પિલ્લા ખાઈ ગઈ. આ છે ને? આ કાળી કૂતરી ફરે છે. દેરાસરની પાછળ. ભગવાનના દેરાસરની પાછળ. આહાહા..! ભગવાન ઉપર તો ચકલી ઈયળુ ખાઈને બેસે. એને ક્યાં ભગવાનની ખબર છે. આહા..! બે ગલુડિયા તરત ખાઈ ગઈ, લ્યો. તાજા. પછી વળી ભીખાભાઈને ખબર પડી, આ જન્મી છે. પછી લઈ આવ્યા. તેલનો શિરો, તેલ તેલ. શિરો કરીને આપ્યો પછી ખાધો. એ પહેલા પણ નાની ઉમરમાં અમને ખબર છે ને. કૂતરી જન્મ આપે ત્યારે છોકરાઓ જાતા. આઈ માઈ એવું કાંઈક કહેતા. નાની ઉંમરની વાત છે. કૂતરી જન્મ આપે એટલે વાણિયાના છોકરાઓ નીકળે ઠીબડી લઈને. આઈ માઈ કૂતરી વિહાણી, ધાન ધોબો આપજો. એવું બોલતા. આ તો સીત્તેર વર્ષ પહેલાની વાત છે. ધાન ધોબો હોં! ધોકો નહિ. ઠીબડી લઈ.. કૂતરી જન્મેને. વાણિયાને એટલી કરુણા હતી એ વખતે. જેની શેરીમાં જન્મે એ પોતે ઠીબડી લઈને છોકરાઓ બે-ચાર, છ, સાત નીકળે. આઈ માઈ કૂતરી વિહાણી, ધાન ધોબો આપો. એને ખવરાવવું છે. એને ભૂખ બહુ લાગે એ વખતે. એ તો આપણે બાયુંને સુવાવડ થાય ત્યારે કાટલુ, કાટલુ ખવડાવે છે ને? હેતુ ઈ છે. ઔષધનું કાટલું નથી કહેતા? બધી ખબર છેને, એકે એકની બધી ખબર છે.

મુમુક્ષુ :— જામનગરમાં એનું પ્રસિદ્ધ છે.

ઉત્તર :— હશે, આપણે તો ગામડામાં કાટલુ કહેતા. લાડવા મસાલાવાળા નાખીને કાટલુ કરતા, બૈરાને આપતા. આહાહા..! ભૂખ બહુ લાગી હોય એને. આહાહા..!

મુમુક્ષુ :— આ બધા તો દૃષ્ટાંત થયા.

ઉત્તર :— એ દૃષ્ટાંતનો અર્થ એ થયો કે જેને મિથ્યાદૃષ્ટિપણું લાગ્યું છે એ ખાઈ જાય છે આત્માને. આહા..! ચૈતન્યને હણી નાખે છે ઈ. આહાહા..! મિથ્યાઅભિપ્રાય જે આ પરિગ્રહ છે, એને જે પકડ્યો છે એ આત્મા ચૈતન્યમૂર્તિનો ઘાણ કરી નાખે છે. આહાહા..! હું નહિ આ. હું તો રાગ છું. હું નહિ આ. મારી બાયડી, છોકરા ઈ હું છું. ઘાણ કરી નાખ્યો આત્માનો. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે બાપુ! આ તો વીતરાગની વાતું જુદી. લોકોમાં તો બિચારા સંપ્રદાયમાં તો આ દયા પાળો ને પોષા કરો ને સામાયિક કરો ને પડિકમણા કરો. દેરાવાસીમાં વળી જાત્રા કરો ને સિદ્ધચક્રની પૂજા કરો ને.. ધૂળમાંય નથી ન્યાં, એ તો બધા રાગ છે. આહાહા..!

મુમુક્ષુ :— પડિમા લ્યો.

ઉત્તર :— પડિમા લ્યો તોપણ એ રાગ છે, ન્યાં ધર્મ આત્માના ભાન વિનાની પડિમા કેવી? આહાહા..!

અહીં કહે છે કે સિદ્ધનું ધ્યાન પણ પરિગ્રહ છે. ભલે અહીં વીતરાગીની અપેક્ષાએ લીધું છે. બીજું પણ સિદ્ધનું ધ્યાન કરવા જાય તો વિકલ્પ થશે. આહાહા..! સમજાણું કાંઈ? '**અચિત્ત પરિગ્રહ પુદ્ગલાદિ...**' એક પરમાણુનો વિચાર કરશે તો એ અચિત્ત પરિગ્રહ છે. આહાહા..! પરદ્રવ્ય છે ને? પરમાણુ રજકણ જડ પર છે. એ પરના વિચારમાં રોકાશે તો એ વિકલ્પ ઉઠશે. આહાહા..! પરમાણુ આદિ '**પાંચ દ્રવ્યોંકા વિચાર, ઔર મિશ્ર પરિગ્રહ ગુણસ્થાન માર્ગણાસ્થાન...**' આહાહા..! એ મિશ્ર થયું. ચૌદ ગુણસ્થાનનો વિચાર. વીતરાગદશામાં પડ્યો એમાંથી જો આ આવે તો એ પરિગ્રહ છે, કહે છે. આહા..! છે? માર્ગણાસ્થાન. જીવની ગતિ ક્યાં? કઈ ગતિમાં છે? ફલાણું ફલાણું એ બધું મિશ્ર.

'**જીવસમાસાદિરૂપ સંસારીજીવકા વિચાર.**' લ્યો, એ મિશ્રપરિગ્રહ છે. ભગવાન આનંદનો નાથ પ્રભુ એનું ધ્યાન તે વીતરાગી પર્યાય છે. અને એ વીતરાગી પર્યાય તે નિજ પરિગ્રહ છે. આવ્યું હતું ને માથે? ૯૦માં, ૯૦ ગાથામાં આવ્યું હતું. પરિગ્રહ કહ્યું હતું. ટીકામાં ભૂલી ગયા, ટીકામાં છે. અર્થમાં ભૂલી ગયા. સમજાણું કાંઈ? આહાહા..! '**ઈસ તરહ બાહિરકે ઔર અંતરકે પરિગ્રહસે રહિત જો જિનલિંગ...**' એ બાહ્ય અને અંતરંગ પરિગ્રહથી રહિત હોં! એમ ધારીને જિનલિંગ ગ્રહણ કર્યું છે. આહાહા..! શું કીધું? અભ્યંતરમાં એ મિથ્યાત્વ આદિના પરિગ્રહનો ત્યાગ કર્યો છે અને બાહ્યમાં વસ્ત્રાદિનો ત્યાગ કર્યો છે. આહાહા..! કુટુંબ-કબીલા, દુકાન-ધંધા એ બહારની ચીજ છે. એવો બાહ્ય અને અંતર પરિગ્રહથી રહિત જિનલિંગ, જિનલિંગ એટલે નગ્નદિગંબર મુનિ એ જિનલિંગ છે. વસ્ત્રસહિત એ જિનલિંગ જ નથી. સમજાણું કાંઈ? મુનિપણાને વસ્ત્રસહિત એ જિનલિંગ નહિ, એ તો કુલિંગ છે. સમજાણું કાંઈ? આ ઝીણી વાત છે. સ્પષ્ટ કરવા જઈએ છીએ ત્યાં લાંબુ થઈ જાય છે. અન્યલિંગ, અન્યમતનું લિંગ છે ઈ. વસ્ત્ર સહિત છે ઈ અન્યમતનું લિંગ છે. જિનનું લિંગ નહિ. આહાહા..!

પાંચમા અધ્યાયમાં કહ્યું છે, નહિ? મોક્ષમાર્ગપ્રકાશક, પાંચમો અધ્યાય. અન્યમતિ. એ અન્યમતિમાં આ બધા નાખ્યા છે—વેદાંત, સાંખ્ય, શ્વેતાંબર, સ્થાનકવાસી એ બધા અન્યમત છે, જૈનમત છે જ નહિ. આકરું પડે ભઈ માણસને, શું થાય? વસ્તુ આવે ત્યારે જે આવતી હોય એ આવે. કુલિંગ નહીં આ તો જિનલિંગ કીધું. આહા..! છે?

'**જિનલિંગ ઉસે ગ્રહણ કર જો અજ્ઞાની શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત...**' આહાહા..! શુદ્ધાત્મા પરમાનંદપ્રભુ એનો અનુભવ, વીતરાગી પરિણતિ એ અનુભૂતિ. પર્યાય હોં! '**અજ્ઞાની શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત પરિગ્રહકો ગ્રહણ કરતે હૈં,...**' આહાહા..! એ શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત વિકલ્પ આદિ પરિગ્રહને પકડે છે તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.

આહાહા..! પુસ્તક થોડા છે. બધાને નહિ મળ્યા હોય. '**અજ્ઞાની શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત...**' આહાહા..! એ વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, પંચમહાવ્રતનો રાગ એ અનુભૂતિથી વિપરીત છે. આહાહા..!

મુમુક્ષુ :— અનુભૂતિથી વિપરીત એમ લખે છે, આત્માથી વિપરીત એમ નથી લખ્યું.

ઉત્તર :— પરિણતિથી વિપરીત છે તો આત્માથી વિપરીત જ છે. આત્મા તો દ્રવ્ય છે. અહીં તો વર્તમાન પરિણતિથી વિપરીત છે એમ કહેવું છે ત્યાં પછી દ્રવ્યની વાત તો ક્યાં? આહાહા..! શું કહ્યું ઈ?

આત્મા જે છે એ પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આનંદકંદ એનું ભાન થયું જે અનુભૂતિ, એ પરિણતિ છે વર્તમાન. એ વર્તમાન પરિણતિથી વિકલ્પાદિ પરવસ્તુ ભિન્ન છે. આહાહા..! કહો, શશીભાઈ! આત્મા તો દ્રવ્ય ત્રિકાળ છે. આ તો વર્તમાન ત્રિકાળી ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન એવી અનુભૂતિ.. આહાહા..! એવી જે વીતરાગીપર્યાય, ધર્મરૂપપરિણતિ, અકષાયરૂપ પરિણતિ--અવસ્થા, એનાથી વિકલ્પાદિ એ ભિન્ન વિપરીત છે. આહાહા..! અરેરે..! ભગવાનનો માર્ગ સત્ય છે ઈ સાંભળવા મળે નહિ. આહા..! એ કે દિ' સમજે અને કે દિ' અંદર પરિણમે? ત્યાં સુધી બધા દુઃખી છે બિચારા. આહાહા..! સમજાણું કાંઈ? છે? શું કહ્યું ત્યાં?

'**અજ્ઞાની શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત...** ' વિકલ્પાદિ '**પરિગ્રહકો ગ્રહણ કરતે હૈં,...**' આહાહા..! આ શિષ્ય મારો ને આ પુસ્તક મારું, આ વિકલ્પ થાય એ મારો.. આહાહા..! વિકલ્પ શબ્દે રાગ, હોં! '**વમન કરકે પીછે આહાર કરનેવાલેકે સમાન નિંદાકે યોગ્ય હોતે હૈં.**' આહાહા..! વમન કર્યું એ કૂતરા ખાય, વમન કર્યું એ માણસ ન ખાય. આહાહા..! એમ જેણે એકવાર છોડીને ફરીને ગ્રહણ કરે, એ તો કૂતરા જેવો વમન કરીને ખાય એવો છે. આહાહા..! આવો માર્ગ માણસને.. ભેજા ટૂંકા અને રોકાયેલા ક્યાંક, હવે એમાં આ કહેવું ને સમજાવવું. આહાહા..! બાપુ! માર્ગ તો આ છે, ભગવાન! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવનો ધ્વનિ ઉઠે છે. ભગવાન બિરાજે છે અત્યારે. મહાવીર પરમાત્મા તો બધા ણમો સિદ્ધાણંમાં ગયા. હવે એને દેહ નથી, વાણી નથી. આ તો અરિહંતપદે પરમાત્મા બિરાજે છે. મહાવિદેહ. સર્વજ્ઞ પરમેશ્વર સીમંધર ભગવાન. સીમં—આત્માની મર્યાદાના ધરનારા. આહાહા..! એ ભગવાનની વાણીમાં આ આવે છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા, આઠ દિ' રહીને લાવ્યા તો એ વાણી સમયસાર એની વાણી છે. એની બધી એ જાતની આ બધી છાપ—પ્રતિછાયા છે. આહાહા..!

કહે છે, '**વમન કરકે પીછે આહાર કરનેવાલેકે સમાન નિંદાકે યોગ્ય હોતે હૈં. ઐસા દૂસરી જગહ ભી કહા હૈ, કિ જો જીવ અપને માતા, પિતા, પુત્ર, મિત્ર, કલત્ર ઈનકો છોડકર પરકે ઘર ઔર પુત્રાદિકમેં મોહ કરતે હૈં,...**' પરના શિષ્યો, કો'કના છોકરા ત્યાં આ પોતાના શિષ્ય માનીને મોહ કરે ઈ તો એની એ દશા થઈ. ઘરના છોકરા છોડીને પરના છોકરામાં મમતા કરે. આહાહા..! આ મારા શિષ્ય છે ને આ વિદ્યાર્થીઓ અમારી પાસે ભણે છે. માટે અમારા

છે. શેઠ! આવી વાત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બહાર ગયો. આહાહા..! હેં? શું કીધું?

મુમુક્ષુ :— પારકાને પોતાના કરવા, વિશાળ દૃષ્ટિ કહેવાયને?

ઉત્તર :— હા, અજ્ઞાનદૃષ્ટિ કહેવાય ઈ. વિચાર શબ્દે અજ્ઞાન ત્યાં લેવું. એ અજ્ઞાનદૃષ્ટિ વિશાળ એટલે. માને પણ બાયડી ઠરાવે એ વિશાળ દૃષ્ટિ છે ને? એકલી બાયડીને બાયડી ઠરાવે, એ કરતાં માને ઠરાવે, બેનને બાયડી ઠરાવે એ વિશાળ દૃષ્ટિ છે. જમુભાઈ! આવું તો બાપા જે હશે ઈ આવશે. આહાહા..! જે વસ્તુ હોય તેનો વિસ્તાર કે ન હોય તેનો વિસ્તાર વિશાળ? આહાહા..! આહાહા..! બહુ ગાથા.. એક એક ગાથા ચડતી આવે છે. અરે..! આવો વખત.. બાપુ! મનુષ્યપણામાં વીતરાગની સાચી વાત કાને પડવી એ મહાભાગ્ય હોય એને પડે એવી છે. આહાહા..!

મુમુક્ષુ :— પુણ્યનો ... હવે આગળ કેમ વધવું?

ઉત્તર :— હવે એને નકાર કરવો બહારનો અને હકાર કરવો સ્વનો, ઈ આગળ વધવું. બહુ ટૂંકું કહ્યું. નહોતું કહ્યું? એક ક્ષુલ્લક હતા. બુદ્ધિ થોડી હતી પણ એને બિચારાને પ્રેમ બહુ. ક્ષુલ્લક હતા. આદિસાગરને? ગુજરી ગયા બિચારા. આપણે આ ઉદ્‌ઘાટન કર્યું તે દિ' આવ્યા હતા. અહીંના પુસ્તકો બહુ લે, બીજાને અપાવે, પુસ્તકો લ્યો. બુદ્ધિ થોડી. ટૂંકુ એકવાર ઈ શબ્દ બોલતા, જુઓ ભાઈ! આપણે બહુ લાંબુ જાણતા નથી. પણ પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ટચ, એટલું બસ. શેઠ! પરથી ખસ. એટલે વિકલ્પાદિથી ખસ. વસ્તુ ભગવાન વીતરાગમાં વસ. એટલું બસ, એ ટૂંકુ ટચ. આહાહા..! આ બધો એનો વિસ્તાર છે. આહાહા..!

મુમુક્ષુ :— ટૂંકા કથનથી સમજનારા બહુ ઓછા.

ઉત્તર :— આપણે તો આ બહુ વિસ્તાર થાય છે. ૪૨ વર્ષથી તો ચાલે છે અહીં. આહાહા..! વીસ લાખ તો પુસ્તક બહાર પડ્યા છે. ચૌદ લાખ અહીંથી અને છ લાખ જયપુરથી.

મુમુક્ષુ :— એ તો બધો પરિગ્રહ કહેવાય, એમ આમાં આવ્યું.

ઉત્તર :— પોતાનો માને તો ને. જગતની ચીજ છે તો જગતમાં થાય છે. હુકમીચંદજી છે ને પંડિત? બહુ જબ્બર જાગ્યો છે. હુકમીચંદજી પંડિત અત્યારે બહુ જબ્બર. ઉંમર નાની ૪૦ વર્ષની છે, પણ એનો ક્ષયોપશમ અને વાસ્તવિકની રુચિ બહુ. છતાં ઘમંડ નહિ, માન નહિ. આવી ગયાને હમણાં ઈ. બહુ નરમ માણસ નરમ. પચ્ચીસ હજાર રૂપિયા દેવા માંડ્યા એને, કીધું નહિ? ભોપાળમાં ચાલીસ હજાર માણસની વસ્તી હતી વ્યાખ્યાનમાં. ભોપાળ ભોપાળ પંચકલ્યાણક હતાને, અમે ગયા હતાને, આઠ દિ' રહ્યા હતા. ચાલીસ હજાર માણસ સભામાં. એમાં એક જણાએ પચ્ચીસ હજાર.. આપ્યા હતા એક જણાએ, પદમચંદ, આગ્રાવાળા. પૈસાવાળા છે ને. નામ ન આપ્યું. ઉત્તર મુમુક્ષુ મંડળ તરફથી આપની કદર કરીને પચ્ચીસ હજાર આપીએ છીએ. આપ્યું હતું એકલાએ. લીધા પચ્ચીસ હજાર હાથમાં. ૩૯ વર્ષની ઉંમર. હું તો આ મહારાજ પાસેથી શીખ્યો છું,

મને તો મહારાજનો ઉપકાર છે. એમ કરીને સો રૂપિયા નાખીને પચ્ચીસ હજાર પાછા આપી દીધા. પચ્ચીસ હજાર. ધૂળમાં શું હતું ન્યાં? પચ્ચીસ હજાર ને લાખ. લીધી કોથળી હાથમાં. કોથળીમાં આપેલા. નોટું હશે. મને તો મહારાજનો ઉપકાર છે, હું તો ત્યાંથી શીખ્યો છું. એમ કહીને સો રૂપિયા નાખ્યા. ઉત્તર મુમુક્ષુ મંડળને હું ભેટ તરીકે પાછા આપુ છું. પચ્ચીસ હજાર નહિ. નરમ માણસ છે. પાંચસોનો પગાર છે, છસ્સોનો કરતા હતા તો ના પાડી. વધારે કરશો નહિ. હું કામ પૂરતું કામ લઈશે એટલું કરીશ. વધારે કરીને પાછું ખૂબ કામ કરાવવું.. એટલું બસ છે. એ પણ છોકરા તૈયાર થાશે તો હું છોડી દેવાનો છું. મોટા છોકરા છે. મોટા છોકરાનું નામ પરમાત્મપ્રકાશ છે, નાના છોકરાનું નામ અધ્યાત્મપ્રકાશ છે. છોડ્યુંના નામ એવા નામ છે. એ કંઈક નામ છે, ભૂલી ગયા. એ બધા અધ્યાત્મના નામ છે. આહાહા..! અરે.. ભાઈ! આવો વખત ક્યાં મળે? આહાહા..!

અહીં કહે છે, '**પુત્રાદિકમેં મોહ કરતે હૈં, અર્થાત્ અપના પરિવાર છોડકર શિષ્ય-શાખાઓંમેં રાગ કરતે હૈં,...**' શિષ્ય, શાખા. જ્યાં હોય ત્યાં મંદિર અમે બનાવ્યા, અમારા મંદિર છે. અરે.. બાપા! ક્યાં મંદિર તારા? કોણ બનાવે? જડની પર્યાય પરમાણુની તો એ કાળે તેને કાળે જન્મક્ષણ છે તેથી થઈ છે. કોઈએ બનાવ્યું છે મકાનને?

મુમુક્ષુ :— કાનજીસ્વામીએ બનાવ્યું છે એમ લોકો કહે છે.

ઉત્તર :— લોકો તો એમ જ કહેને. એ માટે તો આ વાત કરી. આવું છવ્વીસ લાખનું મકાન. પોણા ચાર લાખ અક્ષર. મશીન આવેલું, મશીનથી કોતરાયેલા. પહેલુંવહેલું હિંદુસ્તાનમાં (થયું). પણ એ તો એને કારણે થયું, બાપુ! કરે કોણ? રામજીભાઈ ધ્યાન રાખતા હતા. કહો, સમજાણું કાંઈ? પણ ધ્યાન રાખતા માટે ત્યાં થયું છે એમ નહિ. આવું છે, બાપુ! એ પરમાણુઓની પર્યાય ક્રમસર થવામાં તેનો જન્મક્ષણ નામ ઉત્પત્તિનો કાળ હતો ત્યારે તે થયું છે. આ પ્રવચનસારની ૧૦૨ ગાથાનો સિદ્ધાંત છે. જડ અને ચૈતન્યની તે તે ક્ષણે ઉત્પન્ન થતી પર્યાય તે તેનો કાળ છે માટે થઈ છે. કોઈએ કરી છે અને કોઈથી થઈ છે એમ છે નહિ. આહાહા..! આવી વાતું છે. આહાહા..!

'**વે ભુજાઓંસે સમુદ્રકો તૈરકે ગાયકે ખુરસે બને હુએ ગઢેકે જલમેં ડૂબતે હૈં,...** ' આહાહા..! દુકાન છોડી, બાયડી-છોકરા છોડ્યા, ધંધા છોડ્યા, પાંચ-પાંચ હજારના પગાર હોય એ પગાર છોડ્યા, વળી પાછો આ ખાડામાં ગૂંચાઈ ગયો. ગાય હોય ને ગાય, ખાડો હોય ને? એમાં બૂડી ગયો. આહાહા..! આવી વાત છે, ભગવાન! આહા..! '**કૈસા હૈ સમુદ્ર, જિસમેં જલચરોંકે સમૂહ પ્રગટ હૈં,...**' એ સમુદ્રમાં જળચર માછલા ભર્યા છે એકલા. આહા..! '**ઐસે અથાહ સમુદ્રકો તો બાહોંસે તિર જાતા હૈ, લેકિન ગાયકે ખૂરકે જલમેં ડૂબતા હૈ. યહ બડા અચંભા હૈ. ઘરકા હી સંબંધ છોડ દિયા તો પરાયે પુત્રોંસે ક્યા રાગ કરના?**' આહાહા...! આ અમારા ચેલા છે ને આ અમારી ચેલી છે. કોના ચેલા, ચેલી? પરદ્રવ્ય કોના હોય? આહાહા..! આ ઓલા છોકરા મારા, દીકરી મારી કહે. આ ચેલા, ચેલી કહે. બધી એકની એક વાત છે. હેં!

મુમુક્ષુ :— ચેલા, ચેલી હોય તો કહેવા જોઈએ ને.

ઉત્તર :— ચેલા, ચેલી કોની પણ? સૌની સૌની. કો'કની કે દિ' હતી? આહાહા..! લ્યો, એ ૯૧ ગાથા થઈ.

---

ગાથા-૯૨

अथ ये ख्यातिपूजालाभनिमितं शुद्धात्मानं त्यजन्ति ते लोहकीलनिमितं देवं देवकुलं च दहन्तीति कथयति—

२९९) लाहहँ कितिहि कारणिण जे सिव-संगु चयंति।
खीला-लग्गिवि ते वि मुणि देउलु देउ डहंति।।९२।।
लाभस्य कीर्तेः कारणेन ये शिवसंगं त्यजन्ति।
कीलानिमितं तेडपि मुनयः देवकुलं देउ दहन्ति।।९२।।

लाभकीर्तिकारणेन ये केचन शिवसंगं शिवशब्दवाच्यं निजपरमात्माध्यानं त्यजन्ति ते मुनयस्तपोधनाः। किं कुर्वन्ति। लोहकीलिकाप्रायं निःसारेनिद्रयसुखनिमितं देवशब्दवाच्यं निजपरमात्मपदार्थं दरन्ति देवकुलशब्दवाच्यं दिव्यपरमौदारिकशरीरं च दहन्तीति। कथमिति चेत्। यदा ख्यातिपूजालाभार्थं शुद्धात्मभावनां त्यक्त्वा वर्तन्ते तदा ज्ञानावरणादिकर्मबन्धो भवति तेन ज्ञानावरणकर्मणा केवलज्ञानं प्रच्छाघते केवलदर्शनावरणेन केवलदर्शनं प्रच्छाघते वीर्यान्तरायेण केवलवीर्यं प्रच्छाघते मोहोदयेनानन्तसुखं च प्रच्छाघत इति। एवं विधानन्तचतुष्टयस्यालाभे परमौदारिकशरीरं च न लभन्त इति। यदि पुनरनेकभवे परिच्छेधं कृत्वा शुद्धात्मभावनां करोति तदा संसारस्थितिं छित्त्वडघकालेडपि सवर्गं गत्वागत्य शीघ्रं शाश्वतसुखं प्राप्रोतीति तात्पर्यम्। तथा चोक्तम्—''सग्गो तवेण सव्वो वि पावए किं तु झाण जोएण। जो पावइ सो पावइ परलोके सासयं सोक्खं।।''।।९२।।

---

आगे जो अपनी प्रसिद्धि, (बड़ाई) प्रतिष्ठा और परवस्तुका लाभ इन तीनोंके लिए आत्मध्यानको छोड़ते हैं, वे लोहेके कीलेके लिए देव तथा देवालयको जलाते हैं—

गाथा-९२

अन्वयार्थ :- [ये] जो कोई [लाभस्य] लाभ [कीर्तिः कारणेन] और कीर्तिके कारण [शिवसंग] परमात्माके ध्यानको [त्यजंति] छोड़ देते हैं, [ते अपि मुनयः] वे ही मुनि [कीलानिमितं] लोहेके कीलेके लेए अर्थात् कीलेके समान असार इंद्रिय-सुखके निमित्त [देवकुलं] मुनिपद योग्य शरीररुपी देवस्थानको तथा [देवं] आत्मदेवको [दहंति] भवकी आतापसे भस्म कर देते हैं।

भावार्थ :- जिस समय ख्याति, पूजा, लाभके अर्थ शुद्धात्माकी भावनाको

छोड़कर अज्ञान भावों में प्रवर्तन होता हैं, उस समय ज्ञानावरणादि कर्मोंका बंध होता है। उस ज्ञानावरणादिके बंधसे ज्ञानादि गुणका आवरण होता है। केवलज्ञानावरणसे केवलज्ञान ढँक जाता है, मोहके उदयसे अनंतसुख, वीर्यांतारायके उदयसे अनंतबल, और केवलदर्शनावरणसे केवलदर्शन आच्छादित होता है। इसप्रकार अनंतचतुष्टयका आवरण हो रहा है। उस अनंतुचष्टयके अलाभमें परमौदारिक शरीरको नहीं पाता, क्योंकि जो उसी भवमें मोक्ष जाता है, उसीके परमौदारिक शरीर होता है। इसलिये जो कोई समभावमें शुद्धात्माकी भावना करे, तो अभी स्वर्गमें जाकर पीछे विदेहोंमें मनुष्य होकर मोक्ष पाता है। ऐसा ही कथन दूसरी जगह शास्त्रौंमें लिखा है, कि तपसे स्वर्ग तो सभी पाते हैं, परन्तु जो कोई ध्यानके योगसे स्वर्ग पाता है, वह परभवमें सासते (अविनाशी) सुखको (मोक्षको) पाता है। अर्थात् स्वर्गसे आकर मनुष्य होके मोक्ष पाता है, उसीका स्वर्ग पाना सफल है, और जो कोरे (अकेले) तपसे स्वर्ग पाके फिर संसारमें भ्रमता है, उसका स्वर्ग पाना वृथा है।।९२।।

---

હવે, જુઓ ખ્યાતિ, પૂજા, લાભના નિમિત્તે શુદ્ધાત્માને છોડે છે તેઓ લોઢાના ખીલા માટે દેવ અને દેવકુળને બાળે છે, એમ કહે છેઃ-

ગાથા-૯૨

ભાવાર્થ :- જે કોઈ મુનિઓ-તપોધનો લાભ અને કીર્તિ માટે શિવશબ્દથી વાચ્ય નિજપરમાત્માના ધ્યાનને છોડી દે છે તેઓ લોઢાના ખીલા સમાન નિઃસાર ઈન્દ્રિયસુખ માટે દેવ શબ્દથી વાચ્ય એવા નિજપરમાત્મપદાર્થને બાળે છે અને દેવકુળ શબ્દથી વાચ્ય એવા દિવ્યપરમોદારિક શરીરને બાળે છે. કેવી રીતે? જ્યારે તે ખ્યાતિ, પૂજા અને લાભ માટે શુદ્ધાત્માની ભાવનાને છોડીને વર્તે છે ત્યારે જ્ઞાનાવરણાદિનો બંધ થાય છે, તે જ્ઞઆનાવરણકર્મથી કેવળજ્ઞાન ઢંકાય છે, કેવળદર્શનએજ્ઞાનવરણથી કેવળદર્શન ઢંકાય છે, વીર્યાન્તરાયથી કેવળવીર્ય ઢંકાય છે અને મોહના ઉદયથી અનંતસુખ ઢંકાય છે. આ રીતે અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ ન થતાં પરમ ઔદારિક શરીર પણ મળતું નથી (કારણ કે તે જ ભવે મોક્ષ જવાના હોય તેને જ પરમોદારિક શરીર મળે છે)[1]...વળી જો, શુદ્ધાત્માની ભાવના કરે છે તો સંસારસ્થિતિને છેદીને આજના કાળમાં પણ સ્વર્ગમાં જઈને ત્યાંથી આવીને શાશ્વત સુખ પામે છે. કહ્યું પણ છે કે—''सग्गो तवेण सव्वो वि पावए किं तु झाण जोएण। जो पावइ सो पावइ परलोके सासयं सोक्खं।।'' (અષ્ટપાહુડ-મોક્ષપ્રાભૃત, ૨૩) (અર્થ :- તપથી તો સ્વર્ગ બધાય પામે છે પણ ધ્યાનના યોગથી જે સ્વર્ગ પામે છે તે આત્મા પરલોકમાં શાશ્વત સુખ પામે છે.) ૯૨.

---

૧. જે સંસ્કૃત ટીકાનો અર્થ સમજાણો નથી તે અર્થ મૂકી દીધો છે.

### ગાથા-૯૨ ઉપર પ્રવચન

૯૨. २९९) लाहहँ कितिहि कारणिण जे सिव-संगु चयंति।
खीला-लग्गिवि ते वि मुणि देउलु देउ डहंति।।९२।।

આહાહા..! **'આગે જો અપની પ્રસિદ્ધિ,** (બડાઈ) **પ્રતિષ્ઠા ઔર પરવસ્તુકા લાભ ઈન તીનોંકે લિયે...'** એક તો બહારની પ્રસિદ્ધિ કરવા માટે રોકાઈ ગયો. આહાહા..! હું રળાઉં છું ને હું કમાઉં છું, હું કર્મી છું. કર્મી કહે છે ને? બડાઈ પ્રતિષ્ઠા બહારમાં આબરુ વધે **'ઔર પરવસ્તુકા લાભ...'** દીકરા, દીકરા, નોકરો મોટા. **'ઈન તીનોંકે લિયે આત્મધ્યાનકો છોડતે હૈં,...'** આહાહા..! ભગવાનઆત્માનું ધ્યાન છોડીને આમાં જે રોકાઈ જાય છે, કહે છે. આહાહા..! **'વે લોહેકે કીલેકે લિયે દેવ...'** એક ખીલો જોઈએ છે, ખીલો લોઢાનો. **'દેવ તથા દેવાલયકો જલાતે હૈં.'** દેવાલયને બાળે છે એક ખીલા માટે. ખીલા સમજતે હો? ખીલી, ખીલો લોઢાનો. આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એનું ધ્યાન છોડીને બહાર રોકાઈ ગયો, એ ખીલા માટે દેવાલયને બાળે છે. આહા..! એનો વિસ્તાર કહેશે વિશેષ.... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, માગશર વદ ૧૪, સોમવાર
## તા. ૨૦-૧૨-૧૯૭૬, ગાથા-૯૨, ૯૩,
## પ્રવચન નં. ૧૬૪

પરમાત્મપ્રકાશ, ૯૨ ગાથાનો ભાવાર્થ છે. **'જિસ સમય...'** શું કહે છે? અજ્ઞાની **'જિસ સમય ખ્યાતિ,...'** જગતમાં પ્રસિદ્ધિ પામવાનો ભાવ **'પૂજા, લાભ...'** શિષ્યો આદિનો લાભ એના **'અર્થ શુદ્ધાત્માકી ભાવનાકો છોડકર...'** શુદ્ધઆત્મા પવિત્ર અનંતગુણનું ધામ એવો જે આત્મા એનું ધ્યાન છોડીને, એનો આશ્રય છોડીને આ પૂજા, પ્રતિષ્ઠામાં જે જાય છે, એ અહીં કહે છે. એનો આત્મા ઢંકાઈ જાય છે. શુદ્ધઆત્મા પવિત્ર અનંતગુણનું નિધાન એવી જે ચીજ છે પરમાત્મસ્વરૂપ, એના તરફની એકાગ્રતાનો ભાવ હોય એને છોડીને માન, પ્રતિષ્ઠા અને આબરુમાં જાય છે એનો આત્મા ઢંકાઈ જાય છે, આવરણમાં એ ઢંકાઈ જાય છે. સમજાણું કાંઈ?

**'ઉસ જ્ઞાનાવરણાદિકે બંધસે જ્ઞાનાદિ ગુણકા આવરણ હોતા હૈ.'** શુદ્ધઆત્મા.. પણ એ વાત બેસવી એવી ચીજ છે, અનંત અનંત શુદ્ધ ગુણ પવિત્ર પડ્યા છે આત્મામાં. આહાહા..! એ પવિત્ર આત્મા ભગવાન, એનું એકાગ્રપણું—ધ્યાન છોડી દઈને આ માન, પ્રતિષ્ઠા અને આબરુમાં

ચાલ્યા જાય છે.. આહાહા..! દાખલો આપ્યો છે ને ઈ? એક ખીલા માટે દેવાલય બાળે છે. ખીલી સમજો છો? આહાહા..! ખીલી, ખીલો. એક ખીલો જોઈતો હોય તો દેવાલય બાળીને ખીલો કાઢે. આહા..! એમ ભગવાનઆત્મા દેહ-દેવાલયમાં પરમાનંદની મૂર્તિ પ્રભુ છે. આહાહા..! એનું ધ્યાન છોડી, એનો આશ્રય છોડી પૂજા, પ્રતિષ્ઠામાં જે લાગ્યા છે એ ખીલા માટે દેવાલય બાળે છે. એક આબરુ ખાતર ભગવાનઆત્માનો નાશ કરે છે દૃષ્ટિમાં. સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુ છે પૂર્ણાનંદની મૂર્તિ પ્રભુ સાક્ષાત્ સિદ્ધસ્વરૂપ જ છે આત્મા. એવો જે પરમાત્મા... આહાહા..! એના તરફનું સાવધાનપણું અને એકાગ્રતા.. આહાહા..! એને છોડી માન, પ્રતિષ્ઠા અને આબરુ ને શિષ્યોના અને આબરુના લાભ ખાતર બહારમાં રોકાય છે, એ ખીલા ખાતર દેવાલયને બાળે છે. એ આબરુના સાધન દુનિયા ખાતર આત્માનો નાશ કરે છે. સમજાણું કાંઈ? એવી વાત છે બાપુ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નાશ, એને પોતાને અનાદર થયોને. છે એનો આદર ન રહ્યો અને નથી આબરુ, કીર્તિ જગતના મેળવવા માટે મરી ગયો ત્યાં ને ત્યાં. સમજાણું કાંઈ? એ અહીં કહે છે, ઢંકાઈ જાય છે. નાશ થાય છે એટલે શું? કેવળજ્ઞાનાવરણીય આદિથી પર્યાય ઢંકાઈ જાય છે. આહાહા..! ... સમજાણું કાંઈ? એ ચીજ શું છે એનું માહાત્મ્ય જ હજી આવવું (કઠણ છે). સાક્ષાત્ આનંદનો નાથ પ્રભુ બિરાજે છે. જેના આનંદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો અને ઈન્દ્રાણીઓના ભોગ સડ્યા કૂતરા અને મિંદડીના જેવા ... દેખાય. આહાહા..! એવો આ ભગવાનઆત્મા એના ધ્યાનને, એના સન્મુખ અને એનો આશ્રય છોડીને એક માન ને આબરુ, કીર્તિ માટે મરી જાય છે સાધુ થઈને. સમજાણું કાંઈ? આહાહા..! અનાદિથી અજ્ઞાની કરે છે. એને બહારમાં જાણે આબરુ મળે ને પૈસા મળે ને આ મળ્યા, એમાં રોકાઈ ગયો.

પરમાત્મસ્વરૂપ જ ભગવાન છે આત્મા. પરમાત્મસ્વરૂપ ન હોય તો પરમાત્મા પર્યાયમાં થાશે ક્યાંથી? સમજાય છે કાંઈ? આહા..! લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. લીંડીપીપર થાય છે ને? કદે નાની, રંગે કાળી છતાં એની અંદરમાં શક્તિ જે છે... તીખાશ સમજ્યા? શું કહે છે? ચરપરાઈ. હિન્દીમાં ચરપરાઈ કહે છે ને? અમારે અહીં તીખાશ કહે છે. કદે નાની, રંગે કાળી છતાં એની શક્તિમાં સોળ આના ચોસઠ પહોરી તીખાશ-ચરપરાઈ ભરી છે. એ ચરપરાઈ પર્યાયમાં પ્રગટ થાય ત્યારે બહાર તીખાશ આવે. પણ એ અંદર પડી છે તે બહાર આવે છે.

એમ આ ભગવાનઆત્મા દેહથી ભિન્ન, વાણીથી ભિન્ન, .. થી ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પની લાગણીઓથી ભિન્ન અને અલ્પજ્ઞ વર્તમાન પ્રગટ પર્યાયથી પણ ભિન્ન. આહાહા..! એવો જે સાક્ષાત્ પારસમણિ એવો પરમાત્મા પોતે છે. આહાહા..!

અહીં કહે છે કે એનો જે આદર કરતો નથી.. આહાહા..! અહીંયા તો આવતા આવતા અહીં સુધી આવ્યું. શિષ્ય અને શિષ્યણી માટે, કુટુંબ-કબીલા માટે મરી જાય છે. આત્માને શું થાય છે એની

એને ખબર નથી. ત્રણલોકનો નાથ આનંદનો સાગર પ્રભુ, અનંત ગુણ સંખ્યામાં ન આવે એટલી સંખ્યા અનંતની છે. ... આત્મામાં સામાન્ય ગુણ અનંત અને વિશેષગુણ અનંત છે. છ બોલ બહારમાં આવે છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ આવે છે ને? છ બોલ સામાન્ય પ્રતીતિ માટે છે. બાકી તો આત્મામાં એ સામાન્યગુણ અનંત છે. આહાહા..! એ ચૈતન્યહીરો કોણ છે એની એને ખબર નથી. સામાન્ય અનંતગુણ અને વિશેષ અનંતગુણ. જેમ આત્મામાં જ્ઞાન, આનંદ, દર્શન, ચારિત્ર-શાંતિ એવા ગુણો જે વિશેષ છે, જે બીજા જડમાં નથી. એવા વિશેષ ગુણ પણ અનંત છે. ... ટૂંકુ સમજાવવા માટે હમણા ભાઈએ કીધું ને,... ટૂંકી વાત લઈએ તો એક દ્રવ્ય અનંત દ્રવ્યથી નથી એવી નાસ્તિમાં અનંતગુણ છે. ત્યાંય કહેતા તો આવડે. સમજાણું કાંઈ? આહાહા..!

દેહ દેવાલયમાં ભગવાન પરમાત્મા પોતે જ સ્વરૂપે પરમાત્મા છે આખો એની ખબરું ન મળે. વિષયકષાય, ભોગ, આબરુ, કીર્તિ મારી નાખ્યા. આહાહા..! અહીં કહે છે કે આવો પ્રભુ પોતે બિરાજે છે એની સન્મુખતા અને સામું જોતો નથી અને દુનિયાની આબરુ-કીર્તિ માટે આત્માને ભંગ—છેદ કરી નાખે છે. આહાહા..! એ આઠેય કર્મ બાંધે છે. આઠેય કર્મ વિનાનો આત્મા અને અનંતગુણવાળો પ્રભુ.. આહાહા..! કેમ બેસે? એની એને કિંમત ન થતાં સાધારણ બહારના પુણ્ય અને પાપના ભાવ એની હોંશ અને કદર કરવામાં સંમત કરતાં પ્રભુની કિંમત ત્યાં અવરાઈ જાય છે. સમજાણું કાંઈ? ... નથી આવ્યા? સમજાણું કાંઈ?

**'અજ્ઞાન ભાવોં મેં પ્રવર્તન હોતા હૈં,...'** આહાહા..! ભગવાન આનંદનું ઘર, અતીન્દ્રિય આનંદનો પુંજ પ્રભુ... આહાહા..! એની સામું જોતો નથી, એનો આશ્રય લેતો નથી, એનો આદર કરતો નથી અને આ જગતના પુણ્ય ને પાપ ને એના ફળના આદરમાં જાય છે, તે ખીલા માટે દેવાલયને બાળે છે. કરોડો રૂપિયાનું દેવાલય હોય અને ખીલો જોઈતો હોય તો એને બાળી નાખે છે. આહા..! એટલી અહીંયા.. આહા..! જેની કિંમત નથી. ... ઓમકારની વ્યાખ્યા કરી છે. ભાવ ઓમકાર આત્મા છે ને. ઓમકાર બે પ્રકારે—એક શબ્દરૂપી ઓમકાર અને એક ભાવરૂપી ઓમકાર પ્રભુ પોતે. આહાહા..! ઓમકાર શબ્દ જાકે ઉભય રૂપ, એક આત્મિક એક પુદ્‌ગલરૂપ. ભગવાનઆત્મા ૐસ્વરૂપ જ છે. આહાહા..! ૐ પંચપરમેષ્ઠીસ્વરૂપ છે, પંચપરમેષ્ઠીસ્વરૂપે ૐ છે અને ૐસ્વરૂપે ભગવાન છે. આહાહા..! એવી ચીજની ઉપરનો આદર ન કરતાં, એની સામું ન જોતા,.. આહાહા..!

એક કરોડપતિ માણસ કે અબજોપતિ આવ્યો હોય. સમજાણું? એની સામું જોવે નહિ, વાત ન કરે અને બે-ચાર વર્ષનો છોકરો આવ્યો હોય અને એની સાથે રમતમાં ચડી જાય તો ઓલો વયો જાય. આને કાંઈ કિંમતેય નથી. આહાહા..! સરદારશહેર, ભાઈ હતાને? દીપચંદજી શેઠિયા, એના મામા હતા. એ વખતે હોં! દસ કરોડ રૂપિયા. અત્યારે તો ભાવ વધી ગયાને. દસ કરોડ. આ ઘણા વર્ષ પહેલા. ત્યારે તો એના પટારા ભરેલા. સોના, રૂપા, હીરા, માણેકના પટારા ભરેલા. એ એકવાર એને મળવા આવ્યા, શેઠને. ... આવ્યા એટલે અહીંથી એક-બે માણસ .. એનો આદર કર્યો. મામા ખરાને. ... ઓહો..! આવી છોડ્યું તમારે ત્યાં આદર કરે, અમને તો કાંઈ ભાન જ નથી. પૈસા દસ

કરોડ, તે દિ'ની વાત છે, હોં! અત્યારે તો વીસગણો ભાવ વધી ગયોને. .. પટારા ભરેલા. ઈ ખુશી થઈ ગયા. ... અહીંનું વાંચન, શ્રવણ... બહુ ખુશી થયા. આવી કેળવણી તમારી. ઠામના વાસણ કરનાર પાસે કેળવણી. વાસણ ઉટકેને? એ છોડ્યુંને પણ આવું ગાયન આવડે. અમને તો કાંઈ ભાન જ નથી. ધૂળમાં ... એ ભાઈ સાંખી ન શક્યા, સોગાનીજીનું. સોગાની હતા ઘણા લાખોપતિ. અનુભવદૃષ્ટિ થયેલી હતી. સ્વર્ગમાં ચાલ્યા ગયા છે. એ સહન ન થયું એને. હવે આ કોણ જાગ્યો છે? ... ગમે તે જાગે, છોડી આઠ વર્ષની હોય એ જાગે. એથી વિશેષ શું છે?

એમ અહીંયા મોટો પુરુષ અંદર બિરાજે છે કહે છે. અને એની સામું જોતો નથી અને રાગ ને પુણ્યની સામું જોવે છે. આહાહા..! એ ચૈતન્યના પૂર્ણાનંદનું પોતે અપમાન અને અનાદર કરે છે. અને તેથી આઠ કર્મને એ બાંધે છે. આહાહા..! એવા શુદ્ધ સ્વરૂપનો અંતર આદર કરનાર આઠેય કર્મને તોડે છે. આહાહા..! સમજાણું કાંઈ? પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન નિષ્ક્રિય, રાગની ક્રિયા જેમાં નથી, અરે..! એક સમયની પર્યાયની પરિણતિ જેમાં નથી, એવો પૂર્ણાનંદનો નાથ ભગવાનઆત્મા, એની સામું ન જોતાં, એની કિંમત ન ટાંકતા, એનો મહિમા ન લાવતા, એક બહારની ચીજ આબરુ મેળવવા અને શિષ્યને ભેગા કરવા, કીધું ને એ બધું? ખ્યાતિ, પૂજા, લાભ, અમારે પ્રત્યે વિનય... ધૂળમાંય નથી. આહાહા..! બડાઈ, અમે ગામમાં મોટા છીએ. સમજાણું કાંઈ? પૈસાથી મોટા, આબરુથી મોટા, આ વકીલાતના ભણતરથી મોટા, આ ડોક્ટરના ભણતરથી મોટા. આહાહા..! એ મોટપના પ્રેમમાં આત્માને મારી નાખ્યો. આહાહા..! મોટપ... કાલે આવ્યું હતુંને? એનો અર્થ કર્યો છે મોટપ. ... કાલે આવ્યું હતું. આ શું કહેવાય? રાજમલજીની ટીકા. આહા..!

એની મોટપ શું કહેવી? પ્રભુનું સ્તવન છે ને ભક્તારમાં? નાથ! તારી ભક્તિ કરતાં.. આહાહા..! રણમાં હાથી મરી ગયા હોય અને એના ..., એમાં જો તારી ભક્તિનો કરનાર જાય તો એને કોઈ અડચણ કરી શકે નહિ. સિંહની દોટમાં આવ્યો હોય, સિંહ સિંહ, જંગલમાંથી સિંહ દોટમાં આવ્યો હોય પકડવા, પણ પ્રભુ! તારી જેને ભક્તિ છે, આહાહા..! એ દોટમાં એ પકડી નહિ શકે તને. આવે છે? ભક્તામરમાં આવે છે, ભક્તામરમાં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! સિંહની ઝપટમાં નહિ આવે. એમ ત્રણલોકનો નાથ જેણે આદર્યો અંદર એને દુનિયાના ભય ને બધા .. નાશ કરી નાખ્યો છે. ભય કેવા? અને જેણે એનો આદર કર્યો નથી અને બહારના પૈસા, આબરુ, કીર્તિ એના માહાત્મ્ય કર્યા છે એ મરી ગયા છે. એણે જીવનું જેટલું જીવન છે એવું જીવન એણે ન માન્યું. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયાની આબરુ, પ્રતિષ્ઠા, શેઠાઈ બહારમાં દીકરો, દીકરી પરણાવતા લાખો ખર્ચ કરે અને ત્યારે એ પહોળો થઈને ફરે. મારવાડીમાં બહુ કરે. ... એ વખતે જુઓ તો... અત્તર છાંટે. જમણ કરે, હરખજમણ કરે. હોંશ.. હોંશ.. હોંશ શેની છે પ્રભુ? આનંદનો નાથ અંદર બિરાજે છે, પ્રભુ! એનો આદર નહિ અને આ... સમજાણું કાંઈ? છે?

'**જ્ઞાનાવરણાદિકે બંધસે જ્ઞાનાદિ ગુણકા આવરણ હોતા હૈ.** ' કર્મથી વાત કરી છે. પોતાની પર્યાયમાં હિણપ થઈ ગઈને? પરનો લાભ માન્યો એટલે પોતાના લાભનો નકાર કર્યો. એ

જ્ઞાનની પરિણતિ પોતાથી જ હિણી થઈ છે. ત્યારે જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! આવું વાંચે પછી દેખાડે, જુઓ! '**જ્ઞાનાવરણાદિકે બંધસે જ્ઞાનાદિ ગુણકા આવરણ હોતા હૈ. કેવલજ્ઞાનાવરણસે કેવલજ્ઞાન ઢંક જાતા હૈ,...**' દેખો! કેવલજ્ઞાનાવરણીયથી કેવળજ્ઞાન ઢંકાઈ જાય એ.. દેવીલાલજી! કેવલજ્ઞાનાવરણીયથી કેવળજ્ઞાન ઢંકાય છે. આ ચોખ્ખું લખ્યું છે આમાં. એ તો અસદ્ભુત વ્યવહાર. ટૂંકું કરવા માટે વાત નાખી. જ્ઞાનની પરિણતિ જ હિણી થઈ ગઈ છે એની. આહા..! જેણે જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એકલો જ્ઞાનનોપુંજ પ્રભુ, જ્ઞાનનુંઢોકળું છે એ. એનો જેણે આદર છોડીને પરના એક માન, સન્માન, આબરુમાં ચાલ્યો ગયો, એણે જ્ઞાનનીદશા હિણી કરી છે. ભાવઘાતિ એ છે. શુદ્ધાત્માનું આરાધન કરનારને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ગયા કનુભાઈ?

પરમાત્મપ્રકાશે ગજબ કર્યો છે ને! હેં! એના દૃષ્ટિમાં તને માહાત્મ્ય ન આવ્યા અને એના માહાત્મ્ય છોડીને બહારની આબરુ, પૈસા, ... કુટુંબ મોટું ને કાંઈક સારું મળ્યું એ લાભ મળ્યો અમને લાભ. લાભ સવાયા વાણિયા લખે છે ને દિવાળી ઉપર. બારણામાં ન લખે? લાભ સવાયા. શેના લાભ? ધૂળના? પૈસા મળશે. આહાહા..! અનંતલાભ મળે એવો ભગવાનઆત્મા છે. એનો આદર કર્યે અનંતગુણની શક્તિમાંથી વ્યક્તતા અનંતની પ્રગટે. આહાહા..! એવા ભગવાનને તું ભૂલી જઈ આવા હાટુ રોકાઈ ગયો. એ કેવળજ્ઞાન ઢંકાયું.

'**મોહકે ઉદયસે અનંતસુખ,...** ' અનંતઆનંદ પ્રભુ આત્મામાં. સ્વભાવરૂપી આનંદ બેહદઆનંદ, અનંતઆનંદ અપરિમિત આનંદ, જેની પૂરી શક્તિનું માપ ન મળે આહાહા..! એવું જે અનંતસુખ આત્માનું, એ પરના લાભ ને પ્રેમમાં ઢંકાઈ જાય છે. અને સ્વરૂપનું આરાધન કરતાં એ અનંતસુખ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ કેવો નવી જાતનો? કંઈક કરવું કે દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા.

મુમુક્ષુ :— દયા પાળવાનું..

ઉત્તર :— દયા પાળવાની વાત ચાલે છે તારી. પરની દયા કોણ પાળે છે? પરદ્રવ્યની પર્યાય કોણ કરી શકે પ્રભુ? આહાહા..! દાન કોણ દઈ શકે પૈસાનું? એ તો જડ છે. આહાહા..! તેં તારું દાન ન આપ્યું, પ્રભુ! એમ કહે છે. સંપ્રદાન. આત્મામાં એ સંપ્રદાન નામનો ગુણ પડ્યો છે અંદર. આહાહા..! એનો આદર કરતાં પર્યાયમાં અનંત આનંદની દશા પ્રગટ થઈને પોતે પોતાને આપે એ દાન છે. સમજાણું કાંઈ? આ પૈસા-ફૈસાના દાનમાં અભિમાન ચડે કે મેં પૈસા આપ્યા. કેટલાક તો પચાસ હજાર આપીને તખ્તી કરાવે મકાનમાં પત્થરની શું કહેવાય? તખ્તી. તસ્દી લઈને તખ્તી લગાવે. આહાહા..! પોતે શું કરવા કરે છે? એ ભલે આપે. એની મેળાએ આપશે પૈસા. પોતે લખાવે. ...

અહીં કહે છે કે '**કેવલદર્શનાવરણસે કેવલદર્શન આચ્છાદિત હોતા હૈ.**' મોહથી અનંતસુખ અને '**વીર્યાંતરાયકે ઉદયસે અનંતબલ,...**' ઢંકાઈ જાય છે. આહાહા..! એમ કહીને શું કહે છે?

કે ભગવાન તો અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતસુખ, અનંતવીર્યના ચતુષ્ટયથી ભરેલો ભગવાન છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતબળ. આહાહા..! એવા ભગવાનનો આદર ન કરતાં જગતની આબરુ ને લાભ ને એને માટે મરી ગયો. એને અનંતસુખ ઢંકાઈ જાય છે, એનું અનંતબળ ઢંકાઈ જાય છે. આહાહા..! અને શુદ્ધાત્મા અનંતજ્ઞાન, દર્શન, આનંદનો નાથ એનું આરાધન કરનારને અનંત જ્ઞાનાદિ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. આમાં ક્રિયા કેટલી કરવી? બહારની ક્રિયાની વાત નથી. અંદરમાં આનંદમાં એકાગ્ર થવું તે ક્રિયા છે. આહાહા..! સમજાણું કાંઈ? .... બાપુ! એ તો શુભભાવ છે, ભાઈ! શુભભાવમાં તો આત્માને બંધન થાય છે. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ અનંતદર્શન, જ્ઞાન, અનંતસુખના સ્વરૂપે પ્રભુ બિરાજે એનો અનાદર કરીને જે રાગાદિની ક્રિયા કરે એમાં તો આત્મા ઢંકાઈ જાય છે. આકરું લાગે.

કઈ ચીજનો કઈ રીતે અનાદર કરું છું એની એને ખબર નથી. સમજાય છે કાંઈ? ભગવાન પરમાનંદસ્વરૂપ એવી ચીજ અંદર છે. આહાહા..! ભલે ક્ષેત્ર નાનું હોય, દેહદેવાલય જેટલું પણ એનો ભાવ નાનો નથી. આહાહા..! ... આત્માના રસને છોડી દઈને વિભાવના રસમાં પડે છે. સમજાણું કાંઈ?

**'કેવલદર્શનાવરણસે કેવલદર્શન આચ્છાદિત હોતા હૈ. ઈસપ્રકાર અનંતચતુષ્ટયકા આવરણ હો રહા હૈ.'** આહાહા..! શું કહે છે? અનંતચતુષ્ટય સામર્થ્યરૂપ પડ્યું છે અંદર. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એ જ આત્મા. એનું માહાત્મ્ય છોડી, તેના તરફનું વલણ છોડી અને જગતના પ્રેમ ને લાભ ને પૂજા ને પ્રતિષ્ઠાના લાભ માટે પડ્યો છે એને અનંતચતુષ્ટય ઢંકાઈ જાય છે, પર્યાયમાં. શક્તિ તો શક્તિ છે જ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા. દીક્ષા લ્યો. શેની દીક્ષા? આત્મા કોણ છે એના અનુભવ વિના દીક્ષા ક્યાંથી આવી? દીક્ષા તો સ્થિરતા માટે છે. આત્મા પૂર્ણાનંદનો નાથ જેની દૃષ્ટિના સ્વીકારમાં આવ્યો નથી, એ દૃષ્ટિ નિર્મળ થઈ નથી એને દીક્ષા ચારિત્રની ... ક્યાંથી આવે? સમજાણું કાંઈ? ... શુદ્ધોપયોગ છે. શુદ્ધોપયોગ તે ચારિત્ર છે. શુદ્ધોપયોગી શુદ્ધભાવથી સ્વરૂપ શું છે એને જાણ્યું નથી. આહાહા..! એને શુદ્ધોપયોગનું ચારિત્ર આવે ક્યાંથી?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શેનો નિવૃત્તો? અંદરની નિવૃત્તિ કે બહારની? અનંતવાર મુનિપણું નિવૃત્તિ લીધી. હજારો રાણી છોડીને મુનિ દીક્ષિત થયો, નગ્નદિગંબર. તેથી શું છે? અંદરથી નિવર્તવું જોઈએ એનાથી નિવર્ત્યો નહિ અને બહારથી નિવૃત્તિ લઈને એમાં અભિમાન કર્યું. આહાહા..! આવી વાત છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો'. અનંતવાર ગ્રૈવેયક ગયો છે મુનિવ્રત ધારીને. પણ અંદરમાં મિથ્યાત્વના ત્યાગ વિના તારો ત્યાગ ક્યાંથી આવ્યો?

**'ઈસપ્રકાર અનંતચતુષ્ટયકા આવરણ હો રહા હૈ. ઉસ અનંતચતુષ્ટયકે અલાભમેં પરમૌદારિક શરીરકો નહીં પાતા,... '** જોયું! જ્યાં અનંતચતુષ્ટય ભગવાન જ્ઞાન, દર્શન,

આનંદની પ્રાપ્તિ (થઈ) એને પરમૌદારિક શરીર હોય છે. એ આ અનાદર કરનારો, પરનો આદર કરનારાને પરમૌદારિક શરીર પ્રાપ્ત કરતો નથી. '**ક્યોંકિ જો ઉસી ભવમેં મોક્ષ જાતા હૈ,...**' જેને એ દેહથી છેલ્લે મોક્ષ જવું છે '**ઉસીકે પરમૌદારિક શરીર હોતા હૈ.**' આહાહા..! એને પરમૌદારિક શરીર હોય છે. તીર્થંકરને તો જન્મથી જ પરમૌદારિક શરીર હોય છે. સમજાણું કાંઈ? માતાના પેટમાં આવે ત્યાં પરમૌદારિક શરીર હોય છે. આહાહા..! ચૈતન્યરત્નનો ડાબલો એના જેવો હોય છે. સમજાણું? કેસર કંઈ કોથળે ન લખાય. એને ડબ્બા અને બરણી જોઈએ કેસર માટે. એમ ભગવાનનો તીર્થંકરનો આત્મા... આહાહા..! એનું શરીર પહેલેથી ડબ્બો જ એનો જુદી જાતનો હોય છે—પરમઔદારિક. અને બીજા જીવને કેવળજ્ઞાન પામે ત્યારે પરમૌદારિક શરીર થઈ જાય. આહા..! અહીં તો કહે છે, બેય જેને નથી. પરનો આદર કરે છે એને અનંતચતુષ્ટય નથી તેમ પરમૌદારિક શરીર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... જન્મે ત્યારથી એને પેશાબ, ઝાડો ન હોય.

મુમુક્ષુ :— વાળ હોય છે.

ઉત્તર :— વાળ હોય છે. કેવળજ્ઞાન થયા પછી વાળ વધે નહિ. છાયા ન પડે.

અહીંયા તો બે વાત કહે છે. જેને આબરુ ને કીર્તિના લાભમાં ખોવાઈ ગયો છે આત્મા, એને નથી અનંતચતુષ્ટય પ્રાપ્ત થતાં, આવરણ પ્રાપ્ત થાય છે અને નથી એને પરમૌદારિક શરીર જોઈએ તે મળતું નથી એને. '**ઈસલિયે જો કોઈ સમભાવમેં શુદ્ધાત્માકી ભાવના કરે,...**' આહાહા..! પરના લાભની ઈચ્છા છોડી દઈ.. આહાહા..! ખ્યાતિ, લાભનો ભાવ છોડી દઈ આત્મખ્યાતિ માટે જે અંદરમાં ધ્યાન કરે છે.. આહાહા..! આત્મખ્યાતિ છે ને પ્રસિદ્ધિ? એ '**સમભાવમેં શુદ્ધાત્માકી ભાવના કરે,...**' વીતરાગભાવથી આત્મામાં ધ્યાન કરે એમ કહે છે. રાગથી આત્માનું ધ્યાન થાય નહિ. આહાહા..! શુભરાગથી આત્મામાં જવાય નહિ. અંદર જવા માટે ... શુદ્ધ શુદ્ધ.

'**શુદ્ધાત્માકી ભાવના કરે, તો અભી સ્વર્ગમેં જાકર...**' પંચમકાળમાં પણ શુદ્ધાત્માની ભાવના કરે તો અત્યારે સ્વર્ગ મળે. '**પીછે વિદેહમેં મનુષ્ય હોકર...**' વિદેહક્ષેત્રમાં જાય. '**મોક્ષા પાતા હૈ.**' સમજાણું કાંઈ? અત્યારે કેવળજ્ઞાનનો પુરુષાર્થ નથી, શુદ્ધાત્માનો આદર સમ્યગ્દર્શન, જ્ઞાન કર્યું છે એને રાગ કંઈક રહી જાય છે તેથી સ્વર્ગમાં જશે. ત્યાંથી મનુષ્યદેહ પામીને મહાવિદેહથી મોક્ષ જશે. સમજાણું કાંઈ? '**ઐસા હી કથન દૂસરી જગહ શાસ્ત્રોંમેં લિખા હૈ, કિ તપસે સ્વર્ગ તો સભી પાતે હૈં,...**' શું કહે છે? ક્રિયાકાંડની જે નિશાની છે એનાથી તો સ્વર્ગ મળે છે, ઘણાને અનંતવાર મળ્યા. '**પરંતુ જો કોઈ ધ્યાનકે યોગસે સ્વર્ગ પાતા હૈ,...**' આહા..! અંતરના આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન જે છે એ જે સ્વર્ગ પામે છે એ જુદી જાત છે. સ્વર્ગમાં એ જીવ રોકાશે નહિ. ધર્મશાળાની પેઠે ત્યાં રહેશે. આહાહા..! આવી વાતું. યાત્રા કરો સમેદશિખરની, લ્યો. એકવાર વંદે જો કોઈ.. આવે છે ને? નારક, પશુ ન હોઈ, એમાં શું દાળિયા થયા? એવા ભાવ પુણ્યના

હોય તો એકવાર નરક, પશુમાં ન જાય, પછી જશે. આહાહા..! ... સમેદશિખરનું મહાવીર કીર્તિ લાવ્યા છે, તે કહે મારી પાસે પુસ્તક છે, સમેદશિખરના માહાત્મ્યનું. શું છે? એમાં એમ લખ્યું છે, સમેદશિખરની યાત્રા અને દર્શન કરે તો ૪૯ ભવે મોક્ષ જાય. કીધું, એ વાણી ભગવાનની નહિ. ભગવાનની વાણી નહિ. પરદ્રવ્યના દર્શન અને પરદ્રવ્યના આશ્રયે ભવ ઘટે, ત્રણકાળમાં નહિ. આહાહા..!

ભગવાન ભવ અને ભવ વિનાનો આત્મા, એને આશ્રયે જાય તો ભવ ઘટે. સમેદશિખરને આશ્રયે, ગિરનારને આશ્રયે, શેત્રુંજયનું આવે છે. શેત્રુંજયનું માહાત્મ્ય છે શ્વેતાંબરમાં. શેત્રુંજય માહાત્મ્ય. એવું આપણામાં કોઈકે કર્યું હશે, સમેદશિખરનું માહાત્મ્ય. આહા..! સાક્ષાત્ સમવસરણમાં તીર્થંકર બિરાજે એના દર્શન કરે અને પૂજા કરે તો પુણ્ય પણ થાય. સંસાર ન ઘટે. આહાહા..! પરદ્રવ્યને આશ્રયે સંસાર ન ઘટે. જેમાં સંસાર નથી તેનો આશ્રય કરે તો સંસાર ઘટે. હેં! આહાહા..!

'**જો કોઈ ધ્યાનકે યોગસે સ્વર્ગ પાતા હૈ,...**' જોયું! એકલી તપસ્યા આદિ કરીને સ્વર્ગમાં જાય એ તો અનંત વાર ગયો છે. આત્મામાં આશ્રય કરતાં બાકી રહી ગયો જે ભાવ, તો રાગને લઈને સ્વર્ગમાં જાય. જ્ઞાની છે ઈ સ્વર્ગમાં જાય એ જુદી ચીજ છે અને અજ્ઞાની સ્વર્ગમાં જાય અનંતવાર ગયો એ જુદી ચીજ છે. કારણ કે આ સ્વર્ગમાં જઈને પછી પાછો મનુષ્ય થઈને મોક્ષ જશે. અને ઓલો (અજ્ઞાની) સ્વર્ગમાં ગયો હોય તો ત્યાંથી નીકળી તિર્યંચ આદિ થઈને નરકમાં જાશે. આહાહા..! સમજાણું કાંઈ? '**વહ પરભવમેં સાસતે (અવિનાશી) સુખકો (મોક્ષકો) પાતા હૈ.**' લ્યો. સ્વર્ગમાં ગયા પણ ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જશે. આહાહા..! '**અર્થાત્ સ્વર્ગસે આકર મનુષ્ય હોકે મોક્ષ પાતા હૈ, ઉસીકા સ્વર્ગ પાના સફલ હૈ,...**' કારણ કે એના પછી મનુષ્ય થઈને મોક્ષ જ જવાનો છે. ઓલો સ્વર્ગમાં અનંતવાર ગયો, ન્યાંથી નીકળી માણસ કે ઢોર થઈને જાશે નરકમાં. આહાહા..! આવી વાત છે. આત્માને ... વાત છે. આત્માના ગાણા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— .... ઈ બે-ચાર ભવ હોય એ બધું જ્ઞાનનું જ્ઞેય છે.

'**ઔર જો કોરે (અકેલે) તપસે સ્વર્ગ પાકે...**' આહાહા..! આત્મજ્ઞાન વિના, આત્મદર્શન વિના, આત્મઅનુભવ વિના એકલી તપસ્યા અને વ્રત પાળવાથી '**સ્વર્ગ પાકે ફિર સંસારમેં ભ્રમતા હૈ,...**' ઈ ચાર ગતિમાં રખડવાનો છે. આહાહા..! આવો માર્ગ કેવો? હજી શું કહે છે એ પકડાવું કઠણ પડે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનવરનો પંથ એવો છે. આહાહા..! એકલા સ્વર્ગમાં જનારા કોરા, આત્મજ્ઞાન વિનાના એ તો '**ફિર સંસારમેં ભ્રમતા હૈ, ઉસકા સ્વર્ગ પાના વૃથા હૈ.**' સમ્યગ્દર્શન અને આત્માના આરાધન વિનાના જે સ્વર્ગમાં જાય એનું ... છે. આત્મધ્યાનથી સ્વર્ગમાં જાય, પૂરું કરી શક્યા નહિ એટલે તો ત્યાંથી નીકળીને, ધર્મશાળામાંથી નીકળીને પાછા સવારમાં રસ્તો કાપે. ધર્મશાળામાંથી નીકળીને ... આહાહા..! આ રીત જ કોઈ જુદી જાતની છે. ૯૨ થઈ.

ગાથા-૯૩

अथ यो बाह्याभ्यन्तरपरिग्रहेणात्मानं महान्तं मन्यते स परमार्थं न जानातीति दर्शयति-

२२०) अप्पउ मण्णइ जो जि मुणि गुरुयउ गंथहि तत्थु।
सो परमत्थे जिणु भणइ णवि बुज्झइ परमत्थु।।९३।।
आत्मानं मन्यते य एव मुनिः गुरुकं ग्रन्थैः तथ्यम्।
स परमार्थेन जिनो भणति नैव बुध्यते परमार्थम्।।९३।।

आत्मानं मन्यते य एव मुनिः। कथंभूतं मन्यते। गुरुकं महान्तम्। कैः। ग्रन्थैर्बाह्याभ्यन्तरपरिग्रहैस्तथ्यं सत्यं स पुरुषः परमार्थेन वस्तुवृत्त्या नैव बुध्यते परमार्थमिति जिनो वदति। तथाहि। निर्दोषिपरमात्मविलक्षणैः पूर्वसूत्रोक्तसचित्ताचित्तमिश्र-परिग्रहैर्ग्रन्थरचनारुपशब्दशास्त्रोर्वा आत्मानं महान्तं यः स परमार्थशब्दवाच्यं वीतराग-परमानन्दैकस्वभावं परमात्मानं न जानातीति तात्पर्यम्।।९३।।

---

आगे जो बाह्य अभ्यंतर परिग्रहसे अपनेको महंत मानता है, वह परमार्थको नहीं जानता, ऐसा दिखलाते हैं—

गाथा-९३

अन्वयार्थ :— [य एव] जो [मुनिः] मुनि [ग्रंथैः] बाह्य परिग्रहसे [आत्मानं] अपनेको [गुरकं] महंत (बड़ा) [मन्यते] मानता है, अर्थात् परिग्रहसे ही गौरव जानता है, [तथ्यम्] निश्चयसे [सः] वही पुरुष [परमार्थेन] वास्तवमें [परमार्थम्] परमार्थको [नैव बुध्यते] नहीं जानता, [जिनः भणति] ऐसा जिनेश्वरदेव कहते हैं।

भावार्थ :- निर्दोष परमात्मासे पराङ्मुख जो पूर्वसूत्रमें कहे गए सचित्त, अचित्त, मिश्र परिग्रह हैं, उनसे अपनेको महंत मानता है, जो मैं बहुत पढ़ा हूँ। ऐसा जिसके अभिमान है, वह परमार्थ यानी वीतराग परमानंदस्वभाव निज आत्माको नहीं जानता। आत्म-ज्ञानसे रहित है, यह निःसंदेह जानो।।९३।।

---

હવે, જે બાહ્ય અભ્યંતર પરિગ્રહથી પોતાને મહાન માને છે તે પરમાર્થને જાણતો નથી, એમ દર્શાવે છેઃ—

ભાવાર્થ :— નિર્દોષ પરમાત્માથી વિલક્ષણ પૂર્વ સૂત્રમાં કહેલા સચિત, અચિત અને મિશ્ર પરિગ્રહોથી અથવા ગ્રંથરચનારૂપ શબ્દોથી-શાસ્ત્રોથી-પોતાને મહાન માને છે, તે 'પરમાર્થ' શબ્દથી વાચ્ય, વીતરાગ પરમાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માને જાણતો નથી, એ તાત્પર્યાર્થ છે. ૯૩.

## ગાથા-૯૩ ઉપર પ્રવચન

'**આગે જો બાહ્ય અભ્યંતર પરિગ્રહસે અપનેકો મહંત માનતા હૈ,...**' છે? અભ્યંતર રાગથી અને બહારથી સ્ત્રી, કુટુંબ ને પૈસા ને આબરુથી. '**વહ પરમાર્થકો નહીં જાનતા,...**' એ પરમાર્થને તો જાણતો નથી. ૯૩.

२२०) अप्पउ मण्णइ जो जि मुणि गुरुयउ गंथहि तत्थु।
सो परमत्थे जिणु भणइ णवि बुज्झइ परमत्थु।।९३।।

**અન્વયાર્થ :—** '**જો મુનિ બાહ્ય પરિગ્રહસે અપનેકો મહંત માનતા હૈ,...**' આહાહા..! શિષ્યો ને આબરુ ને મોટા પુસ્તકો બન્યા ને મોટી આબરુ જગતમાં કાઢી. ઓહોહો..! '**બાહ્ય પરિગ્રહસે અપનેકો મહંત માનતા હૈ, અર્થાત્ પરિગ્રહસે હી ગૌરવ જાનતા હૈ,...**' આહાહા..! '**તથ્યમ્**' '**નિશ્ચયસે વહી પુરુષ વાસ્તવમેં પરમાર્થકો નહીં જાનતા,...**' ઓહોહો..! બહારની મોટપમાં પડ્યા છે એને અંદરની મોટપની ખબર નથી, કહે છે. '**ઐસા જિનેશ્વરદેવ કહતે હૈં.**' છે? '**વહી પુરુષ વાસ્તવમેં પરમાર્થકો નહીં જાનતા,...**' બહારની આબરુ, કીર્તિ ને લાભ બહારનો એમાં જેની મહંતતા અને મોટપ દેખાય છે એ પરમાર્થ ભગવાનને જાણતો નથી.

**ભાવાર્થ :—** '**નિર્દોષ પરમાત્માસે પરાઙ્મુખ...**' વીતરાગમૂર્તિ પ્રભુ ભગવાનઆત્મા. નિર્દોષ કીધુંને? જેમાં રાગ-દ્વેષ આદિ, પુણ્ય-પાપનો દોષ જેમાં છે જ નહિ આત્મામાં. આહાહા..! એવા જે નિર્દોષ પરમાત્મા. પરમાત્મા એટલે પોતે હોં! પોતાનો આત્મા. એનાથી પરાઙમુખ— એનાથી ઊલટો રહીને. આહાહા..! '**પૂર્વસૂત્રમેં કહે ગયે સચિત્ત, અચિત્ત, મિશ્ર પરિગ્રહ...**' લ્યો, પહેલા આવી ગયું. મિથ્યાત્વ તે સચિત્ત પરિગ્રહ છે, શિષ્યો આદિનો બાહ્ય પરિગ્રહ સચિત્ત છે. આહાહા..! નિર્જરામાં આવ્યું હતું ને? સચિત્ત, અચિત્તનો ભોગ. સચિત્ત એટલે ઇન્દ્રિય સચેત છે એ... નિર્જરામાં આવ્યું ને? ... વેદન અલ્પ છે. આહાહા..! ... એ નહિ ચાલે ત્યાં. ગૃહસ્થ પણ સચેત, અચેત વાપરે છે. સમજાય છે? એવો જે ... જેને આત્મજ્ઞાન અને ભાન છે એને નિર્જરા થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવ્યું હતું ને? ... સચેત, અચેત. સ્ત્રી આદિમાં સચેત નાખ્યું હતું, બહારથી અને અંદર... એકેન્દ્રિય જીવ પણ કદાચિત્ ત્યાં... આહાહા..!

પણ જેને સચેત એકલો જ્ઞાનનો સાગર ભગવાન એ સચેત. આહા..! એ સચેતને જેણે ચેત્યો એ કદાચિત્ એકેન્દ્રિયાદિના જીવને કોઈ .... તોપણ એ એવા બંધને ન પામે કે જેમાં સંસાર વધે. એથી એને બંધ નથી એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો... સમજાણું કાંઈ?

આત્મજ્ઞાન નહિ અને વ્રત ને તપ કરીને અમે ધર્મી છીએ એમ માને છે અને મનાવે છે એ...

એટલે વિરોધ કરવા ઊભા થયા છે. ઈ કરશે. ... આત્મજ્ઞાન વિનાના જે કંઈ ... જાય એ કંઈ ... નથી. હેં! ... નગ્નદિગંબર સંત આનંદના ઝુલે ઝુલનારા, અમે બ્રહ્મચર્યની વ્યાખ્યા કરી. હે યુવાનો! હે યુવકો! તમને આ પસંદ ન પડે તો દુઃખ થાય, અમે મુનિ છીએ, અમને માફ કરજો. આચાર્ય દિગંબર આચાર્ય સંત આત્મધ્યાનમાં મસ્ત આહાહા..! ... હે યુવાનો! તમારા શરીર યુવાન લઠ જેવા હોય અને તમારી ... હોય એને હું આ બ્રહ્મચર્યની વાત કરું તો ઠીક નહિ લાગે. અમે તો મુનિ છીએ, બ્રહ્મચારી છીએ, અમે બ્રહ્મચર્યની વાત કરીએ છીએ, તમને દુઃખ લાગે તો માફ કરજો, ભાઈ! આહાહા..! દેવીલાલજી!

અહીંયા સંતો કહે છે કે અમે તો જે વાત છે એવી સત્ય વાત કહીશું. સમ્યગ્દર્શન વિનાના પ્રાણીઓ વ્યવહાર કલ્પિત છે એ પણ રાગ છે, એ કાંઈ સમકિત નથી. એને વ્યવહારસમકિત કહેવાય કોને? જેને નિશ્ચય થયું છે એને વ્યવહાર કહેવાય. આહાહા..! એમ કે આ તત્ત્વાર્થશ્રદ્ધાન આવ્યું છે. ... અત્યારે તો વ્યવહારશ્રદ્ધા ... વ્યવહારઆચરણ .. એમ કહે છે.

'**પરમાત્માસે પરાઙ્મુખ...**' આહાહા..! આત્મજ્ઞાનથી રહિત નિશ્ચય સમ્યગ્દર્શન, સ્વભાવનો અનુભવ એનાથી રહિત '**સચિત્ત, અચિત્ત, મિશ્ર પરિગ્રહ હૈં, ઉનસે અપનેકો મહંત માનતા હૈ,...**' અમે આચાર્ય થયા, મોટા સાધુ થયા, દીક્ષાઓ,... આહા..! ગજરથ કાઢે છે ને? એ આત્મજ્ઞાન વિનાના તારા ગજરથ એ તો શુભભાવ છે બંધ છે. સમજાણું કાંઈ? આવ્યું છે ને? ... ભરતની પૃથ્વીમાં ઊભો છું. ... અભિમાનના ગજે ચડ્યા... એ ગજ ચઢ્યે કેવળ ન હોય. એ માનમાં ચઢ્યે પરમાત્મા કેવળજ્ઞાન નહિ થાય. સમજાણું કાંઈ? આને તો એકલા મુનિ છે એને જરી કહ્યું.

આ તો સમ્યક્જ્ઞાન વિનાના, આત્માનો જ્યાં આદર નથી.. આહાહા..! એ બહારની મહિમામાં ખ્યાતિ, પૂજા, લાભ... રાજાઓ દીક્ષા લ્યે. ભર્તૃહરિએ દીક્ષા લીધી. આવે છે, ભર્તૃહરિ રાજા. પીંગળાની ખબર પડી કે અરે..! મારી ... પીંગળા. મને અમરફળ મળ્યું, મેં એને આપ્યું, એણે અશ્વપાળને આપ્યું. ... માળવાનો અધિપતિ એની રાણી અશ્વપાળની સાથે ચાલે. અશ્વપાળ વેશ્યા સાથે ચાલે. વેશ્યાને પાછો પ્રેમ થઈ ગયો રાજા ઉપર તો એ રાજાને દેવા આવી. અરે..! આ શું? આ ક્યાંથી આવ્યું? 'દેખ્યા નહિ કુછ સાર જગતમેં દેખ્યા નહિ કુછ સાર.' રાજ છોડી દીધું. ગુરુએ હુકમ કર્યો કે પીંગળા પાસે આહાર લેવા જાઓ. ... જા, પીંગળા પાસે જા. પીંગળા તો .. હતી, રાણી હતી. .... પીંગળા કહે, પ્રભુ! મારી પાસે અત્યારે કંઈ નથી. માતા! એમ બોલ્યા, માતા! આહાર દે. અરે..! પ્રભુ! તમે મને માતા ન કહો. માતા! ભીક્ષા દે... હે માતા! મારા ગુરુની આજ્ઞા, રાણી પાસેથી તું ભીક્ષા લે. ... મારી નાત ચાલી જાય છે. પ્રભુ! મેં આજે કર્યું નથી, મેં કાંઈ કર્યું નથી. ... 'ખીર રે બનાવું ક્ષણ એકમાં, જમતા જાઓ યોગીરાજજી...' ખીર, ખીર. એને વાર ન લાગે. 'ખીર રે બનાવું ક્ષણ એકમાં, જમતા જાઓ યોગીરાજજી...' માતા! મારી જમાત જાય છે. આહાહા..! કેવો એ વૈરાગ્ય હશે. ....

અહીં કહે છે કે જેને મોટી મહંતતા 'मैं बहुत पढा हूं. ऐसा जिसके अभिमान है, वह परमार्थ यानी वीतराग परमानंदस्वभाव निज आत्माको नहीं जानता. ' આહાહા..! વીતરાગ પરમાનંદસ્વરૂપ ભગવાનને નથી જાણતો. 'आत्म-ज्ञानसे रहित है, यह निःसंदेह जानो.' (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

ગાથા-૯૪

ग्रन्थेनात्मानं महान्तं मन्यमानः सन् परमार्थं कस्मात्र जानातीति चेत्—

२२१) बुज्झंतहँ परमत्थु जिय गुरु लहु अत्थि ण कोइ।
जीवा सयल वि बंभु परु जेण वियाणइ सोइ।।९४।।
बुध्यमानानां परमार्थं जीव गुरुः लघुः अस्ति न कोडपि।
जीवाः सकला अपि ब्रह्म परं येन विजानाति सोडपि।।९४।।

बुध्यमानानाम्। कम्। परमार्थम्, हे जीव गुरुत्वं लघुत्वं वा नास्ति। कस्मान्नास्ति। जीवाः सर्वेडपि परब्रह्मस्वरुपाः तदपि कस्मात्। येन कारणेन ब्रह्मशब्दवाच्यो मुक्तात्मा केवलज्ञानेन सर्वं जानाति यथा तथा निश्चयनयेन सोऽप्येको विवक्षितो जीवः संसारी सर्वं जानातीत्यभिप्रायः।।९४।। एवमेक-चत्वारिंशत्सूत्रप्रमितमहास्थलमध्ये परिग्रहपरित्याग-व्याख्यानमुख्य तया सूत्राष्टकेन तृतीयमन्तरस्थलं समाप्तम्। अत उर्ध्वं त्रयोदशसूत्रपर्यन्तं शुद्धनिश्चयेन सर्वे जीवाः केवलज्ञानादिगुणैः समानास्तेन कारणेन षोडशवर्णिकासुवर्णवद्भेदो नास्तीति प्रतिपादयति।

---

आगे शिष्य प्रश्न करता है, कि जो ग्रंथसे अपनेको महंत मानता है, वह परमार्थको क्यों नहीं जानता? इसका समाधान आचार्य करते हैं—

गाथा-९४

अन्वयार्थ :— हे जीव, परमार्थको समझनेवालोंके कोई जीव बड़ा छोटा नहीं है, सभी जीव परब्रह्मस्वरुप हैं, क्योंकि निश्चयनयसे वह सम्यग्दृष्टि शुद्धस्वरुप ही सबको जानता है।

भावार्थ :— जो परमार्थको नहीं जानता, वह परिग्रहसे गुरुता समझता है, और परिग्रहके न होनेसे लघुपना जानता है, यही भूल है। यधपि गुरुता-लघुता कर्मके आवरणसे जीवोंमें पायी जाती है, तो भी शुद्धनयसे सब समान हैं, तथा ब्रह्म अर्थात्

सिद्धपरमेष्ठी केवलज्ञानसे सबको जानते हैं, सबको देखते हैं, उसी प्रकार निश्चयनयसे सम्यग्दृष्टि सब जीवोंको शुद्धरुप ही देखता है।।९४।।

इस तरह इकतालीस दोहोंके महास्थलमें परिग्रह त्यागके व्याख्यानकी मुख्यतासे आठ दोहोंका तीसरा अंतरस्थल पूर्ण हुआ। आगे तेरह दोहों तक शुद्ध निश्चयसे सब जीव केवलज्ञानादिगुणसे समान हैं, इसलिये सोलहवान (ताव) के सुवर्णकी तरह भेद नहीं है, सब जीव समान हैं, ऐसा निश्चय करते हैं।

---

હવે, શિષ્ય પ્રશ્ન કરે છે કે પરિગ્રહથી આત્માને મહાન માનતો જીવ પરમાર્થને કેમ જાણતો નથી? (તેનું સમાધાન આચાર્ય કરે છે)

એવી રીતે એકતાલીસ સૂત્રોના મહાસ્થળમાં પરિગ્રહત્યાગના કથનની મુખ્યતાથી આઠ સૂત્રોથી અન્તરસ્થળ સમાપ્ત થયું.

એના પછી તેર સૂત્ર સુધી શુદ્ધનિશ્ચયનયથી સર્વે જીવો કેવળજ્ઞાનાદિ ગુણોથી-સમાન છે, તે કારણે સોળવલા સુવર્ણની જેમ ભેદ નથી, એમ કહે છે.

---

## વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૨, બુધવાર
## તા. ૨૨-૧૨-૧૯૭૬, ગાથા-૯૪, ૯૫, ૯૬
## પ્રવચન નં. ૧૬૫

... જીવ એનો સ્વભાવ છે એ તો કેવળજ્ઞાનકંદ છે બધા. આત્મા બધા કેવળજ્ઞાન અને આનંદના કંદ છે. એને બાહ્ય પરિગ્રહને લઈને નાના-મોટા માનવા એ ગ્રંથ પરિગ્રહ કહેવો. બાહ્ય ચીજ. બાહ્ય ચીજની અધિકતાથી પોતાને મહંત માને એ પરમાર્થને નથી જાણતો. અમારી પાસે પૈસા છે, આબરુ છે, શરીર છે બીજા કરતાં સારુ, એ બધો પરિગ્રહ છે. ઈ કહેશે.

२२१) बुज्झंतहँ परमत्थु जिय गुरु लहु अत्थि ण कोइ।
जीवा सयल वि बंभु परु जेण वियाणइ सोइ।।९४।।

**અન્વયાર્થ :—** ‘**હે જીવ, પરમાર્થકો સમઝનેવાલોંકે...**’ નિશ્ચયની વાત છે. ભગવાનઆત્મા કેવળજ્ઞાન અને આનંદનો કંદ છે. બધા આત્મા. દૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિથી જોયું તો પોતાનું દ્રવ્ય જે શુદ્ધ ચૈતન્ય છે તેમ જોયું. એમ દ્રવ્યદૃષ્ટિથી બીજાને જોવે તોપણ એ શુદ્ધ ચૈતન્યઘન છે, આનંદકંદ છે. આહાહા..! એમ એને જોવે. બાહ્યના પરિગ્રહની અધિકતાથી હું મોટો છું અને બાહ્યના પરિગ્રહના કમીથી એ નાના છે એમ નથી. અરે..! આહાહા..! ‘**હે જીવ, પરમાર્થકો સમઝનેવાલોંકે કોઈ**

**જીવ બડા છોટા નહીં હૈ,...**' લ્યો આ અધિકાર આવ્યો આજે. નાના મોટા કોઈ જીવ નથી, બધા ભગવાનસ્વરૂપે છે. આહાહા..!

દ્રવ્ય જે વસ્તુ દ્રવ્ય છે ચૈતન્ય, એ રીતે તો બધા આત્માઓ સાધર્મી છે. આહાહા..! પર્યાયમાં ફેર છે એ જાણવાલાયક છે, આદરવાલાયક તો આ એક ચીજ છે. આહાહા..! જેની દૃષ્ટિમાં પોતાનો આત્મા પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ એવું એનું સ્વરૂપ છે, એવું જ બધા જીવોનું સ્વરૂપ છે. આહા..! આચાર્ય કહે છે, '**સમઝનેવાલોંકે કોઈ જીવ બડા છોટા નહીં હૈ, સભી જીવ પરબ્રહ્મસ્વરૂપ હૈં,...**' આહાહા..! સંયોગની દૃષ્ટિથી ન જોતાં આત્મસ્વભાવની દૃષ્ટિથી જોતાં બધા જીવ સરખા અને સમાન છે. આહા..! '**સભી જીવ પરબ્રહ્મસ્વરૂપ હૈં,...**'

'**ક્યોંકિ નિશ્ચયનયસે વહ સમ્યગ્દૃષ્ટિ શુદ્ધરૂપ હી સબકો જાનતા હૈ.**' એક એટલે બધા થઈને વેદાંત કહે છે એમ નહિ, પણ એક સ્વરૂપ બધાનું છે, એમ સંગ્રહનયે જોઈએ તો બધા જીવ એકરૂપ છે. જાતિએ સરખા છે. આહાહા..! વ્યક્તિએ ભિન્ન ભિન્ન છે, જાતિ બધાની એક છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા એમ છે, જોયું! ટીકામાં એમ છે. '**सोऽप्येको विवक्षितो जीवः**' છે ને? '**निश्चयनयेन सोऽप्येको विवक्षितो**' આહાહા..! જેની દૃષ્ટિમાં ભગવાન પોતાનો શું છે એ આવ્યું છે, એ રીતે બધા આત્માને એ દૃષ્ટિથી જોવે છે એમ કહે છે. આહાહા..! અભવિ પણ તે પરમાત્મસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :— '**જો પરમાર્થકો નહીં જાનતા, વહ પરિગ્રહસે...**'** એટલે? બાહ્યની ચીજ થોડી, વિશેષ, અધિક એવો જે ભેદ પાડે એ તો બહારની ચીજને લઈને છે. અંતરની ચીજને લઈને કંઈ ભેદ છે નહિ. આહાહા..! '**પરિગ્રહસે ગુરુતા સમઝતા હૈ,...**' આ ઈન્દ્ર છે ને આ નારકી છે. આ પૈસાવાળા છે અને આ ગરીબ છે. એ તો બાહ્યના વ્યવહારની અપેક્ષાએ છે. વસ્તુમાં ગરીબ પણ નથી અને અધિક પણ નથી, બધા સરખા આનંદકંદ છે. '**પરિગ્રહકે ન હોનેસે લઘુપના જાનતા હૈ,...**' '**પરિગ્રહસે ગુરુતા સમઝતા હૈ,... યહી ભૂલ હૈ.**' આહાહા..! આ દૃષ્ટિની વિશાળતા. અહીં પ્રશ્ન હતો, નહિ? કોણે કીધું હતું તે દિ'? રવાણી. શું હતું ઈ? વિશાળદૃષ્ટિ. બધા ઘણા છે ઈ મારા માનવા ઈ વિશાળદૃષ્ટિ છે. માને બાયડી માનવી, બાયડીને બાયડી માનવી એ વિશાળદૃષ્ટિ છે. એમ છે? આહાહા..! અહીંયા તો અંતરનું સ્વરૂપ એને કેટલું ઓળંગી ગયો છે. આહાહા..! પોતાની પર્યાયમાં અલ્પજ્ઞતા છે, રાગ છે એને ઓળંગીને વસ્તુના સ્વભાવનું જ્ઞાન કર્યું છે એમ કહે છે. આહાહા..! એ દૃષ્ટિએ જોતા બધા આત્મા ભગવાન એક છે જાતિએ. સમજાણું કાંઈ? આહાહા..! આ વિશાળતા છે. હેં! આહા..!

'**યદ્યપિ ગુરુતા-લઘુતા કર્મકે આવરણસે જીવોંમેં પાયી જાતી હૈ,...**' કર્મના નિમિત્તથી અને ઉપાદાનની પર્યાયની યોગ્યતાથી. સમજાણું કાંઈ? ગુરુતા-લઘુતા એટલે કાંઈક વિશેષપણું હોય, કાંઈક ઓછું હોય એવું બહારમાં સામગ્રીમાં દેખાય. '**તો ભી શુદ્ધનયસે સબ સમાન**

હૈં,...' આહાહા..! આ વિશાળતા છે. જે ચીજ એની નથી એને પોતાની માનવી એ વિશાળતા છે?

'**તથા બ્રહ્મ અર્થાત્ સિદ્ધપરમેષ્ઠી કેવલજ્ઞાનસે સબકો જાનતે હૈં,...**' આહાહા..! સિદ્ધ ભગવાન કેવળજ્ઞાનથી બધાને જાણે છે, '**સબકો દેખતે હૈં, ઉસી પ્રકાર નિશ્ચયનયસે સમ્યગ્દૃષ્ટિ સબ જીવોંકો શુદ્ધરૂપ હી દેખતા હૈ.**' લ્યો. પોતાને જ્યાં શુદ્ધ જાણ્યો, પર્યાયમાં અશુદ્ધતા અને અલ્પજ્ઞતા એ નહિ. વસ્તુ તરીકે પૂર્ણ અને શુદ્ધ, એમ જ્યાં પોતાને જાણ્યો એ રીતે બધા આત્મા છે એમ જાણે છે. આહાહા..! '**સિદ્ધપરમેષ્ઠી કેવલજ્ઞાનસે સબકો જાનતે હૈં, સબકો દેખતે હૈં, ઉસી પ્રકાર સમ્યગ્દૃષ્ટિ સબ જીવોંકો શુદ્ધરૂપ હી દેખતા હૈ.**' વસ્તુ વસ્તુ. વીતરાગમૂર્તિ પ્રભુ. અરે..! ક્યાં? અનાકુળ શાંતરસનો કંદ છે, એ પૂર્ણ પવિત્ર સ્વરૂપ છે. એ રીતે સમ્યગ્દૃષ્ટિ બધા જીવને સરખા દેખે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈસ તરહ ઈકતાલીસ દોહોંકે મહાસ્થલમેં પરિગ્રહ ત્યાગકે વ્યાખ્યાનકી મુખ્યતાસે આઠ દોહોંકા તીસરા અંતરસ્થલ પૂર્ણ હુઆ. આગે તેરહ દોહોં તક શુદ્ધ નિશ્ચયસે સબ જીવ કેવલજ્ઞાનાદિગુણસે સમાન હૈં, ઈસલિયે સોલહવાન (તાવ) કે સુવર્ણકી તરહ ભેદ નહીં હૈ,...**' સોળ વલું સોનું જેમ છે, એ બધા સરખા છે. સોળ વલા સોનાની પેઠે. સોળ વલું કહેવાય છે ને? સોલહ વાલ. '**ઈસલિયે સોલહવાન (તાવ) કે સુવર્ણકી તરહ ભેદ નહીં હૈ, સબ જીવ સમાન હૈં,...**' આહાહા..! પૂર્ણ પવિત્રતાનો ભંડાર અનંત જ્ઞાન ને આનંદ ને શાંતિ ને વીર્યનો ભંડાર, પૂર્ણ પૂર્ણ પૂર્ણ. એવી ચીજ પોતાની છે એમ જાણી છે, તો એ બધી ચીજ—આત્માઓને એ રીતે જોવે છે, માને છે. આહાહા..! દૃષ્ટિ—દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ વાત છે, હોં! એ કહે છે, લ્યો.

---

## ગાથા-૯૫

तद्यथा-

२२२) जो भत्तउ रयण-त्तयह तसु मुणि लक्खणु एउ।
अच्छुउ कहिँ वि कुडिल्लियइ सो तसु करइ ण भेउ।।९५।।
यः भक्तः रत्नत्रयस्य तस्य मन्यस्व लक्षणं इदम्।
तिष्ठतु कस्यामपि कुड्यां स तस्य करोति न भेदम्।।९५।।

जो इत्यादि। पदखण्डनारुपेण व्याख्यानं क्रियते। जो यः भत्तउ भक्तः। कस्य। रयण-त्तयहं रत्नत्रयस्य तसु तस्य पुरुषस्य मुणि मन्यस्व जानीहि। किम्। लक्खणु एउ लक्षणं इदं प्रत्यक्षीभूतम्। इदं किम्। अच्छुउ कहिं वि कुडिल्लियइ तिष्ठतु कस्यामपि कुड्यां शरीरे सो तसु करइ ण भेउ स ज्ञानी तस्य जीवस्य देहभेदेन भेदं न करोति। तथाहि। योऽसौ वीतरागस्वसंवेदनज्ञानी निश्चयस्य निश्चयरत्नत्रयलक्षणपरमात्मनो वा

भक्तः तस्येदं लक्षणं जानिहि। हे प्रभाकरभट्ट। क्वापि देहे तिष्ठतु जीवस्तथापि शुद्धनिश्चेन षोडशवर्णिकासुवर्णवत्केवलज्ञानादिगुणैर्भेदं न करोतीति। अत्राह प्रभाकरभट्टः। हे भगवन् जीवानां यदि देहभेदेन भेदो नास्ति तर्हि यथा केचन वदन्त्येक एव जीवस्तन्मतमायातम्। भगवानाह। शुद्धसंग्रहनयेन सेनावनादिवज्जात्यपेक्षया भेदो नास्ति व्यवहारनयेन पुनर्व्यक्त्यपेक्षया बने भिन्नभिन्नवृक्षवत् सेनायां भिन्नभिन्न-हस्त्यश्वादिवद्भेदोऽस्तीति भावार्थः।।९५।।

---

वह एसे हैं-

गाथा-९५

अन्वयार्थ :- [यः] जो मुनि [रत्नत्रयस्य] रत्नत्रयकी [भक्तः] आराधना (सेवा) करनेवाला है, [तस्य] उसके [इदम् लक्षणं] यह लक्षण [मन्यस्व] जानना कि [कस्यामपि कुड्यां] किसी शरीरमें जीव [तिष्ठतु] रहे, [सः] वह ज्ञानी [तस्य भेदम्] उस जीवका भेद [न करोति] नहीं करता, अर्थात् देहके भेदसे गुरुता लघुताका भेद करता है, परंतु ज्ञानदृष्टिसे सबको समसान देखता है।

भावार्थ :- वीतराग स्वसंवेदनज्ञानी निश्चयरत्नत्रयके आराधकका ये लक्षण प्रभाकरभट्ट तू निःसंदेह जान, जो किसी शरीरमें कर्मके उदयसे जीव रहे, परंतु निश्चयसे शुद्ध, बुद्ध (ज्ञानी) ही है। जैसे सोनेमें वान-भेद है, वैसे जीवोंमें वान-भेद नहीं है, केवलज्ञानादि अनंत गुणोंसे सब जीव समान हैं। ऐसा कथन सुनकर प्रभाकरभट्टने प्रश्न किया, हे भगवन्, जो जीवोंमें देहके भेदसे भेद नहीं है, सब समान हैं, तब जो वेदान्ती एक ही आत्मा मानते हैं, उनको क्यों दोष देते हो? तब श्रीगुरु उसका समाधान करते हैं,-कि शुद्धसंग्रहनयसे सेना एक ही कही जाती है, लेकिन सेनामें अनेक हैं, तो भी ऐसे कहते हैं, कि सेना आयी, सेना गयी, उसी प्रकार जातिकी अपेक्षासे जीवोंमें भेद नहीं हैं, सब एक जाति हैं, और व्यवहारनयसे व्यक्तिकी अपेक्षा भिन्न-भिन्न हैं, अनंत जीव हैं, एक नहीं है। जैसे वन एक कहा जाता है, और वृक्ष जुदे जुदे हैं, उसी तरह जातिसे जीवोंमें एकता है, लेकिन द्रव्य जुदे जुदे हैं, तथा जैसे सेना एक है, परन्तु हाथी, घोडे, रथ, सुभट अनेक हैं, उसी तरह जीवोंमें जानना।।९५।।

---

તે આ પ્રમાણે :-

ભાવાર્થ :- જે કોઈ વીતરાગસ્વસંવેદનવાળો જ્ઞાની નિશ્ચયનો (નિશ્ચયનયનો) અથવા નિશ્ચયરત્નત્રસ્વરૂપ પરમાત્માનો ભક્ત છે તેનું હે પ્રભાકરભટ્ટ! આ લક્ષણ જાણ

કે તે, જીવ ગમે તે દેહમાં રહ્યો હોય, તોપણ શુદ્ધનિશ્ચયનયથી સોળવેલા સોનાની માફક (જેમ સોળવલા સોનામાં વાનભેદ નથી તેમ) કેવળજ્ઞાનાદિ (અનંત) ગુણોની અપેક્ષાથી (સમાન હોવાથી) તેમાં ભેદ કરતો નથી.

આવું કથન સાંભળીને પ્રભાકરભટ્ટ પ્રશ્ન કરે છે કે, હે ભગવાન! જો જીવોમાં દેહના ભેદથી ભેદ નથી તો જેવી રીતે કોઈ એક કહે છે કે 'એક જ જીવ છે' તેનો મત સિદ્ધ થશે?

ત્યારે ભગવાન યોગીન્દ્રદેવ કહે છે કે શુદ્ધસંગ્રહનયથી સેના, વનાદિની માફક જાતિ અપેક્ષાએ જીવોમાં ભેદ નથી પણ વ્યવહારનયથી વ્યકિતની અપેક્ષાએ વનમાં જુદાં જુદાં વૃક્ષો છે, સેનામાં ભિન્ન ભિન્ન હાથી, ઘોડા આદિ છે તેમ જીવોમાં ભેદ છે, એવો ભાવાર્થ છે. ૯૫.

---

## ગાથા-૯૫ ઉપર પ્રવચન

૯૫. ૨૨૨) जो भत्तउ रयण-त्तयह तसु मुणि लक्खणु एउ।
अच्छुउ कहिँ वि कुडिल्लियइ सो तसु करइ ण भेउ।।९५।।

**અન્વયાર્થ :—** '**જો મુનિ રત્નત્રયકી આરાધના કરનેવાલા હૈ,...**' આહાહા..! જે કોઈ ધર્માત્મા, આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, એ નિશ્ચયરત્નત્રયની આરાધના કરવાવાળા છે... આહાહા..! વ્યવહારરત્નત્રયના કરવાવાળા છે એમ નથી કહ્યું, એની સેવના કરવાવાળા છે એમ નથી કહ્યું. આહાહા..! પૂર્ણ બ્રહ્મઆત્મા એનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર. નિશ્ચય નામ સ્વઆશ્રિત થયેલી દશા. એની જે સેવા નામ આરાધના કરે છે. આહાહા..! '**ઉસકે યહ લક્ષણ જાનના કિ કિસી શરીરમેં જીવ રહે,...**' નિગોદના શરીરમાં રહે કે સર્વાર્થસિદ્ધિના શરીરમાં રહે.. આહાહા..! પરમૌદારિક શરીરમાં રહે, એ નહિ દેખતાં જીવ સમાન દેખે છે એમ કહે છે. આહાહા..! '**કિસી શરીરમેં જીવ રહે, વહ જ્ઞાની ઉસ જીવકા ભેદ નહીં કરતા, અર્થાત્ દેહકે ભેદસે ગુરુતા લઘુતાકા ભેદ કરતા હૈ, પરંતુ જ્ઞાનદષ્ટિસે સબકો સમાન દેખતા હૈ.**' આહાહા..! દેહથી ગુરુતા લઘુતાનો ભેદ જાણે છે. સમજાય છે? દેહના ભેદથી કે અલ્પજ્ઞતાની પર્યાયથી જોતાં નાના-મોટા હોય છે. પણ વસ્તુ જોતાં.. આહાહા..!

'**જ્ઞાનદષ્ટિસે સબકો સમાન દેખતા હૈ.**' આહાહા..! શું કહેવા માગે છે? વર્તમાન સંયોગ અને વર્તમાન અલ્પજ્ઞતા કે વિકારતા, એને ન જોતાં જ્ઞાનદષ્ટિથી જોઈએ તો બધા સમાન છે. વર્તમાન અલ્પજ્ઞતા ને રાગથી જુઓ તો તે ભેદ છે. સમજાણું કાંઈ? આહાહા..! અંતરની ચીજથી જુઓ તો બધા સરખા સમાન આનંદકંદ પ્રભુ છે. અભવિ હોય કે.. 'સર્વ જીવ છે સિદ્ધસમ.' આવે છે ને? 'સર્વ જીવ છે સિદ્ધસમ', શ્રીમદ્‌માં આવે છે. 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.'

જે સમજે તે થાય. આહાહા..! '**દેહકે ભેદસે ગુરુતા લઘુતાકા ભેદ કરતા હૈ, પરંતુ જ્ઞાનદૃષ્ટિસે સબકો સમાન દેખતા હૈ.**' આહાહા..!

**ભાવાર્થ :—** '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાની...**' રત્નત્રય આરાધકની વ્યાખ્યા કરી. કયુ રત્ન અને કઈ જાત એની. આહા..! '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાની નિશ્ચયરત્નત્રયકે આરાધકકા યે લક્ષણ પ્રભાકરભટ્ટ તૂ નિઃસંદેહ જાન,...**' આહાહા..! મુનિ નિશ્ચયરત્નત્રયના આરાધક હોય છે. એ વીતરાગ સ્વસંવેદનજ્ઞાની. જોયું! વીતરાગી છે ઈ જ્ઞાન. આહાહા..! પોતાનો સ્વભાવ વીતરાગસ્વરૂપ છે, એનું વીતરાગી સ્વસંવેદનજ્ઞાનમાં નિશ્ચયરત્નત્રયને આરાધે છે. આહાહા..! જો લક્ષણ કહા હૈ ઉસે '**નિઃસંદેહ જાન,...**' આહાહા..! આ વિશાળદૃષ્ટિ.

પર્યાયમાં શરીરને લઈને કે કર્મના નિમિત્તના સંબંધે પોતાની યોગ્યતામાં જીવદીઠ ફેર છે. એ આવ્યુંને નિયમસારમાં? 'णाणा कम्मा, णाणा जीवा, णाणा लब्धि'. વાદવિવાદ ન કરવો ઈ આવ્યું હતું. આહાહા..! ઈ પર્યાયથી જોતાં અનેક પ્રકારના જીવ, ઉઘાડ પણ જુદી જાતનો, કર્મનું નિમિત્ત જુદી જાતનું. આહા..! ણાણા લબ્ધા ણાણા કમ્મા, કર્મ અનેક પ્રકારના. જીવ નાના પ્રકારના. કોઈ ભવિ, અભવિ અનેક પ્રકાર. આહાહા..! લ્યો, ત્યાં એમ કહ્યું. એ પર્યાયના અને શરીરના સંબંધની અપેક્ષાએ જોવાની વાત છે અને આ એકદમ અંતર દૃષ્ટિથી જોવાની વાત છે. આહાહા..! શું કહ્યું ઈ? જે પર્યાયમાં અલ્પજ્ઞતા અને શરીરના સંયોગોમાં ફેર (છે), એવી છતી ચીજ છે એને અંદરથી ઊડાડી દ્યે છે. સ્વભાવમાં એ નથી, સ્વભાવ પરિપૂર્ણ છે. આહાહા..! અલ્પજ્ઞતા અને વિકારતાનું હોવાપણું, અસ્તિપણું સમય પૂરતું હોય છે. સમય પૂરતું. ઈ શું કહ્યું સમજાણું? એની એક સમયની અવસ્થામાં જીવદીઠ ભેદ છે. આહાહા..! કોઈ જીવના સરખા પરિણામ હોતા નથી. આહાહા..! ભિન્ન ભિન્ન જીવ છે તો ભિન્ન ભિન્ન પરિણામ (હોય છે). પણ એ તો પર્યાય—અવસ્થા જોતા ભિન્ન ભિન્ન છે. પણ એને ગૌણ કરીને એકલો ત્રિકાળી જ્ઞાયક આનંદસ્વભાવ... આહાહા..!

જેમ નાળિયેરમાં છાલા ન જોતા, કાચલી ન જોતા અને કાચલી તરફની લાલ છાલ એને ન જોતા તો એ નાળિયેર તો ધોળો—સફેદ મીઠો ગોળો છે. બધા નાળિયેર? આહાહા..! એમ આત્માને વર્તમાન પર્યાય, રાગ અને શરીરાદિના નાના મોટા શરીરનો સંબંધ આદિ, એને જોતાં એ ફેર છે પણ વસ્તુ જોતાં એમાં આ કંઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત લ્યો.

આ પરમાત્મપ્રકાશ છે ને, તો બધા પરમાત્મા છે એમ દેખે છે, એમ કહે છે. પોતાનો આત્મા પરમાત્મા અને બધા આત્મા પરમાત્મસ્વરૂપ જ છે શક્તિએ, સામર્થ્યે, સ્વભાવે, સ્વરૂપે. આહાહા..! છતાં કહ્યું ત્યાં. '**દેહકે ભેદસે ગુરુતા લઘુતાકા ભેદ...**' જાને. પરંતુ સ્વભાવની દૃષ્ટિથી જોતા ભેદ છે નહિ. આહાહા..! '**કિસી શરીરમેં કર્મકે ઉદયસે જીવ રહે, પરંતુ નિશ્ચયસે શુદ્ધ, બુદ્ધ (જ્ઞાની) હી હૈ.**' લ્યો. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ છે. શુદ્ધનિશ્ચય એમ એટલું છે. '**કિસી શરીરમેં કર્મકે ઉદયસે જીવ રહે, પરંતુ નિશ્ચયસે શુદ્ધ, બુદ્ધ (જ્ઞાની) હી હૈ.**' પવિત્ર અને જ્ઞાની છે

એમ કહે છે. કોઈપણ શરીરમાં રહો, નિગોદના શરીરમાં હો, '**एयत्तणिच्छयगदो**' આવે છે ને? '**समओ सव्वत्थ सुंदरो लोगे।**' આહા..! એકત્વ નિશ્ચયથી જુઓ એના તત્ત્વને, સર્વ જીવ સમાન આનંદકંદ દેખાય છે. એને બંધકથા, બંધકથા શબ્દ છે, પણ બંધના સંબંધના ભાવથી જુઓ તો વિસંવાદ છે. વિખવાદ ઊભો થાય છે કહે છે. આહાહા..! એ અહીં કહે છે, '**જૈસે સોનેમેં વાન-ભેદ હૈ, વૈસે જીવોંમેં વાન-ભેદ નહીં હૈ,...**' આહાહા..! '**કેવલજ્ઞાનાદિ અનંત ગુણોંસે સબ જીવ સમાન હૈં.**' કેવળજ્ઞાન, કેવળઆનંદ, કેવળવીર્ય, કેવળશાંતિ.. આહાહા..! અનંત.

'**અનંતગુણોંસે સબ જીવ સમાન હૈં. ઐસા કથન સુનકર પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા,...**' ગુરુને '**હે ભગવન્, જો જીવોંમેં દેહકે ભેદસે ભેદ નહીં હૈ, સબ સમાન હૈં, તબ તો વેદાન્તી એક હી આત્મા માનતે હૈં,...**' તો એ પ્રમાણે વેદાંતી પણ માને છે. તમે એને કેમ દુષણ દ્યો છો? સમજાણું કાંઈ? સર્વવ્યાપક વેદાંતી માને છે. સર્વવ્યાપક એક અદ્વૈત. તમે પણ અહીં એક કહો છો. અને એ એક માને એને તમે દુષણ દ્યો છો. '**ઉનકો ક્યોં દોષ દેતે હો?**'

'**શ્રીગુરુ ઉસકા સમાધાન કરતે હૈં,—કિ શુદ્ધસંગ્રહનયસે સેના એક હી કહી જાતી હૈ,...**' સેનાનો દૃષ્ટાંત આપ્યો. સેના સેના. હાથી, ઘોડા, રથ, પાલખી, માણસો. સેના તો એક નામે હોય. વસ્તુ જુદી જુદી છે બધી. '**શુદ્ધસંગ્રહનયસે સેના એક હી કહી જાતી હૈ, લેકિન સેનામેં અનેક હૈં,...**' હાથી, ઘોડા, માણસ આદિ. '**તો ભી ઐસે કહતે હૈં, કિ સેના આયી,...**' એમ કહેને? સેના આવી, સેના ગઈ એમ કહે સંગ્રહનયથી.

'**ઉસી પ્રકાર જાતિકી અપેક્ષાસે જીવોંમેં ભેદ નહીં હૈ,...**' જાતિની અપેક્ષાએ ભેદ નથી. ઘઉંના દાણા લાખ હોય, પણ દાણામાં બીજા દાણામાં ફેર નહિ, જાતિ તો બધી ઘઉંની એક છે. વ્યક્તપણે વ્યક્તિ તરીકે ભિન્ન છે ભલે પણ જાતિ જે હોય, એક ઘઉંનો દાણો એવો બીજો, લાખો, કરોડો એવા. '**સબ એક જાતિ હૈં,...**' ઓહોહો..! '**ઔર વ્યવહારનયસે વ્યક્તિકી અપેક્ષા ભિન્ન-ભિન્ન હૈં,...**' વ્યવહારથી ભિન્ન ભિન્ન સંખ્યાની અપેક્ષાએ ભિન્ન ભિન્ન છે. આહાહા..! ઘઉંના દાણા બધા એક જ જાતના છે. એ અપેક્ષાએ જાત એક છે, પણ ઘઉંનો દાણો એક એવા અનંત, એ બધા ભિન્ન ભિન્ન છે. એમ જાતિ અપેક્ષાએ આત્મા એક કહેવાય છે. વ્યવહારનયથી બધા ભિન્ન ભિન્ન છે. આહાહા..! શું કહેવા માગે છે?

દૃષ્ટિ તારી પરમાત્મા ઉપર હોવી જોઈએ એમ કહે છે. તારો નાથ પરમાત્મા અંતર પૂર્ણ આનંદનું ધામ ત્યાં તારી દૃષ્ટિ હોવી જોઈએ. બધી દૃષ્ટિ ઉઠાવી દઈને. સંયોગની, રાગની, પર્યાયની.. આહાહા..! સમજાણું કાંઈ? સંયોગો ઓછાવત્તા એની દૃષ્ટિ છોડી દે, રાગ વધારે તીવ્ર છે એ દૃષ્ટિ છોડી દે, એક સમયની પર્યાય અલ્પ છે કે આની વિશેષ છે એ છોડી દે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ નાથ અંદર એને જો. આહાહા..!

'**વ્યક્તિકી અપેક્ષા ભિન્ન-ભિન્ન હૈં, અનંત જીવ હૈં,...**' એક નહિ. એક છે નહિ. '**જૈસે વન એક કહા જાતા હૈ,...**' ઓલો સેનાનો દાખલો આપ્યો હતો. હવે વનનો વન. '**વન એક**

**કહા જાતા હૈ, ઔર વૃક્ષ જુદે જુદે હૈં,...**' પીપળાના, લીમડાના, આંબાના ઝાડ જુદા હોય પણ છતાં વન કહેવાય વન. વન છે એટલે એક જ પ્રકારના ઝાડ છે એમ નહિ. ઝાડની અપેક્ષાએ વન એક કહેવાય, પણ ઝાડની જાતની અપેક્ષાએ ઝાડ જુદા જુદા છે. પીપળાના હોય, લીમડાના હોય, આંબાના હોય. આહાહા..! જાંબુના હોય. '**જૈસે વન એક કહા જાતા હૈ, ઔર વૃક્ષ જુદે જુદે હૈં, ઉસી તરહ જાતિસે જીવોંમેં એકતા હૈ,...** ' જોયું! જાતિથી એકતા, સંખ્યાથી એકતા નહિ. સંખ્યાથી તો અનંત ભિન્ન ભિન્ન છે. આહાહા..!

મુમુક્ષુ :— શક્તિની અપેક્ષાએ એક જ છે.

ઉત્તર :— શક્તિ—સ્વભાવ એની જાત જ એક છે. દરેક ભગવાનસ્વરૂપ જ છે.

મુમુક્ષુ :— પર્યાયની શક્તિમાં ફેર હોયને?

ઉત્તર :— પર્યાયની વાતનું લક્ષ છોડી દેવું, એ વ્યવહાર છે. એ તો કહ્યું નહિ? સંયોગને ન જોવું, રાગને ન જોવું, એક સમયની પર્યાયમાં હિનાધિકને ન જોવું. પૂર્ણાનંદનો નાથ ભગવાન પોતે છે તેને જોવું. એ રીતે બધા આત્માને જોવું. છતાં જાતિએ એક કહેવાય પણ વ્યક્તિએ એક નહિ. વ્યક્તિ અનંત ભિન્ન ભિન્ન છે બધી. આહા..! વેદાંત તો વ્યક્તિએ એક જ કહે છે. સમજાણું કાંઈ? એક જ આત્મા. અનંત નહિ, ગુણભેદ નહિ, પર્યાય નહિ એમ કહે છે.

૧૧મી ગાથામાં કહ્યું ને? '**ववहारोऽभूदत्थो**' એને લઈને એક કહેતાને ઓલા? મુંબઈવાળા નાથુરામ પંડિત. આપણા જૈન દિગંબર હતા. કુંદકુંદાચાર્યે સમયસારને વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. એમ કહેતા. મુંબઈમાં હતા, ગુજરી ગયા. ભાઈ! એમ નથી. કેમકે ૧૧મી ગાથામાં એમ કહ્યું, વ્યવહાર અભૂતાર્થ છે એમ કહ્યું. એટલે કે બધી પર્યાય જ જૂઠી છે. કઈ રીતે? પર્યાયોને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. પર્યાયને અભાવ કરીને નથી એમ કહેવામાં નથી આવ્યું. '**ववहारोऽभूदत्थो**' છે એમાં મોટી.. પર્યાયમાત્ર અભૂતાર્થ જૂઠી છે એમ કીધું ત્યાં.

મુમુક્ષુ :— વેદાંત તો પર્યાયને માનતું નથી.

ઉત્તર :— વેદાંત પર્યાયને માનતું નથી. એમ નથી. સમજાણું કાંઈ? ન્યાં તો એમ જ ચોખ્ખુ કહ્યું લ્યો, '**ववहारोऽभूदत्थो**' પર્યાયમાત્ર તે અસત્ય છે, પર્યાયમાત્ર તે અસત્ય છે. અને '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ત્રિકાળી તે એકરૂપ છે. આહાહા..! એ ભૂતાર્થ છે. ત્રિકાળી એકરૂપ છે તે સત્ય છે અને પર્યાયમાત્ર અસત્ય છે એમ કહ્યું ત્યાં. એટલે વેદાંત થઈ ગયું ઇ. એમ નથી. ન્યાં તો પર્યાયને ગૌણ કરીને અસત્ય છે એમ કીધું છે, ગૌણ કરીને નથી એમ કહ્યું છે. આહાહા..! અને ભૂતાર્થને મુખ્ય ગણીને તેને નિશ્ચય કહીને આશ્રય લેવો છે. આહાહા..! સમજાણું કાંઈ?

નિશ્ચય તે મુખ્ય એમ નહિ અને વ્યવહાર તે ગૌણ એમ નહિ. મુખ્ય તે નિશ્ચય, ગૌણ તે વ્યવહાર. હવે આમાં શું ફેર? નિશ્ચય તે મુખ્ય નહિ. નિશ્ચય તો પર્યાય પણ નિશ્ચયથી એની છે. ગુણભેદ પણ એના છે. સ્વઆશ્રયમાં ત્રણે એના જ છે. એને મુખ્ય ન ગણતા, નિશ્ચયને મુખ્ય ન

કહેતા, મુખ્યને નિશ્ચય કહ્યો. મુખ્ય એટલે ત્રિકાળી વસ્તુ જે છે તેને મુખ્ય ગણીને નિશ્ચય કહ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો તત્ત્વજ્ઞાનનો વિષય ઝીણો ઘણો. તેથી ખુલાસો કર્યો છે ભાઈએ—જયચંદ્ર પંડિતે. અભૂતાર્થ છે... પાઠ તો એવો જ આવ્યો, પર્યાય અસત્ય છે. વેદાંતી પણ એમ કહે છે, પર્યાય નથી. અને તમારી ગાથા ૧૧માં કહે છે, પર્યાય અસત્ય છે. કોને પડી છે એટલી બધી. આહા..! ભાઈ! પર્યાયને ગૌણ કરીને પોતાનું પ્રયોજન સિદ્ધ કરવા નિશ્ચય તે મુખ્ય નહિ પણ મુખ્ય તે નિશ્ચય (કહ્યું). ત્રિકાળી વસ્તુ તે મુખ્ય છે અને તે નિશ્ચય અને પર્યાય તે ગૌણ કરીને તેને અસત્ય કહેવામાં આવી છે. આહાહા..! શાંતિભાઈ! ક્યાં પણ આમાં નવરાશ ક્યાં છે? ધંધામાંથી નવરો થાય ત્યારે આ કરેને નિર્ણય. આહાહા..!

'**વૃક્ષ જુદે જુદે હૈં, ઉસી તરહ જાતિસે જીવોંમેં એકતા હૈ,...**' જાતિએ એક જાતિ. આહાહા..! '**લેકિન દ્રવ્ય જુદે જુદે હૈં,...**' આહાહા..! વસ્તુ એક નથી, જાતિ અપેક્ષાએ એક કહ્યું. જેવો ચૈતન્ય આત્મા, ચૈતન્ય આત્મા, ચૈતન્ય આત્મા... એ જાતિની અપેક્ષાએ એક કહ્યું, વ્યક્તિ અપેક્ષાએ ભિન્ન ભિન્ન છે. ઘઉંની એક આખી ગુણ હોય તો એને ઘઉં કહેવાય. પણ દાણો એક છે એમ નથી. દરેક દાણો ઘઉંનો ભિન્ન ભિન્ન છે. આહાહા..! આવી વાતું ધર્મની. એમ કેમ છે? આમ કેમ કહેવા માગે છે? કે વસ્તુ જે ત્રિકાળી છે તેને તું સત્ય તરીકે સ્વીકાર અને પર્યાય ને રાગાદિ ભેદ છે તેને ગૌણ કરીને અસત્ય તરીકે જાણ. આહાહા..!

મુમુક્ષુ :— ધ્યેય તો પર્યાય કરે છે, એને કેમ કાઢી નાખો છો?

ઉત્તર :— ધ્યેય કરે છે પણ છે અસત્યાર્થ, ત્રિકાળી ક્યાં છે ઈ. ધ્યેય તો પર્યાય જ કરેને, કાર્ય તો પર્યાયમાં થાયને. દ્રવ્યમાં ક્યાં કાર્ય થાય છે. પણ કાર્યનું ધ્યેય ક્યાં છે? દ્રવ્યનું છે. દ્રવ્ય.. એ તો ઘણીવાર કહેવાણું છે ને કે પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તેવું પર્યાયમાં જ્ઞાન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનના દરબારની વાતું છે બાપુ આ તો. આહાહા..!

'**જૈસે સેના એક હૈ, પરંતુ હાથી, ઘોડે, રથ, સુભટ અનેક હૈં, ઉસી તરહ જીવોંમેં જાનના.**' લ્યો. જાતિની અપેક્ષાએ જીવ એક કહેવામાં આવે. વ્યક્તિની અપેક્ષાએ, પ્રગટ ભિન્ન ભિન્ન તત્ત્વની અપેક્ષાએ અનેક છે. આહાહા..! આશ્રય લેનાર તો પર્યાય છે. હેં!

મુમુક્ષુ :— પર્યાયે નિર્ણય શું કર્યો?

ઉત્તર :— નિર્ણય કર્યો કે આ ત્રિકાળી છે તે. એમ નિર્ણય કર્યો. હું કોણ છું એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! વર્તમાન પર્યાય.. પર્યાયને સમજે નહિ. ઓલા બિચારા કહેતા હતા. ઈન્દૌરમાં શિબિર કાઢી હતીને. દ્રવ્ય, ગુણ, પર્યાય ઈ વળી શું? કહો! મૂળ અભ્યાસ જ તત્ત્વનો નહિ અને ક્રિયાકાંડ ચડી ગયા. તત્ત્વની વસ્તુ શું છે અને કેમ છે એની કાંઈ ખબર નહિ.

એક સમયની પર્યાયમાં પૂર્ણ અનંતગુણનો પિંડ ધ્રુવ, આદિ-અંત વિનાનું દળ એ એક સમયની પર્યાયમાં શ્રદ્ધામાં-જ્ઞાનમાં આવી જાય છે. છતાં એ પર્યાય, દ્રવ્યમાં એક થતી નથી, દ્રવ્ય પર્યાયમાં

એક થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ક્યા ધર્મની વાત કરો છો?

ઉત્તર :— આ જૈનધર્મની. જૈનધર્મ કોને કહેવો? આવ્યું હતુંને? કાલે નહિ? પરમાત્મપ્રકાશમાં. જૈનધર્મ. ઓલામાં, ભાવપાહુડ-૮૩ ગાથા. જૈનધર્મ કોને કહેવો? કે જે પૂજા, ભક્તિ, વંદન, વૈયાવચ્ચ, શ્રવણ, કહેવું આદિ બધા જે વિકલ્પ છે એ જૈનધર્મ નથી, એ તો પુણ્યભાવ છે. આહાહા..! બાકી વ્રત.. કેમ એમ કહ્યું? પાછો કર્યોને ખુલાસો. કે પૂજા, ભક્તિ, વંદન, વૈયાવચ્ચ કેમ (જૈનધર્મ નહિ)? કે એ તો દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્યને આશ્રયે વાત છે. એમાં આશ્રય, લક્ષ તો પર ઉપર છે, સ્વ ઉપર નથી એ. આહાહા..! અને વ્રત, તપનો ભાવ શુભભાવ છે. એ કાંઈ જૈનધર્મ નથી. એમ કહ્યું ત્યાં તો. આહાહા..!

અલિંગગ્રહણમાં તો ત્યાં સુધી કહ્યું છે. અલિંગગ્રહણ—૧૭મો બોલ. યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે. પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ એ બધા વિકલ્પો છે એ વસ્તુમાં નથી. યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે એવો એ આત્મા અલિંગગ્રહણ છે. એટલે? પંચમહાવ્રતાદિના વિકલ્પથી તે આત્મા જણાય એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અલિંગગ્રહણ છેને? ૧૭મો બોલ છે. દ્રવ્ય-ભાવવેદ રહિત છે, યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે. આહા..! એ ૧૭મો બોલ છે અને ૧૮મો ઈ છે, અર્થાવબોધરૂપ ગુણવિશેષ તેના આલિંગન રહિત શુદ્ધ દ્રવ્ય છે. શું કહ્યું ઈ? ઈ પણ કહે છે. અર્થાવબોધરૂપ ગુણવિશેષ. પદાર્થનું જ્ઞાનવિશેષ. એ અર્થાવબોધરૂપ ગુણવિશેષ એના આલિંગન રહિત શુદ્ધ દ્રવ્ય છે. ગુણભેદને પણ આત્મા અડતો નથી કહે છે. આહાહા..! આલિંગન કરતો નથી એમ કહે છે, ચુંબતો નથી.

ત્રીજી ગાથામાં એમ કહ્યું, પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે. લ્યો, ત્રીજી ગાથામાં એમ કહ્યું. પરને અડતો નથી, પરદ્રવ્યને અડતો નથી. એ તો પરથી ભિન્નતા બતાવી. સમજાણું? દરેક દ્રવ્ય પોતાના અનંત ધર્મને ચુંબે છે, સ્પર્શે છે, અડે છે. આહાહા..! પણ અન્ય દ્રવ્યને અડતું નથી, ચુંબતો નથી. આ છોકરાને ચુંબતું નથી? મોઢુ ત્યાં અડતુંય નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અર્થાવબોધરૂપ ગુણવિશેષ તેના આલિંગન રહિત શુદ્ધ દ્રવ્ય છે. જેના ગુણભેદનો પણ (અભાવ છે). વસ્તુ કહેવી છે ને અહીંયા. ગુણભેદનો પણ જેમાં અવકાશ નથી. આહાહા..! ગુણભેદને પણ એ સ્પર્શતું નથી. આહાહા..!

મુમુક્ષુ :— એના અભેદપણાને સ્પર્શે છે.

ઉત્તર :— એક વસ્તુ છે તેને એ સ્પર્શે છે. દ્રવ્યસામાન્ય. એ ૧૮માં કહ્યું. ૧૯માં એ કહ્યું, અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ, અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ તેને આલિંગતું નથી એવું શુદ્ધ દ્રવ્ય છે. આહાહા..! પછી છેલ્લામાં એમ કહ્યું, પ્રત્યક્ષ... શું કહેવાય? પ્રત્યભિજ્ઞાન. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય, પ્રત્યભિજ્ઞાન એટલે આ છે.. છે... છે... છે... એમ. એવું જે પ્રત્યભિજ્ઞાનનું કારણ

એવું જે દ્રવ્ય, તેને નહિ અડતો આત્મા શુદ્ધ પર્યાયરૂપ છે. આત્મા દ્રવ્યને અડતો નથી, પર્યાયને અડે (છે). પર્યાયરૂપ છે ઈ. કેમકે વેદનમાં પર્યાય આવે છે. વેદનમાં દ્રવ્ય આવતું નથી. આહાહા..! આવું તત્ત્વ ઝીણું.

મુમુક્ષુ :— મહારાજ! અહીંયાં ગુણભેદ એટલે પર્યાય લીધી?

ઉત્તર :— શેમાં? ના, ગુણભેદ ગુણ લીધા. પર્યાયને બીજા બોલમાં લીધી.

મુમુક્ષુ :— અનંત ગુણોનો સમુદાય છે.

ઉત્તર :— એ ભેદ છે એટલો. અર્થાવબોધરૂપ ગુણવિશેષ અને બીજામાં અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ અને ત્રીજામાં પ્રત્યભિજ્ઞાનરૂપ દ્રવ્ય તેને અડતો નથી, પર્યાયને વેદે છે. આહાહા..! ઝીણું ખરું બાપુ! શું થાય? મૂળ દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન જ ઘટી ગયું. વાત આમ ને આમ રહી ગઈ. આહા..! દયા પાળો ને પોષા કરો, ને પડિકમણા કરો. આહાહા..!

અહીં તો શું કહેવું હતું? પર્યાયમાત્રને અસત્ય કહી અને ધ્રુવસ્વરૂપ નિત્ય તેને સત્ય કહ્યું. એનું કારણ કે મુખ્ય જે દ્રવ્ય ત્રિકાળ છે તેને નિશ્ચય કહીને તેનો આશ્રય લેતા તને સમકિત થાય છે. એટલે પોતાનું પ્રયોજન, મુખ્ય નિશ્ચયનો આશ્રય કરે ત્યારે પ્રયોજન સિદ્ધ થાય છે. એ કારણે પર્યાયને ગૌણ કરીને અસત્ય કહી અને ત્રિકાળીને મુખ્ય કહીને નિશ્ચય કહીને સત્ય કહ્યું. આહાહા..! આવું ક્યાં નવરાશ હોય સાંભળવા? સમજાણું કાંઈ? આહાહા..! લોજીકથી તો કહેવાય છે ભઈ. એમ ને એમ માનવું એમ નથી. એના જ્ઞાનમાં આ કઈ રીતે છે તેનો ભાસ થવો જોઈએ. તે વિના માન્યું શું કહેવાય? આહાહા..!

મુમુક્ષુ :— જાણવું જાણવું રહ્યું, કરવું કંઈ નહિ.

ઉત્તર :— જાણવું જાણવું એ કરવું નથી? પરનું કરવું નથી, રાગનું કરવું નથી. પણ જાણવું એ કરવું નથી? આહાહા..! જ્ઞાનનું કાર્ય, જાણવું ઈ એનું કાર્ય છે. એ કાર્ય એ છે. રાગ, નિમિત્ત એનું કાર્ય છે જ નહિ. આહાહા..! કહો, શેઠ! ત્યાં મોટા થઈને ફરેને કામમાં, એ કાંઈ કામ નથી એમ કહે છે અહીં. આહાહા..! એમ કરવા કરવાની ના પાડે છે એમ કહે છે. ઝઘડા ઊભા કર્યા છેને. વ્યવહારનો લોપ કરી નાખે છે. વાત સાચી, વાત સાચી. પણ વ્યવહાર છે એનો લોપ છે કે નથી એનો લોપ? વ્યવહાર છે, છે તેનો નકાર કરીને નિશ્ચયનો આશ્રય કરવાની વાત છે. બેય નયના વિષયો છે. વ્યવહારનયનો વિષય પર્યાય, રાગાદિ, નિમિત્તાદિ છે. નિશ્ચયનયનો વિષય ત્રિકાળી એ પણ વિષય છે. એકને મુખ્ય કરીને બીજાને ગૌણ કરીને પ્રયોજન સિદ્ધ કરાવ્યું છે. આહાહા..! વાત ઈ છે.

મુમુક્ષુ :— સત્તા ન મટે.

ઉત્તર :— સત્તા ક્યાં જાય? પણ કાર્ય તો પર્યાયમાં થાય છે. દ્રવ્યમાં થાય છે કાર્ય? એ કાર્યને અહીંયા ગૌણ કરીને અસત્યાર્થ કીધું છે, અભૂતાર્થ (કીધું). એનાય વાંધા. એક જણો એમ કહે છે, અભૂતાર્થ કહ્યું છે, અસત્યાર્થ ક્યાં કહ્યું છે? વળી એને એમ કહે છે. ટીકામાં છે, અભૂતાર્થ એટલે અસત્યાર્થ. જયસેનાચાર્યની ટીકામાં છે. નીચે જયચંદ્ર પંડિતે કર્યું છે. આહાહા..! તત્ત્વની દૃષ્ટિ વિના

બહારમાંથી માની બેઠા. આહાહા..!

અહીં એ કહે છે, '**પરન્તુ હાથી, ઘોડે, રથ, સુભટ અનેક હૈં, ઉસી તરહ જીવોંમેં જાનના.**' લ્યો. આહાહા..!

---

**ગાથા-૯૬**

अथ त्रिभुवनस्थजीवानां मूढा भेदं कुर्वन्ति, ज्ञानिनस्तु भिन्नभिन्नसुवर्णानां षोडशवर्णिकैकत्ववत्केवलज्ञानलक्षणेनैकत्वं जानन्तीति दर्शयति–

२२३) जीवहँ तिहुयण-संठियहँ मूढा भेउ करंति।
केवळ-णाणिं णाणि फुडु सयलु वि एक्कु मुणंति।।९६।।
जीवानां त्रिभुवनसंस्थितानां मूढा भेदं कुर्वन्ति।
केवलज्ञानेन ज्ञानिनः स्फुटं सकलमपि एकं मन्यन्ते।।९६।।

जीवहं इत्यादि। जीवहं तिहुयण-संठियहं स्वेतकृष्णरक्तादिभिन्नभिन्नवस्त्रैर्वेष्टितानां षोडशवर्णिकानां भिन्नभिन्नसुवर्णानां यथा व्यवहारेण वस्त्रवेष्टनभेदेन भेदः तथा त्रिभुवनसंस्थितानां जीवानां व्यवहारेण भेदं दृष्ट्वा निश्चयनयेनापि मूढा भेउ करंति मूढात्मानो भेदं कुर्वन्ति। केवल-णाणिं वीतरागसदानन्दैकसुखाविनाभूतकेवलज्ञानेन [1]वीतरागस्वसंवेदन णाणि ज्ञानिनः फुडु स्फुडं निश्चितं सयलु वि समस्तमपि जीवराशिं एक्कु मुणंति संग्रहनयेन समुदायं प्रत्येकं मन्यन्त इति अभिप्रायः।।९६।।

---

आगे तीन लोकमें रहनेवाले जीवोंका अज्ञानी भेद करते हैं। जीवपनेसे कोई कम-बढ़ नहीं हैं, कर्मके उदयसे शरीर-भेद हैं, परंतु द्रव्यकर सब समान हैं। जैसे सोनेमें वान-भेद है, वैसे ही परके संयोगसे भेद मालूम होता है, तो भी सुवर्णपनेसे सब समान हैं, ऐसा दिखलाते हैं–

गाथा-९६

अन्वयार्थ :— [त्रिभुवनसंस्थितानां] तीन भुवनमें रहनेवाले [जीवानां] जीवोंका [मूढाः] मूर्ख ही [भेदं] भेद [कुर्वंति] करते हैं, और [ज्ञानिनः] ज्ञानी जीव [केवलज्ञानेन] केवलज्ञानसे [स्फुटं] प्रगट [सफलमपि] सब जीवोंको [एकं मन्यंते] समान जानते हैं।

भावार्थ :— व्यवहारनयकर सोलहवानके सुवर्ण भिन्न भिन्न वस्त्रोंमें लपेटें तो वस्त्रके

---

१. પાઠાન્તર :- वीतरागस्वसंवेदन णाणि ज्ञानिनः= णाणि वीतरागस्वसंवेदनज्ञानिनः

भेदसे भेद है, परंतु सुवर्णपनेसे भेद नहीं है, उसी प्रकार तीन लोकमें तिष्ठे हुए जीवोंका व्यवहारनयसे शरीरके भेदसे भेद है, परंतु जीवपनेसे भेद नहीं है। देहका भेद देखकर मूढ़ जीव भेद मानते हैं, और वीतराग स्वसंवेदनज्ञानी जीवपनेसे सब जीवोंको समान मानता है। सभी जीव केवलज्ञानवेलिके कंद सुख-पंक्ति है, कोई कम बढ़ नहीं है।।९६।।

---

હવે, મૂઢ જીવો ત્રણલોકમાં રહેલા જીવોના ભેદ કરે છે પણ જ્ઞાનીઓ તો, જુદા જુદા સોનામાં સોળવલાપણાથી એકત્વ છે તેમ જીવોમાં કેવળજ્ઞાનપ્રમાણથી એકત્વ જાણે છે, એમ દર્શાવે છે :-

ભાવાર્થ :- શ્વેત, રક્ત આદિ જુદાં જુદાં વસ્ત્રોથી વીંટાયેલ જુદાં જુદાં સોળવલાં સોનાના જેવી રીતે વ્યવહારનયથી વસ્ત્રનાં વીંટાયેલા ભેદથી ભેદ છે, તેવી રીતે ત્રણલોકમાં રહેલા જીવોના વ્યવહારથી ભેદ દેખીને મૂઢ જીવો નિશ્ચયનયથી પણ ભેદ કરે છે અને વીતરાગ સ્વસંવેદનવાળા જ્ઞાનીઓ એક (કેવળ) વીતરાગ સદાનંદરૂપ સુખની સાથે અવિનાભાવી કેવળજ્ઞાનથી નિશ્ચયથી સમસ્ત જીવરાશિને સંગ્રહનયથી સમુદાયરૂપ એક માને છે.૯૬.

---

## ગાથા-૯૬ ઉપર પ્રવચન

**'આગે તીન લોકમેં રહનેવાલે જીવોંકા અજ્ઞાની ભેદ કરતે હૈં.'** છે ૯૬? આહાહા..! લાખ રત્નનો ઢગલો હોય, લાખ લાખ. બધું રત્ન રત્ન લાગે. પણ રત્ન લાખ છે, કંઈ એક નથી થઈ ગયા. બધા લાખ રત્ન સરખા છે. એમ ભગવાનઆત્મા બધા સરખા રત્ન તરીકે છે. પણ લાખ જેમ સંખ્યાએ છે એ એક નથી થયા, એમ અનંત સંખ્યાએ જીવ છે એ એક નથી થયા. આહાહા..! **'તીનલોકમેં રહનેવાલે જીવોંકા અજ્ઞાની ભેદ કરતે હૈં.'** એમાં આ લખાણ રહી ગયું છે, હેઠે છે. ખુલાસો કર્યો છે. સબકો સમાન નહીં જાનતા. છે?

**'આગે તીનલોકમેં રહનેવાલે જીવોંકા અજ્ઞાની ભેદ કરતે હૈં, સબકો સમાન નહીં જાનતે. ઔર જ્ઞાનીજન કેવલજ્ઞાન લક્ષણસે સબકો સમાન જાનતે હૈં. '** છે? માથે મથાળુ છે. એ મથાળાનો અર્થ રહી ગયો છે થોડો. માથે મથાળું છે ને? **'त्रिभुवनस्थजीवानां मूढा भेदं कुर्वन्ति, ज्ञानिनस्तु भिन्नभिन्नसुवर्णानां षोडशवर्णिकै-कत्ववत्केवलज्ञानलक्षणेनैकत्वं जानन्तीति'** એટલો અર્થ રહી ગયો છે અંદર. હેઠે ઈ અર્થ રહી ગયો છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એણે જોયેલું, કહેલું તત્ત્વ બહુ સૂક્ષ્મ છે. આહાહા..!

**'જીવપનેસે કોઈ કમ-બઢ નહીં હૈં,...'** છે? ખુલાસો કર્યો છે. **'કર્મકે ઉદયસે શરીર-ભેદ હૈં, પરંતુ દ્રવ્યકર સબ સમાન હૈં.'** આહાહા..! એક સ્ત્રીનું શરીર ને કોઈને પુરુષનું શરીર ને કોઈને

કીડીનું શરીર, હાથીનું શરીર ને મચ્છનું શરીર. આહાહા..! પણ વસ્તુ તરીકે અંદર જુઓ તો તો એકાકાર આનંદકંદ પ્રભુ છે. આહાહા..! અહીં પર્યાયબુદ્ધિ ઊડાવીને દ્રવ્યબુદ્ધિ કરાવવા બધા સરખા છે એમ કહે છે. આહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાવ સાદી આવે છે પણ ઝીણું તત્ત્વ છે બહુ. આ તો કોલેજ છે વિજ્ઞાનની. આહા..!

'**જૈસે સોનેમેં વાન-ભેદ હૈ, વૈસે હી પરકે સંયોગસે ભેદ માલૂમ હોતા હૈ,...**' જીવમાં '**તો ભી સુવર્ણપનેસે સબ સમાન હૈં, ઐસા દિખલાતે હૈં—**' લ્યો. આહાહા..!

२२३) जीवहँ तिहुयण-संठियहँ मूढा भेउ करंति।
केवळ-णाणिं णाणि फुडु सयलु वि एक्कु मुणंति।।९६।।

**અન્વયાર્થ :—** '**त्रिभुवनसंस्थितानां**' '**તીન ભુવનમેં રહનેવાલે...**' '**त्रिभुवनसंस्थितानां**' રહેવાવાળા આ જીવો. '**જીવોંકા મૂર્ખ હી ભેદ કરતે હૈં,...**' આહાહા..! '**ઔર જ્ઞાની જીવ...**' ધર્મી જીવ '**केवलज्ञानेन**' '**કેવલજ્ઞાનસે પ્રગટ...**' કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન. પર્યાયભેદ પણ નહિ જ્યાં. આહાહા..! એકલો જ્ઞાનપુંજ પ્રભુ, ચૈતન્ય જ્ઞાનપુંજ. પ્રદેશે અસંખ્ય પ્રદેશનો પુંજ, ભાવે અનંતગુણનો પુંજ. આહાહા..! એવો જે ભગવાનઆત્મા.. આહા..! બધા. '**કેવલજ્ઞાનસે પ્રગટ સબ જીવોંકો સમાન જાનતે હૈં.**' કેવળજ્ઞાનના પર્યાયની વાત નથી હોં! પર્યાય જે કેવળજ્ઞાન છે એ (જુદી). આ તો કેવળ-જ્ઞાન. એકલો જ્ઞાનસ્વરૂપ.

જેમ રૂનું ઢોકડું હોય છે ને ઢોકડું? શું કહે છે? ગાંસડી. રૂ રૂ. પચ્ચીસ મણની મોટી. બોરા? એમ આ જ્ઞાનનો બોરો—મોટું ઢોકડું છે. જ્ઞાનનું ઢોકડું. આહાહા..! એ જ્ઞાનની અપેક્ષાએ બધા સરખા છે. '**કેવલજ્ઞાનસે પ્રગટ સબ જીવોંકો સમાન જાનતે હૈં.**' લો, આહાહા..!

**ભાવાર્થ :—** '**વ્યવહારનયકર સોલહવાનકે સુવર્ણ ભિન્ન ભિન્ન વસ્ત્રોંમેં લપેટેં તો...**' શું કીધું? સોળ વલુ સોનું છે. સો, બસ્સો, પાંચસો, સોળ વલુ સોનું. એને વસ્ત્રમાં લપેટે. '**ભિન્ન ભિન્ન વસ્ત્રોંમેં લપેટેં...**' કોઈ કાળું વસ્ત્ર હોય, કોઈ ધોળું હોય, કોઈ સિંહનું ચિત્ર હોય, કોઈ કબુતરનું ચિત્ર હોય એવા કપડાથી વીંટે. '**પરંતુ સુવર્ણપનેસે ભેદ નહીં હૈ,...**' આહાહા..! શું કહ્યું ઈ? પાંચ પાંચ રૂપિયાભારની લગડી સોનાની એક હજાર હોય અને એને વસ્ત્રના ભિન્ન ભિન્ન કટકામાં વીંટ્યું હોય. કોઈ કાળુ, કોઈ ધોળું, કોઈ જાડું, કોઈ પાતળું, કોઈ નવું, કોઈ જૂનું જીર્ણ, છતાં એ ભિન્ન ભિન્ન વસ્ત્રથી કંઈ સોનું ભિન્ન ભિન્ન થયું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**પરંતુ સુવર્ણપનેસે ભેદ નહીં હૈ,...**' શું કીધું? હજાર પાંચ પાંચ રૂપિયાભારની સોનાની લગડી (હોય) એને ભિન્ન ભિન્ન વસ્ત્રથી લપેટે, એથી કાંઈ સોનું ભિન્ન થઈ ગયું છે? આહાહા..! આ કો'કને સ્ત્રીના શરીર, કો'કને પુરુષના, કોઈને કાગડાના, કોઈને સિંહના. એ બધા ભગવાન સોળવલુ સોનું અંદર છે. કેવળજ્ઞાનનો કંદ પ્રભુ છે એના ઉપર આ બધા લપેટ કર્યા છે. એથી એ સોનું કંઈ એ રૂપે થયું નથી. સોનાની લગડી એ લુગડારૂપે થઈ છે? આહાહા..! આવું શું પણ? ધર્મ કરવો હોય એને કંઈ કરવાનું કહેતા નથી. પણ આ કરવાનું નથી? ઓલામાં તો કષ્ટ છે મફતનું, આ તો સુખદાયક

વસ્તુ છે. આહાહા..! આ સમજવામાં તો સુખ છે. આહા..! અને ઓલું સમજવામાં, ક્લેશ આ ક્રિયાકાંડમાં તો દુઃખ છે, રાગ છે, ક્લેશ છે. આહાહા..! ઝીણી વાત બહુ.

**'સુવર્ણપનેસે ભેદ નહીં હૈ, ઉસી પ્રકાર તીન લોકમેં તિષ્ઠે હુએ જીવોંકા...'** ત્રણલોકમાં રહેલા અનંત જીવો. આહાહા..! ચૌદ રાજૂલોકમાં જીવ ભર્યા છે આખા. અહીં અનંત અનંત અનંત અનંત છે બધે અંદર. આહાહા..! **'જીવોંકા વ્યવહારનયસે શરીરકે ભેદસે ભેદ હૈ, પરંતુ જીવપનેસે ભેદ નહીં હૈ.'** આહાહા..! **'દેહકા ભેદ દેખકર મૂઢ જીવ ભેદ માનતે હૈં,...'** આહાહા..! **'ઔર વીતરાગ સ્વસંવેદનજ્ઞાની જીવપનેસે સબ જીવોંકો સમાન માનતા હૈ.'** લ્યો, આહાહા..! **'સભી જીવ કેવલજ્ઞાનવેલિકે કંદ...'** બધા જીવો કેવળજ્ઞાનવેલિના કંદ અને **'સુખ-પંક્તિ હૈ,...'** આહાહા..! સુખની પંક્તિ, સુખધારા છે અંદર. **'કેવલજ્ઞાનવેલિકે કંદ સુખ-પંક્તિ હૈ, કોઈ કમ બઢ નહીં હૈ.'** આહાહા..! આ દ્રવ્યદૃષ્ટિને નિર્મળ કરાવે છે. દ્રવ્ય આવું છે એવી દૃષ્ટિ કર તો એ સમ્યક્ છે. આહાહા..! વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૯૭

अथ केवलज्ञानादिलक्षणेन शुद्धसंग्रहनयेन सर्वे जीवाः समाना इति कथयति–

२२४) जीवा सयल वि णाण-मय जम्मण-मरण-विमुक्क।
जीव-पएसहिँ सयल सम सयल वि सगुणहिँ एक्क।।९७।।
जीवाः सकला अपि ज्ञानमया जन्ममरणविमुक्ताः।
जीवप्रदेशैः सकलाः समाः सकला अपि स्वगुणैरेके।।९७।।

जीवा इत्यादि। जीवा सयल वि णाण-मय व्यवहारेण लोकालोकप्रकाशकं निश्चयेन स्वशुद्धात्मग्राहकं यत्केवलज्ञानं तज्ज्ञानं यधपि व्यवहारेण केवलज्ञानावरणेन झंपितं तिष्ठति तथाडपि शुद्धनिश्चयेन तदावरणाभावात् पूर्वोक्तलक्षणकेवलज्ञानेन निवृत्तत्वात्सर्वेडपि जीवा ज्ञानमयाः जम्मण-मरण-विमुक्क व्यवहारनयेन यधपि जन्ममरणसहितास्तथापि निश्चयेन वीतरागनिजानन्दैकरुपसुखामृतमयत्वादनाधनिधनत्वाद्व शुद्धात्मस्वरुपाद्भिलक्षणस्य जन्ममरणनिर्वर्तकस्य कर्मण उदयाभावाज्जन्ममरणविमुक्ताः। जीव-पएसहिं सयल सम यधपि संसारावस्थायां व्यवहारेणोपसंहारविस्तारयुक्तत्वाद्देहमात्रा मुक्तावस्थायां तु किंचिदूनचरमशरीरप्रमाणास्तथापि निश्चयनयेन लोकाकाशप्रमितासंख्येयप्रदेशत्व-हानिवृद्धयभावात् स्वकीयस्वकीयजीवप्रदेशैः सर्वे समानाः। सयल वि सगुणहिं एक्क यधपि व्यवहारेणाव्याबाधानन्तसुखादिगुणाः संसारावस्थायां कर्मझंपितास्तिष्ठन्ति, तथापि निश्चयेन कर्माभावात् सर्वेडपि स्वगुणैरेकप्रमाणा इति। अत्र यदुक्तं शुद्धात्मनः स्वरुपं तदेवोपादेयमिति तात्पर्यम्।।९७।।

आगे केवलज्ञानादि लक्षणसे शुद्धसंग्रहनयकर सब जीव एक हैं, ऐसा कहते हैं-

गाथा-९७

अन्वयार्थ :- [सकला अपि] सभी [जीवाः] जीव [ज्ञानमयाः] ज्ञानमयी हैं, और [जन्ममरणविमुक्ताः] जन्म-मरण सहित [जीवप्रदेशैः] अपने अपने प्रदेशोंसे [सकलाः समाः] सब समान हैं, [अपि] और [सकलाः] सब जीव [स्वगुणैः एके] अपने केवलज्ञानादि गुणोंसे समान हैं।

भावार्थ :- व्यवहारसे लोक-अलोकका प्रकाशक और निश्चयनयसे निज शुद्धात्मद्रव्यका ग्रहण करनेवाला जो केवलज्ञान वह यधपि व्यवहारनयसे केवलज्ञानावरणकर्मसे ढँका हुआ है, तो भी शुद्ध निश्चयनयसे केवलज्ञानावरणका अभाव होनेसे केवलज्ञानस्वभावसे सभी जीव केवलज्ञानमयी हैं। यधपि व्यवहारनयकर सब संसारी जीव जन्म-मरण सहित हैं, तो भी निश्चयनयकर वीतराग निजानंदरुप अतीन्द्रिय सुखमयी हैं, जीनकी आदि भी नहीं और अंत भी नहीं ऐसे हैं, शुद्धात्मस्वरुपसे विपरीत जन्म मरणके उत्पन्न करनेवाले जो कर्म उनके उदयके अभावसे जन्म-मरण रहित हैं। यधपि संसारअवस्थामें व्यवहारनयकर प्रदेशोंका संकोच विस्तारको धारण करते हुए देहप्रमाण हैं, और मुक्त-अवस्थामें चरम (अंतिम) शरीरसे कुछ कम देहप्रमाण हैं, तो भी निश्चयनयकर लोकाकाशप्रमाण असंख्यातप्रदेशी हैं, हानि-वृद्धि न होनेसे अपने प्रदेशोंकर सब समान हैं, और यधपि व्यवहारनयसे संसार-अवस्थामें इन जीवोंके अव्याबाध अनंत सुखादिगुण कर्मोंसे ढँके हुए हैं, तो भी निश्चयनयकर कर्मके अभावसे सभी जीव गुणोंकर समान हैं। ऐसा जो शुद्ध आत्माका स्वरुप है, वही ध्यान करने योग्य है।।९७।।

---

હવે, શુદ્ધસંગ્રહનયથી કેવળજ્ઞાનાદિ લક્ષણથી સર્વ જીવો સમાન છે, એમ કહે છે :-

ભાવાર્થ :- 'जीवा सयल वि णाणमय' વ્યવહારનયથી લોકાલોક પ્રકાશક અને નિશ્ચયનયથી સ્વશુદ્ધાત્મનું ગ્રાહક જે કેવળજ્ઞાન છે તે જ્ઞાન જોકે વ્યવહારનયથી કેવળ જ્ઞાનાવરણથી ઢંકાયેલું છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી કેવળજ્ઞાનાવરણનો અભાવ હોવાથી પૂર્વોક્ત લક્ષણવાળા કેવળજ્ઞાનથી રચાયેલા હોવાથી સર્વે જીવો જ્ઞાનમય છે. 'जम्ममरणविमुक्ताः' વ્યવહારનયથી જોકે જન્મમરણસહિત છે તોપણ નિશ્ચયનયથી વીતરાગ નિજાનંદ જેનું એક રૂપ છે એવા સુખામૃતમય હોવાથી અને અનાદિ અનંત હોવાથી અને શુદ્ધાત્મસ્વરૂપથી વિલક્ષણ જન્મમરણને ઉત્પન્ન કરનાર કર્મના ઉદયના અભાવથી જન્મ-મરણ રહિત છે.

'जीव पएसहिं सयल सम' જોકે સંસાર-અવસ્થામાં વ્યવહારનયથી સંકોચ-વિસ્તાર સહિત હોવાથી દેહમાત્ર છે અને મુક્ત-અવસ્થામાં ચરમશરીરથી કિંચિત્ ન્યૂન શરીરપ્રમાણ છે તોપણ નિશ્ચયનયથી લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશત્વની હાનિ-વૃદ્ધિ ન હોવાથી પોતપોતાના જીવપ્રદેશોથી સર્વ જીવો સમાન છે.

'सयल वि सगुणहिं एक्क' જોકે વ્યવહારનયથી આવ્યાબાધ, અનંતસુખાદિ ગુણો સંસાર અવસ્થામાં કર્મોથી આચ્છાદિત છે તોપણ નિશ્ચયનયથી કર્મનો અભાવ હોવાથી સર્વ જીવો પોતપોતાના ગુણોથી એકસરખા છે.

અહીં, શુદ્ધાત્માનું જે સ્વરૂપ કહ્યું છે તે જ ઉપાદેય છે, એવું તાત્પર્ય છે. ૯૭.

---

## વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૩, ગુરુવાર
## તા. ૨૩-૧૨-૧૯૭૬, ગાથા-૯૭, ૯૮,
## પ્રવચન નં. ૧૬૬

પરમાત્મપ્રકાશ, ૯૭ ગાથા. 'આગે કેવલજ્ઞાનાદિ લક્ષણસે શુદ્ધસંગ્રહનયકર સબ જીવ એક હૈં, ઐસા કહતે હૈં—'

૨૨૪) जीवा सयल वि णाण-मय जम्मण-मरण-विमुक्क।
जीव-पएसहिँ सयल सम सयल वि सगुणहिँ एक्क।।९७।।

**અન્વયાર્થ :— 'સભી જીવ જ્ઞાનમયી હૈં,...'** દૃષ્ટિ થઈ છે એ આત્માને પરમાત્મા જાણે છે. સમજાણું કાંઈ? એથી બધા આત્માને એ પરમાત્મા જાણે છે એમ કહે છે. એનું સ્વરૂપ જ જ્ઞાનમય છે, એકલો જ્ઞાનમય. દરેક આત્મા એકલા જ્ઞાનમય છે. આહાહા..! વ્યવહારનો રાગ ને ભાગ એમાં છે નહિ એમ કહે છે. શુદ્ધસંગ્રહનયકર. જીવ જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસૂર્ય બધા આત્મા. આહાહા..! એ ક્યારે બેસે એમ? કે જેની નિમિત્ત, રાગ અને પર્યાયબુદ્ધિ ઊડી જાય છે અને સ્વભાવબુદ્ધિ થાય તેને આ બેસે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'जन्ममरणविमुक्ताः' જન્મ-જરા-મરણથી તો રહિત છે ભગવાનઆત્મા. આહાહા..! પરમસ્વરૂપ, પરમસ્વરૂપ આનંદઘન જ્ઞાનમય વસ્તુ એમાં જન્મ-મરણ એનાથી તો જુદી ચીજ છે. આહાહા..! **'અપને અપને પ્રદેશોંસે સબ સમાન હૈં,...'** એ પ્રદેશ લીધા પાછા. દરેક આત્મા અસંખ્યપ્રદેશી. પોતાના પ્રદેશ છે અસંખ્ય એ જ બધાના અસંખ્ય પ્રદેશ છે. પ્રદેશે પણ સમાન, ગુણે સમાન અને જન્મ-મરણથી રહિત પણ સમાન. આહાહા..! સમજાણું કાંઈ? **'ઔર સબ જીવ અપને કેવલજ્ઞાનાદિ ગુણોંસે સમાન હૈં.'** દૃષ્ટિનો વિશાળ સ્વભાવ જે ત્રિકાળી વિશાળ સ્વભાવ એ દૃષ્ટિનો વિષય છે. તેથી દૃષ્ટિવંતને પરમાત્મા પોતાનું સ્વરૂપ ભાસે છે. એ રીતે બીજા

બધા આત્મા પણ પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! વસ્તુ છે ને આખી જ્ઞાનમય ચીજ. અલ્પજ્ઞપણું નહિ જેમાં. રાગ તો નહિ, સંયોગ તો નહિ, અલ્પજ્ઞપણું પણ નહિ. આહાહા..!

પંચાધ્યાયીમાં લીધું છેને હરિ? આત્માને હરિ કહ્યો છે. એ પણ હરતે ઈતિ હરિ, નાસ્તિથી વાત લીધી છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષને હણે માટે હરિ આત્મા છે. આહાહા..! આજે સવારે મીરાબાઈનો ટૂકડો છે ઈ યાદ આવ્યો. 'હરિ ભજતા હજી કોઈની લાજ જતા નથી જાણી રે, હરિ ભજતા હજુ કોઈની લાજ જતા નથી જાણી..' શેઠ! હરિ કોણ? આ આત્મા, હોં! એને ભજતાં કોઈની લાજ હજી ગઈ નથી દુનિયામાંથી. એવો જે ભગવાનઆત્મા... આહાહા..! અલ્પજ્ઞની દૃષ્ટિવાળાને, રાગની દૃષ્ટિવાળાને, નિમિત્તની દૃષ્ટિવાળાને, પર્યાયની બુદ્ધિવાળાને આવો આત્મા બેસતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ મીરાબાઈમાં આવે છે.

અહીં તો હરિ આ. ભગવાનઆત્મા અલ્પજ્ઞ ને રાગનો પણ જેમાં અભાવ છે. આહાહા..! નિમિત્ત પરદ્રવ્યનો તો અભાવ છે, આહાહા..! પણ વ્યવહારના વિકલ્પો દયા, દાન, વ્રતાદિ જેને અત્યારે લોકો કહે છે કે વ્યવહાર લોપ થાય છે, શેઠ! સાંભળ્યું છે ને તમે તો બધું આ? વ્યવહાર લોપ કરે છે સોનગઢિયા. કરે બાપા! કહો, વાંધો નથી. અરે.. ભગવાન! બાપુ! તને ખબર નથી, પ્રભુ! વ્યવહારનો તો અભાવ છે પણ અલ્પજ્ઞપણાનો ત્રિકાળી જ્ઞાનમય વસ્તુમાં અભાવ છે. આહાહા..! અરે..! આવું નિધાન.. જુઓને કેવી રીતે વર્ણવે છે!

આ પરમાત્મપ્રકાશ છે. આહાહા..! પરમઆત્મા પ્રકાશની મૂર્તિ. અલ્પજ્ઞપણું નહિ, રાગ નહિ, નિમિત્ત નહિ. આહાહા..! એવી જેની દૃષ્ટિ.. ઈ કહેશે, વીતરાગ સ્વસંવેદનજ્ઞાન થયું એ તો આમ આત્માને માને છે. સમજાય છે કાંઈ? આહાહા..! રાગ રહિત છેને અંદર આવશે. પછી આવશે. ૯૮માં આવે છે, નહિ? આમાં આવે છે, આ અહીં આવ્યું, ન્યાં જ આવ્યું ભાવાર્થમાં. '**વ્યવહારસે લોક-અલોકકા પ્રકાશક...**' ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ લોકાલોકને પ્રકાશે એમ કહેવું એ તો વ્યવહાર છે. આહાહા..! છે ભાવાર્થ? '**નિશ્ચયનયસે નિજ શુદ્ધાત્મદ્રવ્યકા ગ્રહણ કરનેવાલા...** ' આહાહા...! પોતાનો જે જ્ઞાન ત્રિકાળી સ્વભાવ એને ગ્રહણ કરનારો તે આત્મા. પરને જાણે એ તો વ્યવહારનયનું કથન છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં પર્યાયબુદ્ધિને ઊડાવી દે છે. કારણ કે એ સાચી બુદ્ધિ નથી. આહાહા..!

દ્રવ્ય ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ આહા...! પૂર્ણ જ્ઞાનમય, જ્ઞાનવાળો એમેય નહિ. સમજાણું કાંઈ? આહાહા..! બાપુ! મારગડા ઝીણા ભાઈ! વ્યવહારથી થાય ને નિમિત્તથી થાય, એમ કહે છે ને? તો કહે છે કે નિમિત્ત અને વ્યવહારનો તો જેમાં અભાવ છે. આહાહા..! નિશ્ચયમોક્ષમાર્ગથી પણ દ્રવ્યસ્વભાવ જણાય એમ કહેવું એ પર્યાયથી છે. આહાહા..! પર્યાયથી જણાય છે દ્રવ્ય, પણ જાણે છે કેવું દ્રવ્ય? એકલું જ્ઞાનમય, આનંદમય, આનંદમય, બસ! આહાહા..!

મુમુક્ષુ :— આવો આત્મા ક્યારે છે?

ઉત્તર :— અનાદિ છે. ક્યારે છે શું, અત્યારે છે એમ કહે છે. વર્તમાનમાં એ જ્ઞાનમય, આનંદમય

છતી ચીજ છે. એને અછતી બનાવી છે. એક સમયની પર્યાય ને રાગવાળો માન્યો એ અછતી બનાવી છે અને જેણે પર્યાય ને રાગ નથી, અછતો છે, તેને અછતો કહીને છતી ચીજ છે તેને છતી બનાવી છે. આહાહા..! સમજાણું કાંઈ? ઈ શું કીધું?

એક સમયની પર્યાય, રાગ એ છે. એને જેણે છતો બનાવ્યો છે એણે ત્રિકાળીને અછતો બનાવ્યો છે. આહાહા..! વીરચંદભાઈ! ઝીણી વાતું છે બહુ! આહાહા..! અને જેણે એક સમયમાં ભગવાન કેવળજ્ઞાનનો કંદ.. નહોતું આવ્યું માથે? આવ્યું હતુંને? '**કેવલજ્ઞાનવેલિકે કંદ સુખ-પંક્તિ હૈ,...**' ૯૬માં આવ્યું, છેલ્લી લીટી. બધા જીવ.. આહાહા..! ૯૬ની છેલ્લી લીટી. '**સભી જીવ કેવલજ્ઞાનવેલિ...**' કેવળજ્ઞાનની વેલડી એનો '**કંદ સુખ-પંક્તિ હૈ,...**' આહાહા..! કેવળજ્ઞાનનો કંદ અને સુખની ધારા છે. આહાહા..! '**સભી જીવ...**' અભવિ પણ એવા જ છે, આહાહા..! આહાહા..! પૈસાવાળા, કર્મવાળા તો નથી, રાગવાળો પણ નથી, અલ્પજ્ઞપણાવાળો પણ નથી એ તો ભગવાન. આહાહા..! '**સભી જીવ કેવલજ્ઞાનવેલિ...**' આહાહા..! ઓલા શું કહેવાય છે ઈ? કોળા.. કોળા. કોળા નથી થાતા? સાકરકોળા. ઈ વેલડી નાની હોય એની. પાકે અધમણ અધમણના કોળા મોટા. કોળા કહે છે ને એને?

મુમુક્ષુ :— અમારે ત્યાં કુંબળા કહે છે.

ઉત્તર :— હા. એમ આ ભગવાનઆત્મા.. આહાહા..! એકલા કેવળજ્ઞાનની વેલિનો કંદ અને સુખની ધારા ભરેલી છે. સુખની પંક્તિ છે એમાં કહે છે. આહાહા..! છે ને ૯૬ છેલ્લી? કાલે છેલ્લું લેવાઈ ગયું હતું ઉતાવળથી, આ લીટી. '**કોઈ કમ-બઢ નહીં હૈ.**' આહાહા..! પર્યાયની અલ્પજ્ઞતા અને રાગનું અસ્તિપણું એ છતું છે તેને અછતું કરી નાખે છે. દૃષ્ટિ તેને અછતું—એ નથી અને જે છતો છે તેને છતો કરે છે. આહાહા..! અજ્ઞાની છતો છે તેને અછતો કરે છે અને ક્ષણિક છતીની ચીજ છે તેને છતી કરે છે. એ જ છે એમ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત તો સાંભળવા કો'ક દિ' મળતી હોય. આહાહા..!

ભાઈ! તું પરમાત્મા છો. આહાહા..! 'જિન' શબ્દમાં જીતવું આવે છે. અજ્ઞાનને અને રાગને જીતે તે જૈન. કારણ કે જૈન શબ્દ છે ને. અને મોક્ષ છે એમાં પણ દુઃખથી મુક્ત થવું એ આવે છે. પણ અસ્તિ તરીકે લઈએ તો તો એ મુક્તસ્વરૂપ જ છે, અબંધસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને ચૈતન્ય મહાસત્તા, ચૈતન્યનું મહાહોવાપણું... આહાહા..! જેનું મહાહોવાપણું દૃષ્ટિમાં આવ્યું છે એને અલ્પજ્ઞ અને રાગનું અછતુંપણું ભાસે છે કે એ મારામાં છે જ નહિ. આહાહા..! ઝીણી વાત છે થોડી ભઈ આ તો. આહાહા..!

વસ્તુ જે છે, વસ્તુ પોતે પરમાનંદ પોતે ચિદાનંદ સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ. સહજાત્મસ્વરૂપ પોતે સર્વજ્ઞદેવ, પોતે પરમગુરુ મોટો પ્રભુ છે. આહાહા..! એની મોટપની એને ખબર નથી. એના મહિમાની એને ખબર નથી અને આ માની લીધા કે રાગ શુભ દયા, દાન ને વ્રત કરીએ છીએને, એનાથી મળશે. એ એની મોટપનો નાશ કરી નાખ્યો એણે. સમજાણું કાંઈ?

આહાહા..! આવું સ્વરૂપ હવે. દયા પાળવી, ભક્તિ કરવી ને પૂજા કરવી ને વ્રત પાળવા. વાસંતીલાલજી! એ બધું સાંભળ્યું હતું કે નહિ? આહાહા..! ગજબ વાત છે બાપુ! આહા..!

આજ દિવસની વૃદ્ધિનો દિવસ છે. શું કીધું ઈ? કાલે છેલ્લો ૨૨મી તારીખે દિવસ નાનામાં નાનો અને રાત મોટામાં મોટી. કાલે ૨૨મી તારીખ, ડિસેમ્બરની. રાત મોટામાં મોટી. આજ શરૂ થાય એ વધે. દિવસ મિનિટ મિનિટ વધશે અને રાત મિનિટ મિનિટ ઘટશે. આહાહા..! સમજાણું કાંઈ? એ આ દિવસવૃદ્ધિ, ચૈતન્યમૂર્તિ દિનકર. દિવસનો કરવાવાળો એવો સૂર્ય. આહાહા..! એમ ભગવાનઆત્મા કેવળજ્ઞાનના પ્રકાશનો સૂર્ય. આ એવી વાતું છે બાપુ! ગાંડી ને ઘેલી વાતું જેવી છે. બાપુ! માર્ગ એવો છે, ભાઈ! આહાહા..!

કહે છે, લોકલોકનો પ્રકાશક વ્યવહારથી કહેવામાં આવે છે '**ઔર નિશ્ચયનયસે નિજ શુદ્ધાત્મદ્રવ્યકા ગ્રહણ કરનેવાલા...**' આહાહા..! એ તો ત્રિકાળીને ગ્રહણ કરવાવાળો ભગવાન છે. વ્યવહારને જાણવું એમેય નહિ. આહાહા..! શું કહે છે? ઈ નિમિત્તથી તો નથી, રાગથી તો નથી, અલ્પજ્ઞથી તો નથી પણ પરને જાણવાવાળાથી પણ એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચયથી પોતાના પૂર્ણ સ્વરૂપને ગ્રહનારો એ ભગવાન છે. આહાહા..! એને એ જાણનારો છે. સંયોગમાં નથી, રાગમાં નથી, અલ્પજ્ઞપણામાં નથી પણ પરને જાણવાવાળો પણ નથી ખરેખર. આહાહા..! એ તો ભગવાન પૂર્ણ પોતાનું સ્વરૂપ છે તેને જાણનારો છે ઈ તો. આહાહા..! સમજાણું કાંઈ?

'**ગ્રહણ કરનેવાલા જો કેવલજ્ઞાન...**' એ કેવળજ્ઞાન છે. એ તો કેવળજ્ઞાન ત્રણકાળ ત્રણલોકને જાણનારો તેને એ જાણનારો છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આવી વાતું. નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય. પણ સત્ય આ છે. આહાહા..! શ્રદ્ધામાં કેટલા મોટપની એને શ્રદ્ધા છે એમ કહે છે. કેવડા મોટાની એને શ્રદ્ધા છે. શ્રદ્ધામાં એ ભગવાન પોતાને પૂર્ણને જાણે એવો શ્રદ્ધાવાન એની શ્રદ્ધામાં છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ તો વિસામાનું વાક્ય છે. આહાહા..! ભાઈ! એના અંતર માહાત્મ્ય આવ્યા વિના, એની મોટપ જાણ્યા વિના દૃષ્ટિ સાચી નહિ થાય. આહાહા..! અને સાચી દૃષ્ટિ વિના જે કાંઈ કરે એ બધું ચાર ગતિમાં રખડવા માટે છે. આહાહા..! ખળભળાટ થઈ ગયો છે ને એથી. નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય.

'**નિજ શુદ્ધાત્મદ્રવ્યકા...**' જોયું! પરદ્રવ્યને નહિ, કેવળીને જાણનારો પણ નહિ. આહાહા...! માર્ગ બાપુ જુદી જાત છે. આહાહા..! '**નિજ...**' નિશ્ચયનયથી નિજ—પોતે, પોતાના શુદ્ધાત્મદ્રવ્યને જાણનારો છે. ગ્રહણ કરનારો છે એટલે જાણનારો છે. એવું જે કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એટલે? પોતે પોતાનું એકલું જ્ઞાન. '**યદ્યપિ વ્યવહારનયસે કેવલજ્ઞાનાવરણકર્મસે ઢંકા હુઆ હૈ,...**' અહીં વાંધા. આવ્યું જુઓ, દેખો આમાં. કહે છે કે કર્મથી આવરણ છે. '**વ્યવહારનયસે...**' એને ટૂંકું કહેવું છે એટલે નિમિત્તથી વાત કરી છે. બાકી ખરેખર તો પોતાની પર્યાયનો વિષય હિણો પોતે કર્યો છે એ એનું આવરણ છે. આવે છે ને ભાઈ? વિષય પ્રતિબદ્ધ, નહિ? પંચાસ્તિકાય. આહાહા..! પોતે અલ્પજ્ઞ વિષયપણે જાણવામાં પરિણમ્યો છે એ જ એને વિઘ્ન છે, એ એનું આવરણ છે.

આહાહા..!

જેનો સર્વ વિષય પૂર્ણ છે અને એમાં પણ પૂર્ણ વિષય સ્વદ્રવ્ય છે.. આહાહા..! પર્યાયમાં પૂર્ણ વિષય બધું છે પણ એમ કરતાંય આ દ્રવ્ય જે પૂર્ણ છે.. આહાહા..! એક પર્યાયમાં સર્વ દ્રવ્યનું પ્રત્યક્ષપણું પૂર્ણપણું છે એથી પણ આ આત્મા પૂર્ણપણે પોતાને જાણે એવો પૂર્ણ છે. આહાહા..! ઝીણી વાત છે ભાઈ! કહો, ત્રિભોવનભાઈ! આવી વાતું છે એટલે લોકો બિચારાને.. આહાહા..!

મુમુક્ષુ :— ફરીને ફરમાવો.

ઉત્તર :— કહ્યુંને. આહા..! આવું કેવળજ્ઞાનમય. કેવળ એટલે એકલો જ્ઞાનમય પ્રભુ અને પર્યાયને કેવળજ્ઞાન કહો તો એને આવરણરૂપે એની પોતાની હિણી ભાવઘાતિ કર્મની પરિણતિ પોતાની છે એનાથી તે હણાયેલો છે, એનાથી તે પૂર્ણ જ્ઞાનમય જણાતો નથી. આહાહા..!

મુમુક્ષુ :— દ્રવ્યકર્મથી નહિ?

ઉત્તર :— દ્રવ્ય તો નિમિત્તનું કથન છે. ૧૬મી ગાથામાં ન આવ્યું? પ્રવચનસાર. દ્રવ્યઘાતિ, ભાવઘાતિ બે કર્મ છે. દ્રવ્યઘાતિ તો પર છે. ભાવઘાતિ એની અશુદ્ધનો હણનારો ઈ છે. આહાહા..! ઝીણી વાત પડે માણસને સાંભળવા મળી ન હોય, વાંચનમાં આવી ન હોય એટલે બીજી રીતે શાસ્ત્રને વાંચ્યું હોય, હવે એને આ વાત બેસાડવી (કઠણ પડે છે). અને જ્ઞાનનું પરિણમન હિણું પોતે કરી નાખ્યું છે એનાથી ઢંકાઈ ગયેલો છે. સમજાણું કાંઈ? વાંધા તો આ કર્મના છે અને વ્યવહારના-બે, અને નિમિત્તના-ત્રણ, અને ક્રમબદ્ધના-ચાર, સોનગઢની સામે.

મુમુક્ષુ :— એ તો પોતાની સામે છે.

ઉત્તર :— એની સામે છે બાપા! તને ખબર નથી, ભાઈ! આહાહા..!

**'વ્યવહારનયસે કેવલજ્ઞાનાવરણકર્મસે ઢંકા હુઆ હૈ, તો ભી શુદ્ધ નિશ્ચયસે કેવલજ્ઞાનાવરણકા અભાવ હોનેસે...'** જોયું! એ આવરણનો અથવા અલ્પજ્ઞપણાનો પણ જેમાં અભાવ છે. આહાહા..! આવી વાત ક્યાં છે? દિગંબર સંતો સિવાય આવી વાત કહેનારા કોઈ નીકળ્યા નથી. આહાહા..! નાગા બાદશાહથી આઘા. દુનિયાની પડી નથી એને કે આમ કહેશું તો સમાજ કેમ માનશે? એને ઘરે રહે. ઘરે રહે એટલે એની કલ્પનાના ઘરે એમ. નિજઘરમાં નથી આવ્યો. આહાહા..! ભગવાનઆત્મા કેવળજ્ઞાનાવરણીયનો અભાવ જેમાં છે, કહે છે. છે? એટલે? ભાવઘાતિપણે જે જ્ઞાનની હિણી દશા થઈ છે એનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ છે. સમજાણું કાંઈ? આવા અર્થ કરવા. પછી ઓલા કહે, પોતાને લાગે એવા અર્થ કરે છે. અરે.. ભગવાન! બાપુ! તેં માર્ગ સાંભળ્યો નથી, હોં પ્રભુ! આહાહા..! **'સભી જીવ કેવલજ્ઞાનમયી હૈં.'** એ ઘાતિનો, પોતાનો—સ્વનો ઘાત કર્યો એનો પણ અભાવ છે. એકલા જ્ઞાનમય પરિપૂર્ણ રસકંદ. જ્ઞાનસૂર્ય ધ્રુવ આદિ-અંત વિનાની ચીજ પરિપૂર્ણ સ્વભાવસંપન્ન એવો ભગવાનઆત્મા, એવા બધા આત્મા છે. આહાહા..!

**'યદ્યપિ વ્યવહારનયકર સબ સંસારી જીવ જન્મ-મરણ સહિત હૈં,...'** પર્યાયમાં. **'તો ભી નિશ્ચયનયકર વીતરાગ નિજાનંદરૂપ... '** જુઓ આવ્યું આ. **'નિશ્ચયનયકર વીતરાગ**

**નિજાનંદરૂપ અતીન્દ્રિય સુખમયી હૈં,...**' એ વીતરાગ નિજાનંદ પર્યાય જ્યાં પ્રગટી એને આ આખો વીતરાગ નિજાનંદમયી છે એમ ભાસે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**નિશ્ચયનયકર વીતરાગ નિજાનંદ...**' પાછું જોયું, વીતરાગી પણ નિજાનંદરૂપ '**અતીન્દ્રિય સુખમયી હૈં,...**' આહાહા..! વીતરાગી નિજઆનંદમયી નિજસુખમયસ્વરૂપ ભગવાનઆત્મા એવા બધા આત્માઓ છે. આહા..! '**અતીન્દ્રિય સુખમયી હૈં, જિનકી આદિ ભી નહીં ઔર અંત ભી નહીં ઐસે હૈં,...**' આહાહા..! ભગવાન જ્ઞાન અને સુખમયી, જેની સત્તા—હોવાપણું જ્ઞાનમયી અને સુખમયી જેનું હોવાપણું, એવો જે ભગવાનઆત્મા. આહાહા..!

'**શુદ્ધાત્મસ્વરૂપસે વિપરીત જન્મ મરણકે ઉત્પન્ન કરનેવાલે જો કર્મ ઉનકે ઉદયકે અભાવસે જન્મ-મરણ રહિત હૈ.**' લ્યો, આહાહા..! '**શુદ્ધાત્મસ્વરૂપસે વિપરીત જન્મ-મરણકે ઉત્પન્ન કરનેવાલે જો કર્મ ઉનકે ઉદયકે અભાવસે જન્મ-મરણ રહિત હૈં.**' એમાં છે નહિ, ઉદય જ નથી. આહાહા..! ભારે વાત પણ ભાઈ! પરમાત્મપ્રકાશ. હુકમીચંદ પંડિતના દીકરાનું નામ પરમાત્મપ્રકાશ છે. પંડિતજી આપણા. જયપુર, હુકમીચંદજી. એના મોટા દીકરાનું નામ પરમાત્મપ્રકાશ છે, નાનાનું નામ અધ્યાત્મપ્રકાશ છે. છોડીનું એવું કાંઈક નામ છે. અધ્યાત્મપ્રકાશી? અધ્યાત્મપ્રભા. લ્યો ઠીક, છોડીનું નામ અધ્યાત્મપ્રભા. હુકમીચંદજી.

મુમુક્ષુ :— બીજી દીકરીનું નામ શુદ્ધાત્મપ્રભા છે.

ઉત્તર :— હા, હશે. છે નામ છે. હુકમીચંદજીનો ક્ષયોપશમ અત્યારે ઘણો. નાની ઉંમર, ૪૦ વર્ષની પણ ક્ષયોપશમ ઘણો. પણ લોકો એમ કહે છે કે એ તો સોનગઢનો પંડિત છે. અરે.. ભગવાન!

મુમુક્ષુ :— સોનગઢનો પંડિત એટલે સાચો પંડિત.

ઉત્તર :— આહાહા..! ભાઈ! ભાગલા પાડવા રહેવા દે, બાપુ! માર્ગ છે ઈ છે. આહા..!

ઓહોહો..! જે ભગવાનઆત્મા વસ્તુસ્વભાવ પરિપૂર્ણ જ્ઞાન અને સુખની ધારા પડી છે જેમાં આખી, આહાહા..! એવા ભગવાનમાં આ કેવળજ્ઞાનાવરણીય આદિનો અભાવ છે અને જે જન્મ-મરણનું કારણ કર્મ એનો પણ અભાવ છે. આહાહા..! એ જન્મ-મરણ રહિત છે તો પર્યાયમાં જન્મ-મરણ રહિત થાય છે. સમજાણું કાંઈ? '**યદ્યપિ સંસારઅવસ્થામેં વ્યવહારનયકર પ્રદેશોંકા સંકોચ વિસ્તારકો ધારણ કરતે હુએ...**' જુઓ, પ્રદેશ લીધા હવે. પાઠમાં આવ્યું હતુંને. જીવપ્રદેશે '**सकलाः समाः**'. આહાહા..! સંસારઅવસ્થામાં વ્યવહારનયકર પ્રદેશ અસંખ્ય છે એ સંકોચ-વિકાસ થાય. નિગોદમાં સંકોચ થઈ જાય. હજાર જોજનનો મચ્છ કેવળજ્ઞાન સમુદ્ઘાત કરે તો વિસ્તાર થાય. એ વ્યવહારનયકર '**દેહપ્રમાણ હૈં. 'ઔર મુક્ત-અવસ્થામેં ચરમ (અંતિમ) શરીરસે કુછ કમ દેહપ્રમાણ હૈં,...**' એ બધો વ્યવહારથી ભેદ (થયો).

'**તો ભી નિશ્ચયનયકર લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશી હૈં,...**' આહાહા..! આ નિશ્ચય. અસંખ્યપ્રદેશી. સંકોચ થાય તોપણ અસંખ્યપ્રદેશી છે, વિકાસ થાય તોપણ અસંખ્યપ્રદેશી છે.

સામાન્ય એકરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'તો ભી નિશ્ચયનયકર લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશી હૈં, હાનિ-વૃદ્ધિ ન હોનેસે અપને પ્રદેશોંકર સબ સમાન હૈં,...'** આહાહા..! એ હજાર જોજનનો મચ્છ (હોય) અને કેવળજ્ઞાન સમુદ્ઘાત વખતે જે, પણ એ અસંખ્યપ્રદેશની અપેક્ષાએ બધા સરખા છે. હેં! આહાહા..! આવે છે ને? 'સર્વ જીવ છે જ્ઞાનમય, ધારે સમતાભાવ' નહિ? યોગસાર. યોગસારમાં પાછળ આવે છે. સર્વ જીવ છે (જ્ઞાનમય). સામાયિકની વ્યાખ્યા કરી છે ત્યાં. સર્વ જીવ છે જ્ઞાનમય, ધારે સમતાભાવ. એ સમતાભાવથી બધા ભગવાન જ્ઞાનમય છે. આહાહા..! એવું શાંતિથી અંદર જે સમજે છે એને સામાયિક થાય છે. આહાહા..! શ્રીમદ્‌માં એમ કહ્યું, 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય'. આહાહા..! (યોગસારમાં) જ્ઞાનમય કીધું. આહાહા..!

મુમુક્ષુ :— છે સર્વ ગુણ સમાન,...

ઉત્તર :— ભેદ જ નથી કાંઈ. રાગની તો વાતેય ક્યાં છે. આહાહા..! અકષાય સ્વભાવમૂર્તિ પ્રભુ બધા આત્મા હોં! વીતરાગસ્વભાવ મૂર્તિ અસંખ્યપ્રદેશી સરખા અને ગુણે પણ સરખા. આહાહા..! સમજાણું કાંઈ?

**'હાનિ-વૃદ્ધિ ન હોનેસે અપને પ્રદેશોંકર સબ સમાન હૈં,...'** આહાહા..! બધા જીવો એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય અને કેવળજ્ઞાની ને સિદ્ધ. એક અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય શરીર નિગોદના અને એક શરીરમાં અનંતા જીવ, પણ અસંખ્ય પ્રદેશે બધા સરખા. આહાહા..! આવી વાત. સંખ્યા લોકાકાશ પ્રમાણે એની સંખ્યા. એ લોકાકાશ પ્રમાણે સંખ્યા કોઈની ઓછીવત્તી નથી. સંકોચ-વિકાસ બાહ્ય ક્ષેત્રથી થાઓ પણ અંદર ક્ષેત્રથી (સંકોચ-વિકાસ નથી). આહાહા..! ગજબ વાત કરે છે ને! બાહ્ય ક્ષેત્રથી સંકોચ-વિકાસ, નિગોદમાં આટલું સંકોચાઈ જાય, પેલો હજાર જોજનનો (મચ્છનો વિસ્તાર થાય), પણ અંતરક્ષેત્રથી જુઓ તો અસંખ્યપ્રદેશી છે એવો છે. આહાહા..! આવી વાતું છે, બાપુ! હેં! કેવળજ્ઞાનના સમુદ્ઘાતવાળો જીવ અને નિગોદનો જીવ, પ્રદેશે બધા સરખા છે. આવું વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! જિનવર સિવાય આ વાત ક્યાંય (નથી). એ પણ દિગંબર ધર્મમાં. આહાહા..! આવી ગંભીરતા. એક એક શ્લોકમાં ગંભીરતા તો જુઓ! કેટલી ઊંડાણની વાતું. આહાહા..! ઊંડો કૂવો એને કેવી રીતે બતાવે છે! આહાહા..! **'સબ સમાન હૈં,...'**

**'ઔર યદ્યપિ વ્યવહારનયસે સંસાર-અવસ્થામેં ઈન જીવોંકે અવ્યાબાધ અનંત સુખાદિગુણ કર્મોંસે ઢંકે હુએ હૈં,...'** અહીં કહે છે, કર્મથી ઢંકાયેલો છે અને તમે ના પાડો છે કે કર્મથી ઢંકાયેલો નથી. ભાવકર્મ હિણી દશાથી આખું ઢંકાઈ ગયું છે. આહાહા..! ૧૬મી ગાથામાં એ જ કહ્યું, ભાવઘાતિ અને દ્રવ્યઘાતિ બે લેવા. દ્રવ્યઘાતિ દ્રવ્યઘાતિ જ છે એમ નહિ. આહાહા..! એ તો નિમિત્ત છે. પોતે જ ઉપાદાનની પર્યાયમાં હિનપણે ભાવઘાતિપણે ઘાત કરે છે પોતાના .. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! **'અવ્યાબાધ અનંત સુખાદિગુણ...'** અનંત લીધાને

અનંત. હિણા પરિણમનને કારણે ઢંકાયેલા છે, કર્મથી ઢંકાયેલા છે એ નિમિત્તથી કથન છે.

**'તો ભી નિશ્ચયનયકર કર્મકે અભાવસે...'** આહાહા..! જેમાં જડ કર્મનો પણ અભાવ અને હિણી ભાવઘાતિના પરિણમનનો પણ જેમાં અભાવ છે. આહાહા..! **'ઢંકે હુએ હૈં, તો ભી નિશ્ચયનયકર કર્મકે અભાવસે સભી જીવ ગુણોંકર સમાન હૈં.'** આહાહા..! શક્તિ—ગુણની સ્વભાવની સત્તા હોવાપણે બધા જીવો સરખા છે. આહાહા..! કહો. અભવિનો જીવ પણ સમાન છે. અહીં તો દ્રવ્યસ્વભાવની વાત લેવી છે ને. પર્યાયમાં ફેર છે એ તો વ્યવહારથી છે. આહાહા..! આવા લખાણ આવે ચોખ્ખા કે કર્મથી ઢંકાયેલો છે અને અહીં તમે અર્થ બીજા કરો છો. ટૂંકી ભાષામાં.. અમારા પંડિતજીએ લખ્યું છે, નહિ? પંચાસ્તિકાયમાંને? એ નિમિત્તનું કથન છે. ટૂંકું બોલવાનું કથન છે. લાંબુ લાંબુ કરવા જાય કે હિણાપણે પરિણમ્યો છે, એમાં કર્મનું નિમિત્ત છે, બેય એમાં નથી માટે.. લાંબુ લાંબુ (ન કહે). ભાષા તો એમ જ હોવાની. આહાહા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— આ વાત વિવાદની ક્યાં છે, બાપુ! આહાહા..!

**'સભી જીવ ગુણોંકર સમાન હૈં. ઐસા જો શુદ્ધ આત્માકા સ્વરૂપ હૈ,...'** આહાહા..! જુઓ! એનું તાત્પર્ય—રહસ્ય બતાવ્યું. **'ઐસા જો શુદ્ધ આત્માકા સ્વરૂપ હૈ, વહી ધ્યાન કરને યોગ્ય હૈ.'** આહાહા..! એ શ્રદ્ધામાં લેવા યોગ્ય છે. આહાહા..! ધ્યાનવિષય કુરુ. વર્તમાન પર્યાયનો વિષય આને બનાવ. આહાહા..! અસંખ્યપ્રદેશી સરખો, ગુણે સરખા, આવરણથી રહિત એવો જે ભગવાનઆત્મા.. આહાહા..! એને વર્તમાનમાં હિણી પર્યાય અને રાગવાળીથી ભિન્ન પાડ, અધિક કરી નાખ. આહાહા..! એ કંઈ વાત છે, ભાઈ! હિણી પર્યાય છે, નિમિત્ત એને છે, અસંખ્યપ્રદેશી સંકોચ-વિકાસ છે એનાથી ભિન્ન છે. પૂર્ણાનંદનો નાથ ભગવાન તારો.. આહાહા..! એનું ધ્યાન કર. એને ધ્યાનમાં લે, એને ધ્યાનમાં લે. આહાહા..! કોને ધ્યાનમાં લે? જે ગુણે પરિપૂર્ણ, અસંખ્યપ્રદેશે પરિપૂર્ણ, જન્મ-મરણ રહિત.. આહાહા..! જેમાં પર્યાયની હિણી અવસ્થાનો પણ જેમાં અભાવ, એને ધ્યાનમાં લે. આહાહા..! આવું તો કો'ક દિ' સાંભળવા મળે. હેં! મધ્યસ્થતાથી જો આઠ દિ' સાંભળે તો એને ખબર પડે. હેં! કે આ શું છે. પણ એમ ને એમ વિરોધ કરે. કરો બાપા શું થાય? એને બેઠું ન હોય, બેઠું ન હોય એટલે પોતાની વાત જે રીતે ગોઠી છે એ રીતે વાત કરે ઈ, બીજી શું કરે? આહાહા..! 'જામેં જિતની બુદ્ધિ હૈ ઈતનો દિયે બતાય, વાંકો બુરો ન માનિયે ઔર કહાંસે લાય?' આહાહા..!

મુમુક્ષુ :— એને તો એમ લાગે કે આવરણવાળી પર્યાય નિરાવરણ સ્વભાવમાં...

ઉત્તર :— એ તો પર્યાયમાં આવરણ અને હિણી છે, વસ્તુમાં ક્યાં છે? આહાહા..! એ પર્યાયનયનો વિષય છે એમ સિદ્ધ કર્યો કે છે ખરું. પણ અંદર વસ્તુમાં નથી એટલે નિશ્ચયમાં નિષેધ થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

૯૭ (ગાથા) બહુ સારી આવી, લ્યો. આહાહા..! કુદરતી આજે વધવાનો દિવસ છે. હેં! એમાં

આજ ગાથા આવી છે. આહા..! અને સવારે પણ આ આવ્યું હતું, આ બધા ખળભળાટ કરે છે ને. 'હરિ ભજતા હજી કોઈની લાજ જતા નથી જાણી રે...' એમ ભગવાનને ભજતા કોઈની હિણપ દશા થાય એવું છે નહિ જગતમાં. આહાહા..! આવો છે માર્ગ, બાપા! એ ૯૭ પૂરી થઈ. આહાહા..! અહીંયા વ્યવહારમાં અસંખ્યપ્રદેશ સંકોચ-વિકાસ છે, જન્મ-મરણ સહિત છે, અલ્પજ્ઞ સહિત છે, આવરણનું નિમિત્ત છે, ઈ છે. પણ અહીં ઊડાવી દીધું પાછું. એમ વ્યવહાર કાળે વ્યવહાર છે, પણ વ્યવહારનો સ્વભાવમાં અભાવ છે માટે એનાથી સ્વભાવની પ્રાપ્તિ થાય એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે, વારિયાજી! આવો માર્ગ.

મુમુક્ષુ :— એવું સાંભળવા જ આવ્યા છે.

ઉત્તર :— હા, એને પ્રેમ છે ને, રસ છે. આહાહા..! આ તો પ્રભુ તારા ઘરની વાત છે ને, ભાઈ! તારું ઘર કેવડું મોટું! આહા..! મોટાના ઘરે જવું હોય તો કેટલી તૈયારી થઈને જવાય. હેં! એમ પર્યાયમાં યોગ્યતાથી અંદરમાં જવાય. આહાહા..! એ પ્રથા જ તૂટી ગઈ હતી. લોકોને બીજું બેસી ગયું હોયને દઢ.

મુમુક્ષુ :— નિમિત્તથી થાય, વ્યવહારથી થાય.

ઉત્તર :— હા, બસ વાત ઈ. ઈ કહે એ બરાબર, પણ આવું કહે ઈ ઠીક નહિ. સોનગઢવાળા પરસ્ત્રીને સેવે તો પાપ નથી એમ કહે છે. અરર..! પ્રભુ! આ ન હોય, ભાઈ! આવી વાત ન કરાય. એમ કહે કે, વ્યવહારથી નિશ્ચય થાય એમ માનતા નથી. નિશ્ચયથી જ એકલું થાય માટે એકાંત છે, એમ કહી શકે ઈ. તત્ત્વની અપેક્ષામાં આમ કહે પણ આવી વાત તો ન કરવી જોઈએ. અરર..ર..! અહીં તો વ્યવહારરત્નત્રયના વિકલ્પને પાપ કહેવો છે. અરર..ર..! સ્ત્રીના સેવનની વાતું બાપા! અરે.. પ્રભુ પ્રભુ! શું હશે? પાછું વામમાર્ગી ઠરાવે છે. ગજબ કરે છે ને! આ કહે તો બરાબર છે એની વાત, વ્યવહારથી થાય એની વાતું જ કરતા નથી અને વ્યવહારને ઊડાવી દ્યે છે. એ વાત સાચી છે. નિમિત્તથી થાય એમ કહેતા નથી. એ ખુલાસો તો ભાઈએ કૈલાસચંદ્રજીએ કરી નાખ્યો કે સોનગઢવાળા નિમિત્તનો નિષેધ કરે છે પણ નિમિત્ત નથી એમ નહિ. પણ નિમિત્તથી કર્તા થાય એ ના પાડે છે. એ વાત તો એમ જ છે. નિમિત્ત નથી? નિમિત્ત છે. પણ નિમિત્ત કર્તા નથી પરના કાર્યનો. એમ વ્યવહાર નથી? વ્યવહાર છે. પણ વ્યવહાર નિશ્ચયનો કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ઉપકારીનો ઉપકાર છુપાવે તો...

ઉત્તર :— નિમિત્તથી ન થાય, ત્યારે જ તેનો ઉપકાર માને એ વ્યવહાર (છે). આહાહા..! આ સમજ્યા વિણ શું? આહાહા..! એને એવો વિકલ્પ આવે, બંધનું કારણ છે પણ વિનયનો આવે. આહાહા..!

गाथा-९८

अथ जीवानां ज्ञानदर्शनलक्षणं प्रतिपादयति-

२२५) जीवहँ लक्खणु जिणवरहि भासिउ दंसण-णाणु।
तेण ण किज्जइ भेउ तहँ जइ मणि जाउ विहाणु।।९८।।
जीवानां लक्षणं जिनवरैः भाषितं दर्शनं ज्ञानं।
तेन न क्रियते भेदः तेषां यदि मनसि जातो विभातः।।९८।।

जीवहं इत्यादि। जीवहं लक्खणु जिणवरहिं भासिउ दंसण-णाणु यधपि व्यवहारेण संसारावस्थायां मत्यादिज्ञानं चक्षुरादिदर्शनं जीवानां लक्षणं भवति तथापि निश्चयेन केवलदर्शनं केवलज्ञानं च लक्षणं भाषितम्। कैः जिनवरैः। तेण ण किञ्जइ भेउ तहँ तेन कारणेन व्यवहारेण देहभेदेऽपि केवलज्ञानदर्शनरुपनिश्चयलक्षणेन तेषां न क्रियते भेदः। यदि किम्। जइ मणि जाउ विहाणु यदि चेन्मनसि वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानादित्योदयेन जातः। कोऽसौ। प्रभातसमय इति। अत्र यधपि [१]षोडशवर्णिकालक्षणं बहूनां सुवर्णानां मध्ये समानं तथाप्येकस्मिन् सुवर्णे गृहीते शेषसुवर्णानि सहैव नायान्ति। कस्मात्। भिन्नभिन्नप्रदेशत्वात्। तथा यद्यपि केवलज्ञानदर्शनलक्षणं समानं सर्वजीवानां तथाप्येकस्मिन् विवक्षितजीवे पृथक्कृते शेषजीवा सहैव नायान्ति। कस्मात्। भिन्नभिन्नप्रदेशत्वात्। तेन कारणेन ज्ञायते यधपि केवलज्ञानदर्शनलक्षणं समानं तथापि प्रदेशभेदोऽस्तीति भावार्थः।।९८।।

---

आगे जीवोंका ज्ञान-दर्शन लक्षण कहते हैं-

गाथा-९८

अन्वयार्थ :- [जीवानां लक्षणं] जीवोंका लक्षण [जिनवरैः] जिनेंद्रदेवने [दर्शनं ज्ञानं] दर्शन और ज्ञान [भाषितं] कहा है, [तेन] इसलिए [तेषां] उन जीवोंमें [भेदः] भेद [न क्रियते] मत कर, [यदि] अगर [मनसि] तेरे मनमें [विभातः जातः] ज्ञानरुपी सूर्यका उदय हो गया है, अर्थात् हे शिष्य, तू सबको समान जान।

भावार्थ :- यधपि व्यवहारनयसे संसारीअवस्थामें मत्यादि ज्ञान, और चक्षुरादि दर्शन जीवके लक्षण कहे हैं, तो भी निश्चयनयकर-केवलदर्शन केवलज्ञान ये ही लक्षण हैं, ऐसा जिनेंद्रदेवने वर्णन किया है। इसलिये व्यवहारनयकर देह-भेदसे भी भेद नहीं है, केवलज्ञानदर्शनरुप निजलक्षणकर सब समान हैं, कोई भी बड़ा-छोटा नहीं है। जो तेरे मनमें वीतराग निर्विकल्प स्वसंवेदन ज्ञानरुप सूर्यका उदय हुआ है, और मोह-निद्राके अभावसे आत्म-बोधरुप प्रभात हुआ है, तो तू सबोंको समान देख। जैसे यधपि

सोलहवानीके सोने सब समान वृत हैं, तो भी उन सुवर्ण-राशियोंमें से एक सुवर्णको ग्रहण किया, तो उसके ग्रहण करनेसे सब सुवर्ण साथ नहीं आते, क्योंकि सबके प्रदेश भिन्न हैं, उसी प्रकार यधपि केवलज्ञान दर्शन लक्षण सब जीव समान हैं, तो भी एक जीवका ग्रहण करनेसे सबका ग्रहण नहीं होता। क्योंकि प्रदेश सबके भिन्न-भिन्न हैं, इससे यह निश्चय हुआ, कि यधपि केवलज्ञान दर्शन लक्षणसे सब जीव समान हैं, तो भी प्रदेश सबके जुदे-जुदे हैं, यह तात्पर्य जानना।।९८।।

---

હવે, જ્ઞાનદર્શન જીવોનું લક્ષણ છે, એમ કહે છે :-

ભાવાર્થ :- જોકે વ્યવહારનયથી સંસાર-અવસ્થામાં મતિ આદિ જ્ઞાન, ચક્ષુ આદિ દર્શન જીવોનું લક્ષણ છે, તોપણ નિશ્ચયનયથી કેવળદર્શન અને કેવળજ્ઞાન જીવોનું લક્ષણ છે, એમ જિનવરદેવે કહ્યું છે. તેથી જો તારા મનમાં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપી સૂર્યના ઉદયથી પ્રભાતનો સમય થયો હોય તો વ્યવહારનયથી દેહભેદ હોવા છતાં કેવળદર્શનરૂપ નિશ્ચયલક્ષણથી તેમનામાં ભેદ કરવામાં આવતો નથી.

અહીં, જોકે સર્વ સુવર્ણનું સોળવલું લક્ષણ સમાન છે તોપણ તેમાંથી કોઈ એક સુવર્ણને ગ્રહણ કરતાં, બાકીનું સુવર્ણ એક સાથે આવી જતું નથી તેનું કારણ એ છે કે સર્વ સુવર્ણના પ્રદેશો ભિન્ન-ભિન્ન છે. તેવી રીતે જોકે જીવોનું જ્ઞાનદર્શનલક્ષણ સમાન છે તોપણ વિવક્ષિત જીવ જુદો ગ્રહણ કરતાં, બાકીના જીવો એક સાથે જ આવી જતા નથી તેનું કારણ એ છે કે સર્વ જીવના પ્રદેશો ભિન્ન-ભિન્ન છે. તે કારણે એમ જણાય છે કે કેવળજ્ઞાન અને કેવળદર્શનનું લક્ષણ સરખું છે તોપણ પ્રદેશભેદ છે, એવો ભાવાર્થ છે. ૯૮.

---

## ગાથા-૯૮ ઉપર પ્રવચન

૯૮. 'આગે જીવોંકા જ્ઞાન-દર્શન લક્ષણ કહતે હૈં—' લ્યો.

૨૨૫) जीवहँ लक्खणु जिणवरहि भासिउ दंसण-णाणु।
तेण ण किज्जइ भेउ तहँ जइ मणि जाउ विहाणु।।९८।।

ભગવાન જિનવરે જીવનું લક્ષણ જ્ઞાન-દર્શન કહ્યું તો પછી હવે ભેદ ન કરીશ કે આ જીવ આવો ને આ જીવ આવો. બધા જ્ઞાન-દર્શને (પૂર્ણ છે). માળો પણ ગજબ કામ કર્યા છે ને! આહાહા..! જુઓ! કહે છે, તારો સૂર્ય ઊગી ગયો છે, જ્ઞાનરૂપી સૂર્ય ઊગી ગયો તો હવે ભેદ પાડીશ નહિ, બધા જ્ઞાન-દર્શનવાળા સરખા છે. આહાહા..!

**અન્વયાર્થ :—** 'જીવોંકા લક્ષણ જિનેંદ્રદેવને દર્શન ઔર જ્ઞાન કહા હૈ,...' દેખવું અને જાણવું એ એનો સ્વભાવ, એ એનું લક્ષણ કહ્યું. આહાહા..! 'ઈસલિયે ઉન જીવોંમેં ભેદ મત

કર,...' કે આ અલ્પ જ્ઞાની છે ને આ અલ્પ દર્શી છે એવું રહેવા દે હવે. આહાહા..! કેટલો સમભાવ! જ્ઞાન-દર્શન કહ્યા છે ભગવાને **'ઉન જીવોંમેં ભેદ મત કર, અગર તેરે મનમેં...'** [विभातः जातः] આહાહા..! **'જ્ઞાનરૂપી સૂર્યકા ઉદય હો ગયા હૈ,...'** આહાહા..! સમ્યક્જ્ઞાન જો તને ઊગ્યું હોય તો આ ભેદ ન પાડ હવે. આહાહા..! ઈ આવ્યું છે હોં! પહેલું કહેવું હતુંને ઈ આમાં આવ્યું. નીચલી લીટીમાં છે. **'તેરે મનમેં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપ સૂર્યકા ઉદય હુઆ હૈ,...'** ટીકામાં નીચે આવશે. આ તો હજી શબ્દાર્થ છે. **'જ્ઞાનરૂપી સૂર્યકા ઉદય હો ગયા હૈ, અર્થાત્ હે શિષ્ય, તૂ સબકો સમાન જાન.'** આહાહા..! ટીકા લેવાશે પછી...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૪, શુક્રવાર તા. ૨૪-૧૨-૧૯૭૬, ગાથા-૯૮, ૯૯, પ્રવચન નં. ૧૬૭

૯૮નો ચાલે છે ને ભાવાર્થ? પરમાત્મપ્રકાશ, ગાથા-૯૮ ચાલે છે. ભાવાર્થ. અધ્યાત્મ વિષય છે સૂક્ષ્મ. અનંત કાળથી એ આત્મા અંદર જ્ઞાન-દર્શનલક્ષણ સંપન્ન છે, ત્રિકાળી જ્ઞાન-દર્શનસંપન્ન જ આત્મા છે એમ કદી નિર્ણય કર્યો નહિ, અનુભવ કર્યો નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે, **'યદ્યપિ વ્યવહારનયસે સંસારીઅવસ્થામેં...'** સંસારીદશામાં **'મત્યાદિ જ્ઞાન,...'** છે. મતિજ્ઞાન પર્યાય અલ્પ છે **'ઔર ચક્ષુરાદિ દર્શન...'** પણ છે. એ **'જીવકે લક્ષણ કહે હૈં,...'** વ્યવહારસે. આહાહા..! ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપ આત્મા છે એનું વ્યવહારનયથી મતિજ્ઞાન, ચક્ષુદર્શન આદિ પર્યાયલક્ષણ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! **'તો ભી નિશ્ચયનયકર-કેવલદર્શન, કેવલજ્ઞાન યે હી લક્ષણ હૈં,...'** આહાહા..! કેવળજ્ઞાન, દર્શન પર્યાય નહિ હોં! આહાહા..! ભગવાનઆત્મા જિનવર પરમેશ્વર એમ કહે છે, એમ કહે છે ને? જુઓ! **'जिणवरहि भासिउ'**. જિનવર વીતરાગ ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે **'दंसण-णाणु लक्खणु'**. આહાહા..! ભગવાનઆત્મા કેવળદર્શન, કેવળજ્ઞાન જે ત્રિકાળી સ્વભાવ તે એનું લક્ષણ છે. સમજાણું કાંઈ? કહો, વ્યવહારરત્નત્રય જે વિકલ્પ-રાગ છે એ તો એનું લક્ષણ નહિ, અને મતિજ્ઞાન, ચક્ષુદર્શન આદિની પર્યાય છે એ વ્યવહારલક્ષણ છે. આહાહા..! નિશ્ચયમાં તો ભગવાનઆત્મા કેવળજ્ઞાન, કેવળદર્શન એ એનું લક્ષણ છે. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ વાત ભાઈ! આહાહા..!

આત્મા નિમિત્તથી તો જણાતો નથી, અને વ્યવહારરત્નત્રય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એનાથી પણ જણાતો નથી. અને વ્યવહારનયથી મતિજ્ઞાન આદિ, ચક્ષુદર્શન આદિની પર્યાયથી

જણાય છે, તો એ તો વ્યવહાર છે. આહાહા..! ત્રિકાળીભગવાન જ્ઞાન અને આનંદ, જ્ઞાન અને દર્શન એનો ત્રિકાળીસ્વભાવ જ્ઞાન અને દર્શન છે—કેવળદર્શન, કેવળજ્ઞાન. આહાહા..! એ જેનું લક્ષણ છે એનાથી જણાય છે. સમજાણું કાંઈ? યોગીન્દ્રદેવ ૧૩૦૦ વર્ષ પહેલાં દિગંબર મુનિ થયા. કુંદકુંદાચાર્ય પછી થયા છે એ કહે છે. આહાહા..! '**ऐसा जिनेन्द्रदेवने वर्णन किया है.**' છે? આહાહા..! ગણધર અને એકભવતારી ઈન્દ્રોની સભામાં ભગવાન જિનવરદેવની આ વાણી હતી, દિવ્યધ્વનિ આ હતી કે તારી ચીજ નિમિત્તથી તો જણાતી નથી, વ્યવહાર વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિથી પણ જણાતી નથી, વ્યવહારનયથી તો મતિજ્ઞાન અને ચક્ષુદર્શનથી જણાય છે એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહાહા..! નિશ્ચયથી તો ત્રિકાળી જ્ઞાન-દર્શનલક્ષણ, ત્રિકાળીજ્ઞાનઉપયોગ-દર્શન ત્રિકાળ, એ લક્ષણથી જણાય છે એમ જિનવરે કહ્યું છે. સમજાણું કાંઈ? છે? '**निश्चयनयकर केवलदर्शन-केवलज्ञान ये ही लक्षण हैं,...**' એનો અર્થ કે એ લક્ષણથી જણાય છે.

મુમુક્ષુ :— પારિણામિકભાવ લક્ષણ થયું?

ઉત્તર :— ત્રિકાળી પારિણામિકભાવ એમાં જે કેવળજ્ઞાન, કેવળદર્શન ત્રિકાળી છે એ લક્ષણથી જણાય છે. જાણે છે પર્યાય પણ એ લક્ષણથી જણાય છે. આહાહા..! ઝીણી વાત બાપુ! વીતરાગમાર્ગ જિનવરનો માર્ગ અલૌકિક છે. આહાહા..! કેમ શેઠને વાર લાગી? કહો, શેઠ! સમજાય છે? અત્યાર સુધી બધું કાઢ્યું એમ કહે છે. આહાહા..!

આત્મા એ વસ્તુ છે એમાં જ્ઞાન-દર્શન ત્રિકાળી સ્વભાવ છે. આહાહા..! તો એ આત્મા ત્રિકાળી જ્ઞાન-દર્શન લક્ષણથી જણાય છે, જણાય છે પર્યાયમાં, પણ એ જ્ઞાન-દર્શન લક્ષણ ત્રિકાળી છે તેનાથી જણાય છે એમ કહે છે. આહાહા..! સૂક્ષ્મ વાત ભાઈ! પરમાત્મપ્રકાશ દિગંબર સંત જે કેવળીના કેડાયતો એની અધ્યાત્મ-વાણી બહુ સૂક્ષ્મ છે. આહાહા..! 'ईसलिये...' ઈસલિયે અર્થાત્ જિનેન્દ્રદેવ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, ત્રિકાળી જ્ઞાન-દર્શન એનું લક્ષણ છે એ નિશ્ચયથી છે. ત્રિકાળી જ્ઞાન-દર્શન લક્ષણ છે એ ત્રિકાળી છે પણ એનો નિર્ણય કરનારી પર્યાય વર્તમાન છે. શું કહે છે, સમજાણું? કેવળદર્શન, કેવળજ્ઞાન જે ગુણ આત્માનું લક્ષણ. એનું લક્ષણ કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ એ એનું લક્ષણ નથી, એ તો ઉપાધિ વિકાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્રિકાળીભગવાનઆત્મા, એનું ત્રિકાળી જ્ઞાન-દર્શન લક્ષણ. આહાહા..! એ લક્ષણ દ્વારા એટલે ગુણની ધ્રુવતા દ્વારા ગુણીને જાણી શકાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, શેઠ! અત્યારે તો માણસે માર્ગને વીંખી નાખ્યો આખો. આહા..! જિનવરદેવ પરમેશ્વર અનંત અનંત જિનવરો, તીર્થંકરો આમ કહે છે. છે ને પાઠ? 'जिणवरहि भासिउ'. હેં! '**जीवहँ लक्खणु जिणवरहि भासिउ दंसण-णाणु**।' આહાહા..! ગજબ કર્યું છે ને કામ!

મુમુક્ષુ :— સ્થુળ જ્ઞાન સૂક્ષ્મનો નિર્ણય કેવી રીતે કરે?

ઉત્તર :— કરે અંદર પર્યાય, ગુણને પકડે કે આ આત્મા છે. જ્ઞાન-દર્શન ત્રિકાળી છે તે આત્મા. ઝીણી વાત. ત્રિકાળી ગુણથી નિર્ણય નથી થતો, નિર્ણય તો પર્યાયમાં થાય છે, પણ પર્યાયનું લક્ષ

ક્યાં છે? હેં! આહાહા..! ગજબ વાત છે આવી વાત. ત્રિકાળી જ્ઞાન-દર્શન લક્ષણ છે તો ત્રિકાળી છે એ તો ધ્રુવ છે. હેં! અહીં મતિજ્ઞાન આદિ વ્યવહારને તો કાઢી નાખ્યો, એ તો વ્યવહાર છે. આહાહા..!

વસ્તુ જે છે વસ્તુ ભગવાનઆત્મા, એનો ત્રિકાળીઉપયોગ—દર્શન, જ્ઞાનઉપયોગ લક્ષણ છે. **'उवओगो लखणं'** છે ને તત્ત્વાર્થસૂત્ર ઉમાસ્વામી. દસલક્ષણીપર્વમાં વંચાય પણ બહારની વ્યવહારની વાતું એકલી, તત્ત્વ શું છે એની ખબર ન મળે. આહાહા..! અહીંયાં તો પરમાત્મા જે પરમાત્મા જિનવરે કહ્યું તે અહીંયા સંતો કહે છે. આહાહા..! **'ઐસા જિનેંદ્રદેવને વર્ણન કિયા હૈ.'** આહાહા..!

મુમુક્ષુ :— નિર્ણય કરનારું જ્ઞાન પોતે લક્ષણ નહિ?

ઉત્તર :— નિર્ણય કરનારું જ્ઞાન એ લક્ષણ નહિ, ત્રિકાળી લક્ષણ (કહેવું છે). મતિજ્ઞાનને લક્ષણ કહ્યું એ વ્યવહારે કહ્યું છે. આહાહા..! મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વર્તમાન સમ્યક્ પર્યાય છે એ તો વ્યવહાર થયો. વર્તમાન પર્યાય છે ને. અને ત્રિકાળીજ્ઞાન-દર્શન એ નિશ્ચય થયો. આહાહા..! સૂક્ષ્મ છે થોડું. વ્યવહારનયથી મતિજ્ઞાન આદિ, ચક્ષુ (દર્શન) આદિ છે તોપણ નિશ્ચયનયથી એટલે અંદર ધ્રુવમાં લક્ષ કરવાથી જે જ્ઞાન-દર્શન ધ્રુવ તે ધ્રુવનું લક્ષણ છે. આત્માનું ઈ લક્ષણ છે. (શ્રોતા :- ત્રિકાળી વસ્તુનું ત્રિકાળી લક્ષણ) આહાહા..! આહાહા..! ઈ કહેશે.

**'ઈસલિયે વ્યવહારનયકર દેહસે...'** ભેદ હોવા છતાં. એ જરી શબ્દફેર છે અર્થમાં. પાઠમાં એમ છે. **'व्यवहारेण देहभेदेऽपि'** એમ છે. અર્થમાં જરી શબ્દફેર થઈ ગયો છે. **'વ્યવહારનયકર દેહમેં ભેદ હોને પર ભી કેવલજ્ઞાનદર્શનરૂપ નિજલક્ષણકર સબ સમાન હૈં,... '** શું કહ્યું સમજાણું? આ તો વીતરાગ પરમેશ્વર ભાઈ! પરમેશ્વર જિનવર કોને કહે? એ સાધારણ લોકો માની લે કે ભગવાન આવા. પણ બાપુ! ભગવાનને સમજવા એ બહુ અપૂર્વ વાત છે. જિનવર, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક પોતાની પર્યાયમાં જણાયા. પર્યાયને જાણતા જણાઈ ગયા. આહાહા..!

મુમુક્ષુ :— નિશ્ચયથી ભેદ નથી.

ઉત્તર :— એ શબ્દફેર થઈ ગયો છે. **'વ્યવહારનયકર દેહસે ભિન્ન હોને પર ભી...'** એમ જોઈએ. **'દેહ-ભેદસે ભી ભેદ હોનેપર ભી...'** એમ છે ને ભાઈ? સમજાય છે કાંઈ? આવો ઉપદેશ ધર્મ? આ વીતરાગનો માર્ગ આવો હશે? અહીંયા તો કહે, ભક્તિ કરવી, પૂજા કરવી, વ્રત કરવા, તપ કરવા. ભાઈ! એ બધી ક્રિયાઓ તો રાગની ક્રિયા છે. એ વીતરાગમાર્ગ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ જિનવરદેવ ત્રિલોકનાથ પરમાત્મા એમ કહે છે, નિશ્ચય કેવલજ્ઞાન, કેવળદર્શન એ એનું લક્ષણ છે અને એનાથી લક્ષમાં આવે છે. (લક્ષ) કરનાર પર્યાય છે, નિર્ણય કરનાર પર્યાય છે, પણ પર્યાયે, જ્ઞાન-દર્શન જે ત્રિકાળ એનાથી જણાય છે એમ જાણ્યું. આહાહા..! ભારે આકરી વાતું. પરમાત્મપ્રકાશ છે આ.

મુમુક્ષુ :— એ પણ ભેદ થઈ ગયો, આ લક્ષણ અને એ લક્ષ.

ઉત્તર :— એ લક્ષ એટલું સમજાવવા માટે ભેદ છે. લક્ષણ અને લક્ષ એ વ્યવહારભેદ છે. નિશ્ચય તો લક્ષણ અને લક્ષ એકરૂપ છે. અહીંયા તો જણાય છે એમ બતાવવું છે ને. તો જણાય તો પર્યાયમાં છે. પણ એ પર્યાય, ત્રિકાળી જ્ઞાન-દર્શન લક્ષણવાળું આ દ્રવ્ય, એને એ જાણે છે. આહાહા..! ઝીણી વાત છે.

'**વ્યવહારનયકર દેહસે ભેદ હોનેપર ભી...**' ભેદસે ભી ભેદ નહીં, એમ નહિ. દેહસે ભેદ હોનેપર ભી '**કેવલજ્ઞાનરૂપ નિજલક્ષણકર સબ સમાન હૈં,...**' બધા ભગવાનઆત્મા (છે). આહાહા..! નિગોદનો જીવ હો, પંચેન્દ્રિયનો હો, નારકીનો હો, દેવનો હો. આત્મા અંદર છે આત્મા. આહાહા..! એનું જે જ્ઞાન-દર્શન ત્રિકાળીલક્ષણ છે... આહાહા..! દ્રવ્યસંગ્રહમાં આવે છે ભાઈ એ, ઉપયોગ ત્રિકાળીલક્ષણ. દ્રવ્યસંગ્રહ. ત્રિકાળી હોં! આહાહા..! ત્રિકાળીજ્ઞાન-દર્શન ધ્રુવ એ કાયમ જ્ઞાન-દર્શન રહનારું લક્ષણ. વર્તમાન પર્યાય ઈ લક્ષણથી આત્માને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ સમ્યગ્દર્શનનો અલૌકિક છે. સમ્યગ્દર્શન વિના બધું થોથા છે. આહાહા..! એ વ્રત ને તપ ને બધા એકડા વિનાના મીંડા છે. એકને શું કહેવાય? બિંદુ. આહાહા..! એ અહીંયા બતાવે છે.

ભગવાન! તું તો પરમાત્મસ્વરૂપ છો ને. પરમાત્મપ્રકાશ છે ને. તો પરમાત્મસ્વરૂપ જ આત્મા છે અને એનું લક્ષણ અંદર ત્રિકાળીજ્ઞાન-દર્શન એ ત્રિકાળી એનું લક્ષણ છે. આહાહા..! એ લક્ષણ આ અને લક્ષ આ, એનો અભેદનો નિર્ણય તો પર્યાય કરે છે. પણ એ પર્યાય સીધો પર્યાય લક્ષણ છે અને આ (લક્ષ છે) એમ નહિ. એ પર્યાય ત્રિકાળી લક્ષણ છે એ વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! અનંતકાળ થયો, અનંત અનંતકાળ. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો'. મુનિપણું અનંત વાર લીધું, દિગંબર મુનિ હજારો રાણીનો ત્યાગ કર્યો અને પંચમહાવ્રત, પાંચસમિતિ, ગુપ્તિ અનંતવાર લીધી. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' અનંત પુદ્ગલ પરાવર્તન નવમી ગ્રૈવેયકના કર્યા. આહાહા..! 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. આહાહા..! એનો અર્થ શું થયો? કે પંચમહાવ્રત, પાંચસમિતિ, ગુપ્તિ જે વિકલ્પ રાગ છે એ તો દુઃખ છે. આહાહા..! એ દુઃખથી આત્મા જણાતો નથી. આહાહા..!

ભગવાન જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ છે એ દુઃખની ક્રિયા તો રાગની ક્રિયા છે, એનાથી નથી જણાતો. આહાહા..! 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એમ છ ઢાળામાં આવે છે. પણ ક્યાં પડી છે દરકાર જગતને? આ સંસારની એકલી વાતું. એમાંથી નવરો થાય તો વ્યવહાર ક્રિયાકાંડ કરે. થઈ રહ્યું.

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહાહા..! શું કહે છે જુઓ! નિજલક્ષણકર '**કોઈ ભી બડા-છોટા નહીં હૈ.**' આહાહા..! અનંતઆત્મા જે છે અનંતઆત્મા, નિગોદથી માંડીને બધા, એ કેવળજ્ઞાન, કેવળદર્શનથી જણાય છે, તે એનું લક્ષણ છે. એ બધા સમાન છે. બધા

આત્મા સરખા છે. આહાહા..!

મુમુક્ષુ :— કેવળજ્ઞાન, કેવળદર્શન કેમ લખ્યું છે? સહજ જ્ઞાન, દર્શન લખવું જોઈએ.

ઉત્તર :— સહજ જ્ઞાન ત્રિકાળી. એ ત્રિકાળ કેવળજ્ઞાન. ઉપયોગ લક્ષણના બે અર્થ છે. એક ઉપયોગ ત્રિકાળી લક્ષણ છે. દ્રવ્યસંગ્રહમાં (આવે છે). ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન એ ચીજ એવી છે કે અનંત અનંતકાળ થયો, અનંતવાર મુનિપણું લીધું પણ સમ્યગ્દર્શન ન કર્યું. આહાહા..! એ મુનિવ્રત પણ સમ્યગ્દર્શન વિના થોથા નીકળ્યા, ચાર ગતિમાં રખડ્યો. ઝીણી વાત બાપુ! તેથી મુશ્કેલ પડે છે ને લોકોને. આ શું કહે છે?

હવે અહીંયા કહે છે જુઓ! **'કેવલજ્ઞાનદર્શનરૂપ નિજલક્ષણકર સબ સમાન હૈં, કોઈ ભી બડા-છોટા નહીં હૈ. જો તેરે મનમેં વીતરાગ...'** હવે આવ્યું આ જુઓ! આ પર્યાય આવી. શાંતિથી સમજવું, બાપુ! આ તો જિનવરદેવ ત્રણલોકના નાથ તીર્થંકર ગણધર અને એકાવતારી ઈન્દ્રોની વચ્ચે આ વાત કરતા હતા. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સીમંધર ભગવાન તો બિરાજે છે અત્યારે. આહાહા..! ત્યાં કુંદકુંદાચાર્ય ગયા હતા, આઠ દિવસ ત્યાં રહ્યા હતા. આ વચ્ચે કુંદકુંદાચાર્ય છે ઈ, આઠ દિવસ રહ્યા હતા. સંવત ૪૯. સાક્ષાત્ ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે અને હજી અબજો વર્ષ બાકી છે અને હજી અબજો વર્ષ રહેશે. આહાહા..! ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા.

મુમુક્ષુ :— આપે ઉદ્‌ઘાટન કર્યું.

ઉત્તર :— છે એવું કહીએ છીએ. વાત તો એવી છે. આહાહા..!

હવે અહીંયા શું કહે છે? ત્રિકાળી જ્ઞાનલક્ષણ એ એનું લક્ષણ. જણાયું કેવી રીતે? કહે છે. સમજાણું કાંઈ? **'તેરે મનમેં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપ સૂર્યકા ઉદય હુઆ હૈ,...'** આહાહા..! તારા મનમાં વીતરાગ નિર્વિકલ્પ પર્યાય અંદર વીતરાગી. આહાહા..! સ્વસંવેદન. પોતાના જ્ઞાનસ્વરૂપનું સ્વ નામ પોતાનું, સં—પ્રત્યક્ષ વેદન. આહાહા..! **'વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપ સૂર્યકા ઉદય હુઆ હૈ,...'** આહાહા..! તો ઐસા નિર્ણય કર, એમ કહે છે. પણ આ પર્યાય આવી. આહાહા..! ગજબ વાત છે! દિગંબર સંતોની અધ્યાત્મની કથની ક્યાંય નથી. સંપ્રદાયને મળતી નથી. એમ ને એમ ઓઘેઓઘે વ્યવહારક્રિયા (કરે), આ કર્યા ને આ કરો. જિંદગી ચાલી જાય. થઈ રહ્યું.

ત્રણ વાત લીધી. આ આત્મા મતિજ્ઞાનાદિથી જણાય એ તો વ્યવહારનય છે. એક વાત. કેવળજ્ઞાન, કેવળદર્શન ત્રિકાળી લક્ષણથી જાણવું એ નિશ્ચય છે. બે વાત. પણ એ જણાય છે કઈ પર્યાયમાં? ભાઈ! આહાહા..! તારા મનમાં નિર્વિકલ્પ પર્યાયનું વેદન થયું હોય એમાં તને જણાશે. આહાહા..! **'તેરે મનમાં વીતરાગ નિર્વિકલ્પ...'** રાગ રહિત વીતરાગી પરિણતિ—દશા નિર્વિકલ્પ અભેદ... આહાહા..! સ્વસંવેદન—પોતાનો આત્મા જ સ્વ, પોતાના વેદનમાં આવવાવાળો. એવા

**'જ્ઞાનરૂપ સૂર્યકા ઉદય હુઆ હૈ,...'** એવા જ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થયો છે તો એમ જાણ કે જ્ઞાન-દર્શનત્રિકાળી તે આત્મા છે. ત્રણે આવ્યા—દ્રવ્ય, ગુણ અને પર્યાય. ભાઈ! દ્રવ્ય, ગુણ અને પર્યાય. આહા..! ગજબ વાત છે!

દ્રવ્ય એ વસ્તુ. ભગવાનત્રિકાળી આનંદકંદ પ્રભુ. એનો ગુણ અહીંયા કેવળજ્ઞાન, કેવળદર્શન એ લક્ષણ. આહાહા..! પણ એ લક્ષણથી જણાય છે કોની પર્યાયમાં? આહાહા..! સમ્યગ્દષ્ટિને.. આહાહા..! રાગ રહિત વીતરાગી પર્યાય નિર્વિકલ્પ અભેદ સ્વસંવેદનજ્ઞાનરૂપ અવસ્થા.. આહાહા..! છે? એવો સૂર્ય જો ઉદય થયો હોય તો એ આમ જાણ. આહાહા..! માણસને આ એવું લાગે કે નિશ્ચય, નિશ્ચય. પણ નિશ્ચય (એટલે) આ જ સત્ય છે. એમ કે વ્યવહાર (તો કહેતા નથી). વ્યવહાર તો અસત્ય રાગ છે. અહીં તો મતિજ્ઞાનની પર્યાયને વ્યવહાર કહી દીધી. રાગ-દ્વેષના પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તો રાગ છે, એની તો અહીંયાં વાતેય નથી. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! આ સંતો દિગંબર સંતોના દ્રવ્ય, ગુણ અને પર્યાયના મલાવા! આહાહા..!

ભગવાન! તારામાં ત્રણ વસ્તુ છે. એક દ્રવ્ય વસ્તુ ત્રિકાળી. એના જ્ઞાન, દર્શન લક્ષણ એ ત્રિકાળી. હવે એ ત્રિકાળી, વર્તમાન નિર્વિકલ્પ પર્યાયમાં જણાય છે એ સૂર્ય ઉગ્યો તો તને ખ્યાલ આવ્યો. આહાહા..! સમજાણું કાંઈ? વીરચંદભાઈ! આવું ઝીણું છે.

મુમુક્ષુ :— આમાં કાંઈ પાત્રતા તો હોવી જોઈએ ને.

ઉત્તર :— આ જ પાત્રતા. જેમાં આત્મા આવી ગયો દૃષ્ટિમાં એ પાત્રતા. હવે એમાં મોક્ષ રહી શકશે. સમજાણું કાંઈ? શ્રીમદ્ રાજચંદ્રે એમ કહ્યું છે, સમ્યગ્દર્શન એ જ પાત્રતા છે. આહાહા..! ઝીણી વાત બાપુ! એણે અનંતકાળ.. આહાહા..! ત્યાગ લીધો, મુનિપણું લીધું, સંયમ લીધો, હજારો રાણીનો ત્યાગ કર્યો પણ અંદર મિથ્યાત્વનો ત્યાગ ન કર્યો. એ વિના બધું મિથ્યા પરિભ્રમણ ચાર ગતિમાં રહ્યો. આહાહા..! સમજાણું કાંઈ? અધિકાર એવો છે, ભાઈ!

બીજી રીતે કહીએ તો વસ્તુ છે એ વીતરાગસ્વરૂપ છે અને ત્રિકાળી જ્ઞાન-દર્શન છે એ પણ વીતરાગસ્વરૂપ જ છે. પણ જ્ઞાન-દર્શનથી વીતરાગ. અને એની પરિણતિ વીતરાગી થાય એમાં એ ખ્યાલમાં આવે છે. આવો ધર્મ ક્યાંનો? અરે.. ભગવાન! બાપુ! એ વસ્તુ એવી છે. જિનદેવ વીતરાગદેવ... તેથી તો આચાર્ય કહે છે, **'जीवहँ लक्खणु जिणवरहि भासिउ दंसण-णाणु'**. જિનવર પાઠ છે ને? જિનવર મૂળ પાઠમાં છે. **'जीवहँ लक्खणु जिणवरहि भासिउ दंसण-णाणु, तेण ण किज्जइ भेउ'** તેથી ભેદ ન કર. કેમ? **'जइ मणि जाउ विहाणु'** જો તને સમ્યક્જ્ઞાનનો સૂર્ય ઊગ્યો હોય તો હવે ભેદ ન કર. આહાહા..! ગાથા તો ગાથા છે! ઓહો..! આમ બધાને સમાન જાણવું કઈ રીતે થાય છે? **'તેરે મનમેં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપ સૂર્યકા ઉદય હુઆ હૈ,...'** તો ઐસે જાન. આહાહા..!

**'ઔર મોહ-નિદ્રાકે અભાવસે આત્મ-બોધરૂપ પ્રભાત હુઆ હૈ,...'** આહાહા..! મોહ નામ મિથ્યાત્વરૂપી નિદ્રા, તેના અભાવથી આત્મબોધરૂપ પ્રભાત થયો. આત્મબોધરૂપ-આત્મા

આવો છે એવો બોધ સમ્યક્જ્ઞાનમાં થયો. આહાહા..! કેટલાકે તો આ વાત સાંભળી ન હોય જિંદગીમાં. નવરાશ ક્યાં (છે)? આહાહા..! શું ગાથા! (સૂર્યકા) '**ઉદય હુઆ હૈ, ઔર મોહ-નિદ્રાકે અભાવસે...**' મિથ્યાત્વના નાશથી '**આત્મ-બોધરૂપ પ્રભાત હુઆ હૈ,...**' પ્રભાત ઊગ્યું. આહાહા..! સમ્યક્જ્ઞાનરૂપી વીતરાગી નિર્વિકલ્પ જ્ઞાનનો સૂર્ય જો તને ઊગ્યો હોય અને મોહ-નિદ્રાનો અભાવ થઈને પ્રભાત થયું હોય તો આમ જાણ. આવી વાત છે, શેઠ! કોઈ દિ' સાંભળી નથી એવી આ વાત છે. વાત સાચી, એવો ફેરફાર થઈ ગયો. અરેરે..!

સત્ય-સૂર્ય ભગવાનઆત્મા.. આહાહા..! જ્ઞાન-દર્શનના લક્ષણથી સૂર્યપ્રભુઆત્મા, નિર્વિકલ્પ વીતરાગ સ્વસંવેદન પર્યાયથી જો તને સૂર્ય ઊગ્યો હોય, પ્રભાત થયું હોય તો તેને આમ જાણ. આહાહા..! શ્વેતાંબરમાં બત્રીસ, પિસ્તાલીસ સૂત્રો, કરોડો શ્લોકો વાંચો તો આ એક ગાથાનો સાર એમાં ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? ઓહો..! ગજબ કરી છે સંતોએ, દિગંબર સંતોએ!! આહાહા..! શ્વેતાંબરના તો કરોડો શ્લોકો જોયા છે. આ એક ગાથા જે છે એના એક ભાવની ગંધ ન મળે ક્યાંય. આહાહા..! આ તો સનાતન જૈનદર્શન. આહાહા..! ગજબ વાત છે ભાઈ! આહાહા..!

કહે છે કે જ્ઞાન-દર્શન ત્રિકાળી લક્ષણથી, એ લક્ષણ દ્રવ્યનું—વસ્તુનું, પણ જેને નિર્વિકલ્પ વીતરાગી પર્યાય પ્રગટ થઈ છે, સૂર્ય ઊગ્યો છે એમાં જણાય છે. આહાહા..! કહો, આ કારણપરમાત્મા. પ્રશ્ન કર્યો હતોને ભાઈએ. કારણપરમાત્મા આત્મા ત્રિકાળી છે તો કાર્ય કેમ ન થયું? પણ કહે છે કે કાર્યમાં નિર્વિકલ્પ દશા પ્રગટ કરીને, આ છે, એવી માન્યતા થઈ તેને પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપા.. અનંતા જન્મ-મરણ રહિત અને અનંત અનંત આનંદ મુક્તદશા (થાય) એનો ઉપાય કોઈ અલૌકિક છે! આહાહા..! ઓહોહો..!

વ્યવહારરત્નત્રય છે, દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એ તો રાગ છે. રાગ તો વ્યવહારેય લક્ષણ નથી. શું કહ્યું સમજાણું? વ્યવહારેય લક્ષણ નથી. એનાથી જણાય એવું એનું લક્ષણ જ નથી. આહાહા..! ગજબ વાત કરે છે ને! વ્યવહાર લક્ષણ હોય તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનની પર્યાય છે તે વ્યવહારલક્ષણ છે. આહાહા..! અને ત્રિકાળી જ્ઞાન-દર્શન સ્વભાવ ભગવાન ચૈતન્યબિંબ પરમાત્મસ્વરૂપે પરમાત્મા—આત્મા (છે). એમ નિર્વિકલ્પ વીતરાગ પર્યાય સ્વસંવેદન જો તને સૂર્ય ઊગ્યો હોય અને મિથ્યાત્વનો નાશ થઈને પ્રભાત થયું હોય તો એ દેખ. આહાહા..! શાસ્ત્રમાં છે કે નહિ આ? આ શાસ્ત્રમાં છે એની તો વાત ચાલે છે. '**તો તૂ સબોંકો સમાન દેખ.**' જુઓ! આહાહા..! રાગ રહિત વીતરાગી પર્યાયમાં નિર્વિકલ્પતા જો તને પ્રગટ થઈ હોય તો એ તેનાથી બધા જીવને સમાન જો, સરખા જો. બધા ભગવાનસ્વરૂપ છે. આહાહા..! આહાહા..! સમજાણું કાંઈ?

'**જૈસે યદ્યપિ સોલહવાનીકે સોને સબ સમાન વૃત્ત હૈં,...**' સોળવલુ સોનું. સોનું હોય છે ને સોળવલું. સોળવલું કહે છે? વાન. એ આવે છે ને. સોળવલું છે. '**સોલહવાનીકે સોને સબ**

**સમાન વૃત્ત હૈં,...**' સોળવલું સોનું હોય પાંચ રૂપિયાભાર, પાંચ રૂપિયાભાર, પાંચ રૂપિયાભાર એવા હજાર '**સબ સમાન વૃત્ત હૈં, તો ભી ઉન સુવર્ણ-રાશિયોંમેં સે એક સુવર્ણકો ગ્રહણ કિયા, તો ઉસકે ગ્રહણ કરનેસે સબ સુવર્ણ સાથ નહીં આતે,...**' આહાહા..! ઈ ન્યાય આપે છે એને. બધા સમાન છે તારી દૃષ્ટિમાં. પણ જો તને આત્મા ગ્રહણ થયો, વીતરાગ નિર્વિકલ્પસ્વરૂપે ગ્રહણ થયો એ આત્મા, એનાથી બધા ગ્રહણ નથી થતા. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! આ તો ત્રણલોકનો નાથ જેને ઈન્દ્રો, ઈન્દ્રો એકાવતારી ગલુડિયા એટલે પિલ્લા સભામાં સાંભળે એની આ વાણી છે. દિગંબર સંતો આડતિયા થઈને જગતને કેવળજ્ઞાનના માલની વાત કરે છે. આહાહા..! ઓહો..! ધન્યભાગ્ય! જ્યારે આ વાણી નીકળી પરમાત્માની, ધન્યભાગ્ય હોય એને તો સાંભળવા મળી! આહાહા..!

આ કહેવામાં આવે છે એમાં ઘણી ગંભીરતા. દિગંબર સંતોની એક એક કડી, એક એક કડી.. આહાહા..! જિનવરે આમ કહ્યું છે કે જ્ઞાન-દર્શન. એમાં જ્ઞાન-દર્શન નામ પર્યાય નહિ. આહાહા..! ત્રિકાળી જ્ઞાન-દર્શન એ આત્માનું લક્ષણ છે એમ જિનવરે ભાષ્યું. આહાહા..! '**तेण ण किज्जइ भेउ**'. આ કારણે આત્મામાં ભેદ ન કર કે આ આત્મા, આ આત્મા, આ આત્મા બીજી જાતનો આત્મા, બધા આત્મા એકસરખા છે. પણ કોને? જેના '**मणि**'- મનમાં '**विभातः**' સૂર્ય ઊગ્યો હોય. આહાહા..! ચૈતન્યનો પ્રકાશ થયો હોય. આહાહા..! છે ને? '**मणि जाउ विहाणु**' મનમાં થયો હોય '**विभातः**' પ્રભાત. જેને સૂર્ય ઊગ્યો હોય. આહાહા..! રાગ રહિત નિર્વિકલ્પ સમ્યક્જ્ઞાનની સૂર્યદશા પ્રગટ થઈ હોય તો તને એ સુપ્રભાત થયો છે, ઓહોહો..! અંધકારનો નાશ થયો છે એમ કહ્યું ને? મોહનિંદ્રા કહ્યું ને? મોહનિંદ્રાનો અભાવ. આહાહા..!

આમ જાણ છતાં, આમ હોવા છતાં બધા સમાન છે. પણ વીતરાગી પર્યાયથી જ્યારે જણાય છે તો પોતાનો એક આત્મા જ ગ્રહણ થાય છે. સમજાણું કાંઈ? એમ કહે છે. વીતરાગી પર્યાયથી ગ્રહણ થાય છે તો બધા સમાન હોવા છતાં પોતાનો જ આત્મા ગ્રહણ થાય છે. આહાહા..! ગંભીર.. ગંભીર.. ગંભીર વીતરાગ વાણી. જૈનદર્શન કહો કે દિગંબરદર્શન કહો, બીજે ક્યાંય નથી. આહા..! એની ગંભીરતાની સંપ્રદાયમાં છે એને ખબર નથી. આહાહા..! ગજબ વાત!

પ્રભુ શું કહે છે? કે તને વીતરાગી નિર્વિકલ્પ ચૈતન્યસૂર્ય જો પ્રગટ થયો હોય અને મોહનિદ્રાના અંધકારનો નાશ થયો હોય, પ્રભાત થયું હોય તો બધાને સમાન જાણ. એક વાત. પણ બધાને સમાન જાણવામાં નિર્વિકલ્પ વીતરાગી પર્યાયમાં ગ્રહણ તો એક પોતાનો આત્મા જ થાય છે. શાંતિભાઈ! ઝીણું છે આ બધું. તમારા ઝવેરાતમાં... આ તો માર્ગ એવો છે બાપા! શું કહીએ? આહાહા..! ક્યાં પડી છે જગતને, આત્મા શું છે અને ક્યાં જાવું (છે). આહા..! વ્યવહારના આ કરો ને આ કરો ને આ કરો. ભક્તિ કરો ને જાત્રા કરો ને વ્રત પાળો ને અપવાસ કરો. અરે.. ભગવાન! બાપુ! એ તો રાગની ક્રિયા છે. ભાઈ! એ રાગની ક્રિયાથી આત્મા ન જણાય. અરે..! મતિજ્ઞાનથી જણાય એમ કહેવું એ વ્યવહાર. આહાહા..! એને ત્રિકાળી જ્ઞાન-દર્શનથી જાણવામાં આવે એ

વર્તમાન વીતરાગી પર્યાયથી. સમજાણું કાંઈ? સુજાનમલજી!

મુમુક્ષુ :— આ સત્ય કાઢ્યું ને આપે વીતરાગ નિર્વિકલ્પ.

ઉત્તર :— એ આવ્યુંને. એ વસ્તુમાં જણાય છે. રાગથી જણાય છે? વ્યવહારરત્નત્રયનો રાગ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, પૂજાથી જણાય છે? એ તો રાગ છે. એ જીવનું લક્ષણ છે? આહાહા..!

કહે છે, '**સુવર્ણરાશિયોંમેં સે એક સુવર્ણકો ગ્રહણ કિયા, તો ઉસકે ગ્રહણ કરનેસે સબ સુવર્ણ સાથ નહીં આતે,...**' આહાહા..! સોળવલા બધા સરખા છે પણ સોળવલામાં એક પકડાયું સોળ વળું તો ઈ એક પકડાયું, બધા ન પકડાયા. એમ બધા જીવ સમાન હોવા છતાં વીતરાગી પર્યાયમાં સ્વદ્રવ્ય આત્મા જ અનુભવાય છે. એક ગ્રહણ થાય છે. પર બધા સમાન હોવા છતાં એમાં બધા નથી આવતા. આહાહા..! આવો માર્ગ. ઓહો..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનચંદ્ર, સૂર્ય.. આહાહા.! જિનચંદ્ર એટલે શીતળ સ્વભાવથી ભરેલ અકષાયસ્વભાવ એવો સૂર્યપ્રકાશ જેનો. આહાહા..!

એ ભગવાન ચૈતન્યસૂર્યજિનચંદ્ર એમ ફરમાવે છે, એમ કહે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! તારું ત્રિકાળી જ્ઞાનલક્ષણ જે આત્માનું એનો નિર્ણય તારી નિર્વિકલ્પ વીતરાગી પર્યાયમાં થાય છે. તો નિર્વિકલ્પ વીતરાગી પર્યાય જો પ્રગટ થઈ તો બધાને સમાન જાણ. સમાન જાણવા છતાં નિર્વિકલ્પ પર્યાયમાં તારો આત્મા એકલો જ ગ્રહણ થાય છે. આહાહા..! હેં! ક્યાંય મળે નહિ આવી વાત. આહાહા..! વીતરાગ જિનવરદેવ એનો મૂળ માર્ગ. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે' આ જિનનો મૂળ માર્ગ છે. આહાહા..! અરેરે..! લોકો, એ નિશ્ચય છે, નિશ્ચય છે, નિશ્ચય છે એમ કરીને અનાદર કરીને... આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! એક ગાથામાં કેટલી ચીજ! હેં! ગજબ વાત છે!

'**ઉસી પ્રકાર યદ્યપિ કેવલજ્ઞાનદર્શનલક્ષણ સબ જીવ સમાન હૈં, તો ભી એક જીવકા ગ્રહણ કરનેસે સબકા ગ્રહણ નહીં હોતા.**' દેખો! સમજ્યા? આહાહા..! ચૈતન્યની નિર્મળ વીતરાગી પર્યાયમાં બધા જીવ સમાન જાણતો હોવા છતાં, ગ્રહણમાં તો એક પોતાનો આત્મા જ થાય છે. આહાહા..! ટીકા તે ટીકા છે ને! આ સિદ્ધાંત કહેવાય. વીતરાગની વાણીનો સાર છે. આહાહા..! '**ક્યોંકિ પ્રદેશ સબકે ભિન્ન-ભિન્ન હૈં,...**' હવે સિદ્ધાંત કીધો પાછો. પોતાનો ભગવાન જ્ઞાન-દર્શન લક્ષણથી લક્ષિત નિર્વિકલ્પ વીતરાગી પર્યાયમાં થાય છે. તો એ નિર્વિકલ્પ પર્યાય સમ્યગ્દર્શનની પર્યાયમાં, સમ્યક્જ્ઞાનની પર્યાયમાં એકલું સ્વનું ગ્રહણ થાય છે. સમાન હોવા છતાં પરનું ગ્રહણ નથી થતું. આહાહા..! કેમકે પ્રદેશ ભિન્ન છે. ભાવ સમાન છે એમ કહે છે. જ્ઞાન-દર્શન લક્ષણથી બધા સમાન છે, છતાં પ્રદેશ ભિન્ન છે. આહાહા..! દેવશીભાઈ! આવું ક્યાં હતું તમારે ત્યાં ગામડામાં?

મુમુક્ષુ :— ગામડામાં પણ નહોતું અને ભારતમાં નહોતું.

ઉત્તર :— બીજે નહોતું? સાચી વાત. આહાહા..! કેટલા બોલો નાખ્યા! આહાહા..!

'**ક્યોંકિ પ્રદેશ સબકે ભિન્ન-ભિન્ન હૈં,...**' એ ભગવાન બધા જ્ઞાનલક્ષણે લક્ષિત જ્ઞાન-દર્શનવાળા બધા સમાન છે એમ હોવા છતાં બધા દ્રવ્યના—આત્માના પ્રદેશ—ક્ષેત્ર ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ગજબની મેળવણી કરો છો!

ઉત્તર :— છે, અંદર છે કે નહિ? આહાહા..! સ્થિતિ, વસ્તુની સ્થિતિ આવી છે. આહાહા..!

અહીં તો ભગવાનઆત્મા દેહ, વાણીની ક્રિયાથી તો જણાતો નથી, કેમકે એ તો જડ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાના ભાવથી પણ જણાતો નથી, કેમકે એ તો રાગ છે. મતિજ્ઞાનથી જણાય છે એને લક્ષણ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! ત્રિકાળી જ્ઞાન-દર્શન ધ્રુવમાં ધ્યાન લગાવીને.. આહાહા..! નિર્વિકલ્પ વીતરાગી પર્યાયમાં ધ્રુવને ધ્યેય બનાવીને, વિષય બનાવીને ધ્યાન કરવું... આહાહા..! એના ચૈતન્યસૂર્યમાં એ ભાન થાય છે. આહાહા..! પાછું આ ઘરે વાંચવું થોડું, અહીંને અહીં ન રાખવું. શેઠ! શું કહ્યું? ઘરે વાંચવું થોડું, અહીંને અહીં ન રાખવું.

મુમુક્ષુ :— વ્યવહારની તો સફાઈ કરી નાખી.

ઉત્તર :— પણ છે અને ઊડાવ્યો છે કે નહિ? છે કે નહિ? બધા જીવ સમાન છે કે નહિ? છે છતાં ઊડાવ્યા. પ્રદેશભેદ છે અને પોતાનું સ્વરૂપ જ ગ્રહણ થાય છે. આહાહા..!

'**ઈસસે યહ નિશ્ચય હુઆ, કિ યદ્યપિ કેવલજ્ઞાન દર્શન લક્ષણસે સબ જીવ સમાન હૈં,...**' જોયું! '**તો ભી પ્રદેશ સબકે જુદે-જુદે હૈં, યહ તાત્પર્ય જાનના.** ' રહસ્ય છે. આહાહા..! પોતાની નિર્વિકલ્પ વીતરાગ પર્યાયમાં બધાને સમાન માનવા, એમ હોવા છતાં વીતરાગી પર્યાયમાં સ્વનું જ ગ્રહણ થાય છે, પરનું ગ્રહણ થતું નથી. આહાહા..! એ વિશેષ કહે છે હવે જુઓ!

---

## ગાથા-૯૯

अथ शुद्धात्मनां जीवजातिरुपेणैकत्वं दर्शयति–

२२६) बंभहँ भुवणि वसंताहँ जे णवि भेउ करंति।
ते परमप्प-पयासयर जोइय विमलु मुणंति।।९९।।
ब्रह्मणां भुवने वसतां ये नैव भेदं कुर्वन्ति।
ते परमात्मप्रकाशकराः योगिनः विमलं मन्यन्ते।।९९।।

बंभहं इत्यादि। बंभहं ब्रह्मणः शुद्धात्मनः। किं कुर्वतः। भुवणि वसंताहं भुवने त्रिभुवने वसंतः तिष्ठतः जे णवि भेउ करंति ये नैव भेदं कुर्वन्ति। केन। शुद्धसंग्रहनयेन ते परमप्प-पयासयर ते ज्ञानिनः परमात्मस्वरुपस्य प्रकाशकाः सन्त जोइय हे योगिन् अथवा

बहुवचनेन हे योगिनः। किं कुर्वन्ति। विमलु मुणंति विमलं संशयादिरहितं शुद्धात्मस्वरुपं मन्यन्ते जानन्तीति। तधथा। तधपि जीवराश्यपेक्षया तेषामेकत्वं भण्यते तथापि व्यक्त्यपेक्षया प्रदेशभेदेन भिन्नत्वं नगरस्य गृहादिपुरुषादिभेदवत्। कश्चिदाह। यथैकोडपि चन्द्रमा बहुजलघडेषु भिन्नभिन्नरुपेण दृश्यते तथैकोडपि जीवो बहुशरीरेषु भिन्नभिन्नरुपेण दृश्यत इति। परिहारमाह। बहुषु जलघटेषु चन्द्रकिरणोपाधिवशेन जलपुद्गला एव चन्द्राकारेण परिणता न चाकाशस्थचन्द्रमाः। अत्र दृष्टान्तमाह। यथा देवदत्तमुखोपाधिवशेन नानादर्पणानां पुद्गला एव नानामुखाकारेण परिणमन्ति न च देवदत्तमुखं नानारुपेण परिणमति। यदि परिणमति तदा दर्पणस्थं मुखप्रतिबिम्बं चेतनत्वं प्राप्नोति, न च तथा, तथैकचन्द्रमा अपि नानारुपेण न परिणमतीति। किं च न चैको ब्रह्मनामा कोडपि दृश्यते प्रत्यक्षेण यश्चन्द्रवन्नानारुपेण भविष्यति इत्यभिप्रायः।।९९।।

---

आगे जातिके कथनसे सब जीवोंकी एक जाति है, परन्तु द्रव्य अनन्त हैं, ऐसा दिखलाते हैं-

गाथा-९९

अन्वयार्थ :- [भूवने] इस लोकमें [वसन्तः] रहनेवाले [ब्रह्मणः] जीवोंका [भेदं] भेद [नैव] नहीं [कुर्वति] करते हैं, [ते] वे [परमात्मप्रकाशकराः] परमात्माके प्रकाश करनेवाले [योगिन्] योगी, [विमलं] अपने निर्मल आत्माको [जानंति] जानते हैं। इसमें संदेह नहीं है।

भावार्थ :- यधपि जीव-राशिकी अपेक्षा जीवोंकी एकता है, तो भी प्रदेशभेदसे प्रगटरुप सब जुदे-जुदे हैं। जैसे वृक्ष जातिकर वृक्षोंका एकपना है, तो भी सब वृक्ष जुदे जुदे हैं, और पहाड़-जातिसे सब पहाड़ोका एकत्व है, तो भी सब जुदे-जुदे हैं, तथा रत्नजातिसे रत्नोंका एकत्व है, परन्तु सब रत्न पृथक् पृथक् हैं, घट-जातिकी अपेक्षा सब घटोंका एकपना है, परंतु सब जुदे-जुदे हैं, और पुरुष-जातिकर सबकी एकता है, परंतु सब अलग अलग हैं। उसी प्रकार जीव-जातिकी अपेक्षासे सब जीवोंका एकपना है, तो भी प्रदेशोंके भेदसे सब ही जीव जुदे-जुदे हैं। इस पर कोई परवादी प्रश्न करता है कि जैसे एक ही चन्द्रमा जलके भरे बहुत घड़ोमें जुदा-जुदा भासता है, उसी प्रकार एक ही जीव बहुत शरीरों में भिन्न-भिन्न भास रहा है, उसका श्रीगुरु समाधान करते हैं- जो बहुत जलके घड़ोमें चन्द्रमाकी किरणोंकी उपाधिसे जल-जातिके पुद्गल ही चन्द्रमाके आकारके परिणत हो गये हैं, लेकिन आकाशमें स्थित चन्द्रमा तो एक ही है, चन्द्रमा तो बहुत स्वरुप नहीं हो गया। उनका दृष्टान्त देते हैं। जैसे कोई देवदत्तनामा

पुरुष उसके मुखकी उपाधि (निमित्त) से अनेक प्रकारके दर्पणोंसे शाभायमान काचका महल उसमें वे काचरुप पुद्गल ही अनेक मुखके आकारके परिणत हुए हैं, कुछ देवदत्तका मुख अनेकरुप नहीं परिणत हुआ है, मुख एक ही है। जो कदाचित् देवदत्तका मुख अनेकरुप परिणमन करे, तो दर्पणमें तिष्ठते हुए मुखोंके प्रतिबिम्ब चेतन हो जावें। परंतु चेतन नहीं होते, जड़ ही रहते हैं, उसी प्रकार एक चन्द्रमा भी अनेकरुप नहीं परिणमता। वे जलरुप पुद्गल ही चन्द्रमा के आकारमें परिणत हो जाते हैं। इसलिए ऐसा निश्चय समझना, कि जो कोई ऐसा कहते हैं कि एक ही ब्रह्मके नानारुप दिखते हैं। यह कहना ठीक नहीं है। जीव जुदे-जुदे हैं।।९९।।

---

હવે, જીવોની જાતિરૂપે (જીવની જાતિની અપેક્ષાએ) શુદ્ધાત્માનું એકત્વ દર્શાવે છે :-

ભાવાર્થ :- જેવી રીતે નગરના ઘર આદિ અને પુરુષાદિનું પોતાની જાતિની અપેક્ષાએ એકપણું છે તોપણ વ્યક્તિની અપેક્ષાએ તેમનું ભિન્નપણું છે તેવી રીતે જોકે જીવરાશિની અપેક્ષાએ તેમનું એકત્વ કહ્યું છે, તોપણ વ્યક્તિ-અપેક્ષાએ પ્રદેશભેદથી તેમનું ભિન્નપણું છે.

અહીં, કોઈ કહે છે કે-જેવી રીતે ચંદ્ર એક હોવા છતાં જળથી ભરેલા અનેક ઘડામાં ભિન્ન-ભિન્નરૂપે દેખાય છે. તેવી રીતે જીવ એક હોવા છતાં પણ અનેક શરીરમાં ભિન્ન-ભિન્નરૂપે દેખાય છે. શ્રી ગુરુ તેમનું સમાધાન કરે છે-જળથી ભરેલા અનેક ઘડામાં ચંદ્રના કિરણોની ઉપાધિના વિશે જળજાતિના પુદ્ગલો જ ચંદ્રાકારે પરિણમ્યા છે, પણ આકાશમાં રહેલો ચંદ્ર પરિણમ્યો નથી. અહીં તેનું દૃષ્ટાંત આપે છે. જેવી રીતે દેવદત્તના મુખની ઉપાધિના વશે અનેક દર્પણોનાં પુદ્ગલો જ મુખના અનેક આકારરૂપે પરિણમે છે પણ દેવદત્તનું મુખ અનેકરૂપે (અનેક આકારરૂપે) પરિણમતું નથી. જો (દેવદત્તનું મુખ અનેક આકારરૂપે) પરિણમતું હોય તો દર્પણમાં રહેલા મુખનું પ્રતિબિંબ ચેતનપણાને પામે, પણ તેમ થતું નથી (પણ ચેતન થતું નથી.) તેવી રીતે એક ચંદ્રમા પણ અનેકરૂપે પરિણમતો નથી.

વળી, એક બ્રહ્મ નામનો કોઈ પ્રત્યક્ષપણે જોવામાં આવતો નથી કે જે ચંદ્રની પેઠે અનેકરૂપે થતો હોય, એવો અભિપ્રાય છે. ૯૯.

## ગાથા-૯૯ ઉપર પ્રવચન

૯૯ ગાથા. '**આગે જાતિકે કથનસે સબ જીવોંકી એક જાતિ હૈ,...**' ઓહો..! બધા જીવની જાત એક છે. '**પરંતુ દ્રવ્ય અનંત હૈં,...**' વસ્તુ તરીકે અનંત છે. જાતિ એક છે પણ દ્રવ્ય તરીકે અનંત છે. '**ઐસા દિખલાતે હૈં—**'

२२६) बंभहँ भुवणि वसंताहँ जे णवि भेउ करंति।
ते परमप्प-पयासयर जोइय विमलु मुणंति।।९९।।

આહાહા..! **અન્વયાર્થ :—** '**ઈસ લોકમેં...**' '**ભૂવન**' એટલે આ લોકમાં. '**રહનેવાલે...**' '**ब्रह्मणः**' જીવ. બ્રહ્મસ્વરૂપ ભગવાનઆત્મા. આહાહા..! એવા '**જીવોંકા ભેદ નહીં કરતે હૈં,...**' આહાહા..! '**વે...**' '**परमात्मप्रकाशकराः**' આ પરમાત્મપ્રકાશ ગ્રંથ છેને. આહાહા..! '**परमात्मप्रकाशकराः**' '**પરમાત્માકે પ્રકાશ કરનેવાલે હે યોગી, અપને નિર્મલ આત્માકો જાનતે હૈં. ઈસમેં સંદેહ નહીં હૈ.**' આહાહા..! બધા જીવોને ભેદ નહિ કરતાં. આહા..! એનો અર્થ વીતરાગભાવ થાય છે. એ '**परमात्मप्रकाशकराः योगिन्**' હે મુનિ! આહાહા..! '**અપને નિર્મલ આત્માકો જાનતે હૈં. ઈસમેં સંદેહ નહીં હૈ.**'

**ભાવાર્થ :—** '**યદ્યપિ જીવ-રાશિકી અપેક્ષા જીવોંકી એકતા હૈ,...**' છે ને? ઉપર એણે લીધું હતું એનો ઉપોદ્‌ઘાત કરીને. અમૃતચંદ્રાચાર્યની શૈલી જેવી છે આ. બીજું આવ્યું હોયને એ પહેલી ગાથાનું છેલ્લે મૂકે. એવી શૈલી લીધી છે. નહિ તો પાઠમાં પ્રદેશભેદ નથી ૯૮માં. ૯૯માં જોયું એ નથી, પણ છતાં એમાંથી કાઢ્યું ઈ. આહાહા..! '**જીવ-રાશિકી અપેક્ષા જીવોંકી એકતા હૈ,...**' અનંતરત્ન છે અનંતરત્ન, તો રત્નની અપેક્ષાએ એક જાતિ બધાની છે. છતાં રત્ન રત્ન ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? '**યદ્યપિ જીવ-રાશિકી અપેક્ષા જીવોંકી એકતા હૈ, તો ભી પ્રદેશભેદસે પ્રગટરૂપ સબ જુદે-જુદે હૈં.**' આહાહા..! વેદાંત કહે છે કે એક જ આત્મા છે, એમ નથી. એક જ આત્મા સર્વવ્યાપક અદ્વૈતબ્રહ્મ, એમ નથી. બ્રહ્મ શબ્દ '**बंभहँ**' લીધો—બ્રહ્મ. ભગવાનઆત્મા આહાહા..! '**પ્રદેશભેદસે પ્રગટરૂપ સબ જુદે-જુદે હૈં.**'

'**જૈસે વૃક્ષ જાતિકર વૃક્ષોંકા એકપના હૈ,...**' વૃક્ષની જાતિની અપેક્ષાએ વૃક્ષનું વન એક કહેવાય. '**તો ભી સબ વૃક્ષ જુદે જુદે હૈં,...**' દરેક વૃક્ષ ભિન્ન ભિન્ન છે. બધાને વૃક્ષ કહેવાય પણ વૃક્ષ છે ભિન્ન ભિન્ન. આહાહા..! '**ઔર પહાડ-જાતિસે સબ પહાડોંકા એકત્વ હૈ,...**' પહાડ પહાડ—પર્વત. '**તો ભી સબ જુદે-જુદે હૈં, તથા રત્નજાતિસે રત્નોંકા એકત્વ હૈ,...**' લાખ રત્ન હોય તો રત્નની જાતિ એક છે. '**પરન્તુ સબ રત્ન પૃથક્ પૃથક્ હૈં,...**' આહાહા..! કેટલા દૃષ્ટાંત આપે છે, લ્યો! '**ઘટ-જાતિકી અપેક્ષા સબ ઘટોંકા એકપના હૈ,...**' ઘટ ઘટ. '**પરંતુ સબ જુદે જુદે હૈં,...**' હજી તો દાખલો આપે છે. '**ઔર પુરુષ-જાતિકર સબકી એકતા હૈ,...**' પુરુષ પુરુષ તરીકે બધા એક છે. પણ ભિન્ન ભિન્ન ચીજ છે. આહા..! બધા પુરુષ થઈને

એક નથી. આહાહા..!

મુમુક્ષુ :— જાતિ એક કહી, સત્તા એક નથી.

ઉત્તર :— જાતિ એક છે, છતાં સત્તા ભિન્ન ભિન્ન છે. આહાહા..!

'**પરંતુ સબ અલગ અલગ હૈ.**' આહાહા..! '**ઉસી પ્રકાર જીવ-જાતિકી અપક્ષાસે સબ જીવોંકા એકપના હૈ, તો ભી પ્રદેશોંકે ભેદસે સબ હી જીવ જુદે-જુદે હૈં.**' આહાહા..! ભિન્ન ભિન્ન છે. અજ્ઞાનીઓ એમ કહે છે કે જગતમાં આત્મા એક જ છે. એમ નથી. સમાન સરખા બધા જીવો હોવા છતાં પ્રદેશ ભિન્ન, એની જાત ભિન્ન, જાતિ તરીકે એક હો, પણ વસ્તુ તરીકે દરેકની ભિન્ન છે. અનંત આત્માઓ, અનંત આત્માઓ. આહાહા..! એ જિનવરદેવના મતમાં આવું છે, બીજા અજ્ઞાનીઓ તો એક જ આત્મા બધા મળીને છે એમ માને છે. આહાહા..! કેમ, એ પછી શરીરમાં નીચે ઉતારશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૫, શનિવાર
## તા. ૨૫-૧૨-૧૯૭૬, ગાથા-૯૯, ૧૦૦,
## પ્રવચન નં. ૧૬૮

પરમાત્મપ્રકાશ, ૯૯ ગાથા. અહીં સુધી આવ્યું વચમાં. જેમ વૃક્ષ તરીકે વૃક્ષ ઘણા હોય તોપણ વૃક્ષ કહેવાય. એમ જીવ ઘણા છે છતાં જાતિ અપેક્ષાએ તેને જીવ કહેવાય. એ ચાલે છે વાત.

'**ઉસી પ્રકાર જીવ-જાતિકી અપેક્ષાસે સબ જીવોંકા એકપના હૈ,...**' સંસ્કૃત, હિન્દી છે હિન્દી, પાનું-૨૪૨. '**તો ભી પ્રદેશોંકે ભેદસે સબ હી જીવ જુદે-જુદે હૈં.**' બધા આત્માઓ તદ્દન ભિન્ન પરિપૂર્ણ ભગવાન છે. આ એમ કહે છે. આહાહા..! જાતિની અપેક્ષાએ જીવ જીવ જીવ જીવ બધા અનંત હોવા છતાં, જાતિ અપેક્ષાએ એક છે, પણ સંખ્યા એની ભિન્ન ભિન્ન છે. આહાહા..! એ કહે છે જુઓ! '**ઈસ પર કોઈ પરવાદી પ્રશ્ન કરતા હૈ કિ જૈસે એક હી ચંદ્રમા જલકે ભરે બહુત ઘડોંમેં જુદા જુદા ભાસતા હૈ,...**' એક ચંદ્ર (હોય) અને જળના ઘડા હોય સો, બસ્સો, પાંચસો. તો એમાં '**જલકે ભરે બહુત ઘડોંમેં જુદા જુદા ભાસતા હૈ,...**' શું કહ્યું સમજાણું? સો ઘડા પાણીના ભરેલા હોય. ચંદ્ર છે એક. ચંદ્રનું પ્રતિબિંબ પડે તો સો ઘડામાં દેખાય. તો એક છે ઈ સોરૂપે થયોને? એમ ઈ કહે છે. '**જલકે ભરે બહુત ઘડોંમેં જુદા જુદા ભાસતા હૈ, ઉસી પ્રકાર એક હી જીવ બહુત શરીરોંમેં ભિન્ન-ભિન્ન ભાસ રહા હૈ.**' એમ અજ્ઞાની કહે છે. અજ્ઞાનીની દલીલ છે. એક બ્રહ્મ છે એમ માને છેને બધા? સર્વવ્યાપક એક આત્મા છે. જેમ ભિન્ન ભિન્ન ઘડાના પાણીમાં ચંદ્ર એક હોવા છતાં ભિન્ન ભિન્ન ભાસે છે, એમ પરમાત્મા એક હોવા

છતાં દરેક શરીરમાં જીવ ભિન્ન ભિન્ન છે એ ચંદ્રનું જ રૂપ છે, એ આત્માનું જ રૂપ છે એમ કહે છે. દેવીલાલજી!

'**ઉસકા શ્રીગુરુ સમાધાન કરતે હૈં—જો બહુત જલકે ઘડોંમેં ચંદ્રમાકી કિરણોંકી ઉપાધિસે જલ-જાતિકે પુદ્‌ગલ હી ચંદ્રમાકે આકારકે પરિણત હો ગયે હૈં,...**' શું કહે છે આ? ચંદ્ર ત્યાં છે અને પાણીમાં તો પાણીના પરમાણુઓ ચંદ્રના આકારે પરમાણુઓ પરિણમ્યા છે, એ ચંદ્ર નથી ત્યાં. સમજાણું કાંઈ? આહાહા..! અહીં આત્માની મહત્તા બતાવે છે. ભગવાનઆત્મા દેહમાં પરિપૂર્ણ, બધા થઈને પરિપૂર્ણ નહિ એક જ પરિપૂર્ણ છે. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર જિનેન્દ્રદેવ એમ કહે છે કે દેહદીઠ જે આત્મા અંદર છે એ પરિપૂર્ણ વીતરાગ આનંદકંદ છે. આહાહા..! એમાં બધા મળીને એક છે એમ નથી. ઈ એકસ્વરૂપે જ ભગવાન અંદર છે. આહાહા..! અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ દેહમાં અને રાગ ને પુણ્ય-પાપના વિકલ્પથી પણ પાર પૂર્ણ વીતરાગી આનંદકંદ પ્રભુ આત્મા છે. આહાહા..! એવા પૂર્ણ આત્માની સ્વસન્મુખ થઈને પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. આહા..! આવો ધર્મ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એ કહે છે, '**ચંદ્રમા તો એક હી હૈ, ચંદ્રમા તો હુત સ્વરૂપ નહીં હો ગયા.**' ગુરુ ઉત્તર કહે છે. ચંદ્રમા તો ત્યાં એક જ છે. પાણીના ઘડામાં જે દેખાય છે એ કંઈ ચંદ્ર નથી, એ તો પાણીના પરમાણુ એ રૂપે થયા છે. એ ચંદ્ર નથી. ચંદ્ર તો ત્યાં જ છે. છે ને? '**ઉનકા દૃષ્ટાંત દેતે હૈં.**' આચાર્ય મહારાજ એની સામે દૃષ્ટાંત દ્યે છે. '**જૈસે કોઈ દેવદત્તનામા પુરુષ...**' છે. પુરુષ છે પુરુષ અહીંયા, દેવદત્ત નામનો પુરુષ. '**ઉસકે મુખકી ઉપાધિ (નિમિત્ત) સે અનેક પ્રકારકે દર્પણોંસે શોભાયમાન કાચકા મહલ ઉસમેં વે કાચરૂપ પુદ્‌ગલ હી અનેક મુખકે આકારકે પરિણત હુએ હૈં,...**' કાચનો મહેલ હોય અને વચમાં એક દેવદત્ત ઊભો હોય. તો ત્યાં બધા કાચમાં દેખાય, એ દેવદત્ત ત્યાં નથી. ત્યાં તો કાચના પરમાણુ એ રૂપે થયેલા છે. સમજાણું કાંઈ? આહાહા..! '**કુછ દેવદત્તકા મુખ અનેકરૂપ નહીં પરિણત હુઆ હૈ,...**' દેવદત્ત એકરૂપ જે અંદર ઊભો છે એ કંઈ અનેકરૂપ થયો નથી. સમજાણું કાંઈ? એમ ચંદ્રમા એક છે અને સેંકડો ઘડામાં (દેખાય છે) એ ચંદ્રમા એક છે ઈ કંઈ અનેક થયો નથી. એ તો પરમાણુની પર્યાય ચંદ્રના એ રૂપે ચંદ્રના આકારે પરિણમી છે. ચંદ્ર નથી ત્યાં. એમ દેવદત્તના મુખથી ચારે કોર કાચ હોય, કાચનો બંગલો હોય, તો એમાં દેખાય દેવદત્ત જેવા રજકણો. પણ એ તો કાચના પરમાણુ છે. ત્યાં દેવદત્ત નથી. આહાહા..! છે? '**મુખ એક હી હૈ.**'

'**જો કદાચિત્ દેવદત્તકા મુખ અનેકરૂપ પરિણમન કરે, તો દર્પણમેં તિષ્ઠતે હુએ મુખોંકે પ્રતિબિંબ ચેતન હો જાયે.**' તો અંદરમાં દેખાય છે એ ચેતન થઈ જાય. આહાહા..! '**પરંતુ ચેતન નહીં હોતે, જડ હી રહતે હૈં,...**' એ કાચમાં દેવદત્તનું શરીર જે દેખાય છે એ શરીર નથી. કાચમાં તો કાચના રજકણો એ રૂપે થયા છે. નહિતર ચેતન થઈ જાય તો ત્યાં ચેતન થઈ જાય, જો આ ન્યાં અંદર જણાય તો. આહાહા..! આત્માને દરેક દેહથી ભિન્ન ભિન્ન ભવગાન

છે એમ અહીં સિદ્ધ કરે છે. બધા થઈને એક આત્મા એમ નથી.

અહીંયા પરમાત્મા પોતે.. આહાહા..! કહે છે જુઓ! '**ઉસી પ્રકાર એક ચંદ્રમા ભી અનેકરૂપ નહિ પરિણમતા. વે જડરૂપ પુદ્‌ગલ હી ચંદ્રમાકે આકારમેં પરિણત હો જાતે હૈં. ઈસલિયે ઐસા નિશ્ચય સમજના કિ જો કોઈ ઐસા કહતે હૈં કિ એક હી બ્રહ્મકે નાનારૂપ દિખતે હૈં.**' ભગવાન એકરૂપે પરમાત્મા છે એ અનેક પ્રકારે દેખાય છે એમ જો કોઈ કહેતા હોય તો એ જૂઠી વાત છે. વેદાંત એમ કહે છે. '**યહ કહના ઠીક નહીં હૈ. જીવ જુદે જુદે હૈં.**' આહાહા..! હવે કહે છે.

---

**ગાથા-૧૦૦**

अथ सर्वजीवविषये समदर्शित्वं मुक्तिकारणमिति प्रकटयति–

२२७) राय-दोस बे परिहरिवि जे सम जीव णियंति।
ते सम-भावि परिट्ठिया लहु णिव्वाणु लहंति।।१००।।
रागद्धेषौ द्धौ परिहृत्य ये समान् जीवान् पश्यन्ति।
ते समभावे प्रतिष्ठिताः लघु निर्वाणं लभन्ते।।१००।।

राय इत्यादि। पदस्वण्डनारुपेण व्याख्यानं क्रियते। राय-दोस बे परिहरिवि वीतराग-निजानन्दैकस्वरुपस्वशुद्धात्मद्रव्यभावनाविलक्षणौ रागद्धेषौ परिहृत्य जे ये केचन सम जीव णियंति सर्वसाधारणकेवलज्ञानदर्शनलक्षणेन समानान् सद्दशान् जीवान् निर्गच्छन्ति जानन्ति ते ते पुरुषाः। कथंभूताः। सम-भावि परिट्ठिया जीवितमरणलाभाला-भसुखदुःखादिसमताभावनारुपे समभावे प्रतिष्ठिताः सन्तः लहु णिव्वाणु लहंति लघु शीघ्रं आत्यन्तिकस्वभावैकाचिन्त्याद्भुतकेवलज्ञानादिगुणास्पदं निर्वाणं लभन्त इति। अत्रेदं व्याख्यानं ज्ञात्वा रागद्धेषौ त्यक्तवा च शुद्धात्मानुभूतिरुपा समभावना कर्तव्येत्यभिप्रायः।।१००।।

---

आगे ऐसा कहते हैं, कि सब ही जीव द्रव्य से तो जुदे-जुदे हैं, परंतु जातिसे एक हैं, और गुणोंकर समान हैं, ऐसी धारणा करना मुक्तिका कारण है–

**गाथा-१००**

अन्वयार्थ :- [ये] जो [रागद्वेषौ] राग और द्वेषको [परिहृत्य] दूर करके [जीवाः समाः] सब जीवोंको समान [निर्गच्छंति] जानते हैं, [ते] वे साधु [समभावे] समभावमें [प्रतिष्ठिताः] विराजमान [लघु] शीघ्र ही [निर्वाणं] मोक्षको [लभंते] पाते हैं।

भावार्थ :- वीतराग निजानंदस्वरुप जो निज आत्मद्रव्य उसकी भावनासे विमुख जो राग-द्वेष उनको छोड़कर जो महान् पुरुष केवलज्ञान दर्शन लक्षणकर सब ही जीवोंकी समान गिनते हैं, वे पुरुष समभावमें स्थित शीघ्र ही शिवपुरको पाते हैं। समभावका लक्षण ऐसा है, कि जीवित, मरण, लाभ, अलाभ, सुख, दुःखादि सबको समान जानें। जो अनन्त सिद्ध हुए और होवेंगे, यह सब समभावका प्रभाव है। समभावसे मोक्ष मिलता है। कैसा हे वह मोक्षस्थान, जो अत्यंत अद्भुत अचिंत्य केवलज्ञानादि अनन्त गुणोंका स्थान है। यहाँ यह व्याख्यान जानकर राग-द्वेषको छोड़के शुद्धात्माके अनुभवरुप जो समभाव उसका सेवन सदा करना चाहिए। यही इस ग्रंथका अभिप्राय है।।१००।।

---

હવે, સર્વ જીવોમાં સમદર્શીપણું મુક્તિનું કારણ છે, એમ પ્રગટ કરે છે :-

ભાવાર્થ :- જે કોઈ વીતરાગ નિજાનંદ જેનું એક સ્વરૂપ છે એવા શુદ્ધાત્મદ્રવ્યની ભાવનાથી વિલક્ષણ રાગદ્વેષને છોડીને જીવોને સર્વસાધારણ કેવળજ્ઞાન અને કેવળદર્શનતા લક્ષણથી સમાન-સદશ-જાણે છે તે પુરુષો જીવિત-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખ આદિમાં સમતાભાવનારૂપ સમભાવમાં રહ્યા થકા શીઘ્ર આત્યન્તિક એક સ્વભાવરૂપ અચિંત્ય, અદ્‌ભુત કેવળજ્ઞાનાદિ (અનંત) ગુણોનું સ્થાન એવા નિર્વાણને પામે છે. અહીં, આ કથન જાણીને અને રાગ-દ્વેષને ત્યાગીને શુદ્ધાત્માની અનુભૂતિરૂપ સમભાવના કરવી, એવો અભિપ્રાય છે. ૧૦૦.

---

## ગાથા-૧૦૦ ઉપર પ્રવચન

'આગે ઐસા કહતે હૈં, કિ સબ હી જીવ દ્રવ્ય સે તો જુદે-જુદે હૈં,...' વસ્તુથી જુદી જુદી ચીજ છે દરેક. 'પરંતુ જાતિસે એક હૈં,...' જાત બધાની એક છે. જેમ ઘઉં લાખ હોય તો એ છે ભિન્ન ભિન્ન ઘઉં પણ જાત તરીકે ઘઉં એક છે. એમ આત્મા દરેકના ભિન્ન ભિન્ન છે પણ જાતિ તરીકે એક છે. સમજાણું કાંઈ? આ શું કરવા કહે છે? કે આ દેહમાં ભગવાન દેહના રજકણો આ તો માટી છે, અંદર કર્મ છે એ માટી છે અને આ પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ પણ પુણ્યરૂપી વિકાર પાપ છે, મલિન છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના ભાવ પાપરૂપ મલિનતા છે. એ બેની અંદર પાછળ પરિપૂર્ણ ભગવાન વીતરાગ આનંદકંદ આત્મા પડ્યો છે. આહાહા..! એણે કોઈ દિ' તપાસ, નિર્ણય કર્યો જ નથી. સાધુપણું લીધું, ક્રિયાકાંડ કર્યા, પંચમહાવ્રત પાળ્યા પણ આ ભગવાન અંદર પરિપૂર્ણ અંદર જ્ઞાન અને આનંદ સ્વભાવથી પરથી તદ્દન ભિન્ન છે એવી અંતરમાં દૃષ્ટિ સમ્યક્ કદી કરી નથી. આહા..! એ વિના બધા વ્રત ને તપ ને નિયમ ને ક્રિયાકાંડ કર્યા, મરીને રખડ્યો. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે જુઓ!

'**પરંતુ જાતિસે એક હૈં, ઔર ગુણોંકર સમાન હૈં,...**' આહાહા..! એવા લાખ રત્ન હોય તો રત્ન તરીકે એક જાતિ કહેવાય, પણ રત્ન એક એક ભિન્ન ભિન્ન છે. એ રત્નનો પ્રકાશ અંદર છે એ રત્નનો છે. એમ ભગવાનઆત્મા અનંત આત્મા એક સરખા જાતિએ હોવા છતાં એનો જ્ઞાન, જ્ઞાન એટલે જાણવાનો સ્વભાવ, દેખવાનો સ્વભાવ, આનંદસ્વભાવ એ ગુણોથી બધા સમાન છે. એ ગુણો અહીં છે એવા જ ગુણો ત્યાં છે. એ અપેક્ષાએ સમાન છે પણ ગુણો બધા થઈને એક છે એમ નથી. અરે..! આવી વાતું હવે. પોપટભાઈ! આમાં ક્યાંય સંભળાય એવું નથી ન્યાં ક્યાંય. નથી? આહાહા..! પ્રભુ! તું કેવડો છો? ક્યાં છો? કેમ છો? એવી અંતરમાં દૃષ્ટિ કર્યા વિના એને સમ્યગ્દર્શન થાય નહિ અને ધર્મની શરૂઆત થાય નહિ. કામાણી! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— વ્રત ને તપ કરવાથી થાય.

ઉત્તર :— વ્રત, તપ તો વિકલ્પ છે, ધૂળેય નથી. એ તો રાગ છે. ખરું વ્રત તો આત્મા આનંદકંદમાં વીંટાઈ જવું અંદરમાં એ વ્રત છે. અને તપ પણ આત્મામાં, જેમ સોનાને ગેરુ લગાડતાં સોનું ઓપે છે, એમ ભગવાનઆત્મા આનંદની દશાથી, ઉગ્ર અતીન્દ્રિય આનંદની દશાથી શોભે એનું નામ તપ કહેવામાં આવે છે. આહાહા..! વ્યાખ્યા બધી બીજી જાતની છે ભઈ. આહાહા..! અરેરે..! કહે છે, તું ક્યાં કેવડો મોટો છો એની મોટપની તને ખબર જ નથી. અને આ દયા, દાન ને વ્રત પાળ્યા ત્યાં થઈ ગયો ધર્મ. પણ એ તો વિકલ્પ, રાગ છે. એ તો પરલક્ષી વિકાર છે, એ કંઈ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**ગુણોંકર સમાન હૈં, ઐસી ધારણા કરના મુક્તિકા કારણ હૈ—**' દેખો! આહાહા..! '**प्रकटयति**' એમ શબ્દ છે અંદર. '**मुक्तिकारणमिति प्रकटयति**'. પ્રગટ કરે છે પણ એ રીતે જાણાવે છે. એમ. આહાહા..! ૧૦૦.

૨૨૭) राय-दोस बे परिहरिवि जे सम जीव णियंति।
ते सम-भावि परिट्ठिया लहु णिव्वाणु लहंति।।१००।।

આહાહા..! **અન્વયાર્થ :— 'જો રાગ ઔર દ્વેષકો દૂર કરકે...'** આહાહા..! છે શબ્દાર્થ? ૧૦૦ ગાથા. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ પણ રાગ (છે), એને દૂર કરીને અંદર કોણ છે એની નજર કર, કહે છે. આહાહા..! ઝીણી વાત છે, બાપુ! જિનવરમાર્ગ...

મુમુક્ષુ :— વ્યવહારને દૂર કરતાં નિશ્ચય થાય એમ આવ્યું.

ઉત્તર :— વ્યવહારને દૂર કરતાં, એને માટે તો આ ચાલે છે. વ્યવહારથી થાય છે એમ કહે છે. અહીં તો વ્યવહારના રાગથી દૂર કરીને. આહાહા..! જ્યાં પરિપૂર્ણ ભગવાન આનંદસ્વરૂપથી ભર્યો પડ્યો છે આત્મા. અતીન્દ્રિય આનંદથી છલોછલ ભર્યો છે ભગવાન અંદર. ક્યાં જોવે? આહાહા..! વલખા મારે બહારમાં, જાણે પૈસામાં સુખ છે ને સ્ત્રીમાં સુખ છે ને આબરુમાં સુખ છે, ધૂળેય નથી. ઝાંવા નાખે છે અજ્ઞાની. પોપટભાઈ! સુખ નથી? પૈસા હતા છતાં ઓલું થઈ ગયું તો મન આમ ઠેકાણા વિનાનું નહોતું થઈ ગયું? તે દિ' કાંઈ પૈસા વયા નહોતા ગયા. કામાણી! ઓળખો છો

પોપટભાઈને? નહિ ઓળખતા હો. પોપટભાઈને ઓળખો છો? વઢવાણના છે. મગજ ફરી ગયું હતું અંદર. પૈસા તો હતા બે કરોડ. ધૂળમાં શું કરે ન્યાં? ચેન પડતું નહોતું, ખબર છે ને? ખબર છે. આહાહા..!

ભગવાન અંતરમાં એ પૈસાથી ભિન્ન, સ્ત્રીથી ભિન્ન, આબરુથી ભિન્ન, શરીરથી ભિન્ન, પુણ્ય-પાપના રાગથી ભગવાન ભિન્ન અંદર છે. આહાહા..! એવા આત્માની અંદર દરેક આત્મા ગુણે સમાન છે. સર્વજ્ઞ, સર્વદર્શી એવા અનંત આનંદાદિ સ્વભાવના ગુણથી તો દરેક આત્મા સરખા છે. પણ દરેક આત્મા સરખા હોવા છતાં દરેક એક નથી. એક એક ભિન્ન છે. આહાહા..! જિનવરદેવનો માર્ગ ઝીણો ભાઈ! જુઓ છે?

**'રાગ ઔર દ્વેષકો...' 'परिहृत्य' 'દૂર કરકે...'** એ શું કહ્યું? કે શરીર, વાણી, મન તો ભિન્ન છે, એની તો વાત અહીં છે નહિ. એ તો ભિન્ન જ છે. આ તો રાખ જુદી છે. પણ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ રાગ છે. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસનાનો ભાવ થાય એ રાગ છે. આહાહા..! એ રાગ અને દ્વેષના ભાવને દૂર કરીને, છોડી દઈને. આહાહા..! બાયડી, છોકરા છોડ્યા ને દુકાન છોડી ને ધંધા છોડ્યા માટે સંસાર છોડ્યો એમ નથી. જેને સંસાર નામ રાગ અને દ્વેષના ભાવ.. આહાહા..! એનાથી દૃષ્ટિ છોડી. વાત ઈ છે કે પર્યાયબુદ્ધિમાં જે રાગ-દ્વેષ દેખાય છે તેની બુદ્ધિ છોડી દઈ. આહાહા..! કાંતિભાઈ! આવો ઝીણો માર્ગ ભાઈ! ઓલો તો દયા પાળો, અપવાસ કર્યા, સામાયિક કરી, થઈ ગયો ધર્મ. ધૂળેય નથી, મરી જવાના. કહો, જાદવજીભાઈ! આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :— ....

ઉત્તર :— ઈ જ કહે છે અહીંયાં. જે રહ્યો એ ભગવાન ઉપાદેય છે અંદર. અંદર ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવી અંદર ચીજ છે. એને ખબર ક્યાં છે, સાંભળી છે ક્યાં? આ ધૂળધમાહા આગળ નવરો ક્યાં છે ઈ? આહાહા..! અને નવરો થાય તો કદાચ દયા, દાન ને વ્રતના પરિણામ કરે તો એ પણ રાગ છે. આહાહા..! એ તો ઘણીવાર કહીએ છીએ ને. સંસારના વીસ કલાક તો આમાં પાપમાં જાય છે. રળવા ને ખાવા ને ભોગમાં ને સૂવામાં ને ઊંઘમા. એકાદ કલાક વખત મળે કાંઈક તો સાંભળવા જાય તો કુગુરુ એક કલાક લૂંટી લે. તમે આ કરો તો ધર્મ થાશે, વ્રત કરો ધર્મ થાશે, તપ કરો તો (ધર્મ થાશે), લૂંટી નાખે છે માર્ગને. સમજાણું કાંઈ? આહાહા..! શ્રીમદ્દે એમ કહ્યું છે, શ્રીમદ્દે એમ કહ્યું છે હોં! કલાક એક મળે, જાય ત્યાં કુગુરુ લૂંટી લે. તમે આ અપવાસ કરો છો ને, આ વ્રત પાળો છો ને, (એનાથી) ધર્મ થાય. ધૂળેય નથી, સાંભળને. એવા વ્રત ને તપ તો અનંત વાર કર્યા.

મુમુક્ષુ :— સવારે સામાયિક કરો છો?

ઉત્તર :— હા, અમારે આવ્યું હતું ને, તે દિ'? સામાયિક કરો છો? પોષા કરો છો? હા, થઈ રહ્યું. (સંવત) ૧૯૯૦ની સાલમાં ભેગા થયા હતા. પછી ચાલતા ચાલતા વાત આવી કે આ અનંતા

રજકણનો પિંડ છે, બાપુ! આ સોનાની લગડી કે આ શરીર. ત્યારે એણે પ્રશ્ન કર્યો કે મહારાજ! કેટલા પરમાણુનો આત્મા બન્યો હશે? ઈ સામાયિક અને પોષા કરનારા. ૯૦ની સાલની વાત છે. આહાહા..! ઉજમશીભાઈ હતા, નહિ? ઓલા રોચકાવાળા નહિ? રોચકાવળા, શું નામ? ઉજમશી? એના મામા હતા. નાનચંદભાઈ, બરવાળા પાસે પાલડી છે ને? કેવું ગામ? પાનવી, પાનવી નથી? ગયા છીએ ને, એ ગામમાં ગયા હતા. ઉજમશી રોચકવાળા હતા ને? અહીં રહેતા, બોટાદ રહેતા. એ મરી ગયા અમદાવાદમાં સંથારો કરીને, ખોટો. કાંઈ ભાન ન મળે. એના મામા હતા. એ ભેગા થયા હતા ઘણા વર્ષ પહેલા. મૂળચંદજી ભેગા. એટલે ૪૦૦ માણસ બહારથી આવ્યું હતું, ગામનું માણસ હતું. પૂછ્યું, સામાયિક કરો છો? સામાયિક ચોવિહાર કરો છો? હા. પડિકમ્મણા કરો છો? બસ, બસ. થઈ ગયું જાઓ, થઈ ગયો ધર્મ. એમાં આ વાત નીકળી કે બાપુ! આ શરીર તો અનંતા રજકણ પરમાણુનો પિંડ છે. આ આત્મા નહિ. સોનાની લગડી પણ અનંતા રજકણનો સ્કંધ છે, ઈ આત્મા નહિ. ત્યારે કહે, આ આત્મા કેટલા રજકણનો બન્યો હશે મહારાજ? આ બધા (સામાયિક કરવાવાળા). અરે.. ભાઈ! રજકણ છે તે તો જડ છે. એનાથી બન્યો છે એમ ક્યાં છે? આ તો અનંતજ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન છે અંદર. આહાહા..! અરે..! એ વાત સાંભળે છે ક્યાં?

એ અહીં કહે છે, '**રાગ ઔર દ્વેષકો દૂર કરકે...**' છે? આહાહા..! એ પુણ્ય ને પાપના ભાવ એ બધો વિકલ્પ ને રાગ છે. ભાઈ! તને ખબર નથી. એ દયા, દાન, વ્રતના ભાવ શુભ છે એ પુણ્ય છે, એનાથી બંધન થાય છે, એ કંઈ ધર્મ નથી. આહાહા..! એ અંતરમાં રાગ ને દ્વેષના વિકલ્પો કષાયના ભાવ છે એનાથી દૂર કરીને, હઠી જઈને. આહાહા..! '**સબ જીવોંકો સમાન જાનતે હૈં,...**' બધા જીવો વીતરાગસ્વરૂપથી ભરેલા છે. આહાહા..! મારો નાથ ભગવાન પણ હું વીતરાગસ્વરૂપે છું. આહાહા..! વીતરાગની મૂર્તિ પ્રભુ આત્મા છે. અત્યારે હોં! અંદરમાં વીતરાગમૂર્તિ પ્રભુ છે. એવો રાગથી ભિન્ન પડી અને પોતાના વીતરાગસ્વભાવમાં આવતાં બધા જીવો વીતરાગસ્વભાવે સમાન છે એમ એને પ્રતીતમાં આવે ત્યારે એને સમભાવ થાય. સમભાવ થાય એ વીતરાગતા થાય, વીતરાગતા થાય એ ધર્મ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? એક જણ એમ કહે. આવો નવો ધર્મ? નવો નથી, અનાદિનો આ જ છે. લોકોએ કૃત્રિમ કરી નાખીને બગાડી માર્યો વીતરાગમાર્ગને. આહાહા..!

ગુણોથી સમાન બધા જીવોને જાણે છે, '**વે સાધુ સમભાવમેં વિરાજમાન...**' વીતરાગભાવે, રાગથી રહિત વીતરાગભાવે જીવને સમાન જાણે, એવા બધા જીવોને સમાન જાણી વીતરાગભાવમાં બિરાજમાન રહે. આહાહા..! એ વીતરાગભાવી જીવ '**શીઘ્ર હી મોક્ષકો પાતે હૈં.**' એ અલ્પકાળમાં સિદ્ધ ભગવાન થશે. આહાહા..! સમજાણું કાંઈ? બીજી ઉગી એ પૂનમ થશે જ. એમ જેને પરમાત્મા આનંદ પોતાનો સ્વભાવ, શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન હમણાં આવશે ટીકામાં. વીતરાગ પરમાનંદસ્વરૂપ એવું જ્યાં અંદર ભાન થયું, એ દૃષ્ટિ થઈ એ બીજ ઉગી. એ બીજ બીજ સમ્યક્.

સમ્યગ્દર્શનરૂપી બીજ, બીજ ઊગી. એનું પૂર્ણ પૂનમમાં કેવળજ્ઞાનમાં થશે એને. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સૌને જાણે તે સમભાવ કે એકને જાણે તે સમભાવ?

ઉત્તર :— એ પોતાને જાણે તો સમભાવ થયો, એટલે બધાને સરખા જાણ્યા. સમજાણું કાંઈ? આહાહા..! જેમ પોતાને રાગ-દ્વેષ રહિત જાણ્યો ત્યારે એનો અર્થ ઈ થઈ ગયો કે બધા આત્મા રાગ-દ્વેષ રહિત સમાન વીતરાગસ્વરૂપ પ્રભુ છે, અત્યારે. આહાહા..! દૃષ્ટિનો વિષય બતાવે છે કે રાગ છે, છતાં એનાથી ભિન્ન પડીને દૃષ્ટિમાં પૂર્ણ આનંદકંદ ભગવાન ધ્રુવ ચૈતન્યસ્વભાવ નિત્યાનંદ આત્મા, એ દૃષ્ટિમાં આવે ત્યારે તેને સમભાવ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન એ સમભાવનો અંશ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. ઓલું તો ઈચ્છામિ.. ઈરિયા વવરોવીયા તસ્સ મિચ્છામી દુક્કડમ. જાઓ. હેં! અને તાવકાય ઠાણેણં માણેણં અપ્પાણં વોસરે. કાંઈ ખબર ન મળે ભાન, ગડિયા હાંકે એની પણ ખબરું ન મળે. આહાહા..! વાણી છે. તસ્સ મિચ્છામી એ તો વાણી જડ છે અને વિકલ્પ ઉઠે છે કે આ, એ તો રાગ છે. અપ્પાણં વોસરે. પણ ક્યો આત્મા? એ રાગને છોડું છું અને રાગરહિત મારો ચિદાનંદઆત્મા તેને ગ્રહણ કરું છું. એનું નામ કાયોત્સર્ગ છે.

મુમુક્ષુ :— અમને કોઈ સમજાવતું નહોતું.

ઉત્તર :— વાત સાચી. આ બધી વાત બધો ફેરફાર થઈ ગયો. આહાહા..! ઓહોહો..!

શીતળ સ્વભાવ, વીતરાગ સમભાવ એવો જે ગુણ પોતાનો, એવા ગુણે બધા જીવો સમાન છે. સ્ત્રી, પુરુષ, નપુંસક એ શરીરના ચિહ્નો છે, એ આત્મામાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! સમ્યગ્દૃષ્ટિને પોતાના પૂર્ણ ગુણ ભાસે છે એ આત્મા. એમ બધા આત્મા પૂર્ણ ગુણસંપન્ન છે એ એમાં આવી જાય છે. આહાહા..! લ્યો. **'मोक्षको पाते हैं.'**

**ભાવાર્થ :— 'વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ જો નિજ આત્મદ્રવ્ય...'** જુઓ હવે. આ આત્મદ્રવ્ય કેવું છે ભગવાનઆત્મા? આત્મપદાર્થ દેહમાં ભિન્ન ભગવાન, આ દેવાલય-દેહ દેવાલય છે એમાં દેવ બિરાજે છે. આહાહા..! કેવો છે દેવ? મારો આત્મા એમ કહે છે. કામાણી! આવું ઝીણું છે. કલકત્તામાં ન્યાં સંભળાય એવું નથી. કલકત્તા રહો છો? આહા..! દાખલો આપ્યો નહોતો? શક્કરકંદનો દાખલો નહોતો આપ્યો? શક્કરકંદ છે, આ શક્કરિયા, એની લાલ છાલ છે એ ફોતરા છે, છિલકા છે છિલકા. એને ન જુઓ તો અંદર છે એ શક્કરકંદ છે. શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ છે. શક્કરિયા આ લોકો નથી ખાતા વૈષ્ણવ? મહામહિનામાં શિવરાત્રીએ. આહાહા..! એ અધશેરનો શક્કરકંદ હોય, અધશેર, એની છાલ તો જરી પાભાર જ હોય આખી. એ છાલને ન જોતાં અંદરને જોવે તો એ સાકરની મીઠાશનો પિંડ છે. એમ અહીંયા કહે છે કે પુણ્ય-પાપના ભાવને ન જુઓ, એ છાલ છે. આહાહા..! કીધુંને? રાગ-દ્વેષ એ છાલ. અને સામે વીતરાગ છે. આહા..! એ પુણ્ય-પાપના વિકલ્પની લાગણી રાગ છે તેને ન જોતાં, તેને છોડીને અંતરમાં શક્કરકંદ છે આત્મા. વીતરાગી આનંદનો પિંડ છે. આહાહા..! આહાહા..! જેના આનંદની ગંધ ઈન્દ્રને ઈન્દ્રાણીના

ભોગમાં નથી. એ તો ઝેરની ગંધ છે. સમજાણું કાંઈ? એ છે, જુઓ! શું કહ્યું?

**'વીતરાગ નિજાનંદ...'** છે? એમાં 'એક' શબ્દ પડ્યો રહ્યો છે. નિજાનંદ એકસ્વરૂપ એમ જોઈએ. સ્વરૂપ છે ને? એની વચ્ચે 'એક' જોઈએ. ઘણા ઠેકાણે 'એક' પડ્યો રહ્યો છે. આહાહા..! મહોરછાપ મારી છે. વીતરાગી નિજાનંદ—નિજઆનંદ, પોતાનો આનંદ અંદર વીતરાગી નિજાનંદ ભર્યો છે. આહાહા..! જેમ શક્કરિયું સાકરની મીઠાશનો (પિંડ છે) એટલે શક્કરિયું કહેવાય છે. શક્કરકંદનો અર્થ સાકરની મીઠાશનો પિંડ. માટે એને શક્કરકંદ કહેવાય છે. એમ આ ભગવાન આનંદનો કંદ છે. અરે..! ક્યાંય સાંભળવા મળે નહિ, એ કેદિ' વિચાર કરે? આહાહા..! રાગ-દ્વેષ એ ફોતરા છે, જેમ શક્કરકંદ ઉપર લાલ છાલ (હોય તેમ). એવા રાગ-દ્વેષ રહિત, અંતરમાં રાગ-દ્વેષને છોડીને અંતરમાં વીતરાગી નિજાનંદ ભગવાન.. અરે..! આવું કેમ બેસે? આહાહા..!

**'વીતરાગ નિજાનંદ...'** નિજાનંદ, નિજઆનંદ વીતરાગી. આહાહા..! એ શરીર, વાણી, મન તો એકકોર રાખો. એ તો જડ બિચારા એને કારણે આવ્યા અને એને કારણે જાશે. આહાહા..! એ કંઈ તારા નથી, તારામાં નથી, તેમાં તું નથી. ફક્ત જે રાગ ને દ્વેષના પરિણામ પુણ્ય-પાપના થાય છે એ તારી પર્યાયમાં છે—અવસ્થામાં છે, વસ્તુમાં નથી. આહાહા..! એ રાગ-દ્વેષના વિકલ્પને એ તરફનો આશ્રય, લક્ષ છોડી દઈને અંતરમાં ભગવાન વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ.. આહાહા..! વીતરાગ, ઓલો રાગનો આનંદ માને છે, પૈસામાં, ભોગમાં, આબરૂમાં, કીર્તિમાં, મકાન-બંગલામાં. ઈ તો રાગનું દુઃખ, રાગમાં આનંદ માને છે. એ તો દુઃખ છે. આહાહા..! આ તો વીતરાગી નિજાનંદસ્વરૂપ પ્રભુ આત્મા. આહાહા..! આ તે કેમ બેસે?

કહે છે કે પ્રભુ! તું કોણ છો? ક્યાં તારે જવાથી તને દૃષ્ટિમાં એ આવે? કે રાગથી છૂટીને અંદરમાં જા તો તારો આત્મા દૃષ્ટિમાં આવે. આવી વાત છે. આહાહા..! ઓહોહો..! વીતરાગ નિજાનંદ—નિજ આનંદ, વીતરાગી નિજાનંદ એવું જે સ્વરૂપ એવું નિજ આત્મદ્રવ્ય એ આત્મા છે. આહાહા..! આત્મદ્રવ્ય વસ્તુ છે આત્મા ભગવાન એ પુણ્ય અને પાપના વિકલ્પથી છૂટીને વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ એવું આત્મદ્રવ્ય.. આહાહા..! ૧૦૦મી ગાથા છે ને. પૂર્ણ. આહાહા..! પ્રભુ! તું પૂર્ણ વીતરાગી આનંદથી ભર્યો છો ને નાથ! આહા..! તારા ડોકિયા બીજે ક્યાં જાય? પ્રભુ! શું કરે છે તું આ? આહા..! ઈ છ છોકરા બેઠા હોય ને પેદાશ કાંઈક થઈ હોય ને એનો બાપ બેઠો હોય વચમાં, ઈ વાતું કરે અંદરથી. છ છોકરા છે એને. આહાહા..! કોના છોકરા? બાપુ! એ દયા, દાન ને વ્રતનો રાગ પણ તારો નહિ (તો) એ તો દૂર રહ્યા. આહાહા..! આણંદભાઈ! આવું ઝીણું છે આ. આહાહા..!

બહારની ચીજમાં તો કંઈ આત્મા નથી અને બહારની ચીજ આત્મામાં નથી. હવે રહી વાત પુણ્ય અને પાપના ભાવ. એ અનાદિથી થઈ રહ્યા છે. હવે એને કહે છે કે એ ઉપરની છાલ છે માટે એને છોડી દે. અંદરનો નિજાનંદ વીતરાગ ભગવાન બિરાજે છે ત્યાં દૃષ્ટિ કર. આહાહા..! એની શ્રદ્ધા-જ્ઞાન કર તો તને કલ્યાણનો પંથ હાથ આવશે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ. હવે

ઓલા રાડ્યું પાડે છે કે વ્રતને, તપને સોનગઢિયા ઊડાડે છે. ભઈ, ભગવાન ઊડાડે છે કે...? તારા વ્રત, તપ માનેલા ઈ બધા કેવા છે ઈ ખબર નથી? આહાહા..! એ સ્થુળ રાગ, સાધારણ હોય તો. નવમી ગ્રૈવેયકે ગયો ને વ્રત, તપ કર્યા એવો તો અત્યારે છે પણ ક્યાં? અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો. ત્યારે તો બાર-બાર મહિનાના સંથારા. આહાહા..! બે-બે મહિનાના સંથારા, બાર-બાર મહિનાના અપવાસ અને બાળ બ્રહ્મચારી, જાવજીવ બ્રહ્મચર્ય પાળ્યું. એ તો બધો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! પરલક્ષી વૃત્તિ છે, એ કંઈ વસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! એ બધા ઝવેરી છે. સલવાઈ ગયા, બહારમાં પૈસામાં જરી સરખું હોય તો સલવાઈ જાય. શું હશે? આહાહા..!

પ્રભુ! તું કેવડો છો? અને એવડા બધા જીવો છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :— તમે વ્રત, તપને કેમ ઊડાવો છો? આત્માને જાણ્યો નથી..

ઉત્તર :— ઈ વ્રત છે. નિશ્ચય સ્વરૂપ વીતરાગ નિજાનંદ સ્વરૂપ એમાં લીન થવું એ વ્રત છે. આ તો વ્યવહાર વ્રતાદિની વાતમાં ધર્મ માને છે એ બધું જૂઠ છે, એ તો પુણ્ય છે. આહાહા..!

પહેલા શબ્દમાં જ ગજબ કર્યો છે. વીતરાગ—રાગ વિનાનું નિજ આનંદસ્વરૂપ પ્રભુ. આહાહા..! એકસ્વરૂપ. પાછો ભેદ નહિ એમ કહે છે. વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ. આ તો અધ્યાત્મ-વાત છે બાપુ! વીતરાગની વાણી ઝીણી બહુ. આત્મા વીતરાગી નિજ પોતાનો આનંદ એકસ્વરૂપ. ભેદ પણ નહિ પાછો પર્યાયમાં. આહાહા..! સમજાણું કાંઈ? આ કંઈ વાર્તા નથી કે થોડા શબ્દોમાં પૂરું થઈ જાય. આ તો ગંભીર વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એવું જે નિજ. બેય ઠેકાણે, નિજવીતરાગ નિજઆનંદસ્વરૂપ ત્યાં પણ નિજ લીધું અને એવું નિજ આત્મદ્રવ્ય. આહાહા..! એને આ પુણ્ય ને પાપની ક્રિયાવાળો માનવો, રાગવાળો માનવો તો સ્વરૂપ જેવું છે એનો અનાદર છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત કરી છે! આહાહા..!

પાઠમાં એટલું લીધું છે ને? '**राय-दोस बे परिहरिवि जे सम जीव णियंति।**' જે સમભાવ '**पश्यन्ति**' એમ છે ને? '**णियंति**'નો અર્થ '**पश्यन्ति**' કર્યો છે. શું કહે છે? પુણ્ય અને પાપના વિકલ્પની વૃત્તિઓને છોડી દઈને અંદરમાં રાગ-દ્વેષ રહિત '**सम जीव णियंति**' એ તો સમની વ્યાખ્યા કરી. સમભાવી એટલે વીતરાગી નિજાનંદ જીવ એને જે દેખે છે, માને છે એ સમભાવી '**परिट्ठिया**' સમભાવમાં રહેનારા અલ્પ કાળમાં નિર્વાણને પામે છે. ઓલા વ્રતના વિકલ્પને છોડી દઈને અંદરમાં સ્થિર થાય તે પામે છે. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! તું છો એ પૂર્ણ અંદર છો. એ પર્યાયમાં પણ પૂર્ણતા નથી આવતી. રાગ ને પુણ્ય-પાપના વિકલ્પો તો વિકાર છે. એમાં તો તું નથી, એ તારામાં નથી. પણ એક સમયની તારી દશા છે એમાં એ પૂર્ણ આવતો નથી. પૂર્ણ પૂર્ણપણે રહી પર્યાય પર્યાયપણે થાય છે પણ એ પર્યાયમાં, આહાહા..! પર્યાય એટલે અવસ્થા—હાલત. રાગથી જુદું પાડીને વીતરાગી નિજાનંદમાં, નિજાનંદ એકસ્વરૂપ એવું આત્મદ્રવ્ય.. આહાહા..! છે?

'**ઉસકી ભાવનાસે વિમુખ...**' ભગવાન નિજાનંદઆત્મા આત્મદ્રવ્યસ્વરૂપની એકાગ્રતાથી

વિમુખ. આહાહા..! '**રાગ-દ્વેષ...**' જુઓ ભાષા! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ આત્માના ભાવનાથી વિમુખ છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ નિજાનંદ, નિજાનંદપ્રભુ એકસ્વરૂપી આત્મા એવો જે નિજઆત્મપદાર્થ, તેની એકાગ્રતાથી વિમુખ. એની સન્મુખતાથી વિમુખ રાગ અને દ્વેષ. આહાહા..! એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ એ આત્માના સ્વભાવની સન્મુખતાથી વિરુદ્ધભાવ છે, વિમુખભાવ છે. આહાહા..! છે ને? '**રાગ-દ્વેષ ઉનકો છોડકર...**' ભગવાન વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ એવો આત્મપદાર્થ, એની એકાગ્રતાથી, એની સન્મુખતાથી વિમુખ રાગ અને દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ એનાથી વિમુખ. આહાહા..! કેમકે રાગના પરિણામની દિશા પર તરફ છે અને આત્માની પરિણતિની દિશા, દશા સ્વ દિશા તરફ છે. આવો ધર્મ. શું કીધું?

પોતાનો નિજાનંદ વીતરાગ આત્મદ્રવ્ય એની સન્મુખતાની એકાગ્રતા, એનાથી વિમુખ રાગ. આહાહા..! એ '**રાગ-દ્વેષ ઉનકો છોડકર...**' સ્વભાવની એકાગ્રતાથી વિમુખ એવા રાગ-દ્વેષને છોડીને '**જો મહાન પુરુષ...**' આહાહા..! મહાન પુરુષ તે છે કે જે '**કેવલજ્ઞાન દર્શન લક્ષણકર સબ હી જીવોંકો સમાન ગિતને હૈં,...**' આહાહા..! કેવળજ્ઞાન એટલે? કેવળજ્ઞાનની પર્યાય નહિ અહીં. જ્ઞાનપુંજ પ્રભુ એકલું જ્ઞાન, એકલું જ્ઞાન. જેમ રૂનું ઢોકડું એકલું છે પચ્ચીસ મણનું, એમ આ જ્ઞાનનું ઢોકડું છે આખો આત્મા. આહાહા..! કેટલાકે તો આ વાત સાંભળી પણ ન હોય. આવો હશે માર્ગ? અરેરે..! માર્ગને વીંખી નાખ્યો, બધાએ પીંખી નાખ્યો, બાપા! તેથી વિરોધ કરે છે ને લોકો. ભાઈ! તને ખબર નથી, બાપુ! આહાહા..!

એ બાહ્યવ્રત, દયા, તપ, અપવાસ, ભક્તિ, પૂજા એ ભાવ આત્માના સ્વભાવની સન્મુખતાથી વિમુખભાવ છે. આહાહા..! કેમ? કે રાગની દશાની દિશા પર તરફ છે અને વીતરાગ પરિણતિની દશા સ્વ દિશા તરફ છે. બેયના મુખ ફેર છે. આહાહા..! આવો ઉપદેશ હવે. કરવું શું અમારે આમાં કાંઈ સૂઝ પડતી નથી. આ કરવું એ ચાલતું નથી? કે પુણ્ય ને પાપના વિકલ્પોની હયાતી છે, એ હયાતીનું લક્ષ છોડી દઈને ભગવાન આત્મદ્રવ્ય પરમાત્મા બિરાજે છે અંદરમાં, બધા આત્માઓને, શરીરના લક્ષને છોડી દે, સ્ત્રી, પુરુષ ને નપુંસક ને તિર્યંચ, નારકીના દેહ એ તો આત્મા નહિ, અને અહીંયા પુણ્ય અને પાપના ભાવ પણ આત્મા નહિ. કારણ કે પુણ્ય-પાપ તત્ત્વ ભિન્ન છે નવ તત્ત્વમાં. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. તો પુણ્ય, પાપ તત્ત્વ ભિન્ન છે. એનાથી ભગવાન ભિન્ન છે. કહો, શેઠ! આવી વાત છે. અરે..!

મુમુક્ષુ :— છોડવું ઈ છોડવું રહ્યું, કરવું કાંઈ નથી.

ઉત્તર :— આ છોડવું ને આ કરવું, ઠરવું ઈ કરવું ન આવ્યું? રાગનો વ્યય કરીને સ્વભાવનો સમભાવ પ્રગટ કરવો. આહાહા..! છોડવું એ પણ નાસ્તિથી વાત કરે છે. બાકી ખરેખર તો વીતરાગ નિજાનંદસ્વરૂપ જીવદ્રવ્ય, એમાં ઠરતાં રાગની ઉત્પત્તિ થતી નથી તેને રાગ છોડ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! આરે.. આરે..! હેં! વસ્તુ તો આમ છે બાપા! ઉપદેશની શૈલી તો કેવી ચાલે?

આહાહા..!

નિજાનંદ ભગવાનઆત્મા અનાકુળ આનંદનો કંદ પ્રભુ એ આત્મદ્રવ્ય. આહાહા..! એ આત્મપદાર્થ. એની સન્મુખતાનો ભાવ એ વીતરાગભાવ. કેમકે વસ્તુ વીતરાગી નિજાનંદસ્વરૂપ છે, તો એની સન્મુખતાનો ભાવ વીતરાગ છે. આહાહા..! શું કહ્યું? વીતરાગ નિજાનંદ એકસ્વરૂપભગવાન આત્મપદાર્થ છે તો તેની એકાગ્રતાનો ભાવ પણ વીતરાગી ભાવ છે. આહાહા..! કેમકે વીતરાગ નિજાનંદસ્વરૂપ ભગવાન એનો આશ્રય લઈને ઉત્પન્ન થાય એ વીતરાગી પર્યાય હોય. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. માર્ગ બાપા જુદા ભાઈ! આહાહા..! ચોર્યાસીના અવતારમાં દુઃખી. એક એક યોનિમાં અનંત અવતાર કર્યા બાપા! આહાહા..! એના દુઃખના દરિયા ભરાય એવા દુઃખ સહન કર્યા છે બાપુ! તેં તો વેઠ્યા પણ તારા દુઃખને દેખનારાને આંસુ આવ્યા છે. એ ભૂલી ગયો પણ. અહીં જરી માણસપણું મળ્યું, પંચેન્દ્રિય થયો એમાં કાંઈક પૈસા પાંચ-પચ્ચીસ હજાર, લાખ, બે લાખ, પાંચ લાખ મળે. આહાહા..! એમાં કાંઈક આવડત આવડી હોય આ લૌકિક લ્યોને. લૌકિક. આહાહા..! ભગવાન! તું ભૂલી ગયો પ્રભુ! આહાહા..!

અહીં તો શું કહે છે? આ ગજબ વાત છે! આત્મા જે છે એ વીતરાગી નિજાનંદ એકસ્વરૂપ એ આત્મદ્રવ્ય છે. એનો ગુણ વર્ણવ્યો. એ ગુણી એવો ભગવાન કેવા ગુણવાળો છે? આહાહા..! કે એ વીતરાગી નિજાનંદ એકસ્વરૂપ ગુણવાળું એ દ્રવ્ય છે. એ રાગવાળું છે અને એક સમયની પર્યાયવાળું છે એમ નહિ, એમ કહે છે. આહાહા..! કહો, વીરચંદભાઈ! આમાં કાંઈ કલકત્તામાં મળે એવું નથી ન્યાં ક્યાંય. આહાહા..! શરીર, વાણી, મન પરદ્રવ્યનું અસ્તિત્વ છે, છે ઈ એનામાં. હવે અહીંયા કર્મનું અસ્તિત્વ છે એ કર્મમાં. હવે અહીંયાં પુણ્ય-પાપના ભાવ છે ઈ વિકારનું અસ્તિત્વ છે ઈ વિકારમાં. આહાહા..! અહીં તો આ હોવાપણાનું તત્ત્વ કેવડું છે અહીંયા? આહાહા..! જે વીતરાગી નિજાનંદ એકસ્વરૂપ જેની હયાતી છે. આહાહા..! સમજાણું કાંઈ? ન્યાં ક્યાંય બીડ્યુંમાં-બીડ્યુંમાં મળે એવું નથી. શેઠ! શું કહેવાય? તમાકુના મોટા ભર્યા છે આખા ગોદામ. સાંઈઠ તો મોટરું ઘરે છે. ધૂળમાંય નથી કહે છે. મોટરનું અસ્તિત્વ એમાં છે. આહાહા..! તને તારામાં થતા પુણ્ય અને પાપનું અસ્તિત્વ એ ક્ષણિક વિકાર છે, એનું અસ્તિત્વ એનામાં છે. એનું અસ્તિત્વ વસ્તુમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પરમાત્મપ્રકાશ, તારો નાથ પરમાત્મપ્રકાશસ્વરૂપ છે એમ કહે છે.

ઓહોહો..! એક લીટીમાં કેટલું ભરી દીધું છે! ભાવના શું લીધું? વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ આત્મપદાર્થ, એની એકાગ્રતા, એની સન્મુખની વીતરાગ પર્યાય થઈ એમાં એકાગ્રતા. એનાથી વિમુખ. આહાહા..! એવા જે '**રાગ-દ્વેષ ઉનકો છોડકર જો મહાન પુરુષ...**' આહાહા..! એને મહાન કહીએ અહીં તો કહે છે. બાકી બધા પૈસાવાળા કરોડપતિ ને અબજોપતિ બધા ભિખારા છે. આહાહા..! મહાન પુરુષ તો ભલે આઠ વર્ષનું બાળક હોય, પણ જે રાગને છોડીને સ્વરૂપમાં ઠરે છે એ મહાન પુરુષ છે. આહાહા..! ઓલું એક આવે છેને? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં નથી આવતું?

ચેતનામાં પુરુષ કોને કહીએ? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવે છે. ચેતનામાં સૂવે જે જાગીને એનું નામ પુરુષ કહીએ. રાગમાં સૂવે એ પુરુષ નથી. એ બધા નપુંસકો છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં પણ જે પડ્યો છે એ નપુંસક છે. કેમકે વીર્યસ્વરૂપ જે આત્માનું છે, એ વીર્યસ્વરૂપ જે બળ—આત્મબળ, એની રચના તો નિર્મળની રચના કરે એ એનું બળ છે. વિકારની રચના કરે એ નપુંસક છે, એનું બળ નહિ. આહાહા...! ગજબ વાત છે ને! પરના ધંધા-બંધા તો કરી શકતો નથી, પણ રાગની રચના કરે દયા, દાન ને વ્રતની.. આહાહા..! એ વીર્યને નપુંસક કહ્યું છે. જેમ નપુંસકને પ્રજા ન હોય, પાવૈયાને પ્રજા ન હોય.. આહાહા..! આ હીજડા પ્રજા હોય એને દીકરા-દીકરી? એમ જેને પુણ્યપરિણામમાં આત્માની પ્રજા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વિસામાનું વાક્ય છે, સમજાણું ઈ. આહાહા..!

અંદરમાં પુણ્ય પરિણામની રચના કરે અને એ હું, એ તો કહે છે કે મિથ્યાદૃષ્ટિ નપુંસક છે. લાદીની રચના કરે ઈ નહિ, એ તો નહિ જ. વાત દૂર રહી ગઈ? થાણામાં છે એનું લાદીનું મોટું કારખાનું. ત્યાં ઉતર્યા હતાને તે દિ'. આહાહા..! એની રચના તો આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. પણ પુણ્યના પરિણામની રચના કરે એને આત્મબળથી ભિન્ન નપુંસક કહેવામાં આવ્યા છે. આહાહા..! આવી વાતું હવે. અને જે પુણ્યના પરિણામને છોડી વસ્તુમાં એકાગ્ર થાય છે.. છે? **'છોડકર જો મહાન પુરુષ કેવલજ્ઞાન દર્શન લક્ષણકર સબ હી જીવોંકો સમાન ગિનતે હૈં,...'** એક જ્ઞાન, દર્શનસ્વરૂપ ભગવાનઆત્મા, એમ પોતે સમભાવમાં આવ્યો તો બધાને એવા જ જાણ્યા એમ કહે છે. આહાહા..! કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એટલે પર્યાય નહિ હોં! કેવળીની કેવળ પર્યાય એ તો પર્યાય છે. આ તો કેવળજ્ઞાન આખી વસ્તુ. **'કેવલજ્ઞાન દર્શન લક્ષણકર સબ હી જીવોંકો સમાન ગિનતે હૈં,...'** એ મહાન પુરુષ છે. આહાહા..!

**'વે પુરુષ સમભાવમેં સ્થિત શીઘ્ર હી શિવપુર કો પાતે હૈં.'** લ્યો. આહાહા..! કેમકે આત્મા વીતરાગી નિજાનંદસ્વરૂપ આત્મદ્રવ્ય અને વીતરાગની આજ્ઞા એ છે કે રાગને છોડીને અંદર વીતરાગી સ્વભાવનો આશ્રય લે તો તને વીતરાગી સમભાવ પ્રગટ થશે. આહાહા..! કેમકે વીતરાગીસ્વરૂપ જ તું છો, સમભાવીસ્વરૂપ જ તું છો. સમભાવીસ્વરૂપ જ તું છો. એનો આશ્રય લઈને સમભાવ, શાંતિ, વીતરાગતા, નિજાનંદ સુખની પરિણતિ... આહાહા..! એને સમભાવ કહીએ અને એનાથી તારી અલ્પકાળમાં મુક્તિ થશે. સમજાણું કાંઈ? આહાહા..! **'વે પુરુષ સમભાવમેં સ્થિત...'** જ્ઞાન, દર્શન ત્રિકાળી સ્વભાવ એમાં સ્થિત એ સમભાવ. રાગમાં સ્થિત એ વિષમભાવ રાગ-દ્વેષ. પુણ્ય-પાપમાં સ્થિત એ વિષમભાવ. જ્ઞાન, દર્શનમાં સ્થિત તે સમભાવ. આહાહા..! આરે..! આવો માર્ગ ભાઈ! બહુ માર્ગ એવો છે પ્રભુનો વીતરાગમાર્ગ એવો છે. આહાહા..! અરે..! લોકોને વાડામાં જન્મ્યા એને સાંભળવા મળે નહિ. આહા..! હેં! છેને, અહીં તો ૮૭ વર્ષ થયા. સીત્તેર વર્ષથી તો જાણીએ છીએ બધું. આહાહા..! અરેરે..! આ ચીજ ક્યાં છે? અરે..! સાંભળવા મળે નહિ, એને રુચિમાં કે દિ' આવે? એ દશા કે દિ' બદલે? પર તરફની દશાની

દિશા પર તરફ છે. તારા સ્વભાવની દશાની દિશા તારામાં અંદર છે. આહાહા..! અંતર્મુખ જો. આહાહા..! જ્યાં ભગવાન બિરાજે છે પૂર્ણાનંદ પ્રભુ પોતે. આહાહા..! સમજાણું? હવે એ સમભાવ કોને કહીએ એની વ્યાખ્યા કરશે. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૬, રવિવાર
## તા. ૨૬-૧૨-૧૯૭૬, ગાથા-૧૦૦, ૧૦૧,
## પ્રવચન નં. ૧૬૯

પરમાત્મપ્રકાશ, ગાથા-૧૦૦. ભાવાર્થ ફરીને. જૈનદર્શનનું રહસ્ય છે આ. આ આત્મા '**વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ નિજ આત્મદ્રવ્ય...**' આહાહા..! આ ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવે પ્રગટ કર્યો અને જગતને પ્રગટપણે પ્રસિદ્ધિ કરી કે ભગવાન તું કોણ છો? આહાહા..! વીતરાગ પરમાનંદ નિજાનંદ એકસ્વરૂપ નિજ આત્મદ્રવ્ય. જુઓ! આહાહા..! જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે, ધર્મની પહેલી સીઢી, એણે આ આત્મા સંયોગી ચીજ છે એમાં તો એ નથી, અંદર દયા, દાન, ભક્તિના, પૂજાના ભાવ આવે એમાં પણ આત્મા નથી, એ તો રાગ છે. આહાહા..! એમ એક સમયની પ્રગટ પર્યાય જે વ્યક્ત છે એ કંઈ આત્મા પૂર્ણ નથી. આહાહા..! એ તો વીતરાગ નિજાનંદ, વીતરાગી નિજ આનંદસ્વરૂપ ભગવાન દ્રવ્ય આત્મા છે. આહાહા..! ભાવાર્થ છે ને પહેલી લીટી. બહુ જ વીતરાગ સર્વજ્ઞ જિનવરદેવનું રહસ્ય આત્મા કેવો છે એ બતાવીને એની પ્રતીત કરે, એને અનુભવે તો એને ધર્મ થાય. બાકી બાહ્યથી આ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને જાત્રા (કરે) એ બધી રાગની ક્રિયાઓ છે. આહાહા..! બહુ આકરું કામ. એ રાગને જાણનાર વર્તમાન જ્ઞાનની પર્યાય છે એ પણ પર્યાયબુદ્ધિવાળો માને એને. સમકિતી તો પૂર્ણ આનંદ નિજાનંદ વીતરાગસ્વરૂપ આત્મદ્રવ્ય એને માને છે.

મુમુક્ષુ :— એમાં જ્ઞાનપર્યાય સાથે લ્યે તો શું વાંધો?

ઉત્તર :— જ્ઞાનપર્યાય જાણે છે ને એને. જ્ઞાનપર્યાય જાણે છે એને. જ્ઞાનપર્યાય પર્યાયને જાણે છે એમ નહિ. જ્ઞાનની પર્યાય... ઝીણી વાત ભગવાન! આ તો વીતરાગ પરમેશ્વર જન્મ-મરણ રહિત થવાનો પંથ પરમાત્માનો. કહે છે, એમણે શું પૂછ્યું? કે વર્તમાન પર્યાયને દૃષ્ટિમાં ભેગી લઈએ તો? પણ પર્યાય અંદર ગઈ તો જાણનાર કોણ રહી? એ તો મોટો ભ્રમ છે. મોટો ભ્રમ.

મુમુક્ષુ :— અંતરમાં જઈને જાણે.

ઉત્તર :— અંદરમાં જાય પણ અંદરમાં જાય એ જાણી કોણે? જાણવાની પર્યાયમાં જાણી કોણે? એ પર્યાય જાણે છે કે આ પરિપૂર્ણ મારું સ્વરૂપ છે. આહાહા..! ઝીણી વાત ભાઈ! વર્તમાનમાં તો એવી ગડબડ થઈ ગઈ છે. આહાહા..!

પરમેશ્વર જિનવરદેવ ત્રિલોકનાથ એણે આ આત્માને એવો કહ્યો ને જોયો ને જાણ્યો કે ભગવાનઆત્મા... આહાહા..! અરે..! એને ભગવાન કહેતા પણ આકરું પડે. બાપુ! ભગવાન છો પ્રભુ! તને ખબર નથી. આહાહા..! તારો સ્વભાવ કીધોને? '**વીતરાગ નિજાનંદસ્વરૂપ એકસ્વરૂપ નિજ આત્મદ્રવ્ય ઉસકી ભાવના...**' એ ભાવના પર્યાય થઈ. સમજાણું કાંઈ? આહાહા..! ઝીણી વાત બાપુ! જિનવરદેવ પરમેશ્વર એનો માર્ગ અલૌકિક છે. વર્તમાન તો વીંખી નાખ્યો. આ જાત્રા કરે ને ધર્મ થઈ જાય, વ્રત પાળે ને ધર્મ થઈ જાય, ભગવાનની ભક્તિ, પૂજા કરે ને ધર્મ થઈ જાય, એવો બગાડી માર્યો માર્ગને. બાપુ! એ માર્ગ નથી, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :— પર્યાય પણ વૈભવ છે ને પોતાનો.

ઉત્તર :— પણ એ વૈભવમાં જણાય છે કોણ? ડાહ્યાભાઈ! આહાહા..! નિજપર્યાય પર્યાયનો વિષય પોતે નથી. પર્યાયનો વિષય ત્રિકાળી જ્ઞાયકભાવ છે. આહાહા..! ઝીણી વાત ભાઈ! ચાલતો પંથ છે એમાં આ બધી વાત ફેરફારવાળી થઈ ગઈ છે. ..ભાઈ! આવો માર્ગ ભાઈ!

મુમુક્ષુ :— ભેદ પડી જાય છે.

ઉત્તર :— ભેદ જ છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી એવો ભેદ છે. પર્યાયમાં દ્રવ્યની જે શક્તિ નિજાનંદ, સહજાનંદ પ્રભુ એકસ્વરૂપ આત્મદ્રવ્ય તેનું જ્ઞાન આવે, તેની શ્રદ્ધા થાય પણ તે પર્યાયમાં એ આત્મદ્રવ્ય આવી ન જાય. આહાહા..! આવી વાતું. ઓલું તો દયા પાળો ને ભક્તિ કરો ને પૂજા કરો ને વ્રત કરો, થઈ ગયો ધર્મ. અરે.. બાપુ! એ તો મરી ગયો અનંત વાર કરીને. ભાઈ! જેનાથી સમ્યગ્દર્શન થાય, આહાહા..! સમજાણું કાંઈ? શાંતિથી માર્ગ છે પ્રભુ આ તો. આહાહા..!

અહીંયા તો નિજાનંદ વીતરાગ એકસ્વભાવ એવું જે આત્મદ્રવ્ય એવો જે ભગવાનઆત્મા નિત્યાનંદ ધ્રુવ. એની ભાવના એ પર્યાય. સમજાણું કાંઈ? પર્યાયની ભાવના નહિ. દ્રવ્યની ભાવના પર્યાય.

મુમુક્ષુ :— પર્યાય કહે છે, હું ધ્રુવ છું એ ખોટું ન કહેવાય?

ઉત્તર :— પર્યાય કહે છે કે ધ્રુવ છું એટલે કે ત્રિકાળી છું. એમ ત્રિકાળી સ્વીકારે છે પર્યાય. આહાહા..! ઝીણી વાત ભાઈ! મૂળ ચીજને સમજવી બાપુ! કઠણ છે ભાઈ! શાસ્ત્ર ભણ્યો અનંત વાર, અગિયાર અંગ ભણ્યો, પંડિતાઈમાં પૂજાણો, એ ચીજ બીજી બાપુ! સમજાણું કાંઈ?

અહીંયા ભગવાનઆત્મા વીતરાગ નિજાનંદ એકસ્વભાવરૂપ જે આત્મદ્રવ્યવસ્તુ. એ વસ્તુ. એની ભાવના. એટલે પર્યાય એની ભાવના—એકાગ્રતા કરે છે. પર્યાય એ વસ્તુમાં એકાગ્ર થાય છે. પર્યાયમાં પર્યાય એકાગ્ર થાય છે એમ નહિ. આવો માર્ગ ભાઈ! શું થાય? આહાહા..! સંસારના પાપને આડે નવરો નથી. આ રળવું ને ખાવું ને ભોગ ને વિષય ને રાત્રે છ-સાત કલાક સૂવું ને... આહાહા..! એકલી જિંદગી પાપમાં જાય છે. ધર્મ તો નથી પણ પુણ્ય નથી ત્યાં તો. આહાહા..! આ ધંધા ને... એ.. પોપટભાઈ! હેં! વધારે પૈસાવાળાને વધારે ઉપાધિ. બે કરોડ ને પાંચ કરોડ ને દસ કરોડ ને ધૂળ ભેગી. માટી છે, પુદ્‌ગલ છે, પ્રભુ! એ તું નહિ. તું એમાં નહિ અને એ તારામાં નહિ.

તને માનવો હોય તો તું કેવડો છો? આહાહા..! એમાં એ પૈસો, પરિગ્રહ ને જડ, કુટુંબ, સ્ત્રી, પુરુષ તો એમાં નથી, એ તો પરચીજ છે. પણ એમાં કર્મ પણ નથી વસ્તુમાં. ભગવાન એને અહીં વસ્તુ કહે છે. કર્મ તો નથી પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે રાગ છે તે વસ્તુમાં નથી. એ તો નથી પણ વર્તમાન પર્યાય એને જાણે છે એ પર્યાય એમાં નથી. ડાહ્યાભાઈ! આવો માર્ગ છે, ભગવાન! શું કહીએ? પરમાત્માનો સંદેશ તો આ છે. આહાહા..! અરે..! એની મોટપ એને સૂઝી નથી. એની મહત્તા ભગવાનઆત્મા એક સમયમાં.. આહાહા..!

વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ પ્રભુ. આહાહા..! ભાષા તો જુઓ! એવું જે નિજ દ્રવ્ય. પાછું ત્યાં પણ નિજ દ્રવ્ય લીધું. '**ઉસકી ભાવના...**' એને જાણનારી પર્યાય. એમાં એકાગ્ર થાય તેને અહીંયા પર્યાયને ભાવના કહેવામાં આવે છે. આહાહા..! ભારે પકડવું કઠણ હજી સાંભળવામાં. ભગવાન વીતરાગ નિજાનંદ એકસ્વરૂપી પ્રભુ એ દ્રવ્ય, એ વસ્તુ. અને એ વસ્તુમાં શ્રદ્ધા કરનાર, જાણનાર પર્યાય એ એની ભાવના કહેવામાં આવે છે. ભાવનામાં ભાવની એકાગ્રતા છે. ભાવની એકાગ્રતા એ ભાવનામાં છે. આહાહા..! ઝીણી વાત ભાઈ! અનંત જન્મ-મરણ કરીને... આહાહા..! એ બધા અબજોપતિ, કરોડોપતિ દુઃખી છે બિચારા. દુઃખી, દુઃખી, દુઃખી, દુઃખી. આહાહા..! આત્માના આનંદની ખબર નથી.

હું સહજાનંદમૂર્તિ પ્રભુ છું, મારું નિધાન તો.. આવ્યું હતું ને? ૯૬માં નહોતું આવ્યું? ૯૬માં છેલ્લો શબ્દ આવ્યો હતો. '**કેવલજ્ઞાનવેલિકે કંદ સુખ-પંક્તિ હૈ,...**' આહાહા..! ૯૬નો છેલ્લો શબ્દ છે, ૯૬ ગાથા. ૯૬ છે ને? એનો છેલ્લો શબ્દ છે. ... ભાઈ! ૯૬નો છેલ્લો શબ્દ છે. ૯૬, ૯૬. '**કેવલજ્ઞાવેલિકે કંદ સુખ-પંક્તિ...**' આહાહા..! નાથ! તું જો તો ખરો તને, કોણ છો? એકલો જ્ઞાન ને આનંદની વેલડીનો કંદ છે એ તો પ્રભુ. આહાહા..! જ્ઞાન ને આનંદની ધારાવાહી પંક્તિ પડી છે અંદર. ..ભાઈ! આ તો કોઈ દિ' સાંભળ્યું પણ નથી ન્યાં. આહાહા..! અરે..! પ્રભુ! તું કોણ છો, જો તો ખરો ભાઈ! અને જેવો જેવડો જેમ છે એમ એને પ્રતીતિમાં અને જ્ઞાનમાં ન આવે તો એ પ્રતીતિ અને જ્ઞાન સાચું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવો ધર્મ કેવો વળી? આ વીતરાગનો ધર્મ આવો હશે? વીતરાગમાં તો દયા પાળવી ને છકાયની હિંસા ન કરવી ને એવું સાંભળ્યું હતું. કંદમૂળ ન ખાવા ને છ પરબી બ્રહ્મચર્ય પાળવા. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો પ્રભુ! એ ક્રિયા તો રાગની છે. એ રાગ તારામાં નથી. ..ભાઈ! આવું છે ભગવાન! આહાહા..!

આત્મવસ્તુ આવી છે. પછી જ્ઞાન, દર્શન કહેશે. અત્યારે આ દ્રવ્ય કહે છે. આહાહા..! પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ એવા સ્વભાવવાળો પદાર્થ, એવા આત્મદ્રવ્યની ભાવના.. આહાહા..! એની સન્મુખતા થવી અને રાગ, નિમિત્ત અને પર્યાયની વિમુખતા થવી. આહાહા..! માર્ગ એવો છે ભાઈ! આહાહા..! '**જો રાગ-દ્વેષ...**' દેખો! ભગવાનઆત્મા પૂર્ણઅતીન્દ્રિયઆનંદ અને પૂર્ણજ્ઞાનનો કંદ પ્રભુ. જેમ વેલડીમાં કોળા પાકે છેને? અધમણ અધમણના. આ વેલડી વેલડી. આ કોળા નહિ અધમણના? વેલડી નાની છે પણ પાક આવા થાય છે. આહાહા..! એમ ભગવાનઆત્મા

એનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશી નાનું છે અહીં. પણ એની વેલડી ફાલે છે ત્યારે અનંતજ્ઞાન અને અનંતઆનંદના કોળા ફાટે છે એમાંથી. કોળા સમજ્યા શેઠ? સાકરકોળા. સાકરકોળા મીઠાશ હોય. શક્કરકંદની મીઠાશ હોય એવી એની મીઠાશ ન હોય. પણ એને સાકરકોળા કહે છે. શક્કરકંદને સાકરકંદ કહે છે. શક્કરકંદ છે ને? એ ખરેખર શક્કરકંદ—સાકરનો કંદ છે. એ શક્કરિયા ઉપરની લાલ છાલ સિવાય સાકરનો પિંડ છે એ શક્કરિયા. એટલે એને શક્કરકંદ કહે છે. અને આને સાકરકોળા કહે છે.

એમ ભગવાન આનંદની વેલડી. આહાહા..! એની પર્યાયમાં અનંતઆનંદ ને અનંતશાંતિ પાકે છે. એ એની વેલડીના ફળ છે પ્રભુ! આહાહા..! કહો, ડાહ્યાભાઈ! અરેરે! એણે નિજપરમાત્મા પોતે સ્વરૂપ છે. આહાહા..! એની.. છે? એનાથી વિમુખ. ભાવનાથી વિમુખ હોં! ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવ આનંદપ્રભુ પૂર્ણ આનંદનો નાથ એની ભાવના એટલે એકાગ્રતા પર્યાય, એનાથી વિમુખ જે પુણ્ય અને પાપ. આહાહા..! સમજાણું કાંઈ? એ દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા ને તપ ને હિંસા ને જૂઠું ને ચોરી ને વિષય એ બધા વિકલ્પો રાગ છે. આહાહા..! એ અહીં કહે છે, એનાથી વિમુખ જે રાગ-દ્વેષ. આહાહા..! ભાવના એ સ્વભાવની સન્મુખ છે અને ભાવનાથી પુણ્ય-પાપ તે વિમુખ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો વળી ક્યાંય રહી ગઈ. માટી મળે આ ધૂળ. કોને મળે? એને ક્યાં મળી છે? આવે ત્યારે મને મળી એવી મમતા મળે છે એને તો. આહાહા..! એ તો ક્યાંય રહી ગઈ. સમજાણું? પણ એ પૈસા કરોડો, અબજો મળે એનો જે ભાવ શુભભાવ, એ આત્માની પર્યાયથી વિમુખ ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'રાગ-દ્વેષ ઉનકો છોડકર... '** એમ છે ને? આહાહા..! આમ પરમાત્મસ્વરૂપ પ્રત્યે એકાગ્રતા અને આ રાગ-દ્વેષને છોડ એ વ્યય. આહાહા..! ત્રિકાળી આનંદ વીતરાગ નિજાનંદસ્વરૂપ તે ધ્રુવ એની એકાગ્રતા તે પર્યાય મોક્ષમાર્ગની, સમભાવની. એનાથી વિમુખ તે પુણ્ય-પાપના ભાવ. એને છોડીને ભગવાનઆત્માના આનંદની એકાગ્રતામાં રહે. આહાહા..! **'જો મહાન પુરુષ...'** એ મહાન પુરુષ કહીએ. બધા પૈસાવાળા ને ધૂળવાળા ને શેઠિયા ને રાજા ને, દસ-દસ હજારના પગાર મહિનાના ને એક દિવસની વકીલાત ને એક દિવસના દસ હજાર મળે બધા ધૂળધાણી છે. આહાહા..! સમજાણું કાંઈ? સુજાનમલજી!

**'મહાન પુરુષ...'** આહાહા..! **'કેવલજ્ઞાન દર્શન લક્ષણકર સબ હી જીવોંકો સમાન ગિનતે હૈં,...'** આહાહા..! બધા ભગવાનઆત્માઓ પરમેશ્વર વીતરાગ એમ પોકારે છે, બધા આત્માઓ અનંત છે એ બધા કેવળજ્ઞાન, કેવળદર્શન લક્ષણથી બધા સરખા છે. આહાહા..! અરેરે..! સત્ય વાત એને સાંભળવા મળે નહિ અને અસત્યના પોષણમાં રહે આખો દિ' પાપમાં. સાંભળવાનું મળે નહિ સાચુ. આહાહા..!

મુમુક્ષુ :— ક્યાં મળે?

ઉત્તર :— શું થાય ભાઈ? આહાહા..!

આવો જીવ. આહાહા..! કેવો જીવ? વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ નિજ આત્મદ્રવ્યની એકાગ્રતાવાળો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની **'રાગ-દ્વેષકો છોડકર જો મહાન પુરુષ...'** એ મહાન પુરુષ આહાહા..! **'કેવલજ્ઞાન દર્શન લક્ષણકર સબ હી જીવોંકો સમાન ગિનતે હૈં,...'** બધા જીવો પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન છે. આહાહા..! કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એટલે ઓલી પર્યાય નહિ. એકલું જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન. કેવળદર્શન—દર્શન.. દર્શન... દર્શન—દૃષ્ટા. જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવવાળો ભગવાન એવા સ્વભાવથી બધા આત્મા સમાન છે. લીલાધરભાઈ! આવું સાંભળવા મળતું નથી, ભગવાન! આ શું કહીએ? આ ક્યાં? આહાહા..! ભગવાનનો પોકાર કોણ સાંભળે? શ્રીમદ્ કહેતા, અરેરે..! અમારી આ વાત—નાદને કોણ સાંભળશે? સમજાણું કાંઈ? આહાહા..! આ દુનિયાના ડાહ્યા થઈને ફરે મોટા અને પાંચ-પાંચ લાખની પેદાશું મહિનાની, જાણે અમે મોટા થઈ ગયા. ધૂળમાંય મોટા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ મહાન પુરુષ છે. આહાહા..!

જેનો આનંદ પરિપૂર્ણ પ્રભુનો છે, એનો આનંદ બહારમાં સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મીમાં નથી પણ એ આનંદ એક સમયની પર્યાયમાં પણ નથી એવડો આનંદ, એમ કહે છે. આહાહા..! જે ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એનો આનંદ નથી, સ્ત્રી, કુટુંબ, પૈસા, પરિવારમાં, એનો આનંદ નથી પુણ્ય-પાપના ભાવમાં, એ આનંદ પૂર્ણ આનંદ છે તે એક સમયની પર્યાયમાં પણ પૂર્ણ આનંદ નથી. આહાહા..! ચીમનભાઈ! આવી વાતું છે એટલે લોકો બિચારા ભડકી જાય છે. અરે..! અમે આમ માનીએ છીએ એનાથી તો આ વિરુદ્ધ કાઢ્યું. વિરુદ્ધ નથી બાપા! સાંભળ! તારી માન્યતાથી વિરુદ્ધ છે. વસ્તુથી વિરુદ્ધ નથી, પ્રભુ! તને ખબર નથી. ભાઈ! આહાહા..! તારી પ્રભુતાની, તને મોટપની તારી મોટપની ખબર નથી. તારી મોટપ તને આંકતા આવડી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'વે પુરુષ સમભાવમેં સ્થિત...'** એ સમભાવમાં સ્થિત છે. આહાહા..! વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને સ્વરૂપમાં સ્થિરતા એ ત્રિકાળી વસ્તુની ભાવના—એકાગ્રતા. એ સમભાવમાં સ્થિત છે. ત્રિકાળી સમભાવ છે એની એકાગ્રતા એ સમભાવમાં સ્થિત છે. આહાહા..! શેઠ! અતીન્દ્રિયઆનંદનો દરિયો પ્રભુ છે. આહાહા..! અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયઆનંદ ને અતીન્દ્રિયવીતરાગતા. આહાહા..! એનો ભરચક ભરેલો ભગવાનઆત્મા છે. આહાહા..! એની એકાગ્રતા, એમાં એકાગ્રતા એ સમભાવ છે અને એ સમભાવ વડે બધા જીવને સરખા જાણે છે. આહાહા..! કહો, ચીમનભાઈ! આવી વાતું છે ભાઈ! કેટલાક કહે છે કે સોનગઢે નવો ધર્મ કાઢ્યો. અરે.. ભગવાન! સાંભળને પ્રભુ! ભાઈ! માર્ગ આ છેને નાથ. અનંત તીર્થંકરોનો આ પોકાર છે. અનંત પરમેશ્વરનો દિવ્યધ્વનિમાં આવેલો આ ભાવ છે. આહાહા..!

હવે, **'વે પુરુષ સમભાવમેં સ્થિત...'** ત્રિકાળી જ્ઞાનાનંદમાં સ્થિર રહેલો જે સમભાવ એમાં જે સ્થિત શિવપુરીને પહોંચશે, એ મોક્ષ જાશે. છે? **'શીઘ્ર હી શિવપુરકો પાતે હૈં.'** શીઘ્ર.

અલ્પકાળમાં પરમાત્મદશા એ પ્રાપ્ત કરશે. આહાહા..! જેને બીજ ઊગી એ તેરમે દિ'એ પૂનમ થયે છૂટકો. એમ પૂર્ણાનંદના નાથનો જ્યાં અંદર જ્ઞાનનો અનુભવ થયો એ પ્રતીતિ થઈ, અનુભવ થયો અને સમભાવ પ્રગટ્યો એ બીજ ઊગી. એને પૂર્ણ પરમાત્મા થવાને વાર નથી હવે. સમજાણું કાંઈ? બાકી બધા રખડી મરશે. આહાહા..! પોપટભાઈ! આવું છે. એ શિવપુર (પહોંચશે). શિવ-પુર. કલ્યાણની મૂર્તિ ભગવાનઆત્મા સિદ્ધપરમાત્મા એ શિવપુર ત્યાં એ પહોંચશે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં સુધી તો કાલે આપણે આવી ગયું હતું. આ તો કો'ક નવા હોય એને જરી.

હવે, '**સમભાવકા લક્ષણ ઐસા હૈ,...**' સમભાવ કોને કહેવો? આહાહા..! ' કિ જીવિત, મરણ,...' શરીરનું જીવતર હો કે દેહ છૂટે. આહાહા..! '**લાભ, અલાભ...**' અબજોનો લાભ થાય કે દીકરા સારા ને કન્યા સારી છોકરાને મળે એવો લાભ થાય કે અલાભ. એક પાઈ ન મળે અને સગાવ્હાલા કોઈ ન રહે. બેયમાં જેને સમભાવ છે. આહાહા..! બીજી રીતે કહીએ તો એ જ્ઞાતા—દષ્ટા છે ને. એમ કહે છે મૂળ તો. આહાહા..! એથી જીવતર અને મરણમાં જેને જ્ઞાતા-દષ્ટાપણું સમભાવ છે. આહાહા..! જેને લાભ અને અલાભમાં સમભાવ છે. આહાહા..! જેને '**સુખ-દુઃખાદિ સબકો સમાન જાને.**' આહાહા..! અનુકૂળતાના ગંજનો પાર ન હોય અને પ્રતિકૂળતાના ગંજનો પાર ન હોય, પણ જેને સમભાવ છે. એ ચીજમાં મારું કંઈ છે નહિ. આહાહા..! મારી ચીજમાં જે આનંદ છે એની જે પ્રતીતિ અને સમભાવ પ્રગટ્યો, એ સમભાવ બીજે ક્યાંય છે નહિ. આહાહા..! આવો ઉપદેશ કેવો આ? નવા માણસ હોય બિચારાને કાંઈ ખબરું ન મળે. સંસારના ડાહ્યામાં ડૂબી ગયા હોય બિચારા. એમાં સાંભળવા જાય તો મળે આ કે જાત્રા કરો, પૂજા કરો, ભક્તિ કરો, સિદ્ધચક્રની પૂજા કરાવો. પાંચ-દસ લાખ ખર્ચો, મંદિર બનાવો. ધર્મ થાશે તમને. એવું સાંભળે બિચારા. ચીમનભાઈ! હેં! એ તો શુભભાવ છે, પુણ્યભાવ છે, જો રાગ મંદ કરતો હોય તો. દસ લાખ, પચ્ચીસ લાખના મંદિર બનાવ્યા હોય. કીધુંને. આહાહા..!

મુમુક્ષુ :— કરવું શું?

ઉત્તર :— કરવું આ. આ કહે છે ને કરવાનું. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ ઉપર એકાગ્રતા કરવી એ કરવું. પૂર્ણાનંદના નાથનો સ્વીકાર કરવો, અલ્પજ્ઞ અને રાગનો સ્વીકાર છોડી દેવો. ત્રણ લાખની ધર્મશાળા બનાવી છે ને. અમે ત્યાં હતા ત્યારે ઉદ્ઘાટન કર્યું શેઠિયાઓએ. કરોડોપતિ છે તો ત્રણ લાખની ધર્મશાળા બનાવી. જાણે કાંઈ આમાંથી ધર્મ થાશે. દુનિયામાં તો એમ થાય કે આહાહા..! ભગવાનદાસ શોભાલાલે ત્રણ ત્રણ લાખની ધર્મશાળા (બનાવી). લૌકિકને વાપરવાની, જાઓ ગમે તે વાપરો. શું છે પણ એમાં હવે, ધૂળમાં? શેઠ! આહાહા..! 'સુધા સંસાધની ધર્મશાળા' નથી આવ્યું ઓલામાં? આહાહા..! અમૃતનો સાગર ભગવાન એ ધર્મશાળા તો આત્મા છે. આહાહા..! છે ને, એમાં આવ્યું હતું ને? આ જ છે ને? 'કર્મ સંસાધની ધર્મશાળા,' સુધા અમૃતના ધર્મની સંસાધની ધર્મશાળા. 'સુધા તાપની નાશની મોક્ષમાળા, મેઘમાળા'. આ તો જિનવાણીની વ્યાખ્યા કરી છે. 'મહામોહ વિધ્વંસની મોક્ષદાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાણી.' આ જૈનવાણીમાં આ ભાવ

વીતરાગતાને વર્ણવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ બનારસીદાસની ૐકારની સ્તુતિ છે. બનારસીદાસ થઈ ગયાને. આમાં ઓલા ધર્મશાળા આવી. આહાહા..!

જિનવાણી ધર્મશાળા. એટલે? વીતરાગભાવ જે છે એ આત્મા વીતરાગભાવની પ્રતીતિ કરે છે એ ધર્મશાળા છે. આહાહા..! સમજાણું કાંઈ? વાતે વાતે ફેર આ તો. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક ત્રાંબિયાના તેર.' એમ વીતરાગદેવ કહે છે કે તારી વાત અને મારી વાતમાં વાતે વાતે ફેર છે. આહાહા..! ડાહ્યાભાઈ! રાગ છે એ તો. આહાહા..! સમજાણું કાંઈ? આવે છેને મંગળિકમાં? અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં ઈ આ. પૂર્ણાનંદના નાથની એકાગ્રતાનો સમભાવ તે કેવળી પણ્ણત્તો ધર્મ. સમજાણું કાંઈ? સમભાવથી મોક્ષ મળે છે. છે?

'**જો અનંત સિદ્ધ હુએ ઔર હોવેંગે,...**' જે અનંતસિદ્ધપરમાત્મા ણમો સિદ્ધાણં. અનંતસિદ્ધ થયા અને અનંત હોવેંગે. ભવિષ્યમાં અનંતસિદ્ધ થશે. '**યહ સબ સમભાવકા પ્રભાવ હૈ.**' આહાહા..! વીતરાગી નિજાનંદની પરિણતિ થવી તે વીતરાગ સમભાવ છે. એ સમભાવથી અનંત સિદ્ધ થયા અને અનંત સિદ્ધ થશે. એક જ પંથ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'. આહાહા..! લ્યો. '**સમભાવસે મોક્ષ મિલતા હૈ.**'

'**કૈસા હૈ વહ મોક્ષસ્થાન,...**' હવે મોક્ષસ્થાન સિદ્ધપદ (કેવું છે)? '**જો અત્યંત અદ્‌ભુત અચિંત્ય કેવલજ્ઞાનાદિ અનંત ગુણોંકા સ્થાન હૈ.**' આહાહા..! મોક્ષ કેવો હશે? તારું જે સ્વરૂપ છે અનંતજ્ઞાન, દર્શન તે પર્યાયમાં પ્રગટ થઈ જાય પૂર્ણજ્ઞાન અને પૂર્ણઆનંદ, એ મોક્ષ છે. બાકી બધા રખડવાના રસ્તા છે. અરેરે..! આહાહા..! અહીં અબજોપતિ હોય, મરીને ઢોરમાં જાય. ઢેઢગરોળીની કૂંખે જાય. આહાહા..! જેને ચૈતન્યની ખબરું ન મળે, જેને આત્માના આશ્રયનું શરણ ન મળે. અરે..! '**જો અત્યંત અદ્‌ભુત અચિંત્ય કેવલજ્ઞાનાદિ અનંત ગુણોંકા સ્થાન હૈ.**' આહાહા..! ઈ આ પર્યાય હોં! અનંત કેવળજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતગુણની અનંતપર્યાય પ્રગટ થઈ ગઈ છે એને મોક્ષ કહીએ. ઓલા વૈકુંઠમાં જઈને ઈશ્વરની સેવા કરે, એ મોક્ષ. એવો મોક્ષ નથી અહીં કહે છે. અહીં કહેને, અમને આહાર-પાણી આપો, તમને વૈકુંઠમાં મળશે લાડવા. ત્યાં પણ હજી એને માણસ રહેવું છે (અને) લાડવા ખાવા છે. અહીં તો મોક્ષ એટલે ભગવાનઆત્મા, અનંતજ્ઞાન, આનંદ, શાંતિનો સ્વભાવનો સાગર છે. તેની એકાગ્રતાથી પૂર્ણ જે અનંતજ્ઞાન, દર્શન, આનંદ પ્રગટ્યા એને મોક્ષ કહીએ. દુઃખથી મુક્ત અને પરમાનંદની પ્રાપ્તિથી સહિત. આહાહા..! સમજાણું કાંઈ?

'**યહાં યહ વ્યાખ્યાન જાનકર...**' છે? '**રાગ-દ્વેષકો છોડકે...**' લ્યો ઠીક. એ વ્યવહારનો રાગાદિ છોડીને એમ કહે છે. હવે ઓલા રાડ્યું પાડે છે કે વ્યવહારથી થાય, વ્યવહારથી થાય. અરે.. ભગવાન! વ્યવહાર તો રાગ છેને પ્રભુ! રાગથી વીતરાગતા થાય? કે વીતરાગસ્વભાવ છે તેને આશ્રયે વીતરાગતા થાય? આહાહા..! '**યહ વ્યાખ્યાન જાનકર રાગ-દ્વેષકો છોડકે શુદ્ધાત્માકે**

**અનુભવરૂપ જો સમભાવ...**' જોઈ ભાષા પાછી! શુદ્ધ પરમાત્મા આનંદસ્વરૂપ ભગવાન એનો અનુભવ એ પર્યાય છે. આહાહા..! ભાષા અજાણી, ભાવ અજાણ્યા, આ જગતના પરિચય કર્યા એથી જુદી જાત આ આવે. આહા..! ચોપડામાં નામા જોવા જાય તો તરત ફલાણું નામ અહીં આવ્યું, ફલાણું નામ આવ્યું. આ નામાનું પાનુંય હાથ આવે નહિ. આહાહા..!

કહે છે, '**શુદ્ધાત્માકે અનુભવરૂપ જો સમભાવ...**' ભાષા જુઓ! સમભાવનો અર્થ એમ નહિ કે રાગ કર્યો ને એને માર્યો નહિ ને ક્રોધ ન કર્યો, એ નહિ. આહાહા..! કેમકે ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું રત્ન, ચૈતન્યરત્ન પ્રભુ, એવા હીરલાની પર્યાય જે પ્રગટ થાય વીતરાગી અનુભવ, એને સમભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**સમભાવ ઉસકા સેવન સદા કરના ચાહિયે.**' લ્યો, આ શું કરવું. એ.. શેઠ! આત્મા આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની સેવા, એમાં સદાય એકાગ્રતા કરવી. આહાહા..! સમજાણું કાંઈ? '**સમભાવ ઉસકા સેવન સદા કરના ચાહિયે.**' આહાહા..! પૂર્ણ સ્વરૂપ ભગવાન.. પણ બેસે કેમ? આહા..! બે બીડી પીવે સિગારેટની ત્યારે પાયખાને દસ્ત ઉતરે ભાઈસાહેબને, આવા તો અપલખણ. આહા..! સવારમાં દોઢ પાશેર ચા પીવે તો મગજ ઠેકાણે રહે, નહિતર સાંભળવામાં મગજ ઠેકાણે નથી આજે. આહાહા..! કેટલી પરાધીનતાના વ્યસનો આવા. આહાહા..! હવે એને આ આત્મા... આહાહા..! ભગવાન! પણ સુખી હોય તો તો આ પંથ લીધે છૂટકો છે. એ બધા દુઃખના પંથ છે, નાથ! આહાહા..! રળવું કરવું એ દુઃખનો પંથ છે પણ પૂજા, ભક્તિ ને વ્રતના પરિણામ એ દુઃખનો પંથ છે. આહાહા..! કેમકે એ રાગ છે. આહાહા..!

'**યહી ઈસ ગ્રંથકા અભિપ્રાય હૈ.**' છે? '**યહી ઈસ ગ્રંથકા અભિપ્રાય હૈ.**' ૧૦૦ થઈ ૧૦૦.

---

## ગાથા-૧૦૧

अथ सर्वजीवसाधारणं केवलज्ञानदर्शनलक्षणं प्रकाशयति-

२२८) जीवहँ दंसणु णाणु जिय लक्खणु जाणइ जो जि।
देह-विभेएँ भेउ तहँ णाणि कि मण्णइ सो जि।।१०१।।

जीवानां दर्शनं ज्ञानं जीव लक्षणं जानाति य एव।
देहविभेदेन भेदं तेषां ज्ञानी किं मन्यते तमेव।।१०१।।

जीवहं इत्यादि। जीवहं जीवानां दंसणु णाणु जगत्त्रयकालत्रयवर्ति-समस्तद्रव्यगुणपर्यायाणां क्रमकरणव्यवधानरहितत्वेन परिच्छित्तिसमर्थं विशुद्धदर्शनं ज्ञानं च। जिय हे जीव लक्खणु जाणइ जो जि लक्षणं जानाति य एव देह-बिभेएं भेउ तहं

देहविभेदेन भेदं तेषां जीवानां, देहोद्भवविषयसुखरसास्वाद-विलक्षणशुद्धात्मभावनारहितेन जीवेन यान्युपार्जितानि कर्माणि [१]तदुदयेनोत्पन्नेन देहभेदेन जीवानां भेदं णाणि किं मण्णइ वीतरागस्वसंवेदनज्ञानी किं मन्यते। नैव। कम्। सो जि तमेव पूर्वोक्तं देहभेदमिति। अत्र ये केचन ब्रह्माद्वैतवादिनो नानाजीवान्न मन्यन्ते तन्मतेन विवक्षितैकजीवस्य जीवितमरणसुखदुःखादिके जाते सर्वजीवानां तस्मिन्नेव क्षणे जीवितमरणसुखदुःखादिकं प्राप्नोति। कस्मादिति चेत्। एकजीवत्वादिति। न च तथा दृश्यते इति भावार्थः।।१०१।।

---

आगे सब जीवोंमें केवलज्ञान और केवलदर्शन साधारण लक्षण हैं, इनके बिना कोई जीव नहीं है। ये गुण शक्तिरुप सब जीवोंमें पाये जाते हैं, ऐसा कहते हैं-

गाथा-१०१

अन्वयार्थ :- [जीवानां] जीवोंके [दर्शनं ज्ञानं] दर्शन और ज्ञान [लक्षणं] निज लक्षण को [य एव] जो कोई [जानाति] जानता है, [जीव] हे जीव, [स एव ज्ञानी] वही ज्ञानी [देहविभेदेन] देहके भेदसे [तेषां भेदं] उन जीवोंके भेद को [किं मन्यते] क्या मान सकता है, नहीं मान सकता।

भावार्थ :- तीन लोक और तीन कालवर्ती समस्त द्रव्य गुण पर्यायोंको एक ही समयमें जाननेमें समर्थ जो केवलदर्शन केवलज्ञान है, उसे निज लक्षणोंसे जो कोई जानता है, वही सिद्ध-पद पाता है। जो ज्ञानी अच्छी तरह इन निज लक्षणोंको जान लेवे वह देहके भेदसे जीवोंका भेद नहीं मान सकता। अर्थात् देहसे उत्पन्न जो विषय-सुख उनके रसके आस्वादसे विमुख शुद्धात्माकी भावनासे रहित जो जीव उसने उपार्जन किये जो ज्ञानावरणादिकर्म, उनके उदयसे उत्पन्न हुए देहादिकके भेदसे जीवोंका भेद, वीतरागस्वसंवेदनज्ञानी कदापि नहीं मान सकता। देहमें भेद हुआ तो क्या, गुणसे सब समान हैं, और जीव-जातिकर एक हैं। यहाँ पर जो कोई ब्रह्माद्वैतवादी वेदान्ती नाना जीवोंको नहीं मानते हैं, और वे एक ही जीव मानते हैं, उनकी यह बात अप्रमाण है। उनके मतमें एक ही जीवके माननेसे बड़ा भारी दोष होता है। वह इस तरह है, कि एक जीवके जीने-मरने, सुख-दुखादिके होने पर सब जीवोंके उसी समय जीना, मरना, सुख, दुःखादि होना चाहिये, क्योंकि उनके मतमें वस्तु एक है। परन्तु ऐसा देखनेमें नहीं आता। इसलिये उनका वस्तु एक मानना वृथा है, ऐसा जानो।।१०१।।

---

१. પાઠાન્તર :- तदुदयेनोत्पत्रेन=तदुयोत्पन्नेन

હવે, કેવળદર્શન અને કેવળજ્ઞાન સર્વ જીવોનું સાધારણ (સામાન્ય) લક્ષણ છે, એમ પ્રગટ કરે છે (કોઈપણ જીવ એના વિનાનો નથી. સર્વ જીવોમાં એ ગુણો શક્તિરૂપે હોય છે, એમ કહે છે.) :-

ભાવાર્થ :- ત્રણલોક અને ત્રણકાળવર્તી સમસ્ત દ્રવ્યગુણ પર્યાયોને ક્રમ, કારણ અને વ્યાવધાનરહિતપણે દેખવા-જાણવામાં સમર્થ એવાં વિશુદ્ધદર્શન અને વિશુદ્ધજ્ઞાન જીવોનું લક્ષણ છે, એમ જે જાણે છે તે વીતરાગ સ્વસંવેદનવાળા જ્ઞાની શું દેહથી ઉદ્ભવતા વિષયસુખરસના આસ્વાદથી વિલક્ષણ શુદ્ધાત્માની ભાવનાથી રહિત જીવે જે કર્મો ઉપાર્જિત કર્યાં છે તેના ઉદયથી ઉત્પન્ન દેહભેદથી જીવોના ભેદ માને? (કદી પણ ન માને)

અહીં, જે કોઈ બ્રહ્માદ્વૈતવાદીઓ (વેદાન્તીઓ) અનેક જીવોને માનતા નથી (અને એક જ જીવ માને છે) તેમની એ વાત અપ્રમાણ છે, કારણ કે તેમના મતાનુસાર 'એક જ જીવને' માનવામાં બહુ ભારે દોષ આવે છે. તેના મત અનુસારે વિવક્ષિત એક જીવને જીવિત-મરણ સુખ-દુઃખાદિ થતાં, સર્વ જીવોને તે જ ક્ષણે જીવિત-મરણ સુખ-દુઃખાદિ થવાં જોઈએ; શા માટે? કારણ કે તેમના મતમાં 'એક જ જીવ છે' એવી માન્યતા છે. પણ એવું (અહીં) જોવામાં આવતું નથી, (એક જ જીવને જીવિત-મરણાદિ થતાં બધાને જીવિત-મરણ થતાં જોવામાં આવતાં નથી) એવો ભાવાર્થ છે. ૧૦૧.

## ગાથા-૧૦૧ ઉપર પ્રવચન

૧૦૧.

૨૨૮) जीवहँ दंसणु णाणु जिय लक्खणु जाणइ जो जि।
देह-विभेएँ भेउ तहँ णाणि कि मण्णइ सो जि।।१०१।।

અન્વયાર્થ :— 'આગે સબ જીવોંમેં કેવલજ્ઞાન ઔર કેવલદર્શન સાધારણ લક્ષણ હૈં,...' ભગવાનઆત્મા એકેન્દ્રિયના જીવથી માંડીને સિદ્ધ સમાન સર્વ જીવ (છે). આહાહા..! કેવળજ્ઞાન. પર્યાયની વાત નથી. કેવળજ્ઞાન—એકલું જ્ઞાન, એકલું દર્શન. એ સાધારણ એનું લક્ષણ છે. સમજાય છે કાંઈ? 'ઇનકે બિના કોઈ જીવન નહીં હૈ.' આહાહા..! અનંતા નિગોદના બટાટા, શક્કરકંદ, એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ છે, ભગવાને કહ્યા છે ભાઈ! આહા..! એ બધા જીવ આવા પૂર્ણાનંદના નાથ છે. પર્યાયમાં ભલે હિણપ દેખાતી હોય, વસ્તુમાં પૂર્ણતા છે. આહાહા..! એ તો ભાષા એવી કરી છે. જ્ઞાતા-દૃષ્ટાના લક્ષણથી એ વસ્તુ છે. જ્ઞાન અને દર્શન ત્રિકાળી સ્વભાવ એ એનું લક્ષણ છે. એ લક્ષણથી તે ઓળખાય એવું છે એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો કહે, સ્થાવર જીવ કોને કહીએ? સ્થિર રહે એને. ત્રસ કોને કહે?

હાલેચાલે એને. એ આત્માની વ્યાખ્યાની ખબર જ નથી એને.

આત્મા અલ્પજ્ઞ છે એ પણ નહિ અહીં તો. આ રાગ કરે તે આત્મા, પુણ્ય કરે તે આત્મા એ પણ નહિ. અહીંયા તો ત્રિકાળીજ્ઞાન અને દર્શન લક્ષણવાળો ભગવાનઆત્મા એ બધા જીવને એ રીતે તું જાણ. આહાહા..! સમજાણું કાંઈ? **'ઇનકે બિના કોઈ જીવ નહીં હૈ.'** છે? અનંતાજીવો જ્ઞાન અને દર્શનથી ભરેલા ભગવાન લક્ષણવાળા છે. આહાહા..! એનું લક્ષણ શુભભાવ રાગથી જણાય એવો આત્મા નથી એમ કહે છે. વ્રત ને તપ ને દયા ને દાન ને ભક્તિ ને જાત્રાના ભાવથી જણાય એવો નથી. કેમકે એ એનું લક્ષણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'ઇનકે બિના કોઈ જીવ નહીં હૈ.'**

**'યે ગુણ શક્તિરૂપ સબ જીવોંમેં પાયે જાતે હૈં,...'** આહાહા..! પીપરમાં જેમ ચોસઠ પહોરી તીખાશ ભરી છે. ચોસઠ પહોરી એટલે સોળ આના, રૂપિયો. એવી કરોડો પીપર હોય તો દરેક પીપરમાં સોળ ચોસઠ પહોરી ચરપરાઈ અને લીલો રંગ પડ્યો છે અંદર. એ પીપર છે કે જેથી ઘૂંટતા ચોસઠ પહોરી પ્રગટ થાય છે. એ છે એમાંથી આવે છે. આહાહા..! એમ બધા ભગવાનઆત્મા, કહે છે કે ગુણ—શક્તિ બધા જીવોમાં સરખી છે, સોળઆના પૂર્ણ. આહાહા...! જેનો સ્વભાવ, જેનો સ્વભાવ જ્ઞાન-દર્શનગુણથી—શક્તિથી પરિપૂર્ણ છે. સમજાણું કાંઈ? એ કહે છે.

**અન્વયાર્થ :— 'જીવોંકે દર્શન ઔર જ્ઞાન નિજ લક્ષણ કો જો કોઈ જાનતા હૈ, હે જીવ, વહી જ્ઞાની દેહકે ભેદસે ઉન જીવોંકે ભેદ કો ક્યા માન સકતા હૈ,...'** આહાહા..! દેહના ભેદ. કોઈ એકેન્દ્રિયનો, બે ઇન્દ્રિયનો, ત્રિઇન્દ્રિયનો, ચૌઇન્દ્રિયનો, સ્ત્રીનો, પુરુષનો, નપુંસકનો, ઢોરનો, નારકીના એવા દેહભેદે જ્ઞાની એને જીવ માનતો નથી. આહાહા..! ભગવાન અંદર બિરાજે છે પૂર્ણાનંદનો નાથ કેવળજ્ઞાન, કેવળદર્શનના લક્ષણવાળો. એને એ જીવ માને છે. ધર્મીજીવ **'દેહકે ભેદસે ઉન જીવોંકે ભેદ કો ક્યા માન સકતા હૈ, નહીં માન સકતા.'** આહાહા..! વાત આવી. પરમાત્મપ્રકાશ છે ગ્રંથ. દિગંબરસંત યોગીન્દ્રદેવ ૧૩૦૦ વર્ષ પહેલા થયા છે. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલા (થયા). આ બનાવ્યું છે. આહાહા..! પંચમકાળમાં બનાવેલું શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? કોઈ કહે કે આ તો ચોથા આરા માટે હશે. ભગવાન! સાંભળને. આરા-ફારા તારામાં છે જ ક્યાં? આહાહા..! બીજો ને ત્રીજો ને ચોથો એ કાળ તો પર છે, તારામાં ક્યાં છે? પર્યાય પણ એક સમયની તારામાં નથી, ત્યાં વળી કાળ ક્યાંથી આવી ગયો એમાં? આહાહા..!

**ભાવાર્થ :— 'તીન લોક ઔર તીન લોકવર્તી...'** ત્રણલોક—ઊર્ધ્વ, મધ્ય અને અધો. ત્રણકાળ—વર્તમાન, ભૂત અને ભવિષ્ય. આહાહા..! **'સમસ્ત દ્રવ્ય ગુણ પર્યાયોંકો એક હી સમયમેં જાનનેમેં સમર્થ...'** આહાહા..! ત્રણલોક અને ત્રણકાળને સમસ્ત દ્રવ્ય, ગુણ, પર્યાયને. બધા દ્રવ્ય, ગુણની અવસ્થાને—પર્યાયને. દ્રવ્ય, ગુણ, પર્યાય પણ સાંભળ્યું ન હોય. દ્રવ્ય એટલે આ પૈસો. એક ફેરી કહ્યું હતું ને? આણંદભાઈ! તમારા નહિ માણેકચંદ? થાનવાળા. એક ફેરી આવ્યા હતા ત્યાં. ઘણા વર્ષ થઈ ગયા, હોં! ૩૦-૩૫ વર્ષ થઈ ગયા. ત્યાં માથે લખેલું ને. દ્રવ્યદૃષ્ટિ તે

સમ્યગ્દૃષ્ટિ. એટલે એણે પ્રશ્ન કર્યો. પોટરી છે ને? પોટરી. હતા ઈ, ગુજરી ગયા કે છે? ગુજરી ગયા. ઘણો વખત થઈ ગયો. માથે લખેલું, દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. અહીંયા પૈસાવાળા ઘણા આવે, નાનાલાલભાઈ કરોડપતિઓ ઘણા આવે એટલે એ કહે, મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ એટલે શું? આ પૈસાવાળા એ સમકિતદૃષ્ટિ? દ્રવ્ય એટલે પૈસો. અરે.. ભગવાન! અહીં અમારે પૈસાનું શું કામ છે? દ્રવ્ય એટલે આત્મા. આ જે કહેવાય છે પૂર્ણાનંદનો ઘન ભગવાન, એ દ્રવ્ય. એની દૃષ્ટિ થવી તે સમકિતદૃષ્ટિ છે. કહો, પોપટભાઈ! માણેકચંદભાઈ હતા પોટરીવાળા. એ બધા સગા થાય તમારે ત્યાં. ઈ કહેતા હતા. અરે..! કીધું, તમે શ્વેતાંબરમાં જન્મ્યા. હજી દ્રવ્ય શું, દૃષ્ટિ શું એની ખબર ન મળે.

મુમુક્ષુ :— અંધારામાં..

ઉત્તર :— અંધારામાં ચાલે બધા. ઓહોહો..!

આ પર્યાયની વાત કરે છે અત્યારે. '**તીન લોક ઔર તીન કાલવર્તી સમસ્ત દ્રવ્ય ગુણ પર્યાયોંકો એક હી સમયમેં જાનનેમેં સમર્થ જો કેવલદર્શન કેવલજ્ઞાન હૈ,...** ' આ તો ત્રિકાળીશક્તિની વાત છે હોં! ત્રિકાળીશક્તિ. એની શક્તિ એવી છે દર્શન, જ્ઞાનની કે ત્રણકાળ ત્રણલોકને દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે એવી શક્તિ છે. પર્યાયમાં પ્રગટ થાય છે પણ શક્તિમાં છે એમાંથી આવે છે. ચોસઠ પહોરી તીખાશ ભરી છે એમાંથી ઘૂંટે તો ચોસઠ પહોરી આવે છે. છે એમાંથી આવે છે. કૂવામાંથી અવેડામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું? એટલે સમજાય જાય તો તો...

મુમુક્ષુ :— આવ્યા તો એના માટે છીએ. સમજવા માટે.

ઉત્તર :— આહાહા..! '**કેવલદર્શન કેવલજ્ઞાન હૈ, ઉસે નિજ લક્ષણસોંસે જો કોઈ જાનતા હૈ,...**' દેખો! બધા જીવને કેવળજ્ઞાન કેવળદર્શન—એકલું જ્ઞાન અને દર્શન. આહાહા..! એમ જે જાણે છે. પીપરના દાણાને ચોસઠ પહોરી તીખાશ અને લીલા રંગથી જે જાણે છે. લીલો રંગ છે ને અંદર? કાળો તો બહાર છે. આહાહા..! તીખો રસ અને લીલો રંગ, એનાથી લીંડીપીપર આટલી પણ પૂરી ચોસઠ પહોરી ભરી છે. એમ આ ભગવાનઆત્મા નાનામાં નાના શરીરમાં હોય તોપણ તે આત્મા કેવળજ્ઞાન કેવળદર્શનના લક્ષણથી પૂરો ભર્યો છે. ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવાની શક્તિવાળા એના જ્ઞાન અને દર્શન છે.

ભગવાન કેવળજ્ઞાન, કેવળદર્શનની લગડી પ્રભુ, એને માથે દેહના વીંટાળ ગમે તે જાતના હો, પણ એમાં અંદરમાં ભેદ પડતો નથી. આહાહા..! આવી વાતું હવે. વીતરાગ જૈનધર્મની વાતું હશે? વીતરાગમાર્ગ તો છકાયની દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા. ઓલા શ્વેતાંબરને વળી પૂજા ને ભક્તિ કરવી જાત્રા એમ કહે. ભગવાન! સાંભળ ભાઈ! બધી વાતું ખબર છે. સમજાણું કાંઈ?

કહે છે, '**કેવલદર્શન કેવલજ્ઞાન હૈ, ઉસે નિજ લક્ષણોંસે જો કોઈ જાનતા હૈ, વહી સિદ્ધ-પદ પાતા હૈ. જો જ્ઞાની અચ્છી તરહ ઈન નિજ લક્ષણોંકો જાન લેવે વહ દેહકે**

**ભેદસે જીવોંકા ભેદ નહીં માન સકતા. અર્થાત્ દેહસે ઉત્પન્ન જો વિષય-સુખ ઉનકે રસકે આસ્વાદસે વિમુખ...**' શું કહે છે હવે? '**દેહસે ઉત્પન્ન જો વિષય-સુખ ઉનકે રસકે આસ્વાદસે વિમુખ...**' આહાહા..! શરીરથી ઉત્પન્ન થયેલા વિષયભોગની વાસના રાગ. આહાહા..! '**દેહસે ઉત્પન્ન જો વિષય-સુખ ઉનકે રસકે આસ્વાદસે વિમુખ...**' એ આનંદના વિષયના આસ્વાદથી વિમુખ. '**શુદ્ધાત્માકી ભાવનાસે રહિત જો જીવ...**' આહાહા..! કેટલી વાત લ્યે છે! દેહથી ઉત્પન્ન વિષયસુખ. આહાહા..! પાંચઇન્દ્રિય તરફ લક્ષ જતાં એને સ્ત્રી આદિનો ભોગ ને ખાવા-પીવાના દાળ-ભાત, કે મેસુબ ખાય એ ખાતો નથી, એ તો જડ છે. એના ઉપર લક્ષ જતાં એને રાગ થાય છે. એ રાગ તે વિષયનો સ્વાદ છે. એનાથી વિમુખ. છે? આહાહા..! કોણ? શુદ્ધાત્માની ભાવના એનાથી રહિત છે. ત્રણપટી (વાત કરી છે). આહાહા..!

શુદ્ધાત્મા પરમાનંદસ્વરૂપ ભગવાન એની એકાગ્રતા પર્યાય, એનાથી રહિત જે જીવ, '**ઉસને ઉપાર્જન કિયે...**' આ દેહાદિ કેમ મળ્યા એની વાત કરે છે. '**ઉસને ઉપાર્જન કિયે જો જ્ઞાનાવરણાદિકર્મ, ઉનકે ઉદયસે ઉત્પન્ન હુએ દેહાદિકકે ભેદસે...** ' જોયું! શું કહ્યું ઈ? આહાહા..! આ વિષયસુખના આસ્વાદથી વિમુખ, શુદ્ધાત્માની ભાવનાથી રહિત જીવ, એણે ઉપાર્જન કરેલા કર્મ. આહાહા..! કારણ કે વસ્તુ સ્વભાવ છે એનાથી તો કર્મ ઉત્પન્ન થતું નથી. વિષયસુખના રસમાંથી ઉત્પન્ન થયેલું કર્મ. આહાહા..! અને એનાથી થયેલા દેહના ભેદ. '**જીવોંકા ભેદ, વીતરાગસ્વસંવેદનજ્ઞાની કદાપિ નહીં માન સકતા.** ' આહાહા..! '**દેહાદિકે ભેદસે જીવોંકા ભેદ, વીતરાગસ્વસંવેદનજ્ઞાની કદાપિ નહીં માન સકતા.**' આહાહા..! શું કહ્યું ઈ? આત્માના આનંદનો સ્વાદ જેને નથી એને વિષયસુખના સ્વાદથી રાગથી કર્મ ઉત્પન્ન થાય છે અને એનાથી આ શરીરના ભેદ પડે છે જુદા જુદા. સમજાણું કાંઈ? આહાહા..! એ વીતરાગસ્વસંવેદનજ્ઞાની--ધર્મી ન માની શકે. ધર્મી દેહના ભેદે ભેદ માનતો નથી. કેમકે વિકલ્પ છે એ જ એની ચીજ નહોતી. સ્વાદ જે લીધો એ એની ચીજ નહોતી અને એનાથી કર્મ બંધાણા અને એનાથી વિવિધ દેહો મળ્યા. જ્ઞાની, દેહના ભેદે જીવભેદ માનતો નથી. આહાહા..! ગજબ વાતું છે!

'**દેહમેં ભેદ હુઆ તો ક્યા, ગુણસે સબ સમાન હૈં,...**' ગુણથી તો બધા સરખા ભગવાન છે અંદર. આહાહા..! જ્ઞાન અને દર્શન ધ્રુવ લક્ષણ—સ્વરૂપ એનું. બધા આત્માનું જ્ઞાન, દર્શન, આનંદ સુખસ્વરૂપ એમાં ક્યાં ભેદ પડ્યો છે? એનાથી વિરુદ્ધ સ્વાદ લઈને કર્મ ઊપજ્યા એના ભેદે શરીરનો ભેદ પડ્યો છે. આહાહા..! હવે એની વિશેષ વાત કરશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૭, સોમવાર
## તા. ૨૭-૧૨-૧૯૭૬, ગાથા-૧૦૧, ૧૦૨, ૧૦૩
## પ્રવચન નં. ૧૭૦

... અનેક પ્રકારના જીવો નથી માનતા. વેદાંતી ભિન્ન ભિન્ન આત્મા નથી માનતું. એક જ અદ્વૈત, બધા થઈને એક અદ્વૈત છે. '**ઔર વે એક હી જીવ માનતે હૈં, ઉનકી યહ બાત અપ્રમાણ હૈ.**' જાતિએ એક, ગુણે સમાન પણ વસ્તુએ બધી એક એમ નહિ, એમ કહે છે. '**ઉનકે મતમેં એક હી જીવકે માનનેસે બડા ભારી દોષ હોતા હૈ.**' એક માનવાથી. '**વહ ઈસ તરહ હૈ, કિ એક જીવકે જીને-**' એક જીવ જીવે છે, એક મરે છે '**સુખ-દુઃખાદિકે હોને પર સબ જીવોંકે ઉસી સમય જીના, મરના, સુખ, દુઃખાદિ હોના ચાહિયે,...**' એમ તો છે નહિ. આહાહા..! મોટો વેદાંતનો ફેર છે. આ સમયસારાદિ નિશ્ચય ગ્રંથ એમ માનીને કેટલાક એમ કહે છે કે એ વેદાંતમાં ઢાળ્યું છે. એ માટે આ ખુલાસો કર્યો છે. આહાહા..! વેદાંતે આત્મા, અપૂર્વ, અરૂપી, આનંદઘન, ચિદ્‌ઘન, આનંદ એમ કહે છે. પણ એ કહે છે ઈ સર્વવ્યાપક તરીકે કહે છે. અને આ તો એક એક આત્મા અસંખ્યપ્રદેશમાં જ્ઞાન, દર્શન, આનંદસ્વભાવથી પરિપૂર્ણ પ્રભુ છે. આહાહા..! એની દૃષ્ટિ બાહ્યની પર્યાયબુદ્ધિમાં મીઠાશ છે એ ચાલી જાય છે. સમજાણું કાંઈ? ધર્મીને આત્મા એક જાતિકર અને ગુણે સમાન જાણતાં બાહ્ય પર્યાયબુદ્ધિમાં મીઠાશ છે તે ઊડી જાય છે. સમજાણું કાંઈ? અને પર્યાયબુદ્ધિમાં જેને મીઠાશ છે, શરીરભેદે ભેદમાં, પર્યાયભેદે ભેદમાં એવા અસ્તિત્વને જે માને છે એને પર્યાયમાં મીઠાશ લાગે છે. એટલું અસ્તિત્વ એને દેખાય છે. એને આત્મા અખંડાનંદ પ્રભુ.. ઓહો..! શૈલી તો જુઓ! એની એને મીઠાશ આવતી નથી. સમજાણું કાંઈ?

'**ઉસી સમય જીના, મરના, સુખ, દુઃખાદિ હોના ચાહિયે, ક્યોંકિ ઉનકે મતમેં વસ્તુ એક હૈ. પરન્તુ ઐસા દેખનેમેં નહીં આતા.**' ત્યારે એ લોકો કહે છે કે એ તો ભ્રમ છે તમને ભાસે છે ઈ. બધું થઈને એક છે છતાં ભિન્ન ભાસે એ ભ્રમ છે એમ કહે છે. પણ પ્રત્યક્ષ વસ્તુ ભિન્ન છે. એક જીવે, એક મરે, એક સુખી, એક દુઃખી ભિન્ન ભિન્ન છે એમ કહે છે. સમયસારને કેટલા એમ કહેને કે જેવું વેદાંત છે એવું આ સમયસાર છે. એમ નથી. આત્માની વ્યાખ્યા જે સમયસાર કરે છે, એ વ્યાખ્યા અન્યમતમાં નથી. એ તો એક આત્મા વ્યાપક કરીને વ્યાખ્યા કરે એ તો ભ્રમ છે, અજ્ઞાન છે. આહાહા..! '**પરન્તુ ઐસા દેખનેમેં નહીં આતા. ઈસલિયે ઉનકા વસ્તુ એક માનના વૃથા હૈ, ઐસા જાનો.**'

ગાથા-૧૦૨

अथ जीवानां निश्चयनयेन योऽसौ देहभेदेन भेदं करोति स जीवानां दर्शनज्ञानचारित्रलक्षणं न जानातीत्यभिप्रायं मनसि धृत्वा सूत्रमिदं कथयति-

२२९) देह-विभेयइँ जो कुणइ जीवइँ भेउ विचित्तु।
सो णवि लक्खणु मुणइ तहँ दंसणु णाणु चरित्तु।।१०२।।
देहविभेदेन यः करोति जीवानां भेदं विचित्रम्।
स नैव लक्षणं मनुते तेषां दर्शनं ज्ञानं चारित्रम्।।१०२।।

देह इत्यादि। देह-विभेयइँ देहममत्वमूलभूतानां ख्यातिपूजालाभस्वरुपादीनां अपध्यानानां विपरीतस्य स्वशुद्धात्मध्यानस्याभावे यानि कृतानि कर्माणि तदुदयजनितेन देहभेदेन जो कुणइ यः करोति। कम्। जीवइं भेउ विचित्तु जीवानां विचित्रं नरनारकादिदेहरुपं सो णवि लक्खणु मुणइ तहं स नैव लक्षणं मनुते तेषां जीवनाम्। किंलक्षणम्। दंसणु णाणु चरित्तु सम्यग्दर्शनज्ञानचरित्रमिति। अत्र निश्चयेन सम्यग्दर्शनज्ञानचारित्रलक्षणानां जीवानां ब्राह्मणक्षत्रियवैश्यचाण्डालादिदेहभेदं दृष्ट्वा रागद्वेषौ न कर्तव्याविति तात्पर्यम्।।१०२।।

---

आगे जीव ही को जानते हैं, परंतु उसके लक्षण नहीं जानते, वह अभिप्राय मनमें रखकर व्याख्यान करते हैं-

गाथा-१०२

अन्वयार्थ :- [यः] जो [देहविभेदेन] शरीरोंके भेदसे [जीवानां] जीवोंका [ विचित्रम्] नानारुप [भेदं] भेद [करोति] करता है, [स] वह [तेषां] उन जीवोंका [दर्शनं ज्ञानं चारित्रम्] दर्शन-ज्ञान-चारित्र [लक्षणं] लक्षण [नैव मनुते] नहीं जानता, अर्थात् उसको गुणोंकी परीक्षा (पहचान) नहीं है।

भावार्थ :-देहके ममत्वके मूल कारण ख्याति (अपनी बड़ाई) पूजा और लाभरुप जो आर्त रौद्रस्वरुप खोटे ध्यान उनसे निज शुद्धात्माका ध्यान उसके अभावसे इस जीवने उपार्जन किये जो शुभ-अशुभ कर्म उनके उदयसे उत्पन्न जो शरीर है, उसके भेदसे भेद मानता है, उसको दर्शनादि गुणोंकी गम्य नहीं है। यधपि पापके उदयसो नरक-योनि, पुण्यके उदयसे देवोंका शरीर और शुभाशुभ मिश्रसे नर-देह तथा मायाचारसे पशुका शरीर मिलता है, अर्थात् इन शरीरोंके भेदसे जीवोंकी अनेक चेष्टायें देखी जाती हैं, परंतु दर्शन ज्ञान लक्षणसे सब तुल्य हैं। उपयोग लक्षणके बिना कोई जीव नहीं है। इसलिये ज्ञानिजन सबको समान जानते हैं। निश्चयनयसे दर्शन-ज्ञान-चारित्र जीवोंके लक्षण हैं,

ऐसा जानकर ब्रह्मण, क्षत्री, वैश्य, शूद्र चांडालादि देहके भेद देखकर रोग-द्वेष नहीं करना चाहिये। सब जीवोंके मैत्रीभाव करना, यही तात्पर्य है।।१०२।।

---

હવે, નિશ્ચયનયથી જે દેહના ભેદથી જીવોના ભેદ કરે છે તે જીવોનું દર્શન જ્ઞાન-ચારિત્રલક્ષણ જાણતો નથી એવો અભિપ્રાય મનમાં રાખીને આ ગાથાસૂત્ર કહે છે :-

ભાવાર્થ :-દેહના મમત્વનું મૂળ કારણ જે ખ્યાતિ-પૂજા-લાભસ્વરૂપ આદિ અપધ્યાનો, (આર્તરૌદ્રસ્વરૂપ માઠાં ધ્યાનો) તેમનાથી વિપરીત, સ્વશુદ્ધાત્મધ્યાનના અભાવમાં જે કર્મો ઉપાર્જિત કર્યાં હોય તેમના ઉદયથી ઉત્પન્ન દેહના ભેદથી જીવોનાં નર-નારકાદિ દેહરૂપ અનેક પ્રકારના ભેદને જે કરે છે તે, જીવોનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર લક્ષણ છે એમ જાણતો નથી.

અહીં, નિશ્ચયનયથી સમ્યગ્દર્શન અને સમ્યગ્ચરિત્ર જેમનાં લક્ષણ છે એવા જીવોના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ચાંડાલાદિ દેહના ભેદ જોઈને રાગ-દ્વેષ ન કરવા, એવું તાત્પર્ય છે. ૧૦૨.

---

## ગાથા-૧૦૨ ઉપર પ્રવચન

૧૦૨. **'આગે જીવ હી કો જાનતે હૈં, પરંતુ ઉસકે લક્ષણ નહીં જાનતે, યહ અભિપ્રાય મનમેં રખકર વ્યાખ્યાન કરતે હૈં—'** દેહને જ જીવ માને છે એમ કહે છે. આ નારકી છે ને આ મનુષ્ય છે ને આ માણસ છે, એમ જીવને એવો એ માને છે એમ કહે છે. પણ એવો છે નહિ. આહાહા..!

२२९) देह-विभेयइँ जो कुणइ जीवइँ भेउ विचित्तु।
सो णवि लक्खणु मुणइ तहँ दंसणु णाणु चरित्तु।।१०२।।

આહાહા..! **અન્વયાર્થ :— 'જો શરીરકે ભેદસે જીવોંકા નાનારૂપ ભેદ કરતા હૈ,...'** શરીરભેદે આ સ્ત્રી ને પુરુષ ને માણસ ને નારકી ને દેવ ને એકેન્દ્રિય ને બેઇન્દ્રયિ, એ શરીરભેદથી જીવના બધા ભેદ માને છે. સમજાણું કાંઈ? આહાહા..! વેદાંત છે એ સર્વવ્યાપક માને છે, એક જ આત્મા. એમ નથી. દરેક આત્મા ભિન્ન છે અને દરેક આત્માના ગુણો સમાન છે. જાતિ એક છે. કોઈ એમ લ્યે કે આ સમયસારમાં નિશ્ચયની વાત કરે છે એટલે વેદાંતની છે. આપણે જૈનમાં તો છકાય માનવા, છકાયની દયા પાળવી એવી વ્યાખ્યા (હોય), એવી તો તમારામાં છે નહિ. તમે કહો, પરની દયા પાળવાનો ભાવ એ રાગ, એને હિંસા કહો. આહાહા..! સમજાણું કાંઈ? એમ નથી. આહાહા..! પરવસ્તુ છે. અનંત આત્માઓ છે ભિન્ન ભિન્ન. સમજાણું કાંઈ? આ શું કરવા લીધું છે?

નિશ્ચય સમયસારનો જે નિશ્ચય છે એમાં પર્યાયને અભૂતાર્થ કીધી છે. ૧૧મી ગાથામાં ભૂતાર્થ સત્યાર્થ ત્રિકાળી આ ભગવાનઆત્મા ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ સત્ એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય. એ અપેક્ષાએ ત્યાં મુખ્ય ત્રિકાળી ચીજને મુખ્ય કરીને, નિશ્ચય કરીને એને સત્યાર્થ કહ્યું છે અને પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ અસત્યાર્થ કહી છે. ૧૧મી ગાથા મૂળ ગાથા એ જૈનદર્શનના પ્રાણ છે. હેં! આહાહા..! '**ववहारोऽभूदत्थो**' વ્યવહાર અસત્યાર્થ એમ કહ્યું. તો વ્યવહાર તો પર્યાય છે જીવની એ વ્યવહાર છે. વસ્તુ જે ત્રિકાળ જ્ઞાયક આનંદકંદ પ્રભુ છે તે સત્યાર્થ છે, નિશ્ચય છે. અને એક સમયની પર્યાય ભલે કેવળજ્ઞાનની પર્યાય હો કે મતિજ્ઞાનની હો કે અજ્ઞાનની હો, એ પર્યાયને અહીંયા વ્યવહાર કહીને અસત્ય કીધી છે. અસત્ય કીધી છે એનો અર્થ એવો નથી કે એ જૂઠી છે. આહાહા..! વસ્તુ ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ એ સત્યાર્થ વસ્તુ અનાદિઅનંત પરમઆનંદનો કંદ, એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન થાય એ મુખ્ય પ્રયોજન જાણીને ત્રિકાળી ચીજને સત્ય કીધી અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર ને અસત્ય કીધી. ઝીણી વાત છે ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— નય અને નયનો વિષય અભેદ છે.

ઉત્તર :— નયનો વિષય નિશ્ચયનો અભેદ છે, વ્યવહારનો ભેદ છે. ઝીણી વાત છે બાપુ આ તો. એક સમયની પર્યાય છે એ વ્યવહાર છે. ત્રિકાળી જે આનંદકંદ પ્રભુ ધ્રુવ છે એ નિશ્ચય છે. પણ અહીંયા તો પર્યાયને અસત્ય કીધી છે. હેં! કીધું નહિ? એક ફેરી કહ્યું હતું. એક હતા દિગંબર, નાથુરામ પ્રેમી, મુંબઈ. એ એમ માનતા હતા કે આ સમયસાર વેદાંતના ઢાળામાં કુંદકુંદાચાર્યે ઢાળ્યું છે. કારણ કે એકદમ વસ્તુ આનંદકંદ શુદ્ધ નિર્મળાનંદ અને એ ધ્રુવ તે વસ્તુ છે, પર્યાય તે અવસ્તુ અસત્યાર્થ કીધી છે માટે સમયસાર વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે એમ કહેતા. ગુજરી ગયા. જૂઠી વાત છે. હેં! એમ નથી.

વસ્તુ છે એક સમયમાં આનંદકંદ શુદ્ધ ચૈતન્યઘન ચિદ્રૂપ ચિદ્સ્વરૂપ આનંદરૂપ આનંદસ્વરૂપ નિત્ય, એને મુખ્ય કહીને નિશ્ચય કહીને એનો આશ્રય લીધો છે. કેમકે મુખ્ય પ્રયોજન સમ્યગ્દર્શનનું સિદ્ધ થવા, સમ્યક્ સત્ય દર્શનની સિદ્ધિ થવા ત્રિકાળી મુખ્યને ભૂતાર્થ કીધું અને એક સમયની પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું. અભાવ કરીને અસત્યાર્થ કહ્યું એમ નથી. આહાહા..! આ ઝીણી વાતું બાપા! આકરી વાત જૈનદર્શનની શૈલી સમજવી. સમજાણું કાંઈ? શેઠ! આ બધું સમજવું પડશે. આહાહા..!

ભગવાનઆત્મા '**ववहारोऽभूदत्थो**' એમ પાઠ છે. તો પર્યાય, રાગ આદિ બધું અસત્ય છે એમ કીધું છે, ૧૧મી ગાથામાં. અને '**ववहारोऽभूदत्थो**' અભૂતાર્થ છે, અસત્યાર્થ છે અને '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ આત્મા. અજ્ઞાનીએ સર્વજ્ઞ સિવાય જેટલા મત છે એ બધાએ આત્માને જોયો નથી. સમજાય છે કાંઈ? એ ભૂતાર્થ તે ત્રિકાળી આનંદકંદનો પિંડ એને શુદ્ધનય કીધી છે. એ વસ્તુને શુદ્ધનય કીધી છે. નહિતર નય તો જ્ઞાનનો અંશ છે અને એનો વિષય ભૂતાર્થ છે. ઝીણી વાત ભગવાન! પણ ત્યાં તો એને

'**भूदत्थो देसिदो दु सुद्धणओ**' એ બીજું પદ છે. ભૂતાર્થ ત્રિકાળી ભગવાનઆત્મા એક અસંખ્યપ્રદેશી અનંતગુણનો પિંડ એક વસ્તુ એ શુદ્ધનય છે. એને શુદ્ધનય નિશ્ચયનય કીધી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— પર્યાયથી જુદો?

ઉત્તર :— પર્યાયથી જુદો. પર્યાયમાં દ્રવ્ય ક્યાં આવે છે? ઝીણી વાત બાપુ! માર્ગ બાપા વીતરાગનો કોઈ અલૌકિક છે. આહાહા..!

એક સમયની પર્યાયમાં દ્રવ્ય જે ત્રિકાળી તે આવતું નથી. પણ એક સમયની પર્યાયમાં ભૂતાર્થનું જ્ઞાન અને ભૂતાર્થની શ્રદ્ધા આવે છે. આ શું કહે છે? સમજાણું કાંઈ? એથી એમ કહ્યું કે જે ત્રિકાળી ચીજ, એક એક આત્મા ત્રિકાળી હોં! અનંત આત્માઓ છે બધા. વેદાંતની પેઠે એક જ આત્મા છે અને વ્યાપક છે એવું છે નહિ ત્રણકાળમાં. એ બધા ગપ્પા માર્યા છે, જૂઠ મારી છે બધી. સમજાણું કાંઈ?

અહીંયા તો એક આત્મા ભૂતાર્થ ત્રિકાળી વસ્તુ એને શુદ્ધનય કીધી અને પર્યાયને અભૂતાર્થ કીધી, અસત્ય કીધી. કેવળજ્ઞાનની પર્યાય પણ અસત્યાર્થ છે એમ કીધી. સાંભળો ભાઈ! આ તો માર્ગ... હેં! કેવળજ્ઞાન, કેવળદર્શન, મતિજ્ઞાન, આ પુણ્ય-પાપ, આસ્રવ સાત તત્ત્વો જે છે, જીવદ્રવ્ય સિવાય સાત, એ સાતેય તત્ત્વને નાશવાન ગણ્યા છે. કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું એવું ને એવું પણ વસ્તુ પર્યાય ભિન્ન બીજી જાત—બીજો ભાવ. આહાહા..! કેવળજ્ઞાન જે સર્વજ્ઞપર્યાય છે એ પણ એક સમયની દશા છે. પર્યાય છે ને. સમજાણું કાંઈ? એને પણ અસત્ય કહીને, અભૂતાર્થ કહીને ગૌણ કરીને અસત્ય કીધી છે. અને ત્રિકાળી ચીજને મુખ્ય કરીને નિશ્ચય કહીને પ્રયોજન સિદ્ધ થવા તેને નિશ્ચય કહ્યો છે. સમ્યગ્દર્શનનું પ્રયોજન ત્રિકાળી મુખ્યને નિશ્ચય કર્યે સિદ્ધ થાય છે. આહાહા..! હજી વાંધા પહેલા સમકિતમાં. આહા..! સમજાણું? જ્ઞાન અને ચારિત્ર તો ક્યાંય રહી ગયા. એ કહેશે હમણાં.

કહે છે કે જે વ્યવહારની અસત્યતા ત્યાં કીધી ત્યાં એમ લોકોને થઈ જાય કે આ તો વેદાંત થઈ ગયું. ડાહ્યાભાઈ! પર્યાય નથી, પર્યાય જૂઠી છે એમ કીધું. તો વેદાંત પણ એમ કહે છે. પર્યાય નથી, એક જ વસ્તુ છે ત્રિકાળી, બસ! પર્યાય ને અવસ્થા એવા ભેદ ક્યાં છે એમ કહે છે. એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ પર્યાયને એનું લક્ષ છોડાવવા તેને ગૌણ કરીને તેને અસત્યાર્થ કીધી છે અને ત્રિકાળી ચીજને મુખ્ય કરીને નિશ્ચય કહીને તેનો આશ્રય લીધો છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે આ વેદાંત કહે છે કે સર્વ આત્મા એક જ છે, શુદ્ધ છે, અખંડ છે, અભેદ છે. તદ્દન મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ એ કહ્યું, છે ને? જુઓ ૧૦૨. '**જો શરીરોંકે ભેદસે જીવોંકા નાનારૂપ ભેદ કરતા હૈ,...**' આ નારકી છે ને આ માણસ છે ને દેવ છે ને એકેન્દ્રિય છે ને બે ઇન્દ્રિય છે, એ બધા શરીરના ભેદે જીવના ભેદ જે માને છે. આહાહા..! છે? '**વહ ઉન જીવોંકા દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણ**

**નહીં જાનતા,...**' ખુબી અહીંયા ચારિત્રને ભેગું કર્યું. આહાહા..! શું કહે છે? જે કોઈ આ એકેન્દ્રિય ને બેઇન્દ્રિય ને ત્રણઇન્દ્રિય ને સ્ત્રી ને પુરુષ ને નારકી ને દેવ ને, પર્યાપ્ત ને અપર્યાપ્ત.. આહાહા..! એવા જે દેહના ભેદે જીવના ભેદ જે માને છે એને જીવના લક્ષણની ખબર નથી. સમજાણું કાંઈ? જીવનું લક્ષણ દર્શન, જ્ઞાન, ચારિત્ર. જોયું! આહાહા..! પહેલું દર્શન, જ્ઞાન આવ્યું હતું. હવે અહીં ચારિત્ર નાખ્યું. શું કહે છે?

ભગવાનઆત્મા દષ્ટાસ્વભાવવાળો ત્રિકાળ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ, એ પર્યાય છે. આ તો એનું ત્રિકાળી લક્ષણ છે. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષનો માર્ગ એ તો પર્યાય છે, એ દ્રવ્ય-ગુણ નથી. આહાહા..! આ તો દર્શન, જ્ઞાન, ચારિત્ર લક્ષણ ત્રિકાળી છે. ભગવાન દર્શનસ્વરૂપ ત્રિકાળ છે. આ ભગવાન (એટલે) અમે આત્માને જ ભગવાન કહીએ છીએ, હોં! દર્શનસ્વભાવ ત્રિકાળ છે, જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે અને ચારિત્ર એટલે વીતરાગસ્વભાવ એનો ત્રિકાળ છે. આહાહા..! અરે..! જૈન વીતરાગ શું કહે છે એ બિચારાને સાંભળવા મળે નહિ અને જિંદગી ચાલી જાય, ભાઈ! આહાહા..! પરમાત્મા ત્રણલોકનો નાથ જિનવરદેવનો પોકાર છે એ સંતો, વીતરાગનું જ આ સત્ય તત્ત્વ છે. સંતો પોતાની ભાષાથી આડતિયા થઈને વીતરાગનો માલ આપે છે. માલ ભગવાનનો આ છે ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! શું કહે છે?

આ જે મનુષ્યગતિ છે ને દેવગતિ છે ને એકેન્દ્રિય છે, એવા જે શરીરના ભેદથી જીવનો ભેદ માને છે એ વસ્તુને જાણતો નથી. એ ભગવાનઆત્માને જાણતો નથી. આહાહા..! કેમ? આ આત્મા અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ ચિદ્ જ્ઞાન ને અહીં ચારિત્ર ભેગું લીધું છે હવે. ત્રિકાળી છે ને. ચારિત્ર જે વીતરાગી પર્યાય પ્રગટ થાય છે એ તો પર્યાય છે પણ એ પર્યાય પ્રગટી ક્યાંથી? વીતરાગી ચારિત્ર ત્રિકાળ છે તેમાંથી તે આવે છે. આહાહા..! બિલકુલ પરમ સત્ય છે. કેવળજ્ઞાન એ પર્યાય છે કેવળી તીર્થંકરની હોં! આહાહા..! એ પર્યાય પણ આવી ક્યાંથી? એ ત્રિકાળી જ્ઞાનની મૂર્તિ જ્ઞાન ધ્રુવસ્વરૂપ છે તેમાંથી જ્ઞાન આવે છે. એટલે ત્રિકાળીનું જ્ઞાન લક્ષણ છે. આહાહા..! એ ત્રિકાળી વસ્તુનું દર્શન લક્ષણ છે. દર્શન—દેખવું. એ દેખવાનો સ્વભાવ અંદર ત્રિકાળ છે. એમાંથી કેવળદર્શનની પર્યાય ત્રિકાળમાંથી આવે છે. એટલે જીવનું લક્ષણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર. ચારિત્ર એટલે ત્રિકાળી વીતરાગતા. આહાહા..! બહુ ઝીણું બાપુ. આવું માણસને બિચારાને. આ તો હવે અહીં જરી વલણ થયું એટલે સાંભળે. નહિતર આ તો.. વીતરાગનો માર્ગ આવો હશે? (એમ થાય). જૈન વીતરાગ. એમાં તો છકાયની દયા પાળવી હેં!

મુમુક્ષુ :— જ્ઞાનની પર્યાયને લક્ષણ કીધું છે.

ઉત્તર :— ઈ ક્યાં અત્યારે વાત, ઈ તો થઈ ગઈ વાત. ઈ તો સાધારણ વાત છે. ઈ વાત અત્યારે ક્યાં છે? ઈ વાત તો ઘણા કાળથી કહેવાય છે. એ તો હમણાં પણ કહેવાઈ ગયું છે. ઈ ક્યાં અત્યારે પ્રશ્ન છે. અહીં તો ત્રિકાળીને લક્ષણ કહ્યું છે. એ તો હમણાં બે-ત્રણ દિ' પહેલા આવ્યું હતું ને? એ ત્રિકાળીનું લક્ષણ છે એનો નિર્ણય પર્યાય કરે છે. ઝીણી વાત બાપુ માર્ગ. સમજાણું કાંઈ? એ વાત

આવી ગઈ હતી આપણે આમાંથી. ઘણી વાર આવી છે બાપુ આ તો. આહાહા..!

અહીંયા લક્ષણ જ્ઞાનનું પર્યાય લક્ષણ છે એથી જણાય પણ એ જાણે શું? જ્ઞાન, દર્શન ને ચારિત્ર વીતરાગતા ત્રિકાળ છે એને એ જાણે. ત્યારે તે લક્ષણ જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રિકાળ છે એનો નિર્ણય પર્યાયમાં થાય ત્યારે એનું લક્ષણ જાણ્યું એણે. આહા..! ભારે વાતું બાપા! સમજાણું કાંઈ? ત્રિકાળી લક્ષણ છે એ કાંઈ જાણવાનું કાર્ય કરે છે? કાર્ય તો પર્યાયમાં હોય છે. પણ અહીં લક્ષણ એનું ત્રિકાળી આ છે એમ સિદ્ધ કરીને ભેદથી જે શરીરના, જીવના દેખે છે એ બધો વ્યવહાર છે તેને ઉઠાવી નાખે છે. છોડી દે દૃષ્ટિ એ. છે ખરું એ બધું. સમજાણું કાંઈ? આ ચારિત્ર એક ભેળવ્યું ભાઈ આમાં વધારે. નહિતર જ્ઞાન, દર્શન લક્ષણ તો બધે ઠેકાણે આવે છે. જ્ઞાન, દર્શન લખણો. પણ એ જ્ઞાન, દર્શન લક્ષણના બે પ્રકાર. એક પર્યાયમાં લક્ષણ, એક ત્રિકાળમાં લક્ષણ. હવે અહીં ત્રિકાળી લક્ષણની વાત કહેવા માગે છે. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! વીતરાગમાર્ગ બાપા જિનેશ્વરદેવ ત્રિલોકના નાથ.. આહાહા..! ભગવાન મહાવીર આદિ તો મોક્ષ પધાર્યા, ણમોસિદ્ધાણંમાં ગયા, ભગવાન ણમોઅરિહંતાણંમાં બિરાજે છે. સીમંધર ભગવાન તીર્થંકરદેવ જિનેશ્વર સાક્ષાત્ ણમોઅરિહંતાણં પદમાં બિરાજે છે. શરીર છે, વાણી છે, ચાર અઘાતિ કર્મ બાકી છે. સમજાણું કાંઈ? એમાંથી આવેલું આ તત્ત્વ છે. ભાઈ! જૈનમાર્ગને સમજવો એ અલૌકિક વાત છે. અને એ સમજ્યો અને જેને જાણવામાં આવ્યો યથાર્થ, બેડો પાર થઈ ગયો સંસારનો. આહાહા..! એકાદ, બે ભવ હોય એ કંઈ ગણતરી નથી. આહાહા..!

અહીં કહે છે, ભગવાન! તારું લક્ષણ તો દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. આહાહા..! એ '**નહીં જાનતા,...**' અજ્ઞાની એકેન્દ્રિય ને બેઈન્દ્રિય ને ત્રણઈન્દ્રિય ને ચૌઈન્દ્રિય ને માણસ ને નારકી ને.. એવા ગતિભેદે જીવના ભેદ માને છે, એ ત્રિકાળી જ્ઞાન, દર્શન ને ચારિત્રના લક્ષણને જાણતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? બાપુ! આ તો પરમાત્માના ઘરની વાત છે. આહાહા..!

મુમુક્ષુ :— ત્રિકાળી લક્ષણ ખરેખર એ જ સાચું લક્ષણ છે.

ઉત્તર :— એ જ લક્ષણ છે. '**उवओगलक्खणो णिच्चं**' આવે છે ને ભાઈ આપણે ૨૪ ગાથામાં નહિ? સમયસાર. '**उवओगलक्खणो णिच्चं**'. નિત્ય ઉપયોગ તેનો ત્રિકાળ જ્ઞાન, દર્શન તે તેનું લક્ષણ છે. ભલે એ લક્ષણનો નિર્ણય કરે પર્યાય પણ લક્ષણ ત્રિકાળી છે વસ્તુ. ધ્રુવ આનંદકંદ પ્રભુ. આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય શું છે અને સમ્યક્ કોને કહેવું એની ખબર નથી. લોકોએ સાંભળ્યું નથી બિચારાએ. આહા..! અને સમ્યગ્દર્શન વિના થઈ ગયા સાધુ અને થઈ ગયા પડિમા ને થઈ ગયા વ્રતધારી. થોથા છે બધા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ગુણ?

ઉત્તર :— ગુણ ત્રિકાળ. આહા..!

'**નહીં જાનતા,...**' એ પર્યાયમાં નથી જાણતો. એમ. શું કીધું? વસ્તુ જે ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનવરદેવે જે આત્મા જોયો. એ કહ્યું હતુંને? 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા

હો લાલ' સર્વજ્ઞ પરમેશ્વરની સ્તુતિ કરે છે, પ્રભુ! વીતરાગદેવ ત્રિલોકનાથ 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' હે નાથ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા! અમારા આત્માની નિજ સત્તાને આપ પવિત્ર અને શુદ્ધ દેખો છો. આહાહા..! અમારો નિજ સત્તાએ શુદ્ધ. નિજ નામ પોતાની સત્તાનું હોવાપણું તે ભગવાન શુદ્ધ છે આત્મા. આ જ્ઞાન, દર્શન, ચારિત્રસ્વરૂપ છે ઈ. આહાહા..! ડાહ્યાભાઈ! આવી વાતું છે ભાઈ! 'નિજ સત્તાએ શુદ્ધ...' હે નાથ! હે સર્વજ્ઞ પરમેશ્વર! દરેકનો આત્મા પોતાથી સત્તાએ પવિત્રનો પિંડ છે એમ આપ દેખો છો. એને આત્મા કહેવા માંગો છો. આહાહા..! અમે એ રીતે જ્યારે શુદ્ધને જોઈએ તો અમે સમ્યગ્દૃષ્ટિ થઈએ. એમ કહે છે. તેં જેવો જોયો એવો અમે જોઈએ શ્રદ્ધામાં, જ્ઞાનમાં. આહાહા..! એ જોનારી છે પર્યાય. કાર્ય તો પર્યાયમાં થાય છે ને, કાંઈ ગુણ-દ્રવ્યમાં કાર્ય નથી. દ્રવ્ય-ગુણ તો ધ્રુવ ત્રિકાળી છે. આહાહા..!

અહીં કહે છે કે ત્રિકાળી જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ જીવનું સ્વરૂપ છે. એ અજ્ઞાનીઓ પર્યાયબુદ્ધિવાળા એકેન્દ્રિય ને બેઇન્દ્રિય ને ત્રણઇન્દ્રિય ને ચૌઇન્દ્રિય (દેખે છે). આવે છે ને? ઈચ્છામિ એકેન્દ્રિયા... કાંઈ ભાનેય ન મળે કે એકેન્દ્રિય કોણ? ને હું કોણ છું? એ તો પર્યાયબુદ્ધિની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? અંતર ભગવાનઆત્મા એ તો એક સમયની દશાની વાત છે. એ કાંઈ પૂર્ણ આત્મા નથી. એકેન્દ્રિયમાં એકેન્દ્રિયપણું છે એ કંઈ આત્મા નથી. અરે..! આત્મા એક સમયની પર્યાય વિકાસ છે એ પણ પૂર્ણ આત્મા નથી. આહાહા..! એ અહીં કહે છે.

**'દર્શન, જ્ઞાન, ચારિત્ર લક્ષણ...' 'नैव मनुते'. 'उसको गुणोंकी परीक्षा नहीं है.'** ગુણોની પરીક્ષા નથી એમ કહેવું છે. આહાહા..! આવો માર્ગ હવે ભારે. એ લોકોએ કરી નાખ્યો બિચારાએ, આ દયા પાળવી ને એકેન્દ્રિય આમ કરવું ને આમ કરવું, વ્રત પાળવા. જૈનધર્મ જ એ નથી, એ તો અજૈન ધર્મ છે.

મુમુક્ષુ :— સમ્યગ્દર્શન પછી તો વ્રત કરવા પડશેને?

ઉત્તર :— શું કરે? ધૂળ કરે? પછી જ્ઞાન કરે છે. રાગ આવે એને જાણે છે એ તો. જ્ઞાન જાણવાનું કામ કરે, રાગનું કર્તવ્ય કરે? આહાહા..! સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ જાણવામાં, માનવામાં, વેદવામાં આવ્યો. ત્રણ બોલ કહ્યા. આ ત્રણ છે ખરા ને. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા તો છે. એનું લક્ષણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર. ચારિત્ર એટલે વીતરાગતા ભરેલી છે ઈ. વર્તમાન પર્યાય નહિ. ચારિત્ર જે વીતરાગી પર્યાય પ્રગટ થાય છે મોક્ષનો માર્ગ, એ પર્યાય તો ગુણમાંથી આવે છે. એ ગુણ અંદર ચારિત્રગુણ વીતરાગી ગુણ ત્રિકાળ છે. એની ખાણ છે ભગવાનઆત્મા. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે બાપુ! શું કીધું?

**'દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણ नहीं जानता अर्थात् उसको गुणोंकी परीक्षा नहीं है.'** આહાહા..! જે કોઈ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ગતિ ને મનુષ્યને એવા જીવને જ માને છે, એને જીવના ગુણોના લક્ષણની ખબર નથી. ભગવાન પૂર્ણાનંદનોનાથ પ્રભુ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી એવા

ગુણોથી. ચારિત્ર એટલે આ પર્યાયથી નહિ, ગુણોથી ભરપુર ભગવાન છે એને તે અજ્ઞાની જાણતા નથી. આહાહા..! પોપટભાઈ! આવી વાતું છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ક્યાંય છે નહિ, બાપા! અમને તો ખબર છે, અહીં ૮૭ વર્ષ થયા. અહીં તો ૭૦ વર્ષથી તો આ શાસ્ત્ર વાંચીએ છીએ. દુકાન ઉપર શાસ્ત્ર વાંચ્યા. સ્થાનકવાસી હતાને, અમારા પિતાજી સ્થાનકવાસી હતા. દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂયગડાંગ બધા ૧૮ વર્ષની ઉંમરથી વાંચેલા દુકાન ઉપર. જૈન સમાચાર મંગાવતા. વાડીલાલ મોતીલાલનું હતું. પુસ્તકો રાખતા. આહા..! આ વાત જૈનદર્શન સનાતન જૈનદર્શન છે, એ સિવાય વાત ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? અહીં કહે છે, આહાહા..!

**ભાવાર્થ :— 'દેહકે મમત્વકે મૂલ કારણ...'** આહાહા..! **'(અપની બડાઈ)...'** શરીર સારું મળ્યું ને પૈસા મળ્યા તો અમે મોટા છીએ. ધૂળમાંય મોટો નથી. બહારમાં મોટપ ક્યાં ગરી ગઈ તારી? છે? એ દેહના મમત્વને કારણે **'(અપની બડાઈ), પૂજા...'** દુનિયા માને ને પૂજા (કરે). આહાહા..! **'લાભરૂપ...'** પૈસાનો લાભ, કુટુંબનો લાભ, દીકરાનો લાભ, આબરુનો લાભ, અંતરમાં રાગ થવાનો લાભ. આહાહા..! **'જો આર્ત રૌદ્રસ્વરૂપ ખોટે ધ્યાન...'** છે. આહાહા..! એ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જૂઠા ધ્યાન તેનાથી રહિત. એવા ખોટા ધ્યાનથી રહિત ભગવાનઆત્મા **'નિજ શુદ્ધાત્માકા ધ્યાન...'** આહાહા..! નિજ શુદ્ધ પવિત્ર ભગવાન ત્રિકાળી આનંદનો નાથ આત્મા અતીન્દ્રિયજ્ઞાન અતીન્દ્રિયઆનંદની ખાણ. એક એક આત્મા હોં! આહાહા..! એવો **'નિજ શુદ્ધાત્માકા ધ્યાન...'** એની અંતરમાં સન્મુખતા એ ધ્યાન. જેના પર્યાયના ધ્યાનમાં ધ્યેય પકડાય આખું એને અહીં ધ્યાન કહે છે. આહાહા..! **'નિજ શુદ્ધાત્માકા ધ્યાન ઉસકે અભાવસે...'** ત્રિકાળી ભગવાન જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદકંદ પ્રભુ એના ધ્યાન નામ એકાગ્રતા, સન્મુખતાનો અભાવ. એની એકાગ્રતાનો સન્મુખતાનો અભાવ. આહાહા..! શાસ્ત્ર તે શાસ્ત્ર છેને!

**'ઉસકે અભાવસે જીવને ઉપાર્જન કિયે...'** છે ને? શુદ્ધ જે જ્ઞાન, દર્શન લક્ષણ સંપન્ન પરમાત્મા પોતે પરમાત્મા પોતે ભગવાન છે આત્મા. ભગવતસ્વરૂપ જ આત્મા છે. પામરને બેસવું કઠણ પડે. આહા..! સમજાણું કાંઈ? એવા જે ભગવતસ્વરૂપ પરમાત્મા, જે પરમાત્મા પર્યાયમાં થયા એવો જ આ પરમાત્મા દ્રવ્યમાં અને ગુણમાં છે. આહાહા..! હેં! પ્રાપ્તની પ્રાપ્તિ છે. કૂવામાં હોય એ અવેડામાં આવે. અંદરમાં પૂર્ણતા હોય તો પર્યાયમાં આવે. અંદર ન હોય તો ક્યાંથી બહારથી આવતી હતી. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, શુદ્ધાત્માના ધ્યાનનો અભાવ... આહાહા..! ત્રિકાળી આનંદનો નાથ દર્શન, જ્ઞાન, ચારિત્રના સ્વભાવના લક્ષણથી ભરેલો એનું જે ધ્યાન, એનો અભાવ. એનાથી **'ઉપાર્જન કિયે જો શુભ-અશુભ કર્મ ઉનકે ઉદયસે ઉત્પન્ન જો શરીર હૈ,...'** આ શરીર ને આ બધી મળી ધૂળ, એ પૂર્વે શુદ્ધાત્માના ધ્યાનના અભાવથી ઉપાર્જેલા કર્મ.. આહાહા..! એનાથી મળ્યું આ શરીરાદિ.

આહાહા..! શરીર '**ઉસકે ભેદસે ભેદ માનતા હૈ,...**' આહાહા..! '**ઉસકો દર્શનાદિ ગુણોંકી ગમ્ય નહીં હૈ.**' જોયું! એને દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રિકાળી આનંદકંદ ગમ્ય નથી. આહાહા..! જુઓ! આ શાસ્ત્ર, આ સિદ્ધાંત. પરમાત્મપ્રકાશ છે આ. યોગીન્દ્રદેવ ૧૩૦૦ વર્ષ પહેલા થયા છે, એમનું બનાવેલું છે. દિગંબર સંતો તો કેવળીના કેડાયતો. આહાહા..! કેવળજ્ઞાનની વાતું કરનારા. આહાહા..!

'**ઉસકો દર્શનાદિ ગુણોંકી ગમ્ય નહીં હૈ.**' શું કહે છે? જેને આ શુદ્ધાત્માના ધ્યાનનો અભાવ, એનાથી ઉપાર્જેલા કર્મ, એનાથી મળ્યા શરીરાદિના ભેદો આ બધા, એને જાણનારને આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રના લક્ષણ સંપન્ન ગુણ છે એની એને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**યદ્યપિ પાપકે ઉદયસે નરક-યોનિ,...**' નરકમાં અનંત વાર ગયો એ પાપના ઉદયથી. આહાહા..! અનંતા ભવ નરકના કર્યા ભાઈ! જેની પીડા દસ હજાર વર્ષની સ્થિતિવાળો પહેલો નારકી, આહાહા..! એ ચક્રવર્તીનો દીકરો હોય, તરતના લગ્ન કર્યા હોય, કરોડો અબજો પૈસા એક દિ'માં ખર્ચ્યા હોય અને એને લગ્નના દિવસે કોઈ.. આહાહા..! જમશેદપુરની ભઠ્ઠીમાં જીવતો નાખે. આ તમારે જમશેદપુર આવ્યું. નરભેરામભાઈ! કામાણી ન્યાં રહે છે ને ઈ? રહેતાને? જમશેદપુર ગયા હતા અમે, ભઠ્ઠી-બઠ્ઠી જોવા ગયા હતા. નરભેરામભાઈ શેઠ સાથે હતા. આહાહા..! અહીં કહે છે કે એ માણસને ન્યાં નાખે અને એને પીડા થાય એની કરતાં અનંતગુણી પીડા પહેલી નરકને દસ હજારને પાસડે છે. આહાહા..! ભાઈ! તું ભૂલી ગયો. એવા એવા સાતમી નરક સુધીના એક એક સ્થિતિના અનંતભવ. દસ હજાર સ્થિતિના અનંત, દસ હજાર ને એક સમયના અનંત, દસ હજાર ને બે સમયના અનંત એમ કરતાં તેત્રીસ સાગર સુધીના લેવા. આહાહા..! એ અહીં કહે છે. છે?

'**પાપકે ઉદયસે નરક-યોનિ,...**' મળી. એ તો પર્યાયમાં ભેદ છે. આહાહા..! '**પુણ્યકે ઉદયસે દેવોંકા શરીર...**' મળ્યું. ધૂળ. દેવનું શરીર એ પુણ્યનો ઉદય છે. એ તો શરીર છે, જડ. આહાહા..! '**ઔર શુભાશુભ મિશ્રસે નર-દેહ...**' આ મનુષ્યપણું મળ્યું એ શુભાશુભના મિશ્રથી મળ્યું છે. શુભ અને અશુભ બે મિશ્ર થઈને. '**માયાચારસે પશુ...**' આહાહા..! કપટ કપટ. આહા..! આડા શરીર છે ને? ઉંદર ને મીંદડા ને બિલાડા ને વાઘને આમ આડા (શરીર છે). એ આડોડાઈ બહુ કરેલી પૂર્વે. માયા કપટ કુટીલના આડોડાઈમાં શરીર જેના આડા થઈ ગયા છે. એવા ભવ પણ અનંતા કર્યા છે એણે ભાઈ! એ આત્માના ભાન વિના. આત્મા આવો અનંત આનંદનો નાથ ચારિત્ર, દર્શન, જ્ઞાનથી ભરપુર ભરેલો પ્રભુ. ગુણે હોં! એના જ્ઞાન ને એના ભાન વિના આવા કર્મથી ઉપાર્જેલામાં ચાર ગતિ અનંત વાર મળી છે, કહે છે. પોપટભાઈ!

મુમુક્ષુ :— આ બધું ભૂલી ગયો.

ઉત્તર :— ધૂળ મળી છે અનંતવારમાં. આહાહા..!

'**અર્થાત્ ઈન શરીરોંકે ભેદસે જીવોંકી અનેક ચેષ્ટાએં દેખી જાતી હૈં,...**' આહાહા..! શરીરના ભેદે સ્ત્રીનું શરીર, ગધેડાનું શરીર, માણસનું શરીર, દેવનું શરીર, નારકીનું શરીર એની ચેષ્ટા ભિન્ન ભિન્ન દેખવામાં આવે છે. આહાહા..! '**પરંતુ દર્શન જ્ઞાન લક્ષણસે સબ તુલ્ય હૈં.**'

આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જેની શક્તિ અને સામર્થ્ય દર્શન અને જ્ઞાન છે. બે નાખીએ ભલે. ચારિત્ર ભેગું વીતરાગતા છે. '**નિશ્ચયનયસે દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવોંકે લક્ષણ હૈં,...**' જોયું! આહાહા..! '**દર્શન જ્ઞાન લક્ષણસે સબ તુલ્ય હૈં. ઉપયોગ લક્ષણકે...**' ઈને? '**ઉપયોગ લક્ષણકે બિના કોઈ જીવ નહીં હૈ.**' આહાહા..! '**उवओगलक्खणो णिच्चं**'. જાનન-દેખન ઉપયોગ ત્રિકાળી એ લક્ષણ ત્રિકાળી ભગવાનઆત્માનું છે. સમજાણું કાંઈ? '**નિશ્ચયનયસે દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવોંકે લક્ષણ હૈં, ઐસા જાનકર બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શુદ્ર, ચાંડાલાદિ દેહકે ભેદ દેખકર રાગ-દ્વેષ નહીં કરના ચાહિયે.**' આહાહા...! ચંડાળનો દેહ હોય, એકેન્દ્રિયનો દેહ હો, દેવનો દેહ હો, નારકીનો દેહ હો એ તો બધા પરવસ્તુ છે. એને દેખીને શરીર અનુકૂળ દેખીને રાગ, પ્રતિકૂળ દેખીને દ્વેષ કરવો નહિ. સમજાણું કાંઈ? શરીર સુંદર દેખાય એ તો માટી જડ છે. સમજાણું કાંઈ? એને દેખીને રાગ ન કરવો એમ કહે છે. ભગવાન તો જ્ઞાન, દર્શન લક્ષણે ભરપુર છે ને, એ જાણનાર-દેખનાર છે ને. એને વળી આવો દેખીને રાગ (ન કરવો). સમજાણું કાંઈ? આહાહા..! ખીલી-બિલી વાગતી નથી? ખીલી વાગેને લોઢાની? પછી એમ કહે કે મારી માટી પાકણી છે, પાણી અડવા દેશો નહિ. એમ બોલે. બોલવામાત્ર. ભાન ન મળે. મારી માટી પાકણી છે. કહે માટી, વળી માને કે મારું. ધૂળ. ખીલો વાગે ને? પાણી અડાડશો નહિ મને. કેમ? મારી માટી પાકણી છે. છે ને? તમારે કાંઈક હશે કે નહિ એ? અમારી ગુજરાતી ભાષા આ છે, તમારે હિન્દીમાં.. ચૂલામાં રાખ જ હોય બધે. એ માટી છે. બાપા! આ તો જડ છે ને, પ્રભુ! માટી છે ને, અજીવ છે ને. એને દેખીને તું માન કે સારું છે ને નરસું.. આહાહા..! કુબડું ખરાબ શરીરને દેખીને, આહા..! રૂપાળું અને સુંદર દેખીને સારું (માને). બાપા! સારા કોને કહેવા? ભાઈ! એ તો બધા શરીરના લખણ જડના છે. આહાહા..!

એમ જાણીને '**દેહકે ભેદ દેખકર રાગ-દ્વેષ નહીં કરના ચાહિયે. સબ જીવોંકે મૈત્રીભાવ કરના,...**' આહાહા..! આવે છે ને ચાર ભાવ? સત્વૈષુ મૈત્રી, ગુણેષુ પ્રમોદં. બધા ભગવાન છે, કોઈ પ્રત્યે દ્વેષ અને વેર નહિ. આહાહા..! સત્વેષુ—અનંતજીવો એ મિત્ર છે. અને દ્રવ્ય સાધર્મી, જે દ્રવ્યસ્વભાવ છે એનો, બધા જીવોનો એ અપેક્ષાએ તો એ જીવ સાધર્મી છે. આહાહા..! શું કહ્યું ઈ? જેનો દ્રવ્ય—વસ્તુસ્વભાવ છે, જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ વગેરે એ વસ્તુસ્વભાવે તો આ જીવનો એ સાધર્મી જીવ છે. આ દ્રવ્ય એવું છે અને એ દ્રવ્ય એવું છે. આહાહા..! સમજાણું કાંઈ? એથી કહે છે, '**સબ જીવોંકે મૈત્રીભાવ કરના,...**' આહાહા..! એની નિંદા કરનાર હો, પણ એ તો નિંદા શરીરની. આત્માની તો એને ખબર નથી, નિંદા શી રીતે કરે? અને વૈરી વિરોધ હોય, એ વૈરી વિરોધ તો એની પર્યાયમાં છે. આહાહા..! એના પ્રત્યે પણ જીવને મૈત્રી જોઈએ. કોઈ પ્રાણી દેખીને અપ્રેમ થાય કે દ્વેષ થાય એમ ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :— મૈત્રીભાવ શુભરાગ છે કે વીતરાગતા?

ઉત્તર :— જ્ઞાતા-દૃષ્ટાપણું છે ઈ. બધા ભગવાન છે, પરમાનંદની મૂર્તિ છે. મારા સાધર્મી છે

દ્રવ્યે. પર્યાયમાં ફેર છે ઈ તો છે. ઈ અત્યારે (વાત નથી).

મુમુક્ષુ :— સ્વરૂપના લક્ષે બધા સાધર્મી છે.

ઉત્તર :— બધા સાધર્મી છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. શ્રીમદ્‌માં આવે છે ને. આહાહા..! 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.' બાપુ! ઈ આ છે. ભગવાનસ્વરૂપ બધા છે, બધા પ્રત્યે મૈત્રી જોઈએ. ગમે તે વિરોધ કરો, નિંદા કરો. એમાં કાંઈ... અમે કોણ છીએ એ તો જાણતો નથી. તું કોણ છો એને તું જાણતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'યહી તાત્પર્ય હૈ. સર્વ જીવોંકે મૈત્રીભાવ કરના, યહી તાત્પર્ય હૈ.'** આહાહા..! બહુ વાત.. એમાં ચારિત્ર ભેળવીને તો વીતરાગતા ભેળવી છે અંદર. આહાહા..! ભગવાન વીતરાગસ્વરૂપ જ છે. દ્રવ્ય જે છે વસ્તુ છે એ તો વીતરાગસ્વરૂપ જ ભગવાન છે, આત્માઓ બધા. આહાહા..! એ જ્ઞાનસ્વરૂપ છે, દૃષ્ટાસ્વરૂપ છે, એમ ચારિત્ર એટલે વીતરાગસ્વરૂપ જ છે. ચારિત્ર એનો ગુણ છે. પર્યાય પ્રગટે એ બીજી વાત છે, મોક્ષમાર્ગ એ. આ તો એનો ગુણ જ ચારિત્ર છે. આહાહા..! હૈં! આહાહા..! એ બધાને મૈત્રી જાણવા એ તાત્પર્ય છે. આહાહા..!

આજે એમ આવ્યું હતું કે શુદ્ધાત્માના ધ્યાનના અભાવથી બાંધેલા કર્મ. કાલે એમ આવ્યું હતું કે ભગવાનઆત્મા આનંદસ્વરૂપના સ્વાદના અભાવથી અને પુણ્ય ને પાપના વિષયના સ્વાદના ભાવથી ઉપાર્જેલા કર્મ છે. આહાહા..! શું કહ્યું ઈ? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદથી ભરેલો પ્રભુ છે. એનો જેને સ્વાદ નથી એ સ્વાદ વિનાના પ્રાણી અને એને રાગનો સ્વાદ છે, એ રાગનો સ્વાદિયો નવા કર્મ બાંધીને ચાર ગતિમાં રખડે છે. આહા..! જુઓ આ વીતરાગમાર્ગ. આહાહા..! આવ્યું હતુંને કાલે? ૧૦૧માં, ૧૦૦માં. આત્માના સ્વાદથી વિરુદ્ધ વિષયનો સ્વાદ. વિષય શબ્દે રાગ દયા, દાન, પુણ્ય, પાપ બધા વિષય છે એ રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? એનો સ્વાદિયો નિજાત્માના સ્વાદનો જેને અભાવ છે અને એને રાગ ને પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ શુભ-અશુભનો સ્વાદિયો છે એ નવા આઠ કર્મ બાંધે છે અને એને લઈને ચાર ગતિમાં રખડે છે. આહાહા..!

મુમુક્ષુ :— કર્મને કારણે રખડે છે.

ઉત્તર :— શેના કારણે? પણ ભાવ કીધોને પહેલો. પહેલા ભાવ કર્યા ત્યારે કર્મ થયાને. કર્મ તો નિમિત્ત છે. પોતે ભાવ વિકારના સ્વાદમાં આવ્યો. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હોય, એ રાગ છે એનો સ્વાદ છે એ ઝેર છે. આ તો વીતરાગમાર્ગ છે ભાઈ!

મુમુક્ષુ :— કર્મએ શું કર્યું?

ઉત્તર :— કર્મ શું દ્યે? ધૂળ. એ તો બોલાય છે કે કર્મે શરીર દીધું. શરીરના રજકણ ભિન્ન છે, કર્મના રજકણ ભિન્ન છે. ભિન્ન ચીજ ભિન્નને આપે? એ તો બોલવાની વાત છે. આવી ગઈ છે વાત કે આ પુણ્યને લઈને પૈસા મળ્યા. એ.. પોપટભાઈ! પુણ્ય છે એ તો શાતાવેદનીયના ઉદયના રજકણ જુદા છે અને પૈસાના રજકણ એ જુદી ચીજ છે. એ પૈસાના રજકણ એ પુણ્યે આપ્યા છે? એ તો

નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. પૈસા રજકણો પોતાને કારણે ત્યાં આવે છે. પુણ્યના રજકણો તો ત્યાં નિમિત્ત છે. પણ નિમિત્તે પુણ્યને લાવીને ત્યાં ખેંચ્યા છે એમ નથી. આહાહા..! વાતે વાતે ફેર છે. સમજાણું કાંઈ? કહો શેઠ! આ પૈસા-બૈસા તમને મળ્યા એ પુણ્યને લઈને મળ્યા એમ કહેવું એ વ્યવહાર છે એમ કહે છે.

મુમુક્ષુ :— આમાં પુરુષાર્થ કાંઈ કામ નથી કરતો?

ઉત્તર :— ધૂળમાંય કરતો નથી, રાગમાં કરે ઊંધો. રાગ કર્યો હતો. આહાહા..! પૈસા એને કારણે આવે છે. આહાહા..! અને આવે છે તે તારી પાસે ક્યાં આવે છે? એ તો એનામાં રહે છે. અહીં નજીક આવ્યા તો તું માને છે કે મારા આવ્યા. એ તો મમતા તારી પાસે આવી, એ ચીજ ક્યાં આવે છે? ચીજ તો દૂર રહી. ડાહ્યાભાઈ! અરે..! વસ્તુ વસ્તુ. આહાહા..!

---

## ગાથા-૧૦૩

अथ शरीराणि बादरसूक्ष्माणि विधिवशेन भवन्ति न च जीवा इति दर्शयति-

२३०) अंगइँ सुहुमइँ बादरइँ विहि-वसिँ होंति जे बाल।
जिय पुणु सयल वि तित्तडा सव्वत्थ वि सय-काल।।१०३।।

अङ्गानि सूक्ष्माणि बादराणि विधिवशेन भवन्ति ये बालाः।
जीवाः पुनः सकला अपि तावन्तः सर्वत्रापि सदाकाले।।१०३।।

अंगइं इत्यादि पदखण्डनारुपेण व्याख्यानं क्रियते। अंगइं सुहुमइं बादरइं अङ्गानि सूक्ष्मबादराणि जीवानां विहि-वसिं होंति विधिवशाद्भवन्ति अङ्गोद्भवपञ्चेन्द्रियविषयाकांक्षा -मूलभूतानि दृष्टश्रुतानुभूतभोगवाञ्छारुपनिदानबन्धादीनि यान्यपध्यानानि, तद्विलक्षणा यासौ स्वशुद्धात्मभावना तद्रहितेन जीवेन यदुपार्जितं विधिसंज्ञं कर्म तद्वशेन भवन्त्येव। न केवलमङ्गानि भवन्ति जे बाल ये बालवृद्धादिपर्यायाः तेऽपि विधिवशेनैव। अथवा संबोधनं [1]हे बाल अज्ञान। जिय पुणु सयल वि तित्तडा जीवाः पुनः सर्वेऽपि तत्प्रमाणा प्रत्यनन्ताः, क्षेत्रापेक्षयापि पुनरेकैकोऽपि जीवो यधपि व्यवहारेण स्वदेहमात्रस्तथापि निश्चयेन लोकाकाशप्रमितासंख्येयप्रदेशप्रमाणः। क्व। सव्वथ वि सर्वत्र लोके। न केवलं लोके सय-काल सर्वत्र कालत्रये तु। अत्र जीवानां बादरसूक्ष्मादिकं व्यवहारेण कर्मकृतभेदं दृष्ट्वा विशुद्धदर्शनज्ञान लक्षणापेक्षया निश्चयनयेन भेदो न कर्तव्य इत्यभिप्रायः।।१०३।।

---

૧.પાઠાન્તર :— हे बाल अज्ञान=बाल हे अज्ञान

आगे सूक्ष्म बादर-शरीर जीवोंके कर्मके सम्बन्धसे होते हैं, सो सूक्ष्म, बादर, स्थावर, जंगम ये सब शरीरके भेद हैं, जीव तो चिद्रूप है, सब भेदोंसे रहित है, ऐसा दिखलाते हैं-

गाथा-१०३

अन्वयार्थ :- [सूक्ष्माणि] सूक्ष्म [बादराणि] और बादर [अंगानि] शरीर [ये] तथा जो [बालाः] बाल, वृद्ध, तरुणादि अवस्थायें [विधिवशेन] कर्मोंसे [भवंति] होती हैं, [पुनः] और [जीवाः] जीव तो [सकला अपि] सभी [सर्वत्र] सब जगह [सर्वकाले अपि] और सब कालमें [तावंतः] उतने प्रमाण ही अर्थात् असंख्यातप्रदेशी ही है।

भावार्थ :- जीवोंके शरीर व बाल वृद्धादि अवस्थायें कर्मोंके उदयसे होती हैं। अर्थात् अंगोंसे उत्पन्न हुए जो पंचेन्द्रियोंके विषय उनकी वाँछा जिनका मूल कारण है, ऐसे देखे, सुने, भोगे हुए भोगोंकी वाँछारुप निदान बंधादि खोटे ध्यान उनसे विमुख जो शुद्धात्माकी भावना उससे रहित इस जीवने उपार्जन किये शुभाशुभ कर्मोंके योगसे ये चतुर्गतिके शरीर होते हैं, और बाल-वृद्धादि अवस्थायें होती हैं। ये अवस्थायें कर्मजनित हैं, जीवको नहीं हैं। हे अज्ञानी जीव, यब बात तू निःसंदेह जान। ये सभी जीव द्रव्य-प्रमाणसे अनन्त हैं, क्षेत्रकी अपेक्षा एक एक जीव यधपि व्यवहारनयकर अपने मिले हुए देहके प्रमाण हैं, तो भी निश्चयनयकर लोकाकाशप्रमाण असंख्यातप्रदेशी हैं। सब लोकमें सब कालमें जीवोंका यही स्वरुप जानना। बादर सूक्ष्मादि भेद कर्मजनित होना समझकर (देखकर) जीवोंमें भेद मत जानो। विशुद्ध ज्ञान-दर्शनकी अपेक्षा सब ही जीव समान हैं, कोई भी जीव दर्शन, ज्ञान रहित नहीं है, ऐसा जानना।।१०३।।

---

હવે, વિધિના વશે બાદર અને સૂક્ષ્મ શરીરો થાય છે પણ જીવો થતા નથી, એમ દર્શાવે છે :-

ભાવાર્થ :- શરીરમાં ઉત્પન્ન પાંચ ઇન્દ્રિયોના વિષયોની આકાંક્ષાનું મૂળ કારણ એવા, દેખેલા, સાંભળેલા, અને અનુભવેલા ભોગોની વાંછારૂપ નિદાનબંધ આદિ જે અપધ્યાનો (દુર્ધ્યાનો, માઠાં ધ્યાનો) છે તેનાથી વિલક્ષણ જે સ્વશુદ્ધાત્માની ભાવના છે તેનાથી રહિત જીવથી જે વિધિસંજ્ઞાવાળું કર્મ ઉપાર્જિત કરવામાં આવ્યું છે. તેના વશથી જીવોના સૂક્ષ્મ, બાદર શરીરો થાય છે. માત્ર શરીરો જ થાય છે એટલું જ નહિ પણ જે બાલવૃદ્ધાદિ પર્યાયો છે તે પણ વિધિના વિશે જ થાય છે. અથવા સંબોધન કરે છે કે, હે બાલ! હે અજ્ઞાન! સર્વ જીવો સર્વત્ર-લોકમાં-માત્ર લોકમાં જ નહિ, પરંતુ ત્રણકાળમાં પણ તેટલા જ પ્રમાણવાળા છે; અર્થાત્ દ્રવ્યપ્રમાણથી અનંતા છે અને ક્ષેત્રની અપેક્ષાએ

પણ એક એક જીવ પણ જોકે વ્યવહારનયથી પોતાના દેહ જેટલો છે તોપણ નિશ્ચયનયથી લોકાકાશપ્રમાણ અસંખ્યાત પ્રદેશ જેટલો છે.

અહીં, વ્યવહારનયથી જીવોના બાદર સૂક્ષ્માદિક કર્મકૃત ભેદ જોઈને નિશ્ચયનયથી વિશુદ્ધજ્ઞાનલક્ષણની અપેક્ષાએ જીવોના ભેદ ન કરવા, એવો અભિપ્રાય છે. ૧૦૩.

---

## ગાથા-૧૦૩ ઉપર પ્રવચન

હવે ૧૦૩. **'આગે સૂક્ષ્મ બાદર-શરીર જીવોંકે કર્મકે સમ્બન્ધસે હોતે હૈં,...'** એટલે વ્યવહાર પણ સિદ્ધ કરે છે. અજ્ઞાનીમાં એવું કાંઈ નથી, સૂક્ષ્મ શરીર ને બાદર શરીર ને એકેન્દ્રિય ને બેઈન્દ્રિય ને.. એ છે ખરું, પણ એ **'સૂક્ષ્મ બાદર-શરીર જીવોંકે...'** જોયું! નારકી, મનુષ્ય, દેવ, એકેન્દ્રિય છે ખરા, વ્યવહાર છે ખરો. એ પરમેશ્વરે કહ્યો તે છે ખરો. પણ તેનો આશ્રય કરવા જેવો નથી. ત્રિકાળભગવાન આનંદકંદનો આશ્રય કરવો જેવો છે. આ વીતરાગ કહે છે એવા બાદર, સૂક્ષ્મ, અપર્યાપ્ત જીવો છે પર્યાયમાં. સમજાણું? **'સો સૂક્ષ્મ, બાદર, સ્થાવર, જંગમ યે સબ શરીરકે ભેદ હૈં, જીવ તો ચિદ્રૂપ હૈ,...'** સૂર્ય ચિદ્રૂપ. જ્ઞાનરૂપી નુરના તેજનું પુર સૂર્ય છે. આહાહા..! છે? એ બાદર, સૂક્ષ્મ એ કાંઈ જીવ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૯, બુધવાર
## તા. ૨૯-૧૨-૧૯૭૬, ગાથા-૧૦૩, ૧૦૪,
## પ્રવચન નં. ૧૭૧

... જીવ માનવા જેવો નથી. એને જાણવા જેવું છે કે છે. કેમ? કર્મના નિમિત્તથી થતાં સૂક્ષ્મ બાદર શરીરના ભેદો એ જીવમાં નથી, એ જીવસ્વરૂપ નથી છતાં તે નિમિત્તપણે છે તેમ જાણવાલાયક છે. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

२३०) अंगइँ सुहुमइँ बादरइँ विहि-वसिँ होंति जे बाल।
जिय पुणु सयल वि तित्तडा सव्वत्थ वि सय-काल।।१०३।।

**અન્વયાર્થ :—** 'સૂક્ષ્મ...' એકેન્દ્રિય આદિ સૂક્ષ્મ છેને? એ શરીરના ભેદ છે. ભગવાન તો અંદર જ્ઞાયકસ્વરૂપ ચિદ્રૂપ ચિદ્ઘન (છે). એક સમયની પર્યાય છે. એ વ્યવહાર છે એ જાણવા લાયક છે. આહા..! પણ વસ્તુ જે છે એક સમયમાં ચિદ્ઘન એની દૃષ્ટિમાં તે આત્મા જ પૂર્ણ છે એમ પ્રતીતમાં આવે. સમજાણું કાંઈ? આહાહા..! **'સૂક્ષ્મ ઔર બાદર શરીર તથા જો બાલ, વૃદ્ધ,**

**તરુણાદિ અવસ્થાયેં...**' આહાહા..! '**विधिवशेन**' કર્મના નિમિત્તે તે બધી દશાઓ છે. બાળપણું, યુવાનપણું, વૃદ્ધપણું એ બધી કર્મના નિમિત્તે અવસ્થાઓ છે. એ જીવની નથી, જીવનું એ સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મીજીવે સમ્યગ્દર્શનમાં પૂર્ણ જ્ઞાયકભાવ ધ્રુવસ્વરૂપ છે તે જીવ છે એમ એને માનવું જોઈએ. આહાહા..! આ ભિન્ન ભિન્ન વ્યવહારની વાત કરે છે, કર્મના સંયોગે. જેમકે શુભ-અશુભભાવ છે એ પણ કર્મજનિત સંયોગીભાવ છે. આ વાત લોકોને આકરી પડે છે. વ્યવહારરત્નત્રય છે નિશ્ચયરત્નત્રય સંપન્નને એ પણ વિકલ્પ ને રાગ છે, એ જીવનું સ્વરૂપ નથી. ધર્મીજીવે એ વ્યવહાર છે એમ જાણવાલાયક છે. જાણેલો પ્રયોજનવાન કીધું છે, એ શૈલી છે બધે. ૧૨મી ગાથા. આહાહા..! આદરવા લાયક તો એક ચિદ્દ્ઘન આનંદકંદ પ્રભુ શુદ્ધ પરમપવિત્રપરમાત્મા (છે). અહીં પરમાત્મપ્રકાશ છેને! એ પરમાત્મસ્વરૂપ જ પોતે આદરણીય અને એ જ જીવ છે. આહાહા..!

આ શરીરના ભેદો એ કર્મના નિમિત્તે વિકારના ભેદો એ બધા જીવસ્વરૂપ નથી. આહાહા..! આવી વાત. એકકોર વ્યવહારરત્નત્રયને સાધક કહે. એના શરીરને પણ સાધક કહે. એને આહાર-પાણી આપે એને સાધક કહે. આવશે, હમણાં આવશે આમાં. પદ્મનંદી પંચવિંશતિ. આહા..! કઈ અપેક્ષા છે? બાપુ! આહાહા..! અહીંયા તો આત્મામાં થતાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પણ સંયોગી સ્વભાવથી વિરુદ્ધભાવ છે, સંયોગીભાવ છે. હેં! આહાહા..! સ્વભાવભાવ નથી. આ લોકોને આકરું પડે છે. વ્યવહારનો લોપ કરે છે, વ્યવહારથી થાય એમ માનતા નથી એમ કહે છે. વાત સાચી છે. વાત એની સાચી છે ઈ કે વ્યવહારથી થાય એમ માનતા નથી. એ વાત સાચી છે. આહાહા..!

એમ શરીરના ભેદે ભેદ માનવો એ પણ વ્યવહાર છે, પરમાર્થ નથી. આહાહા..! આહાહા..! સમજાણું? એમ બાદર, સૂક્ષ્મ ભેદે ભેદ જાણવા અને બાળવય, યુવાનવય, વૃદ્ધાવસ્થા શરીરની એનાથી ભેદ છે એમ જાણવું ઈ જ્ઞાન છે, પણ એ આત્મા એવો છે (એમ માનવું નહિ). આહાહા..! જુવાન શરીર ફાટેલું હોય પચ્ચીસ વર્ષની ઉંમરનું. ઈ શું, ઈ તો જડની દશા છે. એ તો કર્મના નિમિત્તે પ્રાપ્ત થયેલી ઉપાદાનશક્તિ જડની છે. હેં! આહાહા..! શરીર સુંદર હોય, યુવાન લીધુંને? જુવાની હોય આમ પચ્ચીસ-ત્રીસ વર્ષની, પાંત્રીસ વર્ષની જુવાન ફૂટલું શરીર. બાપુ! એ કંઈ આત્મા છે? પ્રભુ! એ કર્મની નિમિત્તની અવસ્થાઓ સંયોગે મળેલી ચીજ છે. આહાહા..! ધર્મીએ એને આત્મા માનવા લાયક નથી. આહાહા..! એણે તો જ્ઞાયકસ્વરૂપ ભગવાન... પરમાત્મપ્રકાશ છેને, એટલે આ બધી વાત પરમાત્મસ્વરૂપ જે એનું છે એ આત્મા, એ સિવાય બધી સંયોગી ચીજો મળેલી ચીજો જાણવા લાયક છે પણ એ આદરવા લાયક છે કે એ જીવની ચીજ છે એમ માનવા લાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભાઈ!

'**બાળ, વૃદ્ધ, તરુણાદિ...**' એટલે કે રોગી, નિરોગી આદિ. શરીરમાં નિરોગી અવસ્થા હો, રોગી હો, રૂપાળી હો, કુબડી હો, યુવાન હો, વૃદ્ધ હો એ બધી જડ માટી ધૂળની અવસ્થા છે.

ભગવાનની એ અવસ્થા નથી. ભગવાન તો પરમાત્મપ્રકાશસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? પોતે પરમસ્વરૂપ જે ત્રિકાળી જ્ઞાયકભાવ એ જ ધર્મીની દૃષ્ટિમાં આદરણીય અને જીવ તરીકે સ્વીકારવા લાયક હોય તો એ છે. ડાહ્યાભાઈ! આવી વાત બહુ ભાઈ! વ્યવહારથી ન માને ને વ્યવહારથી લાભ થાય એમ માને તો એ સમકિતી, એ વાત અહીં ઊડી જાય છે, બાપુ! હેં! કેમકે આત્મામાં જે કંઈ દયા, દાન, વ્રત, ભક્તિ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, પંચમહાવ્રતનો વિકલ્પ આદિ છે એ બધો સંયોગી ભાવ છે, એ જીવનું સ્વરૂપ નથી. એમાં જીવ નથી. એનાથી જીવ પ્રાપ્ત થતો નથી. એમાં જીવ નથી તો જીવ ક્યાંથી પ્રાપ્ત થાય? આવી વાત ભારે આકરી. લોકોને બિચારાને આકરું પડે છે. આહાહા..!

જ્ઞાનબિંબ પ્રભુ પરમાત્મસ્વરૂપ ભગવત્સ્વરૂપ ભગવાનસ્વરૂપ એવો જે પૂર્ણ સ્વભાવભાવ તે આત્મા. એને આત્મા સ્વીકારનાર કર્મના નિમિત્તે સંયોગી શરીરાદિની અવસ્થાઓ, બાળ, યુવાન, વૃદ્ધ, સૂક્ષ્મ, બાદર, એકેન્દ્રિય, પંચેન્દ્રિય આદિ... આહાહા..! એ જીવ નહિ. અરે! અંદર વ્યવહારરત્નત્રયના વિકલ્પ ઉઠે એ જીવ નહિ. હવે એનાથી લાભ થાય એમ માનો તો સાચી દૃષ્ટિ છે, એમ કહે છે. આજે બધું ચાલવાનું છે ને ત્યાં ફલટનમાં. શું થાય ભાઈ? આહાહા..!

વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે, નથી એમ નહિ. વ્યવહારનયનો વિષય છે. પણ તે નિશ્ચયનયના વિષયને મદદ કરે (એમ નથી). એ વાત છે. વસ્તુ નથી? વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે, નિમિત્ત નિમિત્તના સ્થાનમાં છે, અસત્ નથી. વ્યવહાર વ્યવહારના સ્થાનમાં અસત્ નથી, છે. છે તરીકે સત્. આહાહા..! પણ એ જીવનો સ્વભાવ નહિ, એને આત્મા ન કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત લોકોને પગથિયું કાંઈક જોઈએ એમ કહે છે. પગથિયું તો એ જ છે. પૂર્ણાનંદના નાથને સ્વીકારીને પ્રતીતિ કરવી એ પ્રથમ પગથિયું છે. પછી સ્વરૂપમાં ઠરવું એ બીજું પગથિયું છે. આહાહા..!

અહીંયા કહે છે કે '**विधिवशेन**'. એ શરીરની અવસ્થા વૃદ્ધ, જુવાન, બાળ કે સૂક્ષ્મ ને બાદર, એ બધી કર્મના નિમિત્તની અવસ્થાઓ છે. ઉપાદાન પોતાનું. સમજાણું? પરમાણુની અવસ્થા. આહાહા..! એ જીવ એમ માને કે આ મારી અવસ્થા છે, એ ભ્રમ છે મોટો. શરીરની અવસ્થા મારી છે એ ભ્રમ છે, અજ્ઞાન છે. એટલે એકલું જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય પરમાત્મપ્રકાશ તે જ જીવ. આહાહા..! સદાકાળ ત્રિકાળ સર્વક્ષેત્રમાં તે અખંડ પ્રભુ છે. આહાહા..! એ સિવાય આ બધી અવસ્થાઓ '**કર્મોંસે હોતી હૈં, ઔર જીવ તો સભી સબ જગહ...**' દેખો! ભગવાનઆત્મા.. આહાહા..! મણિરત્ન જેમ કરોડ રૂપિયાની કિંમતનું હોય અને એવા કરોડો હોય, એમ ભગવાન તો આત્મા પૂર્ણાનંદ રત્ન ચૈતન્યરત્ન છે. એ સભી—બધા જીવો સર્વક્ષેત્રમાં.. આહાહા..! અને સર્વકાળે '**ઉતને પ્રમાણ હી...**' છે. અસંખ્યપ્રદેશી અને અનંતગુણ પ્રમાણ. આહાહા..! ક્ષેત્ર પણ એનું અસંખ્યપ્રદેશી અને તેના ગુણો જે પૂર્ણ છે એ અનંતગુણપિંડ એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. સમજાણું?

મુમુક્ષુ :— પર્યાયને બાદ કરીને.

ઉત્તર :— પર્યાયને બાદ કરીને. પર્યાય છે ઈ વ્યવહાર છે. વ્યવહારરત્નત્રય છે ઈ વ્યવહાર છે. એક સમયની પર્યાય પણ વ્યવહાર, છે ખરી, જાણવા લાયક છે, એનું અસ્તિત્વ કબુલવા લાયક છે પણ એ ત્રિકાળી આત્મા નહિ. આહાહા..! એવો જે ભગવાન પરમાત્મસ્વરૂપ.. આહાહા..! એમાં એણે ભેદ ન પાડવો, કહે છે. આહાહા..! પર્યાયના અસ્તિત્વ અને રાગના અસ્તિત્વથી જીવનો ભેદ ન પાડવો. અથવા કોઈને જ્ઞાનનો ક્ષયોપશમ થોડો, કોઈને વધારે એથી એ જીવ એવો છે એમ નહિ. સમજાણું કાંઈ? ભગવાન અંદર ચૈતન્યરત્ન એ તો પૂર્ણાનંદનો નાથ.. આહાહા..! અરેરે..! આ વાત સાંભળવા મળે નહિ. હેં! શું કરે? અને એને એકાંત ઠરાવે. વ્યવહારથી પણ થાય તો અનેકાંત કહેવાય. એમ અનેકાંત ન હોય, ભાઈ! આહાહા..!

શ્રીમદ્ કહે છે ને? એક ટુકડો નથી (આવતો)? અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય.. (અન્ય હેતુએ ઉપકારી નથી) ઘણું ગંભીર છે એમાં. બીજી રીતે ઉપયોગી નથી. આહાહા..! કોઈ વખતે એમણે શબ્દ કહ્યા છે પણ જરી આ ભેદ પડ્યો નથી એટલે લોકોને ગોટો રહી ગયો. શ્વેતાંબર અને દિગંબરનો. પણ પાછળથી એ પણ ચોખ્ખું કરી નાખે છે. સુત્રના (શાસ્ત્રોના) નામ આપ્યા ને? વીસ આપ્યા છે. પોતે ચોખ્ખુ કરી નાખ્યું. પોતે તો એકાવતારી થઈને સ્વર્ગમાં ગયા છે. આહાહા..! અનેકાંત એટલે લોકો એમ કહે છેને? નિશ્ચય છે એમ પણ માનો અને વ્યવહારથી નિશ્ચય થાય એમ પણ માનો, તો એ અનેકાંત છે. ઉપાદાનથી થાય એમ માનો અને નિમિત્તથી પણ માનો તો એ અનેકાંત છે. એમ નથી. અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની સ્વરૂપમાં ઢળવા સિવાય કોઈ રીતે હિતની પ્રાપ્તિ છે નહિ. આહાહા..! સમ્યક્ એકાંત કહ્યું છે ત્યાં. આ બાજુ, ત્યારે સમ્યક્ એકાંત તરફ ઢળ્યો, સ્વરૂપની પૂર્ણતાની પ્રાપ્તિની પ્રતીતિ થઈ ત્યારે અપૂર્ણ અને રાગ છે તેનું જ્ઞાન કરે ત્યારે એને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ કોઈ મોટી પંડિતાઈનું કામ નથી બાપા આમાં. આહાહા..! (૧૯/૫૧ મિનિટ સુધી)

**(નોંધ :— અહીંથી લીટી કરેલ છે ત્યાં સુધીનો પ્રવચનનો અંશ છે તે ગાથા-૧૦૦, પ્રવચન નં-૧૬૮નો ભૂલથી કેસેટમાં આવી ગયો લાગે છે.) (૧૯:૫૧ થી ૪૧:૦૪ સુધીનો અંશ)**

... એ રાગ અને દ્વેષના ભાવને દૂર કરીને, છોડી દઈને. આહાહા..! બાયડી, છોકરા છોડ્યા ને દુકાન છોડી ને ધંધા છોડ્યા માટે સંસાર છોડ્યો એમ નથી. જેને સંસાર નામ રાગ અને દ્વેષના ભાવ.. આહાહા..! એનાથી દૃષ્ટિ છોડી. વાત ઈ છે કે પર્યાયબુદ્ધિમાં જે રાગ-દ્વેષ દેખાય છે તેની બુદ્ધિ છોડી દઈ. આહાહા..! કાંતિભાઈ! આવો ઝીણો માર્ગ ભાઈ! ઓલો તો દયા પાળો, અપવાસ કર્યા, સામાયિક કરી, થઈ ગયો ધર્મ. ધૂળેય નથી, મરી જવાના. કહો, જાદવજીભાઈ! આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :— ....

ઉત્તર :— ઈ જ કહે છે અહીંયાં. જે રહ્યો એ ભગવાન ઉપાદેય છે અંદર. અંદર ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવી અંદર ચીજ છે. એને ખબર ક્યાં છે, સાંભળી છે ક્યાં? આ ધૂળધમાહા આગળ નવરો ક્યાં છે ઈ? આહાહા..! અને નવરો થાય તો કદાચ દયા, દાન ને વ્રતના પરિણામ કરે તો એ પણ રાગ છે. આહાહા..! એ તો ઘણીવાર કહીએ છીએને. સંસારના વીસ કલાક તો આમાં પાપમાં જાય છે. રળવા ને ખાવા ને ભોગમાં ને સૂવામાં ને ઊંઘમા. એકાદ કલાક વખત મળે કાંઈક તો સાંભળવા જાય તો કુગુરુ એક કલાક લૂંટી લે. તમે આ કરો તો ધર્મ થાશે, વ્રત કરો ધર્મ થાશે, તપ કરો તો (ધર્મ થાશે), લૂંટી નાખે છે માર્ગને. સમજાણું કાંઈ? આહાહા..! શ્રીમદ્દે એમ કહ્યું છે, શ્રીમદ્દે એમ કહ્યું છે હોં! કલાક એક મળે, જાય ત્યાં કુગુરુ લૂંટી લે. તમે આ અપવાસ કરો છોને, આ વ્રત પાળો છોને, (એનાથી) ધર્મ થાય. ધૂળેય નથી, સાંભળને. એવા વ્રત ને તપ તો અનંતવાર કર્યા.

મુમુક્ષુ :— સવારે સામાયિક કરો છો?

ઉત્તર :— હા, અમારે આવ્યું હતુંને, તે દિ'? સામાયિક કરો છો? પોષા કરો છો? અઠ્ઠાઈ કરો છો? હા, થઈ રહ્યું. (સંવત) ૧૯૯૦ની સાલમાં ભેગા થયા હતા. પછી ચાલતા ચાલતા વાત આવી કે આ અનંતા રજકણનો પિંડ છે, બાપુ! આ સોનાની લગડી કે આ શરીર. ત્યારે એણે પ્રશ્ન કર્યો કે મહારાજ! કેટલા પરમાણુનો આત્મા બન્યો હશે? ઈ સામાયિક અને પોષા કરનારા. ૯૦ની સાલની વાત છે. ઉજમશીભાઈ હતા, નહિ? ઓલા રોચકાવાળા નહિ? રોચકાવળા, શું નામ? ઉજમશી? એના મામા હતા. નાનચંદભાઈ, બરવાળા પાસે પાલડી છેને? કેવું ગામ? પાનવી, પાનવી નથી? ગયા છીએને, એ ગામમાં ગયા હતા. ઉજમશી રોચકવાળા હતાને? અહીં રહેતા, બોટાદ રહેતા. એ મરી ગયા અમદાવાદમાં સંથારો કરીને, ખોટો. કાંઈ ભાન ન મળે. એના મામા હતા. એ ભેગા થયા હતા ઘણા વર્ષ પહેલા. એટલે ૪૦૦ માણસ બહારથી આવ્યું હતું, ગામનું માણસ હતું. પૂછ્યું, સામાયિક કરો છો? સામાયિક ચોવિહાર કરો છો? હા. પડિકમ્મણા કરો છો? બસ, બસ. થઈ ગયું જાઓ, થઈ ગયો ધર્મ. એમાં આ વાત નીકળી કે બાપુ! આ શરીર તો અનંતા રજકણ પરમાણુનો પિંડ છે. આ આત્મા નહિ. સોનાની લગડી પણ અનંતારજકણનો સ્કંધ છે, ઈ આત્મા નહિ. ત્યારે કહે, આ આત્મા કેટલા રજકણનો બન્યો હશે મહારાજ? આ બધા (સામાયિક કરવાવાળા). અરે.. ભાઈ! રજકણ છે તે તો જડ છે. એનાથી બન્યો છે એમ ક્યાં છે? આ તો અનંતજ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન છે અંદર. આહાહા..! અરે..! એ વાત સાંભળે છે ક્યાં?

એ અહીં કહે છે, '**રાગ ઔર દ્વેષકો દૂર કરકે...**' છે? આહાહા..! એ પુણ્ય ને પાપના ભાવ એ બધો વિકલ્પ ને રાગ છે. ભાઈ! તને ખબર નથી. એ દયા, દાન, વ્રતના ભાવ શુભ છે એ પુણ્ય છે, એનાથી બંધન થાય છે, એ કંઈ ધર્મ નથી. આહાહા..! એ અંતરમાં રાગ ને દ્વેષના વિકલ્પો કષાયના ભાવ છે એનાથી દૂર કરીને, હઠી જઈને. આહાહા..! '**સબ જીવોંકો સમાન જાનતે**

**हैं,...'** બધા જીવો વીતરાગસ્વરૂપથી ભરેલા છે. આહાહા..! મારો નાથ ભગવાન પણ હું વીતરાગસ્વરૂપે છું. આહાહા..! વીતરાગની મૂર્તિ પ્રભુ આત્મા છે. અત્યારે હોં! અંદરમાં વીતરાગમૂર્તિ પ્રભુ છે. એવો રાગથી ભિન્ન પડી અને પોતાના વીતરાગસ્વભાવમાં આવતાં બધા જીવો વીતરાગસ્વભાવે સમાન છે એમ એને પ્રતીતમાં આવે ત્યારે એને સમભાવ થાય. સમભાવ થાય એ વીતરાગતા થાય, વીતરાગતા થાય એ ધર્મ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? એક જણ એમ કહે. આવો નવો ધર્મ? નવો નથી, અનાદિનો આ જ છે. લોકોએ કૃત્રિમ કરી નાખીને બગાડી માર્યો વીતરાગમાર્ગને. આહાહા..!

ગુણોથી સમાન બધા જીવોને જાણે છે, **'वे साधु समभावमें विराजमान...'** વીતરાગભાવે, રાગથી રહિત વીતરાગભાવે જીવને સમાન જાણે, એવા બધા જીવોને સમાન જાણી વીતરાગભાવમાં બિરાજમાન રહે. આહાહા..! એ વીતરાગભાવી જીવ **'शीघ्र ही मोक्षको पाते हैं.'** એ અલ્પકાળમાં સિદ્ધ ભગવાન થશે. આહાહા..! સમજાણું કાંઈ? બીજી ઉગી એ પૂનમ થશે જ. એમ જેને પરમાત્મા આનંદ પોતાનો સ્વભાવ, શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન હમણાં આવશે ટીકામાં. વીતરાગ પરમાનંદસ્વરૂપ એવું જ્યાં અંદર ભાન થયું, એ દૃષ્ટિ થઈ એ બીજ ઉગી. એ બીજ, બીજ સમ્યક્. સમ્યગ્દર્શનરૂપી બીજ, બીજ ઊગી. એનું પૂર્ણ પૂનમમાં કેવળજ્ઞાનમાં થશે એને. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સૌને જાણે તે સમભાવ કે એકને જાણે તે સમભાવ?

ઉત્તર :— એ પોતાને જાણે તો સમભાવ થયો, એટલે બધાને સરખા જાણ્યા. સમજાણું કાંઈ? આહાહા..! જેમ પોતાને રાગ-દ્વેષ રહિત જાણ્યો ત્યારે એનો અર્થ ઈ થઈ ગયો કે બધા આત્મા રાગ-દ્વેષ રહિત સમાન વીતરાગસ્વરૂપ પ્રભુ છે, અત્યારે. આહાહા..! દૃષ્ટિનો વિષય બતાવે છે કે રાગ છે, છતાં એનાથી ભિન્ન પડીને દૃષ્ટિમાં પૂર્ણ આનંદકંદ ભગવાન ધ્રુવ ચૈતન્યસ્વભાવ નિત્યાનંદઆત્મા, એ દૃષ્ટિમાં આવે ત્યારે તેને સમભાવ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન એ સમભાવનો અંશ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. ઓલું તો ઈચ્છામિ. પડિકમણાં ઈરિયા વવરોવીયા તસ્સ મિચ્છામી દુક્કડમ. જાઓ. હેં! અને તાવકાય ઠાણેણં માણેણં અપ્પાણં વોસરે. કાંઈ ખબર ન મળે ભાન, ગડિયા હાંકે એની પણ ખબરું ન મળે. આહાહા..! વાણી છે. તસ્સ મિચ્છામી એ તો વાણી જડ છે અને વિકલ્પ ઉઠે છે કે આ, એ તો રાગ છે. અપ્પાણં વોસરે. પણ ક્યો આત્મા? એ રાગને છોડું છું અને રાગરહિત મારો ચિદાનંદ આત્મા તેને ગ્રહણ કરું છું. એનું નામ કાયોત્સર્ગ છે.

મુમુક્ષુ :— અમને કોઈ સમજાવતું નહોતું.

ઉત્તર :— વાત સાચી. આ બધી વાત બધો ફેરફાર થઈ ગયો. આહાહા..! ઓહોહો..!

શીતળ સ્વભાવ, વીતરાગ સમભાવ એવો જે ગુણ પોતાનો, એવા ગુણે બધા જીવો સમાન છે. સ્ત્રી, પુરુષ, નપુંસક એ શરીરના ચિહ્નો છે, એ આત્મામાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! સમ્યગ્દૃષ્ટિને પોતાના પૂર્ણ ગુણ ભાસે છે એ આત્મા. એમ બધા આત્મા પૂર્ણ ગુણસંપન્ન

છે એ એમાં આવી જાય છે. આહાહા..! લ્યો. '**મોક્ષકો પાતે હૈં.**'

**ભાવાર્થ :—** '**વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ જો નિજ આત્મદ્રવ્ય...**' જુઓ હવે. આ આત્મદ્રવ્ય કેવું છે ભગવાનઆત્મા? આત્મપદાર્થ દેહમાં ભિન્ન ભગવાન, આ દેવાલય-દેહ દેવાલય છે એમાં દેવ બિરાજે છે. આહાહા..! કેવો છે દેવ? મારો આત્મા એમ કહે છે. કામાણી! આવું ઝીણું છે. કલકત્તામાં ન્યાં સંભળાય એવું નથી. કલકત્તા રહો છો? આહા..! દાખલો આપ્યો નહોતો? શક્કરકંદનો દાખલો નહોતો આપ્યો? શક્કરકંદ છે, આ શક્કરિયા, એની લાલ છાલ છે એ ફોતરા છે, છિલકા છે છિલકા. એને ન જુઓ તો અંદર છે એ શક્કરકંદ છે. શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ છે. શક્કરિયા આ લોકો નથી ખાતા વૈષ્ણવ? મહા મહિનામાં શિવરાત્રીએ. આહાહા..! એ અધશેરનો શક્કરકંદ હોય, અધશેર, એની છાલ તો જરી પાભાર જ હોય આખી. એ છાલને ન જોતાં અંદરને જોવે તો એ સાકરની મીઠાશનો પિંડ છે. એમ અહીંયા કહે છે કે પુણ્ય-પાપના ભાવને ન જુઓ, એ છાલ છે. આહાહા..! કીધુંને? રાગ-દ્વેષ એ છાલ. અને સામે વીતરાગ છે. આહા..! એ પુણ્ય-પાપના વિકલ્પની લાગણી રાગ છે તેને ન જોતાં, તેને છોડીને અંતરમાં શક્કરકંદ છે આત્મા. વીતરાગી આનંદનો પિંડ છે. આહાહા..! આહાહા..! જેના આનંદની ગંધ ઇન્દ્રને ઇન્દ્રાણીના ભોગમાં નથી. એ તો ઝેરની ગંધ છે. સમજાણું કાંઈ? એ છે, જુઓ! શું કહ્યું?

'**વીતરાગ નિજાનંદ...**' છે? એમાં 'એક' શબ્દ પડ્યો રહ્યો છે. નિજાનંદ એકસ્વરૂપ એમ જોઈએ. સ્વરૂપ છેને? એની વચ્ચે 'એક' જોઈએ. ઘણા ઠેકાણે 'એક' પડ્યો રહ્યો છે. આહાહા..! મહોરછાપ મારી છે. વીતરાગી નિજાનંદ—નિજઆનંદ, પોતાનો આનંદ અંદર વીતરાગી નિજાનંદ ભર્યો છે. આહાહા..! જેમ શક્કરિયું સાકરની મીઠાશનો (પિંડ છે) એટલે શક્કરિયું કહેવાય છે. શક્કરકંદનો અર્થ સાકરની મીઠાશનો પિંડ. માટે એને શક્કરકંદ કહેવાય છે. એમ આ ભગવાન આનંદનો કંદ છે. અરે..! ક્યાંય સાંભળવા મળે નહિ, એ કેદિ' વિચાર કરે? આહાહા..! રાગ-દ્વેષ એ ફોતરા છે, જેમ શક્કરકંદ ઉપર લાલ છાલ (હોય તેમ). એવા રાગ-દ્વેષ રહિત, અંતરમાં રાગ-દ્વેષને છોડીને અંતરમાં વીતરાગી નિજાનંદ ભગવાન.. અરે..! આવું કેમ બેસે? આહાહા..!

'**વીતરાગ નિજાનંદ...**' નિજાનંદ, નિજઆનંદ વીતરાગી. આહાહા..! એ શરીર, વાણી, મન તો એકકોર રાખો. એ તો જડ બિચારા એને કારણે આવ્યા અને એને કારણે જાશે. આહાહા..! એ કંઈ તારા નથી, તારામાં નથી, તેમાં તું નથી. ફક્ત જે રાગ ને દ્વેષના પરિણામ પુણ્ય-પાપના થાય છે એ તારી પર્યાયમાં છે—અવસ્થામાં છે, વસ્તુમાં નથી. આહાહા..! એ રાગ-દ્વેષના વિકલ્પને એ તરફનો આશ્રય, લક્ષ છોડી દઈને અંતરમાં ભગવાન વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ.. આહાહા..! વીતરાગ... ઓલો રાગનો આનંદ માને છે, પૈસામાં, ભોગમાં, આબરૂમાં, કીર્તિમાં, મકાન-બંગલામાં. ઈ તો રાગનું દુઃખ, રાગમાં આનંદ માને છે. એ તો દુઃખ છે. આહાહા..! આ તો વીતરાગી નિજાનંદસ્વરૂપ પ્રભુ આત્મા. આહાહા..! આ તે કેમ બેસે?

કહે છે કે પ્રભુ! તું કોણ છો? ક્યાં તારે જવાથી તને દૃષ્ટિમાં એ આવે? કે રાગથી છૂટીને અંદરમાં

જા તો તારો આત્મા દૃષ્ટિમાં આવે. આવી વાત છે. આહાહા..! ઓહોહો..! વીતરાગ નિજાનંદ—નિજઆનંદ, વીતરાગી નિજાનંદ એવું જે સ્વરૂપ એવું નિજઆત્મદ્રવ્ય એ આત્મા છે. આહાહા..! આત્મદ્રવ્ય વસ્તુ છે આત્મા ભગવાન એ પુણ્ય અને પાપના વિકલ્પથી છૂટીને વીતરાગ નિજાનંદ એકસ્વરૂપ એવું આત્મદ્રવ્ય.. આહાહા..! ૧૦૦મી ગાથા છેને. પૂર્ણ. આહાહા..! પ્રભુ! તું પૂર્ણ વીતરાગી આનંદથી ભર્યો છોને નાથ! આહા..! તારા ડોકિયા બીજે ક્યાં જાય? પ્રભુ! શું કરે છે તું આ? આહા..! ઈ છ છોકરા બેઠા હોય ને પેદાશ કાંઈક થઈ હોય ને એનો બાપ બેઠો હોય વચમાં, ઈ વાતું કરે અંદરથી. છ છોકરા છે એને. આહાહા..! કોના છોકરા? બાપુ! એ દયા, દાન ને વ્રતનો રાગ પણ તારો નહિ (તો) એ તો દૂર રહ્યા. આહાહા..! આણંદભાઈ! આવું ઝીણું છે આ. આહાહા..!

બહારની ચીજમાં તો કંઈ આત્મા નથી અને બહારની ચીજ આત્મામાં નથી. હવે રહી વાત પુણ્ય અને પાપના ભાવ. એ અનાદિથી થઈ રહ્યા છે. હવે એને કહે છે કે એ ઉપરની છાલ છે માટે એને છોડી દે. (૪૧/૦૪ મિનિટ સુધી)

---

... વીતરાગી લહેરની અંદર દશા પ્રગટ થવી. આહાહા..! અજ્ઞાની લોકો આ બહારથી આહાર ન કર્યો એને તપ માને. સમજાણું કાંઈ? વાતમાં ફેર બહુ.

મુમુક્ષુ :— બહુ કે બધોય?

ઉત્તર :— બધોય. છેને બધી ખબર છે, બાપુ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ક્યો? રોટલા બહારમાં ન ખાધા, ફલાણા કર્યું. અજ્ઞાનીઓ બહારથી જોવે છે. અંતર વીતરાગદશાનો શુદ્ધોપયોગ તે તપ છે. એ આહાર ન કર્યો એ તો વિકલ્પ છે. એ તો આહાર જડ નહોતો જ આવવાનો એને. એણે અંદરમાં આનંદના નાથને જગાડીને... આહાહા..! ઢંઢોળીને ભગવાનને જગાડ્યો અંદરથી વીતરાગ પર્યાયપણે. આહાહા..! જેમાં પ્રચુર, મુનિ પણ એને કહીએ, પાંચમી ગાથામાં છેને? એને મુનિ કહીએ જૈનના કે જેને પ્રચુર આનંદનો સ્વાદ જેની દશામાં આવ્યો છે. અને જેના અનુભવમાં આનંદની મહોરછાપ પડી છે. આ કાગળમાં નથી પાડતા પોસ્ટમાસ્ટર. એમ જેને આત્માનો અતીન્દ્રિય આનંદ ઉછળી નીકળ્યો છે અંદરથી. અતીન્દ્રિય આનંદના સ્વાદના ભરપુર ભરપુર, આહાહા..! ભરતી આવી છે. દરિયામાં જેમ પાણીની ભરતી આવે છે—મોજુ, એમ જેને અંતરના આનંદના નાથમાં સ્થિર થઈને જેની વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવી છે એને મુનિ કહેવામાં આવે છે. આહાહા..! બાકી થોથા છે. સમજાણું કાંઈ? આ તો ભઈ આખી દુનિયાથી જુદી વાત છે બાપુ! હેં!

મુમુક્ષુ :— લૌકિકથી લોકોત્તર ઊંધી જ હોયને.

ઉત્તર :— બીજી વાત છે ભાઈ! લોક સાથે મેળ ખાય જ નહિ આ. આનંદઘનજી કહે છે,

જ્ઞાનીના અભિપ્રાયને લોકની સાથે મેળ ખાય તો એ અભિપ્રાય સાચો જ નથી. દુનિયા સાથે મેળ કેમ ખાધો તારે? આહાહા..! દુનિયાની સાથે મેળ જ ન ખાય આ. વીતરાગી અભિપ્રાયને દુનિયા સાથે મેળ ખાય જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ તો લાંઘણું છે બધી. એ આત્માના આનંદના સ્વાદ વિનાની તપસ્યાઓ બધી લાંઘણ (છે).

મુમુક્ષુ :— શ્રીગુરુ લંઘન કહે છે.

ઉત્તર :— શ્રીગુરુ લંઘન કહે છે, પાઠમાં છેને. વિષય કષાય આહારો.. ત્યાગો જગ વિજ્યતે... લંઘનં વિદુ. એ છેને. બધો ક્યાં આધાર દેવા જઈએ. બધી ખબર છે. જેમાં ઈચ્છા તૂટી નથી. નિરિચ્છા વીતરાગી આનંદ જેમાં આવ્યો નથી એ બધા અપવાસને લાંઘણું કહેવામાં આવે છે. બીજી રીતે કહીએ તો એ ત્રાગુ કરે છે. અહીં તો એવી વાતું છે બાપા! ફેરવીને બેઠા છીએ, કંઈક કારણ હશે કે નહિ? આહાહા..! એ સંપ્રદાયમાં તો આ વાત છે જ નહિ. આખી દૃષ્ટિ જ વિપરીત છે. આહાહા..!

અહીં તો આચાર્ય મહારાજ એમ કહે છે, જેટલા દેહના ભેદ દેખાય, અરે..! વિકલ્પના ભેદ દેખાય આહાહા..! એ છે ખરા, જાણવા જેવું છે પણ એ જીવ નહિ. ભગવાન તો અતીન્દ્રિય આનંદનો નાથ અનાકુળ શાંતરસનો કંદ પ્રભુ, એને આત્મા કહીએ. એ દયા, દાન, વ્રતના વિકલ્પ એ આત્મા નથી, એ તો અનાત્મા છે. આહાહા..! વાત છે, ભાઈ! આહાહા..! અપૂર્વ વાત રહી ગઈ છેને. અનંતકાળમાં મુનિપણા પણ લીધા. દિગંબર મુનિ હોં! લુગડાવાળા તો કુલિંગીઓ છે. એ તો દ્રવ્યલિંગ પણ નથી. પણ દિગંબર લિંગ જે ધારણ કરે, અઠ્યાવીસ મૂળગુણ પાળે, મહાવ્રત ચોખ્ખા પાળે તોપણ એ દ્રવ્યલિંગી છે, વસ્તુનું ભાન નથી અંદર. આહાહા..! આવી વાતું બાપા! બહુ ફેર. પોપટભાઈ! અહીં ઓલા...

મુમુક્ષુ :— અમારા બધાના અહોભાગ્ય!

ઉત્તર :— હા, વાત સાચી. આ ક્યાં છે બાપા? અમને તો ખબર છે. આખી દુનિયા જોઈ છે. કાઠિયાવાડ ગુજરાત જોયો પણ નવ-નવ હજાર માઈલ ત્રણવાર હિન્દુસ્તાન જોયું. નવ-નવ હજાર માઈલ ત્રણવાર. આહાહા..! માર્ગ બાપા બીજો છે ભાઈ!

અહીં કહે છે, **'જીવોંકા યહી સ્વરૂપ જાનના. બાદર સૂક્ષ્માદિ ભેદ કર્મજનિત હોના સમઝકર (દેખકર) જીવોંમેં ભેદ મત જાનો. વિશુદ્ધ જ્ઞાન દર્શનકી અપેક્ષા સબ હી જીવ સમાન હૈં,...'** દેખો! એકલો દૃષ્ટા અને જ્ઞાતા ત્રિકાળી સ્વભાવ એવા વિશુદ્ધ દર્શન, જ્ઞાન સ્વભાવથી બધા આત્માઓ સરખા છે. સમજાણું કાંઈ? કહો, વીરચંદભાઈ! આપણા વાંચનાર છે ત્યાં કલકત્તામાં. વાંચવું તો ચારેકોર થઈ ગયું છે અહીંનું હવે, લંડનમાં પણ થઈ ગયું છે. અહીંનું વાંચન છે. પ્રેમચંદ કરીને કો'ક છે, લંડનમાં વાંચે છે. અમેરિકામાં વાંચે છે. કર્ણાટકમાં બધે થઈ ગયા. પુસ્તકો વીસ લાખ થઈ ગયાને. બહુ ગામેગામ પહોંચ્યા છે. હવે કેટલાક નાખે છે પાણીમાં. પણ કેટલાક. જીરવાણું નહિ, જીરવાણું નહિ. એ વાત નહોતી અને એને કાને પડતા... હાય..હાય..! આમ તો અનંતીવાર છ-છ મહિનાના અપવાસ કર્યા, બે-બે મહિનાના સંથારા કર્યા, અનંતવાર કર્યા છે. એ

વિના નવમી ગ્રૈવેયક જાય? અનંતા પુદ્‌ગલપરાવર્તન કર્યા છે. એ બધી રાગની ક્રિયા પુણ્યની, માને ધર્મ. મિથ્યાત્વના પોષક છે. મિથ્યાભ્રાંતિ પુષ્ટ થાય છે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'વિશુદ્ધ જ્ઞાન દર્શનકી અપેક્ષા સબ હી જીવ સમાન હૈં, કોઈ ભી જીવ દર્શન, જ્ઞાન રહિત નહીં હૈ,...'** આહાહા..! દૃષ્ટાશક્તિ પરિપૂર્ણ. કેવળજ્ઞાનની પર્યાય પણ નહિ અહીં. કેવળજ્ઞાન તો પર્યાય છે. આ તો ત્રિકાળી દૃષ્ટા-જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ, જેમાંથી અનંતી કેવળજ્ઞાન અને કેવળદર્શનની પર્યાય પ્રગટ થાય એવો જે દૃષ્ટા-જ્ઞાતા ત્રિકાળી સ્વભાવ એ અપેક્ષાએ બધા જીવ સરખા છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય દૃષ્ટા-જ્ઞાતા પરિપૂર્ણ જ્ઞાન-દર્શનથી ભરેલો પદાર્થ એ સમકિતનો વિષય છે. સમકિતનો વિષય રાગ નહિ, નિમિત્ત નહિ, પર્યાય પણ નહિ. સમકિત પોતે પર્યાય છે. આહાહા..! પણ એનો વિષય પર્યાય નહિ. ત્રિકાળ વિશુદ્ધદર્શન, જ્ઞાનસ્વભાવ (એ એનો વિષય છે). સમજાણું કાંઈ? આહાહા..! **'ઐસા જાનના.'**

---

## ગાથા-૧૦૪

अथ जीवानां शत्रुमित्रादिभेदं यः न करोति स निश्चयनयेन जीवलक्षणं जानातीति प्रतिपादयति–

२३१) सत्तु वि मित्तु वि अप्पु परु जीव असेसु विएइ।
एक्कु करेविणु जो मुणइ सो अप्पा जाणेइ।।१०४।।
शत्रुरपि मित्रमपि आत्मा परः जीवा अशेषा अपि एते।
एकत्वं कृत्वा यो मनुते स आत्मानं जानाति।।१०४।।

सत्तु वि इत्यादि। सत्तु वि शत्रुरपि मित्तु वि मित्रमपि अप्पु परु आत्मा परोडपि जीव असेसु वि जीवा अशेषा अपि एइ एते प्रत्यक्षीभूताः एक्कु करेविणु जो मुणइ एकत्वं कृत्वा यो मनुते शत्रुमित्रजीवितमरणलाभादिसमताभावनारुपवीतरागपरमसामायिकं कृत्वा योडसौ जीवानां शुद्धसंग्रहनयेनैकत्वं मन्यते सो अप्पा जाणेइ स वीतरागसहजानन्दैकस्वभावं शत्रुमित्रादिविकल्पकल्लोलमालारहितमात्मानं जानातीति भावार्थः।।१०४।।

---

आगे जो जीवोंके शत्रु-मित्रादि भेद नहीं करता है, वह निश्चयकर जीवका लक्षण जानता है, ऐसा कहते हैं–

## गाथा-१०४

अन्वयार्थ :- [एते अशेषा अपि] ये सभी [जीवाः] जीव हैं, उनमेंसे [शत्रुरपि] कोई एक किसीका शत्रु भी है, [मित्रप् अपि] मित्र भी है, [आत्मा] अपना है, और [परः] दूसरा है। ऐसा व्यवहारसे जानकर [यः] जो ज्ञानी [एकत्वं कृत्वा] निश्चयसे एकपना

करके अर्थात् सबमें समदृष्टि रखकर [मनुते] समान मानता है, [सः] वही [आत्मनं] आत्माके स्वरुपको [जानाति] जानता है।

भावार्थ :-इन संसारी जीवोंमें शत्रु आदि अनेक भेद दिखते हैं, परंतु जो ज्ञानी सबको एक दृष्टिसे देखता है-समान जानता है। शत्रु, मित्र, जीवित, मरण, लाभ, अलाभ आदि सबोंमें समभावरुप जो वीतराग परमसामायिकचारित्र उसके प्रभावसे जो जीवोंको शुद्ध संग्रहनयकर जानता है, सबको समान मानता है, वही अपने निज स्वरुपको जानता है। जो निजस्वरुप, वीतराग सहजानंद एक स्वभाव तथा शत्रु-मित्रघ आदि विकल्प-जालसे रहित है, ऐसे निजस्वरुपको समताभावके बिना नहीं जान सकता।।१०४।।

---

હવે, જે જીવોના શત્રુ, મિત્ર આદિ ભેદ કરતો નથી તે નિશ્ચયનયથી જીવનું લક્ષણ જાણે છે, એમ કહે છે :-

ભાવાર્થ :- શત્રુ-મિત્ર, જીવિત-મરણ, લાભ-અલાભાદિ સમતાભાવરૂપ વીતરાગ પરમસામાયિક કરીને જે શુદ્ધસંગ્રહનયથી સર્વ જીવોને એકરૂપે જાણે છે તે વીતરાગ સહજાનંદ જેનો એક સ્વભાવ છે એવા, મિત્ર આદિ વિકલ્પોની કલ્લોલમાળાથી રહિત આત્માને જાણે છે. ૧૦૪.

---

## ગાથા-૧૦૪ ઉપર પ્રવચન

હવે કહે છે, બધા જેટલા ભેદો છે એને બધાને બતાવે છે કે એ તારું સ્વરૂપ નહિ. '**आगे जो जीवोंके शत्रु-मित्रादि भेद नहीं करता है,...** ' આહાહા..! શત્રુ કોણ અને મિત્ર કોણ? આહાહા..!

મુમુક્ષુ :— સમ્યગ્દર્શન ઉપશમ હોય કે ક્ષાયિક?

ઉત્તર :— ગમે તે ઉપશમ સમકિત હોય. ઉપશમ હો, ક્ષયોપશમ હો, ક્ષાયિક હો, ગમે તે સમકિત હો.

મુમુક્ષુ :— અત્યારે ક્ષાયિક તો ન થાય.

ઉત્તર :— અત્યારે ક્ષયોપશમ છે, એનો વિષય પરિપૂર્ણ વસ્તુ છે. એ તો કાળની અપેક્ષાએ ભેદ છે, એના વિષયની અપેક્ષાએ ભેદ નથી. ક્ષયોપશમ સમકિત હો કે ઉપશમ હો કે ક્ષાયિક હો, એનો વિષય પરિપૂર્ણ દર્શન-જ્ઞાતા છે. એ તો એને ટકવાની અપેક્ષાએ ભેદ છે, એના વિષયમાં ભેદ નથી. બહુ ઝીણી વાત છે. એ બધા ઘણા પ્રશ્ન થઈ ગયા છે બધા. આ તો ૪૨ વર્ષથી ચાલે છે. આહાહા..!

'**આગે જીવોંકે શત્રુ-મિત્રાદિ ભેદ નહીં કરતા હૈ, વહ નિશ્ચયકર જીવકા લક્ષણ જાનતા હૈ,...**' આહાહા..! શત્રુ કોણ અને મિત્ર કોણ? નિશ્ચયથી તો વિકારી પરિણામ શુભાશુભ તે અનિષ્ટ છે અને વસ્તુનો ત્રિકાળી સ્વભાવ તે ઈષ્ટ છે. આહાહા..! શત્રુ-મિત્ર બહારમાં છે કોણ? એ કહે છે. ૧૦૪.

૨૩૧) सत्तु वि मित्तु वि अप्पु परु जीव असेसु विएइ।
एक्कु करेविणु जो मुणइ सो अप्पा जाणेइ।।१०४।।

અન્વયાર્થ :— '**યે સભી જીવ હૈં, ઉનમેંસે કોઈ એક કિસીકા શત્રુ ભી હૈ, મિત્ર ભી હૈ, અપના હૈ, ઔર દૂસરા હૈ. ઐસા વ્યવહારસે જાનકર...**' એ તો વ્યવહાર છે, જાણવાલાયક છે. '**જો જ્ઞાની નિશ્ચયસે એકપના કરકે અર્થાત્ સબમેં સમદૃષ્ટિ રખકર...**' આહાહા..! સમભાવથી પૂર્ણ સ્વરૂપ જો તારું અને બીજાને પણ સમભાવથી તું પૂર્ણ સ્વરૂપ જો. શત્રુ-મિત્રની દૃષ્ટિ છોડી દે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**સમાન માનતા હૈ,...**' '**નિશ્ચયસે એકપના કરકે અર્થાત્ સબમેં સમદૃષ્ટિ રખકર સમાન માનતા હૈ, વહી આત્માકે સ્વરૂપકો જાનતા હૈ.**' આહાહા..! પ્રવચનસારમાં લીધું છે ઈ. જેટલો વિકારીભાવ છે, દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ એ બધો અનિષ્ટ છે. કેમકે એ નાશ થવા લાયક છે અને વિકાર ઝેર છે. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાનઘન આનંદકંદ તેની પરિણતિ પ્રગટ થાય તે ઈષ્ટ છે. પરમાત્માને પૂર્ણ ઈષ્ટ પ્રગટ થયું છે કેવળીને, પૂર્ણ અનિષ્ટ નાશ થયું છે. પ્રવચનસારમાં છે પહેલા ભાગમાં. સમજાણું કાંઈ? આહાહા..!

ભાવાર્થ :— '**ઈન સંસારી જીવોંમેં શત્રુ આદિ અનેક ભેદ દિખતે હૈં, પરંતુ જો જ્ઞાની સબકો એક દૃષ્ટિસે દેખતા હૈ...**' આહાહા..! બધા સમાન આનંદકંદ પ્રભુ છે. આહાહા..! આનંદની વેલડીના આનંદકંદ પ્રભુ છે બધા. આહાહા..! એમાં દુઃખ ક્યાં ને રાગ ક્યાં ને શત્રુ-મિત્ર એમાં છે ક્યાં? આહા..! '**સંસારી જીવોંમેં શત્રુ આદિ અનેક ભેદ દિખતે હૈં, પરંતુ જો જ્ઞાની સબકો એક દૃષ્ટિસે દેખતા હૈ—સમાન જાનતા હૈ. શત્રુ, મિત્ર, જીવિત, મરણ, લાભ, અલાભ આદિ સબોંમેં સમભાવરૂપ જો વીતરાગ પરમસામાયિકચારિત્ર...**' આહાહા..! સમ્યગ્દર્શન અનુભવ આનંદનો થયા પછી સામાયિક એટલે સ્વરૂપમાં રમણતા, સામ-આયક એટલે સમતાનો લાભ, વીતરાગપણાનો લાભ એનું સામાયિક. સામાયિક છેને? '**પરમસામાયિકચારિત્ર...**' આહાહા..! જેને પૂર્ણાનંદ સ્વરૂપ પ્રગટ એનો અનુભવ દૃષ્ટિમાં થયો છે અને પછી જેને સમતાભાવનો આય નામ વીતરાગી પરિણામનો લાભ થયો છે, અતીન્દ્રિય આનંદના ઉગ્ર સ્વાદમાં આવ્યો છે એને સામાયિક કહેવામાં આવે છે. આરે આરે! વાતમાં ફેર. આ તો સામાયિક બે ઘડી કરી ને ણમો અરિહંતાણં ણમો અરિહંતાણં થઈ ગઈ સામાયિક. ધૂળેય નથી સામાયિક, સાંભળને. આહાહા..! છે?

'**સમભાવરૂપ જો વીતરાગ પરમસામાયિકચારિત્ર ઉસકે પ્રભાવસે...**' આહાહા..!

સમભાવની વ્યાખ્યા કરી. બધાને સરખા કઈ રીતે દેખે? ક્યારે દેખે? કેમ દેખે? આહાહા..! '**સમભાવરૂપ જો વીતરાગ પરમસામાયિકચારિત્ર ઉસકે પ્રભાવસે જો જીવોંકો શુદ્ધ સંગ્રહનયકર એક જાનતા હૈ,...**' 'એક' શબ્દ પડ્યો રહ્યો છે. '**સબકો સમાન માનતા હૈ, વહી અને નિજ સ્વરૂપકો જાનતા હૈ.**' આહાહા..! '**જો નિજસ્વરૂપ, વીતરાગ સહજાનંદ એક સ્વભાવ...**' કેવો છે ભગવાનઆત્માનો સ્વભાવ? નિજસ્વરૂપ વીતરાગ સહજાનંદ એકસ્વભાવ. વીતરાગી સ્વભાવી આનંદરૂપીસ્વભાવ. '**તથા શત્રુ-મિત્રાદિ વિકલ્પ-જાલસે રહિત હૈ,...**' આહાહા..! એ વિશેષ કહેવાશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૧૦૫

अथ योऽसौ सर्वजीवान् समानान्न मन्यते तस्य समभावो नास्तीत्यावेदयति–

२३२) जो णवि मण्णइ जीव जिय सयल वि एक्क-सहाव।
तासु ण थक्कइ भाउ समु भव-सायरि जो णाव।।१०५।।
यो नैव मन्यते जीवान् जीव सकलानपि एकस्वभावान्।
तस्य न तिष्ठति भावः समः भवसागरे यः नौः।।१०५।।

जो णवि इत्यादि। जो णवि मण्णइ यो नैव मन्यते। कान्। जीव जीवान् जिय हे जीव। कतिसंख्योपेतान्। सयल वि समस्तानपि। कथंभूतान्न मन्यते। एक्क-सहाव वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा सकलविमलकेवलज्ञानादिगुणैर्निश्चयेनैक-स्वभावान्। तासु ण थक्कइ भाउ समु तस्य न तिष्ठति समभावः। कथंभूतः। भव-सायरि जो णाव संसारसमुद्रे यो नावस्तरणोपायभूता नौरिति। अत्रेदं व्याख्यानं ज्ञात्वा रागद्वेषमोहान् मुक्त्वा च परमोपशमभावरुपे शुद्धात्मनि स्थातव्य-मित्यभिप्रायः।।१०५।।

---

आगे जो सब जीवोंको समान नहीं मानता, उसके समभाव नहीं हो सकता, ऐसा कहते हैं–

## गाथा-१०५

अन्वयार्थ :- [जीव] हे जीव, [यः] जो [सकलानपि] सभी [जीवान्] जीवोंको [एकस्वभावान्] एक स्वभाववाले [नैव मन्यते] नहीं जानता, [तस्य] उस अज्ञानीके [समःभावः] समभाव [न तिष्ठति] नहीं रहता, [यः] जो समभाव [भवसागरे] संसार-समुद्रके तैरनेको [नौः] नावके समान है।

भावार्थ :–जो अज्ञानी सब जीवों को समान नहीं मानता, अर्थात् वीतराग

निर्विकल्पसमाधिमें स्थित होकर सबको समान दृष्टिसे नहीं देखता, सफल ज्ञायक परम निर्मल केवलज्ञानादि गुणोंकर निश्चयनयसे सब जीव एकसे हैं, ऐसी जिसके श्रद्धा नहीं है, उसके समभाव नहीं उत्पन्न हो सकता। ऐसा निस्संदेह जानो। कैसा है समभाव, जो संसार समुद्रसे तारनेके लिये जहाजके समान है। यहाँ ऐसा व्याख्यान जानकर राग-द्वेष-मोहको तजकर परमशांतभावरुप शुद्धात्मामें लीन होना योग्य है।।१०५।।

---

હવે, જે સર્વ જીવોને સમાન જાણતો નથી તેને સમભાવ હોતો નથી, એમ કહે છે.

ભાવાર્થ જે, સમસ્ત જીવોને વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને નિશ્ચયનયથી સકળ વિમળ કેવળજ્ઞાનાદિ ગુણો વડે એકસ્વભાવી નથી માનતો તેને સંસારસમુદ્રને તરવાના ઉપાયભૂત એવો સમભાવ હોતો નથી કે જે સમભાવ સંસારસમુદ્રને તરવાના સાધનરૂપ નાવ છે.

અહીં, આ વ્યાખ્યાન જાણીને અને રાગ-દ્વેષ-મોહને છોડીને પરમોપશમભાવરૂપ શુદ્ધ આત્મામાં સ્થિત થવું, એવો અભિપ્રાય છે. ૧૦૫.

---

## વીર સંવત ૨૫૦૩, પોષ સુદ ૧૦, ગુરુવાર
## તા. ૩૦-૧૨-૧૯૭૬, ગાથા-૧૦૫
## પ્રવચન નં. ૧૭૨

પરમાત્મપ્રકાશ, ૧૦૫ ગાથા. '**આગે જો સબ જીવોંકો સમાન નહીં માનતા, ઉસકે સમભાવ નહીં હો સકતા,...**' સૂક્ષ્મ ભાવ છે ભગવાન! અહીંયા પરમાત્મા કહે છે, યોગીન્દ્રદેવ છે મુનિ દિગબંર સંત. જે કોઈ આત્મા પોતાનો આત્મા વીતરાગસ્વરૂપે છે. પૂર્ણ સમભાવ અવિકારી સ્વભાવથી ભરેલો ભગવાન પૂર્ણ છે આત્મા. રાગ-દ્વેષ છે એ તો, દયા, દાન કે રાગ-દ્વેષ છે એ કંઈ આત્મા નથી, એ તો અનાત્મા છે, રાગ છે. આહાહા..! ભગવાન જિનવરદેવે જેને આત્મા કહ્યો એ આત્મા તો સહજાનંદ સ્વરૂપ કેમ છે, વચ્ચે શું વાતો કરે છે? ધ્યાન રાખવું જોઈએ. સમજાણું કાંઈ? શું કહ્યું? ઝીણી વાત ભગવાન!

મુમુક્ષુ :— આત્મા ભગવાને કેવો કહ્યો છે? સહજાનંદસ્વરૂપ.

ઉત્તર :— આહાહા...! નવતત્ત્વ છે એમાં ભગવાને આત્મા કોને કહ્યો? કેવડા આત્માને આત્મા કહ્યો? આહાહા..! કહે છે કે એ આત્મા જે વસ્તુ ભગવાન એ શરીર, વાણી, મનથી તો ભિન્ન, કર્મથી પણ જુદો, અને આ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ જે પુણ્ય છે એનાથી જુદો, હિંસા, જૂઠું, ચોરી,

વિષયભોગ વાસના પાપ છે તેનાથી જુદો. આહાહા..! એક સમયની જ્ઞાનની પર્યાય જે દેખાય છે ઝીણી પ્રભુ વાત, એક સમયમાં જ્ઞાનના ક્ષયોપશમની અવસ્થા જે દેખાય છે એનાથી જુદો. આહાહા..! એ તો પર્યાય છે, એક અંશ છે. ભગવાન એનાથી પૂર્ણાનંદ સહજાત્મસ્વરૂપ સહજાનંદ સહજ વીતરાગસ્વરૂપની મૂર્તિ પ્રભુ છે. આહાહા..! એવું જેને અંદરમાં દૃષ્ટિમાં સમભાવ પ્રગટ્યો નથી એ અજ્ઞાની બીજા જીવને પણ પોતાનો આત્મા છે એવો એ નહિ માને બીજાને. આહા..! ઝીણી વાત છે ભગવાન! આહાહા..!

કહે છે, '**સબ જીવોંકો સમાન નહીં માનતા,...**' બધા ભગવાનઆત્માઓ અનંત છે. નિગોદના જીવ, શક્કરકંદનો એક રાઈ જેટલો કણ લ્યો એમાં અસંખ્ય તો શરીર છે, એમાં અનંતા આત્માઓ છે એક શરીરમાં. પણ તે આત્મા કેવા છે? આહાહા..! નિગોદની પર્યાયને ન લક્ષમાં લ્યો, કહે છે. હેં! આહાહા..! એનું દ્રવ્ય જે વસ્તુ છે તેને દૃષ્ટિમાં લે. તું તારી દૃષ્ટિમાં તારા સ્વભાવને લે. સમ્યગ્દર્શનમાં ચોથા ગુણસ્થાનમાં ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ 'સિદ્ધ સમાન સદા પદ મેરો', આહાહા..! આવી વાત ઝીણી, ભાઈ! વર્તમાન પર્યાય છે એટલો તો નથી. પર્યાય સમજાય છે? જ્ઞાનનો ઉઘાડ જે વિકાસ પર્યાયમાં છે, અગિયાર અંગનું જ્ઞાન હો, પણ એ પર્યાય—અવસ્થા છે, એમાં કંઈ આખો આત્મા નથી.

જેને સમ્યગ્દર્શનનો વિષય કહીએ, સમ્યગ્દર્શન હજી તો ચોથું ગુણસ્થાન. આહાહા..! એનો વિષય કહીએ તો પરમાત્મા કહે છે કે એ તો પૂર્ણાનંદસ્વરૂપ છેને પ્રભુ. સિદ્ધ છે એ પણ એક સમયની પર્યાય છે અને આ તો એવી અનંતીપર્યાયનો ગુણ અને અનંતાગુણનો પિંડ આત્મતત્ત્વ છે. પરમાત્મપ્રકાશ છે ને. દિગંબર સંત ૧૩૦૦ વર્ષ પહેલા થયા. આહાહા..! એ પરમાત્મપ્રકાશનું વર્ણન કરે છે.

પ્રભુ! એકવાર સાંભળ ભાઈ! તારું સ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! અરિહંત ને સર્વજ્ઞ પરમેશ્વરો જે પરમાત્મપદને પામ્યા એ તો પર્યાય છે. સમજાય છે કાંઈ? એ પરમાત્મા અરિહંતપદ છે એ પર્યાય, કેવળજ્ઞાન છે એ પર્યાય છે. આહાહા..! એવી અનંતી પર્યાયનો પિંડ જ્ઞાન છે અને એવા અનંતગુણનોપિંડ તે આત્મા છે. આહાહા..! એવી જેને વિકલ્પની રાગની વૃત્તિ તૂટી અને નિર્વિકલ્પ દૃષ્ટિમાં આવો આત્મા જેને અનુભવમાં નથી આવ્યો એ જીવો બધા મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ અને સમ્યગ્દર્શન નામ સાચી દૃષ્ટિ. તો સાચી દૃષ્ટિ કોને પરમાત્મા કહે છે? કે પ્રભુ! તું પૂર્ણ શક્તિનો પિંડ આનંદ રસકંદ છો. આહાહા..! કહ્યું હતુંને દાખલો? શક્કરકંદનો દાખલો નહોતો આપ્યો?

શક્કરકંદ છે ને? શક્કરિયું, શક્કરિયું. શેર, અધશેરનું આખું. એની લાલ છાલ છે એ કંઈ શક્કરિયું નથી. લાલ છાલ વિનાની જે ચીજ છે એ શક્કરકંદ નામ સાકરની મીઠાશનો પિંડ છે. આહાહા..! એમ ભગવાનઆત્મા પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પો છે એ તો ફોતરા—ઉપરની છાલ છે. એ છાલની પાછળ પ્રભુ સહજાનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદ અને

અતીન્દ્રિય વીતરાગસ્વભાવ ને અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ છે. એવું પૂર્ણસ્વરૂપ જેને દૃષ્ટિમાં અનુભવમાં આવ્યું નથી, જેણે એ વિકલ્પને તોડીને રાગની એકતા તોડી... છે, માથે આપણે આવી ગયું છે. '**વીતરાગ પરમસામાયિકચારિત્ર ઉસકે પ્રભાવસે જીવોંકો...** ' આહાહા..! સમ્યગ્દર્શનરૂપી સમભાવ, સમ્યગ્દર્શન એ સમભાવ છે, એ વીતરાગી પર્યાય છે. બાપુ! એ એણે કોઈ દિ' જોયું નથીને ભાઈ! એ સમ્યગ્દર્શન, સમ્યક્દર્શન—સત્યદર્શન, સત્યદર્શન એ વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાયનો વિષય જે છે આહાહા..! એ પૂર્ણ વીતરાગમૂર્તિ અનંત આનંદનો કંદ છે. એવી જેને દૃષ્ટિમાં આત્માને આ રીતે સમભાવથી.. આહાહા..! જાણ્યો નથી, જોયો નથી, એ બીજા જીવને એવો નહિ માને. ઝીણી વાત છે ભગવાન! બહુ ઝીણું બાપુ! વીતરાગમાર્ગ છે આ તો. સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવ સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં. મહાવીર ભગવાન આદિ તો સિદ્ધપદ થઈ ગયા, એ તો ણમો સિદ્ધાણંમાં ભળી ગયા. સીમંધર પરમાત્મા મહાવિદેહમાં ણમો અરિહંતાણં પદે બિરાજે છે. આહાહા..! એની આ વાણી છે. સંતો એની વાણી કહે છે જગતને. આહાહા..!

પ્રભુ! એકવાર સાંભળને પ્રભુ! તું તારું સ્વરૂપ ભગવાનસ્વરૂપ જ છે અત્યારે. અરેરે..! પ્રભુસ્વરૂપ જ તારું અત્યારે છે. અત્યારે હોં અંદર. જો પ્રભુસ્વરૂપ ભગવાનસ્વરૂપ ન હો તો પર્યાયમાં ભગવાનપણું અરિહંતપણું આવશે ક્યાંથી? સમજાય છે કાંઈ? આહાહા..! લીંડીપીપર જે છોટીપીપર થાય છે નાની એ રંગે કાળી, કદે નાની પણ શક્તિએ ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ પડ્યો છે અંદર. ખરેખર તો પીપર એને કહીએ કે જે ચોસઠ પહોરો તીખો રસ છે અંદર અને લીલો પૂર્ણ રંગ છે એને પીપર કહીએ. આહાહા..! ભાઈ! ઝીણી વાત છે પ્રભુ! અનંતકાળથી પરિભ્રમણ કરતો સમ્યગ્દર્શન વિના એણે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અનંતવાર કર્યા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' આવે છે ને? છ ઢાળામાં આવે છે. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. આહાહા..! આત્મા આ કોણ છે? મહા પ્રભુ પૂર્ણાનંદ (છે). આહાહા..! જેમ શક્કરકંદ સાકરના મીઠાશનો પિંડ છે. ભલે એટલું ક્ષેત્ર થોડું હો, એમ આ આત્માનું ક્ષેત્ર શરીર પ્રમાણે હો પણ એનો સ્વભાવ છે એ તો પૂર્ણ આનંદ અને પૂર્ણ વીતરાગસ્વરૂપે બિરાજમાન છે. આહાહા..!

એ અહીં કહે છે, '**જો જીવ સબ જીવોંકો સમાન નહીં માનતા,...**' આહાહા..! જે પોતાનો ભગવાનઆત્મા વીતરાગી નિર્વિકલ્પ આનંદનો કંદ છે એવું જેણે સમ્યગ્દર્શનમાં જાણ્યું, માન્યું અને અનુભવ્યું... આહાહા..! એ જીવ બધા જીવને પૂર્ણાનંદના નાથ તરીકે ભાળે છે. એની પર્યાય ને રાગાદિ છે એને જાણે ખરો. પણ ચીજ જે છે અંદર આદરણીય એને માને છે. ઝીણી વાત પ્રભુ. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ! '**ઉસકે સમભાવ નહીં હો સકતા, એસા કહતે હૈં——**' ૧૦૫ ગાથા.

૨૩૨) जो णवि मण्णइ जीव जिय सयल वि एक्क-सहाव।
तासु ण थक्कइ भाउ समु भव-सायरि जो णाव।।१०५।।

આહાહા..! યોગીન્દ્રદેવ ૧૩૦૦ વર્ષ પહેલા દિગંબર સંત થયા. આત્મજ્ઞાની, ધ્યાની, અનુભવી. આત્માના આનંદને અનુભવનારા એ જગત પાસે જાહેર કરે છે. આહાહા..!

**અન્વયાર્થ :—** 'હે જીવ,...' શબ્દાર્થ છેને અંદર? '**જો સભી જીવોંકો એક સ્વભાવવાલે નહીં જાનતા,...**' ગજબ વાત છે! એ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય કે અનંતા લીલ, ફૂગ. લીલ, ફૂગ સમજાય છે? આ કાઈ. લીલ ફૂગ હોય છેને પાણી ઉપર? એમાં એક એક કટકીમાં અસંખ્ય શરીર છે અને એક એક શરીરમાં અનંતાજીવ છે. આહાહા..! પણ અહીં તો કહે છે કે એ જીવ કહેવો કોને? કે જે વીતરાગસ્વરૂપથી ભરેલો ચિદાનંદ સહજાનંદમૂર્તિ પ્રભુ એને જેણે સમભાવથી અનુભવ્યો અને જોયો એ બધા જીવને વીતરાગસ્વરૂપે જોવે છે. આહાહા..! પર્યાયમાં ભલે ભૂલ હોય એને જાણે. સમજાણું કાંઈ? પણ એનો સ્વભાવ જે, મારો સ્વભાવ જે વીતરાગમૂર્તિ અવિકારી સ્વભાવથી ભરેલો કંદ છે, દળ છે. આહાહા..! સમભાવનું દળ છે પ્રભુ. એ જ્ઞાનસ્વભાવના નુરના તેજનું પુર છે પ્રભુ. અરે..! કેમ (બેસે)? કોઈ દિ' મોટપ એને ભાસી જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એની ભગવાનઆત્માની મોટપને વીતરાગ પૂરી કહી શક્યા નથી. સમજાણું કાંઈ?

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં
કહી શક્યા નહિ તે પણ શ્રીભગવાન જો

વાણી દ્વારા ચૈતન્યની વાત કેટલી અંદર આવે. વાણી જડ, ભગવાન ચૈતન્ય અરૂપી પ્રભુ. આહાહા..!

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં
કહી શક્યા નહિ તે પણ શ્રીભગવાન જો

પૂર્ણ સ્વરૂપ કઈ રીતે કહેવું? આહાહા..!

'કહી શક્યા નહિ તે પણ શ્રીભગવાન જો, તે સ્વરૂપને અન્ય વાણી...' બીજાની વાણી, ત્રિલોકના નાથની વાણી પણ જ્યાં પૂર્ણ સ્વરૂપને ન કહી શકે. આહાહા..! તો અન્ય વાણી તે સ્વરૂપને શું કહે? 'અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.' એ અનુભવગમ્ય રહ્યું. આહાહા..! ગળથૂથીમાં મળેલા ગોળ અને સાકરનો સ્વાદ, પણ જેને મોટી ઉંમરે કહે કે બાપુ! સ્વાદ કેવો હતો ઈ? બહુ મીઠો હતો, મીઠો હતો. ઘીનો સ્વાદ ગળથૂથીમાં આપે છેને? ઘી આપે એટલે રેચ થઈ જાય. અંદર સવા નવ મહિના... એ ઘીનો સ્વાદ કેવો હતો? કેળા જેવો મીઠો? સાકર જેવો મીઠો? ઘી-કેળા જેવો મીઠો? ઘી જેવો. એ તો ઈનું ઈ થયું. આહાહા..! જેના ઘીના સ્વાદને જાણતા છતાં બીજા પદાર્થની સાથે મેળવી શકાય નહિ, કહાય એવો કોઈ પદાર્થ નથી. તો આ ત્રણલોકનો નાથ આત્મા, ઘી જેવી જડ ચીજ.. આહાહા..! એના સ્વાદને જાણતા છતાં બીજા પદાર્થની સાથે મીંઢવીને કહી શકાય એવો સ્વાદ નથી. આહાહા..!

એમ ભગવાનઆત્મા.. આહાહા..! પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન, આનંદ અનંતગુણનું પૂર્ણરૂપ એવું ચૈતન્ય એનો જેને સમ્યગ્દર્શનમાં સ્વાદ આવ્યો. હજી તો સમ્યગ્દર્શન હોં! ચારિત્ર-ફારિત્ર તો

ક્યાંય રહ્યા. બાપા! એ તો ચીજ જ જુદી છે. જેને એ સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ-આસ્વાદ આવ્યો એ શી રીતે કહે? કેવો સ્વાદ છે? બાપુ! ઘણું કોઈ અલૌકિક વેદન છે! આહાહા..! એ વેદનની પર્યાયમાં પણ જે જણાણો છે.. આહાહા..! પ્રભુ! માર્ગ વીતરાગનો બહુ અલૌકિક છે. એવો માર્ગ બીજે સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વર સિવાય ક્યાંય નથી. આહાહા..! અને એની ચીજ જે છે ભગવાને કહેલી, અલૌકિક ચીજ છે બાપુ!

અહીં કહે છે, '**હે જીવ, જો સભી જીવોંકો એક સ્વભાવવાલે...**' એકસ્વભાવ, આનંદસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ, વીતરાગસ્વભાવ,.. આહાહા..! બધા ભગવાન પરમાત્મસ્વરૂપે એકસ્વભાવી આત્મા છે. જેવો મારો વીતરાગસ્વભાવી આત્મા છે એવા બધા આત્માઓ વીતરાગસ્વભાવી છે. આહાહા..! એમ જે નથી જાણતા.. આહાહા..! આવી વ્યાખ્યા કેવી? આવો માર્ગ કેવો? ભાઈ! બાપુ! મારગડા જુદા છે. વીતરાગના માર્ગ કોઈ અલૌકિક છે. સમજાય છે? એણે અનંતકાળમાં અનંતપરિભ્રમણ કર્યા. સ્વર્ગના ભવો અનંતા કર્યા. પુણ્ય અનંતવાર કર્યા છે. નરકમાં જેટલા ભવ કર્યા એથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના કર્યા છે. એમ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. શું કહ્યું ઈ? નરક છે ને? નીચે નારકી. મહાપીડા, જેની પીડાનો પાર ન મળે ભગવાન.

અહીં કહ્યું હતું ને એક ફેરી? નહિ? રાજનો કુંવર હોય ચક્રવર્તીનો, પરણ્યો હોય. અબજો રૂપિયા ખર્ચ્યા હોય. તે દિવસે એને જીવતો કો'ક જમશેદપુરની ભઠ્ઠીમાં નાખે, એને કેટલું દુઃખ હશે? એથી અનંતગુણુ દુઃખ પ્રભુ! પહેલી નરકના દસ હજાર વર્ષની સ્થિતિએ છે. આહાહા..! બાપુ! ભૂલી ગયો પ્રભુ તું. એવા અનંતાદુઃખો નરકના અનંત ભવ કર્યા અને એથી અનંતગુણા સ્વર્ગના કર્યા એમ ભગવાન કહે છે. તો સ્વર્ગના કર્યા એ પુણ્ય કરીને જાતા હશે કે પાપ કરીને જાતા હશે? વ્રત, તપ, ભક્તિ, પૂજા અનંતવાર એવી કરી છે કે જેને લઈને સ્વર્ગમાં ગયો. નરક કરતાં સ્વર્ગના અસંખ્યગુણા અનંતાભવ (કર્યા). પણ એ કંઈ ચીજ નહિ, વસ્તુ નહિ. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે સમભાવ. વીતરાગસ્વરૂપી પ્રભુ... ભાઈ! જરી ઝીણી વાત છે. એકલું આત્માનું સ્વરૂપ બધાનું વીતરાગસ્વરૂપી સમભાવસ્વરૂપી બિરાજમાન છે. એવી જેને દૃષ્ટિ નથી એ અજ્ઞાનીને સમભાવ નહિ રહી શકે. સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે જુઓ! '**જો સભી જીવોંકો એક સ્વભાવવાલે...**' એકસ્વભાવ આહાહા..! ગાથા તે ગાથા છે ને! ચૈતન્યહીરલો અંદર પ્રભુ, ચૈતન્યના પ્રકાશના નુરના તેજના પુર પ્રભુ એવો જે એકસ્વભાવી ભગવાનઆત્મા એવા બધાને એકસ્વભાવી જે જાણતો નથી. કેમકે પોતાને એકસ્વભાવી જાણ્યો નથી એથી બીજા બધાને પણ એ એકસ્વભાવી જાણતો નથી. આહાહા..! દેવીદાસભાઈ! આવું છે. પોરબંદરવાળા આવી ગયા, દેવીદાસ. પોરબંદરવાળા હતાને શેઠ. દેવીદાસ શેઠ હતા ગામના પોરબંદરના. આહાહા..! ભાઈ! મારગડા પ્રભુ તારા જુદા ભાઈ.

એ પર્યાયદૃષ્ટિ પણ તારો સ્વભાવ નહિ. આહાહા..! દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ છે એ તો તારો સ્વભાવ નહિ.. આહાહા..! એક સમયની પર્યાયનો પણ તારો સ્વભાવ નહિ. તારો

સ્વભાવ તો એકસ્વરૂપી. છે શબ્દો? એકસ્વભાવ. ભાઈ! વાતું બીજી છે આ તો વીતરાગની. ત્રણલોકના નાથ જિનવરદેવનો પોકાર જનતા પાસે છે. આહાહા..! ભગવાન! તું એકસ્વભાવી વસ્તુ છોને. એકસ્વભાવ એટલે? જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, શાંતસ્વભાવ, ઈશ્વરસ્વભાવ, ભગવાનસ્વભાવ, પ્રભુત્વસ્વભાવ, સ્વચ્છત્વસ્વભાવ એવો એકરૂપ ત્રિકાળ સ્વભાવ. આહાહા..! એ તે શું ચીજ છે? ભાઈ! એવા એકસ્વભાવને જેણે સમ્યગ્દર્શનમાં જાણ્યો નથી, અનુભવ્યો નથી, જેની દૃષ્ટિમાં એ તત્ત્વ આવ્યું નથી. એ બીજા બધા જીવને એકસ્વભાવી નહિ જાણી શકે. સમજાણું કાંઈ? ડાહ્યાભાઈ! આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ આ રીતે જાણે તો પરને જાણશે એમ કહે છે. પોતાને એકસ્વભાવી વસ્તુ આનંદકંદ પ્રભુ, અરે.. બાપુ! વસ્તુ.. સર્વજ્ઞ પરમેશ્વરને જે પર્યાય પ્રગટી એ તો એક સમયની દશા છે. કેવળજ્ઞાન પણ એક સમય રહે છે. પર્યાય છેને. બીજે સમયે બીજું એવુંને એવું ભલે કેવળજ્ઞાન, પણ બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી પર્યાય થાય છે. એ ગુણ નથી, એ ધ્રુવ નથી. આહાહા..! એવી અનંતીપર્યાયનોપિંડ જેમાં પડ્યો છે પ્રભુમાં. આહાહા..! એક જ્ઞાનગુણમાં એવી અનંતીપર્યાય પડી છે. એક આનંદગુણમાં, અતીન્દ્રિય આનંદ જે સર્વજ્ઞને પરમાત્માને વીતરાગદેવને પ્રગટ્યો, એ એક સમયની આનંદની દશા, એવો અનંતા આનંદનો પિંડ પ્રભુ આત્મા છે. આહાહા..! અરે..! એને આત્મા કોને કહેવો એની ખબરું ન મળે અને ધર્મ થઈ ગયા એને. આહાહા..! સમજાણું કાંઈ? એવું અનંતવીર્ય જે ભગવાનને પ્રગટ્યું, અનંતવીર્ય છે ને પરમાત્માને? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. તો અનંતવીર્ય જે પુરુષાર્થ પ્રગટ્યો છે તે એક સમયની દશા છે એ તો. એવી અનંતી પુરુષાર્થનો પિંડ પ્રભુ આત્મા વીર્ય છે અંદર. આહાહા..! વીર્ય રેત નહિ હોં, વીર્ય—બળ અંદર. આહાહા..!

મુમુક્ષુ :— નેમિનાથ ભગવાન ક્ષાયિક સમકિતી હતા?

ઉત્તર :— ક્ષાયિક હોય કે ઉપશમ હોય, બધા એક જ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ નહિ, એની સાથે સંબંધ નહિ. એ તો રાગ છે. એ આત્મા નથી. એ તો વિકલ્પ છે, એનો આત્મા એ નથી. એ તો વિકલ્પ છે, રાગ છે, પુણ્ય છે, એ આત્મા નથી, એ આત્મામાં નથી. આહાહા..! ઝીણી વાતું બાપુ બહુ આકરી. એ છે જ નહિ, અત્યારે ચાલતું નથી. અત્યારે તો બધી ગડબડી વાતું ચાલે છે. બધી ખબર નથી અત્યારની? આહાહા..! એ તો રાગનો વિકલ્પ છે એ આત્મા નથી. એ તો આત્માનો વેરી છે વિકલ્પ તો. આહાહા..! એ આત્મા નથી. આત્મા તો રાગરહિત સ્વરૂપ પૂર્ણાનંદ છે તેને આત્મા માન્યો છે. આહા..! એ થાય છે એ જાણવા લાયક છે, આદરવા લાયક નહિ. આદરવા લાયક તો ત્રિકાળી ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ છે તે આદરણીય છે એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! એક સમયની ક્ષયોપશમની પર્યાય પણ આદરણીય નથી.

રાગની તો શું વાત કરવી? હેં! આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, કેવળજ્ઞાનની જે પર્યાય છે એ પણ નાશવાન છે. કેમકે એક સમયની દશા છે ઈ, પર્યાય છે, ગુણ નથી, ધ્રુવ નથી. આહાહા..! અરે..! કોઈ દિ' સાંભળ્યું ન હોય. કેવળજ્ઞાન પર્યાય છે, નાશવાન છે એમ કીધું. નિયમસાર-૩૮ ગાથા. ૩૮ ગાથામાં (કહ્યું કે) કેવળજ્ઞાનાદિ પર્યાય છે એ નાશવાન છે. કેમકે એક સમય રહીને બદલી જાય છે અને ભગવાનઆત્મા ત્રિકાળ ધ્રુવ છે, અવિનાશી છે. આહાહા..!સમજાણું કાંઈ? બહુ ઝીણું બાપુ! માર્ગ એવો છે. લોકોએ સ્થુળમાં કલ્પી નાખ્યો છે.

મુમુક્ષુ :— આત્માના ધ્રુવસ્વભાવની વાત કરો છો?

ઉત્તર :— આ ધ્રુવસ્વભાવની વાત ચાલે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ છેને? તત્ત્વાર્થ સૂત્ર દસલક્ષણીપર્વમાં બહુ વંચાય. કલ્પનાથી વાંચે, વસ્તુસ્થિતિ શું છે (એની ખબર ન મળે). ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્, સત્ દ્રવ્યં લક્ષણં. નવી પર્યાય ઊપજે, જૂની પર્યાય જાય, ધ્રુવપણે રહે. અહીં ધ્રુવની વ્યાખ્યા અત્યારે ચાલે છે. આહાહા..!

મુમુક્ષુ :— પર્યાયની સ્થાપના તો ધ્રુવમાં થાય ને.

ઉત્તર :— ધ્રુવમાં છે ને. ધ્રુવ અંદર આખી ચીજ છે. ચૈતન્યધાતુ આનંદસાગર ભગવાન. અરે! કેમ બેસે? બે સીગારેટ પીવે ત્યારે પાયખાને દસ્ત ઉતરે એવા તો અપલખણ. હવે એને આવો ભગવાન કેમ બેસે? માપ કરતા આવડે ક્યાંથી એને? આહાહા..!

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જિનવરદેવ એમ કહે છે કે જીવનું સ્વરૂપ જેને જીવ કહીએ એ તો એકસ્વભાવી આનંદકંદ છે, ધ્રુવસ્વરૂપ છે. આહાહા..! પર્યાયમાં અલ્પજ્ઞતા ને રાગાદિ એ વસ્તુ ભિન્ન છે. સમજાણું કાંઈ? હજી તો આત્મતત્ત્વ કેવડું એની અહીં વાત ચાલે છે. હેં!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પ્રમાણમાં પર્યાય ભળે માટે તે આદરણીય નથી. એ અધિકાર થઈ ગયો છે. ધ્રુવ છે, ધ્રુવ જે ત્રિકાળ જે પરમાનંદનીમૂર્તિ તે જ ઉપાદેય છે સમકિતદષ્ટિને અને પર્યાય છે તેનું જ્ઞાન કરે ત્યારે પ્રમાણ થાય. એ પ્રમાણમાં બે આવ્યા. ત્રિકાળી વસ્તુ આવી અને પર્યાય આવી. બે આવ્યા એટલે સદ્ભુતવ્યવહારનયનો વિષય થઈ ગયો. ઝીણી વાત છે બહુ. આપણે ઘણી વાર આવી ગયું છે. પ્રમાણજ્ઞાનમાં.. નયચક્રમાં છે સિદ્ધાંતમાં, પ્રમાણમાં.. નયચક્ર ગ્રંથ શાસ્ત્ર છે, પ્રમાણમાં પર્યાયનો નિષેધ નથી માટે તે પૂજ્ય નથી. આવી ગઈ છે વાત. નિશ્ચયમાં પર્યાયનો નિષેધ છે અને એકલો ત્રિકાળી આનંદકંદ પ્રભુ દષ્ટિમાં છે માટે તે પૂજ્ય છે. આહાહા..! પ્રમાણમાં બીજી પર્યાયને ભેળવીને જ્ઞાન ડબલ થાય છતાં એ પૂજ્ય નથી. આશ્રય માટે નથી. પૂજ્ય જ નથી, સદ્ભુતવ્યવહારનયનો વિષય છે. ઝીણી વાત બહુ બાપા! પંચાધ્યાયીમાં પ્રમાણજ્ઞાનને સદ્ભુત વ્યવહાર કહે છે. બે ભળ્યાને? દ્રવ્ય અને પર્યાય—બે. એટલે પ્રમાણ થઈ ગયું. પ્રમાણ થઈ ગયો વ્યવહારનયનો વિષય. એકલો ત્રિકાળીભગવાન જ્યાં દષ્ટિમાં આવે નિશ્ચયમાં તે આદરણીય છે.

આદરે છે પર્યાય, પણ પર્યાય આદરે છે ત્રિકાળીને. આહાહા..! સમજાણું કાંઈ?

એક ન્યાયે તો સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય છેને ભાઈ, એને પણ એમ કીધું છેને કે સંવર હિતકારી છે. એ પ્રગટ કરવાની અપેક્ષાએ. અપેક્ષા જુદી છે. એ શ્રદ્ધામાં એ પર્યાય પણ આવે છે, આ. જ્ઞાનપ્રધાન શ્રદ્ધામાં. સમજાય છે? દ્રવ્ય અને સંવર, નિર્જરાની પર્યાય અને આસ્રવ, એ પર્યાયની શ્રદ્ધા તો આવે છેને. પણ શ્રદ્ધાની પર્યાય છે એ ભિન્ન છે. આહાહા..! ઝીણી વાત બાપુ! શ્રદ્ધાની પર્યાય આને શ્રદ્ધે છે અભેદ તરીકે. છતાં એ પર્યાય દ્રવ્યમાં ભળી જતી નથી. શ્રદ્ધાની પર્યાય. આહાહા..! ઘણો વિષય ઝીણો બાપુ! હેં! આ તો ચર્ચાઈ ગયો છે આપણે ઘણીવાર. આત્મધર્મમાં આવી ગયું છે, ઘણું આવી ગયું છે.

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં ૐકારની ધ્વનિમાં ભગવાનની વાણી આવી ન હોય, કારણ કે વીતરાગ થઈ ગયેલા, પૂર્ણસ્વરૂપ એની વાણી હોય ૐ એકાક્ષરી ધ્વનિ હોય. 'ઓંકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરો અનંત થયા અને પરમાત્મા વીસ વિહરમાન બિરાજે છે. મહાવિદેહમાં વીસ વિહરમાન નથી? વિહરમાન તીર્થંકરો બિરાજે છે, લાખો કેવળી બિરાજે છે. એ તીર્થંકરોની ધ્વનિ ઇચ્છા વિના હોય છે. ૐ એવો ધ્વનિ નીકળે. ગણધરો ૐ ધ્વનિ સુણી અર્થ વિચારે અને એમાંથી શાસ્ત્ર રચે.

મુમુક્ષુ :— એ ભાષા તો અર્ધમાગધી હોય ને.

ઉત્તર :— એ અર્ધમાગધી ભાષા વ્યવહાર છે. એ જરી ઝીણી વાત છે. તમને બેસવી કઠણ છે. ભગવાનની વાણી ૐ હોય છે એકલી. અર્ધમાગધી કીધી છે એ તો ભેદવાળી કીધી છે. એ તો દેવકૃત છે. એ તો ઠીક, એ બધી સમજવા જેવી વાત છે. એ લોકોએ સાંભળ્યું ન હોય ને એને ખબર ન હોય. અર્ધમાગધી તો જડની ભાષા છે, એ તો ભેદવાળી છે. એની વાણી તો ૐ છે. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' જુઓને, આપણે આમાં આવ્યું છે. આમાં છેને? હું ભાષા સમજતો નથી તમારી. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે'. આ બનારસીદાસ છે. 'રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે'. આવે છે, એ લોકોમાં આવતું નથી. એના તો કૃત્રિમ બનાવેલા શાસ્ત્ર છેને. નવા બનાવેલા છે, કંઈ ભગવાનના કરેલા નથી. આ ઝીણી વાત છે. આમાં છે આ. બનારસીદાસ. આપણે (સંવત) ૧૯૯૫ની સાલમાં છપાવ્યું છે. બનારસીદાસમાં છે. એનું કારણ છે કે જ્યાં વીતરાગસ્વભાવ છે ત્યાં આવી ભેદવાળી વાણી હોય નહિ. ૐ ધ્વનિ ઇચ્છા વિના. સ્વપરપ્રકાશક વાણી નીકળે. આહા..! એ તો વીતરાગ છે. એને હું બોલું એવી ઇચ્છા છે નહિ. ઇચ્છા તો મરી ગઈ છે, એ તો બારમે ગુણસ્થાને વીતરાગ થયા ત્યારે. વીતરાગ તો તેરમે થયા. એની વાણી આવી હોઈ શકે જ નહિ. ભેદવાળી વાણી વ્યવહારવાળાને હોય, નિશ્ચયવાળાને ભેદવાળી વાણી હોતી નથી. આહાહા..! એ ઝીણી વાતું. એકે એક વાતમાં ફેર છે. આહાહા..!

અહીં તો એટલું કહે છે, '**એક સ્વભાવવાલે નહીં જાનતા, ઉસ અજ્ઞાનીકે સમભાવ નહીં રહતા,...**' આહાહા...! છે? ગાથા આવી ગઈ છે બહુ સારી, ભાઈ! આહાહા..! આત્મા તો

વિકલ્પ વિનાનો, રાગ વિનાનો. રાગ હોય એ તો પર્યાયમાં છે, વસ્તુમાં નથી. જે વસ્તુની પ્રતીતિ અને શ્રદ્ધા કરવી છે એ વસ્તુમાં અલ્પજ્ઞતા નથી. રાગ તો બહાર રહી ગયો. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ એકસ્વરૂપે બિરાજમાન ચૈતન્ય ભગવાન એવી જેને દૃષ્ટિ વીતરાગસ્વભાવની થઈ નથી, એ બીજા જીવોને વીતરાગસ્વભાવે જાણી નહિ શકે. એનો આત્મા પણ વીતરાગસ્વભાવ છે બધા. પર્યાયમાં ભૂલ છે એ વ્યવહાર થઈ ગયો. એ તો જાણવાલાયક થયો, આદરવા લાયક તો આ છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આવી વાતું હવે. ધંધા આડે નવરા એક તો ન હોય બિચારા. આખો દિ' રળવું, રળવું, રળવું, ભોગ વિષયના, બાયડી છોકરા. વીસ કલાક, બાવીસ કલાક એમાં જાય. એકાદ બે કલાક મળે ત્યાં સાંભળવા જાય ત્યાં સત્ય શું છે એ મળે નહિ બિચારાને. આહાહા..! લૂંટાઈ જાય. જગત ચાલ્યું જાય છે ભાઈ! આહા..!

અહીં કહે છે, જે કોઈ જેને એકસ્વભાવી ભગવાન પોતાનો છે, એવો જ બધા જીવો એકસ્વભાવી છે એમ નથી જાણતા એ અજ્ઞાનીને સમભાવ નહિ રહે. અંદર સમ્યગ્દર્શનનો સ્વભાવ એને નહિ રહે. આહાહા..! સમજાણું કાંઈ? કહો શેઠ! આવી વાતું છે આ. ઘરે વાંચવું. પરમાત્મપ્રકાશ તો હશે ઘરે. ઘરે તો હોયને. '**નહીં રહતા, જો સમભાવ...**' કેવો છે સમભાવ? પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ થવી સમભાવ એ સમ્યગ્દર્શન, એ સમભાવ છે, સમ્યગ્દર્શન એ સમભાવ છે અને એવો સમભાવથી ભરેલો આખો ભગવાનઆત્મા છે. એવા બધા આત્મા સમભાવથી ભરેલા છે. એવું જે નથી જાણતા એ અજ્ઞાનીને સમભાવ નહિ રહેતા. એ સમભાવ કેવો છે? '**સંસાર-સમુદ્રકે તૈરનેકો નાવકે સમાન હૈ.**' સંસાર—ભવસિંધુ તરવાને એ નાવ સમાન છે. મોટો ભવસિંધુ, ચોર્યાસીનાઅવતાર. આહાહા..! ચોર્યાસી લાખ યોનિ છે ને? એક એક યોનિમાં અનંતા અવતાર કર્યા છે. આહાહા..! મોટો ભવસિંધુ દરિયો છે. એને તરવાને માટે આ નાવ છે. પૂર્ણાનંદના નાથની પ્રતીતિનો જે સમભાવ સમ્યગ્દર્શન પ્રગટ્યું, ભલે એને રાગાદિ હો, એ હેય તરીકે હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દૃષ્ટિને તો છન્નુ હજાર સ્ત્રી પણ હોય છે, તીર્થંકરને. પણ એ તો રાગ છે તો હેય છે. સમજાણું કાંઈ? અંદરમાં ભગવાન પૂર્ણાનંદનોનાથ તે સમભાવે આદરણીય છે. એક જ ઉપાય છે. આહાહા..! '**ભવ-સમુદ્રકે તૈરનેકો નાવકે સમાન હૈ.**' આહાહા..!

**ભાવાર્થ :—** '**જો અજ્ઞાની સબ જીવોંકો સમાન નહીં માનતા,...**' કઈ રીતે? આહાહા..! '**અર્થાત્ વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં સ્થિત હોકર...**' જરીક આ વાત છે ઝીણી, બાપુ! વીતરાગ નિર્વિકલ્પ શાંતિ જે છે તેમાં સ્થિર થઈને જાણે છે. જરી વાત ઝીણી છે. નિર્વિકલ્પ નામ રાગાદિનો વિકલ્પ છે તેને તોડી અને સમ્યગ્દર્શનમાં નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થાય. એ સમાધિમાં '**સ્થિત હોકર સબકો સમાન દૃષ્ટિસે નહીં દેખતા,...**' આહાહા..! આ રીતે હોં! ડાહ્યાભાઈ! રાગના વિકલ્પથી ભિન્ન પડી અને નિર્વિકલ્પ શાંતિ—સમાધિ, સમાધિ એટલે સમભાવ, વીતરાગી સમભાવરૂપી સમાધિ એમાં ઠરીને જે બધા જીવને સરખા માનતો નથી અજ્ઞાની. આહાહા..!

મુમુક્ષુ :— નિર્વિકલ્પ છે ને તે.

ઉત્તર :— નિર્વિકલ્પ છે ને દૃષ્ટિ. દૃષ્ટિ નિર્વિકલ્પ સમાધિ છેને શાંતિ. સમ્યગ્દર્શન એ નિર્વિકલ્પ છે. સમ્યગ્દર્શન એ વિકલ્પ નથી. વિકલ્પથી ભિન્ન પડીને અંતર અનુભવ કરે ત્યારે સમ્યગ્દર્શન છે એ નિર્વિકલ્પ છે.

મુમુક્ષુ :— એ તો બરાબર છે, સમાધિમાં સ્થિર રહીને..

ઉત્તર :— એમાં સ્થિર રહીને. બરાબર છે. એમાં રહ્યો એ સમાન જાણ્યું એમ કીધું. પોતાનો સ્વભાવ જાણ્યો એટલે એણે બધાને સરખા જ જાણવાનું રહ્યું. આહાહા..! આમ ધારણા કરીને રાખી એમ નહિ એમ કહે છે. ઝીણી વાત છે.

આ તો માર્ગ બાપા કેવળી પરમાત્મા આહાહા..! જેને સો સો ઈન્દ્રો ગલુડિયાની પેઠે વ્યાખ્યાનમાં સાંભળે. ગલુડિયા સમજ્યાને? પિલ્લા તમારે પિલ્લા. ઈન્દ્રો શક્રેન્દ્ર બત્રીસ લાખ વિમાનનો લાડો છે, એકાવતારી છે. એકભવે મોક્ષમાં જનાર સૌધર્મ ઈન્દ્ર છે. એવા સો ઈન્દ્ર ભગવાન પાસે જાય, સમવસણમાં. વાઘ અને નાગ જાય સમવસરણમાં આમ સાંભળે. એ વાણી કેવી હોય બાપુ! સમજાય છે? આહાહા..! એ વાણી આવી હોય. આહાહા..! એ વાર્તા કથા નથી કાંઈ. એ તો દિવ્યધ્વનિ ભગવાનની, અવાજ દિવ્યધ્વનિ છે. એમાં આવ્યું છે કે પ્રભુ! તું એકવાર '**વીતરાગ નિર્વિકલ્પસમાધિમાં સ્થિત હોકર...**' આહાહા..! સમ્યગ્દર્શન એ છે કે જેમાં વિકલ્પ રહિત થઈ નિર્વિકલ્પ વીતરાગી શાંતિમાં ઠરે છે ત્યારે એને આત્મા પૂર્ણાનંદ જણાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આવી વાતું હવે. માર્ગ એવા છે બાપા! વીતરાગ સ્વરૂપ જિનવરનું સ્વરૂપ છે. અનંત જિનવરો થઈ ગયા, વર્તમાન જિનવરો બિરાજે છે, અનંત જિનવરો થશે એ બધાની કથની આ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આવી વાતું છે ભાઈ.

'**સકલ જ્ઞાયક પરમ નિર્મલ કેવલજ્ઞાનાદિ ગુણોંકર નિશ્ચયનયસે...**' જુઓ! હવે આત્મા કેવા છે બધા? પોતાનો આત્મા કેમ જાણ્યો કેવો? અને બધા આત્મા કેમ છે? '**સકલ જ્ઞાયક પરમ નિર્મલ કેવલજ્ઞાનાદિ ગુણોંકર નિશ્ચયનયસે સબ જીવ એકસે હૈં,...**' આહાહા..! છે? એ તો નિર્વિકલ્પ સમાધિમાં દૃષ્ટિ સ્થિર થાય છે ત્યારે એને જાણવામાં આ હોય છે કે જેવો હું છું એવા બધા છે. એવું એના જ્ઞાનમાં વર્તે છે એટલું. કેવા છે આત્મા બધા? અને કેવો પોતે પોતાને જાણ્યો છે સમ્યગ્દર્શનમાં? '**સકલ જ્ઞાયક પરમ નિર્મલ કેવલજ્ઞાન...**' કેવળજ્ઞાનની પર્યાય નહિ. કેવળ-જ્ઞાન, એકલું જ્ઞાન, એકલો આનંદ, એકલી શ્રદ્ધા, એકલી સ્થિરતા, એકલી વીતરાગતા. એવા અનંત ગુણોનો પિંડ પ્રભુ. આહાહા..! માપ કરતા ક્યાંથી આવડે બાપુ. હેં! આ ચીજ આવી છે એનું માપ કરતા આવડે તો સમ્યગ્દૃષ્ટિ થઈ ગયો. સમ્યગ્દૃષ્ટિ થયો એટલે થઈ રહ્યું, મોક્ષના દરવાજે તૈયાર થઈ ગયો. અલ્પકાળમાં એની મોક્ષની દશા થવાની. આહાહા..! સમ્યગ્દર્શન શું ચીજ છે એની લોકોને કિંમત જ નથી. આહાહા..!

શ્રેણિક રાજા ક્ષાયિક સમકિત પામ્યા. ભલે ક્ષાયિક પામ્યા, ભલે ક્ષયોપશમ હોય, આ તો ક્ષાયિક પામ્યા, તીર્થંકરગોત્ર ઉપાર્જ્યું. ત્યાગ કાંઈ નહિ, બાયડી, છોકરા, રાજપાટનો રાગ હતો. પણ

સમકિતમાં નિર્મળતા આત્મા આ છે એવી દૃષ્ટિ થતાં આહાહા..! જેને પ્રથમ નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. મુનિની અશાતના, દિગંબર સંતની અશાતના કરી હતીને. મુનિ ધ્યાનમાં બેઠા હતા. એ શ્રેણિક બૌદ્ધ હતો. પછી એક સર્પ મરેલો એ ડોકમાં નાખ્યો. અને એની રાણી ચેલણા હતી સમકિતી અને આ હતો બૌદ્ધ. એટલે રાણીને કહે કે તારા ગુરુને હું સર્પ નાખી આવ્યો છું, કાઢી નાખ્યો હશે. ચેલણા સમકિતી હતી, આત્મજ્ઞાની હતી, આત્મભાન હતા. આહાહા..! આ જે કહીએ છીએ તેવું જ્ઞાન હતું અંદર. આહાહા..! અન્નદાતા! મારા ગુરુ એવા ન હોય. તમે સર્પ નાખ્યો એ કાઢી નાખે એમ ન હોય. એ તો વીતરાગ આનંદમાં મસ્ત હશે. મુનિ તો વીતરાગી આનંદમાં મસ્ત થશે. ત્યારે કહે, ચાલ તું. બેય ચાલ્યા. આવે છેને, ફોટામાં આવે છે.

ચેલણા રાણી જાય છે. કરોડો કીડીઓ છિદ્ર કર્યા. પોતે આનંદમાં, અનંત આનંદની મસ્તીમાં છે. મુનિ તો અતીન્દ્રિય આનંદમાં મસ્તમાં છે. એ ઉપસર્ગ છે કે નહિ એની એને ખબર નથી. મુનિદશા કોને કહે, બાપા! એ તો વીતરાગી દશા છે અલૌકિક! આહાહા..! આમ કાઢીને કહે છે, જુઓ આ. સ્વામિન્! આ જુઓ, આ કીડીઓ છે પણ એ આનંદમાં પડ્યા છે. ઓહોહો..! આવો માર્ગ! વીતરાગનો આવો માર્ગ! પ્રભુ! મને ધર્મ સાંભળાવો. પણ ઓલું નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું, તેત્રીસ સાગરનું સાતમી નરકનું. એમાં એ સમકિત પામ્યા ત્યાં. એને સમજાવ્યું છે કે પ્રભુ! તારો આત્મા આનંદનો નાથ છે. આ અલ્પજ્ઞ એ પણ તારી ચીજ નહિ, રાગાદિ ચીજ નહિ, તું તો પૂર્ણાનંદ સ્વરૂપ છો. આહાહા..! એમ જ્યાં અંતર દૃષ્ટિ ખીલી ગઈ છેને. સાતમી નરકનું આયુષ્ય હતું એ તોડી નાખીને ચોર્યાસી હજારનું રહી ગયું. કારણ કે એમાંથી ઘી કાઢીને પુરી નવી ન થાય, એ તો ખાધે છૂટકો. કાં સૂકાવા દેવું જોઈએ, કાં વધારે ઘી નાખે, પણ લાડવો તો ઈનો ઈ રહેશે. એમ નરકનું આયુષ્ય બંધાઈ ગયું એ તૂટે નહિ હવે, સ્થિતિ ઘટાડી. પણ સમકિત આત્મજ્ઞાન પામ્યા.. આહાહા..! આ કહીએ છીએ એવું ભાન થઈ ગયું અંતરમાં. ભગવાનની સભામાં ગયા છે, તીર્થંકરગોત્ર બાંધ્યું છે. શ્રેણિક રાજાએ તીર્થંકરગોત્ર (બાંધ્યું). વિકલ્પ આવ્યો શુભરાગ એમાં તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. નરકમાં છે અત્યારે. ત્યાંથી નીકળીને.. હજી અઢી હજાર વર્ષ થયા. સાડી એક્યાશી હજાર વર્ષ બાકી છે. નીકળીને પહેલા તીર્થંકર થવાના છે આવતી ચોવીશીના. સમકિત હતું, ત્યાગ નહિ, વ્રત નહિ, તપ નહિ. કાંઈ નહિ. સાચા વ્રત હોં! એ નહિ. આહાહા..!

મુમુક્ષુ :— અંદરનો ત્યાગ થઈ ગયો.

ઉત્તર :— અંદર થઈ ગયો આખો સંસાર અભાવ થઈ ગયો. આહાહા..! ઉદયભાવ વિકલ્પ રાગ છે તે હું નહિ, હું તો આનંદકંદ છું. આહાહા..! આવી વાત બાપુ! લોકોને શ્રદ્ધા ને સમકિત શું છે (એની ખબર નથી).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ અજ્ઞાની, બધા અજ્ઞાની હતા. એ અજ્ઞાની હતો. સ્વર્ગમાં ગયો ઈ. એને કાંઈ લાભ નથી, આત્માનો લાભ નથી કાંઈ. સ્વર્ગ મળ્યા, ધૂળ મળી. એ ધર્મી નથી. એ ધર્મ પામ્યા

પછી. ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હતો. આહાહા..! અહીં તો સમકિતી હોય એ રાગથી સ્વર્ગમાં જાય તો એ દુઃખ છે. અરે..! શું થાય? વાતું બાપુ બહુ ફેર, ઘણો ફેર છે. સંપ્રદાયમાં એવી વાત છે નહિ. એ તો અમે જોયું બધું, એકવીસ વર્ષ જોયું છેને. આહાહા..! એ વાત છે જ નહિ, છે જ નહિ. અમારા ગુરુ હતા, બહુ વૈરાગી. કષાય મંદ, નિર્દોષ આહાર-પાણી લે હોં! એવા હીરાજી મહારાજ. એને માટે પાણીનો બિંદુ ક્યાંક બનાવ્યો હોય અને ખબર પડે તો લ્યે નહિ. એવી ક્રિયા બહુ ઊંચી હતી. હીરાજી મહારાજ. વ્હોરવાની ક્રિયા પાણીની પણ આ વસ્તુની ખબર નહિ કાંઈ. કહેતા કે, આ પ્રમાણે આપણે પાળીએ છીએ. પાંચમા આરામાં સાધુ ભગવાને કીધા છે, તો આપણે નહિ હોઈએ તો કોણ હશે? એમ કરીને કહેતા. બધું અમે તો પચાસ વર્ષ પહેલાથી સાંભળીએ છીએ. અરે.. ભાઈ! મારગડા જુદા ભાઈ! આહાહા..!

અહીં કહે છે, કેવો છે આ આત્મા? '**સકલ જ્ઞાયક પરમ નિર્મલ...**' સકળ નામ ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવાની શક્તિવાળો પ્રભુ આત્મા. જ્ઞાયક છેને. પરમ નિર્મળ કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એટલે પર્યાય નહિ. એકલું જ્ઞાન. પરમ સકળ જ્ઞાન, એકલું દર્શન. આદિ છેને? કેવળજ્ઞાન, આનંદ આદિ વીર્ય, અનંતગુણ લેવા. '**કેવલજ્ઞાનાદિ ગુણોંકર નિશ્ચયનયસે સબ જીવ એકસે હૈં,...**' આહાહા..! '**ઐસી જિસકે શ્રદ્ધા નહીં હૈ,..**' આહાહા..! જેની સમ્યગ્દર્શન શ્રદ્ધામાં સકળ જ્ઞાયક અનંત કેવળજ્ઞાનાદિ અનંતગુણથી ભરેલો ભગવાન છે એવી જેને શ્રદ્ધા નથી '**ઉસકે સમભાવ નહીં ઉત્પન્ન હો સકતા.**' આહાહા..! એને સમભાવ, વીતરાગીભાવ ઉત્પન્ન નથી થઈ શકતો. આહાહા..! માર્ગ જુદા બાપુ! આહાહા..! એ મારગડા જુદા.

'**ઐસા નિઃસંદેહ જાનો.**' છે? જેને આત્મા પણ બાપુ! એ વિશ્વાસ ક્યાંથી લાવવો? એ તો પુણ્ય-પાપના વિકલ્પમાં ગુંચી ગયો છે અને એમાં જ બધું માન્યું એ તો અજ્ઞાની મૂઢ છે. આહાહા..! એક સમયની પર્યાયને પણ પોતાની માને તો મૂઢ છે. આહાહા..! રાગની તો ક્યાં વાત કરવી. પણ આત્મા પૂર્ણ સ્વભાવ સકળ કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ નિશ્ચયનયથી પરિપૂર્ણ પ્રભુ છે. એવી આત્માની જેને શ્રદ્ધા નથી તેને સમભાવ હોઈ શકે નહિ. આહાહા..! ઝીણી વાત છે ભગવાન, પણ સમજાય એવી છે. કંઈ બહુ એવી ભાષા આકરી નથી, ભાષા તો સાદી છે. ભાવ ભલે (ગંભીર છે). આહાહા..! સમજાણું કાંઈ? જેની શ્રદ્ધામાં ભગવાન પરિપૂર્ણ આત્મા પોતાનો છે એવા જ ભગવાન બધા એકસ્વભાવી છે એવી શ્રદ્ધા નથી, એ અજ્ઞાનીને સમભાવ નહિ રહી શકે. આહાહા..! આવી વાત હશે? ભાઈ! આ તો વીતરાગના માર્ગ આવા છે પ્રભુ!

'**કૈસા હૈ સમભાવ?**' સમ વીતરાગ પર્યાય. સમ્યગ્દર્શનની પર્યાય એ વીતરાગી પર્યાય છે અને એમાં આખા પરિપૂર્ણ સ્વભાવની પ્રતીતિ અને ભાન આવ્યું છે. જોકે એ શ્રદ્ધાની પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. એ વળી ઝીણી વાત. દ્રવ્ય એમાં આવતું નથી. પરિપૂર્ણ દ્રવ્ય છે તેનું અહીં જ્ઞાન આવે. પરિપૂર્ણ છે એવી એની શ્રદ્ધા આવે. એ વસ્તુ આવે નહિ, વસ્તુ વસ્તુપણે રહી. આહાહા..! સમજાણું કાંઈ? એવું જે સમ્યગ્દર્શન, સમભાવ, સમ્યક્ભાવ જેને નથી તે અજ્ઞાની છે. '**કૈસા હૈ**

**સમભાવ, જો સંસાર સમુદ્રસે તરનેકે લિયે જહાજકે સમાન હૈ.'** આહાહા..! સંસારસિંધુને તરવું હોય એને આ સમ્યગ્દર્શન સમભાવ જહાજ સમાન છે. આહાહા..! દરિયો તરવાને જહાજ જોઈએને. ભવસિંધુ. આહાહા..! ચૈતન્યસિંધુ ભગવાન અને સંસાર ભવસિંધુ. કાલે કહ્યું હતુંને?

'કહૈ વિચ્છન પુરુષ સદા મૈં એક હૌ.' જુઓ! આ એક આવ્યુંને? સમ્યગ્દષ્ટિ એમ જાણે છે કે સદા હું એકસ્વરૂપી ભગવાન વીતરાગમૂર્તિ છું.

કહૈ વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હૌં,
અપને રસસૌ ભર્યૌ આપની ટેક હૌં,

મહા આનંદ અને જ્ઞાનના રસથી ભરેલો ભગવાન અનાદિ મારા રસથી પરિપૂર્ણ ભરેલો હું ભગવાન. 'મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ' એ મિથ્યાત્વ અને રાગ ને દ્વેષ મોહ એ મોટો ભ્રમણાનો કૂવો છે.

મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,
સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ. (જીવદ્વાર—૩૩)

કહો, ડાહ્યાભાઈ! આહાહા..! અરે.. ભગવાન! તારી શું વાત કરવી? બાપુ! તને તારી ખબર ન મળે. તારી તને કિંમત ન મળે. 'પરખ્યા માણેક મોતિયાં, પરખ્યા હેમ કપુર, પણ એક ન પરખ્યો આત્મા, ત્યાં રહ્યો દિગ્મૂઢ'. આહાહા..! બધાની પરીક્ષાઓ કરી. હીરાની, માણેકની ને ફલાણાની ને ઢીકણાની. આહાહા..! પણ પ્રભુ અંદર આત્મા અનંત આનંદના રસકંદથી ભરેલો પ્રભુ એકસ્વભાવી વીતરાગસ્વભાવી.. આહાહા..! એની એણે કોઈ દિ' (ઓળખાણ કરી નહિ). અનંતકાળમાં ક્રિયાકાંડી સાધુ અનંતવાર થયો પણ આ વસ્તુને એણે ઓળખીને જાણી નહિ, ભવ ઘટ્યા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**યહાં ઐસા વ્યાખ્યાન જાનકર...**' આ બધું આ રીતે જાણીને કરવું શું હવે? '**રાગ-દ્વેષ-મોહકો તજકર...**' અંદરમાં રાગાદિ વિકલ્પ છે તેનું લક્ષ છોડી દે. આહાહા..! '**પરમશાંતિભાવરૂપ શુદ્ધાત્મામેં લીન હોના યોગ્ય હૈ.**' આહાહા..! કેવો છે ભગવાનઆત્મા? પરમશાંતભાવરૂપ શુદ્ધાત્મા. અકષાયસ્વરૂપ. એમાં લીન થવા યોગ્ય છે. રાગાદિ છોડીને અંતર સ્વરૂપમાં લીન (થઈને) સમ્યગ્દર્શન પામવાને લાયક છે. આ જગતને કરવા લાયક હોય તો આ કરવાનું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૧૦૬

अथ जीवानां योऽसौ भेदः स कर्मकृत इति प्रकाशयति–

२३३) जीवहँ भेउ जि कम्मकिउ कम्मु वि जीउ ण होइ।
जेण विभिण्णउ होइ तहँ कालु लहेविणु कोइ।।१०६।।

जीवानां भेद एव कर्मकृतः कर्म अपि जीवो न भवति।
येन विभिन्नः भवति तेभ्यः कालं लब्ध्वा कमपि।।१०६।।

जीवहं इत्यादि। जीवहं जीवानां भेउ जि भेद एव कम्म-किउ निर्भेदशुद्धात्मविलक्षणेन कर्मणा कृतः, कम्मु वि जीउ ण होइ ज्ञानावरणादिकमैंव विशुद्धज्ञानदर्शनस्वभावं जीवस्वरुपं न भवति। कस्मान्न भवतीति चेत्। जेण विभिण्णउ होइ तहं येन कारणेन विभिन्नो भवति तेभ्यः कर्मभ्यः। किं कृत्वा। कालु लहेविणु कोइ वीतरागपरमात्मानुभूतिसहकारिकारणभूतं कमपि कालं लब्ध्वेति। अयमत्र भावार्थः। टङोत्कीर्णज्ञायकैकशुद्धजीवस्वभावाद्विलक्षणं मनोज्ञामनोज्ञस्त्रीपुरुषादिजीवभेदं दृष्ट्वा रागाधपध्यानं न कर्तव्यमिति।।१०६।।

---

आगे जीवोंमें जो भेद हैं, वह सब कर्मजनित हैं, ऐसा प्रगट करते हैं-

गाथा-१०६

अन्वयार्थ :- [जीवानां] जीवोंमें [भेदः] नर-नारकादि भेद [कर्मकृत एव] कर्मोंसे ही किया गया है, और [कर्म अपि] कर्म भी [जीवः] जीव [न भवति] नहीं हो सकता। [येन] क्योंकि वह जीव [कमपि] किसी [कालं] समयको [लब्ध्वा] पाकर [तेभ्यः] उन कर्मोंसे [विभिन्नः] जुदा [भवति] हो जाता है।

भावार्थ :-कर्म शुद्धात्मासे जुदे हैं, शुद्धत्मा भेद-कल्पनासे रहित है। ये शुभाशुभकर्म जीवका स्वरुप नहीं हैं, जीवका स्वरुप तो निर्मल ज्ञान दर्शन स्वभाव है। अनादिकालसे यह जीव अपने स्वरुपको भूल रहा है, इसलिये रागादि अशुद्धोपयोगसे कर्मको बाँधता है। सो कर्मका बंध अनादिकालका है। इस कर्मबंधसे कोई एक जीव वीतराग परमात्माकी अनुभूतिके सहकारी कारणरुप जो सम्यक्तवकी उत्पत्तिका समय उसको पाकर उन कर्मोंसे जुदा हो जाता है। कर्मोंसे छूटनेका यही उपाय है, जो जीवके भवस्थिति समीप (थोड़ी) रही हो, तभी सम्यक्त्व उत्पन्न होता है, और सम्यकत्व उत्पन्न हो जावे, तभी कर्म-कलंकसे छूट जाता है। तात्पर्य यह है कि जो टंकोत्कीर्ण ज्ञायक एक शुद्ध स्वभाव उससे विलक्षण जो स्त्री, पुरुषादि शरीरके भेद उनको देखकर रागादि खोटे ध्यान नहीं करने चाहिये।।१०६।।

---

હવે, જીવોના જે કાંઈ ભેદ છે તે કર્મકૃત છે, એમ પ્રગટ કરે છે :-

ભાવાર્થ :- માત્ર (કેવળ) ટંકોત્કીર્ણ જ્ઞાયક શુદ્ધ જીવસ્વભાવી વિલક્ષણ મનોજ્ઞ, અમનોજ્ઞ સ્ત્રી પુરુષ આદિરૂપ જીવના ભેદ જોઈને રાગાદિરૂપ અપધ્યાન ન કરવું. ૧૦૬.

**વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૧૧, શુક્રવાર**
**તા. ૩૧-૧૨-૧૯૭૬, ગાથા-૧૦૬**
**પ્રવચન નં. ૧૭૩**

પરમાત્મપ્રકાશ, ગાથા-૧૦૬. ગાથા બોલાઈ ગઈ છે. '**આગે જીવોંમેં જો ભેદ હૈં, વહ સબ કર્મજનિત હૈં, ઐસા પ્રગટ કરતે હૈં—**' શું કહેવા માંગે છે? અનંત આત્માઓ છે જગતમાં એની જે ભેદદશા શરીરની, વર્ણની, ગંધની, ગુણસ્થાન આદિ એ બધી કર્મના નિમિત્તના સંગે બધો ભેદ છે. વસ્તુ તરીકે તો પૂર્ણાનંદસ્વરૂપ છે. દરેક આત્મા પૂર્ણ વીતરાગ સમભાવથી ભરેલો પ્રભુ (છે). એનું તાત્પર્ય આ બધાનું. બધા શ્લોકો ઘણા આવ્યા કે બધાને એક જાણો, સરખા જાણો, પર્યાયભેદ છે એને લક્ષમાં લ્યો પણ આશ્રય કરવા લાયક એ નથી. આશ્રય તો અંદર વસ્તુ જે ચિદાનંદ ધ્રુવસ્વરૂપ એ પરમાત્મસ્વરૂપ બધા આત્માઓ છે, તો તારું પરમાત્મસ્વરૂપ છે ત્યાં દૃષ્ટિ દે. એ કહેવાનું તાત્પર્ય આ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એક સેકંડના અસંખ્યભાગમાં આત્મા પૂર્ણઆનંદ, પૂર્ણગુણસંપન્ન એ પરમાત્મસ્વરૂપ જ છે. એવા બધા આત્માઓ પરમાત્મસ્વરૂપે છે.

મુમુક્ષુ :— તો જગતમાં પરમાત્મા ઘણા થઈ ગયા.

ઉત્તર :— પરમાત્મા અનંત છે. ઓલાની સામે તો આ વાત છે. એક જ આત્મા સર્વવ્યાપક શુદ્ધ પરમાત્મા છે એમ નથી. સંગ્રહનયે એ પહેલા આવી ગયું છે, દરેકની સત્તા ભગવાનઆત્માની શુદ્ધ અને પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપે છે. એ રીતે બધા આત્મા છે એમ જાણનાર પોતાની દૃષ્ટિને ત્રિકાળીસ્વભાવ ઉપર મૂકે છે. આહાહા..! એનો સાર તો આ છે કે સ્વચૈતન્ય વસ્તુ જ્ઞાયકભાવ જે પર્યાયમાં અવ્યક્ત છે, પ્રગટ નથી, વસ્તુમાં વ્યક્ત છે. આહાહા..! આવો જે ભગવાન એક સમયમાં પ્રગટ પરમાત્મસ્વરૂપે જ આત્મા છે, તેના ઉપર એણે અંતર્મુખ દૃષ્ટિ કરવી પડશે, જો એણે આત્માનો સ્વીકાર કરવો હોય તો. સમજાણું કાંઈ? આહાહા..!

એ આત્મા પરમાત્મસ્વરૂપે જ બિરાજમાન બધા છે. શું કહે છે? '**જીવોંમેં જે ભેદ હૈં,...**' એ તો નિમિત્તાધીનના ભેદ છે. કર્મના નિમિત્તને આધીન ભેદ છે. એટલે કર્મસ્વરૂપ આત્મામાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? વસ્તુ છે એ તો ચિદાનંદ ભગવાનસ્વરૂપે પરમાત્મા બધા સરખા છે. ભેદ જે દેખાય છે એ કર્મના નિમિત્તના સંગે દેખાય છે. તોપણ કર્મ છે એ વસ્તુમાં નથી. એથી એના સંગે ભેદ છે એ પણ વસ્તુમાં નથી. આહાહા..! આવી વાત ભાઈ! હેં! આહાહા..! નર, નારકાદિ ભેદ ૧૦૬ ગાથા.

**અન્વયાર્થ :— '*જીવોંમેં નર-નારકાદિ ભેદ કર્મોંસે હી કિયા ગયા હૈ...*'** કર્મોંસેનો અર્થ પોતાની પર્યાયમાં પોતાથી ભેદ છે પણ કર્મ નિમિત્ત છે. સમજાણું કાંઈ? સમજાય છે? વસ્તુ તો અખંડાનંદ પ્રભુ છે. પણ ભેદ દેખાય છે એ પરદ્રવ્યના સંગે દેખાય છે એમ કહે છે. એટલે કર્મજનિત

કહેવામાં (આવ્યું). પરના સંગે થયું છેને. સ્વસંગ છે એ તો અસંગ ચૈતન્યમૂર્તિ છે. આહાહા..! આ બેસવું, કેમ બેસે એને? આ બધા સરખા છે, સરખા છે એમ કહીને એને અંતર સ્વભાવમાં દૃષ્ટિ દેવી છે. જ્યાં ભગવાન પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા છે. આહા..! આ બાહ્યની વિવિધતાઓ ઉપરથી લક્ષ છોડાવી, અંદરમાં પર્યાયના ભેદે પણ વિવિધતા છે તેનું લક્ષ છોડાવી એકરૂપ ચૈતન્ય છે ત્યાં દૃષ્ટિ કરાવવા આ વાત કરવામાં આવે છે. અને એ એમ છે. આહાહા..! આકરું કામ છે. લોકોને બહારથી દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો કરી નાખ્યું છેને. એ ભેદવાળી વાત છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

અભેદ ચિદાનંદપ્રભુ આત્મા એ સ્વભાવે બધા આત્માઓ સરખા છે એમ જેને દૃષ્ટિમાં આવે એની દૃષ્ટિ ત્રિકાળી સ્વભાવના સ્વીકારમાં આવે છે. સમજાય છે કાંઈ? આવો ધર્મ. શું કરવું? કરવું આ એમ કહે છે. જ્યાં પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપ પોતે બિરાજે છે અંદર. આહાહા..! એ બાહ્યદૃષ્ટિ, નિમિત્તદૃષ્ટિ, ભેદદૃષ્ટિ છોડીને અભેદ ભગવાનઆત્મા ચિદાનંદ પૂર્ણ છે ત્યાં દૃષ્ટિ દે પછી એમાં સ્થિર થા તો પરમાત્મપદ તને પ્રાપ્ત થશે. સમજાણું કાંઈ? આ એનો ઉપાય છે. આહાહા..! શું કહે છે જુઓ!

**'કર્મોંસે હી કિયા ગયા હૈ, ઔર કર્મ ભી જીવ નહીં હો સકતા.'** સિદ્ધ આ કરવું છે. પરદ્રવ્યના સંગે ભેદ પડ્યા એ પરદ્રવ્ય વસ્તુમાં નથી માટે ભેદ પણ વસ્તુમાં નથી. આહાહા..! શૈલી તો જુઓ! સમજાણું કાંઈ? અરે..! એ વાત આખી બધી ગુમ થઈ ગઈ અને આ કરો ને આ કરો ને આ કરો. જે કરવાનું જેમાં છે નહિ, એ તો જ્ઞાતા-દૃષ્ટાથી ભરેલો ભગવાન છે. જ્ઞાન અને દર્શનના સ્વભાવથી ચૈતન્યરૂપ પ્રભુ પૂર્ણ છે. એને પૂર્ણ તરીકે પ્રતીત કરીને ઠરવું એ એની ક્રિયા છે. આ અપૂર્ણદશાના વિકલ્પો અને અલ્પદશા એ તો આશ્રય કરવા લાયક નથી એમ સિદ્ધ કરવા નથી બધા આત્મા સરખા છે. માટે સરખો છે તું પૂર્ણાનંદ ત્યાં દૃષ્ટિ આપ. ડાહ્યાભાઈ! આમ છે ભાઈ! માર્ગ જૈન વીતરાગ, વીતરાગમાર્ગ બહુ અલૌકિક છે. અત્યારે તો જૈનધર્મને નામે અજૈન ધર્મ ચલાવ્યો છે. અરેરે..! શું થાય ભાઈ? આહાહા..!

હવે કહે છે, અને કર્મ પણ જીવમાં નથી. શું કહે છે? ભગવાનઆત્મા એકસ્વરૂપી છે વસ્તુ, સામાન્ય અભેદ વીતરાગમૂર્તિ પ્રભુ તરીકે આત્મા તો છે પણ જે આ ભેદ દેખાય છે એ પરદ્રવ્યના સંગે ભેદ દેખાય છે. હવે પરદ્રવ્ય જ્યારે સ્વરૂપમાં નથી તો સંગનો ભેદ છે એ પણ સ્વરૂપમાં નથી. આહાહા..! પોપટભાઈ! આવી ઝીણી વાતું છે. આહાહા..! અરે..! દુનિયામાં બિચારા હેરાન હેરાન થઈ જાય છે, જુઓને! ઓહો..!

**'કર્મ ભી જીવ નહીં હો સકતા. ક્યોંકિ વહ જીવ કિસી સમયકો પાકર...'** આહાહા..! કાળલબ્ધિ જે સહકારી કારણને પ્રાપ્ત કરીને. સમજાય છે કાંઈ? કાળલબ્ધિ એટલે જે સમયે તેને તે પ્રાપ્તિ થવાનો કાળ છે તેમાં કાળ છે તે નિમિત્ત સહકારી કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સહકારી કારણ તો ઘણા છે, કાળને કેમ કહ્યું?

ઉત્તર :— એ નિમિત્ત છે, અહીં કાળ છેને. એની કાળની પ્રાપ્તિનો પર્યાય છે તેમાં કાળ નિમિત્ત છે. દરેક દ્રવ્યને તે તે સમયની પર્યાય પ્રાપ્તિનો તેને કાળ છે. સમજાય છે કાંઈ? એમાં એ કાળદ્રવ્ય નિમિત્ત છે. એ દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે કે કાળલબ્ધિ નિમિત્ત છે પણ છે હેય. ઉપાદેય તો ભગવાનઆત્માનો જે શુદ્ધસ્વભાવ છે તેને પરિણતિમાં ઉપાદેય કરવો તે સ્વકાળ પોતાનો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું બહુ ઝીણી છે ને ભાઈ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો કહેલો માર્ગ ઘણો સૂક્ષ્મ ને ગૂઢ ને મર્મ(વાળો છે). આહાહા..!

કહે છે કે વસ્તુ ભગવાનઆત્મા દરેક સરખા હોવા છતાં જે કંઈ ભેદ દેખાય છે નારકીનો, મનુષ્યનો, આ વર્ણનો—બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ, અહીં એ છે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય આદિ જે વર્ણનો અહીં એ છે, કાલે બપોરે આવ્યું હતું એમાં વર્ણ, રંગ, ગંધ, રસ, સ્પર્શ આવ્યું હતું. વર્ણ, રાગ આદિ આવ્યું હતુંને? સમજાણું? ગુણસ્થાનાદિ ભેદો નિર્જરા અધિકારમાં. એ વર્ણ, રંગ, ગંધ, રસ, સ્પર્શ ત્યાં હતું. એ પણ એમાં નથી. એમ ગુણસ્થાનભેદ એમાં નથી, તેમ રાગાદિ એમાં નથી. એવી જે ચીજ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા જેમાં એક સમયની પર્યાયનો પણ જેમાં અભાવ છે. આહા..! એ સરખો સમભાવ સ્વભાવસ્વરૂપ પ્રભુ એ રીતે બધા આત્મા સરખા હોવા છતાં ભેદ કેમ દેખાય છે? કે પરદ્રવ્યના સંગથી ભેદ દેખાય છે. એ ભેદ સ્વદ્રવ્યના સંગે કરીને તોડી શકાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ઝીણું બહુ ઝીણું. આહાહા..! જુઓ!

કાળ '**સમયકો પાકર...**' એમ લીધુંને? '**कालं लब्धवा**' છે? પાઠમાં છેને એ તો. '**कालु लहेविणु कोइ**'. કાળને પામીને. જે સમયે તેને સમ્યગ્દર્શન આદિ પામવાનો કાળ છે એવા કાળને પામીને. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! '**ઉન કર્મોંસે જુદા હો જાતા હૈ.**' કેમકે પરદ્રવ્ય છે તે સ્વદ્રવ્યમાં નથી, કર્મ અને પરદ્રવ્યના સંગે ભેદ છે માટે કર્મ જુદા પડી શકે છે, પરદ્રવ્ય છે એટલે. એટલે એ ભેદ પણ જુદા પડી શકે છે, નાશ થઈ શકે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ એટલે લોકોને એવું લાગે છે.

મુમુક્ષુ :— ધર્મ કેમ કરવો એ આપ કહેતા નથી.

ઉત્તર :— આ શું કરવાનું આવતું નથી આ? એને માટે તો કહેવાય છે કે વસ્તુ પરિપૂર્ણ છે ત્યાં દૃષ્ટિ કરવાની છે. એ ધર્મ. આહાહા..! વાત વાતમાં સાર, આ શાસ્ત્રનો સાર વીતરાગતા (છે). તો વીતરાગતા પ્રગટ કેમ થાય? કે સ્વદ્રવ્યને આશ્રયે. આહાહા..! આખું વલણ સ્વદ્રવ્યના આશ્રયની વાત છે આખી. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' છ ઢાળામાં છેને? 'છોડી જગત દ્વંદ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો'. વસ્તુ આ કહેવા માગે છે. આહાહા..!

ભગવાન જ્યાં પરિપૂર્ણ તારું તત્ત્વ પડ્યું છેને અંદર. એક પર્યાયની વર્તમાન દશાના વ્યક્ત પર્યાયની પાછળ, પર્યાયની અપેક્ષાએ તેને અવ્યક્ત કહીએ પણ વસ્તુની અપેક્ષાએ પ્રગટ વ્યક્ત આનંદનો સાગર અસ્તિપણે બિરાજે છે. આહાહા..! અરે..! સમજાય છે કાંઈ? અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયઆનંદ ને અતીન્દ્રિયસમકિત—શ્રદ્ધાત્રિકાળી, અતીન્દ્રિયવીર્ય, અતીન્દ્રિયસ્વચ્છતા,

પવિત્રતાથી ભરેલો ભગવાન પરિપૂર્ણ સ્વરૂપે, સમભાવસ્વરૂપે બિરાજમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? એની ઉપર દૃષ્ટિ દેવા માટે બધા જીવો સરખા છે એમ કહીને ભેદની દૃષ્ટિ છોડાવી અને પોતાની ભેદની દૃષ્ટિ છે એ કર્મના સંગે (થયેલી છે) માટે કર્મનો સંગ છૂટી શકે છે. પરદ્રવ્ય છે એમ કહે છે. સ્વસંગના આશ્રયમાં પરદ્રવ્યનો સંગ છૂટી શકે છે. આહાહા..! આવું આકરું લાગે માણસને એટલે રસ્તો એવો કરી નાખ્યો બીજો. મૂળ માર્ગ રહી ગયો. આહા..!

**'સમયકો પાકર ઉન કર્મોંસે જુદા હો જાતા હૈ.'** પરદ્રવ્ય છે. વસ્તુ સ્વરૂપ એ પરદ્રવ્ય નથી. પર કર્મ છે એ પરદ્રવ્ય છે, વસ્તુ છે એ સ્વદ્રવ્ય છે. અને પરદ્રવ્યના સંગે ભેદ દેખાય છે તો જ્યારે પરદ્રવ્ય છૂટી જાય છે અને સ્વદ્રવ્યનો આશ્રય લ્યે છે ત્યારે ભેદ પણ છૂટી જાય છે. આહાહા..! કહો, શેઠ! આવી વાતું છે. કોઈ દિ' સાંભળી નથી આટલા વર્ષોમાં. આહા..! આવો માર્ગ પ્રભુ તારો, શું કહે! આહાહા..! સમભાવ-વીતરાગભાવનો સમુદ્ર પ્રભુ છે. આહા..! અતીન્દ્રિય આનંદનો સમુદ્ર, અતીન્દ્રિય વીતરાગ સમભાવનો સમુદ્ર. આહાહા..! અતીન્દ્રિયજ્ઞાનનો સમુદ્ર. જે ગુણથી લ્યો તો એ સમુદ્ર પ્રભુ છે. આહાહા..! એવું જ વસ્તુનું સ્વરૂપ છે અને એવા જ બધા આત્માઓ છે. આહાહા..! એથી કરીને જ્યારે આવા સ્વભાવે પરિપૂર્ણ પ્રભુ બધા આત્મા છે તો તારે હવે ક્યાં જોવાનું છે? કર્મના સંગે ભેદ દેખાય છે એ કર્મનો સ્વભાવમાં તો અભાવ છે અને કર્મનું પરદ્રવ્ય છે તો પરદ્રવ્યના સંગે ભેદ બધાનો અભાવ થઈ શકે છે. આહાહા..! વાત તે વાત!

સ્વદ્રવ્યનો આશ્રય લેવામાં પરદ્રવ્યના સંગે ભેદ દેખાય તે પરદ્રવ્યનો અભાવ છે માટે પરના સંગે (થયેલો) ભેદ પણ છૂટી જાય છે. આહાહા..! વાતું આવી. ઓલું તો એવું સહેલું હતું, દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો. ઓલા કહે, મંદિર બનાવો ને ભક્તિ કરો ને જાત્રા કરો. એવી વાત હતી લ્યો. એ બધું ઊંધું હતું, સહેલું માન્યું હતું એણે. કીધું છેને આગમપદ્ધતિ? પરમાર્થ વચનિકામાં આગમપદ્ધતિ સહેલી છે એને શુભક્રિયા. એ પદ્ધતિ સહેલી છે એટલે માન્યું. પણ અધ્યાત્મનો વ્યવહાર પણ જાણતો નથી. આહાહા..! અધ્યાત્મનો વ્યવહાર તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. આહાહા..! એ અધ્યાત્મનો વ્યવહાર છે. રાગાદિ એ અધ્યાત્મનો વ્યવહાર છે. એ તો પર આગમપદ્ધતિનો વ્યવહાર છોડવા લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? અધ્યાત્મ સંદેશનું વ્યાખ્યાન આવ્યું છે ને, એ ઊંધું લાગ્યું છે લોકોને, આ પંડિતોને કે આ એકાંત છે, એકાંત છે. એને ખબરેય નથી કે આ પરમાર્થ વચનિકા કોની છે અને શું છે. આહાહા..! શું થાય?

અહીંયા પરમાત્મા મુનિ દ્વારા પરમાત્મા જ કહે છે. આહા..! ભગવાન! જ્યારે તું પરિપૂર્ણ જ્ઞાયકસ્વભાવ ને આનંદથી ભરેલી ચીજ જ અસ્તિ છે એવી સત્તા તારી છે અને એ રીતે સત્તા બધા આત્માની છે તો કર્મના સંગે ભેદ દેખાય છે તો કર્મ તારી ચીજ નથી, કર્મ તારું સ્વરૂપ નથી, કર્મમાં તું નથી, કર્મ તારામાં નથી. આહાહા..! એથી વસ્તુના સ્વભાવની પરિપૂર્ણતાનો આશ્રય લઈને કર્મ ને ભેદ બધા છૂટી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. **'कालु लहेविणु'** એમ શબ્દ છે. કાળ પ્રાપ્ત કરીને. કાળલબ્ધિનો અર્થ ઈ છે. મૂળ તો પુરુષાર્થ સ્વભાવ તરફ જાય છે ત્યારે

તે કાળે તે ભાવ પાકે છે એને કાળલબ્ધિ કહેવામાં આવે છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં એમ લીધું છેને? કાળલબ્ધિ ને ભવિતવ્યતા કોઈ જુદી વસ્તુ નથી. જે કાળે જે કાર્ય થાય તેનું નામ કાળલબ્ધિ. અને જે કાળે જે ભાવ થાય તે તેની ભવિતવ્યતા. આહાહા..! અને તે ત્યારે થાય કે જે કારણ જિનેશ્વરે કહ્યા છે એ કારણને અંગીકાર કરે તો કાર્ય થાય, થાય ને થાય જ. આહાહા..!

મુમુક્ષુ :— એ કાળલબ્ધિ આવી ગઈ.

ઉત્તર :— એ કાળલબ્ધિ ત્યારે થાય. તારો સ્વભાવ ભગવાને એમ કીધું, ભગવાને એમ કહ્યું કે તું પરિપૂર્ણ સ્વરૂપ છો એની દૃષ્ટિ—સમ્યગ્દર્શન કર, એનું જ્ઞાન કર અને એમાં રમણતા એ કારણ કર. તો એ કારણ જેણે કર્યા એને કાળલબ્ધિ ભવિતવ્યતા થઈ ગઈ અને કર્મનો ઉપશમ છે માટે એ પુરુષાર્થ અંદરમાં કરે છે. આહાહા..! આ ચર્ચા તો મોટી પહેલેથી ચાલી છે અમારે. (સંવત) ૧૯૭૬ની સાલથી. ખરી ચર્ચા ૧૯૮૩થી થઈ. કારણ કે આ પુસ્તક બહાર ૮૨માં હાથ આવ્યું, મોક્ષમાર્ગપ્રકાશક. એટલે ૧૯૮૩માં મોટી ચર્ચા થઈ. દામોદર શેઠને એક એમ કહે કે કાળલબ્ધિ ને આ છે એ વિના થાય નહિ. કીધું, પણ કાળલબ્ધિ છે ઈ શું ચીજ છે? મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલજી એમ કહે છે, કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી. જે કાળમાં કાર્ય થાય તે કાળલબ્ધિ. ત્યારે એ કહે કે ટોડરમલ કેવળી થઈ ગયો? એમ કહ્યું એણે. બધી ચર્ચા (થઈ ગઈ છે). આ તો (સંવત) ૧૯૮૩ની સાલ. ૧૭+૩૩=૫૦. પચાસ વર્ષ થયા લ્યો. અડધો સૈકો. મોટી ચર્ચા કરી હતી. અમારે તો પહેલેથી આ બધું ચાલે છેને, સંપ્રદાયમાંથી. કાળલબ્ધિ જ્યારે થવાનું હશે ત્યારે થશે. થવાનું હશે ત્યારે થશે એ બરાબર પણ ક્યારે? એ સ્વભાવની દૃષ્ટિ કરે ત્યારે. ત્યારે થવાનું હશે એ થાશે એનો નિર્ણય એને ત્યારે હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી કોને પણ અંદર પડી હોય? આહાહા..!

ઈ અહીં કહે છે, જુઓ! '**कालु लहेविणु**' '**કર્મોંસે જુદા હો જાતા હૈ.**' કેમકે કર્મ ભિન્ન ચીજ છે અને બીજી વસ્તુ છે તો ભિન્ન થઈ શકે છે. ભિન્ન છે ઈ ભિન્ન થઈ જશે. આહાહા..! અને સ્વભાવની અભિન્નતામાં પૂર્ણતા છે તે રહી જશે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ઝીણી વાત એટલે માણસને (કઠણ લાગે). નવરાશ ન મળે એક તો સંસારના પાપ આડે આખો દિ'. ઓહો..! રળવું, બાયડી, છોકરા પાપમાં પડ્યો આખો દિ', વીસ કલાક, બાવીસ કલાક. એકાદ કલાક મળે ત્યાં સાંભળવા જાય, એમાં બધું ગપગોળા સાંભળે પાછા. તત્ત્વ શું છે સત્ય એ તો સાંભળવા મળે નહિ બિચારાને. આહાહા..! ભલે ઈ પાંચ-પચાસ લાખ પેદા કરતો હોય ને ધૂળ કરતો હોય, બાયડી, છોકરા એમાં શું પણ એ તો બધું પાપ જ છે.

મુમુક્ષુ :— દાન કરે એટલે ધર્મ થાય.

ઉત્તર :— દાન ધૂળમાંય દાન શેના દાન? ગાય મારીને કૂતરા ધરવવા જેવું છે ઈ. એમ પાપ કરીને દાન કરે. ઈષ્ટોપદેશમાં એમ છે, ઈષ્ટોપદેશમાં. પાપ કરીને પછી દાન (આપે). શેના દાન તારા? અને દાનમાં હોય તો રાગની મંદતા હોય તો શુભભાવ છે, એ કોઈ ધર્મ નથી. પાંચ-દસ લાખ, વીસ લાખ આપ્યા હોયને તેં આખા. કરોડ, પાંચ કરોડ આપી દીધા હોય તોપણ એ ધર્મ નથી. રાગની

મંદતા રાખી હોય, દેખાવ માટે નહિ, જગતમાં પ્રસિદ્ધિ માટે નહિ. દુનિયા મને દાની ગણે એવા ભાવથી ન હોય. આહાહા..! આ બધી શરતું છે. ત્યારે એને શુભભાવ થાય, એ પુણ્ય છે, એ બંધન છે. આહાહા..!

મુમુક્ષુ :— રૂપિયા આપીને બંધન?

ઉત્તર :— રૂપિયા ક્યાં એના બાપના હતા? એના હતા જ કે દિ'? એ તો જડના છે. એના બાપના નહોતા, એના હતા? જાદવજીભાઈ! કોના રૂપિયા છે? એ તો જડના છે, એ તો અજીવ છે, પુદ્ગલ છે, એ તો માટી છે. માટીના રૂપિયા ઈ તારા થઈ ગયા? આહાહા..! અહીં તો ત્યાં સુધી કહે છે કે ભેદ પણ તારી ચીજમાં નથી. ભેદ પણ કર્મના સંગે ઉત્પન્ન થયેલો છે માટે તે ભેદ છોડવા લાયક છે. આહાહા..! ભાવાર્થ. આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે, ભાઈ! પૂર્ણાનંદ પરમાત્માના શ્રીમુખે નીકળેલી વાણીનો ધ્વનિ છે આ બધો. ઓહોહો..!

**ભાવાર્થ :— 'કર્મ શુદ્ધાત્માસે જુદે હૈં,...'** કર્મ વસ્તુ છે. ભગવાન છે આત્મા એમ કર્મ પણ વસ્તુ છે. પણ એ કર્મ આત્માથી જુદી ચીજ છે, જુદી છે. એની નથી, એમાં નથી. આહાહા..! **'શુદ્ધાત્મા ભેદ-કલ્પનાસે રહિત હૈ.'** જુઓ! ભગવાનઆત્મા..! કર્મ ભિન્ન છે અને કર્મના ભિન્નથી જે ભેદ દેખાય છે, શુદ્ધાત્મા એનાથી ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ કહે છે કે કર્મ શુદ્ધાત્માથી ભિન્ન છે, જુદા છે. ત્યારે કર્મના સંગે ભેદ દેખાય છે ઈ? ઈ **'શુદ્ધાત્મા ભેદ-કલ્પનાસે રહિત હૈ.'** આહાહા..! ચૈતન્ય ચિંતામણી રત્ન ભગવાન પરમાત્મા ત્રણલોકના નાથ જિનવરદેવ એનું કથન કેવું હોય? ભાઈ! આહાહા..! એ કાંઈ સાધારણ માણસ નથી, એ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ (છે). આહાહા..! એની વાણીમાં... આ સંતો તો આડતિયા તરીકે માલ આપે છે પણ માલ તો ભગવાનના ઘરનો છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કર્મ શુદ્ધાત્માસે જુદે હૈં,...'** આહાહા..! **'શુદ્ધાત્મા ભેદ-કલ્પનાસે રહિત હૈ.'** ... જે સમ્યગ્દર્શનનો વિષય, જે સમ્યગ્દર્શન તેનો આશ્રય લે એવો જે ભગવાન એ શુદ્ધાત્મા તો ભેદ કલ્પનાથી રહિત છે. કેમકે કર્મ રહિત છે, કર્મથી જુદો છે અને કર્મ જુદા છે તો જુદાના નિમિત્તના સંગે ભેદ છે એ શુદ્ધાત્માથી ભિન્ન છે. જેમ કર્મ ભિન્ન છે તેમ તેના નિમિત્તે ભેદ થયો તે શુદ્ધાત્માથી ભેદ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? **'વે શુભાશુભકર્મ જીવકા સ્વરૂપ નહીં હૈ,...'** શુભાશુભ કર્મ એના નિમિત્તે પડેલી ગતિ સ્વર્ગાદિ, નરકાદિ એ બધું જીવનું સ્વરૂપ નથી. આહાહા..! **'જીવકા સ્વરૂપ તો નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ હૈ.'** આહાહા..! એકલો જ્ઞાન—જાણવું ને એકલું દેખવું. એવો જ્ઞાતા-દ્રષ્ટાના સ્વભાવવાળો ભગવાન તો છે. એ પર્યાય જેટલોય નથી, તો ભેદ છે એ પણ નિમિત્તને આશ્રયે છે, એ ભેદ એનામાં નથી એમ કહે છે. આહાહા..! સંસારી અને સિદ્ધ પણ નિમિત્તના ભેદે ભેદ છે, વસ્તુમાં છે નહિ. આહાહા..!

**'જીવકા સ્વરૂપ તો નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ હૈ.'** સ્વભાવ છે. એનો તો સ્વભાવ જ જાણવું-દેખવું એવો ત્રિકાળ સ્વભાવ જ ભગવાન છે. આહાહા..! બધા આત્માઓ ભગવાન દેહમાં

જાણવા-દેખવાના સ્વભાવસ્વરૂપ પ્રભુ છે. આહાહા..! કોઈનું કરવું કે કોઈથી લેવું એ એનું સ્વરૂપ નથી. આહાહા..! **'અનાદિકાલસે યહ જીવ અપને સ્વરૂપકો ભૂલ રહા હૈ,...'** જુઓ! જ્ઞાન-દર્શન સ્વરૂપથી બિરાજમાન પ્રભુ એને અનાદિકાળથી અજ્ઞાની 'અપને કો આપ ભૂલકર હૈરાન હો ગયા', પોતાની ચીજને અનાદિથી ભૂલ્યો છે. આહાહા..! જુઓ, પાછી ભૂલ પોતાની કીધી. ઓલા કર્મ નિમિત્તે કીધું હતું પણ ભૂલ તો પોતાની છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અનાદિકાલસે યહ જીવ...'** પોતાનું જ્ઞાન-દર્શનસ્વભાવ સ્વરૂપ હોવા છતાં **'ભૂલ રહા હૈ,...'** આહાહા..! જ્ઞાન-દર્શન સ્વભાવ એમ ન જાણતાં એને રાગવાળો અને અલ્પજ્ઞ ને પરના સંગવાળો (માનીને) એ અનાદિ કાળથી એ રીતે ભૂલી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઈસલિયે રાગાદિ અશુદ્ધોપયોગસે કર્મકો બાંધતા હૈ.'** આહાહા..! પોતાનો જ્ઞાન-દર્શન, જ્ઞાતાસ્વભાવ, દૃષ્ટાસ્વભાવ એને ભૂલીને **'રાગાદિ અશુદ્ધોપયોગસે કર્મકો બાંધતા હૈ.'** આહાહા..! અશુદ્ધોપયોગ શબ્દે શુભ અને અશુભ રાગ બેય અશુદ્ધોપયોગ (છે). દયા, દાન, વ્રત, ભક્તિ, તપ એ શુભરાગરૂપી અશુદ્ધ ઉપયોગ. હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એ અશુભરાગરૂપ અશુદ્ધોપયોગ. બેય અશુદ્ધોપયોગ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનની વાણી આવતી હશે, વીતરાગની સાક્ષાત્! આહાહા..! હેં! ઓહો..! કેટલા ન્યાય લઈને વાણી આવે, આહાહા..! ગંભીર ગંભીર વસ્તુ.

કહે છે, ભગવાન! એકવાર સાંભળ. તું આ સ્ત્રી ને પુરુષ ને આદમી ને નારકી ને તિર્યંચ ને એ બધું ભૂલી જા. એ તો કર્મના સંગે ઉત્પન્ન થયેલા બધા ભાવો, સ્વભાવના સંગે ઉત્પન્ન થયેલા એ ભાવ નહિ. આહાહા..! ભૂલી ગયો છે. જ્ઞાન, દર્શન નિર્મળ જ્ઞાન, દર્શન એવા સ્વભાવથી ભરેલો ભગવાન એ આત્મા એને અનાદિથી ભૂલી રહ્યો છે. એ અનાદિથી ભૂલ્યો છે માટે શું થયું? રાગાદિ અશુદ્ધોપયોગ ઉત્પન્ન થયો. શુદ્ધોપયોગસ્વરૂપ ત્રિકાળ છે એને ભૂલી ગયો ત્યારે રાગાદિ અશુદ્ધોપયોગ ઉત્પન્ન થયો. આહાહા..! સમજાણું કાંઈ? રાગાદિ અશુદ્ધોપયોગથી ઉપયોગ ઉત્પન્ન થયો, એનાથી કર્મ બાંધે, એનાથી કર્મ બાંધે છે. આહા..!

**'સો કર્મકા બંધ અનાદિકાલકા હૈ.'** આહાહા..! આ રીતે અશુદ્ધોપયોગ પણ અનાદિનો અને એનું નિમિત્ત બંધન એ પણ અનાદિનું છે. આહાહા..! તેમ શુદ્ધોપયોગસ્વરૂપ ત્રિકાળી પણ અનાદિનો છે એમને એમ. આહાહા..! સમજાણું કાંઈ? એને ભૂલ્યોને, છે એને ભૂલ્યોને? આહાહા..! જ્ઞાન, દર્શન, આનંદ એવો ત્રિકાળી સ્વભાવ ભગવાન નિર્મળાનંદ આત્માનો છે. એને ભૂલ્યો ત્યારે.. ભૂલ્યો એટલે? છે એને ભૂલ્યો અને નથી તેને માન્યું પોતાનું. આહાહા..! સમજાણું કાંઈ? એટલે આ વાત લોકોને એવી લાગે છે કે આ સોનગઢની વાત છે. એમ કે ભગવાને ક્યાં (કહ્યું છે)? આ તો સોનગઢ એકાંત માને છે. આ કોની વાત છે? આહા..!

મુમુક્ષુ :— સોનગઢમાં જ આવું કથન થાય છે.

ઉત્તર :— થાય છે પણ, પણ છે કે નહિ અંદર? તમે ઉદ્ઘાટન કહેતા હતાને? તો છે એનું

ઉદ્‌ઘાટન (થાય છે). આહા..! આ તો સર્વજ્ઞભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એની આ વાણી છે. એનું તો આ સ્પષ્ટીકરણ થાય છે. એટલે સ્પષ્ટીકરણ થાય એટલે ઝેર નાખ્યું અંદર. અરે.. પ્રભુ! આહાહા..! આ તો એનું સ્પષ્ટીકરણ થાય છે.

પ્રભુ! તું એકરૂપે છોને ત્રિકાળ જ્ઞાન, દર્શન અને આનંદ. એને ચીજ કહેવાય. એ ચીજમાં આ ભેદ કેમ દેખાય છે? કે પરદ્રવ્યના સંગે દેખાય છે અને પરદ્રવ્ય તો તારામાં છે નહિ. માટે તેનાથી જુદો થઈ શકે છો, જુદો થઈ શકે છો તો ભેદથી પણ જુદો પડી શકે છે. આહાહા..! સમજાણું કાંઈ? ન્યાયથી તો એને જોવું પડશે. આહાહા..! બહુ ગાથા (ઊંચી). એક પછી એક ગાથા ચડતી આવે છે. ગજબ વાત છે પરમાત્મપ્રકાશ! સમયસાર, પરમાત્મપ્રકાશ ગજબ વાત છે!! સમયસારનું તો અહીંયા છપાય છે, સોનગઢમાં છાપુ, એમાં પણ સમયસાર નામ આવ્યું છે. જિનસંદેશ, જિનસંદેશ અહીં છપાય છે. આવ્યું હતુંને? પરમ દિ' બતાવ્યું હતું. નહિ? ભાઈ લખે છે. જૈનમાં એક સમયસાર. પછી વળી એને ઉપનિષદમાં લઈ ગયા કે ઉપનિષદમાં પણ આવું છે. કો'ક લખે છે, નહિ? જિનસંદેશ. જૈનસંદેશ તો આપણું કૈલાસચંદ્રજીનું, આ જિનસંદેશ અહીં સોનગઢમાં છપાય છે. એમાં નાખ્યું છે કે જૈનમાં પુસ્તક હોય તો એક સમયસાર. એમ આવ્યું. બતાવ્યું હતુને પરમ દિ', નહિ? આહાહા..!

સમયસાર એટલે ભગવાનઆત્મા. સમય એટલે આત્મા, એનો સાર એટલે કર્મ ને રાગ-દ્વેષ ને ભેદથી રહિત એ સમયસાર. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! આવા મનુષ્યપણા મળ્યા ભાઈ! એ ભવના અભાવના ટાણા છે. એમાં આ ચીજ નહિ સમજે તો કે દિ' કરશે ભાઈ? દુનિયાના આબરુ ને માનમાં સલવાઈ જશે. ક્રિયાકાંડ કરે અને લોકો માને, ઓહો..! ભારે ધર્મ. એથી કાંઈ ન્યાં ધર્મ નહિ થાય. સમજાણું કાંઈ?

'**સો કર્મકા બંધ અનાદિકાલકા હૈ.**' એ રીતે કર્મનો બંધ પણ અનાદિનો છે. આહાહા..! અશુદ્ધોપયોગ પણ અનાદિનો છે, શુદ્ધ જ્ઞાન-દર્શનનો સ્વભાવ પણ અનાદિનો છે અને અશુદ્ધોપયોગથી કર્મનું બંધન પણ અનાદિનું છે. આમ ત્રણે આવ્યા. સમજાણું કાંઈ? '**ઈસ કર્મબંધસે કોઈ એક જીવ...**' એ કર્મબંધ છેને? ભગવાન તો અબંધસ્વરૂપ છે. આહાહા..! '**जो पस्सदि अप्पाणं**' આવ્યુંને? ૧૪-૧૫ ગાથા. અબદ્ધ, અબદ્ધસ્પૃષ્ટ છે પ્રભુ તો. જ્ઞાતા-દૃષ્ટા છે એનો અર્થ જ કે અબદ્ધસ્પૃષ્ટ છે. રાગથી બંધાયેલો નથી, રાગને અડ્યોય—સ્પર્શોય નથી. આહાહા..!

મુમુક્ષુ :— માત્ર જાણનાર છે.

ઉત્તર :— માત્ર જાણનાર, દેખનાર. આહાહા..!

'**ઈસ કર્મબંધસે કોઈ એક જીવ...** ' કોઈ એક જીવ એમ. '**વીતરાગ પરમાત્માકી અનુભૂતિકે...**' વીતરાગ પરમાત્મા પોતાનો સ્વભાવ એની અનુભૂતિ. સ્વભાવની પરિપૂર્ણતામાં દૃષ્ટિ જતાં વીતરાગ પરમાત્માની પર્યાયમાં અનુભૂતિ પ્રગટ થાય. આહાહા..! એના '**સહકારી કારણરૂપ જો સમ્યક્ત્વકી ઉત્પત્તિકા સમય...** ' એમ. આહાહા..! વીતરાગ પરમાત્માની

અનુભૂતિ એ તો પોતાની પોતાથી જ થઈ છે એમ કહે છે. વસ્તુ વીતરાગસ્વરૂપ છે તેની વીતરાગી અનુભૂતિ પોતાથી થઈ છે. એનું નામ સમ્યગ્દર્શન એમ કહે છે. આહાહા..! છે? '**સમ્યક્ત્વકી ઉત્પત્તિકા સમય...**' આહાહા..! '**કોઈ એક જીવ વીતરાગ પરમાત્માકી અનુભૂતિકે સહકારી...**' નિમિત્ત '**કારણરૂપ જો સમ્યક્ત્વકી ઉત્પત્તિકા સમય...** '

... અલ્પજ્ઞની રમતુંમાં રમ્યો અનાદિથી. આહા..! 'રાગની રમતું મેલ, કટક આવ્યું કિનારે.' પેલું આવે છેને? રાણપુરનું. 'રાણા રમતું મેલ કટક આવ્યું કિનારે, આત્મા રમતું રાગની મેલ હવે, કાળ આવ્યો નજીક.' આહાહા..! સ્વભાવની પ્રાપ્તિને માટે કાળ નજીક છે પ્રભુ તારે, એમ કહે છે. આમાં સૂઝ પડે નહિ, સૂઝ સૂઝ. એટલે બિચારા બધે બીજું કરીને.. આ એકાંત છે, એકાંત છે.

મુમુક્ષુ :— જૈનમાં ગાળ દેવાની રીત..

ઉત્તર :— આવું બાપુ ન હોય ભાઈ! આહા..! ભગવાન! આ તો સત્ય છે પ્રભુ! એને ગાળ ન દેવાય. ભાઈ! માતાને બાયડી ન કહેવાય. એમ સત્‌ને અસત્ય ન કહેવાય, ભાઈ! આહાહા..! એનો ચમત્કાર તને ન ભાસે તેથી, એકાંત છે એમ કરીને ગાળ્યું આપે છે. ભગવાન ભગવાન! આહાહા..!

'**કર્મબંધસે કોઈ એક જીવ વીતરાગ પરમાત્માકી અનુભૂતિ...**' જુઓ! છૂટવાનો આ એક ઉપાય. કર્મથી છૂટવાનો, રાગથી છૂટવાનો ઉપાય આ—વીતરાગ પરમાત્માની અનુભૂતિ. આહાહા..! આત્મા વીતરાગ અને પરમાત્મા છે એની અનુભૂતિ. એ પર્યાય થઈ. આહાહા..! આત્મા વીતરાગ પરમાત્મા જ છે. આહાહા..! એની અનુભૂતિ એનો અનુભવ થવો એ પર્યાય છે. આહાહા..! ઓહોહો..! એકલા ન્યાય ભર્યા છે. આહાહા..! પ્રભુ! આમાં અભિમાન શેના? આમાં ઉઘાડના અભિમાન ને રાગના (અભિમાન કે) અમે રાગ કરીએ છીએ. બાપુ! એ વસ્તુ નથી.

જ્યારે આત્મા પરિપૂર્ણ સ્વભાવે બધા છે ભગવાન, એમ જેને જાણવામાં આવ્યું એને પરિપૂર્ણ સ્વભાવનો આશ્રય લઈને, વીતરાગ પરમાત્માનો આશ્રય લઈને કારણ કે વીતરાગ પરમાત્મા પરિપૂર્ણ પોતે છે, એવા બધા ભગવાન વીતરાગ પરિપૂર્ણ આત્મા છે. આહાહા..! તો પોતાના નિજ વીતરાગ પરમાત્માની અનુભૂતિ લઈને આહાહા..! એનો આશ્રય કરીને જે અનુભૂતિ સમ્યક્‌ની ઉત્પત્તિનું કારણ જે કાળ, ત્યારે અનુભૂતિ થઈ, ત્યારે કાળને સહકારી કહેવામાં આવે છે. આહાહા..!

'**ઉસકો પાકર ઉન કર્મોંસે જુદા હો જાતા હૈ.** ' આહાહા..! સમકિતની ઉત્પત્તિનો કાળ તે સહકારી નિમિત્ત છે અને ઉપાદાન વીતરાગ પરમાત્માનો સ્વભાવ તેની અનુભૂતિ તે ઉપાદાન કારણ છે. આહાહા..! મૂળ કારણ છે. આહાહા..! એનાથી '**કર્મોંસે જુદા હો જાતા હૈ. કર્મોંસે છૂટનેકા યહી ઉપાય હૈ,...** ' આહાહા..! છે? વીતરાગ પરમાત્મસ્વરૂપ ભગવાનઆત્મા.. સરવાળો લીધો આ બધો. બધાને સરખા જાણવાનો સરવાળો શું? કે પોતે વીતરાગ પરમાત્માસ્વરૂપે બિરાજમાન છે એની અનુભૂતિ કરવી. આહાહા..! એનો આશ્રય લેવો. પરનો આશ્રય છોડવો. આહાહા..! નિમિત્તનો, રાગનો અને અલ્પજ્ઞનો આશ્રય છોડવો. છોડવો એ નાસ્તિથી કથન છે.

એ છૂટી જાય છે. ક્યારે? કે વીતરાગ પરમાત્માની અનુભૂતિ કરતાં અલ્પજ્ઞનો, રાગનો અને નિમિત્તનો (આશ્રય) છૂટી જાય છે. આહાહા..! શું શૈલી વીતરાગની! એવી વાત બાપા, ક્યાંય એક અક્ષર નથી સાચો. જિનવરદેવ ત્રિલોકનાથ એમાં પણ આ દિગંબર ધર્મ. આહાહા..! ઈશ્વરચંદજી! આહાહા..! એવી આ શૈલી જુઓ તો ખરા! આહા..! હેં! મીઠી મધુરી દશા જેની છે, કહે છે. આહાહા..!

ભગવાન! તું વીતરાગ પરમાત્મસ્વરૂપ છોને. એના આશ્રયથી તો વીતરાગ અનુભૂતિ પરિણતિ પ્રગટ થાય. આહાહા..! અરે ભાઈ! તારા જ્ઞાનમાં વાત ધાર તો ખરો કે વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? લાખ બીજી વાતું થતી હોય, આહાહા..! વસ્તુ છે એ તો પરિપૂર્ણ વીતરાગ પરમાત્મસ્વરૂપે જ છે. હવે જે કર્મ છે એ પરદ્રવ્ય છે. એના સંગે આ ભેદ બધા દેખાય છે. સંગ કર્યો તેં. સંગએવ આવે છેને? સંગથી નહિ, સંગએવ, સંગ તેં કર્યો. શ્લોક આવે છેને? કઈ ગાથા ઈ? નિમિત્ત પરસંગએવ. સ્ફટિકમણિનો દાખલો. આહાહા..! ભાઈ હતાને અહીં, બંસીધરજી ઈન્દૌરવાળા. એણે કહ્યું, વાત બહુ સારી. પરસંગએવ. પરથી નહિ પણ પરનો સંગ કર્યો માટે. તે દિ' અહીં હતા, એણે કબુલ કર્યું હતું. વાત તો.. આહા..! પણ પાછુ બહાર જાય ત્યાં ફરી જાય. અરર..ર..! ગંગા કાઠે ગંગારામ થઈ જાય, જમના કાંઠે જમનારામ. આહાહા..!

કહે છે, આત્મા પોતે વીતરાગ પરમાત્મસ્વરૂપ જ બિરાજમાન છે. એનો સ્વભાવ જ વીતરાગ પરમાત્મસ્વરૂપ છે. અરે..! આ વાત કેમ બેસે? પામરને જરી દયાનો રાગ કરે, હિંસામાં દ્વેષ કરે એમાં જ એને મજા પડે. આહાહા..! એવો ભગવાનઆત્મા વીતરાગ પરમાત્મસ્વરૂપ છે (એમ) પરમાત્મા ફરમાવે છે. તારું સ્વરૂપ જ એવું છે. આહા..! અત્યારે હોં! એવા વીતરાગ પરમાત્મસ્વરૂપનો જ્યાં આશ્રય લીધો, છે એને કબુલ્યું, છે એનો સ્વીકાર કર્યો, છે એનો સત્કાર કર્યો. આહાહા..! ત્યારે તેને વીતરાગ પરમાત્માની અનુભૂતિ પ્રગટ થઈ. એને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભગવાનનો છે, ભાઈ! આહા..!

**'કર્મોંસે છૂટનેકા તો યહી ઉપાય હૈ,...'** આહાહા..! વીતરાગ પરમાત્મસ્વરૂપ જ પ્રભુ આત્માનો સ્વભાવ (છે). એનો આશ્રય લઈને અનુભૂતિ થાય, વીતરાગી દશા થાય, સમ્યગ્દર્શનના કાળમાં અનુભૂતિ થાય તે કર્મને છોડવાનો ઉપાય છે. આહાહા..! આ અપવાસ કર્યા ને પચ્ચીસ અપવાસ કર્યા ને પચાસ અપવાસ કર્યા એટલે નિર્જરા (થઈ). ધૂળેય નથી નિર્જરા, સાંભળને, એ તો વિકલ્પ છે. આહાહા..! ભાઈ! તારી ચીજની મહત્તા તને આવી નથી. આહાહા..! પામરતામાં વીંખાઈ ગયો તું. પ્રભુતા તારી અંદર પડી છે પૂરી. આહાહા..!

સર્વજ્ઞ જિનવરદેવ ફરમાવે છે, પ્રભુ! તારી વીતરાગ પરમાત્મસ્વરૂપ એ તારી શક્તિ અને તારું તત્ત્વ છે. આહાહા..! એવા તત્ત્વને પરદ્રવ્યનો તેં સંગ કરતાં જે ભેદ પડ્યા છે ગતિ આદિના ભાવ, એ બધું તારું સ્વરૂપ નથી. આહાહા..! ભગવાન! તું વીતરાગ પરમાત્મસ્વરૂપે છોને. આહાહા..! એનો આશ્રય લઈને અનુભૂતિ સમ્યગ્દર્શનના કાળમાં થાય. આહાહા..! એ આનંદની દશા પ્રગટ

થાય, વીતરાગી સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થાય એ કર્મને છોડવાનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? આ તો સમજાય એવી વાત છે. ભાષા તો સાદી છે ભાઈ! ભાવ તો છે ઈ છે. આહાહા..!

**'કર્મોંસે છૂટનેકા યહી ઉપાય હૈ, જો જીવકે ભવસ્થિતિ સમીપ (થોડી) રહી હો,...'** એ કાળની વાત કરે છે જરી. **'कालु लहेविणु'** છેને? જેને હવે ભવ થોડા રહ્યા હોય, ભવસ્થિતિ અલ્પ રહી. આહાહા..! પણ એ 'ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ' શ્રીમદ્‌માં આવે છેને. અહીં તો એક સમજાવે છે એને. અનંત અનંત ભવમાં હવે ભવસ્થિતિ થોડી રહી જેને. આહાહા..! જેના સ્વભાવના પુરુષાર્થ આગળ ભવસ્થિતિ થોડી રહી છે હવે. આહાહા..! જેને વીતરાગ પરમાત્માના સ્વભાવની અનુભૂતિ આગળ.. આહા..! ભવના અભાવની સ્થિતિ જ્યાં પ્રગટી છે અંદર, એને ભવ હવે થોડા રહ્યા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'ભવસ્થિતિ સમીપ (થોડી) રહી હો, તભી સમ્યક્ત્વ ઉત્પન્ન હોતા હૈ,... '** એ નિમિત્તથી કથન છે સહકારી કારણનું. આહાહા..! **'ઔર સમ્યક્ત્વ ઉત્પન્ન હો જાયે,...'** આહાહા..! વીતરાગ પરમાત્મસ્વરૂપી બિરાજમાન ભગવાનઆત્મા છે એની સમ્યક્ પ્રતીતિ અને અનુભૂતિ ઉત્પન્ન થઈ જાય, પોતે કરે એમ. **'સભી કર્મ-કલંકસે છૂટ જાતા હૈ.'** આહાહા..! બધા કર્મ-કલંકથી છૂટી જાય છે. આહાહા..! એનો ઉપાય આ એક છે. એક સમયની વર્તમાન પર્યાય છે એની પાછળ આખું તત્ત્વ વીતરાગી પરમાત્મસ્વરૂપ છે આત્મા. એનો જેણે આશ્રય લઈને અનુભૂતિ કરીને સમ્યક્ પ્રગટ કર્યું, એ કર્મને છોડવાનો આ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૧૨, શનિવાર
## તા. ૧-૧-૧૯૭૭, ગાથા-૧૦૬, ૧૦૭,
## પ્રવચન નં. ૧૭૪

પરમાત્મપ્રકાશ, ૧૦૬ ગાથા પૂરી થઈ.

મુમુક્ષુ :— બે લીટી બાકી છે.

ઉત્તર :— એ થઈ ગયું પૂરું. એ થઈ ગયું, બધું આવી ગયું. ટંકોત્કીર્ણ આવી ગયું હતું. એ તો એમાં આવી ગયું.

આ તો એ કહેવું છે જેટલા કર્મજનિત ભેદો છે એ જીવસ્વરૂપ નથી. દરેક જીવનું સ્વરૂપ પૂર્ણઆનંદ અને દ્રવ્યસ્વભાવે વીતરાગસ્વરૂપે આત્મા પ્રત્યેક છે. પોતાને જ્યારે પરથી, ભેદથી, પરથી, રાગથી ભિન્ન જાણે છે એ આત્મા, એવા જ બધા આત્મા છે એમ જાણતાં ભેદ ઉપરના લક્ષે રાગ-દ્વેષ થાય એ એને ન થાય. શું કહ્યું? કે આ આત્મા... આ સોળમી ગાથા છે. સોળ વલા

સોનાના દાખલે. પૂર્ણાનંદ પ્રભુ દરેક જીવ છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય, નારકીથી માંડીને દેવ બધા જીવ જે છે, જેને જીવ કહીએ એ તો અનાકુળ આનંદકંદ વીતરાગસમૂહનો પિંડ છે. એવા જ બધા જીવ છે. આહાહા..! એમ જેને પોતાનો સ્વભાવ શુદ્ધ અખંડ અભેદ એ આત્મા એમ જેણે જાણ્યો, એણે પોતામાં પણ જે પર્યાયભેદ છે એ જાણવા લાયક રહી, આદરવા લાયક ન રહી. એમ બીજા જીવને પણ એ રીતે પૂર્ણશુદ્ધ છે એમ જાણતા એને ભેદવાળી દશાથી એને આ ઠીક છે કે અઠીક છે જ્ઞેયભેદ, એને કારણે એને રાગ-દ્વેષ થતો નથી. નબળાઈને કારણે રાગ-દ્વેષ થાય એ જુદી વાત છે. પણ ભેદ—આ સ્ત્રીનું શરીર ને આ પુરુષનું શરીર ને આ માણસનું શરીર ને આ નારકીનું શરીર એવા જે ભેદથી એને પ્રેમથી જે રાગ-દ્વેષ થતો એ રાગ-દ્વેષ જ્ઞાનીને પોતાના પૂર્ણસ્વભાવને જોતા અને બીજા બધા આત્મા પણ પૂર્ણ છે એમ જાણતો એના ભેદને લક્ષે જે રાગ-દ્વેષ થતા એ રાગ-દ્વેષ એને થતા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આપ તો એમ કહો છો કે સ્વરૂપમાં લીન થાય ત્યારે જ રાગ-દ્વેષ ન થાય.

ઉત્તર :— એ સ્વરૂપમાં લીન ન થાય તો એને પરને લઈને રાગ-દ્વેષ નથી. રાગ-દ્વેષ નબળાઈને લઈને થાય એ જુદી ચીજ છે અને પરની અનુકૂળતા અને પ્રતિકૂળતા, સુંદરતા અને અસુંદરતા, ઠીક અને અઠીક એમ જ્ઞેયને જાણીને રાગ-દ્વેષ થાય એ મિથ્યા રાગ-દ્વેષ છે. સમજાણું કાંઈ? આહાહા..! સ્ત્રીના શરીર, પુરુષના શરીર, નારકીનું શરીર, દેવનું શરીર એ બધી ભિન્ન ભિન્ન ચીજ જડની છે એ તો, એ કંઈ આત્મા નથી. આહાહા..!

જેને આત્મા આનંદસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ હું છું એવા જ બધા ભગવાનસ્વરૂપે જીવ તે બિરાજે છે. આહાહા..! એ મારા સાધર્મી છે. ડાહ્યાભાઈ! આહાહા..! ભેદ છે એ પોતાને જેમ જાણવા લાયક છે એમ બીજાના ભેદો પણ જાણવા લાયક છે, એમાં ઠીક-અઠીક કરવા લાયક નથી. આમ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

---

अतः कारणात् शुद्धसंग्रहेण भेदं मा कार्षीरिति निरुपयति–

२३४) एक्कु करे मण बिण्णि करि मं करि वण्ण-विसेसु।
इक्कइँ देवइँ जेँ वसह तिहुयणु एहु असेसु।।१०७।।
एकं कुरु मा द्वौ कुरु मा कुरु वर्णविशेषम्।
एकेन देवेन येन वसति त्रिभुवनं एतद् अशेषम्।।१०७।।

एक्कु करे इत्यादि पदखण्डनारुपेण व्याख्यानं क्रियते। एक्कु करे सेनावनादिवज्जीवजात्यपेक्षया सर्वमेकं कुरु। मण बिण्णि करि मा द्वौ कार्षीः। मं करि वण्ण-विसेसु मनुष्यजात्यपेक्षया ब्राह्मणक्षत्रियवैश्यशूद्रादि वर्णभेदं मा कार्षीः, यतः कारणात् इक्कइं देवइं एकेन देवेन अभेदनयापेक्षया शुद्धैकजीवद्रव्येण जे येन कारणेन वसह वसति।

किं कर्तृ। तिहुयणु त्रिभुवनं त्रिभुवनस्थो जीवराशिःएहु एषः प्रत्यक्षीभूतः। कतिसंख्योपेतः। असेसु अशेषं समस्तं इति। त्रिभुवनग्रहणेन इह त्रिभुवनस्थो जीवराशिर्गृह्यते इति तात्पर्यम्। तथाहि। लोकस्तावदयं सूक्ष्मजीवैर्निरन्तरं भृतस्तिष्ठति। बादरैश्चाधारवशेन क्वचित् क्वचिदेव त्रसैः क्वचिदपि। तथा ते जीवाः शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन शक्त्यपेक्षया केवलज्ञानादिगुण-रुपास्तेन कारणेन स एव जीवराशिः यधपि व्यवहारेण कर्मकृतस्तिष्ठति तथापि निश्चयनयेन शक्तिरुपेण परमब्रह्मस्वरुपमिति भण्यते, परमविष्णुरिति भण्यते, परमशिव इति च। तेनैव कारणेन स एव जीवराशिः केचन परब्रह्ममयं जगद्वदन्ति, केचन परमविष्णुमयं वदन्ति, केचन पुनः परमशिवमयमिति च। अत्राह शिष्यः। यधेवंभूतं जगत्संमतं भवतां तर्हि परेषां किमिति दूषणं दीयते भवद्भिः। परिहारमाह। यदि पूर्वोत्कनयविभागेन केवलज्ञानादिगुणापेक्षया वीतरागसर्वज्ञप्रणीतमार्गेण मन्यन्ते तदा तेषां दूषणं नास्ति, यदि पुनरेकः पुरुषविशेषो व्यापी जगत्कर्ता ब्रह्मादिना-मास्तीति मन्यन्ते तदा तेषां दूषणम्। कस्माद् दूषणमिति चेत्। प्रत्यक्षादिप्रमाणबाधितत्वात् साधकप्रमाणप्रमेयचिन्ता तर्के विचारिता तिष्ठत्यत्र तु नोच्यते अध्यात्म-शास्त्रत्वादित्यभिप्रायः।।१०७।। इति षोडशवर्णिकासुवर्णदृष्टान्तेन केवलज्ञानादि-लक्षणेन सर्वे जीवाः समाना भवन्तीति व्याख्यानमुख्यतया त्रयोदशसूत्रैरन्तरस्थलं गतम्। एवं मोक्षमोक्षफलमोक्षमार्गादिप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये चतुर्भिरन्तरस्थलैः शुद्धोपयोगवीतरागस्वसंवेदनज्ञानपरिग्रहत्यागसर्वजीवसमानताप्रतिपादनमुख्यत्वे-नैकचत्वारिंशत्सूत्रैर्महास्थलं समाप्तम्।

---

आगे ऐसा कहते हैं, कि तू शुद्ध संग्रहनयकर जीवोंमें भेद मत कर-

गाथा-१०७

अन्वयार्थ :- [एकं कुरु] हे आत्मन्, तू जातिकी अपेक्षा सब जीवोंको एक जान, [मा द्वौ कार्षीः] इसलिये राग और द्वेष मत कर, [वर्णविशेषम्] मनुष्य जातिकी अपेक्षा ब्राह्मणादि वर्ण-भेदको भी [मा कार्षीः] मत कर, [येन] क्योंकि [एकेन देवेन] अभेदनयसे शुद्ध आत्माके समान [एतद् अशेषम्] ये सब [त्रिभुवनं] तीनलोकमें रहनेवाली जीव-राशि [वसति] ठहरी हुई है, अर्थात् जीवपनेसे सब एक हैं।

भावार्थ :- सब जीवोंकी एक जाति है। जैसे सेना और वन एक है, वैसे जातिकी अपेक्षा सब जीव एक हैं। नर-नारकादि भेद और ब्राह्मण, क्षत्री, वैश्य, शूद्रादि वर्ण-भेद सब कर्मजनित हैं, अभेदनयसे सब ब्राह्मण, क्षत्री, वैश्य, शूद्रादि वर्ण-भेद सब कर्मजनित हैं, अभेदनयसे सब जीवोंको एक जानो। अनंत जीवोंकर वह लोक भरा हुआ है। उस

जीव राशिमें भेद ऐसे हैं-जो पृथ्वीकायसूक्ष्म, जलकायसूक्ष्म, अग्निकायसूक्ष्म, वायुकायसूक्ष्म, नित्यनिगोदसूक्ष्म, इतरनिगोदसूक्ष्म-इन छह तरहके सूक्ष्म जीवोंकर तो यह लोक निरन्तर भरा हुआ है, सब जगह इस लोकमें सूक्ष्म जीव हैं। और पृथ्वीकायबादर, जलकायबादर, अग्निकायबादर, वायुकायबादर, नित्यनिगोदबादर, इतरनिगोदबादर और प्रत्येकवनस्पति-ये जहाँ आधार है वहाँ हैं। सो कहीं पाये जाते हैं, कहीं नहीं पाये जाते, परंतु ये भी बहुत जगह हैं। इसप्रकार स्थावर तो तीनों लोकोंमें पाये जाते हैं, और दोइंद्रि, तेइंद्री, चौइंद्री, पंचेद्री तिर्यंच ये मध्यलोकमें ही पाये जाते हैं, अधोलोक-ऊर्ध्वलोकमें नहीं। उसमेंसे दोइंद्री, तेइंद्री, चौइन्द्री जीव कर्मभूमिमें ही पाये जाते हैं, भोगभूमिमें नहीं। भोगभूमिमें गर्भज पंचेद्री सैनी थलचर या नभचर ये दोनों जाति-तिर्यंच हैं। मनुष्य मध्यलोकमें ढाई द्वीप में पाये जाते हैं, अन्य जगह नहीं, देवलोकमें स्वर्गवासी देव-देवी पाये जाते हैं, अन्य पंचेद्री नहीं, पाताललोकमें ऊपरके भागमें भवनवासीदेव तथा व्यंतरदेव और नीचेके भागमें सात नरकोंके नारकी पंचेद्री हैं, अन्य कोई नहीं और मध्यलोकमें भवनवासी व्यंतरदेव तथा ज्योतिषीदेव ये तीन जातिके देव और तिर्यंच पाये जाते हैं। इरप्रकार त्रसजीव किसी जगह हैं, किसी जगह नहीं हैं। इस तरह यह लोक जीवोंसे भरा हुआ है। सूक्ष्मस्थावरके बिना तो लोकका कोई भाग खाली नहीं हैं, सब जगह सूक्ष्मस्थावर भरे हुए हैं। ये सभी जीव शुद्ध पारिणामिक परमभाव ग्राहक शुद्ध द्रव्यार्थिकनयकर शक्तिकी अपेक्षा केवलज्ञानादि गुणरुप हैं। इसलिये यधपि यह जीव-राशि व्यवहारनयकर कर्माधीन है, तो भी निश्चयनयकर शक्तिरुप परब्रह्मस्वरुप है। इन जीवोंको ही परविष्णु कहना, परमशिव कहना चाहिये। यही अभिप्राय लेकर कोई एक ब्रह्ममयी जगत् कहते हैं, कोई एक विष्णुमयी कहते हैं, कोई एक शिवमयी कहते हैं। यहाँ पर शिष्यने प्रश्न किया, कि तुम भी जीवोंको परब्रह्म मानते हो, तथा परमविष्णु, परमशिव मानते हो, तो अन्यमतवालोंको क्यों दूषण देते हो? उसका समाधान-हम तो पूर्वोक्त नयविभागकर केवलज्ञानादि गुणकी अपेक्षा वीतराग सर्वज्ञप्रणीत मार्गसे जीवोंको ऐसा मानते हैं, तो दूषण नहीं है। इस तरह वे नहीं मानते हैं। वे एक कोई पुरुष जगत्का कर्ता-हर्ता मानते हैं। इसलिये उनको दूषण दिया जाता है, क्योंकि जो कोई एक शुद्ध-बुद्ध नित्य मुक्त है, उस शुद्ध-बुद्धको कर्ता-हर्तापना हो ही नहीं सकता, और अच्छा है वह मोहकी प्रकृति है। भगवान् मोहसे रहित हैं, इसलिये कर्ता-हर्ता नहीं हो सकते। कर्ता-हर्ता मानना प्रत्यक्ष विरोध है। हम तो जीव राशिको परमब्रह्म मानते हैं, उसी जिवराशिसे लोक भरा हुआ है। अन्यमती ऐसा मानते हैं, कि एक ही ब्रह्म अनंतरुप हो रहा है। जो वही एक सबरुप हो रहा होवे, तो नरक निगोद स्थानको कौन भोगे? इसलिये जीव अनंत हैं। इन जीवोंको ही परमब्रह्म, परमशिव कहते हैं, ऐसा तू निश्चयसे

जान।।१०७।।

इस प्रकार सोलहवानीके सोनेके दृष्टान्त द्वारा केवलज्ञानादि लक्षणसे सब जीव समान हैं, इस प्रकार व्याख्यानकी मुख्यतासे तेरह दोहा-सूत्र कहे। इस तरह मोक्षमार्ग, मोक्षफल और मोक्ष इन तीनोंको कहनेवाले दूसरे महाधिकारमें चार अन्तरस्थलोंका इकतालीस दोहोंका महास्थल समाप्त हुआ। इसमें शुद्धोपयोग, वीतरागस्वसंवेदनज्ञान, परिग्रहत्याग और सब जीव समान हैं, ये कथन किया।

---

તેથી, શુદ્ધસંગ્રહનયથી તું જીવોમાં ભેદ ન કર, એમ કહે છે :-

ભાવાર્થ :- પ્રથમ તો આ લોક સૂક્ષ્મ જીવોથી નિરંતર (બધી જગ્યાએ) ભર્યો પડ્યો છે. (સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ જળકાય, સૂક્ષ્મ અગ્નિકાય, સૂક્ષ્મ વાયુકાય, સૂક્ષ્મ નિત્યનિગોદ, સૂક્ષ્મ ઈતરનિગોદ-આ છ પ્રકારના સૂક્ષ્મ જીવોથી સમસ્ત લોક નિરંતર ભરેલો રહે છે) અને તે આધારવશ (રહેલા) બાદર જીવોથી લોકમાં ક્યાંક, ક્યાંક ભરેલો છે, ત્રસ જીવોથી પણ ક્યાંક, ક્યાંક, ભરેલો છે. (બાદર પૃથ્વીકાય, બાદર જળકાય, બાદર અગ્નિકાય, બાદર વાયુકાય, બાદર નિત્યનિગોદ, બાદર ઈતરનિગોદ અને પ્રત્યેક વનસ્પતિ જ્યાં આધાર છે ત્યાં છે, તેથી ક્યાંક હોય છે ક્યાંક નથી હોતા છતાં તે ઘણા સ્થળોમાં છે. આ રીતે સ્થાવર જીવો તો ત્રણલોકમાં છે, અને દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચ, એ મધ્યલોકમાં જ છે, અધોલોક અને ઊર્ધ્વલોકમાં નથી. તેમાંથી દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવ કર્મભૂમિમાં જ છે, ભોગભૂમિમાં નથી. તેમાંથી ભોગભૂમિમાં ગર્ભજ પંચેન્દ્રિય સંજ્ઞી થળચર અને નભચર એ બન્ને જાતિના તિર્યંચ છે. તથા મનુષ્ય મધ્યલોકના અઢી દ્વીપમાં જ છે, બીજી જગ્યાએ નથી. દેવલોકમાં સ્વર્ગવાસી દેવદેવી છે, અન્ય પંચેન્દ્રિય નથી. પાતાળલોકમાં ઉપરના ભાગમાં ભવનવાસીદેવ તથા વ્યંતરદેવ અને નીચેના ભાગમાં સાત નરકોના નારકી પંચેન્દ્રિય છે, અન્ય કોઈ નથી અને મધ્યલોકમાં ભવનવાસી, વ્યંતરદેવ તથા જ્યોતિષીદેવ એ ત્રણ જાતિના દેવ અને તિર્યંચ છે, આ રીતે ત્રસ જીવ લોકમાં કોઈ જગ્યાએ છે કોઈ જગ્યાએ નથી. આ રીતે આ લોક જીવોથી ભરેલો છે. સૂક્ષ્મસ્થાવર વગરનો તો લોકનો કોઈ ભાગ ખાલી નથી, બધી જગ્યાએ સૂક્ષ્મસ્થાવર ભર્યા પડ્યા છે.)

વળી, તે જીવો શુદ્ધપારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી શક્તિ-અપેક્ષાએ કેવળજ્ઞાનાદિગુણરૂપ છે, તે કારણ તે જીવરાશિ-જોકે વ્યવહારનયથી કર્મકૃત છે તોપણ નિશ્ચયનયથી શક્તિરૂપે 'પરમ બ્રહ્મસ્વરૂપ' કહેવાય છે, 'પરમવિષ્ણુ' કહેવાય છે અને 'પરમશિવ' કહેવાય છે, તે કારણે જ તે જીવરાશિને જ કેટલાક 'પરમબ્રહ્મમય જગત' કહે છે, કેટલાક 'પરમવિષ્ણુમય' કહે છે, વળી કેટલાક 'પરમશિવમય' કહે છે.

અહીં, શિષ્ય પ્રશ્ન કરે છે કે—જો તમે પણ આ પ્રમાણે જગતને 'પરમબ્રહ્મમય', 'પરમવિષ્ણુમય', 'પરમશિવમય' માનો છો તો પછી તમે અન્યમતવાળાઓને શા માટે દૂષણ આપો છો?

તેનો પરિહાર કહે છે—જો પૂર્વોક્ત નયવિભાગથી કેવળજ્ઞાનાદિ ગુણોની અપેક્ષાએ વીતરાગસર્વજ્ઞપ્રણીત માર્ગાનુસાર માને તો તેમને દૂષણ નથી, પણ જો કોઈ એક પુરુષવિશેષને જગત્વ્યાપી, જગત્કર્તા તરીકે બ્રહ્માદિના નામ વડે માને છે તો તેમને દૂષણ છે, કારણ કે તે પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી બાધિત છે. (જો કોઈ એક શુદ્ધ, બુદ્ધ નિત્ય મુક્ત છે તે શુદ્ધ-બુદ્ધને કર્તાપણું, હર્તાપણું સંભવી શકતું નથી, કારણ કે ભગવાન મોહથી રહિત છે માટે તેને કર્તા-હર્તાપણાની ઈસ્છા સંભવી શકે નહિ. તે તો નિર્દોષ છે માટે કર્તા-હર્તા ભગવાનને માનવામાં પ્રત્યક્ષ વિરોધ આવે છે) તેના સાધક પ્રમાણ પ્રમેયની વિચારણા ન્યાયશાસ્ત્રોમાં કરવામાં આવી છે. અહીં અધ્યાત્મશાસ્ત્ર હોવાથી તેનું વિવેચન કહેવામાં આવતું નથી, એવો અભિપ્રાય છે. ૧૦૭.

આ પ્રમાણે સોળવલા સુવર્ણના દૃષ્ટાંત વડે કેવળજ્ઞાનાદિ લક્ષણથી સર્વ જીવો સમાન છે એવા વ્યાખ્યાનની મુખ્યતાથી તેર દોહાસૂત્રોનું અંતરસ્થળ સમાપ્ત થયું.

એ પ્રમાણે મોક્ષમાર્ગ, મોક્ષફળ, અને મોક્ષ આદિના પ્રતિપાદક બીજા મહાધિકારમાં ચાર અન્તરસ્થળોથી શુદ્ધોપયોગ, વીતરાગ સ્વસંવેદનરૂપજ્ઞાન, પરિગ્રહત્યાગ અને સર્વ જીવોની સમાનતાના પ્રતિપાદનની મુખ્યતાથી એકતાલીસ સૂત્રોનું મહાસ્થળ સમાપ્ત થયું.

---

## ગાથા-૧૦૭ ઉપર પ્રવચન

૧૦૭. 'આગે ઐસા કહતે હૈં, કિ તૂ શુદ્ધ સંગ્રહનયકર જીવોંમેં ભેદ મત કર— ' અનંતઆત્માના સંગ્રહને એકરૂપ દેખીને એમાં ભેદ ન માન—જીવમાં ભેદ ન માન. સમજાણું કાંઈ? ભેદ છે એ બધા કર્મજનિતના સંયોગે ભેદ છે. એ તો અજીવનું સ્વરૂપ છે. આહાહા..! એ અજીવને જાણવા લાયક છે પણ અજીવમાં આદરવા લાયક આ ઠીક છે અને આ અઠીક છે એ એમાં રહેતું નથી. આહાહા..! ઝીણી વાત છે ભાઈ! ઈ કહે છે જુઓ! ૧૦૭.

૨૩૪) एक्कु करे मण बिण्णि करि मं करि वण्ण-विसेसु।
इक्कइँ देवइँ जेँ वसह तिहुयणु एहु असेसु।।१०७।।

**અન્વયાર્થ :—** હે જીવ! '**હે આત્માન્,...**' ગજબ વાત છે ભાઈ! આ પરમાત્મપ્રકાશ છે. આહાહા..! '**હે આત્મન્, તૂ જાતિકી અપેક્ષા સબ જીવોંકો એક જાન,...**' આહાહા..! જેવો પોતાનો આત્મા જ્ઞાયકભાવથી પૂર્ણ સ્વરૂપ છે એ જીવ છે, એમ બધા ભગવાનઆત્માઓ જ્ઞાયક

અને આનંદના સ્વભાવથી પરિપૂર્ણ છે તે જીવ છે. એમ બધા જીવને વીતરાગભાવે જો અને વીતરાગસ્વરૂપ છે ઈ એમ જો. શું કીધું ઈ? કે આ આત્માને પણ વીતરાગભાવે વીતરાગસ્વરૂપ જો. પર્યાયની વીતરાગપર્યાયે વીતરાગસ્વરૂપ જો, એ પૂર્ણસ્વરૂપ છે. એમ બધા ભગવાનઆત્માને તારી વીતરાગપર્યાયે એ પૂર્ણવીતરાગસ્વરૂપ છે એમ જો. આહાહા..! કેમકે જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તો સ્વને આવો જેવો જાણે એવા પરને પણ પરપ્રકાશમાં એવા એ જાણે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ શરીરની સુંદરતા ને ભેદ ને નાના ને રોગીષ્ટ ને એ બધા ભેદો કંઈ જીવના નથી. એ તો આવી ગયું હતુંને? કાલે આવી ગયું હતું ઈ. કર્મના ભેદ છે ઈ અને કર્મ છે એ આત્માથી ભિન્ન ચીજ છે. આહાહા..! તો એ કર્મને કારણે પડેલા ભેદો જીવથી ભિન્ન છે. એમ પોતાને જેમ કર્મને કારણે પડેલા ભેદો જીવથી ભિન્ન છે, એમ બધા આત્માના સ્વભાવમાં સરખા હોવા છતાં કર્મથી ભિન્ન પડેલી ચીજ, સ્ત્રી, પુરુષ ને નારકી ને એકેન્દ્રિય ને બેઈન્દ્રિય બધું એને તું જીવ ન માન. આહાહા..! એને જાણવા લાયક છે એમ જાણ. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એમ કહ્યું છેને? આહાહા..! એવી વાત છે બાપા!

આ પરમાત્મપ્રકાશ (છે). જે કંઈ આત્મામાં પૂર્ણસ્વરૂપ ભગવાન એ આત્મા એમ જેણે જાણ્યું એને જે કંઈ બાકી અપૂર્ણતા, રાગાદિ રહ્યા એ જાણવાલાયક છે. અસ્તિ તરીકે જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આહાહા..! એમ બધા આત્માને ભગવાનસ્વરૂપે જો જોવે છે, એ પોતાને ભગવાનસ્વરૂપે જોયો એ રીતે બધાને જોવે છે એટલે એમાંથી જે કર્મના કારણે ભેદ દેખાય એને જાણવાલાયક જાણે, આદરવાલાયક નહિ. આદરવાલાયક ભગવાનઆત્મા છે અહીં આત્મા આદરવાલાયક છે એવો એનો આત્મા શુદ્ધ એ આદરવાલાયક છે. આહાહા..! સમજાય છે કાંઈ? વીતરાગ માર્ગની ગંભીરતા અલૌકિક છે. એ કહે છે.

**'હે આત્મન્, તૂ જાતિકી અપેક્ષા સબ જીવોંકો એક જાન, ઈસલિયે રાગ ઔર દ્વેષ મત કર,...'** જોયું! આહાહા..! સર્વ જીવ જ્યાં પરમાત્મસ્વરૂપે જાણ્યા એને પછી રાગ-દ્વેષ કરવાનું રહ્યું નહિ. આહાહા..! પર ચીજની અનેકતાના ભિન્નતાના ભાવને ભાળીને આ ઠીક છે એમ રાગ કરવો રહ્યો નહિ અને આ અઠીક છે એમ દ્વેષ કરવો રહ્યો નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતે અલ્પજ્ઞદશામાં પણ અલ્પજ્ઞ દશામાં આહાહા..! પૂર્ણસ્વરૂપ છું એમ જે જોવે છે. આહાહા..! જુઓ તો ખરા! હેં! આહા..! અલ્પજ્ઞ પર્યાયની દશામાં અલ્પજ્ઞપર્યાયમાં આ પૂર્ણ છે એમ જે જોવે છે એ વીતરાગી પર્યાયથી વીતરાગભાવને જોવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ જ રીતે બધા આત્માઓ ભગવાન પરમાનંદથી ભરેલો કહેશે હમણાં. **'ઈસલિયે રાગ ઔર દ્વેષ મત કર,...'** આહાહા..! કેમકે એ જે ભેદ છે એ કર્મજનિત છે એ જ્ઞેય છે. વસ્તુ જે છે આત્મા અને એનો આત્મા એ આદરણીય છે.

એ કહ્યું છે ને? બધા આત્માઓ શુદ્ધ છે એ રીતે આદરણીય છે. એમાંથી પણ પંચપરમેષ્ઠી છે એ આદરણીય છે. એમાંથી પણ અરિહંત અને સિદ્ધ બે આદરણીય છે, એમાંથી પણ સિદ્ધ એક

આદરણીય છે. એમાંથી પણ ભગવાનઆત્મા એ આદરણીય છે, એક પોતાનો. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે આ. વીતરાગની વાતું જુદી છે ભાઈ જગતથી. આહાહા..! તને તારો ભગવાનઆત્મા પરિપૂર્ણ જો ભાસે તો તેવા જ બધા ભગવાનઆત્મા પરિપૂર્ણ છે (તેમ) તને ભાસે તો રાગ-દ્વેષ કરવાનું રહેતું નથી કાંઈ. આહાહા..! સમજાણું કાંઈ?

આ લક્ષ્મીવાળો છે ને આ ગરીબ છે ને આ રૂપાળો છે ને આ કાળો છે, એ બધું રહેતું નથી. એ તો બધા ભેદ કર્મના ભેદમાં જાય છે. એ આદરણીય રહેતું નથી. ઠીક-અઠીકમાં એ રહેતું નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! દિગંબર સંતોએ કામ (કર્યા છેને)! આ સોળમી ગાથા ચાલે છે. સોળ વલું સોનું જેમ પૂર્ણ છે, સોળ વલું સોનું, એટલે? સોળ વલું કહે છેને? સોલહ વાન. એમ પૂર્ણ ભગવાન સોળ શક્તિથી પૂર્ણ પરમાત્મા બધા.

અલ્પજ્ઞ હોવા છતાં અલ્પજ્ઞને ગૌણ કરીને, અભાવ કરીને પૂર્ણાનંદ છે તેને જોવે છે. આહાહા..! જેની દૃષ્ટિમાં પરમાત્મા પૂર્ણ પોતે છે એમ ભાસે છે, છે પર્યાય અલ્પજ્ઞ આહાહા..! છતાં જેને સર્વજ્ઞસ્વરૂપી ભગવાન છું એમ ભાસે છે એની દૃષ્ટિ વીતરાગ થઈ ગઈ. આહાહા..! સમ્યગ્દર્શન કહો કે વીતરાગદૃષ્ટિ કહો. સમજાય છે? એ બધા ભગવાનઆત્મા સુંદર અને અસુંદર શરીર, નારકી અને દેવના શરીર, કીડી અને કાગડાના શરીર, રોગી અને અરોગી શરીરની દશાઓ એ બધી જ્ઞાનીને જાણવા લાયકમાં રાગ-દ્વેષ કરવા લાયક નથી.

અજ્ઞાનીને પોતાનું પૂર્ણસ્વરૂપ જાણતો નથી અને એવા જ બધા પૂર્ણસ્વરૂપ છે તે જાણતો નથી એને સામાની અલ્પજ્ઞતા દેખીને દીન થાય છે, એ દીન માને છે એને. અને શરીર આદિની અનુકૂળતા દેખીને મહંત માને છે એને, એ બધા મિથ્યાદૃષ્ટિ રાગ-દ્વેષના કરનારા છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો ભાઈ! આહાહા..! જુઓ! આ વીતરાગતા! જેનો સ્વભાવ જ વીતરાગસ્વરૂપ છે પરિપૂર્ણ એને વીતરાગપર્યાયે જેણે માન્યું અને જાણ્યું, એ જ વીતરાગપર્યાયે બધા પૂર્ણવીતરાગસ્વરૂપ છે એમ જેને જાણવામાં આવ્યું એને નિમિત્તના કારણે ભેદ પડેલી ચીજને જાણવાલાયક માને પણ આ ઠીક છે કે અઠીક છે એ એમાં રહેતું નથી. આહાહા..! ડાહ્યાભાઈ! આવી વાતું છે. આહા..!

જુવાન શરીર, સુંદર શરીર એ તો જડની દશા છે, એ આત્માની નહિ. પોતાની જેમ જડની દશા છે એમ બીજા બધાની કર્મના નિમિત્તે થયેલી દશાઓ (છે). આહાહા..! અરે..! એમાં અલ્પજ્ઞપણું અને રાગ થયો એ પણ કર્મને કારણે છે. વસ્તુમાં પરિપૂર્ણતા છે. આહાહા..! ઓહો..! પરમાત્મપ્રકાશે.. આ સોળમી ગથા છે. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ બધું. કરતાં કરતાં સોળમી ગાથાએ પૂર્ણ કરી દેશે. આહાહા..!

પર્યાયમાં અલ્પજ્ઞતા છતી હોવા છતાં અને પર્યાયમાં રાગ-દ્વેષ ને સંયોગોમાં ભિન્ન ભિન્નતા હોવા છતાં તે અસ્તિત્વનો સ્વીકાર ન કરતાં આહાહા..! પૂર્ણઅસ્તિત્વનો જે સ્વીકાર પૂર્ણાનંદનો નાથ ભગવાન એનો જ્યાં સ્વીકાર આવે છે ત્યારે બધા પૂર્ણાનંદથી ભરેલા ભગવાન છે. આહાહા..!

એની સાથે રમું કે એની સાથે વિષય લઉં એ વાત રહેતી નથી. એ તો ભગવાન છેને! આહાહા..! હેં! આહાહા..! સ્ત્રી અને પુરુષ આદિના ભેદો તો જડના અને કર્મને કારણે છે. એ કંઈ આત્માની ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એથી ધર્મીને.. આ પંદર ગાથાથી ચાલે છે એનો સરવાળો કર્યો આ કે આ બધા સરખા છે, સરખા છે, શું ચાલે છે આ? પહેલા કહે, એકેન્દ્રિય, બેઈન્દ્રિય નહિ, ત્રસ, સ્થાવર નહિ, સ્ત્રી-પુરુષ નહિ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય આદિ નહિ. શું કહે છે આ? ભાઈ! એ તો ભેદો બધા વીતરાગસ્વરૂપે બિરાજમાન આત્મામાં અલ્પજ્ઞમાં જે વીતરાગતા ભાસી એ અલ્પજ્ઞ પરના પ્રકાશે જાણવાનું રહે છે એને, બસ! સમજાણું કાંઈ? શું કહ્યું ઈ?

આ આત્માનો જ્ઞાનપર્યાય સ્વપરપ્રકાશકસ્વરૂપ છે. એથી જેને પર્યાયમાં જ્ઞાયક જ ભાસે છે, એ તો આપણે ૧૭-૧૮માં આવી ગયું. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ ભાઈ! આ તો ગંભીર વાત છે પ્રભુ! આહાહા..! જેનો વર્તમાન જ્ઞાનની એક સમયની પર્યાયમાં જ્ઞાયક જ જણાય છે. આહાહા..! એટલે કે પરિપૂર્ણ વસ્તુ છે તે જણાય છે. આહાહા..! પણ અજ્ઞાનીને દૃષ્ટિ ત્યાં નથી એથી એ પર્યાયમાં પરિપૂર્ણ જણાય છે એમ ન માનતા, પર્યાય જણાય ને રાગ જણાય છે એમ માને છે. આહાહા..! શું કહ્યું ઈ? જ્ઞાનનીપર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ પ્રત્યેક આત્માનો છે. બરાબર છે? હવે જ્યારે સ્વપ્રકાશક આત્મા છે પર્યાયમાં એમ ભાસ્યું, છે છતાં ભાસ્યું નથી, સમજાણું કાંઈ? જ્ઞાનનીપર્યાયમાં છતી ચીજ પ્રભુ સર્વજ્ઞ પૂર્ણાનંદ પ્રભુ એ પર્યાયમાં સ્વપરપ્રકાશનો સ્વભાવ હોવાથી પર્યાયમાં સ્વપ્રકાશક આખો આત્મા આવે છે. આહાહા..! પણ અજ્ઞાનીને તેના ઉપર દૃષ્ટિ નથી એટલે આ જણાય છે એ હું નહિ, જણાય છે તે રાગ અને પર્યાય જણાય એમ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? આ બધું સોળ ગાથાથી ચાલ્યું આવે છે, બધા સરખા સરખા છે, શું છે પણ આ? આહાહા..!

ભાઈ! તારી પર્યાયમાં જ્ઞાયક જણાય છે એવું સ્વરૂપ જ છે. હવે જ્ઞાયક છે એવી દૃષ્ટિ થઈ અંદર.. આહાહા..! એની વર્તમાન પર્યાયમાં જ્ઞાયક આખો જ્યાં જણાણો, જણાણો તો હતો પણ દૃષ્ટિ નહોતી ત્યાં, સમજાણું કાંઈ? આહાહા..! પણ એ જ્ઞાનની પર્યાયમાં જણાણો, જાણનારો જણાય છે તે જણાણો. એ પરિપૂર્ણ વસ્તુ છે એમ પર્યાયમાં જણાણો. આહાહા..! હવે એમાં પરપ્રકાશક ભાવ રહી ગયો. સ્વપ્રકાશક તો આ આવ્યો. હવે પરપ્રકાશમાં પણ બધા આત્મા સરખા છે તેમ એ જાણે છે. અને જે ભેદ છે તેને પણ પરપ્રકાશમાં જાણે છે. પણ એ જાણવાલાયક છે, આદરવાલાયક નહિ. ઓલો જે પરિપૂર્ણ પર્યાયમાં પોતે જાણ્યો અને પર જાણ્યા એ તો આદરવાલાયક થયા. સમજાણું કાંઈ? આહાહા..! હેં! આ પંદર ગાથાથી ચાલે છે, આ સોળમી છે. અહીં પૂરું કરશે હવે ઈ. બધા સરખા, સરખા. આહાહા..!

જુઓ છે? **'वर्णविशेषम्'**. **'मनुष्य जातिकी अपेक्षा ब्राह्मणादि वर्ण-भेदको...'** જે આપણે પહેલું આવી ગયું હતું, વર્ણ, રાગાદિ એ વર્ણમાં રંગ, ગંધ, રસ હતો. રંગ, ગંધનો વર્ણ હતો કે એ આત્મામાં નથી. આ વર્ણ જાતિનો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય એ. **'वर्णविशेषम्'** આપણે પહેલા

આવ્યું હતું ને? નહિ? સમયસારમાં, સમયસારમાં. વર્ણ, રાગાદિ, ગુણસ્થાનાદિ ભેદ એ વર્ણમાં આ નહિ. ત્યાં વર્ણમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ હતા. ગાથા એ આવી છે ને. અહીંયા વર્ણમાં '**મનુષ્ય જાતિકી અપેક્ષા બ્રાહ્મણાદિ વર્ણ-ભેદકો ભી મત કર,...**' આ બ્રાહ્મણ છે ને આ ક્ષત્રિય છે ને આ વાણિયો છે ને આ ચંડાળ છે આહાહા..! વસ્તુની પૂર્ણતા જો તને તારી ભાસે તો તને બધા જીવોની પૂર્ણતા ભાસે અને તેનો ભેદ જે આ વર્ણાદિ છે એ કંઈ આત્મા નથી. આહાહા..! સમજાણું? જે ચીજનો જીવમાં અભાવ છે કર્મનો, કર્મનો જીવ—ભગવાનમાં અભાવ છે તો કર્મને કારણે થયેલા ભાવોનો પણ જીવમાં અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા ઝીણી. બાપુ! મારગડા ઝીણા છે ભાઈ! વીતરાગ માર્ગ. શું થાય? જાણવામાં ન આવે એને આ એકાંત લાગે, એકાંત લાગે. પ્રભુ! એકાંત જ છે. સ્વપર્યાય જ્યાં એકમાં એકાંતમાં આવી, એક જ ધર્મમાં પૂર્ણાનંદમાં આવી ત્યારે તેને સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન થાય. ત્યારે તેને પર્યાય આદિના ભેદો અને બીજાના ભેદો જાણવાલાયક રહે. આહાહા..! સમજાણું કાંઈ?

વર્ણ-વિશેષ ન કર. આહાહા..! આ બ્રાહ્મણ છે ને આ ક્ષત્રિય છે. લ્યો, તીર્થંકરો હોય એ ક્ષત્રિય જ હોય. જેટલા તીર્થંકરો થાય એ ક્ષત્રિય હોય. કોઈ વાણિયો, બ્રાહ્મણ તીર્થંકર ન થાય. આહાહા..! તો કહે છે કે એ ભેદ જ લક્ષમાં ન લે. ક્ષત્રિય ને બ્રાહ્મણ લક્ષમાં જ ન લે. આહાહા..! ભગવાન ક્યાં બ્રાહ્મણ કે ક્ષત્રિય છે આત્મા. એ તો કર્મજન્યના પ્રકારોના ભેદ છે. આહાહા..! પરદ્રવ્ય જે એનું નથી એવા દ્રવ્યના એ ભેદ છે. આહાહા..! સમજાણું કાંઈ? તારી ચીજમાં તો ભેદ નથી અને તારી ચીજથી બીજી ચીજમાં પણ તું ભેદ ન જો આત્મામાં. આહાહા..! ડાહ્યાભાઈ! આવી ચીજ છે. ઓલા લોકો, ઈશ્વરકર્તા છે ને એક જ વ્યાપક છે (એમ માને છે) એનો અહીં નિષેધ કરીને એક એક ભગવાન પૂર્ણાનંદ છે તેની સિદ્ધિ કરીને બધા અનંત છે પૂર્ણાનંદ સ્વરૂપે ભગવાન એમ જાણીને આહાહા..! જે એમાં નથી એવા જે કર્મ, એ કર્મને કારણે પડ્યા ભેદ એ સ્વરૂપમાં નથી. આહાહા..! એ જાણવાલાયક છે પર્યાયમાં, બસ! આદરવાલાયક તો ત્રણલોકનો નાથ પરમાત્મા પોતાનો અને બીજાના આત્માઓ પણ એ રીતે આદરવાલાયક છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે પરપ્રકાશમાં પણ પર બીજા પૂર્ણ છે એવું પરપ્રકાશમાં આવી જાય છે. અને બાકી જે રહ્યું પરપ્રકાશક જે અપૂર્ણતા અને કર્મના ભેદો એ પણ જાણવામાં આવી જાય છે. આહાહા..!

'ક્યોંકિ...' 'एकेन देवेन' છે? 'एकेन देवेन' '**અભેદનયસે શુદ્ધ આત્માકે સમાન...**' એક દેવ. આહાહા..! દિવ્ય શક્તિવંત ભગવાન કેવળજ્ઞાન આદિ શક્તિવાળા પરમાત્મા બધા. આહાહા..! એક દેવ છે એ બધા. જાતિની અપેક્ષાએ હોં! સંખ્યા અપેક્ષાએ એમ નહિ. '**અભેદનયસે શુદ્ધ આત્માકે સમાન...**' 'एकेन देवेन' આહાહા..! 'एतद् अशेषम्' '**યે સબ તીનલોકમેં રહનેવાલી જીવ-રાશિ...** ' 'त्रिभुवनं' આહાહા..! '**તીનેલોકમેં રહનેવાલી જીવ-રાશિ...** ' 'वसति' '**ઠહરી હુઈ હૈ,...**' આખા લોકમાં શિવસ્વરૂપ ભગવાન બિરાજે છે કહે છે. આહાહા..! અહીંયા પણ અનંતભગવાન છે, અહીંયા. અનંતજીવ છેને. આહાહા..! ભવસિંધુ, પાણીનો સિંધુ

એમ આ ભગવાનનો સિંધુ. આખો ભગવાનસિંધુથી ભરેલો લોક છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**તીનલોકમેં રહનેવાલી જીવ-રાશિ ઠહરી હુઈ હૈ, અર્થાત્ જીવપનેસે સબ એક હૈં.**' આહાહા..!

**ભાવાર્થ :— 'સબ જીવોંકી એક જાતિ હૈ.'** આહાહા..! દ્રવ્યસ્વભાવ, સત્ ચૈતન્યસ્વભાવ એ બધાની એક જાતિ છે. એકરૂપ છે, એક જાતિ છે. આહાહા..! કહો, અક્ષરના અનંતમા ભાગે વિકાસ નિગોદના જીવને એ ન જો. પર્યાયબુદ્ધિને ન જો, પર્યાયથી ન જો. આહાહા..! એ બધા શક્તિએ કેવળજ્ઞાનકંદ છે, ભગવતસ્વરૂપ છે. આહાહા..! અભવિનો જીવ પણ સ્વરૂપે ભગવતસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? શ્રીમદ્‌માં નથી આવતું? 'સર્વ જીવ છે સિદ્ધસમ'. ત્યારે એમાં ક્યા કાઢી નાખ્યા? અભવિ કાઢી નાખ્યા? પર્યાપ્ત, અપર્યાપ્ત બધા.. સર્વ જીવો ભગવાન સિદ્ધસ્વરૂપે બિરાજે છે. આહાહા..! તારે કોને આ સ્ત્રી ને પુરુષ ને દેવ, નારકી માનવા છે? આહાહા..! સમજાણું કાંઈ?

**'સબ જીવોંકી એક જાતિ હૈ. જૈસે સેના ઔર વન એક હૈ,...'** સેના, લશ્કરની સેના સેના તરીકે એક કહેવાય. ભલે માણસ જુદા જુદા છે, સેના તો એક કહેવાય છેને. એમ વન તરીકે અનેક કહેવાય. ભલે ઝાડ અનેક હોય ત્યાં. વન, વન કહેતાં બધા ઝાડ એમાં આવી ગયા એકરૂપે. **'વૈસે જાતિકી અપેક્ષા સબ જીવ એક હૈં.'** આહાહા..! સેનામાં કોઈ વૃદ્ધ હોય, જુવાન હોય, બધા હોયને. અરે..! અઢાર-અઢાર વર્ષના પણ સેનામાં હોય, લશ્કરી માણસ. લશ્કર માટે રાખે છે. આપણે અહીં નહોતો? બાબુભાઈનો દીકરો લશ્કરીમાં જાતો હતોને. અત્યારે એમાં છે. બાબુભાઈ ત્રિભુવન, ભાવનગર. એનો દીકરો છે ને બીજા નંબરનો. એ લશ્કરમાં જાય છે. નાની ઉંમરનો ત્યારનો લશ્કરમાં છે. અત્યારે તો (ઘણા) વર્ષ થઈ ગયા. એ અઢાર વર્ષનો હોય પણ લાંબુ શરીર અને જુવાન હોય તો લશ્કરમાં રાખે. પણ છતાં એ માણસ તરીકે જેમ એક છે નાના મોટા, એમ જાતિ તરીકે અંદરના ભગવાનઆત્મા તો એક જ છે. વન તરીકે કહેતાં નાના મોટા ઝાડ પીપળા, લીમડા બધા હોય એને વન કહેવાય. વનમાં ભિન્ન ભિન્ન છે એને ન જો. વન છે આખું. એમ નાના મોટા ઝાડ હોય છતાં એમ ન જો, વન (છે). એમ સેનામાં નાના મોટા શરીરવાળા જુવાન, વૃદ્ધ આદિ હોય એમ ન જો. સેના.

એમ જીવમાં એકેન્દ્રિય, બેઈન્દ્રિય આદિ ભેદો હો, વસ્તુ તરીકે તો આત્મા ભગવાન તરીકે એક જ જાત છે બધી. આહાહા..! છતી પર્યાય ને રાગને અછતો કરી નાખ અને અછતો જે પર્યાયમાં છે તેને છતો કર. આહાહા..! શું કહ્યું ઈ? પર્યાયમાં અલ્પજ્ઞતાના ભેદો અને રાગના ભેદો હોવા છતાં એ છતી ચીજ છે એને અછતી કર, એ તારામાં નથી. અને તું જે અછતો પર્યાયમાં છો એને છતો કર હવે કે આ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે. આહાહા..! આવું સ્વરૂપ આકરું ભારે એટલે લોકો.. એ લોકો સોનગઢવાળા તો દ્રવ્યાનુયોગ જ વાંચે છે. પણ દ્રવ્યાનુયોગ મુખ્ય વસ્તુ એ છે. મોક્ષનો માર્ગ એમાં છે.

મુમુક્ષુ :— મોક્ષમાર્ગનું કથન..

ઉત્તર :— મુખ્ય એમાં છે. લખ્યું નથી ભાઈએ? ટોડરમલે. મોક્ષનોમાર્ગ તો દ્રવ્યાનુયોગમાં મુખ્ય છે અને સભામાં મુખ્ય ઉપદેશ તો એ થવો જોઈએ. એમ લખ્યું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. પણ એને પણ ઊડાવે છે. પ્રભુ! શું કરે છે તું? ભાઈ! અરે.. પ્રભુ! એમ ન શોભે ભાઈ! આહાહા..! એમ કહેવું શોભે નહિ, નાથ!

મુમુક્ષુ :— બધા ભગવાન છે.

ઉત્તર :— ભગવાન છે, નાથ! પ્રભુ તું છોને. આહાહા..! વીતરાગતા રેલમછેલ કરી છે. વીતરાગ ભગવાને મુનિઓ પણ વીતરાગતાની રેલમછેલ કરે છે.

જ્યાં આગળ ભેદોથી ઉદાસ થયો છે અને જ્યાં આખી ચીજ છે તેનો આદર કર્યો છે. આહાહા..! શું કીધું ઈ? પર્યાય આદિ, રાગાદિ, જાતિ આદિ, બહારના વર્ણ આદિના ભેદ છે તેને જતું કરી દઈને, જે વસ્તુ છે તેને છતી કરી છે દૃષ્ટિમાં. આહાહા..! એ વીતરાગતા પ્રગટ થઈ છે. આ બધા વીતરાગતાના વલણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! કેમકે ભગવાન પોતે જિનસ્વરૂપ છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ'. લ્યો, ત્યાં ઈ આવ્યું. 'યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' આહાહા..! શ્રીમદ્દે પણ ટૂંકા (વચનોમાં) ઘણું (કહ્યું છે). એ તો એકાવતારી થઈ ગયા. ઓહો..! એકભવે મોક્ષ જનારા છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હતા. આહાહા..! 'શેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે,' કંઈ રાગ બાકી લાગે છે, ખસતો નથી. 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે..' આહાહા..!

એ પ્રશ્ન (સંવત) ૧૯૭૭માં લોકોએ કર્યો હતો કે આવું હોય? ગૃહસ્થાશ્રમમાં આટલું બધું જોર આપે? હવે સાંભળને. કીધું, શ્રુતજ્ઞાનમાં તો અનંતુ બધું જણાય. શ્રુતજ્ઞાન શું ન જાણે? શ્રુતજ્ઞાનમાં સર્વ જાણે છે તો એમાં આ ન જણાય એને પોતાને? હું એક ભવે મોક્ષ જનાર છું. સ્વરૂપમાં ઠરીને પૂર્ણાનંદની પ્રાપ્તિ (થશે). મારે વચ્ચે એક ભવ મનુષ્યનો છે. મનુષ્યનો. દેવનો ગણાય નહિ. સમજાણું કાંઈ? આહાહા..! શ્રુતજ્ઞાનની એટલી તાકાત છે કે ક્યારે મોક્ષ જશે એનો પણ એને નિર્ણય આવી જાય છે. હેં! આહાહા..!

અહીં કહે છે, '**નર-નારકાદિ ભેદ...**' મનુષ્ય ને નારકી ને દેવ ને તિર્યંચ ને એ બધા ભેદો '**ઔર બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શુદ્રાદિ વર્ણ-ભેદ સબ કર્મજનિત હૈં,...**' આહાહા..! તારા દ્રવ્યથી ભિન્ન દ્રવ્યના એ બધા પ્રકાર છે. આહાહા..! સમજાણું કાંઈ? તારી જે ચીજ છે એનાથી કર્મ તો બીજી ચીજ છે. એના આ બધા ભેદ છે. આહાહા..! આવો માર્ગ આહા..! અરે..! '**કર્મજનિત હૈં, અભેદનયસે સબ જીવોંકો એક જાનો.**' ઓહોહો..! પાછી વાત પણ જે જૈન પરમેશ્વરે વ્યવહાર જોયો એ વાત કરીને એનો નિષેધ કરે છે. સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, નરક, નારકી એવા ભેદો તો ભગવાને જોયા છે ને વ્યવહારના, અન્યમતિમાં એવા ભેદ છે ક્યાં? આહાહા..! કર્મ ને કર્મના ભેદ ને ભગવાન અભેદ ને આહાહા..! એમ કહીને આહા..!

'**અનંત જીવોંકર વહ લોક ભરા હુઆ હૈ.**' આહાહા..! કેમકે એ ચીજ જ પર છે, તેના

બધા પ્રકાર (છે), તારામાં ક્યાં આવ્યા એ? અને એનામાં પણ ક્યાં આવ્યું એ? આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું ઈ? તારામાં દ્રવ્યકર્મ છે જ નહિ. એ દ્રવ્ય એટલે કર્મ એ ચીજ જ પરવસ્તુ છે. હવે પરવસ્તુથી થયેલા ભેદો પર છે. એટલે પરજીવમાં એ નથી અને આ જીવમાં એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**અનંત જીવોંકર વહ લોક ભરા હુઆ હૈ.**' આહાહા..! ચૌદબ્રહ્માંડ, ચૌદરાજુલોક, અનંત પરમાત્મસ્વરૂપે ભગવાનથી બિરાજમાન છે બધો. આહાહા..!

'**ઉસ જીવ-રાશિમેં ભેદ ઐસે હૈં...**' હવે જીવ-રાશિના ભેદ બતાવે છે. '**જો પૃથ્વીકાયસૂક્ષ્મ,...**' સૂક્ષ્મ પૃથ્વીકાય છેને? અહીંયા, અહીંયા બધે આખા લોકમાં સૂક્ષ્મપૃથ્વીકાય. એક કટકીમાં અસંખ્ય શરીર અને એક એક શરીરે એક એક જીવ. આખા લોકમાં પૃથ્વીકાયસૂક્ષ્મ છે. જુઓ! આ ચીજ સર્વજ્ઞના જ્ઞાનમાં આવેલી પર્યાય ને વ્યવહાર એનું વર્ણન કરીને એ આત્મામાં નથી એમ કહે છે. આહાહા..! આવી વાત ક્યાં છે? પૃથ્વીકાય ને પાણી એવું છે વ્યવહારે પણ સર્વજ્ઞ સિવાય? આહા..! '**જલકાયસૂક્ષ્મ,...**' પાણીના જીવ સૂક્ષ્મ છે અહીં. અહીં પૃથ્વી છે અને ત્યાં પાણી છે. સૂક્ષ્મજળ, સૂક્ષ્મજળના કાય. '**અગ્નિકાયસૂક્ષ્મ,...**' અગ્નિકાયનો સૂક્ષ્મ અગ્નિ અહીં પણ છે, એમ આખા લોકમાં (છે). આહાહા..! '**વાયુકાયસૂક્ષ્મ,...**' સૂક્ષ્મવાયુ. આ પવન છે એ બાદરવાયુ છે. અંદર સૂક્ષ્મવાયુ છે બધે ઠેકાણે આખા લોક પ્રમાણે. '**નિત્યનિગોદસૂક્ષ્મ...**' નિત્યનિગોદ છે. ઓલા બધા તો પ્રત્યેક કહ્યા પ્રત્યેક. આ નિત્યનિગોદસૂક્ષ્મ. કાયમ નિત્યનિગોદ પર્યાયવાળા એ સૂક્ષ્મ જીવ પણ બધા લોકમાં છે. આહાહા..! '**ઈતરનિગોદસૂક્ષ્મ...**' એ પણ લોક આખામાં છે. ઈતર એટલે નિત્યમાંથી નીકળીને પાછા જાય નિગોદમાં ફરીથી એને ઈતરનિગોદ કહેવાય. '**ઈન છહ તરહકે સૂક્ષ્મ જીવોંકર તો યહ લોક નિરંતર ભરા હુઆ હૈ,...** ' આહાહા..! ઓલો એક આત્મા કહે છેને વેદાંત, સર્વવ્યાપક. અહીં તો એવા અનંતઆત્મા પૂર્ણાનંદથી ભરેલા આખાલોકમાં છે. આહાહા..! કેટલાક એ કહે છેને? આ સમયસાર વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. પણ વેદાંતમાં આ કે દિ' વાત હતી? આહાહા..! '**યહ લોક નિરંતર ભરા હુઆ હૈ, સબ જગહ ઈસ લોકમેં સૂક્ષ્મ જીવ હૈં.**' આખા લોકમાં. સિદ્ધ ભગવાન છે ત્યાં પણ આ પાંચેય સૂક્ષ્મ જીવ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, નિત્યનિગોદ. સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં પણ આ છે. આહાહા..!

'**ઔર પૃથ્વીકાયબાદર,...**' આ તો આખા લોકમાં ભર્યા છે, હવે પૃથ્વીકાયબાદર એ આખા લોકમાં ન હોય. સમજાણું કાંઈ? '**જળકાયબાદર,...**' પાણીબાદર આ દરિયો જે દેખાય એ બાદરપાણી. '**અગ્નિકાયબાદર, વાયુકાયબાદર, નિત્યનિગોદબાદર...**' પાછું જોયું? આહાહા..! એ અમુક સ્થાનમાં જ હોય, આધાર હોય ત્યાં. ઓલા સૂક્ષ્મ છે એ આખાલોકમાં હોય. આહાહા..! '**ઈતરનિગોદબાદર...** ' એ પણ આધાર હોય ત્યાં હોય. '**ઔર પ્રત્યેકવનસ્પતિ...** ' આ લીમડા, પીપળા. '**યે જહાં આધાર હૈ વહાં હૈં.**' ઓલા સૂક્ષ્મને કોઈ આધારની જરૂર નથી. એ તો આખા લોકમાં ભર્યા છે, ખીચોખીચ. આ અંગુલના અસંખ્યમા ભાગમાં અનંતાજીવ અહીંયા

ભગવાનસ્વરૂપે બિરાજે છે. આહાહા..! કહો, આ અંગુલનો અસંખ્યમો ભાગ, હોં! ત્યાં અનંતા સૂક્ષ્મજીવો બિરાજે છે. દરેક ભગવાનસ્વરૂપ છે. આહાહા..! આ વિશાળદષ્ટિ. સમજાણું કાંઈ? બધા ધર્મ સરખા છે તે વિશાળદષ્ટિ એમ કહે છે લોકો. વિશાળદષ્ટિ છે કે એકાંતદષ્ટિ છે? આહાહા..!

શ્રીમદ્ તો સમભાવની વ્યાખ્યા કરતાં એમ પણ કહ્યું સમભાવ આવે છેને? શું શ્લોક? 'સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ'. સમદર્શિતાની વ્યાખ્યા કરી શ્રીમદ્ કે સમદર્શિતા એટલે બધાને સરખા માનવા ઈ? ના. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર તરીકે જણાવે. એ સમભાવમાં એ વિષમભાવ નથી. સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રને બરાબર જણાવે. આહાહા..! સમજાણું કાંઈ? એ સમભાવ છે. બધા સરખા માનવા એ તો મૂર્ખાઈ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આપે તો કીધું, બધા જીવ સરખા છે.

ઉત્તર :— એ કઈ રીતે? એ તો સ્વભાવની અપેક્ષાએ. પણ ધર્મ બધા સરખા છે વેદાંત ને આ બધા, એમ ક્યાં છે? સમજાણું કાંઈ? એક ન્યાય ફરતા આખો ન્યાય ફરી જાય છે.

કહે છે, સમભાવમાં તો બધું કહે. દેવને દેવ સિદ્ધ કરે, સત્‌દેવને. સત્‌શાસ્ત્રને સત્‌શાસ્ત્ર કહે, સદ્‌ગુરુને સદ્‌ગુરુથી ઓળખાવે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને ઉત્થાપે. એ સમભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! છદ્મસ્થ છે એટલે જરી આ નહિ, એમ થતાં એવો વિકલ્પ ઉઠે છે પણ એ વિકલ્પ તો જાણવાલાયક રહ્યો છે. સમજાણું કાંઈ? આ ખોટું છે. રાગી છે ને એટલે જરી, આ છે આ, ત્યાં રાગનો અંશ છે. આ નથી, આ ખોટું છે, એ દ્વેષનો અંશ છે. પણ છતાં એ સમભાવમાં રહીને એ વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે.

જ્યાં આધાર હોય ત્યાં બાદર હોય એમ કહેવું છે. સૂક્ષ્મ છે એને આધારની જરૂર નથી. ચૌદરાજુલોકમાં ઠાંસોઠાંસ ભર્યા છે. હીરો હોય છેને મજબુત? તો એનામાં ન્યાં અંદર સૂક્ષ્મ જીવ છે. આ ભીંત છે ને? ભીંત. આરસપહાણની ભીંત એના અંદરમાં સૂક્ષ્મ જીવ છે અનંત. આરસપહાણની જાતથી જુદી જાત. આહાહા..! આખા લોકમાં છેને. આહાહા..! જુઓ! આ લાકડી છે તેની અંદરમાં પણ છે. આ આંગળી છે એની અંદરમાં અનંત છે.

મુમુક્ષુ :— રોટલીના બટકામાં?

ઉત્તર :— રોટલીના બટકામાં શું, બધા ક્ષેત્રમાં છે. રોટલીમાં નહિ. પણ રોટલી જ્યાં છે ત્યાં એના સ્થાનમાં અનંતા જીવ છે. રોટલીમાં એમ નહિ, રોટલીના ક્ષેત્રમાં. આહાહા..! આવો તો માર્ગ તો જુઓ! આહાહા..! વીતરાગ પરમેશ્વર, લોકોને બિચારાને મળ્યું નથી ને. પછી આ એવું લાગે કે અરે..! એકાંત છે, એકાંત છે. આહાહા..! લખે છે, શાહૂજીને લખે છે, તમે અમને બધાને કહો છો પણ ત્યાં પણ સલાહ આપોને કે આવું ખોટું કરે છે એકાંતનું. એમ. બાપુ! ક્યાં છે ભાઈ? એકાંત કોને કહેવું?

અહીંયા તો ભગવાન એકાંતમાં પરમાત્મસ્વરૂપે જણાય છે, કહે છે. એ નિશ્ચયનયના વિષયમાં તો આ એકાંત જ છે. આહાહા..! વ્યવહારનયનો વિષય ભેળવે ત્યારે અનેકાંત થાય છે. પણ

અનેકાંત તો બે ભળ્યા માટે અનેકાંત થયું. એથી કરીને પર્યાય દ્રવ્યમાં છે એમ અનેકાંત નથી થયું. પર્યાય પર્યાયમાં છે એમ જાણીને દ્રવ્યમાં નથી એમ અનેકાંત થયું છે. એમ વ્યવહાર વ્યવહારમાં છે એમ રાખીને નિશ્ચયમાં નથી એમ અનેકાંત થયું છે. પણ વ્યવહાર વ્યવહારથી પણ નિશ્ચય થાય અને નિશ્ચયથી થાય એ અનેકાંત, એમ નથી. આહાહા..! શું થાય? કહેતા હતા ઈ, આવ્યા હતાને ઈ, જુગલકિશોર, દિલ્હીથી. જુગલકિશોરને? મુખત્યાર, જુગલકિશોર મુખત્યાર. આ જુગલકિશોર કોટાના ઈ જુદા. ઓલા મુખત્યાર હતા. પાણી અગ્નિને લઈને ઊનું થયું એ દષ્ટઈષ્ટ છે. પ્રત્યક્ષ દેખાય છે અને તમે એનો નિષેધ કરો છો. એમ કહે છે. દષ્ટઈષ્ટ. ભગવાન! એ પાણી ઊનું થયું છે એ તો પોતાની પર્યાયથી થયું છે, અગ્નિ તો એને અડીયે નથી. આહાહા..! જેની પર્યાયમાં અગ્નિના પર્યાયનો અભાવ છે. એ અભાવ છે એને લઈને ઊનું પાણી થાય? આહાહા..! આવી વાતું ભારે પડે. આ તો અંદર સૂક્ષ્મપણે છે એનું સ્પષ્ટીકરણ છે. એટલે આ બધું લખીને ઝેરવાળું પુસ્તક કરી નાખ્યું, એમ લખ્યું છે. બાપુ! એમ નથી ભાઈ! તને ન બેસે એટલે એમ થઈ ગયું? આહાહા..!

'**સો કહાં પાયે જાતે હૈં, કહીં નહીં પાયે જાતે,...**' કોણ? બાદર. સૂક્ષ્મ છે એ આખા લોકમાં છે. અને બાદર ક્યાંક હોય અને ક્યાંક ન હોય. '**પરંતુ યે ભી બહુત જગહ હૈં.**' ઘણી જગ્યાએ છે બાદર. પૂર્ણ બધે નહિ. સૂક્ષ્મ છે તે આખા લોકમાં છે. ઠાંસીને ભરેલા છે ભગવાન બધા. આહાહા..! ઓલો કહે કે ઈશ્વર એક છે. જો બીજો ઈશ્વર થાય તો મતભેદ થાય. વરસાવો છો કે નથી વરસાવો? લ્યો એવી ચર્ચા. એક ઈશ્વર કહે કે વરસાદ વરસાવો. માટે ઈશ્વર એક જ છે, બે નહિ. વરસાદ વરસાવવાનું કોણ વરસાવે? અનંતા ઈશ્વર છે સ્વભાવે, શક્તિએ, સામર્થ્યે. આહાહા..! આહાહા..!

'**ઈસપ્રકાર સ્થાવર તો તીનોં લોકોમેં પાયે જાતે હૈં,...**' છે ને? ભલે ઓલા પૂર્ણ રીતે પામે અને બાદર કોઈક કોઈક જગ્યાએ છે, પણ છે ત્રણે લોકમાં. બાદર પણ ત્રણેલોકમાં છે. ત્રણલોકમાં પૂરા ક્ષેત્રમાં નહિ. સમજાણું કાંઈ? અને સ્થાવર જે સૂક્ષ્મ છે ઈ ત્રણલોકમાં પૂરા આખાલોકમાં (છે). જુઓ! અહીં પાછા ત્રણ ભેગા કર્યા, ભેગા કર્યા એટલે ત્રણલોક ભેગા કર્યા. આખાલોકમાં બાદર છે એમ નહિ, ત્રણલોકમાં છે. મધ્ય તીરછામાં ક્યાંક ક્યાંક છે. મધ્યમાં પણ છે, ઊર્ધ્વમાં પણ છે અને અધોમાં પણ છે. આહાહા..!

પછી '**દોઈંદ્રી,...**' ઈયળ આદિ. '**તેઈંદ્રી, ચૌઈંદ્રી, પંચેંદ્રી તિર્યંચ યે મધ્યલોકમેં હી પાયે જાતે હૈં,...**' પેલા બાદર છે ઈ ત્રણેલોકમાં થોડા થોડા હોય છે. અને આ છે તે '**મધ્યલોકમેં હી પાયે જાતે હૈં,...**' બસ, વચલા લોકમાં. '**અધોલોક, ઊર્ધ્વલોકમેં નહીં.**' બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ એ અધોલોકમાં નથી, ઊર્ધ્વલોકમાં નથી. '**ઉનમેંસે દોઈંદ્રી, તેઈંદ્રી, ચૌઈન્દ્રી જીવ કર્મભૂમિમેં હી પાયે જાતે હૈં,...**' કર્મભૂમિ છેને આ, એમાં હોય. '**ભોગભૂમિમેં નહીં.**' જુગલિયામાં નહિ. ભોગભૂમિમાં જુગલિયા છેને? દેવકુરુ, ઉત્તરકુરુના ત્યાં બેઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય નથી. આહાહા..! '**ભોગભૂમિમેં ગર્ભજ પંચેંદ્રી સૈની થલચર...**' ભોગભૂમિ જુગલિયા.

**'ગર્ભજ પંચેંદ્રી સૈની થલચર યા નભચર યે દોનોં જાતિ—તિર્યંચ હૈં.'** તિર્યંચ હોય છે ત્યાં. દેવકુરુ, ઉત્તરકુરુ. હરિવંશ, કુરુવંશ છે ને છ? ત્યાં **'પંચેંદ્રી સૈની થલચર યા નભચર યે દોનોં જાતિ—તિર્યંચ હૈં. મનુષ્ય મધ્યલોકમેં ઢાઈ દ્વીપમેં પાયે જાતે હૈં, અન્ય જગહ નહીં,...'** લ્યો. નભચર કીધુંને. સ્થળચર અને નભચર બેય છે ત્યાં ભોગભૂમિમાં.

**'દેવલોકમેં સ્વર્ગવાસી દેવ-દેવી પાયે જાતે હૈં,... '** દેવલોકમાં દેવ-દેવી છે. **'અન્ય પંચેંદ્રી નહીં,...'** મનુષ્ય અને તિર્યંચ ત્યાં નહિ. **'પાતાલલોકમેં ઊપરકે ભાગમેં ભવનવાસીદેવ તથા વ્યંતરદેવ ઔર નીચેકે ભાગમેં સાત નરકોંકે નારકી પંચેંદ્રી હૈ, અન્ય કોઈ નહીં...'** ત્યાં કોઈ મનુષ્ય અને દેવાદિ છે નહિ. **'મધ્યલોકમેં ભવનવાસી વ્યંતરદેવ તથા જ્યોતિષીદેવ યે તીન જાતિકે દેવ ઔર તિર્યંચ પાયે જાતે હૈં. ઈસપ્રકાર ત્રસજીવ કિસી જગહ હૈં, કિસી જગહ નહીં હૈં.'** આહા..! **'ઈસ તરહ યહલોક જીવોંસે ભરા હુઆ હૈ. '** આહાહા..! **'સૂક્ષ્મસ્થાવરકે બિના તો લોકકા કોઈ ભાગ ખાલી નહીં હૈ, સબ જગહ સૂક્ષ્મસ્થાવર ભરે હુએ હૈં.'**

**'યે સભી જીવ...'** આહાહા..! **'શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર શક્તિકી અપેક્ષા કેવલજ્ઞાનાદિ ગુણરૂપ હૈં.'** લ્યો. બધા જીવો શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી.. આહા..! શુદ્ધ પારિણામિક સહજ ભાવથી અનંત કેવળજ્ઞાનાદિ ગુણરૂપ બિરાજમાન છે. આહાહા..! કેવળજ્ઞાન પર્યાય નહિ. કેવળજ્ઞાનાદિ ગુણરૂપે બધા બિરાજમાન છે. પરમભાવ ગ્રાહક સ્વભાવ. આહાહા..! એ રીતે બધા જીવને સમાન જાણ. આ રીતે શક્તિના સ્વભાવની અપેક્ષાએ. વિશેષ કહેશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૧૩, રવિવાર
## તા. ૨-૧-૧૯૭૭, ગાથા-૧૦૭, ૧૦૮,
## પ્રવચન નં. ૧૭૫

પરમાત્મપ્રકાશ છે આ. ૧૦૭ ગાથા ચાલે છેને? અહીં આવ્યું છે. જગતમાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય આદિ અનંતજીવો છે. એ બધા જીવ, એનો દરેક જીવનો સ્વભાવ છે એ પરમઆનંદ ને પરમશાંતિ ને પરમજ્ઞાનસ્વભાવ છે. એથી **'યે સભી જીવ શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક...'** એનો જે કાયમી શુદ્ધધ્રુવ પરમસ્વભાવભાવ સહજભાવની દૃષ્ટિથી જોઈએ તો **'શક્તિકી અપેક્ષા કેવલજ્ઞાનાદિ ગુણરૂપ હૈં.'** કેવળજ્ઞાન-એકરૂપ જ્ઞાન, એકઆનંદ, એકશાંતિ એકરૂપ એવા ગુણરૂપ દરેક આત્મા છે. આહા..!

આ આત્મા છે એ અનંતગુણનું નિધાન છે. પર્યાયબુદ્ધિએ અનાદિકાળથી રખડે છે. એકસમયની

અવસ્થા અને એમાં થતા રાગ-દ્વેષ એને આધીન થઈ ચાર ગતિમાં અવતાર કરીને દુઃખી છે ઈ. એ દુઃખથી મુક્ત થવું હોય તો એને અનંતજ્ઞાનથી ભરેલો ભગવાન.. આ ઝીણી વાત છે ભાઈ! અંતર આત્મા અનંતજ્ઞાનનો ગર્ભ છે અંદર, વસ્તુ છે. આહાહા..! અનંતશાંતિ, અનંતઆનંદ... શાંતિ એટલે વીતરાગતા, અનંતસ્વચ્છતા, અનંતઈશ્વરતા એવા અનંતગુણસંપન્ન ભગવાનઆત્મા છે. દરેકનો. આહા..! આ વાત બેસવી... સમજાણું કાંઈ? અને એ દૃષ્ટિ થયે તેનું કલ્યાણ થાય એવું છે. બાકી લાખ ક્રિયાકાંડ કરે, દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા એ બધા શુભભાવ ભવનું કારણ છે. ભવના અભાવનું કારણ ભગવાનઆત્મા અનંત અનંતશક્તિનો સાગર છે ઈ. કેમ બેસે? કોઈ દિ' નજર કરી નથી.

એકસમયની વર્તમાન દશાની પાછળ એક ધ્રુવતત્ત્વ છે વસ્તુ પોતે, એની એણે અનંત કાળમાં નજર કરી નથી. સાધુ થયો, પંચમહાવ્રત લીધા, પાળ્યા એવું અનંતવાર કર્યું. પણ આ વસ્તુ છે આનંદકંદ પ્રભુ સાક્ષાત્ પરમબ્રહ્મ ભગવાનઆત્મા.. આહાહા..! એનું એને માહાત્મ્ય અને એની એને મોટપ સૂઝમાં ન આવી. હેં! આહાહા..! એને આ શરીર ને પર્યાય ને રાગ ને એની મહત્તા અને મોટપ નજરમાં આવી. આહાહા..!

એથી અહીં કહે છે, સર્વજીવ શક્તિની અપેક્ષાએ—એના સ્વભાવની અપેક્ષાએ—એના ગુણના સામર્થ્યની અપેક્ષાએ આહાહા..! '**કેવલજ્ઞાનાદિ ગુણરૂપ હૈં.**' આહાહા..! જેમ લીંડીપીપર એના સ્વભાવથી જોઈએ તો ચોસઠ પહોરી શક્તિનો સ્વભાવ છે એનો. લીંડીપીપર કદે નાની, રંગે કાળી પણ એનો સ્વભાવ ચોસઠ પહોરો એટલે રૂપિયે રૂપિયો તીખો રસ ભર્યો છે એમાં. આહાહા..! ખરી પીપર તો એને કહીએ કે જે ચોસઠ પહોરો તીખોરસ અને લીલો રંગથી ભરેલું તત્ત્વ તેને ખરેખર પીપર કહીએ. એનો રંગકાળો ને કદેનાની એ કંઈ એનું મૂળ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

એમ આ ભગવાનઆત્મા એની પર્યાયમાં, કહેશે હમણાં, વ્યવહારનયથી છે? અહીંયા આવશે. '**ઈસલિયે યદ્યપિ યહ જીવ-રાશિ વ્યવહારનયકર કર્માધીન હૈ,...**' આહાહા..! એટલે શું? એની વર્તમાન પર્યાય—અવસ્થામાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન જોઈએ ભઈ એને. આ તત્ત્વની દૃષ્ટિ સમજવા માટે તો એને દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું (સમજવું જોઈએ). દ્રવ્ય એટલે આત્મા જે અનંતગુણનોપિંડ તે દ્રવ્ય. અને ગુણ એટલે એની શક્તિ જે જ્ઞાન, દર્શન પૂર્ણ તે એનો ગુણ અને વર્તમાન થતી હાલત-દશા તે તેની પર્યાય. એ પર્યાય વ્યવહારનયથી કર્મને આધીન—પરદ્રવ્ય છે તેને આધીન થઈને એ આધીન થવું એ એનો ધર્મ છે. શું કીધું ઈ? પર્યાયનો... વાત તો વીતરાગની ઝીણી છે ભાઈ! લોકો બહારથી માનીને બેઠા છે કે આ ધર્મ છે. એ ધર્મ નથી બાપુ! ધર્મ ઝીણી ચીજ છે ભાઈ!

ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંતગુણે બિરાજમાન બધા ભગવાનઆત્મા છે. પરમબ્રહ્મ છે, પરમવિષ્ણુ છે, પરમશંકર એટલે પરમસુખરૂપ છે. આહાહા..! એના સત્ત્વને એ રીતે ન જાણતાં અનાદિથી વ્યવહારનયકર, છે? '**કર્માધીન હૈ,...**' આહાહા..! એનો વર્તમાન પર્યાય એટલે

અવસ્થા કર્મ જે જડ છે એને વશ થયેલી એની દશા છે. આહાહા..! એ કર્મે એને વશ કર્યો નથી. એની પોતાની પર્યાયનો—અવસ્થાનો એક ધર્મ એવો છે, ધર્મ એટલે એની લાયકાત કે જે નિમિત્તને આધીન થવું. નિમિત્ત એને આધીન કરતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? નિમિત્ત શું ને આ શું? આવી વાતું હવે. ભગવાન! માર્ગ વીતરાગનો જિનેશ્વરદેવનો માર્ગ કોઈ અપૂર્વ અલૌકિક છે. વાડામાં પડ્યા એને એની ખબરું ન મળે. સમજાય છે કાંઈ?

એ ભગવાનઆત્મામાં બે પ્રકાર. એક, વસ્તુએ પરમબ્રહ્મ પરમાનંદસ્વરૂપ પોતે છે. અને અનાદિથી વર્તમાન દશામાં કર્મ જડ છે તેને આધીન થઈને વિકારના ભાવ જે ઉત્પન્ન થયા છે એ છે એની દશામાં. સમજાણું કાંઈ? એ કીધું, પરાધીન હૈ. જોયું! પણ પરાધીન એટલે કર્મે એને પરાધીન કર્યું છે એમ નહિ. પોતે નિમિત્તને આધીન અનાદિથી સ્વભાવનું ભાન નથી. આહાહા..! હું એક પરમબ્રહ્મ આનંદનોનાથ અતીન્દ્રિયઆનંદનો દરિયો છું. આહાહા..! 'શુદ્ધ ચેતનાસિંધુ હમારો રૂપ હૈ'. આહાહા...! ભગવાનઆત્મા... દેહને ભૂલી જા, ભગવાન! દેહ તારો નથી, કર્મ તારા નથી, અંદર પુણ્ય અને પાપના વિકલ્પો થાય, પ્રભુ! એ તારા નથી, તારામાં નથી. આહાહા..! એક સમયની વર્તમાન પર્યાય જે છે એ પોતે પરને આધીન થાય છે એ તારું સ્વરૂપ નથી. આહાહા...! તારામાં છે. સમજાણું કાંઈ? આ તો વીતરાગ જિનવરપરમાત્મા કેવળજ્ઞાનીનો માર્ગ ભાઈ સૂક્ષ્મ છે. પ્રભુ! એને અનંતકાળમાં એની પ્રભુતા એને ભાસી નથી. એને નિમિત્તાધીન થવું એ વસ્તુનો એણે ભાસ કર્યો છે. તો એ છે ખરી. પણ એ સંસાર છે, એ બધું પરિભ્રમણ છે. આહાહા...!

૪૭ નયમાં આવ્યુંને? ભાઈ! ઈશ્વરનય. એક એનો ઈશ્વરનયનો ધર્મ છે, એનો એ સ્વામી છે આત્મા. આહાહા...! એકકોર એમ કહે કે વિકારનો સ્વામી કર્મ છે. ૭૩ ગાથા. એ બીજી અપેક્ષા છે ત્યાં. વસ્તુ છે ચિદાનંદભગવાન આનંદસ્વરૂપ અતીન્દ્રિયઆનંદનું ચોસલું છે, એ તો દળ છે. પરમઆનંદસ્વરૂપ છે, પરમજ્ઞાનસ્વરૂપ છે, પરમશાંતિ.. શાંતિ.. શાંતિ.. એવી પરમશાંતિના સાગરરૂપ આત્મા છે. એવી એને દૃષ્ટિ અનાદિથી નથી તેથી તે પર્યાયમાં સ્વલક્ષને ન લેતાં, પર્યાયમાં પરલક્ષ લઈને, આહા..! આવા કારણ હવે. પરલક્ષ લઈને પરાધીન થયેલ છે. કહો, સમજાય છે કાંઈ? એ મિથ્યાદૃષ્ટિ જેને સમ્યક્ ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાનંદનોનાથ ભગવાનસ્વરૂપે પરમાત્મા બધા આત્માઓ છે. આહાહા..! આ બધા શરીર, વાણી, મન ને આ બધું એ તો ફાસફૂસ, જગતના હાડકાના ફાસફૂસ છે. આહાહા..! સમજાણું કાંઈ?

પ્રભુ અંદરઆત્મા તો શક્તિએ—સ્વભાવે—સામર્થ્યે—ગુણે—સત્ત્વે—સત્ છે તેનું સત્ત્વ આહાહા..! એનો કસ છે. આહા..! એ તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતવીતરાગતાના સ્વભાવનો પિંડ પ્રભુ છે. એની દૃષ્ટિ કરાવવા એને કહે છે કે તું ભગવાન પરમબ્રહ્મ છોને પ્રભુ! એનો સ્વીકાર કરને. કલ્યાણ તારું થશે. સંસારથી તું ઉગરીશ, નીકળી જઈશ. આહાહા..! પણ એવી ચીજની શક્તિનો એને ભરોસો અંતરમાં આવતો નથી. બહારની ચીજનો ભરોસો એને. હેં! એક તાવ ચડ્યો હોય એને એક ક્વિનાઈન લેશે તો તાવ મટી જશે એવા એને

ભરોસા. રોટલા ખાઈશ તો ભૂખ મટી જશે એવા એના ભરોસા. અંદર ભાળતો નથી કે કેમ રોટલા જાય છે અને શું થાય છે. હેં! આહાહા..!

મુમુક્ષુ :— ઈ એમાં ક્યાં ગરી જાય છે.

ઉત્તર :— છતાં એને ઈ ભરોસો કે આ ભૂખ મારે આને લઈને ભાંગશે, આને લઈને તાવ મટી જશે, ફલાણું ખાશું તો આમ થશે, પાણી પીશું તો તૃષા મટી જશે, આહા..! એના ભરોસા. પણ ભગવાન ત્રણલોકના નાથ આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ સર્વજ્ઞજિનવરદેવે કહેલો.. લોકો સચ્ચિદાનંદ કહે છે સ્વામીનારાયણમાં એ બધી જુદી વસ્તુ. ઈ માંગવા આવેને ભાઈ, અમે તો ઓલા બોટાદની જોડે ખરુંને સ્વામીનારાયણનું ઘર જોડે છે એમાં ઓલા સાધુ આવે એને, સચ્ચિદાનંદ એમ બોલે. સચ્ચિદાનંદ કોને કહેવા એ (ખબર ન હોય). ભગવાન સચ્ચિદાનંદ હશે કોઈક.

આ તો સત્ સત્ છે ચિદાનંદ—જ્ઞાન અને આનંદનું પૂર્ણ સ્વરૂપ. ભાઈ! તને કોઈ દિ' બેઠું નથી. તું કેવડો ને કેવડો અને ક્યાં છો એ વાતની તને ખબર નથી. એથી તારી ખબરું બધી પરમાં ગઈ. બેખબરો થયો. બેખબર એટલે? ડબલ ખબર હશે? બેખબર એટલે ખબર વિનાનો. અરે પ્રભુ પોતે આનંદનો નાથ પૂર્ણઆનંદનો આહાહા..! સમજાણું કાંઈ? એવો અતીન્દ્રિયઆનંદનો સ્વભાવ સાગર તેને આત્મા કહે છે. એ આત્મા અનાદિથી વર્તમાનપર્યાય એટલે વ્યવહારનયે કર્મને, પરને આધીન થઈને ચારગતિમાં રખડે છે. સમજાણું કાંઈ? કહ્યુંને?

ઈશ્વરનય એટલે પર્યાયમાં એનો ધર્મ છે. ધર્મ એટલે એની લાયકાત છે કે નિમિત્તને આધીન થાવું. આહાહા..! અથવા આત્મામાં એક અશુદ્ધનયનો ધર્મ છે એક. અશુદ્ધ આવે છેને ભાઈ પાછળ, ૪૭નયમાં. અનેકરૂપે દેખાવું એ અશુદ્ધનયનો વિષય છે. ભગવાન અનેકરૂપે દેખે પર્યાયવાળો ને રાગવાળો ને અશુદ્ધવાળો ને ભેદવાળો આહાહા..! એવો પણ એક અશુદ્ધનયનો એનો એક ધર્મ છે. જ્ઞાનચંદજી! એનો પોતાનો હોં! પરને લઈને નહિ. આહાહા..! એ પર્યાયનો એવો એનું અનેકપણું ભાસવું એવો એક એનો પર્યાયનો ધર્મ છે. પણ એ વાસ્તવિક એનું ત્રિકાળીસ્વરૂપ એ નહિ. આહાહા..! ત્રિકાળી અનંતઆનંદના ધામના નિધાનને જોયા વિના એનું સમ્યગ્દર્શન થાય નહિ. એને સત્ય જેવી ચીજ છે તેવું દર્શન થાય નહિ. જેવું સત્ય છે તેના ઉપર તેને ભરોસો આવે નહિ અને એના વિના જન્મ-મરણનો અંત એને આવે નહિ. આહાહા..! દેવીદાસજી! આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે બાપુ, જરી ઝીણો છે ભાઈ! આહાહા..! બહારથી આ ક્રિયા દયા પાળી ને વ્રત કર્યા ને અપવાસ કર્યા ને જાત્રાઓ કરી ને ભક્તિ કરી માટે ધર્મ થયો, એ ત્રણકાળમાં ધર્મ નથી. એ તો શુભભાવ પુણ્યની ક્રિયા છે. આહાહા..! એ પણ નિમિત્તને આધીન થઈને પોતાની પર્યાયમાં કરે છે એ એનો સ્વામી જીવ પોતે છે. આહાહા..! પણ એનું સ્વામીપણું છોડી દઈને ત્રિકાળ આનંદનાનાથનું સ્વામીપણું કરવું એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યફ્જ્ઞાન છે. આહાહા..! આવો ધર્મ કેવો હશે આ? જિનવરનો ધર્મ આવો હશે? જિનવરમાં તો છકાયની દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા (એ હોય). અરે ભગવાન! તને ખબર નથી ભાઈ! એ તો બધી શુભરાગની

વાતું છે. એ ધર્મ નહિ. આહાહા..! બાપુ! ધર્મના મોઢા મોટા છે. મોટો પ્રભુ અનંતઆનંદનો એ કહે છે જુઓ! આહાહા..!

'તો ભી...' કર્મને આધીન પર્યાયમાં થવા છતાં '**નિશ્ચયનયકર શક્તિરૂપ પરમબ્રહ્મસ્વરૂપ હૈ.**' આહાહા..! એની શક્તિ અને સામર્થ્ય, જેમ પીપરનું કહ્યું, લાખ કરોડ પીપર હો પણ એક એક પીપરમાં અંદરમાં ચોસઠ પહોરી તીખો રસ પડ્યો છે. ચોસઠ પહોરી એટલે? ચોસઠ પૈસા એટલે સોળ આના એટલે એક રૂપિયો એટલે પૂરું. આહાહા..! એ પીપરમાં પૂરેપૂરો સોળ આના રૂપિયો રસ પડ્યો છે તો એ ઘૂંટે ત્યારે બહાર આવે છે, પ્રગટ થાય છે. એમ ભગવાનઆત્મા અનંતઆત્માઓ છે. જેમ લાખ કરોડ પીપર હોય એમ અનંતઆત્માઓ છે. દરેક આત્મા પરમબ્રહ્મસ્વરૂપ છે. આહાહા..! અન્યમતિ કહે છે પરમબ્રહ્મ એ નહિ હોં! એ તો પરમબ્રહ્મસ્વરૂપ વ્યાપકને પરમબ્રહ્મ કહે છે. એ નહિ. આ તો સર્વજ્ઞજિનવરદેવે પરમેશ્વરે કેવળજ્ઞાનમાં જોયું છે. સમજાણું કાંઈ? એ તો કહ્યું હતું એકવાર, નહિ?

પ્રભુ તુમ જાણગ રીતિ, સર્વજ્ઞ પરમેશ્વરને કહે છે,

પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ,
નિજસત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ..

હે ત્રિલોકનાથ સર્વજ્ઞપરમેશ્વર જિનરાજ! આપ જ્ઞાનમાં ત્રણકાળ અને ત્રણલોક જાણો છો. એમ આ આત્માને નિજસત્તા નામ પોતાના હોવાપણે શુદ્ધ અને પવિત્ર છે એમ આત્મા તમે જુઓ છો. આહાહા..! ભગવાનઆત્મા એકલો પવિત્રતા—જ્ઞાનપવિત્ર, દર્શનપવિત્ર, આનંદપવિત્ર એવી પૂર્ણ ગુણની અનંતગુણની રાશિ, અનંતગુણનું ગોદામ.. આહાહા..! આ મુંબઈમાં મોટા ગોદામ નથી હોતા? એક ફેરી માલ લેવા ગયા હતા. ઓલા શું કહેવાય? કેસર કેસર. કેસરના ડબ્બા. મોટી વખાર. માલ લેવા જતાને, પાલેજથી દુકાનથી. એ ૧૯૬૪-૬૫-૬૬ની વાતું. સંવત—૧૯૬૪-૬૫-૬૬. છેલ્લી ૬૮. મોટું ગોદામ. ઓહોહો..! ડબ્બા, હજારો કેસરના ડબ્બા. તે દિ' તો સોંઘુ હતુંને. હવે મોંઘુ થઈ ગયું કહે છે. આ તો અનંતગુણનું ગોદામ ભગવાનઆત્મા. અનંત ડાબલા ત્યાં હોય નહિ કાંઈ. આહાહા..! હેં! આહાહા..!

અનંતજ્ઞાન, અનંતઆનંદ એવો સ્વભાવ, અનંતગુણનો ડાબલો પોતે અનંતગુણનું ગોદામ છે આત્મા. આહાહા...! અરે..! એની મોટપ કેમ બેસે? આહાહા...! જ્યાં સિગારેટ એક-બે પીવે ત્યાં આમ શું કહેવાય ઈ? મજામાં આવી જાય આમ જાણે. ટેસ ટેસ. ભૂલી જવાય છે તમારા શબ્દ. સિગારેટ પીવે તો ટેસ આવી જાય. અર..ર..ર..! પામરતા, તારી ભિખારી દશા તો જો તું. તમાકુની બીડી (પીધી) ત્યાં ટેસ ચડી ગયો. અરર..ર..! એ ચા જ્યાં અધશેર પીવે સવારમાં.. મગજ તાજુ થઈ ગયું. અરે ભગવાન! શું થયું તને આ? બાપુ! તું કોણ છો? ક્યાં તું તારી તૃપ્તિ માનીને બેઠો પ્રભુ? આહાહા..!

'**નિશ્ચયનયકર શક્તિરૂપ પરમબ્રહ્મસ્વરૂપ...** ' પ્રભુ આત્મા છે. આહાહા..! નિશ્ચય

એટલે સત્યદૃષ્ટિથી જોઈએ તો. એમ. વ્યવહાર એટલે ઉપચારિક દૃષ્ટિથી જોઈએ તો તે કર્મને આધીન છે. આહાહા..!

મુમુક્ષુ :— કરવું શું?

ઉત્તર :— આ કરવાનું નથી? અંદર છે એમ માનવું એ કરવું નથી? માન્યું છે કે દિ'? આવો છે એવી માન્યતા તે જ ધર્મ—સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! લોકોને શું સમ્યગ્દર્શન અને શું એનો વિષય અને એ ચીજ કેટલી, કાંઈ ખબરું ન મળે અને એ ચાલતી નથી અત્યારે તો. સંપ્રદાયમાં તો આ, સામાયિકમાં કહે, સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો, કંદમૂળ છોડો, અપવાસ કરો. દેરાવાસીમાં આ ભક્તિ કરો, જાત્રા કરો, સિદ્ધચક્રની પૂજા કરો. દિગંબરમાં આ લૂગડા છોડો ને આ છોડો. અરે ભગવાન! આહા...!

મુમુક્ષુ :— દિગંબર ધર્મ સાચો છે.

ઉત્તર :— ઈ ધર્મ પણ ક્યો? એ આત્મા જે વિકલ્પની લાગણી વિનાનો પરમબ્રહ્મ ભગવાન એ દિગંબર આત્મા છે, તેની દૃષ્ટિ કરવી તે દિગંબર ધર્મ છે. સમજાણું કાંઈ? છે?

એ જેમ ચોસઠપહોરી પીપર તીખાશથી ભરેલી છે ત્યારે ઘૂંટે ત્યારે ચોસઠપહોરી તીખાશ બહાર આવે છેને? આવી ક્યાંથી? ઘૂંટવાથી આવી? ઘૂંટવાથી આવે તો કોલસા ઘૂંટી નાખેને. એમાં હતી તે આવી. પ્રાપ્તની પ્રાપ્તિ છે. આહાહા..! એ ચોસઠપહોરો તીખોરસ અંદરમાં પૂર્ણ ભર્યો છે. ભલે કદેનાની અને રંગેકાળી છતાં એનું સામર્થ્ય તો પૂર્ણ છે અંદર. એમ આ ભગવાનઆત્મા, આહાહા..! પર્યાયમાં—એની અવસ્થામાં રાગ ને દ્વેષ ને વિકાર ભાસે છે, છે, છતાં વસ્તુ તરીકે છે એમાં પૂર્ણ ચોસઠપહોરો એટલે રૂપિયે રૂપિયો આનંદ, પૂર્ણસ્વરૂપ, પૂર્ણસર્વઆનંદ, સર્વજ્ઞાન, સર્વશ્રદ્ધા, સર્વઅનુભવ અંતરશક્તિ હોં! એવી સર્વ સંપૂર્ણ અંદર શક્તિઓ પડી છે. આહાહા..! એની છતીને છતીને છતી તરીકે અંદર અનુભવવી એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? આવો ધર્મ ક્યાંથી? વળી કેટલાક કહે છે, આવો ધર્મ સોનગઢે નવો કાઢ્યો. અરે! નવો નથી બાપુ! તને ખબર નથી, ભાઈ! અનાદિનો વીતરાગ માર્ગ બાપુ!

મુમુક્ષુ :— પ્રગટ તો અહીંથી થયો.

ઉત્તર :— પ્રગટ એ તો ઉદ્‌ઘાટન કર્યું, પણ માલ તો આ છે કે નહિ? શેઠ પણ કહેતા નથી? ઉદ્‌ઘાટન કર્યું એમ કહે છે શેઠ. આહાહા..! આ છેલ્લી ગાથા છે આમાં. સોળવલું સોનું છે એ પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે એને બતાવનારી આ છેલ્લી સોળમી ગાથા છે. પંદર ગાથા થઈ ગઈ છે, આ સોળમી છે. ૧૦૭. ૧૦૭ પછી બીજો અધિકાર લેશે. ૨૧૪ ગાથા છે છેલ્લા અધિકારની. પહેલાની ૧૨૩ થઈ ગઈ. બીજાની આ ૧૦૭, ૧૦૭ બાકી છે હવે બીજા અધિકારની. આહાહા..! નીચે છે, આવશે પછી. આહાહા..!

'**ઈન જીવોંકો હી પરમવિષ્ણુ કહના,...**' વિષ્ણુ કોઈ જગતમાં વ્યાપક બીજો આત્મા છે એમ નહિ. આ ભગવાન જ પરમ વિષ્ણુ છે. આહાહા..! અનંતગુણમાં વ્યાપક એવો ભગવાનઆત્મા,

એને અહીંયા આત્માને પરમ વિષ્ણુ કહે છે પરમાત્મા. કોઈ વિષ્ણુ જગતનો કર્તા છે એવું કંઈ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? અરિહંત અને પરમાત્મા સર્વજ્ઞ જિનવર થયા, અનંતાસિદ્ધ થયા, અરિહંત પણ લાખો કેવળીઓ મહાવિદેહમાં બિરાજે છે. તીર્થંકરો વીસ છે. કેવળીઓ લાખો છે, સિદ્ધો અનંત છે. એ બધી દશાને પ્રાપ્ત થયા ક્યાંથી? એ અંદરમાં છે એમાંથી આવી હતી. પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે તેમાંથી આવે છે. આહાહા..! એની ખબરું ન મળે અને ધર્મ કરો, ધર્મ કરો. ક્યાં ધર્મ પડ્યો છે ક્યાંય? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા...! સમેદશિખરની જાત્રા કરો ધર્મ થશે. એ સમેદશિખર તો આ છે.

અનંત અનંતગુણનો સાગર ભગવાનઆત્મા.. આહાહા..! સમજાણું કાંઈ? એમાં જાને, એમાં આરૂઢ થા એનું નામ જાત્રા છે. આહાહા..! દેવ પરમાત્મા દેવ તારો અંદર બિરાજે છે. એ દેવના દર્શન કર તો તને જાત્રા થાય. આહાહા..! આવી વાતું હવે, દુનિયાથી જુદી. પાલીતાણા જાત્રા કરીને આવ્યા હતાને, તંબોળી. તમારા બાપ. પછી અહીં કહ્યું, જાત્રા-બાત્રા એ પુણ્ય છે, ધર્મ નહિ. ભડક્યા. એ તો તમારી બાને લઈને બધું રહ્યું હતું. આહાહા..! એ ભડક્યા હતા. સ્વાધ્યાય મંદિરમાં આવ્યા હતાને? તાકડે અધિકાર આવો. બાપુ! એ પાલીતાણા ને ગિરનાર ને સમ્મેદશિખરની જાત્રા એ તો અશુભભાવથી બચવા માટે શુભભાવ છે. કંઈ ધર્મ છે અને એનાથી કલ્યાણ થાય (એમ નથી).

મુમુક્ષુ :— પણ જાત્રા કરી આવીએ ત્યાં સુધીના પાપ તો ધોવાઈ જાય.

ઉત્તર :— ધૂળેય પાપ ધોવાય નહિ. મિથ્યાત્વનું પાપ છે મોટું, ઈ પોપ ધોવાતું હશે ન્યાં? આહાહા..! મિથ્યાશ્રદ્ધા—મિથ્યાત્વ મોટું પાપ. મિથ્યાત્વ મોટો સંસાર, મિથ્યાત્વ મોટું પાપ, મિથ્યાત્વ મોટો આસ્રવ. આહાહા..! એને ધોવા માટે તો ભગવાન પૂર્ણાનંદના નાથનો.. એ આપણે આવી ગયુંને બપોરે, નહિ? ત્રિકાળી આનંદનાનાથનું અવલંબન લેતા નિજપદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો ત્યારે નાશ થાય છે એમ આવ્યું હતું. આવ્યું હતું? સમયસાર. આહાહા..! મિથ્યાત્વનો ભ્રમણાનો નાશ તો, પરમાત્મા પોતે આનંદકંદ નાથ એમાં જતાં તેનું આલંબન લેતા મિથ્યાત્વનો નાશ થાય છે. ભગવાન સાક્ષાત્ ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજે છે અત્યારે મહાવિદેહમાં એના શરણમાં જાય તો ત્યાં કાંઈ મિથ્યાત્વનો નાશ થાય એવું નથી. આહાહા..! સમજાણું કાંઈ? કારણ કે એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં તો તને રાગ જ થશે. ભલે શુભ થાય. આહાહા..! શુભ હોય છે. ધર્મીને પણ આત્માનું ભાન હોય એને અશુભથી બચવા માટે શુભ હોય છે. પણ એ શુભ ધર્મ નથી. વ્યવહાર છે. વ્યવહાર હોય છે પણ એ વ્યવહાર પુણ્યનું કારણ છે. આહાહા..! ભગવાનઆત્મા! આહાહા..! અરે..! એ ચોંટ લાગવી બાપા એ કંઈ ઓછી સાધારણ વાત નથી. હેં!

પરમબ્રહ્મસ્વરૂપ આહાહા..! એ જીવને પરમવિષ્ણુ કહેવામાં આવે છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એ આત્માને વિષ્ણુ કહેવામાં આવે છે. કોઈ વિષ્ણુ કર્તા જગતનો છે એમ છે નહિ.

આહાહા..! પરમવિષ્ણુ. પરમશિવ. શિવ એટલે શંકર. આ પરમશિવ આત્મા (છે). કોઈ શંકર બીજો છે એમ નથી. આહાહા..! તું હી બ્રહ્મા, તું હી વિષ્ણુ, તું હી શંકર. આહાહા..! કેમ બેસે? થોડી સાધારણ વાતમાં જ્યાં ઓલો થઈ જાય આહા..! એ આવે છે ભક્તામરમાં. તું હી બ્રહ્મા તું હી વિષ્ણુ. છે ને? સંસ્કૃતના પ્રોફેસર છે ને. આહાહા..!

કહે છે, પરમશિવ. નમોત્થુણંમાં આવે છે. શિવમયલ. નમોત્થુણંમાં આવે છે ને? નમોત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં એ સંઘવી? નમોત્થુણંમાં આવે છે પાછળ? શિવમયળનો અર્થ શિવમ એમ થાય છે. શિવમયળ, અચળં. શિવમં અચલં એ આવે છે. રોગ વિનાનો. નમોત્થુણંમાં આવે છે. એ શિવ એટલે આ. આહાહા..! નિરુપદ્રવ ચીજ છે. પરમઆનંદનો નાથ પૂર્ણશુદ્ધતાનો પિંડ પ્રભુ એને અહીં શિવ કહેવામાં આવે છે. કોઈ બીજો શંકર છે ને પાર્વતીનો ધણી છે ઈ અહીં નથી. સમજાણું કાંઈ? અહીં તો જિનવરદેવ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ સાક્ષાત્ મહાવિદેહમાં સીમંધર (ભગવાન બિરાજે છે). એની ટીકા કરે છે માણસ, લ્યો. ભગવાન છે ને મહાવિદેહમાં છે, આવું લખાણ લખવું ન જોઈએ. આવું હોય બાપુ? કોઈ નાગપુરનો છે માણસ. મોટું લખાણ આવ્યું છે જૈનમિત્રમાં. આ બધું સ્વર્ગ ને નર્ક બધું કાંઈ છે નહિ, બધી કલ્પનાઓ છે. અરર..ર..! ગજબ! આવા લખાણ. અત્યારે ખગોળ, ભુગોળની સાથે મેળવે. ભઈ, ખગોળ, ભૂગોળ મૂકને એકકોર. આહાહા..! વીતરાગ પરમાત્મા કહે છે એ વાતમાં ફેરફાર ક્યાંય નથી. સમજ્યા? તારી નજરુંમાં ફેરફાર છે ભાઈ! ઈ તો બધું સ્વર્ગ, નરક કાંઈ નથી. જગતનો અંત આવી જાય છે એમ કહે છે. અહીં દરિયો થયો એ અંત આવી ગયો. અરે.. પ્રભુ! મહાવિદેહ ને સીમંધર ભગવાન એમ કેટલાક કહે છે એ બધી કલ્પનાઓ છે. એમ કહે છે. અર..ર..ર..! પ્રભુ! શું કરે છે તું આ? આવું? આવું જૈનમિત્રમાં ન નાખવું જોઈએ. એ સ્વતંત્ર કોઈ નાસ્તિકપત્રમાં નાખે એ જુદી વાત. આ જૈનમિત્ર નીકળે છેને? સુરત. એવામાં ન નાખવું જોઈએ.

જૈનમાં તો જૈનની વાત જે પરમાત્મા એના અસ્તિની વાત નાખવી જોઈએ. તદ્દન નાસ્તિક. અરે..! આવી વાત. એ તો ત્યાં સુધી કહે છે કે આ દરિયાને આમ જોઈએ છીએ પછી તો અંત આવી જાય છે. ન્યાં વળી દ્વીપ ને ફ્વીપ કાંઈ નથી. અર..ર..! અરે..! તને ખબર નથી બાપુ! એ વહાણ આદિ જાય છે એની દિશાઓ ફરી જાય છે એથી આગળ જઈ શકતા નથી એટલે તને ખબર નથી કે આગળ શું છે. સમજાણું કાંઈ? આહા..! બહુ આકરું આવ્યું છે કાલે. જૈનમિત્ર આવું? બહુ નાસ્તિક નાસ્તિક. ભગવાન નથી ને મહાવિદેહ નથી ને સીમંધર ભગવાન નથી. મોક્ષ શું? આ આત્માની દશા. મોક્ષ વળી ક્યાંક છે ને સિદ્ધશિલા ઉપર (એ કાંઈ નથી). ભગવાન! બધું છે બાપુ, તને ખબર નથી ભાઈ! આહાહા..!

એ શિવ તું છો. છે? **'યહી અભિપ્રાય લેકર કોઈ એક બ્રહ્મમયી જગત કહતે હૈં,...'** કોઈ એક બ્રહ્મ, બધું થઈને બ્રહ્મ આત્મા છે એમ કહે છે જગત, એ જૂઠી વાત છે. બ્રહ્મ પોતે જ આત્મા પરમબ્રહ્મ છે. એક એક આત્મા પરમબ્રહ્મ છે. બધા થઈને પરમબ્રહ્મ વ્યાપક છે એમ છે

નહિ. સમજાણું કાંઈ? આહાહા..! '**વિષ્ણુમયી કહતે હૈં,...**' બીજો કોઈ વિષ્ણુ નથી. ભગવાનઆત્મા પોતે વિષ્ણુ છે. '**કોઈ એક શિવમયી કહતે હૈં. યહાં પર શિષ્યને પ્રશ્ન કિયા કિ તુમ ભી જીવોંકો પરમબ્રહ્મ માનતે હો, તથા પરમવિષ્ણુ, પરમશિવ માનતે હો, તો અન્યમતવાલોંકો ક્યોં દૂષણ દેતે હો?**' તમે તો પરમબ્રહ્મ, પરમવિષ્ણુ, પરમશિવ ભગવાનઆત્મા આનંદનો નાથ બિરાજે છે અંદર ભગવાન એને પરમબ્રહ્મ વિષ્ણુ અને શિવ કહો છો તો બીજાઓ કહે છે એને તમે દૂષણ શું દ્યો છો?

'**ઉસકા સમાધાન—હમ તો પૂર્વોક્ત નયવિભાગકર કેવલજ્ઞાનાદિ ગુણકી અપેક્ષા વીતરાગ સર્વજ્ઞપ્રણીત માર્ગસે...**' આહાહા..! ગુરુ કહે છે, અમે તો પૂર્વોક્ત—પૂર્વે કહ્યું તે નયવિભાગ નિશ્ચયનયની અપેક્ષાએ (કહીએ છીએ). પર્યાયમાં સંસાર છે, દુઃખ છે એ વાતને ગૌણ કરી દઈને નિશ્ચયનયની અપેક્ષાએ કેવળજ્ઞાન, પૂર્ણજ્ઞાન, પૂર્ણઆનંદગુણની અપેક્ષા '**વીતરાગ સર્વજ્ઞપ્રણીત માર્ગસે...**' અહીં તો ત્રિલોકના નાથ વીતરાગે કહેલો માર્ગ.. આહાહા..! ભગવાને દિવ્યધ્વનિ દ્વારા પરમેશ્વર વીતરાગની દિવ્યધ્વનિ દ્વારા માર્ગ આવ્યો. છે ને સર્વજ્ઞપ્રણીત? સર્વજ્ઞે કહેલું. એના માર્ગથી '**જીવોંકો ઐસા માનતે હૈં, તો દૂષણ નહીં હૈ.**' એ રીતે આત્મા છે એમ માનતા દૂષણ નથી. પણ બધા વ્યાપક છે, એક છે એવું કોઈ છે નહિ. આહાહા..! અનાદિ જગતના તત્ત્વો એમ ને એમ છે. કોઈએ એને કર્યા નથી, કોઈ એનો કર્તા નથી. જગત એમને એમ અનાદિ તત્ત્વ, અનંત આત્માઓ, અનંત રજકણો. ઓહોહો..!

'**ઈસ તરહ વે નહીં માનતે હૈં.**' એ રીતે અન્યમતિઓ નથી માનતા. અમે તો આ આત્માને પરમબ્રહ્મ, વિષ્ણુ આદિ સ્વભાવ ને શક્તિથી કહીએ છીએ. એ રીતે અન્ય માનતા નથી. '**વે એક કોઈ પુરુષ જગતકા કર્તા-હર્તા માનતે હૈં.**' એ કોઈ નથી, કર્તા-હર્તા છે નહિ. બ્રહ્મા, છેને? ઉત્પન્ન કરે, વિષ્ણુ રક્ષણ કરે, શંકર સંહાર કરે. એ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ શક્તિને એવા ત્રણ આરોપ કરીને વાતું કરી છે. બાકી તો આત્માના દરેકમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એની શક્તિ છે. નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, પુરાની અવસ્થાનો વ્યય થવો, ધ્રુવતાપણે કાયમ રહેવું. તત્ત્વાર્થસૂત્ર, ઉમાસ્વામી. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. એ ત્રણના વિશેષણો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ઠરાવી દીધા. સમજાણું કાંઈ? આહાહા..!

'**ઈસલિયે ઉનકો દૂષણ દિયા જાતા હૈ...**' છે? '**ક્યોંકિ જો કોઈ એક શુદ્ધ-બુદ્ધ નિત્ય મુક્ત હૈ, ઉસ શુદ્ધ-બુદ્ધકો કર્તા-હર્તાપના હો હી નહીં સકતા, ઔર ઈચ્છા હૈ વહ મોહકી પ્રકૃતિ હૈ. ભગવાન મોહસે રહિત હૈં, ઈસલિયે કર્તા-હર્તા નહીં હો સકતે.**' જગતનો કર્તા થાય એ તો ઈચ્છા થઈ. ઈચ્છા થઈ તો દોષ છે. એવા ભગવાન હોઈ શકે નહિ. આહાહા..! '**કર્તા-હર્તા માનના પ્રત્યક્ષ વિરોધ હૈ. હમ તો જીવરાશિકો પરમબ્રહ્મ માનતે હૈં.,...**' આહાહા..! જેમ લાખરત્ન હોય, કરોડ રત્ન એક જાતના, એ બધા સોળવલા સોનાના પ્રકાશના પુંજ છે. એમ આ અનંતઆત્માઓ રત્ન છે, ચૈતન્યરત્ન. આહાહા..! દરેક ભિન્ન છે. કોઈ

તત્ત્વ કોઈમાં ભળી જતું નથી. તેમ કોઈ તત્ત્વ કોઈને કરતું નથી. આહાહા..!

અરે! આવા ટાણા મળ્યા અને નહિ કરે તો એ કે દિ' કરશે? ભાઈ! નરક ને નિગોદમાં અનંતવાર રહ્યો. એકેન્દ્રિયમાં અનંત પુદ્ગલ પરાવર્તન કર્યા. આહાહા..! નિગોદમાં. માણસપણું મળવું મુશ્કેલ છે એમાં વળી પંચેન્દ્રિય પણ આયુષ્ય લાંબુ, દીર્ઘ આયુષ્ય, નિરોગતા એમાં પણ જૈનસંપ્રદાય, એમાં પણ જૈનસંપ્રદાયની સત્યવાત આવી મળવી મહા મુશ્કેલ છે. સમજાણું કાંઈ? એને કરવા જેવું તો આ છે. આવો પરમબ્રહ્મ ભગવાન છે તેનો સ્વીકાર કરવો જોઈએ અંદરમાં. આહાહા..! પર્યાયબુદ્ધિ છોડી દઈ ભગવાનઆત્મા કેવળજ્ઞાન, કેવળ એટલે એકલું જ્ઞાન, ઓલી કેવળજ્ઞાન પર્યાય નહિ. એકલું જ્ઞાનસામાન્ય, એકલું દર્શનસામાન્ય, એકલો આનંદ એકરૂપ, એકલું વીર્યસામાન્ય એવા અનંત ગુણ સામાન્ય શક્તિના—સ્વભાવના સામર્થ્યરૂપે છે એની દૃષ્ટિ કરીને એનો અનુભવ કરવો એ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ?

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

એ આવા આત્માનો અનુભવ, એને અનુસરીને આનંદનું વેદન કરવું. આહાહા..! એ અનુભવ માર્ગ મોક્ષનો. આવો પરમબ્રહ્મ ભગવાનઆત્મા એનો અનુભવ—વેદન પર્યાયમાં કરવું. જે રાગનું વેદન અનાદિનું છે એ ઝેરનું વેદન છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વિષયોમાં ને ભોગમાં જે આનંદ છે એ તો ઝેરનો આનંદ છે.

મુમુક્ષુ :— એનો નમૂનો છે.

ઉત્તર :— ધૂળેય નથી નમૂનો. ઈ કહે છે ઓલો રજનીશ. ભોગાનંદમાં પણ આનંદનો અનુભવ છે. અરે.. હાલ હાલ! આહા..! હતો તો ઘણો એ શેઠના ઓલામાં તારણપંથમાં હતો એ. રજનીશ નહિ? બધું બદલી ગયું, ફરી ગયું. બધું ફરી ગયું આખું. જૈનદર્શનને આખું ફેરવી નાખ્યું. આહાહા..! કો'ક કર્તા છે. આમ જોવે છે, એક ફોટો આવ્યો હતો. સર્વવ્યાપક હોય નહિ જાણે. ધૂળેય નથી. ફોટો આવ્યો હતો એક ફેરી. એ રજનીશનું તો નહોતા કહેતા આપણે? જાદુગર છેને? કે.લાલ મોટો જાદુગર આપણો વાણિયો છે. ઘણા લાખો પેદા કર્યા. જાદુગર તે જાદુગર. અહીં બે-ત્રણવાર, ચારવાર આવી ગયો છે. ઈંદોરમાં આવ્યો હતો, અહીં આવ્યો હતો, રાજકોટમાં આવ્યો હતો. મોટો જાદુગર, જુવાન માણસ. પચાસ-એકાવન વર્ષની ઉમર છે. પણ જગતને એવી જાદુની ચાલાકી હાથની છે. લાખો પેદા કરે છે, લાખો રૂપિયા. એ અમારી પાસે આવ્યો હતો ત્યાં રાજકોટ. મહારાજ! શ્વેતાંબરજૈન છે. મહારાજ! અમારું બધું ધતીંગ છે. અમારી પાસે શું કરે? બધું અમારું ધતીંગ છે આ. મરી જશો કીધું, આવા ધતીંગના પૈસા પેદા કરીને. પૂર્વના પુણ્ય.. બે-ત્રણ પુસ્તક આપ્યા હતા. પછી આપ્યા, બે-ત્રણ પુસ્તકો આપ્યા હતા. છે નરમ માણસ. ઈ એમ કહેતો હતો કે રજનીશ મને બોલાવવા આવ્યો હતો, વડોદરામાં મોટર મોકલી હતી. આ તો જાદુગર, હિન્દુસ્તાનનો જબ્બર. અમારી પાસે ત્રણ-ચારવાર આવી ગયો હતો. આહા..!

મુમુક્ષુ :— ચમત્કાર..

ઉત્તર :— ચમત્કાર કે દિ' હતા, હાથની ચાલાકી (છે). ચમત્કાર ધૂળમાંય નથી. આહાહા..! એ તો અમારી પાસે બતાવ્યું હતું, અહીં પંડિતજી હતા હિંમતભાઈ દોરીનું. ઈ તો ચાલાકી. બાકી કાંઈ ન મળે, ધૂળ. અહીં બતાવ્યું હતું થોડું. આવ્યો હતો. માણસ નરમમાણસ છે. પણ એવી પુણ્યાઈ લઈને આવ્યો છે તો વખણાઈ ગયો. ઈ એમ કહેતો હતો કે, વડોદરમાં મારી જાદુગરીની વિશેષતા અને માહાત્મ્યમાં મને તેડવા આવ્યા હતા, મોટર લઈને આવ્યા હતા રજનીશ. હું ન ગયો. કહો, રજનીશને જાદુગર પાસેથી કાંઈક લેવું છે. આહાહા..!

ભગવાન ત્રણલોકનો નાથ પૂર્ણાનંદપ્રભુ અહીં છે, ત્યાંથી કાઢને. ન્યાં નીકળે એવું છે. એ ખાણ છે અંદર. આહાહા..! ચૈતન્યનિધાન. જુઓ! ઈ કહે છેને, જુઓ! આહાહા...! **'ભગવાન મોહસે રહિત હૈં, ઈસલિયે કર્તા-હર્તા નહીં હો સકતે. કર્તા-હર્તા માનના પ્રત્યક્ષ વિરોધ હૈ. હમ તો જીવ-રાશિકો પરમબ્રહ્મ માનતે હૈં, ઉસી જીવરાશિસે લોક ભરા હુઆ હૈ.'** આહાહા..! અહીં અનંતાઆત્માઓ છે, અહીં, સૂક્ષ્મ. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આ ઠેકાણે અનંતા છે. એમ આખા લોકમાં (છે). સૂક્ષ્મપણે આત્મા અનંત છે. આહાહા..! એ બધા પરમબ્રહ્મ છે, પરમાત્મા છે. આહાહા..! ઓલો કહે, એક પરમાત્મા છે. અહીં કહે, અનંત પરમાત્મા છે. શક્તિ અને સ્વભાવના સામર્થ્યથી બધા ભગવાન પરમાત્મા છે. એક હરોળમાં બેસનારા બધા સરખા છે. આહાહા..!

**'હમ તો જીવ-રાશિકો પરમબ્રહ્મ માનતે હૈં, ઉસી જીવરાશિસે લોક ભરા હુઆ હૈ. અન્યમતી ઐસા માનતે હૈં, કિ એક હી બ્રહ્મ અનંતરૂપ હો રહા હૈ.'** બ્રહ્મ એક છે એ અનંતરૂપ થયો છે. અંશ છે આનો. પર્યાય દેખાય છેને? પર્યાયને ભાળે છે એટલે ભગવાન છે એનો આ પર્યાય અંશ છે. પણ આખું દ્રવ્ય છે ઈ? આહાહા..! અંશને ભાળે છે ઈ અને અંશમાં રમતું અનાદિની છે. એટલે જાણે આ અંશ છે એ પૂર્ણાનંદ પ્રભુ કોઈ છે એનો આ અંશ છે. એ પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે એનો એ પર્યાય અંશ છે. આહાહા..!

સમ્યગ્દર્શનનો વિષય.. આ બધું કહી કહીને સાર તો એ કહેવા માગે છે કે તું ત્રિકાળી છો ત્યાં દૃષ્ટિ કર. એનો આશ્રય લે, ત્યાં શરણમાં જા, ત્યારે તને સમ્યગ્દર્શન થાય. ત્યારે તને ધર્મની શરૂઆત થાય. આહાહા..! આમ છે ભાઈ. એ વિના બધા વ્રત ને તપ ને મુનિપણા લઈને બેસે, થોથા છે એકડા વિનાના બધા. સમજાણું કાંઈ? છે?

જે એક બધારૂપ થઈ રહ્યો છે એમ કહે છે. **'તો નરક નિગોદ સ્થાનકો કૌન ભોગે?'** બાપા, નરક ને નિગોદ છે ભાઈ! આહા..! એ પર્યાયનું ભોગવવું એક જ બ્રહ્મ હોય તો ભોગવે કોણ? આહાહા..! **'ઈસિલયે જીવ અનંત હૈં. ઈન જીવોંકો હી પરમબ્રહ્મ, પરમશિવ કહતે હૈં, ઐસા તૂ નિશ્ચયસે જાન.'** ખરેખર તેને એમ જાણ. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ વર્તમાન પર્યાયનો નાથ ભગવાન પૂર્ણ છે, આહાહા..! એ પર્યાય એનો સ્વીકાર કરે પૂર્ણને, ત્યારે તેને

સમ્યગ્દર્શનનું ધર્મનું પહેલું પગથિયું શરૂ થાય. સમજાણું કાંઈ?

'**ઈસપ્રકાર સોલહવાનીકે સોનેકે દૃષ્ટાંત દ્વારા...**' સોળવલું સોનું. એમ દરેક આત્મા સોળવલું એટલે પૂર્ણ આનંદકંદ સ્વરૂપ છે. એમ. '**કેવલજ્ઞાનાદિ લક્ષણસે સબ જીવ સમાન હૈં, ઈસ વ્યાખ્યાનકી મુખ્યતાસે તેરહ દોહા-સૂત્ર કહે.** ' તેર કહ્યા. '**ઈસ તરહ મોક્ષમાર્ગ, મોક્ષફલ ઔર મોક્ષ ઈન તીનોંકો કહનેવાલે દૂસરે મહાધિકારમેં ચાર અન્તરસ્થલોંકા ઈકતાલીસ દોહોંકા મહાસ્થલ સમાપ્ત હુઆ. ઉસમેં શુદ્ધોપયોગ...** ' કહ્યો. આહાહા..! ભગવાનઆત્માનો જે શુદ્ધોપયોગ છે, પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રતના એ બધા અશુભોપયોગ છે, એ મલિન છે. ભગવાનઆત્મા અંદરમાં પોતાનો શુદ્ધોપયોગ પ્રગટ કરે એ ધર્મ છે. શુભભાવ ધર્મ નથી, શુભભાવ ધર્મ નહિ, શુદ્ધોપયોગ એ ધર્મ છે. આહા..! મુનિઓ પણ પહેલો શુદ્ધોપયોગ અંગીકાર કરે છે એવો પાઠ શાસ્ત્રમાં છે. મોક્ષમાર્ગપ્રકાશક. શુદ્ધોપયોગ એનું નામ મુનિપણું. આ પાંચ મહાવ્રત એ કાંઈ મુનિપણું નથી. આહાહા..! સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. મુનિઓ શુદ્ધોપયોગ વીતરાગી પરિણામ (ને અંગીકાર કરે છે). દયા, દાન, વ્રતના પરિણામ તો રાગ પરિણામ છે. અહીંયા ભગવાનઆત્મા શુદ્ધસ્વરૂપ પૂર્ણપરમબ્રહ્મ, એના આશ્રયે થતા પરિણામ એ શુદ્ધોપયોગ છે. એ શુદ્ધોપયોગ તે ધર્મ છે. વીતરાગમાર્ગમાં શુદ્ધોપયોગ તે ધર્મ છે અને શુદ્ધોપયોગ તે જૈનશાસન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ૧૪-૧૫ ગાથામાં કહ્યું, સમયસાર.

જે કોઈ આ ભગવાનઆત્માને અબદ્ધસ્પૃષ્ટ જાણે, સામાન્યને જાણે, ભેદરહિત અભેદને જાણે આહાહા..! વિકારરહિત નિર્વિકારી પૂર્ણાનંદને જાણે એવો જે ભાવ એ શુદ્ધોપયોગ, એ જૈનશાસન. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું. પણ આવો ધર્મ ક્યાંથી? આપણે જૈનમાં તો છકાયની દયા પાળવી. પૃથ્વીકાય ને અપકાય, એકેન્દ્રિયા, બેઈન્દ્રિય, ત્રિઈન્દ્રિયા, ચૌઈન્દ્રિયા, પંચેન્દ્રિયા.... આવે છે ને સંઘવી? ઈચ્છામી પડિકમણામાં નહિ? તસ્સ મિચ્છામી દુક્કડમ્. બાપુ! એ તો બધી વ્યવહારની વાતું છે ભાઈ! આહાહા..! તાવકાય માણેણં ઠાણેણં જાણેણં. શું એમાં? અપ્પાણં વોસરે. શ્રીમદ્ કહે છે ને? આખા આત્માને વોસરાવી દે છે. શ્રીમદ્માં આવે છે. આહાહા..! એ તો આત્મા આનંદમૂર્તિ પ્રભુ પૂર્ણશુદ્ધનો આશ્રય લઈને અશુદ્ધઆત્માને છોડે છે એનું નામ અપ્પાણં વોસરે છે. આહાહા..! કાલે આવ્યું હતુંને? અનાત્માનો પરિહાર. આહાહા..!

શુદ્ધ ભગવાનઆત્મા, જેનું હોવાપણું જ પવિત્ર છે અને જેનું હોવાપણું પૂર્ણ છે. આહાહા..! એવો પૂર્ણ અને પવિત્રતા પૂર્ણ, એનો આશ્રય લેવો એનું નામ નિજ સ્વરૂપનું અવલંબન એનું નામ ધર્મ છે. આહાહા..! એ શુદ્ધોપયોગ. '**વીતરાગસ્વસંવેદનજ્ઞાન,...**' એ શુદ્ધોપયોગને જ કહીએ. વીતરાગસ્વસંવેદનજ્ઞાન. આહાહા..! ઓલી આચરણની અપેક્ષાએ વીતરાગતા હતી. અહીંયા રાગરહિત સ્વસંવેદનજ્ઞાન. પુણ્ય-પાપના વિકલ્પ નહિ, એ બધું બંધન. ભગવાનઆત્માનું રાગરહિત વીતરાગી સ્વ—પોતાનું સં પ્રત્યક્ષ વેદન. વીતરાગી પર્યાયમાં વેદન થવું તે ધર્મ છે. આહાહા..! આવો ધર્મ. તેથી કહે છે, નિશ્ચય છે. પણ નિશ્ચય એટલે સત્ય, આવું સત્ય છે.

'પરિગ્રહત્યાગ...' રાગાદિ પરિગ્રહનો ત્યાગ. આહાહા..! **'और सब जीव समान हैं, ये कथन किया.'** લ્યો. બધા જીવો સરખા છે એ કહ્યું.

---

**ગાથા-૧૦૮**

अत ऊर्ध्वं 'परु जाणंतु वि' इत्यादि सप्ताधिकशतसूत्रपर्यन्ते स्थलसंख्याबाहिर्भूतान् प्रक्षेपकान् विहाय चूलिकाव्याख्यानं करोति इति–

२३५) परु जाणंतु वि परम-मुणि पर-संसग्गु चयंति।
पर-संगइँ परमप्पयहँ लक्खहँ जेण चलंति।।१०८।।
परं जानन्तोऽपि परममुनयः परसंसर्गं त्यजन्ति।
परसंगेन परमात्मनः लक्ष्यस्य येन चलन्ति।।१०८।।

परु जाणंतु वि इत्यादि पदखण्डनारुपेण व्यचाख्यानं क्रियते। परु जाणंतु वि परद्रव्यं जानन्तोऽपि। के ते। परम-मुणि वीतरागस्वसंवेदनज्ञानरताः परममुनयः। किं कुर्वन्ति। पर संसग्गु चयंति परसंसर्गं त्यजन्ति निश्चयेनाभ्यन्तरे रागदिभावकर्मज्ञानावरणादि-द्रव्यकर्मशरीरादिनोकर्म च बहिर्विषये मिथ्यात्वरागादिपरिणता-संवृतजनोऽपि परद्रव्यं भण्यते। तत्संसर्गं परिहरन्ति। यतः कारणात् पर-संगइँ [?] पूर्वोक्तबाह्याभ्यन्तर परद्रव्यसंसर्गेण परमप्पयहं वीतरागनित्यानन्दैकस्वभावपरमसमरसीभावपरिणतपरमात्म-तत्त्वस्य। कथंभूतस्य। कक्खहं लक्ष्यस्य ध्येयभूतस्य धनुर्विधाभ्यासप्रस्तावे लक्ष्यरुपस्यैव जेण चलंति येन कारणेन चलन्ति त्रिगुप्तिसमाधेः सकाशात् च्युता भवन्तीति। अत्र परमध्यानाविधातकत्वान्मिथ्यात्वरागादिपरिणामस्तत्परिणतः पुरुषरुपो वा परसंसर्गस्त्यजनीय इति भावार्थः।।१०८।।

---

आगे 'पर जाणंतु वि' इत्यादि एकसौ सात दोहा पर्यंत तीसरा महाधिकार कहते हैं, उसीमें ग्रंथको समाप्त करते हैं–

**गाथा-१०८**

अन्वयार्थ :– [परममुनयः] परममुनि [परं जानंतोऽपि] उत्कृष्ट आत्मद्रव्यको जानते हुए भी [परसंसर्ग] परद्रव्य जो द्रव्यकर्म, भावकर्म, नोकर्म उसके सम्बन्धको [त्यजंति] छोड़ देते हैं। [येन] क्योंकि [परसंगेन] परद्रव्यके सम्बन्धसे [लक्ष्यस्य] ध्यान करने योग्य जो [परमात्मनः] परमपद उससे [चलंति] चलायमान हो जाते हैं।

भावार्थ :– शुद्धोपयोगी मुनि वीतराग स्वसंवेदनज्ञानमें लीन हुए परद्रव्योंके साथ सम्बन्ध छोड़ देते हैं। अंदरके विकार रागादि भावकर्म और बाहरके शरीरादि ये सब परद्रव्य कहे जाते हैं। वे मुनिराज एक आत्मभावके सिवाय सब परद्रव्यका संसर्ग

(सम्बन्ध) छोड़ देते हैं। तथा रागी, द्वेषी, मिथ्यात्वी, असंयमी जीवोंका सम्बन्ध छोड़ देते हैं। इनके संसर्गसे परमपद जो वीतरागनित्यानंद अमूर्तस्वभाव परमसमरसीभावरुप जो परमात्मतत्त्व ध्यावने योग्य है, उससे चलायमान हो जाते हैं, अर्थात् तीन गुप्तिरुप परमसमाधिसे रहित हो जाते हैं। यहाँ पर परमध्यानके घातक जो मिथ्यात्व रागादि अशुद्ध परिणाम तथा रागी-द्वेषी पुरुषोंका संसर्ग सर्वथा त्याग करना चाहिये, यह सारांश है।।१०८।।

---

આના પછી 'पर जाणंतु वि' ઇત્યાદિ એકસો સાત ગાથાસૂત્રોથી, સ્થળસંખ્યા થઈ બહિર્ભૂત પ્રક્ષેપકોને છોડીને ચૂલિકાનું વ્યાખ્યાન કરે છે, તે આ પ્રમાણે :-

ભાવાર્થ :- વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમાં રત પરમમુનિઓ પરદ્રવ્યને જાણતા થકા પરસંસર્ગને છોડે છે-નિશ્ચયથી અભ્યંતરમાં રાગાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને શરીરાદિ નોકર્મ તથા બહારમાં મિથ્યાત્વ, રાગાદિરૂપે પરિણત અસંવૃતજન (અસંયમી જીવ) એ બધું પરદ્રવ્ય કહેવાય છે, તેનો સંગ છોડે છે; કારણ કે જેવી રીતે ધનુર્વિધાના અભ્યાસ સમયે બીજે લક્ષ જતાં, ધનુર્ધારી લક્ષ્યરૂપથી ચલિત થાય છે તેવી રીતે મુનિઓ પૂર્વોક્ત બાહ્ય, અભ્યંતર પરદ્રવ્યના સંસર્ગથી ધ્યેયભૂત, વીતરાગનિત્યાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા પરમસમરસી ભાવરૂપે પરિણત પરમાત્મતત્ત્વથી ચલિત થાય છે-ત્રણ ગુપ્તિયુક્ત સમાધિથી ચ્યુત થાય છે.

અહીં, પરમધ્યાનના વિઘાતક હોવાથી મિથ્યાત્વ, રાગાદિ પરિણારૂપ અથવા મિથ્યાત્વ રાગાદિ પરિણામોમાં પરિણત પુરુષરૂપ એવો પરસંસર્ગ છોડવા યોગ્ય છે, એવો ભાવાર્થ છે. ૧૦૮.

---

## ગાથા-૧૦૮ ઉપર પ્રવચન

'આગે 'परु जाणंतु वि' ઇત્યાદિ એકસૌ સાત દોહા પર્યંત તીસરા અધિકાર કહતે હૈં,...' લ્યો. છે ને? ૧૦૭. ૧૦૭ થઈ આ, ૧૦૭ રહ્યા બીજા ભાગના. પહેલા ભાગના ૧૨૩ થઈ ગયા છે.

२३५) परु जाणंतु वि परम-मुणि पर-संसग्गु चयंति।
पर-संगइँ परमप्पयहँ लक्खहँ जेण चलंति।।१०८।।

અન્વયાર્થ :— 'પરમમુનિ...' ધર્માત્મા 'ઉત્કૃષ્ટ આત્મદ્રવ્યકો જાનતે હુએ...' આહાહા..! જુઓ! આનું નામ મુનિ. ઉત્કૃષ્ટ વાત લેવી છે ને. 'પરમમુનિ...' 'परं जानंतोऽपि' ઉત્કૃષ્ટ

ભગવાન આનંદના નાથને અનુભવતો. આહાહા..! '**પરદ્રવ્ય જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઉસકે સંબંધકો છોડ દેતે હૈં.**' આહાહા..! આત્માના આનંદનો સ્વીકાર કર્યા પછી પણ અંદર સ્વરૂપમાં ઠરવા... આહાહા..! મુનિરાજ પરદ્રવ્યને છોડે છે, સ્વદ્રવ્યને ગ્રહે છે, દ્રવ્યકર્મને છોડે છે, ભાવસ્વરૂપ ભગવાનઆત્માને ગ્રહે છે, ભાવકર્મને છોડે છે એટલે રાગાદિને છોડે છે, નિર્વિકારી સ્વભાવને ગ્રહે છે. નોકર્મને છોડે છે, નિમિત્તો બધા, એકલો આનંદનો નાથ જેને દૃષ્ટિમાં ગ્રહે છે. આહાહા..! એને છોડી દ્યે છે.

'**ક્યોંકિ પરદ્રવ્યકે સંબંધસે...**' આહાહા..! ચાહે તો ભગવાન ત્રણલોકના નાથ પણ પરદ્રવ્યનો સંબંધ કરતાં રાગ થાય છે. આહાહા..! '**પરદ્રવ્યકે સંબંધસે ધ્યાન કરને યોગ્ય જો પરમપદ ઉસસે ચલાયમાન હો જાતે હૈં.**' ભાષા જુઓ! કહે છે કે રાગનો અને પરદ્રવ્યનો સંસર્ગ કરતાં તેના તરફ લક્ષ કરતાં સ્વરૂપમાંથી ચલાયમાન થાય છે. આહાહા..! સ્વરૂપ જે પોતાનું એનું અવલંબન લઈને ઠરવું, દૃષ્ટિ કરીને ઠરવું એવા સ્વદ્રવ્યમાં ન રહેતા પરદ્રવ્યનો જે સંસર્ગ કરે છે તે વસ્તુમાંથી ચલાયમાન થઈ જાય છે, વસ્તુમાંથી ખસી જાય છે. આહાહા..! કહો, વીતરાગ કહે છે કે અમારો આશ્રય કરવા જઈશ તો તારા સ્વરૂપમાંથી ચલાયમાન થઈ જઈશ. આહાહા..! પરદ્રવ્યમાં આવ્યું કે નહિ ઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૧૩, સોમવાર
## તા. ૩-૧-૧૯૭૭, ગાથા-૧૦૮, ૧૦૯,
## પ્રવચન નં. ૧૭૬

પરમાત્મપ્રકાશ, ૧૦૮ ગાથા, એનો ભાવાર્થ. '**શુદ્ધોપયોગી મુનિ...**' વિશેષ દ્રવ્યના ધ્યેયને પૂર્ણ પ્રાપ્ત કરવાની જેને ભાવના (વર્તે છે) એને અહીંયા મુનિ કહે છે. સમ્યગ્દૃષ્ટિને ધ્યેય છે દ્રવ્ય પણ હજી સ્થિરતાની કચાશ છે. પરદ્રવ્ય તરફના વલણમાં એના વિકલ્પો આવે છે. અહીંયા સ્વદ્રવ્યનું ધ્યેય જેને છે, સાધવા લાયક તો ધ્યેય જે ચૈતન્યસ્વભાવ પરમાત્મસ્વરૂપ એ જેણે લક્ષમાં, ધ્યેયમાં લીધું છે એવો જે સમકિતી એને પરદ્રવ્યના સંગથી જે રાગાદિ થાય તે એણે છોડવા જેવા છે. પરદ્રવ્યનો સંગ છોડવા જેવો છે અને પરદ્રવ્યના સંગે રાગ (થાય) એ પણ છોડવા જેવો છે. એવું તો સમ્યગ્દૃષ્ટિ માને છે. પણ હવે અહીંયા તો મુનિની વાત લીધી. આહાહા..!

'**શુદ્ધોપયોગી મુનિ...**' જુઓ ત્યાંથી ઉપાડ્યું છે અહીં. મુનિ છે એ શુદ્ધોપયોગી હોય છે. ભગવાનઆત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનનો સાગર, જેણે પોતાના શુદ્ધોપયોગમાં ધ્યેય બનાવ્યો છે, આહા..! એવો જે શુદ્ધોપયોગી મુનિ. હવે જુઓ અહીં વાત તો આમ કરી છે. આ પંચમહાવ્રત ને

વ્યવહારુ ક્રિયા છે એ કંઈ મુનિપણું નથી. નિશ્ચયથી તો યતિની—મુનિની બાહ્ય ક્રિયા જેટલી છે પંચમહાવ્રતાદિ, એનો તો દ્રવ્યસ્વભાવમાં અભાવ છે. સમજાણું કાંઈ? અલિંગગ્રહણમાં એ કહ્યું છે, યતિની બાહ્યક્રિયાનો જેનામાં અભાવ છે. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદ અને પૂર્ણજ્ઞાનસ્વભાવ વસ્તુ એમાં યતિની બાહ્યક્રિયાનો (અભાવ છે). પંખી આવ્યું, બારણું ઉઘાડું રહી ગયું છે. પારેવું.

જેના ઉપયોગ, શુદ્ધોપયોગમાં ધ્યેય પૂર્ણ સ્વરૂપ છે, એવી જેને શુદ્ધોપયોગમાં જમવટ આચરણની થઈ છે. આ આચરણ. ઓલા કહે છેને, સમ્યગ્દર્શન અને જ્ઞાનનું અહીં શું કામ છે? ઈ ક્યાં ધર્મ છે. આ આચરણ બાહ્યની ક્રિયા એ ધર્મ છે. એમ નથી ભાઈ! એ મુનિના જે બાહ્યઆચરણ પંચમહાવ્રત, અઠ્યાવીસમૂળગુણ આદિ તો વસ્તુના સ્વરૂપમાં છે નહિ. એથી એને સાધવું છે અને એનાથી સાધ્ય થાય છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણ અતીન્દ્રિયઆનંદ અને જ્ઞાનનો સ્વભાવ પરમાત્મસ્વરૂપ બિરાજે છે આત્મા, એને જેણે ધ્યેયમાં લઈને, શુભ અને અશુભ પરિણામ જે છે તેનાથી ભિન્ન પડી, જેને શુદ્ધોપયોગ પ્રગટ થયો છે. આહાહા..! એ મુનિ **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમેં લીન હુએ...'** આહાહા..! એ રાગ રહિત વીતરાગ સ્વસંવેદનજ્ઞાન. પોતાથી જ્ઞાન વેદનમાં જાણવામાં આવે, જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનના વેદનમાં આવે, આહાહા..! એ એમાં લીન થયા. **'પરદ્રવ્યોંકે સાથ સમ્બન્ધ છોડ દેતે હૈં.'** આ અપેક્ષા. સ્વરૂપ વીતરાગસ્વરૂપી ભગવાનઆત્મા વીતરાગી જ્ઞાનસ્વરૂપ આત્મા ત્રિકાળ, એની પર્યાયમાં વીતરાગી સ્વસંવેદન ઉપયોગને પ્રગટ કરી આહા..! જે એમાં લીન છે એને પરદ્રવ્યનો સંસર્ગ હોતો નથી.

મુમુક્ષુ :— પ્રત્યક્ષમાં તો એમ જ દેખાય છે સંયોગ.

ઉત્તર :— શું દેખાય છે?

મુમુક્ષુ :— સંયોગ.

ઉત્તર :— ઈ જ કહે છે, એને માટે તો ના પાડે છે અહીં. જેટલો પરદ્રવ્ય તરફનો સંસર્ગ થાય એટલો સ્વરૂપના ધ્યેયથી અસ્થિરતાથી ચલાયમાન થઈ જાય છે. આ વાત આવી બાપુ! માર્ગ.. આહાહા..!

ભગવાનઆત્મા એક સમયમાં પરમાત્મસ્વરૂપ છે. પ્રભુ! તને ખબર નથી. તું પરમાત્મસ્વરૂપ જ તારું છે. દ્રવ્યસ્વભાવ કહો, પરમાત્મસ્વરૂપ કહો, ધ્યેય ધ્રુવ ધ્યેય કહો ધ્રુવને આહા..! એ પરિપૂર્ણ વસ્તુ છે. એના સંગમાં જેને જાવું છે, આહાહા..! એણે પરદ્રવ્યનો સંસર્ગ છોડવો. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત. એની વિધિ આ છે. ઓહોહો..!

**'પરદ્રવ્યોંકે સાથ સમ્બન્ધ છોડ દેતે હૈં.'** હવે પરદ્રવ્ય કોને કહેવું એ વાત વર્ણવે છે. બાપુ! માર્ગ વીતરાગી, એ મોક્ષનોમાર્ગ ભાઈ મહા અલૌકિક છે. એ વીતરાગમાં જે છે એ સિવાય ક્યાંય છે નહિ. આહાહા..! કેમકે જ્યાં દ્રવ્ય અને પર્યાય બે નથી જ્યાં માન્યા, એકલા દ્રવ્યને માન્યું ત્યાં પર્યાય વીતરાગી હોઈ શકે નહિ, એકલી પર્યાયને માની એ કોને આધારે થઈ એને એણે માન્યું નહિ.

આહાહા..! સમજાણું કાંઈ? પૂર્ણ વીતરાગમૂર્તિ પ્રભુઆત્મા.. આહાહા..! એવા વીતરાગીને વીતરાગી સ્વસંવેદનજ્ઞાનમાં લીન થઈ અંદરમાં... આહાહા..! '**પરદ્રવ્યોંકે સાથ સમ્બન્ધ છોડ દેતે હૈં. અંદરકે વિકાર રાગાદિ ભાવકર્મ...**' એ પણ પરદ્રવ્ય છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો વિકલ્પ રાગ છે એ પણ પરદ્રવ્ય છે. આવી વાત છે ભાઈ! સમજાણું કાંઈ? અરે..! ચોર્યાસી લાખના અનંત અવતારમાં દુઃખી થઈને પરિભ્રમણમાં પીલાઈ ગયો છે. એને એ રસ્તો તોડવાનો માર્ગ, ભગવાન પૂર્ણાનંદપ્રભુ તેને ધ્યેયમાં લઈને શુદ્ધોપયોગ પ્રગટ કરી અને જે વીતરાગી પરિણામમાં લીન છે આહાહા..! એટલે કે સ્વદ્રવ્યના સ્વભાવની સન્મુખમાં જે લીન છે એને પરદ્રવ્યનો સંસર્ગ હોતો નથી. છોડતો નથી, એ છોડ્યો છે એમ કહેવામાં આવે છે. આહા..!

'**અંદરકે વિકાર રાગાદિ ભાવકર્મ...**' આહાહા..! દયાનો ભાવ, ભક્તિનો ભાવ, પરમાત્માની પૂજાનો ભાવ, જાત્રાનો ભાવ, મહાવ્રતનો ભાવ એ બધો રાગ છે. સમજાણું કાંઈ? એ રાગાદિ ભાવકર્મને છોડી. આહા..! '**બાહરકે શરીરાદિ યે સબ પરદ્રવ્ય કહે જાતે હૈં.**' આ શરીર, વાણી, મન એ બધા પરદ્રવ્ય છે. આહાહા..! જેને સ્વદ્રવ્યનો અસંગનો સંગ જેને કરવો છે, આહાહા..! એણે બહારના સંગને છોડવો પડશે. આવી વાતો છે, ભાઈ! લોકોને લાગે, બીજું શું થાય? ભાઈ! માર્ગ તો આ છે. અત્યારે તો આ બહારના આચરણો કરે એ ધર્મીજીવ છે અને ધર્મ કરે છે એમ કહે છે. આહાહા..! પણ પ્રભુ! એ બહારના આચરણો છે એ બધા રાગ છે, એમ કીધુંને? પરદ્રવ્ય છે. આહાહા..! આનંદકંદ ભગવાન એનાથી વિકલ્પ ઉઠે એ બધો દુઃખરૂપ ઝેર છે. આહાહા..! એ ઝેરને અમૃતના સાગરમાં ડૂબકી મારતો ઝેરને છોડી દે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વે મુનિરાજ એક આત્મભાવકે સિવાય...**' દેખો! આહાહા..! આત્મભાવ સ્વભાવભાવ, ધ્રુવભાવ, સહજાત્મસ્વરૂપ સ્વભાવિક વસ્તુ જે સહજ આનંદસ્વરૂપ એવા આત્મસ્વભાવને છોડી. આહાહા..! એના સિવાય '**સબ પરદ્રવ્યકા સંસર્ગ (સંબંધ) છોડ દેતે હૈં.**' આહાહા..! અનાકુળ વીતરાગી સ્વરૂપ પરમાત્મા પોતે છે અંદર. એના સિવાય બીજા પરદ્રવ્યનો સંસર્ગ મુનિરાજ છોડી દે છે. સમ્યગ્દષ્ટિ સ્વદ્રવ્યના સંસર્ગથી પરદ્રવ્યના ત્યાગરૂપે, સમ્યક્ થયું છે પણ હજી પરદ્રવ્યની અસ્થિરતા છૂટી નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ અહીંયા કહે છે, જેને એકદમ ધ્રુવને ધ્યેયમાં લઈને સ્થિર થવું છે અને અલ્પકાળમાં જેને આનંદની દશા પૂર્ણમોક્ષની પ્રાપ્ત કરવી છે.. આહાહા..! એણે તો ભગવાન આત્મસ્વભાવ સિવાય કોઈ પરદ્રવ્યનો સંસર્ગ કરવા જેવો નથી. આહા..! દેવ-ગુરુ અને શાસ્ત્રનો પણ સંસર્ગ કરવા જેવો નથી. આહાહા..! કારણ કે એ પરદ્રવ્ય છે. પ્રભુ! તારું સ્વદ્રવ્ય ભિન્ન છે. આહાહા..!

મુમુક્ષુ :— સંસર્ગ વગર જ્ઞાન કઈ રીતે થાય?

ઉત્તર :— પરિચય કરવો એનો, એના તરફ લક્ષ કરવું. એ (પરદ્રવ્યનું લક્ષ) છોડી દેવું એમ કહે છે.

મુમુક્ષુ :— સત્સંગ વગર જ્ઞાન કઈ રીતે થાય?

ઉત્તર :— સત્સંગ, ઈ સત્સંગ આ. આત્મસ્વભાવ એ સત્ એનો સંગ તે સત્સંગ છે. આહાહા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, આત્મા સચ્ચિદાનંદ આત્મા. સત્જ્ઞાન અને આનંદનો સાગર એ પોતે સત્ છે, એનો સંગ કરવો એ સત્સંગ છે. બહારનો સત્સંગ છે એ તો વિકલ્પ હોય ત્યારે બહારમાં હોય છે. પણ એ વિકલ્પ છે. આહાહા..! આવો માર્ગ એને સાંભળવા મળે નહિ. આહાહા..! છે?

એક આત્મભાવ, '**એક આત્મભાવકે સિવાય...**' આહાહા..! અનાકુળ વીતરાગ આનંદમૂર્તિ ભગવાનઆત્મા એ એનો આત્મભાવ. આહાહા..! એ સિવાય. '**સબ પરદ્રવ્યકા સંસર્ગ (સમ્બન્ધ) છોડ દેતે હૈં.**' આહાહા..! એક વાત. '**તથા રાગી, દ્વેષી, મિથ્યાત્વી, અસંયમી જીવોંકા સમ્બન્ધ છોડ દેતે હૈં.**' આહાહા..! જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે, પુણ્યની ક્રિયામાં ધર્મ માને છે, દયા, દાન, વ્રત, તપના ભાવ એ શુભરાગ એમાં ધર્મ માને છે, એનાથી ધર્મ થશે એમ માને એવા મિથ્યાદૃષ્ટિઓ એનો સંસર્ગ ન કરવો, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**રાગી, દ્વેષી, મિથ્યાત્વી, અસંયમી...**' એવા પરદ્રવ્યના લોલુપી, વિષયના લોલુપીઓ આહાહા..! એને સ્વવિષય તરફના ધ્યાન માટે એને છોડી દેવા. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ, ધર્મ વીતરાગમાર્ગની ધર્મકથા બહુ અલૌકિક છે. આહાહા..! આ તો બહારથી આ કરો, આ કરો એ ધર્મકથા. એ ધર્મકથા નથી, એ તો વિકથા છે. જેમાં રાગનું કરવું અને રાગથી લાભ થાય એ કથા વિકથા છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ધર્મકથા વીતરાગી કથા છે. આહાહા..!

કહે છે કે આત્મભાવ સિવાય દયા, દાન રાગાદિ ભાવ એ પરદ્રવ્ય, શરીરાદિ પરદ્રવ્ય, આહાહા..! અને રાગી, દ્વેષી મિથ્યાત્વીનો સંગ છોડી દે છે. આહાહા..! કારણ કે ઊંધા લાકડા નાખશે. એનું આમ થાય, એમાં એકાંત થઈ જાય છે, એકલા આત્માને આશ્રયે જ લાભ થાય એ એકાંત થઈ જાય છે. રાગથી પણ લાભ થાય થોડો. એવા લાકડા ખોસી ઘાલશે. એવા મિથ્યાદૃષ્ટિનો સંસર્ગ છોડી દેજે. પોપટભાઈ! આહાહા..! અહીં તો કહે છે કે બાયડી, છોકરા મિથ્યાદૃષ્ટિ હોય એનો, સમ્યગ્દૃષ્ટિને શુદ્ધોપયોગમાં જવા એનો પણ સંસર્ગ છોડી દેજે. સમજાણું? દેવીલાલજી! આવી વાત છે. આહાહા..! ત્રણલોકના નાથ જિનવરદેવ આમ ફરમાવે છે, ભાઈ! આહાહા..!

'**ઈનકે સસંર્ગસે પરમપદ જો...**' રાગનો વિકલ્પ છે એનો સંસર્ગ અને મિથ્યાદૃષ્ટિ અસંયમીનો સંસર્ગ. આહાહા..! '**પરમપદ જો વીતરાગનિત્યાનંદ...**' આહાહા..! ભગવાન પોતાનું પરમપદ જે છે એ વીતરાગનિત્યાનંદ. છે? વીતરાગનિત્યાનંદ. કાયમી આનંદનો સાગર ભગવાન. આહાહા..! વીતરાગી નિત્યાનંદ પ્રભુ. આહા..! અરે! ભગવાનઆત્મા વીતરાગી નિત્યાનંદ સ્વરૂપી છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદસ્વરૂપ હોં! વિષયના આનંદ તો ઝેર છે, દુઃખ છે, સ્વરૂપનો ઘાત કરે છે. આહાહા..! ભગવાનઆત્મા વીતરાગ નિત્યાનંદ 'એક' શબ્દ છે ભાઈ એમાં. 'એક' પડ્યો રહો. એકનો અર્થ અમૂર્ત સ્વભાવ કર્યો છે, અમૂર્ત કર્યો છે. પાઠમાં ટીકામાં એક છે. એ બધે ઠેકાણે એક

મૂકી દ્યે છે. પણ એકમાં કિંમત છે. વીતરાગ પરમાનંદ એકસ્વરૂપે છે. એમાં ભેદ નથી એમ કહેવું છે. આહાહા..! આ દેહમાં ભગવાનઆત્મા વીતરાગી નિત્યાનંદસ્વરૂપી એકસ્વરૂપીઆત્મા છે. ભેદેય નથી જેમાં. આહાહા..! પર્યાયનો પણ ભેદ નથી. સમજાણું કાંઈ? આ તો પરમાત્માની વાત છે, બાપુ! સર્વજ્ઞ ત્રિલોકનાથ એની આજ્ઞાનો આ હુકમ છે. એનાથી વિપરીત કહે તો એ ભગવાનની આજ્ઞામાં નથી. આહાહા..! રાગાદિથી પરની ભક્તિથી ધર્મ થાય, દયા, દાન, વ્રત ને તપના ભાવથી ધર્મ થાય, એ વીતરાગમાર્ગના વિરોધી છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે.

વીતરાગ પરમાનંદ નિત્યાનંદ '**અમૂર્તસ્વભાવ...**' અમૂર્તસ્વભાવ લીધો છે. અમૂર્ત છેને એકરૂપ. છે તો એક શબ્દ સંસ્કૃતમાં. '**પરમસમરસીભાવરૂપ જો પરમાત્મતત્ત્વ...**' આહાહા..! જોયું! આ પરમાત્મસ્વરૂપ અંદર વસ્તુ જે દ્રવ્યસ્વરૂપ, પરમાત્મા પોતે પરમાત્મસ્વરૂપ, કાયમી નિત્યસ્વરૂપ એને અહીંયા પરમાત્મસ્વરૂપ અંદર કેવું છે? '**પરમપદ જો વીતરાગનિત્યાનંદ અમૂર્તસ્વભાવ પરમસરસીભાવરૂપ...** ' પરમસમરસી વીતરાગસ્વરૂપ. આહાહા..! એકલો સમતારસનો કંદ પ્રભુ. પરમસમરસી. પરમસમરસી સ્વભાવ. આહાહા..! એવા રૂપ જે પરમાત્મતત્ત્વ. આ પરમાત્મતત્ત્વ એટલે પોતાનું દ્રવ્ય હોં! ભગવાન પરમાત્મા થયા એ તો પર્યાયમાં પરમાત્મા થયા. આ તો તારું તત્ત્વ દ્રવ્યસ્વરૂપ જ આવું છે. આહાહા..! અરે! વીતરાગમાર્ગમાં વીતરાગતાની કિંમત છે. હેં! રાગની ને પરના સંસર્ગથી થયેલો વિકાર એની કિંમત નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવું જે પરમાત્મતત્ત્વ.. આહાહા..! શું કહે છે? રાગ અને પર મિથ્યાત્વી આદિના સંસર્ગથી, 'ઈનકે સંસર્ગસે...' એટલી વાત.

'**પરમપદ જો વીતરાગનિત્યાનંદ અમૂર્તસ્વભાવ પરસમરસીભાવરૂપ જો પરમાત્મતત્ત્વ ધ્યાવને યોગ્ય હૈ, ઉસસે ચલાયમાન હો જાતે હૈં,...**' આહાહા..! વીતરાગ પરમાનંદ નિત્યાનંદ પરમાત્મસ્વરૂપ જે ધ્યાવને યોગ્ય એટલે ધ્યાનમાં લેવા યોગ્ય છે એ આ પરદ્રવ્યના સંસર્ગથી એમાંથી ચલાયમાન થઈ જાય છે. આહાહા..! સ્વદ્રવ્યના સંસર્ગમાં રહેવામાં પરદ્રવ્યનો સંસર્ગ તેણે છોડવો પડશે એમ કહે છે. કારણ કે સ્વદ્રવ્યના સંસર્ગથી પરદ્રવ્યનો સંસર્ગ કરતાં ચલાયમાન થઈ જાય છે. આહાહા..! દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ છે એ પણ રાગ છે. એ વીતરાગી પરમાનંદ સ્વભાવમાં સંસર્ગમાં એનો પરિચય થતાં ચલાયમાન થઈ જાય છે, સ્વરૂપમાંથી ખસી જાય છે. આહાહા..! આવી વાતું હવે. એટલે લોકોને એવું લાગે છે, સોનગઢનું એકાંત છે એમ કહે છે પ્રભુ! બાપુ! આ સોગનઢનું છે કે આ તો ભગવાનનું છે? આહાહા..! પણ એ વાત સ્પષ્ટીકરણમાં નહોતી અને આવી એટલે લોકોને એવું લાગ્યું અંદરથી. આહાહા..! સમજાણું કાંઈ?

સ્વદ્રવ્યના સંસર્ગમાંથી, વીતરાગી નિત્યાનંદ પરમપદ એવો પ્રભુ આત્મા, એને પરદ્રવ્યના સંસર્ગથી સ્વદ્રવ્યમાંથી ચલાયમાન થઈ જાય છે. માટે તેણે પરદ્રવ્યનો સંસર્ગ છોડવો અને સ્વદ્રવ્યનો સંસર્ગ વિશેષ કરવો. આહાહા..! સમજાણું કાંઈ? ટીકામાં ભાઈ આપ્યું છે. ટીકામાં.. અર્થમાં નથી આપ્યું. જેમ બાણવાળો લક્ષ ઉપર છેને? જેના ઉપર બાણ મારવું છે, એના લક્ષ ઉપર બાણ મારે

છેને આમ. એ લક્ષમાંથી બાણ નાખવું છે, એ જો પર ઉપર લક્ષ જાય તો આ લક્ષ છૂટી જાય છે. પાઠમાં છે. જે બાણ હાથમાં હોય, જ્યાં લક્ષ છે આમ નાખવાનું છે, ત્યાં જો લક્ષ ન રહે અને પર તરફ લક્ષ જાય તો ત્યાંથી ચલામયાન થઈ જાય. આહાહા..! બાણ ત્યાં જઈ શકતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા લક્ષમાં અને ધ્યેયમાં લેવા લાયક તો તે એક ભગવાન છે. સમજાણું કાંઈ? એ બાણને, છે ને?

'**लक्खहं लक्ष्यस्य**' લક્ષ કરવાનું લક્ષ્ય '**ध्येयभूतस्य**'. ધ્યેય સામે આ પાંદડા ઉપર નાખવું છે કે આના ઉપર નાખવું છે. '**धनुर्विद्याभ्यासप्रस्तावे लक्ष्यरूपस्यैव जेण चलंति**' એના લક્ષમાંથી ચળી જાય તો બાણ નહિ વાગે ત્યાં. આહાહા..! આચાર્યોએ પણ.. એમ જે લક્ષ છે ધ્રુવ ચૈતન્યનું, પરમાત્મતત્ત્વ પરમ વીતરાગી નિત્યાનંદ પ્રભુ એનું લક્ષ ધર્મીને છે—ધ્યેય. એ જો પરદ્રવ્યનો સંગ કરે તો ત્યાંથી ચલાયમાન થઈ જશે. આહાહા..! ધ્યેયમાં નહિ રહી શકે એ. આવી વાત છે. કહો, શેઠ! આવી વાત તો સાંભળી પણ ન હોય. ક્યાંય નથી. ભગવાન શું કહે? અરે.. પ્રભુ! આહાહા..! ત્રિલોકનાથના વિરહ પડ્યા, ભગવાનની હાજરી નહિ, કેવળજ્ઞાન ઉત્પત્તિનો કાળ નહિ. આહાહા..!

મુમુક્ષુ :— અવધિજ્ઞાન કોઈને નહિ.

ઉત્તર :— અવધિ, મનઃપર્યય જ્ઞાની પણ કોઈ નહિ. આ બધા ઝઘડા ઊભા થયા.

અહીં તો પરમાત્મા પંચમઆરાના જીવને માટે પણ આહાહા..! તારો ભગવાન છે અને એ ધ્યેય છે લક્ષમાં લાયક, બાકી બીજા બધા લક્ષ છોડવા લાયક છે. હેં! આહાહા..! ધનુરનો અભ્યાસ કરનારો જ્યાં બાણ મારવું હોય એનું લક્ષ ન છોડે ઈ. અને લક્ષ છોડે તો ત્યાં બાણ જઈ શકશે નહિ, ચલાયમાન થઈ જશે. આહાહા..! એમ ભગવાનઆત્મા નિત્યાનંદ વીતરાગસ્વરૂપી પ્રભુ પરમપદ તેનું જેને ધ્યેય છે, આહા..! સ્વદ્રવ્યનું જેને ધ્યેય છે એ પરદ્રવ્યના લક્ષમાં જશે તો એ ધ્યેયથી ચલાયમાન થઈ જશે. આહાહા..!

હવે અહીં કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી મુક્તિ થાય અને વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થાય. આટલો બધો ફેર છે ભાઈ! જ્ઞાનચંદજી! આવું છે, ભાઈ! આહા..! વીતરાગનો હુકમ તો આ છે. સમજાણું કાંઈ? આહાહા..! શું વાત, શું વાત!! આહાહા..! એક સ્વદ્રવ્ય પરમપદ વીતરાગ સ્વરૂપના ધ્યેય સિવાય જેટલા પરપદાર્થ રાગ અને દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ પરિવાર તો અશુભના નિમિત્ત છે, એ તો જુદા રહ્યા આહાહા..! પણ દેવ-ગુરુ અને શાસ્ત્ર તરફ પણ જો લક્ષ તારું જશે તો ધ્યેયમાંથી ચલાયમાન થઈ જઈશ. આહાહા..! ઓલા કહે એનાથી લાભ થશે, અહીં કહે છે, એના સંસર્ગથી ચલાયમાન થઈ જઈશ. જ્ઞાનચંદજી! આવી વાત છે ભગવાન! આહાહા..! ભાઈ! તમને ન બેસે પણ પ્રભુ તો આમ કહે છે. હેં!

મુમુક્ષુ :— પર તરફ ગયો એટલે ચલાયમાન જ થઈ ગયો.

ઉત્તર :— ચલાયમાન જ થયો, ત્યાં (લક્ષ) ન રહ્યું. સ્થિરતા કરવાની છે ત્યાં ધ્યેયમાં ત્યાં ન

રહ્યો. આહા..! સમજાણું કાંઈ? આહા..! ગાથા તે ગાથા છેને! એક એક ગાથા ચડતી જાય છે. આહાહા..! સંસારમાં પણ જેને લક્ષ્મી, આબરુ આદિ વધતી જતી હોયને, કોઈ કહે કે ચડતી ડગરીને તોડીશ નહિ એમ કહે છે. છોકરાઓ વધતા હોય, સારે ઠેકાણે પરણતા હોય, પૈસા પેદા થતા હોય, દુકાન જામતી હોય એમાંથી કોઈ કહે કે અમારે આ છોડવું છે. તો કહે, ચડતી ડગરીને તોડીશ નહિ એમ કહેતા હતા. સમજાણું કાંઈ? એ ચડતો ડગરો ક્યાં હતો. આ તો ચડતી ડગરી ધ્રુવમાં જવું અંદર આગળ એ ચડતી ડગરી છે. હેં! એનું હજી જ્ઞાનેય ઠેકાણા વિનાનું છે એ અંદર જાય શી રીતે? જેના જ્ઞાનમાં એમ છે કે આ રાગની ક્રિયા કરતાં ધર્મ થશે, એ પરથી ખસે કઈ રીતે? આહાહા..! અને નિમિત્તથી મને લાભ થશે એમ માનનારા પરથી ખસશે શી રીતે? જ્ઞાનચંદજી! આહા..! આવી વાત છે ભાઈ! બે વાત થઈ કે જે આત્મા સિવાય પરદ્રવ્યથી લાભ થશે એ તો પરથી ખસે નહિ અને આત્મા સિવાય વ્યવહારરત્નત્રયથી લાભ થશે એ ન્યાંથી ખસે નહિ. આહાહા..!

મુમુક્ષુ :— વ્યવહાર પરદ્રવ્ય છે.

ઉત્તર :— પરદ્રવ્ય છે. અહીંયા તો. નિયમસારમાં તો નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કીધી છે. કેમકે પર્યાય ઉપર લક્ષ જશે તો ત્યાં વિકલ્પ થશે, પર્યાય નવી નહિ પ્રગટે. આહાહા..! સમજાણું કાંઈ? '**जीवादिबहित्तच्चं हेयम्**' એ શ્લોક છેને ઉપર? આ બાજુ છે. ભગવાનના દર્શન કર્યા પછી એ શ્લોક આમ હેઠે છે નિયમસારનો, ૩૮મી ગાથા. '**जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा**' આહાહા..! સંવર, નિર્જરાની પર્યાય હેય છે. કેમકે પર્યાય ઉપર લક્ષ જશે તો એમાંથી નવી પર્યાય નહિ આવે. આહાહા..! કહો, વીરચંદભાઈ! આ પર્યાય નિર્મળ પરદ્રવ્ય છે. કેમકે પર્યાયમાં લક્ષ જશે તો દ્રવ્યનું ધ્યેય છૂટી જશે. આહાહા..! એવી વાત છે.

મુમુક્ષુ :— નિર્મળ પર્યાય.. ધ્રુવ તો ઉપાદેય છે ને?

ઉત્તર :— ધ્રુવ ઉપાદેય પર્યાયમાં. પર્યાય હેય છે એ પર્યાયમાં ધ્રુવ ઉપાદેય છે. ડાહ્યાભાઈ! આહાહા..! ત્રિકાળી પરમપદ કીધુંને?

'**પરમપદ જો વીતરાગનિત્યાનંદ અમૂર્તસ્વભાવ પરમસમરસીભાવરૂપ જો પરમાત્મતત્ત્વ...**' એ ધ્યેય છે, એ લક્ષ છે, મતિ-શ્રુતજ્ઞાનનું ધ્યેય અને લક્ષ ત્યાં છે. આહાહા..! આહાહા..! એમાંથી જો પરદ્રવ્યનો રાગ... એનો અર્થ એ છે કે પર્યાય ઉપર લક્ષ જશે તોપણ તને આ ધ્યેયથી છૂટી જઈશ. આહાહા..!

મુમુક્ષુ :— પર્યાય સહિત દ્રવ્યનું તો ધ્યેય કરવું ને?

ઉત્તર :— એકલા દ્રવ્યનું ધ્યેય કરવું, પર્યાયનું નહિ. સમજાણું કાંઈ? નવતત્ત્વમાં એમ આવે કે સંવર, નિર્જરા, મોક્ષ શ્રદ્ધવા, પર્યાયને શ્રદ્ધવી. એ તો શ્રદ્ધાની પર્યાયમાં જ્ઞાનપ્રધાનથી કથન છે. આહાહા..! બાકી શ્રદ્ધનારી પર્યાય છે એ સંવર, નિર્જરાને શ્રદ્ધે છે એ પર્યાય એમાં—દ્રવ્યમાં ભળી જતી નથી. ડાહ્યાભાઈ! આહાહા..! એ તો અહીંથી ઘણી વાર કહ્યું છે કે જે નિર્મળ પર્યાય જે ધ્યેયમાં છે અંદર એ ધ્યેય પર્યાયમાં આવતું નથી. ફક્ત પર્યાયનું લક્ષ ત્યાં જાય છે. સમજાણું કાંઈ? પણ લક્ષ

જ્યાં જાય છે એ ચીજ કંઈ પર્યાયમાં આવતી નથી. તે સંબંધીની શ્રદ્ધા અને જ્ઞાન પર્યાયમાં આવે છે. આહાહા..! આવી વાત માણસને, ઓલા સામાયિક સવારમાં ઊઠીને કરે, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, તિક્ખુત્તો.. લોગસ્સ.. થઈ ગઈ સામાયિક લ્યો. આહાહા..! અરે.. બાપુ! સમતાભાવ એવો વીતરાગી પરમાનંદ.. કીધુંને? પરમસમરસીભાવ એવું પરમાત્મતત્ત્વ એને જેણે ધ્યેયમાં લીધું નથી એને સમતાભાવ સામાયિક હોઈ શકે જ નહિ. આહાહા..! નામ સામાયિક આપો, વસ્તુ નથી. આહાહા..!

પરમસમરસીભાવ વીતરાગસ્વભાવ એકલો સમતાનો સમતાનો અકષાયનો શાંતરસનો ઈન્દ્ર, રસેન્દ્ર, શાંતરસનો ઈન્દ્ર ભગવાન પૂર્ણ સમરસીભાવ એને દૃષ્ટિમાં લઈને સ્થિરતા થાય તેને સામાયિક થાય. એને વીતરાગી સ્વભાવ છે તેવો વીતરાગી પરિણામનો લાભ થાય. એ સામાયિક–સમતાનો આય એટલે લાભ. આહાહા..! આ તો કાંઈ ભાનેય ન મળે એના અર્થની ખબર ન મળે. વિહુયરયમલા. નહોતું કીધું એક ફેરી? લોગસ્સમાં આવે છેને? વિહુયરયમલા. આવે છે ને? અર્થની ખબર ન મળે. પછી લીમડીમાં દસાશ્રીમાળી અને વિસાશ્રીમાળીને વિરોધ થયેલો. એમાં દશાશ્રીમાળીની બાઈ હતી ઘરડી. સામાયિક કરવા બેઠી. ઘડિયાલુ રાખીને. એમાં આ આવ્યો લોગસ્સ પાઠ. એ બોલી, વિસા રોઈ મળ્યા. દશાશ્રીમાળીની બાઈ અને વિસા સાથે વિરોધ. લોગસ્સમાં બોલી, વિહા રોઈ મળ્યા. પણ વિહા રોઈ મળ્યા આમાં ક્યાંથી આવ્યું આપણું? આપણી તકરાર લોગસ્સમાં ક્યાંથી આવી? આપણે પણ લોગસ્સ છે, હોં! દિગંબરમાં પણ છે, પણ એ ચાલતું નથી અને પ્રચાર આ લોકોમાં વધારે છે. લોગસ્સ છે, 'લોગસ્સ ઉજ્જોયગરે ધમ્મતિત્થયરે જિણે' સામાયિકમાં પાઠ છે આપણે દિગંબરમાં, પાઠ છે, પુસ્તક છે. પણ એ પ્રચલિત નથી, શ્વેતાંબરમાં એ પાઠ પ્રચલિત છે. એમાં પાઠ છે. એમાં વિહુયરયમળા (આવે છે).

હે નાથ! આપે વિ—વિશેષ હુઈ નામ ટાળ્યા છે, રજ નામ કર્મ અને મળ રાગાદિ પરિણામને. આ પરમાત્મા જિનવરદેવ સિદ્ધ થયા એ આપે વિહુય નામ વિશેષે હુઈ નામ ધુઈ નામ ટાળ્યા છે. આહાહા..! જેમ પંખીને ધૂળ હોય અને પાંખ ફેરવે ને રજ છૂટી જાય એમ આપે જાગૃત દશા પ્રગટ કરીને, પ્રભુ! વિહુય ટાળ્યા, રજ—કર્મની રજ અને મળ—દયા, દાનના વિકલ્પ જે મેળ એને આપે ટાળીને વીતરાગ થયા છો પ્રભુ. આહાહા..! ખબરેય ક્યાં બિચારાને. એમને એમ એક ઘડી બે ઘડીને ચાલ્યા દુકાને. હોળી સળગે આખો દિ'.

મુમુક્ષુ :— અપાસરામાં કાંઈ આખો દિ' બેસાય છે.

ઉત્તર :— પણ એક-બે ઘડી પણ શું છે એમાં તો એને સમજવું પડશે કે નહિ? દુકાને પછી જાવ. એક ઘડી, બે ઘડી કર્યું હવે દુકાને. એ ધર્મ થઈ ગયો. ધૂળેય નથી ધર્મ, સાંભળને! શાંતિભાઈ! આહાહા..!

અહીં તો એક વસ્તુ ત્રિકાળી આનંદનો નાથ પરમ સ્વભાવભાવ તે ધ્યેય છે. એટલે લક્ષમાં લેવા લાયક છે. લક્ષમાં તેનું લક્ષણ લેવા લાયક છે. આહાહા..! જ્ઞાન. આહાહા..! એમાં લક્ષમાં રહેવું

છે એનું સાધન અંદરમાં ઠરવું છે એને પરદ્રવ્યના સંસર્ગથી તો એ ચલાયમાન થઈ જશે. આહાહા..! ગજબ વાતું કરી છે ને! સ્વદ્રવ્યના સંસર્ગમાં—સંગમાં રહેનારને પરદ્રવ્યનો સંસર્ગ છોડે ત્યારે થાય. આહાહા..! પરદ્રવ્યના બે પ્રકાર લીધા. પુણ્ય-પાપના ભાવ એ પરદ્રવ્ય રાગાદિ. આહાહા..! શરીરાદિ પરદ્રવ્ય અને મિથ્યાત્વી, અસંયમી, અજ્ઞાનીઓએ પરદ્રવ્ય એ બધાનો સંગ છોડવો. આહાહા..! પોપટભાઈ! થડે કમાતો હોય વધારે અને છોકરાને કમાવું છે એના વખાણ કરે એટલે બીજાને એમ થઈ જાય કે આપણે પણ આવું કરવું તો આપણા વખાણ થાશે. હોળી સળગે. હુશિયાર છોકરાના વખાણ થાય એટલે બીજા છોકરાઓને એમ થાય, એના મોટાભાઈ જેવું આપણે કરીએ તો આપણા વખાણ થાય. હોળી સળગવા જેવી છે બધી. હેં! આહા..!

આ તો ભગવાન ત્રણલોકનો નાથ આત્મા જેણે અંદર સાધ્યો એને સાધવા જેવો દરેક જીવને છે. એને સાધવા જેવું પરદ્રવ્ય નથી, સાધવા જેવો રાગ નથી, સાધવા જેવી પર્યાય નથી એમ કહે છે અહીં. હેં! આહાહા..! લ્યો, શેઠ! આ ઉદ્‌ઘાટન. શેઠ કહે છેને, આ માર્ગનું ઉદ્‌ઘાટન બાપુ આવું છે, ભાઈ! આહાહા..! આ વીતરાગતાનું. ભાઈ! માર્ગ આવો છે. તારા જન્મ, જરા, મરણના દુઃખને ટાળવાનો માર્ગ તો આ છે. બીજી રીતે સંતોષ માનીને મનાવશે, નહિ હાથ આવે બાપુ! આહાહા..!

મુમુક્ષુ :— બહારમાં કંઈક કરવાનું તો બતાવો.

ઉત્તર :— કરવાનું શું બતાવે? બહારનું કરવું, રાગ આવે છે તો ભગવાનની ભક્તિ આદિ ઉપર લક્ષ જાય છે પણ એ લક્ષ છોડવા જેવું છે. અંદર વીતરાગભાવને સાધવા માટે તે ભાવ છોડવા જેવો છે. એની દૃષ્ટિમાં તો પાક્કું કરે. આહાહા..! આવો ઉપદેશ એટલે લોકોને નવા માણસ હોય એને એવું લાગે એકલા સામાયિક ને પોષા ને પડિકમણા કર્યા હોય એને ધર્મ માન્યો હોય, એને એવું લાગે આ..

મુમુક્ષુ :— અમારું બધું ખોટું કહે છે.

ઉત્તર :— એ તો બધો ખોટો અધર્મ છે. આહાહા..! ભાઈ આવ્યા છેને? છોટાભાઈ.

'**અર્થાત્ તીન ગુપ્તિરૂપ પરમસમાધિસે રહિત હો જાતે હૈં.**' આહાહા..! .. પ્રભુના ધ્યાનમાં જે પરમ ગુપ્તિ છે એમાંથી જો પરદ્રવ્યનો સંગ કરે, આહાહા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે એવું એ પહેલું જ્ઞાન તો કરે. એમને એમ ચાલી નીકળ્યા ધર્મ કરીએ, ધર્મ કરીએ. ધૂળેય ધર્મ નથી, બાપા તને ખબર નથી. અરે! જિંદગી જાય છે, મરણની સમીપ દેહ જાય છે. જેટલી મરણની મુદત લઈ આવ્યો છે તેની સમીપ દેહ જાય છે. અરે! દેહ છૂટવાનો કાળ બાપુ થોડો રહ્યો હવે તને. પચ્ચીસ, પચાસ, સાંઈઠ, સીત્તેર નીકળ્યા એને તો હવે બહુ થોડો રહ્યો. એમાં જો આ ન કર્યું તો બાપુ કાંઈ નથી કર્યું તેં. મનુષ્યપણું તારું એળે ગયું ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? દુનિયા વખાણી મારશે. પાંચ-પચાસ લાખ, બે કરોડ, પાંચ કરોડ ભેગા કર્યા હોય. ઓહો..! આપણો ડાહ્યો દીકરો. ડાહ્યો તો સમજવા જેવું હોય.

મુમુક્ષુ :— કર્મી છે ને.

ઉત્તર :— કર્મી કહેવાય, કર્મી કહેવાય. કર્મનો કરનારો પાપી. એમ. કર્મ કહીએ એને કે ધર્મી કહે? અમારા છોકરા કર્મી જાગ્યા છે. કર્મ કરનારા—પાપ કરનારા જાગ્યા છે. આહાહા..!

અહીં તો જેમ ધનુષ્યના બાણનું લક્ષ જ્યાં છે ત્યાં લક્ષ થવું જોઈએ. એ લક્ષમાંથી જો આમ જાય તો છૂટી જશે ધ્યેય. એમ ભગવાનઆત્માનું ધ્યેય, ધર્મીનું ધ્યેય ત્રિકાળી આત્મા પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! એમાંથી જેટલો પરદ્રવ્યનો સંસર્ગ થશે તેટલો તેને વિકલ્પ ઉઠશે. આહાહા..!

'**યહાં પર પરમધ્યાનકે ઘાતક જો મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ પરિણામ...** ' છે? પરમધ્યાન. ભગવાનઆત્મામાં એવું જે ધ્યાન. ભગવાનસ્વરૂપે ચિદાનંદ વીતરાગપ્રભુ આત્મા, એનું જે ધ્યાન એનો ઘાતક '**મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ પરિણામ...**' એના ઘાતક વિપરીત શ્રદ્ધા, રાગ-દ્વેષ એના ઘાતક છે માટે એને છોડવા. આહાહા..! '**તથા રાગી-દ્વેષી પુરુષોંકા સંસર્ગ સર્વથા ત્યાગ કરના ચાહિયે,...**' આહાહા...! આ એને સારાંશ છે કહે છે. આહાહા..! એ ૧૦૮ થઈ.

---

## ગાથા-૧૦૯

अथ तमेव परद्रव्यसंसर्गं त्यागं कथयति-

२३६) जो सम-भावहँ बाहिरउ तिं सहुं मं करि संगु।
चिंता-सायरि पडहि पर अण्णु वि डज्झइ अंगु।।१०९।।

यः समभावाद् बाह्यः तेन सह मा कुरु संगम्।
चिंतासागरे पतसि परं अन्यदपि दह्यते अङ्गः।।१०९।।

यो इत्यादि। जो यः कोडपि सम-भावहं बाहिरउ जीवितमरणलाभालाभादि समभावानुकूलविशुद्धज्ञानदर्शनस्वभावज्ञानपरमात्मद्रव्यसम्यक्श्रद्धानज्ञाननुष्ठानरुप-समभावबाह्यः। तिं सहुं मं करि संगु तेन सह संसर्गं मा कुरु हे आत्मन्। यतः किम्। चिंता-सायारि पडहि रागद्वेषादिकल्लोलरुपे चिन्तासमुद्रे पतसि। पर परं नियमेन। अण्णु वि अन्यदपि दूषणं भवति। किम्। डज्झइ दह्यते व्याकुलं भवति। किं दह्यते। अंगु शरीरं इति। अयमत्र भावार्थः। वीतरागनिर्विकल्पसमाधिभावनाप्रतिपक्षभूतरागादि-स्वकीयपरिणाम एव निश्चयेन पर इत्युच्यते। व्यवहारेण तु मिथ्यात्वरागादिपरिणतपुरुषः सोडपि कथंचित्, नियमो नास्तीति।।१०९।।

---

आगे उन्हीं परद्रव्योंके संबंधको फिर छुड़ानेका कथन करते हैं-

## गाथा-१०९

अन्वयार्थ :- [यः] जो कोई [समभावात्] समभाव अर्थात् निजभावसे [बाह्य] बाह्य पदार्थ हैं, [तेन सह] उनके साथ [संगम्] संग [मा कुरु] मत कर। क्योंकि उनके साथ

संग करनेसे [चिंतासागरे] चिंतारुपी समुद्रमें [पतसि] पड़ेगा, [परं] केवल [अन्यदपि] और भी [अंगः] शरीर [दह्यते] दाहको प्राप्त होगा, अर्थात् अंदरसे जलता रहेगा।

भावार्थ :- जो कोई जीवित, मरण, लाभ, अलाभादिमें तुल्यभाव उसके संमुख जो निर्मल ज्ञान दर्शन स्वभाव परमात्म द्रव्य उसका सम्यक् श्रद्धान ज्ञान आचरणरुप निजभाव उसरुप समभावसे जो जुदे पदार्थ हैं, उनका संग छोड़ दे। क्योंकि उनके संगसे चिंतारुपी समुद्रमें गिर पड़ेगा। जो समुद्र राग-द्वेषीरुपी कल्लोलोंसे व्याकुल है। उनके संगसे मनमें चिंता उत्पन्न होगी, और शरीरमें दाह होगा। यहाँ तात्पर्य यह है, कि वीतराग निर्विकल्प परमसमाधिकी भावनासे विपरीत जो रागादि अशुद्ध परिणाम वे ही परद्रव्य कहे जाते हैं, और व्यवहारनयकर मिथ्यात्वी रागी-द्वेषी पुरुष पर कहे गये हैं। इन सबकी संगति सर्वदा दुःख देनेवाली है, किसी प्रकार सुखदायी नहीं है, ऐसा निश्चय है।।१०९।।

---

હવે, તે જ પરદ્રવ્યના સંસર્ગને છોડવાનું કહે છે :-

ભાવાર્થ :- જે કોઈ જીવિત-મરણ, લાભ-અલાભ આદિમાં સમભાવને અનુકૂળ વિશુદ્ધજ્ઞાન અને વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા પરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્-અનુષ્ઠાનરૂપ સમભાવથી બાહ્ય (રહિત) છે તેની સાથે હે આત્મા! તું સંસર્ગ ન કર; કારણ કે તેની સાથે સંસર્ગ કરવાથી તું રાગદ્વેષાદિના કલ્લોલરૂપ ચિંતાસમુદ્રમાં પડીશ. વળી, બીજું દૂષણ એ આવશે કે શરીર પણ નિયમથી બળશે-વ્યાકુળ થશે.

અહીં, આ ભાવાર્થ છે કે વીતરાગ નિર્વિકલ્પ સમાધિની ભાવનાથી પ્રતિપક્ષભૂત રાગાદિરૂપ સ્વકીય પરિણામ જ નિશ્ચયથી 'પર' ('પરદ્રવ્ય') કહેવાય છે અને વ્યવહારથી મિથ્યાત્વ, રાગાદિરૂપે પરિણત પુરુષ તે પણ કથંચિત્, (પર કહેવાય છે,) નિયમ નથી. ૧૦૯.

---

## ગાથા-૧૦૯ ઉપર પ્રવચન

૧૦૯. 'આગે ઉન્હીં પરદ્રવ્યોંકે સંબંધકો ફિર છુડાનેકા કથન કરતે હૈં—'

२३६) जो सम-भावहँ बाहिरउ तिं सहु मं करि संगु।
चिंता-सायरि पडहि पर अण्णु वि डज्झइ अंगु।।१०९।।

આહાહા..! અન્વયાર્થ :— 'જો કોઈ સમભાવ અર્થાત્ નિજભાવસે બાહ્ય પદાર્થ હૈં,...' ભગવાન સમભાવ વીતરાગસ્વરૂપ છે. એનાથી જેટલા બાહ્ય પદાર્થ છે, આહાહા..! 'ઉનકે

**સાથ સંગ મત કર.**' આહાહા..! ભગવાન ફરમાવે છે, પ્રભુ! તારો સમભાવ જે વીતરાગભાવરૂપી આત્મા એના સંગ સિવાય પરસંગને છોડી દે. આહાહા..! ઓહોહો..! '**ક્યોંકિ ઉનકે સાથ સંગ કરનેસે ચિંતારૂપી સમુદ્રમેં પડેગા,...**' ચિંતારૂપી વિકલ્પ ઉઠશે બધી ચિંતા. આહાહા..! શાસ્ત્રને ભણવું, ભગવાનની ભક્તિ. આહાહા..! ચિંતાના સાગરમાં ડૂબી જઈશ, પ્રભુ! આહાહા..! વીતરાગસાગરમાં ન જતાં ચિંતાસાગરમાં ચાલ્યો જઈશ. આહાહા..! આવો માર્ગ વીતરાગનો લોકોને એવું લાગે હોં! વખત મળે નહિ. માંડ કલાક વખત હોય તો સાંભળવા જાય. બાકી તો હોળી આખો દિ'. બાયડી, છોકરા, રળવું, ખાવું, વિષયભોગ ને ઊંઘ અને કેટલીક વિકથા. થઈ રહ્યું એમાં જાય વખત. કલાક મળ્યો તો સવારે, સાંજે બેસે. ત્યાં સંભળાવનારા સમજવા જેવા હોય ત્યાં સાંભળે. એ બધું. આહાહા..! આ વાત એને ક્યારે ગોઠે? તારું સ્વરૂપ અંદર વીતરાગ પરમસમરસભાવથી ભરેલો શાંત રસેન્દ્ર ભગવાન, અકષાય સ્વભાવનો ઈન્દ્ર, વીતરાગભાવનો ઈન્દ્ર. આહાહા..! ઈ વાત એને ધ્યેયમાં દ્રવ્ય આવું છે એ કેમ બેસે? બાપુ! એને વિચાર કરીને બેસવું પડશે. સમજાણું કાંઈ?

'**ચિંતારૂપી સમુદ્રમેં...**' '**पतसि**' આહાહા..! એ વિકલ્પની જાળું ઉઠશે પરદ્રવ્ય સંબંધી લક્ષ કરીશ ત્યાં. આહા..! '**કેવલ ઔર ભી શરીર દાહકો પ્રાપ્ત હોગા,...**' આહાહા..! અંદર કષાય થતાં શરીર પણ અંદર બળશે અગ્નિથી.

**ભાવાર્થ :— 'જો કોઈ જીવિત, મરણ, લાભ, અલાભાદિમેં તુલ્યભાવ ઉસકે સંમુખ જો નિર્મલ જ્ઞાનદર્શન સ્વભાવ પરમાત્મદ્રવ્ય...**' આહાહા..! જીવતર શરીરનું કે દેહ છૂટવો કે લાભ પૈસા આદિનો, દીકરાનો કે અલાભ એમાં સમભાવ '**ઉસકે સંમુખ જો નિર્મલ જ્ઞાનદર્શન સ્વભાવ પરમાત્મ દ્રવ્ય...**' આહાહા..! '**ઉસકા સમ્યક્ શ્રદ્ધાન...**' આહાહા..! શું કહે છે? સમભાવની સન્મુખ તો દ્રવ્યસ્વભાવ થાય ત્યારે એમ કહે છે. સમભાવની સન્મુખતા દ્રવ્ય ઉપર છે. એ દ્રવ્ય કેવું છે? કે '**નિર્મલ જ્ઞાનદર્શન સ્વભાવ પરમાત્મદ્રવ્ય ઉસકા સમ્યક્ શ્રદ્ધાન...**' આહાહા..! હેં!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— લાવ્યા શું કરવા? બાપુ! એ પાણી નહિ ભાઈ! ત્યારે ઓલો વાણિયો જરી એવો કે આમાં તો દરિયો ભર્યો છે પાણીનો. તેજ.. તેજ.. તેજ.. તેજ. આટલું ભલે હો પણ આમ ચમક.. ચમક.. ચમક થાય. અરે.. શેઠ! એ દરિયો ભર્યો હોય તો મારી પછેડી અડે અને પલળે તો માનું. શેઠ કહે, પટેલ! એ પછેડીએ પલળે એવું પાણી નહિ. એવા પાણી તો ઝવેરીની નજરુંમાં દેખાય એવા પાણી છે. આહાહા..! એના પાણી તો નજરું જેને કિંમત છે એને પાણી દેખાય. એની કિંમત ચમક. આહાહા..! એમ આ ભગવાનનું પાણી અંદર વીતરાગસ્વરૂપ એ તો સમ્યગ્દૃષ્ટિને દેખાય. એના ઉપર દૃષ્ટિ પડે અને જ્ઞાન જાય એને જણાય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, જુઓ! '**નિર્મલ જ્ઞાનદર્શન સ્વભાવ પરમાત્મદ્રવ્ય ઉસકા સમ્યક્ શ્રદ્ધાન...**' જોયું! વ્યવહાર નહિ. ત્રિકાળી ભગવાનની સમ્યક્ શ્રદ્ધા, એનું જ્ઞાન સમ્યક્જ્ઞાન. એનું આચરણ.

લ્યો, એનું આચરણ. ભગવાન પરમાત્મદ્રવ્યનું આચરણ. આ લોકો આચરણ આચરણ એટલે એ મૂકી દઈને આચરણ મહાવ્રત આદિ. ભગવાન આનંદનો કંદ વીતરાગ સમભાવરસી પ્રભુ એની શ્રદ્ધા સમ્યક્, એનું જ્ઞાન સમ્યક્ અને એનું આચરણ સમ્યક્. એનું આત્મામાં આચરણ તે. આહાહા..! '**આચરણરૂપ નિજભાવ...**' ત્રણે '**ઉસરૂપ સમભાવસે જો જુદે પદાર્થ હૈં,...**' આવો જે અંદર સમભાવ એનાથી જેટલા જુદા પદાર્થ છે '**ઉસકા સંગ છોડ દે.**' આહાહા..!

ભગવાન સમરસીસ્વરૂપ ત્રિકાળી એની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ અંદર એવો જે સમભાવ એ મોક્ષમાર્ગ, એ ત્રણે સમભાવ છે, વીતરાગભાવ છે. આહાહા..! એનાથી અનેરી ચીજો બધી છે (એનો) સંગ છોડી દે. '**ક્યોંકિ ઉનકે સંગસે ચિંતારૂપી સમુદ્રમેં ગિર પડેગા.**' વિકલ્પની જાળ ઉઠશે ચિંતા. આહાહા..! ભગવાનનું સ્મરણ કરવા જઈશ તોપણ ચિંતા ઉઠશે. સમજાણું કાંઈ? બીજા ભગવાનનું. પોતાના ભગવાનને છોડીને બીજા ભગવાનના (સ્મરણમાં) ચિંતા—વિકલ્પ ઉત્પન્ન થશે. આહાહા..! આવું કથન દિગંબર સંતો ઉઘાડું કરીને મૂકે છે. આહાહા..! દુનિયા બેસો ને બેસો. પાગલ કહો કે ન કહો, જેમ તમારી મરજી એમ કહો, પણ માર્ગ તો આ છે. આહાહા..! '**ઔર સમુદ્ર રાગ-દ્વેષરૂપી કલ્લોલોંસે વ્યાકુલ હૈ.**' એ ચિંતારૂપી સમુદ્ર રાગ-દ્વેષથી વ્યાકુળ છે કહે છે. આહાહા..! '**ઉનકે સંગસે મનમેં ચિંતા ઉત્પન્ન હોગી,...**' આહાહા..! '**ઔર શરીરમેં દાહ હોગા.**' આહાહા..!

'**યહાં તાત્પર્ય યહ હૈ, કિ વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિકી ભાવનાસે વિપરીત જો રાગાદિ અશુદ્ધ પરિણામ વે હી પરદ્રવ્ય કહે જાતે હૈં,...**' લ્યો. આહાહા..! પોતાનો વીતરાગી સ્વભાવ નિર્વિકલ્પ સમાધિ મોક્ષમાર્ગ, એનાથી વિપરીત રાગાદિ અશુદ્ધ પરદ્રવ્ય '**ઔર વ્યવહારનયકર મિથ્યાત્વી રાગી-દ્વેષી પુરુષ પર કહે ગયે હૈં. ઇન સબકી સંગતિ સર્વદા દુઃખ દેનવાલી હૈ,...**' આહાહા..! '**કિસી પ્રકાર સુખદાયી નહીં હૈ, ઐસા નિશ્ચય હૈ.**' લ્યો, વિશેષ કહેશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૧૧૦

अथैतदेव परसंसर्गदूषणं दृष्टान्तेन समर्थयति–

२३७) भल्लाहँ वि णासंति गुण जहँ संसग्ग खलेहिं।
वइसाणरु लोहहँ मिलिउ तें पिट्टियइ घणेहिं।।११०।।

भद्राणामपि नश्यन्ति गुणाः येषां संसर्गः खलैः।
वैश्वानरो लोहेन मिलितः तेन पिट्टयते घनैः।।११०।।

भल्लाहं वि इत्यादि। भल्लाहं वि भद्राणामपि स्वस्वभावसहितानामपि णासन्ति गुण नश्यन्ति परमात्मोपलब्धिलक्षणगुणाः। येषां किम्। जहँ संसग्ग येषां संसर्गः। कै सह। खलेहिं परमात्मपदार्थप्रतिपक्षभूतैर्निश्चयनयेन स्वकीयबुद्धिदोषरुपैः रागद्वेषादिपरिणामैः

खलैर्दुष्टैर्व्यवहारेण तु मिथ्यात्वरागादिपरिणतपुरुषैः अस्मिन्नर्थे दृष्टान्तमाह। वइसाणरु लोहहं मिलिउ वैश्वानरो लोहमिलितः। तें तेन कारणेन पिट्टियइधणेहिं पिट्टनक्रियां लभते। कैः धनैरिति। अत्रानाकुलत्वसौखविधातको येन दृष्टश्रुतानुभूतभोगकांक्षारुपनिदानबन्धाध-पध्यानपरिणाम एव परसंसर्गस्त्याज्यः। व्यवहारेण तु परपरिणतपुरुष इत्याभिप्रायः।।११०।।

---

आगे परद्रव्यका प्रसंग महान् दुःखरुप हैं, यह कथन दृष्टांतसे दृढ़ करते हैं–

गाथा–११०

अन्वयार्थ :– [खलैः सह] दुष्टोंके साथ [येषां] जिनका [संसर्गः] संबंध है, वह [भद्राणाम् अपि] उन विवेकी जीवोंके भी [गुणाः] सत्य शीलादि गुण [नश्यन्ति] नष्ट हो जाते हैं, जैसे [वैश्वानरः] आग [लोहेन] लोहेसे [मिलितः] मिल जाती है, [तेन] तभी [घनैः] घनोंसे [पिट्टयते] पीटी–कूटी जाती है।

भावार्थ :– विवेकी जीवोंके शीलादि गुण मिथ्यादृष्टि रागी द्वैषी अविवेकी जीवोंकी संगतिसे नाश हो जाते हैं। अथवा आत्माके निजगुण मिथ्यात्व रागादि अशुद्ध भावोंके संबंधसे मलिन हो जाते हैं। जैसे अग्नि लोहेके संगमें पीटी–कूटी जाती है। यधपि आगको घन कूट नहीं सकता, परंतु लोहेकी संगतिसे अग्नि भी कूटनेमें आती है, उसी तरह दोषोंके संगसे गुण भी मलिन हो जाते हैं। यह कथन जानकर आकुलता रहित सुखके घातक जो देखे, सुने, अनुभव किये भोगोंकी वाँछारुप निदानबंध आदि खोटे परिणामरुपी दुष्टोंकी संगति नहीं करना, अथवा अनेक दोषोंकर सहित रागी–द्वेषी जीवोंकी भी संगति कभी नहीं करना, यह तात्पर्य है।।११०।।

---

હવે, પરદ્રવ્યનો સંસર્ગ દૂષણ છે એ જ કથનને દૃષ્ટાંત વડે દૃઢ કરે છે :–

ભાવાર્થ :– સ્વસ્વભાવસહિત ભદ્ર જીવોના પરમાત્માની પ્રાપ્તિસ્વરૂપ ગુણો, પરમાત્મપદાર્થના પ્રતિપક્ષભૂત અને નિશ્ચયનયથી સ્વકીયબુદ્ધિદોષરૂપ દુષ્ટ રાગદ્વેષ આદિ પરિણામો અને વ્યવહારનયથી મિથ્યાત્વ, રાગાદિરૂપે પરિણત દુષ્ટ પુરુષો સાથેના સંસર્ગથી, નાશ પામે છે. આનું સમર્થન કરવા માટે દૃષ્ટાંત કહે છે. અગ્નિ લોઢાનો સંગ પામે છે તેથી ઘણ વડે ટિપાયા કરે છે.

અહીં, અનાકુળતારૂપ સુખના વિઘાતક, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની વાંછારૂપ નિદાનબંધ આદિ અપધ્યાનરૂપ પરિણામરૂપ જ પરસંસર્ગ ત્યાજ્ય છે અને વ્યવહારથી પરપરિણત પુરુષ ત્યાજ્ય છે, એવો અભિપ્રાય છે. ૧૧૦.

## વીર સંવત ૨૫૦૨, પોષ સુદ ૧૪, મંગળવાર તા. ૪-૧-૧૯૭૭, ગાથા-૧૧૦, ૧૧૧, પ્રવચન નં. ૧૭૭

... પોતાનો આનંદસ્વભાવ આત્મા એના સંસર્ગમાં આનંદની ઉત્પત્તિ થાય છે અને આત્મા સિવાય પરદ્રવ્ય, રાગ પુણ્ય-પાપના ભાવ એ પણ પરદ્રવ્ય છે અને આત્મા સિવાય બીજા દ્રવ્યો એ પણ પરદ્રવ્ય છે વ્યવહારે. એનો સંસર્ગ કરતાં દુઃખ થાય છે. આહાહા..! એ કહે છે.

૨૩૭) भल्लाहँ वि णासंति गुण जहँ संसग्ग खलेहिं।
वइसाणरु लोहहँ मिलिउ तें पिट्टियइ घणेहिं।।११०।।

**અન્વયાર્થ :—** '**દુષ્ટોંકે સાથ...**' દુષ્ટના અર્થ બે—શુભ-અશુભરાગ વિકાર એ પણ દુષ્ટ છે. આહાહા..! એનો સંસર્ગ નામ એની એકતાબુદ્ધિ એ દોષનું કારણ છે. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભ રાગ એ દુષ્ટ છે. આહાહા..! એનો સંસર્ગ નામ એકતાબુદ્ધિ સ્વભાવના ગુણના ઘાતનું કારણ છે. આવી વાત છે. અર્થમાં કરશે. '**દુષ્ટોંકે સાથ જિનકા સંબંધ હૈ, વહ ઉન વિવેકી જીવોંકે ભી...**' '**भद्राणाम् अपि**' એમ કહે છે. ભદ્ર જીવ છે વિવેકી પણ છતાં વિકાર અને પર આત્માઓ મિથ્યાદૃષ્ટિ આદિનો સંસર્ગ નુકસાનકારક છે. '**સત્ય શીલાદિ ગુણ નષ્ટ હો જાતે હૈં,...**' '**વિવેકી જીવોંકે ભી સત્ય શીલાદિ ગુણ નષ્ટ હો જાતે હૈં,...**'

'**જૈસે...**' '**વૈશ્વાનરઃ**' એટલે '**આગ લોહેસે મિલ જાતી હૈ, તભી ઘનોંસે પીટી-કૂટી જાતી હૈ.**' આહાહા..! અગ્નિ જ્યારે લોઢામાં પેસે તો એને માથે ઘણ પડે. એમ ભગવાનઆત્મા જ્ઞાનાનંદસ્વભાવ રાગના સંસર્ગમાં આવે એ લોઢું છે રાગ. ભગવાન જ્ઞાનસ્વરૂપી ભગવાન ચૈતન્યઅગ્નિ છે. એ રાગના સંસર્ગમાં આવે તો પીટાય. ચાર ગતિના દુઃખથી પીટાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :—** '**વિવેકી જીવોંકે...**' વિવેકી નામ રાગથી ભિન્ન પડ્યો આત્મા ભગવાન, એવું જેને ભાન છે—ભેદજ્ઞાની, એ વિવેકી. પોતાનો સ્વભાવ શુદ્ધચૈતન્ય આનંદઘન એને જેણે રાગથી ભિન્ન પાડ્યો છે. ચાહે તો વ્યવહારરત્નત્રયનો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ કે પંચમહાવ્રતનો રાગ, એનાથી જેણે વિવેક નામ ભેદ પાડ્યો છે આત્માને. આહાહા..! એનાથી જેણે ભેદજ્ઞાન કર્યું છે આત્માનું. આહાહા..! આ તો એકદમ તત્ત્વની વાત છેને, પરમાત્મપ્રકાશ છેને. પોતે પરમાત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી ભગવાન.. આહાહા..! એ રાગ ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, વિકલ્પ—રાગ, આહાહા..! એનાથી જેણે ભિન્ન પાડ્યો છે ભગવાનઆત્માને. આહાહા..! આવી વાત ઝીણી પડે ભઈ લોકોને, શું થાય? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, વિજય! આહાહા..!

અંતર ભગવાનઆત્મા, સર્વજ્ઞ પરમેશ્વરે અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ આત્મા છે એમ જોયો

છે અને એવો છે. આહા..! અરે..! એ ક્યાં કોઈ દિ' અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિયજ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે. એને જેણે રાગથી ભિન્ન જાણ્યો છે, એનું નામ વિવેકી, એનું નામ ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! એ ધર્મી જીવે પણ શીલાદિ ગુણો, એના શીલાદિ, બ્રહ્મચર્ય (આદિ). અંતર બ્રહ્મ નામ આત્મા, બ્રહ્મ નામ આત્માનું ચરણ અંદર રમત આનંદની સાથે રમત એવું જે બ્રહ્મચર્ય. આહાહા..! એવા શીલાદિ ગુણો '**મિથ્યાદષ્ટિ રાગી દ્વેષી અવિવેકી જીવોંકી સંગતિસે નાશ હો જાતે હૈં.**' જેની દૃષ્ટિ જ વિપરીત છે, રાગને પોતાનો માને છે, પુણ્ય ને પાપના વિકલ્પો રાગ એ આત્માનો સ્વભાવ નથી છતાં એને પોતાના માને છે એ મિથ્યાદષ્ટિ જીવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ચાહે તો એ અબજોપતિ હો અને કોઈ સાધુ પણ દિગંબર હો, પણ જેણે રાગ ને દ્વેષને પોતાના માન્યા એ મિથ્યાદષ્ટિ છે. એની સાચી દૃષ્ટિ નથી. કેમકે રાગ અને દ્વેષ એ વિકાર અને દોષ છે. ભગવાનઆત્મા આનંદકંદ પ્રભુ નિર્દોષ તત્ત્વ છે. એને નિર્દોષ તત્ત્વની સાથે સદોષને એકત્વ માન્યું એ અવિવેકી મિથ્યાદષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :— કંઈ સમજાણું નહિ.

ઉત્તર :— ન સમજાણું? ફરીને. આહાહા..!

આ આત્મા વસ્તુ છે એ તો પરમાનંદનો કંદ પ્રભુ અનાકુળ આનંદની ગાંસડી છે આત્મા તો. અરે! એને ક્યાં ખબર છે? સમજાણું કાંઈ? એ તો કહ્યું નહોતું શક્કરકંદનો દાખલો આપીને? શક્કરકંદ છે ને? શક્કરિયા. એની એક લાલ છાલને લક્ષમાંથી છોડી દ્યો તો એ શક્કરકંદ સાકરની મીઠાશનો પિંડ જ છે એ. શક્કરકંદ કહે છે ને એને. આહાહા..! સાકરની મીઠાશનો એ પિંડ છે. એમ આ ભગવાનઆત્મા, શરીર વાણી, મન તો જડ છે, આ તો પર છે, એ કંઈ આત્મા નથી અને આત્માના નથી. પણ એમાં જે કંઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ પણ એક શુભરાગની લાલ છાલ છે. આહાહા..! હિંસા, જૂઠું, વિષયભોગ વાસનાનો રાગ એ તો પાપ રાગ છે. પણ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ પણ પુણ્યરાગ છે, શુભરાગ છે. એ રાગની છાલને ન જુઓ તો ભગવાન તો આનંદકંદ, જેમ શક્કરકંદ છે, એમ આત્મા અતીન્દ્રિયઆનંદનો કંદ છે. ક્યાં, સાંભળે ક્યાં બિચારા? આહાહા..! સમજાણું કાંઈ? કહો, આ તો દાખલો સમજાય છે કે નહિ? દાખલામાંથી સિદ્ધાંત (સમજવો). આહાહા..!

આ દેહ તો જડ પર છે. વાણી પર છે. આ તો અજીવતત્ત્વ છે. એમાં જે દયા, દાન, વ્રતના પરિણામ થાય એ આસ્રવતત્ત્વ અથવા ભાવબંધતત્ત્વ છે. આહાહા..! એને ન જોતાં અંદરને જુઓ તો ભગવાન તો અનાકુળ શાંતરસનો દરિયો છે. અરે! એ ક્યાં જોવે? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— શક્તિરૂપે દરિયો છે ને?

ઉત્તર :— શક્તિ—સામર્થ્ય છે. સામર્થ્ય છે એ એનો સ્વભાવ જ છે. શક્તિનો અર્થ શું? સામર્થ્ય છે ઈ. અતીન્દ્રિય આનંદનું જ એનું સામર્થ્ય છે. શક્તિ એટલે શું? સમજાણું કાંઈ? આહાહા..! શક્તિ એટલે એનો સ્વભાવ, સ્વભાવ એટલે એનું સત્ત્વ, સત્ત્વ એટલે એની શક્તિનો

સ્વભાવ. અતીન્દ્રિયઆનંદ એનો સ્વભાવ છે. આહાહા..! એને આત્મા કહીએ. વચમાં પુણ્ય અને પાપની લાગણીઓ ઊઠે છે એ તો વિકાર છે, દુઃખ છે, ઝેર છે. આહાહા..! અરે! એને ક્યાં ખબર છે? એનાથી ભિન્ન પડીને જેણે આત્મા આનંદમૂર્તિને જાણ્યો, અનુભવ્યો એને અહીંયા વિવેકી ધર્માત્મા કહેવામાં આવે છે. આહાહા..! આવો ધર્મ ભારે ભાઈ! સમજાણું કાંઈ?

એવા વિવેકી જીવોએ એનો સંસર્ગ ન કરવો. એક વાત. એ તો પરદ્રવ્યની અપેક્ષા. હવે વિવેકી જીવોએ.. આહાહા..! ઝીણી વાત બાપુ! આ તો ધર્મની વાત છે. આ કાંઈ લૌકિક વેપાર ને ધંધા ને ધમાલ મોટી ચાલે (એવી નથી). આહાહા..! પોપટભાઈ! આ તમારા કરોડો રૂપિયાની ધમાલો ચાલે. પચાસ-પચાસ લાખ, કરોડ ને બે કરોડ ને દસ, દસ લાખની પેદાશું ધૂળ છે, બધા ઝેર. સમજાણું કાંઈ? આ તો આત્માની પેદાશ, અતીન્દ્રિય આનંદની પેદાશને અહીંયા લાભ કહે છે. આહાહા..! વાણિયા લખે છે, નહિ? બેસતા વર્ષને દિ'. લાભ સવાયા બારણા ઉપર લખે. શેનો લાભ? ધૂળનો? આહાહા..! એ તો ધૂળના લાભ માટે લખે છે.

ભગવાન અંદર બિરાજે છે. સર્વજ્ઞ જિનવર વીતરાગદેવે જેને પ્રગટ કર્યો એ શક્તિરૂપ સ્વભાવ ભગવાન બધા આત્મામાં બિરાજે છે. આહાહા..! શક્તિનો અર્થ એનું સામર્થ્ય જ એ છે. અતીન્દ્રિય આનંદ એનું સામર્થ્ય છે, અતીન્દ્રિય જ્ઞાન એનું સામર્થ્ય છે, અતીન્દ્રિય વીર્ય—પુરુષાર્થ એનું સામર્થ્ય છે, અતીન્દ્રિયસત્તા એનું સામર્થ્ય છે. આહાહા..! અરેરે!

મુમુક્ષુ :— અતીન્દ્રિય સત્તા કેવી હોય?

ઉત્તર :— પરમાણુની સત્તા છે તે ઇન્દ્રિયગ્રાહ્ય છે. આ તો અતીન્દ્રિય છે. પરમાણુ આ જડ છે એની સત્તા છે એ રૂપી જડ છે સત્તા—હોવાપણું. અને આ તો અતીન્દ્રિય સત્તા છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેનું હોવાપણું અતીન્દ્રિયપણે છે. આહાહા..! અરે! ઈ વાત અત્યારે તો લોકોએ ગુમ કરી નાખી. હજી તો ધર્મમાં આવતો નથી, સંસારનો પાપમાં પચ્યો આખો દિ' બાયડી, છોકરા, ધંધો, રળવું પાપના પોષણ કરનારો છે. હવે એ ધર્મને નામે આવે ત્યારે એને દયા ને દાન ને વ્રત ને તપને ધર્મ મનાવે. આહાહા..! સમજાણું કાંઈ? એ પણ મિથ્યાદષ્ટિ છે, કહે છે. આહાહા..! જેનું સામર્થ્ય અને શક્તિ છે એની જેને પ્રતીતિ અને પરથી વિવેક નથી એ બધાને અહીં અવિવેકી મિથ્યાદષ્ટિ કહેવામાં આવે છે. આહાહા..! અરે! આવી વાતું ક્યાં? સમજાણું કાંઈ?

ઈ અહીં કહે છે, '**વિવેકી જીવોંકે...**' વિવેકી એટલે રાગથી ભિન્ન પડેલા તત્ત્વને અનુભવનારો. આહાહા..! '**શીલાદિ ગુણ...**' એના બ્રહ્મચર્ય એટલે આત્માના આનંદનો ગુણ. જે શાંતિ પ્રગટી છે અતીન્દ્રિયઆનંદ જેને રાગથી ભિન્ન પડીને પ્રગટી છે, એવા ધર્માત્માને પણ '**મિથ્યાદષ્ટિ રાગી દ્વેષી અવિવેકી જીવોંકી સંગતિસે નાશ હો જાતે હૈં.**' આહાહા..! મૂઢ જીવો તો એ વાતું કરશે.

મુમુક્ષુ :— પરદ્રવ્યથી શું થાય?

ઉત્તર :— પરદ્રવ્યથી વ્યવહારે પરદ્રવ્ય એને કીધા. નિશ્ચયથી પરદ્રવ્ય તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ તે પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! પરદ્રવ્યો જે મિથ્યાદષ્ટિ છે એ વાત એવી કરશે કે

આ શું બધી ધર્મની વાતું કરે છે પોગળ જેવી. કાંઈ દેખાય નહિ ને ધર્મ? એ બધા મૂઢ જીવો એમ કહેશે. માટે એવાનો સંગ છોડી દે. આહાહા..! હેં! લ્યો, ધર્મ ધર્મ કરે, આખો દિ' નવરા. સાંભળને હવે. તું નવરો પાપમાં છો, અહીં નવરા છે પાપથી ભિન્નમાં. હેં! આહાહા..! ભાઈ! તને ખબર નથી તત્ત્વની વસ્તુની સ્થિતિ શું છે. એની મર્યાદામાં, ભગવાનની મર્યાદામાં તો અતીન્દ્રિયઆનંદ અને શાંતિ છે. આહા..! એ રાગની પાર છે, એ રાગમાં પેસતો નથી. રાગ આત્મામાં પેસતો નથી, આત્મા રાગમાં જાતો નથી એવી ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ સર્વજ્ઞવીતરાગ જૈન પરમેશ્વરનો માર્ગ. બાપુ! આ કાંઈ આલીદુઆલી કાયરનો નથી. આહાહા..! ઓહો..! શૈલી જુદી છે આ તો બાપુ! આહાહા..!

'**મિથ્યાદષ્ટિ...**' જેની દૃષ્ટિ રાગ અને પુણ્ય ઉપર અને બહારના સંયોગ ઉપર પડી છે, તે હું છું એમ માન્યું છે, પણ ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ પરમાત્મસ્વરૂપે શક્તિએ—સામર્થ્યે બિરાજે છે એની જેને પ્રતીત નથી, એનો જેને ભરોંસો અને વિશ્વાસ નથી અને જગતના પદાર્થ ને રાગ-દ્વેષ આદિનો જેને ભરોંસો છે એ બધા મિથ્યા—જૂઠી પાપદૃષ્ટિવાળા છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા '**મિથ્યાદષ્ટિ રાગી દ્વેષી અવિવેકી...**' જેને રાગથી ભિન્નનું ભાન જ નથી કે કંઈક ભગવાન અંદર છે. આહાહા..! એવા '**જીવોંકી સંગતિસે નાશ...**' આત્માની શાંતિ અને આનંદનો નાશ થશે. એ તો નિમિત્તથી કથન છેને. એનો પ્રેમ કરીશ અને સંસર્ગમાં આવીશ તો તારી શાંતિનો નાશ થશે. કારણ કે એ બધા હોળી સળગાવશે જ્યાં ત્યાં. આમ કરવું, આમ કરવું, દુનિયાની સેવા કરવી, દેશની સેવા કરવી. પૈસા ભેગા કરવા પછી દાનમાં આપવા. એ કરવું નહિ અને આત્મા આત્માની વાતું કરવી. એમ કરશે મૂર્ખાઓ. સમજાણું કાંઈ? આવી વાતું છે ભાઈ! પોપટભાઈ! આ તો દુનિયાથી જુદી જાત છે ભાઈ. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :— અજ્ઞાની કહે કે પાપ કરે તો મંદિરમાં ધોવા જાય, અમે તો પાપ જ નથી કરતા.

ઉત્તર :— મંદિરમાં જાય ઈ પુણ્ય છે, એ પણ પાપ છે. સંસારના ધંધા તો એકલા પાપ છે. આહાહા..! આખો દિ' દુકાન ઉપર બેસે થડે અને ધ્યાન રાખે. પાંચ હજાર પેદા થયા આજ દિવસના, દસ હજાર થયા ને ધૂળ થઈ.

મુમુક્ષુ :— એ વિના ચાલતું નથી.

ઉત્તર :— ધૂળ વિના જ ચાલે છે. સ્વતત્ત્વએ બીજા તત્ત્વના અભાવથી ટકાવી રાખ્યું છે. લોજીકથી ન્યાયથી સમજશો કે નહિ કાંઈ?

મુમુક્ષુ :— એ તો તત્ત્વની વાત છે.

ઉત્તર :— તત્ત્વ... આ અંગુલીએ આ અંગુલી વિના ટકાવી રાખ્યું છે. આ અંગુલી આ આંગળીથી અસ્તિ છે અને આનાથી નાસ્તિ છે ત્યારે એ ટકી છે. એમ ભગવાનઆત્મા સ્વભાવથી અસ્તિ છે અને પરથી તેમાં નાસ્તિ છે ત્યારે એ ટકી રહ્યો છે. આહાહા..!

તે દિ' થયું હતું ઘણા વર્ષ પહેલા. બોટાદમાં પૂછ્યું હતું ઈ, હરજીવનભાઈએ. હરજીવન.

નાગરભાઈના ભાઈ છેને ત્યાં સમઢિયાળા. તે દિ' ખેડુની પેદાશ કરી, દસ હજારની બાર મહિને. હવે તો વધી ગયું બધું. કિંમત પણ વધી ગઈને. ત્યારે એણે પૂછ્યું હતું. સ્વામીનારાયણ હતા એ. એના નાના ભાઈને અહીં પ્રેમ, જૈનનો પ્રેમ. પ્રેમ ખરો, અહીંયા આવે, સાંભળે. (એ કહે), મહારાજ! તમે કહો છો પૈસા વિના, પૈસા વિના. પણ પૈસા વિના કંઈ ચાલે છે અમારે?

મુમુક્ષુ :— સવારના પહોરમાં શાક લાવવા માટે પૈસા જોઈએ.

ઉત્તર :— ધૂળેય નથી શાક પૈસાથી મળતું. એ તો પરમાણુ છે ઈ આવવાના હોય તો આવે.

મુમુક્ષુ :— પૈસા વિના કોઈ આપે?

ઉત્તર :— પૈસા વિના આપે છે. પૈસા પૈસા ક્યાં ગરી ગયા છે અંદર? આહા..! એક ચીજમાં બીજી ચીજનો તો અભાવ છે. શાકમાં પૈસાનો અભાવ અને પૈસામાં શાકનો અભાવ. આહા..! અરે! એને ક્યાં તત્ત્વની ખબર છે. કહો, શેઠ! એણે તે દિ' પૂછ્યું હતું. કઈ સાલ હતી? (સંવત) ૨૦૧૦ની સાલ. ૨૦૧૦ની સાલ, નહિ? પંચ કલ્યાણક, વેદી પ્રતિષ્ઠા. ત્રેવીસ વર્ષ થયા. મ્યુનિસીપાલટીના મકાનમાં વ્યાખ્યાન ચાલતું હતું. માણસ તો આવતું. નામ એટલે માણસ ઘણું ભરાય. પણ સમજે કોણ અંદર? જય નારાયણ. આહા..! એ હરજીવનભાઈ બોલ્યા હતા. મેં કીધું, બાપુ! એકતત્ત્વે પોતાના અસ્તિત્વથી બીજાના નાસ્તિત્વથી ટકાવી રાખ્યું છે. એટલે બીજાના અભાવે ઈ ટકી રહ્યો છે. હેં! આહાહા..! કંઈક લોજીક ન્યાયથી સમજશે કે એમને એમ આંધળા ... એ કંઈ ચાલે અહીં તત્ત્વમાં? સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**અવિવેકી જીવોંકી સંગતિસે નાશ હોતા હૈ. અથવા...**' જુઓ! હવે અંદર નિશ્ચય લ્યે છે. '**આત્માકે નિજગુણ...**' આહાહા..! '**મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ ભાવોંકે સંબંધસે મલિન હો જાતે હૈં.**' આ નિશ્ચય પરસંગ. ભગવાન સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ ગુણથી ભરેલો પ્રભુ, એને રાગની એકતાબુદ્ધિથી તેના ગુણનો નાશ પર્યાયમાં થાય છે. આરે! આવી વાતું હવે. એક એક વાતમાં ફેર. ભાઈ! મારગડા જુદા નાથ તારા છે, ભાઈ! તને ખબર નથી. આહા..! કહે છે કે પ્રભુ તો આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ સત્ સત્ છે આત્મા, સત્ છે ત્રિકાળ. અને તેમાં જ્ઞાન ને આનંદથી ભરેલી એ વસ્તુ છે. આહાહા..! જેમ શક્કરકંદ એ સાકરની મીઠાશની પિંડ છે એમ ભગવાન અમૃત અતીન્દ્રિયઆનંદનો પિંડ છે. આહાહા..! અરે! એ કે દિ' જોવા જાય? નવરો ક્યાં છે? સમજાણું કાંઈ? એવા આત્માને રાગથી એકત્વ માનવું એ મિથ્યાત્વનો દોષ લાગશે એને, કહે છે. આહાહા..!

'**રાગાદિ અશુદ્ધ ભાવોંકે સંસર્ગસે...**' સંસર્ગ નામ એકતાબુદ્ધિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! બાપુ! મારગડા જુદા. વીતરાગ ત્રિલોકનાથ જિનવરદેવ પરમેશ્વર જેને એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણકાળ ત્રણલોક જોયા, જાણ્યા એ ભગવાનની વાણી ઈચ્છા વિના નીકળી એ આ વાણી છે. આહાહા..! કહે છે, પ્રભુ! એક વાર સાંભળને! તારું સ્વરૂપ અનાકુળ અતીન્દ્રિયજ્ઞાન, આનંદથી ભરેલો એને જો રાગના સંસર્ગમાં લઈ જઈશ એકતાબુદ્ધિ તો મિથ્યાત્વ

થશે. આહાહા..! કહો, દેવીલાલજી! આવી વાતું છે. સંપ્રદાયમાં તો કાંઈ મળે એવું નથી ક્યાંય. એ તો કહે, દયા પાળો ને ભક્તિ કરો ને પૂજા કરો ને જાત્રા કરો, મંદિર સ્થાપો.

મુમુક્ષુ :— ઈ ઝટ સમજાય છે.

ઉત્તર :— શું ધૂળ સમજાય છે? ત્યાં સમજવું હતું શું? આહાહા..! એ તો પરવસ્તુ સ્વતંત્ર છે, એ કાંઈ એની કરી થાય છે એમ નથી. અને રાગ થાય છે એ તો વિકાર ને દોષ છે. આહાહા..!

અહીં તો એમ આચાર્ય કહે છે કે પ્રભુ આત્મા જે નિરાકુળ આનંદસ્વરૂપ એને જો રાગની એકતાબુદ્ધિમાં લઈ જઈશ તો મિથ્યાત્વ થશે. તારો સ્વભાવ રાગના સંસર્ગમાં જશે અને એકત્વબુદ્ધિ થશે તો મિથ્યાત્વ થશે. આહાહા..! આવી વાતું લ્યો આ. હેં! સાધારણ માણસને બિચારાને તો એવું લાગે, પાગલ જેવું લાગે. આહાહા..! બાપુ! મારગડા જુદા નાથ તારા. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ.. આ તો ઓલા કહે, દેશની સેવા કરો, ભૂખ્યાને અનાજ આપો, તરસ્યાને પાણી આપો, રોગીને ઔષધ આપો. કપડા ન હોય એને કપડા આપો તમને ધર્મ થશે. ધૂળેય નથી. સાંભળને.

મુમુક્ષુ :— શિયાળો હોય તો ધાબળા આપો.

ઉત્તર :— હા, ધાબળા, કપડા. ઝુપડા બનાવી દ્યો ગરીબ માણસને બિચારાને ઠંડી બહુ લાગતી હોય તો. ઝુપડા સાધારણ. બાપુ! એ ક્રિયા તો પરની છે અને એમાં થતો ભાવ તો રાગ છે. આહાહા..!

મુમુક્ષુ :— એ તો એમ જ કહે છે, તમે પહેલા માનવધર્મ બતાવો, પછી આત્માનો ધર્મ.

ઉત્તર :— માનવધર્મ જ આ છે. માનવ એટલે જ્ઞાયતે ઈતિ માનવ. મનુષ્ય કોને કહીએ? જે વસ્તુના સ્વરૂપને જાણે તેને મનુષ્ય કહીએ. બાકી તો મનુષ્ય સ્વરૂપે મૃગા ઢોર છે, મૃગલા છે. એ અબજોપતિ હોય કે ધૂળપતિ બધા હોય. પોપટભાઈ! હેં! આહાહા..! પાઠ છે ગોમ્મટસારમાં. માનવ—મનુષ્ય કેમ કહીએ? જ્ઞાયતે, વસ્તુને જ્ઞાયતે ઈતિ જ્ઞાયક મનુષ્ય. આહાહા..! મનન કરતાં જેને આવડે આત્માનું. આત્મા આનંદનો નાથ એનું જ્ઞાયકનું મનન કરતાં આવડે તેને મનુષ્ય કહીએ. આહા..! કહ્યું છે ને? વાંદરાનો દાખલો. માણસ કોને કહીએ? એમ કે, આ પાંચઈન્દ્રિય છે એને માણસ કહીએ? તો તો વાંદરાને પાંચઈન્દ્રિય ઉપર એક પૂંછડુ વધારે છે તો મોટો માણસ એને કહીએ. શ્રીમદ્દે કહ્યું છે. શ્રીમદ્ રાજચંદ્ર પૂર્વના સંસ્કારી જીવ. સોળ વર્ષે તો મોક્ષમાળા બનાવી શ્રીમદ્ રાજચંદ્રે. સોળ વર્ષની ઉંમર દેહની. દેહનીને? આત્મા તો અનાદિઅનંત છે. આ તો દેહ હાડકા. એણે એમ કહ્યું ત્યાં મોક્ષમાળામાં કે આ પાંચ ઈન્દ્રિય છે, .. છે એને મનુષ્ય કહેવો? તો તો પાંચઈન્દ્રિય ઉપરાંત પૂંછડુ વાંદરાને તો મોટો મનુષ્ય કહેવો. એમ નહિ. જે કોઈ રાગથી ભિન્ન પાડીને આત્માને જાણે તેને મનુષ્ય કહેવામાં આવે છે. આહાહા..! બહુ વાતું ફેર પણ ભાઈ, દુનિયાથી. આહાહા..!

એ કહે છે, ભાઈ! પ્રભુ! તું જો રાગના સંસર્ગમાં ગયો. આહાહા..! એ દોષ છે તેનો સંસર્ગ કર્યો એમાં એકત્વબુદ્ધિ થશે, તને મિથ્યાદષ્ટિપણું થશે. તારું સમકિતપણું લૂંટાઈ જશે એમ કહે છે.

આહાહા..! અરે..! આવી વ્યાખ્યા. બાપુ! આ મારગડા જુદા છે દુનિયાથી. આહા..! એ 'રાગાદિ **અશુદ્ધ ભાવોંકે સંબંધસે...**' સંબંધનો અર્થ એકતાબુદ્ધિ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, શુકનલાલજી! આવી વાતું છે. આહાહા..! બાપુ! એ જન્મ-મરણ કરીને થોથા નીકળી ગયા ભાઈ તારા. અનંતા જન્મ-મરણ કાગડાના, કૂતરાના, કીડીયુંના, નારકીના, ઢોરના. આહાહા..! ભાઈ! તું તો અનાદિનો છો. તારું તત્ત્વ કોઈ નવું થયું નથી એ તો અનાદિનું છે. ક્યાં રહ્યો એ અનાદિનો? ભવભ્રમણમાં રહ્યો એ દુઃખી થઈને રહ્યો છે. આહાહા..! માણસ થયો ને પૈસાવાળો થયો તો એ દુઃખી છે બિચારા. પૈસા મારા અને હું એનો ને. મિથ્યાદષ્ટિમાં દુઃખી છે, આકુળ છે.

'**રાગી દ્વેષી અવિવેકી જીવોંકી સંગતિસે નાશ હો જાતે હૈં.**' '**અશુદ્ધ ભાવોંકે સંબંધસે મલિન હો જાતે હૈં.**' લ્યો, બેય લીધીને. આહાહા..! પરમાત્મપ્રકાશની શૈલી જ જુદી જાતની છે. આહાહા..! '**જૈસે અગ્નિ લોહેકે સંગસે પીટી-કૂટી જાતી હૈ.**' અગ્નિ જો એકલી હોય તો એને માથે ઘણ ન પડે પણ અગ્નિ લોહના સંગમાં જાય, લોઢાના ગોળામાં અગ્નિ પેસે (તો) માથે ઘણ પડશે. આહા..! ઉપરાઉપરી પીટશે. આહાહા..! એકલી અગ્નિને કોઈ ઘણ મારશે? પણ એ અગ્નિ જો લોઢાના ગોળામાં ગઈ (તો) પીટશે, ઘણ પડશે પ્રભુ! આહાહા..! એમ એકલો આત્મા જ્ઞાયકસ્વભાવ ભિન્ન રહેશે એને માથે દુઃખ નહિ હોય એને. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

'**ઉસી તરહ દોષોંકે સંગસે...**' જુઓ આ. જેમ લોઢાના સંગમાં અગ્નિ ગઈ તો પીટશે એને. એમ દોષના સંગમાં ગયો તો દુઃખી થઈને રખડી મરીશ. આહાહા..! શૈલી તે શૈલી. સમજાણું કાંઈ? હવે ઓલા દયા, દાન ને વ્રત, ભક્તિને ધર્મ કહે. અહીં કહે કે દયા, દાનનો ભાવ રાગ છે. એનો સંસર્ગ કરીશ એકતા તો મિથ્યાત્વ થશે તને. હેં!

મુમુક્ષુ :— કોની વાત માનવી?

ઉત્તર :— તુલના કરવાની શક્તિ છે કે નહિ? પાગલ છે ઈ? શાકમાં પણ તપાસ કરીને લ્યે છે કે નહિ? શું એમાં ડંખવાળા હોય? ટુવા ટુવા. દૂધી આવડી મોટી હોય તો ટુવાવાળી લ્યે ઈ? બે પૈસે શેર મળતું પહેલા. હવે ચાર આના, આઠ આના થઈ ગયા છે. પહેલા તો બે પૈસે શેર દૂધી (મળતી). ટુવાવાળુ ન લ્યે ઈ. ટુવા સમજ્યાને? ન્યાં પરીક્ષા કરે છે કે નહિ? ઈ આવડે છે કે નહિ એને? આહાહા..! એમ જે રાગની એકતામાં રાગથી ધર્મ મનાવે એ ટુવા પડ્યા છે એને. છોડી દે એ વાત. છે? આહા..!

'**દોષોંકે સંગસે...**' જેમ ઓલા અગ્નિ લોઢાના સંગમાં જાય. આ પૈડા હોય છેને? ગાડાના પૈડા. એ પૈડાને ઊના કરે અને અગ્નિમાં જાય પછી ટીપે એને. એમ આત્મા. આહાહા..! એ દોષના સંગમાં જાય. આહાહા..! દુઃખી થઈશ કહે છે. તારું નિર્દોષ તત્ત્વ ભગવાન પૂર્ણાનંદપ્રભુ એવા પુણ્ય અને પાપના વિકલ્પો અને રાગ એના સંસર્ગમાં જો એકતાબુદ્ધિમાં ગયો (તો) ઘણ પડશે દુઃખના. પોતે આકુળતા છે એ આકુળતા ઉપર આકુળતા પીટશે તને બાપુ! આહાહા..! તો આ બધા પૈસાવાળા ગણાય છેને, અબજોપતિ અને કરોડોપતિ એ સુખી હશે કે નહિ?

મુમુક્ષુ :— એક દુઃખ હોય એને, ઈન્કમટેક્સ દેવો પડે.

ઉત્તર :— પોપટભાઈ! કોઈ હમણાં કાંઈક કહેતું હતું કે ઈન્કમટેક્સ એટલો બધો ભરવો પડે છે. આપણા માયલું હતું કો'ક મુમુક્ષુ. એટલો ઈન્કમ ટેક્સ ઘણો ભરવો પડે છે. એવા ઘણા નામ સામે આવે છે. કો'ક પૈસાવાળાનું કહેતું હતું. કાળીદાસ કામદાર. બોટાદવાળો. છેને મુંબઈ, લોઢાનો વેપાર છે. એ તુરખિયા! ઓળખો છો? આપણો કાળીદાસ કામદાર. ઘણા લાખો. બહારમાં કરોડપતિ કહેવાય છે. એને ઈન્કમટેક્સનું આવ્યું હતું, સાંભળ્યું હતું. ઘણા લાખો ભરવા પડે છે. આહાહા..! ઈ ઈન્કમટેક્સનું નહિ, પણ એ પૈસા છે એ મારા છે અને હું સુખી છું એ માન્યતા જ દુઃખ અને આકુળતા છે. આહાહા..! એ અગ્નિમાં શેકાઈ ગયા છે, કષાય-અગ્નિથી. આહાહા..! એક અમારે નારણભાઈ હતાને એ કહેતા કે એક ફેરી હું પારસીને ઘરે ગયો. નારણભાઈ હતાને? દીક્ષા લીધી હતી. પારસીના ઘરે ગયો. ત્યાં જીવતો ભુંડ એને પગે પાતળા લોઢાના સળિયા બાંધ્યા. બાંધીને અગ્નિમાં નાખ્યો જીવતો. જેમ શક્કરકંદ શેકે.. નારણભાઈ કહેતા. એ પોસ્ટ માસ્ટર હતાને. કોઈ પાસે ગયા હશે, પારસીને મળવા. ભુંડને બાંધ્યો હતો. પગે પાતળા સળિયા લોઢાના. શું કીધું?

મુમુક્ષુ :— લોખંડના તાર.

ઉત્તર :— તાર પાતળા અને એમને એમ અગ્નિ હતી એમાં નાખ્યો જીવતો. શેકીને પછી ખાવો હશે. આહાહા..! જુઓ! આવા ભવ બાપુ! તેં અનંતા કર્યા છે, તું ભૂલી ગયો છો બાપુ! તને ખબર નથી. આહાહા..! અનાદિકાળનો તું એ અનંતકાળમાં આવા પણ પ્રભુ તેં અનંતવાર કર્યા છે. આહાહા..! જરીક કાંઈક સગવડતા મળી, પાંચ-પચાસ લાખ પૈસા ને ધૂળ ને બાયડી, છોકરા ને. અમે સુખી છીએ.

... તત્ત્વ છે અંદર, પરમાત્મસ્વરૂપ જ ભગવાનઆત્મા છે, દરેક આત્મા. પરમાત્મા અરિહંત થયા એ તો પર્યાયમાં—અવસ્થામાં અરિહંત થયા. આ તો સ્વભાવે પોતે ભગવાન પરમાત્મા છે આત્મા. આહા..! એવા ભગવાનને રાગનો સંસર્ગ કરાવવો. આહાહા..! વીતરાગી સ્વરૂપ પ્રભુ આત્મા તેને રાગનો સંસર્ગ નામ પરિચય, એની એકતાબુદ્ધિ કરવી. આહાહા..! લૂંટાઈ જઈશ પ્રભુ તું પર્યાયમાં. આહાહા..! આવી વાત. ડાહ્યાભાઈ! આવું ક્યાંથી કાઢ્યું? ભગવાને એમ કહ્યું છે, બાપુ! તને ખબર નથી.

જિનેશ્વરદેવ પરમેશ્વર. આહાહા..! એ એમ કહે છે કે '**દોષોંકે સંગસે ગુણ ભી મલિન હો જાતે હૈં.**' આહાહા..! ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિયઆનંદનો, એને રાગ જે દુઃખરૂપ છે તેની સાથે સંસર્ગ કરતાં એ દુઃખી (થાય છે). આવી વાતું. પ્રભુ! તને ખબર નથી ભાઈ! તારી પ્રભુતાની તને ખબર નથી. ભાઈ! તું પામર થઈને બેઠો. આહા..! આહાહા..! એ દયા, દાનનો પુણ્યનો રાગ, એની પણ જો એકતાબુદ્ધિ કરીશ તો તારી શાંતિ લૂંટાઈ જશે. આ તો કહે, દયા, દાનના પરિણામથી ધર્મ થશે. અરે! સાંભળને ભાઈ! તને ખબર નથી બાપુ!

શ્રીમદ્‌માં આવે છે, નહિ? ઓલા આઠ બોલમાં. જીવની રક્ષા ઉપર લક્ષ દે. આઠ બોલ નહિ?

સ્વદ્રવ્યની રક્ષા ઉપર લક્ષ દે. ત્વરાથી લક્ષ દે. ઈ. ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ છે એની રક્ષા ઉપર ત્વરાથી લક્ષ દે. આહાહા..! સોળ વર્ષે કહે છે શ્રીમદ્ રાજચંદ્ર. સમકિત તો પછી પામે છે પણ એ પહેલાં પણ આવા ભણકાર આવતા હતા. ઉંમર તો દેહની છેને. આ નહિ, આત્મા તો અનાદિઅનંત છે. એક જણો આવ્યો હતો અહીંયા. પૈસાવાળો, જામનગરમાં કાંઈક દુકાન કરવી હતી. પાંચ-પચ્ચીસ લાખ હશે. કીધું, આયુષ્ય ગણાય છે ઈ દેહનું કે આત્માનું? તો કહ્યું, અમને કાંઈ ખબર નથી. જામનગરમાં દુકાન કરવી હતી. ગૃહસ્થ હતો. આવાને આવા બધા. આ આયુષ્ય તો આ દેહનું છે. આત્માને આયુષ્ય છે? આત્મા તો છે છે છે, અનાદિઅનંત છે. વેપારના હુશિયાર, ડાહ્યા અને આમાં મૂરખ મોટા. હેં! પણ એટલી ખબર નથી? આ આયુષ્ય છે ઈ દેહની સ્થિતિનું છે કે આત્માની સ્થિતિનું છે? પણ એ વાત કોઈ દિ' વિચારી ન હોય. જગતની હોળી આખો દિ' રાગ ને દ્વેષ ને પુણ્ય ને.. આહાહા..! મરી ગયા એમ ને એમ.

અહીં કહે છે કે નિર્દોષ ઈ ભગવાનઆત્માને રાગના દોષનો સંસર્ગ અને એકતાબુદ્ધિ કરીશ તો તને મિથ્યાદૃષ્ટિ થશે. આહાહા..! એ શુભભાવ બહુ સારો છે એવો જે સંસર્ગ તેં કર્યો તો મિથ્યાત્વ થશે. પંડિતજી! આહા..! ઓલા કહે કે, દયા, દાન વ્યવહારરત્નત્રય છે એ નિશ્ચયનું કારણ છે. અહીં કહે છે, વ્યવહારરત્નત્રયનો રાગ છે એની જો એકતાબુદ્ધિ થશે તો મિથ્યાત્વ થશે. ડાહ્યાભાઈ! આવો માર્ગ છે, બાપુ! આહાહા..!

**'દોષોંકે સંગસે ગુણ ભી મલિન હો જાતે હૈં.'** ગુણ શબ્દે એની પર્યાય હોં! ગુણ તો ત્રિકાળ છે. ગુણ છે એ તો ત્રિકાળ છે. પણ એની પર્યાયમાં જે નિર્મળ પર્યાય છે એમાં જો રાગની એકતાબુદ્ધિ કરી તો ગુણની પર્યાય નાશ થશે. આહાહા..! આવો ઉપદેશ કઈ જાતનો? કોઈ કહે કે જૈનધર્મમાં તો દયા પાળવી, વ્રત પાળવા એવું આવે. ચોવિહાર કરવો, રાત્રે ખાવું નહિ, કંદમૂળ ખાવા નહિ. અરે.. ભગવાન! સાંભળને, બાપુ! તને ખબર નથી. એ બધી ક્રિયાઓ જડની, એની સાથે શું સંબંધ છે? આહાહા..!

અહીંયા તો પ્રભુ નિર્વિકલ્પ આનંદનો નાથ શુદ્ધચૈતન્યઘન એને આત્મા કહીએ. એ પુણ્ય અને પાપના ભાવ તો આસ્રવ ને વિકાર ને ભાવબંધ છે. આહાહા..! એ ભાવબંધથી અબંધસ્વરૂપ પ્રાપ્ત થાય? ભાવબંધને અબંધસ્વરૂપમાં એકતાબુદ્ધિ કરતાં મિથ્યાત્વ થાય એમ કહે છે. આહાહા..! આ છે એનું સ્પષ્ટીકરણ કરે છે. ... ઠીક બાપા! કરને તું. બાપા! એના સરવાળા આવશે ત્યારે ખબર પડશે તને. ભાન વિનાનો શું ખબર પડે?

**'ઉસી તરહ...'** ઉસી તરહ એટલે? અગ્નિ જેમ લોઢાના પાટા હોયને? ગાડાના નહિ પૈડાના પાટા? ઊના કરે પછી ટીપે. આહા..! પૈડા મોટા. ત્યાં તો અમારી દુકાન પાછળ જ હતા એક લુહાર. પાલેજમાં અમારી દુકાન જ્યાં હતીને એની પાછળ જ લુહાર હતો. વોરાનો હતો ઘણું કરીને. અમે તો નાની ઉંમરના ૧૭-૧૮ વર્ષના, તે દિ'ની વાત છે. પીટે. લાકડાનું જે પૈડું હોય એને સરખું કરવા માટે. બહુ પહોળું હોય ને પહોળું, એટલે આમ ટીપીને સરખું કરે. લોઢા પાતળા સરખા થાય. એ

અગ્નિને લોઢામાં જતાં જેમ ઘણ પડે છે એમ પ્રભુ તારા આનંદનો નાથ રાગની એકતામાં જતાં તને આકુળતા અને દુઃખ થાય છે. આહાહા..! કહો શેઠ! સાંભળ્યું નથી ન્યાં તમારા ધૂળમાં રૂપિયામાં.

મુમુક્ષુ :— કોણ સંભળાવે? પ્રચાર કોણ કરે?

ઉત્તર :— પ્રચાર તો જેને ગરજ હશે એ આવશે. ઈ કહે છે, અમારા ગામમાં આવો, સાગરમાં. ... હવે તો તમારે અહીં મકાન છે. તમારે શું હવે, છોકરો કરે છે. ઘરે તો સાંઈઠ તો મોટરું છે. મોટા કરોડાધિપતિ. આ બેય ભાઈઓ.. ધૂળમાંય નથી ત્યાં. વિજય! તારે પૈસા-બૈસાનું સુખ હશે? નહિ? અહીં કોઈ હા નહિ પાડે. સાંભળે છે, એની બાને પ્રેમ છે. આણંદભાઈનો ભાણેજ છે. આણંદભાઈના બેનનો દીકરો છે. એક દિ' હું ગયો હતોને ત્યાં એની બેનને ત્યાં. તે દિ' એક ફેરી મુંબઈ ગયા ત્યારે. દસ હજાર મૂક્યા હતા. એક દિ'માં દસ હજાર મૂક્યા હતા. ... એના કુટુંબમાં ... છે પણ આ લોકોને પ્રેમ છે. આહા..! અરે.. ભાઈ! આ સમજવાનું મળે અને સાંભળવાનું મળે ઈ સાચું છે અહીં જરી વિચાર કરે, કે દિ' એને રુચિ થાય? એમ કહે છે અહીં. ગજબ વાત કરી છે હોં! હેં!

નવતત્ત્વમાં આત્મા કોને કહીએ? દયા, દાનના પરિણામ તો પુણ્યતત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસના પાપતત્ત્વ છે. શરીર, વાણી, કર્મ છે એ અજીવતત્ત્વ છે. નવતત્ત્વ છે કે નહિ? ત્યારે એ અજીવતત્ત્વ અજીવમાં રહ્યું. પુણ્ય-પાપતત્ત્વ આસ્રવમાં રહ્યું. જીવ છે એમાં આસ્રવતત્ત્વ નથી. આહાહા..! એ તો જ્ઞાયકતત્ત્વ છે. આહાહા..! જ્ઞાયકતત્ત્વને બીજા તત્ત્વ સાથે એકતા કરવી એ પરનું કર્તવ્ય એ મિથ્યાદષ્ટિ છે, કહે છે. ભારે વાત ભાઈ. મિત્રસેનજી! આવી વાતું છે બાપુ! આવી વાત મુશ્કેલ પડે છે લોકોને. સાંભળવા મળે નહિ, જ્યાં હોય ત્યાં.. ઓલા કાર્યકર્તાઓ હોય છેને બધા? સંસારના કાર્યકર્તાઓ. આ કરવું ને આ કરવું ને આ કરવું. ગિરધરભાઈ કાર્યકર્તા હતાને? કાંપમાં. ગુજરી ગયા બિચારા. અહીં બેસતા વ્યાખ્યાનમાં. આહાહા..! ...ભાઈ ગુજરી ગયા, લ્યો. ... સાગર, સાગર. ... છ વર્ષથી એકલા હતા. ... અહીંથી લઈ ગયા અને લઈ ગયા ને .. આહાહા..! વૃદ્ધાવસ્થા છે એટલે લઈ જઈએ છીએ, એમ કીધું હતું. આ દેહની સ્થિતિ. આહા..! ... દેહની સ્થિતિ જે મુદ્દત છે એ મુદ્દતે દેહ છૂટી જશે. લાખ ઉપાય કરે, ડોક્ટર... આહા..!

અહીં કહે છે, જેમ એ અગ્નિને લોઢામાં પડતા ઘણ પડે, એમ પ્રભુ આત્મા પોતાના સ્વભાવને છોડીને રાગાદિ પરદ્રવ્ય છે આહાહા..! એનો સંસર્ગ કરતાં એને ચાર ગતિના દુઃખના ઘણ પડશે. દેવગતિ પણ દુઃખ છે. ન્યાં સુખ નથી. જેમ આ પૈસાવાળા ... દુઃખી છે બિચારા. ભિખારા છે, લાવ.. લાવ.. લાવ, આ લાવ, આ લાવ, આ લાવ ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે એની તો (કિંમત) નથી. સમજાણું કાંઈ? '**યહ કથન જાનકર આકુલતા રહિત સુખકે ઘાતક...**' શું કહે છે જુઓ! શું કરવું આ સાંભળીને? એમ કહે છે. '**આકુલતા રહિત સુખકે ઘાતક જો દેખે, સુને, અનુભવ કિયે ભોગંકી વાંછારૂપ...**' જે કંઈ દેખ્યું, કાને સાંભળ્યું, મને અનુભવ્યું રાગાદિ. આહાહા..! એવા ભોગ એની વાંછારૂપ '**નિદાનબંધ આદિ ખોટે પરિણામરૂપી દુષ્ટોંકી સંગતિ નહીં કરના,...**' જોયું!

ગાથા-૧૧૧

अथ मोहपरित्यागं दर्शयति–

२३८) जोइय मोहु परिच्चयहि मोहु ण भल्लउ होइ।
मोहासत्तउ सयलु जगु दुक्खु सहंतउ जोइ।।१११।।
योगिन् मोहं परित्यज मोहो न भद्रो भवति।
मोहासक्तं सकलं जगद् दुःखं सहमानं पश्य।।१११।।

जोइय इत्यादि। जोइय हे योगिन् मोहु परिच्चयहि निर्मोहपरमात्मस्वरुपभावना–प्रतिपक्षभूतं मोहं त्यज। कस्मात्। मोहु ण भल्लउ होइ मोहो भद्रः समीचीनो न भवति। तदपि कस्मात्। मोहासत्तउ सयलु जगु मोहासक्तं समस्तं जगत् निर्मोहशुद्धात्मभावनारहितं दुक्खु सहंतउ जोइ अनाकुलत्वलक्षणपारमार्थिक–सुखविलक्षणमाकुलत्वोपादकं दुःखं सहमानं पश्येति। अत्रास्तां तावद् बहिरङ्गपुत्रकलत्रादौ पूर्वं परित्यक्ते पुनर्वासनावशेन स्मणरुपो मोहो न कर्तव्यः। शुद्धात्मभावनास्वरुपं तपश्चरणं तत्साधकभूतशरीरं तस्यापि स्थित्यर्थमशनापानादिकं यद्गृह्यमाणं तत्रापि मोहो न कर्तव्य इति भावार्थः।।१११।।

---

आगे मोहका त्याग करना दिखलाते हैं–

गाथा–१११

अन्वयार्थ :– [योगिन्] हे योगी, तू [मोहं] मोहको [परित्यज] बिलकुल छोड़ दे, क्योंकि [मोहः] मोह [भद्रः न भवति] अच्छा नहीं होता है, [मोहासक्तं] मोहसे आसक्त [सकलं जगत्] सब जगत् जीवोंको [दुःखं सहमानं] क्लेश भोगते हुए [पश्य] देख।

भावार्थ :– जो आकुलता रहित है, वह दुःखका मूल मोह है। मोही जीवोंको दुःख सहित देखो। वह मोह परमात्मस्वरुपकी भावनाका प्रतिपक्षी दर्शनमोह चारित्रमोहरुप है। इसलिये तू उसको छोड़। पुत्र, स्त्री आदिकमें तो मोहकी बात दूर रहे, यह तो प्रत्यक्षमें त्यागने योग्य ही है, और विषय–वासनाके वश देह आदिक परवस्तुओंका रागरुप मोह–जाल है, वह भी सर्वथा त्यागना चाहिये। अंतर बाह्य मोहका त्यागकर सम्यक् स्वभाव अंगीकार करना। शुद्धात्मा की भावनारुप जो तपश्चरण उसका साधक जो शरीर उसकी स्थितिके लिये अन्न जलादिक लिये जाते हैं, तो भी विशेष राग न करना, राग रहित नीरस आहार लेना चाहिये।।१११।।

---

હવે, મોહનો ત્યાગ કરવાનું દર્શાવે છે :-

ભાવાર્થ :- હે યોગી! તું નિર્મોહ એવા પરમાત્મસ્વરૂપની ભાવનાથી પ્રતિપક્ષભૂત એવા મોહને તું છોડ, કારણ કે મોહ સમીચીન નથી. શા માટે? કારણ કે નિર્મોહ એવા

**શુદ્ધ આત્માની ભાવનાથી રહિત મોહાસક્ત સમસ્ત જગતને, આકુળતા જેનું લક્ષણ છે એવા પારમાર્થિક સુખથી વિલક્ષણ અને આકુળતા ઉત્પાદક એવા દુઃખને સહન કરતું, તું દેખ.**

**અહીં, કહે છે કે પૂર્વે છોડી દીધેલ બહિરંગ સ્ત્રી, પુત્રાદિમાં ફરીથી વાસનાના વશે સ્મરણરૂપ મોહ તો ન કરવો એ તો ઠીક, પરંતુ શુદ્ધાત્માની ભાવનાસ્વરૂપ જે તપશ્ચરણ તેના સાધકભૂત જે શરીર તેની સ્થિતિ માટે (તેને ટકાવવા માટે) પણ જે અન્ન, જળાદિક લેવામાં આવે છે તેમની ઉપર પણ મોહ ન કરવો, એવો ભાવાર્થ છે. ૧૧૧.**

---

## ગાથા-૧૧૧ ઉપર પ્રવચન

**'હે યોગી!'** શિષ્યને કહે છે, જેણે આત્માના આનંદમાં પરિણતિ જોડી દીધી છે, આહાહા..! એ યોગી. યોગી એટલે બાવા ને ઈ નહિ. યોગ, શુદ્ધદશાને જેણે આત્મા સાથે જોડી દીધી છે એને યોગી કહીએ. આહાહા..! બાકી બધા ભોગી કહીએ. આહાહા..! **'હે યોગી! મોહકો બિલકુલ છોડ દે,...'** પર તરફની સાવધાનીનો વિકલ્પ છે એ બિલકુલ છોડી દે. આહાહા..! સ્વભાવની સન્મુખ થવાના પરિણામને પ્રગટ કર. આહાહા..! પર તરફની સાવધાનીના ભાવને છોડી દે. આહાહા..! આમ સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય બેની વાત લ્યે છે. ભગવાનઆત્માની સન્મુખ થાય તે પરિણામ કર અને પરદ્રવ્યની સન્મુખ થાય તે પરિણામને છોડી દે. આહાહા..! અરે! આવી વાતું હવે.

**'ક્યોંકિ મોહ અચ્છા નહીં હોતા હૈ,...'** પર તરફનો વિકલ્પ અને સાવધાની એ ભલી નથી. આહાહા..! **'મોહસે આસક્ત સબ જીવોંકો ક્લેશ ભોગતે હુએ દેખ.'** આહાહા..! શું કહે છે? જે કોઈ આત્માના સ્વભાવ સિવાય પરપદાર્થમાં આસક્તિવાળા મોહ—સાવધાનીવાળા જીવ, એ બધા જીવને તું દુઃખી દેખ. આહાહા..!

મુમુક્ષુ :— ... એને દુઃખી દેખવા?

ઉત્તર :— તું દુઃખ છે એમ જો, એને દુઃખ છે એમ જાણ. એટલે તને જ્ઞાનમાં આવશે કે એ પર તરફનું વલણ છે તે દુઃખ છે. આહાહા..! કહો. આ અબજોપતિ પૈસાવાળાને દુઃખી દેખ એમ કહે છે. કેમકે એનું લક્ષ પર તરફના ભાવમાં છે. આહાહા..! આ પૈસાવાળા છે ને બાયડી-છોકરાવાળા ને સુખી છે. ધૂળમાંય નથી સુખી. સમજાણું કાંઈ? વાળા છે એ બધા. એક વાળો પગમાં નીકળે તો રાડ નાખે છે. આ તો કેટલા વાળા તારે છે, ભગવાન! બાયડીવાળો, છોકરાવાળો ને પૈસાવાળો ને મકાનવાળો ને આબરુવાળો, કેટલા વાળા વળગ્યા તને?

મુમુક્ષુ :— એ તો વૈભવ છે.

ઉત્તર :— દુઃખના પથારા છે બધા. આહાહા..! આવી વાતું છે.

'સકલ જગત જીવોંકો ક્લેશ ભોગતે હુએ દેખ.' આહા..! શું કહે છે ઈ? આ બધા પૈસાવાળા દેખાય ને શેઠિયાઓ દેખાય ને રાજા દેખાય ને દેવ દેખાય, એ બધા ભગવાનઆત્માના સન્મુખના પરિણામ એને નથી, એને પરદ્રવ્ય તરફના સન્મુખના પરિણામ છે, તું એને દુઃખી દેખ, એને તું દુઃખી જાણ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? તને એમ લાગે છે કે આહાહા..! આને તો પૈસાવાળા ને બાયડી ને છોકરા મોટા, આઠ આઠ છોકરા ને એક એક છોકરાને દસ-દસ લાખની પેદાશ ને જુદા કારખાના માંડ્યા હોય મુંબઈમાં, બહુ સુખી પથારો મોટો. દુઃખી છે એમ જો તું એને.

મુમુક્ષુ :— એર કન્ડીશન બંગલામાં રહે આરામથી.

ઉત્તર :— કન્ડીશન તો હોળી છે ન્યાં ઠંડી બહારની. અંદરમાં સળગે છે ને. પર તરફનો વિકલ્પ છે, પર તરફની સાવધાની છે એ હોળી સળગે છે ત્યાં અંદર. (એર)કન્ડીશન હોય છે ને ઠંડામાં. ઓલી ગરમી ન લ્યે એટલે એમાં રાખે. ધૂળમાંય નથી ત્યાં.

લ્યો, સકળ જગતને તું દુઃખી દેખ. આહાહા..! જેને સ્વદ્રવ્ય તરફની સાવધાની નથી અને પરદ્રવ્યની સાવધાની છે એવા બધા જીવને તું દુઃખી દેખ. આહાહા..! એમ કહીને પર તરફનું સાવધાનપણું છોડાવીને સ્વ તરફનું સાવધાનપણું કરાવે છે. (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૧, ગુરુવાર
## તા. ૬-૧-૧૯૭૭, ગાથા-૧૧૧
## પ્રવચન નં. ૧૭૮

પરમાત્મપ્રકાશ, ૧૧૧ ગાથા ચાલે છે.

**ભાવાર્થ :—** '**જો આકુલતા રહિત હૈ,...**' એ શબ્દ પડ્યો છે પણ એનો અર્થ એ કે આ આત્મા અનાકુળ સુખસ્વરૂપ છે. આત્મા છે એ અનાકુળ સુખ પરમાર્થ સુખસ્વરૂપ છે. આહા..! તેનાથી વિપરીત આકુળતા એમ લેવું. ટીકામાં એમ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એનું નિજસ્વરૂપ પરમાર્થે અનાકુળ આનંદસ્વરૂપ એનું છે. એને છોડીને જે આકુળતા સહિત છે '**વહ દુઃખકા મૂલ હૈ.**' શું કહે છે સમજાયું? આકુળતા. પુણ્ય અને પાપનાભાવ આકુળતા છે.

મુમુક્ષુ :— પુણ્ય તો નિરાકુળ કહો.

ઉત્તર :— પુણ્ય નામ રાગ, રાગ નામ મોહ, મોહ નામ આકુળતા, આકુળતા નામ દુઃખ. વાત એવી છે, ભાઈ! આહાહા..! માર્ગ! પાઠ છે ને અંદર? '**अनाकुलत्वलक्षणपारमार्थिक-सुखविलक्षणमाकुलत्वोपादकं**' એમ છે સંસ્કૃતમાં. સંસ્કૃત ક્યાં ભણ્યા હશે, માંડ હજી આ સમજે ત્યાં...

મુમુક્ષુ :— ક્યાં ખબર હતી કે સંસ્કૃત ભણવું પડશે.

ઉત્તર :— વાત સાચી. ભલે સંસ્કૃત નહિ પણ વસ્તુ તો છે એમ જાણવી પડશેને. આ આત્મા જે છે એ તો પરમાર્થે અનાકુળ આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા..! સત્ નામ શાશ્વત ચિદ્ નામ જ્ઞાન અને આનંદ એનું સ્વરૂપ છે. સમ્યગ્દષ્ટિનો વિષય એ અનાકુળ આનંદસ્વરૂપઆત્મા એ સમ્યગ્દષ્ટિનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ! પરમાત્મા જિનવરદેવ ત્રિલોકનાથ કોને અનાકુળ કહે છે અને કોને આકુળ કહે છે? આહાહા..!

કહે છે કે અનાકુળલક્ષણ પારમાર્થિક સુખ. આહાહા..! આ તમારા પૈસા-ફૈસામાં સુખ છે એ નથી, એ તો દુઃખ છે એમ કહે છે. સ્ત્રીમાં, પૈસામાં, આબરૂમાં, મકાનમાં ઠીક છે, સુખ છે એ જૂઠી વાત છે એમ કહે છે. આહાહા..! ભગવાનઆત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ આત્મા.. આહા..!

આજે સવારે ઈ યાદ આવ્યું હતું. સજ્ઝાયમાળા ચાર આવે છેને? એમાં તે દિ' વાંચેલું એમાંથી ઈ વાત (યાદ આવી). એમાં એ શબ્દ આવે છે. 'સહજાનંદી રે આત્મા' સજ્ઝાયમાળા શ્વેતાંબરમાં ચાર આવે છે. અમે તો દુકાન ઉપર ઈ વાંચતા હતાને. ૧૮-૧૯ ઉંમરમાં, હોં! સીત્તેર વર્ષ પહેલા બધું વાંચતા હતા. એમાં આ આવ્યું હતું. આજે સવારે (યાદ) આવ્યું. 'સહજાનંદી રે આત્મા' હે આત્મા! સ્વાભાવિક આનંદસ્વરૂપ તું છો. 'સહજાનંદી રે આત્મા, કેમ સૂતો નિશ્ચિંત રે' નિશ્ચિંત કેમ સૂઈ ગયો? પ્રભુ! તું રાગ અને પુણ્ય-પાપમાં પડ્યો છો, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? 'સહજાનંદી રે આત્મા, સૂતો કાંઈ નિશ્ચિંત રે' અરે..! નિશ્ચિંત થઈને રાગ અને વિકારમાં સૂઈ ગયો, સૂતો છો તું.

'મોહ તણા રણિયા ભમે' મોહરૂપી લેણદાર તારી માથે પડ્યા છે. આહાહા..! મોહરૂપી દેણું છે તારે. આહાહા..! 'જાગ જાગ મતિવંત રે, લૂંટે જગતના જંત રે' આ બાયડી, છોકરા લૂંટે, તમે અમને લાવ્યા શું કરવા? અમારું કરવું પડશે, પોષવા પડશે. લૂંટનારા ભેગા બધા લૂંટે છે તને. તને લૂટે છે. આહાહા..! નિયમસારમાં કહ્યું ને? અહીં આવશે. નિયમસારમાં કહ્યું છે કે સ્ત્રી, કુટુંબ, પરિવાર છે એ તો ધુતારાની ટોળી તને મળી છે. નિયમસાર. પદ્મપ્રભમલધારીદેવની ટીકા છે, નિયમસાર કુંદકુંદાચાર્ય મહારાજનું શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ તો બધું દુકાન ઉપર વાંચેલું. ઈ સવારે યાદ આવ્યું થોડું.

'સહજાનંદી રે આત્મા, સૂતો કંઈ નિશ્ચિંત રે, મોહ તણા રે રણિયા ભમે,' મોહરૂપી મહાદુઃખ તારે માથે પડ્યા છે. 'જાગ જાગ મતિવંત રે, લૂંટે જગતના જંત રે, નાખી વાંક અનંત રે' વાંક નાખે, પરણ્યા હતા શું કરવા ત્યારે? ફલાણું થયું ને ઢીકણું થયું. જુવાન બાઈ હોય તો (એમ કહે), શું કરવા પરણ્યા? ઘરડીને પરણવું હતુંને. એમ કરીને લૂટે જગત. આહાહા..! એઈ..! આ બધા કાગળો આવી ગયેલા છે અમારી પાસે. આહાહા..! 'જાગ જાગ મતિવંત, લૂટે જગતના જંત' જગતના પ્રાણી તને લૂટે છે. સમજ્યા? 'લૂટે જગતના જંત, એમાં વિરલા કોઈ ઉગરંત.'

મુમુક્ષુ :— શ્વેતાંબરમાં છે?

ઉત્તર :— શ્વેતાંબરના શાસ્ત્ર છે.

મુમુક્ષુ :— ત્યાં આવી વાત?

ઉત્તર :— હોયને. કેટલીક વૈરાગ્યની વાત હોય. તત્ત્વની વાતમાં ભૂલ હોય. અહીં આપણી પાસે ચાર સજ્ઝાયમાળા છે. અહીંયા કપાટમાં છે. એક એકમાં ૨૦૦-૨૫૦ સજ્ઝાય છે, સજ્ઝાય. તો હું તો દુકાન ઉપર બધું વાંચતો હતોને. નિવૃત્તિ (હતી). પિતાજીની ઘરની દુકાન હતી અને નાની ઉંમરથી રસ હતો, ૧૭ વર્ષની ઉંમરથી. ૧૦ અને ૭. અત્યારે તો ૮૭ થયા. સત્રહ વર્ષ, શું કહે છે તમારે? સત્રહ. 'જાગ જાગ મતિવંત, લૂટે જગતના જંત' જગતના પ્રાણી તને લૂટે છે પ્રભુ! અમારું કરો, અમારું કરો, અમારું કરો.

મુમુક્ષુ :— છોકરાઓ હોય તો સેવા કરે ને.

ઉત્તર :— દીકરા કોના હતા? સેવા કોની? ધૂળમાં. લુટનારા છે બધા. એઈ..!

મુમુક્ષુ :— નાની ઉંમરથી વૈરાગ્ય હતો.

ઉત્તર :— પહેલેથી નિવૃત્તિ હતીને. ઘરની દુકાન પિતાજીની, પૂર્વના વૈરાગ્યના સંસ્કાર તો હતાને.

'કોઈ વિરલા ઉગરંત.' એમાં છેલ્લે શબ્દ એ આવે છે, ભાઈ! 'કોઈ વિરલા ઉગરંત રે, સહજાનંદી રે આત્મા'. ઈ અહીં કહે છે. ભગવાન તું તો સહજાનંદ સ્વરૂપ છોને. આહાહા..! અનાકુળ આનંદ પરમાર્થસ્વરૂપ. પ્રભુ! તારી ચીજમાં તો અનાકુળ આનંદ ભર્યો છેને. આહાહા..! એનાથી વિપરીત તું આકુળતા ઉત્પન્ન કરે છે. પરમાં સુખ છે, પાપમાં મજા છે, પુણ્યમાં ધર્મ છે એવી મિથ્યાદૃષ્ટિ તને આકુળતા ઉત્પન્ન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આકુળતા.. છે? '**વહ દુઃખકા મૂલ મોહ હૈ.**' એ આકુળતાનું મૂળ મોહ છે. પર ઉપર સાવધાની છે એ આકુળતા અને એ આકુળતા દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**મોહી જીવોંકો દુઃખ સહિત દેખો.**' આહાહા..! એવા પ્રાણી જે પોતાના આનંદસ્વરૂપને ભૂલી, પરમાં સાવધાનપણે જે આકુળતા ઉત્પન્ન કરે છે, તેને તું દુઃખી દેખ, એને તું દુઃખ દેખ. આહાહા...! જુઓ! આ દિગંબર સંતોની વાણી તો જુઓ! આ બધા પૈસાવાળા ને શેઠિયાને દુઃખી દેખ એમ કહે છે.

મુમુક્ષુ :— ત્યારે ગરીબ સુખી હશે ને?

ઉત્તર :— ગરીબ પણ દુઃખી છે. ગરીબ એ દીનતાથી દુઃખી છે. આ પૈસાના અભિમાનથી દુઃખી છે. આહાહા..! આવો માર્ગ છે, પોપટભાઈ! આહાહા..! આ તો વળી અત્યારે આવ્યું, યાદ નહોતું, સવારમાં ઈ આવ્યું હતું પહેલું. સહજાનંદી આત્મા. અરે પ્રભુ! તું સહજસ્વરૂપી આનંદમૂર્તિ પ્રભુ, તારી દૃષ્ટિ ત્યાં હોવી જોઈએ. એને ઠેકાણે બાહ્ય પુણ્ય ને પાપ ને એના ફળમાં તારી પ્રીતિ. આકુળતા છે પ્રભુ! એ દુઃખ છે. આહાહા..! આ તો સિદ્ધાંત સત્ય છે. આહા..!

એ આકુળતા. એમ લેવું કે અનાકુળ પારમાર્થિક સુખ જે પોતાનું છે એનાથી વિરુદ્ધ આકુળતા.

સમજાણું કાંઈ? આહાહા..! એમ '**મોહી જીવોંકો...**' આકુળતાનું મૂળ તો મોહ છે. એ દુઃખ છે, દુઃખનું મૂળ. આકુળતા દુઃખ છે એનું મૂળ મોહ. મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષભાવ. આહાહા..!

મુમુક્ષુ :— આકુલતા રહિત છે, ત્યાં સહિત હોવું જોઈએ.

ઉત્તર :— નહિ, ઈ તો આકુળતા રહિત છે એટલે આત્મા અનાકુળ છે એમ લેવું. શું? આકુળતા રહિત આત્મા અનાકુળ છે એમ લેવું. પણ અનાકુળથી વિપરીત આકુળતા ઉત્પન્ન કરે છે, એમ લેવું. સમજાણું કાંઈ? પાઠમાં સંસ્કૃતમાં છે.

મુમુક્ષુ :— '**अनाकुलत्वलक्षण**' લખ્યું છે.

ઉત્તર :— '**अनाकुलत्व**' છેને. '**लक्षणपारमार्थिक-सुखविलक्षणमाकुलत्वोपादकं दुःखं सहमानं पश्येति।**' સંસ્કૃતમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! જેની દૃષ્ટિ પોતાના આનંદસ્વરૂપ ભગવાન ઉપર નથી, એની દૃષ્ટિ પુણ્ય અને પાપ ને એના ફળ ઉપર છે, એ બધા દુઃખી આકુળતા ઉત્પન્ન કરવાવાળા દુઃખી પ્રાણી છે. આહાહા..! ભારે વાત ભાઈ!

મુમક્ષુ :— દુનિયા આખી દુઃખી છે?

ઉત્તર :— દુનિયા આખી દુઃખી છે. આહાહા..! ણવિ સુહી શેઠ સેનાપતિ આપણે આવતું હતું. શેઠ ને સેનાપતિ સુખી નથી. ણવિ સુહી સેઠ સેનાપતિ, ણવિ સુહી, દેવતા સુખી નથી, રાજા સુખી નથી. આહા..! સમજાણું કાંઈ? એગંત સુખી મુનિ વીતરાગી. આહાહા..! જેને રાગરહિત પોતાના આનંદનો અનુભવ થયો. આહા..! એ એક સુખી છે. સમજાણું કાંઈ? ઓલામાં નથી આવતું? દગધારીકી...

મુમુક્ષુ :— ચિન્મૂર્તિ દગધારીકી..

ઉત્તર :— 'ચિન્મૂર્તિ દગધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી.' ત્યાં એમ આવે છે કે નારકીનો જીવ બાહ્યથી દુઃખ ભોગવે છે પણ સમકિતી, અંતર સુખકી ગટાગટી. આહાહા..! સમજાણું કાંઈ? બહારથી નારકી સમ્યગ્દૃષ્ટિ છે શ્રેણિક રાજા પહેલી નરકમાં ગયા છે. આગામી ચોવીશીના તીર્થંકર થશે. તીર્થંકરપણું બાંધીને ગયા છે અને ત્યાં પણ બાંધે છે. પહેલી નરકમાં છે. નરકનું આયુષ્ય બંધાઈ ગયું, જાવું પડ્યું. પોતાની યોગ્યતાથી ગયા છે, કર્મથી ગયા છે એમ નહિ.

મુમુક્ષુ :— આયુ લઈ જાય.

ઉત્તર :— આયુ કોણ લઈ જાય? આયુ તો જડ છે. આહાહા..! ત્યાં આગળ બાહ્યનું દુઃખ દેખાય છે, થોડું હોય છે, પણ સમ્યગ્દૃષ્ટિ છે, ક્ષાયિક સમકિતી છે, તીર્થંકર ગોત્ર બાંધે છે. અંદરમેં સુખકી ગટાગટી. આહાહા..! અને આ બધા કરોડોપતિ અને અબજોપતિ, એ લક્ષ્મી મારી અને હું સુખી છું, એવી માન્યતા મહા આકુળતા અને દુઃખને ઉત્પન્ન કરનારી છે. સમજાણું કાંઈ? કાંતિભાઈ! કાંતિભાઈ મોટાણી. મોટાણી નથી બહારથી એમ કહે છે. આહાહા..!

આત્મા અંદર, આહાહા..! ભગવાન અનાકુળ પરમાર્થે સુખસ્વરૂપ એની દૃષ્ટિનો જેને અભાવ છે, એને આકુળતાની ઉત્પન્ન કરનારી દશા એ દુઃખરૂપ છે અને.. આહાહા..! '**મોહી જીવોંકો**

**દુઃખ સહિત દેખો.**' આહાહા..! એ બધા પૈસાવાળા ને બાયડી, છોકરા ને કુટુંબ ને કબીલાની બુદ્ધિવાળા મોટા અને દસ-દસ હજાર, પંદર-પંદર હજારના માસિક પગાર, એ બધાને દુઃખી દેખ. એમ ન દેખ, માન કે આ બધા.. આહાહા..! કેટલા સુખી! સગવડતા..! ધૂળેય નથી, સાંભળને! પોપટભાઈ! અહીં તો આવી વાત છે.

મુમુક્ષુ :— માંડ માંડ નક્કી કર્યું હતું કે આત્મામાં સુખ છે. હવે આપ કહો છો કે સુખી નથી. તો અમારે સુખી થાવું શી રીતે?

ઉત્તર :— સુખી તો આત્મા છે અંદર સુખરૂપ ભગવાન. આહા..! 'તારી નજરને આળસે રે તેં નીરખ્યા ન નયણે હરિ.' હરિ નામ રાગ અને દ્વેષને હરનાર એવો ભગવાનઆત્મા હરિ. એ તારી નયનને આળસે રે તેં નીરખ્યા ન નયણે હરિ. અંદર ભગવાન વીતરાગસ્વરૂપી બિરાજમાન આહાહા..! એને તેં નયનની, સમ્યક્દૃષ્ટિના નયન વિના તેં ન દેખ્યા એને. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ બહારની શરીરની સુંદરતા ને પૈસાની સુંદરતા ને મકાનના ભભકા ને એ બધી ફાસફૂસ હાડકાની છે. આ મસાણમાં હાડકા નથી હોતા? મસાણ—સમશાન. ફોસ્ફરસ હોય છે. હાડકા હોયને, હાડકા સ્મશાનમાં. ફોસ્ફરસને હિસાબે ચમક થાય. બાળક નાના હોય, જાઈએ તો કહે, ત્યાં ભૂતડા છે, ત્યાં જાશો નહિ. ભૂતડા શું હોય? ભૂત ભૂત. પણ ઓલી ફાસફૂસ, શું કીધું? હાડકામાંથી ફોસ્ફરસ ઈ ચમક ચમક થાતી હોય. એમ આ બધી ફોસ્ફરસ છે હાડકા, શરીર, વાણી, પૈસા, આબરુ, કીર્તિ મસાણના હાડકાની ફોસ્ફરસ છે. આહાહા..!

અહીં કહે છે, ભગવાન અનાકુળ આનંદસ્વરૂપ પ્રભુ છો અને તને તારી ખબર નથી. આહા..! તારી ચીજ શું છે અને તું કેવો છો, એ તને ખબર નથી. આહા..! અને એ આત્મા સિવાય—અલાવા બીજી ચીજને પોતાની માનીને રાગને, પુણ્યને, પાપને, પુણ્ય-પાપના ફળ આ પૈસા ધૂળ આદિને, અરે! પાપના ફળ નિર્ધન આદિને, કોઈ નિર્ધન હોય એ પણ દુઃખી છે. માન્યતાથી દુઃખી છે, નિર્ધનતાને કારણે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહોહો..! પાઠમાં છેને. '**योगिन् मोहं परित्यज मोहो न भद्रो भवति।**' મોહાસક્તને આખા જગતને દુઃખી દેખ. આહાહા..! જેને સમ્યગ્દર્શનનો અભાવ છે એને કારણે પોતાના આનંદસ્વરૂપમાં જેની દૃષ્ટિ નથી એ બધા પ્રાણી રાગ અને પુણ્યને પોતાના માને છે એ મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વહ મોહ પરમાત્મસ્વરૂપકી ભાવનાકા પ્રતિપક્ષી...** ' આહાહા..! પોતાનું ચૈતન્ય આનંદસ્વરૂપ પ્રભુ એનાથી વિપરીત જે રાગ-દ્વેષના પરિણામ આકુળતા.. આહાહા..! એ પરમાત્મસ્વરૂપની ભાવના. આહાહા..! શું કહે છે? પરમાત્મ પોતાનું સ્વરૂપ છે આનંદસ્વરૂપ એની ભાવના—એકાગ્રતા, તેનાથી વિપરીત આકુળતા. આહા..! શું કહે છે? સૂક્ષ્મ વાત છે. ભાઈ! આ તો દિગંબર સંતોની અધ્યાત્મ વાણી. આહાહા..! ક્યાંય છે નહિ. આહાહા..! કહે છે કે '**વહ મોહ પરમાત્મસ્વરૂપકી ભાવના...**' આહાહા..! શું કહે છે? પરમાત્મસ્વરૂપ જે પોતાનું આનંદસ્વરૂપ. આત્મા પરમાત્મસ્વરૂપ જ છે. આત્મા રાગરહિત છે અને અલ્પ જ્ઞાનથી પણ રહિત છે. એ તો

પૂર્ણાનંદનોનાથ પરમાત્મા આત્મા એને અહીંયા આત્મા કહે છે. આહાહા..! એ પરમાત્માની ભાવના. શું કહે છે? આહા..! અંતરસ્વરૂપ ભગવાનની એકાગ્રતા હોવી જોઈએ. આ ભાવની ભાવના હોવી જોઈએ. ત્રિકાળ પરમાત્મસ્વરૂપ પરમાત્મા એ ભાવ, એની ભાવના—એકાગ્રતા એ વસ્તુ. આહાહા..! એનાથી વિપરીત '**દર્શનમોહ ચારિત્રમોહરૂપ છે.**' મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ એનાથી વિપરીત ભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

આત્મા પરમાત્મસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આવે છે?

**ચેતનરૂપ અનૂપ અમૂરતિ, સિદ્ધસમાન સદા પદ મેરૌ,**
**મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહા તમ ઘેરૌ.**
**ગ્યાનકલા ઉપજી અબ મોહી, કહૌં ગુન નાટક આમગકેરૌ,**
**જાસુ પ્રસાદ સધૈ સિવમારગ, વેગિ મિટૈ ભવવાસ બસેરૌ.**
૧૧ (ઉત્થાનિકા).

આહાહા..! આ બનારસીદાસ. કહો, એવાને હવે, અધ્યાત્મની ભાંગ પીધી છે એમ કહે છે, લ્યો. અરેરે! પ્રભુ! શું કરે છે ભાઈ? અધ્યાત્મની (ભાંગ) લલિતપુરમાં એમ બોલ્યા હતા. આ હાજર હતાને, એને માર્યા હતા, આને માર્યા હતા. આહાહા..! અહીં કહે છે, બનારસીદાસ અને ટોડરમલજી, એને ત્યાં એ પંડિત લોકો કહેતા હતા કે એ તો અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. અરે! પ્રભુ! આ ન શોભે, નાથ! આવી વાત. આહા..! જુઓને શું કહે છે. '**ગ્યાનકલા ઉપજી અબ મોહી,**' આહાહા..! હું તો શુદ્ધ આનંદ, જ્ઞાન છું એવી જ્ઞાનની કળા હવે ઉપજી. '**કહૌં ગુન નાટક આમગકેરૌ,**' હવે આગમનું નાટક હું કરીશ. આહા..! '**જાસુ પ્રસાદ સધૈ સિવમારગ,**' શિવમાર્ગ--મોક્ષમાર્ગ. આહાહા..! '**વેગિ મિટૈ**' આ ઘટ હાડકા ચામડામાં રહેવું એ તારે મટી જશે. '**વેગિ મિટૈ ભવવાસ બસેરૌ.**' આ શરીરમાં વસવું તારે છૂટી જશે. આહાહા..! સમજાણું કાંઈ? આ ચામડા, હાડકા, માંસ, લોહી એમાં પૂતળામાં આત્માએ રહેવું પડે છે. આહાહા..! પવિત્રનું ધામ ભગવાન એને માંસ અને હાડકામાં રહેવું પડે છે. પણ કહે છે કે અમે તમને જ્ઞાનકળા કહીશું, એનાથી તારે ઘટમાં વસવાનો નાશ થઈ જશે. અશરીરી થઈ જઈશ. આહાહા..! વાત તો આવી છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

'**પરમાત્મસ્વરૂપકી ભાવના...**' આમ કેમ કહ્યું? જે ચિદાનંદસ્વરૂપ ભગવાનઆત્મા છે એના તરફની એકાગ્રતા છોડીને અજ્ઞાની અનાદિથી પુણ્ય-પાપ અને રાગમાં એકાગ્રતા કરે છે એ દુઃખ છે. સમજાણું કાંઈ? એ દર્શનમોહ, ચારિત્રમોહનો ભાવ જ દુઃખ છે. મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ એ દુઃખ છે. આહા..! '**ઈસલિયે તૂ ઉસકો છોડ.**' આ કારણે મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષને છોડ. સમ્યક્શ્રદ્ધા અને વીતરાગભાવને પ્રગટ કર. આહાહા..! ભાઈ! આવો માર્ગ ઝીણો પડે સાધારણ માણસને. શું થાય? માર્ગ તો આ છે ભાઈ! આહાહા..! અંદરથી કષાયના ભાવથી સળગીને બળી રહ્યા છે. સમજાણું કાંઈ? રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપના બેય ભાવ વિકાર છે, કષાય

છે. કષ નામ સંસારનો લાભ રખડવાનો છે, દુઃખી. આહા..! સમજાણું કાંઈ? તો હવે છોડ પ્રભુ! એમ કહે છે. આહાહા..! હવે તો છોડ. મનુષ્યપણું મળ્યું. વીતરાગ ત્રણલોકના નાથની વાણી તને સાંભળવા મળી. સમજાણું કાંઈ? પ્રભુ! પર તરફનો જે રાગ-દ્વેષ અને મિથ્યાશ્રદ્ધાને છોડ. છોડ કહે છેને? આહાહા..!

'**પુત્ર, સ્ત્રી આદિકમેં તો મોહકી બાત દૂર રહે,...**' લ્યો શેઠ! સ્ત્રી ને ડાલચંદજી આદિનો મોહ તો દૂર રહો, એ તો કહે છે પાપ એકલું દૂર રહો. આહાહા..! પુત્ર લખ્યું છેને? પુત્ર, સ્ત્રી આદિક. દીકરાની વહુ હોય, દીકરા-દીકરી એનો મોહ તો દૂર રહો, '**વહ તો પ્રત્યક્ષમેં ત્યાગને યોગ્ય હી હૈ,...**' આહાહા..! '**ઔર વિષય-વાસનાકે વશ...**' આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયના રાગને વશ થઈને, આહાહા..! '**દેહ આદિક પરવસ્તુઓંકા રાગરૂપ મોહ-જાલ હૈ,...**' આહાહા..! શરીરાદિ પરવસ્તુનો રાગ. આહાહા..! ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપ પ્રભુ એનું સ્વરૂપ જ વીતરાગ આત્માનું છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' સમજાણું કાંઈ? આહાહા..! '**પરવસ્તુઓંકા રાગરૂપ મોહ-જાલ હૈ, વહ ભી સર્વથા ત્યાગના ચાહિયે.**' આહાહા..! સ્ત્રી, પુત્ર આદિનો મોહ તો છોડવાલાયક છે જ પણ એ તરફનો જે પોતાની પર્યાયમાં રાગ, દ્વેષ, મોહ થાય છે એને પણ છોડવાલાયક છે. સર્વથા છોડ, પ્રભુ! તારે જો દુઃખનો નાશ કરવો હોય તો. આહાહા..! ત્યારે છૂટે કેવી રીતે? પરમાનંદસ્વરૂપ ભગવાનનો આશ્રય—અવલંબન લે તો છૂટી જશે. બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! ભગવાન પરમાનંદસ્વરૂપપ્રભુ પરમાત્મસ્વરૂપ બિરાજમાન તારું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? તારી શક્તિ, તારું સામર્થ્ય પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! એના આલંબનથી, એના આશ્રયથી મોહ છૂટી જશે. આહાહા..! સમજાણું કાંઈ?

કર્મ છૂટશે તો રાગ છૂટશે એમ નહિ એમ કહે છે. તું તારા સ્વભાવનો આશ્રય લઈશ તો રાગ છૂટશે. એ ચીજ છે. આકરી વાતું ભાઈ! આવું સાધારણ માણસને મગજ થોડા હોય. બાયું આખો દિ' બિચારી દળવું ને ખાવું ને રાંધવું, ઘડવું ને પાપડ ને શું કહેવાય ઓલી? વડી એવું કરવા રોકાય બિચારા, એના મગજ જાડા. હવે એને આવી વાતું. ભગવાન! તારું મગજ મોટું છે. તારામાં તો કેવળજ્ઞાન ભર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ગાથા ભારે ભાઈ! એક એક ચડતી લઈ જાય છે. આહા..!

'**અંતર બાહ્ય મોહકા ત્યાગકર...**' આહાહા..! બાહ્ય શરીરાદિનો મોહ અને અંતરમાં રાગાદિના ભાવને છોડી દે. '**સમ્યક્ સ્વભાવ અંગીકાર કરના.**' આહાહા..! ભગવાન જ્ઞાયકસ્વરૂપ આનંદસ્વરૂપ પ્રભુ એને શ્રદ્ધામાં ગ્રહણ કરવું. આહાહા..! ત્યાગ-ગ્રહણ છે ને? તો ત્યાગ કોનો? અને ગ્રહણ કોનું? એમ કહે છે. રાગાદિનો ત્યાગ, સ્વરૂપનું ગ્રહણ. સમજાણું કાંઈ? પરનો ત્યાગ તો નિમિત્તથી કથન છે. પરનો ત્યાગ-ગ્રહણ આત્મામાં નથી. આત્મા પરના ત્યાગ-ગ્રહણથી શૂન્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! ગુણ છે ને ઈ? ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. ભગવાનઆત્મામાં

પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એનાથી આત્મા શૂન્ય છે. પરનો ત્યાગ શું? પરનો તો અભાવ છે, એમાં ત્યાગ શું કરવો? પણ તારામાં રાગ, દ્વેષ અને મિથ્યાશ્રદ્ધા થાય છે એનો ત્યાગ કરવો એમ કહે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ! પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રણકાળ ત્રણલોક જોયા પછી ઉપદેશ આવો આવ્યો, એમ સંતો આડતિયા થઈને માલ દુનિયાને આપે છે. માલ તો આ છે ભગવાનનો ભાઈ. આહા..!

તારો નાથ અંદર બિરાજે છે. અનાકુળ જ્ઞાન અને અનાકુળ આનંદથી તારો પ્રભુ આત્મા બિરાજે છે. આહાહા..! એનો આશ્રય લઈને મોહ છોડ. કોઈ ક્રિયાકાંડ કરવાથી મોહ છૂટે છે એમ નથી એમ કહે છે. ક્રિયાકાંડ કરવો એ રાગ છે. એ રાગને છોડવો છે અહીં તો. આહાહા..! આવો માર્ગ, દેવીલાલજી! આવું ઝીણું સ્વરૂપ બહુ સરસ. માર્ગ તો આવો છે ભાઈ! સંસ્કાર તો નાખ પ્રભુ અંદરમાં કે આ ચીજ અંદર આનંદસ્વરૂપ છે ઈ જ હું છું. રાગાદિ સ્વરૂપ હું નથી. આહાહા..!

'**સમ્યક્ સ્વભાવ અંગીકાર કરના.**' સમ્યક્સ્વભાવ એટલે આત્મા. સત્યસ્વભાવ જે આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ શુદ્ધસ્વરૂપ પવિત્રસ્વરૂપ ભગવાન એને અંગીકાર કરો. ઓહો..! સમ્યગ્દર્શનમાં એનું ગ્રહણ કરો અને મિથ્યાત્વાદિનો ત્યાગ કરો. આહાહા..! સમજાણું કાંઈ? **શુદ્ધાત્મા કી ભાવનારૂપ જો તપશ્ચરણ...**' હવે થોડું કહે છે. તપસ્યા કોને કહે છે? '**શુદ્ધાત્માકી ભાવનારૂપ જો તપશ્ચરણ**' ભાષા જુઓ! મુનિપણું કોને કહે છે? તપસ્યા આવે છે ને? દીક્ષાકલ્યાણક. એ તપકલ્યાણ કહો. દીક્ષાકલ્યાણક, તપકલ્યાણક કહે છે ને એને. તો કહે છે, તપસ્યા કોને કહે છે? દીક્ષા કોને કહે છે? કે શુદ્ધાત્માની ભાવનારૂપ તપશ્ચરણ. આહાહા..! કોઈ પંચમહાવ્રત પાળવા એ કંઈ મુનિપણું નથી. આહાહા..! સમજાણું કાંઈ? મુનિપણું ભગવાન એને કહે છે કે શુદ્ધાત્માની ભાવનારૂપ તપશ્ચરણ મુનિપણું. આહાહા..! વાતે વાતે ફેર જગતની માન્યતાથી. આહાહા..! પ્રભુ! તારી ચીજ અંદર છે. શુદ્ધાત્મા કહ્યું ને. તું તો અંદર શુદ્ધાત્મા પવિત્ર આત્માનો પિંડ છો. આહાહા..! એની ભાવના. એ શુદ્ધાત્માની સન્મુખની એકાગ્રતા, વીતરાગી પરિણામ. આહાહા..! બહુ સરસ વાત છે. ઓહોહો..!

ભગવાનઆત્મા શરીરથી ભિન્ન, વાણીથી ભિન્ન, મનથી ભિન્ન, કર્મથી ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગથી ભિન્ન. ઓહોહો..! એક સમયની પર્યાયથી પણ ભિન્ન એવો શુદ્ધાત્મા. દ્રવ્યસ્વભાવ સહજાત્મસ્વરૂપ સહજાત્મસ્વરૂપ એવો શુદ્ધાત્મા એની ભાવના. એમાં શુદ્ધોપયોગથી એકાગ્ર થવું. આહાહા..! એ તપશ્ચરણ, એ મુનિપણું, એ દીક્ષા. આહાહા..! દીક્ષાકલ્યાણક કહે છે ને? તપકલ્યાણક કહે છે એને, દીક્ષા કહો કે તપ કહો. આહાહા..! એ તપ કોને કહે છે? અપવાસ કરવા, બે અપવાસ કરવા, અઠ્ઠમ કરી એ તપસ્યા નહિ. આહાહા..! ભગવાન શુદ્ધચૈતન્યઘન પ્રભુ પૂર્ણઆનંદ અને પૂર્ણશુદ્ધસ્વરૂપથી ભરેલ પ્રભુ ભગવાન એની ભાવના—એની સન્મુખ થઈને એકાગ્રતા એ તપશ્ચરણ. આહાહા..! અહીં તો અપવાસ કર્યા ને અઠ્ઠમ કર્યો ને.. ઓલો હમણાં એક આવ્યો હતો ને? લંડનથી એક આવ્યો હતો. અપવાસ કરે, અઠ્ઠાઈ કરે ને છઠ અપવાસ કરે ને, ધૂળેય

નથી, સાંભળને! એ તો લાંઘણું છે. લંઘન લંઘન.

સત્ય તપસ્યા ભગવાન ત્રિલોકનાનાથ સર્વજ્ઞજિનવરદેવ એને કહે છે, સાચી દીક્ષા, સાચું ચારિત્ર, સાચી તપસ્યા, સાચું દીક્ષા સ્વરૂપ. આહાહા..! શુદ્ધાત્મા પરમઆનંદસ્વરૂપ ભગવાનમાં એકાગ્રતા. શુદ્ધોપયોગરૂપી એકાગ્રતા. આહાહા..! શુદ્ધોપયોગરૂપી તપસ્યા. લોકોને એવું લાગે છે. અહીં તો શાસ્ત્રમાં છે એની વાત ચાલે છે. સોનગઢવાળા આવો અર્થ કરે છે એમ કહે છે. આ શું છે? સોનગઢવાળા વ્યવહારને ઉથાપે છે એમ કહે છે ને. કહે, કહે. આ આચાર્ય શું કહે છે? ભગવાન! સાંભળ તો ખરો એકવાર. હેં!

મુમુક્ષુ :— વ્યવહાર તો રાગ છે.

ઉત્તર :— રાગ છે. રાગ તો દુઃખ છે. આહાહા..! એને છોડવો હોય તો આ બનાવ. ભગવાનઆત્મા સન્મુખ થા. ભગવાન આનંદસ્વરૂપપ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ છે ને. આહાહા..! અરે..! એને ખબર નથી.

મુમુક્ષુ :— પહેલા કાયક્લેશ કરે અને પછી આ કરે.

ઉત્તર :— ધૂળેય નથી કાયક્લેશ. કાયક્લેશમાં રાગ છે, દુઃખ છે. એવા તો અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો ત્યારે કરી નહોતી? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ તો દુઃખ હતું. પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ એ ભાવ એ શુભરાગ એ તો દુઃખ છે. આહાહા..! એમ ન કહ્યું છ ઢાળામાં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન' આત્મજ્ઞાન—ભગવાન સન્મુખ થઈને આનંદની દશા પ્રગટ કરવી છે એ આનંદ આવ્યો નહિ એને. મહાવ્રત લીધા ને પંચમહાવ્રત લીધા, દીક્ષા લીધી, હજારો રાણી છોડી એમાં શું છે? મિથ્યાશ્રદ્ધા અને રાગ છોડવો એ તો છોડ્યો નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ! દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. એવી વાત છે બાપુ!

આ એક જ શબ્દ જુઓ! તપશ્ચરણ નામ મુનિપણું કોને કહીએ? ચારિત્રવંત મુનિ કોને કહીએ? આહાહા..! **'શુદ્ધાત્માકી ભાવનારૂપ જો તપશ્ચરણ...'** આહાહા..! ગજબ કર્યો છેને! ભગવાન પૂર્ણશુદ્ધચૈતન્યઘન અતીન્દ્રિયઆનંદઘન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. આહાહા..! સત્ કાયમ રહેવાવાળો, ચિદ્ જ્ઞાન અને આનંદસ્વરૂપપ્રભુ આત્મા. આહાહા..! કેમ બેસે? સવારમાં દોઢ પાશેર ચા પીવે ત્યાં મજા લાગે એને. ઉકાળો ઉકાળો ચાનો. ઉકાળો સમજો છો? ઉકાળાને શું કહે છે? અમારે ઉકાળો કહે. કાઠિયાવાડી ભાષા છે. ઉકળે. ઉકાળો કરે છે. અધશેર પીવે ત્યારે મગજ તૃપ્ત તૃપ્ત થાય. આજે ચા પીને નથી આવ્યો એટલે મગજ ઠેકાણે નથી. દોઢ પાશેર પાણી સાકરનું એના મગજને ઠેકાણે રાખે. આ તે કેટલી મૂર્ખાઈ. હેં! આહાહા..!

મુમુક્ષુ :— તાજગી આવી જાય.

ઉત્તર :— ઈ જ કહે છે. અધશેર ચાથી તાજગી આવી જાય. અરરર! શું થયું પ્રભુ તને? આહાહા..! શું થયું? શેઠ! ભાષા એની કરી હિન્દી, તાજગી. તાજું શરીર થઈ જાય. આહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— .. અરે! પ્રભુ! એ મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ એ મહા અનર્થના મૂળ છે. એને નાશ કરતાં તાજગી આવે છે અંદર. સમજાણું કાંઈ? આહાહા..! સહજાનંદ પ્રભુ એના ઉપર એકાગ્રતા કરવાથી જે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે એ આત્માની તાજગી છે. અરે! સાંભળ્યું ન હોય કોઈ દિ'. આહાહા..! બચુભાઈ! આવી વાતું છે. રાણપરમાં નથી ક્યાંય સાંભળવા મળે એવું. રાણપુરના બેઠા છે. આહાહા..! ભગવાન! માર્ગ તો પ્રભુ તારો આવો છે. અરેરે..! ચોર્યાસીના અવતારમાં શેઠ દુઃખી, રાજા દુઃખી, ગરીબ દુઃખી, બધા દુઃખી પ્રાણી. કેમકે પોતાના સ્વભાવ સન્મુખ નહિ થઈને પર પદાર્થ અને રાગ સન્મુખ થયો એ જ દુઃખ છે. સમજાણું કાંઈ? અને શુદ્ધાત્માની ભાવનારૂપ દશા એ સુખરૂપ છે. આહાહા..! ઓહોહો..! પરમાત્મપ્રકાશ ગજબ વાત છે! દિગંબર સંતોની કથની ક્યાંય નથી. કોઈ સંપ્રદાયમાં આ વસ્તુ નથી. આહાહા..! કહે છે, આહાહા..! મુનિપણું આ લુગડાં છોડીને નાગા થવું ને પંચમહાવ્રતના પરિણામ (કરવા) એ કંઈ મુનિપણું નથી. આહાહા..!

મુમુક્ષુ :— પણ લોકો તો મુનિ માને ને.

ઉત્તર :— દુનિયા પાગલને ભાન ન મળે. કુસાધુને સાધુ માને, સાધુને કુસાધુ માને એની ખબર ક્યાં છે કાંઈ. બાયડી, છોકરા બધા લુંટારા છે એને વ્હાલા માને.

મુમુક્ષુ :— મૂકવા ક્યાં?

ઉત્તર :— ક્યાં એની પાસે આવ્યા હતા તો મૂકવા છે એને. એ તો એની પાસે રહ્યા છે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. ઓહોહો..!

મોક્ષનોમાર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે શું? કે શુદ્ધાત્માની ભાવના એ મોક્ષમાર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ ઈદમ્. પૂર્ણ પૂર્ણ ઈદમ્. પૂર્ણસ્વભાવથી ભરેલો ભગવાન. આહાહા..! એની ભાવના. આવો પરમાત્મસ્વભાવભાવ એની ભાવના. આહાહા..! એનું નામ મોક્ષનો માર્ગ, એનું નામ શુદ્ધોપયોગ, એનું નામ તપશ્ચરણ. આનું નામ તપશ્ચરણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ભરત મહારાજાએ આવું તપશ્ચરણ કર્યું હતું?

ઉત્તર :— આ કર્યું હતું, અંદર આ કર્યું હતું. અંતર્મુહૂર્ત અંદર ધ્યાનમાં આવી ગયા એ એમણે કર્યું હતું. આહાહા..! ૮૩ લાખ પૂર્વ સુધી છ ખંડમાં રહ્યા. એનું પાપ લાગ્યું, એક ક્ષણમાં નાશ કરી નાખ્યા. સમાધિશતકમાં એક આવ્યું હતું, નહિ ભાઈ? એક કડી આવી હતી કે તને જ્યારે વિષયકષાયનો ભાવ થાય ત્યારે ભગવાનનું ધ્યાન કરજે. આહાહા..! એક ગાથા આવી હતી. કાલે નહિ સજ્ઝાય કરી? સમાધિશતક, ઈષ્ટોપદેશ. આહાહા..!

શુદ્ધાત્મા એક તો વસ્તુ આત્મા કોને કહીએ? કે શુદ્ધઆત્મા તેને આત્મા કહીએ. પવિત્ર વીતરાગી સ્વરૂપી ભગવાનઆત્માને આત્મા કહીએ. વચ્ચે જે દયા, દાન, વ્રતનો રાગ આવે છે એ

તો આત્મા નહિ, એ તો અનાત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધાત્માની (અર્થાત્) શુદ્ધાત્મા વસ્તુ ત્રિકાળી, એની ભાવના વર્તમાન પર્યાય, વર્તમાન પર્યાય. ત્રિકાળીભાવ શુદ્ધચૈતન્યઘન ભગવાન પૂર્ણઈદમ્ પૂર્ણસ્વરૂપે ભગવાન બિરાજમાન આત્મા છે. આહાહા..! એની એકાગ્રતા, એની ભાવના, એની સન્મુખ થઈને લીન થવું એ શુદ્ધાત્માની ભાવનારૂપ ભાવનાસ્વરૂપ તપશ્ચરણ છે. આહાહા..! આવી તો વાત છે ક્યાં? આ તો પહેલાની પડી છે. આ શાસ્ત્ર તો પહેલાનું છે. પરમાત્મપ્રકાશ ૧૩૦૦ વર્ષ પહેલા બનાવ્યું છે. એની ટીકા થઈ. આહાહા..!

'**ઉસકા સાધક જો શરીર...**' હવે નિમિત્ત તરીકે (કહે છે). આ શરીર નિમિત્ત છેને. '**જો શરીર ઉસકી સ્થિતિકે લિયે...**' એ શરીરની સ્થિતિને કારણે '**અન્ન જલાદિક લિયે જાતે હૈં,...**' આહાર-પાણી લેવા પડે છે. '**તો ભી વિશેષ રાગ ન કરના,...**' આહાહા..! ફક્ત શરીરને નભાવવા પૂરતા આહાર-પાણી (લે). પણ આહાર લેવામાં ગૃદ્ધિ ન કરવી. આહાહા..! વિશેષ રાગ ન કરવો. છે તો એટલો પણ રાગ. પણ શરીરને નભાવવા માટે આહાર લેવો પડે છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે જુઓ! શુદ્ધભાવનાનું સાધક શરીર કહ્યું. એ તો નિમિત્તથી કથન છે. સાધક કહ્યું ને? નિમિત્ત છે ને એટલી વાત. એ સાધકપણાને નિમિત્ત કરતું નથી. પણ સાધકપણામાં આવું એક નિમિત્ત હોય છે તેથી તેને વ્યવહાર નિમિત્ત સાધક કહ્યું. આહાહા..!

મુમુક્ષુ :— બન્ને મલિન છે સાધ્ય-સાધક.

ઉત્તર :— બિલકુલ નહિ, એક જ મલિન હોય છે. પોતાનો શુદ્ધોપયોગ પોતાથી પરની અપેક્ષા વિના થાય છે. શુભરાગની અપેક્ષા વિના શુદ્ધોપયોગ થાય છે તો શરીરની અપેક્ષાથી (થાય એ સવાલ નથી). પણ અહીં શરીર છે. અહીં તો રાગ છોડાવવાની વાત કરવી છેને. કે શરીરને માટે આહાર-પાણી જોઈએ. આહારમાં વિશેષ રાગ ન કરવો. એટલો રાગ વિકલ્પ આવે છે. એ પણ છોડવા લાયક તો છે. પણ જ્યાં સુધી શરીર ટકે ત્યાં સુધી છોડી શકે નહિ, તો જળ-પાણી, આહાર લેવામાં રાગ ન કરવો. સમજાણું કાંઈ?

'**રાગ રહિત નીરસ આહાર લેના ચાહિયે.**' નીરસ—રસ નહિ એમાં કંઈ. જે મળ્યું તે લઈ લેવું. આહાહા..! ગાડા હોયને? ગાડી. ઈંધન જોઈએને? બસ, આ શરીર-ગાડી ચલાવવા માટે ઈંધન આપે. પણ ઈંધનમાં કોઈ બરફી નાખે? મેસુભ નાખે? તેલ પુરતું ઈંધન નાખે. આહાહા..! એમ શરીર નભાવવા માટે સંતોએ વિશેષ રાગ કર્યા વિના આહાર લેવો. આહાહા..! હેં!

મુમુક્ષુ :— એને તો શું, જે મળી ગયો તે લઈ લ્યે.

ઉત્તર :— જે મળ્યું એ લે, એમાં શું છે? પણ રાગ ન કરવો એમ કહે છે.

મુમુક્ષુ :— સારો આહાર મળ્યો.

ઉત્તર :— સારું-નરસું કાંઈ નથી. આહાર સારો છે જ નહિ, સારો તો ભગવાનઆત્મા છે. સમજાણું કાંઈ? કેરીનો રસ મળે તો સારું અને એકલી દાળ મળે તો સારું નહિ, એવું કાંઈ નથી. આહાહા..! એ તો જ્ઞેય પર પદાર્થ છે. સારું અને ખરાબ એવો ભેદ પાડવો એ તો દૃષ્ટિ મિથ્યાત્વ

છે. આહાહા..! માર્ગ વીતરાગનો અલૌકિક છે ભાઈ! અરે..! સંપ્રદાયને તો બિચારાને સાંભળવા મળતું નથી. આવું શું છે? આ શું છે? એમ જિંદગી ચાલી જાય છે. આહાહા..! એ ૧૧૧ ગાથા થઈ.

ગાથા-૧૧૧-૨

अथ स्थलसंख्याबहिर्भूतमाहारमोहविषयनिराकरणसमर्थनार्थं प्रक्षेपकत्रयमाह तधथा–

२३९) काउण णग्गरुवं बीभस्सं दूडढ–मडय–सारिच्छं।
अहिलससि किं ण लज्जसि भिक्खाए भोयणं मिट्ठं।।१११*२।।
कृत्वा नग्नरुपं बीभत्सं दग्धमृतकसदृशम्।
अभिलषसि किं न लज्जसे भिक्षायां भोजनं मिष्टम्।।१११*२।।

काऊण इत्यादि। काऊण कृत्वा। किम् णग्गरुवं नग्नरुपं निर्ग्रन्थं जिनरुपम्। कथंभूतम्। बीभस्सं (च्छं?) भयानकम्। पुनरपि कथंभूतम्। दड्ढ–मडय–सारिच्छं दग्धमृतकसदृशम्। एवंविधिं रुपं धृत्वा हे तपोधन अहिलससि अभिलाषं करोषि किं ण लज्जसि लज्जां किं न करोषि किं कुर्वाणः सन्। भिक्खाए भोयणं मिट्ठं भिक्षायां भोजनं मिष्टं इति मन्यमानः सन्निति। श्रावकेण तावदाहाराभयभैषज्यशास्त्रदानं तात्पर्येण दातव्यम्। आहारदानं येन दत्तं तेन शुद्धात्मानुभूतिसाधकं बाह्याभ्यन्तरभेदभिन्नं द्वादशविधं तपश्चरणं दत्तं भवति। शुद्धात्मभावनालक्षणसंयमसाधकस्य देहस्यापि स्थितिः कृता भवति। शुद्धात्मोपलंभप्राप्तिरुपा भवान्तरगतिरपि दत्ता भवति। यधप्येवमादिगुणविशिष्टं चतुर्विधदानं श्रावकाः प्रयच्छन्ति तथापि निश्चयव्यवहाररत्नत्रयाराधकतपोधनेन बहिरङ्गसाधनीभूतमाहारादिकं किमपि गृह्णतापि स्वस्वभावप्रतिपक्षभूतो मोहो न कर्तव्य इति तात्पर्यम्।।१११*२।।

आगे स्थलसंख्याके सिवाय जो प्रक्षेपक दोहे हैं, उनके द्वारा आहारका मोह निवारण करते हैं–

गाथा–१११*२

अन्वयार्थ :– [बीभत्सं] भयानक देहके मैलसे युक्त [दग्धमृतकसदृशम्] जले हुए मुरदेके समान रुपरहित ऐसे [नग्नरुपं] वस्त्र रहित नग्नरुपको [कृत्वा] धारण करके हे साधु, तू [भिक्षायां] परके घर भिक्षाको भ्रमता हुआ उस भिक्षामें [मिष्टम्] स्वादयुक्त [भोजनं] आहारकी [अभिलषसि] इच्छा करता है, तो तू [किं न लज्जस] क्यों नहीं शरमाता? यह बड़ा आश्चर्य है।

भावार्थ :– पराये घर भिक्षाको जाते मिष्ट आहारकी इच्छा धारण करता है, सो तुझे लाज नहीं आती? इसलिये आहारका राग छोड़ अल्प और नीरस, आहार उत्तम

कुली श्रावकके घर साधुको लेना योग्य है। मुनिको राग-भाव रहित आहार लेना चाहिये। स्वादिष्ट सुंदर आहारका राग करना योग्य नहीं है। और श्रावकको भी यही उचित है, कि भक्ति-भावसे मुनिको निर्दोष आहार देवे, जिसमें शुभका दोष न लगे। और आहारके समय ही आहारमें मिली हुई निर्दोष औषधि दे, शास्त्रदान करे, मुनियोंका भय दूर करे, उपसर्ग निवारण करे। यही गृहस्थको योग्य है। जिस गृहस्थने यतीको आहार दिया, उसने तपश्चरण दिया, क्योंकि संयमका साधन शरीर है, और शरीरकी स्थिति अन्न जलसे है। आहारके ग्रहण करनेसे तपस्याकी बढ़वारी होती है। इसलिये आहारका दान तपका दान है। यह तप-संयम शुद्धात्माकी भावनारुप है, और ये अंतर बाह्य बारह प्रकारका तप शुद्धात्माकी अनुभूतिका साधक है। तप संयमका साधन दिगम्बर का शरीर है। इसलिये आहारके देनेवालेने यतीके देहकी रक्षा की, और आहारके देनेवालेने शुद्धात्माकी प्राप्तिरुप मोक्ष दी। क्योंकि मोक्षका साधन मुनिव्रत है, और मुनिव्रतका साधन शरीर है, तथा शरीरका साधन आहार है। इसप्रकार अनेक गुणोंको उत्पन्न करनेवाला आहारादि चार प्रकारका दान उसको श्रावक भिक्तसे देता है, तो भी निश्चय व्यवहार रत्नत्रयके आराधक योगीश्वर महातपोधन आहारको ग्रहण करते हुए भी राग नहीं करते हैं। राग-द्वेष-मोहादि परिणाम निजभावके शत्रु हैं, यह सारांश हुआ।।१११*२।।

---

હવે, આહારના મોહના ત્યાગનું સમર્થન કરવા માટે સ્થળસંખ્યાથી બહાર ત્રણ પ્રક્ષેપક ગાથાસૂત્રો કહે છે :-

ભાવાર્થ :- શ્રાવકે તો તાત્પર્યપૂર્વક આહાર, અભય, ભૈષજ્ય અને શાસ્ત્ર એ ચાર પ્રકારનું દાન આપવું જોઈએ. જેણે આહારદાન આપ્યું તેણે શુદ્ધ આત્માની અનુભૂતિનું સાધક બાહ્ય અભ્યંતર ભેદથી ભેદવાળું બાર પ્રકારનું તપશ્ચરણનું દાન આપ્યું છે. તેણે શુદ્ધ આત્માની ભાવનાસ્વરૂપ સંયમના સાધક એવા દેહની સ્થિતિ પણ કરી છે અને તેણે શુદ્ધાત્મોપલંભની પ્રાપ્તિરૂપ મોક્ષગતિ પણ આપી છે. જોકે આ પ્રમાણેના ગુણથી વિશિષ્ટ ચાર પ્રકારના દાન શ્રાવકો આપે છે તોપણ નિશ્ચય વ્યવહારરત્નત્રયના આરાધક એવા તપોધને બહિરંગ સાધનભૂત કોઈપણ આહારાદિકને ગ્રહણ કરતાં છતાં પણ, સ્વસ્વભાવથી પ્રતિપક્ષભૂત મોહ ન કરવો, એવું તાત્પર્ય છે. ૧૧૧*૨.

---

## ગાથા-૧૧૧-૨ ઉપર પ્રવચન

'આગે સ્થલસંખ્યાકે સિવાય જો પ્રક્ષેપક દોહે હૈં, ઉનકે દ્વારા આહારકા મોહ નિવારણ કરતે હૈં—' આહારના મોહના નિવારણ માટે પ્રક્ષેપક ગાથાઓ બીજેથી લઈને નાખી છે. ૧૧૨.

२३९) काउण णग्गरुवं बीभस्सं दूडढ-मडय-सारिच्छं।
अहिलससि किं ण लज्जसि भिक्खाए भोयणं मिट्ठं।।१११*२।।

આહાહા..! **અન્વયાર્થ :—** અરે..! '**ભયાનક દેહકે મૈલસે યુક્ત...**' ભયાનક આ દેહના મેલથી યુક્ત. આહાહા..! '**જલે હુએ મુરદેકે સમાન રૂપરહિત ઐસે...**' નગ્ન. મુનિપણું તો નગ્ન હોય છે. વસ્ત્રસહિત જે મુનિપણું લીધું છે એ શાસ્ત્રની આજ્ઞા નથી. એ સિદ્ધાંત વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? મુનિપણું વસ્ત્ર સહિત કદી ત્રણકાળમાં નથી હોતું. નગ્નપણું હોય છે અને તેં દીક્ષા લીધા ને નગ્નપણું ધારણ કરી રાખ્યું છે તો હે યોગી! '**જલે હુએ મુરદેકે સમાન રૂપરહિત...**' નગ્નશરીર. આહાહા..! '**પરકે ઘર ભિક્ષાકો ભ્રમતા હુઆ ઉસ ભિક્ષામેં સ્વાદયુક્ત આહારકી ઈચ્છા કરતા હૈ,...**' આહાહા..! સ્વાદિષ્ટ આહાર મળે ને અરે! લજ્જા નથી આવતી તને? કહે છે. આહા..! મડદા જેવા નગ્ન શરીરમાં તું આવી ઈચ્છા કરે છે? મુનિની વાત કરે છે. આહાહા..! નગ્નશરીર મડદા જેવું શરીર, જેમ માએ જન્મ્યો એવું શરીર. એવા શરીરને આહાર લેવામાં '**આહારકી ઈચ્છા કરતા હૈ, તો તૂ ક્યોં નહીં શરમાતા? યહ બડા આશ્ચર્ય હૈ.**' આહાહા..! મુનિરાજ એમ કહે છે, જુઓ! યોગીન્દ્રદેવ. સમજાણું કાંઈ? ૧૩૦૦ વર્ષ પહેલા થયા આ મુનીન્દ્ર. સમયસાર કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલા થયા. આ બધા નગ્નદિગંબર હતા. આત્મધ્યાની આત્મામાં મસ્ત, આનંદમાં મસ્ત. આહાહા..! એ કહે છે, તને પરઘર જતાં નગ્નપણાના શરીરમાં સ્વાદની ઈચ્છા થતાં તને શરમ નથી આવતી? આત્માના આનંદનો સ્વાદ છોડીને આહારનો સ્વાદ લેવાની ઈચ્છામાં આવ્યો? શું થયું? તને શરમ નથી આવતી? એય! ઠપકો આપે છે. શું કહે છે. ઓળંભો, ઓળંભો આપે છે, ઉપલંભ. અરે ભગવાન! આ કંઈ ઠીક કહેવાય પ્રભુ? નગ્નશરીર મડદા જેવું શરીર અને એમાં તને આહાર લેવામાં સ્વાદની ભાવના હોય, સ્વાદિષ્ટ આહાર લેવાની, તને શરમ નથી આવતી નાથ? આહાહા..! ભાવાર્થ વિશેષ કહેશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૨, શુક્રવાર
## તા. ૭-૧-૧૯૭૭, ગાથા-૧૧૧ (૨-૪)
## પ્રવચન નં. ૧૭૯

૧૧૧/૨ ગાથા. મુનિના આહારની વાત ચાલે છે. 'પરાયે ઘરકો ભિક્ષા જાતે...' મુનિ કોણ છે? કે જે આત્મા શુદ્ધ પૂર્ણપરમાત્મસ્વરૂપ છે એની અંતરમાં ભાવના-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ શુદ્ધાત્માની ભાવના છે. સમજાણું કાંઈ? દ્રવ્ય શુદ્ધ જે ચૈતન્ય આનંદ સહજાનંદ સ્વરૂપ એની અંતરમાં એકાગ્રતા—ભાવના, શુદ્ધસ્વભાવની ભાવના ભાવવી એનું નામ ચારિત્ર અને મુનિપણું છે. મુનિપણાની પણ ઓળખાણ કરાવે છે. સમજાણું કાંઈ? આવા મુનિ જ્યારે 'પરાયે ઘર ભિક્ષા

**જાતે મિષ્ટ આહારકી ઈચ્છા ધારણ કરતા હૈ, સો તુઝે લાજ નહીં આતી?'** આહા..! તને આત્માના આનંદનો સ્વાદ આવ્યો હોય અને નગ્નપણે તું ભિક્ષા લેવા જાય છે તો આહારનીગૃદ્ધિ, સ્વાદિષ્ટ આહાર લેવાની ગૃદ્ધિ (કરે છે તો) તને લાજ નથી આવતી? આહાહા..! વીતરાગી આનંદના અનુભવી એને મિષ્ટ આહારનીગૃદ્ધિ કેવી રીતે હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? **'ઈસલિયે આહારકા રાગ છોડ અલ્પ ઔર નીરસ, આહાર...'** અલ્પ લેવો અને નિરસ લેવો. આહાહા..!

મુમુક્ષુ :— નિરસ એટલે શું?

ઉત્તર :— રાગનો રસ નહિ વિશેષ. મળે એ ન લેવો એમ નહિ. વૃત્તિમાં નિરસ લેવાનો ભાવ છે. આહાર પણ મળે, રસ પણ મળે. અંતરમાં લુખ્ખો ભાવ છે. આહાહા..! મુનિપણાની દશા તો અલૌકિક છેને!

**'ઉત્તમ કુલી શ્રાવકકે ઘર...'** પાછા સાધારણ ઘરે નહિ. ધર્માત્મા શ્રાવક હો ઉત્તમ કુળે એના ઘરે **'સાધુકો લેના યોગ્ય હૈ.' 'મુનિકો રાગ-ભાવ રહિત આહાર લેના ચાહિયે.'**

મુમુક્ષુ :— રાગ રહિત આહાર લેવાય કેવી રીતે?

ઉત્તર :— એટલે તીવ્ર રાગ. વિકલ્પ તો છે, એને યોગ્ય છે એનાથી વિશેષ રાગ. એમ. આહાર લેવાનો વિકલ્પ તો છેને. એનો ગૃદ્ધિનો રાગ એવો વિશેષ રાગ નહિ. સમજાણું કાંઈ? એ તો અહીંયા શ્રાવકની વાત પછી કરશે.

**'ઉત્તમ કુલી શ્રાવકકે ઘર સાધુકો લેના યોગ્ય હૈ. મુનિકો રાગ-ભાવ રહિત આહાર લેના ચાહિયે. સ્વાદિષ્ટ સુંદર આહારકા રાગ કરના યોગ્ય નહીં હૈ.'** એટલું. સ્વાદિષ્ટ અને સુંદર આહારનો રાગ કરવા યોગ્ય નથી. **'ઔર શ્રાવકકો ભી યહી ઉચિત હૈ, કિ ભક્તિ-ભાવસે મુનિકો નિર્દોષ આહાર દેવે,...'** સમજાણું કાંઈ? **'જિસમેં શુભકા દોષ ન લગે.'** શુભકા દોષ ન લગે એમ લખ્યું છે, પણ દોષ ન લગે જોઈએ. રાગનો દોષ નહિ લાગવો જોઈએ. જેમાં સુંદર આહારનીગૃદ્ધિ ન હોય. **'ઔર આહારકે સમય હી આહારમેં મિલી હુઈ નિર્દોષ ઔષધિ દે, શાસ્ત્રદાન કરે, મુનિયોંકા ભય દૂર કરે, ઉપસર્ગ નિવારણ કરે. યહી ગૃહસ્થકો યોગ્ય હૈ. જિસ ગૃહસ્થને યતિકો આહાર દિયા, ઉસને તપશ્ચરણ દિયા,...'** નિમિત્તથી કથન છે. છે તો દેવાવાળાનો ભાવ શુભરાગ. પણ મુનિને તપસ્યા છે ને, આનંદની તપસ્યા હોં! શુદ્ધાત્મા આનંદમાં રમે છે એ તપસ્યા. એ તપસ્યામાં નિમિત્ત છે ને શરીર. શરીરમાં આહાર નિમિત્ત છે. એમ વાત કરે છે. પદ્મનંદીમાં એમ છે. પદ્મનંદીપંચવિંશતિ છે એમાં આ અધિકાર છે. ૧૨મી ગાથામાં પણ ચાર પ્રકારના દાનની વાત આવી ગઈ છે. પહેલી બાર ગાથા. અને પદ્મનંદીમાં આ અધિકાર છે.

**'મુનિયોંકા ભય દૂર કરે,... યહી ગૃહસ્થકો યોગ્ય હૈ. જિસ ગૃહસ્થને યતિકો આહાર દિયા, ઉસને તપશ્ચરણ દિયા,...'** નિમિત્તથી કથન છે. **'ક્યોંકિ સંયમકા સાધન શરીર હૈ,...'** સંયમનું સાધન શરીર. લ્યો ઠીક. વ્યવહારસાધન રત્નત્રયનું, આ તો શરીર સાધન

(કહે છે). નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ? **'ઔર શરીરકી સ્થિતિ અન્ન જલસે હૈ. આહારકે ગ્રહણ કરનેસે તપસ્યાકી બઢવારી હોતી હૈ.'** નિમિત્તનું કથન છે, નિમિત્તથી કથન છે. વધે તો પોતાના પુરુષાર્થથી છે. પણ નિમિત્તનું જ્ઞાન કરાવે છે. સમકિતી જ્ઞાની દેવાવાળા હોય તો આવી એની તપસ્યામાં શરીર નિમિત્ત છે, શરીરમાં નિમિત્ત આહાર છે. એમ. **'ઈસલિયે આહારકા દાન તપકા દાન હૈ.'** જુઓ! એ તપનું મુનિપણાનું દાન છે ઈ. **'યહ તપ-સંયમ શુદ્ધાત્માકી ભાવનારૂપ હૈ,...'** જુઓ તપ-સંયમ એ શું વસ્તુ છે?

મુમુક્ષુ :— મુનિને આહાર દેવો તે સંયમ છે.

ઉત્તર :— એ તો નિમિત્તનું કથન છે. દેવામાં તો શુભભાવ જ છે. પણ મહામુનિ છે અને દેવાવાળા સમકિતી છે તો એના વખાણ કર્યા છે. પદ્મનંદીમાં આવે છે.

**'તપ-સંયમ શુદ્ધાત્માકી ભાવનારૂપ હૈ,...'** આ વાત છે. મૂળ ચીજ આ છે. તપ અને સંયમ એને કહીએ, જેમાં આનંદમૂર્તિ ભગવાનઆત્માની અંતરમાં એકાગ્રતા, શુદ્ધોપયોગરૂપી એકાગ્રતા થાય એને તપસ્યા અને મુનિપણું કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? ઓળખાણ કરાવે છે. એકલું નગ્નપણું એ કંઈ મુનિપણું નથી. તેમ પંચમહાવ્રતના વિકલ્પ છે એ મુનિપણું નથી. આહાહા..! એ તો રાગ છે. મુનિપણું તો શુદ્ધાત્મા પવિત્ર પૂર્ણઆનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન એમાં રમણતા એનું નામ તપ અને મુનિપણું છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ દુર્લભ છે. ઓહો..! આવા આત્મજ્ઞાન વિના આ અપવાસ ને વર્ષીતપ કરે છે ને? એ તો બધી લાંઘણ છે. હેં!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોણ અટકતા હતા? ભાવ છોડી દે કે હું આ અપવાસ કરું છું. એ ચીજ નથી. અપવાસ તો પોતાના આનંદમાં રહેવું. આહા..! ઉપવાસ—ભગવાન આનંદધામ અતીન્દ્રિય આનંદનું ધામ, ઉપ નામ એની સમીપમાં અંતરમાં વસવું, આનંદની ધામ દશામાં રમવું આહાહા..! એ ઉપવાસ છે. બાકી આનંદના ભાન વિના અપવાસ આદિ લાંઘણ છે. મિથ્યાત્વ સહિત પુણ્યબંધ થાય. એવી વાત છે. છે?

**'ઔર યે અંતર બાહ્ય બારહપ્રકારકા તપ...'** નિમિત્ત **'શુદ્ધાત્માકી અનુભૂતિકા સાધક હૈ.'** શુદ્ધાત્માની અનુભૂતિનું સાધક. આહાહા..! નિમિત્ત છેને? નિમિત્ત. બાહ્ય બારપ્રકારના તપ શુદ્ધાત્માની અનુભૂતિનું સાધક—નિમિત્ત સાધક છે. આહાહા..! ભગવાનઆત્મા પોતાનું ચૈતન્ય વીતરાગ શુદ્ધાત્મસ્વરૂપ એમાં ભાવના, રમણતા. આહાહા..! આનંદધામમાં રમણતા. શ્રીમદ્‌માં કહ્યું ને? 'સ્વયં જ્યોતિ સુખધામ' ભગવાનઆત્મા સ્વયં જ્યોતિ છે. કોઈએ કરી નથી, કરાયેલી નથી, સહજ વસ્તુ સહજાનંદ પ્રભુ એમાં સુખધામ આ ભગવાન.. આહાહા..! એ આનંદમાં રમણતા એનું નામ તપસ્યા અને મુનિપણું છે. એનું નામ ધર્મ છે. આહાહા..!

**'તપ સંયમકા સાધન દિગંબરકા શરીર હૈ.'** છે? શુદ્ધાત્માનુભૂતિનું સાધક બાહ્ય-અંતર

તપ નિમિત્ત. તપસા નિર્જરા કીધી છે ને? એ તો બાહ્ય તપની વ્યાખ્યા છે. '**તપ સંયમકા સાધન દિગંબરકા શરીર હૈ.**' દિગંબર મુનિનું શરીર છે. '**ઈસલિયે આહારકે દેનેવાલેને યતીકે દેહકી રક્ષા કી,...**' કોઈની કોઈ રક્ષા કરી શકતું નથી. એક બાજુ એમ (કહે). આ નિમિત્તથી કથન છે. નિમિત્તથી થાતું નથી, નિમિત્તથી આમ થયું એમ કહેવામાં આવે છે. અસદ્‌ભુત વ્યવહારનયથી બધા કથન છે. આહાહા..! '**આહારકે દેનેવાલેને શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ મોક્ષ દી.** ' લ્યો ઠીક. શુભભાવમાં મોક્ષમાં નિમિત્ત થયો. '**ક્યોંકિ મોક્ષકા સાધન મુનિવ્રત હૈ,...**' પણ મુનિવ્રત આ, હોં! મુનિવ્રત એટલે પંચમહાવ્રત નહિ. એ તો આવી ગયું પહેલા. શુદ્ધભગવાન પૂર્ણાનંદસ્વરૂપમાં અંતરમાં લપેટ થઈ જવું, રમણતા થઈ જવી, એકાગ્ર થવું એનું નામ તપ અને મુનિપણું છે. હેં!

મુમુક્ષુ :— નિરંતર તો અંદરમાં રહેવાતું નથી.

ઉત્તર :— જેને ત્રણકષાયનો અભાવ છે તે જ મુનિપણું છે. રહી ન શકે ઈ પછી. ત્રણકષાયનો અભાવ તો કાયમ રહે છે. ઝીણી વાત ભાઈ! મુનિપણું તો, હજી સમ્યગ્દર્શન જ કોઈ અલગ વસ્તુ છે. આહાહા..! રાગથી, શરીરથી ભિન્ન એક સમયની પર્યાયની પણ રુચિ છોડીને ત્રિકાળી આનંદનો નાથ ભગવાન પૂર્ણસ્વરૂપ એનું જ્ઞાન કરીને, જ્ઞાનની પર્યાયમાં એ વસ્તુને જ્ઞેય બનાવીને પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ ભાઈ બહુ ઝીણો. અત્યારે તો બધો ફેરફાર એવો થઈ ગયો છે કે જાણે જૈનદર્શન જ રહ્યું નહિ. અજૈનને જૈનપણું માની લીધું છે. શું કરે? માર્ગ તો આ છે ભાઈ! સમજાય છે કાંઈ?

'**ઔર મુનિવ્રતકા સાધન શરીર હૈ, તથા શરીરકા સાધન આહાર હૈ.** ' નિમિત્ત. '**ઈસપ્રકાર અનેક ગુણોંકો ઉત્પન્ન કરનેવાલા આહારાદિ ચાર પ્રકારકા દાન ઉસકો શ્રાવક ભક્તિસે દેતા હૈ, તો ભી નિશ્ચય વ્યવહાર રત્નત્રયકે આરાધક યોગીશ્વર...**' દેખો! કારણ કે આહાર લે છે ને, તો એ વખતે વ્યવહારરત્નત્રય અને નિશ્ચયરત્નત્રય બેય છે. સમજાણું કાંઈ? આહાર લેતી વખતે મુનિને નિશ્ચયરત્નત્રય પણ છે. શુદ્ધ આનંદકંદ પ્રભુનું શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર છે અને લ્યે છે તો લેવાનો વિકલ્પ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ એવો થયો. આહાહા..! '**નિશ્ચય વ્યવહાર રત્નત્રયકે આરાધક યોગીશ્વર...**' આહાહા..! '**મહાતપોધન...**' મહા જેને આનંદરૂપી ધન ઘરમાં છે. આહાહા..! શુદ્ધાત્માની ભાવનારૂપી જેને પોતાનું નિજઘર છે. ઓહોહો..! એ તપોધન. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આહારસંજ્ઞા અશુભભાવ નથી?

ઉત્તર :— આહારસંજ્ઞા નથી. ગૃદ્ધિ હોય તો આહારસંજ્ઞા હોય. લેવાની વૃત્તિ છે એ આહારસંજ્ઞા નથી. આહારસંજ્ઞા હોય તો તો પાપ છે. લેવાની વૃત્તિ છે ફક્ત. શરીર નભાવવા માટે છે તો પુણ્ય શુભભાવ છે. સમજાણું કાંઈ? આહાર લેવાની વૃત્તિ જુદી અને આહારસંજ્ઞા જુદી છે, બે વસ્તુ ભિન્ન છે. આહારસંજ્ઞા તો ગૃદ્ધિનો પાપભાવ છે અને આહાર સંયમ માટે લેવાનો ભાવ એ શુભવિકલ્પ પુણ્ય છે.

મુમુક્ષુ :— આહારસંજ્ઞા પાંચમા ગુણસ્થાન સુધી હોય છે.

ઉત્તર :— આહારસંજ્ઞા છઠ્ઠે પણ હોય છે, ગૃદ્ધિ હોય તો. ઈ તો કહે છે. અહીં તો એ સંજ્ઞા વિના લેવું. આહાહા..! એ પ્રશ્ન અમારે પહેલા થઈ ગયો છે, સંપ્રદાયમાં ચાલતો હતો. પંચાસ્તિકાયમાં આવે છે ને? આહારસંજ્ઞા રહિત આહાર. પંચાસ્તિકાયમાં આવે છે. આહાર લ્યે છે પણ આહારસંજ્ઞા રહિત છે. પંચાસ્તિકાયમાં આવે છે. આહાહા..! હેં! ગૃદ્ધિથી લેવો એ આહારસંજ્ઞા છે અને સંયમ નભાવવાનો વિકલ્પ છે એ આહારસંજ્ઞા નથી. શુભભાવ છે, વિકલ્પ છે. આહાહા..!

મુમુક્ષુ :— મુનિને આહારસંજ્ઞા હોય છે.

ઉત્તર :— હોય છે. છઠ્ઠે પણ થોડું હોય છે. તેથી તો ના પાડે છે. છઠ્ઠે આર્તધ્યાન હોય છે. પાંચમે રૌદ્રધ્યાન પણ હોય છે. આહાહા..!

મુમુક્ષુ :— આહાર લેવાનો જે ભાવ થાય છે એ...

ઉત્તર :— એ મુનિપણું છે. મુનિપણાનો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે, ગૃદ્ધિપણું નથી. આહાહા..!

અહીંયા તો રાગનો ત્યાગ બતાવે છે. તીવ્ર રાગ ન કરવો. રાગ છે તો રાગ આહાર લેવાનો, પણ તીવ્ર રાગ ન કરવો એમ બતાવવું છે. '**નિશ્ચય વ્યવહાર રત્નત્રયકે આરાધક યોગીશ્વર મહાતપોધન આહારકો ગ્રહણ કરતે હુએ ભી...**' જુઓ! '**રાગ નહીં કરતે હૈં.**' જુઓ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આહારની વૃત્તિ...

ઉત્તર :— એ દોષ છે. ઈ તો આ પણ દોષ છે. આહાર લેવાની વૃત્તિ છે એ પણ ચારિત્રનો દોષ છે પણ એમાં ગૃદ્ધિ છે એ વિશેષ દોષ છે. એવો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? ચરણાનુયોગની અપેક્ષાએ એમ કહેવામાં આવ્યું. પ્રવચનસારમાં આવ્યું ને. આહાર લ્યે છે છતાં અનાહારી છે. અનાહારી આત્માની દૃષ્ટિ અને અનુભવ છે અને અનાહારીને નભવું છે તો આહાર લેવા છતાં એ અનાહારી છે. આવ્યું છે ને? ભાઈ! ચરણાનુયોગની અપેક્ષાએ. દ્રવ્યાનુયોગની અપેક્ષાએ તો એ વિકલ્પ છે. આહાહા..! એ પણ પ્રમાદ છે એટલો. તીવ્ર નહિ પણ એ જાતનો પ્રમાદ છે ને. પંચમહાવ્રતના પરિણામ એ પ્રમાદ છે. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપમાંથી બહાર નીકળવું એ બધો દોષ છે. અહીંયા તો તીવ્રગૃદ્ધિનો રાગ ન કરવો એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :— મુનિ ગૃદ્ધિ તો કરે જ નહિ.

ઉત્તર :— કરે નહિ પણ છતાં કોઈ આવી જાય, વૃત્તિ છે, કષાય છે ને હજી.

'**રાગ-દ્વેષ-મોહાદિ પરિણામ નિજભાવકે શત્રુ હૈં,...**' આહાહા..! ચાહે તો શુભભાવ હો એ પણ નિજ સ્વભાવનો શત્રુ છે. સમજાણું કાંઈ? બપોરે ચાલે છે ને? કાલે આવ્યું હતું ને? ધર્મી પુણ્યની ઈચ્છા કરતા નથી. ધર્મ ધર્મની ઈચ્છા કરતા નથી. ધર્મ નામ પુણ્ય. મુનિ સમ્યગ્દૃષ્ટિ

જ્ઞાની છે એને ધર્મની ઈચ્છા—પુણ્યની ઈચ્છા નથી. આહાહા..! ભાવ થાય છે પણ એની ભાવના અને ઈચ્છા નથી. એને જાણનાર રહે છે. આહાહા..!

મુમુક્ષુ :— આવો તો છે.

ઉત્તર :— આવે છે, કહ્યું ને. જાણનાર રહે છે. સમજાણું કાંઈ? એમાં કાંઈ... માર્ગ તો માર્ગ છે એમાં કાંઈ ફેરફાર થાય એવું નથી. આહાહા..! હેં! પુણ્યની ઈચ્છા નથી. આહાહા..! સમ્યગ્દષ્ટિને પુણ્યની ઈચ્છા નથી. શુભભાવ આવે છે પણ એની ઈચ્છા નથી, રુચિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને ભોગની વૃત્તિ ઉઠે છે પણ એમાં રુચિ નથી, સુખબુદ્ધિ નથી. આ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! સુખબુદ્ધિ હોવી અને રાગ હોવો એ બે જુદી જુદી વસ્તુ છે. વિષયમાં, ભોગમાં સુખબુદ્ધિ થવી એ મિથ્યાત્વભાવ છે અને આસક્તિ થવી એ ચારિત્રદોષ છે. સમજાણું કાંઈ? આહાહા..! સમકિતીને ચારિત્રદોષ હોય છે પણ એમાં સુખબુદ્ધિ હોતી નથી. આહાહા..! આવો માર્ગ છે ભાઈ! આહા..!

'**રાગ-દ્વેષ-મોહાદિ પરિણામ નિજભાવકે શત્રુ હૈં, યહ સારાંશ હુઆ.**' જુઓ! આનું તાત્પર્ય આ છે. એટલો રાગ છે, વિકલ્પ છે, આહાર લેવાનો વિકલ્પ પણ શત્રુ છે. પણ એની ભૂમિકાને યોગ્ય રાગ છે એમાં ગૃદ્ધિ ન કરવી. એમ. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :— વસ્ત્ર લેવામાં ઈચ્છા નથી.

ઉત્તર :— નહિ, નહિ. વસ્ત્ર લેવામાં મૂર્છા છે. મૂર્છા વિના વસ્ત્ર લેવાની ઈચ્છા હોય નહિ. વસ્ત્ર રાખે છે એ મૂર્છાવાન છે, સાધુ છે જ નહિ. માર્ગ તો આ છે. એમ કહે કે અમે વસ્ત્ર રાખીએ પણ અમને મૂર્છા નથી. ખોટી વાત છે. વસ્ત્ર રાખવા એ જ મૂર્છા છે અને મૂર્છા છે ત્યાં મુનિપણું નથી. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! તેથી કહ્યુંને, દિગંબર એમ શબ્દ કહ્યો ને. દિગંબરમુનિ. વસ્ત્રવાળા તો મુનિ જ નથી. સમજાણું કાંઈ? વસ્ત્રનો ટુકડો રાખે અને મુનિપણું માને, મિથ્યાદષ્ટિ છે. માર્ગ આવો છે. સમજાણું કાંઈ? શ્રાવકપણામાં હોઈ શકે, સમકિતીને હોઈ શકે. પરિગ્રહ હો અને સમકિતી હોઈ શકે. પણ પરિગ્રહ હોય અને મુનિપણું હોય એમ નથી. આહાહા..! વસ્ત્ર પરિગ્રહ. વસ્ત્ર-પાત્ર હો અને મૂર્છા ન હોય અને મુનિપણું હોય એમ હોતું નથી. માર્ગ આવો છે ભાઈ! માર્ગ તો જેવો છે તેવો એણે માનવો પડશે. સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :— સમજવું જોઈએ, ઘડ શી રીતે બેસાડવી?

ઉત્તર :— ઘડ બેસાડી દેવી એ રીતે.

ભગવાન કુંદકુંદાચાર્ય તો (એમ કહે છે), જેવી માએ જન્મ્યો, એવી મુનિની દશા હોય છે. સમજાણું કાંઈ? વસ્ત્ર ને પાત્ર ને શ્વેતાંબરમાં તો ઢગલા કરી નાખ્યા છે. ભગવતી સૂત્રમાં બધા વિરુદ્ધ મિથ્યાદષ્ટિના જ કથન છે. સમકિતીના કથન જ નથી. ભગવતી સૂત્રમાં ૧૬૦૦૦ શ્લોક એક લાખ ટીકા છે સંસ્કૃત. સમજાણું કાંઈ? એ વીતરાગની વાણી નહિ, એ સમકિતીની નહિ. આવી વાત છે.

મુમુક્ષુ :— આહાર લે છે પણ આહારસંજ્ઞા નથી, તો વસ્ત્ર લ્યે છે એની મૂર્છા નથી.

ઉત્તર :— વસ્ત્ર રાખે, મૂર્છા થયા વિના રહેતી નથી. આહાર લ્યે અને ગૃદ્ધિ ન હો પણ વસ્ત્ર લ્યે અને રાગ મૂર્છા નથી, ખોટી વાત છે. સમજાણું કાંઈ? હેં!

મુમુક્ષુ :— આહાર ફરજિયાત છે, લેવો જ પડે.

ઉત્તર :— આહારથી તો શરીરનો નભાવ છે અને વસ્ત્ર તો શરીરના પોષણ માટે છે અને જે આહાર છે એ શરીરને નભાવવા માટે છે. ઓલાને તો પરિષહ સહન નથી થઈ શકતો એટલે વસ્ત્ર લ્યે છે. ખોટી વાત છે. વસ્ત્રનો એક ટુકડો પણ રાખે તો એ મુનિપણું નથી. આ તો 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ', અહીંયા કોઈ બીજી ચીજ નથી. સમજાણું કાંઈ? એ શેઠ! હેં!

મુમુક્ષુ :— મુનિ તો નગ્ન જ હોય.

ઉત્તર :— નગ્નપણું—અંતરમાં ત્રણકષાયથી રહિત હોય ઈ. એકલું નગ્નપણું નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એટલે જ ને. એ નથી તો (મુનિપણું) જ નથી. અહીંયા તો ત્રણકષાયનો અભાવ હોય અને શરીર નગ્ન હોય, વસ્ત્રનો ટુકડો ન હોય એની વાત અહીંયા ચાલે છે.

મુમુક્ષુ :— ત્રણકષાયનો અભાવ છે એ સૂક્ષ્મ વાત છે એટલે ગૃહસ્થ ન જાણી શકે.

ઉત્તર :— જાણી શકે, બરાબર જાણી શકે. એની પ્રરૂપણા આદિ કથન શૈલીથી ન જાણી શકે? આહાહા..!

અહીંયા તો કહે છે કે મહાતપોધન. આહાહા..! જેને અતીન્દ્રિયઆનંદની દશારૂપી તપ પ્રગટ થયું છે. એ તપ હોં! આહા..! તપયન્તે ઈતિ તપ. જેમ સુવર્ણને ગેરુ, ગેરુ કહે છેને? ગેરુ. ગેરુ લગાવે ને સોનાનો ઓપ આવે છે, ઓપ ઓપ—શોભા, એમ ભગવાનઆત્મામાં અતીન્દ્રિયઆનંદની ઉગ્ર દશા થાય એ ઓપ છે, તપ છે. માર્ગ આવો છે ભાઈ! વીતરાગમાર્ગ. એને ઓછું, અધિક, વિપરીત માનવું નહિ પડે. જેમ છે તેમ એને માનવો પડશે. આહાહા..! સમજાણું કાંઈ?

કોઈક હમણા આવ્યું હતું ને. ઈ આવ્યા હતા ને. ગયા ભાઈ સાથે, કાંતિભાઈ સાથે. એમ કહેતા હતા, શ્વેતાંબર અને દિગંબરને બેને એક કરો હવે. આ કાંતિભાઈ નહિ? લાઠીવાળા મોટાણી. એની સાથે આવ્યા હતા. રેલના ઉપરી હતા, રેલના ઉપરી. આ રેલમાં મુંબઈ જવાના ઈ, ન્યાંથી ભાવનગરથી મુંબઈ રેલમાં મફત. કારણ કે ઉપરી હતા ને. એટલે એની સાથે હતા. ઈ કહેતા હતા જરી. આમ તો એ પહેલા વૈષ્ણવ હતા. પછી હવે આ ધર્મ ઉપર વલણ છે. પણ એને એમ કે બે ને એક કરો એમ કહેતા હતા. શી રીતે એક કરે? બેય માર્ગ જ તદ્દન વિપરીત છે. વજુભાઈ! આવું છે ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :— જેમ છે એમ જાણી લેવું.

ઉત્તર :— જાણી લેવું બરાબર છે પણ બેને સરખા માની લેવા? બે સરખા કરો ભાઈ, સમભાવ કરો. સમભાવ એ નથી, એ તો મૂર્ખાઈ છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને અને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રને સરખા માનવા એ તો મૂર્ખાઈ છે. એ સમભાવ નહિ. આહાહા..! શ્રીમદ્દે સમભાવની

વ્યાખ્યા ઈ કરી છે. આત્મજ્ઞાન ત્યાં મુનિપણું. પછી શું આવ્યું? સમદર્શિતા. આત્મજ્ઞાન સમદર્શિતાની વ્યાખ્યા આવી કરી છે. સમદર્શી જીવ કુગુરુ, કુદેવ, કુશાસ્ત્રને ઉથાપે અને સુગુરુને સ્થાપે તો એ સમભાવ છે. બે ને સરખા માનવા એ મૂર્ખાઈ છે. માર્ગ આવો છે. આહા..! સમજાણું કાંઈ? શ્વેતાંબર અને સ્થાનકવાસીને આકરું લાગે એવું છે. એટલી ખબર નથી કે આ ૪૨ વર્ષથી છોડીને બેઠા છીએ તો કંઈક કારણ છે કે નહિ?

મુમુક્ષુ :— આપને જેમ ખાત્રી છે એમ અમને ખાત્રી થવી જોઈએ ને.

ઉત્તર :— ખાત્રી કરે તો થાય કે નહિ? કાંઈ એની મેળાએ થઈ જતી હશે? એઈ..! આહાહા..! જ્યાં અંતરમાં વીતરાગતા ચારિત્રદશા હોય, ઓહો..! ત્યાં વસ્ત્ર કેવા ને પાત્ર કેવા ને ધોવું ને લેવું. આહાહા..! બધો મિથ્યામાર્ગ છે. અહીંયા તો એવી વાત છે ભાઈ! આહા..! વીતરાગ સર્વજ્ઞપરમાત્મા જે કહે છે એ માર્ગ આ છે. આહાહા..! દિગંબરમાર્ગ એ સનાતન જૈનદર્શન છે. એ કોઈ સંપ્રદાયની વસ્તુ નથી. એ વસ્તુનો વીતરાગી સ્વભાવ છે એવી દૃષ્ટિ કરવી અને વીતરાગી ચારિત્ર કરવું એ વીતરાગી માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..! અત્યારે એ ઘણું (ચાલ્યું છે), સમન્વય કરો, સમન્વય કરો એમ કહે છે. કોની સાથે સમન્વય કરે? સમન્વય એટલો ખરો કે ઈ પણ છે અને આ પણ છે, ઈ સમન્વય. પણ બેય સાચા છે એમ નથી. માર્ગ તો એવો છે. શાંતિભાઈ!

મુમુક્ષુ :— સાચું તો એક જ છે.

ઉત્તર :— એક જ છે. માર્ગ તો આવો છે ભાઈ! શ્વેતાંબર અને સ્થાનકવાસી, બેય જૈનમાર્ગમાં નથી. સમભાવથી કોઈ વિરોધ નથી. કોઈ વ્યક્તિ પ્રત્યે વેર નથી, વિરોધ નથી પણ વસ્તુની સ્થિતિ આવી છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો પહેલા આવ્યું ને, જુઓ! ૧૧૨માં. '**દિગંબરકા શરીર હૈ.**' આવ્યું ને? '**તપ સંયમકા સાધન દિગંબરકા શરીર હૈ.**' એમ લીધું હતું. નગ્નપણું. આહાહા..! નગ્ગે મોકખો ભણિયો સેસા ઉમ્મગ્ગા. એમ કુંદકુંદાચાર્ય મહારાજનું અષ્ટપાહુડમાં વચન છે. નગ્નપણું એ ભાવલિંગ સહિતની વાત છે હોં! એકલું નગ્નપણું (નહિ). નગ્ગે મોકખો ભણિયો. ભગવાને નગ્નપણાને મોક્ષ કહ્યો છે. શેષ છે તે ઉન્માર્ગ છે. એમ કુંદકુંદાચાર્ય પોકાર કરે છે. નગ્નમુનિ સિવાય જેટલા માર્ગ છે એ બધા ઉન્માર્ગ છે. આહાહા..! પોતે પાળી શકે નહિ માટે એમાં મુનિપણું માનવું એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..! એવી વાત છે ભાઈ!

મુમુક્ષુ :— વ્યવહારમાં તો કાળ પ્રમાણે થોડો ફેરફાર થાય.

ઉત્તર :— નહિ, નહિ. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થના પંથમાં ફેરફાર થતો નથી.

મુમુક્ષુ :— એમાં ફેર ન થાય, વ્યવહારમાં?

ઉત્તર :— વ્યવહારમાં ફેર નથી થતો. આહાહા..! હલવો—શીરો બનાવે છે. ઘી, સાકર અને લોટ. એમાં ફેરફાર થાય છે કાળફેરે? શીરામાં લોટ નહિ, ધૂળ નાખવી. ઘી નહિ, પાણી નાખવું.

મુમુક્ષુ :— ઘીને બદલે તેલ ચાલે.

ઉત્તર :— તેલ ચાલે. ઈ તો એની એ વસ્તુ છે. એ તો ગરીબ માણસને (પોસાય). તેલ ચાલે પણ પાણી ચાલે? પેશાબ ચાલે? આહાહા..! પરમાત્માનો માર્ગ... દિગંબર ધર્મ એ જૈનધર્મ. એકલા નગ્ન નહિ. એ તો કહ્યું ને? શુદ્ધાત્માની ભાવનાવાળા મુનિ. જેને આનંદનો નાથ જાગૃત થયો છે. આહાહા..! સમકિતમાં પણ જ્યાં આનંદનો સ્વાદ આવે છે, તો મુનિનું તો શું કહેવું? એને તો પ્રચુર સ્વસંવેદન આનંદનું હોય છે. એ પાંચમી ગાથામાં આવ્યુંને? સમયસાર, પાંચમી ગાથા. કુંદકુંદાચાર્ય કહે છે, મારો નિજવૈભવ શું છે? હું વૈભવથી કહીશ. મારો નિજવૈભવ મારા આનંદના ઝરણા ઝરે છે અંદર. પ્રચુર સ્વસંવેદનમાં આનંદની મહોરછાપ છે. અમારું પ્રચુર સ્વસંવેદન—પોતાનું વેદન એમાં આનંદની મહોરછાપ છે, અતીન્દ્રિયઆનંદની છાપ પડી છે. આહાહા..! મુનિપણામાં અતીન્દ્રિયઆનંદની મહોરછાપ પડી છે એને મુનિપણું કહે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? સહજાનંદી રે આત્મા. પ્રભુ! તું આનંદસ્વરૂપ છો. આહાહા..! તારા આનંદની રુચિમાં ઈન્દ્રના ઈન્દ્રાસનના ભોગની રુચિ પણ ઊડી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? સમકિતીને પણ આનંદસ્વરૂપની રુચિ થઈ એને આત્મજ્ઞાન થઈ, આત્મરુચિ થઈ. એને ઈન્દ્રના હજારો કરોડો ઈન્દ્રની ઈન્દ્રાણીના વિષયભોગ સડેલા તરણા, સડેલા ગધેડા હોય એવું લાગે. આહાહા..! ભલે ગૃહસ્થાશ્રમમાં હો. સમજાણું કાંઈ? વિષયની વાસના ઝેર જેવી લાગે. સમજાણું કાંઈ? અને વિષયની વાસનામાં મીઠાશ લાગે, મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ ભાઈ! આહા..! જન્મ-મરણનો અભાવ કરવો એ વસ્તુ અલૌકિક છે.

અહીં તો મુનિપણાની વાત કરે છે, લ્યો. '**રાગ-દ્વેષ-મોહાદિ પરિણામ નિજભાવકે શત્રુ હૈં,...**' લ્યો. શુભ અને અશુભ બેય સ્વભાવના શત્રુ છે. આહાહા..! અનિષ્ટ છે. પ્રવચનસારમાં આવે છે. ભગવાને અનિષ્ટનો ત્યાગ કર્યો અને ઈષ્ટની પ્રાપ્તિ કરી એવો પાઠ છે. અનિષ્ટ નામ એ શુભ-અશુભભાવ છે એ અનિષ્ટ છે એનો નાશ કર્યો. ઈષ્ટ તો શુદ્ધસ્વમાં, શુદ્ધાઆત્મઆચરણ શુદ્ધની પ્રાપ્તિ કરી. સમજાણું કાંઈ? એ ૧૧૧ની બીજી ગાથા કહેવાણી.

---

## ગાથા-૧૧૧-૩

अथ :-

२४०) जइ इच्छसि भो साहू बारह-विह-तवहलं महा-विउलं।
तो मण-वयणे काए भोयण-गिद्धी विवज्जेसु।।१११*३।।
यदि इच्छसि भो साधो द्वादशविधतपःफलं महद्विपुलम्।
ततः मनोवचनयोः काये भोजनगृद्धिं विवर्जयस्य।।१११*३।।

जइ इच्छसि यदि इच्छसि भो साधो द्वादशवधतपःफलम्। कथंभूतम्। महद्विपुलं स्वर्गापवर्गरुपं ततः कारणात् वीतरागनिजानन्दैकसुखरसास्वादानुभवेन तृप्तो भूत्वा मनोवचनकायेषु भोजनगृद्धिं वर्जय इति तात्पर्यम्।।१११*३।।

आगे फिर भी भोजनकी लालसाको त्याग कराते हैं–

गाथा-१११*३

अन्वयार्थ :- [भो साधो] हे योगी, [यदि] जो तू [द्वादशविधतपः फलं] बारह प्रकार तपका फल [महद्विफलं] बड़ा भारी स्वर्ग मोक्ष [इच्छसि] चाहता है, [ततः] तो वीतराग निजानंद एक रुखरसका आस्वाद उसके अनुभवसे तृप्त हुआ [मनोवचनयोः] मन, वचन और [काये] कायसे [भोजनगृद्विं] भोजनकी लोलुपता को [विवर्जयस्व] त्याग कर दे। यह सारांश है।।१११*३।।

---

હવે, ફરી પણ ભોજનની લાલસાનો ત્યાગ કરાવે છે :-

ભાવાર્થ :- હે યોગી! જો તું બાર પ્રકારના તપનું મહાન ભારે ફળ એવા સ્વર્ગ-મોક્ષને ઈચ્છે છે, તો વીતરાગ નિજાનંદ એક સુખરસનો આસ્વાદરૂપ અનુભવથી તૃપ્ત થયો થકો, મન, વચન અને કાયાથી ભોજનની લોલુપતાનો ત્યાગ કર! એ સારાંશ છે. ૧૧૧*૩.

---

**ગાથા-૧૧૧-૩ ઉપર પ્રવચન**

'આગે ફિર ભી ભોજનકી લાલસાકો ત્યાગ કરાતે હૈં— '

२४०) जइ इच्छसि भो साहू बारह-विह-तवहलं महा-विउलं।
तो मण-वयणे काए भोयण-गिद्धी विवज्जेसु।।१११*३।।

**અન્વયાર્થ :—** 'હે યોગી,...' સાધુ છે ને. '**જો તૂ બારહ પ્રકાર તપકા ફલ બડા ભારી સ્વર્ગ મોક્ષ ચાહતા હૈ, તો વીતરાગ નિજાનંદ એક સુખરસકા આસ્વાદ ઉસકે અનુભવસે તૃપ્ત હુઆ...**' આહાહા..! સંતોની વાણી તો જુઓ! વીતરાગ નિજાનંદ. આહાહા..! પોતાના આનંદનું ઘર જે અંદર એના નિજાનંદની પ્રાપ્તિ પર્યાયમાં કરી. આહાહા..! '**એક સુખરસકા આસ્વાદ...**' વીતરાગી નિજાનંદ એકરૂપ ત્રિકાળ એના સુખરસનો આસ્વાદ. આહાહા..! અતીન્દ્રિયઆનંદનો સ્વાદ આવ્યો. આહાહા..! આ કેવી ચીજ? સ્ત્રીના શરીરનો કંઈ એને ભોગ નથી થતો. દાળ, ભાત, મોસંબી લ્યે છે એનો ભોગ આત્માને નથી. એ તરફ લક્ષ કરીને રાગ થાય છે એનો ભોગ છે. આત્માનો આનંદનો ભોગ છે, પેલો તો દુઃખનો—રાગનો ભોગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિજાનંદ એક સુખરસકા આસ્વાદ...**' ત્રિકાળી નિજાનંદ પ્રભુ એનો આસ્વાદ વર્તમાનમાં. આહાહા..! એનું નામ ધર્મ. નિજાનંદનું વેદન. આહાહા..! ગજબ વાત છે! કેમકે પરમાત્મા પોતે નિજાનંદસ્વરૂપ આત્મા છે. એ નિજાનંદના સ્વરૂપનો અનુભવ કરવો તો અનુભવમાં નિજઆસ્વાદ

આવે છે. આહાહા..! છે? '**ઉસકે અનુભવસે તૃપ્ત હુઆ...**' આહાહા..! જેમ ચૂરમું ખાઈને તૃપ્ત થાય પછી એને રોટલીની ઇચ્છા થતી નથી. આહાહા..! એમ આત્માના આનંદનો અનુભવ થયો એનાથી તૃપ્ત થયો. આહાહા..! '**મન, વચન ઔર કાયસે ભોજનકી લોલુપતા કો ત્યાગ કર દે.**' આહાહા..! ભોજન લેવાનો તો વિકલ્પ છે. ખાવામાં પણ ભોજન ખાઈ શકતો નથી, એનો રાગ થોડો આવે છે. આહાહા..! આ તો આત્માના આનંદના સ્વાદ આગળ ભોજનની લોલુપતા છોડી દે. આહાહા..! જુઓ આ વાણી દિગંબર સંતોની. આહા..!

મુમુક્ષુ :— મુનિ ભોજનની લોલુપતા કરે?

ઉત્તર :— કરે. આવી જાય છે ને સંજ્ઞા માટે છોડી દે. વૃત્તિ આવી જાય ને.

મુમુક્ષુ :— મુનિપણું રહે?

ઉત્તર :— આર્તધ્યાન છે છતાં મુનિપણું રહે. આર્તધ્યાન થાય છે ને છઠ્ઠા ગુણસ્થાને. ચારિત્રદોષ છે, મુનિપણું છે. આહાહા..!

મુમુક્ષુ :— લોલુપતા છે.

ઉત્તર :— ઈ લોલુપતાનો અર્થ વૃત્તિમાં જરી રાગની વિશેષતા થઈ એટલું. એકતા નહિ. એ પણ છોડી દે હવે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :— ભાવ આવી ગયો..

ઉત્તર :— એ શુભવિકલ્પ છે, એ રાગ છે. આવે, થાય છે. આહાહા..! માર્ગ માર્ગ ભારે ભાઈ. .. શુભરાગ નથી? મોક્ષ અધિકાર. વિષકુંભ છે. આહાહા..! શુભવિકલ્પ, શુભરાગ આવે છે એ વિષકુંભ છે, ઝેરનો ઘડો છે.

મુમુક્ષુ :— એ તો મુનિને માટે, બીજાને માટે?

ઉત્તર :— નહિ, બધાને માટે.

મુમુક્ષુ :— અમૃતસ્વરૂપ પણ કહ્યું છે.

ઉત્તર :— ત્યાં અમૃત એ વ્યવહારથી, ઝેર છે. કહ્યું છે ને, વ્યવહારને અમૃત. એ તો અમૃતસ્વરૂપ ભગવાનઆત્માનું વેદન થયું તો વ્યવહારચારિત્રને વ્યવહારે અમૃત કહેવામાં આવ્યું, કથન છે ઈ. અમૃતનું બે પ્રકારનું કથન છે, અમૃત છે તો એક જ પ્રકારનું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— પશ્ચાતાપ પણ..

ઉત્તર :— એ રાગ છે. રાગ છે, આર્તધ્યાન છે. એકદમ જ્ઞાતા-દૃષ્ટા અને શુદ્ધતા એ ધર્મ છે. આહા..! માર્ગ ભાઈ બહુ સૂક્ષ્મ છે. આહા..!

'**યહ સારાંશ હુઆ.**' જુઓ! ત્યાગ કરવો એ આ ગાથાનો સારાંશ છે.

ગાથા-૧૧૧-૪

उक्तं च :-

२४१) जे सरसिं संतुट्ठ-मण विरसि कसाउ वहंति।
ते मुणि भोयण-धार गणि णवि परमत्थु मुणंति।।१११*४।।
ये सरसेन संतुष्टमनसः विरसे कषायं वहन्ति।
ते मुनयः भोजनगृध्राः गणय नैव परमार्थं मन्यन्ते।।१११*४।।

जे इत्यादि। जे सरसिं संतुट्ठमण ये केचन सरसेन सरसाहारेण संतुष्टमनसः विरसि कसाउ वहंति विरसे विरसाहारे सति कषायं वहन्ति कुर्वन्ति ते ते पूर्वोक्ताः मुणि मुनयस्तपोधनाः भोयणधार गणि भोजनविषये गृध्रसदृशान् गणय मन्यस्व जानीहि। इत्थंभूताः सन्तः णवि परमत्थु मुणंति नैव परमार्थं मन्यन्ते जानन्तीति। अयमत्र भावार्थः। गृहस्थानामाहारदानादिकमेव परमो धर्मस्तेनैव सम्यक्त्वपूर्वेण परंपरया मोक्षं लभन्ते कस्मात् स एव परमो धर्म इति चेत्, निरन्तरविषयकषायाधीनतया आर्तरौद्रध्यानरतानां निश्चयरत्नत्रयलक्षणस्य शुद्धोपयोगपरमधर्मस्यावकाशो नास्तीति। शुद्धोपयोगपरमधर्म-रतैस्तपोधनैस्त्वन्नपानादिविषये मानापमानसमतां कृत्वा यथालाभेन संतोषः कर्तव्य इति।।१११*४।।

---

और भी कहा है-

गाथा-१११*४

अन्वयार्थ :- [ये] जो जोगी [सरसेन] स्वादिष्ट आहारसे [संतुष्टमनसः] हर्षित होते हैं, और [विरसे] नीरस आहारमें [कषायं] क्रोधादि कषाय [वहंति] करते हैं, [ते मुनयः] वे मुनि [भोजन गृध्राः] भोजनके विषयमें गृद्धपक्षीके समान हैं, ऐसा तू [गणय] समझ। वे [परमार्थं] परमतत्त्वको [नैव मन्यंते] नहीं समझते हैं।

भावार्थ :-जो कोई वीतरागके मार्गसे विमुख हुए योगी रस सहित स्वादिष्ट आहारसे खुश होते हैं, कभी किसीके घर छह रसयुक्त आहार पावें तो मनमें हर्ष करें, आहारके देनेवालेसे प्रसन्न होते हैं, यदि किसीके घर रस रहित भोजन मिले तो कषाय करते हैं, उस गृहस्थको बुरा समझते हैं, वे तपोधन नहीं हैं, भोजनके लोलुपी हैं। गृद्धपक्षीके समान हैं। ऐसे लोलुपी यती देहमें अनुरागी होते हैं, परमात्म-पदार्थको नहीं जानते। गृहस्थोंके तो दानादिक ही बड़े धर्म हैं। जो सम्यक्त्व सहित दानादि करे, तो परम्परासे मोक्ष पावे। क्योंकि श्रावकका दानादिक ही परमधर्म है। वह ऐसे हैं, कि ये गृहस्थ-लोग हमेशा विषय कषायके आधीन हैं, इससे इनके आर्त रोद्र ध्यान उत्पन्न होते रहते हैं, इस कारण निश्चय रत्नत्रयरूप शुद्धोपयोग परमधर्मका तो इनके ठिकाना ही

नहीं है, अर्थात् गृहस्थोंके शुभोपयोगकी ही मुख्यता है। और शुद्धोपयोगी मुनी इनके घर आहार लेवें, तो इसके समान अन्य क्या? श्रावकका तो यही बड़ा धरम है, जो कि यती, अर्जिका, श्रावक, श्राविका इन सबको विनयपूर्वक आहार दे। और यतीका यही धर्म है, अन्न जलादिमें राग न करे, और मान-अपमानमें समताभाव रक्खे। गृहस्थके घर जो निर्दोष आहारादिक जैसा मिले वैसा लेवे, चाहे चावल मिले, चाहे अन्य कुछ मिले। जो मिले उसमें हर्ष विषाद न करे। दूध, दहीं, घी, मिष्टान्न, इनमें इच्छा न करे। यही जिनमार्गमें यतीकी रीति हैं।।१११*४।।

---

વળી, કહ્યું છે કે :-

ભાવાર્થ :- ગૃહસ્થોનો આહારદાનાદિક જ પરમ ધર્મ છે, સમ્યક્ત્વ સહિત તેનાથી (આહારાદિકથી) જ તેઓ પરંપરાએ મોક્ષ મેળવે છે શા માટે ગૃહસ્થોનો તે જ પરમ ધર્મ છે? (એ કારણે કે) નિરંતર વિષયકષાયને આધીન હોવાથી તેવા આર્ત અને રૌદ્રધ્યાનમાં રત જીવોને નિશ્ચયરત્નત્રયસ્વરૂપે શુદ્ધોપયોગરૂપ પરમધર્મનો તો અવકાશ નથી. (અર્થાત્ ગૃહસ્થોને શુભોપયોગની જ મુખ્યતા છે.)

શુદ્ધોપયોગરૂપ પરમધર્મમાં રત તપોધનોએ તો અન્ન-પાનાદિ બાબતમાં માન-અપમાનમાં સમતા ધારીને યથાલાભથી (જે મળે તેમાં) સંતોષ કરી લેવો જોઈએ- (સંતોષ રાખવો જોઈએ). ૧૧૧*૪.

---

## ગાથા-૧૧૧-૪ ઉપર પ્રવચન

'આગે ભી કહા હૈ—'

२४१) जे सरसिं संतुट्ठ-मण विरसि कसाउ वहंति।
ते मुणि भोयण-धार गणि णवि परमत्थु मुणंति।।१११*४।।

**અન્વયાર્થ :—** 'હે યોગી સ્વાદિષ્ટ આહારસે...' 'संतुष्टमनसः' 'હર્ષિત હોતે હૈં,...' જુઓ! સ્વાદિષ્ટ આહારમાં હરખ થાય છે. આહાહા..! '**નીરસ આહારમેં ક્રોધાદિ કષાય...**' લુખી રોટલી ને લોટ મળે, લાલ જુવારના ફોતરાની રોટલી મળે. લાલજુવાર થાય છે. લાલજુવાર, જુવાર એની ફોતરીમાં બહુ મીઠાશ ન હોય. સમજાણું? એ મળે તો ક્રોધ નહિ, કહે છે. ઈ છે, જાણે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**વે મુનિ ભોજનકે વિષયમેં ગૃદ્ધપક્ષીકે સમાન હૈં,...**' એ ગૃદ્ધ પક્ષી. આ ગીધ હોય છે ને? ગીધ. આહાહા..! ભાઈ! મુનિપણું તો અલૌકિક દશા છે. આહાહા..! આ વસ્તુનું સ્વરૂપ બતાવે છે. મુનિપણાની દશામાં વસ્તુસ્થિતિ આવી છે એવું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? '**ગૃદ્ધપક્ષીકે સમાન હૈં,...**' લ્યો. ઓહો..! '**ઐસા તૂ સમજ. વે પરમતત્ત્વકો નહીં સમઝતે હૈં.**' આહાહા..! જેને આહારનીગૃદ્ધિમાં સ્વાદિષ્ટ આહારનો પ્રેમ છે, રસ છે, હરખ છે તે આત્માના આનંદને નથી જાણતા. આહાહા..! સમજાણું કાંઈ? વાતું જુદી

જાતની, નવી લાગે.

એકકોર રાગ નહિ, પુત્ર નહિ, દીકરી નહિ, પૈસા નહિ, મારું કંઈ નહિ. એ તો સમ્યગ્દર્શન. પછી રાગ આવે છે એ દોષ છે. રાગને છોડ. આત્માના આનંદના સ્વાદ આગળ પરના સ્વાદનો પ્રેમ તને છૂટી જાય છે. અને પરના સ્વાદનો પ્રેમ આવ્યો તો આત્મા આનંદથી છૂટી જાય છે. સ્વથી ચ્યુત થઈને પરનો રસ આવે છે. અને પરનો રસ છૂટી જાય તો સ્વનો રસ આવે છે. આવો માર્ગ. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :— 'જો કોઈ વીતરાગકે માર્ગસે વિમુખ હુએ યોગી... '** દેખો! વીતરાગ સ્વભાવ પોતાનો છે તેનાથી વિમુખ થયેલો યોગી **'રસ સહિત સ્વાદિષ્ટ આહારસે ખુશ હોતે હૈં,...'** જોયું! ખુશ થાય છે. સ્વાદિષ્ટ મળે, લ્યે પણ સ્વાદિષ્ટમાં ખુશ થાય છે. ... ત્યાં ગૃહસ્થને ઘરે ઊંચા ભોજન હોય, નિર્દોષ લ્યે છે. મેસુબ હોય.

મુમુક્ષુ :— જેને ત્યાં વિવાહ વગેરે પ્રસંગ હોય એને ત્યાં મુનિ જાય જ નહિ.

ઉત્તર :— પ્રસંગે નહિ, પણ અમથા ગૃહસ્થને ઘરે પોતાને માટે સારું ભોજન બનાવે ને. જમણવાર હોય એ નહિ. પણ ઘરે પોતાનું ભોજન પણ ઊંચું ભોજન બનાવે છે કે નહિ? લાડવા બનાવે છે, મેસુબ બનાવે છે. મુનિ લ્યે. પણ સ્વાદિષ્ટનો રસ નથી.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— એક ઠેકાણે મળી જાય તો લઈ લ્યે છે. એક ઠેકાણે મળી જાય. ઈ કહે છે, થોડો અહીં ખાઈ લ્યે ને બીજે ખાય એમ નથી. એક સ્થાને લ્યે. બીજા કોઈ હોય, એકસાથે મકાન હોય ત્યાં ગયા, લઈ લ્યે. એક જ વાર. અહીં થોડો આહાર લ્યે અને પછી બીજે થોડો લ્યે એમ નહિ. ત્યાં લેતી વખતે બીજું ઘર સાથે હોય અને એ નિર્દોષ લાવે તો લઈ લ્યે. એ ભ્રમર લખ્યું છે. ઘણા ઘરેથી લેવું એ ભ્રમર એવું નથી. આહા..! માર્ગ બહુ જુદો. અહીં આવ્યું.

**'વીતરાગકે માર્ગસે વિમુખ હુએ યોગી રસસહિત સ્વાદિષ્ટ આહારસે ખુશ હોતે હૈં, કભી કિસીકે ઘર છહ રસયુક્ત આહાર પાવેં....'** છે? **'તો મનમેં હર્ષ કરેં,...'** મળે ખરો ભલે પણ હરખ કરે. **'આહારકે દેનેવાલેસે પ્રસન્ન હોતે હૈં,...'** આણે આપ્યો આહાર, પ્રસન્ન થાય. અરે..! એનો અર્થ શું? **'યદિ કિસીકે ઘર રસરહિત ભોજન મિલે તો કષાય કરતે હૈં, ઉસ ગૃહસ્થકો બુરા સમઝતે હૈં,...'** આહાહા..! **'રસ રહિત ભોજન મિલે તો કષાય કરતે હૈં, ઉસ ગૃહસ્થકો બુરા સમઝતે હૈં, વે તપોધન નહીં હૈ,...'** આહાહા..! મુનિપણાની દશા કેવી હોય ઈ બતાવે છે, શ્રદ્ધા કરાવે છે કે આવા મુનિ હોય. આહા..! છે? **'ભોજનકે લોલુપી હૈં.** આહાહા..! **ગૃદ્ધપક્ષીકે સમાન હૈં.'** શ્વેતાંબરમાં પણ એક શ્લોક આવે છે.

**'ઐસે લોલુપી યતી દેહમેં અનુરાગી હોતે હૈં,...'** આહાહા..! **'પરમાર્થ-પદાર્થકો નહીં જાનતે.'** પરમાર્થ-પદાર્થ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ. આહાહા..! તેને જાણતા નથી, એને સમકિત પણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એકલો અતીન્દ્રિય આનંદનો કંદ ભગવાન તો

છે. એને પરસ્વાદમાં ઈષ્ટ હરખ થઈ જાય તો સ્વનાઆનંદને ભૂલી જાય. હું આનંદસ્વરૂપ છું એ દૃષ્ટિ છૂટી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? સમકિતી પણ ગૃહસ્થાશ્રમમાં હો અને પરનાસ્વાદમાં ઈષ્ટ અને પ્રેમ થઈ જાય, એકત્વબુદ્ધિ તો એ આત્માના સ્વાદથી ભ્રષ્ટ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભોગના કાળે રાગ થાય છે. પણ રાગમાં રુચિ થઈ જાય કે આ મજા છે (તો) મૂઢ મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાણું કાંઈ? ..મલજી! માર્ગ આવો છે. દિગંબર સંતોના પોકાર છે. આહાહા..!

પ્રભુ! તું વીતરાગી આનંદથી ભરેલો પડ્યો છો ને પ્રભુ! તારા વીતરાગી આનંદનો જો તને રસ આવ્યો તો બીજામાં તારો રસ ઊડી જાય છે, બીજો રસ ફીક્કો પડી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અને બીજાનો રસ આવ્યો તો તારો આનંદ ફીક્કો પડી જાય છે, તારા આનંદની રુચિ છૂટી જાય છે. આહાહા..! આવો માર્ગ છે.

'**ગૃહસ્થોંકે તો દાનાદિક હી બડે ધર્મ હૈં.**' શુભભાવ છે ને. પ્રવચનસારમાં નાખ્યું છેને. ૩૪૮ પાને છે, પ્રવચનસાર. એમ અહીં મુખ્ય ધર્મ કહ્યો ને? એટલે પુણ્ય છે એને. ગૃહસ્થને દાનાદિક ધર્મ એટલે પુણ્ય, શુભભાવ. '**જો સમ્યક્ત્વ સહિત દાનાદિ કરે,...**' આત્માના આનંદના અનુભવ સહિત જો દાનાદિ કરે '**તો પરંપરાસે મોક્ષ પાવે.**' તો એ રાગને છોડીને વીતરાગ થઈ જશે. કારણ કે દૃષ્ટિમાં રાગનો આદર નથી પણ રાગ છે તો રાગને પછી છોડીને મુક્તિ થશે. રાગથી નહિ થાય. રાગનો અભાવ કરીને થશે. આહાહા..! સમકિત સહિત દાનાદિ કરે તો. આહાહા..!

'**ક્યોંકિ શ્રાવકકા દાનાદિક હી પરમધર્મ હૈ. વહ ઐસે હૈં, કિ યે ગૃહસ્થ-લોગ હમેશા વિષય કષાયકે આધીન હૈં,...**' જોયું! વિષયકષાયના પરિણામ ઘણા છે ને એને. '**ઈસસે ઈનકે આર્તરૌદ્રધ્યાન ઉત્પન્ન હોતે રહતે હૈં,...**' આર્ત અને રૌદ્રધ્યાન ઉત્પન્ન થતા રહે છે. આહા..! '**ઈસ કારણ નિશ્ચય રત્નત્રયરૂપ શુદ્ધોપયોગ પરમધર્મકા તો ઈનકે ઠિકાના હી નહીં હૈ,...**' મુનિને જે નિશ્ચય રત્નત્રયરૂપ શુદ્ધોપયોગ છે એનું ઠેકાણું નથી. એમ. સમજાણું કાંઈ? સમકિતીને નિશ્ચય રત્નત્રયના પરિણામ છે. પણ જે મુનિને જે નિશ્ચયરત્નત્રનો ઉપયોગ છે એવો અહીંયા હોતો નથી. આહાહા..! એટલે કોઈ એમ જ કહે કે ગૃહસ્થાશ્રમમાં સમકિતીને સમકિત જ નથી હોતું, એમ નથી. મુનિને યોગ્ય નિશ્ચય '**શુદ્ધોપયોગ પરમધર્મકા તો ઈનકે ઠિકાના હી નહીં હૈ,...**' મુનિયોગ્ય શુદ્ધોપયોગ. એમ. '**ગૃહસ્થોંકે શુભોપયોગકી હી મુખ્યતા હૈ.**' પાપને ટાળવા માટે શુભોપયોગ મુખ્ય છે. એમ. એ પ્રવચનસારમાં લીધું છે.

'**ઔર શુદ્ધોપયોગીમુનિ ઈનકે ઘર આહાર લેવેં,...**' શુદ્ધોપયોગી એટલે? ઘરે જાય ત્યાં શુદ્ધોપયોગમાં નથી, પણ જેટલો ત્રણકષાયનો અભાવ છે એ શુદ્ધોપયોગી છે. સમજાણું કાંઈ? ધ્યાનમાં શુદ્ધોપયોગ છે તો આહાર લ્યે છે? પણ વીતરાગી પરિણામ શુદ્ધોપયોગ ઉત્પન્ન થયો છે. અને આહાર લેવાનો વિકલ્પ આવે છે. ઈ વાત લીધી છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— તેથી તો કહ્યુંને, આવો શુદ્ધોપયોગ ગૃહસ્થોને નથી હોતો. ત્રણકષાયના અભાવરૂપ શુદ્ધોપયોગ ગૃહસ્થોને નથી હોતો. પણ ગૃહસ્થને શુદ્ધોપયોગ જ નથી હોતો એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ગૌણતા છે. શુદ્ધોપયોગી છે. એ વખતે શુદ્ધપરિણતિ છે. મુનિને ગૃહસ્થ આહાર આપે છે, વિકલ્પ છે એ વખતે શુદ્ધપરિણતિ પણ છે અને મુનિ પણ આહાર લ્યે છે વિકલ્પમાં એ વખતે ત્રણકષાયના અભાવની શુદ્ધપરિણતિ પણ છે. એને શુદ્ધોપયોગી કહેવામાં આવ્યું છે. આહાહા..!

'**તો ઈસકે સમાન અન્ય ક્યા? શ્રાવકકા તો યહી બડા ધરમ હૈ, જો કિ યતી, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા ઈન સબકો વિનયપૂર્વક આહાર દે.** ' વિનયપૂર્વક હોં! '**ઔર યતીકા યહી ધર્મ હૈ, અન્નજલાદિમેં રાગ ન કરે,...**' લ્યો. પેલાનો (આહાર) આપવાનો શુભભાવ છે એ એનો વ્યવહારધર્મ છે. યતી રાગ ન કરે એનો ધર્મ છે. છે ને? આહા..! '**ઔર માન-અપમાનમેં સમતાભાવ રખે. ગૃહસ્થકે ઘર જો નિર્દોષ આહારાદિક જૈસા મિલે વૈસા લેવે, ચાહે ચાવલ મિલે, ચાહે અન્ય કુછ મિલે.**' ઊંચો રસ પણ મળે. '**જો મિલ ઉસમેં હર્ષ વિષાદ ન કરે.**' બસ. '**દૂધ, દહીં, ઘી, મિષ્ટાન્ન, ઈનમેં ઈચ્છા ન કરે. યહી જિનમાર્ગમેં યતીકી રીતિ હૈ.**' લ્યો. દૂધ, દહીં મળી જાય, ઘી મળે. ઈચ્છા ન કરે. એવી વાત છે. એ વિશેષ કહેશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૧૧૨

अथ शुद्धात्मोपलम्भाभावे सति पञ्चेन्द्रियविषयासक्त जीवानां विनाशं दर्शयतिः-

२४२) रुवि पयंगा सद्दि मय गय फासहिँ णासंति।
अलिउल गंधइँ मच्छ रसि किम अणुराउ करंति।।११२।।

रुपे पतङ्गाः शब्दे मृगाः गजाः स्पर्शैः नश्यन्ति।
अलिकुलानि गन्धेन मत्स्याः रसे किं अनुरागं कुर्वन्ति।।११२।।

रुवि इत्यादि। रुपे समासक्ताः पतङ्गाः शब्दे मृगाः गजाः [१]स्पर्शैः गन्धेनालिकुलानि मत्स्या रसासक्ता नश्यन्ति यतः कारणात् ततः कारणात्कथं तेषु विषयेष्वनुरागं कुर्वन्तीति। तथाहि पञ्चेन्द्रियविषयाकांक्षाप्रभृतिसमस्तापध्यानविकल्पै रहितः शुन्यः स्पर्शनादीन्द्रियकषायातीतनिर्दोषिपरमात्मसम्यक्‌श्रद्धानज्ञानानुचरणरुप-निर्विकल्पसमाधिसंजातवीतरागपरमाह्‌लादैकलक्षणसुखामृतरसास्वादेन पूर्ण कलक्षवद्भरितावस्थः केवलज्ञानादिव्यक्तिरुपस्य कार्यसमयसारस्योत्पादकः शुद्धोपयोग-

१. પાઠાન્તર :-स्पर्शैः=स्पर्शे.

स्वभावो योऽसावेवंभूतः कारणसमयसारः तद्भावनारहिता जीवाः पञ्चेन्द्रियविषयाभिलाष–वशीकृता नश्यन्तीति ज्ञात्वा कथं तत्रासक्तिं गच्छन्ति ते विवेकिन इति। अत्र पतङ्गादय एकैकविषयासक्ता नष्टाः, ये तु पञ्चेन्द्रियविषयमोहितास्ते विशेषण नश्यन्तीति भावार्थः।।११२।।

---

आगे शुद्धात्माकी प्राप्तिके अभावमें जो विषयी जीव पाँच इंद्रियोंके विषयोंमें आसक्त हैं, उनका अकाज (विनाश) होता है, ऐसा दिखलाते हैं–

गाथा–११२

अन्वयार्थ :– [रुपे] रुपमें लीन हुए [पतंगा] पतंग जीव दीपकमें जलकर मर जाते हैं, [शब्दे] शब्द विषयमें लीन [मृगाः] हिरण व्याधके बाणोंसे मारे जाते हैं, [गजाः] हाथी [स्पर्शैः] स्पर्श विषयके कारण गड्ढेमें पड़कर बाँधे जाते हैं, [गंधेन] सुगंधकी लोलुपतासे [अलिकुलानि] भौरें काँटोंमें या कमलमें दबकर प्राण छोड़ देते और [रसे] रसके लोभी [मत्स्याः] मच्छ [नश्यंति] धीवरके जालमें पड़कर मारे जाते हैं। एक एक विषय कषायकर आसक्त हुए जीव नाशको प्राप्त होते हैं, तो पंचेन्द्रिका कहना ही क्या है? ऐसा जानकर विवेकी जीव विषयोमें [किं] क्या [अनुरागं] प्रीति [कुर्वंति] करते हैं? कभी नहीं करते।

भावार्थ :– पंचेन्द्रियके विषयोंकी इच्छा आदि जो सब खोटे ध्यान वे ही हुए विकल्प उनसे रहित विषय कषाय रहित जो निर्दोष परमात्मा उसका सम्यक् श्रद्धान ज्ञान आचरणरुप जो निर्विकल्प समाधि, उससे उत्पन्न वीतराग परम आहलादरुप सुख–अमृत, उसके रसके स्वादकर पूर्ण कलशकी तरह भरे हुए जो केवलज्ञानादि व्यक्तिरुप कार्यसमयसार, उसका उत्पन्न करनेवाला जो शुद्धोपयोगरुप कारण समयसार, उसकी भावनासे रहित संसारीजीव विषयोंके अनुरागी पाँच इन्द्रियोंके लोलुपी भव भवमें नाश पाते हैं। ऐसा जान कर इन विषयोंमें विवेकी कैसे राग को प्राप्त होवें? कभी विषयाभिलाषी नहीं होते। पतंगादिक एक एक विषय में लीन हुए नष्ट हो जाते हैं, लेकिन जो पाँच इन्द्रियोंके विषयोंमें मोहित हैं, वे वीतराग चिदानन्दस्वभाव परमात्मतत्त्व उसको न सेवते हुए, न जानते हुए, और न भावते हुए, अज्ञानी जीव मिथ्या मार्गको वाँछते, कुमार्गकी रुचि रखते हुए नरकादि गतिमें घानिमें पिलना, करोंतसे विदरना, और शूली पर चढ़ना इत्यादि अनेक दुःखोंको देहादिककी प्रीतिसे भोगते हैं। ये अज्ञानी जीव वीतरागनिर्विकल्प परमसमाधिसे पराङ्मुख हैं, जिनके चित्त चंचल हैं, कभी निश्चल चित्तकर निजरुपको नहीं ध्यावते हैं। और जो पुरुष स्नेहसे रहित हैं, वीतरागनिर्विकल्प समाधिमें लीन हैं, वे ही लीलामात्रमें संसारको तैर जाते हैं।।११२।।

હવે, શુદ્ધાત્માની પ્રાપ્તિનો અભાવ હોતાં, પાંચ ઈન્દ્રિયના વિષયમાં આસક્ત જીવોનો વિનાશ થાય છે, એમ દર્શાવે છે :-

ભાવાર્થ :- પાંચ ઈન્દ્રિયના વિષયોની આકાંક્ષાથી માંડીને સમસ્ત અપધ્યાનના વિકલ્પોથી રહિત-શૂન્ય (ખાલી), સ્પર્શનાદિ ઈન્દ્રિય વિષયકષાયથી અતીત એવા નિર્દોષ પરમાત્માનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ અનુચરણરૂપ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ પરમ આહ્લાદ જેનું એક લક્ષણ છે એવા સુખામૃતરસના આસ્વાદથી, પૂર્ણ છલોછલ ભરેલા કળશની જેમ પરિપૂર્ણ, કેવળજ્ઞાનાદિની વ્યક્તિરૂપ કાર્યસમયસારનો ઉત્પાદક એવો જ શુદ્ધોપયોગસ્વભાવ કારણ સમયસાર તેની ભાવનાથી રહિત અને પાંચ ઈન્દ્રિયોના વિષયોની અભિલાષાને વશ થયેલાં જીવો નાશ પામે છે.

અહીં, પતંગાદિ જીવો એક એક વિષયમાં આસક્ત થઈને નાશ પામે છે તો પછી જેઓ પાંચેય ઈન્દ્રિયોના વિષયમાં મોહિત છે તેઓ તો વિશેષપણે નાશ પામે છે, એવો ભાવાર્થ છે. ૧૧૨.

---

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૩, શનિવાર
## તા. ૮-૧-૧૯૭૭, ગાથા-૧૧૨
## પ્રવચન નં. ૧૮૦

પરમાત્મપ્રકાશ, ૧૧૨ ગાથા. 'આગે શુદ્ધાત્માકી પ્રાપ્તિકે અભાવમેં...' શું કહે છે? આ શુદ્ધસ્વરૂપ ભગવાનઆત્મા એની પ્રાપ્તિના અભાવમાં **'જો વિષયી જીવ પાંચ ઈંદ્રિયોંકે વિષયોંમેં આસક્ત હૈં, ઉનકા અકાલ (વિનાશ) હોતા હૈ, ઐસા દિખલાતે હૈં— '**

૨૪૨) रुवि पयंगा सद्दि मय गय फासहिँ णासंति।
अलिउल गंधइँ मच्छ रसि किम अणुराउ करंति।।११२।।

અન્વયાર્થ :— 'રૂપમેં લીન હુએ પતંગ જીવ દીપકે જલકર મર જાતે હૈં,...' શું કહે છે? પોતાનો જે આનંદસ્વરૂપ ભગવાન શુદ્ધાત્મા એની પ્રાપ્તિના અભાવમાં, પંચેન્દ્રિયના વિષયના અર્થીઓ એક એક વિષયમાં મરી જાય છે. આહાહા..! પોતાનો જે સ્વ-વિષય પૂર્ણઆનંદસ્વરૂપ એનું કદી ધ્યાન કરતા નથી. પોતાનું ચિત્ત એ તરફ ઢાળતા નથી. એ પંચેન્દ્રિયના એક એક વિષયમાં એક એક પ્રાણી મરી જાય છે એનો દૃષ્ટાંત છે. આહાહા..! સમજાણું કાંઈ? **'પતંગ જીવ દીપકમેં જલકર મર જાતે હૈં,...'**

'શબ્દ વિષયમેં લીન હિરણ વ્યાધકે બાણોંસે મારે જાતે હૈં,...' શબ્દના પ્રેમી હોયને મૃગલા, મૃગલા શિકારી એને મારી નાખે છે. આહા..! એક એક વિષયમાં એક એક પ્રાણી મરી જાય

છે. તો પાંચેય ઇન્દ્રિયના વિષયના અભિલાષીનું શું કહેવું? આહાહા..! પોતાનો જે આત્મા ચિદાનંદરૂપ જ્ઞાનાનંદસ્વરૂપની એકાગ્ર ચિત્ત થઈને કદી ધ્યાન કરતા નથી. આહાહા..! એને પરનું ધ્યાન હોય છે. સમજાણું કાંઈ? શબ્દમાં વિષયમાં લીન મૃગલા વ્યાધ નામ શિકારીના બાણથી મરી જાય છે.

**'હાથી સ્પર્શ વિષયકે કારણ ગઢ્ઢેમેં પડકર બાંધે જાતે હૈં,...'** ખાડો કરે છેને મોટો? એમાં હાથણી રાખે ચિતરેલી. એના વિષયની ગૃદ્ધિને લીધે પડે ખાડામાં અને બાંધે હાથીને. આહાહા..! એક એક વિષયમાં એક એક પ્રાણી પોતાના પ્રાણ ખોઈ બેસે છે. પણ પોતાનો આનંદસ્વભાવ ભગવાન એને કદી ધ્યાનમાં લેતા નથી. આહાહા..! **'હાથી સ્પર્શ વિષયકે કારણ ગઢ્ઢેમેં પડકર બાંધે જાતે હૈં,...'**

**'સુગંધકી લોલુપતાસે...'** ભમરો ભમરો **'કાંટોંમેં યા કમલમેં દબકર પ્રાણ છોડ દેતે...'** હૈં. આહાહા..! ભમરાને સુગંધ પ્રિય છેને, તો કાંટામાં હોય તોપણ અંદર સુગંધ લેવા ઘુસી જાય. ફૂલ હોય અને કાંટા હોય. અથવા કમળમાં ઘૂસીને મરી જાય છે. કમળમાં સુગંધ લેવા જાય, કમળ બીડાઈ જાય તો મરી જાય. આહાહા..!

**'રસકે લોભી મચ્છ...'** મચ્છ મચ્છ **'नश्यंति' 'ધીવરકે જાલમેં પડકર મારે જાતે હૈં.'** આહાહા..! લોઢાના કાંટા હોય એમાં માંસની કટકી અથવા લોટ નાખે તો એનો લોલુપી (મચ્છ) કાંટામાં ભરાઈ જાય અને ખેંચીને મારી નાખે. આહાહા..! સમજાણું કાંઈ? એક એક વિષય કહ્યા. આહા..! **'એક એક વિષય કષાયકર આસક્ત હુએ...'** આહાહા..! પાંચઇન્દ્રિયના વિષયના લોલુપી, એક એક ઇન્દ્રિયના વિષયનો લોલુપી **'કષાયકર આસક્ત હુએ જીવ નાશકો પ્રાપ્ત હોતે હૈં, તો પંચેન્દ્રિયકા કહના હી ક્યા હૈ?'** આહા..! પાંચેઇન્દ્રિયના લોલુપી. કાને આબરુ સાંભળવાના લોલુપી, આંખે રૂપ જોવાના લોલુપી, નાકે સુગંધના લોલુપી, જીભમાં રસ ચાખવાના લોલુપી, સ્પર્શમાં સ્પર્શને ભોગવવાના લાલુપી. આહાહા..! સમજાણું કાંઈ? અણીન્દ્રિય એવો ભગવાન પોતાના આનંદસ્વરૂપનું, ચિત્તની એકાગ્રતા થઈને ધ્યાન કરવાનું છોડી દે અનાદિથી અને આ પાંચ ઇન્દ્રિયના વિષયમાં લોલુપ થઈ જાય. આહાહા..! પ્રાણ જાય તોપણ વિષયનો લોભ છોડે નહિ. આહાહા..! **'તો પંચેન્દ્રિયકા કહના હી ક્યા હૈ?'**

**'ઐસા જાનકર વિવેકી જીવ વિષયોંમેં ક્યા પ્રીતિ કરતે હૈં? '** આહાહા..! વિષયમાં સુખબુદ્ધિથી ધર્મી કેમ પ્રીતિ કરે છે? સમજાણું કાંઈ? પોતાનો ભગવાન આનંદથી ભરેલો છે એમાં એકાગ્ર થઈને આનંદનો સ્વાદ લે નહિ. પાંચઇન્દ્રિયના વિષયમાં તો મરી જવાનું છે. આહાહા..! સમજાણું કાંઈ? એક એક વિષયમાં એક એક પ્રાણી મરી જાય છે તો પાંચેઇન્દ્રિયના વિષયના લોલુપી (એની શું વાત કરવી)? એ દાખલો આવ્યો હતો ને? માસ્તર નહોતા આપણા? હીરાચંદ માસ્તર નહોતા કહેતા એક? કો'ક રાજા હતો. મોહમદ બેગડો. રસનો લોલુપી ખાવા વખતે બાગમાં--બગીચામાં બેસે, સાથે સુગંધ લે. વેશ્યા નાચે એના રૂપ દેખે, વાજીંત્ર સાંભળે. એમ એકસાથે

પાંચઈન્દ્રિયના વિષય. હીરાચંદ માસ્તર કહેતા. આહાહા..! પાંચેયઈન્દ્રિયોના વિષયોનો એકસાથે રસ લે. ભોજન વખતે પણ રસનો સ્વાદ લે, રૂપ દેખે, શબ્દ સાંભળે, સુગંધ—બાગ બગીચામાં બેઠો હોય તો સાથે સુગંધ લે. પાંચેય ઈન્દ્રિય. આહાહા..! મોહમદ બેગડાની વાત આવે છે. આહાહા..!

મુમુક્ષુ :— ઈ તો રાજા હતો, બીજાને ક્યાં એવું હોય?

ઉત્તર :— ઈ બધા (આવી ગયા). આ તો રાજાનો દાખલો દૃષ્ટાંત છે. ગરીબ હોય તોપણ પાંચ ઈન્દ્રિય વિષય તરફના લોલુપી પોતાના આનંદસ્વરૂપની રુચિ છોડીને.. અંદર લીધું છે. '**કભી નિશ્ચલ ચિત્તકર નિજરૂપકો નહીં** ધ્યાવતે **હૈં.**' ટીકામાં છે નહિ, ઉપરથી એ શબ્દ નાખ્યો છે. પાંચ ઈન્દ્રિયના વિષયમાં એક પછી એક, એક પછી એક વિષય લેતા.. આહાહા..! '**કભી નિશ્ચલ ચિત્તકર...**' પોતાનું ચિત્ત નિશ્ચળ કરીને '**નિજરૂપકો નહીં** ધ્યાવતે **હૈં.**' પોતાનું નિજરૂપ આનંદ, જ્ઞાનાનંદ ચિદાનંદ. ચિદાનંદ નામ જ્ઞાન અને આનંદસ્વરૂપ ભગવાન. આહાહા..! એનું ધ્યાન નથી કરતા. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :— 'પંચેન્દ્રિયકે વિષયોંકી ઈચ્છા આદિ જો સબ ખોટે** ધ્યાન **વહી હુએ વિકલ્પ...**' રાગ આહા..! '**ઉનસે રહિત વિષય કષાય રહિત જો નિર્દોષ પરમાત્મા...** ' આહાહા..! શું કહે છે? પંચેન્દ્રિયના વિષયની જે ઈચ્છા વિકલ્પ એનાથી રહિત ભગવાનઆત્મા તો છે. આહાહા..! પરમાનંદસ્વરૂપ પ્રભુ એ વિકલ્પથી રહિત છે. અને '**વિષય કષાય રહિત...**' પાંચઈન્દ્રિયના વિષય કષાય રહિત ભગવાનઆત્મા '**નિર્દોષ પરમાત્મા ઉસકા સમ્યક્ શ્રદ્ધાન...**' નિર્દોષ વીતરાગમૂર્તિ પ્રભુ પોતાનો આત્મા હોં! આહાહા..! વીતરાગ આનંદનો કુંડ એવો ભગવાન પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ એનું સમ્યક્ શ્રદ્ધાન, એનું સત્ય શ્રદ્ધાન કે હું પૂર્ણાનંદ આનંદ વીતરાગમૂર્તિ છું એવું સમ્યક્ શ્રદ્ધાન. એનું સમ્યક્ '**જ્ઞાન...**' અને પરમાત્મામાં '**આચરણરૂપ...**' અંતર સ્વરૂપમાં રમણતારૂપ '**જો નિર્વિકલ્પ સમાધિ,...**' રાગરહિત શાંતિ અંદર ઉત્પન્ન થાય. આહાહા..! નિર્વિકલ્પ સમાધિ. લોગસ્સમાં આવે છે, નહિ? સમાહિવરમુત્તં દિંત્તુ. લોગસ્સમાં આવે છે. કર્યો હતો લોગસ્સ? પહેલા? ઠીક. એમાં આવે છે, સમાહિવરમુત્તં દિંત્તુ. પોપટભાઈ! એ તો ભાઈએ બહુ કર્યો છે. એણે પણ સાથે કર્યો હતો. સમાહિવરમુત્તં દિંત્તુ. સમાધિ, કોને કહે છે સમાધિ? આહાહા..! જે પાંચઈન્દ્રિયોના વિષયોના વિકલ્પથી રહિત ભગવાનઆત્મા અંદર છે. આહાહા..! આવી વાત ક્યાં? મારી નાખ્યા જગતને. ઓલો સાંઈબાબો ને ઓલા કેવા? રજનીશ. મારી નાખ્યા જગતને, ભ્રમણામાં નાખીને. બિચારા. આહા..! અને જૈનમાં જન્મ્યા એ પણ મૂર્ખાઈ ભરેલા પાછા ગયા. આવો વીતરાગ માર્ગ પરમેશ્વર સર્વજ્ઞ... આહાહા..! એ વાત ક્યાં છે?

અહીં તો કહે છે કે પંચેન્દ્રિયના વિષયના લોલુપીઓ વિકલ્પ રહિત અને વિષય કષાય રહિત એવો નિર્દોષ ભગવાનઆત્મા. આહાહા..! એ સદોષ છે. આ નિર્દોષ પરમાત્મા એના સમ્યક્શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણરૂપ નિર્વિકલ્પ સમાધિ. જુઓ! ભગવાન પરમાત્મા પોતાનું સ્વરૂપ એના શ્રદ્ધા, જ્ઞાન, આચરણરૂપ નિર્વિકલ્પ સમાધિ. આહાહા..! ઓલા સમાધિ બાવા કરે છે એવી નહિ. આહા..!

રાગ રહિત વિષય કષાય રહિત એવો પોતાનો પરમાત્મા, એના સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રરૂપ નિર્વિકલ્પ સમાધિ. આહાહા..! આ સમાધિનું લક્ષણ કર્યું. ઓલા બાવા કહે, આંખ ચડી જાય. એ બધા મૂઢ છે. સમાધી ક્યાં હતી ન્યાં.

સમાધિ તો એને કહીએ કે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ વિકલ્પ અને વિષય કષાય રહિત એવા નિર્દોષ પરમાત્માના સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન, આચરણરૂપ નિર્વિકલ્પ સમાધિ. આહાહા..! સમજાણું કાંઈ? '**ઉસસે ઉત્પન્ન વીતરાગ પરમ આહલાદરૂપ સુખ-અમૃત,...** ' આહાહા..! વિષય કષાયમાં કષાય ઉત્પન્ન થાય છે, દુઃખ ઉત્પન્ન થાય છે. ત્યારે ભગવાનઆત્મા. આ તો અંતરના માર્ગ છે પ્રભુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય બીજે ક્યાંય નથી. પરમેશ્વર.. હેં!

મુમુક્ષુ :— સોનગઢ સિવાય ક્યાંય નથી.

ઉત્તર :— વાત તો સાચી પણ વસ્તુ તો ભગવાનની કહેલી છે. આહાહા..! સંતો દિગંબર સંતો કહે છે, પ્રસિદ્ધ કરે છે. આહાહા..! ઓલામાં આવ્યું નથી? સ્તુતિ નહિ? આ બનારસીદાસ. 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા' બનારસીદાસ. 'જિનાદેશ જાતા..' ભગવાનની વાણી કેવી છે? જિનાદેશ—જિનના આદેશથી ઉત્પન્ન થઈ. વીતરાગ સર્વજ્ઞની વાણી સર્વજ્ઞના મુખથી ધ્વનિ ઉઠી. 'જિનાદેશ જાતા.' જિનના આદેશથી ઉત્પન્ન થઈ અંદરથી. આહાહા...! વાણી, જિનવર વાણી. 'જિનેન્દ્રા વિખ્યાતા' જિનેન્દ્રે પ્રસિદ્ધ કરી. ઉત્પન્ન કરી અને પ્રસિદ્ધ કરી. બે શબ્દ છે ને? આહાહા..! 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા.' આહાહા..! 'નમોં લોકમાતા, વિશુદ્ધા પ્રબુદ્ધ નમોં લોકમાતા.' આહા..! બનારસીદાસ. એ લોકો ગૃહસ્થો પણ પાક્યા છે ને! આહાહા..! 'જિનાદેશ જાતા.' જિનેન્દ્રથી ઉત્પન્ન થયેલી પ્રભુની વાણી. આહાહા..! એ આ વાણી છે. જિનેન્દ્રા વિખ્યાતા. જિનેન્દ્રથી પ્રસિદ્ધ થઈ. ઉત્પન્ન થઈ જિનેન્દ્રથી અને પ્રસિદ્ધ થઈ. આહાહા..! પ્રસિદ્ધ થઈ. થોડી થોડી ગુજરાતી આવી જાય છે અંદર. સમજાણું કાંઈ? આહાહા..!

'**વિશુદ્ધપ્રબુદ્ધા.**' એ વીતરાગ સર્વજ્ઞની વાણી વિશુદ્ધ છે અને વિશુદ્ધ અને પ્રબુદ્ધા. પ્રકર્ષ બુદ્ધ—તત્ત્વજ્ઞાનની બતાવનારી વાણી છે. આહાહા..! 'નમો લોકમાતા' વીતરાગની વાણી લોકમાતા. આહાહા..! સમજાણું કાંઈ? 'દુર્નૈહરા, શંકરાની.' એવું કાંઈક આવે છે. ભાષા છે. 'દુરાચાર દુર્નૈહરા શંકરાની' વીતરાગ ૐ ધ્વનિ કેવી છે? 'દુરાચાર દુર્નૈહરા' પરમાં સ્નેહને હરનારી, દુરાચારને નાશ કરનારી. શંકરાની—સુખની ઉત્પન્ન કરનારી. આહાહા..! વીતરાગ સર્વજ્ઞપરમેશ્વર ત્રિલોકનાથ જેની વાણી દુર્નૈહરા—સ્નેહનો નાશ કરનારી પરના પ્રેમનો. આહાહા..! અને દુરાચારનો નાશ કરનારી (છે). શંકરાની—સુખની ઉત્પન્ન કરનારી. આહાહા..! 'નમોં દેવિ વાગેશ્વરી જૈનવાની'. ઈ આ જૈનવાણી આવી છે. આહા..!

'સુધાધર્મસંસાધની ધર્મશાલા,' અમૃતરૂપી ધર્મને સાધનારી ધર્મશાળા જિનવાણી છે. આહાહા..! સમજાણું કાંઈ? 'સુધા તાપનિર્નાશની મેઘમાળા' અમૃતરૂપી વાણી તાપનિર્નાશની. અજ્ઞાનરૂપી કષાયરૂપી તાપને નાશ કરનારી મેઘમાળા છે. ધોધ વરસે છે અંદર. આહાહા..! 'મહામોહવિધ્વંસની

મોક્ષદાની,' મહામોહને વિધ્વંસ કરનારી મોક્ષની દાની છે. વાણી વીતરાગ પરમાત્માની એ છે ક્યાં બાપુ બીજે? આહાહા..! આવા જૈનમાં જન્મીને પાછા જ્યાં-ત્યાં ભટકે. આજે લીલાધરભાઈને કહ્યું હતું, તમારા છોકરાઓ જ્યાં-ત્યાં ભટક્યા કરે છે. આ રામજીભાઈના છોકરાઓ એ બધા એમના છોકરાઓ કહેવાય. હેં, લીલાધરભાઈ! ઈ હમુકુ કહે, કાકા અહીં આવો. અરે ભગવાન! આ વાણી બાપા! ક્યાંય મરી જશો હેરાન થઈને. પૈસા થયા તો શું ધૂળ થઈ? એ તો પુણ્યને લઈને થઈ, એને લઈને નહિ કાંઈ. આહા..! આવી વાણી સાંભળે તે મહાભાગ્યશાળી છે. વીતરાગની વાણી. આહાહા..! 'નમો દેવી વાગેશ્વરી જૈનવાની.' બહુ સરસ છે, આખું બોલાય છે ને. 'અખૈવૃક્ષશાખા' વીતરાગની વાણી અક્ષય વૃક્ષરૂપી અક્ષર, અક્ષય વૃક્ષની શાખા છે. આહાહા..!

મુમુક્ષુ :— એનો અર્થ એમ ક્ષય ન થાય.

ઉત્તર :— ક્ષય ન થાય એવું વૃક્ષ છે એની શાખા છે. આહા..!

'અખૈવૃક્ષશાખા વ્યતીતાભિલાષા,' જેમાં કોઈ અભિલાષ રહિત વાણી વીતરાગની. આહાહા..! વીતરાગતાને બતાવનારી છે. આહાહા..! 'કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા' આ તો ફૂલચંદજીએ કહ્યું હતુંને ચર્ચામાં? પંડિતોની વાણી પણ અમને પ્રમાણ છે. ત્યારે ઓલો કહે, નહિ, આચાર્યની વાણી. અહીં તો ગમે તે ભાષા હોય, સંસ્કૃત હો, પ્રાકૃત હો, દેશભાષા ચાલતી ભાષા હો, પણ એ વીતરાગની વાણી છે. આહાહા..! 'ચિદાનંદ-ભૂપાલકી રાજધાની' ચિદાનંદ ભૂપાલ ભગવાનઆત્મા. આહાહા..! જ્ઞાનાનંદ ભૂપાલ—રાજા એની રાજધાની એ વાણી. વાણીમાં એ બતાવવું છે. આહાહા..! 'નમો દેવિ વાગેશ્વરી જૈનવાની.' આ તો આટલું ઓલું જિનાદેશ આવી ગયું. જિનાદેશ—જિન વીતરાગની વાણીથી ઉત્પન્ન થયેલી, આદેશથી. આહાહા..! આ વીતરાગ વાણી છે ભાઈ! દિગંબર સંતોની વાણી એ જિનની વાણી છે.

મુમુક્ષુ :— વાંચે તો બધા છે પણ અર્થ કાંઈ નથી સમજાતો.

ઉત્તર :— ઓલા ચોપડાના અર્થ વાંચે ત્યારે કેવા સરખા બેસે છે. આની પાસે આટલું લેણું ને આની પાસે આ લેણું. તો આ વાંચે તો રસ આવે તો ઈ કરે. નહિ શેઠ?

મુમુક્ષુ :— એનો મહાવરો છે.

ઉત્તર :— એ તો ટેવ પડેલી છે અજ્ઞાનીની. આ મહાવરો કરવો પડશે કે નહિ? આહા..!

અહીં કહે છે, ઓહોહો..! '**નિર્વિકલ્પ સમાધિ, ઉસસે ઉત્પન્ન...**' કોણ? પોતાનો આત્મા જે વીતરાગમૂર્તિ પ્રભુ આહાહા..! એની શ્રદ્ધા, જ્ઞાન અને આચરણરૂપ નિર્વિકલ્પ શાંતિ. આહાહા..! નિર્વિકલ્પ શાંતિ, ઉપશમરસથી ઉત્પન્ન થયેલો ભાવ. આહાહા..! '**ઉસસે ઉત્પન્ન વીતરાગ પરમ આહલાદરૂપ સુખ-અમૃત,...**' આહાહા..! આચાર્યને શબ્દ થોડા પડે છે. ભગવાનઆત્મા અંદર નિર્દોષ પરમાત્મા પોતાનું સ્વરૂપ સર્વજ્ઞભગવાને જે પ્રગટ કર્યું એવું જ પોતાનું સ્વરૂપ છે. આહાહા..! એવી વાણીનો, આહા..! એ વાણીમાં પરમાત્માની સમ્યક્શ્રદ્ધાન, જ્ઞાન, આચરણરૂપ નિર્વિકલ્પ સમાધિ જે ઉત્પન્ન થઈ એનાથી ઉત્પન્ન વીતરાગ પરમ આનંદરૂપ સુખ-અમૃત. આહાહા..! કહે છે

કે પોતાનું પરમાત્મસ્વરૂપ એના સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર—આચરણ તેનાથી ઉત્પન્ન થઈ નિર્વિકલ્પ સમાધિ, એનાથી ઉત્પન્ન થયો, આહાહા..! વીતરાગ પરમ આહલાદ. વીતરાગી ઉત્કૃષ્ટ '**આહલાદરૂપ સુખ-અમૃત,...** ' આહાહા..!

'**ઉસકે રસકે સ્વાદકર...**' એના રસના સ્વાદથી '**પૂર્ણ કલશકી તરહ ભરે હુએ...**' જેમ પૂર્ણ કળશ ભર્યો હોય, કોઈપણ રસથી, મોસંબીના રસથી ભર્યો હોય. એમ આ ભગવાનઆત્મા.. આહાહા..! '**સ્વાદકર પૂર્ણ કલશકી તરહ ભરે હુએ...**' હૈ. આહા..! બહુ સરસ વાત આવી છે. આહાહા..! શું કહે છે સમજાણું? ભગવાનઆત્મા '**વીતરાગ પરમઆહલાદરૂપ સુખ-અમૃત, ઉસકે રસકે સ્વાદકર પૂર્ણકલશકી તરહ ભરે હુએ...**' વસ્તુ. આહાહા..! એમાંથી કાર્યસમયસાર કાઢવાનો છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જુઓને! આ કળશ જેવું છે ને? આ શરીર કળશ જેવું છે. આત્મા અંદર શરીરના આકારે અને પૂર્ણઆનંદથી ભરેલો કળશ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ઓલો ફેરફાર છે, ભાઈ! કીધું ને હમણાં. વાત થઈ ગઈ. નહિતર એણે એમ લખ્યું છે, '**ભરે હુએ જો કેવલજ્ઞાનાદિ વ્યક્તિરૂપ...**' એમ ન લેવું. ભરે હુએ તો વસ્તુ છે. પછી એમાંથી કાર્યસમયસાર કઈ રીતે પ્રગટ થાય છે એ વાત કરવી છે. સમજાણું કાંઈ? લખાણમાં થોડો ફેર છે. પહેલા પંડિતજી સાથે વાત થઈ ગઈ. શું કહ્યું?

આ આત્મા નિર્દોષપરમાત્મા નિજઆત્મા, એની સમ્યક્—સત્યશ્રદ્ધા સમ્યક્ સમકિત, જ્ઞાન અને અંતર આચરણ, એ રૂપી વિકલ્પ વિનાની શાંતિ—સમાધિ, વીતરાગી આનંદનો રસ. આહાહા..! એનાથી '**પૂર્ણ કલશકી તરહ ભરે હુએ...**' ભગવાનઆત્મા વીતરાગી પરમ આનંદના રસથી પૂર્ણકળશની જેમ ભરેલો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતેય સાંભળવા મળવી મુશ્કેલ. આહાહા..! આ આત્મા જેને પરમાત્મસ્વરૂપ કહીએ એ પરમાત્મા પોતાનો એની સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન અને આચરણરૂપી નિર્વિકલ્પ શાંતિ, એના રસથી વીતરાગરસથી પરિપૂર્ણ ભરેલો ભગવાનઆત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ જે પરિપૂર્ણ '**કલશકી તરહ ભરે હુએ જો કેવલજ્ઞાનાદિ વ્યક્તિરૂપ કાર્યસમયસાર, ઉસકા ઉત્પન્ન કરનેવાલા જો શુદ્ધોપયોગરૂપ કારણ સમયસાર,...** ' દેખો! આ કારણસમયસાર ત્રિકાળી. '**કેવલજ્ઞાનાદિ વ્યક્તિરૂપ કાર્યસમયસાર,...**' કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એવી વ્યક્તિ નામ પ્રગટરૂપ કાર્યસમયસાર પર્યાય. '**ઉસકા ઉત્પન્ન કરનેવાલા જો શુદ્ધોપયોગરૂપ કારણ સમયસાર...**' અહીંયા પર્યાય વર્તમાન લેવી. શુદ્ધોપયોગરૂપ કારણસમયસાર વર્તમાન. ઓલું કારણસમયસાર ત્રિકાળ. ભરિત અવસ્થા એ ખરેખર કારણસમયસાર ત્રિકાળ અને શુદ્ધોપયોગરૂપ કારણસમયસાર એ પર્યાય. આવી વાતું.

સમયસારનું કાલે લખાણ આવ્યું છે, નહિ? વાંચ્યુંને? ઓલામાં આવ્યું હતું ને? વીરમાં. સમયસારનું નહોતું આવ્યું? રાત્રે વાંચ્યું હતું. દિવસે વાંચ્યું હતું, નહિ? સમયસાર. બપોરે વાંચ્યું હતું. સમયસારનો કો'કે લેખ લખ્યો છે. પણ એણે એમ (લખ્યું છે કે) નિશ્ચય અને વ્યવહાર બેય. પણ નિશ્ચય અને વ્યવહાર ક્યારે? જ્યારે પોતાના આત્માના આનંદનો અનુભવ થાય, વીતરાગદશા પ્રગટ

થાય, વ્યવહારનો નિષેધ કરીને પછી જે વ્યવહાર આવે છે તો એમાં વ્યવહાર છે. રાગ આવે છે. નિશ્ચયપૂર્વક વ્યવહાર છે. એ વિના વ્યવહાર હોતો નથી. આહાહા..! આવો માર્ગ તો જુઓ ભઈ. શું કહ્યું?

**'વીતરાગ પરમ આહલાદરૂપ સુખ-અમૃત, ઉસકે રસકે સ્વાદકર પૂર્ણ કલશકી તરહ ભરે હુએ...'** એ આત્મા વસ્તુ. એમાંથી **'કેવલજ્ઞાનાદિ વ્યક્તિરૂપ કાર્યસમયસાર,...'** પ્રગટ થાય છે. હેં?

મુમુક્ષુ :— કાંઈ સમજાણું નહિ?

ઉત્તર :— સમજાણું નહિ? આટલી સાદી ભાષા છે. આમાં ક્યાં મોટી...

અહીંયા કહે છે કે, એ બહુ વિશેષ... અહીંયા તો કહે છે, ત્રણ બોલ લીધા. એક તો નિર્દોષપરમાત્મા પૂર્ણઆનંદથી ભરેલી વસ્તુ. બધા દેહમાં બિરાજમાન ભગવાન. એક વાત. બીજી વાત, એમાંથી કાર્યસમયસાર જે પ્રગટ થાય છે કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ એનું કારણ કોણ? એનું કારણ શુદ્ધોપયોગરૂપી કારણ સમયસાર—વીતરાગી પર્યાય. સમજાણું કાંઈ? જે પહેલા કહ્યું હતું ને? **'પરમાત્મા ઉસકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ... '** એ ત્રણ. એ કારણસમયસાર વર્તમાન પર્યાય. શુદ્ધોપયોગરૂપી કારણસમયસાર કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ છે. વ્યવહાર (કારણ) નથી. એમ ના પાડે છે અહીં તો. લોકો એ વિરોધ કરે છેને.

મુમુક્ષુ :— વ્યવહાર કરતા કરતા થાય.

ઉત્તર :— ધૂળેય થાય નહિ વ્યવહાર કરતાં. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવે? એઈ..! વ્યવહાર છોડતા. ભગવાને કહ્યું કે અધ્યવસાય જ્યારે પરની એકતાબુદ્ધિનો છોડાવે છે તો પરનો આશ્રય વ્યવહાર બધો છોડાવે છે. છોડ. આહાહા..! ઝીણી વાત બાપુ! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક વાત છે. જૈનદર્શન કોઈ અલૌકિક ચીજ છે. આહાહા..! વાડામાં (આવ્યા) એને પણ સાંભળવા મળ્યું નહિ. પોપટભાઈ! આહાહા..! એવી વાત.

અહીંયા ત્રણ વાત કરી. એક તો પ્રભુ! તું નિર્દોષ પરમાત્મા છે ને. અનાદિ હોં! આહાહા..! વીતરાગમૂર્તિ નિર્દોષપરમાત્મા. એમાં તો રાગ કે વિકલ્પ કે સંસારના ઉદય એમાં છે જ નહિ. આહાહા..! એવા પરમાત્માના શુદ્ધોપયોગરૂપી કારણ સમયસારથી કાર્ય સમયસાર ઉત્પન્ન થાય છે. આહાહા..!

મુમુક્ષુ :— પર્યાય..

ઉત્તર :— પર્યાય એ શુદ્ધ કારણસમયસાર એ પર્યાય છે. શુદ્ધોપયોગથી ઉત્પન્ન થાય. દેખો! આહાહા..! શુભથી નહિ. વ્યવહારરત્નત્રયના ભાવ વચ્ચે આવે છે, છે, પણ એનાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એમ નથી. આહાહા..! આ તકરારો મોટી આ પાંચની અહીંને નામે. એક ઉપાદાન, નિમિત્ત. નિમિત્તથી ઉપાદાનમાં થાય છે એ તકરાર. વ્યવહારથી નિશ્ચય થાય છે એ તકરાર અને ક્રમબદ્ધ થાય છે એની વિરુદ્ધ અક્રમ એ તકરાર. પાંચેનો વિરોધ છે એને.

મુમુક્ષુ :— આપ એક પણ સ્વીકારતા નથી.

ઉત્તર :— એની એક્કેય વાત સાચી નથી.

પોતાના સ્વભાવની શક્તિરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, શક્તિરૂપ—સામર્થ્યરૂપ—સ્વભાવરૂપ. આહાહા..! ચોસઠ પહોરી જેમ પીપરની તીખાશ છે, એમ ભગવાનની ચોસઠ પહોરી શક્તિ, અનંત ગુણ દરેક ગુણની ચોસઠ પહોરી શક્તિવંત ભગવાન છે. એ તો નિર્દોષ છે. આહાહા..! એ નિર્દોષ પરમાત્માની સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન, આચરણ એ શુદ્ધોપયોગ. એ શુદ્ધોપયોગરૂપી પર્યાયની કારણસમયસાર, એ કારણસમયસારનું દ્રવ્ય કારણ, એ કારણસમયસારથી કાર્ય સમયસારની ઉત્પત્તિ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વીતરાગી પર્યાય.. વીતરાગી પર્યાય ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થાય છે. શુદ્ધોપયોગ કારણસમયસાર એ પણ એક વર્તમાન પર્યાય, આ દ્રવ્યને નિમિત્ત કહ્યું પણ ખરેખર તો શુદ્ધપર્યાય પોતાના ષટ્કારકની પરિણતિથી ઉત્પન્ન થઈ છે અને એનાથી ષટ્કારકથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ એનાથી થાય એમ કહેવામાં આવે છે. બાકી કેવળજ્ઞાનની ઉત્પત્તિ પણ પોતાના ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થાય છે. આહાહા..!

મુમુક્ષુ :— બરાબર છે?

ઉત્તર :— બરાબર છે, એ તો વ્યવહારથી વાત કરી છે ને. વ્યવહારથી વાત કરી છે ને. ઉપાયથી ઉપેય એ સિદ્ધ કરવું છે ને. સમજાણું કાંઈ? આહા..! બાકી તો કેવળજ્ઞાન આદિ ઉત્પન્ન થાય છે એ પોતાના ષટ્કારકની પરિણતિથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. મોક્ષનો માર્ગ છે એનાથી ઉત્પન્ન થયો એ પણ વ્યવહાર. પૂર્વે પર્યાય હતી તેનો અભાવ થઈને થયું એટલું બતાવવા કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો પ્રભુ! વીતરાગમાર્ગની કથા છે, ભાઈ! આ કંઈ આલીદુઆલી કલ્પના નથી. આહાહા..! આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવપરમાત્માની આ વાણી છે. આહા..! સમજાણું કાંઈ? ઓહોહો..!

પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી નિર્દોષ પરમાત્મદશા તને બેસે છે? તું પૂર્ણ નિર્દોષપરમાત્મા છે એવી શ્રદ્ધા તને બેસે છે? આહાહા..! તું પૂર્ણપરમાત્મા છે એમ તારા જ્ઞાનમાં જણાય છે? અને એમાં રમણતા એ ચારિત્ર અને એના કારણે કેવળજ્ઞાન કાર્યસમયસાર ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આટલું કહીને વ્યવહાર વિકલ્પથી શુભરાગથી મોક્ષ થાય છે, કેવળ થાય છે એનો નિષેધ કરે છે. બાકી તો ખરેખર તો શુદ્ધોપયોગીરૂપી કારણસમયસારથી પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એ પણ વ્યવહાર છે. પણ એ વ્યવહારથી ઉત્પન્ન નથી થતી એટલો નિષેધ કરવા માટે નિશ્ચયથી ઉત્પન્ન થાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! અરે ભગવાન! આહાહા..! 'જિનાદેશ જાતા' આ તો જિનેન્દ્રની આજ્ઞાથી ઉત્પન્ન થયેલો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'જિનેંદ્રા વિખ્યાતા' જિનેન્દ્રથી પ્રસિદ્ધ થયો છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? કાયરને તો કઠણ પડે એવું લાગે.

આહા..! શું થાય ભાઈ.

પ્રભુ! તું નિર્દોષપરમાત્મા છો ને. તારામાં સદોષ ઉદયભાવ ત્રણકાળમાં નથી. આહાહા..! સદોષ ભાવ—વ્યવહારરત્નત્રય એ સદોષ છે. આહાહા..! એ તારી ચીજમાં છે નહિ. તું તો નિર્દોષ વીતરાગી મૂર્તિ છો ને નાથ. આહાહા..! તને કારણ બનાવીને જે શુદ્ધોપયોગ થયો એ શુદ્ધોપયોગ ઈ કારણ સમયસાર છે—મોક્ષનો માર્ગ. આહાહા..! એનાથી મોક્ષ નામ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એમ કહે છે. આહાહા..! કઈ શૈલી છે. નિશ્ચયમાં તો, પરમાર્થ નિશ્ચયમાં તો સમય સમયની જે વિકારી પર્યાય થાય છે એ પણ પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે. આહાહા..! જેને પર નિમિત્તની અપેક્ષા નથી, તો પછી નિર્વિકારી કેવળજ્ઞાન, આનંદ અનંત પ્રગટ થાય એ પણ વર્તમાન પર્યાય ષટ્કારકથી ઉત્પન્ન થાય છે. આહાહા..! પણ અહીંયા તો વ્યવહારથી ઉત્પન્ન નથી થતી એ બતાવવા માટે નિશ્ચયથી—શુદ્ધોપયોગથી ઉત્પન્ન થાય છે એટલું બતાવવું છે. આહાહા..! અરે ભગવાન! આવો વખત ક્યાંથી (મળે) ભાઈ? આહાહા..! પછી ઝઘડા ઉત્પન્ન કરે. કોઈ શિખામણ આપે કે સોનગઢવાળાને પણ કાંઈક ફરવું પડશે. શું ફરે બાપા? સત્ય છે એમાં બીજું શું થાય? હેં! વ્યવહારથી થાય એમ કહો, નિમિત્તથી થાય એમ કહો, કથંચિત્ નિમિત્તથી ક્યાંક થાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જરીયે ન થાય ત્રણકાળમાં. હજી તો અહીં નિશ્ચય ઉપયોગથી પણ કેવળજ્ઞાન થાય એ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! ચેતનજી! આવી વાત છે ભગવાન! આહાહા..! હેં? શું કહે છે?

મુમુક્ષુ :— પક્ષપાત થઈ જાય એવું ન કરવું.

ઉત્તર :— આ પક્ષપાત જ છે. પોતાના સ્વરૂપનો પક્ષ કરવો, બીજો પક્ષ છોડી દેવો એ ન્યાય છે. પોતાનો સ્વપક્ષ કરવો એ જ ન્યાય છે, એ જ સત્ય છે, એ સરળ છે, એ જ પરમાર્થ છે. આહાહા..! નંદમલજી! દુનિયા માનો ન માનો, બાપુ! માર્ગ તો આ છે. ગમે તે કહો, અમને કંઈ ઘાત થાય એવું નથી. એ કહે કે દિગંબર નથી, આવા નથી. ગમે તે કહો. અત્યારના ચાલતા દિગંબરની શ્રદ્ધા નથી, ઈ વાત સાચી. સનાતન દિગંબરની શૈલી છે એ છે. આહાહા..! અરે પ્રભુ! તું સાંભળને ભાઈ! એકવાર પક્ષપાત છોડી દઈને સાંભળ તો ખરો કે શું માર્ગ છે, ભાઈ! આહાહા..! બહુ સારી ગાથા. ચેતનજી કહે છે, એક એક ગાથા ચડતી આવે છે. નહિ? હેં? એવી ગાથા છે. આહાહા..! ઓલા રાખ કાઢે ને ભભૂતિ બતાવે. બધા કલ્પિત ગાંડા પાગલ છે. આહાહા..! આ તો ભભૂતિ વીતરાગમાંથી નીકળેલી વાણી આહાહા..! અને વીતરાગભાવમાંથી નીકળેલો ધર્મ સ્વભાવ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અરે પ્રભુ! તેં કદી પરનું ધ્યાન છોડીને સ્વનું ચિત્તમાં... આહાહા..! આવ્યું છે ને છેલ્લે? '**કભી નિશ્ચલ ચિત્તકર નિજરૂપકો નહીં ધ્યાવતે હૈં.**' પ્રભુ! આહાહા..! વિકલ્પની જાળ છોડી દઈને આહાહા..! પોતાનું નિજસ્વરૂપ તરફ તારું ધ્યાન જતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભરેલું જે દ્રવ્ય, એમાંથી કેવળજ્ઞાનાદિ વ્યક્તિરૂપ કાર્યસમયસાર, પર્યાય છે હોં ઈ. કેવળજ્ઞાન, કેવળદર્શન ઈ. '**ઉસકા ઉત્પન્ન કરનેવાલા જો શુદ્ધોપયોગરૂપ કારણ સમયસાર,...**' આહાહા..! કેટલી સ્પષ્ટતા કરી છે! કહો, આમાં પક્ષ કોનો કરવો? શુદ્ધોપયોગરૂપી સમયસારથી કેવળજ્ઞાન થાય એમ કહ્યું. હવે આ પક્ષ છે કે વસ્તુની સ્થિતિ? આહાહા..! હેં?

મુમુક્ષુ :— ઝઘડા થાય એવું ન કહેવું.

ઉત્તર :— દુનિયા ઝઘડા કરે તો એને કારણે, પણ વસ્તુ તો આ છે. એ તો મોક્ષમાર્ગપ્રકાશકમાં નથી કહ્યું? કઈ એવી વાત છે કે જગતને બધાને બેસી જાય? દારૂ પીનારને દારૂની વાત કરીએ તો ખરાબ લાગે, એ તો એને કારણે છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવ્યું છે. આહા..! માર્ગ તો આ છે. એમ કહેવો એમાં ઝઘડા ક્યાં આવ્યા? આહાહા..!

'**ઉસકી ભાવનાસે રહિત સંસારીજીવ...**' આહાહા..! જોયું! ભગવાન નિર્દોષ પરમાત્માથી ભરેલું તત્ત્વ, એનું કાર્ય જે સમયસાર કેવળજ્ઞાન એને ઉત્પન્ન કરનાર શુદ્ધોપયોગરૂપી સમયસાર, એની ભાવના રહિત જીવ. આહાહા..! '**ઉસકી ભાવનાસે રહિત સંસારીજીવ વિષયોંકે અનુરાગી પાંચઇન્દ્રિયોંકે લોલુપી ભવભવમેં નાશ પાતે હૈં.**' આહાહા..! એક એક ઇન્દ્રિયના વિષયવાળો નાશ પામે છે તો પાંચ ઇન્દ્રિયવાળો ભવભવમાં (નાશ પામે છે). પાંચેઇન્દ્રિય તરફની પ્રીતિ છે એની. અણીન્દ્રિય ભગવાન પ્રત્યેની પ્રીતિ નથી. આહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવું છે. '**સંસારીજીવ વિષયોંકે અનુરાગી...**' આ બાજુની ચૈતન્યદ્રવ્ય તરફની ભાવના નથી તો વિષય તરફના અનુરાગમાં ત્યાં ભાવના છે. આહાહા..! '**પાંચઇન્દ્રિયોંકે લોલુપી ભવ ભવમેં નાશ પાતે હૈં.**' જોયું, અહીં પાંચેઇન્દ્રિય લીધી એકસાથે. આહાહા..!

'**ઐસા જાનકર ઈન વિષયોંમેં વિવેકી કૈસે રાગકો પ્રાપ્ત હોવેં?**' આહાહા..! પ્રીતિ અને રુચિથી એને કેમ ભાવ આવે? આહાહા..! '**વિવેકી કૈસે રાગકો પ્રાપ્ત હોવેં?**' આહાહા..! '**કભી વિષયાભિલાષી નહીં હોતે.**' વિષયનો પ્રેમ ને રુચિ—અભિલાષા કદી નથી કરતા. આહાહા..! સમજાણું કાંઈ? અભિલાષા નથી. આસક્તિ હો એ જુદી વાત છે, પણ એમાં રુચિ નથી. સમજાણું કાંઈ? આહાહા..! વિષયની અભિલાષા નથી કે આ હોય તો મને ઠીક પડે છે, એમ જ્ઞાનીને હોતું નથી. આહાહા..!

'**પતંગાદિક એક એક વિષયમેં લીન હુએ નષ્ટ હો જાતે હૈં, લેકિન જો પાંચ ઇન્દ્રિયોંકે વિષયોંમેં મોહિત હૈં, વે વીતરાગ ચિદાનન્દસ્વભાવ પરમાત્મતત્ત્વ ઉસકો ન સેવતે હુએ,...**' આહાહા..! પાંચઇન્દ્રિયના વિષયના સેવનમાં પડ્યા છે મૂઢ, આહાહા..! એ પોતાનો વીતરાગ ચિદાનંદસ્વભાવ પરમાત્મતત્ત્વને સેવતા નથી. આહાહા..! ભગવાન પૂર્ણાનંદના નાથની સેવા નથી કરતા—એમાં એકાગ્ર નથી થતાં. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! પછી ગમે તે કહો, માનો એથી કાંઈ વીતરાગમાર્ગ છે એ કંઈ ફરી નથી જતો. આહા..! નિશ્ચયનો પક્ષ ન કરો, વ્યવહારનો પણ પક્ષ કરો. એમ? ચેતનજી! ઉપાદાનથી જ થાય છે એમ પક્ષ ન કરો,

નિમિત્તથી પણ થાય છે. અરે પ્રભુ! ખોટું છે ઈ. આહાહા..! ભાઈ! તને સત્ય તો આ છે ને પ્રભુ! તારો પંથ અને તારી સ્થિતિ દશા એમ છે. એનાથી અસત્ય કહે તો પક્ષ છોડી દીધો એમ કહેવાય? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ જુવાની તારા ઝોલા ખાય બાપુ! જુવાની ચાલી જશે. વૃદ્ધાવસ્થા આવશે, મૃત્યુને સન્મુખ થશે ભાઈ! શેમાં તેં પ્રીતિ કરી ભાઈ? તારે ક્યાં જાવું છે? આહાહા..! સમજાય છે કાંઈ? આ શરીર ને આ બધાની રાખ થાશે ભાઈ! મહાણની રાખું છે આ તો બધી રાખ. અહીં અગ્નિ તણખા બળશે. હેં! આહાહા..! હડ હડ હડ અગ્નિ બળશે, બાપા! એ ક્યાં આત્મા છે, એ તો જડ છે, બાપુ! આહાહા..!

મુમુક્ષુ :— અડધા કલાકમાં બાળી દે.

ઉત્તર :— એ તો છે ને, જોયું છે, ખબર છે. આહાહા..! સુંદર શરીર હોય અને અકસ્માતે દેહ છૂટ્યો હોય હાર્ટ ફેઈલ થઈને. શરીર તો સારું હોય એને બાળવું હોય, એને સખત આંતરડામાં બાળવામાં પણ વાર લાગે. લઠ જેવું શરીર. અરે પ્રભુ! આ તો માંસ છે ને ભાઈ! એ તો હાડકા જગતની ચીજ જડ છે ને. આહાહા..! જડ તો વિંખાઈ જશે, પ્રભુ નહિ વિંખાય. પ્રભુ તો આનંદનો કંદ નિર્દોષપરમાત્મા છે. આહાહા..!

'**વીતરાગ ચિદાનંદસ્વભાવ પરમાત્મતત્ત્વ ઉસકો ન સેવતે હુએ,...** ' જુઓ! '**ન જાનતે હુએ, ઔર ન ભાવતે હુએ,...**' તેની ભાવના કરતા નથી. આહાહા..! '**અજ્ઞાની જીવ મિથ્યામાર્ગકો વાંછતે,...**' હૈં. જુઓ! જે મિથ્યામાર્ગ છે, સમ્યક્‌માર્ગ નથી તેને વાંછે છે. આહાહા..! ભગવાન અને ભગવાનની વાણી, દેવ, ગુરુ બધાને ઇન્દ્રિયમાં લીધા છે, ૩૧ ગાથામાં. આ જડઇન્દ્રિય છે અને ભાવેન્દ્રિય એક એક વિષયને જાણવાવાળી ભાવેન્દ્રિય છે અને એનો વિષય ભગવાનની, સ્ત્રી, કુટુંબ બધાને ઇન્દ્રિય કહેવામાં આવ્યા છે, ૩૧ ગાથામાં. ત્રણે મળીને ઇન્દ્રિય છે. આહાહા..! ભાવેન્દ્રિય એક એક વિષયને જાણે એ ક્ષયોપશમનોઅંશ, આ જડઇન્દ્રિય અને વિષય એ ત્રણેને ઇન્દ્રિય કહેવામાં આવ્યા છે. આહાહા..! ભગવાન અને ભગવાનની વાણીને કુંદકુંદાચાર્યે ઇન્દ્રિય કહ્યું. એને જીતવાનું છે, એનું લક્ષ છોડવાનું છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જીતવાનો અર્થ એનું લક્ષ છોડવાનું છે. એનાથી આત્મામાં કોઈ લાભ થતો નથી. આહાહા..! આકરી વાત ઈ પડે છે. ઓલા વાણીને પરસ્ત્રી કહે છે. પરસ્ત્રી વાણીને નહિ, બાપુ! તને ખબર નથી. જેમ સ્ત્રી પર છે એમ વાણી પર છે એમ કહેવું છે. અરે..! એના અર્થ આવા કરે. શું કરવું આમાં? કરો, બાપુ! વસ્તુ છે ઈ કંઈ ફરશે નહિ. હેં! આહાહા..!

અહીં તો કહે છે, '**મિથ્યા માર્ગકો વાંછતે, કુમાર્ગકી રુચિ રખતે હુએ...**' જે માર્ગ નથી એની રુચિ કરે છે. આહાહા..! '**નરકાદિ ગતિમેં ઘાનીમેં પિલના,...**' આહાહા..! એ દુઃખની વાત કરી. આહાહા..! પ્રભુ! તને એટલું બધું દુઃખ થયું, રાત્રે નહોતું કહ્યું? વાદિરાજ મુનિ. વાદિરાજ મુનિ કહે છે, મુનિ છે હોં! ભાવલિંગી. શરીરમાં કોઢ હતો કોઢ. આહાહા..! ભગવાનને વિનંતી કરે છે, પ્રભુ! અમે તારી ભક્તિ કરીએ પ્રભુ. તું જ્યાં આવે ત્યાં સોનાની નગરી થઈ જાય. આહાહા..!

પ્રભુ! તને અમે પધરાવીએ અને આ શરીરમાં રોગ રહે? આહાહા..! દ્રવ્યરોગની વાત છે, હોં! ભાવરોગ તો (છે નહિ). પ્રભુ! તારી જન્મની પધરામણી થાય ત્યાં નગરી સોનાની થઈ જાય, સોનાના ગઢ અને રતનના કાંગરા, પ્રભુ! તને અહીં પધરાવીએ અને આ નગરીમાં આ રોગ રહે? એમ કરીને, આહાહા..! ભક્તિને ઉછાળી છે ને! પ્રભુ! આ રાજા એમ કહેશે કે આ કોઢ છે મુનિને અને માણસ કહી આવ્યો છે કે મારા મહારાજને કોઢ નથી. પ્રભુ! હવે શું થશે? આહાહા..! કોઢ મટી ગયો. ભાવરોગ તો મટ્યો છે પણ દ્રવ્યરોગ મટી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? એ મુનિરાજ એમ કહે છે, પ્રભુ! હું ગયાકાળના દુઃખને યાદ કરું છું તો આયુધ વાગે છે. આયુધ જેમ શસ્ત્રનો ઘા વાગે એમ ઘા વાગે છે. એટલા દુઃખ મેં સહન કર્યા. એ દુઃખની વ્યાખ્યા કરશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૪, રવિવાર
## તા. ૯-૧-૧૯૭૭, ગાથા-૧૧૨, ૧૧૩, ૧૧૪
## પ્રવચન નં. ૧૮૧

પરમાત્મપ્રકાશ, બીજા અધિકારની ૧૧૨ ગાથા. અહીંયા કહે છે કે '**પતંગાદિક એક એક વિષયમેં લીન હુએ...**' પાંચ દાખલા આપ્યાને પાંચ વિષયના. એ '**પતંગાદિક એક એક વિષયમેં લીન હુએ નષ્ટ હો જાતે હૈં,...**' પાંચ દાખલા આપ્યા. '**લેકિન જો પાંચ ઇન્દ્રિયોંકે વિષયોંમેં મોહિત હૈં,...**' આહાહા..! '**વે વીતરાગ ચિદાનન્દસ્વભાવ પરમાત્મતત્ત્વ ઉસકો ન સેવતે હુએ,...**' આહાહા..! જે પરમાત્મતત્ત્વ વીતરાગી આનંદસ્વરૂપ ચિદાનંદસ્વભાવ એની દૃષ્ટિ ન કરતાં, એને ન સેવતા. ન સેવતા એટલે પાંચઇન્દ્રિયના વિષયને સેવે છે.

પોતાનો સ્વભાવ '**વીતરાગ ચિદાનંદ સ્વભાવ પરમાત્મતત્ત્વ ઉસકો ન સેવતે હુએ,...**' અણીન્દ્રિય અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવું પરમાત્મતત્ત્વ પોતાની વસ્તુ તરફની દૃષ્ટિ નહિ કરતા થકા, એની સેવા નહિ કરતા થકા, '**ન જાનતે હુએ,...**' હું વીતરાગી સુખસ્વરૂપ ચિદાનંદ આત્મા છું એવું જેને જ્ઞાન નથી અને નહિ માનતા થકા, માનતા નથી કે હું આવો છું. હું તો રાગ છું ને પુણ્ય છું ને પાંચઇન્દ્રિયોના વિષયોમાં સુખ છે એવી બુદ્ધિ છે. એ અજ્ઞાની ચાર ગતિમાં રખડનારો છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઔર ન ભાવતે હુએ,...**' વીતરાગી ચિદાનંદ પરમાત્મસ્વરૂપ પોતાનું એ કેમ બેસે એને? પરમાત્મસ્વરૂપ પોતાનું છે એને માનતો નથી, એને ભાવતો નથી એની એકાગ્રતા થઈને. આહાહા..! પરથી ચિત્ત ખસેડીને નિજ આનંદસ્વરૂપ ભગવાનમાં ચિત્ત લગાતવો નથી—એકાગ્રતા નથી કરતો. આહાહા..! એ '**અજ્ઞાની જીવ મિથ્યા માર્ગકો વાંછતે,...**' હૈં.

આહાહા..! એ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખબુદ્ધિ એ મિથ્યામાર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત ભાઈ! ભગવાનની વાણી સાંભળે, ભગવાનને જોવે એ પણ ઇન્દ્રિયનો વિષય છે. આહાહા..! એ ઇન્દ્રિય છે. એમાં જેની એકત્વબુદ્ધિમાં સુખ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? એ '**અજ્ઞાની જીવ મિથ્યા માર્ગકો વાંછતે,...**' હૈં. આહાહા..! અંતર્મુખ જવું એ અંતરનો માર્ગ છે એને છોડીને બહિરમાં માર્ગ છે એમ કુમાર્ગને માને છે. એમ કહે છે જરી. સમજાણું કાંઈ? શુભરાગમાં પણ મજા છે એ માનનારા કુમાર્ગમાં જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

વીતરાગ ચિદાનંદસ્વભાવને છોડીને રાગાદિભાવ જે છે એમાં મિથ્યામાર્ગને વાંછે છે તે '**કુમાર્ગકી રુચિ રખતે હુએ...**' આહાહા..! પાંચઇન્દ્રિયના વિષયોમાં જે રાગ ઉત્પન્ન થાય છે એ રાગમાં રુચિ છે તે કુમાર્ગની રુચિ છે. આહાહા..! '**નરકાદિ ગતિમેં ઘાનીમેં પિલના,...**' આહાહા..! એ નરકગતિમાં જાય છે ત્યાં ઘાણીમાં પીલે છે પરમાધામી. આહાહા..! સમજાણું કાંઈ? પર તરફના વિષયમાં રાગ ઉત્પન્ન થાય છે અને રાગમાં જેની રુચિ છે તેને ચિદાનંદ વીતરાગસ્વભાવ પ્રત્યેની અરુચિ છે. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ! મિથ્યામાર્ગની કુમાર્ગની રુચિ રાખે છે. આહાહા..! એ રાગ ને વિષયવાસના બધો કુમાર્ગ છે. આહાહા..! એ ચિદાનંદ વીતરાગસ્વભાવ તરફ ઢળવાનો એ માર્ગ નથી. એ તો બંધ તરફ ઢળવાનો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઘાનીમેં પિલના,...**' આહાહા..! '**કરોંતસે વિદરના,...**' કરવતથી વિદારે, કટકા કરે. આહાહા..! નરકમાં, તિર્યંચમાં પણ એમ થાય છે ને, કાપી નાખે, કટકા કરે. આહાહા..! કહ્યું નહોતું એક ફેરી નારણભાઈનું? નારણભાઈ, કોઈ પારસી હતા એને મળવા ગયા. ત્યાં ભુંડના ભુંડના લોઢાના પાતળા સળિયાથી પગ બાંધ્યા પગ. આહા..! અને અગ્નિની ભઠ્ઠી હતી એમાં શેકવા માટે નાખી દીધો. આહાહા..! પણ એ તો પારસી એટલે આ નારણભાઈ તો શું કહી શકે? પોસ્ટમાસ્તર હતા. આહાહા..! એવી રીતે જેને આત્મા વીતરાગી ચિદાનંદપ્રભુની રુચિ નથી, સન્મુખતા નથી એનાથી વિમુખ માર્ગમાં રુચિમાં પડ્યા છે એને નરકાદિ ગતિમાં કરવતથી કટકા કરવા, ઘાણીમાં પિલાવું આદિ દુઃખ સહન કરવા પડે છે. આહાહા..!

'**ઔર શુલી પર ચઢના...**' લોઢાની શૂળી હોય એના ઉપર ચડાવે. આહા..! પરમાધામી આમ લટકાવે. આહાહા..! પાતળી વસ્તુ એક હોય, શરીર આખું નીકળી જાય, અંદર ગરી જાય. એવી વેદના અનંતવાર સહન કરી છે, આત્માના અતીન્દ્રિય વીતરાગી આનંદની રુચિ વિના. સમજાણું કાંઈ? પાંચઇન્દ્રિયના વિષયમાં રુચિ પ્રેમ છે એ કુમાર્ગ છે. આહાહા..! અણીન્દ્રિય એવો જે ભગવાન તરફનો જેને ઝુકાવ નથી, એ સ્વભાવ ચૈતન્ય આનંદપ્રભુનો જેને પ્રેમ નથી, રુચિ નથી, શ્રદ્ધા નથી, જાણવું નથી, ભાવના નથી... આહાહા..! એ પરમાં શ્રદ્ધા અને જાણવું રાખે છે. આવો માર્ગ છે ભાઈ! '**ઇત્યાદિ અનેક દુઃખોંકો દેહાદિકકી પ્રીતિસે ભોગતે હૈં.** ' આહાહા..! દેહનો પ્રેમ, રાગનો પ્રેમ, સ્ત્રી-કુટુંબનો પ્રેમ આહાહા..! ધંધો આદિ કરવાનો પ્રેમ. એ દેહાદિ, આદિ શબ્દ છે ને? આહાહા..! '**દેહાદિકકી પ્રીતિસે ભોગતે હૈં.**' આહાહા..! દેહના

પ્રેમથી અને સ્વરૂપના અપ્રેમથી. ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ એના એના અપ્રેમથી, દેહ, વિષયાદિના પ્રેમથી, આહાહા..! આ દુઃખો ભોગવે છે.

‘**યે અજ્ઞાની જીવ વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિસે પરાંગ્મુખ હૈં,...** ’ આહાહા..! પોતાનો સ્વભાવ વીતરાગ નિર્વિકલ્પઅભેદ પરમશાંતિ એ પોતાનો સ્વભાવ છે. આહાહા..! તેનાથી પરાંઙમુખ છે, અજ્ઞાની તેનાથી વિમુખ છે. આહાહા..! બહારના પાંચઇન્દ્રિયના વિષયો તરફના પ્રેમમાં પડ્યા, આહાહા..! એને આ દેહાદિની પ્રીતિથી દુઃખો ભોગવવા પડે છે. આહાહા..! ‘**જિનકે ચિત્ત ચંચલ હૈં,...**’ આહાહા..! ચિત્તચંચળ એટલે પર તરફમાં, વિકલ્પ તરફમાં ઝુકાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એકદમ પરમાત્મપ્રકાશ ગ્રંથ છે ને. તો પરમાત્મસ્વરૂપ જ પોતાનું છે. એનું સામર્થ્ય—ભગવાન પ્રભુ આત્માનું સામર્થ્ય જ પરમાત્મસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદ, ચિદાનંદ વીતરાગી નિર્વિકલ્પ આનંદ એ પોતાનો સ્વભાવ ત્રિકાળીસ્વરૂપ જ એ છે. આહાહા..! એ તરફની અતીન્દ્રિયઆનંદની શ્રદ્ધા, જ્ઞાનને ભાવના વિના ઇન્દ્રિયો તરફના વિષયોની શ્રદ્ધા, ભાવના અને જાણવાથી એ દેહની પરની પ્રીતિ છે. સમજાણું કાંઈ? એનાથી ચાર ગતિમાં દુઃખ ભોગવવા પડે. આહાહા..!

બ્રહ્મદત્ત ૭૦૦ વર્ષ ચક્રવર્તીપદે રહ્યો. સાતસો વર્ષમાં જન્મથી તો કાંઈ ચક્રવર્તીપદ તો ન હોય, પછી મળ્યું. સાતસો વર્ષ રહ્યો. આહાહા..! હીરાના ઢોલીયા. ઢોલીયાને શું કહે છે? હેં? પલંગ. હીરાના પલંગ. સોના, રૂપાની આમ હીરાના રતનથી જડેલી લાકડી હાથમાં. સમજ્યા? એ ૭૦૦ વર્ષના શ્વાસ જેટલા થાય એના એક એક શ્વાસનું દુઃખ સાતમી નરકમાં અગિયાર લાખ પલ્યોપમનું દુઃખ (ભોગવે). ઓહોહો..! ગજબ વાત ભાઈ! એક શ્વાસનું અહીંયા કલ્પનાનું સુખ, એક શ્વાસ હોં! એના ફળ તરીકે અગિયાર લાખ પલ્યોપમનું એક શ્વાસમાં એટલું દુઃખ એને ત્યાં. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :— તીવ્ર રુચિ થઈ હોય.

ઉત્તર :— તીવ્ર થઈને, રુચિ તીવ્ર થઈ એમાં. આહાહા..! રાગમાં, પુણ્ય ને પાપમાં રુચિ ઉગ્ર થઈ ગઈ. આહાહા..! પુણ્યના ફળમાં સામગ્રી ચક્રવર્તીપદ, છન્નું હજાર સ્ત્રી. આહાહા..! છન્નું કરોડ પાયદળ એનો લાડો મરીને સાતમી નરકે ગયો. આહાહા..! સાતમી નરકે ગયો. પોતાની ચીજની સંભાળ ન કરી અને પોતા સિવાય બીજી ચીજની સંભાળમાં રોકાઈ ગયો. આહાહા..!

મુમુક્ષુ :— પરમાં રોકાઈ જાય, મંદકષાયમાં રોકાય જાય.

ઉત્તર :— મંદકષાયમાં રોકાઈ જાય એ કુમાર્ગ છે. એ તો આવ્યું હતું ને, મોક્ષમાર્ગપ્રકાશકમાં, કષાયની મંદતાના કાર્યમાં પ્રવર્તે પણ નિશ્ચયનું ભાન ન કરે તો એ પણ રખડે ચાર ગતિમાં. આહાહા..! સમજાણું કાંઈ? મંદકષાય પણ વિષય છે, એક રાગ. આહાહા..! ભગવાનઆત્માનું સ્વરૂપ તો વીતરાગ આનંદસ્વરૂપ પ્રભુ છે અંદર. આહાહા..! ઓહોહો..! કહો, એવા દુઃખ. એકશ્વાસમાં અગિયારલાખ પલ્યોપમ. એક પલ્યોપમના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ

(જાય). એક પલ્યોપમના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ, એવા એવા અગિયાર લાખ પલ્યોપમ. એક શ્વાસમાં વિષયની ગૃદ્ધિ. આહાહા..! પરવિષય એમ કહેવું છે ને. સ્વવિષય છોડીને પરવિષયના પ્રેમમાં પડ્યો તો એ ચાર ગતિના દુઃખમાં નરકમાં વિદારણ, શૂળીએ ચડવું. આહાહા..! બહુ જ ગૃદ્ધિ, વિષયના પ્રેમમાં રસમાં એટલી ગૃદ્ધિ. આહાહા..! જાણે બધું સર્વસ્વ એમાં આવી જતું હોય, પાંચઈન્દ્રિયના ભોગમાં. આહાહા..! એ વિષયમાં સ્ત્રીની સાથે રમતાં, બાળક છોકરા સાથે રમતાં બીજી રમતું, આ બીજી રમતું, બધી રમતું પરની છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પરની રમતુંમાં પોતાની રમણતા ભૂલી ગયો. આવો માર્ગ છે.

'**યે અજ્ઞાની જીવ વીતરાગનિર્વિકલ્પ...**' પરમશાંતિ, પરમશાંતિ. પરમાત્મા પરમશાંતિ. આહાહા..! શાંતિનો સરોવર, શાંતિનો સમુદ્ર એવો જે ભગવાનઆત્મા શાંત શાંત સુખરૂપ અને શાંતરસ. આહાહા..! એનાથી પરાંઙમુખ થઈ '**જિનકે ચિત્ત ચંચલ હૈં,...**' આહાહા..! '**કભી નિશ્ચલ ચિત્તકર નિજરૂપકો નહીં ધ્યાવતે હૈં.**' ભગવાનઆત્મા આનંદસ્વરૂપનું કદી ધ્યાન, લીનતા, એ તરફનો ઝુકાવ કરતા નથી. સમજાણું કાંઈ? '**નિશ્ચલ ચિત્તકર...**' નિજસ્વરૂપને કદી ધ્યાવતા નથી. નિજસ્વરૂપ તરફ કદી ઝુકાવ કરતા નથી. આહાહા..! પર તરફના ઝુકાવમાં આખી જિંદગી મસ્તપણે પાગલપણે કાઢી, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઔર જો પુરુષ સ્નેહસે રહિત હૈં,...**' આહાહા..! પોતા સિવાય પર, બધા રાગાદિ પરપદાર્થમાં પ્રેમ રહિત છે, એ '**વીતરાગનિર્વિકલ્પ સમાધિમેં લીન હૈં,...**' આહાહા..! સમ્યગ્દર્શન પણ વીતરાગનિર્વિકલ્પની શ્રદ્ધા છે, સમાધિ છે. આહાહા..! વીતરાગ નિર્વિકલ્પ શાંતિમાં લીન છે તે જ જીવો '**લીલામાત્રમેં સંસારકો તૈર જાતે હૈં.**' આનંદ આનંદ કરીને સંસારને પાર કરી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કરવું પણ એમાં? આહા..! ઈ તો કહે છે, પ્રભુ! તારી ચીજ વીતરાગ આનંદથી, શાંત રસેન્દ્ર શાંતરસનો ઈન્દ્ર પ્રભુ તું તો છો. આહાહા..! એ તરફ ચિત્તની ચંચળતા રોકીને અંદર કદી જાતો નથી. સ્વરૂપ તરફનું ધ્યાન કદી નથી કરતો. આહાહા..! આ કરવું. શેઠ!

મુમુક્ષુ :— સાધન મળે ત્યારે થાય.

ઉત્તર :— સાધન કોનું? અંતર સાધન છે ને. આનંદ નામનો કરણ ગુણ છે એમાં. આત્મામાં અતીન્દ્રિયઆનંદ નામનો કરણ—સાધન ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મામાં કરણ નામનો, સાધન નામનો એક અનાદિ ગુણ છે. ઓહોહો..! એ તરફનો ઝુકાવ, પ્રેમ, રુચિ કદી કરી નહિ અને બહારના પ્રેમમાં ફસાઈને ભ્રષ્ટ થઈ ગયો. આહાહા..! એવા એક પછી એક કામ આવે કે એને કર્યા વિના છૂટકો ન થાય, જિંદગી ચાલી જાય, થઈ રહ્યું. છોકરા નાના છે, મોટા કરવા છે, મોટા થાય તો લગન કરવા છે. કન્યા કુંવારી પાંચ-સાત હોય એને પરણાવવી છે, એક પછી એક. એમને એમ જિંદગી ચાલી જાય. અરર..!

મુમુક્ષુ :— જવાબદારી છે ને.

ઉત્તર :— ધૂળેય જવાબદારી નથી.

મુમુક્ષુ :— ઘરમાં બાયડી રહેવા ન દ્યે.

ઉત્તર :— બાયડી ક્યાં એની હતી તે રહેવા ન દ્યે. ઈ તો કો'ક છે, પર છે. આહાહા..! આવી વાતું છે. જવાબદારીમાં એમને એમ જિંદગી ચાલી જાય છે એમ કહે છે. આહાહા..! છોકરો મોટો થાય તો એના લગ્ન કરવા, વળી એને છોકરા થયા. ઓલું કહ્યું નથી? માણસ હતો ત્યાં સુધી બે પગ હતા, બાયડી પરણ્યો ત્યારે ચાર પગો ઢોર થયો. ભાઈએ નથી લખ્યું? દુર્ઘટના. હુકમચંદજી. ભગવાન પરણ્યા નહોતા. સ્ત્રી થઈ તો દુર્ઘટના, સ્ત્રી થઈ એટલે દુર્ઘટના (ઘટી). આહાહા..! એક પછી એક વિષય ને ભોગ ને એને સાચવવા ને એના દીકરા ને.. આહાહા..! દુર્ઘટના ઊભી કરી મોટી. આહાહા..! હેં!

મુમુક્ષુ :— દુર્ઘટના ઉત્પન્ન થાય તેને નભાવવી શી રીતે?

ઉત્તર :— એ વખતે જ રુચિ છોડી દેવી એણે. એનું થાવું હશે ઈ થાશે, અમારે શું છે અહીં? અમે તો અમારું કરીએ કે તારું કરીએ? આહાહા..! હેં! આહાહા..!

અહીં કહે છે કે જે પોતાનું વીતરાગી નિર્વિકલ્પસ્વરૂપ છે એમાં ધ્યાન કરવાથી  લીલામાત્રમાં આનંદ આનંદથી સંસારને પાર પામી જવાય છે. આહાહા..!

મુમુક્ષુ :— ચારિત્ર પાળવું તો બહુ કઠણ છે.

ઉત્તર :— પહેલા હજી આત્માના દર્શન તો કરે, ચારિત્ર પછી. સમજાણું કાંઈ? આત્મા આનંદસ્વરૂપ છે એની નિર્વિકલ્પ પ્રતીતિ અને જ્ઞાન તો પહેલા કરે. ચારિત્ર ધર્મ છે. ધર્મનું મૂળ તો સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર ક્યાંથી આવ્યું? લોકોને ઈ કઠણ પડે છેને.

મુમુક્ષુ :— વ્રત લ્યે ઈ ચારિત્ર નહિ?

ઉત્તર :— વ્રત, ક્યુ વ્રત હતું? સમ્યગ્દર્શન વિના વ્રત કેવા? વેઠ છે બધી રાગની. આહાહા..! બાળવ્રત ને બાળતપ છે. આહા..! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ વીતરાગ સહજાનંદ શાંતિનો પિંડ પ્રભુના પ્રેમ અને રુચિ વિના આ બધું છે એ બધું વૃથા બાળવ્રત અને બાળતપ છે. આહાહા..! મહાપ્રભુની રુચિ ન થઈ, મહાપ્રભુ પોતે છે. આહાહા..!

મુમુક્ષુ :— મહાપ્રભુ તો વૈષ્ણવમાં હોય.

ઉત્તર :— અહીં આત્મામાં છે. એ ઓલા કહેતા હતા, ઉમરાળામાં ન સમજે ને ઈ. સહજાનંદી શુદ્ધસ્વરૂપી બોલે ને? ત્યારે જીવાભાઈના બા હતા ત્યાં, ઈ કહે, સહજાનંદી આપણે ક્યાંથી આવ્યું? સહજાનંદ તો સ્વામીનારાયણને હોય. ઈ એમ કહે. પણ આ સહજાનંદ સ્વરૂપ જ આત્મા છે. ઈ સહજાનંદ તો જગતનો એક માણસ હતો. આહાહા..! સમજાણું કાંઈ? આ આત્મા સહજાનંદસ્વરૂપી (છે).

ઈ તો હમણાં બે-ત્રણ દિ' પહેલા કહ્યું નહોતું? સજ્ઝાય. સજ્ઝાય કહી હતી ને? 'સહજાનંદી રે આત્મા...' સહજાનંદી આત્મા પોતે. ભૂલી ગયા ભાષા. 'સૂતો કાંઈ નિશ્ચિંત રે, મોહ તણા રે

રણિયા ભમે' મોટો મોહનો દેણદાર ભરે છે માથે. આહા..! 'જાગ જાગ મતિવંત રે' આ તો દુકાન ઉપર વાંચેલા નાની ઉંમરમાં, ૧૮-૧૯ વર્ષ. આહાહા..! કેવી એક સજ્ઝાય છે ને. જયંતિભાઈ! સજ્ઝાયમાળા ચાર આવે છે શ્વેતાંબરમાં. એ અહીં છે, આપણે ચારેય છે. દુકાન ઉપર હતી તે દિ'. 'સહજાનંદી રે આત્મા, સૂતો કાંઈ નિશ્ચિંત રે.' નિશ્ચિંત (થઈને) સૂતો છે, બાયડી છોકરા સાચવીને. મરી ગયો છો. 'મોહ તણા રે રણિયા ભમે' મોહના લેણદારો ઊભા છે મોટા મહાપાપી. આહા..! 'જાગ જાગ મતિવંત રે, લૂંટે જગતના જંત રે..' બાયડી, છોકરા, કુટુંબી બધા લૂટે. અમને હજી સરખા તો કરો, પછી નિવૃત્ત થાઓ. અમને સરખા રવેડે ચડાવી દ્યો. 'લૂટે જગતના જંત રે, નાખી વાંક અનંત રે'. વાંક નાખે, અમને શું કરવા પરણ્યા હતા? શું કરવા છોકરા કર્યા તમે? એઈ.. શાંતિભાઈ!

મુમુક્ષુ :— વચન આપ્યું હોય તો પાળવું પડે.

ઉત્તર :— ધૂળેય નથી, ન્યાં પાળે કોણ?

મુમુક્ષુ :— જાળ ઊભી કરી.

ઉત્તર :— જાળ ઊભી કરી. નહોતું કીધું? બાયડી થઈ ત્યારે ચાર પગો થયો, ઢોર થયો ઢોર. અને એને છોકરો થયો તો ભમરો થયો ઈ. છ પગો. છ પગ હોય ભમરાને. એને પરણાવે ત્યારે આઠ પગો થયો, કરોળિયો થયો કરોળિયો. કરોળિયો સમજો છો? મકડી. લાળ કાઢીને સલવાય એમાં ને એમાં. આહાહા..! અરર..ર..! એકલો તું પ્રભુ ક્યાં ક્યાં રોકાણો તું? સમજાણું કાંઈ?

ઈ અહીં કહે છે, જુઓ! આહાહા..! '**वीतरागनिर्विकल्प समाधिमें लीन हैं, वे ही लीलामात्रमें...**' આહાહા..! એ બાજુ લીન છે એને નરકાદિને દુઃખ ભોગવવા પડે છે એમ કહે છે. આહાહા..! એ ૧૧૨ (પૂરી થઈ).

## ગાથા-૧૧૩

अथ लोभकषायदोषं [१]दर्शयति :-

२४३) जोइय लोहु परिच्चयहि लोहु ण भल्लउ होइ।
लोहासत्तउ सयलु जगु दुक्खु सहंतउ जोइ।।११३।।
योगिन् लोभं परित्यज लोभो न भद्रः भवति।
लोभासक्तं सकलं जगद् दुःखं सहमानं पश्य।।११३।।

हे योगीन् लोभं परित्यज। कस्मात्। लोभो भद्रः समीचीनो न भवति। लोभासक्तं समस्तं जगद् दुःखं सहमानं पश्येति। तथाहि-लोभकषायविपरीतात् परमात्मस्वभावाद्विपरीतं लोभं त्यज हे प्रभाकरभट्ट। यतः कारणात् निर्लोभपरमात्मभावनारहिताजिवा दुःखमुपभुञ्जानास्तिष्ठन्तीति तात्पर्यम्।।११३।।

---

૧. પાઠાન્તર :- दर्शयति=प्रतिपादयति

आगे लोभकषायका दोष कहते हैं–

गाथा–११२

अन्वयार्थ :- [योगिन्] हे योगी, तू [लोभं] लोभको [परित्यज] छोड, [लोभो] यह लोभ [भद्रः न भवति] अच्छा नहीं है, क्योंकि [लोभासक्तं] लोभमें फँसे हुए [सकलं जगत्] सम्पूर्ण जगत्को [दुःखं सहमानं] दुःख सहते हुए [पश्य] देख।

भावार्थ :- लोभकषायसे रहित जो परमात्मस्वभाव उससे विपरीत जो इसभव परभवका लोभ, धन धान्यादिका लोभ उसे तू छोड़। क्योंकि लोभी जीव भव भवमें दुःख भोगते हैं, ऐसा तू देख रहा है।।११३

---

હવે, લોભ કષાયનો દોષ બતાવે છે :-

ભાવાર્થ :- હે પ્રભાકરભટ્ટ! લોભકષાયથી વિપરીત એવા પરમાત્મસ્વભાવથી વિપરીત લોભને તું છોડ, કારણ કે નિર્લોભ એવા પરમાત્માની ભાવનાથી રહિત જીવો દુઃખ ભોગવી રહ્યા છે. ૧૧૩.

---

**ગાથા–૧૧૩ ઉપર પ્રવચન**

'આગે લોભકષાયકા દોષ કહતે હૈં—' હવે લોભ, લોભ. આહાહા..! ૧૧૩.

२४३) जोइय लोहु परिच्चयहि लोहु ण भल्लउ होइ।
लोहासत्तउ सयलु जगु दुक्खु सहंतउ जोइ।।११३।।

**અન્વયાર્થ :—** 'હે યોગી,...' હે મુનિ, હે આત્મા! 'લોભકો છોડ,...' આહાહા..! આ ભવનો લોભ, પરભવનો લોભ, સ્ત્રીનો લોભ, પૈસાનો લોભ, આબરુનો લોભ. આહાહા..! **'યહ લોભ અચ્છા નહીં હૈ, ક્યોંકિ લોભમેં ફંસે હુએ... '** લોભમાં ફસાયેલા પ્રાણી જગત. આહાહા..! 'સંપૂર્ણ જગતકો...' આહાહા..! 'दुःखं सहमानं' **'દુઃખ સહતે હુએ દેખ.'** લોભમાં ફસાયેલા પ્રાણી દુઃખ સહન કરતા દેખ. આહાહા..! એમ ને એમ જિંદગી પૂરી થઈ જાય, ૫૦-૬૦ વર્ષે. પછી રળશું ને પછી આમ કરવું ને પછી.. ત્યાં દેહ છૂટી જાય, જાય ઢોરમાં. આહાહા..! પશુમાં. માંસ આદિ ન હોય એટલે (નરકમાં ન જાય). સમજાણું કાંઈ? નહિ સત્સમાગમ, નહિ શ્રવણ કરવું, નહિ વિચારવું આત્માનું. રળવું, રળી રળીને બાયડી થઈ ને છોકરા થયા ને સાચવ્યા. ત્યાં એકદમ આયુષ્ય પૂરું. જાઓ મરીને ઢોર કાગડા ને કૂતરામાં રખડો. આહાહા..!

મુમુક્ષુ :— કાગડા કૂતરામાં રખડવાની બીક બહુ મોટી.

ઉત્તર :— ઈ બીકની ક્યાં વાત છે. તિર્યંચ થાય જ તે બીજે જાય ક્યાં ઈ? કારણ કે મનુષ્યપણાના સરળપણાના પરિણામ નથી, દેવના પરિણામ નથી, દાન, દયા, પૂજાના ભાવ પણ

કંઈ કર્યા નથી. આહાહા..! એમાં ને એમાં જિંદગી વઈ (ચાલી) જાય, હમણા કરશું, પછી કરશું, પછી કરશું. એક છોડીને પરણાવી દઈએ, દીકરાને પરણાવી દઈએ, ફલાણું આટલું (કરી લઈએ), આટલા પૈસા ભેગા કરી લઈએ પછી નિરાંત. પણ ભેગા કર્યા પહેલા મરી જઈશ એનું શું?

મુમુક્ષુ :— હોય તો ઘડપણમાં કામ આવે.

ઉત્તર :— હા, ઘડપણમાં કામ આવે, કહેતા હતા ઈ. આહાહા..!

મુમુક્ષુ :— પૈસા હોય તો નિરાંતે સોનગઢમાં રહેવાય ને.

ઉત્તર :— જરાયે રહેવાય નહિ પૈસાવાળાને. આહાહા..!

એ લોભ ભલો નથી. '**भद्रः न भवति**' આહાહા..! ભગવાનઆત્માની ભાવના સિવાય લોભ તે સારો નથી, દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :— લોભ પાપનો બાપ.

ઉત્તર :— બાપ.

સંપૂર્ણ જગતકો '**લોભમેં ફંસે હુએ સંપૂર્ણ જગતકો દૂઃખ સહતે હુએ દેખ.**' આહાહા..! સુખી નથી ઈ, એમ કહે છે. આહા..! પૈસાવાળા લોભી પ્રાણી દુઃખી બિચારા છે. આહાહા..!

મુમુક્ષુ :— ઉપરથી તો સુખી દેખાય છે.

ઉત્તર :— ધૂળેય સુખી નથી. દુઃખી છે. નિવૃત્તિ લેવાનો વખત નથી. એમાં ને એમાં પડ્યો છે, દેખાતો નથી દુઃખી? શેઠ! આહાહા..!

અહીંયા તો ભગવાન આચાર્ય મહારાજ, નિજ પરમાત્માસ્વરૂપ સિવાય જેટલા પર તરફના વિકલ્પમાં રોકાય છે એ લોભી ચારગતિમાં દુઃખ સહન કરશે એમ દેખ, એમ કહે છે. કારણ કે એને ચારગતિ મળશે. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :—** '**લોભકષાયસે રહિત પરમાત્મસ્વભાવ...**' ત્રણ વાત લ્યે છે. પહેલા તો, આત્મા કેવો છે આ? કે લોભકષાયથી રહિત. પરમાત્મસ્વભાવ ભગવાન પરમાત્મ વીતરાગસ્વભાવ.

મુમુક્ષુ :— એનાથી વિપરીત.

ઉત્તર :— એનાથી વિપરીત. લોભકષાયથી વિપરીત પરમાત્મસ્વભાવ અને પરમાત્મસ્વભાવથી વિપરીત લોભ. આહાહા..! છે? શૈલી એવી છે. જયસેનાચાર્યની એવી શૈલી છે, આમની એવી શૈલી છે.

'**લોભકષાયસે રહિત...**' લોભને છોડવાનું બતાવવું છે ને. તો છોડે ક્યારે? કે વસ્તુ લોભરહિત જ છે. આહાહા..! ઇચ્છામાત્ર છે એ બધું દુઃખ, એનાથી રહિત ભગવાનઆત્મા તો છે. આહા..! '**લોભકષાયસે રહિત જો પરમાત્મસ્વભાવ...**' પોતાનો. આહાહા..! '**ઉસસે વિપરીત જો ઈસભવ પરભવકા લોભ,...**' આ ભવનો સ્ત્રીનો, કુટુંબનો, દીકરાનો, પુત્રનો, મકાનનો, આબરુનો બધાનો. આહાહા..! આ ભવસંબંધી લોભ. આ ભવમાં પછી બધું આવ્યું. સ્ત્રી, પુત્ર, દીકરી, વેપાર, ધંધા એ આ ભવસંબંધી લોભ. પરભવ સંબંધી લોભ. આહાહા..!

મુમુક્ષુ :— સારો ભવ મળે.

ઉત્તર :— સારો ભવ મળે તો આમ થાય. ભવ કે દિ' સારો હતો? અહીંથી મરીને સારો ભાવ મળે. ભક્તિ કરીએ, પૂજા કરીએ. એ લોભ છે પરભવનો. ચારગતિનો ભવ કરવો એ જ લોભ છે. આહાહા..! કેમકે આત્મા તો ચારગતિ અને ચારગતિના ભાવરહિત સ્વરૂપ છે ભગવાન તો. આહા..! એનો એ અંતર વિશ્વાસ કરતો નથી. એનું એ જ્ઞાન કરતો નથી. એ તરફની લીનતા નથી અને આ ભવ અને પરભવના લોભમાં ઘુસી ગયો છે. આહાહા..! અરે! જિંદગી.. પછી કરશું, પછી કરશું, ત્યાં તો મરી જાય, થઈ રહ્યું, ચાલ્યો ઉપડ્યો. આહાહા..! ઘણા જોયા છે માણસ. હમણા હજી તો પચાસ વર્ષની ઉંમર છે. હજી શું? ઘણો વખત છે. હમણા રળી લ્યો, કમાઈ લ્યો. મરીને જાશે ઢોરમાં. પશુ થાય, પશુ. કાગડા, કૂતરા ને કાં કૂતરીના બચ્ચા. સમજાણું કાંઈ? આહાહા..!

'**ધન ધાન્યાદિકા લોભ...**' છે? ધનનો લોભ. અનાજ—ધાન આદિનો લોભ. આટલું સંઘરી રાખો, આટલા મકાન કરી રાખો એટલે આપણા પૈસા સચવાય. આહાહા..! કો'કને દીધે તો લઈ જાય અને ન આપે તો? મકાનો કરી રાખો આપણે, પૈસા તો ન જાય. આહાહા..! અરે..અરે..! મારી નાખ્યા.

મુમુક્ષુ :— મકાન કર્યું ત્યાં પૈસા તો વયા ગયા.

ઉત્તર :— ઈ વયા ગયા પછી, કો'કને આપ્યા હોય અને આપે નહિ, ઈ કરતાં ભાડા ઊપજે, મકાન પોતાને તાબે રહે. આહા..! મારી નાખ્યા જગતને.

ભગવાન નિર્લોભસ્વરૂપ ભગવાનઆત્મા.. આહાહા..! સંતોષનો સાગર. પ્રભુ તો સંતોષનો સાગર. આહાહા..! એ ઉપર નજર ન કરતાં એનાથી વિરુદ્ધના લોભમાં પડ્યો, પચ્યો. આહાહા..! ભાઈ તારે કે દિ' કામ કરવું છે? આહા..! હેં!

મુમુક્ષુ :— છે એનું શું કરવું?

ઉત્તર :— ક્યાં છે? ઈ તો એને ઘરે છે, તમારી પાસે ક્યાં છે? છે તો એની પાસે છે કે તમારી પાસે છે? તમારા છે? આહાહા..!

'**ધન ધાન્યાદિક...**' ધાન આદિ છે ને? આદિ એટલે આબરુ, વંશ વધે, બહાર મોટપ મળે, પદવી સારી મળે. આટલું ભણશું તો પદવી સારી મળે. મોટી પદવી. પાંચ હજારનો, દસ હજારનો મહિને પગાર હોય. એના '**લોભ ઉસે તૂ છોડ.**' આહાહા,,! પ્રભુ! તારી પાસે ખાણ પડી છે આનંદની. આનંદની ખાણ છે ત્યાં જોને, સુખ ત્યાં છે. આહાહા..! બહારમાં સુખ ક્યાંથી આવ્યું? '**ક્યોંકિ લોભી જીવ ભવ ભવમેં દુઃખ ભોગતે હૈં,...**' આહાહા..! આ ભવમાં દુઃખ અને પરભવમાં દુઃખ. આહાહા..! '**ઐસા તૂ દેખ રહા હૈ.** ' એમ કહ્યું, જોયું! આહાહા..! '**दुःखमुपभुञ्जानास्तिष्ठन्तीति**'. તે ભોગવે છે એમ દેખ. આ ભોગવે છે, ખબર નથી આ પ્રાણી બિચારા? આહાહા..!

ગાથા-૧૧૪

अथामुमेव लोभकषायदोषं दृष्टांन्तेन समर्थयतिः-

२४४) तलि अहिरणि वरि घण-वडणु संडस्सय-लुंचोडु।
लोहहँ लग्गिवि हुयवहहँ पिक्खु पडंतउ तोडु।।११४।।
तले अधिकरणं उपरि धनपातनं संदशकलुञ्चनम्।
लोहं लगित्वा हुतवहस्य पश्य पतत् त्रोटनम्।।११४।।

तले अधस्तनभागेऽधिकरणसंज्ञोपकरणं उपरितनभागे घनघातपातनं तथैव संडसकसंज्ञेनोपकरणेन लुञ्चनमाकर्षणम्। केन। लोहपिण्डनिमितेन। कस्य। हुतभुजोऽग्नेः त्रोटनं खण्डनं पतन्त पश्येति। अयमत्र भावार्थः। यथा लोहपिण्डसंसर्गादग्निरज्ञानिलोकपूज्या प्रसिद्धा देवता पिट्टनक्रियां लभते तथा लोभादिकषायपरिणतिकारणभूतेन पञ्चेन्द्रियशरीरसंबन्धेन निर्लोभपरमात्मतत्त्वभावना रहितो जीवो घनघातस्थानीयानि नारकादिदुःखानि बहुकालं सहत इति।।११४।।

---

आगे लोभकषायके दोषको दृष्टांतसे पुष्ट करते हैं-

गाथा-११४

अन्वयार्थ :- [लोहं लगित्वा] जैसे लोहेका संबंध पाकर [हुतवहं] अग्नि [तले] नीचे रक्खे हुए [अधिकरणं उपरि] अहरन (निहाई) के ऊपर [धनपातनं] धनकी चोट, [संदशकुलुंचनम्] संडासीसे खेंचना, [पतत् त्रोटनम्] चोट लगनेसे टूटना, इत्यादि दुःखोंको सहती हैं, ऐसा [पश्य] देख।

भावार्थ :- लोहेकी संगतिसे लोकप्रसिद्ध देवता अग्नि दुःख भोगती हैं, यदि लोहेका सम्बन्ध न करे तो इतने दुःख क्यों भोगे, अर्थात् जैसे अग्नि लोहपिंडके सम्बन्धसे दुःख भोगती है, उसी तरह लोह अर्थात् लोभके कारणसे परमात्मतत्त्वकी भावनासे रहित मिथ्यादृष्टि जीव घनघातके समान नरकादि दुःखोंको बहुत काल तक भोगता है।।११४।।

---

હવે, આ જ લોભકષાયના દોષ દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે :-

ભાવાર્થ :- જેમ લોઢાના ગોળાના સંસર્ગથી અગ્નિ કે જે અજ્ઞાની લોકોમાં પૂજ્ય અને પ્રસિદ્ધ દેવ છે તે પણ ટિપાય છે, તેમ લોભાદિ કષાયપરિણતિના કારણભૂત પંચેન્દ્રિય શરીરના સંબંધથી નિર્લોભ પરમાત્મતત્ત્વની ભાવનાથી રહિત જીવ ઘણના ઘા સમાન નરકાદિનાં દુઃખો ઘણા કાળ સુધી સહન કરે છે. ૧૧૪.

## ગાથા-૧૧૪ ઉપર પ્રવચન

'આગે લોભકષાયકે દોષકો દૃષ્ટાંતસે પુષ્ટ કરતે હૈં— '

२४४) तलि अहिरणि वरि घण-वडणु संडस्सय-लुंचोडु।
लोहहँ लग्गिवि हुयवहहँ पिक्खु पडंतउ तोडु।।११४।।

**અન્વયાર્થ :— 'જૈસે લોહેકા સંબંધ પાકર અગ્નિ નીચે રખે હુએ...'** એરણ એરણ. ત્યાં એ કહે છે? નીચે લોઢાની એરણ હોય છે. **'લોહેકા સંબંધ પાકર અગ્નિ નીચે રખે હુએ અહરન કે ઉપર ઘનકી ચોટ...'** આહાહા..! હથોડા પડે છે ઉપરથી, ઈ લોઢામાં ગરી છે ને. એમ જે લોભમાં પેસે છે એને ચાર ગતિના હથોડા—દુઃખ સહન કરવા પડે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું તો ભઈ અમારે બાયડી, છોકરા, કુટુંબ કરવું બાવા થઈએ ત્યારે આવું થાય. બાવો જ છો, કે દિ' તારી ચીજ છે? અહીં તો તારી ચીજમાં રાગ પણ નથી ત્યાં વળી બીજી ચીજ ક્યાંથી આવી ગઈ? આહાહા..! દૃષ્ટિનો વિષય ભગવાન પરમાત્મા એ જ દૃષ્ટિનો વિષય છે. એકલો. આહાહા..!

ઓલા ભાઈએ લખ્યું હતું, ઈ યાદ આવ્યું. ભાઈ તલુખિયા ગયા? ભાવનગર ગયા, ઈ લાવ્યા હતા ઓલું લખાણ જુગલકિશોરનું, કોટા કોટા. એણે આ નાખ્યું હશે કે દૃષ્ટિના વિષયમાં પરદ્રવ્ય નથી. ઈ પછી આપણે અહીં વાત થઈ હતી ને. ઈ અપેક્ષા બીજી વાત છે. દૃષ્ટિનો વિષય છે એ દ્રવ્યસ્વભાવ છે એમાં જ્ઞાન, દર્શનનો સ્વભાવ છે. એ જ્ઞાન, દર્શન સ્વ-પરને જાણે એવી શક્તિ એની છે. સમજાણું કાંઈ? તો દ્રવ્યની પ્રતીતિમાં જ્ઞાન-દર્શનમાં સ્વપરપ્રકાશકનો ભાવ અંદર આવી ગયો. સમજાણું કાંઈ? ભેદપણે નહિ પણ અંદર આવી ગયો. પોતાનો જ્ઞાન અને દર્શનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે તો પરના પ્રકાશની અસ્તિ અને સ્વની અસ્તિ જ્ઞાન-દર્શનમાં આવી ગઈ. સમજાણું કાંઈ? આહાહા..! ઝીણી વાત થોડી. તો પોતાના દ્રવ્યની પ્રતીતિ કરવામાં એના જ્ઞાન, દર્શનમાં સ્વપરપ્રકાશક શક્તિ છે તો પરનું જ્ઞાન એમાં છે એની પ્રતીતિ આવી ગઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— શ્રદ્ધાનો વિષય તો માત્ર ગુણસ્વભાવ છે.

ઉત્તર :— નહિ, કહ્યું ઈ સાંભળ્યું નથી. શ્રદ્ધાનો વિષય દ્રવ્ય છે ને? દ્રવ્યમાં જ્ઞાનગુણ, દર્શનગુણ છે કે નહિ? જ્ઞાન-દર્શનગુણનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે કે નહિ? એમ કહ્યું. અભેદ છે ને? પણ અભેદમાં જ્ઞાન, દર્શન ગુણ અંદર છે ને? તો જ્ઞાન-દર્શનગુણની શક્તિ ત્રિકાળમાં સ્વપર જાણવાની એની શક્તિ છે. આહાહા..! ઝીણી વાત થોડી પડે. એ તો આ છે, આ છે એમ નથી. પણ શક્તિમાં પરની પ્રતીતિ આવી ગઈ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— પરનું જ્ઞાન આવ્યું, પરની પ્રતીતિ..

ઉત્તર :— ઈ જ્ઞાન નહિ, જ્ઞાનમાં સ્વપરપ્રકાશકનું સામર્થ્ય છે તો પરનું પ્રકાશકપણું અંદર આવી ગયું. હેં? જ્ઞાનમાં આવી ગયું. જ્ઞાનની પ્રતીતિ થઈ ત્યાં બેય ભેગું આવી ગયું. બધા ગુણની

પ્રતીતિ થઈ તો ભેગું આવી ગયું બધું. ઝીણી વાત છે ભાઈ જરી. આ તો એની પાસેથી લાવ્યા હતા. કોટામાં નાખ્યું છે. પણ આ વસ્તુ જુદી.

પરની સત્તા સંબંધીનું જે જ્ઞાન, પોતાના જ્ઞાનનો સ્વભાવ, પરનું અસ્તિત્વ અને પોતાનું અસ્તિત્વ બેયને જાણે એવું પોતાનું અસ્તિત્વ છે, એક ગુણમાં. તો એવા અનંત ગુણના પિંડની પ્રતીતિ કરે છે તો એમાં સ્વપરનું આવી ગયું. ભેદ નહિ. સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે થોડી. અને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં તો પ્રતીતિ એવી રીતે લીધી છે કે જ્ઞેય-જ્ઞાયકની પ્રતીતિ એમ લીધું છે. એકલો જ્ઞાયક નહિ. જ્ઞાનપ્રધાન કથન છે ને. કઈ ગાથા? પાછળ છે ને? (પ્રવચનસાર—૨૪૨).

दंसणणाणचरित्तेसु तीसु जुगवं समुट्ठिदो जो दु।
एयग्गगदो त्ति मदो सामण्णं तस्स पडिपुण्णं।।२४२।।

**'જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે,...'** સમજાણું કાંઈ? એકલો જ્ઞાયક નહિ. જ્ઞાયકમાં એ જ્ઞેયની વસ્તુ આવી ગઈ. પછી અહીં જ્ઞાનપ્રધાનમાં ભિન્ન કરી નાખ્યું. જ્ઞેયતત્ત્વ છ દ્રવ્ય આદિ બધા, અને જ્ઞાતૃતત્વ **'તથાપ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શન પર્યાય છે, જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે અનુભૂતિ જેનું લક્ષણ છે તે જ્ઞાનપર્યાય છે; જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાંતરથી નિવૃત્તિ તેના વડે રચાતી દૃષ્ટજ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ જેનું લક્ષણ છે તે ચારિત્રપર્યાય છે.'** સમજાણું કાંઈ? ૨૪૨.

મુમુક્ષુ :— જ્ઞાનપ્રધાન શ્રદ્ધામાં આવી જાય.

ઉત્તર :— આવી જાય, અંદર આવી જાય છે. સમ્યગ્દર્શનની પર્યાય એને કીધી. જ્ઞેયતત્ત્વ અને જ્ઞાનતત્ત્વની બેયની યથાર્થ પ્રતીતિ તે સમ્યગ્દર્શન. ઓલા એકલા જ્ઞાયકમાં શક્તિરૂપે આવી ગયું. વસ્તુ તો આવે ને.

ખરેખર તો એક આત્માની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે. એવી એક પર્યાયની પ્રતીતિ કરવાથી છ દ્રવ્યની પ્રતીતિ ભેગી આવી ગઈ. હવે એક પર્યાય એવી એવી અનંતપર્યાય જ્ઞાનગુણમાં છે. તો આ પર્યાયમાં આવ્યું તો જ્ઞાનગુણમાં બધું આવી ગયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ફરીથી.

ઉત્તર :— એક સમયની પર્યાયમાં છ દ્રવ્યની.. એ કળશટીકામાં લીધું છે. જે એક સમયની પર્યાયની પ્રતીતિ કરે એને છ દ્રવ્ય આવી જાય છે. કેમકે છ દ્રવ્યને જાણવાનું એક પર્યાયમાં સામર્થ્ય છે. તો જેણે એક પર્યાયને માની એણે છ દ્રવ્ય માન્યા. સમજાણું કાંઈ? તો એક પર્યાયમાં જ્યારે એટલી તાકાત છે તો એવી પર્યાય જ્ઞાનગુણમાં શક્તિમાં અનંતી છે. આહાહા..! જરી વાત (ઝીણી છે). સમજાણું કાંઈ? પ્રવીણભાઈ! ઝીણી વાત છે. આહાહા..! એક જાણ્યો એણે બધું જાણ્યું એનો અર્થ શું? એ અંદર આવી જાય છે.

મુમુક્ષુ :— સ્વપણે છે અને પરપણે નથી.

ઉત્તર :— નથી એ જ્ઞાન આવી ગયું એનું. આહાહા..! એ તો નવતત્ત્વની શ્રદ્ધામાં પણ એક પ્રકાર એવો છે, અસ્તિ તરીકે લ્યો ભલે, સંવર નિર્જરા. પણ ખરેખર તો સાતેય પર્યાયો નાસ્તિ છે અને અસ્તિ ત્રિકાળ છે એમાં નાસ્તિ નથી. તો એની શ્રદ્ધા કરવાથી સાતેય પર્યાયમાં એમાં નથી એવી શ્રદ્ધા આવી જાય છે. આહાહા..! એવો માર્ગ (છે) ભાઈ! ઓહો..! સર્વજ્ઞ દેવાધિદેવ પરમાત્મા એમનો માર્ગ કેવો! અલૌકિક માર્ગ! આહાહા..! કળશટીકામાં તો એ લીધું છે કે પર્યાયની જેને શ્રદ્ધા નથી, એને છ દ્રવ્યની શ્રદ્ધા નથી. ભાઈ! એમાં લીધું છે. ચૌદ બોલ છે ને? ચૌદ બોલ. ચૌદ બોલ છે એમાં છે, કળશમાં છે. એક સમયની પર્યાયની શ્રદ્ધા કરવાથી છ દ્રવ્યની શ્રદ્ધા આવી જાય છે. કેમકે પર્યાયની તાકાત છ દ્રવ્યને જાણવાની છે. તો પર્યાયની શ્રદ્ધામાં છ દ્રવ્યની શ્રદ્ધા આવી ગઈ. અને એક પર્યાય એવી અનંતી પર્યાય અંદર છે.. આહાહા..! ભેદ તરીકે નહિ પણ અંદર શક્તિરૂપે, તો અંદર આવી ગઈ. સ્વપર અસ્તિત્વ છે એની જાણવાની પર્યાય એવી અનંતી અંદરમાં છે. તો અભેદ માનવામાં બધું આવી ગયું. ઝીણી વાત થોડી છે. અહીં તો ભઈ જે વાત હોય ઈ નીકળે સ્પષ્ટ. આહાહા..!

અહીં કહે છે કે લોભી, લોભ જે કરે છે એ, '**જૈસે લોહેકા સંબંધ પાકર અગ્નિ નીચે રખે હુએ અહરનકે ઉપર ઘનકી ચોટ, સંડાસીસે ખેંચના,...**' ખેંચે ને? આહા..! ઈ અગ્નિને ખેંચે આમ. આહાહા..! એમાં જીવ મહાદુઃખી થાય અંદર અગ્નિના. આહા..! લોઢામાં અગ્નિ પેસે, તો લોઢાને ખેંચે તો અગ્નિ ખેંચાય છે. આહાહા..! અરે! એ જીવ છે ભગવાન! ભલે એકેન્દ્રિય હો, પણ પરમાત્મતત્ત્વ છે ઈ. આહાહા..! પર્યાયનું લક્ષ છોડી દે તો એ પરમાત્મતત્ત્વ જ છે. આહાહા..! એને કંઈ ક્ષેત્રની જરૂર નથી. એના સ્વભાવની શક્તિરૂપ સામર્થ્ય એટલું છે. પરમાત્મસ્વરૂપ જ શક્તિ એની છે. આહાહા..! પણ એ જ્યારે અગ્નિ લોઢાનો સંબંધ કરે છે તો અગ્નિને ઘણ પડે છે અને ખેંચે છે. એમ લોભી પ્રાણી પોતાના સ્વભાવને છોડી પરમાં પ્રીતિ કરે છે તો એને ચારગતિના દુઃખ સહન કરવા પડે છે. આહાહા..! અને એમાં પણ ગામનો મુસલમાન કોઈ હોય અને કરોડપતિ થઈ જાય તો એનું કાંઈ નહિ બહુ. પણ એક બાપના ચાર દીકરા અને વેંચીને જુદા પડ્યા પછી એક આ વધી ગયો અને મારે રહી ગયું, આ વધી ગયો ને મારે રહી ગયું. મારી નાખ્યા. મુસલમાન ગામમાં કરોડપતિ હોય તો એનું કાંઈ નહિ. પણ ચાર ભાઈને વહેંચણી દીધી તો એક એકને પચાસ લાખ પચાસ લાખ આવ્યા, ભાઈ! હવે? ઓલાને પચાસ લાખના બે અબજ થઈ ગયા. બે, પાંચ કરોડ થઈ ગયા. એક બાપના બે...

મુમુક્ષુ :— પોતાની કિંમત ઓછી થઈ ને?

ઉત્તર :— ક્યાં કિંમત ગઈ? ગામમાં હરિજન કોઈ હોય અને પૈસાવાળો હોય એનું કાંઈ નહિ એને. માણસને મારી નાખ્યા છે આમ ને આમ. આ તો બધું સ્પષ્ટીકરણ થાય છે સંસારનું. આહાહા..!

'**ઘનકી ચોટ, સંડાસીને ખેંચના, ચોટ લગનેસે ટૂટના,...**' લોઢું તુટી જાય ને, ટૂકડા

થઈ જાય. એવા અગ્નિના .. થઈ જાય. '**ઈત્યાદિ દુઃખોંકો સહતી હૈ, ઐસા દેખ.**'

**ભાવાર્થ :—** '**લોહકી સંગતિસે લોકપ્રસિદ્ધ દેવતા...**' અગ્નિ, દેવતા કહેવાય છે ને? અગ્નિદેવ કહે છે ને? તેમ આ ભગવાન દેવ આત્મા. આહાહા..! અગ્નિદેવ છે એ લોઢાની સંગિત કરે છે તો દુઃખ પામે છે. એમ ભગવાનઆત્મા પરમાત્મદેવ છે પણ લોભમાં જાય છે તો દુઃખ સહન કરવું પડે છે એમ કહે છે. આ લોઢું ને આ લોભ. આહાહા..!

મુમુક્ષુ :— થોડું ઘણું સહન કરવું પડે, પૈસા તો રહે.

ઉત્તર :— ધૂળ પૈસા ક્યાં હતા? જોયું નહિ? ઓલી બાઈ મરી ન ગઈ હમણા? શાંતિલાલ ખુશાલની. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા એની પાસે. મરી ગયો રાત્રે દોઢ વાગે ને પાંચ મિનિટે. અને બાયડી દોઢ વર્ષથી.... શું કહેવાય તમારું એ? હેમરેજ. અસાધ્ય જડ જેવી. બે અબજ ચાલીસ કરોડ. ધૂળમાં શું કરે ન્યાં? શું કહે છે?

મુમુક્ષુ :— જૂનો આંકડો છે, નવો આંકડો...

ઉત્તર :— છે એની પાસે, અત્યારે છે. અત્યારે પૈસા છે એની પાસે. સંચા સંચા હોં! સંચામાં બધા પૈસા ઘુસી ગયા. મરતા પછી વીસ લાખ દોઢ ટકે લેવા પડ્યા વાપરવા માટે. આહાહા..! બધા દુઃખી પ્રાણી છે. આપણે અહીં છે ને? બેનની દીકરીયું છે ને? પોપટભાઈની. પોપટભાઈનો એક આવ્યો છે ને? એના દીકરાનો દીકરો તો અહીં રહે છે એક. એક આવ્યો છે, કાલે આવ્યો છે ને. ગયો? નાનો. પોપટભાઈનો દીકરો આવ્યો હતો. કાલે કહેતો હતો, મારો કાકો આવ્યો છે. ત્યાં આવ્યો હતો બપોરે. છે ને. પોપટભાઈનો દીકરો છે ને. શાંતિલાલના બેનનો દીકરો. શાંતિલાલ ખુશાલ. એમાં ધૂળમાં શું છે? આહા..! મરીને હાય.. હાય.. પાછા ઢોરમાં ગયા હશે બિચારા. પશુ. અરરર! આહા..! અને આ તો દોઢ વર્ષથી ઢોરની જેમ પડી હતી. આહાહા..! એ મરીને ક્યાં ગયા બિચારા? માંસ ને દારૂ ન હોય એટલે પશુ એકેન્દ્રિયમાં, બે ઈન્દ્રિયમાં, નિગોદમાં (જાય). આહાહા..! અરેરે! પ્રભુ! આવી ચીજ છે. અહીં મોટા ચાલીસ લાખના બંગલામાં સૂતી હોય અને મરીને જાય એકેન્દ્રિય ઢોરમાં. બાપુ! એના ફળ ઈ જ કહે છે. આહાહા..! '**ઐસા દેખ.**'

'**લોકપ્રસિદ્ધ દેવતા અગ્નિ દુઃખ ભોગતી હૈ, યદિ લોહેકા સંબંધ ન કરે તો ઈતને દુઃખ ક્યોં ભોગે, અર્થાત્ જૈસે અગ્નિ લોહપિંડકે સંબંધસે દુઃખ ભોગતી હૈ,...**' હવે સિદ્ધાંત. '**ઉસી તરહ લોહ...**' લોહ એટલે લોભ. ઓલું લોહ લોઢું. '**લોભકે કારણસે પરમાત્મતત્ત્વકી ભાવનાસે રહિત...**' આહાહા..! ભગવાન શુદ્ધ ચિદાનંદ વીતરાગમૂર્તિ પ્રભુ હું છું, એવી શ્રદ્ધા જ્ઞાનથી રહિત. આહાહા..! આ વાણિયાને લાગુ બહુ પડે આ લોભનું. '**મિથ્યાદષ્ટિ જીવ ઘનઘાતકે સમાન નરકાદિ દુઃખોંકો બહુત કાલ તક ભોગતા હૈ.**' આહાહા..! નરકમાં, પશુમાં દુઃખ ભોગવે છે. માટે લોભ છોડ. નિર્લોભી ભગવાનઆત્માની દષ્ટિ અને રુચિ કર એમ કહે છે. આહા..! પરમાત્મતત્ત્વની રુચિ કર. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૧૧૫

अथ स्नेहपरित्यागं कथयतिः-

२४५) जोइय णेहु परिच्चयहि णेहु ण भल्लउ होइ।
णेहासत्तउ सयलु जगु दुक्खु सहंतउ जोइ।।११५।।
योगिन् स्नेहं परित्यज स्नेहो न भद्रो भवति।
स्नेहासक्तं सकलं जगद् दुःखं सहमानं पश्य।।११५।।

रागादिस्नेहप्रतिपक्षभूते वीतरागपरमात्मपदार्थध्याने स्थित्वा शुद्धात्मतत्त्वाद्विपरीतं हे योगिन् स्नेहं परित्यज। कस्मात्। स्नेहो भद्रः समीचीनो न भवति। तेन स्नेहेनासक्तं सकलं जगन्निःस्नेहशुद्धात्मभावनारहितं विविधशारीरमानसरुपं बहुदुःखं सहमानं पश्येति। अत्र भेदाभदरत्नत्रयात्मकमोक्षमार्ग मुक्त्वा तत्प्रतिपक्षभूते मिथ्यात्वरागादौ स्नेहो न कर्तव्य इति तात्पर्यम्। उत्कं च-''तावदेव सुखी जीवो यावन्न स्निह्यते क्वचित्। स्नेहानुविद्धहृदयं दुःखमेव पदे पदे।।''।।११५।।

---

आगे स्नेहका त्याग दिखलाते हैं-

गाथा-११५

अन्वयार्थ :- [योगिन्] हे योगी, रागादि रहित वीतराग परमात्मपदार्थके ध्यानमें ठहरकर ज्ञानका वैरी [स्नेहं] स्नेह (प्रेम) को [परित्यज] छोड़, [स्नेहः] क्योंकि स्नेह [भद्रःन भवति] अच्छा नहीं है, [स्नेहासक्तं] स्नेहमें लगा हुआ [सकलं जगत्] समस्त संसारीजीव [दुःखं सहमानं] अनेक प्रकार शरीर और मनके दुःख सह रहे हैं, उनको तू [पश्य] देख। ये संसारीजीव स्नेह रहित शुद्धात्मतत्त्वकी भावनासे रहित हैं, इसलिए नाना प्रकारके दुःख भोगते हैं। दुःखका मूल एक देहादिकका स्नेह ही है।

भावार्थ :-यहाँ भेदाभदरत्नत्रयरुप मोक्षके मार्गसे विमुख होकर मिथ्यात्व रागादिमें स्नेह नहीं करना, यह सारांश है। क्योंकि ऐसा कहा भी है, कि जब तक यह जीव जगत्से स्नेह न करे, तब तक सुखी है, और जो स्नेह सहित हैं, जिनका मन स्नेहसे बँध रहा है, उनको हर जगह दुःख ही है।।११५।।

---

હવે, સ્નેહનો ત્યાગ કરવાનું કહે છે. :-

ભાવાર્થ :- હે યોગી! રાગાદિ સ્નેહથી પ્રતિપક્ષભૂત એવા વીતરાગ પરમાત્મ-પદાર્થના ધ્યાનમાં સ્થિત થઈને શુદ્ધ આત્મતત્ત્વથી વિપરીત એવા સ્નેહને તું છોડ. શા માટે? કારણ કે સ્નેહ સમીચીન નથી. તે સ્નેહમાં આસક્ત સકળ જગતને નિઃસ્નેહ એવા શુદ્ધ આત્માની ભાવનાથી રહિત શારીરિક અને માનસિક અનેક પ્રકારનાં ઘણાં

દુઃખોને સહન કરતું, તું દેખ.

અહીં, ભેદાભેદરત્નત્રયાત્મક મોક્ષમાર્ગ છોડીને, તેના પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ, રાગાદિમાં સ્નેહ ન કરવો એવું તાત્પર્ય છે. કહ્યું પણ છે કે ''तावदेव सुखी जीवो यावन्न स्निह्यते क्वचित्। स्नेहानुविद्धहृदयं दुःखमेव पदे पदे।।'' (અર્થ :- જીવ ત્યાં સુધી સુખી છે કે જ્યાં સુધી જગતના કોઈપણ પદાર્થ પ્રત્યે સ્નેહ કરતો નથી. સ્નેહથી વીંધાયેલું (સ્નેહયુક્ત) હૃદય ડગલે-ડગલે દુઃખ જ પામે છે. ૧૧૫.

---

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૫, સોમવાર
## તા. ૧૦-૧-૧૯૭૭, ગાથા-૧૧૫, ૧૧૬, ૧૧૭
## પ્રવચન નં. ૧૮૨

પરમાત્મપ્રકાશ, ૧૧૫ ગાથા.

૨૪૫) जोइय णेहु परिच्चयहि णेहु ण भल्लउ होइ।
णेहासत्तउ सयलु जगु दुक्खु सहंतउ जोइ।।११५।।

અન્વયાર્થ :— 'હે યોગી,...' એના શિષ્યને ઉદ્દેશીને છે ને. 'રાગાદિ રહિત વીતરાગ પરમાત્મપદાર્થકે ધ્યાનમેં ઠહરકર...' આહાહા..! 'રાગાદિ રહિત વીતરાગ પરમાત્મપદાર્થ...' પોતાનો સ્વભાવ. રાગથી રહિત વીતરાગ પરમાત્મપદાર્થ એમાં ધ્યાનમાં સ્થિર થઈને, એને ધ્યેય બનાવીને, અંદર ધ્યાનમાં સ્થિર થઈને. 'જ્ઞાનકા વૈરી...' પ્રેમ ને સ્નેહ જ્ઞાનસ્વભાવના વેરી છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનનો એટલે આત્માનો. વીતરાગ પરમાત્મપદાર્થ એવું જે જ્ઞાન એનું વેરી સ્નેહ છે. આહાહા..! મિથ્યાત્વ, રાગ-દ્વેષમાં પ્રેમ કરવો એ સ્વભાવ પરમાત્મપદાર્થથી વિપરીત વેરી છે. એમાં સ્નેહ કરવાથી... 'સ્નેહ કો છોડ, ક્યોંકિ સ્નેહ અચ્છા નહીં હૈ,...' ભગવાન પરમાનંદસ્વભાવનો પ્રેમ છોડીને મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ, શરીરાદિ પરપદાર્થમાં સ્નેહ કરવો.. આહાહા..! તે સારું નથી. તારે માટે એ ઠીક નથી. આહાહા..! એકકોર ભગવાન વીતરાગ પરમાત્મસ્વરૂપ એને છોડીને રાગાદિ, મિથ્યાત્વ આદિની રુચિ, પ્રેમ કરવો એ આત્માના વેરી છે. આહાહા..!

'સ્નેહમેં લગા હુઆ સમસ્ત સંસારીજીવ...' આહાહા..! પોતાનો ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ પરમાત્મપદાર્થ એનો પ્રેમ છોડીને સકળ જગત સંસારીજીવ સ્નેહમાં લાગેલા છે. આહાહા..! 'અનેક પ્રકાર શરીર ઔર મનકે દુઃખ સહ રહે હૈં,...' શરીરથી અને માનસિક દુઃખ સહન કરી રહ્યા છે. આહાહા..! 'ઉનકો તૂ દેખ.' આહા..! 'શરીર ઔર મનકે દુઃખ સહ રહે હૈં, ઉનકો તૂ દેખ.' આહાહા..! 'યે સંસારીજીવ...' પરિભ્રમણમાં રખડનારો પ્રાણી આહાહા..! 'સ્નેહ રહિત શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે રહિત હૈં,...' ભગવાનઆત્મા સ્નેહરહિત છે. વર્તમાનમાં એ આત્મા સ્નેહરહિત છે. આહાહા..! 'સ્નેહ રહિત શુદ્ધાત્મતત્ત્વ...' જ્ઞાયકસ્વભાવ

વીતરાગસ્વભાવ ત્રિકાળી પોતાનો, એની ભાવનાથી રહિત. આહાહા..! અંતર સન્મુખતાથી રહિત અને સ્નેહમાં વિમુખતા સ્વભાવથી સ્નેહમાં લીન. આહાહા..! સમજાણું કાંઈ?

સ્નેહ. સંસારી પ્રાણી એકેન્દ્રિયથી માંડીને બધા. આહાહા..! '**શુદ્ધાત્મતત્ત્વકી ભાવના...**' અર્થાત્ મોક્ષમાર્ગ. જે પોતાનું પૂર્ણ સ્વરૂપ આનંદ, જ્ઞાન એની અંતરભાવનારહિત સ્નેહનીભાવના સહિત, એ પ્રાણીને તું દુઃખી દેખ એમ કહે છે. સમજાણું કાંઈ? '**ઇસલિયે નાના પ્રકારકે દુઃખ ભોગતે હૈં.**' નાના નામ અનેક પ્રકારના. એકેન્દ્રિયના, નારકીના, તિર્યંચના દુઃખ ભોગવે છે. આહા..! '**દુઃખકા મૂલ એક દેહાદિકકા સ્નેહ હી હૈ.**' દુઃખનું મૂળ કારણ પોતાના સ્વભાવથી વિરુદ્ધ પરપદાર્થનો પ્રેમ અને રુચિ મિથ્યાત્વ આદિ ભાવ એ આત્માના વેરી. આહાહા..! એમાં સ્નેહ ન કરવો. લ્યો. છે? '**દુઃખકા મૂલ એક દેહાદિકકા સ્નેહ હી હૈ.**' એ સ્નેહ છે એમ કહે છે. રાગમાં પ્રેમ કરવો, શુભરાગથી માંડીને બધા પદાર્થમાં પ્રેમ એ શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી રહિત છે. આહાહા..! દુઃખનું મૂળ સ્નેહ છે. આહાહા..!

**ભાવાર્થ :—** એકકોર રામ ભગવાન અને એકકોર ગામ—રાગથી માંડીને બધા પરપદાર્થ. આહાહા..! નિજ પરમાત્મતત્ત્વની ભાવના, શુદ્ધચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન, રમણતારૂપ ભાવના છોડીને રાગથી માંડી બધા પદાર્થમાં સ્નેહ કરે છે. આહાહા..! '**યહાં ભેદાભેદરત્નત્રયરૂપ મોક્ષકે માર્ગસે વિમુખ...**' ભેદાભેદરત્નત્રયરૂપ મોક્ષનો માર્ગ. પોતાના શુદ્ધ પૂર્ણસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ નિશ્ચયમોક્ષમાર્ગ છે. વચ્ચે રાગ, પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી ભેદરત્નત્રય આવે છે, છે રાગ પણ આ અભેદ રત્નત્રયની ઉપમા આપીને એને ભેદ રત્નત્રય કહ્યું છે. એની આરાધના વિના.. આહા..! '**વિમુખ હોકર...**'

મુમુક્ષુ :— .. નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયસમ્યક્જ્ઞાન...

ઉત્તર :— એની સાથે વ્યવહાર, એની સાથે વ્યવહાર. બેય સાથે લીધા છે. આહાહા..!

'**મિથ્યાત્વ રાગાદિમેં સ્નેહ નહીં કરના,...**' રાગનો પ્રેમ એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! જૂઠો ભાવ છે. સત્યપરમાત્મા પોતાના સ્વરૂપમાં પ્રેમ કરવો એ સત્યભાવ છે. રાગનો પ્રેમ કરવો એ મિથ્યા—જૂઠો ભાવ—અસત્યભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :— નિઃસ્વાર્થ પ્રેમ કરવો.

ઉત્તર :— નિઃસ્વાર્થ પ્રેમ હોતો જ નથી. આહાહા..! અનાસક્તિથી કામ કરવું, એમ કહે છે ને? બધી ખોટી વાત છે. આહા..! ભગવાનઆત્મા જ્ઞાન ને વીતરાગસ્વરૂપી પ્રભુ એની રુચિ દૃષ્ટિ છોડીને, કોઈપણ પદાર્થ હો, રાગ હો, દેવ-ગુરુ-શાસ્ત્ર હો, એમાં પણ પ્રેમ, આહાહા..! એ સ્વરૂપને નુકસાન કરનાર, વિમુખ છે. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વ રાગાદિમેં સ્નેહ નહીં કરના, યહ સારાંશ હૈ. ક્યોંકિ ઐસા કહા ભી હૈ, કિ જબ તક યહ જીવ જગતસે સ્નેહ ન કરે તબ તક સુખી હૈ,...**' આહાહા..! પોતાના સ્વભાવમાં પ્રેમ કરે અને જગતથી પ્રેમ ન કરે ત્યાં સુધી એ સુખી છે. આહાહા..! માર્ગ બહુ ભાઈ

સુક્ષ્મ. આહાહા..!

મુમુક્ષુ :— સ્નેહ અને રાગમાં શું ફેર?

ઉત્તર :— એક જ છે. સ્નેહ કહો, રાગ કહો કે પ્રેમ કહો. આહાહા..! આજે તો આ છોકરાનું સાંભળ્યું ને. વિજય છોકરો હતો ગુનાનો. બહુ હુશિયાર, બહુ પ્રેમ. નાની ઉંમર પણ પ્રેમ બહુ. અહીં પંદર દિ' રહી ગયો હતો, કુંવારા રહી ગયો હતો, પરણીને રહી ગયો હતો. કિડનીનું દર્દ. પોર અમે ગયા હતા એના મકાનમાં. મોટી કંપનીમાં મોટો નોકર હતો. બહુ હુશિયાર. બે વાર તો અમેરિકા જઈ આવ્યો છે. ત્રીસ વર્ષ તો નહિ થયા હોય, પચ્ચીસ, સત્યાવીશ થયા હશે. કિડનીનું દર્દ થયું. આહા..! બાર મહિના કિડનીનું દર્દ થયું. શરીર જીર્ણ થઈ ગયું. એની માંએ કિડની આપી. ઓપરેશન કર્યું. કોઈ હોશિયાર આવ્યો હશે. ન્યાં કોઈ મોટું દવાખાનું છે મુંબઈમાં. કર્યું ઓપરેશન. દેહ છૂટી ગયો.

મુમુક્ષુ :— ભૂલ થઈ ગઈ માટે છૂટી ગયો.

ઉત્તર :— આયુષ્ય પૂરું થયું. શરીર બાર મહિનાથી જીર્ણ થઈ ગયેલું. બહુ જુવાન માણસ. બહુ પ્રેમ એને ધર્મનો. આપણે ત્યાં વિમલચંદજી હતા ને, એવો મગજવાળો માણસ. આ તો બોલતો બહુ ઓછું, બહુ ઓછું બોલે. શાંત.. શાંત.. શાંત. મા-બાપ છે ગૃહસ્થ છે. મોટા મકાન છે. પોર ગયા હતા ત્યાં. આહાહા..! આ સંસાર જુઓ! બાર મહિનાનું લગ્ન અને બાર મહિના રોગમાં ગયા. દેહ છૂટી ગયો. શરીરની સ્થિતિ એવી છે, બાપુ! કોના ઉપર પ્રેમ? નાશવાનમાં પ્રેમ શા? અવિનાશી ભગવાન આનંદનો નાથ.. આહાહા..! એનો પ્રેમ છોડીને નાશવાનમાં પ્રેમ (કરે છે). જગતને દુઃખી દેખ એ પ્રમાણે, એમ કહે છે. આહાહા..! ક્ષણમાં પલટતા વાર લાગે છે?

સનતકુમાર ચક્રવર્તી જેવા રૂપ સુંદર, પણ આ તો ધૂળ છે, સુંદર માટી. આહાહા..! રાજમાં બેઠા હતા. દેવ જોવા આવ્યા. ઓહોહો..! દેવ કહે, સુંદર બહુ. એને જરી એમ થયું. દેવ! અત્યારે નહિ. હું જ્યારે સ્નાન કરીને આવું ત્યારપછી જોજો. સ્નાન કરીને આવ્યા, દિવાનખંડમાં બેઠા. દેવ આવ્યા. એમ કહ્યું દેવે, આ નહિ, આ નહિ. અરરર! શું થયું? જુઓ! થૂંકો, શરીરમાં ઈયળ પડી ગઈ છે. ઈયળને શું કહે છે? કીડા. આહાહા..! ભાઈ! આ અનિત્ય વસ્તુને પલટતા વાર શી? આહા..! કોને સુંદર કહેવું અને કોને અઠીક કહેવું. આહાહા..! સુંદર તો ભગવાન આનંદ નિરોગસ્વરૂપ છે એ સુંદર છે. આહાહા..!

રાગરહિત કહ્યું ને? આહાહા..! આવ્યું હતું ને ત્યાં? પહેલી લીટી. 'રાગાદિ રહિત...' વીતરાગ પરમાત્મપદાર્થ. આહાહા..! ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વરૂપ પરમાત્મપદાર્થ અતીન્દ્રિય આનંદની ખાણ એ પદાર્થ. આહાહા..! એ સ્નેહરહિત વસ્તુ છે. એમાં પ્રેમ નામ રુચિ કરવી એ તો યથાર્થ સત્ય છે. આવો અવિનાશી ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુનો પ્રેમ છોડીને ચાહે તો શુભરાગ હો કે અશુભ હો, કે શુભરાગનું ફળ ચક્રવર્તીપદ આદિ હો, આહાહા..! 'ઇન્દ્ર સરીખી સંપદા, ચક્રવર્તીકા ભોગ, કાગવિટ સમ માનત હૈ, સમ્યગ્દૃષ્ટિ લોક.' આહાહા..! કાગડાની વિષ્ટા જે ખાતરમાં પણ કામ ન આવે. ખાતર સમજો છો? ખાત. મનુષ્યની વિષ્ટા તો ખાતરમાં પણ કામ આવે. આહા..!

ધર્મીજીવની દૃષ્ટિ આહાહા..! પોતાના શુદ્ધ પરમાત્મપદાર્થ ઉપર હોવાથી એ પુણ્યના ફળ કાગડાની વિષ્ટા સમાન જોવે છે. આહાહા..! એ અબજો પૈસા ને કરોડો રૂપિયા, ચક્રવર્તીને સેંકડો પુત્ર હોય ને સેંકડો પુત્રી હોય ને સેંકડો જમાઈ. આહાહા..!

અહીં કહે છે કે પ્રભુ! તું એકવાર જો. '**જબ તક યહ જીવ જગતસે સ્નેહ ન કરે,...**' આહાહા..! '**તબ તક સુખી હૈ,...**' એ બધી ચીજમાં પ્રેમ ન કરે ત્યાં સુધી સુખી છે. આહાહા..! એવી વાતું છે. એ તરફ લક્ષ કરવાથી, સ્નેહ કરવાથી પ્રાણી દુઃખી છે. આહાહા..! આનંદનો સાગર ભગવાનમાં પ્રેમ કરે તો સુખી અને એ સિવાય આનંદ તો ક્યાંય બીજા પદાર્થમાં છે નહિ. રાગાદિમાં નથી. સમજાણું કાંઈ? પરમાં સ્નેહ ન કરે ત્યાં સુધી સુખી. જ્યારે પોતાના સ્વભાવનો પ્રેમ છોડીને પરમાં રાગ કરે (ત્યારે) એ દુઃખી. સુખ-દુઃખની આ વ્યાખ્યા. પૈસાવાળો સુખી અને નિર્ધન દુઃખી એમ નહિ. આહાહા..! આ વીતરાગમાર્ગ તો જુઓ ભાઈ! આહાહા..!

સર્વજ્ઞ પરમાત્મા એમ ફરમાવે છે. આહાહા..! '**જબ તક યહ જીવ જગતસે સ્નેહ ન કરે તબ તક સુખી હૈ.**' આહાહા..! અરે..! દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ પણ દુઃખ છે. આહાહા..! આવી વાત વીતરાગ કરે. સમજાણું કાંઈ? કેમકે પરદ્રવ્ય છે. કાલે આવ્યું હતું, નહિ? રાજમલમાં. રાત્રે રાજમલનું વાંચ્યું નહોતુ? એમાં આવ્યું હતું. ભગવાનનું ધ્યાન કરે તો? ભગવાન છે એ પરદ્રવ્ય છે અને પરોક્ષ છે. અને ભગવાનઆત્મા કોઈ અપેક્ષાએ પ્રત્યક્ષ છે એમ આવ્યું હતું. કાલે આવ્યું હતું ને? આહાહા..! પ્રત્યક્ષ નામ રાગની અપેક્ષા છોડી અંતર ભગવાન સન્મુખ દેખે તો એ આત્મા પ્રત્યક્ષ જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ અલિંગગ્રહણના છઠ્ઠા બોલમાં કહ્યું છે ને? અલિંગગ્રહણના વીસ બોલ છે ને? એમાં છઠ્ઠા બોલમાં કહ્યું છે. આત્મા પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ થવાવાળો, સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાના સ્વભાવથી જણાય છે. રાગાદિ સ્વભાવ નથી, એનાથી જણાતો નથી. આહાહા..! એ પોતાના સ્વભાવથી જણાય એવો ભગવાન પ્રત્યક્ષજ્ઞાતા છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયા આચાર્ય કહે છે, ભગવંત! એકવાર સાંભળ. આહાહા..! '**જબ તક યહ જીવ જગતસે સ્નેહ ન કરે,...**' આહાહા..! કોઈ પ્રત્યે પણ સ્નેહ કરવો એ દુઃખ છે, આહાહા..! આકુળતા છે, દુઃખ છે. શાંતિ નથી, દુઃખ છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આચાર્ય કહે છે, હે જીવ! '**જબ તક યહ જીવ જગતસે (પરમેં)સ્નેહ ન કરે, તબ તક સુખી હૈ,...**' એમ જો. આહાહા..! કહો શાંતિભાઈ! આવી વાત છે. આમાં પૈસાવાળા સુખી છે ઈ આમાં કાંઈ ન આવ્યું. દુઃખી છે એમ આવ્યું. પરમાં સ્નેહ રચે છે એ દુઃખી છે.

મુમુક્ષુ :— જ્યાં સુધી શરીર સાથે છે ત્યાં સુધી...

ઉત્તર :— શરીર કે દિ' સાથે હતું? એ તો ભિન્ન છે. એ તો જડ છે, એને કારણે આવ્યું છે ને એને કારણે ટક્યું છે અને એને કારણે છૂટી જશે. તમારા અસ્તિત્વમાં એનો સંબંધ નથી. તમારા

આત્માના અસ્તિત્વમાં રાગનો સંબંધ નથી તો શરીરનો ક્યાં આવ્યો? આહાહા..! ઝીણી વાત બાપુ! ધરમ, વીતરાગનો ધર્મ એ ધર્મ બીજે ક્યાંય નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય. આહાહા..! પરમાત્માએ દિવ્યધ્વનિ દ્વારા આ ધર્મ ફરમાવ્યો. આહાહા..! જેને ઈન્દ્રો અને ગણધરો સાંભળતા હતા. જગતના લોકના નાથ અર્ધલોકના નાથ શક્રેન્દ્ર અને અર્ધલોકના નાથ ઈશાનઈન્દ્ર. આહાહા..! ત્યાં ભગવાન આમ ફરમાવતા હતા. જગતના પ્રાણી જ્યાં સુધી પર પ્રત્યે સ્નેહ ન કરે ત્યાં સુધી એ પ્રાણી સુખી છે. આહાહા..! સગવડતા છે ને સુખી છે, પૈસા મળ્યા ને સુખી છે, ધૂળમાંય નથી. સમજાણું કાંઈ? આહાહા..! શરીરનો સંબંધ છે ને? શેઠ કહેતા હતા. સંબંધ જ નથી. આત્મામાં સંબંધ રાગનો નથી, રાગથી ભિન્ન અબંધ છે તો શરીરથી તો ભિન્ન જ છે. આહાહા..! સમજાણું કાંઈ? ચૌદમી ગાથામાં કહ્યું ને? પંદરમીમાં. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठ**'. રાગથી પણ સંબંધ નથી, દેહ સાથે તો ક્યાંથી આવ્યો? દેહ તો જડ રહ્યો. આહાહા..!

મુમુક્ષુ :— યોગીન્દ્ર આચાર્યે મંદિરની ઉપમા આપી છે.

ઉત્તર :— મંદિર, ઓલા દેવની અપેક્ષાએ. મડદું નથી લીધું? કાલે ૯૬ ગાથા નહોતી બતાવી? અમૃતનો સાગર ભગવાન મૃતક ક્લેવરમાં મૂર્છાયો છે. આહાહા..! સમજાણું કાંઈ? અમૃત, આનંદના અમૃતથી ભરેલો ભગવાન એ મૂર્છાઈ (ગયો). શરીર મડદું છે, આ તો મડદું છે. એમાં ચેતન નથી. શરીરના રજકણમાં ચેતન નથી, ચેતન તો ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? અમૃતનો સાગર. અમૃતચંદ્રાચાર્ય છે ને! તો એમ લગાવ્યું. અમૃતનો સરોવર, મહાન અમૃતનો ભંડાર મૃતક ક્લેવરમાં મૂર્છાયો. શેઠ! આ મૃતક ક્લેવર કહ્યું. હમણાં. સંબંધ કોનો? મરદા સાથે? મરદા સાથે સગાઈ કરી, હવે પરણશું. નથી આવતું? મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે.

મુમુક્ષુ :— જીવ ચાલ્યો જશે ત્યારે મડદું છે.

ઉત્તર :— અત્યારે મડદું છે. બતાવ્યું હતું બપોરે, સમયસાર—૯૬ ગાથા. આહાહા..! બાપુ! એક પદાર્થમાં બીજા પદાર્થનો અભાવ છે. ભગવાનઆત્મામાં દેહ અને રાગનો તો અભાવ છે અને રાગ ને દેહમાં ભગવાનનો અભાવ છે—આત્માનો અભાવ છે. આહાહા..! આવો માર્ગ છે બાપુ! સત્યનો માર્ગ બહુ અલૌકિક છે. આહાહા..! આ શરીર.. કાંઈક આવ્યું છે ને? જીવિત શરીરથી ધર્મ અધર્મ થાય કે નહિ? અરે..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ! રાગથી ધર્મ ન થાય, ત્યારે વળી શરીરથી ધર્મ? આ તો જડ માટી છે.

મુમુક્ષુ :— જીવિત ...

ઉત્તર :— આ તમારા ગામમાં એ પ્રશ્ન થયો છે. જયપુરથી છે ને પંડિતજી. આહાહા..!

પ્રભુ! અહીંયા તો કહે છે, જગતના જીવ જ્યાં સુધી પરનો પ્રેમ ન કરે ત્યાં સુધી સુખી છે. શરીરનો પ્રેમ કરે અને શરીરની ક્રિયાથી લાભ માને એ તો દુઃખી છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— એક આચાર્ય અમૃત ક્લેવર કહે, એક આચાર્ય દેવાલય કહે.

ઉત્તર :— દેવાલય કઈ અપેક્ષાથી? દેવ ભગવાન માટે દેવાલયનું નિમિત્ત કહ્યું. આહાહા..!

પરમાત્મા બિરાજે છે દેહ દેવાલયમાં. એ તો દેવની ઉપમા આપીને દેવાલય કહ્યું. મહિમા દેવની છે, દેવાલયની નહિ. આહાહા..! અરે..! મૃતક ક્લેવરમાં ભગવાન અમૃતસાગર દેવ.. આપણે આવી ગયું ને કળશમાં? અચિંત્યદેવ. આહાહા..! જેની શક્તિ અચિંત્ય છે ભાઈ! શું વસ્તુ છે આત્મા! આત્માની લોકોને (ખબર નથી). ભગવાન પરમાનંદમૂર્તિ અચિંત્ય શક્તિસંપન્ન પ્રભુ છે. આહા..! અરે..! એણે કોઈ દિ' સાંભળ્યું નથી, એને સાંભળવા મળ્યું નથી. સમજાણું કાંઈ? સાંભળ્યા વિના વિચારમાં ક્યાંથી લાવે? આહાહા..! અમારે ભાઈ કહેતા હતા, પ્રવીણભાઈ. હિંમતભાઈના ભાઈ. અરે..! સાંભળવાનું મળે નહિ એ વિચાર કે દિ' કરે? વાત સાચી. એને પ્રેમ છે, રસ છે. આહાહા..! રવિવાર રવિવાર આવે. અરે! આવી વાત સાંભળવા ન મળે, એ કે દિ' વિચારે ને કે દિ' રુચિ કરે? આહાહા..!

મુમુક્ષુ :— ...દ્વેષ થયો.

ઉત્તર :— .. ઉપેક્ષા લક્ષ છોડી દેવું. લક્ષ છોડવું એમાં દ્વેષ ક્યાં આવ્યો? અહીંયા લક્ષ કરીને ત્યાંનું લક્ષ છોડી દેવું. પરની ઉપેક્ષા કરીને સ્વની અપેક્ષા કરવી. આહાહા..! માર્ગ વીતરાગનો, સંપ્રદાયમાં આટલી બધી વાતું ફેરફાર થઈ ગઈ, ભાઈ! એટલે આ વાત બહાર આવતા લોકોને બિચારાને (કઠણ પડે છે). ૪૨ વર્ષ થઈ ગયા એટલે હવે વિરોધ નથી. પ્રભુ! આ વિરોધ કરવાની ચીજ નથી. આહાહા..! વ્યાખ્યા આવે કે રાગ છે એ દુઃખદાયક છે. એ કહે, નહિ. સવારની સંધ્યાનો રાગ સૂર્ય ઉગાડે. સાંજની સંધ્યાનો રાગ અસ્ત કરે. કઈ અપેક્ષાએ પ્રભુ? જેને આત્માનું ભાન થયું એને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે જે રાગ છે એ રાગ ટળીને વીતરાગતા થઈ જશે. આહાહા..! સ્ત્રી, કુટુંબનો જે રાગ છે એ તો અશુભપાપ છે. આહાહા..! આકરો માર્ગ, ભાઈ!

આવા જુવાન માણસો, કેવો મગજવાળો છોકરો હતો ઈ, શાંત શાંત હતો. કુંવારા અહીં રહ્યો હતો, પંદર દિ'. શાંત, બોલે બહુ ઓછું, મગજ બહુ. વિમલચંદજીનો જેમ અભ્યાસ હતો ને ઘણો, એમ આને મગજ બહુ. બોલે ઓછું. ગુજરી ગયો દસ-બાર દિ' પહેલા. આહાહા..! પરણીને આવ્યો હતો બિચારો, અહીં પંદર દિ' રહ્યો હતો. આહાહા..! દેહની સ્થિતિ પૂરી થાય ત્યાં એને રોકે કોણ? દેહની સ્થિતિમાં રહેવાનો કાળ એટલો એની યોગ્યતા હોય. આયુષ્ય એટલું હોય. આહાહા..! આયુષ્ય પૂર્ણ થાય અને દેહમાં રહેવાની સ્થિતિની યોગ્યતા એટલી હોય, છૂટી જાય. આહા..!

**'જબ તક યહ જીવ જગતસે સ્નેહ ન કરે,...'** આહાહા..! **'તબ તક સુખી હૈ.'** આહાહા..! પૈસાવાળા સુખી છે ને આબરુવાળા સુખી છે ને બાયડી, છોકરાવાળા સુખી છે એમ અહીં નથી કહ્યું.

મુમુક્ષુ :— એ તો મુનિઓને ખબર ન હોય ને.

ઉત્તર :— મુનિને ખબર નથી બધી. દુનિયાની બધી ખબર છે એને. નાચ્યા ન હોય પણ નાચનારને જોયા ન હોય એણે? આહાહા..! સમજાય છે કાંઈ? તમારી સંસ્થાની વાતું ગૂઢ હોય એ પણ જાણે મુનિઓ તો. આહાહા..!

**'ઔર જો સ્નેહ સહિત હૈં,...'** બે સિદ્ધાંત. જગતના પ્રાણી પોતાના સ્વભાવને છોડીને જગતનો સ્નેહ ન કરે ત્યાં સુધી સુખી અને પોતાનો સ્વભાવ છોડીને પરમાં સ્નેહ કરે ત્યારે દુઃખી. આહાહા..! આ સુખ-દુઃખની વ્યાખ્યા. જ્યાં સુધી ભગવાનઆત્માનો પ્રેમ છોડી ને પરમાં પ્રેમ ન કરે ત્યાં સુધી સુખી અને પોતાનો પ્રેમ છોડી પરમાં પ્રેમ કરે તો દુઃખી. આહાહા..! સમજાણું કાંઈ? રાજમલમાં કહ્યું હતું નહિ કાલે? કે ભગવાનનું ધ્યાન કરે તો? એ પરમાત્મા છેને સર્વજ્ઞ પરમેશ્વર. બાપુ! પણ એ પરદ્રવ્ય છે, હોં! આહાહા..! અને પરદ્રવ્ય છે એ પરોક્ષ છે અને ભગવાનઆત્મા સ્વદ્રવ્ય છે તેથી તે કોઈ અપેક્ષાએ પ્રત્યક્ષ છે. અનુભૂતિની અપેક્ષાએ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ એટલે માણસને કઠણ પડે ને. આ પૂજા કરીએ ને ભક્તિ કરીએ ને જાત્રા કરીએ એમાં ધર્મ મનાવે. એ તો રાગ છે. આહાહા..! વ્રત પાળવા ને અપવાસ કરવા એ બધો રાગ છે. શુભરાગ છે. પણ છે તો રાગ, પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..! અને રાગનો રાગ ન કરે ત્યાં સુધી આત્મા સુખી. આહાહા..! જુઓ, આ દિગંબર સંતોના રામબાણ કથન. આહાહા..!

**'જો સ્નેહ સહિત હૈં, જિનકા મન સ્નેહસે બંધ રહા હૈ,... '** આહાહા..! રાગના સ્નેહમાં ચીકાશમાં જેનું મન (બંધાયું છે). એ આવ્યું નહોતું? પહેલા આવ્યું હતું. જેમ તલમાં તેલ છે તો ચીકાશને લઈને પીલાવું પડે છે. આહા..! એમ જેને.. હવે આવશે ને? હવે આવશે. સાચી વાત છે. '**જિનકા મન સ્નેહસે બંધ રહા હૈ,...**' ચાહે તો શુભરાગ હો, ચાહે અશુભરાગ હો કે એના ફળ અનુકૂળ પ્રતિકૂળ જગતમાં હો, પણ જ્યાં સુધી મન પર ઉપર સ્નેહથી બંધાયેલું છે આહાહા..! '**ઉનકો હર જગહ દુઃખ હી હૈ.**' સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા ભારે કઠણ પડે માણસને. શું થાય બાપુ? માર્ગ એવો છે ભાઈ! આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય અનાકુળ આનંદનો સાગર પ્રભુ એની રુચિ, પ્રીતિ છોડીને, પેલું પ્રીતિનું આવ્યું હતું ને? નિર્જરા અધિકારમાં. પોતામાં પ્રીતિ કરે ત્યાં સુધી રુચિ યથાર્થ છે, સંતોષ છે. આહાહા..! પરમાં પ્રીતિ કરે આહાહા..! પર શબ્દે ભગવાન વીતરાગમૂર્તિ સિવાય કોઈ પણ વિકલ્પ અને કોઈ પણ વિકલ્પના ફળ.. આહા..! પ્રેમ કરે તો એ દુઃખી, બધા પ્રકારે દુઃખી છે. શાંતિભાઈ! આ તમારે આટલી અવસ્થા ને નાનો છોકરો રળે ત્યાંથી, આ છોકરા અહીં રળે. પૈસાવાળા માણસ જાણે આપણે સુખી છીએ. આહાહા..! પ્રભુ! તું ક્યાં સુખી છો ભાઈ?

સુખનો ભંડાર પરમાત્મા પોતે આત્મા સ્વયં છે ને. આહાહા..! ત્યાં તો તારી દશા છે નહિ. એ દિશા તરફની દશા નથી. આહાહા..! અને પર દિશા તરફની દશાનો સ્નેહ છે, દુઃખી છે, સર્વ પ્રકારે દુઃખી છે. આહા..! એ પરજીવની દયા પાળવાનો ભાવ છે એ પર તરફનો છે, એ પણ દુઃખ છે. આવી વાતું આકરી પડે માણસને. શું થાય ભાઈ? માર્ગ આ છે ભાઈ! વીતરાગનો માર્ગ એને પહેલો જાણવો તો પડશે ને. આહા..! અનંત તીર્થંકરો, અનંત જિનવરો લાખો કેવળીઓ તો વર્તમાનમાં બિરાજે છે. તીર્થંકરો વીસ બિરાજે છે. આહાહા..!

એ વીતરાગભાવના સ્વભાવના પડખે ન જતાં, રાગાદિ પરપદાર્થ ને એના ફળને સંગે જતાં

એ સર્વ પ્રકારે દુઃખી છે. આહાહા..! કહો શેઠ! તમને સુખી નથી કહેતા એમ કહે છે. દુઃખી કહે છે.

મુમુક્ષુ :— એવી વાત બતાવો મિથ્યાદષ્ટિ, સમ્યગ્દષ્ટિ બંનેને લાગુ પડે.

ઉત્તર :— એ બંનેને લાગુ પડે, કીધું ને. રાગની રુચિવાળા દુઃખી, આત્માની રુચિવાળા સુખી. બંનેને લાગુ પડ્યું. આહાહા..! જન્મ-મરણ રહિતના ઉપાય બાપુ, એ કંઈ સાધારણ છે. આહાહા..! અનંતવાર વ્રત લીધા, તપ કર્યા, મુનિ થયો દિગંબર અનંતવાર થયો. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. આહાહા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મજ્ઞાન શું ચીજ છે એની ખબરું ન મળે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદના નાથનો અંદરમાં સન્મુખનો પ્રેમ નહિ. આહા..! એનો આદર નહિ અને એનાથી વિરુદ્ધ રાગ અને રાગના ફળમાં આદર અને પ્રેમ. સર્વ પ્રકારે એ ક્ષણે ક્ષણે દુઃખી છે એમ દેખ. આહાહા..! અને સ્વભાવની સન્મુખની દષ્ટિવાળો ક્ષણે ક્ષણે સુખી છે તેમ દેખ. આહાહા..! સમજાણું કાંઈ? 'હર જગહ દુઃખ હી હૈ.' આહાહા..! એ ૧૧૫ થઈ.

## ગાથા-૧૧૬

अथ स्नेहदोषं दृष्टान्तेन द्रढयति:-

२४६) जल-सिंचणु पय-णिद्दलणु पुणु पुणु पीलण-दुक्खु।
णेहहँ लग्गिवि तिल-णियरु जंति सहंतउ पिक्खु।।११६।।
जलसिञ्चन पादनिर्दलनं पुनः पुनः पीडनदुःखम्।
स्नेहं लगित्वा तिलनिकरं यन्त्रेण सहमानं पश्य।।११६।।

जलसिंचनं पादनिर्दलनं पुनः पुनः पीडनदुखं स्नेहनिमितं तिलनिकरं यन्त्रेण सहमानं पश्येति। अत्रवीतरागचिदानन्दैकस्वभावं परमात्मतत्त्वमसेवमाना अजानन्तो वीतरागनिर्विकल्पसमाधिबलेन निश्चलचितेनाभावयन्तश्च जीवा मिथ्यामार्गं रोचमानाः पञ्चेन्द्रियविषयासक्ताः सन्तो नरनारकादिगतिषु यन्त्रपीडनक्रकचविदारणशूलारोहणादि नानादुःखं सहन्त इति भावार्थः।।११६।।

आगे स्नेहका दोष दृष्टान्तसे दृढ़ करते हैं-

## गाथा-११६

अन्वयार्थ :- [तिलनिकरं] जैसे तिलोंका समूह [स्नेहं लगित्वा] स्नेह (चिकनाई) के सम्बन्धसे [जलसिंचनं] जलसे भीगना, [पादनिर्दलनं] पैरोंसे खुँदना, [यंत्रेण] घानीमें [पुनः पुनः] बार बार [पीडनदुःखम्] पिलनेका दुख [सहमानं] सहता है, उसे [पश्य] देखो।

भावार्थ :- जैसे स्नेह (चिकनाई तेल) के सम्बन्ध होनेसे तिल घानीमें पेले जाते

हैं, उसी तरह जो पंचेन्द्रियके विषयोंमें आसक्त हैं-मोहित हैं वे नाशको प्राप्त होते हैं, इसमें कुछ संदेह नहीं है।।११६।।

---

હવે, સ્નેહના દોષને દૃષ્ટાંત વડે દૃઢ કરે છે :-

**ભાવાર્થ :-** અહીં વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્મતત્ત્વને નહિ સેવતા, નહિ જાણતા અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિના બળ વડે નિશ્ચલ ચિત્તથી નહિ ભાવતા જીવો મિથ્યામાર્ગમાં રુચિ કરતા થકા, પંચેન્દ્રિય વિષયોમાં આસ્કત થતાં, નરનારકાદિ ગતિઓમાં ઘાણીમાં પિલાવું, કરવતથી કપાવું અને શૂળીએ ચડવું વગેરે અનેક પ્રકારના દુઃખ સહન કરે છે. એ ભાવાર્થ છે. ૧૧૬.

---

## ગાથા-૧૧૬ ઉપર પ્રવચન

૧૧૭. 'આગે સ્નેહકા દોષ દૃષ્ટાંતસે દૃઢ કરતે હૈં—'

२४६) जल-सिंचणु पय-णिद्दलणु पुणु पुणु पीलण-दुक्खु।
णेहहँ लग्गिवि तिल-णियरु जंति सहंतउ पिक्खु।।११६।।

**અન્વયાર્થ :—** '**જૈસે તિલોંકા સમૂહ સ્નેહ કે સંબંધસે...**' જે ચીકાશ છે ને અંદરમાં? આહાહા..! આ તલમાં ચીકણાઈ છે ને ચીકણાઈ તેલની. આહાહા..! '**જૈસે તિલોંકા સમૂહ સ્નેહ કે સંબંધસે...**' તલમાં ચીકણાઈ છે ને? ચીકણાઈ. '**जलसिंचनं**' '**જલસે ભીગના,...**' એ ઘાણીમાં પીલે છે ત્યારે ઈ તલને પાણીમાં પહેલા ભીંજવે છે, લીલું કરે છે. આહાહા..! પાણીમાં ભીનું કરે ત્યાં દુઃખ છે એને અંદર. જીવ છે ને. આહાહા..! '**पादनिर्दलनं**' આહાહા..! પગે મસળવું તલને તલને '**પૈરોંસે ખુંદના, ઘાનીમેં બાર બાર પિલને કા દુઃખ...**' આહાહા..! શું કહે છે? તલ કહે છે ને તલ? તલમાં જ્યાં સુધી તેલની ચીકાશ છે તો ચીકાશવાળા તલ પાણીમાં સીંચવા પડે છે, ઘાણીમાં પિલે છે, પગથી કચડવામાં આવે છે. આહાહા..! '**સહતા હૈ ઉસે દેખો.**'

**ભાવાર્થ :—** '**જૈસે સ્નેહ (ચિકનાઈ તેલ) કે સમ્બન્ધ હોનેસે...**' ચીકણાઈરૂપી તેલ એનો '**સમ્બન્ધ હોનેસે તિલ...**' ચીકણાઈનો સંબંધ થવાથી તલ. અમારે તલ કહે છે, તમારે તિલ (કહે છે). આહાહા..! એ તલમાં ચીકણાઈ છે તેલની. આહા..! અહીંયા સ્નેહનો દૃષ્ટાંત છે ને. આહા..! '**(ચિકનાઈ તેલ) કે સમ્બન્ધ હોનેસે તિલ ઘાનીમેં પેલે જાતે હૈં, ઉસી તરહ જો પંચેન્દ્રિયકે વિષયોંમેં આસક્ત હૈં...**' આહાહા..! પાંચેઈન્દ્રિય તરફના શુભ-અશુભ રાગમાં જે આસક્ત છે, આહાહા..! '**મોહિત હૈં વે નાશકો પ્રાપ્ત હોતે હૈં,...**' આહાહા..! તલમાં ચીકણાઈને કારણે પાણીમાં પગથી મર્દન અને અંદર ઘાણીમાં પિલવું. એમ જ્યાં સુધી આત્મા પરપદાર્થમાં રાગ છે, આહાહા..! '**પંચેન્દ્રિયકે વિષયોંમેં આસક્ત હૈં...**' વિષય શબ્દે? આહાહા..!

ઝીણી વાત ભાઈ! દેવ-ગુરુ અને વાણી પણ સંભળાય છે તો રાગ છે. પરદ્રવ્ય છે ને.

મુમુક્ષુ :— મર્દન એટલે જ્ઞાન છે ને.

ઉત્તર :— જ્ઞાન એને અંદરથી થાય છે, સાંભળવાથી નથી થતું. આત્મા જ્ઞાનનો દરિયો છે, ભંડાર એમાંથી જ્ઞાન એના આશ્રયે થાય છે. પરના આશ્રયે નથી થતું. એ તો નિમિત્તનું કથન છે. પોતાનું જ્ઞાન વાણીમાં છે ત્યાં? આ જ્ઞાન ત્યાં ભગવાનના આત્મામાં છે? એમના શરીરમાં આ જ્ઞાન છે કે જ્ઞાન ત્યાંથી આવે? આ તો માર્ગ દુનિયાથી વિપરીત છે ભાઈ! આહાહા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન તો પોતે જ્ઞાનનો સમુદ્ર છે. એ તરફનું લક્ષ કરવાથી જ્ઞાન થાય છે. પર તરફનું લક્ષ કરવાથી તો રાગ થાય છે, સ્નેહ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :— સાંભળે તો વિચારે.

ઉત્તર :— ઈ સાંભળે તો વિચારે એમ નહિ, ઈ વિચારે ત્યારે સાંભળ્યું નિમિત્ત કહેવામાં આવે. સાંભળ્યું તો અનંતવાર, ભગવાનની વાણી સાંભળી છે, સમવસરણમાં અનંતવાર ગયો. સાક્ષાત્ ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. વિહરમાન તીર્થંકર સદા હોય છે. એક પછી એક સદા તીર્થંકર (હોય છે).

મુમુક્ષુ :— સાંભળવા જાય તે પણ નહિ.

ઉત્તર :— પણ સાંભળીને એ આત્માની રુચિ કરે તો એણે સાંભળ્યું વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! ઈ આવ્યું નહિ ચોથી ગાથામાં? શ્રુત પરિચિત અનુભૂતા. રાગની કથા અને રાગને ભોગવવાની કથા અનંતવાર સાંભળી છે.

મુમુક્ષુ :— સાંભળી નથી એમ આવ્યું.

ઉત્તર :— હા, સાંભળી નથી. સાંભળી હોય તો એને રુચિ અંદર સ્વભાવમાં થાય ત્યારે સાંભળી કહેવામાં આવે. આવી વાતું બાપુ બહુ ફેર. અરેરે! આવા જુવાન માણસ જુઓને ચાલ્યા જાય છે. આહા..! એના મા-બાપને બિચારાને કેટલું દુઃખ થતું હશે. બૈરાને કેટલું દુઃખ થતું હશે. એક વર્ષનું પરણેતર અને એક વર્ષનો રોગ આકરો. જુવાન માણસ, શાંત માણસ, મગજવાળો માણસ. આ પ્રેમ, આ ધર્મનો બહુ પ્રેમ. તેથી તો એને દર્શન દેવા ગયા હતા અમે. સાંજે જમવાનું હતું. મણિભાઈ મણિભાઈ ને ત્યાં. આપણા શાંતાબેનના બનેવી નહિ? એના બનેવી. રસિકભાઈના બનેવી ગૃહસ્થ માણસ છે, પાંચકરોડ રૂપિયા. એણે આહારનું કહ્યું હતું, મહારાજ! મારે ત્યાં ભોજન (લેવા પધારજો). મેડી ઉપર. ગયા હતા ત્યારે વિજયનું એનાથી આઘે ઘર હતું. એ ખાટલે પડ્યો હતો બિચારે પોર. ગયા હતા દર્શન (દેવા), મંગળિક સંભળાવ્યું હતું. પછી તો સુદ બીજે ત્યાં આવ્યો હતો દાદર, દર્શન કરવા આવ્યો હતો સુદ બીજે. રોગ તો હતો પણ એને પ્રેમ ખરો ને બિચારાને. આહાહા..! આ સંસાર. દુઃખના દરિયા ભર્યા છે સંસારમાં તો. ભગવાન આનંદનો દરિયો છે. આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર છે. સંસારમાં કોઈપણ વિકલ્પથી માંડીને બધી ચીજ દુઃખની ક્ષણો છે. આહાહા..!

આ પૈસાવાળા અબજોપતિ ને કરોડોપતિ બિચારા દુઃખી છે. બિચારા છે ઈ. વરાંકા એવો શબ્દ છે શાસ્ત્રમાં. શાસ્ત્રમાં પાઠ છે હોં આ. વરાંકા કહ્યા છે. ભિખારીઓ આત્માની લક્ષ્મીની રુચિ છોડીને પરની લક્ષ્મીના પ્રેમીઓ ભિખારાઓ છો તમે. આહાહા..! એને ક્યાં વીતરાગને કાંઈ લેવું હતું એની પાસેથી. દિગંબર સંતોને ક્યાં (લેવું હતું)? એ તો વીતરાગી મુનિ હતા. આહાહા..! દિગંબર મુનિ એટલે આત્માના આનંદમાં રમનારા. શુદ્ધોપયોગની દશા જેને પ્રગટ છે. આહાહા..! એને મુનિ કહીએ. આહા..! એ મુનિને જગતની ક્યાં પડી છે કે જગતને આ ઠીક લાગશે કે નહિ લાગે. શાસ્ત્રમાં એવી ભાષા છે. ભિખારાઓ, વરાંકા! આત્મિક લક્ષ્મીને છોડીને પરની ભિક્ષા માગે છે. પોપટભાઈ! અહીં તો બાપા ઈ હોય ને. પ્રભુ! તમે ભગવાન છો ને. આહાહા..! તારા ભગવાનની શક્તિનું સામર્થ્ય કેટલું છે એ બતાવે છે. રાગ ને એ કંઈ તારી શક્તિનું સામર્થ્ય નથી. આહા..! તારી શક્તિનું સામર્થ્ય તો જ્ઞાન, આનંદ, શ્રદ્ધા, વીતરાગતા એ તારી શક્તિનું સામર્થ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— દાન કરે..

ઉત્તર :— દાન કરે તોય ભિખારા છે. દાનમાં પણ દીનતા છે, મેં દાન આપ્યું, પૈસા આપ્યા એ અભિમાન મિથ્યાત્વનું છે. આહાહા..! સમ્યગ્દર્શન સહિત રાગ મંદ કરીને કરે તો એ શુભભાવ પુણ્ય છે. પણ જેની દૃષ્ટિ જ મિથ્યાત્વ છે, હજી તો રાગમાં ધર્મ માને છે.. આહાહા..! એ ક્રિયાકાંડ વ્રતનો, તપનો કરે છે એ તો રાગ છે, એને ધર્મ માને છે, એને દાનનો ભાવ છે એ તો મિથ્યાદૃષ્ટિ સહિત પાપાનુબંધી પુણ્ય છે. આહાહા..! માર્ગ પ્રભુનો જુદો ભાઈ! આહા..! એ દિગંબર સંતોએ સ્પષ્ટ કરી દીધો છે, વીતરાગનો માર્ગ સ્પષ્ટ કરી દીધો છે કે માર્ગ આ છે, બાપુ! તને રુચે ન રુચે, આદર હો ન હો, માર્ગ આ છે. આહાહા..!

**'જૈસે સ્નેહ (ચિકનાઈ તેલ) કે સમ્બન્ધ હોનેસે તિલ ઘાનીમેં પેલે જાતે હૈં, ઉસી તરહ જો પંચેન્દ્રિયકે વિષયોંમેં આસક્ત હૈં...'** અનીન્દ્રિય ભગવાનઆત્માની રુચિ છોડીને પંચેન્દ્રિય તરફની ચીકાશ... આહાહા..! એ બધી દુઃખદાયક છે. એનાથી સહિત છે, **'મોહિત હૈં વે નાશકો પ્રાપ્ત હોતે હૈં,...'** પોતાની શાંતિનો નાશ કરે છે. આહાહા..! **'ઈસમેં કુછ સંદેહ નહીં હૈ.'** પર તરફના લક્ષવાળા પ્રાણી દુઃખી છે એમાં સંદેહ નથી, દુઃખી જ છે. આહાહા..! કોઈ રીતે એ બહારની સગવડતાવાળા સુખી છે (એમ નથી). આહાહા..! **'ઈસમેં કુછ સંદેહ નહીં હૈ.'** અનીન્દ્રિયનું ધ્યાન છોડીને પંચેન્દ્રિય તરફના ઝુકાવમાં બધા પ્રાણીઓ દુઃખી છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

---

## ગાથા-૧૧૭

अक्तं चः-

२४७) ते चिय धण्णा ते चिय सप्पुरिसा ते जियंतु जिय-लोए।
वोद्दह-दहम्मि पडिया तरंति जे चेव लीलाए।।११७।।

ते चैव धन्याः ते चैव सत्पुरुषाः ते जीवन्तु जीवलोके।
यौवनद्रहे पतिताः तरन्ति ये तैव लीलया।।११७।।

ते चैव धन्यास्ते चैव सत्पुरुषास्ते जीवन्तु जीवलोके। ते के। वोद्दहशब्देन यौवनं स एव द्रहो महाह्‌दस्तत्र पतिताः सन्तस्तरन्ति ये चैव। कया। लीलयेति। अत्र विषयाकांक्षारुपस्नेहजलप्रवेशरहितेन सम्यग्दर्शनज्ञानचारित्रमूल्यरत्नभाण्डपूर्णेन निजशुद्धात्मभावनापोतेन यौवनमहाह्‌दं ये तरन्ति त एव धन्यास्त एव सत्पुरुषा इति तात्पर्यम्।।११७।।

गाथा-११७

अन्वयार्थ :- [ते चैव धन्याः] वे ही धन्य हैं, [ते चैव सत्पुरुषाः] वे ही सज्जन हैं, और [ते] वे ही जीव [जीवलोके] इस जीवलोकमें [जीवंतु] जीवते हैं, [ये चैव] जो [यौवनद्रहे] जवान अवस्थारुपी बड़े भारी तालाबमें [पतीताः] पड़े हुए विषय-रसमें नहीं डूबते, [लीलया] लीला (खेल) मात्रमें ही [तरंति] तैर जाते हैं। वे ही प्रशंसा योग्य है।

भावार्थ :- यहाँ विषय-वाछाँरुप जो स्नेह-जल उसके प्रवेशसे रहित जो सम्यग्दर्शन ज्ञान चारित्ररुपी रत्नोंसे भरा निज शुद्धात्मभावनारुपी जहाज उससे यौवन अवस्थारुपी महान् तालाबको तैर जाते हैं, वे ही सत्पुरुष हैं, वे ही धन्य हैं, यह सारांश जानना, बहुत विस्तारसे क्या लाभ है।।११७।।

આ વિષયમાં કહ્યું પણ છે કે :-

ભાવાર્થ :- અહીં વિષયોની આકાંક્ષારૂપ સ્નેહરૂપી જળમાં પ્રવેશથી રહિત, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રરૂપ અમૂલ્ય રત્નોના દાબડાથી પૂર્ણ એવા નિજશુદ્ધાત્મભાવનારૂપ જહાજથી યૌવનરૂપી મહાસરોવરને જેઓ તરી જાય છે તેઓ જ ધન્ય છે, તેઓ જ સત્પુરુષો છે. ૧૧૭.

ગાથા-૧૧૭ ઉપર પ્રવચન

‘ઈસ વિષયમેં કહા ભી હૈ—’ ૧૧૭.

२४७) ते चिय धण्णा ते चिय सप्पुरिसा ते जियंतु जिय-लोए।
वोद्दह-दहम्मि पडिया तरंति जे चेव लीलाए।।११७।।

અન્વયાર્થ :— આહા..! ‘વે હી ધન્ય હૈં,...’ જે સત્પુરુષો, સજ્જન એને કહીએ. આહાહા..! સત્ જન. જ ડબલ છે ને? સજ્જન. જ ડબલ છે, સત્‌જન, એને સત્‌જેન કહીએ. કોને? ‘વહી જીવ ઈસ જીવલોકમેં જીવતે હૈં,...’ આહાહા..! ‘જો જવાન અવસ્થારૂપી બડે

**ભારી તાલાબમેં...**' આહાહા..! ધન્ય અવતારો તારો સત્પુરુષ, તું સજ્જન છે. કેમ? જુવાન અવસ્થા, ૨૫, ૩૦, ૪૦, ૫૦ વર્ષની જુવાન અવસ્થા, ફૂટડું શરીર, ઇન્દ્રિયો પુષ્ટ.. આહાહા..! એ '**બડે ભારી તાલાબમેં પડે હુએ વિષય-રસમેં નહીં ડૂબતે,...**' આહાહા..! શું કહે છે? '**यौवनद्रहे**' મોટું તળાવ, જુવાન અવસ્થા. પાંચઇન્દ્રિય મજબુત, નિરોગશરીર, રૂપાળાશરીર, સ્ત્રી, કુટુંબ પણ બધું અનુકૂળ. આહાહા..! એ યૌવનરૂપી તળાવમાં જે કોઈ ડૂબતા નથી.. આહાહા..! એમાં રસ લઈને એમાં ગૃદ્ધિ નથી કરતા એ સત્પુરુષ છે આહા..! એમ કહે છે. જુઓ તો ખરા. યુવાન અવસ્થા, જેને ભોગના કાળ છે કહે છે, એ ભર યૌવનના કાળમાં, આહાહા..! એમાં જે રસ લેતા નથી, વિષયનો જોબનનો રસ લેતા નથી એ પુરુષને સત્ કહેવાય છે. એ સત્પુરુષ છે. આહાહા..! આચાર્યે પણ વાત કરી છે ને! યૌવન અવસ્થા આમ પચ્ચીસ-ત્રીસ વર્ષની, ચાલીસ વર્ષની ઉંમર આમ, શરીર રૂપાળું સુંદર, માખણ જેવા શરીર હોય. આહાહા..! ભગવાન! એ તો યૌવન અવસ્થા પ્રભુ જડની છે ને નાથ. આહાહા..! એ યૌવનરૂપી દ્રહ એમ કીધું છે ને? આહાહા..! તળાવ.

'**જીવતે હૈં,...**' '**यौवनद्रहे**' આહાહા..! '**જવાન અવસ્થારૂપી બડે ભારી તાલાબમેં પડે હુએ...**' એવા ભરેલા તળાવમાં યુવાન અવસ્થા, આહાહા..! '**જવાન અવસ્થારૂપી બડે ભારી તાલાબમેં પડે હુએ વિષય-રસમેં નહીં ડૂબતે,...**' આહાહા..! જેને વિષયરસ મીઠો નથી લાગતો. આહાહા..! ઝેર જેવા લાગે છે. ભગવાનઆત્માના આનંદના રસમાં યૌવન અવસ્થાનો રસ છે એ ઝેર જેવો લાગે છે. આહાહા..! સર્વોત્કૃષ્ટ વાત કરી. હેં! આહાહા..! એમાં પાંચ, પચાસ કરોડ પૈસા હોય, યુવાન અવસ્થા હોય એને બાયડી રૂપાળી સરખી હોય. આહા..! પ્રભુ! એમાં એને રસ નથી તે સજ્જન પુરુષ છે એમ કહે છે. એનામાં રસ પડેલા છે એ અસત્જન છે. આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અરે! નીકળી ગયા નેમિનાથ ભગવાન જેવા તીર્થંકર, યુવાન અવસ્થા. આમ પંખીને પૂરેલા દેખીને (કહે છે), અરે.. સારથી! આ કેમ થાય છે પંખીનો પોકાર? અન્નદાતા! આપના લગ્ન પ્રસંગે રાજાઓને બોલાવ્યા છે, રાજા માટે પશુ. અરે! સારથી! રથ ફેરવ. આ લગ્ન અમારે ન હોય. આહાહા..! એ તો તીર્થંકર, ઇન્દ્રો જેની સેવા કરે. હેં! સારથી! આ લગ્ન પ્રસંગે રાજાઓ માટે પૂરેલા પંખીઓ અને જનાવરો હરણ ને ઈ, એ લગ્ન ન હોય અમારે. આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, હતાને. બધા કાંઈ હોય છે? કોઈ હોય અંદર. ભગવાન તીર્થંકર. બીજા રાજાઓ હોય એ પણ સાથે હોય ને. આ તો એને નિમિત્ત એવું થયું. વૈરાગ્ય તો હતો અંદર. આહાહા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ના, હતું. એ દેખાવ કર્યો હતો. રાજાઓ હોય ને, રાજા સાથે હોય ને. આહાહા..! જુવાન અવસ્થા, ફૂટડી અવસ્થા, ઇન્દ્રો સેવા કરે. આ નહિ, આ નહિ. અમારા આનંદની આગળ

આ શું ભાઈ? અમારે માટે આ શું પ્રસંગ? છોડ, રથ ફેરવ. અંદર દિશા ફેરવ. આહાહા..! સમજાય છે કાંઈ? એ પુરુષને કહે છે કે ધન્ય છે. આહાહા..! હેં!

**'લીલા માત્રમેં હી તૈર જાતે હૈં.'** આહાહા..! રસમાં ડૂબતા નથી અને લીલામાત્ર આનંદમાં રહીને સંસાર તરી જાય છે. એને અહીં ધન્ય કહેવામાં આવ્યા છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૬, મંગળવાર
## તા. ૧૧-૧-૧૯૭૭, ગાથા-૧૧૬થી ૧૧૯,
## પ્રવચન નં. ૧૮૩

પરમાત્મપ્રકાશ, ૧૧૭નો ભાવાર્થ છે. ૧૧૬માં થોડું ટીકાનું રહી ગયું છે. ૧૧૬ છે ને? ટીકાનો અર્થ થોડો એમાં નથી કર્યો. ભાવાર્થ, ૧૧૬નો ભાવાર્થ.

**'જૈસે સ્નેહ (ચિકનાઈ તેલકે) સમ્બન્ધ હોનેસે તિલ ઘાનીમેં પેલે જાતે હૈં,...'** તલમાં તેલ—ચીકાશ છે તેથી તલને પિલવા પડે છે. તલ તલ છે ને? તલ એમાં ચીકાશ છે ને? તેલ. તેથી તલને પીસવામાં આવે છે. છે ને? પછી થોડા શબ્દ સંસ્કૃતમાં છે. અર્થમાં નથી કર્યો. **'वीतरागचिदानन्दैकस्वभावं परमात्मतत्त्वमसेवमाना'** આહા..! પંચેન્દ્રિયના વિષયમેં એને રસ અને પ્રેમ કેમ છે? એમ કહે છે. કે પોતાનો આત્મા વીતરાગ ચિદાનંદ એકસ્વભાવ. સંસ્કૃતમાં છે, અર્થમાં નથી. **'परमात्मतत्त्वमसेवमाना'** વીતરાગ ચિદાનંદ એકસ્વભાવ આ પરમાત્મતત્ત્વ પોતાનું. આહા..! એ તત્ત્વને **'असेवमाना'**. આવા તત્ત્વને નહિ સેવતા થકા **'अजानन्तो'** નહિ જાણતા થકા. **'वीतरागनिर्विकल्पसमाधिबलेन'** અને નહિ જાણતો અને નહિ સેવતો **'वीतरागनिर्विकल्पसमाधिबलेन'** આહાહા..! **'निश्चलचित्तेनाभावयन्तश्च'** રાગ રહિત અંતર નિર્વિકલ્પ શાંતિ—સમાધિ. આહાહા..! એને ન ભાવતો, પોતાની ભાવના અંતરમાં નથી કરતો.

એ **'जीवा मिथ्यामार्ग सेवमानाः पञ्चेन्द्रियविषयासक्ताः सन्तो'** જેને ભગવાન નિજાનંદ વીતરાગ પરમાત્મા અને એની અસેવના, એની સેવના નથી (અર્થાત્) પ્રભુ ભગવાનમાં એકાગ્રતા નથી અને **'अजानन्तो वीतरागनिर्विकल्पसमाधिबलेन'** રાગ રહિત વીતરાગ પરિણતિની શાંતિના બળે. આહાહા..! **'निश्चलचित्तेनाभावयन्तश्च'** નિશ્ચળ ચિત્ત કરીને આત્માની ભાવના કરતો નથી. આહા..! સમજાણું કાંઈ? એ જીવ પંચેન્દ્રિયના વિષયમાં ગૃદ્ધિ થઈને રાગની ગૃદ્ધિની ચીકણાઈમાં ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ટીકાનો અર્થ થઈ ગયો. હવે ૧૧૭નો ભાવાર્થ.

ભાવાર્થ :-- '**यहां विषय-वांछारूप जो स्नेह-जल...**' આહાહા..! પોતાના આનંદસ્વભાવની ભાવના રહિત અજ્ઞાની '**विषय-वांछारूप जो स्नेह-जल...**' ચીકાશરૂપી જળ '**उसके प्रवेशसे रहित...**' આહા..! '**जो सम्यग्दर्शन ज्ञान चारित्ररूपी अमूल्य रत्नोंसे भरा...**' એક 'અમૂલ્ય' શબ્દ રહી ગયો છે. અમૂલ્ય શબ્દ જોઈએ. છે? અમૂલ્ય શબ્દ રહી ગયો છે. ટીકામાં અમૂલ્ય છે. '**विषय-वांछारूप जो स्नेह-जल...**' પરમાં વિષયના પ્રેમના જળમાં ભીંજાઈ ગયેલો અજ્ઞાની. આહાહા..! સમજાણું કાંઈ? '**उसके प्रवेश रहित,...**' '**उसके प्रवेशसे रहित जो सम्यग्दर्शन ज्ञान चारित्ररूपी अमूल्य रत्नोंसे भरा निजशुद्धात्मभावनारूपी जहाज...**' આહાહા..! શાસ્ત્રની ભાષા તો જુઓ.

'**उससे यौवन अवस्थारूपी महान तालाबको तैर जाते हैं,...** ' આહાહા..! યૌવન અવસ્થા પચ્ચીસ, ત્રીસ, ચાલીશ વર્ષના જુવાન, ફૂટડી અવસ્થા, શરીર કોમળ. અરેરે..! એ શું? એ તો માંસ ને હાડકા છે કહે છે. આહાહા..! એવી દશામાં પોતાના આનંદસ્વભાવની ભાવનાથી. આહાહા..! '**यौवन अवस्थारूपी महान तालाब...**' પાઠ છે ને? દ્રહ—યૌવનરૂપી મોટું તળાવ છે બૂડવાનું. આહાહા..! સમજાણું કાંઈ? શરીરની યૌવન અવસ્થા, શરીરની પુષ્ટિ, ઇન્દ્રિયોની પુષ્ટિ એમાં ગૃદ્ધિ થઈને જે આસક્ત છે તે યૌવન વયમાં પોતાના આનંદથી ભરેલું જહાજ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી રત્નથી ભરેલું જહાજ. આહાહા..! એનાથી યૌવનવયનું તળાવ તરી જાય છે. સમજાણું કાંઈ? આહા..! યૌવન અવસ્થામાં શરીર પુષ્ટ હોય, ઇન્દ્રિયો પુષ્ટ હોય અને એની ગૃદ્ધિ હોય ઘણી. આહાહા..! એની અહીં વાત કરે છે.

ભગવાનઆત્માની યૌવન અવસ્થા, પરમાનંદ સ્વભાવમાં લીન થવું એ આત્માની યૌવન અવસ્થા છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો માટીની અવસ્થા છે જડની. આહાહા..! '**उससे यौवन अवस्थारूपी महान ताबालको तैर जाते हैं, वे ही सत्पुरुष हैं,...**' આહાહા..! '**वे ही धन्य हैं, यह सारांश जानना, बहुत विस्तारसे क्या लाभ है.**' આહાહા..! છે ને? '**धन्यास्त एव सत्पुरुषा इति तात्पर्यम्**'. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન પોતાનો સ્વભાવ પૂર્ણાનંદ એની પ્રતીતિ, એનું સ્વસંવેદનજ્ઞાન અને એમાં આનંદમાં લીનતારૂપી ચારિત્ર, એનાથી યૌવન અવસ્થાના દ્રહને—તળાવને તરી જાય છે. આહાહા..! એ સત્પુરુષ છે એ ધન્ય છે, એ મોક્ષગામી આત્મા છે. આહા..!

પાંચઈન્દ્રિયના વિષયમાં રસમાં આસક્તિ ને ગૃદ્ધિ ચાર ગતિમાં રખડવાનું કારણ છે. આહાહા..! કેમકે સુખ પોતામાં છે એને છોડીને વિષયોમાં સુખ છે, મીઠાશ છે એવી માન્યતા મિથ્યાદષ્ટિની છે. આહા..! તેથી કહ્યું ને અંદર, મિથ્યામાર્ગ છે. સમજાણું? મિથ્યા કહ્યું ને અહીંયા? '**वांछारूप जो स्नेह-जल उसके प्रवेशसे रहित जो सम्यग्दर्शन ज्ञान चारित्ररूपी...**' એમાં જે અંદર ઘુસી જાય છે. આહા..! એ મિથ્યામાર્ગ છે એમ કહે છે. પહેલા આવી ગયું છે, પહેલા આવી ગયું છે. ૧૧૬માં આવી ગયું છે, '**मिथ्यामार्ग रोचमानाः**' રુચે છે, રુચવા ઉપર વાત છે. વિષય આસક્તિ

તો જ્ઞાનીને પણ હોય છે પણ આસક્તિમાં રસ નથી, રુચિ નથી, સુખબુદ્ધિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ સુખબુદ્ધિ માનવાવાળા મિથ્યામાર્ગમાં રસ લ્યે છે એમ કહે છે. આહા..! જે ચાર ગતિમાં રખડવાનો પંથ એનો રસ લ્યે છે. આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપની રુચિ, જ્ઞાન અને રમણતાના અભાવમાં આમાં રમણતા કરે છે, કહે છે. દિશા ફરી ગઈ છે કહે છે. વિષય કષાયના રસ જેને ઊડી ગયા એની દિશા સ્વ ઉપર જાય છે અને દશા ફરી ગઈ છે. આહાહા..! શું કહ્યું? વિષય પાંચ ઇન્દ્રિયના વિષયનો રસ જેને ઊડી ગયો છે એને આત્માના આનંદના રસમાં રુચિ છે, તો એને બહારની રુચિ હોતી નથી. આહા..! (બહારમાં રસ લેવો) એ તો મિથ્યામાર્ગ છે.

યૌવનદ્રહ એમ લખ્યું છે પાઠમાં. પાઠ છે ને? 'दहम्मि' 'वोद्दह-दहम्मि' ત્રીજું પદ, મૂળ પાઠ. યૌવનરૂપી દ્રહ—મોટું તળાવ. આહાહા..! એને એ તરી જાય છે. અજ્ઞાની પાંચ ઇન્દ્રિયના વિષયના રસમાં બૂડી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ૧૧૭ થઈ.

---

## ગાથા-૧૧૮

किं बहुना विस्तरेण–

२४८) मोक्खु जि साहिउ जिणवरहिँ छंडिवि बहु-विहु रज्जु।
भिक्ख-भरोडा जीव तुहुँ करहि ण अप्पउ कज्जु।।११८।।
मोक्षः एव साधितः जिनवरैः त्यक्त्वा बहुविधं राज्यम्।
भिक्षाभोजन जीव त्वं करोषि न आत्मीयं कार्यम्।।११८।।

मोक्खु जि इत्यादि पदखण्डनारुपेण व्याख्यानं क्रियते। मोक्खु जि साहिउ मोक्षएव साधितः निरवशेषनिराकृतकर्ममलकलङ्कस्यात्मनः आत्यन्तिकस्वाभाविक-ज्ञानादिगुणास्पदमवस्थान्तरं मोक्षः स साधितः। कैः। जिणवरहिं जिनवरैः। किं कृत्वा। छंडिवि त्यक्त्वा। किम्। बहु-विहु रज्जु सप्ताङ्गराज्यम्। केन। भेदाभेदरत्नत्रयभावनाबलेन। एवं ज्ञात्वा भिक्ख-भरोडा जीव भिक्षाभोजन हे जीव तुहुँ त्वं करहि ण अप्पउ कज्जु किं न करोषि आत्मीयं कार्यमिति। अत्रेदं व्याख्यानं ज्ञात्वा बाह्याभ्यन्तरपरिग्रहं त्यक्त्वा वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा च विशिष्टतपश्चरणं कर्तव्यमित्यभिप्रायः।।११८।।

---

आगे मोक्षका कारण वैराग्यको दृढ़ करते हैं–

## गाथा–११८

अन्वयार्थ :– [जिनवरैः] जिनेश्वरदेवने [बहुविधं] अनेक प्रकारका [राज्यम्] राज्यका विभव [त्यक्त्वा] छोड़कर [मोक्ष एव] मोक्षको ही [साधितः] साधन किया, परंतु [जीव] हे जीव, [भिक्षाभोजन] भिक्षासे भोजन करनेवाला [त्वं] तू [आत्मीयं कार्यम्] अपने आत्मा का कल्याण भी [न करोषि] नहीं करता।

भावार्थ :-समस्त कर्ममल-कलंकसे रहित जो आत्मा उसके स्वाभाविक ज्ञानादि गुणोंका स्थान तथा संसार-अवस्थासे अन्य अवस्थासे अन्य अवस्थाका होना, वह मोक्ष कहा जाता है, उसी मोक्षको वीतरागदेवने राज्यविभूति छोड़कर सिद्ध किया। राज्यके सात अंग हैं, राजा, मंत्री, सेना वगैरः। ये जहाँ पूर्ण हों, वह उत्कृष्ट राज्य कहलाता है, वह राज्य तीर्थंकरदेवका है, उसको छोड़नेमें वे तीर्थंकर देरी नहीं करते। लेकिन तू निर्धन होकर आत्म-कल्याण नहीं करता। तू माया-जालको छोड़कर महान् पुरुषोंकी तरह आत्मकार्य कर। उन महान् पुरुषोंने भेदाभेदरत्नत्रयकी भावनाके बलसे निजस्वरुपको जानकर विनाशीक राज्य छोड़ा, अविनाशी राज्यके लिये उधमी हुए। यहाँ पर ऐसा व्याख्यान समझकर बाह्याभ्यंतर परिग्रहका त्याग करना, तथा वीतरागनिर्विकल्पसमाधिमें ठहरकर दुर्धर तप करना यह सारांश हुआ।।११८।।

---

હવે, બહુ વિસ્તારથી શું પ્રયોજન છે ? :-

ભાવાર્થ :- જિનવરરદેવે અનેકપ્રકારના સાત અંગવાળા રાજ્યવૈભવને છોડીને ભેદાભેદરત્નત્રયની ભાવનાના બળથી સમસ્તકર્મમળરૂપ કલંકનો જેમાં સંપૂર્ણપણે નાશ થયો છે અને આત્માની અત્યંત સ્વભાવિક-જ્ઞાનાદિ ગુણોના સ્થાનભૂત જે અવસ્થાન્તર (સંસાર-અવસ્થાથી ભિન્ન અવસ્થા) મોક્ષ તે સાધ્યો છે, એમ જાણીને ભિક્ષાથી ભોજન કરનાર હે જીવ! તું અત્મીય કાર્ય કેમ કરતો નથી?

અહીં, આ વ્યાખ્યાન જાણીને બાહ્ય અને અભ્યતંર પરિગ્રહને ત્યાગીને અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને વિશિષ્ટ તપશ્ચરણ કરવું, એવો અભિપ્રાય છે. ૧૧૮.

---

## ગાથા-૧૧૮ ઉપર પ્રવચન

૧૧૮. 'આગે મોક્ષકા કારણ વૈરાગ્યકો દઢ કરતે હૈં—'

२४८) मोक्खु जि साहिउ जिणवरहिँ छंडिवि बहु-विहु रज्जु।
भिक्ख-भरोडा जीव तुहुँ करहि ण अप्पउ कज्जु।।११८।।

ભાષા સાદી પણ માલ છે અંદર. શું કહે છે જુઓ.

**અન્વયાર્થ :— 'જિનેશ્વરદેવને અનેક પ્રકારકા રાજ્યકા વૈભવ છોડકર મોક્ષકો હી સાધન કિયા, પરંતુ હે જીવ, ભિક્ષાસે ભોજન કરનેવાલા તૂ...'** ભિખારી જેવો છો તું. ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ ભિખારી જેવો છો. આહાહા..! **'ભિક્ષાસે ભોજન કરનેવાલા...'** આહાહા..! અરે જીવડા! **'અપને આત્મા કા કલ્યાણ ભી નહીં કરતા.'** છે ને? જેણે મોટા ચક્રવર્તી રાજ એક ક્ષણમાં છોડી દીધા. આહા..! છન્નું હજાર સ્ત્રી, ચૌદ હજાર દેવ સેવા કરવાવાળા. અમારા આનંદના રસમાં અમે તો વનમાં ચાલ્યા જઈએ છીએ. જેના ઇન્દ્રો સેવક એવા તીર્થંકરો

પણ.. આહાહા..! રાજ્યને છોડીને મોક્ષનું સાધન કરે છે. અરે! જીવ તું ભિખારી જેવો, તારા આત્માનું કાર્ય તું નથી કરતો. એમ કહે છે. છે ને? **'भिक्ख-भरोडा'**. **'ભિક્ષાસે ભોજન કરનેવાલા...'** એમ. આ પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા એ ભિક્ષાથી ભોજન કરવાવાળા છે, ભિખારા છે બધા. મોટું રાજ ચક્રવર્તીનું રાજ કોને કહે? આહાહા..!

મુમુક્ષુ :— ચક્રવર્તીને છ ખંડનું રાજ હોય તો મોટા ભિખારી?

ઉત્તર :— મોટા નથી. એ છોડી દ્યે છે એમ અહીં કહેવું છે. આટલી મોટી સંપદા. છ ખંડ એક ક્ષણમાં બળખો છોડી દે એમ છોડી દે. આહાહા..! વૈરાગ્ય દૃઢ કરાવે છે ને. આહાહા..! તારી પાસે શું છે? સમજાણું કાંઈ? ચક્રવર્તી તીર્થંકર ૧૬, ૧૭ અને ૧૮. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ. ૧૬, ૧૭, ૧૮. ચક્રવર્તી, તીર્થંકર અને કામદેવ ત્રણ પદવી. આહાહા..! એના જેવું રૂપ નહિ. આહા..! એ તો જડની ચીજ છે. આહાહા..! યૌવન અવસ્થામાં પણ ત્યાગ કરીને, આહાહા..! પોતાના સ્વરૂપનું કાર્ય કર્યું રાજ્ય છોડીને. ભિખારી! તું તો ભિક્ષા-ભોજન કરવાવાળો છો, ભિખારી જેવો. તારા આત્માનું કાર્ય કરવામાં તને પ્રમાદ છે. આત્માનું કાર્ય કેમ નથી કરતો? એમ કહે છે. લખ્યું છે ને? **'जीव तुहुँ करहि ण अप्पउ कज्जु'**. જીવ તું પોતાનું કાર્ય નથી કરતો. આહાહા..! સમજાણું કાંઈ? છે? **'અપને આત્મા કા કલ્યાણ ભી નહીં કરતા.'** આહાહા..! હવે મોક્ષની અવસ્થાની વ્યાખ્યા કરે છે.

**ભાવાર્થ :— 'સમસ્ત કર્મમલ-કલંકસે રહિત...'** મોક્ષ કહ્યુંને. જિનવર મોક્ષને પામ્યા એમ કહ્યુંને? ચક્રવર્તી આદિ રાજ્ય છોડીને મોક્ષ પામ્યા, તો મોક્ષ કેવો છે? **'સમસ્ત કર્મમલ-કલંકસે રહિત જો આત્મા ઉસકે સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણોંકા સ્થાન... '** આહાહા..! સ્વાભાવિક ગુણો એટલે પર્યાય નિર્મળ એનું સ્થાન **'તથા સંસાર-અવસ્થાસે અન્ય અવસ્થાકા હોના,...'** પહેલા અસ્તિ કહી. **'સમસ્ત કર્મમલ-કલંકસે રહિત...'** પોતાના શુદ્ધ સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણોનું સ્થાન **'તથા સંસાર-અવસ્થાસે અન્ય અવસ્થાકા હોના,...'** સંસાર વિકારી અવસ્થાથી અન્ય નિર્વિકારી અવસ્થા થવી. આહાહા..! **'વહ મોક્ષ કહા જાતા હૈ,...'** મોક્ષની વ્યાખ્યા કરી લ્યો. શ્રીમદ્‌માં આવે છે ને? 'મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ.' 'મોક્ષ કહ્યો નિજશુદ્ધતા'. આત્માની પૂર્ણ પવિત્રતા તે મોક્ષ. આહાહા..!

અથવા સંસાર અવસ્થાથી રહિત કીધું ને? મોક્ષ છે ને, મોક્ષમાં તો અભાવ થયો ને. દુઃખનો સર્વથા અભાવ અને આનંદની પૂર્ણ અવસ્થાની પ્રાપ્તિ. આહાહા..! સમજાણું કાંઈ? મોક્ષ છે ને? તો મોક્ષનો, મૂકાવું એવો અર્થ છે. તો કોનાથી મૂકાવું? દુઃખથી. દુઃખથી મૂકાવું અને પ્રાપ્તિ શેની થઈ? સમસ્ત કર્મમળથી રહિત આત્માની સ્વાભાવિક પૂર્ણ દશાની પ્રાપ્તિ થઈ. આત્માનો લાભ થયો. નિયમસારમાં એવો શબ્દ છે. સમજાણું કાંઈ? આત્માનો લાભ થયો, પૂર્ણ આત્માની પર્યાયનો લાભ થયો એ મોક્ષ છે. આહા..! નિયમસારમાં પહેલા ગાથાઓમાં આવે છે.

**'ઉસી મોક્ષકો વીતરાગદેવને રાજ્યવિભૂતિ છોડકર સિદ્ધ કિયા.'** આહાહા..! 'રાજ્યકે

સાત અંગ હૈં,...' પાઠ છે ને અંદર? સપ્તાંગ છે. સંસ્કૃતમાં છે. **'રાજા, મંત્રી, સેના વગૈરઃ. યે જહાં પૂર્ણ હોં, વહ ઉત્કૃષ્ટ રાજ્ય કહલાતા હૈ, વહ રાજ્ય તીર્થંકરદેવકા હૈ,...** ' આહાહા..! **'ઉસકો છોડનેમેં વે તીર્થંકર દેરી નહીં કરતે.'** આવી વિભૂતિ તીર્થંકરદેવને હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! **'ઉસકો છોડનેમેં વે તીર્થંકર દેરી નહીં કરતે.'** વાર નથી લગાડતા. આહાહા..!

**'લેકિન તૂ નિર્ધન હોકર...'** એમ કહે છે. ભિક્ષા-ભોજનનો અર્થ એ છે. તું તો નિર્ધન છો, તારી પાસે છે શું? આહાહા..! સમજાણું કાંઈ? **'આત્મ-કલ્યાણ નહીં કરતા.'** આહાહા..! તારી પાસે છે શું ધૂળમાં? બે, પાંચ, દસ લાખ હોય એ તો બધી ધૂળ. છે ક્યાં? તું તો નિર્ધન છો. આહાહા..! તીર્થંકર ત્રિલોકનાથ જેની ચૌદ-ચૌદ હજાર દેવ સેવા કરે. આહા..! ચક્રવર્તીપદ. આહાહા..! એ રાજ વિભૂતિનો પાર નહિ. છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, અડતાલીસ હજાર પાટણ, બોંત્તેર હજાર નગર. આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે તો આ ચીન મોટો કહેવાય છે ને દેશમાં? નહિ? દેશમાં નેવું કરોડની વસ્તી. વસ્તીમાં મોટું કહેવાય છે. સત્તામાં આ રશિયા અને અમેરિકા. વસ્તીમાં આ છે. આ તો મોટી વસ્તી. સમજાય છે? આહાહા..! છન્નું કરોડ તો ગામ. છન્નું કરોડ ગામ. આહાહા..! તારે તો એક્કેય ગામ નથી, નિર્ધન છો ભિખારી. આચાર્ય ઓળંભો આપે છે, ચંદુભાઈ! આહાહા..! જેના વૈભવનો.. પાઠ છે ને?

**'मोक्खु जि साहिउ जिणवरहिँ छंडिवि बहु-विहु रज्जु।'** છે ને? અનેક પ્રકારના રાજ્યનો વૈભવ. **'बहुविधं राज्यम्'.** આહાહા..! આ વૈભવ ભગવાનઆત્માનો તો તેં પ્રગટ કર્યો નહિ. ધૂળના વૈભવમાં રસ લઈને જિંદગી નકામી ગાળી. આહા..! આચાર્ય વૈરાગ્ય કરે છે. આહા..! **'લેકિન તૂ નિર્ધન હોકર આત્મ-કલ્યાણ નહીં કરતા. '** આહાહા..! **'તૂ માયા-જાલકો છોડકર મહાન પુરુષોંકી તરહ આત્મકાર્ય કર.'** આહાહા..! મહાપુરુષો તીર્થંકરો થયા એવું તું આત્મકાર્ય કર. આહાહા..! આત્મકાર્ય કરવામાં બેય સરખા છે. ભગવાને આત્મકાર્ય વિભૂતિ છોડીને કર્યું અને તું ન છોડ, પણ આત્મકાર્યમાં સરખા છે. આહાહા..! આત્મકાર્ય કરવામાં તું હિણો છો એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'તૂ માયા-જાલકો છોડકર મહાન પુરુષોંકી તરહ આત્મકાર્ય કર.'**

**'ઉન મહાન પુરુષોંને ભેદાભેદરત્નત્રયકી ભાવનાકે બલસે...'** સાથે લીધું છે ને, નિશ્ચય અને વ્યવહાર બેય. કથનની શૈલીમાં એ સાથે બે આવે. અભેદરત્નત્રય અને ભેદરત્નત્રય. ભેદરત્નત્રય છે તો વિકલ્પ પણ બેયની આરાધના કરી. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ છે તો એક જ, પણ બે માર્ગની કથનશૈલી છે. એમ અભેદ રત્નત્રય આરાધક છે પણ કથનમાં ભેદરત્નત્રય પણ સાથે આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ભેદાભેદરત્નત્રયકી ભાવના...'** અંતરમાં સ્વરૂપમાં એકાગ્રતા. રાગ રહિત તદ્દન અભેદરત્નત્રય એ નિશ્ચય અને અશુભરાગ રહિત જે શુભરાગમાં એકાગ્રતા એ વ્યવહાર. સમજાણું કાંઈ? આવી વાત છે. **'નિજસ્વરૂપકો જાનકર વિનાશીક રાજ્ય છોડા,...'**

આહાહા..! અવિનાશી રાજ્ય લિયા. આહાહા..! આ અવિનાશી વિભૂતિ. છન્નું હજાર સ્ત્રી, ચક્રવર્તીપદ બળખો છોડે એમ છોડી દીધું. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ. આહાહા..!

પુરાણમાં આવે છે, શાંતિનાથ પુરાણમાં. દીક્ષિત થાય છે ભગવાન જ્યારે, શાંતિનાથ તીર્થંકર, ચક્રવર્તી અને બળદેવ. સુંદરરૂપ, એના જેવું ભરતમાં નહિ. સ્ત્રીઓ ઝંટિયા તાણે છે. અરેરે..! પ્રભુ! તમે ક્યાં (ચાલ્યા)? અરે..! તમારે માટે અમે રહ્યા હતા? તમારા આકર્ષણને લઈને હું રહ્યું હતો? મારો રાગ હતો માટે હું રહ્યો હતો. મારો રાગ હવે મરી ગયો છે. આહા..! રાગ મારો મરી ગયો છે, જીવતો નહિ થાય. આહાહા..! તમારા કારણે અમે નહોતા રહ્યા. મારા રાગને કારણે હું રહ્યો હતો. તમારું આકર્ષણ મને થાય એ છે નહિ. એવું આવે છે પુરાણમાં. દીક્ષા લ્યે છે એકદમ. શ્વેતાંબરની જેમ નથી કે બાર મહિના સુધી દાન આપે, વર્ષી, શું કહેવાય ઈ? વર્ષીદાન. એમ નથી. એ તો એકદમ વૈરાગ્ય થયો. ઓહો..! રાણીઓ એકદમ, આહાહા..!

આ ભર્તૃહરિનું કહ્યું નહોતું? ભર્તૃહરિના નાટકમાં આવે છે. ભર્તૃહરિને જ્યારે પીંગળાની ખબર પડે છે. અરર! અરે! હું અધિપતિ .. ભાઈ અને હું ભર્તૃહરિ બાણુલાખ માળવાનો અધિપતિ. નાટકમાં આવે છે બધું, જોયું છે ને બધું. આહાહા..! એની સ્ત્રી અશ્વપાળની સાથે? અરેરે..! આ સંસાર. 'દેખ્યા નહિ કુછ સાર જગતમેં, દેખ્યા નહિ કુછ સાર'. એમ બોલે છે ભાઈ નાટકમાં, ભર્તૃહરિ. અરેરે! રાણી મારી પ્યારી પીંગળા, અશ્વપાળ સંગ પ્યાર, અરેરે..! આ શું થયું? આહા..! વૈરાગ્યની છે ને વાત. એ વૈરાગ્યની દૃષ્ટિની ખબર ન મળે તત્ત્વની. આહાહા..! દીક્ષિત થાય છે. એના ગુરુ કહે છે, પીંગળા પાસેથી આહાર લઈ આવો, પછી અમારી સાથે આવો. જાય છે. 'ભિક્ષા દેને મૈયા પીંગળા' ઓલી પીંગળા શોકમાં છે. અપમાન થઈ ગયું, ચાલી નીકળે છે, બહાર વાત પડી ગઈ. શોકમાં હતી, કાંઈ રાંધ્યું નહોતું. જાય છે જોગીરાજ. 'ભિક્ષા દેને મૈયા પીંગળા' અરે! રાજન્! માતા ન કહો. આહાહા..! બાણું લાખનો અધિપતિ એ જોગીઓની સાથે ચાલી નીકળે છે. આહાહા..! દૃષ્ટિ નહિ તત્ત્વની વાત નહિ, આ તો બહારનો વૈરાગ્ય. આહાહા..! માતા! મને ભિક્ષા દે, મારી જમાત ચાલી જાય છે, હું ખડો નહિ રહું. આહાહા..! વૈરાગ્યના નાટક હતા પહેલા ભાઈ! અત્યારે તો કાળાકેર થઈ ગયા છે, ફિલ્મ ફિલ્મ ને. આહાહા..!

ભિક્ષા દેને મૈયા. ત્યારે પીંગળા કહે છે, 'ખીર રે બનાવું ક્ષણ એકમાં, જમતા જાવો જોગીરાજજી' મારી પાસે અત્યારે કાંઈ નથી. હું એક દૂધની ખીર બનાવી દઉં હમણાં. બીજું તો તમે ખડા નહિ રહી શકો. 'ખીર રે બનાવું ક્ષણ એકમાં, જમતા જાઓ જોગીરાજજી'. માતા! અમે એક ક્ષણ પણ ખડા નહિ રહીએ. આહાહા..! ચંદુભાઈ! એ વખતે નાટક જોઈને ધુન ચડી જતી.

મુમુક્ષુ :— ત્યારથી આપને વૈરાગ્ય ચાલે છે.

ઉત્તર :— નહિ, નહિ. પહેલેથી છે. આ કેવી કહેવાય? મીરાબાઈ. એ વખતે નાની ઉંમરની (સંવત) ૧૯૬૪ની વાત છે. ત્યારથી દેખેલા. નાટક જોવા જતાને, વૈરાગી જોવા જતા. અને પાછી એની ચોપડી હાથમાં લેતા. લાવો ભાઈ, તમારા બાર આના જે લેતા હોય ઈ. ટિકીટના બાર આના

અને ચોપડીના બાર આના. અમને ખબર તો પડે કે શું તમે બોલો છો. આહાહા..! મીરાબાઈ પણ એમ કહે છે, આહા..! એ વખતે લોકોને વૈરાગ્ય ઉદાસ થાય એવી કોઈ ચીજ હોય ને. દૃષ્ટિનો વિષય તો સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. સમજાણું કાંઈ? સર્વજ્ઞ જ્ઞાન આત્માનું થાય છે, તો જ્ઞાન સાથે વૈરાગ્ય થાય એને વૈરાગ્ય કહેવામાં આવે છે. નિર્જરા અધિકારમાં આવ્યું ને? જ્ઞાન વૈરાગ્ય શક્તિ. અસ્તિ નાસ્તિ કરી છે. અસ્તિનું ભાન થયું છે તો રાગથી નાસ્તિનો વૈરાગ્ય થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? એકલો વૈરાગ્ય વૈરાગ્ય એ.. આહાહા..!

પૂર્ણાનંદનો નાથ જ્યાં પ્રતીતમાં અનુભવમાં આવ્યો તો એનું જ્ઞાન થયું અને જ્યારે જ્ઞાન થયું તો પરથી ખસી ગયો, રાગથી ખસી ગયો એ વૈરાગ્ય થયો. એવી બે શક્તિ જ્ઞાનીની નિરંતર હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ નિર્જરા અધિકારમાં આવ્યુંને? ત્રીજી, ચોથી ગાથા. ૧૯૩માં કર્મની નિર્જરા, ૧૯૪માં અશુદ્ધ નિર્જરા ભાવનિર્જરા, પછી વૈરાગ્ય અને જ્ઞાનશક્તિની બે ગાથા આવે છે. છે ને. આહાહા..! એ વાતું આવી તો ક્યાંય છે નહિ બાપા! પણ એ લોકોમાં વૈરાગ્યની વાતું (છે). આહા..!

અહીં કહે છે, પ્રભુ! ત્રણલોકનો નાથ જેને વૈભવનો પાર નહિ એ બળખાની જેમ છોડીને ચાલી નીકળ્યા, પ્રભુ! તને નિર્ધન, આહાહા..! પાઠમાં તો ઈ છે, '**भिक्षाभोजन**', '**भिक्ख-भरोडा**'. ભિક્ષાથી અનાજ લેનાર સાધારણ નિર્ધન પ્રાણી તું. આહાહા..! તને આત્માનું કાર્ય કરવાનું સૂઝતું નથી? આહાહા..! આત્માનું કાર્ય કર. આહાહા..! જેણે પોતાના આત્માના આનંદની ભાવનાના બળથી '**નિજસ્વરૂપકો જાનકર...**' જુઓ! નિજસ્વરૂપ જાણ્યું કેવી રીતે એ પણ સાથે લીધું. છે? '**ભેદાભેદરત્નત્રયકી ભાવનાકે બલસે નિજસ્વરૂપકો જાનકર...** ' આ પાછું જાણવામાં આવ્યું ઈ એકલું શાસ્ત્રનું જ્ઞાન કર્યું એમ નહિ. આહાહા..! અંતરમાં ભગવાનઆત્માની એકાગ્રતારૂપી અભેદરત્નત્રય, (સાથે) વિકલ્પ છે વ્યવહાર છે, એની ભાવનાથી. આહાહા..! '**નિજસ્વરૂપકો જાનકર...**'

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વ્યવહાર નાખ્યો છે, ભાવ નહિ વ્યવહાર નાખ્યો છે. મોક્ષમાર્ગ બે પ્રકારે કહેવાય છે ને, ઈ અપેક્ષાએ બે નાખ્યું છે. ઈ અપેક્ષાએ. માર્ગ તો એક જ છે. આ કથનશૈલી એવી આવે. પુરુષાર્થસિદ્ધિમાં પણ એમ આવ્યું છે મૂળ શ્લોકમાં છે. નિશ્ચય-વ્યવહારથી મુક્તિ થાય છે એવો પાઠ, શ્લોક જ છે. ઈ આ અપેક્ષાએ કથન. સમજાય છે કાંઈ? ભેદરત્નત્રયમાં અશુભ ટળે છે. નિશ્ચયરત્નત્રયમાં શુભાશુભભાવ બેય ટળે છે એ અપેક્ષા લીધી છે. આહાહા..! ભાઈ! આવે છે ને? નથી. આજે ભાઈ હિંમતભાઈ ગયા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ હોય છે, ઈ હોય છે. અશુભવંચનાર્થં એવો પાઠ છે પંચાસ્તિકાય ટીકામાં. અશુભવંચનાર્થં અસ્થાનનો રાગ ટાળવા માટે શુભરાગ આવે છે.

મુમુક્ષુ :— અસ્થાનનો રાગ ..

ઉત્તર :— બે બોલ છે, ખબર છે ને. પંચાસ્તિકાય ટીકામાં છે. આહાહા..! એ બુદ્ધિપૂર્વક આવે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. બાકી નિશ્ચયથી તો તે સમયે આવે છે. સમજાણું કાંઈ? એ સમયનો કાળ જ છે. આહાહા..! જેને નિશ્ચય ક્રમબદ્ધ વાત બેસી ગઈ, આહાહા..! એ ક્રમબદ્ધનો નિર્ણય દ્રવ્યના આશ્રયે થાય છે. તો દ્રવ્યના આશ્રયે જ્યારે જે સમયે સમ્યગ્દર્શન, જ્ઞાન ઉત્પત્તિનો કાળ છે તે જ સમયે, તે જ સમયનો રાગની ઉત્પત્તિનો કાળ વ્યવહારનો છે. સમજાણું કાંઈ? આ કહ્યુંને? દ્રવ્યસંગ્રહ—૪૭ ગાથા. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**'. આહાહા..! ૪૭ ગાથા, દ્રવ્યસંગ્રહ. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' બે પ્રકારના મોક્ષમાર્ગ ધ્યાનમાં નિયમથી પામે છે. સમજાણું કાંઈ? શું? જ્યારે પોતાના ભગવાનઆત્માનો ઝુકાવ થયો અંદરથી એ નિશ્ચયમોક્ષમાર્ગ અને હજી પૂર્ણ થયો નથી તો રાગ બાકી છે. ધ્યાનમાં આ બેય પ્રાપ્ત થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! રાગ બાકી રહ્યો એને આરોપથી વ્યવહારમાર્ગ કહ્યો. નિશ્ચયથી તો ક્રમબદ્ધના નિર્ણયમાં તો જે સમયે નિશ્ચય થયો તે જ સમયે રાગ બાકી છે એ તો રાગ જ છે. એટલે એનો અર્થ એમ નથી કે વ્યવહાર છે એટલે નિશ્ચય થયો. વ્યવહારથી નિશ્ચય થયો એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના સ્વભાવનો આશ્રય કરીને જે દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા તે જ તેની ઉત્પત્તિનો, મોક્ષમાર્ગની પરિણતિની ઉત્પત્તિનો કાળ નિજક્ષણ હતો. આહાહા..! સમજાણું કાંઈ? તે જ ક્ષણે રાગ બાકી રહ્યો તેને વ્યવહારરત્નત્રય કહીને કહ્યું છે. આહાહા..! આવો માર્ગ છે. આ ભેદાભેદની વ્યાખ્યા ચાલી. ભેદાભેદની ભાવના શબ્દ છે ને. '**ભેદાભેદરત્નત્રયકી ભાવના...**' એમ છે, જોયું? એનો અર્થ ઈ થયો. આહાહા..!

સ્વરૂપનું અભેદપણું થતાં નિશ્ચય કહેવાય છે એને. એ તો કાલે કહ્યું નહોતું? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને એક એકને જ્યારે કહો તો એ સદ્ભુતવ્યવહાર કહ્યો, પર્યાય છે. અને ત્રણનું એકરૂપ થયું ત્યારે નિશ્ચય થયો. એ પણ પર્યાય છે તો એને અભેદ થઈને નિશ્ચય કહ્યો. ખરેખર તો દ્રવ્ય નિશ્ચય અને એ પર્યાય અભેદ થઈ એ પણ વ્યવહાર છે. આહાહા..! કેવી શૈલી છે જુઓ! આહાહા..! શું કહ્યું? આ બે ઉપરની વાત ચાલે છે.

ભેદાભેદરત્નત્રયની ભાવના અહીંયા કહ્યું. તો ભેદરત્નત્રયમાં તો વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ? પણ એ સાથે આવે છે તો એને ભેદાભેદરત્નત્રયની ભાવના કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એમાં તો એ સિદ્ધાંત છે, અત્યારે એમ કહે છે ને? કે વ્યવહારથી નિશ્ચય થાય છે એ વાત ઊડી જાય છે. આહા..! જ્યારે પોતાના અભેદરત્નત્રયના કાળમાં જ્યારે નિશ્ચય પરિણતિ ષટ્કારકથી ઉત્પન્ન થાય છે તે જ સમયે રાગ બાકી રહ્યો તે પણ ષટ્કારકથી પરિણત રાગ, એક પર્યાયમાં બે ભાગ ષટ્કારકથી પરિણત થાય છે. ચંદુભાઈ! આવો છે બાપા માર્ગ. આહાહા..! શું કહ્યું?

ફરીથી. આહાહા..! જે સમયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પરિણતિ ઉત્પન્ન થવાનો કાળ છે,

નિજક્ષણ છે તે સમયે ઉત્પન્ન થાય છે. હવે તે જ સમયે રાગ બાકી છે, તે પણ તે ક્ષણે ઉત્પન્ન થવાનો કાળ છે. તો એક સમયમાં પર્યાય એક અને ભાગ બે. એક પર્યાયમાં સ્વના આશ્રયે જે ઉત્પન્ન થઈ છે એને નિશ્ચય કહે છે, પરના આશ્રયે ઉત્પન્ન થઈ એને વ્યવહાર કહે છે. સમજાણું કાંઈ? તો અહીંયા ભેદાભેદરત્નત્રયને સાથે લઈને આરાધના—ભાવના કહ્યું છે. આહાહા..! ખરી આરાધના તો અભેદની છે. અભેદ પર્યાય છે એને નિશ્ચય કહ્યું. એ તો ભેદથી છૂટવાની અપેક્ષાએ અભેદને નિશ્ચય કહ્યું. પણ અભેદરત્નત્રયની પરિણતિ—પર્યાય છે એ દ્રવ્યની અપેક્ષાથી તો એ પર્યાય પણ વ્યવહાર છે. પરમાર્થ વચનિકામાં આવ્યું છે. નિશ્ચય તે દ્રવ્ય છે અને મોક્ષમાર્ગ જે સાધના એ વ્યવહાર છે. નિશ્ચયમોક્ષમાર્ગ સાધના તે જ વ્યવહાર છે. હેં! આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું બાપુ! વીતરાગનો માર્ગ. આહાહા..! કેટલી અપેક્ષાઓ પડે છે એમાં. એ બધી જ્ઞાનની બહોળતા છે, જ્ઞાનની વિશાળતા છે. આહાહા..!

અહીં કહે છે, આ ભેદાભેદનું આવ્યું એમાંથી આવ્યું. '**ભેદાભેદરત્નત્રયકી ભાવનાકે બલસે નિજસ્વરૂપકો જાનકર...**' આહાહા..! '**વિનાશીક રાજ્ય છોડા, અવિનાશી રાજ્યકે લિયે ઉદ્યમી હુએ.**' આહાહા..! નિજાધન ભગવાનઆત્મા, નિજ-ધન. પૂર્ણાનંદની લક્ષ્મીનો ભંડાર ભગવાન. આહાહા..! એ આવી ગયુંને? આમાં આવ્યું હતું, ઓલામાં નહિ? શુદ્ધાત્મા... સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી અમૂલખ રતન પર્યાયને લીધું હોં! ૧૧૭માં આવ્યું હતું. '**સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી અમૂલખ રત્નોંસે ભરા નિજ શુદ્ધાત્મભાવનારૂપી જહાજ...** ' પર્યાયને હોં! આહાહા..! '**ઉસસે યૌવન અવસ્થારૂપી મહાન તાલાબકો તૈર જાતે હૈં,...**' આહાહા..!

ઈ અહીં લેવું, અભેદરત્નત્રયથી તરે છે પણ સાથે ભેદરત્નત્રય છે એનો વ્યવહાર, સાથે જ્ઞાન કરાવ્યું છે. આહા..! '**અવિનાશી રાજ્યકે લિયે ઉદ્યમી હુએ. યહાં પર ઐસા વ્યાખ્યાન સમઝકર...**' દેખો! '**ઐસા વ્યાખ્યાન સમઝકર બાહ્યાભ્યંતર પરિગ્રહકા ત્યાગ કરના,...**' મુનિપણાની વિશેષ દશા લ્યે છેને. આહા..! બાહ્યમાં વસ્ત્રાદિનો, અંદરમાં રાગનો ત્યાગ. '**બાહ્યાભ્યંતર પરિગ્રહકા ત્યાગ કરના,...**' એ તો નાસ્તિથી વાત કરી, અસ્તિ શું? '**વીતરાગનિર્વિકલ્પસમાધિમેં ઠહરકર...**' આહાહા..! આ મુનિપણું. બાપુ! મુનિપણું અલૌકિક વાત છે ભાઈ! આ તો વ્યવહારની ક્રિયાઓ છે પંચમહાવ્રતની એ કંઈ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

અલિંગગ્રહણમાં કહ્યુ છે, યતિનો બાહ્ય વ્યવહાર આત્મામાં નથી. આહાહા..! ઓલો ભેદ કીધો એ પણ આત્મામાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! સત્તરમો બોલ છે. વીસ બોલ છે ને, વીસ, એમાં સત્તરમો બોલ છે. યતિનો બાહ્ય વ્યવહાર જે પંચમહાવ્રત આદિનો વિકલ્પ એ બાહ્ય વ્યવહાર છે. એ અલિંગગ્રહણ એનાથી આત્મા પકડાતો નથી. એવું લિંગ એમાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? યતિની બાહ્યક્રિયાનો જેમાં અભાવ છે એવો ભગવાન અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહાહા..! હવે અહીંયા કહે છે કે જે યતિની બાહ્ય ક્રિયાનો અભાવ છે, એ બાહ્યક્રિયાથી નિશ્ચય પ્રાપ્ત થાય એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? માર્ગ ભાઈ બહુ ઝીણો. લોકો આગમના અર્થને સમજે

નહિ અને પોતાની દૃષ્ટિથી આગમ વાંચે. સમજાણું કાંઈ? અને સત્ય વાતને ઊડાડી દ્યે. આહાહા..!

**'બાહ્યાભ્યંતર પ્રરિગ્રહકા ત્યાગ કરના, તથા વીતરાગનિર્વિકલ્પસમાધિમેં ઠહરકર દુર્ધર તપ કરના...'** એટલે મુનિપણું હોં! તપ શબ્દે. દીક્ષાકલ્યાણક, તપકલ્યાણક કહે છે ને. તપકલ્યાણક કહે છે. આહાહા..! વીતરાગનિર્વિકલ્પ શાંતિમાં સ્થિર થઈને **'દુર્ધર તપ કરના...'** અલૌકિક ઉગ્રતા પુરુષાર્થથી લીન થવું. ચારિત્રમાં ઉગ્ર પુરુષાર્થ એ તપ. ચારિત્રમાં ઉગ્ર પુરુષાર્થ એ તપ. ચારિત્ર છે એને ઉગ્ર તપ હોય છે. આહાહા..! તપ્યંતે ઇતિ તપ. જેમાં અતીન્દ્રિય આનંદ તપે, શોભે, અંદર ઓપે. સોનામાં જેમ ગેરુ લગાવતા ઓપ થાય છે, એમ ભગવાન આનંદનો ઓપ ચડે છે અંદરમાં. આહાહા..! આરે.. આવી વાતું લ્યો. સમજાણું કાંઈ? એનું નામ ભગવાન તપ કહે છે. શું પંડિતજી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પ્રતપન તપઃ. સ્વરૂપમાં વિશ્રાંતિ, નિસ્તરંગ—વિકલ્પના તરંગ નહિ, એમાં તપવું એ તપ છે. આહાહા..! લોકો તો આ અપવાસ કરે ને આ કરે ને આ કર્યા. ધૂળેય નથી ત્યાં. આહા..!

**'યહ સારાંશ હુઆ.'** લ્યો. અંદરમાં આ ધ્યાનમાં કરવું એનું નામ શાસ્ત્રનો સારાંશ છે એમ કહે છે. ૧૧૮ (થઈ). એ બધી આવી ગઈ ટીકા હોં! આખી ટીકા લઈ લીધી.

---

## ગાથા-૧૧૯

अथ हे जीव त्वमपि जिनभट्टारकवदष्टकर्मनिर्मूलनं कृत्वा मोक्षं गच्छेति संभोधयति–

**२४९) पावहि दुक्खु महंतु तुहँ जिय संसारि भमंतु।**
**अट्ठ वि कम्मइँ णिद्दलिवि वच्चहि मुक्खु महंतु।।११९।।**

प्राप्नोषि दुःखं महत् त्वं जीव संसारे भ्रमन्।
अष्टापि कर्माणि निर्दल्य व्रज मोक्षं महान्तम्।।११९।।

पावहि इत्यादि। पावहि दुक्खु महंतु प्राप्नोषि दुःखं महद्रूपं तुहुं त्वं जिय हे जीव। किं कुर्वन्। संसारि भमंतु निश्चयेन संसारविपरीतविशुद्धात्मविलक्षणं द्रव्यक्षेत्रकालभवभावपञ्चभेदभिन्नं संसारं भ्रमन्। तस्मात्किं कुरु। अट्ठ वि कम्मइं णिद्दलिवि शुद्धात्मोपलम्भबलेनाष्टापि कर्माणि निर्मूल्य वच्चहि व्रज। किम्। मुक्खु स्वात्मोपलब्धिलक्षणं मोक्षम्। तथा चोक्तम्–'सिद्धिः स्वात्मोपलब्धिः'। कथंभूतं मोक्षम्। महंतु केवलज्ञानादिमहागुणयुक्तत्वान्महान्तमित्यभिप्रायः।।११९।।

---

आगे हे जीव, तू भी श्रीजिनराजकी तरह आठ कर्मोंका नाशकर मोक्षको जा, ऐसा समझाते हैं–

गाथा-११९

अन्वयार्थ :- [जीव] हे जीव, [त्वं] तू [संसारे] संसार-वनमें [भ्रमन्] भटकता हुआ [महद् दुःखं] महान् दुःख [प्राप्नोषि] पावेगा, इसलिए [अष्टापि कर्माणि] ज्ञानावरणादि आठों ही कर्मोंको [निर्दल्य] नाश कर, [महांतम् मोक्षं] सबमें श्रेष्ठ मोक्षको [व्रज] जा।

भावार्थ :-निश्चयकर संसारसे रहित जो शुद्धात्मा उससे जुदा जो द्रव्य, क्षेत्र, काल, भव, भावरुप पाँच तरहके परावर्तनस्वरुप संसार उसमें भटकता हुआ चारों गतियोंके दुःख पावेगा, निगोद राशिमें अनंतकाल तक रुलेगा। इसलिए आठ कर्मोंका क्षय करके शुद्धात्माकी प्राप्तिके बलसे रागादिकका नाश कर निर्वाणको जा। कैसा है वह निर्वाण, जो निजस्वरुपकी प्राप्ति वही जिसका स्वरुप है, और जो सबमें श्रेष्ठ है। केवलज्ञानादि महान् गुणोंकर सहित है। जिसके समान दूसरा कोई नहीं।।११९।।

---

હવે, જિનભટ્ટારકની જેમ હે જીવ! તું પણ આઠ કર્મનો નાશ કરીને મોક્ષે ચાલ્યો જા, એમ સંબોધન કરે છે :-

ભાવાર્થ :- હે જીવ! નિશ્ચયથી સંસારથી વિપરીત એવો જે શુદ્ધઆત્મા તેનાથી વિલક્ષણ એવા, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ એ પાંચ પ્રકારના ભેદથી ભેદવાળા સંસારમાં ભટકતો, તું મહાન દુઃખને પામે છે, માટે શુદ્ધઆત્માની પ્રાપ્તિના બળથી આઠેય કર્મોને નિર્મૂળ કરીને સ્વાત્મોપલબ્ધિરૂપ મોક્ષને-કે જે કેવળજ્ઞાનાદિ મહાગુણોથી યુક્ત હોવાથી મહાન છે તેને-પામ. કહ્યું પણ છે કે-'सिद्धिः स्वात्मोपलब्धिः' (પૂજ્યપાદસ્વામી સિદ્ધભક્તિ ૧)

અર્થ :- સ્વઆત્માની ઉપલબ્ધિને મોક્ષ કહે છે. ૧૧૯.

---

**ગાથા-૧૧૯ ઉપર પ્રવચન**

૧૧૯. 'આગે હે જીવ, તૂ ભી શ્રીજિનરાજકી તરહ આઠ કર્મોંકા નાશકર મોક્ષકો જા,...' આહાહા..! પ્રભુ! તને મોક્ષમાં લઈ જવા માગે છે. આ સંસારદશામાં દુઃખમાં નહિ. આહા..! સમજાણું કાંઈ? જિનરાજની પેઠે, આહાહા..! 'આઠ કર્મોંકા નાશકર મોક્ષકો જા, ઐસા સમઝાતે હૈં'

२४९) पावहि दुक्खु महंतु तुहँ जिय संसारि भमंतु।
अट्ठ वि कम्मइँ णिद्दलिवि वच्चहि मुक्खु महंतु।।११९।।

અન્વયાર્થ :— 'હે જીવ, સંસાર-વનમેં ભટકતા હુઆ... ' આહાહા..! સંસારરૂપી ચોર્યાસીના અવતારમાં ભવસિંધુમાં ભટકતો થકો. આહાહા..! ભગવાન ભવસિંધુમાં ભટકવાનું હવે

છોડ. આહાહા..! '**महान दुःख पावेगा,...**' '**હે જીવ, સંસાર-વનમાં ભટકતા હુઆ મહાન દુઃખ પાવેગા, ઈસલિયે જ્ઞાનાવરણાદિ આઠોં હી કર્મોંકો...**' '**निर्दल्य**' '**નાશ કર,...**' નિ- -વિશેષ, દલ—નાશ કરીને. '**महांतम् मोक्षं**' '**सबमें श्रेष्ठ मोक्षको जा.**' આહાહા..! પૂર્ણાનંદની પ્રાપ્તિ ત્યાં જા. આહાહા..! '**व्रज**' છે ને? '**व्रज**' એટલે જા. આહાહા..! સંસારમાં મહાવનમાં દુઃખમાં ભટકવું છોડીને ભગવાન પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ. સંસારના દુઃખથી રહિત અને પૂર્ણાનંદની પ્રાપ્તિ સહિત એવો મોક્ષ, ત્યાં જા ને ભાઈ! આહાહા..! ભાઈ! તારું અવિનાશી સ્થાન તો એ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :—** '**નિશ્ચયકર...**' યથાર્થપણે જુઓ તો '**સંસારસે રહિત શુદ્ધાત્મા...**' આહાહા..! ઉદયભાવથી તો રહિત ભગવાનઆત્મા છે. ઉદયભાવ એ સંસાર છે. આહાહા..! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ લેશે. ભાવસંસાર. ઉદયભાવ જેમાં નથી એને આત્મા કહે છે. નિયમસાર. આહાહા..! અહીં શુદ્ધાત્મા શબ્દ વાપર્યો છે. '**નિશ્ચયકર સંસારસે રહિત જો શુદ્ધાત્મા...**' આહાહા..! ઉદયભાવથી રહિત એવો શુદ્ધાત્મા, પરમપારિણામિકભાવ સહિત એવો શુદ્ધાત્મા. આહાહા...! આવી વાત. '**ઉસસે જુદા...**' ટીકામાં ત્રિપટી વાત કરે છે. એક તો સંસારથી રહિત શુદ્ધાત્મા, એનાથી જુદો. સંસાર એનાથી જુદો લેવો છે. '**દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવરૂપી પાંચ તરહકે પરાવર્તનરૂપ સંસાર...**' લ્યો, પહેલા તો કહ્યું હતું કે પાંચ પ્રકારના સંસાર રહિત શુદ્ધાત્મા. આહાહા..! શુદ્ધાત્માની વ્યાખ્યા કરી અને પછી શુદ્ધાત્માથી જુદા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ. એ શુભ-અશુભભાવ પણ શુદ્ધાત્માથી જુદા, ભવ શુદ્ધાત્માથી જુદા. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ શુદ્ધાત્માથી જુદા. આહાહા..!

મુમુક્ષુ :— આવી જ શૈલી છે પરમાત્મપ્રકાશની.

ઉત્તર :— ઈ શૈલી બધી ઈ છે. એ શૈલી છે, એક જાતની, એક જાતની. સમયસારની. જે બોલ આવતો હોય એનાથી વિરુદ્ધ કહીને પછી એનાથી વિરુદ્ધ (કહે) એ શૈલી છે. એને ત્રણ પ્રકારનું એકસાથે જ્ઞાન થાય.

દ્રવ્ય—પરમાણુ આદિ. ક્ષેત્ર બાહ્ય. કાળ, ભવ—સ્વર્ગાદિના ભવથી પણ રહિત ભગવાન છે. ભાવ—શુભ, અશુભભાવ એ સંસારનો ભાવ છે. આહાહા..! લ્યો, ત્યાં કહ્યું, ભેદાભેદરત્નત્રય અને અહીં પાછું (આ કહ્યું). શુભ-અશુભભાવ એ સંસારનો પંચપરાવર્તનનો ભાવ છે. આહા..! સમજાણું કાંઈ? આહાહા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ સંસારભાવ છે, આહાહા..! ઉદયભાવ છે. સમજાણું કાંઈ? ૧૪૮ પ્રકૃતિને ઝેરના ફળ કહ્યા છે. ૧૪૮ પ્રકૃતિ કર્મની, આઠની. ઝેર, એમાંથી ફળ પાકે છે ઝેર. આહાહા..! આત્મા અમૃતના ફળ પાકે એવો આત્મા છે. અમૃતનો ચિંતામણિ છે. ભગવાન અમૃતચિંતામણિ. અંદરમાં એકાગ્ર થાય એટલે આનંદ પ્રગટ થાય એવો એ ચિંતામણિ રતન છે. આહા..!

'**દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવ...**' ભાવ. જુઓ, પાંચેય સંસાર કીધો. ભવ પણ સંસાર

અને ભાવ પણ સંસાર. આહાહા..! શુભાશુભ ભાવ સંસાર. **'પાંચ તરહકે પરાવર્તનસ્વરૂપ સંસાર ઉસમેં ભટકતા હુઆ...'** આહાહા..! નિઃસહાય, પરની સહાય વિના એકલો ભટકે છે. સમજાણું કાંઈ? **'ચારોં ગતિયોંકે દુઃખ પાવેગા,...'** દેખો, દેવને પણ દુઃખ, ગતિ અને દુઃખમાં લઈ લીધા. આહાહા..! ચારે ગતિઓનું દુઃખ. એમ નથી કે સ્વર્ગમાં સુખ છે અને નરકમાં દુઃખ છે. આહા..! સમજાણું કાંઈ? **'ઉસમેં ભટકતા હુઆ ચારોં ગતિયોંકે દુઃખ પાવેગા,...'** આહાહા..! એ સ્વર્ગમાં પણ દુઃખ પામશે, રાગ—ક્લેશ છે ત્યાં. આહાહા..! **'નિગોદ રાશિમેં અનંતકાલ તક રુલેગા.'** આહાહા..! નિગોદ રાશિમાં અનંત કાળ ભટકશે.

શ્રુત, પરિચિત અનુભૂતિ આવે છે ને? ચોથી ગાથા. નિગોદના જીવે રાગની કથા સાંભળી છે અને ભોગવી છે. એ સંસાર છે એમ કહે છે. **'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा'**. બધા પ્રાણીએ નિગોદથી માંડી બધાએ કામ નામ રાગની ઈચ્છા કર્તા અને ભોક્તા, એ વાત બધા જીવે સાંભળી છે, પરિચયમાં આવી છે, રમણતામાં-વેદનમાં આવી છે. આહાહા..! અનુભૂતિ. નિગોદના જીવને આ ભાવ વેદનમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એક શરીરમાં, રાગના કણ જેટલું શરીર, કણ લ્યો તો અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ. બધાનો શ્વાસ એક, આહાર એક. આહાહા..! છતાં એ એક એક આત્માએ રાગની વાત સાંભળી છે, પરિચયમાં આવી છે, વેદનમાં આવી છે. સાંભળી ભલે ન હોય, પણ એનું ફળ આવ્યું વેદનમાં. સમજાય છે કાંઈ? એ ચાર ગતિના દુઃખો.. આહા..! ભટકશે. એ માટે શું કરવું એ વિશેષ કહેશે... (શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, પોષ વદ ૭, બુધવાર
## તા. ૧૨-૧-૧૯૭૭, ગાથા-૧૧૯, ૧૨૦,
## પ્રવચન નં. ૧૮૪

પરમાત્મપ્રકાશ, ૧૧૯ ગાથા. ભાવાર્થ. **'નિશ્ચયકર સંસારસે રહિત...'** આ શુદ્ધાત્મા જે છે એ સંસારથી રહિત છે. અર્થાત્ પુણ્ય અને પાપ ને એનું ફળ બાહ્ય અને કર્મ, એ બધી ચીજથી રહિત છે. એ શુદ્ધાત્મા નિશ્ચયથી **'સંસારસે રહિત જો શુદ્ધાત્મા ઉસસે જુદા જો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવરૂપ...'** આ કાલે આવ્યું હતું આટલું. **'પાંચ તરહકે પરાવર્તનરૂપ સંસાર ઉસમેં ભટકતા હુઆ...'** આહાહા..! ચોર્યાસી લાખ યોનિમાં અનંતકાળમાં ભટકતા પ્રાણીને. આહાહા..! **'ચારોં ગતિયોંકે દુઃખ પાવેગા,... '** **'ભટકતા હુઆ ચારોં ગતિયોંકે દુઃખ પાવેગા,... '** સ્વર્ગમાં પણ દુઃખ છે, નરકમાં દુઃખ છે, તિર્યંચમાં દુઃખ છે, મનુષ્યમાં પણ દુઃખી ગતિમાં દુઃખી

છે. આનંદ તો એક આત્મામાં છે. એ તરફનું લક્ષ કર્યું નહિ અને બાહ્યના વ્યવહાર અને નિમિત્તમાં ઝુકી ગયો અનાદિથી. આહાહા..! તેથી '**નિગોદ રાશિમેં અનંતકાલ તક રુલેગા.**' આહાહા..! એક શરીરમાં અનંત જીવ, એક એક જીવને બે-બે કાર્માણ અને તૈજસ શરીર. ઓહોહો..! એવા નિગોદમાં અનંતકાળ સુધી ભટકશે, જો આત્માનું ભાન ન કર્યું તો. સમજાણું કાંઈ?

'**ઈસલિયે આઠ કર્મોંકા ક્ષય કરકે...**' લ્યો, અહીં તો શાતા-અશાતા બધું આઠ કર્મમાં આવે છે. બધાનો નાશ કરીને. '**શુદ્ધાત્માકી પ્રાપ્તિકે બલસે...**' લ્યો, રાગાદિ કેમ ટળે? ઈ કહે છે. '**શુદ્ધાત્માકી પ્રાપ્તિકે બલસે રાગાદિકકા નાશ કર...**' સમજાણું કાંઈ? રાગ કેવી રીતે ટળે? પહેલા એક પ્રશ્ન થયો હતોને ત્યાં, (સંવત) ૨૦૧૩ની સાલ. તમે હતા ત્યા? ચંદુભાઈ નહિ હોય. પ્રતિબદ્ધ કર્મ ટળે તો રાગ ટળે. અહીં કહે છે કે, રાગ કેમ ટળે? એ.. શેઠ! છે? અંદર છે?

મુમુક્ષુ :— આપની પરિભાષા જુદી જાતની છે.

ઉત્તર :— વાત સાચી, ભગવાનની વાત જ જુદી જાતની છે. આહાહા..! ૧૧મી ગાથામાં કહ્યું ને, સમયસાર. ભાઈ! અનાદિકાળથી ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો તને અનાદિકાળથી ચાલ્યો આવે છે. કર્મથી થાય છે એ વાત તો એકકોર દૂર રહી. સમજાણું કાંઈ? કર્મથી વિકાર થાય છે એ તો ક્યાંય દૂર રહી ગઈ. પણ અંદર ભેદરૂપ જે વ્યવહાર કહ્યો, દ્રવ્ય ત્રિકાળી છે એનો ભેદ પર્યાયનો ભેદના લક્ષે બતાવ્યું, ભેદરૂપ વ્યવહાર, આહાહા..! એનો પક્ષ તો તને અનાદિથી છે. અને ભેદરૂપ વ્યવહારપક્ષનો પરસ્પર ઉપદેશ પણ કરે છે. ઓહો..! કેવી શૈલી લીધી છે! જયચંદ્ર પંડિત. આહાહા..! રાગથી લાભ થાય છે એ તો છે નહિ પણ ભેદથી લાભ થાય છે એ પણ અહીં છોડી દેવાનું છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્યારે છૂટે? જો કર્મથી વિકાર થતો હોય તો કર્મ ખસે તો રાગ છૂટે. એમ તો છે નહિ. આહા..!

અહીં તો કહે છે, છે ને? '**શુદ્ધાત્માકી પ્રાપ્તિકે બલસે રાગાદિકકા નાશ કર...**' આહાહા..! આ લોકોનો પક્ષ એ છે કે શાસ્ત્રમાં તો વ્યવહાર અને નિમિત્તના બહુ કથન છે. આચાર્યોએ કહ્યા છે અને તમે એને માનતા નથી, ઊડાવી દ્યો છો એમ કહ્યું છે. ફૂલચંદજીને કહ્યું છે. ખાણિયા ચર્ચામાં વીસ બોલના તો આધાર આપ્યા છે આગમના. ફૂલચંદજીએ એમ જવાબ આવ્યો કે, વ્યવહારના લખાણનું આખું પુસ્તક થાય એમ છે. કેમકે વ્યવહાર.. એમ કહ્યું ને? ત્રીજો બોલ. એક તો એમ કહ્યું કે ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિનો છે. એ વસ્તુ નથી. બીજો, ભેદરૂપ વ્યવહારનો ઉપદેશ પરસ્પર માંહોમાંહે કરે છે. આહાહા..! ત્રીજું, હવે ત્રીજી વાતમાં છે, ભેદરૂપ વ્યવહારનું કથન હસ્તાવલંબ જાણીને સહાયક એટલે સાથે હોય છે એમ જાણીને, સહાયક શબ્દ છે ને? જિનાજ્ઞાએ પણ બહુ કથન કર્યા છે. આહાહા..! તો કહે, લ્યો, વીતરાગ જિનાજ્ઞા આગમ કહે તેને તમે ઉથાપો છો? પણ સાંભળ તો ખરો. ભગવાનના આગમને તમે માનતા નથી, આચાર્યના કથન માનતા નથી. આચાર્ય અને તીર્થંકર વ્યવહારની વાત તો મુખ્ય કરે છે. મુખ્ય નહિ, વ્યવહારની વાત કરે છે, નિમિત્ત જાણીને. આહાહા..! પણ તેનું ફળ સંસાર છે. જિનાજ્ઞાએ કહેલો વ્યવહાર પણ

એનું ફળ સંસાર છે. આહાહા..! અરેરે! એને જીવનું શું કરવું છે? આ શાસ્ત્રની આજ્ઞા (છે). ભઈ, શાસ્ત્રમાં તો પોતે શાસ્ત્રકાર કહે છે. સમજાણું કાંઈ? સ્વયં કહે છે કે જિનાજ્ઞામાં આગમમાં ભેદરૂપ વ્યવહારનો પક્ષ સહાયક જાણીને, સહાયક નામ સાથે હોય છે એમ જાણીને કથન કરવામાં આવ્યા છે. ચંદુભાઈ!

મુમુક્ષુ :— સહાયક પર..

ઉત્તર :— એ જ કહે છે. ધર્માસ્તિકાયવત્ એનો અર્થ શું? એ નિમિત્ત છે તો ગતિ કરે છે એમ નહિ.

મુમુક્ષુ :— ધર્માસ્તિકાય મદદ ન કરે?

ઉત્તર :— શું મદદ કરે? મદદ કરે નહિ. છે એટલું, બસ. તેથી તો ઇષ્ટોપદેશમાં કહ્યું, ઇષ્ટોપદેશ, ધર્માસ્તિકાયવત્ બધા નિમિત્ત જાણવા. આહાહા..! આચાર્યોએ કેટલું સ્પષ્ટ કર્યું છે. ધર્માસ્તિકાયવત્. સમજાણું કાંઈ? આ ધજા પટપટ થાય છે ને? તો પવનને કારણે એમ થાય છે ને બરાબર? ના. પોતાને કારણે એમ થાય છે એમાં એ પવનને નિમિત્તરૂપ ધર્માસ્તિકાયવત્ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :— પ્રેરક નિમિત્ત છે.

ઉત્તર :— પ્રેરકની વ્યાખ્યા એ તો નિમિત્તના ભેદ છે. પરને માટે તો ઉદાસીન છે. પરને માટે ધર્માસ્તિકાયવત્ બેય છે. આહાહા..! બહુ ઝીણી સૂક્ષ્મ વાત લાગે છે લોકોને. બહુ ભેદનું, વ્યવહારનું લખાણ એટલું આવે કે એને લઈને થાશે, એને લઈને થાશે. એ વાત માટે શાસ્ત્રનો આધાર આપે. ચર્ચા કરો, ચર્ચા કરો. પણ બાપુ! કઈ ચર્ચા? કઈ ચર્ચા? અને તે ચર્ચા થઈ ગઈ છે. ખાણિયા ચર્ચામાં. આહાહા..!

અહીંયા તો કહે છે, જિનાજ્ઞામાં પણ સહાયક જાણીને નામ સાથે હોય છે એમ જાણીને, મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ એમ કહ્યું ને? કે નિશ્ચયસમ્યગ્દર્શન છે એ પોતાના ભગવાનઆત્માના અવલંબને થાય છે. એ નિશ્ચયસમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન નિશ્ચય. દ્રવ્યની અપેક્ષાએ ભલે એ પર્યાય વ્યવહાર, પણ સમ્યગ્દર્શનની અપેક્ષાએ એ નિશ્ચય. આહા..! એની સાથે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ સાથે સહચર શબ્દ છે, સહચર જોઈને અને નિમિત્ત જોઈને, આહાહા..! ઉપચારથી એને સમકિત કહેવામાં આવ્યું છે. આહાહા..! વાસ્તવિક રીતે સમકિત છે નહિ. આહાહા..! અને નિશ્ચય છે ત્યાં એ વ્યવહાર નિમિત્ત જોવામાં આવ્યો તો ઉપચારથી કહ્યું કે આ સમકિત છે. એ સમકિત છે? રાગ સમકિતની પર્યાય છે? એ તો રાગની પર્યાય છે વ્યવહાર. પણ અહીંયા નિશ્ચય છે એનો આરોપ કરીને કથન કરવામાં આવ્યું છે. અને પાછું એમ લીધું કે આ સ્થિતિ નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર આ લક્ષણ જાણવું. ચંદુભાઈ! છે? બસ, એક પંક્તિએ તો બધો ખુલાસો કરી નાખ્યો. આહાહા..! નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર આ લક્ષણ જાણવું. દેવીલાલજી! આહાહા..! એ માનવું નહિ. એ તો કહે, નહિ, ઈ આચાર્યનું કથન ક્યાં છે. પણ આચાર્યના કથન છે કે શું છે? વ્યવહાર. સમજાણું કાંઈ? અને

તેથી તો વ્યવહાર અભૂતાર્થ આચાર્ય કહે છે.

અભૂતાર્થનો અર્થ વસ્તુ છે ખરી, અભૂત એટલે નથી એમ નહિ, પણ અભેદની દૃષ્ટિ મુખ્ય કરાવવા વ્યવહારને ગૌણ કરીને અભૂતાર્થ કહેવામાં આવ્યો છે. આહા..! નથી કહીને અસત્ય કહ્યું છે એમ નથી. આહાહા..! કેટલી સ્થિતિ છે જુઓને. અને જે વ્યવહાર કહેવામાં આવ્યો છે વીતરાગની આજ્ઞામાં.. આહાહા..! એ સહાયક નામ નિમિત્ત સાથે સહચર જોઈને કહ્યું, પણ એના ફળનું લક્ષ કરે તો એનું ફળ (સંસાર છે). ઘણો કહ્યો છે એમ લખ્યું છે ને? ભાઈ! જૈનઆજ્ઞામાં ઘણે ઠેકાણે એને કહ્યો છે. આહાહા..! ઘણો ઉપદેશ આપ્યો છે. આહાહા..! હવે એ આવા શાસ્ત્રના આધાર આપે. સમજાણું કાંઈ? તો એ શાસ્ત્રના આધારનો અર્થ ખબર નથી એને.

મુમુક્ષુ :— ઈ એમ કહે છે કે એ તો પંડિતનું કથન છે.

ઉત્તર :— અરે પણ આ '**ववहारोऽभूदत्थो**' કોનું કથન છે? એથી તો અહીંથી આ દાખલો આપ્યો. વ્યવહાર અભૂતાર્થ છે, અસત્ય છે. કોણે કહ્યું? મુનિ આચાર્યે કહ્યું. કેમ કહ્યું? વ્યવહાર જે અસત્ય છે એ છે તો ખરો, પર્યાય નથી એમ નહિ, પણ એની દૃષ્ટિ છોડાવવા અને સ્વભાવની દૃષ્ટિ કરાવવા પોતાના પ્રયોજન સમ્યગ્દર્શનની સિદ્ધિને માટે.. આહાહા..! અભેદને મુખ્ય કરીને ભેદરૂપી વ્યવહારને હોવા છતાં અસત્યાર્થ ગૌણ કરીને કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ ભાઈ એવી વાત છે આ. એટલે આ શાસ્ત્રના આધાર આપે. પણ શાસ્ત્રમાં ઈ કઈ નયનું કથન છે? સમજાણું કાંઈ? આ શાસ્ત્ર અને તમે માનતા નથી શાસ્ત્રને. પણ શાસ્ત્રનું કથન કઈ નયનું છે? સમજાણું કાંઈ? આહાહા..! એના આધાર તો કીધાને, ઘણા છે શાસ્ત્રમાં. આહાહા..! ભાઈ! વસ્તુની સ્થિતિ આહાહા..!

જેને પર્યાય પણ છે એને અસત્ય કહી ગૌણ કરવા માટે. આહાહા..! આ વચન કોનું છે? પંડિતજીનું છે કે આચાર્યનું છે? આહાહા..! ઘણું ગૂઢ છે. વસ્તુ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ ધ્રુવ એનો આશ્રય કરવાથી સુખરૂપી દશા પ્રગટ થાય છે. અહીં દુઃખની વાત ચાલે છે ને. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ મુખ્ય ધ્રુવ એના આશ્રયથી, એના અવલંબનથી સમ્યગ્દર્શન એટલે વસ્તુની સ્થિતિ છે તેનું વર્તમાન સત્યદર્શન. આહાહા..! અને જેથી સુખની પ્રાપ્તિ. એ સમ્યગ્દર્શન એટલે સુખની પ્રાપ્તિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આ તો મુનિઓનો ધર્મ છે.

ઉત્તર :— આ સમકિત કોનો ધર્મ છે? સમકિત કોનો મુનિનો છે? આ તો સમકિતની વ્યાખ્યા છે. નવરંગભાઈ! આવું બધું અત્યાર સુધી શેઠે ચલાવ્યું હતું. લોકો કહે એમ માને આ. નહિ શેઠ? એ તો નહોતું તે. આહાહા..!

અહીં તો દુઃખથી મુક્ત થવા.. કહેશે ને છેલ્લે? '**કેવલજ્ઞાનાદિ મહાન ગુણોંકર સહિત હૈ.**' સમજ્યા? '**નિજસ્વરૂપકી પ્રાપ્તિ વહી જિસકા સ્વરૂપ હૈ,...**' આહાહા..! જોયું? નિર્વાણ. નિજસ્વરૂપ નિર્વાણની પ્રાપ્તિ ક્યારે થાય છે મુક્તિ? કે પોતાનું જે નિજસ્વરૂપ ધ્રુવ એનું અવલંબન

લેવાથી, એનો આશ્રય લેવાથી સમકિત થાય છે, એનો આશ્રય લેવાથી ચારિત્ર થાય છે, એનો આશ્રય લેવાથી કેવળજ્ઞાન થાય છે, એનો આશ્રય લેવાથી સિદ્ધ થાય છે. આહાહા..! દેવીલાલજી! આવી વાતો છે ભાઈ! આમાં વાદવિવાદ કરીને શું કરવું છે કહો? તેથી તો શાસ્ત્રમાં એ આવ્યું છે કે કોઈપણ ગાથા હો એનો શબ્દાર્થ કરવો, આગમાર્થ લેવો કે આગમ શું કહે છે એમ એમાંથી કાઢવું, અન્યમતિ શું કહે છે એમ એમાંથી કાઢવું અને નયાર્થ કાઢવો કે નિશ્ચયનયથી કથન છે કે વ્યવહારથી છે. અને તાત્પર્ય કાઢવું. એનું તાત્પર્ય—રહસ્ય શું? તાત્પર્ય નામ. સમજાણું કાંઈ? આહાહા..! પ્રત્યેક ગાથાના પાંચ અર્થ કરવા. એમ જ માની લે કે આ ભગવાનની વાણી છે માટે બરાબર છે. પણ કઈ નયની વાણી છે? સમજાણું કાંઈ? આહા..! આગમમાં લખાણ આવ્યું એટલે બસ આપણે એમ માની લેવું. પણ માની લેવું એટલે કઈ રીતે? કઈ નયનું વાક્ય અને કઈ નયે તેને માનવું? ચંદુભાઈ! આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એને માટે તો વાત ચાલે છે. ભગવાનના શાસ્ત્રના આધાર આપીએ. પણ કઈ નયનું એ વાક્ય આધાર છે? એ વ્યવહારનયનું વાક્ય છે એ તો નિમિત્ત જોઈને તેનું કથન કર્યું છે. આહાહા..! એ તો કહ્યું ને, '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ**' એ ગાથા તો જૈનશાસનનો પ્રાણ છે. સમજાણું કાંઈ? એમાંથી નિશ્ચય-વ્યવહાર કઈ અપેક્ષા છે એનો બધો ખુલાસો એમાં છે. આહાહા..! વ્યવહાર પર્યાય અસત્યાર્થ છે એમ કહેવું છે. તેથી તો એક જણો કહેતો હતો ને? મુંબઈવાળો નહિ? મુંબઈવાળો પંડિત. નાથુરામ? નાથુરામ પ્રેમી. નાથુરામ પ્રેમી કહેતા હતા કે કુંદકુંદાચાર્યે પર્યાય નથી એમ કહીને વેદાંત તરફ સમયસારને ઢાળ્યું છે. એમાં એમ આવ્યુંને, વ્યવહાર અભૂતાર્થ આવ્યું ને? વ્યવહાર શબ્દે પર્યાય હોં! પર્યાય, ભેદ, રાગ બધું. આહા..! સમજાણું કાંઈ? વ્યવહાર પર્યાય જૂઠી છે, એ તો વેદાંત થઈ ગયું. દ્રવ્ય રહ્યું એકલું, પર્યાય રહી નહિ. પર્યાય જૂઠી છે અને દ્રવ્ય સત્ય છે. એ તો વેદાંત થઈ ગયું. ત્યાં વેદાંત કહેવું છે? આહાહા..! અરે! એક ગાથામાં એક જ ગાથા બરાબર સમજેને તો આખા શાસ્ત્રનું રહસ્ય એમાં ભર્યું છે. આહાહા..!

તો કહ્યું કે, વ્યવહાર અસત્ય છે અને નિશ્ચય સત્ય છે. એમ કહીને નિશ્ચય પર્યાય છે એ પણ નિશ્ચય તો છે. એમ એમાં ગુણભેદ પણ નિશ્ચય તો છે. પણ નિશ્ચય મુખ્ય કરીને જેને નિશ્ચય કહ્યો, નિશ્ચય કહીને મુખ્ય કહ્યું એમ નહિ, સમજાણું કાંઈ? મુખ્ય અભેદ એકાકાર ચૈતન્ય ભગવાન, અભેદને મુખ્ય કરીને નિશ્ચય કહ્યું. નિશ્ચયને મુખ્ય કહ્યું એમ નહિ. સમજાણું કાંઈ? એક એક બોલમાં બહુ ફેર છે ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :— નિશ્ચયને મુખ્ય કહો તો પર્યાય પણ નિશ્ચય છે.

ઉત્તર :— પર્યાય નિશ્ચય એની પોતાની પર્યાય છે. આહાહા..! પર્યાય નિશ્ચય છે, રાગ પણ અશુદ્ધનિશ્ચયથી નિશ્ચયથી એનામાં છે. ચંદુભાઈ! આવું છે. અરે..! ચર્ચા કરવા આવે છે હવે, અગિયારસે રાખી છે, મિટિંગ નહિ. કમિટી. કમિટી કહે, ચર્ચા કરો. હુકમચંદજી ને બાબુભાઈ સાથે

ને ફૂલચંદજી સાથે. એ ત્રણ મોઢા આગળ છે ને પ્રસિદ્ધ. એમાં લખ્યું છે. અને નહિતર ઓલો સાધુ કહે હું ત્યાં જઈશ સોનગઢ. અરે ભગવાન! પણ આમાં કઈ શૈલીના કથન છે? આગમનું કથન છે, આગમની વાણી છે, આચાર્યની વાણી છે, વીતરાગની વાણી છે પણ એ વાણી કઈ નયથી કહી છે એ જાણ્યા વિના ચર્ચા કોની સાથે કરે? સમજાણું કાંઈ? આહા..! અને ત્યાં તો એમ કહ્યું કે, વ્યવહાર પર્યાય અસત્ય છે. અભૂતાર્થનો અર્થ અસત્ય હોં. એ ના પાડી છે ઓલા, નહિ, અભૂતાર્થ કીધી છે, અસત્યાર્થ નથી કીધી. એમ કહે છે. ટીકામાં અસત્ય કીધી છે. અહીં તો ગૌણ કરીને બિલકુલ અસત્ય છે એમ કહેવામાં આવ્યું છે. અભાવ કરીને અસત્ય છે એમ નથી કહેવામાં આવ્યું. જિનવાણી સ્યાદ્વાદની શૈલી આ છે. આહાહા..!

મુમુક્ષુ :— એક પંડિતજીએ એવો અર્થ કર્યો, ભૂતકાળની પર્યાય ચાલી ગઈ, કોને અભૂતાર્થ કહ્યું? વર્તમાનને થોડું અભૂતાર્થ કહ્યું છે.

ઉત્તર :— આહાહા..! ભૂતાર્થ પછી કહ્યું, બીજી લીટીમાં એમ કહ્યું, વ્યવહાર અભૂતાર્થ કહ્યો, બીજીમાં એમ કહ્યું, '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભૂતાર્થ તે શુદ્ધનય છે. શુદ્ધનયનો વિષય છે એમ પણ નથી કહ્યું. ભાઈ! આહાહા..! ભૂતાર્થ સત્યાર્થ ભગવાન પૂર્ણાનંદ સત્, મહાસત્ મહાસત્. આહાહા..! વસ્તુ દ્રવ્ય સત્. ભેદથી રહિત અભેદ સત્. આહાહા..! પર્યાયથી રહિત વસ્તુ સત્. આહાહા..! એને શુદ્ધનય કીધી. શુદ્ધનયનો વિષય પહેલા ન કહ્યો. પહેલા તો એમ કહ્યું, ભૂતાર્થ સત્યાર્થ ભગવાન ત્રિકાળી આનંદકંદ પ્રભુ પરમાત્મસ્વરૂપ છે તે શુદ્ધનય છે. પોપટભાઈ! આવી વાતું છે આ. આહાહા..! અરે! વખત ચાલ્યા જાય છે જિંદગી. અહીં કહેશે હમણાં. ભાઈ! તારા વ્યવહારના ઓલામાં વખત જાય છે અને આત્માના ચિંતવન માટે તને વખત રહેતો નથી. પ્રભુ! તારે શું કરવું છે? હમણા કહેશે પછીની ગાથામાં. સમજાણું? આહાહા..! પછી ૧૨૧માં કહેશે. છે ને? ૧૨૧માં કહેશે. '**धांधे पतितं**' '**જગતકે ધંધેમેં પડા હુઆ સબ જગત અજ્ઞાની હુઆ જ્ઞાનાવરણાદિ આઠોં કર્મોંકો કરતા હૈ, પરન્તુ મોક્ષકે કારણ શુદ્ધ આત્માકો એક ક્ષણ ભી નહીં ચિંતવન કરતા.**' આહાહા..! ભગવાન! તું વ્યવહારના, રાગના અને સંસારના કામમાં ધંધામાં પડ્યો. વ્યવહારના વિકલ્પમાં પડ્યો પણ અંદરથી ભિન્ન છે એ ચિંતવનનો વખત એક ક્ષણ પણ તું લેતો નથી ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? આ તો પછી આવશે.

અહીંયા તો કહ્યું, પૂર્ણાનંદસ્વરૂપ ધ્રુવચૈતન્ય એ ભૂતાર્થ છે તે સત્ય છે અને તે જ શુદ્ધનય છે, નિશ્ચયનય એ જ છે. આહાહા..! નય અને નયના વિષયનો ભેદ નહિ કરીને, નયનો વિષય છે તે જ નય છે. આહાહા..! આવી વાત છે ક્યાં બાપુ? આ શું છે? આહાહા..! એ ત્રિકાળી ચીજ આનંદનો નાથ પ્રભુ એ સત્ય છે, એ સત્યસાહેબ છે. આહાહા..! અને તેને જ અમે નિશ્ચય કહીએ છીએ અથવા તેને જ અમે શુદ્ધનય કહીએ છીએ. થોડી ગુજરાતી ભાષા આવી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! પછી કહ્યું, એ ગાથા તો ગજબ છે! '**भूदत्थमस्सिदो खलु**' ત્યાં ભૂતાર્થ તે શુદ્ધનય કહ્યું. પછી ત્રીજાપદમાં પાછું ફેરવી નાખ્યું. '**भूदत्थमस्सिदो खलु**' સત્યાર્થ ભગવાન

અભેદ ત્રિકાળ એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. 'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'. ઓહોહો..! એક ગાથા તે... ચૌદ પૂર્વ અને બાર અંગનું રહસ્ય ભર્યું છે. આહાહા..! એમાંથી નિકાલ કરતાં કરતાં બધું કાઢે છે. સમજાણું કાંઈ? દેવીલાલજી! આહાહા..!

'भूदत्थमस्सिदो खलु' આહાહા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, કહે છે. આહાહા..! તારો નાથ ભૂતાર્થ સત્યાર્થ ત્રિકાળ પડ્યો છે એના આશ્રયે તને સમ્યગ્દર્શન થશે. તો ધર્મની શરૂઆત ત્રિકાળના આશ્રયે થાય છે. નિમિત્તથી નહિ, રાગથી નહિ, પર્યાયના આશ્રયે નહિ. આહાહા..! બરાબર છે? આ એનું સ્પષ્ટીકરણ પછી બાર અંગમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :— ટકોરા વાગ્યા.

ઉત્તર :— કુદરત તો સાથે છે ને. આહાહા..!

'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो ' આહાહા..! હવે એમાં વ્યવહારથી સમકિત થાય, નિમિત્તથી થાય, રાગથી થાય એ કંઈ આવ્યું નહિ. આ વસ્તુ તો આમ છે. આહાહા..! એ અહીં કહે છે.

'શુદ્ધાત્માકી પ્રાપ્તિ બલસે રાગાદિકકા નાશ કર...' દેખો! શુદ્ધાત્મા ધ્રુવની પ્રાપ્તિના આશ્રયથી, બળથી રાગનો નાશ થાય છે. વ્યવહાર કરતા કરતા રાગનો નાશ થાય છે, એમ કોઈ કહે છે. કાંટો વાગ્યો હોયને કાંટો? તો બીજા કાંટા દ્વારા એ કાંટો નીકળે છે. એ કહેતા હતા, સંપ્રદાયમાં અમને તો કહેતા હતા, અમારે તો પહેલેથી આ ચાલે છે ને.

મુમુક્ષુ :— અત્યારે પણ.

ઉત્તર :— અત્યારે પણ કહે છે. કાંટો વાગ્યો હોય, કાંટો સમજો છો? કાંટો વાગે તો બીજા કાંટા દ્વારા કાંટો નીકળે. એમ શુભરાગ દ્વારા શુભરાગ અને અશુભરાગ બે નીકળે છે. અરે ભગવાન! આવી વાત છે બાપુ! તને સત્ય વાત જે રીતે છે એ રીતે તને બેસવામાં સંદેહ થાય. અરે.. પ્રભુ! ક્યાં જાવું તારે હવે? આહાહા..! અને એ વાત અત્યારે નથી ખરીને બહારમાં, એટલે લોકોને બિચારાને એવું લાગે. એ દયા કરે છે, દયા ખાય છે કે અરે! આ ઊંધે રસ્તે ચડી ગયા છે. ઈશ્વરચંદજી! એ તો સનાવદમાંથી ગયા છે ન્યાં. આહાહા..!

ભગવાન! અહીં તો શુદ્ધાત્માની પ્રાપ્તિના બળથી વિકારનો નાશ થાય છે. રાગથી શુભરાગથી... નાખ્યું છે એણે. ભાઈ! જયધવલમાં છે ને ભાઈ? એમ કે કર્મનો ક્ષય શુભ અને શુદ્ધથી થાય, બીજી કોઈ રીત નથી. એક પાઠ છે, જયધવલમાં છે. શુભ અને શુદ્ધ. એ તો શુદ્ધની સાથે શુભ છે તેનો આરોપ કરીને કથન કર્યું છે. જેમ આ નિશ્ચય સમ્યગ્દર્શનનું વિકલ્પમાં વ્યવહાર સમકિતનો સહકાર નિમિત્ત દેખીને આરોપ કર્યો છે એમ શુદ્ધની સાથે શુભને વ્યવહાર કરીને, આરોપ કરીને નિર્જરા કહી છે, બાકી એ રીતે છે નહિ. અરે અરે! આવી વાતું હવે. ભાઈએ ફૂલચંદજીએ થોડો બીજો અર્થ કર્યો. એમ કે વ્યવહાર છે અને છૂટે છે માટે વ્યવહારને સાથે નિર્જરાનું કારણ કહ્યું છે. એમ નાખ્યું છે. શુદ્ધથી નિર્જરા થાય છે પણ સાથે શુભ છે એને ભેગું કરીને પછી શુદ્ધ થાય છે એટલે આરોપથી એને

શુભને નિર્જરાનું કારણ કીધું છે. ખરેખર તો આમ છે. સમજાણું કાંઈ?

નિશ્ચય-વ્યવહારનું જે લક્ષણ બાંધ્યું છે ભાઈએ, મોક્ષમાર્ગપ્રકાશક, બહુ અલૌકિક ઘણું અલૌકિક!! ઓહોહો..! મધ્યસ્થ થવું જોઈએ. પંડિતોનું લખાણ હોય તો શું? તિર્યંચનું સમકિત અને સિદ્ધના સમકિતમાં કંઈ ફેર હશે? સમકિતમાં કંઈ ફેર છે? એમ પંડિત હોય સમ્યફ્જ્ઞાની અને કેવળી સમ્યફ્જ્ઞાની હોય, એમાં કંઈ તત્ત્વની વસ્તુમાં ફેર છે? એ તો ચારિત્રમાં સ્થિરતા, અસ્થિરતામાં ફેર છે. સમજાણું કાંઈ? એ જુદી વાત છે. આહાહા..! વસ્તુની દષ્ટિ અને જ્ઞાન છે એ તો એક જ પ્રકારનું છે. ચાહે તો સમકિતી કહે કે ચાહે તો કેવળજ્ઞાની કહે. આહાહા..!

મુમુક્ષુ :— શુભભાવથી અકામ નિર્જરા થાય...

ઉત્તર :— અકામ નિર્જરા થાય, બીજો અર્થ કરતા હતા. શુભથી અશુભ ટળે કેટલુંક અને શુદ્ધથી શુભઅશુભ બેય ટળે એ અપેક્ષાએ પણ કહેવામાં આવે. સમજાણું કાંઈ? ભઈ, આવું છે. આ તો વસ્તુની સ્થિતિ એવી છે. વાદવિવાદે કંઈ પાર પડે એવું નથી. આહાહા..! મૂળ પોઈન્ટ નિશ્ચયનો લક્ષમાં રાખીને પછી બધા વ્યવહારના અર્થ થાય છે. સમજાણું કાંઈ?

અહીં રાગનો નાશ કેમ થાય? કે '**શુદ્ધાત્માકી પ્રાપ્તિકે બલસે રાગાદિકકા નાશ કર...**' સમજાણું કાંઈ? આહાહા..! શુભરાગથી રાગનો નાશ ન થાય એમ કહે છે. શુભભાવ પોતે રાગ છે સ્વયં, એનાથી રાગનો નાશ ન થાય. આહાહા..! શુદ્ધાત્માની પ્રાપ્તિ ભગવાન પૂર્ણાનંદ શુદ્ધસ્વરૂપ નિર્વિકલ્પ અભેદ શાંતરસનો કંદ પ્રભુ છે. શાંત.. શાંત.. શાંત.. આહાહા..! 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા, પ્રબુદ્ધા વિશુદ્ધા નમો લોકમાતા' જિનવાણી. બનારસીદાસમાં આવે છે. પ્રણવ મંત્ર પછી કહ્યું. આપણે બહાર છાપ્યું છે. તે દિ' અહીં ૧૯૯૫માં છાપ્યું છે. 'જિનાદેશ જાતા..' જિનેશ્વરની જિનાદેશ એનાથી ઉત્પન્ન થઈ વાણી-જિનવાણી. 'જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા'. જિનેન્દ્રે પ્રસિદ્ધ કરી. સમજાણું કાંઈ? 'પ્રબુદ્ધા વિશુદ્ધા' પ્રબુધા છે, એ વાણીમાં પ્રબોધ—જ્ઞાનના ભંડાર ભર્યા છે. સમજવાની શક્તિથી. 'પ્રબુધા વિશુદ્ધા' વિશુદ્ધ વાણી છે વીતરાગની. આહાહા..! 'નમોં લોકમાતા'. હે માતા, જગતની માતા! તને નમસ્કાર કરું છું. આહાહા..! સમજાણું કાંઈ? 'નમોં લોકમાતા'. આહાહા..! એમ આવ્યું છે ને? 'જિનેન્દ્ર વિખ્યાતા, જિનાદેશજાતા, જિનેન્દ્રા વિખ્યાતા, પ્રબુદ્ધા વિશુદ્ધ નમો લોકમાતા' ત્રીજું પદ રહી ગયું. 'દુરાચાર દુર્નૈહરા શંકરાની,' દુરાચારનો નિષેધ કરનારી, દુર્નિહાર—રાગનો નિષેધ કરનારી. 'દુરાચાર દુર્નૈહરા શંકરાની' માતા! તું સુખને ઉત્પન્ન કરનારી. એની વાણીમાં સુખને ઉત્પન્ન કરવાનો ભાવ કહ્યો છે. સુખનો ઉત્પન્ન એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આમાં છે ને? આમાં છે.

જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા, વિશુદ્ધપ્રબુદ્ધા નમોં લોકમાતા
દુરાચાર દુર્નૈહરા શંકરાની, નમો દેવિ વાગેશ્વરી જૈનવાની.

આ વાણી. 'નમોં દેવી વાગેશ્વરી...' વાગેશ્વરી એટલે વાઘેશ્વરી નહિ. વાઘ ઉપર બેસે છે સરસ્વતી અન્યમતિમાં. આ તો નમો વાકેશ્વરી, વાકેશ્વરી. વાક્માં ઈશ્વરી વાણી, નાથ! તારી

દિવ્યધ્વનિ. આહાહા..! છે ને? 'નમોં દેવી વાગેશ્વરી જૈનવાણી' આહાહા..! આ જૈનવાણીમાં આ કહ્યું છે. શુદ્ધ અભેદનો આશ્રય કરવાનું કહેવામાં આવ્યું છે અને ભેદને ગૌણ કરીને એનો આશ્રય છોડવાનું કહ્યું છે. આહાહા..! જિનવાણીના ખોળામાં બેઠા છીએ અહીં તો, જુઓ! જિનવાણી છે. ચારે બાજુ જિનવાણી છે, ઉપર નીચે. આહાહા..!

'સુધાધર્મસંસાધની ધર્મશાલા' સુધા—પવિત્ર ધર્મસંસાધની ધર્મશાળા. આત્માના આનંદને સાધનારી વાણી છે. નિમિત્ત તરીકે કથન છે ને. 'બુધા તાપનિર્શાની મેઘમાળા' અમૃતનો સાગર ભગવાન તારી વાણી તાપના નાશને કરનારી મેઘમાળા (છે). વરસાદની ધારા પડે છે અંદરથી તાપ ઉપર. આહાહા..! દુઃખનો નાશ કરનારી તારી વાણી પ્રભુ! આહાહા..! સુખને ઉત્પન્ન કરનારી અને દુઃખને નાશ કરનારી. આહાહા..! સમજાય છે કાંઈ? એ ભાવ એમાંથી નીકળવો જોઈએ. શાસ્ત્રમાંથી ગમે ત્યાંથી આ, જેમાંથી સુખની ઉત્પત્તિ ને દુઃખનો નાશ થાય. સમજાય છે કાંઈ? આહા..!

'મહામોહવિધ્વંસની મોક્ષદાની' મહામોહનો નાશ કરનારી મોક્ષદાની—મોક્ષને દેનારી 'નમોં દેવી વાગેશ્વરી જૈનવાની'. આહાહા..! જુઓ! પછી આવે છે. 'અખૈવૃક્ષશાખા...' હે વાણી! હે જૈનમાતા! અક્ષયવૃક્ષની શાખા તું છે. જે વૃક્ષ અક્ષય છે એ અક્ષયવૃક્ષની તું શાખા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અક્ષયવૃક્ષ છે ભગવાનઆત્મા, એની વીતરાગ પરિણતિ તે એની શાખા છે. એ જિનવાણીમાં એમ કહેવું છે. આહાહા..! અરે.. ભાઈ! આમાં વાદવિવાદનું ક્યાં છે બાપા. પ્રભુ! તારા હિતની વાત છે ને નાથ! આહા..! એને અહિતને પંથે લઈ જવી, બાપુ! એ વીતરાગનો માર્ગ નહિ. આહાહા..! જુઓ!

'કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા' ચાહે તો તારી વાણી સંસ્કૃતમાં હો, પ્રાકૃતમાં હો કે ચાલતી ભાષામાં હો. 'ચિદાનંદ-ભૂપાલકી રાજધાની' ચિદાનંદ-ભૂપાલ આહાહા..! ચિદાનંદ આનંદનો નાથ, જ્ઞાનના આનંદનો ભૂપાલ એવો ભગવાનઆત્મા એની રાજધાની વાણી ત્યાં બેસાડે છે એને. આહાહા..! 'ચિદાનંદ-ભૂપાલકી રાજધાની, નમોં દેવી વાગેશ્વરી જૈનવાની'. આહાહા..! એમાંથી આ અર્થ નીકાળે તો જૈનવાણી સમજ્યો કહેવાય, એમ કહેવું છે. સમજાય છે કાંઈ?

**'આઠ કર્મોંકા ક્ષય કરકે...'** આહાહા..! **'શુદ્ધાત્માકી પ્રાપ્તિકે બલસે...'** આહાહા..! શુદ્ધ જે ધ્રુવ આત્મા ભગવાન એની પ્રાપ્તિના બળે સંસારનો રાગનો નાશ થાય છે. આહાહા..! અપવાસ કર્યા ને આ કર્યા માટે કર્મનો નાશ થાય, નિર્જરા થાય એમ નથી એમ કહે છે. આહાહા..! ત્યારે એ લોકો એમ કહે છે, તમે સમકિતની વાત કરો છો પણ ચારિત્ર તો નથી લેતા. એમ કહે છે. પણ બાપુ! ચારિત્ર તે કાંઈ બહારથી લેવાતું હશે? આહાહા..! ચારિત્ર તો કીધું ને, રાત્રે કહ્યું હતું ને? ઋષભદેવ ભગવાન ચોર્યાસી લાખ પૂર્વનું આયુષ્ય, ક્ષાયિક સમકિતી, એ ભવે કેવળજ્ઞાન લેનારા.. આહાહા..! તીર્થંકર પ્રકૃતિ બાંધીને આવ્યા, ધ્રુવ સિદ્ધિ—જેને એ ભવમાં મુક્તિ સિદ્ધ છે, નક્કી છે. એને પણ ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્ર ન આવ્યું.

મુમુક્ષુ :— ઈ કાળે નહોતું આવતું, આ કાળે વહેલું આવે.

ઉત્તર :— વહેલું પણ આવે કો'ક ને, એનો કાંઈ પ્રશ્ન નથી. પણ આ તો એમ કે સમકિત આવે એટલે એને ચારિત્ર હોય, નહિતર એ સમકિત જ નથી એ વાત જૂઠી છે. એમ એ ઠરાવે છેને. વ્રત લ્યો, ચારિત્ર કરો. પણ કોને ચારિત્ર કહેવું? આ વ્રત બહારના લ્યે એ ચારિત્ર છે? આહા..! સ્વરૂપે ચરણં ચારિત્ર. ભાઈ! છે ને? પ્રવચનસારમાં છે અને એક બાજુમાં સર્વગુણાંશ તે સમકિત છે અને એક બાજુમાં સ્વરૂપે ચરણં ચારિત્ર. આ બેય સ્વાધ્યાય મંદિરના બારણા (ઉપર). આહાહા..! સ્વરૂપે ચરણં ચારિત્ર. ભાઈ! ચરણં—ચારિત્ર એ કોઈ વ્રત ને તપ કરે માટે ચારિત્ર થઈ ગયા (એમ નથી). આહાહા..! આવો માર્ગ છે ભાઈ! વિરલાને સાંભળવા મળે એવો છે. વિરલા ધારે કોઈ. વિરલા સાંભળે કોઈ અને વિરલા ધારે કોઈ ને વિરલે શ્રદ્ધા જોઈ. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું?

'**રાગાદિકકા નાશ કર...**' આહાહા..! '**નિર્વાણકો જા.**' એ નિર્વાણ જા, એમ કહે છે આચાર્ય. ભાઈ! આ સંસારમાં છોડી દે. સંસાર એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ સંસાર. હેં!

મુમુક્ષુ :— નિર્વાણમાં જા એટલે?

ઉત્તર :— જા, એટલે પરિણતિ કર.

મુમુક્ષુ :— મારા ભેગો ચાલ.

ઉત્તર :— તારે જાવું હોય તો તું અત્યારે વહેલો જા ને. એમાં શું છે? આહાહા..! ક્ષણમાં, એક ક્ષણમાં નિગોદનો નીકળ્યો તિર્યંચ આદિ થયો હોય એકવાર પછી માણસ થયો હોય, એક ક્ષણમાં સમકિત, એક ક્ષણમાં કેવળ અને એક ક્ષણમાં મોક્ષ. આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્યાં ભગવાન ઊછળી નીકળ્યો અંદરથી આનંદનો નાથ, આહાહા..! પોતાના સ્વરૂપમાં રેલમછેલ થઈ ગયો અંદર. આહાહા..! જેમ પૂરણપોળી હોય છે ને? ઊની ઊની કરીને, પૂરણપોળી કહે છે? સમજો છો? ઊની ઊની ને ઘીમાં નાખીને આમ ઊંચી કરે તો ટપકે બધા રસ. એમ ભગવાનને ઊંચો કર્યો અંદરથી, એટલે આનંદ ટપકે. આવી વાત છે ભાઈ! આહાહા..! રાગથી જુદો પાડીને ઊંચો કર્યો એને. ભગવાન! તારું સ્વરૂપ જ એ છે ને ભાઈ! આહાહા..! ઓલી પૂરણપોળી એ તો ધૂળની, એ તો વિષ્ટા થાય છે. આ તો આનંદ આવે. આહા..!

'**કૈસા હૈ વહ નિર્વાણ, જો નિજસ્વરૂપકી પ્રાપ્તિ વહી જિસકા સ્વરૂપ હૈ,...**' દેખો! નિર્વાણની વ્યાખ્યા કરી. '**જો નિજસ્વરૂપકી પ્રાપ્તિ...**' પોતે જેવો છે એવી પર્યાયમાં પ્રાપ્તિ એટલે નિજસ્વરૂપની પ્રાપ્તિ એનું નામ નિર્વાણ. આહાહા..! સમજાણું કાંઈ? નિર્વાણ એટલે કોઈ ભગવાન ત્યાં બિરાજે છે અને ત્યાં જાવું એમ નથી. નિર્વાણ એટલે મુક્તિશિલા ઉપર રહેવું એ નિર્વાણ નથી. સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ ભગવાન સચ્ચિદાનંદ આત્મા એની પર્યાયમાં પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિને નિર્વાણ કહે છે. આહાહા..! '**ઔર જો સબમેં શ્રેષ્ઠ હૈ.**' નિર્વાણ તો બધામાં શ્રેષ્ઠ છે. આહાહા..! એકલો નિર્વાણ શીતળીભૂત સ્વરૂપ ઉપશમરસની પરિણતિ પૂર્ણ, અકષાય વીતરાગી પરિણતિ પૂર્ણ એ સર્વશ્રેષ્ઠ—સર્વમાં શ્રેષ્ઠ છે. આહાહા..!

'કેવલજ્ઞાનાદિ મહાન ગુણોંકર સહિત હૈ.' એ સ્વરૂપ બતાવ્યું પાછું. ઓલું તો કહ્યુંને, નિજસ્વરૂપની પ્રાપ્તિ અને સર્વથી શ્રેષ્ઠ. પણ છે શું ઈ? વસ્તુ શું? 'કેવલજ્ઞાનાદિ મહાન ગુણોંકર સહિત હૈ.' એકલી જ્ઞાનદશા, એકલી આનંદદશા, વીર્યદશા, અનંતગુણની પૂર્ણ પવિત્ર દશા એવા 'મહાન ગુણોંકર સહિત હૈ. જિસકે સમાન દૂસરા કોઈ નહીં.' આહાહા..! ૧૧૯ ગાથા થઈ

---

**ગાથા-૧૨૦**

अथ यधप्यल्पमपि दुःखं सोढुमसमर्थस्तथापि कर्माणि किमिति करोषीति शिक्षां प्रयच्छति-

२५०) जिय अणु-मित्तु वि दुक्खडा सहण ण सक्कहि जोइ।
चउ-गइ-दुक्खहँ कारणइँ कम्मइँ कुणहि किं तोइ।।१२०।।
जीव अणुमात्राण्यपि दुःखानि सोढुं न शक्नोषि पश्य।
चतुर्गतिदुःखानां कारणानि कर्माणि करोषि किं तथापि।।१२०।।

जिय इत्यादि। जिय हे मूढजीव अणु-मित्तु वि अणुमात्राण्यपि। कानि। दुक्खडा दुःखानि सहण ण सक्कहि सोढुं न शक्नोषि जोइ पश्य। यधपि चउ-गइ-दुक्खहं कारणइं परमात्मभावनोत्पन्नतात्त्विकवीतरागनित्यानन्दैकविलक्षणानां नारकादिदुःखानां कारणभूतानि कम्मइं कुणहि किं कर्माणि करोषि किमर्थं तोइ यधपि दुःखानीष्टानि न भवन्ति तथापि इति। अत्रेदं व्याख्यानं ज्ञात्वा कर्मास्त्रवप्रतिपक्षभूत-रागादिविकल्परहित निजशुद्धात्मभावना कर्तव्येति तात्पर्यम्।।१२०।।

---

आगे जो थोड़े दुःख भी सहनेको असमर्थ है, तो ऐसे काम क्यों करता है, कि जन्मोंसे अनंतकाल तक तू भोगे, ऐसी शिक्षा देते हैं-

**गाथा-१२०**

अन्वयार्थ :- [जीव] हे मूढ़जीव, तू [अमुमात्राण्यपि] परमाणुमात्र (थोड़े) भी [दुःखानि] दुःख [सोढुं] सहनेको [न शक्नोषि] नहीं समर्थ है, [पश्य] देख [तथापि] तो फिर [चतुर्गतिदुःखानां] चार गतियोंके दुःखके [कारणानि कर्माणि] कारण जो कर्म हैं, [किं करोषि] उनको क्यों करता है?

भावार्थ :-परमात्माकी भावनासे उत्पन्न तत्त्वरुप वीतराग नित्यानंद एक परम स्वभाव उससे भिन्न जो नरकादिकके दुःख उनके कारण कर्म ही हैं। जो दुःख तुझे अच्छे नहीं लगते, दुःखोंको अनिष्ट जानता है, तो दुःखके कारण कर्मोंको क्यों उपार्जन करता है? मत कर। यहाँ पर ऐसा व्याख्यान जानकर कर्मोंके आस्त्रवसे रहित तथा

रागादि विकल्प-जालोंसे रहित जो निजशुद्धात्माकी भावना वही करनी चाहिए, ऐसा तात्पर्य जानना।।१२०।।

---

**હવે, જોકે તું જરાક જેટલાં દુઃખને સહન કરવાને અસમર્થ છો તોપણ કર્મોને શા માટે કરે છે, એમ શિક્ષા (શિખામણ) આપે છે :-**

**ભાવાર્થ :- અહીં આ વ્યાખ્યાન જાણીને કર્મોના આશ્રયથી પ્રતિપક્ષભૂત રાગાદિ વિકલ્પોથી રહિત નિજશુદ્ધાત્માની ભાવના કરવી. ૧૨૦.**

---

## ગાથા-૧૨૦ ઉપર પ્રવચન

'**આગે જો થોડે દુઃખ ભી સહનેકો...**' પ્રભુ! તને થોડું દુઃખ સહન કરવામાં શક્તિ અસમર્થ છે તો ઘણા દુઃખને ઉત્પન્ન કરવાવાળા કર્મ તું કઈ રીતે ઉત્પન્ન કરે છે? આહાહા..! ભગવંત! તને થોડું દુઃખ સહન કરવાની શક્તિ નથી ત્યાં તું કાયર થાય છે તો ઘણું દુઃખ ઉત્પન્ન થાય એવા કર્મ શા માટે કરે છે? આહાહા..! સમજાણું કાંઈ? '**તો ઐસે કામ ક્યોં કરતા હૈ, કિ જન્મોંસે અનંતકાલ તક દુઃખ તૂ ભોગે,...**' આહાહા..! શૈલી તો જુઓ પરમાત્મપ્રકાશની. પ્રભુ! તને થોડું દુઃખ પણ ગમતું નથી. આહાહા..! તો ઘણા દુઃખ જેનાથી ઉત્પન્ન થાય એવા કર્મ તું શા માટે કરે છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કહ્યું નહોતું એક ફેરી બાઈનું? નહિ? લાઠીનું. લાઠીમાં બાઈ હતી અઢાર વર્ષની રૂપાળી. એને શીતળા નીકળ્યા. સાંભળ્યું હતું ને ભાઈ, ચંદુભાઈ? કહ્યું હતું. શીતળા, શીતળા સમજ્યા? ચેચક. દાણે દાણે ઈયળ. હજારો ઈયળું. અમે તો હતા ત્યાં. આમ ફરે તો આમ ઈયળ પડે. આમ ફરે તો ઈયળ નીકળે શરીરમાંથી. સહ્યું જાય નહિ, સૂતું જાય નહિ. આહાહા..! પછી એમ બોલી, બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી, આ ક્યાંથી આવ્યા? આહા..! મારાથી રહ્યું જતું નથી, સહ્યું જતું નથી. સૂતામાં પણ ઈયળ બટકા ભરે છે અંદર. ઈયળ સમજ્યા? કીડા, છોટા કીડા. આહાહા..! દેહ છૂટી ગયો. આહાહા..! અરે પ્રભુ! તને થોડા દુઃખ થતાં પણ મુશ્કેલી પડે છે પ્રભુ! તો મહાન દુઃખના કારણ (આકરા) કર્મ કેમ બાંધે છે ભાઈ? આહાહા..! કહો, બરાબર છે? આહાહા..! શરીરમાં તાવ આવે તો, અરે! આ? બાપા! એ તો સાધારણ દુઃખ છે. આહાહા..! નરકના અને ચાર ગતિના મોટા બીજા દુઃખો, એ દુઃખનું કારણ તો તારા કર્મ બાંધેલા ભાવ. તને આવા દુઃખ સહન ન થાય તો આટલા દુઃખના કારણરૂપ કર્મને કેમ બાંધે છે ભાઈ? આહા..! કરુણાની વાણી તો જુઓ! આહા..! એક પછી એક.. આહાહા..!

२५०) जिय अणु-मित्तु वि दुक्खडा सहण ण सक्कहि जोइ।
चउ-गइ-दुक्खहँ कारणइँ कम्मइँ कुणहि किं तोइ।।१२०।।

છે? **અન્વયાર્થ :—** **'હે મૂઢજીવ, તૂ પરમાણુમાત્ર (થોડે) ભી દુઃખ સહનેકો નહીં સમર્થ હૈ,...'** થોડા દુઃખ પણ, થોડા અલ્પ દુઃખ પણ તને સહન કરવાની શક્તિ નથી, પ્રભુ! રાડ નાખે છે. આહાહા..! **'દેખ તો ફિર...'** આહાહા..! જોયું? ચતુર્ગતિ પાછું લીધું છે. સ્વર્ગનું પણ દુઃખ છે એમ કહે છે. આહાહા..! ત્યાં આકુળતા છે, પ્રભુ! ક્યાંય સુખ છે નહિ. આહાહા..! જોયું? શુભનું ફળ સ્વર્ગ એ દુઃખ છે. આહાહા..! કેમ બાંધે છે શુભ-અશુભ? એમ કહે છે. આહાહા..!

આ ભાષા એવી મીઠી છે ને. **'जिय अणु-मित्तु वि दुक्खडा सहण ण सक्कहि जोइ'** જીવડા, થોડા દુઃખને સહન કરવાની શક્તિ નથી. **'चउ-गइ-दुक्खहँ कारणइँ कम्मइँ कुणहि किं तोइ'** તો ચારગતિના દુઃખના કર્મ તું શા માટે કરે છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એમાં તો ચારગતિના દુઃખ લીધા, એના કારણ જે શુભાશુભભાવ એ પણ બંધનના કારણને તું કેમ કરે છે? એમ કહે છે. હેં! આહાહા..! શુભજોગથી પણ કર્મ બંધાય છે અને એનાથી સ્વર્ગાદિ મળે એ પણ દુઃખ છે ત્યાં તો. આહાહા..! આહાહા..!

**'ગતિયોંકે કારણ જો કર્મ હૈં, ઉનકો ક્યોં કરતા હૈ?'** તો એમાં શુભાશુભ ભાવ કેમ કરે છે એ આવી ગયું. આવ્યું ને એમાં? શુભભાવ પણ શું કરે છે? એના ફળ તો દુઃખ છે. આહાહા..! આવું આકરું લાગે છે માણસને. શુભજોગ છે એ તો સંવર, નિર્જરા છે. અરે ભગવાન! એમ કે રાગનો અંશ છે એટલો ઓલું છે પણ એમાં બીજા રાગનો અભાવ છે શુભમાં, એટલે સંવર નિર્જરા છે. અરે! ક્યાંથી બાપા? ભગવાન! તું ભૂલી ગયો, તારા રસ્તાને ભૂલી ગયો ભાઈ! બીજે રસ્તે ચડી ગયો પ્રભુ! આહાહા..! સુખના પંથ છોડી દઈ દુઃખને પંથે દોરાઈ ગયો પ્રભુ તું. આહાહા..! ભાષા કેવી છે જુઓને. થોડા દુઃખ તને સહન ન થાય. પ્રભુ! ઘણા દુઃખના કારણ એવા પુણ્ય-પાપના ભાવને કેમ કર્મ બાંધે છે તું? આહાહા..! સમજાણું કાંઈ? એનો ભાવાર્થ આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## પાઠકોની નોંધ માટે



... પ્રકાશક...

**શ્રી સીમંધર–કુંદકુંદ–કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

રાજકોટ